


૦૫૯ કુમાર

કાર્યાલય
કુમાર
કુમાર
કુમાર

આવતી અને સ્થાપક સ્વ જયકૃષ્ણ ના વર્મા

તંત્રીઓ
કુમાર
નટુભાઇ



અને સ્ત્રીકિનોદેશ

વ્યવસ્થાપક
નટવરલાલ દલસુખ
ઉદાણી મિત્ર મંડલ
વડોદરા

પુ ૫૧] જાન્યુઆરી ૧૯૪૯ [વર્ષ ૨૬

પ્રભુની સૃષ્ટિ શ્રી જયભાઇ કા પટેલ ૧૪૧
દીપક : શ્રી સુધા રમણલાલ દેસાઇ .. ૧૪૨
જીવનમાં જોતા ? શ્રી 'મ' ૧૪૩
જીદગી શ્રી સત્યકાંત બા વ્યાસ ૧૪૫
માગી લીધું શ્રી દેસાઇ ૧૪૬
વ્યથા શ્રી વૈકુંઠપ્રસાદ ત્રિવેદી .. ૧૫૦
અંતીમ બોધ શ્રી દેસાઇ ૧૫૨
સરકમ - શ્રી મહેન્દ્રકુમાર મો દેસાઇ ... ૧૫૩
તાપસી શ્રી રમણિક કિશનલાલ મહેતા ૧૫૫
પ્રણય શ્રી મોતલાલ સંઘવી ૧૬૧
સ્વ કવિ સમ્રાટ નાનાલાલને અંજલિ : મોહનજી લાલજી ઓઝા ૧૬૪
બિંદુની અભિલાષા શ્રી 'સારસ' ૧૭૦
વિશાખા શ્રી બાળકૃષ્ણ જોશી ૧૭૧
શોભા નથી શ્રી જોધતારામ પડવા ૧૭૩
બે ઇચ્છાઓ : શ્રી હરિશ્ચંદ્ર વૈદ્ય ૧૭૪
પરદેશીનો ક્ષોભ શ્રી હસનસ ... ૧૭૫
પુસ્તક પરિચય .. ૧૭૯
ચિંતનામૃત શ્રી રણછોડરામ ..

વાર્ષિક લવાજમ હિન્દ માટે રૂ. ૫-૮-૦ વિદેશ માટે શિલીંગ ૧૨ છૂટક નકલ એક રૂપીયો.

તમારા માથાના દુખાવા માટે

ડાયમન્ડ પેન બામ

વાપરો

દરેક જગ્યાએ મળે છે

એમ. મણીલાલ એન્ડ કું.
૪૩, ચર્ચગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૧

ગૃહસુંદરી અને સ્ત્રીહિતોપદેશક જાન્યુઆરી '૧૯
અંક ૫
વર્ષ ૨૬ પુસ્તક ૫૧

પ્રભુની સૃષ્ટિ

અજ્ઞાની

હાસ્ય રુદનના ટૂકડા નાખી
પ્રભુએ સરજી સૃષ્ટિ આખી,
તોયે એની ન્યારી રાખી
પ્રભુએ બલિહારી

સૌની તણી આશા ફેરા
ફરવાને સુખદુખ ફેરા
પ્રભુએ બક્ષ્યા જોમ અનેરા
ખૂબી એ ભારી

શ્રી જશભાઇ ઠ. પટેલ

દીપક

પલપલ ઝળકે પલમાં બુઝે
ઝગમગ દીપક થાય,
આયુના ઝગમગ દીપક થાય

કોઈ એક ઘડીએ આવી અચાનક
પ્રગટ દીવડો થાય,
એવીજ કો અણુચિંતવી ઘડીએ,
સહજમા બુઝી જાય!
અજાણ એ ભેદ ન કો'થી કળાય
આયુના ઝગમગ દીપક થાય ૧

વ્યોમપટે અંકિત તારલિયા
રચે કો દીપકમાળ,
જ્ઞેય અગોચર દીપસમૂહે
ટમટમ દીવડા થાય,
ગહન એ ભેદ ન કો'થી કળાય
આભમા ઝગમગ દીપક થાય.

લીલમ લીલા વન ઉપવનમા,
પુષ્પબિછાત બિછાય,
આજ પ્રફુલ્લ થઈ એ મ્હેકે,
પાગરીને એ વિલાય,—
પ્રકૃતિ – ભેદ ન કો'થી કળાય
સૃષ્ટિમા ઝગમગ દીપક થાય ૩

શૂન્યાકાશે પરમ બ્રહ્મનો
પ્રકાશ ભવ્ય છવાય,
સ્થળ ને કાળના કરાલ ભેદો
ત્યા પહોંચી સંધાય,
પુનિત એ એટલુ સત્ય કળાય
વિશ્વમા ઝગમગ દીપક થાય...

શ્રી. સુધા રમણલાલ દેસાઇ

જીવનમાં જોતાં....?

શ્રી. 'મ'

શા માટે એવું કહીએ કે જેનું વિશ્વવ્યવસ્થામાં કંઈ સ્થાન ન હોય, જેને કાળ ખાઈ જવાનો હોય !

અમૃતપુરીના પ્રવાસીને હૈયે રાગ દ્વેષ ને ભયના વાદળાં જામે છે તેનું કારણ શું ? શું તે-તે પ્રકારના વાદળા ત્યાં સ્વયમેવ દોડી આવે છે ? કે માનવી પોતે તેને ત્યાં આમંત્રે છે ?

જ્યાં પોતાને માટે નાની-સુની પણ બેદરકારની બેજવાબદારી થયેલી દેખે ત્યાંજ તે પ્રકારની ચોક્કસતાવાળું બળ જામે. રેતીના રણમાં ન ઊગવાને બદલે રસાર્દ્ર ભૂમિમાં જ વૃક્ષો શા માટે ફાલે છે ? શું રણમાં જમીનનો અભાવ હોય છે ? ના, બીનફળદ્રુપ નહિ છતાં ત્યાં વૃક્ષો ફાલી નથી શકતા. કારણ કે ત્યાં તેમને ફાલવાને યોગ્ય વાતાવરણ જ નથી હોતું

શું ત્યારે વાતાવરણ જેવું જ વ્યક્તિનું જીવન હોય ? એક પ્રકારના વાતાવરણમાં વસતા મનુષ્યોની વિચારસરણિ એક પ્રકારની હોય છે ખરી ?

ઉત્તરોત્તર નિજ જીવનવિકાસ ઝંખતો માનુષ્ય, વૃક્ષની જેમ મૂળમાંથી રસકસ ચુસવાને બદલે વધારે પડતો બહિર્મુખ બની જતો હોવાથી વિકસવાને બદલે તેનું જીવન તેજ રૂંધાય છે કારણ કે વિકાસને નામે તે પોતાની આસપાસ ભૌતિક પદાર્થોના ઢગલા ખડકી દે છે અને તે ઢગલા વધારવામાં તે પોતાની જાતનો વિકાસ થતો દેખે છે

આમ થવાનું મુખ્ય કારણ શું હોઈ શકે ? શું માનવી મૂર્ખો છે કે તે હાથે કરીને પોતાની જાતને પદાર્થોના ભંગારમાં ચૂમાવી દે ? માનવીને મૂર્ખો નહિ, પરંતુ યથાર્થ જીવનદૃષ્ટિ વિકોણો કહીએ તો ચાલે

અણુમોલ જીવનમન્યના અભ્યાસી પુરુષાએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ' માનવીનું રહ્યાપ્યું કુદરતે ન ઊલ્યાપ્યું '

જ્યારે આજે તો આપણા જીવનનો અમૂલ્ય કાળ મોટે ભાગે ઘડ-ભાંગમાં જ પસાર થાય છે કારણ કે આપણે એક વિચારને યથાર્થ રીતે જીવનમાં વણીને જગતના વ્યહવારમાં ચોજવા સુધી તૈયાર નથી હોતા આજે વિચારીને આવતી કાલે તેને અમલી બનાવા તત્પર થઇએ છીએ ને પરમ દિવસે જો તે માર્ગ ન આવે તો તેને ફગાવી દેવા સુધી તૈયાર થઈ જઇએ છીએ

જીવન આમ જીવાય ! ?

દાખલા તરીકે દરિઓ શું તેની સપાટી પર રમતા તરંગોની અસર તેની જીવનની અભંગ શાંતિમાં અંતરાય નાખતી હશે બધી પ્રકારના વાહિયાત તરંગોને જીવનમાં સ્થાન આપી દઈ, જીવનમાં રમતી દિવ્ય શાંતાને દૂર હડસેલી મૂકવાથી જીવનનો કોઇ અર્થ નહિ રહે ? જેના જીવનની આંતરિક સ્થિતિ સંગીન નથી, તે મનુષ્ય ખરી રીતે મનુષ્ય નથી

જગતના ડહોળાયલા વાતાવરણને સત્ત્વ સમૃદ્ધ બનાવવા માટે પોતાના જીવનની આંતરિક સ્થિતિ સદ્ધરતા કરવા માટે પ્રત્યેક જગત-નાગરિકે સાચા દિલે પ્રયાસ કરવા જોઇએ

આંતરિક સ્થિતિ અને બાહ્ય સ્થિતિ વચ્ચેની સમાનતા ન જળવાવાને કારણે જગતની શાંતિનું પલ્લું ઊંચું ગયું છે ને અશાંતિનું પલ્લું નીચું નમ્યું છે જો, માનવીના આંતર-બાહ્ય જીવન વચ્ચે અતૂટ ઐક્ય સંધાય તો જગતની પ્રશ્નગ્રંથીના જીવનમાં વાસ્તવિક લાક્ષણિકતા પ્રગટ થાય સહુ કોઇ જીવનને તેના સાચા સ્વરૂપમાં વિકસાવતા થાય.

આજે જીવનનો અર્થ ઘટ્યો છે અને અર્થમાંથી જીવન-નિષ્પન્ન કરવાની નોબત આવી છે કે જેનું એ રીતે વિશ્વવ્યવસ્થામાં કોઈ સ્થાન નથી ?

કેટલા બધા સ્ત્રી પુરુષો, બાળકો, યુવતિઓ બજારમા પ્રફુલ્લિત ચહેરા નીકળી પડયા હતા જાણે મેળો ભરાયો ન હોય ! પોતે જ માત્ર ચિંતા, થાક, કુટિલતા અને બેચેનીનો ટોપલો વહી જીંદગી જીવી રહ્યા હતા તેમના વ્યવસાયી માનસ પર વિચારોએ ધમસાણ મચાવી મૂકયુ સવાર થયુ અને વાસના, બાઉધરાપણાની સજીવ મૂર્તિ જેવી ફુલી ગયેલા ચ્હેરા વાળી ઉજળી કંચનગૌરી અને તેની સંતાન પરપરાએ સર્જાયેલ કંટાળાજનક પ્રવૃત્તિ નીરખવી અને પંપ હલાવવા બેસવુ જેમ તેમ ચાહ પેટમા રેડી બે લોટા શરીર પર રેડી દેવસેવા કરી લેવી ને પછી શાકપાદડુ લેવા, ગાંધીયાણુ કે તેલ–ઘી ખરીદવા બજારે દોડી જવુ ત્યા તો ઘડીઆળના ત્વરિત ગતિએ દોડતા કાંટા ઓફીસનો ટાઇમ બતાવી દેતા એટલે ગુપચુપ બે કોળીઆ મારી કોટના બટન ભીંડતા દોડવા માંડવુ ને છાતી દુખી જાય ત્યા સુધી કાગળો ઘસડયા કરવા વળી પાછુ એ ઘર , એ છોકરા—, એ મિજાજી કામુકતા ભરી સ્વાર્થી સ્ત્રી અને કિવસ બકવાસ

" The time is out of joint,
Oh ! Cursed spite, that ever I was
born to setit right "

કોંકવાર એ દિનચર્યામા સ્હેજસાજ પરિવર્તન થતુ રજાને દિવસે બે–ચાર કલાક મંદિરમા બેસી ધોળ ગાતા પણ જીવન તો રાબેતા મુજબ નિરસ અને રગસીઆ ગાડા જેવુ ખખડ ખખડ ગબડયે જતુ હતુ તેમા ફેરફાર એ તો માત્ર હાસ્યાસ્પદ ચીંથડા જેવો હતો જે જીવનની પોકળતા, નિસહાયતાને વધુ પ્રગટ કરી દેતો. એકધારા, જડ, રંગહીન રામા સ વગરના, થકવી નાખતા દિવસોને અંતે માત્ર ચાટલી વિવિધતા હતી એક દિવસે તીખા મુંડીઆ થતા તો બીજે દિવસે ખુશ થયેના કંચનગૌરી મકાઇનો ચેવડો કરતા દિલ હતાશને ઉણપથી લોચવાઇ જતુ મન પોકાર પાડતુ કે નિશ્ચય કરી જીવન બદલી નાખવુ પણ કશુ વ્યવહારીક રીતે સંગીન પરિવર્તન શકય જ નહોતુ શુ થઇ શકે તેમ છે ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમા એક સૂક્ષ્મ ઉદાસીન સ્મિત ફીક્કા અસહાય હોઠ પર આવી જતુ

પ્રત્યેક વસ્તુથી કંટાળો આવી જતો હતો. અન્યને કહેવાની કે કંઇક જોવાની જીજ્ઞાસા બીજી ગઇ હતી. સાહસ, ઉત્સાહ, અરમાનો, ઉલ્લાસનુ નામનિશાન નહોતુ પ્રત્યેક માનવી એવી જ વાતો કરતો હતો જે તે ખરા હૃદયથી લેશમાત્ર માનતો નહોતો, જે તે વિચારતો હતો તેને કાળજીપૂર્વક વિસ્મૃતિમા છુપાવી રાખતા હતા. પ્રત્યેકને સારા, હોશીઆર, સુખી દેખાવાનો ઢોંગ કરવાનું મન થતુ જ્યારે વાસ્તવિક રીતે તે બધા જ મૂર્ખ, સાવ સામાન્ય અને અસત્ય રીતે નિરસ જેવા હતા.

બપોરે ચાહના વખતમા કારકુનો આમ તેમ સીગારેટો ફુંકતા ગપ્પા મારતા કામચોરી કરતા ઘુમતા ત્યારે કોદરલાલ ટેબલ પર કોણી ટેકવી બારી બહારના નિર્જન પહોળા ડામરના રસ્તા ઉપર દૃષ્ટિ ફેરવી વિચારતા કંટાળો ઉપજાવે તેવો દિવસ જ બખાડીને કાજળઘેરી રાત્રીનું રૂપ લેતો તેમની તેજ હીન આંખો સમક્ષ બાળપણ આવીને ટોકારા મારી ગયુ જ્યારે નાનકડી પોતડી પહેરી ભક્તિભાવ ભર્યો તે મંદીરે જઇ કીર્તન કરતા અને રાધાકૃષ્ણના શૃંગારની વિવિધ છબીઓ નીરખી, નિતનવીન કલ્પનાઓથી ચાનદિત બની દિવસ ઉલ્લાસથી છલકાવી મૂકતા

પરંતુ આ તો વાસ્તવિક જીવન હતુ ! ઓફીસની પેલી પાર બજાર હતુ જ્યા

કંચનગૌરીની સાડીઓ અને ઘરેણાં, છોકરાંના રમકડાં અને બાહ્યપદાર્થો અને દેવસેવાનો મેળો મળતો. બજાર મૂકીને ઘર આવતું ખર્ચાને પહોંચી વળવા તે અથાક પ્રયત્ન કરતા અને થાકયા પાકયા ઘેર આવી જરા ચાહપાણી પી હીંચકે બેસતા ત્યાં કંચનગૌરી ગર્જી ઉઠતા " ચાલોને કલ્યાણરાયજીના દર્શન થઈ જશે, આ સુરેશકૃષ્ણાને ઝાલી લ્યો, હું વીણાને પતરાવી લઉં " હાંકતા હાંકતા તે ચશ્માની દાંડી ઠીક કરતા મંદીરે દર્શન કરવા નીકળતા. ત્યારે બગલમાં દબાવેલો સુરેશ ડોકારલાલની આગળીએ વળગાડેલા કૃષ્ણાના વાળ પીંખતો અને સામે જ તાલ આપતાં હોય તેવા કંચન ગૌરીના ગાલીપ્રદાન મુક્ત રીતે ખુલતા દેવમંદીરે દર્શન કરતાં ડોકારલાલનું હૈયું દેવમાં એકાગ્ર થવાને બદલે ધકકામુકકી, ડોલાહલ, છેડછાડ કરી અશાંતિ ઉકળાટથી વધારતા ભકતજનોમાં વધુ પરોવાઈ જતું મન પોકારી ઉઠતું શું બધા મારા જેવી જ જીંદગી જીવી રહ્યા છે ? સાડીઓને ઘરેણાંના પ્રદર્શન સિવાય આ સ્ત્રીઓના જીવનમાં લોકોત્તર કોઈ ઉદાત્ત ભાવના હશે ખરી ? પણ ચિંતનને ચાકળે ચડીને દીવા ઠોલવા માંડે તે પહેલા ઘી–તેલવાળાની ઉધરાણી અને કાપડીઆનો તગાદો સ્મૃતિમાં આવી જતો. એમના જેવા જ સંસારી દયાપાત્ર કેટલા જીવો ઘરના, ગામના નિષ્ફળ ટાંટિયા અને પૂર્વજોના ઈતિહાસની મસાલેદાર વાતોને યાદ કરી વર્તમાનને ભૂલવાનો નિષ્ફળ પ્રયત્ન કરતા હતા. કદીક ઓચ્છવો થતા તો કદીક અપંતિઓ ઉજવાતી. છોકરા પેદા કરવા અને જીવન, વ્યક્તિ, સંબંધ, સંજોગ, કુટુંબ, જોખવારી અને અંગત વિષયક કરિયાદો કર્યા કરવી એ વાર્તાલાપનો કેન્દ્રવર્તી વિચાર રહેતો. નરી ચોકળતા, લાચારી અને રાગ સિવાય અન્ય કંઈ જણાતું નહોતું જરા સરીખું રસીક, મધુર જીંદગીમાં માણ્યું હોય–જોયું હોય તો તે બચપણમાં જ બની ગયું હતું.

ઘડભાંજમાં થાક તો ખરીયું પણ કંચનગૌરીના ઠાકોટા નસીબમાં સાંભળવાના હશે તે થાક વધારે પડતું હોયતું નીકળ્યું થાક વિનાજ જંપીને ડોકારભાઈ ઓશીસે ગયા

ટેબલ પર કામ તો ઘણું હતું પણ કેટકેટલા દિવસોની અપુરતી ઉંઘથી તેમને જરા ઝોકું આવી ગયું ડોકારલાલ જોખતા હતા કે રજા આવે તો નિરાંતે આરામ લઈએ પણ રજા આવતી ત્યારે કયાંકથી નવી કામગીરી એવી ટપકી પડતી કે બનેકમને કામ પતાવવું જ પડતું રાત્રે થાકયા પાકયા સુવાની તૈયારીમાં પાન ચાવતા હિંચમા પર સ્હેજ બેસે છે છોકરા આમતેમ લેટી ગયા છે બપપુરતી પથારીઓ પથરાઈ છે બાઈ વાસણો માંજી પાલવે હાથ લુછી ચોકખા કરતી દાદર ઉતરી ગઈ ડોકારભાઈને ઝોકું આવી જાય છે આખો બધ થતા તલસી છે પણ મગજ ઘટીઓનો ઘોર મચાવી અજંપાતુ બસૂર સંગીત જમાવે છે ત્યાં એકાએક ચમકીને ડોકારભાઈ હીંચકે અધેલી ટટાર બેસે છે જાડા હોઠને ફફડાવતા, ઝીણી–રતાશભરી, મેશ આંજેલી આખની અસ્થિર કીકીઓને હલાવતા કંચનગૌરી આવીને ડોકારલાલને ઉઠાડી અંદર ઓરડામાં ખેંચી જાય છે બિચારા ડોકારલાલની અસહાય દશા તરફ દયા ખાતો હોય તેવો આખો દીવો રૂમમાં ઝીણો પ્રકાશ ફેંકી પવનઝપાટે ઝુલે છે ને સવાર પડે છે

જીવનની આ અખંડ દીપહારમાં કયાંય વિવિધતા નથી કે નથી સુખશાંતિ, સ્નેહ કે તૃપ્તિ સર્વ માનવીઓ ટેવને અનુસરી ચાવી આપેલા ઘડીયાળના કાંટાની જેમ કામ કરી, સંતાન પર પરાને ગણતાં દિવસો પુરા કરે છે,

ત્યા પાછળથી કેદારલાલની પીઠપર હળવો ટપલો પડે છે ને તે ચશ્માની દાડી હાથથી ઠીક કરતા તરત જાગી ઉઠે છે

" કેમ શાહ સાહેબ, શા વિચારમા પડયા છો ? " " તમારે લ્હેર છે લ્હેર ! કોઁક દહાડે અમને તો લહેર કરાવ "

" બોલો કાશ્મીર આવવુ છે ? "

" નારે ભાઇ આ ડાકોર તો જવાતુ નથી. કૈક વર્તાય એવી વાતતો કર "

" ત્યારે સીનેમા જોવા જઇશુ ? "

"અમસ્તો શુ કરવા સવાસલુ કરે છે"

" ના–ના સાચુ કહુ છુ આજે સીનેમા તો જોઇએ જ ટીકીટ કઢાવી હુ ઘેર તેડવા આવીશ, આવશો ને ? "

કેદારલાલના હસતા મુખે સમતિ આપી દીધી આજે પગ પણ હમેશ કરતા જોરમા પડતા હતા કચનગૌરી પ્રફુલ્લ બની સાડી પહેરી છોકરાંને તૈયાર કરવામા લાગી ગયા સીનેમા જોવાનો અને તે પણ પારકે પૈસે પછી આનદની અવધી રહે કે ? છોકરાની પલટણ અને દંપતિને જોઇ તેમનો મિત્ર બોલી ઉઠયો : " નીચે ગાડી ઉભી છે તમે બેસીને થીયેટરમા પહોચો હુ સાયકલ પર આગળ જઉ છુ "

ગર્વથી નાકનુ ટેરવુ ચઢાવી પાન ચાવતાં ચાવતા કચનગૌરી ઘોડા ગાડીમા બેઠા એક પછી એક કરી કેદારભાઇએ સતાનોને ગાડીમા ખડકવા માડયા અને બાળકો પણ હનમાનજીની સેનામા નામ નોધાવે તેવા હતા છેવટે તેઓ થીએટરે પહોચ્યા

ગાડીવાળી ખુરશીમા રડતી વીણાને બોળામા લઇ કેદારલાલ ફીલ્મ જોવા બેઠા. થયે પદર મીનીટ થઇ ત્યા તો સુરેશ " ઓ બા, રે ! " કરીને ટારમી ચીસ પાડી. તેના ચગદાયેલા પગને પપાળી તેનો ખભો થાબડી તેમણે મહા મુસ્કેલીએ તેને શાંત પાડયો. અને કેટના બટન ઝોડી હાકળા હાકળા તે વીણાને અટકાવવા ચેષ્ટાઓ અને ધીમા ડચકારા કરવા લાગ્યા ચિત્રપટની વારતા આગળ વધતી હતી નાયક નાયિકાનુ અનેક અડચણો પછી મિલન થયુ અને નાયિકા પ્રેમના ઉધડતા પ્રભાતની ઉષ્મા અને પમરાટ ભરી કલ્પો લતી ગાઇ રહી હતી સગીતના મીઠા સરોદોમા યૌવનમસ્ત રૂપગર્વિતા નાયિકાના મનોરમ્ય અભિનયને નીરખવામા કેદારલાલ પોતાનુ વાસ્તવિક અસ્તિત્વ અને પાર્થિવ વાતાવરણ વિસરી ગયા જીવનનો થાક, ઉદ્વેગ, સતાપ, ઉકળાટ, આત્મવચના સાવ વિસરાઈ ગયાં અને તેને સ્થાને નિસર્ગની કલ્લોલતી કવિસૃષ્ટિ, કોયલના મધુરા ટહુકા, કલકલતા ઝરણા, ખીલતી કુમુદિની આવીને બેસી ગયા પદર વર્ષ પહેલાની પોતાની કિશોર વ્યક્તિની સાથે રેશમી ઝૂલવાળો ઘાઘરો અને ભરેલો કબજો પહેરી રમવા આવતી હસી પડતી કચનગૌરીનુ ગોળમટોળ મ્હોં નાયિકાના મુખમા આવીને બેઠેલુ તેમણે આલેખ્યુ પ્રેમાવેશમા ખભાને અડીને બેઠેલી કચનગૌરીના બોળામા તેમણે હાથ નાખ્યો. કચનગૌરીએ સસ્મિતમુખે રાગભરી આખે તેમની આખો સાથે આખો મેળવી પોતાની હથેલીમા એ હાથમા એ હાથને દાબી દીધો. જીદગી પલટાતી હતી

કેદારલાલના હૈયામાંથી જિવનસગિનના સ્પર્શે અનિર્વચનીય આનદની ઝરણીઓ ફૂટી ફૂટીને વહેવા માડી હતી. અગે અગ એ ધગકારને તાવ આપવા ઉત્કંઠીત બની ગયા હતા ઘડી પહેલાનુ ઝળહળીત થીયેટર, અસખ્ય પ્રેક્ષકો, સંગીતને વાજીત્રોના સરોદો સર્વ સમસ્ત સૃષ્ટિમાં ભળી જઇ વાતાવરણ તે દંપતિના જ અસ્તિત્વમા તન્મય બની ગયુ હતુ ત્યા એકાએક અધકાર ભારી ગયો અને થીએટરના સર્વ દીવા એક સાથે

મધ્યાન્તર વિશ્રામ માટે સર્વત્ર ઝબકી ગયા. સોડા-ચંગના વેચનારાઓ અને પ્રેક્ષકોનો કોલાહલ પૂરજોશથી ખુણેખુણે પહોંચી ગયો, અને કોદરભાઈની નજર સમીપ કલ્પનાની અલકાપુરીને રથાને રેજીદુ, ધમાલિયુ ઓક ખાર વાસ્તવ જીવન આવીને બેસી ગયુ

ફીલ્મ પુરી થઈ છોકરાંને મુસ્કેલીએ જગાડી, ઉચકી તે બહાર આવ્યા અને ઘોડાગાડીમા બેઠા. ઘોડાના દાબડાનો અવાજ જુની સડકપર ઠક ઠક વાગવા માંડયો

કચનગૌરીની આંખો પર ચિત્રપટના નાયકનાયિકાએ માંડેલ અને પ્રેમની કુમાશના અંજન આજ દીધાં હતાં ઘોડાગાડીમા કોદરલાલ માથાને પોતાના ખભાપર ઢળતા દઈ તે ઘડી વર્ષો પતિની સાથે લાડ કરવાનો અવસર માણવા લાગ્યા કોદરલાલને લાગ્યુ કે જિવનમા હવે ફરિયાદ કરવા જેવુ કાંઈ નથી

ઘેર પહોંચ્યા ત્યા ઘરડી નોકરડીએ આવીને બારણુ ઉઘાડી સમાચાર આપ્યા સેમના મોટા ચિરજીવી રતિકાન્ત સાયકલનો અકસ્માત કરી વગાડી આવ્યા હતા. રસોડામા જઈ ખાસ્મી રીતે જમી કચનગૌરી બીજાને સોડમા લઈ આડા સૂતા એટલે કોદરલાલ છોકરાને શોક કરવા બેઠા.

ઘડીયાળનો કાટો ફર્યે જતો હતો. કોદરલાલની આખમા ઉંઘ ભરી હતી. તેમને ઝોકું આવ્યુ બબડી ઉઠયા, ' સવાર થયુ કે શુ ? પપ હલાવવો છે ને ? "

ઘડીઆળનું લોલક ટકટક હસતું હતુ દયા દાખવતી હોય તેમ દિવાની દીવેટ પણ આમતેમ કરીને નિસ્તેજ પ્રકાશ ફેકી રહી.



માગી લીધુ

મે ધન માગ્યુ ત્યારે તે ધન આપ્યુ
તેં ધન આપ્યુ ને લોભ પણ આપ્યો.

મે વિદ્યા માગી ત્યારે તે વિદ્યા આપી
તેં વિદ્યા આપી ને ગર્વ પણ આપ્યો.

મે કિર્તી માગી ત્યારે તે કિર્તી આપી
તે કિર્તી આપી ને મદ પણ આપ્યો

મે પ્રકાશ માગ્યો ત્યારે તેં પ્રકાશ આપ્યો
તે પ્રકાશ આપ્યો ને અધકાર પણ આપ્યો.

મે પ્રેમ માગ્યો ત્યારે તે પ્રેમ આપ્યો
તે પ્રેમ આપ્યો ને ત્યાગ માગ્યો.

—શ્રી રેસાણ

વ્યથા

શ્રી. વૈકુંઠપ્રસાદ જોષી

[પૂર્ણિમાની રાત્રિ છે કબ્રસ્થાનમાં ચંદ્રે પોતાના હિરણ્મોરૂપી અજબ પાળરી દીધી છે પાંદડું એ હાલતું નથી જાણે શાન્તિનું ભીષણ સામ્રાજ્ય ! દિવસના શ્રમથી થકિત બનેલો મસૂર ચણીએ ચડેલા બચ્ચાને નિહાળતો કબ્રસ્થાનમાં પ્રવેશે છે]

મસૂર કેવી શાન્તિ જામી છે ! આજે સવારે અહીં હજારો માનવી ઉભરાતા હતા ક્યાં ગયા એ પાપીઓ ? (ખોપરી નજીક જોય છે અને રડી પડે છે) જગતના શિલ્પી ! માનવતાના અવતાર ! દેવ ! તારી આ દશા ! દુનિયાના ઉંધા ચશ્માંએ તારી દિવ્ય મૂર્તિ ન દેખી ! યુગો વહી જશે પણ દુનિયાના દિલ ઉપરથી આ ઘા નહીં રૂઝાય કેવો તારો ટેક ! સત્ય માટે તે બલિદાન આપવામાં પણ પાછું વાળીને જોયું નહીં દેવ, તારા પર દુનિયા ભલે આજે જીવનમાં ન ઉતારે, તારો સંદેશ જ્યાં સુધી માનવને ગળે નહીં ઉતરે ત્યાં સુધી દુનિયાને માથેથી એક તો શું પણ હજારો ક્રોસની યાતનાઓ ટળવાની નથી તારા સંદેશે તો જડમાં ચેતન રેડ્યું છે

છે ચેતના પથ્થરમાં ઉતારી,
ને તાજલા લે હૃદયે ઉતારી,
હાં કેવું છે માનવ તારૂં હૈયું,
ના ઘૂંટડો અમૃતનો ગળી શકયું !

અરે પ્રભુ ! જેના સંદેશે પથ્થરમાં કવન પ્રેર્યું, વનરાજીને સજીવન બનાવી તે સંદેશ માનવના હૃદય સુધી ન પહોંચી શકયો ! પાપીઓએ સૂકોમળ પુષ્પસમાન ઉરમાં ખીલા ખોડી દીધા ! જે હૃદયમાંથી માનવબંધુતની વેદના ટાળવા વિશ્વબંધુત્વની સરિતાનો સ્રોત સતત અને એકધારો વહ્યો જતો હતો ત્યાંથી આજે શોણિતની સરિતા વહતી હું જોઉં છું ! જગતની મુક્તિ કાજે જે હૃદય ઘડાયું હતું તેને મામુલી ખીલાથી જકડી દેવામાં આવ્યું ! આજે પથ્થર રડે છે, દિશાઓ કલ્પાન્ત કરે છે, નદીઓના જળ થંભી ગયા છે, માનવ, તને વિચાર સરખો ન આવ્યો કે જગતના શિલ્પીને ક્રોસ પર ચઢાવી તું જગતનું જ અકલ્યાણ કરી રહ્યો હતો ! તારે માથેજ આફત ઉતારી રહ્યો હતો ! તું તારીજ મુક્તિના દ્વાર હમેશ માટે બંધ કરી રહ્યો હતો ! કેવી તારી મૂર્ખતા ! પામર, તે કરેલા કૃત્યો માટે દુનિયાને યુગો સુધી પ્રાયશ્ચિત્ત કરવા પડશે, તોયે આ પાપ નહીં ધોવાય.

કારૂણ્યના હોય કરોડ બંધુઓ,
કે અશ્રુની હોય અનેક જાહ્નવી,
તોયે ન સામર્થ્ય કદી મળી શકે,
આ ઘાવ ધોવા ક્રૂર માનવી તને !

અવાજ મસૂર, રડે છે શા માટે ? બલિદાન તો મોટું તપ છે મારા શોણિતસ્રોતમાંથી દુનિયાનો ભારેલો અગ્નિ શાન્ત શાન્ત થશે. ભાઈ ભાઈ વચ્ચેના વેરઝેરનું કાજળ ધોવાશે દુનિયાના હૃદયો તણાઈ જશે અનિષ્ટ માંથી શુભ પ્રકટશે, પછી રડે શા માટે ?

મસૂર દેવ, તપનો આવો કરૂણ અંત !

અમૃતનો બદલો વિષ ! પ્રેમનો બદલો ફાંસી એ કાંઈ ન્યાય છે ? આજે હું જ નહીં, જગતની સારીએ જડ વસ્તુઓ પણ રડી રહી છે મને તમારા વિલયથી શોક થતો નથી, કારણ કે તપસ્વીનો વિલય તો કેવળ રૂપાન્તર છે મને રડવું આવે છે, કારણ કે ધરતીના રત્ન કુછનાર હવે કોઈ રહ્યું નથી ! અંધારી દુનિયાને પ્રકાશ કોણ પાશે ? બળતા હૃદયને કોણ ઠારશે !

અવાજ છતાય તારે રડવું ન જોઈએ ! મારા સંદેશમાથી તને બળતા હૃદયને ઠારવાની, અંધકારમા તેજ પાથરવાની અને રડતી દુનિયાને આશ્વાસન આપવાની સંજીવની મળી રહેશે. માનવો ! તમારે સહનશીલ બનતા શિખવું જોઈએ માન્યતાઓ પ્રત્યે સહિષ્ણુતા રાખો, સત્યાસત્યની તુલના કરો, ક્રોધના આવેગને રોકો, આશાના ભ્રમથી દૂર રહો અને એક બીજાને ચાહતા શિખો, તો હું તમારી સાથે જ છું મારો આત્મા શાન્તિમા છે પરસ્પરના સ્નેહમા છે, દુ:ખી પ્રત્યેની દયામાં છે

મસૂર દેવ, તારો સંદેશ માનવ કયારે ઝીલશે ?

અવાજ માનવ જ્યારે વેરઝેર મૂકી એના પડોશીને ચાહતા શિખશે ત્યારે જ્યારે માનવની જીભથી સનાતનુભૂતિના પુષ્પો વેરાશે, હૃદયથી મમતા ઝરશે, આખોમાથી કરુણા ટપકશે ત્યારે મારો સંદેશ પવન દૂર દૂર દિશાઓમા સંદેશ જશે, ભમરાઓ તેને કુને કુલે ફેલાવશે, માનવને હૈયે તે ઘર કરી બેસશે

મસૂર અરે ! પણ એ દિવસ કયાર આવશે !

અવાજ જ્યારે માનવી અહંભાવ છોડશે ત્યારે હું ન બદલે અમે—આપણે એવી ભાવના માનવ હૈયે રહેશે, ત્યારે એક દિવસ એવો આવશે જ્યારે દુનિયાનુ પાપ નામાવશેષ થશે. પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરશે. આ કુરુક્ષેત્રના તમામ રાક્ષસો પોતાની ઘોર નિદ્રામાંથી જાગશે, અને જગતપિતા એમને ન્યાય આપશે.

મસૂર મને તો આ દિવસ ઘણો દૂર લાગે છે કારણ કે આજે તો

અન્તર આગ ભભૂકે જગના,
ઘાઢ તિમિર દિગમા વ્યાપ્યુ,
આશ પ્રકાશ તણી નહીં રેખુ,
દેવ, પછી કયમ ધીરજ રાખુ ?

અવાજ મસૂર, તારે ધૈર્ય ધરવુ રહ્યું ! અંધારાને ખાળીશ તો જ પ્રકાશ પામીશ ! તપ કરીશ તોજ સિદ્ધિ પામીશ ! સેવા કરીશ તોજ પ્રતિસ્પર્ધીઓનાં દિલ જીતી શકીશ ! તો જ તુ આ પાપ દૂર કરી શકીશ, તો જ તુ મારો સંદેશ દશે દિશામાં ફેલાવી શકીશ તુ રડીશ નહીં જે લોહીએ મને ક્રોસ પર ચઢાવ્યો છે તેમો માટે લગારે તારા હૃદયમા વેરભાવ રાખીશ નહીં ઈશ્વર તેમને માફ કર એવી ભાવના કેળવ એમા એમનો કશો વાંક નથી બીચારાઓ પોતે શુ કરે છે તે સમજતા નથી એમા એમનો શો દોષ ! તું એમને સમજતા કર અંધારામા તારી સાથે કોઈ ન આવે તો પ્રકાશ બન—બીજાને માર્ગદર્શન કર, જેથી દુનિયાને નવી દૃષ્ટિ મળે, નવુ બળ મળે, નવો ચીલો ચેતાય. રડવા કરે કશુ વળવાનુ નથી તુ જેને માટે રડે છે, તેને તો તે માટે લગારે શોક નથી, પછી તારે રડવાનુ અસ્થાનેજ

ગણાય. તુ એવુ કર કે તારે માટે કોઇ ન રડે. માનવના મરણ પછી એની જયન્તિ ઉજવાય તો તે મરણ માનવનુ નથી, પણ તે મૃત્યુનુ મરણ છે મસૂર બેઠો થા, આગળ વધ, તુ જ પ્રકાશ બનીશ, તને જ દુનિયા અનુસરશે !

[મસૂર પ્રકાશ નિહાળે છે-જાગ્રુ થાય છે]

મસૂર (ચીસ પાડતા) હાય, મારા હાથે જ ઘડેલો ખીલો જગતના શિલ્પીના કોમળ હૃદયમા ખોડાઇ ગયો છે ! !

[મસૂર, ક્રોસ ઉપરથી કોઇ દિવ્ય શક્તિને ઊંચે ચડતી જુએ છે, અને ઢળી પડે છે દૂર દૂરથી ગાન સંભળાય છે]

એકલડો ચાલ્યો, મુસાફર
એકલડો ચાલ્યો,
તિમિર ભરેલો પથ કાટાળો
એણે ઉજાળ્યો –મુ૦

જગને પાવા પીયૂષપીણા,
પોતે વિષ ઘોળ્યા,
યુગયુગ વેઠયા દુ ખ, અપરને
સુખશાન્તિ દેવા - મુ૦

જે પથે વિચર્યા મહાપુરુષો
તે પથે ચાલ્યો,
સેવા ધ્યેય બનાવી એણે
માનવ ને તોયો.-મુ૦

એણે માર્ગ ચિધ્યો
સહુને આબાદીવાળો,
એના જીવનની ચીનગારી
જગમા જ્યોત જગાવો –મુ૦

અંતીમ બોધ

બ્હાવાઓ !
શોક ન કરશો.
પ્રભુના પ્યારાઓ !
વિષાદમા વહી જતા તમારા અશ્રુઓ રોકો
અશ્રુ ન રોકી શકનાર પ્રભુના પ્યારા રહી શકતા નથી.
શોકમાં મગ્ન બનનાર બ્હાવાઓનુ પદ સાચવી શકશે નહીં

—શ્રી રેસાઇ

સત્કર્મ

શ્રી મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઈ

ઘણા લોકો એવી ભૂમો પાડે છે અથવા કહો કે ફરિયાદ કરે છે કે, અમે અમારી વર્તમાન પરિસ્થિતિમા શુ કરી શકીએ તેમ છે ! અમને કામ કરવાની તક મળતી નથી, અમારા ઉચ્ચ આદર્શો અમલમા મૂકવાનો અનુકૂળ મોકો મળતો નથી, અથવા અમારા સંયોગો બહુ મર્યાદાની બહાર અમને નિકળવા દેતા જ નથી

બહુ ઊંડો વિચાર કરતાં જણાશે કે આ બધી દલિલો મન-નવરા કે નિર્બળ મનમાથી ઉત્પન્ન થાય છે જેને કાઈ પણ કાર્ય કરવુ છે તેને માટે કોઇ તક વિનાની પળ હોતી નથી જેને સેવાનો ક્રમ સાધવો છે એને કોઇ સયોગ કે પરિવેષ્ટનની મર્યાદા અવરોધ કરતી નથી. અરે, તેને તો ૨૪ કલાકનો ભર્યો પાથર્યો દિવસ ટૂંકો પડે છે તેને તો ૫૦ થી ૭૫ વર્ષનુ આરોગ્યવાળુ આયુષ્ય પણ અલ્પ લાગે છે જેના દિલમા રાત દિવસ કર્તવ્ય પરાયણતાની તમન્ના રમી રહેલી છે, તેને ભય, સ્થળ કે અન્ય ઉપાધિઓ પ્રતિબધક નિવડતી નથી. તેઓ તો મુસ્કેલીઓમાથી પણ પોતાનો માર્ગ કાઢવામા કુશળતા સેવે છે તેઓ તો પ્રતિકૂળ પ્રસગોનો પ્રતિકાર કરવામા પણ કાર્યક્ષમતા અનુભવે છે કુન્દ્ય રૂપી દાવાનળમા ય પણ તેમનુ કર્તવ્ય ભરમીભૂત થયા વિના જારી રહે છે હા, યોગ્ય સમયમા કે પરિપૂર્ણ કલ્પના પ્રમાણે પરિણામ ફળ પ્રાપ્ત થવામા ન્યૂનતા આવે. પણ તે તો કુદરતના હાથની વાત છે અને તેથી તેમને અસંતોષ ન થતા, વિશેષ દક્ષતાપૂર્વક પ્રયત્ન કરવાની તે પ્રેરણા મેળવે છે

કર્મણ્યે વાડધિકારસ્તે મા ફલેષુ કદાચન

ગીતાના આ વાક્યનો મર્મ જેના મનમા સદા રમી રહ્યો હોય છે એવો ક્રમ વીર મનુષ્ય પ્રારબ્ધ અને ભવિતવ્યતાની નિરાશ વાતોમા પોતાના અમૂલ્ય સમયનો વ્યય કરતો નથી પરતુ કર્મ કરવાનો પોતાનો પ્રત્યેક પળનો જીવનસિદ્ધ અધિકાર છે અને એ જ પુરુષાર્થનો જનક છે, એ ભાવથી કર્મના આઘાતપ્રત્યાઘાતોને સાચા અર્થમા સમજીને તે જીવનનો વ્યવહાર નભાવે છે

ક્રમ, અક્રમ, વિક્રમ વગેરેની મિથ્યા ભાજગડમા ન પડતા, જિજ્ઞાસુ પ્રગતિવાદુ મનુષ્ય તો, સત્કર્મની સાદી વ્યાખ્યા નજર આગળ રાખે છે જે કર્મ કરવાથી, અન્યને કોઇ પણ પ્રકારનુ નુકસાન ન થાય, બલ્કે અન્યના અનિષ્ટનુ નિવારણ કરવામા યત્કિંચિત પણ મદદરૂપ થવાય, તે સત્કર્મ ને કે, શાસ્ત્રીય પદ્ધતિથી સત્કર્મની વ્યાખ્યા ઘણા ઊંચા પ્રકારની છે અને તેના અનેક પ્રકારના વિભાગો પડી શકે તેમ છે પરતુ તેનો અત્રે નિર્દેશ ન કરતા, સત્કર્મની સાદી અને વ્યવહાર સમજ, આ પ્રમાણેની પૂરતી છે જે કર્મથી માત્ર પોતાનો જ સ્વાર્થ સધાય તે કર્મ કહી શકાય, સત્કર્મ નહિ અમુક હદની અદર રહીને એવા કર્મની જરૂર છે પણ એવા જરૂરી કર્મનો જ્યારે અતિરેક થાય, અન્યના જરૂરી કર્મ કે હિત પર આક્રમણ કરીને, પોતાનાજ લોભ પોષણમા પરિણમે ત્યારે તે કર્મ જરૂરી ધમ મટી ' સ્વાથ ' ની જમ છે અને આવો સ્વાર્થ સર્વ પાપોનુ મૂળ સેવાવે છે

સત્કર્મની સાદી પણ Negative

નિષેધાત્મક વ્યવહારૂ વ્યાખ્યા પણ થઇ શકે અમુક નિશ્ચિત રૂપે નિષિદ્ધ મનાયના કર્મો ન કરવા, બીજા ઓને દુ ખ થાય, અન્યના હિત–હક્કોનુ શોષણ થાય, એ રીતના કાર્યો કરતા અચવુ, અને માનવતાની દૃષ્ટિએ દુષ્ટ ગણી શકાય એવા કાર્યોથી બચવુ, એ સત્કર્મ કયા કાર્યો નિષિધ માનવા–એ માત્ર શાસ્ત્રો કે શિષ્ટપુરુષોના વચનો વડે જ નિશ્ચિત કહી શકાય તેમ નથી. શાસ્ત્ર–શિષ્ટજનના મત ઉપરાત, જે તે સમયના સમાજની નૈતિક ઉન્નતિની આવશ્યકતાના આધારે, નિષિદ્ધ કર્મોનો સ પૂર્ણ નિર્ણય થઇ શકે

વ્યવહારૂ સમજમા આગળ વધતો જતો સામાન્ય માનવી, ઉપર જણાવેલા બન્ને પ્રકારના વિહિત અને નિષિધ કર્મોની વ્યાખ્યાને દૃષ્ટિ સમક્ષ રાખી સમાજમા પોતાનુ આચરણ કરે તો તે ધર્મના પ થે પળે છે, એમ કહેવામા જરાય અતિશયોક્તિ નથી કર્મ અને ધર્મનો ભેદ છે એની ના નથી પરતુ કર્મ ધર્મનુ સ્વરૂપ કયારે પકડે છે તે કહેવાનો ઉપર આશય છે

મોટા મોટા પૂર્તકર્મો–એટલે કે ધર્માલયો, દવાખાના, વાવ–તળાવ, કુવા, શાળા વગેરે બધાવવા–કે જે સ પત્તિની સહાયતાથી જ થાય છે મહાન યજ્ઞયાગો, અનુષ્ઠાનો, વ્રતોત્સવો કે જેમા અમુક પ્રકારની જ પવિત્ર સામગ્રીની અને ક્રિયાકાડની જરૂર પડે છે, તથા કેટલાક વિશિષ્ટ સેવાકર્મો કે જેને પાર પાડવા સત્તા કે સત્તાધીશની સહાયતાની જરૂર પડે છે,–આ વગેરે કર્મો કરવાથી જ વ્યક્તિ ધર્મ સાધી શકે છે, નહિ તો નહિ, એ ભ્રામક ખ્યાલ છે કર્મ–સત્કર્મમા સાધન, સ યોગ, સત્તા કે ચોકસ કાર્યક્રમની અપેક્ષા નથી પરતુ ટૂકમા વિચારીએ તો બે જ બાબતની અગત્ય છે

(૧) સત્કર્મ સ્વકર્મની અપેક્ષા રાખે છે અને (૨) સત્કર્મ કુશળતાની અપેક્ષા રાખે છે

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામા આ બન્ને વિશે ઉલ્લેખ કરેલો છે અર્જુનને પણ પોતાનુ સ્વકર્મ એ જ ધર્મ છે એ ભાવમા વારવાર સ્થિત કરવા શ્રીકૃષ્ણ ભગવાને પ્રબોધ કર્યો છે અને **कर्मसु कौशलम् योग** । સ્વકર્મની કુશળતાને તો યોગની સજ્ઞા આપી તેની મહત્તા વધારી છે તાત્પર્ય કે, સત્કર્મ કરવાની ધગશ સેવનારે પ્રાપ્ત સ યોગોમા સતોષ માની, પોતાના પ્રારબ્ધમા જે કર્મ કરવાનુ આવી પડે, તેનો સત્કાર કરવો જોઇએ, અને તેજ કર્મ–સ્વકર્મ–કુશળતા અને પ્રસન્નતાપૂર્વક કરવુ જોઇએ. તેજ કર્મ કરવાનો તેનો અધિકાર છે એમ માનવુ જોઇએ બીજા મોટા કર્મો કે ભવ્ય કાર્યક્રમોની અપેક્ષાએ, પ્રાપ્ત નાના નાના કર્મોનો ત્યાગ કરવામા સત્કર્મનો ધર્મ જોખમાય છે સ્વકર્મ–નાનુ હોય કે મોટુ હોય, છાનુ હોય કે જાહેર હોય,–સહભાવપૂર્વક કુશળતાથી કરવામા આવે એટલે કે, પોતાના તન મન અને બુદ્ધિની સ પૂર્ણ એકાગ્ર યોજનાપૂર્વક કરવામા આવે તો તે સત્કર્મ–ધર્મમય–બની જાય છે

ચાર રસ્તા ઉપર ઉભા રહી વાહનવ્યવહારને અકુશમા રાખવાનુ કર્મ જેને સોપવામાં આવ્યુ છે તેવો નાનકડો પોલિસ–સિપાઇ, પોતાની ચોકસ જગ્યા પર ઉભા રહેવાને બદલે, બાજુની દુકાનોમા બેસી ગપ્પા મારે, અથવા જગ્યા પર ઉભા રહી ધ્યાનપૂર્વક કાર્ય ન કરે, અથવા બીજા મોટા મહત્વના કાર્ય માટે ત્યાથી દોડી જાય, તો વાહનવ્યવહારમા અવ્યવસ્થા કે અકસ્માત પણ થાય. અને તે પોતીસ પોતાનુ સ્વકર્મ કુશળતા પૂર્વક બજાવવાના ધર્મમાંથી ચ્યુત

થયો કહેવાય. એટલે અહીં તેણે અધર્મ પણ આચર્યો કહેવાય.

આ તો એક સામાન્ય ઉદાહરણ સમજૂતી માટે રજુ કર્યું છે આપણે સામાન્ય મધ્યમ સ્થિતિને પ્રાપ્ત થયેલા માણસો આપણા સંયોગોમાં રહીને કુશળતાપૂર્વક શું કાર્ય સાધી શકીએ ? આપણે આપણા સ્વકર્મ–ભલે યત્કિંચિત સ્વાર્થ પોષનાર હોય તો પણ–સાધવા ઉપરાંત અને તે સાધતા સાધતા વ્યક્તિ તરીકે નાગરિકની ફરજને અદા કરવા પ્રયત્ન કરીએ તો શું તે સત્કર્મ ન કહેવાય ? આપણે સ્વકર્મ બજાવવાની પદ્ધતિમાં આપણે નાગરિક આદર્શને અનુરૂપ વર્તન સાધેલ રાખીએ તો શું આપણે સત્કર્મના ધર્મનો અંશ પણ નથી મેળવતા ? નિદાન, આપણી સ્વહિતની પ્રવૃત્તિઓને પણ અન્યના અહિતને સાધવાની વૃત્તિ કે પ્રવૃત્તિનો રંગ સરખો ન લાગે, એટલી કુશળતા કે કાળજી રાખવામાં આપણે સ્વકર્મ નહિ પણ સત્કર્મ જ કરીએ છીએ એમ માનવું જોઈએ આપણા દરેક કાર્યમાં પવિત્રતાનું, સદ્‌ભાવ અને પરહિતના વિચારોનું આરોપણ કરવાથી, આપણે યોગાયણા અંશે આપણા કર્મને સત્કર્મનું સ્વરૂપ આપીએ છીએ, એમાં સંશય નથી કોઈ વ્યક્તિ રેશનિંગનું કામકાજ કરતો હોય અને તેમાં અનાજ વગેરે વસ્તુના માપમાં કે કટોકટના ભાવમાં સરકાર પણ હસ્તક્ષેપ ન થવા દેવાની પૂરતી કુશળતા રાખે તો તેનું પેટ પોષણનું સ્વકર્મ પણ સત્કર્મ રૂપ બને છે વિના વેતને કાર્ય કરવાની જ્યાં જેની ફરજ હોય ત્યાં તે વિષય કર અથવા કરતા મૂલ્ય કરતાં વધારે મૂલ્ય માગે કે મેળવવાની કોશિશ કરે. લાભ, લાલચ કે સ્વાર્થ અથવા સભ્ય સ્વરૂપમાં ભેટ સોગાદ સ્વીકારવાની તજવીજ કરે તો તે માણસે સ્વકર્મ તો કુશળ રીતે બજાવ્યું ન જ કહેવાય, પણ નિષિદ્ધ અધર્મ કર્મનું આચરણ કર્યું કહેવાય.

આમ સામાન્યમાં સામાન્ય ગણતરી જેવી ગણાતી બાબતોથી શરૂ કરી, મોટામાં મોટી પ્રવૃત્તિઓ પર્યંત, કર્મના ઉપરોક્ત દર્શાવેલા સાવ સામાન્ય લાગતા પણ સાચા સાચા સિદ્ધાન્તો દૃષ્ટિ સમક્ષ રાખવાની પ્રત્યેક કાર્યકર્તાની ફરજ છે અને પ્રત્યેક મનુષ્ય પોતાના જીવન નિર્વાહ પુરતો, જાણેઅજાણે પણ કાંઈ કર છે જ એટલે તેનો પોતાનો તો ધર્મ થઈ પડે છે અને આવો ધર્મ બજાવવાની તક પ્રત્યેક–કાર્યકર્તા–મનુષ્યને પ્રત્યેક પળે મળી રહે છે, એમાં શક નથી. બોલવાનું ગજું કાર્ય પણ આ હિસાબે સત્કર્મમાં આવી જાય છે માટે તો શાસ્ત્રમાં તેને યજ્ઞ કહ્યો છે પરંતુ રસોઈ બનાવનાર, વેઠ ગણી જેમ તેમ રસોઈ બનાવે તથા વર્તનાર પણ, અવિચારીપણે કે આરામ્ય અને વૈદકના નિયમાનુસાર ન વર્તતા નિષિદ્ધ પ્રકારે આચરણે, તો તે કર્મ યજ્ઞ કહ્યાનો કહેવાય ? અને યજ્ઞ વિના ધર્મ નથી

આપણે આજથી કુશળતાપૂર્વક સ્વકર્મ આચરીએ અને સત્કર્મના ધર્મપંથ વિચરીએ એવી પ્રભુ આશીર્વાદ આપે.

" જેઓની ઇચ્છા માનવજાતિને મદદ કરવાની છે તેમણે પોતાના સુખદુઃખ, યશ અને એવા એવા બીજા બધા લાભોને જેમ ફરી તેમનું એક પોતાનું બનાવી ઉંચા કરિયામાં ફેંકી દેવું અને પછી જ પરમાત્મા પાસ આવવું આ પ્રમાણે જ નબા મહાત્માઓએ કર્યું છે અને કર્યું પણ છે '

—સ્વામી વિવેકાનંદ

તાપસી

મૂળ લેખક શ્રી. શાંતુદયાળ સક્સેના
અનુવાદક શ્રી. રમણિક કિશનલાલ મહેતા

ઉર્મિલા	લક્ષ્મણની પત્ની	ચિત્રા	ઉર્મિલાની સખી
માંડવી	ભરતની પત્ની	સુમિત્રા	ઉર્મિલાની સાસુ
શ્રુતિકીર્તિ	શત્રુઘ્નની પત્ની		

[સ્થળ અયોધ્યાના રાજપ્રાસાદનું અન્તઃપુર સમય સાયંકાળ]

(ઉર્મિલા ઝરૂખામાં બેઠી છે પોતાના લાંબા કેશકલાપને ડાબા ખભાની બાજૂએ આગળ લાવી હાથમાં રાખી ગણગણી રહી છે આંખો સજળ છે કંઠ ક્ષીણ છે ઝરૂખાની નીચે યંત્રને સરયૂ કલકલ કરી વહી રહી છે)

ઉર્મિલા જે વેણીને ચૂથી ગયા એ,
તેને કયમ હું ઓળું રે!
રસમાનસમાં ભરી ગયા ત્યાં
વખડાં શાને ધોળું રે!

[ચિત્રા ધીરે ધીરે આવે છે દિવાલ પર કોણી ટેકવીને ઊભી રહે છે ઉર્મિલા ગણગણાટ બંધ કરીને ચિત્રા તરફ જુએ છે]

ચિત્રા માતા સુમિત્રાના મંદિરમાં હજુ દીપક પ્રકટાવવામાં આવ્યો નથી

ઉર્મિલા એ તો મારું જ કામ છે

ચિત્રા ત્યારે તો હું આવી છું

ઉર્મિલા હું જાઉં છું માતાજીએ આ કાર્યોમાં લગાડીને મારા પર કેટલો બધો ઉપકાર કર્યો છે! આટલા સમય પર્યંત હું મારા દુઃખને ભૂલી રહી છું એમાં મને સંતોષ અને આનંદ પણ મળે છે એની સાથે અનેક મીઠી સ્મૃતિઓ સંકળાયેલી છે ઓહ!

[નિશ્વાસ નાખે છે ચિત્રા રાજળ નયને બીજી બાજુએ ફરીને મને કાજળ સાંભળવું ન હોય તેમ ઊભી રહે છે]

ઉર્મિલા એક દિવસ, આ વખતે, આ સ્થળે બેસીને હું સરયૂની લહરીઓને નિહાળી રહી હતી તેઓ એ ઘડીએ દોડતા આવ્યા અને માતા સુમિત્રાના આવાસમાં સહુ જનને મને ખડી કરી મેં કોઈક બીજાદ્વારા પૂછયું—" કેમ, શું છે?" તેઓ બોલ્યા " દીપક પ્રકટાવવામાં વિલંબ થવાથી દાસીઓને બળી રહેલી ધમકીઓમાંથી તે બિચારીઓને બચાવવા માટે

ચિત્રા પછી?

ઉર્મિલા મેં પૂછયું—કેવી રીતે? ઉત્તરમાં પોતાના હાથે મારી દાઢી ઊંચી કરીને બોલ્યા આ ચંદ્રમાના ઉજાસમાં દીપકોનો ભાન કોણ પૂછે!" (નિશ્વાસ નાખી) વિનોદની એ ઘડીઓ સખી! આજ ભૂલી ભૂલાતી નથી

ચિત્રા કયાંથી ભૂલાય એ?

[ચિત્રા જાય છે]

ઉર્મિલા ત્યારે હું જાઉં

[શ્રુતિકીર્તિ પ્રવેશ કરે છે]

શ્રુતિકીર્તિ કંઈ તરફ જાઓ છો, બહેન?

ઉર્મિલા શું કહું બહેન? હું મહા અભાગિણી છું માતાજીના આવાસમાં દીપક પ્રકટાવવાનું કામ પણ હું વખતસર કરી શકતી નથી.

શ્રુતિકીર્તિ બહેન, ચિન્તા ન કરશો દીપક મેં પ્રકટાવ્યા છે

ઉર્મિલા એટલા માટે તો હું આવતી હતી.

શ્રુતિકીર્તિ પરન્તુ માર્ગે મને કંઈ કહ્યું—

તરી જીજને માટે પોતાનુ દુ:ખ કાંઇ ઓછુ છે ? તુ એને સહાયતા કરતી રહે

ઉર્મિલા માતાજી મારે માટે કેટલા દુ:ખી રહે છે !

શ્રુતિકીર્તિ બહુ જ દુ:ખી છે !

ઉર્મિલા દુ:ખ તો સૌને દુ:ખ દેવા માટે જ જન્મી છુ !

શ્રુતિકીર્તિ આટલો મહાન ત્યાગ પણ કોઇ કરી શકે તેમ નથી. જીજી ! તમે જે કાંઇ કર્યું છે એની દુનિયામાં ઉપમા નથી

ઉર્મિલા એ બધુ વ્યર્થ છે બહેન ! દુ:ખ મારા મનને સમજાવી શકતી નથી. એ તો અંદરને અંદર અશાન્ત રહે છે એટલે કુ એને માટે ગૌરવ માની શકતી નથી.

શ્રુતિકીર્તિ મન તો મન જ છે જીજી ! તમારા આ મહાન ત્યાગનો અભ્યાસ તો એમને થતા થશે. મારી કૃપણતા તો જૂઓ. કુ તો જન્મથી સહાયે લેતા જ શીખી છુ મોટી બહેન, વચેટ બહેન અને તમારી પાસેથી સહાયે કાંઇને કાંઇ મેળવતી જ રહી છુ મા-બાપના ઘરમા, સાસરિમાંમા સર્વત્ર મે તો લીધા જ કર્યું છે પામ્યા કર્યું છે આપવુ-ત્યાગ કરવો એ બધુ તમારા બધાંને ભાગે પાયુ છે એમા યે જીજી ! માનો કે ન માનો, પણ તમે તો બધાની યે આગળ છો.

ઉર્મિલા બહેન ! તારી વાતો સાભળીને મનમા થઈ આવે છે કે કુ એવી જ બની જાઉ તો ? આખમાથી એક પણ આસુ સાથે વિના હસતા હસતા કુ સર્વ કાંઇ સહન કરી લઉ ! પણ કુ એવુ કમ કરી શકુ છુ ? એકાન્ત મળતા જ ઉર અંદરથી અભરાય છે અને આખો આસુઓની બને છે

શ્રુતિકીર્તિ એમા શુ ? એ તો એ મહાન વ્યથા સહન કરવાની ભૂમિકા છે આસૂએ ધોવાઇને ત્યાગની ગાથા પવિત્ર બને છે

ઉર્મિલા શ્રુતિકીર્તિ ! બહેન ! તારી વાતો હૃદય પર શીતળ લેપનુ કામ કરી રહી છે તુ થોડી વાર અહીં રહે

શ્રુતિકીર્તિ ઠીક તો કુ હસીને મજાકી જીજીની પાસે મોકલી દઉ

ઉર્મિલા શા માટે ?

શ્રુતિકીર્તિ નદી કામમા જ પાદુકા-પૂજન અને ત્યાંથી જ રાજ્યનુ સચાલન થશે જીજી પણ ત્યા રહેશે. એમને પહેરવાને માટે વલ્કલ જોઇએ છે

ઉર્મિલા તો જાઓ બહેન ! પહેરાં એ કામ કરો.

શ્રુતિકીર્તિ કુ જાઉ છુ

[જાય છે

ઉર્મિલા હાય ! જીજી માટીને કેવુ સુન્દર રાજ્ય મળ્યુ છે ! મજાકી આ શુ એ બધુ જાણતી હતી ?

(ચિત્રા પ્રવેશ કરે છે)

ચિત્રા માતા સુમિત્રાનો આદેશ છે કે મારે અહીં રહેવુ

ઉર્મિલા હા. અહીં રહે બહેન ! એકધા મારા જીવને કોણ જાણે શુનુ શુ થઈ જાય છે !

ચિત્રા એવુ કર્યાં સુધી રડયા કરીશ ? જીવને બહેલાવ એવુ ચિત્ર કયા છે ? ચાલો એને જ પૂછ કરીએ.

ઉર્મિલા ચાલો.

[જવા માટે જાય છે ભાડવી પ્રવેશ કરે છે]

ભાડવી બહેન ! આ શુ ! શરીરે તો કપડે તુ ઓઢીએ નથી રહી ! આમ કેમ ચાલશે ?

ઉર્મિલા બહેન !

[આખમાથી આંસુ સરી પડે છે]

માંડવી (સમીપમા આવીને પોતાના પાલવ વડે ઉર્મિલાના આંસુ લૂછતા) છિ ! રડે છે બહેન ! જીજી સીતાને તો જો ! હસતા હસતા માથાનો મુગટ મારે માથે મૂકીને ચાલી ગઇ !

ઉર્મિલા આ રાજસી વલ્કલ તમને કેટલા યોગ્ય લાગે છે ! આહ ! શુ આપણુ બૌ બહેનોનુ ભાગ્ય એક જ સાચામા ઘડાયેલુ છે ?

માંડવી એતો ઠીક જ છે વિધાતાએ આપણને પરસ્પરની ઇર્ષ્યા કરવાનુ નથી રાખ્યુ

ઉર્મિલા એ એની કૃપા છે

માંડવી ચિત્રા ! બહેન ઉર્મિલાની સભા ળનો ભાર તારા પર છે મારે તો નવા કર્તવ્ય માટે જોડાવાનુ છે

ચિત્રા આપ ચિન્તા ન કરશો.

માંડવી (ઉર્મિલાને હૈયે ચાપી) બહેન ! હું જાઉં છુ

ઉર્મિલા જાઓ બહેન !—મે એમનેજ નથી રોકયા, તો પછી હવે કોઇનેય નહિ રોકુ બહેન, શ્રુતિકીર્તિ કહે છે એવીજ હુ બનીશ હવે

[માંડવી જાય છે]

ચિત્રા પેલા ચિત્રને પૂજા કરશોને ?

ઉર્મિલા હવે અત્યારે તો હુ એમા જીવ નહિ પરોવી શકુ

ચિત્રા તો આરામ કરો હુ માતા સુમિત્રાની પાસે જઇ આવુ

[ચિત્રા જાય છે]

ઉર્મિલા ઓહ ! મારે આરામ કયા છે ? આરામ તો પ્રિયની સાથે સાથે જ વનવાસી બની ચૂકયો છે, પરતુ નહિ એ યોગ્ય નથી મારે તો કહેવુ જોઇએ કે—

[ધીમે ધીમે ગણગણે છે

એ તપતા તપ, શીતલ હુ,
એ વસતા વન, હુ ઘરમા
પ્રિય પીએ હરિના ચરણામૃત
હુ વિલપુ વિરહાનલમા
એ તપતા તપ, શીતલ હુ,
અ સુવનથી આખડી પોઇ રહુ
કર્મતણી કઠણાઇ સખિ ! આ
કૈ જ કહ્યા વિણ મૂક સહુ !

[શ્રુતિકીર્તિ પ્રવેશ કરે છે]

શ્રુતિકીર્તિ જીજી, માતાજી સરયૂસના કરવા જાય છે તમે આવો છોને ?

ઉર્મિલા સરયૂસ્નાન માટે ?

શ્રુતિકીર્તિ હા

ઉર્મિલા બીજુ કોણ કોણ આવે છે ?

શ્રુતિકીર્તિ દેવી અરુધતી, મોટી મા, મઝલી મા સૌએ છે

ઉર્મિલા મારે આવવુ જરૂરી છે, બહેન ?

શ્રુતિકીર્તિ ઇચ્છા હોય તો ચાલો જીજીને કાંઇક આનદ થશે

ઉર્મિલા જીજીને આનદ થાય એટલા માટે તો હુ આવવા નથી માગતી.—આ જીજીને બહેલાવવાની હવે ઇચ્છા પણ નથી થતી બહેન !

શ્રુતિકીર્તિ તો કાંઇ નહિ જવા દો. હુ પણ નહિ જાઉ

ઉર્મિલા ના. તુ જા મારે માટે તુ તપસ્વિની બનવાની જરૂર નથી

શ્રુતિકીર્તિ જીજી માંડવી નથી જતા તો પણ નથી આવતા પછી હુ એકલી જઇને શુ કરુ માને હુ કહી આવુ

[શ્રુતિકીર્તિ જાય છે]

ઉર્મિલા શ્રુતિકીર્તિ કહે છે કે હુ અહીં તહીં ઘૂમી—ફરીને આ જીજીને બહેલાવુ કેટલી ભોળા છે એ ? એને ખબર કે આ સૂના હૃદયને લઇને હું

જાઉં ત્યાં કોઈને કોઈ જૂની સ્મૃતિઓ મળી આવશે. આ ઓરડામાં પૂરાઈ રહેવાથી મારા આસૂઓનો પ્રવાહ કાયક પરિમિત રહે છે

[ચિત્રા પ્રવેશ કરે છે]

ચિત્રા કેમ હજી સુધી આરામ નથી કર્યો ? શું થાય છે ?

ઉર્મિલા મારે જીવ બહેલાવવાની સામગ્રી કયા છે એનો હું વિચાર કરી રહી છું આ ઘૂઘટ અને આ અન્તપુરમા રહું કે ઉદ્યાનો, અમરાઈઓ, મંદિરો અને સરયૂતટ પર જઈને ઘૂમ્યા કરું ?

ચિત્રા મનને જેમ ગમે તેમ.

ઉર્મિલા દિલમા તો એમ થાય છે કે જ્યાં જ્યા પ્રિયની જે કાઈ સ્મૃતિઓ પથરાએલી છે એ સૌને લાવીને એકઠી કરું એ સ્મૃતિઓનો ભાળા ગૂથુ અને રાતદિવસ એને હૃદયમા ધારણ કરી રાખું તેઓ પાછા આવે ત્યારે એમને એ પહેરાવી દઉં

[ચિત્રાનાં નયનો આસ્રુઓથી ભરાઈ જાય છે]

ઉર્મિલા તું કાઈ બતાવતી નથી, સખી !

ચિત્રા (હીબકું દબાવીને) શું બતાવું ?

ઉર્મિલા એ બતાવ કે વિયતમની સાથે તું જ્યા જ્યા કરીએલી છું ત્યા જવાથી શું આ દિલને આનંદ મળી શકશે ? હૃદયમા જે સાગર ભરાઈ રહ્યો છે એને તારી દેવાથી શું મને શાન્તિ મળશે ?

ચિત્રા એ સૌ વાતોનો વિચાર કરવાનુ કામ્યા બેસો દિવસ માટે મૂકી દો

ઉર્મિલા એ કેમ બની શકે બહેન ! આ મારખાની નીચે સખી જ સરયૂ વહી રહી છે એની આંખે હું એને કેમ ન જોઉં ? મંદિરોની આરતી અને મંદાનાદ સાંભળવાનું હું કેમ કરી શકું ? આ માલતીની અહીં પથરાના કેમ જોઈ શકું ? ઉપવનના કુંજ રહેલી કોકિલાને હું કેમ મના કરી શકું ? આ દક્ષિણ પવન કાઈ આવ્યા વિના રહેવાનો નથી એવી કઈ વસ્તુ છે કે જે પોતાની સાથે પાછળની કથાઓને લઈને નથી આવતી ? આ પૂલના ફૂલ પણ વીતેલા જીવનની યાદ આવ્યા વિના નથી રહેતા

ચિત્રા સાચુ છે છતા એ આગ નિરંતર રડતા જ રહેવાથી આંખો બચારી શકાશે ? તેઓ પાછા આવશે ત્યારે શું એમને પાછુ શું વાળીશ ? એમની થાપણ તો જેમની તેમ સાચવી રાખવી જોઈએ.

ઉર્મિલા એ સાચુ કહ્યું બહેન ! એમને જતી વેળાએ જ્યારે આ આંખોએ આશ્વાસન આપ્યુ, હૃદય સંયમ જાળવી શક્યુ ત્યારે હવે એને વિચલિત થવા દેવુ યોગ્ય નથી

ચિત્રા જરાયે નહિ

ઉર્મિલા એમાથી તો એક વાતનો સાર નીકળ્યો.

ચિત્રા શો ?

ઉર્મિલા એજ કે એમને પણ એમની થાપણની સુરક્ષાનુ ધ્યાન રહેશે

ચિત્રા શા માટે નહિ રહે ?

ઉર્મિલા એ તો ઠીક નહિ થાય બહેન ! મારી થાપણની રક્ષામા તેઓ પોતાનુ કર્તવ્ય ભૂલી જાય એવુ હું નથી ઈચ્છતી. અને મારે માટે તેઓ કાઈ જ ન લાવે પરંતુ નિજ સાધનાના પંથથી વિચલિત ન બને. જોઉં અને જીવનની મેરાનુ એમનુ વ્રત પૂર્ણ થાઓ !

ચિત્રા તમારા આ પવિત્ર વિચારોના બળ પર જ તેઓ બનેની સિદ્ધિ કરી શકશે

ઉર્મિલા કદાચ સાચેજ સખી એમને માટ ધ્યાન રહ્યું તો એકા ન વનવાસના દિવસો એમને કેવા ખાતા થાય ? કાં કદાચ મારી જ માફક એમની આંખો

રાતદિવસ આસૂઓ ઉભરાતી હશે તો આ બધા પ્રયાસો નિષ્ફળ જશે

ચિત્રા સંભવિત છે—પોતાના પ્રિયજનોના સુખદુઃખની અસર હૃદય પર પડ્યા વિના રહેતી નથી.

ઉર્મિલા અરે, શું સાચું કહે છે ? હું કદાપિ એવું નહિ થવા દઉં મારા હૃદયને કચરી નાખીશ આખના આસૂઓને સૂકવી દઈશ જેના દર્શનથી રડવું આવે છે એને ભેળવીને અટ્ટહાસ કરીશ તેઓ સુખી રહે પોતાનું વ્રત પૂર્ણ રીતે નિભાવે. બહેન શ્રુતિકીર્તિને કહી આવ કે હું પણ સરયૂસ્નાન કરવાને આવીશ.

ચિત્રા હમણા કહી આવું છું

[ચિત્રા જાય છે]

ઉર્મિલા હવે આ આસૂઓ સાથે મારો કોઈ જાતનો સંબંધ નહિ રાખું

[આસૂ લૂછે છે સુમિત્રા પ્રવેશ કરે છે]

સુમિત્રા વહુ ! વહુ ! તારૂ ગુલાબ સમુ મુખડું કયા ગયું બેટી !

[ઉર્મિલાને હૈયા સરસી ચાંપે છે]

ઉર્મિલા મા, મને આશીર્વાદ આપો હું આ બધું હસતા હસતા સહન કરીશ.

સુમિત્રા એમજ કર, મારા લક્ષ્મણની રાણી ! એમજ કર, બેટી ! જે ઉદારતા-પૂર્વક તે સમર્પણ કર્યું છે એમા કમી ન આવવા દેજે ! આખમા આસૂ ન લાવ હૃદયમા વિચાર ન કર સદાયે હસતી-ગાતી રહે તારા અંતરનો ઉલ્લાસ એના કર્તવ્યના પન્થે પ્રેરકશક્તિ બનીને સહાયક બનશે.

ઉર્મિલા એમજ કરીશ, મા ! વધૂનો ઘૂઘટ દૂર કરવાની મને સ્વતંત્રતા આપો એમને જ્યારે સેવા માગ જ પસંદ કર્યો છે ત્યારે હું પણ એને મારા જીવનનો મંત્ર બનાવીશ. મા ! આજથી બધા કામ મને સોંપી દો મોટી મા, મઝલી મા તથા તમારા આવાસના કોઇ પણ કામ માટે અન્ય કોઇને કષ્ટ આપવાની જરૂર નથી પરિજન, પૂરજન, પ્રજાજન સૌના સુખ દુઃખોમા આજથી મારો ભાગ રહેશે મારી સેવાથી મા ! હવે કોઇ વંચિત નહિ રહેવા પામે !

સુમિત્રા બેટી ! તારા નિશ્ચયથી મને પરમ સંતોષ છે હવે હું સુખે સૂઈ રહીશ

[ચિત્રા જાય છે]

ઉર્મિલા મા કેટલી કોમળ છે ! છતા યે કેટલી દૃઢ અને ઉદાર છે ! ભગવાન સૌને એવી સાસુ આપો

[ચિત્રા પ્રવેશ કરે છે]

ચિત્રા (આશ્ચર્યપૂર્વક) ઓહ ! તું હજી સુધી બેસી રહી છે, સૂતી નથી ?

ઉર્મિલા આજે સૂવાનું મન જ કયા થાય છે ? આજે તો મન થાય છે કે ગાઉ હૃદયમાથી ઉલ્લાસ ઊભરાઈ રહ્યો છે

ચિત્રા તો ગા હું યે સાભળું, પણ જો રડતી નહિ

ઉર્મિલા આ આનન્દની ઘડીએ હું જરૂર ગાઈશ

[શ્રુતિકીર્તિ પ્રવેશ કરે છે]

શ્રુતિકીર્તિ જીજી, ગાઓ. ઘણા દિવસો બાદ હું યે સાભળું બચપણમા ઝૂલા પર ને પુષ્પોની સાથે કેટલું ગાયું'તું ! કેવા મિઠા હતા એ દિવસો !

ઉર્મિલા સાભળો ત્યારે—

[ગાય છે]

શૂળ બનો કૂલ મારગના,
સહુ કંકરની મૃદુ ધૂળ બનો,
જ્યાં જ્યાં પ્રિયના પાય પડે,
ઓ કેડી સદા અનુકૂલ બનો !

[બધાજ ચૂપ કે શ્રુતિકીર્તિ ને ચિત્રા સ્તબ્ધ બની ને સાભળે છે]

(પડદો પડે છે)



પ્રભા

લેખક શ્રી. મફતલાલ સંઘવી

(ગતાંકથી ચાલુ)

દિવસ ઉગ્યો, તડકા ચડયા, છતાં પ્રભાકર જાગ્યો નહિ ઉષા તેને જગાડવા ગઈ ઊંડો શ્વાસ ખેંચતો પ્રભાકર, એક બાજુ ઓઢીને સૂતો હતો, સૂતેલાને કોણ જગાડે એમ વિચારતી ઉષા–પ્રભાકરને જગાડ્યા જરતા જરા પાછી પડી. પાછો તેના મનમાં કંઈક વિચાર આવ્યો ને ત બોલી, ' પ્રભાકરભાઈ, ઊઠોને ! '

' મારૂં માથું બહુ દુખે છે ઉઠી શકું તેમ નથી. ' આંખો ઉઘાડયા સિવાય જ પ્રભાકરે જવાબ આપ્યો

' લાવો, હું દાબું ' કહીને ઉષા પ્રભાકરની પથારી નજીક ગઈ

' ના, ના, તમે નહિ ' કરમાઈ જઈ પ્રભાકરે, માથું દાબવાની ના કહી.

' હું તો તમારી નાની બહેન કહેવાઉ આવા પ્રસંગે પણ તમે મને સેવાની તક નહિ આપો તો. હું તમારૂં બીજું કયારે કેડી શકીશ ! બળજબરી બધને ઉષા બોલી

' ઉષા બહેન ' જરાક આપણને હસ્યો. હું તે ખુશીથકીજ, કારણ કે ખરેખો આજો છું પણ તારાથી તે નહિ ખમાય. તેથી જ તને હું માથું દાબવાની ના કહું છું

' હું તમારી નાની બહેન જેવી ' છતાં, જો જરાક મને તમારૂં માથું દાબવાની જોગવી મારા તરફ નીચી નજરે તાકશો, તો હું માનીશ કે, આપના પવિત્ર સબંધોને કલંક રાખનારી પવિત્ર ભાવનાઓનો જગતમાંથી નાશ થયો છે ' પ્રભાકરના ઉષ્ણ લલાટ પર પોતાની હાથ ફેરવતા ઉષા બોલી.

' ઉષા, પડખું ફેરવતા પ્રભાકર બોલ્યો, ' છેલ્લા ચાર–છ દિવસથી મને માથાનો સખત દુખાવો ઉપડેલો. જ્યાં સુધી તે સહન કરાયો ત્યાંસુધી વગર બોલ્યે આપ્યે મે તે સહન કર્યો. આજે ન છૂટકે મારે ઊંધી રહેવું પડયું '

' તમે પણ ખરા ! મને જણાવ્યું હોત તો, હું તમારી યોડી ઘણી પણ સેવા ન કરત ! તો પછી પ્રભાબહેનને તેડાવી કેમ નથી લેતા ! '

' મે તેને આજ કાગળ તત્સંબંધી પત્ર લખ્યો છે બનતા સુધી તે આજે આવી પણ જશે ' આંખો બીડી કરતાં પ્રભા કરે કહ્યું

માથું સખત દુખતું હોવાથી પ્રભાકર આજે કાર્યાલયમા પણ જઈ ન શકયો.

રસોડાનું સમજી કામ પતાવીને ઉષા મેડી ઉપર ગઈ ને તે પ્રભાકરને માથે મલમ ચોળવા લાગી. મલમ ચોળતા ચોળતા તે બોલી, ' તમે કહેતા ઉલ્લાસ જેવા કેમ જણાઓ છો ? બહુ વખતથી હું તમને તે સંબંધી પૂછવા માગતી હતી. આજે તક મળતા તે પૂછી શકું છું ?

' તે, તુ નહિ સમજી શકે ઉષા ! મારૂ હૃદય માનવકુલના સુખદુ:ખનો પ્રત્યેક આઘાત પ્રત્યાઘાત ઝીલીને એટલુ બધુ વિચિત્ર બની ગયુ છે કે, તેની જરા જેટલી ઘાણી-ઘેાણી છાયા મારા વદન પર પડયા સિવાય રહેતી નથી ' પેાતાના જીવનનેા ઝીણેા ઇતિહાસ વર્ણવતેા પ્રભાકર બેાલ્યેા

ઉષા ધીમે હાથે પ્રભાકરને કપાળે હાથ ફેરવી રહી હતી તેવામા પ્રભા, પગથિયા ચડતી મેડી ઉપર આવી પહેાચી
* તેને જોતા ઉષા ગભરાઈ, માથુ ઢાળતી તે એકદમ દૂર ખસી ગઈ

' ગાડી, આ તને શેાભે ? ' પ્રભાકરની પથારી નજીક જતા પ્રભા બેાલી ' હુ તને પણ ઓળખુ છુ ને એમને પણ ઓળખુ છુ પછી તારે ડરવાનુ કારણ શુ છે ?

પ્રભાનેા અવાજ સાભળતા જ પ્રભાકરે આખેા ઉઘાડી ધીમે-ધીમે તે બેાલ્યેા, ' આવી ગઇ '

' તમે કયા જપવા દેા એવા છેા તે વળી આવેા પ્રશ્ન કરતા હશેા ? '

' એ તેા ઠીક, પણ ઉષા કેમ દૂર ખસી ગઈ ? ' બેઠેા થતા પ્રભાકર બેાલ્યેા

ઉષાને નજીક બેાલાવતા પ્રભાએ કહ્યુ, ' ઉષા, મેા જોઇને તુ દૂર ખમી ગઈ તે મને તેા શુ પણ પ્રભાકરને પણ નથી ઉગ્યુ ? તાર એમ ન કરવુ જોઇએ સાચા પ્રેમીઓની ગલીમા શકરનુ ભૂત ડોકિયુ પણ નથી કરી શકતુ, તે તુ ચોકકસ માની લેજે '

' પણ તુ ચોર પગને ઉપર આવી ચડી એટલે એને ડર તેા લાગે જ ને ? ' પ્રભાકરે મઝાકમા કહ્યુ

' તમે ય જબરા છેા ઘડીકમા આમ બેાલેા ને ઘડીકમા તેમ બેાલેા તમને ' પુરુષોને તેા પ્રભુ જ પહેાચે ? ' અબેાડા સરખેા કરતા પ્રભા બેાલી

' પણ એ તેા કહે કે તુ એકદમ મેડી કઈ રીતે આવી પહેાચી. '

' એમા કહેવા જેવુ છે જ શુ ? ' પ્રભાકરના પગ ચાપતા પ્રભાએ કહ્યુ ' સ્ટેશન પરથી ઘેર આવી, નીચે તમને ન જોયા એટલે સામાન નીચે મૂકીને હુ ઉપર આવી ઘર કયા બધ હતુ તે હુ તમને ઘાટેા પાડીને બેાલાવુ

સ્ત્રી હૃદયની વિશાળતાના જવલત, જીવન્ત પ્રતીક સામાન પ્રભાને જોઇને, ઉષાનુ સુકુમાર હૃદય, કઇ કઇ પવિત્ર ભાવેા અનુભવવા લાગ્યુ પત્નીની ગેરહાજરીમા પતિ, એક સ્વરૂપવતી કુમારી પાસે માથુ ચેાળાવે ને અચાનક આવી પહેાચેલી પત્ની જો તે જોઈ જાય, તેા તે તેના પતિને અને પેલી કુમારીને ન કહેવાનુ, ન કહી દે ' પણ અહીં તેા તેનાથી ઉલ્ટુ જ વાતાવરણ સર્જાયલુ જોતા ઉષા ખુશ-ખુશ થઈ ગઇ

ઉભી થઇને તે પ્રભાના પગમા પડી, ને બેાલી, ' બહેન, નારીકુલનુ ગૌરવ તમારા સરખી વિશાળ હૃદયની સન્નારીઓના કારણે જ આજ સુધી ટકી રહ્યું છે ને ભવિષ્યમા ટકશે તમારા હૃદયની વિશાળતાએ મને ખરખર મુગ્ધ બનાવી દીધી છે '

ઉષાને હાથ વડે દૂર કરતા પ્રભા બેાલી ' ઉઠ, ઉઠ, તુ તેા મને શરમાવી રહી છે મે તારેા એવેા કયેા ગુન્હેા માફ કર્યો છે, તે તુ મારા પગમા પડીને મારા વખાણ કરી રહી છે

' જ્યા ! દૂધ પડયુ હેાય તેા રહ્યા બનાવી લાવ ને ? ઉષા પેાતાને ઓળખી શકી છે એવુ જાણ્યા પછી જ પ્રભાએ તેને પહેલ વહેલુ કામ બતાવ્યુ

' બનાવી લાવું છું. ' કહેતી ઉષા નીચે ગઈ

પ્રભાના ખોળામાં માથું નાખતો પ્રભાકર બોલ્યો, ' અમદાવાદનું પાણી માફક ન આવ્યું કે કેમ ?

' એવો પ્રશ્ન સાથી પૂછવો પડયો ? પ્રભાકરના વાળમાં આંગળા પરોવીને ગમ્મત કરતી પ્રભા બોલી.

' જોને, તારૂં ખોરું કેટલું દીકરું પડી ગયું છે કયાં પડેપાના તારા ભરોસાદાર માલ ? ને કયા બત્યારના બેસી ગએના કહેતાકને પ્રભાકર, તેના ગાલ પર એક ધીમી ટપલી મારી

' રાત દિવસ તમને મનહર સૂઝે છે ઊઠો, ઊઠો બોળામાં ઊધવા દીધા એટલે " પ્રભાકરનું માથું ઉંચકતા પ્રભાએ ટોણો માર્યો

' ઉષાનું એકલવાયું આ કરમાતું જીવન જોઈને મને બહુજ દુ:ખ થાય છે તને પૂછીને, હવે ગમે ત્યાં ગોઠવણ કરો તો ! ' ઉષાનું, કોઈ સારે સ્થળે સગપણ કરવાની વાત કાઢતા પ્રભા બોલી

' એમાં તું શું સમજુ ? તમે બે બહેને કોઈ સારા સ્થળ શોધી કાઢો અન્યાના સગપણની બાબતમાં, હમેશા પુરુષો કરતા સ્ત્રીઓજ વધારે સમજે ' પ્રભાકરે જવાબ આપ્યો

એટલામાં ઉષા ચહાના પ્યાલા સહુને ઉપર આવી નજરે જણ્યા ચહા પીવા બેઠા

ચા પીને ઉષા ને પ્રભા નીચે ઉતર્યા પ્રભાકર આરામ કરવા પથારીમાં આડો પડયો

ઉષાના વદન પર છાએલી ઓશિયાળા પણાની છાયા સ્પષ્ટપણે અવલોકતી પ્રભા બોલી ' ઉષા, તો એમ્પ્રકાશ જીવન કટાળાભરેલું તો લાગતું જ હશે ?

શું પ્રભા, પોતાનો હૃદય ભાર પણ વાચી ગઈ ? કંઈક વ્યગ્રતા ધારણ કરતા ઉષા બોલી, ' ના, ના એવું કશું નથી તમે મને કયા એવું લાગવા દો તેવા છો ?'

' છતા પણ તને જીવનમાં કંઈક સૂનું સૂનું તો જરૂર લાગતું હશે ! ' ચર્ચામાં ઊંડી ઊતરતા પ્રભાએ પૂછયું

' ડોકમાની નાજુક સેાના-સેર ફેરવતા ઉષાએ ઉત્તર આપ્યો ' તમે જે માનો તે ખરૂં

' તો પછી તારો શો વિચાર છે ? તારી ધ્યાનમાં કોઈ સારૂં વર હોય તો તું બતાવ નહિતર પછી મારી ધ્યાનમાં છે તે હું બતાવું મહેશ ચિત્રકારને તો તું ઓળખતી હોઈશ ? '

' હા, એમને ઓળખું છું ખરી એમણે તો મને ! કર્યાવેગમાં ઉષા નહીવાળો પ્રસંગ વર્ણવવા જતી હતી, તે એકદમ અટકી ગઈ

' શરમાય છે શા માટે ! તેમના વિષે તારે જે કહેવું હોય તે મને કહી દે ! '

' વિચાર કરીને હું જવાબ આપીશ ' પ્રસંગ ને ઉરાડી દેવાના ઉદ્દેશથી ઉષાએ જવાબ આપવાની વાત ભવિષ્ય પર મુલતવી રાખી

પ્રભાનો અવાજ સાભળીને પાડોશમાં રહેતા મંજુના બહેન બોલી ઊઠયા, ' પ્રભા બહેન, આવ્યા કે ? તમારા ભાઈની તબીઅત કેમ છે ?

' હા, બહેન આવી ગઈ, હવે કુમુદની તબીઅત સારી છે પણ તમારા ઘર-સંસારના રગશિયા ગાડાની ગતિ કંઈ વધી કે નહિ તે તો જણાશે.

' હવે તો એ પણ ઠેકાણે આવી બધાને હું પણ એમને સમજી ગઈ '

' બસ ત્યારે, ઉષાનો આનંદ તમે

સુખી એટલે કે સાતવાર સુખી આપણામા પણ કહેવતી છે ને કે પ્રભુ ! પાડોશીનુ ભલુ કરીને મારૂ ભલુ કરજે ! ' મજુલાના સુખી સસારની વાત સાભળીને ખુશી થતા પ્રભા બોલી

ઘરનું કામ પતાવીને પ્રભા સાજે મોડી મોડી ઉપર ગઇ પ્રભાકર હજી ઊઘતો હતો પાસે જઇને તેણે પ્રભાકરના કપાળ પર હાથ મૂકયો હાથ મૂકતા જ તેને લાગ્યુ કે, માંયાની પીડાએ તાવ સખત ચડી ગયો છે હાક મારીને તેણે ઉપાને ઉપર બોલાવીને કહ્યું, ' તરત કાપોલયમા જા, ને રમેશને કહેજે કે એમને તાવ ચડયો છે માટે તરત જ દાકતરને લઇને ઘેર આવે.

ઉષા ઝડપભેર કાપોલયે પહોચી. કાપો લયનુ કામ પતાવીને રમેશ ઘેર જતો હતો તેને રોકીને તેણે તેને તરત દાકતરને લઇને ઘેર આવવાનુ કહ્યું ને તે પાછી ઘર તરફ વળી

રમેશ તરત જ દાકતરને તેડીને ઘેર આવ્યો. દાકતરે આવીને પ્રભાકરનો તાવ માપ્યો. નાડીની ગતિ જોઇ હૃદયના ધબકારા ગણ્યા ને દવા લખી આપી.

પ્રભાએ તેમને ફીના પૈસા આપ્યા ' બીજી વાર થઇ પડશે. ' કહીને દાકતર સાહેબ નીચે ઉતર્યા. રમેશ તેમની સાથે જ ગયો.

' કમ્પાઉન્ડર, દવા આપી દેશો. કુ એક દર્દીની મુલાકાતે જાઉ છુ ' કહીને દાકતર રમેશથી છૂટા પડયા.

થોડીવારમા રમેશ દવા લઇને આવી ગયો. પ્રભાએ એક ભાગની દવા તરત જ પ્રભાકરને બોલા કરીને પાઇ દીધી દવાની અસર થતા પ્રભાકરને પરસેવો વળ્યો. તેનુ માથુ જરાક હલકુ થયુ તે પૂર્ણ શુદ્ધિમા આવ્યો. પોતાના પગ પાસની પ્રભાના વદન તરફ તેની નજર ગઇ ત્યાં તેને હર્ષને બદલે દુ:ખ-દર્દની છાયા તરતી જણાઇ તેનાથી તે સહન ન થયુ સૂતો સૂતો તે બોલ્યો. ' પ્રભા ! હવે મને આરામ છે '

' પરીખ, હવ તમે પણ જાઓ. ' કયારના બેસી રહેલા રમેશને પણ ઊઠવાનું કહ્યું

' ઘેર જાઓ ત્યારે, માલતીબહેનને કહેજો કે, ' પ્રભા યાદ કરતી હતી. ' ઊઠતા રમેશને પ્રભાએ કહ્યું

બીજે દિવસે સવારે નવેક વાગ્યે રમેશની પત્ની માલતી, પ્રભાકરની તબીઅતના સમા ચાર પૂછવા આવી.

માલતીની ધોળી ચામડી જોઇને કોઇ તેને રૂપવતી જરૂર કહી બેસે, પણ તેના આખાય ઉજળા શરીરમા સૌન્દર્યની એક ઝળક પણ દીસતી ન હતી કે જેના આધાર તેને રૂપવતી તરીકે વર્ણવી શકાય.

પ્રભાકરની તબીઅતના સમાચાર પૂછીને તે ઉષાની સાથે વાતે વળગી

આખો ભીયકારતી તે ઉષાને પૂછવા લાગી ' તમે શા માટે નાગી આવ્યા ! શુ અમદાવાદ જેવુ શહેર પણ તમને ન ગમ્યુ તે આ ગામડા ગામમા આવી પડયા ? '

બોલવાનો લાભ શોધતી પ્રભાએ, ઉષાને પ્રશ્નો પૂછતી માલતીને પૂછયુ ' માલતીબહેન ! તમારા પ્રશ્નોનો જવાબ ઉષાને બદલે હુ આપુ તો તમને માઠુ તો નહિ લાગે ને ? '

' ના. ના જરાય નહિ '

તો સાભળો. પ્રભા બોલી, ' ઉષાએ અમદાવાદ એટલા માટે છોડયુ કે, ત્યા તેના શીલ ને સૌન્દર્ય જોખમમાં આવી પડે તેવો પ્રસગ તેની નજર સામે ઊભો થતો હતો. શીલ ને સૌન્દર્યના રખોપાને કાજે સુદરી જેટલા પ્રયાસો ન કરે તેટલા ઓછા ' માલતીના મનને વીંધવાના આશયપૂરઃ પ્રભા બોલી.

તમારી શીલને સૌન્દર્યની વાતમા કે કાઇ ન સમજ્યુ '

' અમારા રમેશભાઇ તો બધુ સમજવે એવુ છે પણ તમે એમને એવી વાતો પૂછતા જ નહિ હો ને ! ' માલતીના હૃદયમા રમેશનુ શુ સ્થાન છે એ માપવાના ઈરાદે પ્રભાએ ટોણો માર્યો.

' મને તમારા ભાઇથી કોઇ વાતનો સતોષ નથી ' બદુકમાથી ગોળીઓ છૂટે તેમ માલતીના મોમાથી શબ્દો છૂટયા.

' કઇ વાતનો સતોષ નથી એ તો અમને સમજાવશોને ?

' એવી વાતો સમજાવવાની ન હોય, ઇશારે સમજ લેવાની હોય ' હૃદયવ્યથા દાબતી માલતી બોલી

' ગમે તે રીતે તમારા પતિમા સતોષ માનવો જોઇએ ' માલતીને સમજાવતા પ્રભાએ કહ્યુ

' મારાથી તે બને તેમ નથી ' માલતીએ સાફ શબ્દોમા સભળાવી દીધુ

' જે તમારાથી નથી બનતુ, તે, હવે બીજી કઇ સ્ત્રી બનાવવા આવવાની હતી માલતીબહેન ' જરા બુદ્ધિપૂર્વક વિચાર કરો તમે એક સ્ત્રી છો. સ્ત્રી, પુરુષ માટે નિર્માણ થયેલી છે પુરુષ, સ્ત્રી માટે નિર્માયેલો હોય છે એક બીજાને સહારે વિશ્વ વ્યવસ્થા ટકી રહે જો દરેક સ્ત્રી તમારી માફક જ બોલે ને વર્તે તો દરેક પુરુષ એમ જ કહે કે, ' મને મારી સ્ત્રીથી સતોષ નથી તો બીજે જ દિવસે જગતના ફલક પર પ્રલયનો અગ્નિ નૃત્ય કરતો પ્રકટ થાય ને અસતોષી માનવ જગતને એક જ ફૂંકે સાફ કરી નાખે. ' સ્ત્રી-પુરુષના પરસ્પરના અતૂટ ઐક્યને વર્ણવતા પ્રભા બોલી

' માલતી બહેન ' આટલીવાર શાન્ત બેઠેલી ઉષા પ્રસગ આવતા બોલી, ' સતોષ અદરથી પ્રગટ થાય છે, બહારની દુનિયામા તેની શોધ કરનારા મૂર્ખા છે અશાશ્વત પદાર્થોમાથી, સતોષનુ શાશ્વતુ અમીકિરણ કોઇ કાળે પ્રગટ ન થાય જ છે '

' તમે મારૂ દુ:ખ શુ જાણો ! એ તો જેને વીતે એને જ ખબર પડે. ' ઊકતા-ઊકતા માલતી બોલી

' બસ જશો. ' ઝડપથી પગથિયા ઊતરતી માલતીને ઉપાડ્યે કહ્યુ

પ્રભા, તેને વિવેકની ખાતર થોડેક સુધી વળાવવા ગઇ જુદા પડતા માલતીને ઠીબી રાખીને તેણે ચોકખા શબ્દોમા કહ્યુ, ' પુરુષને પરાણે લેખવી, પરાયામા પતિભાવે લીન થવા તને જે પાશવી બળ પ્રેરી રહ્યુ છે તેને અભ્યતરા દાખલ પણ મઠિને!-માસ સુવટાવી નાખીશ, તો તને જ સમજણ કે ' મે આજ સુધી જે ભૂલો કરી તે મારા બાઠપણની જ નિશાનીરૂપ હતા. '

પછી બન્ને જુદા પડ્યા.

એટલામા મહેશ પણ પ્રભાહરની ખબર પૂછવા આવી પહોચ્યો.

મહેશને સત્કારતા પ્રભાએ કહ્યુ, ' કમળાં તો ઘણા દિવસે દેખાયા ! '

' એક ચિત્ર તૈયાર કરવામા રોકાયો છુ એટલે કયાય જવુ ગમતુ જ નથી ' ચિત્ર પ્રેમ વર્ણવતા મહેશ બોલ્યો.

' એવુ તે કોનુ ચિત્ર છે તે, તમને બહાર નીકળતાં ય રોકી રાખે છે ? '

' એ ચિત્ર છે, આદર્શ ગુજરકન્યાનુ ' પ્રસગ પારખીને મહેશે જવાબ આપ્યો.

મહેશની વાતમા ઉષાને વહેમ પડ્યો,

તેને લાગ્યું કે હમણાં જ રંગેશ તે કન્યા તરીકે પોતાનું જ નામ ઉચ્ચારી દેશે ઊઠીને તે નીચે જવા માંડી

' તેને જતી જોઈને પ્રભાએ કહ્યું, ' ઉષા તું નીચે જ બેસજે, કયાંય બહાર ન જતી '

ઉષા ગઈ, એટલે પ્રભાએ મહેશને ઉષાનું સગપણ તેની સાથે કરવાનો પોતાનો વિચાર જણાવ્યો. પ્રભાએ પણ તેમાં હા ભણી

' પણ તે Cાને મજૂર ન હોય તો ?' યુવા દયોવના મહેશ બોલ્યો.

' તમે નીચે જાઓ ને તે અંગેનો બધો ખુલાસો હમણાં જ ઉષા સાથે કરી નાખો '

પ્રભાના કહેવાથી મહેશ નીચે ગયો. દર્પણમાં મુખ જોતી ને કંઈક ગણગણતી ઉષા નીચેના ખંડમાં ઊભી હતી.

મહેશ તેની પાસે ગયો. કોઈનો પગરવ

' બસ, તો જાઓ કહી દો કે, ઉષાની મજૂરી છે ' મહેશના ખભા પર શિર ટેકવતા ઉષાએ જવાબ આપ્યો.

ઉષાની મજૂરી મળતા મહેશ હર્ષપૂર્વક ગોઠી ઉપર ગયો. પ્રભા અને પ્રભાકરને સઘળી વાત કરી

યોગ્ય સમયે, સર્વ રનેહી જનોની હાજરીમાં મહેશે, ઉષાનો પત્ની તરીકે સ્વીકાર કર્યો ઉષાએ મહેશના કરમાં પોતાનો જમણો કર પધરાવ્યો.

પૂર્ણ પાયમનો ચન્દ્ર એ નવદંપતીના મસ્તક પર અમી વર્ષતો મલકી રહ્યો

ઉષાના પતિગૃહે વળામણાં થયાં

પ્રભાને પ્રભાકર, ધર્મ બજાવ્યાનો સંતોષ અનુભવતા મેર આવ્યા

* * *

' મારા શરીરમાં તમને કંઈ ફેરફાર થતો જણાય છે ? '

સૌન્દર્ય પહેલા કરતા વધારે ખીલ્યુ હતુ પણ હવે તે પહેલાની ત્વરાએ કામ ન કરી શકતી થોડી થોડી વાર તેના શરીરમા પ્રમાદના ચિન્હો જણાતા

' પ્રભા, હવે કામકાજ સંભાળીને કરજે તારી જવાબદારી વધી રહી છે એ ભૂલતી નહિ ! ' દાદી કરતાં પ્રભાકરે, પ્રભાને ગોત્ર સ્મરણ કર્યુ

' સાની વાત છે આજ સુધી હુ પતિની પત્ની હતી હવે માતા થવાની છુ હવે મારે પત્ની ધર્મ અને માતૃધર્મ બન્ને બજાવવાના ' મન સાથે વાત કરતી તે બોલી

દાદી કરી, બહાર, જઈ પરવારીને પ્રભાકર કાર્યાલયમા ગયો. ' વિશ્વશાન્તિ ' માસિકમા પ્રગટ કરવા માટે ' ત્રીજુ વિશ્વયુદ્ધ અને જગતપ્રલય ' નામનો અભ્યાસપૂર્ણ એક લેખ લખ્યો વિશ્વશાન્તિને, સુગમ ને શક્ય બનાવવાના થોડાક રસ્તા શોધ્યા. તે રસ્તાની યથાર્થતા–અયથાર્થતા અંગે દેશભરના અગ્રણીઓને સલાહ–સૂચન પાઠવવા અંગે પત્રો લખ્યા.

કામ પતતા તે ઘર તરફ વળ્યો. શરીરને નાકે ઉષા બળી પહેલાની જે આજની ઉષામાં તેને મોટો ફેર જણાયો. પહેલાં તેની આંખોમા સ્નેહ હતો વદન પર ઉલ્લાસ તરવરતો હતો.

ઉષાને જોતા જ પ્રભાકરે પૂછ્યુ, ' કેમ છે બહેન ! ' ' તમારા પ્રતાપે કુશળ વાને સુખી છુ ' ધર્મના ભાઈને જોતા જ અર્ધો–અર્ધો થઈ જતી ઉષા બોલી

'કોઈ કોઈ નખત આવતી રહેજો કહીને તે ઘેર ગયો.

પ્રભાને તે સાથે જમ્યા પછી બાર્યના કરી, ને ઉષાનો સમય થતા સાથે સુખ ગયા તેમના સુખો ગગનાંગન પર આકાશના તારા પણ હાસ્યના કુચ વર્ષાવતા હતા

મોડી રાતે, ઉંઘમા ને ઉંઘમા પ્રભા ઝબકી– તે પથારીમા બેઠી થઈ પ્રભાકરને જગાડયા. એકાએક શુ થયુ પ્રભા ! જાગતાં વેત પ્રભાકરે પ્રશ્ન કર્યો

' એક સુંદર સ્વપ્નુ આવ્યુ '

' પણ તેમા ઝબકી શા માટે ? ' વિસ્મય પામતા પ્રભાકરે પૂછ્યુ

' મને લાગ્યુ કે તમે મને મૂકીને જતા રહ્યા. ' ખુલાસો કરતા પ્રભા બોલી

પણ તે એ માની કેમ લીધુ શુ તને મારામા પૂરતો વિશ્વાસ નથી ? '

' પ્રભાકર ! આમ ન બોલો તમે તો મારા પ્રાણ છો.' કચવાતી કચવાતી પ્રભા બોલી

' એવુ તે કયુ સ્વપ્નુ હતુ કે જેણે તને મારાથી જુદી પાડી ? ' જાણે એમને બન્નેના જગતમાં કોઈ જુદુ પાડનાર જ ન હોય એ રીતે પ્રભાકર બોલ્યો.

' સ્વપ્નુ તો બહુ સુંદર હતુ જાણે કે તમે ને હુ એક સાથે સરિતાના જળમા સ્નાન કરી રહ્યા છીએ આકાશમા પુનમનો ચન્દ્ર હસી રહ્યો છે હું તમને પકડવા આવુ છુ તમે પકડાતા નથી ને મારી આંખો ઉઘડી ગઈ મને થયુ કે તમે હાથમાં આવતા નથી તો તમે ગયા કયા ? ' સ્વપ્નકથા વર્ણવતા પ્રભા બોલી

આ અવસ્થામા તને આવેલુ સ્વપ્ન, ખરેખર કોઈ મહાન ફળનુ સૂચક જણાય. સ્વપ્ન–મહિમા વર્ણવતા પ્રભાકર કહ્યુ

' ત્યાર તો આપણે બન્ને, પ્રભાત પહેલા જ નીકળે જોઈએ ' પ્રભાકરના ખોળામા માથુ નાખી દેતા પ્રભા બોલી, ' તમે આવશો ને ? '

' જરૂર જરૂર તને તે વળી ના કહેવાય કે ! પ્રભાનો હાથ પોતાના હાથમા પકડતા તે બોલ્યો.

રમત–ગમતમા તેમણે પાચ વગાડી નાખ્યા

એક થેલીમા નવા કપડા ભરીને–પતિ પત્ની–સરિતા તરફ ચાલ્યા રસ્તામા તેમણે એક કાળા કુત્તરાને કાન પટપટાવતો સાભળ્યો પણ શુકન–અપશુકનનો ખ્યાલ બાધ્યા સિવાય તેઓ આગળ ચાલતા થયા

પ્રભા, દોડતી દોડતી પ્રભાકરની યે પહેલા નદી પર પહોંચી ગઈ નદી પર પહોચતા જ કાઠા પરની રેતમા બેસી ગઇ કારણ કે ભારે શરીરે હોવાથી દોડવા જતા તેને જરા હાફ ચડી હતી. એટલામા પ્રભાકરપણ આવી ગયો

થેલી કિનારા ઉપર મૂકીને બન્ને જણા પહેરેલા વસ્ત્રે નદીમા ન્હાવા પડયા કેડ કેડ સમાણા જળમા જઈને બન્ને ઉભા રહ્યા પાણીમા એક બીજા ખૂબજ તોફાન પર ચડી ગયા, ઘડીકમા પ્રભાકર પ્રભાને પાણીની છાનટો મારે તો ઘડીકમા પ્રભા, પ્રભાકરને ધક્કો મારીને પાણીમા પાડી નાખે

ન્હાતા–ન્હાતા અર્ધો કલાક થયો ત્યારે પ્રભાકર બોલ્યો, ' મને તો હવે ટાઢ વાય છે હુ તો બહાર નીકળી જાઉ છુ તુ પણ હવે કેટલી વાર ન્હાઈશ ? '

' તમારે જવુ હોય તો જાઓ હુ તો હજી બીજી અર્ધી કલાક સુધી ન્હાવાની ' જળની છલાક ઉરાડતી પ્રભા બોલી

' એમે ય તમારા સ્ત્રીઓના શરીર પુરુષો કરતા ગરમ વધારે હોય, એટલે તમે ન્હાઈ શકો. અમે તમારી સરીખ કરવા જઈએ તો માદા પડીએ માટે હુ તો આ ચાલ્યો ' બોલતો પ્રભાકર પાણી બહાર નીકળી ગયો

પાણીની સપાટી પર હાથ પછાડતી પછાડતી પ્રભા કાઠાથી દૂરને દૂર જવા મંડી પાણી તેની છાતી બરાબર થઈ ગયુ

ખળખળ–ખળખળ અવાજે વહેતા જોરદાર પાણીને, છાતીના ત્રણચતુર્થ ભાગ વડે ચીરતી તે જરા આગળ વધી પાણીનુ જોર વધવા લાગ્યુ તેના પગ ડગમગવા લાગ્યા. જેમ તે, પાછી ખસવા મહેનત કરતી, તેમ પાણી તેને આગળ ખેચી જવા માડ્યુ તેને લાગ્યુ કે હુ જરૂર ખેચાઈ જઈશ

કાંઠે ઉભેલા પ્રભાકરને તેણે બૂમ મારી ' દોડો દોડો હુ ખેચાઈ રહી છુ ' સરિતાનુ અફાટ જળ તેની બૂમને ગળી ગયુ પ્રભાકરના કાન સુધી તેના શબ્દો ન પહોચ્યા

ઉગરવાને તરફડિયા મારતી તે માથોડા પાણીમા હાથપગ આમતેમ પછાડવા માંડી આખરે તે થાકી ગઈ બે જીવતી એક સ્ત્રી સરિતાના અફાટ જળપ્રવાહ સામે કયા સુધી ટક્કર ઝીલી શકે ?

હાથપગ હલતા બધ થયા ને તે ખેચાવા લાગી. ડાચકા ખાતા–ખાતા તેણે પોતાનુ સઘળુ જીવનબળ વાપરીને જોરની એક રાડ નાખી, ' પ્રભાકર બચાવો દોડજો '

દૂર–દૂરથી આવાતી બૂમ, પ્રભાકરને કાને પડી પહેરે કપડે તેણે સરિતામા ઝંપલાવ્યુ ઝડપભેર જળ કાપતો તે આગળ વધ્યો તેણે પ્રભાની છેલ્લી ચક્રિયો સાભળી

પાણીની સપાટી પર માથુ પછાડતાં તેણે એક ડૂબકી મારી. વિદ્યુતવેગે હાથપગ હલાવતો તે દૂર-દૂર નીકળી ગયો જોત જોતામા તેણે તણાતી જતી પ્રભાને પકડી પાડી.

એક હાથ વતી જળ કાપતો ને બીજા હાથે પ્રભાને પાણીની સપાટી પર અધર રાખીને તે કાઠા પર આવ્યો

પ્રભાના અસ્તવ્યસ્ત કપડા સરખા કરતો તે બોલ્યો, ' પ્રભા ! તને કેમ છે ?'

પણ સામો જવાબ ન મળ્યો

તેણે પ્રભાની નાડ તપાસી. તે ઠંડી પડી હોય તેવું લાગ્યું ધમકારા તપાસવા તેણે છાતી પર હાથ મૂક્યો, તો ત્યા પણ કંઈ આશા જેવું ન જણાયું

એક કલાક સુધી તે પ્રભા સામે તાકીને બેસી રહ્યો પણ પ્રભાએ ન તેની સામે તાકયું કે ન તો કંઈ બોલી

આખરે તેનું હૃદય ભાગી ગયું તેનાથી ન રહેવાયું ને તે પ્રભાની જ છાતી ઉપર માથું મૂકીને રડવા લાગ્યો.

' પ્રભા ઓ મારી જીવન પ્રભા ! તને આ શું થયું ?

એટલામા દિવસ ઊગી ગયો. નદી તીરે લોકોની અવરજવર થવા લાગી સહુએ આવીને કહ્યું ત્યારે જ પ્રભાકરે માન્યું કે ' તેની પ્રભા ખરેખર મરી ગઇ '

જીવનપ્રભા બનીને હરાઇ જતા, પ્રભાકરને સંસાર ખારો લાગ્યો.

છેવટે પ્રભુની જીવન પ્રભા બનીને તે ' વિશ્વશાન્તિ ' ના તેના જીવનધ્યેયને પાર પાડવા સંસારમા ઓતપ્રોત થયો.

(સંપૂર્ણ)

સ્વ. કવિ સમ્રાટ નહાનાલાલને અંજલિ

આભને આરે આથમ્યો, હો રસનો રૂડો રસરાજ,
મૂકી ચાલ્યો એ રસનો રસ રાજ,
ગુર્જરી આંસુ સારે અણુ દીઠડા

ચાલ્યો, આ ઘેરી વાટડી, હો આવ્યો ના એવે ઝલાય,
કોનો રોકયો ના એ તો રોકાય,
સંભારણા મુકી જગે મન મીઠડા

ઉરે પડછન્દ એના પડે, હો રણકે છે એની સીતાર,
ઉરના સુના ઉઘડે છે દ્વાર,
સુર આવી આવી અણુદીઠડા

ઝીલુ હું પ્રસ્વેદ ગેબના, હો ઉરની અગાશીએ આજ,
વરસે મોહિની રસરાજ,
ઉઘડે પ્રાણ કેરા પોયણા

અર્પું હું ઉરની અંજલી, હો ઝીલને રસના રસરાજ,
ગુર્જરીના આતમદેવ આજ,
જગવી રસ જ્યોત કેરા દિવડા

અર્પનાર શ્રી. મારારજી લાભશંકર ઓઝા

બિંદુની અભિલાષા

શ્રી ' સારંગ '

તમારી પૃથ્વી કરતા અનેકગણુ વિશાળ વ્યોમનુ હુ રહેવાથી—વાદળીના ગર્ભમા છુપાએલુ જળબિંદુ

તમારી ભૂમિના પ્રથમ દર્શને જ તમને એનાથી પ્રેમ થયો ? મને થયુ " અહા ! પૃથ્વી કેટલી રમ્ય છે ! ચારેા તરફ હરિયાળી વનરાજી પશુ, પક્ષી, પહાડ, નદી, સાગર ! " ખરેખર પૃથ્વી મને અદભુત લાગતી

મારા આકાશના માનીતા તારા મને અણુગમતા થઇ પડયા, નદી પરના રંગીન સુરભિયુક્ત પુષ્પો મને રોજ યાદ આવતા તારા તારલા કરતા મને એમા અનેકગણી સુંદરતા જણાયી પૃથ્વીને મેળવવાની મારી આસક્તિ દિનપ્રતિદિન તિવ્રતર થતી ચાલી

અપારમા મને યૌવન આવ્યુ રગરગમા પ્રેમોન્મદકિરણ દોડી રહ્યુ કદી ન અનુભવેલી લાગણીઓથી મન વિવશ બન્યુ ખિન્ન હદને મે પૃથ્વી તરફ નજર ઢાળી મારા જેવીજ લાગણી અનુભવતા મારા સહોદર પ્રેમોન્મત્ત બની એક પર્વતરાજને અલિંગન કરવા માતાની ગોદ છોડી એ અટળ ગિરિરાજ પર પ્રેમાભિષેક કરી રહ્યા હતા પણ એ નિષ્ઠુર પર્વત તો અચળ બની જાણે મહાન યોગી રાજની જેમ ધ્યાનસ્થ હતો આલિંગનની ઇચ્છાથી અધિર બનેલા બિંદુઓ બિચારા એ મહાકાય નિષ્ઠુર ગિરીરાજના શરીરના સ્પર્શ માત્રનાજ અધિકારી થઇ શકયા હતા કિંતુ કેવળ સ્પર્શમા તૃપ્તિ કયા ?

વિરહની કળાત નિરાશાના અંધકારમા હતાશ થઇ હુ આસુ સારી રહ્યું હતુ મારૂ યૌવન નિષ્ઠુર થઇ મને દબી રહ્યું હતુ પણ આલિંગનની તૃપ્તિ જાણે મારા ભાગ્યમા નહોતી

સહસા મારી નિરાશા મધુર આશામા ફેરવાવા લાગી પેલા નીરમોહી પર્વતરાજના ચરણોમાથી એક સરિતા ઉન્માદિત ગતિથી વહી રહી હતી મારા જેવી જ અસંતુષ્ટ, વિરહી, આલિંગન માટે તડપતી એ સાગર-રાજને ભેટવા જતી હતી

મે હર્ષોન્માદમા ચક્ષુર બની તૈયારી કરી એ મધુર મિલનના મધુર સ્વપ્નોનુ સુખ મેળવવા એ પ્રેમાકાક્ષીણીમા સંભવિત થઇ સાગરને આલિંગવા વિશાળ વ્યોમને ત્યાગી હુ પૃથ્વી તરફ સરવા લાગ્યુ

—કિંતુ નિષ્ઠુર અનિલ મને કયાય દૂર-અભિસારિકા સરિતાથી જોજનદૂર—મરૂભૂમિમા ઉપાડી ગયો, અને ત્યા પડતા જ પૃથ્વીના અતિ ઉષ્ણ સ્પર્શથી હુ નષ્ટ થયુ

મારી એ મધુર આશા સાગરના એક બિંદુ માત્ર બની રહેવાની જેગિસ્નાની ઉષ્ણુતામા કયાય વિલિન થઇ ગઇ

" જે માણસ બીજાને શીખવાને માટે આતુર છે પણ બીજાને શીખવવા રાજી નથી તે કદી પણ સારૂ નાખી શકતો નથી બીજાને શીખવવાથી જે શીખાય છે તે ગમે તેટલા પુસ્તકો વાચ્યાથી શીખાતુ નથી કારણ એકમા સ્વાર્થ છે, જ્યારે બીજામા પરમાર્થ છે, જ્યા પરમાર્થ છે ત્યા ઇશ્વર છે "

—વિવેકાનંદ

વિશાખા

શ્રી બાબુકૃષ્ણ જોષી

(૧)

" ઊર્મિલા જોન ફેસાઇ—"

બહારથી ટપાલવાળાએ બૂમ પાડી અને એક અપાર ઓગણીસ વર્ષની મુગ્ધ યૌવના બહાર આવી. આગણામા પડેલુ પાકીટ એણે ઉત્સુકતાથી ઉપાડી લીધુ અને બહાર પડેલી ખુરસી પર જ બેસી જરા ફાડી એણે પત્ર પર સરસરાટ નજર ફેરવવા માંડી. કેટલોક ભાગ આમજ વચાઇ ગયો અને અપાયાસે એના હોઠ ખૂલ્યા—એ મોંએથી વાચવા લાગી.

" ઊર્મિ, હું તને કેમ કરીને સમજાવુ ? મારા કચડાઈ ગયેલા હૃદયની દારુણ વેદના કયા શબ્દોમા તારા આગળ વ્યક્ત કર ? જીવનનો અર્થજ મને સમજાતો નથી. કારણ કારણ—આશાના મધુબિંદુ પર આજ દિન સુધી ઉછરેલુ અને હૃદય સાથે જડાઇ ગયેલુ મારુ પ્રેમસ્વપ્ન આજ અકાળ થયુ છે

જીવનમાં જીવવા જેવુ હવે શુ રહ્યુ છે ?
લે તારી દુખી વિદુ

સખી વિશાખાનો તે પત્ર વાંચતા વાચતા ઊર્મિલાની આખો આસુથી ઉભરાઇ ગઇ વિશાખાના મૃદુલ હૃદયની ગભરામણ એની નજર આગળ મૂર્ત સ્વરૂપમાં દેખાવા લાગી. તેથી જ કે કેમ જાણે એણે આખો મીંચી દીધી બારીમાથી આવતા ઘડા પવનથી શરીરે રોમાચ થતાં એ ઉઠી અને પોતાના ખડમા આવી

ટેબલ પર પડેલા ઘડીઆળ પર નજર પડતા તેમા દસ વાગતા જાણ્યા ઊર્મિલાએ ઝટપટ પોપડીએ ગોઠવી દીધી અને કોલેજ જવાની તૈયારી કરી એ નીચે જમવા ગઇ

કોલેજના ચાર પરિચ્છ અને તે પછી ટેનિસનો સેટ રમી ઘેર આવતા સાયકાળ થઇ ગયો બહારના વ્યવસાયમાથી મન હારક થતાં પુન વિશાખાનો પત્ર યાદ આવ્યો—એને હવે બહાર ફરવા જવાની વૃત્તિ ન થઇ એ સીધી પોતાના ઉપલા ખડમાં જ આવી

ખડમા એના સિવાય બીજુ કોઇ નહતુ એ છજામા જઇ કકેડાને અઢેલીને ઉભી રહી આકાશમા વિખરાયલા, જમુક જમુક થતા વાદરણા જોઈ એણે એકલી છતા કોઇપણ સોબતી મળવાનો ક્ષણવાર ભાસ થયો. એક ક્ષણ પહેલા અત્યત ઉલ્લાસીન થઇ ગયેલુ, છતા આકાશના વાદરણાના સહવાસથી સહજલીલ બનતુ વૈર્યશીલ હૃદય કોઇક ઉલ્લાસમા આવી ગયુ એને પોતાના ચિત્તની તરલતા પર મન હસવુ આવી ગયુ હસતા હસતા કોઇક નરગી વિચાર એના મનમાં ચમકી ગયો —

" વિશાખાના પ્રણયનો ભગ થયો હતો. એનો પ્રેમપાત્ર-ભાવિ જીવનસાથી વિહાર છેલ્લે હથી ઉચી ડાક્ટરી ડિગ્રી લઇ જેમા પાછા ફર્યો હતો તે કીમર કરીઆમા ડૂબી ગયાના સમાચાર મળ્યા હતા, તેમા જાણી ગયેલાઓની નામાવલિ પ્રસિદ્ધ થઇ ગઇ હતી પણ તેમા વિહારનું નામ ન હતુ !

વિશાખાનુ વિહાર સાથે શાસ્ત્રોક્ત રીતે લગ્ન થયુ ન હતુ એટલે એના માતાપિતા એના માટે બીજુ પાત્ર શોધી કાઢી લગ્નની તજવીજ કરવા મડી પડેલા હતા પણ વિશાખાનુ વિહાર સાથે દેહલગ્ન ન હતુ—મનેહલગ્ન હતુ અને એકવાર મનથી તેવુ લગ્ન થઇ ગયા પછી એ બીજુ દેહલગ્ન, બાહ્યલગ્ન કરવા ઇચ્છતી ન હતી—માતપિતાનો વિરોધ કરવાની એનામા શક્તિ નહતી—બિગર નહતી આથી એ પરિણામે આત્મહત્યાના

અંતિમ નિર્ણય પર આવી હતી–અને તેટલા જ કારણથી ઊર્મિલાનું મન બહુ ઉદ્વિગ્ન બન્યું હતું એ વિચાર વમળમાં ધસડાઈ

(૨)

" ખરેખર, જીવનમાં ધૈર્ય આવે એવી, અને એક સુખસ્વપ્ન તૂટવા છતાં બીજાં અનેક સુખસ્વપ્નોની પરંપરાથી મનને ઉદ્ભાસિત કરે એવી કેટલીયે અસંખ્ય બાબતો રહેલી છે પ્રણયનું મધુર, માદક સ્વપ્ન વિચ્છિન્ન થઈ જતાં વિશાખાનું મન સંવેદનાથી આકુળવ્યાકુળ થાય એ સ્વાભાવિક છે, પણ– પણ–જીવનમાં જીવવા જેવું હવે શું રહ્યું છે ?–એવો તેનો સંપૂર્ણ નિરાશા, વૈરાગ્ય અને કાયરતાનો પ્રશ્ન શું વાજબી છે ? શું માનવજીવનનો વિસ્તાર અને વિકાસ એટલો અલ્પ છે કે પ્રણયમ જેવું એકાદ સ્વપ્નજ તેને મર્યાદિત કરી દે ? અને બીજાં અનંત સ્વપ્નોને, કાર્યક્ષેત્રને તેમાં સ્થાન જ ન મળી શકે ? નહિ, નહિ, એમ કેમ બને ? જીવનની ઉજાણી કેટલી વિચિત્ર બાબતો પર, કેટલી અનંત સ્વપ્ન સૃષ્ટિપર, અને કેટલી અસંખ્ય કાર્યો પર પરા પર રચાઈ છે ! ભિન્ન ભિન્ન સ્વપ્નોની આશા આકાંક્ષાઓની અને મનોરથોની જે લાખો માળા મનુષ્યનું બુદ્ધિવાદી, ધ્યેયવાદી હૃદય ગૂંથે છે તે માળા કદિએ પૂરી થતી નથી, તે માળામાંથી પ્રણય જેવું એકાદ પુષ્પ સુકાઈ જાય, ખરી પડે તો આખી માળાજ સુકાઈ જઈ કાયમને માટેજ મરી ગયાનો ભાસ થાય છે, પણ એક વિચ્છિન્ન થયેલા સ્વપ્નને ખાતર બાકીના સર્વ સ્વપ્નો તરફ અખાડા કરવામાં–તેમની ઉપેક્ષા કરવામાં શો અર્થ છે ?

ઊર્મિલાને અચાનક એની સહાધ્યાયી સખી વસુધા યાદ આવી. લગ્ન પછી થોડા જ વખતમાં તે વિધવા થયાની ખબર પડી ત્યારે ઊર્મિલાને તેની પાસે જઈ તેના મનનું સાંત્વન કરવા જેટલી ધીરજ રહી નહિ યૌવનમાં આવેલા વૈધવ્યના એ વજ્રઘાતનું દુઃખ એના શબ્દોથી ઓછું થઈ શકે એમ ન હતું તેની એને ખબર હતી પણ લગભગ એક વરસ પછી તેનો ઊર્મિલા પર પત્ર આવ્યો અને સાહિત્ય, સમાજસેવા, સ્વાશ્રય ઈત્યાદિમાં તેણે પોતાનું ચિત્ત પરોવતાં તે કાર્યક્ષેત્રમાં સફળ થતી હતી–, નવી નવી આકાંક્ષાઓ ધરાવતી થઈ હતી–એવી જ્યારે ખબર પડે ત્યારે તેના માટે આનંદ અને આશ્ચર્યથી ઊર્મિલાનું હૃદય ઉછળી આવ્યું હતું જીવનનું એક પુષ્પ, નહિ એક આખી માળાજ સુકાઈ ગઈ વિચ્છિન્ન થઈ જવા છતાં બીજાં અનેક પુષ્પો પોતાને સુનમ હોઈ નવીન ઉત્સાહથી તેની નવી માળા પોતે ગૂંથી શકશે એવી તેને શ્રદ્ધા હતી તો વસુધાનો દાખલો વિશાખાને પણ માર્ગદર્શક કેમ ન થાય ? અવશ્ય થશે જ

અને એ વિશાખાને પત્રનો જવાબ લખવા બેઠી

(૩)

ઊર્મિલાએ અધાએક પત્ર લખ્યો કાઢ્યો. ત્યાં અચાનક બહારથી એનો પતિ પ્રો. આશુતોષ નિવેદો આનંદના ઉદ્‌ગાર કાઢતો અંદર આવ્યો

' ઊર્મિ, બીજાંકુલ નવા સમાચાર, તાજા સમાચાર—'

' કયા, રેડીઓ પર, કે છાપામાં ? આજે તો કંઈ છાપું પણ જોઈ શકી નથી ' ઊર્મિલાએ હાથમાં પેન ઉંચી કરતાં કહ્યું

" નહિ રે, છાપામાં તો વાસી સમાચાર તે શા કામના ? આ તો રેડીઓ બોલે છે "

" હા શું શું ? કહો ને ! " ઊર્મિ લાની ઉત્સુકતા વધી

" પેલી ઈંગ્લાંડથી આવતી સ્ટીમર એકાદ માસપર ડૂબી ગયાના સમાચાર આવેલા ને તેમાથી બચી ગયેલા ઉતારૂઓની નામાવલિ તે અરસામા આવેલી પણ તેનુ Supplementary વધારાનુ લિસ્ટ આજે બહાર પડ્યુ છે–અનબત્ત રેડીઓ પર "

" હે, હે—કહોને, આપણુ કોઇ પરિચિત "

" ઓરે હાં, ડો વિહાર દેસાઇ એમ ડી. મારો હાઇસ્કૂલનો સહાધ્યાયી બચી ગયો ગઇ હાને જ તે મુબાઇ ઉતર્યાના સમાચાર છે "

ઊર્મિલા એની ખુરશી પરથી આનદમા ઉછળી પડી, અને થોડીવાર પર પોતાની સખી વિશાખાને માટે રાસ કરેલા દિમાસાપત્રને હસતા હસતા ફાડી નાખી એટલે તે ઉપર અભિનદનનો પત્ર લખી કાઢ્યો —

વહાલી વિમુ,

Congratulations, ડો. વિહારને મળવા કયારે ઉપડે છે ? લગ્ન વખતે મને જરૂર યાદ કરજે–ભૂલીશ તો નહિ ને ?

લી. આનદમી ઉછળતી,
ઊર્મિ

પ્રો આશુતોષ પાસે ઉભો રહી પત્ર વાચતો હતો. એણે ઉલ્લાસમા આવી જઇ ઊર્મિને બાહુ પાશમા જકડી અને સખીના સુખ સ્વપ્નના તરંગોમાં તણાતી ઊર્મિલા તેની સ્નેહગોદમા સમાઇ

શોભા નથી !

(રાગ હરીગીતની ચાલમાં)

હું ગાઉ કુ કહેનારની, ગાવા મહી શોભા નથી,
કામ કરનારા તહી, બકવાદમા શોભા નથી....૧

બીજે ભલે જળમા કમળ, પણ મૂળના ઉગ્યા પછી,
એ શોભશે વેણી મહી, કઇ જળ તણી શોભા નથી ૨

સમજો વિચારી સ્નેહીઓ, શુદ્ધતાને પળે પળે,
રગરાગના જે તાનમા, એ પ્રેમની શોભા નથી ૩

સ્નેહી મળતા એ પળે, આનદનો વાતો થતી;
' રામ ' તેના પ્રેમ પાઠો, મુખ જોઇતા શોભા નથી .. ૪

શ્રી ભોળાનાથ પડ્યા

બે ઇચ્છાઓ

શ્રી હરિશ્ચંદ્ર વૈદ્ય

રાત્રિની શાંતિમાં યમદૂત પૃથ્વીપર યમરાજ પાસેથી ઉતર્યો શહેર ઉપર ચક્કર લગાવતો, લોકોના રહેઠાણોને તેની દૃષ્ટિથી ભેદતો હતો તેણે સ્વપ્નોની પાંખે ઉડતા કેટલાયે નિદ્રાને ખોળે સૂતેલા જીવાત્માઓને ભાળ્યા

જ્યારે ચંદ્રક્ષિતીજ પરથી નીચે ઢળ્યો અને શહેર સાવ અંધકારમાં ગોરભાઈ ગયું ત્યારે યમદૂત શાંતિથી લોકોમાં ધનિકોના નિવાસોમાં–કશાને ન અડકાય તેની કાળજી રાખતો–ઘૂમતો ઘૂમતો એક મહાલયે આવી પહોંચ્યો તે સહેજ પણ અડચણ વગર,–ઘણીજ સહેલાઈથી તાળાબંધ દરવાજામાંથી પ્રવેશ્યો અને એક ધનિકની પથારી આગળ ખડો થઈ ગયો, અને જેવો યમદૂતે તેના કપાળ પર સ્પર્શ કર્યો કે સૂતેલા ધનિકે ખૂબજ ભય ચકિત તેની આંખો ખોલી

જેવો તેણે આગંતુક ને જોયો કે તેણે ભયમિશ્રિત ક્રોધયુક્ત અવાજે બૂમ પાડી, "જતુ રહે, ઓ ભયંકર સ્વપ્ન ! મને રહેવાદે ઓ ભયંકર પ્રેત તું કોણછે ? તું આવી જગ્યાએ કેવી રીતે આવી ચઢ્યો ? તારે શું જોઇએ ? આ જગ્યા એક દમ છોડી જા કારણ કે આ ભવનનો માલિકછું અને કે મારા નોકર ચાકર ને બોલાવી તને મારી નાખવા હુકમ કરીશ." પછી યમદૂતે ધીમેથી પરંતુ ભયંકર ધાતુધ્વન અવાજે કહ્યું "હું યમદૂત છું, ઉભો થાતા, અને પ્રણામ કર !"

ધનિકે ઉત્તર વાળ્યો ' તારે જોઇએ શું ? તું આવ્યો છે શા માટે ? મેં તો હજી મારા કામો પણ આટોપ્યા નથી ! મારા જેવા બળવાન પાસે તે તું શું જોઇને આવ્યો છે, કોઈ નિર્બળ માણસ પાસે જા અને લઈ જા એને મને મને તારા ભયંકર પગ અને ભોંકા ચહેરાની દૃષ્ટિથી કંટાળો લાગે છે અને તારી ભયંકર પીળાં વાળી પાંખો અને પ્રેતના જેવુ શરીર જોઇને મારી આંખો થાકી જાય છે "

થોડી વારે કંઇક ભય લાગતા તેણે વળી પાછુ ઉમેર્યું, ના, ના, ઓ દયાળુ યમદૂત, મારી વાતમાં માનીશ નહિં કારણ કે જે વાત હૃદય કહેવાની પાડે છે તેને ભય ઉઘાડી પાડી દે છે, થોડા શેર માલ સોનુ જોઇએ તો લે અથવા થોડા મારા નોકરોના જીવ લે મને તો છોડ હજી મારે જીવનમાં કંઇક હીસાબો પતાવવાના છે હજી મારે લોકો પાસે કેટલુંયે સોનુ લેણું છે, કેટલાંયે વહાણો હજુ બંદરે આવ્યાં નથી, હજી મારા વડિ પણ લણાયા નથી તારે જે જોઇએ તે લે પણ મને છોડ, મને જવા દે

ઓ યમદૂત હું અપ્રતિમ સુંદરીઓનો જનાનો ધરાવું છું તું માંગે તે હું આપું જરા માનથી ઓ યમદૂત મારે–મારે માત્ર એકજ બાળક છે અને હું તેને ખૂબજ ચાહું છું કારણ કે તે એકલું જ મારા જીવનનો આનંદ છે હું તને પરમભોગ આપવા માંગુ છું—ના, તેનેય લઇ જા પણ મને જવા દે "

યમદૂત ગર્જ્યો, " તું જરાયે ધનિક નથી પરંતુ દયાપાત્ર દરિદ્રી છે પછી તે પાર્થિવ ગુલામનો યમદૂતે હાથ પકડ્યો, તેની ભૌતિકતા દૂર કરી અને બીજા યમદૂતોને તેને સુધારવા માટે સોંપી દીધો

અને યમદૂત ધીમે ધીમે ગરીબોના ઝુંપડા ખુંદતો છેવટે શોધતો શોધતો ઘણાજ ગરીબ માણસને ઘેર પહોંચ્યો તે ઝુંપડામાં પેઠો અને એક યુવાન બંદાથી જે પથારી પર સૂતો હતો ત્યાં ગયો યમદૂત તેની

આંખો ને સ્પર્શ કર્યો, કુમાર યમદૂતને તેની પાસે ઉભેલે જોતા ચેતન્ય ફરીને બેઠા થયો અને પ્રેમ અને આશા ભર્યા અવાજે તે બોલ્યો

" હું અહિંયા છું મારા સુંદર યમદૂત મારા આત્માને ગ્રહણ કર, કારણ તું જ મારા સ્વપ્નની આશા હતો. તું મારી આશાની સિદ્ધી બન ! આવ મને આલિંગન આપ, મારા પ્રીય યમદૂત ! તું દયાળુ છે તું મને જરાયે ન છોડીશ. તું તો ઇશ્વરી શિરસ્તો છે, મને તું એની પાસે લઇ જા તું જ સત્યનો જ્વલંતો હાથ છે અને દયાનો સાગર છે મને જરાયે ન છોડીશ.

મેં મેં તારી ઘણીય વખત રાહ જોઇ છે પરંતુ તું તો ન આવ્યો, મેં તારી ઘણીયે શોધ કરી પરંતુ તે મને હાથતાળી જ આપી, મેં તને બહુયે બૂમો પાડી પરંતુ તે મને સાંભળ્યો જ નહિ હવે તું મને સાંભળ– મારા આત્માને આલિંગન આપ પ્રીય યમદૂત ! "

યમદૂતે તેનો કોમળ હાથ તેના ચરચરતા હોઠ ઉપર મૂક્યો, તેની ભૌતિકતા દૂર કરી અને તેને તેના સારા ચારિત્ર બદલ, તેની પોતાની પાંખમા સમાવ્યો, અને આકાશ તરફ નજર કરતા યમદૂતે પાછળ જોયું અને ફરીને તેણે તેની ચેતવણી ઉચ્ચારી

" તેજ અરેઅર મોક્ષને પામે છે
જે પૃથ્વી પર તેની ઇચ્છના કરે છે " *

* ખિલિલ જીબ્રાનના "Two Wishes" નું રૂપાંતર

પરદેશીનો ક્ષોભ


શો ગમશે એ સ્વર્ગ ભૂમિમા મુજને નવાનવાને
માનવના સહચારની ટેવો
તમ સંગે ગમશે શો દેવો ?
તમને કેમ કરી રસ પડશે મારા સાગણી માને ?

ગત પૃથ્વીની ગલીબલીનો પ્રત્યય જાણે મુજ ઘરબાર
શો સમજીશ હું તમ આ ભાષા ?
તમેય જાણે શો મુજ આશા ?
આજ લગી માનવની સંગે મારો'તો સઘળો વ્યવહાર

હે દેવો, આ પરદેશીનો કયો યશે તમ ઘર સત્કાર ?
ક્યારે થાશે કહો, નવાઇ ?
ક્યારે મુજને કહેશો ' આઇ ? '
આપવના રડવાનો હજીયે ઉત્સરતો આવે સ્વર તાર,

પૃથ્વી જનગણથી આવું છું સાદો સીધો માનવબાળ
તમ આ સ્વર્ગતણા પ્રાકારે,
પ્રાસાદોના દ્વારે દ્વારે
હે દેવો, સહી લેશો મારો જુદી સંસ્કૃતિનો ઉચ્ચાર !

શ્રી ઉશનસ્



(૧) અપ્સરા–ખંડ ત્રીજો (૨) ગુલાબ અને કંટક—લેખક શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇ એમ એ પ્રકાશક આર આર શેઠની કંપની કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ ૨ દરેક પુસ્તકની કિમત પાંચ રૂપીઆ અને પૃષ્ઠ સંખ્યા લગભગ ૪૦૦

વિરાટ ગ્રંથાવલીના ૫૫ અને ૫૮ મા પુસ્તકો તરીકે આ બન્ને સુન્દર ગ્રન્થોનું પ્રકાશન થયેલું છે ગુજરાતના અગ્રણી નવલકથાકાર આ ગ્રંથોમા ચિન્તક–વિચારક અને અભ્યાસી તરીકે વાચકને દર્શન દે છે અલબત્ત—અભ્યાસપૂર્ણ ગ્રન્થોના લેખનમા તટસ્થ વિવેચનવૃત્તિ નિષ્ક્રીય રહી શકે તેમ ન જ હોય.

' અપ્સરા ' ના પહેલા બે ખંડ બહાર પડયા ત્યારથી જ ગુજરાતી વાચકવર્ગમા અને ખાસ કરીને શ્રી રમણભાઇના પરિચિત વર્ગમા ખૂબ ઉહાપોહ શરૂ થયો હતો ઘણા શુભેચ્છક બંધુઓ લેખકને જ નિખાલસતાથી પ્રશ્ન પૂછવા તત્પર થયા કે આ વયે આ પતિતાવર્ગનું પરિશિલન શા માટે ? અને એનો આછો પાતળો ખુલાસો શ્રી દેસાઇએ ' પૂર્ણા ' માસિકના સપ્ટેમ્બર ૪૮ના અંકમા કરવા પ્રયત્ન કર્યો છે પણ સદ્ગ્રન્થના અધ્યયન અને સમજુતી સાથે, વ્યક્તિ વિષયક વિચારને બિનકુલ સાંકળવું ન જોઇએ, એ ધ્યાનમા રાખવું ઘટે છે

હિંદ સિવાયના દેશોની ગણિકા સંસ્થા સંબંધી, કુતૂહલ કે સહાનુભૂતિ અથવા બન્ને વૃત્તિઓથી પ્રેરાયેલી અભ્યાસવૃત્તિએ કરેલો પ્રથમ અને દ્વિતીય ખંડનો વિસ્તાર ત્રીજા ખંડમા પણ પ્રસરેલો છે અને લેખકે 'પૂર્ણા'મા અને અન્યત્ર જણાવ્યુ છે તેમ ચોથા અને પાંચમા ખંડ સુધી આ સુવિસ્તૃત વાર્તિક વિસ્તરશે, એમ જણાય છે પાંચે ખંડ એક સાથે વાંચી વિચારી, એના સાહિત્ય વગેરેનુ વિવરણ કરવુ ઉચિત ગણાય આ ત્રીજા ખંડમા, પ્રાચીન જગતમા સ્ત્રીઓનો ગુલામો તરીકે કેવો ઉપયોગ થતો હતો, ખરીદીવેચાણના વ્યવહારમા રશિયા–ચીન અને પશ્ચિમ એશિયામા યુવતીઓને કેવી રીતે ભેળવવામા આવતી હતી તે વગેરે વ્યાપારની વિગત આપી, લેખકે ગણિકાવૃત્તિ અને તેનુ નિયંત્રણ નિંદ્ય છે કે આવશ્યક–તે સકારણ ચર્ચ્યું, તેમા કાયદાની કડકાઇના પરિણામોની વિગતો આપી છે પહેલા ખુલ્લા અને ગુપ્ત ગણિકાગૃહોની અનીતિ પોષક પણ આકર્ષક વ્યાપાર પ્રચારની કેવી યોજનાઓ હતી તથા તેની ચુંગાલમા માલીક, વ્યાપારી, પ્રેમી, દલાલો, ગુંડા વગેરે તત્વો નિયોજાતા, તથા તેમાથી ગુલ્ય વિવિધ વ્યાધિઓનો વિકાસ થતો તે વગેરે ઉતારણોથી સ્પષ્ટ કર્યું છે દલાલની વ્યક્તિત્વ ભરી કાર્યક્ષમતા, વિલક્ષણતા, વ્યાપકતા–વગેરે માટે લેખકે ત્રણ પ્રકરણો રોક્યા છે છેલ્લા પ્રકરણમાં, ક્રાન્તિયુગની પ્રેરક સોનિયેટ

સત્તાના પ્રતિનિધિ રશિયાએ ગણિકાવૃત્તિને નાબૂદ કરવા જે જોરદાર પ્રવૃત્તિઓ મુકેલો વેડીને પણ આદરી છે તથા તેના જે પરિણામો આવ્યા છે, તેનુ નોંધચિત્ર રજુ કર્યું છે

ત્રણે ખંડોના નિરૂપણની ભીતરમા, સમાજ અને માનવીનો સૂક્ષ્મ સબંધ, પરસ્પરના માનસના આઘાત-પ્રત્યાઘાતો તથા તેમાથી જન્મે અજાણે નિપજતા વિલક્ષણ પરિણામો-જેમાં ગણિકાસ્થાનો મોટો ફાળો છે-તરફ અભ્યાસી દૃષ્ટિ સતત તરવરતી રહેતી હોવાનુ આપણને સ્પષ્ટ ભાન થાય છે આ સાક્ષરની રસપ્રસિદ્ધ માધુર્યભરી શૈલિના દર્શન, આ ખંડોમા ન થાય તો શકય નથી બને સવિશેષ રસવિત્તતાને લીધે ચર્ચાયેલો નાજુક વિષય,-જનતીય શિક્ષણનો ધ્યારા સરખો પણ આવતો હોય એવી ચોપડીને નહી અડકવાના આગ્રહી-વાચકોને, ઊંડાણપૂર્વક વાચવા પ્રેરે છે, એ શૈલિની સફળતા ગણવી કે સમસ્ત ગ્રન્થની ? કે પસંદ કરેલા વિષયની !

ગુલાબી વિષયની ગુલાબી વાચન પછી, લેખકનુ બીજુ પુસ્તક આપણને ગુલાબી રંગમા સુધ રહેવા દે તેમ નથી. તેથી જ તેનુ નામ પણ 'ગુલાબ અને કટક' આપેલુ છે તે યથાર્થ છે 'શારદા માસિકના પ્રત્યેક અંકમા 'આત્મનિરીક્ષણ 'સંકલ્પ વગેરે શિર્ષક હેઠળ, જ્યારે આ લેખમાળા રસપૂર્વક વંચાતી, ત્યારે તેમા તત્કાલીન પરિસ્થિતિનુ મર્મોદ્ઘાટ અવલોકન અને મર્મોજ્વલ માર્ગદર્શન સ્પષ્ટ તરી આવતુ પણ આ ગ્રન્થમા આપીય લેખશ્રેણિનો સમાવેશ કરેલો જોતા અને વાચતા, તે સર્વ લેખોની તત્કાલીન નહિ પણ-સર્વકાલીન ઉપયોગીતા (ખાસ કરીને ભારતવર્ષ માટે) દૃષ્ટિગોચર થયા વિના નથી રહેતી શ્રી રમણભાઈના સાહિત્યની આ વિશિષ્ટતા તેમની નવલકથાઓમા, બહુ પ્રાધાન્યપણે જોવા નથી મળતી-જેટલી અંશે અને એવા જ ' ઊર્મિ અને વિચાર ' તથા અંતર વિવેચન લેખોમા જોવા મળે છે વર્તમાન બનાવો પ્રત્યે એક વિચાર કની નિર્ભેળ દૃષ્ટિથી જોવાની નિખાલસ તટસ્થતા આ લેખોમા તરી આવે છે બાકી જે વખતે દેશમા ક્રાન્તિનો અને ક્રાન્તિની પૂર્વ પીઠિકાનો પ્રચંડ જુવાળ વહેતો હોય તે વખતે, વહેતા પાણીને નિહાળતા કોઈ ઉપેક્ષા પુરુષની જેમ, વિશદ દર્શન કરવુ-કરાવવુ, અને તેને નિર્ભયતાપૂર્વક પ્રકટ કરવુ, એ અર્ધદગ્ધ કે અંધ માનસ પ્રવર્તતુ હોય ત્યા ન સંભવે, પોતાની આસપાસ સ્વરાજ્યનો ઇતિહાસ રચતી પ્રસંગાવલી એક પછી એક વાયુવેગે ચિત્રવત્-દૃષ્ટિગોચર થતી હોય કે, રાજકીય જાગૃતિના જુવાળમાં સારા માઠા બન્ને તત્ત્વોનો પણ ઓછો વત્તો સંપર્ક અનુભવ રખાતો હોય ત્યા તે પ્રત્યે સહાનુભૂતિ અને શકય તે સમભાવ સાચવી યોગ્ય દોરવણીનુ કાર્ય વિચારક કરે તો તે કાર્ય કપરૂ, આકરૂ અને કદાચ 'કટક જેવુ કહેતા પ્રેરક પણ છે પણ તેની સચ્ચાઈનાં પ્રમાણમા તે જરૂર ગુલાબની પાખડીઓ જેટલુ જ મનોહર, મુલાયમ

વિંછીના ડંખની
ચમત્કારીક દવા
કિંમત રૂા. ૧-૮-૦
આને જ લઓ
જે આર બ્રધર્સ
રતન પોળ, રેલ્વે જંકશન વડોદરા.

અને સર્વને સાચી સૌરભ આપનારૂ પણ છે, એ વિસરવા જેવુ નથી ગાંધીવાદની છાપાવાળા કે કોંગ્રેસના નામે કામ કરનારા-પડી તે નાની મોટી સત્તાના સ્થાને હોય કે, નેતા-પ્રચારક તરીકે પ્રવૃત્તિ કરતા હોય-સઘળા જ બધી બાબતોમા સારૂ અને સાચુ જ આદરે છે કે આચરે છે એવી અધવૃત્તિથી બચવા બચાવવાની જાનબત્તી લેખકે આ લેખમાળામા ધરીને, સમાજની-દેશની સેવા બજાવી છે એમ કહીએ તો જરાય અતિશયોક્તિ જેવુ નથી

મર્મ, વ્યંગ્ય, કટાક્ષ, રમુજ છતા પ્રસન્નતાપ્રતીત ગાંભીર્યની છટાથી આલેખન પામેલા આ સઘળા નિબંધ જેવા લાગતા વિવેચન લેખોમા, પત્રકાર, પ્રોફેસર, વ્યાપારી, વિદ્યાર્થી, લોકનેતા, લોકશાસન રાજ્ય, સાક્ષર, સાહિત્યપરિષદ, એટમબોમ્બ, વગેરેથી માંડી, અહિંસા-રાષ્ટ્ર ધર્મ-કોમ-દેહ-આત્મા વગેરેની રસપ્રદ મીમાંસા વાચતા, આપણને-દરેક વાચકને અને કેટલેક સ્થળે લેખક જાણે પોતાને જ (લેખક અને વાચક બન્નેને) કાંટાળુ પુષ્પ લેવા હાથ ધરતા ન હોય, એમ ભાસ થાય છે ' માનવી-પશુની દૃષ્ટિએ 'ના પહેલા ૪૫ પાનના લેખમા તથા છેલ્લા ' ધર્મમીમાંસા ' ' મૂલ્ય પરિવર્તન ' ' ગાંધીજીનુ મૃત્યુ ' અને ' ગાંધીજીનો વારસો ' ના લેખોમા, સાક્ષર શ્રી રમણલાલ ભાઈની લેખક દૃષ્ટિના આપણને પરચા મળે છે

સાક્ષર તરીકે સુવિખ્યાત શ્રી રમણભાઈની શૈલી વિષે વારંવાર વિવેચન કરવાનુ હોય જ નહિ ' અપ્સરા ' ગ્રન્થમા જણાતી પુનરાવૃત્તિ કેટલીક વખત વાચકને કંટાળો આપે પણ વિષયની કુતુહલતાને લીધે એ કંટાળો કંટક સમાન લાગતો નથી તેમા લેખકનુ અભ્યસ્ત માનસ પૃથક્કરણનો વિસ્તાર કરાવે અને પ્રતિપાદ્ય વિચાર મુદ્દાનુ પુનઃ કથન કરાવે એ સહજ છે પણ ગુલાબ અને ' કંટક ' મા લેખકની પ્રચલિત પ્રશ્નાત્મક શૈલીનો વધુ પડતો ઉપયોગ, લેખકના ચોક્કસ અભિપ્રાય નિર્ણયોને જાણવા આતુર હૃદયોને સંપૂર્ણ સંતોષ ન આપે તે પણ સ્વાભાવિક છે અંતમા ગૂજરાતના સાક્ષર કોટિના વિચારક પાસેથી, ' અપ્સરા 'ના અભ્યાસ ગ્રન્થોની જેટલી અપેક્ષા રાખી શકાય તે કરતા, ' ગુલાબ અને કંટકના જેવી સલક્ષમ, નીડર, નિર્ણાયક અને રાગદ્વેષ રહિતપણે રજુ કરાયલી તટસ્થ વિવેચન કે માર્ગદર્શનની આશા રાખવામા આવે, એ ગૂજરાતને અને દેશને સ્વકલ્યાણની દૃષ્ટિએ વધુ હિતાવહ છે, એટલુ સૂચન કરે, ગ્રન્થકર્તાને તથા (સુન્દર મુદ્રણ કાર્ય માટે) પ્રકાશકોને અભિનંદન આપી આપણે ' ગુલાબ-કંટક ' ની ભાવનાશીલ ગ્રન્થમાળા મેળવવા ભાગ્યશાળી થઈએ, એવી પ્રભુ પાસે પ્રાર્થના છે

ભક્તિવિચારણા—વિચારક અને પ્રકાશક, યોગીન્દ્ર જ૦ ત્રિપાઠી, માંજલપોળ, વડોદરા મૂલ્ય ' અમૂલ્ય ' છે પૃષ્ઠ ૬૦

મુખ્યત્વે શ્રી શાંડિલ્યમુનિ અને શ્રી નારદમુનિ-બન્ને ભક્તિસંપ્રદાયના પ્રાચીનસાંપ્રદાયિક આચાર્યોના સૂત્રો મૂળ સંસ્કૃતમા આપી, લેખકે ભાવાર્થ આપ્યો છે જરૂર જણાઈ ત્યા તેમણે યોગસૂત્ર, શ્રી ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત, મહાભારત, રામાયણ, વિષ્ણુપુરાણ અને નૃસિંહપુરાણમાથી શ્લોક ટાંકી અર્થ પૂર્તિ કરી છે આ પદ્ધતિએ અભ્યાસી લેખકે ભક્તિની અવસ્થાઓ, ધ્યેય, સિદ્ધાન્તો, ભક્તિને પામવાના સાધનો-નિયમો, ભક્તિના અધિકારીઓ, અપરાધના પ્રકાર,

અને છેવટે પરમપ્રેમમા પરિણમતી નિરૂપાધિ પરાભક્તિ-વગેરેનું બહુ સરળ ભાષામા આલેખન કર્યું છે પુસ્તિકાના અન્તમા, લેખકના પિતા સ્વરૂપસ્થ જ્ઞાનયોગી શ્રી ' સાગર ' મહારાજે નારદમુનિના ભક્તિ સૂત્રોનુ અનુષ્ટુપમા કરેલુ ભાવવાહી ભાષાન્તર આપેલુ છે જે વિષયને સમજવામા ઘણુ ઉપયોગી થઇ પડે તેમ છે આવા શ્રેયપક્ષી સાત્ત્વિક સાહિત્યનો જેમ વધુ પ્રકાશ અને પ્રચાર થાય તે ઇષ્ટ છે અને તેથી આ અભ્યાસ લેખ લખ્યો, જનતાને ' અમૂલ્ય ' લાભ આપ્યો, ભાઇ શ્રી ત્રિપાઠીએ જનતાની સેવા કરી છે, એ સ્પૃહણીય છે

સબરસ લેખક અને પ્રકાશક, અમીન આઝાદ, બદરીરોડ, સુરત.

છેલ્લા બે ત્રણ વર્ષોથી ગુજરાતમા મુશાયિરાની મહેફિલ વારવાર જામે છે આ મુશાયિરા કે ડાયરાઓમાં જો કે તત્કાલીન રસલ્હાણુ કરતી સભાર જની કવિતાનો ફ્રાવ ઉપલબ્ધ થાય એ સ્વાભાવિક છે તો પણ તેમા કેટલીક કવિતાઓ મુક્તકસભી પણ બની જાય છે ખાસ કરીને, આ મુશાયિરા ઓમા આપેલી જુદી જુદી પાદપૂર્તિઓ પરથી, એકાદ ગઝલ-કવાલીને યોગ્ય પંક્તિ પણ હોય છે અને તે પંક્તિની પાદપૂર્તિઓ જ વવારે પ્રમાણમા થાય છે જેથી નબળી ગઝલો વધારે આવે છે

મુસ્લીમ કવિઓને ગઝલ-કવાલીની કવિતા રચના સહજ હોઇ શકે છે શ્રી શયદા વગેરે જાણીતા ગઝલ-કવિઓનુ સ્થાન નિશ્ચિત છે યુવાન મુસ્લીમ કવિ શ્રી અમીન આઝાદ પોતાનો પહેલો ગઝલ-સંગ્રહ ' સબરસ ' જાણે સ્વાતંત્ર્યના નવા વર્ષની મુબારક લ્હાણ રૂપે આપે છે ' સબરસ 'મા ઘણી ગઝલો પ્રાસંગિક હોઈ મધ્યમ કક્ષાની છે પરંતુ સમસ્ત વાચન કરતા, આ ગઝલોમા કવિની પ્રાસાદિક શૈલિની સરળતા, શબ્દોને અમુક અર્થમા વાપરવાની કુશળતા, કાફિયાની સુયોગ્ય પસંદગી અને કેટલેક સ્થળે ભાવ-વિચારનુ નાવિન્ય આકર્ષે છે અને ભવિષ્યમા ઉત્તમ કોટિના ગઝલ કવિ થવાની આશા આપે છે શ્રી અમીન આઝાદને અમે મુબારકબાદી આપીએ છીએ, અને દર વર્ષે સબરસલ્હાણ કરે એવુ ઇચ્છીએ છીએ

" સર્વ પ્રકારની વિશાળતા એજ જીવન છે સંકુચિતતા મૃત્યુ છે પ્રેમ વિશાળતા છે, સર્વ પ્રકારનુ સ્વાર્થીપણુ સંકુચિતતા છે આથી કરીને પ્રેમ એજ જીવનનો એક માત્ર નિયમ છે જે પ્રેમ રાખે છે તે જીવે છે જે સ્વાર્થી છે તે મૃત્યુ તરફ જઇ રહ્યો છે, માટે પ્રેમની ખાતરજ પ્રેમ રાખો કારણ જીવનનો એજ એક માત્ર નિયમ છે "

—સ્વામી વિવેકાનંદ

ચિંતનામૃત

રજૂ કરનાર રણજીતરાય

રવૈ ભાવને કોણ ફેરવી શકે ? બળવાન સરકારોને કોણ ખૂસી શકે ? આપણે માનીએ કે જેમ આપણામા પરિવર્તન થાય કે વિકાસ થાય તેમ આપણા આશ્રિતોમા કે સાથીઓમા પણ થવો જોઇએ એ મિથ્યા છે

માબાપ થનારની જવાબદારી કેવી ભયંકર છે તે આ *દૃષ્ટાંત ઉપરથી કંઈક સમજાય એમ છે

× × ×

પ્રચારનુ કામ મે એક જ રીતે કરી જાણ્યુ છે આચારની જોડે જિજ્ઞાસુ સાથે વાર્તાલાપથી.

× × ×

સુધારા કરવાને ખાતર પણ પોતાની શક્તિ બહાર જવુ ન ઘટે

× × ×

અજેન્દે ઘણીવાર અને ઘણુ ખાય છે રાતના બાર વાગ્યા લગી ખામા કરે ને પછી દાક્તરના ઘર, શોધે. આ ઉપાધીમાથી છૂટવુ હોય તો સવારનુ ખાણુ 'બ્રેકફાસ્ટ' છોડી દે

× × ×

મારી માન્યતા છે કે મનુષ્યને દવા લેવાની ભાગ્યે જ જરૂર રહે છે પથ્ય અને પાણી, માટી, પ્રસાદિના ઘરગથુ ઉપચારોથી એક હજારમાથી નવસે નવાણું કેસ સાગ થઇ શકે છે

ક્ષણે ક્ષણે વૈદ્ય, હકીમ અને દાક્તરને ત્યા દોડવાથીને શરીરમા અનેક વસાણા અને રસાયણો ભરવાથી મનુષ્ય પોતાનુ જીવન ટૂકુ કરે છે, એટલુ જ નહિ પણ પોતાના મન ઉપરનો કાબૂ ખોઇ બેસે છે તેથી મનુષ્યત્વ ખોઇ બેસે છે અને શરીરનો સ્વામી રહેવાને બદલે શરીરનો ગુલામ બને છે

× × ×

આ વાચીને જોઓ જુસ્ટનુ પુસ્તક ખરીદે તેમણે તેમાનુ બધુ વેદ વાક્ય ન સમજવુ બધા લખાણોમા લેખકની એકાગી દૃષ્ટિ ઘણે ભાગે હોય છે પણ દરેક વસ્તુને ઓળખામા ઓછી સાત દૃષ્ટિએ જોઇ શકાય છે ને તેને દૃષ્ટિએ તે વસ્તુ ખરી હોય છે પણ બધી દૃષ્ટીઓ એકજ વખતે ને એક પ્રસંગે ખરી ન જ હોય વળી ઘણા પુસ્તકોમા ઘરાકીની અને નામની લાલચનો દોષ પણ હોય છે એટલે જોઓ મજકુર પુસ્તક વાચે તેઓ વિવેક પૂર્વક વાચે અને કંઇ પ્રયોગો કરવા હોય તો કોઇ અનુભવીની સલાહ મેળવે અથવા ધીરજપૂર્વક આવી વસ્તુનો થોડો અભ્યાસ કરી પ્રયોગોમા ઊતરે

× × ×

મારો દૃઢ વિશ્વાસ છે કે મનુષ્ય બાળક તરીકે માતાનુ દૂધ પીએ છે તે ઉપરાંત બીજા દૂધની આવશ્યકતા નથી મનુષ્યનો ખોરાક વનપક્ક ફળો લીલા અને સૂકા સિવાય બીજો નથી બદામાદિ બીજોમાથી અને દ્રાક્ષાદિ ફળોમાથી તેને શરીર અને બુદ્ધિનુ પૂર્ણ પોષણ મળી રહેછે આવા ખોરાક ઉપર જે રહી શકે તેને સારૂ બ્રહ્મચર્યાદિ આત્મસંયમ ઘણી સહેલી વસ્તુ થઇ પડે છે આહાર તેવો ઓડકાર, માણસ જેવુ ખાય તેવો થાય છે, એ કહેવતમા ઘણુ તથ્ય છે એમ મે અને મારા સાથીઓએ અનુભવ્યુ છે

× × ×

ખાવા પીવાની સાથે આત્માને સબંધ નથી. તે નથી ખાતો, નથી પીતો, જે પેટમા જાય છે તે નહિ પણ જે વચનો અંદરથી નીકળે છે તે હાનિનાભ કરે છે વગેરે કંઇ જાણ્યુ છુ એમા તથ્યાંશ છે પણ દલીલમા

(સામે કવર પેજ ૩ પર ચાલુ)

* જુઓ, આત્મકથા-દ્વિતીય ખંડનું પ્રકરણ ૫ મું—ઉપવાસનો ભાગ

(સામે પાન ૧૮૦ નુ ચાલુ)

ઊતરી વિના અહીં તો માંગે ૬૮ નિશ્ચય જ મૂકી દઉં છું કે જે મનુષ્ય ઈશ્વરના પ્રત્યક્ષ દર્શન કરવા ઇચ્છે છે એવા સાધકને મુમુક્ષુને સારુ પોતાના ખોરાકની પસંદગી-ત્યાગ અને સ્વીકાર આવશ્યક છે જેટલા વિચાર અને વાચાની પસંદગી-ત્યાગ અને સ્વીકાર આવશ્યક છે

× × ×

આરોગ્યના પુસ્તકને આધારે પ્રયોગો કરનારા બધા ભાઇ બહેનોને હું સાવધાન કરવા ઇચ્છું દૂધનો ત્યાગ સર્વાંગે લાભદાયી લાગે, અથવા અનુભવ વૈદ્ય હાકતરોની તેનો ત્યાગ કરવાની સલાહ હોય તે સિવાય, કેવળ મારા પુસ્તકને આધારે તેઓ દૂધનો ત્યાગ ન કરે. અહીંનો મારો અનુભવ અત્યાર લગી તો મને એમ જ સૂચવે છે કે જેની હોજરી મંદ થઇ'છ ને જે પચારીવત થયો છે તેને સારુ દૂધ જેવો બીજો હલકો તથા પોષક ખોરાક જ નથી તેથી દૂધની મર્યાદા જે એ પુસ્તકમા સૂચવી છે તે પર ક્ષણ ન રાખતા તે પુસ્તક વાચનારને મારી વિનતિ અને ભલામણ છે

× × ×

વર્તમાનપત્રો સેવામા થી જ ચાલ જોઇએ

વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે પણ જેમ નિરકુશ પાણીનો પ્રવાહ ગામના ગામ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરકુશ કલમનો પ્રવાહ નાશ કરે છે એ અંકુશ બહારથી આવે તો તે નિરકુશતા કરતા ઘણોરે ઝેરી નીવડે છે અંદરનો અંકુશ જ લાભદાયક હોઈ શકે

આ 'વિચારસરણી સાચી હોય તો દુનિયાના કેટલા વર્તમાનપત્રો નભી શકે ? પણ નકામાને બંધ કોણ કરે ? કોણ કોને નકામુ કહે ? કામનુ ને નકામુ સાથે સાથે ચાલ્યા જ કરવાના, તેમાથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી

× × ×

હિંદુસ્થાનમા આપણી મોટામા મોટી સમાજસેવા કરનારા ઢેડ, ભંગી ઇત્યાદિ જેને અસ્પૃશ્ય ગણીએ છીએ તેને ગામ બહાર નોખા રાખીએ છીએ, ગુજરાતીમા તેમના વાસને ઢેડવાડો કહીએ છીએ ને તે નામ લેતા સુગાઇએ છીએ આજ પ્રમાણે ખ્રિસ્તી યુરોપમા એક જમાનામાં યહૂદીઓ અસ્પૃશ્ય ગણાતા તેમને સારુ જે ઢેડવાડો વસાવવામા આવતો તેનુ નામ 'ઘેટો' કહે તુ તે અપશુકનિયુ નામ ગણાતુ આજ પ્રમાણે દક્ષિણ આફ્રિકામા આપણે હિંદીઓ ઢેડ જેવા છીએ

"હિન્દુઓની જેમ યહૂદીઓ પોતાને ઈશ્વરના માનીતા ને બીજાને અણમાનીતા ગણીને તે ચુનાની શિક્ષા વિચિત્ર રીતે ને અઘટિત રીતે પામ્યા. લગભગ તે જ રીતે હિંદુઓએ પણ પોતાને સંસ્કૃત કે આર્ય માનો પોતાના જ એક અંગને પ્રાકૃત, કે ઢેડ માન્યુ છે તેના પાપનુ ફળ વિચિત્ર રીતે, ને ભને અણઘટની રીતે, દક્ષિણ આફ્રિકા ઇત્યાદિ સંસ્થાનોમા તેઓ ભેળવી રહ્યા છે ને તેમા તેમના પડોશી મુસલમાન પારસી જેઓ તેમના જ રંગના ને દેશના છે તે પણ સપડાવાયા છે એવી મારી માન્યતા છે

આપણે દક્ષિણ આફ્રિકામા 'કુલી' તરીકે પકારીએ છીએ 'કુલી' શબ્દનો અર્થ અહીં તો માત્ર મજૂર કરીએ છીએ. પણ દક્ષિણ આફ્રિકામા યતો તે શબ્દનો અર્થ ઢેડ, પંચમ, ઇત્યાદિ તિરસ્કાર વાચક શબ્દોથી જ સમજી શકાય. દક્ષિણ આફ્રિકામાં, જે સ્થાન 'કુલી'ઓને રહેવા માટે નોખુ રાખવામા આવે છે તે 'કુલી લોકેશન' કહેવાય છે

'આત્મકથા'માંથી

આ માસિક પોરબંદર-રાજપુરામાંથી હઠાણાભિત્ર પ્રિ પ્રેસમાં અબ્બાસભાઇ વિકલભાઇ કકકરે પોતાને માટે છાપી અને તેજ ઠેકાણેથી પ્રસિદ્ધ કર્યું તા ૧-૧-૪૧

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ભાગ ૧-૨

લેખક — કિંમત

શ્રી ચીમનલાલ મે ડોકટર — રૂા. ૩-૧૧-૬

શ્રીમન્મૂર્ધિ હાચાર્યજી

લેખક — કિંમત

શ્રી મહેન્દ્રકુમાર મો દેસાઈ — રૂા. ૬-૫-૦

સાગર જીવન અને કવન

લેખક — કિંમત

શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠી — રૂા. ૨-૪-૦

અધ્યમોદ્ધારક મહત્તમ દત્ત

લેખક — કિંમત

શ્રી. ચંદ્રકાન્ત મહેતા — રૂા. ૦-૮-૦

હજરત મોહમ્મદ પેગ બર સાહેબ

લેખક — કિંમત

શ્રી ગુલામભાઈ ન. વહોરા — રૂા. ૦-૮-૦

નૂતન માનસવિજ્ઞાન

લેખક — કિંમત

શ્રી વ્રજલાલ કા. ભટ્ટ — રૂા. ૧-૬-૬

ભારતીય તર્કશાસ્ત્ર પ્રવેશ

લેખક — કિંમત

દેસાઈ કુપદ્રકુમાર શિવરાય — રૂા. ૧-૧૨-૦

[૨૬૬નું ચોરસેજ જુઓ]

હિંદુસ્તાનના નાના મોટાં શહેરો

વડોદરાની સામાન્ય માહિતી
રજુ કરતું પુસ્તક

વડોદરા

લેખક
શ્રી ચંદ્રશંકર મ ભટ્ટ
કિંમત રૂા ૦-૮-૦

સૂરતના શોખીન વેપારીના
રસિક જીવનનો અનુભવ
મેળવવા જેવું થાય તેવું
પુસ્તક

સૂરત

ભાગ ૧-૨

લેખક
શ્રી અંબેશંકર જ પાડ્યા
કિંમત રૂા ૧-૦-૦

દ્વારકા જતા પ્રવાસીઓને
સારી માહિતી પુરી પાડતું
અનોખું પુસ્તક

દ્વારકા

લેખક
શ્રી કલ્યાણરાય ન જોશી
કિંમત રૂા ૧-૧-૦


આ પુસ્તકો તમે વસાવ્યા ન હોય તો આજે જ લ્યો.

વ્યવસ્થાપક : લુહાણામિત્ર પ્રેસ,
રાવપુરા, વડોદરા.



ગાયત્રી અને સ્થાપક સ્વ જયકૃષ્ણ ના વર્મા

વર્તમાન
કુમાર
મણિલાલ



વ્યવસ્થાપક :
મણિલાલ ઠાકર
ઉદયાભિમિત્ર પ્રેસ,
વડોદરા.

પુ ૫૧] ફેબ્રુઆરી ૧૯૪૯ [વર્ષ ૨૬

ધેરી અંધારી રાત રે	શ્રી કિશોરચંદ્ર ચુ દેસાઇ	૧૮૧
સંગનીય સાથ	શ્રી જયમાઇ બા પટેલ	૧૮૨
ધેરાયા માથે વાદળા	શ્રી રસિકલાલ પંડ્યા	૧૮૨
શાશ્વત સરસતા		૧૮૩
સ્ત્રી જીવનનો અવરોધાયેલ-વિકાસ	શ્રી રમણીક પંડ્યા	૧૮૪
ભક્તોની બલાઇ	શ્રી ઈશ્વરદેવ	૧૮૨
માનવતાનુ ખૂન	શ્રી મહેન્દ્રકુમાર મો દેસાઇ	૧૯૩
આગ	શ્રી ઉશનસ	૨૦૩
સંજીવની	શ્રી પ્રાણલાલ પ્ર બક્ષી	૨૦૪
યાદ	શ્રી ઉશનસ	૨૦૮
મહાકવિ પ્રેમાનંદનુ ગુજરાતી કવિઓમા સ્થાન	શ્રી રતિલાલ રામચંદ્ર ભટ્ટ	૨૦૮
સવારીની સ્તુતિ	શ્રી જેવાશીર દેસાઇ	૨૧૬
ગોટ	શ્રી મનાતન	૨૧૬
આનંદમૂર્તિ	અનુ શ્રી રમણવાપ ા મહેતા	૨૧૭
ચિંતનામૃત	શ્રી રણછોડભાઇ ઠાકોર	૬૧૨ પેજ ૪

વાર્ષિક લવાજમ હિન્દ માટે રૂા ૫-૮-૦ વિદેશ માટે શિલીંગ ૧૨ છુટક નકલ એક રૂપીયો.

તમારા માથાના દુખાવા માટે

ડાયમન્ડ પેન બામ

વાપરો

દરેક જગ્યાએ મળે છે

એમ મણીલાલ એન્ડ કું.
૪૩, અર્ચગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૧

ગૃહસુંદરી -અને સ્ત્રીહિતોપદેશક ફેબ્રુઆરી '૬૯ અંક ૬ વર્ષ ૨૧ પૃષ્ઠ ૫

ઘેરી અંધારી રાત રે

[વન વનના વાસરા વાયા રે—એ રાગ.]

ઘેરી અંધારી રાત રે આજ આપુ સારે ભારત ભાત રે
આવે આવે આવે આવે ઘેલો ચેતુનો તાત
ધૂમતો ધા દીયો ધમાત...ઘેરી અંધારી

આખાં ઇતાને અળી માનવતા
ધૂમી ધૂમી ઊંઘતા જીવન જગાવતા
મરવા પરસેવીને મહાન રે... ઘેરી અંધારી

ઇનો છે જન્મ, અળ્યો છે રૂમ, નથી આપુનો ગમ
મરતી માનવતા બચાવવા એ મત
ઘોરે નોખાખરી તાન રે...ઘેરી અંધારી.

દુનિયાને ઘેર આપુ તારી પાવડી
ઘેર ઘેર અજ્ઞાનના કંકાશી વાવડી
આપુ રે અનુપમ રે...ઘેરી અંધારી

ઘેરી અની ઊંડી રાતના અંધાર
રહેશે નહીં છે અંત માનવ કેરા
મટિને ઘેર ઘોરાત રે...ઘેરી અંધારી.

શ્રી ગિરીશચંદ્ર કુ. રેવર.

સંગનીય સાથ

ગીતડાં મન ગમતાં રે ગાતા'તાં રે
મીઠાં આનંદના.

હે ..શિશિરે જ્યારે ઠંડી વાયે
હુંફાળી સૌ સેજ ભરાયે,
તોયે ગીત નીત અમે ગાતા'તા
મીઠાં આનંદના ..ગીતડાં

હે...ગ્રીષ્મ તપે ને ધોમ ધખે રે
શૈત્ય ચહે સૌ, જલ તલખે રે,
એસી આભ હેઠ તદા ગાતા'તાં
ગીતો આનંદનાં. ગીતડા.

હે .વર્ષા આવે જવ ચોધારે
જળ ડૂબે જવ ધરતી ત્યારે.
એક સાથ એસી અમે ગાતા'તાં
ગીતો આનંદના ..ગીતડા

હે સગી વિહોણો આજ અટૂલો
સૃષ્ટિ વિભવમા મારગ ભૂલ્યો,
સંગીનીય સાથ હવે ખોયા સૌ
ગીતો આનંદના . ગીતડા.

શ્રી જશભાઇ કા પટેલ

ઘેરાયા માથે વાદળાં

કાંતિ હરી સૂર્ય હણી
તપતો'તો સ્વાંગ સણી
નવલા પ્રયાણના સો હામણા
ઘેરાયા માથે વાદળાં.

વર્ષા હોય એક સર્વ શેર હો' તે સજ્જ થાય
દેખી ઉજવતે પર્વ હળપતીઓ આવી જાય
આ તો મોસમ વિના ગગણા કર્મલોકે લીન થયને સભર હશે ખળાં
ઘેરાયા માથે વાદળા. ઘેરાયા માથે વાદળા.

શ્રી રમિકલાલ પરમા

સ્ત્રીજીવનનો અવરોધાયેલ – વિકાસ

શ્રી રમણીક પંડ્યા

વિશ્વના ઇતિહાસમા સ્ત્રીઓનું સ્થાન ઉચ્ચ હતુ તેમ અનેકવાર વાચવામા આવે છે પુરાણો પણ સૈકાઓ પહેલા સ્ત્રીઓનુ સ્થાન સમાજમા તેમજ માનવ જીવનમા ગૌરવ ભર્યું વર્ણવી ગયા છે

ત્યારપછી બીજો એક સમય આવ્યો જ્યારે સ્ત્રીએ મહાન દેખાવા કરતા મહાન બનવુ વધારે યોગ્ય માન્યુ અને તે આદર્શ દિવસે દિવસે એક પ્રવાહરૂપે ચાલ્યો તેણે સ્ત્રીપુરુષનુ સાનિધ્ય સ્વીકાર્યું અને પોતાની શક્તિઓથી પુરુષને સમાજમાં વીર, ધર્મિષ્ટ, જ્ઞાની અને વિવેકી બનાવ્યો અને પુરુષની મહત્તામાંજ પોતાની મહાનતા માનવા લાગી પુરુષોમાં શક્તિ હોય છે પરતુ તે શક્તિને કેન્દ્રિત કરી યોગ્ય રસ્તે વાળનાર સુકાની જોઇએ. અને તે સુકાની સ્ત્રીઓ બની પછી તો તેની શક્તિ અને વિકાસનું પૂછવુ જ શુ ?

જ્યારે એક શક્તિમા બીજી શક્તિ મળે અને બન્ને શક્તિઓ કેન્દ્રિત થાય એટલુ જ નહિ પરતુ તે શક્તિને સુકાની પણ સાપડે ત્યારે તેની પ્રતિભા કેવી દેદીપ્યમાન જણાય ?

થોડા સૈકાઓ આમ ચાલ્યુ હશે તેટલામાં એક નવુ જ તત્વ તેમા પ્રવેશ્યુ પોતાના પુરુષનુ મહત્વ કે ઓટાઇ વધારવા માટે સ્ત્રીઓએ પોતાનુ સર્વસ્વ આપવા માડ્યુ હવે પુરુષનુ ગૌરવ તે સ્ત્રીનુ ગૌરવ છે તેમ તેમ તે માનવા લાગી અને પુરુષની મહત્તાની ખાતર તે પોતાના ગુણો છુપાવવા પ્રયત્ન કરવા લાગી. સામાન્યક અનેક પ્રસંગો આવે જ્યારે પુરુષો પોતાની બુદ્ધિમત્તાને ઉપયોગ કરવો પડે છે તેના ચુકાદના વજન ઉપરથી જ તેની સારાસાર કિમત આકી શકાય આવા પ્રસગે સ્ત્રીઓએ પોતામા વિશેષ જ્ઞાન હોવા છતા પણ મૌન સેવવુ જ ચાનુ રાખ્યુ અને ઘણીવાર તેવીજ પ્રતિષ્ઠા ખાતર અયોગ્ય શિક્ષાઓ અને અપમાનો પણ હસતે મુખે સહન કર્યા આ બધુ શા માટે ! આ બધા પાછળ એક આદર્શ હતો " મહાન બનવા કરતા મહત્તાને વિકસાવી તેનો શોખ અને તેનુ માર્ગદર્શન જગતના ઉત્કર્ષના કાળામા નોધાવવી. "

હવે સ્ત્રીઓ પાસે આદર્શનુ ત્રીજુ વિકૃત સ્વરૂપ ખડુ થયુ મહાન બનવાનુ, મહાન બનાવવાનુ અને મહત્તા જગતને સમજાવી ઉત્તમ પ્રકારનું સર્જન કરવુ પરતુ આ છેલ્લુ તત્વ તેને બહુજ ભારે પડ્યુ તેના અચળ નિર્ણય છતાં તેના કટકમય માર્ગેથી જતા તે સમાજમાથી પોતાનું સ્થાન ગુમાવી બેઠી કારણ કે પુરુષો વર્ષો જતા સ્ત્રીની ગમે તે સકટ સહન કરી સેવા કરવાની ભાવનાને ઓળખી ન શકયા. તેઓ હવે માનતા થયા કે સ્ત્રી પુરુષને આધીન રહેવા સર્જાયેલી છે. પુરુષથી વધારે જ્ઞાન મેળવવા તેને અધિકાર નથી. અને પુરુષની સેવા કરવી તેમા જ તેના જીવનનુ સાર્થક છે

સ્ત્રીઓને મન પુરુષની આધીનતા તથ સેવા સ્વીકારવામાં કઇજ હરકત ન લાગી. ઉલટુ તેમા તેને માટે બહોળુ ક્ષેત્ર મળવાની સભાવના લાગી પરતુ તે આદર્શને સિદ્ધ કરવાની ધૂનમા પોતાને આવી પડનાર ત્રીજુ બધન કે સ્ત્રીઓને જ્ઞાન મેળવવાનો અધિકાર નથી અથવા તો સ્ત્રીઓ પુરુષથી વધારે જ્ઞાની થઇ શકે નહિ. તેથી તે બધન સમય જતા તેને ખૂબજ મુશ્કેલીમા ધકેલી ગયુ સ્ત્રીઓના સ્વાર્થત્યાગ અને સેવાના પ્રતાપે પુરુષ સમાજના તત્વો સમજી તેનુ નિગ્રહ્યુ કરતો ગયો અને

સમાજમા કંઈક સ્થાન મેળવી શકયો પરંતુ તેનાથી સ્ત્રીઓની શક્તિ સાખી ન શકાય. તેને દબાવવા માટે તેનામા અનેકવિધ ત્રોફાનો જગવા માંડયા. તેણે પ્રથમ તો સ્ત્રીઓથી વધારે આગળ થી રીતે આવવુ તે પ્રયત્ન કરી જોયા પરંતુ આખરે માર્ગ ન સુઝતા તેણે સ્ત્રીઓના ઉત્કર્ષને અટકાવવાનો પ્રયત્ન કર્યો અને તેના પર ખોટા નિયમન મૂકયા. અને પુરુષોના આ આડંબરથી–મોટાઇ પ્રાપ્ત કરવાના માર્ગથી–સ્ત્રીઓના સાચા માર્ગ તરફ તે જોઇ ન શકયો અને સ્ત્રીઓની શક્તિ દબાતા દિવસો જતાં તેનો લોપ થતો ગયો.

સ્ત્રીઓને પોતાનો સેવા કરવાનો આનંદ પાર પડવાથી આત્મસંતોષ થયો પરંતુ તે આત્મસંતોષે તેના નારીત્વનો નાશ સરજ્યો. સ્ત્રીઓમાં ધીમે ધીમે નિર્બળતા વધતી ગઇ તેનુ સ્થાન સમાજગાથી ઓછુ થવા લાગ્યુ અને પુરુષોનુ પ્રાધાન્ય વધ્યુ અને પુરુષ માનતો થયો કે સ્ત્રીને સમાજમા કે કુટુંબમા દાસત્વ સિવાય કોઇ અધિકારજ નથી તેથી કરીને તેને હવે સ્વાર્થ સરતો જણાય તેવુ જ જ્ઞાન અપાવા લાગ્યુ

સમાજના તત્ત્વોમાં હવે વિષમતાએ પ્રવેશ કર્યો સ્ત્રીનો જ્ઞાનપ્રવાહ અટકયો કે અવરોધાયો અને તેનો જ્ઞાન આપવાનો તેમજ પુરુષને દરેક પ્રસંગે ઉપયોગી થવાનો આદર્શ હવે અદૃશ્ય થવા લાગ્યો. છતા પણ પરાપર પરાની અસર તથા માતાના સંસ્કારોથી નારીસમાજ પુરુષને ઘણીજ મદદ કરતો આવ્યો. પરંતુ વખત જતાં તેની શક્તિઓ ઓછી થઇ અને તે પુરુષોને છેક્ષ્ય હોવા છતાં પણ ઉપયોગી બનવામા અદૃશ્ય થવા લાગી. આથી પુરુષોમા તેના પ્રત્યે હલકો અભિપ્રાય બંધાયો અને લેખકો તથા ટીકાકારો પણ ખુલ્લી રીતે કહેવા લાગ્યા કે " સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ" સ્ત્રી આખરે તેને અબળાનો ઇલ્કાબ આપી સમાજે તેને દયા બતાવી

દિવસો આ પ્રમાણે વિતતા સ્ત્રીનુ સ્થાન સાવ નીચે જઇ પડયુ હવે તેની પ્રકૃતિમા મુખ્યત્વે પ્રજોત્પત્તિ અને થયેલી પ્રજાને પોષવાનુ રહ્યું પોષણ કરવુ એટલે–પુરુષ લાવી આપે તે યંત્રવત્ બુદ્ધિ પ્રમાણે વ્યવસ્થિત ગોઠવવુ અને તેની સૂચના અનુસાર તેનો ઉપયોગ કરવા. પુરુષ સ્ત્રીઓને આ સ્થિતિમાં રહેતી જોવામા પણ તેના ઉપર ઉપકાર કરતો હોય તેવુ જણાવા લાગ્યુ અને બને તો તેમાથી મુક્તિ મેળવવા પ્રયાસ કરતો પરંતુ આ સમયમાંજ સમાજના હિત ચિંતકોએ સ્ત્રીને અર્ધાંગનાનુ સ્થાન આપ્યુ અને પોતાની જ ઇશ્વર દત્તની વાસનાની તૃપ્તિ માટે પોતાની જવાબદારી છે તેમ વિચાર આવતા તેણે મને કમને પણ તેણે પોતાની પાસે સ્થાન આપ્યુ પરંતુ હવે સ્ત્રી બુદ્ધિહીન અને ગ્રેષ્ઠ ગોઠા જેવીજ હતી.

કુટુંબ અને તેના કુટુંબોના બનેલા સમાજની સુકાની થવા સર્જાયેલી સ્ત્રી આવી નિર્બળ, અજ્ઞાની અને બુદ્ધિહીન હોય ત્યારે તેની ભાવિ પ્રજા કેવી સંભવે ? તેની અસર થી દિવસે દિવસે પ્રજા નિર્માલ્ય જન્મવા લાગી અને તેની પાસે અને સમાજની પાસે સારા સુકાનીના અભાવે વિષવાદ, કલેશ અને પશુતાએ સ્થાન લીધુ

હવે પુરુષ પોતાની સ્ત્રીની ખામીથી નજીવી પડતી સત્તા હસ્તગત કરવા પ્રયત્ન કરવા લાગ્યો અને પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે તેણે અનેકવિધ ઉપાયો યોજ્યા, યુદ્ધો નોતર્યા અને ભયંકર વિનાશ સર્જ્યા

પ્રજા દિવસે દિવસે નિર્માલ્ય થવા લાગી હતી અને તેમાથી જ્ઞાન અને હૃદયની વિશાળતાનો લોપ થવા લાગ્યો તેની ખામી પડેલી જગાએ મોજશોખ અને આડંબરે સ્થાન

લીધુ મનુષ્ય હવે પૈસા ભેગા કરવામા જ મહત્તા સમજવા લાગ્યો સમાજ એટલે જ આવા મનુષ્યોનો સમુહ અને તેથી જ સમાજમા પૈસાનું સ્થાન વધ્યુ અને સમાજે તેના આતરીક તેમજ બાહ્ય બન્ને વહેવારોમા સહીયપણે અપનાવ્યુ

સ્ત્રીત્વની કિમત ઘટી સાથે સાથે પુરૂષત્વ પણ નિર્મોલ્ય થતુ હતુ હવે સ્ત્રીઓને પુરુષની કિમત જ્ઞાન અને શૈર્યને બદલે પૈસાથી અકાવા લાગી અને આગળ જતા કન્યા વિક્રય તેમજ વર વિક્રયોનો જન્મ થયો.

સ્ત્રી સમાજ તો યજ્ઞવેદીમા જલતો આવતો હતો તેને વળી આ નવુ જ દુ:ખ આવી પડ્યુ તેને આ પ્રથામા લાભાલાભનો વિચાર કરવાનો અધિકાર હતો જ નહિ ઘરની કમાનાર (પૈસા પેદા કરનાર) વ્યક્તિને આથી લાભ જણાયો તેને તો પૈસા પ્રાપ્ત કરવાનો આ નવીજ નુસ્ખો સાપડ્યો. તેને આથી કુટુબોમા ધનની લાલસા વધી અને નિર્ધનતા કે અછતના પ્રમાણે છોકરીના લગ્ન કરી-વેચી પૈસા ઉત્પન્ન થવા લાગ્યા પુરુષને આ પ્રથાથી ઘણા ક્ષેત્રમા વ્યક્તિગત તથા કુટુબના ફાયદા જેટલો પણ લાભ થયો ખાસ કરીને વરવિક્રય થતા હતા ત્યાજ આ ફાયદો થતો. છોકરાનો પીતા વધારેમાં વધારે પૈસા આપી શકે તેનીજ પુત્રી સ્વિકારતો તેથી ગરીબ માબાપની સુશિક્ષિત તથા સુદર અને આદર્શ પુત્રીઓ પણ તેને " પત્થર " સમાન થઇ પડી. આથી તેના તરફ બેદરકારી વધી અને તેનો જન્મ કુટુબમા થાય એટલે અમગળ કહેવાવા લાગ્યુ ત્યારે બીજી બાજુએ પુત્ર જન્મ સદ્ભાગ્યનુ ચિન્હ મનાવા લાગ્યુ આથી પુત્રીના માબાપનુ સ્થાન ઘટ્યુ અને પુત્રનો પિતા અભિમાની થયો. યુવાનને પણ પૈસા સાથે આવતી પત્ની પરણવામા નામોશી ન જણાય તેને તો આ પૈસાથી ઘણી મદદ મળતી હોય તેવુ જણાયુ આથી દિવસે દિવસે સ્ત્રી પુરુષની ખૂબજ ઓછીપાણી બની ત્યારે પુરુષ પૈસા માટે નિશ્ચિત બન્યો વરવિક્રયની જ્યા પ્રથા છે તેવા બગાળા દેશમા વધારે પૈસાની લાલસાથી ઘણી સુશિક્ષિત યુવતિઓના ત્યાગ કરવામાં આવ્યા અને તેને સ્થાને એક બે ચેમ પત્નીઓ થવા લાગી.

દેખીતી રીતે પુરુષ પૈસા ઉપજવતાં હોવા છતા પણ આથી તેની કિમત ઘટી ત્યારે પુત્રીના માબાપો પોતાની પુત્રીની સદ્ગુણી અને સરકારી બનાવવા પ્રયત્ન કરવા લાગ્યા પરતુ આ સદ્ગુણ કે સરકારની કિમત બહુજ ઓછા લોકો સમજતા અને પરણનાર યુવકને પત્નીની સાથે સાથે પૈસાદાર થવાની ઇચ્છા જાગૃત થતી હજુ પણ બગાળાના ઘણા ગામડામા શિક્ષિત મનાતા સમાજમા વરવિક્રય થઇ રહ્યો છે તેવીજ રીતે ગુજરાત કાઠીયાવાડમા કન્યાવિક્રય સહતર બધ તો થયોજ નથી, વરવિક્રયવાળા સમાજમાં કન્યાપક્ષ સામા પક્ષની લાચકાતનો જરાને વિચાર કરી ન શકતો અને જો તેમ કરવા જતો તો તેની પુત્રીને પૈસા આપવા છતા પણ સ્વિકારવામા આવતી નહિ અને આવા અસ્વિકારના ભોગ બનીને પુત્રીને કુવારી તો ઘેરીજ રાખી શકાય ! આથી પુરુષની બેદરકારી વધી અને સમાજની પ્રગતિમા એક બીજુ અવરોધક તત્વ ઉમેરાયુ સમાજની આ કેવી કરુણતા ! આની રીતે જે જીવન જોડવામા આવે ત્યા પ્રેમ અને પરસ્પર વફાદારીની ભાવના ક્યાથી સભવે !

આથી સ્ત્રીની સ્થિતિ મુરી વચ્ચે ગોપારી જેવી થઇ તેને સમાજના બન્ને પક્ષો તરફથી સહન કરવાનુ આવ્યુ તેમા બાળલગ્ન થવા લાગ્યા. પુત્રીના પિતાને પૈસાની ફરજ

પડે તો તે પોતાની પુત્રીને વેચી ન શકે ? તેને તે સમયમા રોકનાર કોઇ હતુ જ નહિ અને તે પુત્રી–જાણે કે કોઇ એન્કનો ચેક કે કે કુડી હોય–તેમ મન ફાવે ત્યારે વટાવી શકતો. તેમાં આગળ જણાવ્યુ તેમ લાય કાતનો બાધ તો નજ હતો પરતુ ઘણી ખરી જગ્યાએ નાતના બંધન હતા આથી જે ઉત્તમ વધારે પૈસા આપી શકે તે તેનો પતી થઇ શકતો ઘણીવાર દસ બાર વર્ષની કુમારીકાનો ૫૦–૬૦ વર્ષનો પુરુષ પતી થતો અને અગ્નિદેવ અને તેના પ્રતિનિધિ જેવા બ્રાહ્મણોને કબૂત રાખતા અને સમાજને કબુલ કરાવતા આથી કલ્પના આવી શકે કે દેવોને પણ છેતરી શકાય છે ખરા

આ પ્રથામા થોડુ નિધન વર્ગના પુરુષોને સહન કરવુ પડયુ અને તે પણ કન્યા વિક્રયવાળા પ્રદેશમાંજ તેમાના ઘણા પૈસાના અભાવે પત્ની મેળવીજ ન શકતા અને તેને ફરજીયાત બ્રહ્મચારી રહેવુ પડતુ ધર્મમાં કે પુરાણોમા બ્રહ્મચર્યને સ્થાન આપ્યુ નથી. અને કેળવણી રીતે જ બ્રહ્મચર્ય એ તો કુદરતના નિયમનો ભગ છે અને આવી વિષમ પરિસ્થિતિમા સમાજને મુકનાર કુદરતજ છે એમ માની બ્રહ્મચર્ય પાળી કુદરતના નિયમનો સવિનય ભગ કરવામા આવ્યો. ગાધીજીને પણ સવિનય ભગની લડત અપનાવવી પડી કારણ કે તેને લાગ્યુ કે હિન્દુસ્તાનની આવી સ્થિતિ કરનાર આ કાયદાજ છે એટલે તેને તોડી નાખવા એટલે કે તેનો ભગ કરવો અને બતાવવુ કે તેમા અમે સમત નથી. બ્રહ્મચર્યની લડત તો કુદરત સામે હતી એટલે તેને એક પ્રકારની તપશ્ચર્યાનુ બિરદ મળ્યુ કારણ કે તેનાથી પરમકૃપાળુ પરમેશ્વરને આવી પ્રથા દૂર કરવાની વિનતિ હતી પરતુ તેમા અપૂર્ણતાને લાગે કે ઇશ્વરને તે માર્ગે આવનાર તરફ તિરસ્કાર હોવાથી તેને તેણે સાભળ્યા નહિ આથી સ્ત્રીપુરુષોનો બનેલો આવો બ્રહ્મચારી સમાજ નીરાશ થયો અને સ્ત્રીપુરુષો અપ રીતીત રહેવા લાગ્યા

પરીણામે સમાજમા ખૂબજ સડેલાં તત્વોએ પ્રવેશ કર્યો બ્રહ્મચર્ય પાળી ન શકવાથી સ્ત્રીઓમા ગણિકાવૃત્તિ જાગી અને પુરુષોએ તેને પોષણ આપ્યુ પરતુ આથી સ્ત્રીઓને જ સહન કરવાનુ આવ્યુ કારણ કે કુદરતના નિયમ પ્રમાણે કરેલા કાર્યની અસર સ્ત્રીમાં જ જણાય આવતી. સ્ત્રીઓ વધારે તિરસ્કાર પામવા લાગી પરતુ તે વધારે ત્રાસ સહન ન કરી શકવાથી જાહેર રીતે પોતાનુ જીવન જીવવા લાગી

હવે ગણિકાવૃત્તિ વિકસી. તેમા આઠ ર્ષણના તત્વો વધ્યા પુરુષ પણ આવા તત્વોની શોધમા જ ફરતો એટલે તેને આ તત્વોએ અનુકૂળ આકર્ષણ આપ્યુ અને તેના જીવનમા ક્ષણિક આત્મસતોષના તત્વો કયારેક કયારેક જણાવાં લાગ્યા સામાજનો ઘણો દુખી ભાગ આમાં જાહેર તથા ખાનગી રીતે રસ લેતો થયો અને આ પ્રવૃત્તિમા બીજી રીતે સ્ત્રી પુરુષોનુ સમન્વય થયુ અને દિવસો જતા આ પ્રવૃત્તિ એક પૈસા કમાવાનુ સાધન થયુ એટલુ જ નહિ પરતુ ગરીબીના દુખમાથી બહાર આવી પગભર થવાનુ આ સાધન બન્યુ પરીણામે ગણિકાની સખ્યામાં વધારો થયો અને તેને અકુદરતમાથી મુકતી જણાઇ અને પોતાનો ધધો વિકસાવવા માડયો આ જમાનો તો પૈસાનો હતો અને પૈસા સિવાય કોઇપણ ધધો વિકસાવી પણ શી રીતે શકાય ? તેથી તેણે કૃત્રિમજીવન ભોગવતા પુરુષને આકર્ષવાનો પ્રયત્ન કર્યો. તેની તે વખતની માન્યતા પ્રમાણે પરણેલ પુરુષ પૈસાદાર હોવો જોઇએ અને તેથીજ તેજ પૈસા આપી શકે. બીજી બાજુ પુરુષને

પણ પૈસા સાથે ધમાન કરવાથી કે બીજી કોઇ વધારે આકર્ષક વસ્તુ ગણિકામા જણાવાથી તેનામા એક કરતા વધારે પત્ની-સ્ત્રી પામવાની ઇચ્છા થવા લાગી આથી ઘણા ધનવાનોએ એક કરતા વધારે લગ્ન પણ કર્યા અને ઘણા તેમ ન કરી શકવાથી ગણિકાગામી બન્યા.

તે સમયમા પુરુષને એક પત્નીત્વ પાળવાની ફરજ ન રહી. જ્યારે સ્ત્રીઓને તો પોતાના પતિમા જ સર્વ દુનિયા હતી તેથી તેણે બાહ્ય આકર્ષણોથી પોતાનો પતિ ન ભરમાય તે માટે પ્રયત્નો કરવા માડયા હવે તે ટાપટીપથી રહેવા લાગી અને તે ખાસ કરીને પોતાના પતિના મનને કાબુમા રાખવા માટેજ છતા પણ કેટલોક ભાગ ગણિકા વૃત્તિમા ફસાતો થયો અત્યારે ગણિકા સસ્થા સરકાર તથા જનતા તરફથી માન્ય ગણવામા આવી છે કારણ કે બીજી રીતે વિચારતા તેનાથી સમાજના નૈતિક જીવન જીવતા દંપતિઓમા નીતિ જળવાઈ રહે છે

પરિણામે ઘરની સ્ત્રીપ્રત્યે દુર્લક્ષ સેવાવા માડયુ હવે તેની સામે જોવાની પણ, જરૂર પુરુષને ન લાગી પરિણામે સ્ત્રીઓમા વખત જતા એક પ્રકારની વૃત્તિ જાગૃત થઇ તેમા આગળ કહ્યું તેમ ટાપટીપ વધી આડંબર વધ્યો અને પુરુષને વશ કરવા અનેકવિધ પ્રવૃત્તિયો થવા લાગી. અને આ પ્રથા આજ વીસમી સદી સુધી ચાલુ રહીને ફેશનને નામે ઓળખાવા લાગી-આ પ્રવૃત્તિથી સ્ત્રીઓ ઘણી જગ્યાએ સફળતા મેળવે છે પરતુ બહુધા તો તે સફળતાના અંતે તે કેવુ સુખી જીવન ગાળી શકતી હશે તે તો સ્ત્રીજ જાણી શકે. પુરુષમા તો આડંબરના તત્વો પ્રવેશ પામી ચુક્યા જ હતાં અને હવે તે સ્ત્રીનો હરીફ થયો હરીફાઇમા તેને પોતાના આમુક તત્વો પ્રતિકુળ લાગ્યા અને તેનો તેણે ત્યાગ કર્યો અને સ્ત્રીઓની સ્વાભાવિક કોમળતા મેળવવા માટે તે પ્રયત્ન કરવા લાગ્યો અત્યારે પણ ઘણી જગ્યાએ-મારાથી એ નહિ થઇ શકે-એમ બોલવુ એ મહત્તાનુ તત્વ ગણાય છે કારણ કે તે નબળાઇ એ સુખની (વૈભવ) નિશાની મનાય છે પરતુ સ્ત્રી સ્વાભાવિક જે કોમળતા છે તે હૃદયની કોમળતા છે તેની પાછળ તો સ્વાર્થ ત્યાગની ભાવના છે અને સેવારૂપી પાણીથી તેનુ સિંચન થાય છે શરીરની કોમળતા તો નિર્બળતા છે કોઇ પણ સ્ત્રી કે પુરુષ કોમળતાનો આવો અવળો અર્થ કરતો હોય તો તેણે વિચારવાની જરૂર છે કે કોમળતા શરીરની નહિ પરતુ હૃદયની હોવી જોઇએ. આવી શારીરિક કોમળતાની જીવનમા શી જરૂર છે ?

આવા અનેકવિધ પ્રયત્નોથી સ્ત્રીઓની કિમત સમાજમાથી ઓછી થઇ-કહેવા તો નામનીજ રહી—" ઉજ્જડ ગામમા એરંડો પ્રધાન " એ કહેવત અનુસાર પુરુષ આજદીન સુધી સમાજમા શ્રેષ્ઠસ્થાને ટકી રહ્યો તેના પ્રયત્નો કદાપી અટકયા જ નહિ અને પરીણામે સ્ત્રીત્વનો સહાર થતો ગયો અને પુરુષે પોતાનુ પુરુષત્વ જાતેજ હલકું બનાવ્યુ

આખરે આ પુરુષ સમાજ થાકયો તેને પ્રગતિનો માર્ગ કોઇ પણ પ્રયત્ને જડવો મુશ્કેલ લાગ્યો તેને હવે સ્ત્રીત્વ અને પુરુષત્વનો વિનાશ થતો જોઇ પોતાના પર આક્ષેપ આવવાની દહેશત લાગી તેથી તેણે પોતાના બચાવ ખાતર સ્ત્રીઓને થોડી છૂટ આપવા માડી અને છેલ્લા થોડા વર્ષોથી સમાજ કંઇક વિચારતો થયો

આવા કટોકટીના હવે સુધારામા માનનારા તરીકે આ પ્રવૃત્તિ અપનાવતા પરતુ ખરા જોતા તે પૂર્વજોના પાપકર્મોનુ પ્રાયશ્ચિત હતુ પરતુ આવી સ્ત્રી સત્કારોથી કેટલી કોળવા

પેસી હોય તે આપણે વિચારવુ રહ્યું પતિના પગ તળે કચડાતા) અને સમાજના પાંજરામાં પુરાયેલી સ્ત્રીસમાજ જ્યારે તેમાંથી મુક્તિ મેળવે ત્યારે તેની શરૂઆતની સ્થિતિ કેવી હોય ! પાંજરામાં પુરાયેલા પોપટને તેમાંથી મુક્ત કરવામાં આવે તો તે જ ગલમા ઉડી જઈ સ્વતંત્રતા માણવાનો પ્રયત્ન કરી શકે છે ! તેનો તે પીંજરૂ બહુ જ સારૂ લાગે છે આપણી સ્વતંત્રતાનો દાખલો લઈ એ તો આપણને સમજાશે કે હિન્દુસ્તાનમાં હજુ લગભગ ૧૧ ટકા ભાગ પોતાના પીંજરાના સુખો સભારે છે અને સ્વતંત્રતાને તેઓ સમજી શકતા નથી. આવા ૫૦૦–૬૦૦ વર્ષના પરદેશી સત્તાઓના આક્રમણોથી અને છેલ્લા ૨૦૦ વર્ષના સકંજામા સપડાયાથી સમાજનો આવો મોટો ભાગ પોતાનો હિતનો સારાસાર વિચાર કરી શકતો નથી તો પછી સિકાઓથી કચડાની સ્ત્રી પોતાના જીવનનો સારાસાર વિચાર શી રીતે કરી શકે !

આ વાકયનો અર્થ પુરુષ સમાજ એમ જ કરતો હોય કે સ્ત્રીનુ ભાવિ પુરુષ જ નક્કી કરે તો જ તેનુ એમ છે તો મારે તેની બુદ્ધિ માટે તેને સાબાશી–અત્યારે બે ધ્રુસકોને ઝગડો કરતાં જોઈને તેને ત્રીજું તત્વ જેમ સાબાશી આપે છે તેવીજ કક્ષા–આપવી ઘટે અને તેને નમ્ર વિનંતિ કરવાની કરજ પડે કે તમારી સમતિ લેવા અને તમારૂ માર્ગદર્શન લેવા માટે તો સ્ત્રીઓએ પોતાના આખા સમાજનુ બલિદાન આપ્યુ છે હવે તો પોતાનુ ભાવિ તે અમે તે રીતે નક્કી કરશે તેમાં અમે તેટલી ખામીઓ હોય તો તે તેની નિર્બળતાને કારણે નથી પરતુ પુરુષ સમાજના દમનના કારણે છે પુરુષને સ્ત્રીનુ ભાવિ ઘડવાનો કે તેના પર સત્તા કરવાનો જરાપણ અધિકાર હવે નથી. સ્ત્રીઓ કદાચ પોતાની ઉદારતા બતાવી તેના ઘડતરમા તેમને સ્થાન આપે તો પુરુષે પોતાના પ્રાયશ્ચિત ખાતર પણ તેને અને તેટલુ માર્ગદર્શન આપવાની કરજ છે સ્ત્રી સમાજનો આજનો પ્રગતિનો જુવાળ જામી ગયેલા બરફના વહેતા પ્રવાહ જેવો છે તે પ્રવાહની સામાન્ય ગતિ થોડી હોય છે પરતુ તેમા પત્થર અને કોઇ સમયે પર્વતો ઠસડી લાવે છે તેવી જ રીતે આ નારી સમાજ પ્રગતિને પથે પળ્યો છે તેના પ્રવાહને સંસાર સાગરમા જોઈને પુરુષ સમાજનુ નાવ ભયભિત થાય છે રખેને તેમાં રહેલા બરફના પહાડો પોતાના નાવને ઠતુ ન ઠતુ કરી નાખે તો !

બરફના પ્રવાહમા આવા વિનાશક તત્વો હોય છે તેજ પ્રમાણે સ્ત્રી સમાજની પ્રગતિમા કેટલુક આડંબર અને અયોગ્ય ટાપટીપ જેવા દુષણો હશે પણ ખરા. છતા પણ તેના પર ટીકા કરવાનો પુરુષને અધિકાર નથી. કદાચ સ્ત્રીઓની રહીસહી બુદ્ધિનો ઉપયોગ કરતા પણ તેમા સમાજને, દેખને કે કોઈ દેશના પરમાણુને સહન કરવાનુ આવે તો આગળ કહ્યું તેમ તે પુરુષે સહન કરવાનુ છે જ પછી તેને દુ:ખ ગણીને કે પશ્ચાતાપ ગણીને હસતા હસતા ભોગવે. વહેતા પ્રવાહનો સામનો કરવો તે બહુ જ મુશ્કેલ છે આ પ્રગતિનો પ્રવાહ હવે પોતાનુ ભાવિ નક્કી કરીને જ અને સમાજનુ સુકાન પોતાના હાથ ધરવાને લાયક બનીને જ જંપશે કારણ કે તેની આંતરિક ભાવના તો બીજાના ઉપકાર પર જીવવા કરતા બીજાને પોતાની સેવા આપી આત્મસંતોષથી રહેવાની છે તે પોતાના કાર્યમા દિવસે દિવસે વધારે ને વધારે પ્રવૃત રહે છે અને તેમા બીજા ઉપાયો અજમાવ્યા છતા પણ કાંઈ નહિ સરે તો તેના પ્રગતિનો પંથ રૂંધનાર વ્યક્તિ, જ્ઞાત, કે વૈભવનો ત્યાગ કરતા તે અચકાશે નહિ. તેને આવી અવરોધક વસ્તુઓની જરૂર નથી

તે એક જ નીતિ અખત્યાર કરીને જુવાળે ચઢી છે કે જે તત્ત્વ પ્રગતિના પથ આડુ આવતા મલપટા કર્યેથી દૂર થઇ શકે તો તેને તે પ્રમાણે થવા દેવુ શાંત તત્વને દયાની દ્રષ્ટિથી નીહાળવુ અને સડેલા તત્વોને દૂર કરવુ

સ્ત્રીઓની નવી પ્રગતિ તો પાયેરામા પહેલી પુણી છે તેમનો તો હજુ ખૂબ જ આગળ વધવાનુ છે સમાજની પાસે જ પોતાની લાયકાત કબુલ કરાવવી છે તે માટે સંગઠનની જરૂર છે અને પોતાના સમાજની સુપ્ત ભાવનાને જગાડવાની છે તે માટે પ્રચારની આવશ્યકતા છે સંમેલનો ભરવાની જરૂર છે અને બીજી અનેકવિધ નારી પ્રવૃત્તિઓ શરૂ કરવાની જરૂર છે કારણ કે જેટલુ સમુહ બળ તેટલુ જ અસરકારક અને સંગીન કાર્ય થવાનુ નારી સમાજનો મોટા ભાગ સમાજની ઠોકરોથી બેભાન અવસ્થામા છે પાંજરુ ખુલ્લુ થયુ જોવા છતા પણ તેમાથી બહારની દુનિયા જોવા કે પ્રયત્ન કરી બહાર આવવાનો વિચાર પણ નથી કરી શકતો

સમાજના આવા ભાગને દોરવા પડે છે, તેને ઘણી વખત ધક્કા મારીને જગાડવા પડે છે, અને તેમ કરવા છતા અનેક સંકટોમાથી પસાર થવુ પડે છે જેવી રીતે અંગ્રેજ સરકારે હિન્દીઓના હાથે જ હિન્દનુ દમન કરાવ્યુ અને સામ્રાજ્ય જમાવ્યુ તેવીજ રીતે નારી સમાજના સાસુપદ ભોગવતો એક વિભાગ છે તે સુધરેલા વિચારોમા માનતો હોવા છતા પણ પોતાની દમનની નીતિ અખત્યાર કર્યા સિવાય રહી શકતો નથી જેવી રીતે અંગ્રેજ સરકારના વખતના જમીનદારો, અને અમીચંદો પોતાની ભવિષ્યની સત્તાનો પ્રભાવ નાશ થતો જોઈ પોતની સ્વતંત્રતાને વખોડે છે તેવીજ રીતે સાસુપદ ભોગવતો વિભાગ અને તે પદ પર આવવાની અપેક્ષા સેવતો વિભાગ સ્ત્રીઓના જુવાળને બહુ જ અવરોધે છે અને તેને આ પથ પર ભૂલાવવા, દરેક પ્રયત્નો કરી છૂટે છે તેથી કરીને આપણે સમાજના ઘણા જ યુવક યુવતિના જીવન બરબાદ થતા જોઇએ છીએ આવી સાસુ પદ ભોગવતી સ્ત્રીઓ જો થોડો સ્વાર્થ ત્યાગ બતાવી શકે તો પોતાના સમાજનો ઘણો જ ઉપકાર કર્યો ગણાશે. સ્ત્રીઓના જુવાળ પહેલા પાંચ ટકા વિભાગ સાસુપદે પહોંચ્યા છતા પોતાના ભૂતકાળ પર દૃષ્ટિપાત કરી તેના જેવુ જીવન પોતાની પુત્ર વધુ ન થાય તેમ જોવા ઇચ્છતો અને આ જુવાળની અસરથી ત્રણેક ટકાનો તેમા વધારો થયો છે અને દસ ટકાનો વધારો વિભક્ત કુટુંબની પ્રથાથી થવા પામ્યો છે જ્યારે કેળવણીના પ્રભાવે યુવાનો તરફથી લગભગ તેર ટકાનો તેમા વધારો કરવામા આવ્યો છે એટલે પહેલા કરતા લગભગ ૩૧ ટકા જેટલો પ્રયત્ન આમા થયો છે સ્ત્રીઓના પ્રયાસમા સફળતાની આશા જણાય છે

ગામડાઓમાં અજ્ઞાનતાના કારણે આવા તત્વો વિશેષ જણાય છે છતા પણ તે આજની બાળાઓ બરોબર સમજી હશે તો તે ભવિષ્યમા આવા તત્વો નિભાવશે નહિ. સાસુપદ પછીથી સ્ત્રી તથા પુરૂષ સમાજ માટે આરામનુ અને માર્ગદર્શન આપતુ પદ ગણાશે. તેની મહત્તા ઓછી ન થતાં વધશે અને સમાજની જગાડોઓમા કુલીન થતી શક્તિઓને નવીજ જાગૃતિ મળશે

આ તત્વનુ ધ્યાન લેથી કરીને સાસુપદે જનારી અને ભવિષ્યની માતા થનારી યુવતિને થવાની જરૂર છે તેણે તે પદ પર પહોંચ્યા પછી સ્ત્રીસમાજનો સ્વાર્થ જોવાનો છે અને તેટલુ જો તે સમજશે તો તેની ભાવનાની સફળતા હાથ વેંતમા છે

અત્યારે વધારેમા વધારે જરૂર આ તત્વને સમજાવવામા છે તેથી સંમેલનો અને જાહેર

પ્રવૃત્તિઓમાં વધારે અસરકારક નીવડી શકે સંમેલનોમાં પોતાના લાભાલાભની ચર્ચા થાય તેના પર નિર્ણયો અપાય, અને સ્ત્રી જીવનમાં બીજી અનેક સ્ત્રીઓ રસ લેતી બને. સ્ત્રી સંગઠનથી, તેના પ્રવૃત્તિના વિકાસથી અને તેની પ્રગતિની જરૂરીયાતની સમજ છતા તેને એક યા બીજી રીતે પોતાનુ મહત્વ જણાય અને તે રસ્તે જતા પ્રયત્નો થવા લાગે. લાંબા ગાળે તેની અસર મજબૂત બને તે સમાજ માંતે ઘરજના રૂપમા સ્વિકારતો થાય અને સમય જતાં તે પોતાના ભૂતકાળ પર દ્રષ્ટિપાત કરશે અને પોતાનુ ભારી નકકી કરી શકશે.

સ્ત્રી સંમેલન એટલે મંદિરનો મેળા નથી એ ખ્યાલમાં રાખવાની જરૂર છ તેમા ઝેરી તત્વો દેખાતો ન થાય તે માટે ખાસ કાળજી રાખવાની જરૂર છ નિંદા અને ચાડી ચૂગલી એ સ્ત્રીઓનો સ્વભાવ થઈ પડયો છે આવા સ્વભાવને ત્યાં પ્રાધાન્યમા મહત્વનું નથી સંમેલન પાછળ સર્વ સામાન્ય ઉદ્દેશનો પ્રગતિ જ હોય શકે આવા અવગુણોનો નાશ કરવો એ પણ એક સુધારો જ છે તેનું વાતાવરણ અને તેને મળતા પોષક તત્વો ઓળખતા તે બેઠા સમયમા વિસારે પાડશે પ્રવૃત્તિ એ આવા પુરૂષોનો ખાસ દુશ્મન છે દુશ્મન ।
રાખે તો આવી ચળા કરવાની તક સારવાની ચાડી ખાટવા માટે સંમેલન સમયે અમુક ચોકકસ ગ્રેપ નકકી થવુ જોઈએ અને તેના પર પ્રગતિ કેટલી થઈ રહી છે તે પરત્વે પોતાની હિંમત બતાવે છે પ્રગતિ તો કરતી જ તેના પ્રવાહમા પડતા અનેક માર્ગો મુજબ જે રાજ્યમા અમુકતો વિસામો રાજ્ય રાજ્યનુ જ જ્ઞાન પ્રાપ્ત કરતો નથી પરંતુ તેમનો વિકાસ તેની શક્તિ પ્રમાણે અને વાતાવરણ પ્રમાણે જાણે જ રીતોમા થાય છે આવી સંમેલનના અમુક નકકી કરેલા ક્રમ મા પ્રવાસ કરવાથી પોતપોતાની શક્તિ અને સંસ્કાર પ્રમાણે સાધિ શકશે સંમેલન આ રીતે પ્રગતિનુ મોટુ અંગ છે તેની અસર ક્રમે ક્રમે થાય છ કારણ કે પ્રગતિએ પરોક્ષ વસ્તુ છે

અત્યારે આવી પડેલી ટાપટીપ કે દેખ નમા પણ પાછળથી પ્રગતિની ભાવના છે એવો ડોળ કરવામા પણ સાચો માર્ગ હાથ લાગી જશે. તેમાં આ ડોળ તરફ તિરસ્કાર કરતા તેને પ્રગતિનો આ ભાસ ગણી તેના તરફ સહાનુભૂતિ બતાવવી જોઈએ. તેના આકર્ષણ પરથી જ તેની હિંમત આવી શકાય કારણ કે પ્રગતિથીજ યુવાન માનસને તે વધારે આકર્ષે છ યુવાન અને યુવતિ પરસ્પર તરફથી માનદર્શન અને સુખની અભિલાષા સેવે છે

આ બધુ વિચારતા સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓને પોતાની પ્રગતિમા અવરોધ ન કરવામા જ પુરૂષોને અને સમાજને લાભ છે અને તેનાથી જ તે સ્ત્રીઓના ચરણમાંથી મુકત થઈ શકશે. આ તત્વ વહેલુ સમજાશે તેટલી તેની વહેલી અસર આવી પ્રશ્ન પર થશે. આપણી લુપ્ત થતી સંસ્કૃતિના અવશેષો આપણી આવી પ્રશ્ન કરી તે આપણી આધુનિક ઐતિહાસિકતા અને ઠારમી સંસ્કૃતિની અસર તળે આવેલી સંસ્કૃતિને માનુ સ્વરૂપ આપશે

સમજ્યા સમજ્યા ત્યાં પરંતુ વધારે નીકટના પરીચયમા આવી વિચારોની આપ લે કરતા થયા છે તેથી દ્રઢતાનો સમન્વય થવા સંભવ છે અને તેથી હવે પોતપોતાના માર્ગ પર સમજણ તે ચડી ચૂકયા છે તેમા પ્રગતિ કરવી તે જ હવે રહ્યું છે હવે તેને રસ્તો બતાવવાની જરૂર નથી. પરંતુ તે અગાઉ મૂકે ન ચાલે તે જ જોવાનુ છે માટે આત્માની ઉન્નતિને તપાસતા રહેવા પૈસા કેટલા ભેગા થયા છે તેમ જોવા કરતા પોતાનુ જીવન કેટલુ શાંતિમય છે અને પોતાના આત્માને શું જોઈએ છીએ તે જાણવામા જ પ્રગતિ છે સાચી

શાંતિનો માર્ગ સમજશે તો માણસ કાર્ય કરવામા પ્રવૃત્ત થશે. સન્યાસી કે ફકીર બનવા કરતા સેવા અને સહૃદયતામા તેને શાંતિ જણાશે, કુદરતને જીતવા કરતા કુદરતને ખોળે રાચવામા તેને મજા આવશે

જગતમા તે સાધુ ગણાશે અને તેનુ માર્ગદર્શન અનેક પુરુષોને ઉપયોગી થશે સાધુ એટલે ભિખારી નહિ પરતુ તે દાનવી સાધુતા એટલે હૃદયની વિશાળતા અને તેમાં જ સ્ત્રીજીવન તથા પુરુષ જીવનો ઉત્કર્ષ છે

સ્ત્રીઓએ સમાજને ઉપયોગી થવામાંજ પોતાના જીવનનુ સાર્થક માન્યુ છે અને તેના તે ઉત્તમ નિર્ણયમા જરા પણ ફેરફાર થશે નહિ, પરતુ એવા પ્રયત્નો થશે કે જેનાથી જગાવાતો સામે પણ શાંતિ અને સસ્કૃતિનું રક્ષણ કરવા સ્ત્રી સમાજ તૈયાર રહેશે.



ભક્તોની ભલાઇ !

(નચો નાચો પ્યારે મનકે મોર—એ લય)

ભાળો ભાળો ભક્તોની ભલાઇ !
આ નવયુગની નવમી નવાઇ !... ભાળો.

જોવા જેવા જરા ચેનચાળા, કરમા માળા, કનિત્ય નિરાળા,
દીનરાત સ્વપ્નોમા ક્રમો ઠાળા
છે લીલાઓ પ્રભુથી સવાઇ
પ્રાય મજ્ખન ગ્હેસુર, મીસરી મલાઇ ભાળો

જેવો દેશ તેવો વેશ રાખે પચ કેસ, ભવ્ય જેનો ભાવાવેશ
અગમ્ય એના અતરના આદેશ—
ઘેર ઘેર ગૌરવની ગીતા ગવાઇ....ભાળો

ભક્તે થઇને ભક્તિમા વાધે ? નામ રૂપ ગુણ પર પ્રભુ આરાધે !
ઉપાધી બાધે શ્રેય – પ્રેય લાધે,
જ્ઞાન આત્માનુ મનની હવાઈ !
ભલા ભક્તોથી ભૂમી છવાઇ !
ભલી ભક્તિ, ભલાઇ – ભવાઇ !.. ભાળો

શ્રી કૈવલ્યદેવ

માનવતાનું ખૂન !

[એક પ્રહસન]

શ્રીયુત એ એમ પી આર્ચર,
એમ એ. એમની અમેરિકન નાટ્યકૃતિ
પરથી, સંક્ષિપ્ત અનુકૂળ ગુજરાતી
નાટિકા રૂપે રૂપાંતર કરનાર,
શ્રી મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઈ બી. એ

(સરકારમૂર્ત્તિ, તત્ત્વમૂર્ત્તિ અને અજ્ઞાનદેવી ત્રણે ન્યાયમૂર્ત્તિઓ ન્યાયાસને છે કાર્ય વિચાર છે આરોપી ' વિજ્ઞાન 'નો પોકાર થતાં, તે પોતાના નિર્ણય કરવા રજાને બેસે છે)

ન્યાયાધીશ સરકારમૂર્ત્તિ પાસેથી તહોમતનામું વાંચી સંભળાવે।

શિરસ્તેદાર (વાંચે છે) વિજ્ઞાન મહાશયને આ તહોમતનામું વાંચી સંભળાવવામાં આવે છે કે, ઈ સ ચોથા સૈકાથી શરૂ કરી આજ દિન પર્યંત, આપે ભાલા, તલવાર વગેરે શસ્ત્રો—અસ્ત્રો, ગનપાવડર, બોમ્બ શોધી કાઢયા છે મૃત્યુકિરણ શોધવાના પ્રયાસો જારી છે મોટરોના અકસ્માતોથી હજારોને મરણશરણ કર્યા છે અને એ રીતે તથા બીજા અનેક પ્રયાસો અને પ્રયોગો દ્વારા, આજથી પચાસ વર્ષ પછી ૨૦૦૦ ની સાલમાં માનવતાનું મૃત્યુ થાય એ રીતની મરીઆપૂર્વક યોજના કરી છે અને ફોજદારી કાયદાની કલમ ૩૦૨ પ્રમાણે શિક્ષાને પાત્ર બનો ગુન્હો કર્યો છે આ કોર્ટની અદાલતમાં આજની તારીખે તેની તપાસ થાય, એમ તમો વિજ્ઞાન ' કબૂલો છો ? કે ગુન્હો કબૂલ કરો છો ?

આરોપી વિજ્ઞાન કે ગુન્હો શા માટે કબૂલ ? કોર્ટની આ વરીષ્ઠ અદાલત કે જ્યાં તત્ત્વજ્ઞાન જેવા તટસ્થ અભ્યાસ અને સરકાર તથા પ્રજાદેવી જેવી મત્સ્યવાદી વ્યક્તિઓની વૈચ્ચે દોષ-ને સમજી કે પામ્યું છું કે મારો કેસ તપાસાય.

× × ×

ન્યા. તત્ત્વમૂર્ત્તિ (આરોપી પ્રતિ) આ સામે બિરાજેલા જ્યુરીના દરેક સભાસદોની જે શરૂઆતમાં જ ઓળખ આપેલી છે તેઓની વિરૂદ્ધ તમારો વધારે કોઈ તો જાહેર કરી શકો છો.

આ વિજ્ઞાન (જ્યુરરોને ઝીણી નજરે જોઈ લે છે)—આ તો વારંવાર મને મારી નવી શોધખોળ અંગે પૂછપરછ કરતી કેળવણી Education છે તે મને માન્ય છે પણ આ હિરાભોતીની માળા અને ચળકતા મુકુટવાળો મહારાજા કઈ બાજુ પર આ આસને બિરાજ્યા છે ?

મહારાજા કે મારા રાજ્યની મુખ્ય જવાબદાર વ્યક્તિ છું અને'

આ વિજ્ઞાન પાણી વિનાના જલાશયની જેમ, જવાબદાર રાજ્યતંત્ર વિનાના રાજા કઈ રીતે જવાબદાર હોઈ શકે ?

[હસાહસ]

ન્યા સરકારમૂર્ત્તિ આરોપીનો વધારે બચાવ રાખવામાં આવે છે

આ વિજ્ઞાન આ ' વેપારી વાણિયો ' સો ઉંદર મારીને પાછે બેઠો' છે, નામદાર !

વેપારી કે આરોપી સામે (ડેમેજીસ) નુકસાનીનો દાવો નોંધાવવા માગું છું નામદાર !

ન્યા. તત્ત્વમૂર્ત્તિ આરોપી પોતાનો વાધો હોય તે જલદી જણાવે.

આ. વિજ્ઞાન જી, નામદાર આ લબાડી માણસે Trade ઊર્ફે વેપારના નામે, ઉત્પાદન અને વહેચણી સબધી મારી સઘળી શોધખોળોને ધૂળભેગી કરી છે દેવાળીઆ નાદાર તરીકેની તેની અરજી પણ કોર્ટની નોધવહીમા મળી આવશે !

ન્યા. તત્ત્વમૂર્ત્તિ (કારકુન સાથે પૂછપરછ કરી)–આરોપીનો વાધો માન્ય રાખવામા આવે છે

આ. વિજ્ઞાન પ્રામાણિકતાના પહેરવેશમા છૂપાએલા Finance નામે ઓળખાતા આ અર્થ–મહાશયની લાગવગ તો નામદાર ! છેક ન્યાયાસન સુધી પહોચી ગયેલી છે [હસાહસ]

ન્યા. તત્ત્વમૂર્ત્તિ શાતિ ! શાતિ ! કોર્ટનુ અપમાન ન થાય એ રીતે બોલવાની હું આરોપીને સૂચના કરૂ છુ બોલો, આ ' સશોધન ' નામના બીજા ન્યુરર વિષે તમને વાધો છે ?

આ. વિજ્ઞાન હા, નામદાર ! આ ન્યુરરના ચિત્તની સ્થિરતા વિષે તપાસ થવા મારી વિનતિ છે

સશોધન તદ્દન જુઠ્ઠ. ચિત્તભ્રમથી હું સાવ મુક્ત છુ

[કોર્ટમા ખળભળાટ; અને ન્યાય મૂર્ત્તિઓ મસલત કરી ઉન્માદના ખાસ ડૉક્ટરને બોલાવી મગાવે છે]

ન્યા. સરકારમૂર્ત્તિ ડૉક્ટર, આ ન્યુરરને તપાસો.

ડૉક્ટર (સશોધનના માથેથી પાઘડી ઉતારી, ચારે બાજુ ટકોરા મારી.) તમારી જીભ બતાવો જોઇએ

[સશોધન જીભ બહાર કાઢે છે]

ડૉક્ટર નામદાર સાહેબોને હું ખાત્રીપૂર્વક કહી શકુ છુ કે આ માણસનુ મગજ Mad એટલે ગાડુ છે

સશોધન બદમાશ ! તારો બાપ ગાડો હશે (સિપાઈ તેને પકડી અદાલતની બહાર લઈ જાય છે સશોધન બહારથી બૂમો પાડે છે ' સાહેબ ! હું ડાહ્યો છુ, દોઢડાહ્યો છુ.)

[કોર્ટમાં હાસ્ય ઉભરાય છે]

ન્યા. સરકારમૂર્ત્તિ શાતિ. આ સેવા અને સમાજ Service society–એ બન્ને સન્નારીઓ સબધી કાઈ કહેવુ છે ?

આ. વિજ્ઞાન (બન્ને તરફ ટીકાટીપ્પણને જોઈને)–નિરાશ્રિતો અને અજ્ઞાન કેદી ઓને સહાય કરનાર આ સેવાદેવીના–ભલે પદ્ધતસરના નહિ પણ–પ્રામાણિક પ્રયાસોને હું સન્માનુ છુ પણ આ રજની પરિસ્થાનમાં ઝબકતા આ શ્રીમતી સમાજદેવીને હું પૂછુ છુ કે તેઓ વિજ્ઞાન સબધી શુ જાણે છે ?

સમાજદેવી વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોની ' ટેસ્ટ ટયુબો 'ને હું સારી પેઠે પિછાનુ છુ પણ વિજ્ઞાન મહાશયે પોતાની પ્રયોગશાળા (લેબોરેટરી) છોડીને અહીં પાજરામા વધારવાની કેમ તસ્દી લીધી !

આ. વિજ્ઞાન આ તો ઇન્ટરવલ છે વિરામનો વખત છે પણ નામદાર ! મને ડર છે કે આ સોહામણી પ્રતિભા, ન્યુરરનુ કામ કરવાને બદલે, આસુ અને આકદની નદીઓ ન વહાવે !

સમાજદેવી જો આરોપી સાબિત થાય અને વિજ્ઞાન ફાસીએ લટકે, તો હું જરૂર પોક મૂકીને રડીશ

[કોર્ટમાં ખડખડાટ હાસ્ય થાય છે]

ન્યા. તત્ત્વમૂર્તિ સમાજ્યાનુ ' આપ આ પને રમાને બિરાજો. આરોપી ' આ ' નાગરિક 'ને તપાસવા છે !

આ. વિજ્ઞાન (હસીને)—શુ 'નાગરિક' જેવા સગીર બચ્ચાંને પણ જ્યુરર બનવાનો મોકો મળે છે ! અને બે વર્ષ પહેલા ચૂંટણીની રસાકસીમા જ મારા મારી મારે આ નાગરિક સદ્‌ગૃહસ્થને અદાલતમા આણ્યા હતા ' વાહ આ ' બેકાર 'ને ' કાર 'મા બેસાડીને લાવી, અહીં કેમ બેસાડયા છે !

બેકાર ન્યાયમૂર્તિઓ તો માત્ર મુદ્દાઓ સાભળી ચાલ્યા જશે પણ મને તો તમારા કેસ પાછળ પૂરેપૂરો વખત આપવાની અનુકૂળતા છે

[હસાહસ]

આ વિજ્ઞાન નામદાર ' કૃષિવિદ્યા જોઈ મીસ ઓમીકલ્ચર નામની બાનુએ મારા પર ભરણપોષણનો દાવો માંડેલો તેમાં આ બેકારે જુઠી જુબાની આપી હતી.

[ન્યાયમૂર્તિઓ અને કારકુન, પાછા સાથે બેઠી વાતચીત થાય છે]

ન્યા. તત્ત્વમૂર્તિ આરોપીનો બચાવ માન્ય રાખવામા આવે છે અને નાગરિક તથા બેકાર—બે જ્યુરરો તરીકે નાબાપક ગણવામા આવે છે

બેકાર (કપાળ પર હાથ મૂકી) આ ચાખ્યો ત્યારે મને તો નથે જ બેકારી દેખાય છે ' (માન્ય કરેલા જ્યુરીના સદ્‌ગૃહસ્થો, બીજા થઇ સોજનપૂર્વક જાહેર કરે છે કે)—અમે જ્યુરરો અમારા-માંથી અર્થ મહાશયને સર્વાનુમતે અધ્યક્ષ તરીકે પસદ કરીએ છીએ, અને સોપદ થઇએ છીએ કે, આ મુકદ્દમામા રજુ થતા પુરાવાઓનો અમારી પસદગી પ્રમાણે વિચાર કરીને મરજી મુનાસબ ચુકાદો આપીશુ '

આ. વિજ્ઞાન વાહ ' વાહ '

ન્યા તત્ત્વમૂર્તિ ચૂપ. શાંતિ '

બચાવપક્ષનો વકીલ (ઉભો થઈને) સદરહુ કેસમા ૩૦૨ ની કલમ અનુસાર માન વતાના ખૂનનુ તહોમત છે પણ હું આપ નામદારોને નિવેદન કરું છું કે આપણી કોર્ટ કામકાજ ચલાવી રહી છે ત્યાં સુધી તો પ્રત્યક્ષ પુરાવાથી આપણે જોઇ શકાએ છીએ કે માનવતા હજુ મરણને શરણ જઇ નથી શુ આપણે બધા અત્યારે જીવતા જાગતાં નથી !

[હસાહસ.]

ન્યા તત્ત્વમૂર્તિ Order ' શાંતિ ' એમા શકાને સ્થાન ન હોય. પણ હું વકીલ મહાશયનું તહોમતનામા તરફ ધ્યાન ખેચુ છું કે સદરહુ તહોમત આજથી પચાસ વર્ષ પછી બનાર ખૂનનો ઉલ્લેખ કરે છે આજે ૧૯૪૮ મા તો આપણે ચોકસ જીવતા જોતા છીએ ! હું સરકારી વકીલને પૂછુ છું કે, ઇ સ ૨૦૦૦ માં માનવતા નક્કી મૃત્યુ પામશે એવી સાબિતિ માટે તેમની પાસે શા પુરાવા છે ?

સરકારી વકીલ મહાન જ્યોતિષી શ્રી કૃષ્ણા ચાર્યજીનુ ભાવિકથન કું કોર્ટને વાંચી સ ભળાવુ છું (પુસ્તક ઉઘાડી વાંચે છે) " વિજ્ઞાનના વિધાતક યત્નવાદને પરિણામે ઇ સ ૨૦૦૦ મા માનવતા સ પૂર્ણ વિનાશને પામશે. "

બચાવ પક્ષનો વકીલ ધૂમકેતુના દર્શનથી શેરો અને વેલ્સ જેવા વિદ્વાનોએ પણ જણાવેલુ કે, ૧૯૧૧ માં આખી દુનિયા

ડૂલ થઈ જશે અને સવત ૨૦૦૦ મા જગતના જનપ્રલયની આગાહી પણ જોષીઓએ જ આપેલી શુ ખગોળ-શાસ્ત્રો તથા જ્યોતિષીઓના અભિપ્રાયોને વિશ્વસનીય પુરાવા તરીકે કોર્ટમા વાપરી શકાય, નામદાર !

[જ્યુરરો તથા ન્યાયમૂર્તિઓમાં ચાલી મસલત થાય છે]

ન્યા. તત્ત્વમૂર્તિ ૨૦૦૦ મા માનવતાના મૃત્યુની ચોકસતા શકાસ્પદ જણાય છે એટલે અમારો નિર્ણય છે કે, ૩૦૨ ને બદલે ૩૦૭ મી કલમના આરોપ આધારે આ મુકદ્દમો ચલાવવો.

બચાવ પણ નામદાર ! આથી તો મારા નિર્દોષ અસીલ ઉપર માનવતાના ખૂનની કોશિષનું તહોમત લગાડવામા આવે છે તે યોગ્ય નથી ' માનવતા પર હુમલો કર્યાની કોશિષ ' માટે કલમ લગાડી આ કામ ચલાવાય, એવી મારી વિનતિ છે

ન્યા તત્ત્વમૂર્તિ આ કાળદેવની (Time) વરીષ્ઠ અદાલત છે ત્રીજા વર્ગના ન્યાયા-ધીશ સમક્ષ ચલાવવા યોગ્ય ગુન્હાનુ કામકાજ, આ બેન્ચને હસ્તક લેવુ ઉચિત નથી. ગુન્હાનો પ્રકાર છેવટે નક્કી થશે માટે સરકારી વકીલને હુ કામ આગળ ચલાવવા ફરમાવુ છુ

સરકારી વકીલ (કાગળોનુ બુથ ઉઘાડીને) નામદાર સાહેબો ! અને જ્યુરીના સભ્યો ! આ અપૂર્વ અને અનોખા પ્રકારનો મુકદ્દમો છે માનવતાનુ ખૂન થતુ અટકાવવાના અને માનવજાતિની રક્ષાના હેતુથી, તે અત્રે સાદર કરવામા આવે છે વિનાશના અનેકવિધ સાધનોની શોધ કરીને આરોપીએ વિના-શને સજ્યો છે, હસ્તકલા અને ગૃહ-ઉદ્યોગોનો નાશ કરી બેકારી વધારી છે, મૌલિક વિચારશ્રેણિનો શ્વાસ રૂધ્યો છે, પશુવત્ જીવન ગ્રેર્યુ છે

અરે ઈશ્વરનો ઈન્કાર કરી, આધ્યાત્મિક ઐહિક આબાદીનો પણ અત આણ્યો છે એવુ એવુ તો આરોપીએ ઘણુ કર્યુ છે આરોપીના વિરુદ્ધ ફરમાવેલા તહોમત નામા માટે હુ હવે મારા સાક્ષીઓ રજુ કરીશ

[Politician રાજદ્વારી મુત્સદી પોકાર પડતાં હાજર થઈ સોગન લે છે]

સરકારી વકીલ આ આરોપી વિષે તમે કાંઈ જાણો છો ?

મુત્સદ્દી હુ જાહેર કરી શકુ તે કરતાં ઘણુ ઘણુ વધારે ગુપ્ત રહસ્ય આ આરોપી માટે જાણુ છુ

ન્યા. તત્ત્વમૂર્તિ મુદ્દાસર વાત કરો. વાચાળ ન બનો

બચાવ પક્ષનો વકીલ વાચાળતા તો તેની પ્રાણપ્રકૃતિ છે, નામદાર !

ન્યા. તત્ત્વમૂર્તિ . ભલે, પણ તે બને તેટલુ ટૂકમા કહેવાનુ રાખે

મુત્સદ્દી મે જાતે જોયુ છે તે કરતા વિશ્વસનીય મિત્રમડળ પાસેથી ઘણુ ઘણુ સાભળ્યુ છે કે, છેલ્લી છ સદીમાં જેટલા યુદ્ધો થયા તેમા, ગન પાવડર પોઈઝન ગેસ, હવાઈ ટોરપીડો, સુરગો, બળ-બહાળો અને એવાં અનેક સાધનો વડે લગભગ બે કરોડ માણસોનો સહાર થયો. આ બધા સાધનોની શોધ, સાહેબ ! આ આરોપીએ જ કરેલી અને તે પણ માનવતાને મારી નાખવાના ઈરાદાથી જ હજુ પણ આરોપી વિશ્વવિગ્રહમા વાપરવા અમોઘ મૃત્યુકિરણની શોધમા મશગુલ

છે ને એ ફિરણ શોધાયું તો એક એક માણસ , આપ નામદાર પણ ?.

[હસાહસ]

ન્યા. સરકારમૂર્તિ બસ, બસ, બચાવ પક્ષના વકીલને કૂલ ઉલટ તપાસની રજા આપું છું

બ. પક્ષનો વકીલ મિસ્ટર મુસદ્દી ! તમારી ઉમર કેટલી ?

મુસદ્દી કૂ માનવજાત જેટલો જુનો પુરાણો છું, છતાં નિત્ય નવિન તાજોમાજો છું

બ. પ વકીલ આટલી ઉમરમાં તમે કદી જુઠું બોલ્યા છો ?

મુસદ્દી શું પૂછો છો ? (હસીને) એ તો મારો ધર્મો—અરે ભૂલ્યો—ધર્મ છે !

[હસાહસ]

બ પ. વકીલ આરોપીના સાધનો વડે બે કરોડ માનવીઓને મરતા તમે જોયા છે ? અથવા આરોપીના સાધનો ન શોધાયાં હોત, તો તે માનવીઓ મરી ન જાત, એમ તમે કહી શકો છો ?

મુસદ્દી કૂ એટલું કહી શકું છું કે, આરોપીના સાધનોની અસરથી જે મુક્યા, બગડ્યાં આંધળા, મુંગા ને બ્હેરા બનીને બચી ગયાં છે તે કરતા, મરી ગયેલા સુખી થયા છે

[હસાહસ]

ન્યા. સરકારમૂર્તિ - મુદ્દાસર જવાબ આપો. મૃત્યુકિરણ એ આજે કે ભવિષ્યમાં સંભવિત વસ્તુ છે ?

મુસદ્દી : તે કૂ ચોક્કસ ના કહી શકું

ન્યા. સ તમે જઈ શકો છો.

[જમીનદાર-નો પોકાર થતા એક બાજુથી બીજો અને ત્રીજી સુધી કુલેલા ગાલવાળો બારે માણસ આવે છે અને સોગઠે બેસે છે]

સરકારી વકીલ તમે આ આરોપી વિષે શું જાણો છો ?

જમીનદાર આ આરોપીએ યન્ત્રોને ઉપજાવીને માનવજાતના વિનાશનું બી રોપી દીધું છે, નામદાર ! દૂધ, દહીં અને ઘી મબલખ ભારતભૂમિના ભૂખડાંઓ નખમાંય રોગને ઓળખતા નહતા ચોખા છડવાની, સુતરની, કાપડની એવી એવી મીલોએ, આરોગ્ય, પોષણ, શિક્ષણ, કાંતણ, હસ્તકલા, ગૃહઉદ્યોગ વગેરેને વિદાય આપી છે કરોડ કાર્યનું ગૌરવ ખંડિત થયું છે ભણેલો માણસ નેતા બની ભાષણ કરે પણ હળની સાકડી મરખી ય હાથમાં લઈ શકતો નથી આપણી ખેતી અને ગાયોની બાબતમાં પણ સંતોષ તથા સમૃદ્ધિ ઓસરી ગયા છે દુષ્કાળ, મોલવારી અને બેકારી પ્રસરી રહ્યા છે બળદ ગાડાનું સ્થાન મોટર-કારોએ પચાવી પાડ્યું છે આ યન્ત્રોની ભેદોકાણ શું કહું, નામદાર !

બચાવ પક્ષનો વકીલ સારે તમે કોર્ટમાં કઈ રીતે આવ્યા ?

જમીનદાર મારી અપટુડેટ રોલ્સરોયસમાં બેસી.

[હસાહસ]

બ. પ. વ. ત્યારે યન્ત્રોની વિરુદ્ધ શા માટે બોલો છો ?

જમીનદાર એ તો પગમાં પીડા છે એટલે ! બાકી, મોટર મને બિલકુલ પસંદ નથી.

બ પ વ. તમે માનો છો કે યન્ત્રો ન હોત તો, આ તમારા કોટપરની પીન તથા કોંડાની ઘડીયાળ વગેરે જરૂરી આતની ચીજો તમને મળી હોત ?

જમીનદાર આ બધી વસ્તુઓની જરૂર જ શા માટે ? મશીનોના માલીક બનવાને બદલે, આપણે બધા જ ગુલામ મશીન બની રહ્યા છીએ કુ બહુ ભાડો ન હોત તો આ કોટના બટન માટે પીન ન વાપરત !

[હસાહસ]

બ. પ વ. ગામનો લુહાર એવી પીન ન બનાવી આપે !

જમીનદાર એ જ પંચાત છે ને ! આરોપીએ આપી નાનકડી વસ્તુઓમા પણ બજાર એવુ કબજે કરી લીધુ છે કે બિચારા લુહારનુ શુ ગજુ કે હરિફાઈમા ઉતરી શકે !

બ પ વ ખેતીવાડી અને નવી નહેર-યોજનાઓમા યન્ત્રોએ શુ ફાયદો લાવ્યો ?

જમીનદાર કોને ? કામ કરનાર ખેડૂતને ? મારા ગામમા તો નહેર શુ પણ નાનુ ખાબોચિયુ ય નથી અને મારા ભત્રીજાની જમીન તો સરકારી યોજનાથી સાવ ખારી ઉસ થઈ ગઈ છે ! અને પેલા પંપો તો પાચ મહિનામા ભાંગીને ભૂક્કો થઈ જાય છે !

બ. પ. વ. જ્યા સુધી જમાનદીના દર અને કર-વેરામા વધારો નથી થતો ત્યા સુધી જ આ ખેડૂતોના પરસેવે તગડા થતા જતા જમીનદારની જાતની તાગડધીના છે !

સરકારી વપીન પણ આરોપીને હાથે જ્યારે આપી માનવજાત મરી જવા બેઠી છે ત્યા આ જમીનદારોની જમાત શી રીતે જીવવાની છે ?

જમીનદાર (પોતાના પેટ પર હાથ ફેરવતા) અમે જમીનદાર યાવદ્‌ચન્દ્ર દિવાકરૌ રહેવા સર્જાયેલા છીએ

ન્યા તત્ત્વમૂર્ત્તિ આપ જરૂર શકો છો જુનવાણીને હાજર કરો.

[જુનવાણી સ્ટેજ ૬ ઠે ઉ]

સરકારી વકીલ આ આરોપી વિષે તમે શુ કહેવા માગો છો !

જુનવાણી આરોપીની પ્રવૃત્તિઓ પછી, સોક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ, શેક્સપીઅર, હીરદોસી, વાલ્મિકી, વ્યાસ, બુદ્ધ, જિસસ, મહમદ જેવા મૌલિક વિચારકો અને ચિંતકોની આયાત ઓછી થઈ ગઈ છે વર્તમાનપત્રોના વાસી સમાચાર તથા રેડિયો અને સીનેમાના ઠળવા-ઠલકા સગીતે માનવ-મનની સ્વતત્ર સર્જન શક્તિને મંદ કરી કરી નાખી છે

બ. પ. વ. તમારી પાસે રેડિયો છે ?

જુનવાણી હતો, પણ બેબાકળી કટાળી કાઢી નાખ્યો !

બ. પ વ. વર્તમાનપત્રોના વાંચકો શુ પોતે વિચાર કરી શકતા નહિ હોય ? રેડિયો-સીનેમામાં શુ સર્વોત્તમ સગીત નહિ જ માણી શકાતુ હોય ?

જુનવાણી તે હુ ન કહી શકુ. પણ તેઓને તૈયાર વિચાર લેવાની ટેવ તો પડી ગઇ છે જુના જમાનામા સુવર્ણના અલકારોમા મોહાતા વનિતાઓ આજે વાચનને વળગતી થઈ છે !

બ. પ. વ. તમારી પાસે કેટલુ સોનુ છે !

જુનવાણી મારી આબરૂ એ જ મારુ સોનુ મારી પ્રતિષ્ઠા એ જ મારી મિલ્કત

[હસવા-બેસી જાય છે]

[ધર્મરાજનો પોકાર થતાં તે પ્રવેશે છે]

સરકારી વકીલ આપનું જ નામ ધર્મરાજ છે ? આપને શું કહેવું છે ?

ધર્મરાજ આ માનવતાનો મહાખૂની સૃષ્ટિના સર્જકને હસી કાઢે છે, ઈશ્વરને ધિક્કારનો ઘોષ કરે છે (આવેશમાં) તે કહે છે કે બાળકને જન્મ લેવામાં કે જીવન ધારણ કરવા માટે પ્રભુ-કૃપાની કોઈ જરૂરિયાત નથી. ધર્મ તો સોગંદને આપેલું વચન છે આરોપી, માત્ર મર્યાદિત જગતની મર્યાદિત માહિતિ પરાયે છે અનંત અદશ્ય નિયમ વિશેની જે વિગતો માત્ર પવિત્ર મહાપુરુષો જ જાણી શકે છે તેનાથી તે બિલકુલ બિનજાણકાર છે, નામદાર !

બ. પ. વ. તમે પ્રભુને ઓળખો છો ?

ધર્મ જરૂર ન જોવાય તેથી શું ગયું ?

બ. પ. વ. : જેને પ્રત્યક્ષ જોઈએ નહિ તેનું અસ્તિત્વ કેમ દોષ શકે ?

ધર્મ તો શું આપ સાહેબનું મગજ કાચ કરતું જોઈ શકતો નથી, એટલે મગજ નથી એમ માનવું ?

[હાસ્ય]

બ. પ. વ. આપનો એમ નથી લાગતું કે બીજી દુનિયાની તપાસમાં બહુ ધ્યાન લગાવવાથી, આપણે આ દુનિયાનો ખોટ-ખોટા કીધો ?

ધર્મ : આપની ગેરસમજ થાય છે મહેરબાન ! આ દુનિયા એટલે કે દરેક સજીવો તો શું બહુ ચોક્કસ વર્ગના માણસ પણ હા આરોપીના નાસ્તિકવાદ ઉપર હું હમેશા પ્રહાર કરતો રહ્યો આવ્યો છું અને કરતો રહીશ

બ. પ. વ. - વિદ્વાનની આ ગેરસમજ જે ચાલી આવતું ખૂન ચલાવી લે એમ ?

ધર્મ (ચૂપકીદીથી) આ આરોપી પોતાની પ્રેરણા શયતાન પાસેથી મેળવે છે

બ. પ. વ નામદાર સાહેબો ! સાક્ષીએ આ નવો મુદ્દો ઉભો કરેલો છે તેનો જવાબ આપવા મારા અસીલને પરવાનગી આપવા હું વિનંતિ કરું શું કારણ આ સાક્ષી ખરું જ મહત્વનો છે

[ન્યાયમૂર્તિઓમાં મસલત થાય છે]

ન્યા તત્ત્વમૂર્તિ વાહ, પરવાનગી આપ વામાં આવે છે

આરોપી વિદ્વાન શયતાન પાસેથી સહજ પણ પ્રેરણા કે મેળવતો નથી તમે બધા નિર્માલ્યપણે મંદિરોમાં પૂજા-પાઠ ને પ્રાર્થના કર્યા કરો છો, નૈવેદ્ય ભોગ ધરો છો ઉભા તમારા દેવો કશું લક્ષમાં લેતા નથી તમને કાંઈ દેતા નથી. પણ મે મારી શોધોથી મનુષ્ય માત્રની શક્તિ, સંપત્તિ સત્તા સામે મણી તમારી મૂકી છે મે સારા નગરો અને નિવાસસ્થાનો, નોરા-વહેરો, હરિયાળા, રમણીય રસ્તા છે વ્યાધિ અને મરણની સામે પણ મે યુક્તિઓ અને સંપનો શોધી આપ્યા છે રોગ રોગ માંદગીનો ભય અને ભોગને ભોંઠા પાડ્યા છે, અને સુખચેન વધે છે, તે મારે લીધે ઈશ્વરના પ્રકાશપ્રેરક આદેશને મે અનુસર્યો છે ત્યારે તમે અને તમારા ધર્મગ્રંથોએ તો પ્રકાશને બદલે અંધારા પાથર્યા છે ખુદ ઈશ્વરે પણ અંધારામાં સંતાડી રાખ્યો છે

ધર્મ તમારી કલ્પના શોધોને લીધે તો ત્યા ખૂનો ત્યા જગતની ભ્રષ્ટ અને દુષ્ટતાનું કોઈપણ બહુ જબરાય છે પૈસાના બારણે સંસ્થાઓના હાથમાં જ તમારી જેલોનાં દોરડાં લીધે

અસંખ્ય સ્ત્રીપુરુષોના આક્રંદથી વાતાવરણ કંપી ઊઠે છે જ્યાં જ્યાં આત્માના અનુસંધાન વિનાની તમારી શોધોનો પગ પડે છે ત્યાં ત્યાં નગરનાશ અને માનવસંહારના તાંડવ જોવા મળે છે શસ્ત્રસજ્જ રાષ્ટ્રો, તમારી જ મદદથી, મૃત્યુના મોરચા રચવા મંડી પડે છે વિગ્રહ, વિસંવાદ, સંઘર્ષ, અસત્ય અનીતિ અને નાસ્તિકતાના પ્રચાર માટે જ તમારા મુદ્રણાલયો અને પત્ર-પ્રકાશનો રાત્રિદિવસ કામે લાગી જાય છે નક્ષત્રમંડળની તમારી શોધે, ઈશ્વરની સૃષ્ટિને સાવ બાજુએ હડસેલી દીધી છે

આરોપી વિજ્ઞાન તદ્દન ગલત ગેલીલીઓના સ્વપ્નનું અને ન્યૂટોનના અનુમાનોનું જે સ્પષ્ટ નિદર્શન કર્યું છે મારી પ્રવૃત્તિઓને લીધે તો સ્વર્ગની—આકાશી દિતાણ એવી ઉઘાડી થઈ ગઈ છે કે એનું એક એક પાનું, નાનું બાળક પણ ઉકેલી શકે છે, સૃષ્ટિના રહસ્યો સંબંધી તમે તમારી અજ્ઞાનાવસ્થામાં જે કલ્પના-કથાઓ વહેતી મૂકી છે, તે કરતા મારી શોધની વિગતો વધારે વાસ્તવિક અને આશ્ચર્યથી ભરેલી છે

ધર્મ ભલું કરવાની મારી શક્તિ વિષે તમે અજ્ઞાન હો એમ જણાય છે શ્રી રામકૃષ્ણ, વિવેકાનંદ, સાંઈબાવા વગેરેના જીવન જરા જુઓ, તેઓ મારા વડે કેવા સુખી થઈ ગયા !

આ વિજ્ઞાન તમારા વડે નહિ ઈશ્વર વડે પણ ધારો કે તમારી વાત કબૂલ રાખીએ તો પણ, થોડા સુખી આત્માઓ કરોડો માનવીઓના આંસુ કઈ રીતે લૂછી શકે તેમ છે ! તમારો માર્ગ દુઃખી હૃદયોને સહન કરાવીને મોક્ષ માનવાનો છે જરીએ તો હંમેશાં ભીખ માગતા જ રહે કે જેથી તમારો દાનનો માર્ગ ચિરંજીવ રહે, એ તમારો માર્ગ ? તમારા ઉપજાવેલા વિધિ-વિધાનો, ક્રિયાકાંડો, પ્રભુને પણ તમારી મરજી મુજબ નચાવવા માગે છે ! ન સમજાય તેમ ઘાંટા પાડી બબડવું, આડા ને અવળા, ઊંચા ને નીચા હાથ કરવા, જરૂર પડે આંસુ પણ વહાવવા—આ બધા ધતીંગ લાખો લોકોને આડે માર્ગે લેઈ રહ્યા છે મૃત્યુ અને દુઃખને પણ દેવ બનાવી દીધા છે, માંટીમાંથી જન્મેલો માનવી માટીમાં ભળી જવાનો છે—એવા પામર પ્રચારથી તમે મનુષ્યને દીન-હીન બનાવી દીધો છે રક્ષણ માટેની તમારી રોજની પ્રાર્થનાઓ છતાં કેટલીય માનવજાતિઓ મરી પરવારી

ધર્મ જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ

આરોપી વિજ્ઞાન નહિ મારું નૂતન જ્ઞાન, માનવજાતને એક દિવસે મરણમુક્ત કરવો એ મારું જુગ જુગ જુનું સ્વપ્ન છે.

ધર્મ (હસીને) ઓ સ્વપ્ન સેવી ! કાન ખોલીને સાંભળી લો. આત્મા અજન્મા અને અમર છે પણ જન્મ પામતું શરીર નાશવંત છે તમારો પદાર્થના અવિનાશીપણાનો સિદ્ધાન્ત સાચો છે અણુ તત્વો નાશ ન પામતાં નવા આકારો ધારણ કરે છે માંસ, મજ્જા, મેદ, અસ્થિ વગેરેના સમુદાયરૂપ શરીર નાશ પામતા, તે પાછું આવતું નથી પ્રભુનો તેમાં સંકેત રહેલો છે કનક, કીર્તિ, કાન્તા, કુટુંબ, ઈત્યાદિના પરચોટા જેવા સુખની મનુષ્યની પ્રભુને દયા આવે છે મૃત્યુની સગડીમાં આ સર્વ વિકારો બળી જાય છે મૃત્યુ કૃત

રતી અને અનિવાર્ય છે તે રોકયુ રોકાય તેમ નથી, અને રોકવુ ઇષ્ટ પણ નથી. આ પૃથ્વી પરની માનવતાને તેના આયુષ્યકાળ પહેલાં મારી નાખવા પ્રયત્ન કરો તો બસ છે નહિ તો આ માનવી જગતના અને પરલોકના સૂક્ષ્મ રહસ્યો સમજવી

આરોપી વિજ્ઞાન (વચમાં જ) પણ આ પૃથ્વી પરના જીવનને જ નષ્ટ સુખદ અને મધુર બનાવવાનો વિચાર કરવાને બદલે, માણસે આનાં ગુપ્ત રહસ્યો શોધવા પાછળ શા માટે શ્રમ અને સમય ગમાડયો હોઈ એ !

ધર્મ કારણ આ જ્ઞાન એકાદ દિવસ કે પળ જેટલુ ક્ષણભંગુર છે

આ. વિજ્ઞાન તો તે દિવસ કે પળને જ, પ્રકાશ અને આનંદપૂર્ણ જીવન જીવી જેવા દો ને ? જુઓ આ મારે હૃદય માથી આધાર આપુ છુ

ધર્મ : (હસીને) વિજ્ઞાન સામનો આધાર લીધે છે ! કેવુ વિચિત્ર !

[હસાહસ]

ન્યા. તત્વમૂર્તિ હાનિ, ધર્મ મહારાજ સ્વરૂપને જેલી હો છે (ધર્મ સ્વરૂપને નિરાળે છે) (Investigating Officerને) તમે શુ કહેવા માગો છો ?

ગન્હગારીપક્ષ અમલદાર હું ગુન્હાગારીપક્ષ અમલદાર છુ આરોપીને તિરસ્કાર કરવામાં મને બળી જ મુશ્કેલી નડી છે નામદાર ! કેમકે મારી નજર, મે મારી જીભ, તો આરોપી મોટરમા કુદી પડયો. કે મોટરમાં બિરાજ્યો. ત્યારે તે અપુનમા હતો. કે પણ બોરોપીનમા હતો. તેને વિશ્વિર વેરવાનુ જોર-જોકા આપવુ પડી તો. પુરાવો, રોકટપ્લેન કરીને એક એકથી ઝડપી વાહનો તેણે શોધી કાઢવા એન્ટીએરક્રેફ્ટ તોપના નિશાનથી મે તેના વાહનને નીચે પાડયુ ત્યારે તે મારી આખો સમક્ષ અદૃશ્ય થઈ ગયો !

[કોલાહલ ચાલુ જ રહે છે]

ન્યા. તત્વમૂર્તિ વિચિત્ર આરોપીની અદૃશ્ય થવાની શક્તિ વિષે આરોપનામામા કાઈ ઉલ્લેખ નથી.

ગુ બ્ય કુ સત્ય કહું છુ નામદાર ! જ્યારે મારે જ્યારે તે દૃશ્ય થયો ત્યારે મે તેને બાવડાથી પકડયો.

અજ્ઞાત પક્ષનો વકીલ બ્રમલદાર સાહેબ ! આપે ખુલ્લી આંખે મારા અસીલને અદૃશ્ય થતો જોયો ?

ગુ બ્ય. હા, હા, બોલ્યા સમયે તે દેખાયો ત્યાં સુધી મે મારી બરી આખો એ નિહાળ્યા જ કર્યું છે તે ત્યા હોવા છતા અદૃશ્ય રહ્યો છે !

ન્યા તત્વમૂર્તિ આરોપીનો કુ આ બાબત ખુલાસો માગુ છુ

આ વિજ્ઞાન નામદાર ! માનવતાને બને તેટલી મહારૂપ થવા માટેના મારા પ્રયાસોમા અંતરાયરૂપ બનારી કેટલીક બાબતો જેવી કે વહેમ, અજ્ઞાન, પૂર્વગ્રહ, રૂઢાપિત હિતો, ધર્માંધતા વગેરે મારી સાથે અદાવત રાખે છે તેથી નેત્રોમો દ્વારા મારા કેસની સુનાવણીને બદલાવવી વિપરીત રીતે રજુ કરવા પ્રેરિત થયેલી છે મારે આખો પુરાવો પૂરો થતાં સુધી, કોર્ટના મનમા અમુક પૂર્વગ્રહો રજાન ન પામે તે માટે કુ નામદાર કોર્ટને વિનંતિ કરુ છુ મારી શોધખોળ, પ્રામાણિકપણે માનવતાના કલ્યાણના જ પ્રયોજનથી પ્રેરાયેલી છે પરતુ સ્વાર્થી લુચ્ચા માણ

સોએ તેની ચોરી કરી, દુરુપયોગ કરેલો છે જેમ કુહાડાની રચના લાકડા કાપવા માટે થઈ છે છતા તેનો ખૂન કરવા પણ ઉપયોગ થાય છે જેમ માનવતાનો મિત્ર હોવાનો દાવો કરનાર રાજદ્વારી પુરુષ, દુશ્મન બની માનવતાને આત્મઘાત પ્રતિ ગ્રેરે છે તેમ મારી શોધખોળના ઘણા સ્વાર્થી હિમાયતીઓ પોતાના મલિન હેતુ બર કરવાના કારણે અને નિષ્ફળ નીવડવાના કારણે મને બદનામ કરે છે હુ તો નમ્રપણે જાહેર કરુ છુ કે વિજ્ઞાની માત્ર માનવજાતની જ પેદાશ છે અને તેથી માનવતાનુ મૃત્યુ આણુવાનો મારો લેશ પણ ઇરાદો હતો નહિ, અને હોઇ શકે પણ નહિ

ન્યા. તત્ત્વમૂર્ત્તિ આ બાબતમા તમાર કોઇ સાક્ષીઓ ?

આરોપી વિજ્ઞાન હા, જોઇએ એટલા. ડોક્ટર, જ્ઞાન, વિદ્યુત વગેરે.

[પ્રથમ સાક્ષી ડોક્ટર medicine સાથે પ્રવેશ કરે છે હાથમાં બેગ છે]

બચાવ પક્ષનો વકીલ ડોક્ટર ! આરોપી સબધે આપનો શો અભિપ્રાય છે ?

ડોક્ટર બહુ જ સરસ. આરોપી મહાશયની પરોપકારક પ્રવૃત્તિઓને પરિણામે, એક વર્ષની અદરના બાળકોનુ મરણ પ્રમાણ ૭૫ ટકા ઘટી ગયુ છે કોલેરા, પ્લેગ, ઇન્ફ્લુએન્ઝા, ટાઈફોડ, વગેરે બાધિઓથી થતા મરણોમા પણ ૫૦ ટકા ફેર પડી ગયો છે હાથીપગા જેવા અનેક વિચિત્ર દરદોથી મનુષ્યના જીવન મૃત પ્રાય બની જાય છે પણ તેના અસલ કારણોનુ નિદાન અને ચિકિત્સાની શોધખોળને લીધે, એ દર્દો હવે ઓછા થાય છે ચરમા અને શ્રવણયત્રની શોધે લાખો માણસોને આધળા-બ્હેરા બનતા અટકાવ્યા છે—અરે કેટલાયને આખો અને કાન આપ્યા છે બિલકુલ પીડા પામ્યા સિવાય થતી શસ્ત્રક્રિયાની , કુશળતાએ હજારોને નવી જીદગી આપી છે લોહી લાલુ કરે છે અને યુવાની માણી શકે છે અને હવે તો ઘરઘરમા પેન્સીલીન આવ્યુ છે

સરકારી વકીલ (ઉલટ તપાસમા) તમને ખબર છે કે ઘણીવાર ઓપરેશન સો ટકા સફળ થાય છે, પણ દર્દીનુ જીવન નિષ્ફળ નીવડે છે ?

ડોક્ટર એ તો કેટલાક કેસમા એમ પણ બને પણ ડોક્ટરના દિલમાં તો સમાનતા જ વસે છે પછી દર્દી મરે તો એનુ દુર્ભાગ્ય !

સ. વકીલ ચસ્મા વિના શુ ચક્ષુની દૃષ્ટિ સારી ન રહી શકે ?

ડોક્ટર ન્યાયમૂર્ત્તિઓ વિનાનો ન્યાય જેટલો સારો તેમ

[હસાહસ]

સ. વકીલ અત્યારે એક એવી માન્યતા થતી જાય છે કે જગતમા બહુ બાળકોની જરૂર નથી તેથી બાળકોના મરણ પ્રમાણમાં થતો ઘટાડો બિલકુલ માનવતાના હિતમાં નથી !

ડોક્ટર એવી ખોટી માન્યતાને ચલાવી લઇએ તો પણ, એ ધ્યાનમાં રાખવુ જોઇએ કે, વિજ્ઞાનની પ્રવૃત્તિઓના પ્રારભ પહેલાં પણ બાળમરણ સ્વાભાવિક હતું

સ વકીલ અત્યાર, મદ્રાસ, કલકત્તા, કોમીન, ત્રિવેન્દ્રમ વગેરે સ્થલોમા હાથી પગાથી હજારો દર્દીઓ પીડાય છે, તે તમને ખબર છે ?

ડોક્ટર હા. પણ આવા દરદીઓની પરેશા બહુ મોટી સહ્યા હતી. તે હવે વિદ્યા નના પાણી પુર પાડવાનાં સુધરા પ્રયાસો અને પ્રયોગ-સાધનોથી ઓછી થઇ જશ છે

સ. વકીલ વાહ, ડોક્ટર ! છ દરદીના વીમા ઉતારવામાં તમે બુરા સટીફીકેટ આપો છો, એ વાત ખરી કે !

ડોક્ટર નિષ્ફળ જીવનના હેતુથી હું જીવ નીના વીમાને આવકારતો નથી પણ પાછળ બહોળુ કુટુંબ મુકી જનારા જીવનના વીમાને હું હાર્દિકપૂર્વક સ્વીકાર અને બૂરા સર્ટીફીકેટ મારે ત્યે પૂછતા હો તો, ભૂલી જવા કે આ સરકારી વકીલની જગ્યા મેળવવા મારે મારી પાસે ઓછી ઉમરનુ સર્ટીફીકેટ લેવા કોણ આપ્યુ હતુ !

ન્યા. સરકારમૂર્તિ આ મુદ્દાને લગતી હકીકત નથી. માટે રદ કરવામા આવે છે

સ વકીલ તમે પ્રખ્યાતિ પામેલા ડોક્ટર છો, એટલે પૂછુ છુ તમારા લોકોનુ જીવન સુખી અને સમૃદ્ધ બને તે માટે તમે ડોક્ટરો માટેની વધારવામા વધારે પડતો રસ લો છો, એમ નથી લાગતુ ?

ડોક્ટર કદાચ અમે એમ કહીએ છીએ એમ લાગતુ હશે. પણ અમારી દાયણ-જેવી જીવન-પ્રમાણ વધારવામાં વધારે રસ લે છે, એ શુ સત્ય નથી ?

[હસાહસ]

સ. વકીલ તમે ડોક્ટરો આ દુનિયામા ન હો તો, શુ થાય ?

ન્યા. પ્રજ્ઞામૂર્તિ હુ પણ કહુ કે ડોક્ટર વિના લોકો કુદરતી મોતે જ મરે ! !

[હસાહસ]

(નવુ આવતે અંકે)

ચમારા

લોકને કરવા વાત મળી ગઇ,
હુ મને આભાસ મળી ગઇ,
લેપલ, ને આ જિંદગી આખી,
જાગવા માટે આજ મળી ગઇ

શ્રી. ઉશનસ્

સંજીવની.

શ્રી પ્રાણલાલ પ્ર. બક્ષી

જે જીવનમા જરા અને મૃત્યુ વ્યાપે નહિ, એની અમર જીવનની સિદ્ધિ પ્રાપ્ત કરવામા આવે, તેને સજીવની–વિદ્યા કહેવામા આવે છે એ મૃત–સજીવની આપણ અલ્પ શક્તિવાળુ જીવન બનાવે છે પરન્તુ તેને માટે આપણા ચાતુ જીવનને હાથમા લઇ તેને કસોટી ઉપર મૂકી પરિવર્તન કરવુ પડે છે એટલે કે દિવ્ય–જીવન માટિનુ ઘડતર નવેસરથી ઘડવુ પડે છે કહ્યું છે કે —

"જરા મીચ વ્યાપે નહિ, મુઆ ન સુનીયે કોય,
ચલ કબીર વા દેસ કો, વૈદ રમૈયા હોય."

હાલના સમયમા હજારો લોકો આધ્યાત્મિક જીવન ગાળવાને માટે પ્રયાસ આદરે છે તેમાના ઘણાખરા આધ્યાત્મ જીવન કેવા ધોરણ ઉપર રચાયુ છે તેમજ તેના મુખ્ય સિદ્ધાંતો શુ છે તે સારા પ્રમાણમા સમજવા લાગ્યા છે છતાંપણ તેમના ધાર્યા પ્રમાણે પરિણામ લાવી શકયા નથી આમ થવાનુ શુ કારણ છે તે સ્પષ્ટ-રીતે તેઓ સમજી શકતા નથી હાલમા જે અધ્યાત્મ જ્ઞાન આપણા જાણવામા આવેલુ છે તેનાથી અથવા તેની સહાયતાથી પ્રથમ નહી જાણવામા આવેલુ એવુ મહાન પરિણામ લાવવુ જોઇએ જેનાથી આપણે માત્ર આપણા જીવનની અંદર રહેલી દરેક ખોટ ખામીઓ નિર્મૂળ કરવી જોઇએ એટલુ જ નહી, પરન્તુ જે જે લોકો આધ્યાત્મિક જીવન ગાળતા હોય તેમના જીવનમાથી પણ દરેક પ્રકારની ખામીઓ અને અપૂર્ણતાઓ દુર કરીને આપણ જીવન આદર્શમય બનાવવુ જોઇએ એટલે કે એ સત્, ચિત્ અને આનંદના મહોદધિમાથી દરેક પ્રકારની જોઇતી શક્તિ અને સાધન પુરતા પ્રમાણમાં મળી શકે છે એ બાબતની આપણને ખાત્રી થવી જોઇએ આધ્યાત્મિક જીવન ગાળવાને માટે આપણા જીવનને સંપૂર્ણ રીતે હાથમાં લેવાની જરૂર છે અને એક હીરાને ચકચકીત બનાવવાને માટે તેની જુદી જુદી રીતે પહેલો પાડવામા આવે છે તે પ્રમાણે જીવનની અંદરની ખામીઓને કાઢી નાખી તેને બદલે દિવ્યતાના ભાવો ભરવાને માટે સતત પ્રયત્નશીલ રહેવુ જોઇએ મનુષ્ય જીવનનો ખરો ઉદ્દેશ એક આદર્શ જીવન બનાવવા માટેનોજ હોવો જોઇએ એટલે કે જે આત્મપ્રકાશ તેની હાલની સ્થિતિમા ઘણાજ ઓછા પ્રમાણમા વ્યક્ત થઇ શકે છે તે સંપૂર્ણ રીતે વિકસિત થાય એવુ જીવન બનાવવાને માટે સતત પ્રયત્નશીલ રહેવુ જોઇએ આપણે જાણીએ છીએ કે જગતમા બે માર્ગ છે તેમા એક તો પ્રવૃત્તિ માર્ગ અને બીજો નિવૃત્તિ માર્ગ બન્ને માર્ગ પૈકી પ્રવૃત્તિ માર્ગ ઉપર પ્રમાણ કરનારા મનુષ્ય અધિક સંખ્યામા હોય છે તે માર્ગ ઉપરનુ જીવન કેવી જાતનુ હોય છે, તેનો આપણને દરેકને અનુભવ છે અર્થાત્ આપણી આજુબાજુના જગતમા તે માર્ગના પ્રવાસીઓની પરિસ્થિતિ કેવી હોય છે તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ જ્યારે પ્રવૃત્તિ માર્ગ હમેશા પોતાના અંતિમ ધ્યેયથી દૂર અને દૂર ખસેડી લઇ જનાર છે ત્યારે નિવૃત્તિમાર્ગ મનુષ્યને હમેશા પોતાના અનંત જીવનરૂપ જે ધ્યેય છે તેના તરફ લઇ જનાર છે આ બન્ને માર્ગ પૈકી જે અનંત જીવન પ્રતિ આકર્ષણ કરનારો નિવૃત્તિમાર્ગ છે તેનેજ ગ્રહણ કરવો જોઇએ.

હાલના સમયમાં જ્યારે આપણે જણીએ છીએ કે આપણા આદર્શ જીવનરૂપે જગતની મહાન સેવા કરવાની અમુક તક આપણને પ્રાપ્ત થયેલી છે ત્યારે એ મહાન દિવ્ય શક્તિનો ઉપયોગ માત્ર રૂપક શરીરની તંદુરસ્તી અને આબાદી પ્રાપ્ત કરી સમાધાન માની બેસી રહેવામાં નથી. પરંતુ તે મહાન શક્તિનો ઉપયોગ જગતના વિકારી કાર્યમાં મદદ કરવા માટે અનેકવિધ રીતે કરવો પડે છે જ્યાં આ મહાન કાર્યો કેવીરીતે કરે સાધ્યની દૃષ્ટિમૂત કરી શકાય તેના ક્રમપ્રમાણમાંથી ઘણા વૈકલ્પિક જણીતા હોય છે. જનસમૂહનો મોટો ભાગ જે નાની નાની બાબતોમાં દૈનંદિન પરિણામ લાવી શકે છે પરંતુ આવી મોટી બાબતમાં મોટું પરિણામ લાવી શકતા નથી તેનું શું કારણ છે તે સહજ સમજી શકાય તેમ છે મોટું પરિણામ લાવી આપનું તેનું કારણ એનું છે કે એક માણસ બે બેડે મદદ કરતો નથી તેમજ એકી સાથે બે માણીસની સેવા લાવી શકતો નથી અર્થાત્ એકી વખતે આપણે બન્ને માર્ગ ઉપર આવતા આવીએ તો આવી શકીએ નહીં. અનેકમ માર્ગમાં આગળના મેળવણી હોય તો દરેક નિષ્ઠાથી આપણે એકજ માર્ગનું એટલે કે જે માર્ગ આપણને અનંત જીવન તરફ લઇ જનાર છે તે નિર્ણિમાર્ગનું જ અનુસરણ કરવું જોઇએ

જ્યારે આપણને એવો અનુભવ આવે છે કે જ્યારે મનુષ્યને પોતાની પ્રતિકૃતિ રૂપ બનાવ્યો છે ત્યારે આપણે વિકારને એક પ્રકારના નવીન વાતાવરણમાં પ્રવેશ કરવો હોય એમ બનાવ છે એ બાબત સંપૂર્ણ રીતે સમજ્યા પછી કોઇ નવીન પ્રકારની ક્રિયા કરી હોય અથવા આપણે કોઇ જુદી રીતે વિચાર કરવાને તેમજ જીવન જગતમાં કાંઇ નવીન માર્ગ શોધી કાઢવો હોય એમ આપણને જણાય છે પ્રથમની માન્યતા એવી હતી કે આપણે એક પાપીની માફક અને એક નિર્બળ અને અજ્ઞાન મનુષ્ય તરીકે જીવન ગાળીએ છીએ. પરંતુ હાલના નવીન સત્યથી આપણને એમ સમજવામાં આવ્યું છે કે આપણે એક દિવ્ય વ્યક્તિ તરીકે પ્રભુના બાળક કે રાજકુમાર તરીકે ચરિત્રવાન પરિપૂર્ણ દિવ્ય આત્મા તરીકે આપણું જીવન ગાળીએ છીએ અને આવી સમજનો જ્યા ઉદય થયો તે ક્ષણેજ કયા માર્ગ પર આપણે પ્રવાસ કરવું એવરકર છે તેનો આપણે નિશ્ચય કરી લેવો જોઇએ. કારણ કે હવે એકજ માર્ગ નિશ્ચિત કરી આપણું પગલું દૃઢમાં અને દૃઢીમાં ખરેખું ખરેખું એટલે માન્યતા કેમ અને વર્તન કેમ એના પ્રકારનું જીવન હવે નબી શકશે નહીં. કેમકે તેથી કોઇપણ પ્રકારના મોટા પરિણામને લાવી શકાય નહીં.

બધા લોકો દિવ્ય સત્યની ઊંડી માન્યતા ધરાવે છે, અને તેઓ સંપૂર્ણ રીતે માને છે કે મનુષ્ય એ ઇશ્વરની પ્રતિકૃતિરૂપ છે છતાં પણ તે પોતાને મનુષ્ય પ્રાણી તરીકે નિર્બળ હોવાનો વિચાર જાળવી રાખે છે જ્યારે કોઇ કુદરતી કાર્ય ઉદ્ભવ થાય છે, અને તેમાં જ્યારે નિષ્ફળ નિવડે છે, ત્યારે તેઓ સ્વાભાવિકરીતે નિરાશ બની જાય છે તેઓની નિરાશાજનક ભાષા આ પ્રમાણેની હોય છે કે, " હું એમજ ધારતો હતો, પણ હું કરી કે શકું તો માત્ર મનુષ્ય છું, એક નિર્બળ અને નાલાયક પ્રાણી છું, આવા કારણે પરોની બાબતમાં અને તેમાં સાંભળના કેળવવાને કુ ત્યન અશક્ત છું કોણ જાણે કુ સાંભળના કેળવવાને આમંત્રણ કરું પરંતુ હું તો કુ બીજું નિર્બળ છું એટલે મારે

પોતાને માટે સફળતા મેળવવાની વધારે આશા રાખી શકે નહીં કારણ કે હું માત્ર મનુષ્ય પ્રાણી છું. " આવા પ્રકારની શ્રેણી ઘણા મનુષ્યોના મનમા ઉદ્‌ભવે છે એમ સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે તેમને પોતાના કાર્યમા શા માટે સફળતા મળતી નથી તેઓ પોતાની અદર રહેલી પૂર્ણતા અને દિવ્યતા અનુભવવાનો પ્રયત્ન તો કરે છે પરતુ સાથે સાથે તેમના મનમા મનુષ્ય તરીકેની નિર્બળતા અને અપૂર્ણતાના વિચાર ચાલુ રાખે છે તેઓ માનવનિર્બળતાની દુનીયામા રહેવાનું ચાલુ રાખી દિવ્ય શક્તિ પ્રાપ્ત કરવાની આશા રાખે છે તેઓ એકી સાથે સત્ અને અસત્ નો પરિચય કરવાનો પ્રયત્ન કરે છે, પરતુ જ્યાસુધી અસત્નો સ પૂર્ણ રીતે વિનાશ કરવામા આવે નહીં ત્યાસુધી સત્તી શક્તિનો પરિચય આપણે કરી શકીએ નહીં

જ્યા સુધી મન બહિર્મુખ હોય છે ત્યા સુધી સ્વાભાવિક રીતે તેને એમજ લાગે છે કે જે બહારની દુનિયા છે તેજ માત્ર સત્ય જગત છે, પરતુ ખરી મુશ્કેલી આ સ્થિતિમાંજ ઉભી થાય છે આપણે એમજ ધારીએ છીએ કે જેટલુ બહારનુ છે તેટલુ મહત્વનું છે અને અદરનું જેટલુ છે તેટલુ કેવળ " મનની કલ્પનાઓ છે " પરતુ આપણી તેવી માન્યતાને જ્યારે આપણે તદ્દન ઉલ્ટાવી નાખીશુ ત્યારેજ આપણને ખરૂ સત્ય માલુમ પડે છે સામાન્ય જનતાની એવી માન્યતા છે સ્થૂળ શરીર એક નિર્બળ અને નાશવત છે અને એવો વિચાર જ્ભાનાથી ચાલ્યો આવે છે અને તેજ પ્રમાણે સ્વાભાવિક સ્થૂળ શરીર નિર્બળ અને નાશવત છે તેવુ આપણે માનતા આવ્યા છીએ. પરતુ સત્ય વાત એવી છે કે સ્થૂળ શરીર નિર્બળ કે તેનું કારણ આપણેજ ઉત્પન્ન કરેલુ છે આત્મિક બળને બદલે મનુષ્યને મનુષ્ય તરીકેની નિર્બળતાઓ વારસામા મળેલી છે એવો દાવો કરવાનું આપણે ચાલુ રાખ્યુ છે પોતાને અમર્યાદ આત્મિક બળ વારસામા મળેલુ છે એવી સતત માન્યતાથી જેઓ પોતાનુ જીવન હમેશાજ ગાળવા લાગે તો સ્થૂળ શરીર નિર્બળ છે એવુ ક્ષણભર પણ માની શકશે નહીં સ્થૂળ શરીરને આપણે જેવા પ્રકારનુ ઘડવા માગીયે તેવા પ્રકારનુ બની શકે છે અને જેવી સહેલાઇથી આપણે તેને નિર્બળ બનાવી શકીએ છીએ તેટલીજ સહેલાઇથી તેને સ પૂર્ણ બળવાન બનાવી શકીએ છીએ. તમે એમ ધારો કે મનુષ્ય એક અને નિર્બળ અને નાશવત પ્રાણી છે તો તે વિચારને અનુસરીને સ્થૂળ શરીરને તમે નિર્બળતાને વસવાનુ સ્થાન બનાવી મુકો છો પરતુ હવે તો તમારે ખાનીથી માનવુ જોઇએ કે તમો એક મહાન, બળવાન, અજીત અને અનત જીવનવાળા આત્મા છો. એટલે તમારી એ પ્રમાણેની દઢ માન્યતાથી તમારૂ સ્થૂળ શરીર પણ ઉચ્ચ પ્રકારના સદ્‌ગુણો, સૌદર્ય ને શક્તિના ભડારરૂપ બનશે આત્મિક ભૂમિકા ને શક્તિ અને જીવન તેની મારફત પ્રદર્શિત થશે

આપણે વિદ્વત્તાપૂર્વક આધ્યાત્મિક વિચારોની સુદરતા વિષે પ્રતિપાદન કરીએ છીએ પરતુ તે આધ્યાત્મિક વિચારની છાપ આપણી વાણી અને વર્તનની મારફતે પ્રદર્શિત ન કરી શકીયે ત્યા સુધી તેનો આપણને કશો ઉપયોગ નથી શબ્દોની કેવા પ્રકારની શક્તિ હોય છે તે આપણે સર્વ જાણીયે છીએ. જ્યારે જ્યારે આપણે બોલીયે છીએ ત્યારે ત્યારે શરીરના દરેક ભાગમા વાણીની મારફતે એક પ્રકારનો જીવન પ્રવાહ

ભૂમિકા (વેશ)નો આપણે વિકાસ સાધ્યો, પણ હવે તો પ્રજ્ઞા (બુદ્ધિ–Intuition)નો વિકાસ સાધવા માટે આ વિદ્યાનો ઉપયોગ છે પ્રજ્ઞાનો વિકાસ થયા પછી અમર જીવનનો આનંદ–અનુભવ કેવો થાય છે તે " ગિરિ શિખર "ના મથાળાંથી આપેલ લેખમા વર્ણન કરવામા આવેલુ છે

" સજીવની " સબંધમા સંતમતમા જે પરિચય કરાવેલ છે, તેનો અત્રે ઉલ્લેખ કરવો ઉપયોગી થશે, એવા ઉદ્દેશથી નીચે પ્રમાણે આપવામા આવે છે —

જરા મીચ વ્યાપૈ નહીં, મૂઆ ન સુનિયે કોય,
ચલ કબિર વા દેસકો, વૈદ્ય રમૈયા હોય.

ભો–સાગર તે પૌ રહો, જ્યો જલ કમલ નિરાસ.
મનુવા વહા લે રાખિયા, જહા નહિ જમ કાસ

કબીર જોગી વન બસા, ખનિ ખાયા કંદ મૂલ,
ના જનો કિસ ખટ્ટિસે, અમર ભયા અસ્થૂલ

કબીર તો પિવ પૈ ચલા, માયા મોહસો તોરિ,
ગગનમ ડલ આસન કિયા, કાલ રહા મુખ મોરિ

કબીર મન તીખા કિયા, ણાય બિરહ ખરસાન,
ચિત ચરનો સો ચપટિયા, કા કરૈ કાલકા બાન.

કાચી રતી મતિ કરો, દિન દિન બઢૈ બિયાધ,
રામ કબીરા રચિ ભઈ, બાહિ ઔષધિ સાધ.

મનુવા ભયા દિગન્તરી, બોલૈ સબ્દ રસાલ,
બાત દિસાવર કી કહૈ, તહા નહીં જળ કાલ.

ઐસી તીખી સુરતિ હૈ, ફોડિ ગઇ બ્રહ્મડ,
રામ નિરાલા દેખિયા, સાત દ્વીપ નૌ ખડ

રામ રમત અરિયર ભયા, જ્ઞાન કથત ભયલીન,
સુરતિ સબ્દ એકૈ ભયા, જલ હી હુવૈગા લીન

રામ મરૈ તો હમ મરૈ, નાતર મરૈ બલાય,
અવિનાસી કૈ ચોટવા, મરૈ ન મારા જાય

× × × ×

યાદ

જે કથી તાહરી યાદ આવી ગઇ,
ઉમ્ર કેરા ફૂલની વાસ આવી ગઇ !
કયાક જાતા જતા ગમની ફૂલની,
એ ઋતુ રહેજ મુજ બાગ આવી ગઇ

શ્રી ઉશનસ્

મહાકવિ પ્રેમાનંદનું ગુજરાતી કવિઓમાં સ્થાન

શ્રી રતિલાલ રામચંદ્ર ભટ્ટ

કવિ કે કવિતા એ એમાંથી કોઈની પણ પૂર્ણ વ્યાખ્યા થઈ શકતી નથી. કવિતા સાહિત્યનું એક સ્વરૂપ છે કવિતાની એક વિશિષ્ટ આકૃતિ હોય છે કવિતા એ એક કલા છે કલા એટલે સુઘટિત સયોજન, ઉર્મિને—અનુકૂળ વાણી રચનામાં આકાર મળે સારે કવિતા જન્મે છે એવી કવિતાને બનાવનાર તે કવિ.

ઉચ્ચારણ દ્વારા જનતાને આકર્ષ આપનો કવિ આપણે ત્યાં જ સમાજનિર્માયક છે, પ્રેમાનંદ કવિ આપણો એક મહાન સમાજ નિર્માયક છે ગુજરાતને વાણી અને ભાષા દ્વારા એકતા અર્પનાર સાહિત્યકારોમાં તેનું સ્થાન મોખરે છે સુન્દર સાહિત્યનાં ઉત્તરોત્તર આકુળ સમર્પનાર પ્રેમાનંદ કવિ એકમે રસસિદ્ધ ચિર છતાં અને કવિનું સાહિત્ય એકમે ચિરંજીવી સાહિત્ય, ગુજરાતી ભાષાને બીજી ભાષાઓના જેવા સાહિત્યની દયામાં તોલ પાથરી પડેલ એવું તે પાથરીના જમાનામાં આજ પણ લેનાર બહ કવિ પ્રેમાનંદ ઈ સ ૧૬૩૧—૩૭મા વીરરામા જન્મ્યા એવો કાળ હોવમાં અપેક્ષાકૃત એવું વર્ણનો અટોસાદિવાય. તેવે મામેરા કાવ્યમાં ઉતારું એવું અને મહીયી મિરા સુન્દરીને રોપિબ્રાન બનાવી. સુન્દરી મિરાના મહાભાગ્યે પુનિયોગન સો વર્ષ એટલું લાંબુ આ કુમ્ભ જોવનાર એ પ્રજાપ્રિ કવિ આકાશ જમાનો તેનની પ્રજાદ જેમ આકાશને માપે છે તેમ આપણે સહીને માપી લે છે આપણમાં રહ કવિનો અધિકાર કવિ પ્રેમાનંદ જ છે

કવિપ્રતિભાનો સ્તરમેળ સૌથી ગુજરાતી સાહિત્ય માટે ખૂબ મહત્વનો છે અનેક પ્રેમાનંદ, શામળ એક એકથી તદ્દન ભિન્ન પ્રતિભાવાળા એવા ત્રણ કવિઓ આ સૈકાને પોતાના નામથી ભરી દે છે અમો સમાલના આત્મિક અધિકારની દૃષ્ટિએ ઉચ્ચ એવા ભાગ માટે પોતાની હૃદયધારા રેલાવી રહ્યો છે તો તેની પછી તરત આવતો કવિ પ્રેમાનંદ દર્શન કરતા જીવન નિરૂપણ પર વધારે ભાર મૂકી અધિકારની દૃષ્ટિએ મધ્યમવર્ગ આસપાસ સાગર પર વેપારો રાજકારો ખોલાવતો પોતાની કલાવાણી સમાકારી રહે છે પ્રેમાનંદ અને શામળ તે કલપત નર્મદની પેઠે સમકાલિન અને સામસામા મોરચા બાંધી લડનાર નરપુ નરેટ.

અનુપદ કાલિદાસની જીભ ઉપર કાલિ માતાની—કૃપાથી સરસ્વતી વસી અનુક્રમ પ્રેમાનંદ રોકતા રોકતા વળી રામાનંદ સ્વામીને રસ્તે પડી પાકવા તો ઊંચે સરોવર નહિ તો પ્રાકૃતમાં ઉત્તમ કવિ થવાના આશિર્વાદ એને મળ્યા.

આ રીતે સદીના ઇતિહાસના પાના ઉથલાવી જોઈએ તો કેટલી બધી પ્રકારે અવનતિ થયેલી માલમ પડે છે સૈકાનાં સૈકા થવા કવિનારાઓના અને સુજ્ઞતાનોના—જુલમ નીચે લોક કરાતા આખ્યાનકાર વિરોધી અને વિકસ્યું રાજકર્તાના અમલમા રાજકીય કે ધાર્મિક ઉન્નતિની આશા કેવી ! કેવી સાહિત્યપત્ર દુર્બળ થવામાંથી ગુજર સાહિત્ય મંદિરને નરસિંહ, પ્રેમાનંદ ને શામળે કોમળતા પ્રાપ્ત કરી તે પછીના કાળ ત્રિપુટીના પોષા આવ્યા ને કેટલાક જ કાળ પ્રેમાનંદ જેવા વિરલ નરનો કરપરાજ આત્મશક્તિમા કાંઈ જ રહી આપણે જોઈએ છીએ

આખ્યાન સાહિત્યમા વિવિધતા અને વિશિષ્ટતાની ઝાખી થાય છે તે તો પ્રેમાનદની કૃતિઓમાજ થાય છે એક તરફ મૌલિક ઋજુ શૈલીમા રચેલુ પણ રસે ઉભરાઇ જતુ ઓખાહરણ આકર્ષે છે બીજી તરફ ભક્ત હૃદયની માનુષી વૃત્તિઓ અને દૈવી ભાવનાઓ વચ્ચે યુદ્ધ ચીતરતુ સુદામા ચરિત્ર ચીત્તને ચકિત કરે છે ત્રીજી તરફ સુભદ્રા હરણ અને રૂકિમણી હરણ સુઘટિત અપૂર્વ–સ વિધાનથી આપણા મનનુ હરણ કરે છે એના રચેલા સાહિત્ય મદિરને માથે ભાગવત્ દશમસ્કધ પૂર્વાર્ધ સોનાના કળશરૂપ છે ઉત્તરવયમા સતકવિ તરિકે પૂજાયેલા પ્રેમાનદની એ અતિમ પ્રસાદી છે

આગગાઢી વગરના એક યુગમા પ્રેમાનદની પ્રતિભા આખા ગુજરાતે ઓળખી હતી. ઘેર ઘેર ગવાતુ 'ઓખાહરણ', ચકલે ચકલે ગવાતો 'દશમસ્કધ', પ્રભાતે પ્રભાતે ઉચ્ચારાતી 'હારમાળા' અને પ્રસંગે પ્રસ ગે ઉકલતું 'મામેરૂ' પ્રેમાનદની વ્યાપકતા સૂચવે છે દયારામની ગરબીઓ માફક, નરસિહ મીરાના ભજનો માફક, પ્રેમાનંદના આખ્યાનોએ આખુ ગુજરાત એક બનાવી દીધુ છે સ્ત્રીઓ અને પુરૂષો માટે પ્રેમાનદનાં કાવ્યો સરકારના ઝરણા સરખાં હતા જનતા સુદામા અને નરસિહ સાથે હસતી, અને દમયતિના વિલાપ સાથે રડતી, આમ પ્રેમાનદે ગુજરાતની રસિકતા ઘડી છે

પ્રેમાનદનો સૃગાર શુદ્ધ, મર્યાદાશીલ સરકારી અને ઉડો છે કરૂણરસ પ્રેમાનદ પછી કલાપીએજ લખ્યો એમ કહીયે તો ચાલે. અને તેના હાસ્યની જોડે બેસે એવા આજ સુધી પણ બહુજ ઓછા કલાકારો થયા છે એની ભાષા રોળ વગરની છતા શુદ્ધ, રસભરી અને મર્મવાળી છે ઉચ્ચ પ્રકારનું ગૌરવ પ્રેમાનદની ભાષામા રહેલુ આપણને દેખાઇ આવે છે વર્ણનશક્તિ પણ અસલ ઉચ્ચ પ્રકારની, પ્રસગને, ચિત્રને, પાત્રને તાદશ્ય બનાવવાની શક્તિ પ્રેમાનદ સરખી પાછળ કોઇ કવિમા ન હતી. અને પાત્રનિરૂપણ કરવાની શક્તિ તો પ્રેમાનદનીજ, સ્વાભાવીકપણુ એ પાત્રનિરૂપણનો પામ્યો. પ્રેમાનદનુ પાત્રાલેખન બહુ સ્વાભાવિક–નૈસર્ગિક છે એની કવિતા એટલી પ્રસાદપૂર્ણ છે કે વાચ્યા પછી તેની અસર ઉડી જતી નથી

મહાકવિ પ્રેમાનદ એ ગરવી ગુજરાતનો એક અને અનેરો લાડીલો કવિ છે મધ્યકાલિન સાહિત્યકારોમા એ મણિમેરૂ છે, પૌરાણિક આખ્યાનકારોમા એ કીર્તિસ્તભ છે, રસસ્રષ્ટાઓમા એ રસેશ્વર છે, મર્મવિદોમા એ મનમોહક છે, અનુભવનિચોડમાં એ રત્નાકર છે, કલાકોવિદોમા એ કામણગારો કવિ છે ભક્તિ, પ્રભુલીલા અને જનહૃદય–રહસ્યના ત્રિવેણીસગમથી છલકાતો એનો કાવ્યનાદ–સર્વાનુભવરસિક છે ચિરજીવી સાહિત્યસર્જનમાં પ્રેમાનદની વિરાટતા, માનવમાનસના સ્પર્શમા પ્રેમાનદની વેધકતા, રસલક્ષી દૃષ્ટિબિંદુઓમા પ્રેમાનદની સૂક્ષ્મતા, સર્વદેશીય જીવનદર્શનમાં પ્રેમાનદની અનેકાનુભવગમ્યતા, એ સઘળાં અનન્ય તત્વો પડેને વાચનેજ ચિત્તહારી બને છે. વસ્તુત પૌરાણિક કથાઓની પોરસોડિ સૃષ્ટિમા ચમકતી માનવતા બહલાવનાર, તેને તત્કાલીન ગુજરી ગૌરવે રગી, ચોટદાર વાતાવરણે અકિત કરી, દેવકથામાથી જે માનવ રહસ્યો ઉકેલનાર કલાકાર પ્રેમાનદ એટલા વાચ્યા પછી સહૃદયી વાચકોથી અળગો કરી શકાતો નથી. એની આખ્યાનનદી આપણી તત્કાલીન ગુજરસ કૃતિની સ્મરણસહિતા છે એના રસચટકાઓ, એના ચિત્રદર્શનો, એના વિહગદર્શી કલ્પનાવિહારો, એની હાસ્ય

રીઓ અને મર્માળુતા, એનો ભાષાપ્રેમ કલારસિકતા, હરકોઇ પ્રાન્તીય સાહિત્યને ગૌરવ અપાવે તેવા છે પ્રેમાનદ, એ ગુજરાતનો અને અવશ્યમેવ ગુજરાતી ભાષાનો નેકનિષ્ઠ કવિ છે

વિક્રમના અઢારમા સૈકામા (ઇ સ. ૧૬૩૬–૧૭૩૪) શાન્ત અને સ્વસ્થ જીવન અને કવનથી ઉછળતો પ્રેમાનદનો આ કાવ્ય નદ "મિથ્યા સસાર સાચો કવિ કયે" એમ કહી યથાર્થથી દૂર રહેતા અખા અને "કહ્યું કયે તે શાનો કવિ" કહી કટાક્ષ તર્કભારથી દબાતો અયચ્યો વાતોરસ પાવા ઉત્સુક દેખાતા સામળના સર્જનની સાથોસાથ મઘમઘે છે અખાની ક્ષારયુક્ત વાણી સ્વયભૂ છે સામળની તાર્કિક વાર્તાઓના બીજા જૈન રાસાઓમા અને દૂર સુદૂર પચતત્ર, કથા સરિત્સાગર, આદિ સસ્કૃત–પ્રાકૃત લોકવાર્તાઓમા મળે છે પ્રેમાનદને, શેકસપિયર પેઠે, એનું આખ્યાન વસ્તુ પુરાણોમાથી સાપડેલ છે, પરતુ એટલુજ એને પર્યાપ્ત નથી એણે તો ભવભૂતિની પેઠે "इदम् कविभ्यः पूर्वेभ्यः नमो वाक्म् प्रशास्म हे।" કહી નજીકનાજ પુરોગામી કવિઓની સુવાસ પોતાના કાવ્યોદ્યાનમા યથાવકાશ ફેલાવી છે, આ સૌરભલાભવને પરિણામે ભાલણ, નાકર, વિષ્ણુદાસ, મનોહર, વિશ્વનાથ મૌની, ઉદ્ધવ, વગેરે પ્રાક્પ્રેમાનદીય યુગના કવિઓના બાદ શાહી બ્રહ્મનામાથી પ્રેમાનદને છૂટ તો ચલાવવી જ પડી છે, "સર્જકની કળા આ છૂટને નવી જીવત સૃષ્ટિની અવશ્યામા આવિર્ભૂત કરવામા રહેલી છે" એમ શ્રી. ખબરદાર કહે છે પ્રેમાનદનુ પણ તનુસાર છે એણે પુરોગામીઓમા નહિ એવા પ્રસગો યોજ્યા, પાત્રવિવેક જાળવી, જનરુચી કેળવી, વસ્તુસેટ પારખી, રસસ કમળ લક્ષ્યીભૂત કરી, પોતાની નવ પ્રતિભાવત કાવ્યસૃષ્ટિ ઉત્પન્ન કરેલ છે તોપણ એનુ યથોચિત મુલ્યાકન કરવા માટે આપણે પ્રાક્પ્રેમાનદીય સાહિત્યનુ દિગ્દર્શન કરવુ જોઇએ

વિક્રમના પદરમા શતકની શરૂઆતથી એટલે કે નરસિહના જન્મથી માડીને બસો વર્ષ પર્યંતના એટલે કે આખા જગતના જન્મ પર્યંતના ભક્તિયુગને પ્રાક્પ્રેમાનદીય યુગનુ નામ આપી શકાય. આ યુગ ધર્મપ્રેરક હતો. જ્ઞાન, ભક્તિ, શૃગાર, આધ્યાત્મિકતા આદિ વિવિધ ભાવોની આ યુગમા છોભ ઊઠતી ભક્તિરસમા તલ્લીન રહેતો નરસિહ જ્ઞાનગમ્ય રસવૃત્તિને પૌરાણિક આખ્યાનોદ્વારા પોષતો પડિત કવિ ભાલણ, જનહિત ખાતર આખ્યાનો રચતો વણિક કવિ નાકર, આખ્યાન શૈલીમા વાર્તાની વિનોદી શૈલી ભેળવતો વસ્તો ધર્મવિમુખ સમાજને પુરાણ કથા ભેગો લોકહિતનો–ઉપદેશ આપતો વિષ્ણુદાસ–આદિ અનેક વિભૂતિમત્–સાહિત્યકારોએ પૌરાણિક આખ્યાનો રચી પ્રાક્પ્રેમાનદીય સાહિત્ય કુજને વિવિધ સૌરભે ભરી હતી અને પ્રેમાનદને એમા યથેચ્છ વિહાર કરવા અવકાશ હતો.

પરતુ આ આખ્યાનો પ્રો. ભટ્ટબુદાર રહે છે તેમ કેવળ ગુજરાતી ભાષાનુજ કલેવર ધારણ કરનારા કથા ભાગ તરફજ દૃષ્ટિ રાખનારા, પુરાણનેજ સર્વથા અનુસરનારા હતા. એમની પાછળ કોઇ સૂક્ષ્મ કલાવિધાયકનો સર્જક આત્મા દોરીસચાર કરી રહેલ ન હતો. એટલે વસ્તુત તો અઢારમા સૈકામા પ્રેમાનદના સમયથીજ મહાભારત, રામાયણ, માર્કન્ડેય પુરાણ આદિ અનેક મહાપુરાણોનો કથાનક-વલોવાયો અને સાચી કલાકૃતિ ગણી શકાય તેવાં આખ્યાનો એક પછી એક બહાર આવવા લાગ્યાં.

આખ્યાન સાહિત્યમા વિવિધતા અને વિશિષ્ટતાની ઝાખી થાય છે તે તો પ્રેમાનદની કૃતિઓમાંજ થાય છે એક તરફ મૌલિક ઋજુ શૈલીમા રચેલુ પણ રસે ઉભરાઇ જતુ ઓખાહરણ આકર્ષે છે બીજી તરફ ભક્ત હૃદયની માનુષી વૃત્તિઓ અને દૈવી ભાવનાઓ વચ્ચે યુદ્ધ ચીતરતુ સુદામા ચરિત્ર ચીત્તને ચકિત કરે છે ત્રીજી તરફ સુભદ્રા હરણ અને રૂકિમણી હરણ સુઘટિત અપૂર્વ–સવિધાનથી આપણા મનનુ હરણ કરે છે એના રચેલા સાહિત્ય મદિરને માથે ભાગવત્ દશમસ્કધ પૂર્વાર્ધ સોનાના કળશરૂપ છે ઉત્તરવયમા સતકવિ તરિકે પૂજાયેલા પ્રેમાનદની એ અતિમ પ્રસાદી છે

જાગગાદી વગરના એક યુગમા પ્રેમાનદની પ્રતિભા આખા ગુજરાતે ઓળખી હતી ઘેર ઘેર ગવાતુ 'ઓખાહરણ', ચકલે ચકલે ગવાતો 'દશમસ્કધ', પ્રભાતે પ્રભાતે ઉચ્ચારાતી 'હારમાળા' અને પ્રસંગે પ્રસંગે ઉકલતું 'મામેરૂ' પ્રેમાનદની વ્યાપકતા સૂચવે છે દયારામની ગરબીઓ માફક, નરસિહ મીરાના ભજનો માફક, પ્રેમાનદના આખ્યાનોએ આખુ ગુજરાત એક બનાવી દીધુ છે સ્ત્રીઓ અને પુરૂષો માટે પ્રેમાનદના કાવ્યો સરકારના ગરણા સરખા હતા જનતા સુદામા અને નરસિહ સાથે હસતી, અને દમયતિના વિલાપ સાથે રડતી, આમ પ્રેમાનદે ગુજરાતની રસિકતા ઘડી છે

પ્રેમાનદનો શૃગાર શુદ્ધ, મર્યાદાશીલ સરકારી અને ઉંડો છે કરૂણરસ પ્રેમાનદ પછી કલાપીએજ લખ્યો એમ કહીયે તો ચાલે. અને તેના હાસ્યની જોડે બેસે એવા આજ સુધી પણ બહુજ ઓછા કલાકારો થયા છે એની ભાષા ડોળ વગરની છતા શુદ્ધ, રસભરી અને મર્મવાળા છે ઉચ્ચપ્રકારનું ગૌરવ પ્રેમાનદની ભાષામા રહેલું આપણને દેખાઇ આવે છે વર્ણનશક્તિ પણ અસત ઉચ્ચ પ્રકારની, પ્રસગને, ચિત્રને, પાત્રને તાદશ્ય બનાવવાની શક્તિ પ્રેમાનદ સરખી પાછળના કોઇ કવિમા ન હતી અને પાત્રનિરૂપણ કરવાની શક્તિ તો પ્રેમાનદનીજ, સ્વાભાવીકપણ એ પાત્રનિરૂપણનો પાયો પ્રેમાનદનુ પાત્રાલેખન બહુ સ્વાભાવિક–નૈસર્ગિક છે એની કવિતા એટલી પ્રસાદપૂર્ણ છે કે વાચ્યા પછી તેની અસર ઉડી જતી નથી

મહાકવિ પ્રેમાનદ એ ગરવી ગુજરાતનો એક અને અનેરો લાડીલો કવિ છે મધ્યકાલિન સાહિત્યકારોમા એ મણિમેરૂ છે, પૌરાણિક આખ્યાનકારોમા એ કીર્તિસ્તભ છે, રસસ્રષ્ટાઓમા એ રસેશ્વર છે, મર્મવિદોમા એ મનમોહક છે, અનુભવનિચોડમાં એ રત્નાકર છે, કલાકોવિદોમા એ કામણગારો કવિ છે ભક્તિ, પ્રભુલીલા અને જનહૃદય–રહસ્યના ત્રિવેણીસગમથી છલકાતો એનો કાવ્યનાદ–સર્વાનુભવરસિક છે ચિરજીવી સાહિત્યસર્જનમા પ્રેમાનદની વિરલતા, માનવમાનસના સરપર્શમા પ્રેમાનદની વેધકતા, રસલક્ષી દૃષ્ટિબિંદુઓમા પ્રેમાનદની સૂક્ષ્મતા, સ્વદેશીય જીવનદર્શનમાં પ્રેમાનદની અનેકાનુભવગમ્યતા, એ સઘળા અનન્ય તત્વો પહેલે વાચનેજ ચિત્તહારી બને છે. વસ્તુત પૌરાણિક કથાઓની પૌરલૌકિક સૃષ્ટિમા ચમકતી માનવતા ખહલાવનાર, તેને તત્કાલીન ગુજરી ગૌરવે રગી, ચોટદાર વાતાવરણે અકિત કરી, દેવકથામાથી યે માનવ રહસ્યો ઉકેલનાર કલાકાર પ્રેમાનદ એકવાર વાચ્યા પછી સહૃદયી વાચકોથી અળગો કરી શકાતો નથી, એની આખ્યાનનદી આપણી તત્કાલીન ગુજરસ સ્કૃતિની સ્મરણસહિતા છે એના રગચટકાઓ, એના ચિત્રદર્શનો, એના વિહગદર્શી કલ્પનાવિહારો, એની [illegible]

રીઓ અને મર્માળુતા, એનો ભાષાપ્રેમ કલારસિકતા, હરકોઇ પ્રાન્તીય સાહિત્યને ગૌરવ અપાવે તેવા છે, પ્રેમાનદ, એ ગુજરાતનો અને અવશ્યમેવ ગુજરાતી ભાષાનો નૈકનિષ્ઠ કવિ છે

વિક્રમના અઢારમા સૈકામા (ઇ સ. ૧૬૬૬–૧૭૩૪) શાન્ત અને સ્વસ્થ જીવન અને કવનથી ઉજળતો પ્રેમાનદનો આ કાવ્ય ન૰ " મિથ્યા સસાર સાચો કવિ કયે " એમ કહી યથાર્થથી દૂર રહેતા અખા અને " કહ્યું કયે તે શાનો કવિ " કહી કષ્ટ તર્કભારથી દબાતો અચન્યો વાતોરસ પાવા ઉત્સુક દેખાતા સામળના સર્જનની સાથેસાથ મપમયે છે અખાની ક્ષારયુક્ત વાણી સ્વયભૂ છે સામળની તાર્કિક વાર્તાઓના બીજ જૈન રાસાઓમાં અને દૂર સુદૂર પચતત્ર, કથા સરિત્સાગર, આદિ સસ્કૃત–પ્રાકૃત લોકવાર્તા ઓમા મળે છે પ્રેમાનદને, શેકસપિયર પેઠે, એનું આખ્યાન વસ્તુ પુરાણોમાથી સાંપડેલ છે, પરતુ એટલુજ એને પર્યાપ્ત નથી. એણે તો ભવભૂતિની પેઠે " इदम् कविभ्यः पूर्वेभ्यः नमो वाकम् प्रशास्य है । " કહી નજીકનાજ પુરોગામી કવિઓની સુવાસ પોતાના કાવ્યોદ્યાનમા યથાવકાશ ફેલાવી છે, આ સૌરભસાવચને પરિણામે ભાલણ, નાકર, વિષ્ણુદાસ, મનોહર, વિશ્વનાથ મૈની, ઉદ્ધવ, વગેરે પ્રાક્પ્રેમાનદીય યુગના કવિઓના બાદશાહી ખજાનામાથી પ્રેમાનદને લૂટ તો ચલાવવી જ પડી છે, " સર્જકની કળા આ લૂટને નવી જીવત સૃષ્ટિની વ્યવસ્થામા આવિર્ભૂત કરવામા રહેલી છે ' એમ શ્રી. ખબરદાર કહે છે પ્રેમાનદનુ પણ તત્વસાર છે એણે પુરોગામીઓમા નહિ એવા પ્રસગો યોજ્યા, પાત્રવિવેક જાળવી, જનરૂથી કેળવી, વસ્તુબેઠ બારખી, રસસ કમણ લક્ષ્યીભૂત કરી, પોતાની નવ પ્રતિભાવત કાવ્યસૃષ્ટિ ઉત્પન્ન કરેલ છે તોપણ એનુ યથાર્થ મુલ્યાકન કરવા માટે આપણે પ્રાક્પ્રેમાનદીય સાહિત્યનુ દિગદર્શન કરવુ જોઇએ

વિક્રમના પદરમા શતકની શરૂઆતથી એટલે કે નરસિહના જન્મથી માડીને બસો વર્ષ પર્યંતના એટલે કે આખા જગતના જન્મ પર્યંતના ભક્તિયુગને પ્રાક્પ્રેમાનદીય યુગનુ નામ આપી શકાય. આ યુગ ધર્મપ્રેરક હતો. જ્ઞાન, ભક્તિ, શૃગાર, આધ્યાત્મિકતા આદિ વિવિધ ભાવોની આ યુગમા છોળ ઊડતી ભક્તિરસમા તલ્લીન રહેતો નરસિહ જ્ઞાનગમ્ય રસવૃત્તિને પૌરાણિક આખ્યાનોદ્વારા પોષતો પડિત કવિ ભાલણ, જનહિત ખાતર આખ્યાનો રચતો વણિક કવિ નાકર, આખ્યાન શૈલીમાં વાર્તાની વિનોદી શૈલી ભેળવતો વસ્તો ધર્મવિમુખ સમાજને પુરાણ કથા ભેગો લોકહિતનો–ઉપદેશ આપતો વિષ્ણુદાસ–આદિ અનેક વિભૂતિમત્–સાહિત્યકારોએ પૌરાણિક આખ્યાનો રચી પ્રાક્પ્રેમાનદીય સાહિત્ય કુજને વિવિધ સૌરભે ભરી હતી. અને પ્રેમાનદને એમા યથેચ્છ વિહાર કરવા અવકાશ હતો.

પરતુ આ આખ્યાનો પ્રો ભજમુદાર કહે છે તેમ કેવળ ગુજરાતી ભાષાનુંજ કલેવર ધારણ કરનારા, કથા ભાગ તરફજ દૃષ્ટિ રાખનારા, પુરાણનેજ સર્વથા અનુસરનારા હતા. એમની પાછળ કોઇ સૂક્ષ્મ કલાવિધાયકનો સર્જક આત્મા દોરીસચાર કરી રહેલ ન હતો. એટલે વસ્તુત તો આરમા સૈકામા પ્રેમાનદના સમયથીજ મહાભારત, રામાયણ, માર્કન્ડેય પુરાણ આદિ અનેક મહાપુરાણોનો કથાનક-વલોવાયો અને સાચી કલાકૃતિ ગણી શકાય તેવાં આખ્યાનો એક પછી એક બહાર આવવા લાગ્યા

અને નિસત્વ ગરીબડી ગુજરાતીમાં આવા કલા યુકત આખ્યાનોનો જુવાળ જ્યારે પ્રેમાનન્દે ઉભો કર્યો ત્યારે ગુજરાતીની કિમત તો કેવળ " શુ થા પૈસા ચાર " જેવી હતી વિદ્વાનોની ભાષા તો ગીર્વાણુગિરા સસ્કૃતિ ગણાતી જનમનરજન તો સસ્કૃત પુરાણો વાચીનેજ કરાતુ અને ભક્તિ, ધાર્મિકતા વગેરે તો સસ્કૃતમાજ હોય એવી દઢ માન્યતા પ્રચલિત હતી. ધરજધ્યુ ગુજરાતી ભાષા તો માત્ર કોમળતા, દીનતા, આર્દ્રતા વ્યકત કરવાજ વપરાતી આવી વિષમ પરિસ્થિતિમા પ્રેમાનન્દને " સાગોપાગ સુરગ વ્યગ અતિશે ધારો ગિરા ગુર્જરી " કહી ગુજરાતી ભાષાનુ સારગ્રાહી સામર્થ્ય એનુ ભાવવાહી જોમ, અને " પાદેપાદ રસાળતા " પ્રતિપાદિત કરવાના હતાં પુરાણીઓની સસ્કૃત કથાઓથી પણ વિશેષ રસપ્રદ, વિશેષ મનોરજક, વિશેષ રપર્શક્ષમ આખ્યાનો પ્રાકૃત ભાષામા, ગુજરાતીમા, લખાય છે એ તેને હરિફાઈ કરી બતાવવાનુ હતું અને એ તેણે જીવનભરનો " પુરાણો જોખ " લક્ષ બતાવ્યુ પણ ખરૂ આખ્યાનો ઉપર આખ્યાનો રચી તેણે " મોબાદાટ " કુબોધિ પુરાણીઓને જનહૃદયથી વેગળા કરી, પોતાની હૃદયસ્પર્શિતા અને લોકગમ્યતા પુરવાર કરી, મધ્યકાળનો કોઇપણ સાહિત્યકાર સપાદન કરી શકે તેથી વિશેષ કીર્તિ સપાદન કરી

પ્રેમાનન્દ લોકપ્રિય તો બન્યોજ અને તે પણ એના આખ્યાનોને લીધેજ ત્યારે એ આખ્યાનોમા એવી કઈ કઈ અનન્ય વિભૂતિમત્તા હતી, કે જેને લક્ષને એ આટલા બધા રૂચિર અને હૃદયસ્પર્શી બન્યા તે હવે જોઇએ.

પ્રેમાનન્દના આખ્યાનોની બહુમાન્ય લોકપ્રિયતાના વિવિધ કારણો માંહેનુ પહેલુ કારણ તેમા ક્ષણે ક્ષણે પ્રતીત થતી વ્યાપક અને ચિરજીવ પાત્રસૃષ્ટિ છે, આ પાત્રસૃષ્ટિ અનેક પર્યવસાયી અને અનુભવગમ્ય પણ છે, એમા હૃદયના સ્વયભૂ પ્રેમથી આકર્ષાયેલા, મૃદુલ સ્નેહમય લગ્નજીવનનો ઉચ્ચઆદર્શ આપતા, ઉષા અને અનીરૂદ્ધ (ઓખાહરણ) અર્જુન અને સુભદ્રા (સુભદ્રાહરણ) મદાલસા અને ઋતુધ્વજ (મદાલસાખ્યાન,) કૃષ્ણ અને રુકિમણી (રુકિમણી હરણ) જેવા રસિક સયમી દપતીયુગલો છે, એમા પુત્રપ્રેમી નદ-યશોદા કે વસુદેવ-દેવકી જેવાં-પ્રૌઢગભીર વત્સલ પાત્રો છે (દશમસ્કધ) એમાં વડસાસુ કે નણદલ જેવા પ્રાકૃત વ્યવહારૂ બુદ્ધિનાં પાત્રો છે, (મામેરૂ) ધૃષ્ટ બુદ્ધિ જેવા કુટિલ અને કુરાચારી પ્રધાનો છે (ચદ્રહાસાખ્યાન) સુધન્વા જેવા નરવીર યોદ્ધાઓ છે ('સુધન્વાખ્યાન') ટુકમા પ્રેમાનન્દનુ પાત્રવૈવિધ્ય વિપુલ છે

વળી આ પાત્રસૃષ્ટિ-તત્કાલિન ગુર્જરી ગૌરવે રગાયેલ હોવાથી સવિશેષ સુગ્રાહ્ય અને તાદાત્મ્ય ભોગવતી લાગે છે, ગુજરાતી ગૃહ જીવનની ભાવનાઓ અને આશા ઓપણા ઓથી આ સૃષ્ટિ અલિપ્ત નથી. એમાં સાસુઓ " હાક મારતા જી જી કહીને ઉત્તર આપે વહુરે " એવી કુલવધૂની અપેક્ષા રાખે છે (ચદ્રહાસાખ્યાન) એની વહુવારૂઓ " ઘરનાં કામ કરે યામ તેવાં સાચવે સાસુ મનજી " એવી આજ્ઞાકિત હોય છે (રુકિમણી હરણ,) એમા નણદો " એક કકડો કાપડુ ન પામી પુત્રી મારી કૂલકૂલીજી " કહી મોહુ ચઢાવે છે (મામેરુ) એમા દ્રૌપદી ગુજરાતી શોકય પેઠે સુભદ્રા ઉપર તગાદો કરે છે, એમા ઓખા સારો વર મેળવવા ગોર પૂજે છે, એમા ' બીને વાન દીસતો ' વાણીયો ' કોરા ને કરકરા ' રૂપિયા માગે છે-આ બધુ તત્કાલીન ગુજરાતનુ જ જીવન દર્શન છે ' સુદામાચરિત્ર ' ના સુદામો,

'અભિમન્યુ આખ્યાન'નો શુકાચાર્ય 'રુક્મિણી હરણ'નો હરિભટ્ટ – એ બધાય પ્રેમાનંદ યુગના જ પાત્રો છે ગુજરાતી શિષ્ટ જીવનના રીતરિવાજો, હાવભાવ, પોષાક પટેરવેશ, રહેણીકરણી, આચારવિચાર, લટકાલટકા, બધુયે એટલી સૂક્ષ્મતાથી આ પાત્રોમાં પ્રતિબિંબિત થયું છે કે ગુજરાતને જો એ મનોરંજક ન લાગે તો બીજા કોને લાગે !

આખ્યાનોનું બીજું આકર્ષક તત્ત્વ કવિની રસજમાવટની અલૌકિક શક્તિ છે આખ્યાનોમાં રસનું અખંડિત નિર્ઝરણ રસસંક્રાંતિનું કૌશલ્યભર્યું નિર્વહણ, રસ વૈવિધ્યની અપરંપાર પ્રતિભા, રસલીનતાનું કાવ્યમય ઉડાણ, એની અનેક બાબતોમાં પ્રેમાનંદ અદ્યાપિ પર્યંત અજેય રહેલ છે પ્રેમાનંદની રસોદ્રેકતા કે રાસલીલા હરકોઈ મહાકવિને ઝાંખા પાડે તેવી છે એના સમકાલિનોમાં પુરોગામીઓમાં કે અનુગામી ઓમાં–કોઈમાં રસનું આવું વૈવિધ્યમય સંક્રમણ પ્રેમાનંદ જેટલી ઉદાત્તતાએ પહોંચેલ નથી. નરસિંહ મીરાંનો ભક્તિભાવ અન્તર્મુખ ભક્તિમિશ્રિત શૃંગારરસથી ઇતર કંઈ વહાવી શકતો નથી બાણભટ્ટનું પાંડિત્ય એને રસલીન થતાં અટકાવે છે અખા, ભોજા કે ધીરામાં રસદૃષ્ટિ ન હોય તે દેખીતું છે, સામળની રસિકતા સમસ્યાઓની રમઝટ વચ્ચે તર્કભારથી દબાઈ જાય છે, દયારામમાં રસની એકતાનતા છે એટલે સંક્ષેપમાં કહીએ તો આખાએ મધ્યકાલિન સાહિત્યમાં પ્રેમાનંદ તો રસેશ્વર જ છે, " રસની બાબતમાં કોઈ એના પેગડામાં પગ ઘાલી શકે તેમ નથી. " (નવલરામ)

કોઈ એક રસને પ્રેમાનંદે બીજા કરતાં વિશેષ મહત્ત્વ આપ્યું હોય તેવું આપણે જ બને છે, એના સ્થિતપ્રજ્ઞ ચક્ષુને સર્વ રસ સમાન છે ઋષ્ય શૃંગાખ્યાનમાં એ 'ચાતુરી પોડશી' કે 'સુરતસંગ્રામ' જેવા વિપ્રલમ્ભ શૃંગાર વર્ણવી શકે છે અને એટલી જ સ્વસ્થતાથી 'દશમસ્કંધ'ની ગોકુળલીલામાં બાલસુલભો વત્સલ રસ પણ વહાવી શકે છે 'નળાખ્યાન' માં કરુણનું પ્રાધાન્ય છે, 'રણયજ્ઞ' અને 'સુધન્વાખ્યાન'માં પણ ક્વચિત્ ક્વચિત્ કરુણની ધારાઓ વહે છે 'દેવી ચરિત્ર' આખું વીરરસનું કાવ્ય છે, 'રુક્મિણી હરણ' અને 'લક્ષ્મણહરણ'માં પણ પ્રસંગોપાત વીરરસના પ્રચંડ ઉદ્ઘોષ સંભળાય છે, 'ઋષ્યશૃંગાખ્યાન' આખું શૃંગાર કાવ્ય છે 'દાણલીલા' અને 'ઓખા હરણ'માં પણ કોઈવાર શૃંગારની રોમાંચક ફરફર ઉડે છે 'સુદામાચરિત્ર' આખું હાસ્યરસિક છે 'મામેરું' અને 'માંધાતાખ્યાન' પણ હાસ્ય સુને આગવું સ્થાન આપે છે 'હરિશ્ચન્દ્રાખ્યાન'માં બીભત્સરસ છે, 'મહાપ્રસ્થાનાખ્યાન'માં ભયાનક રસ છે 'અષ્ટાવક્રાખ્યાન'માં શાન્તરસનો સ્વરસ માતરિશ્વા વહે છે આમ કવિની નવરસરુચિરા કળા હરેક આખ્યાનોમાં જુદા જુદા સ્વરૂપે વિલસે છે પ્રેમાનંદ ખરેખર રસેશ્વર જ છે

રસની જમાવટ કરતા યે એની સંક્રાન્તિ પ્રેમાનંદમાં વિશેષ રસપ્રદ બને છે એક રસને બરાબર જમાવી તેનો–અનુભવાનંદ થવા માંડે ત્યાં તો કવિ–બીજા રસનિરૂપણ તરફ વળે છે, અને એ રસસંક્રાન્તિનું શ્રોતાજનોને અભિજ્ઞાન થાય ન થાય ત્યાં તો બીજો રસ પણ પથરાઈ ગયો હોય છે આમ એક રસમાંથી બીજા રસમાં ઘટકી જવામાં પ્રેમાનંદને જરાયે હરકત આવતી નથી અને રસભંગ પણ થતો નથી. વસ્તુત આખ્યાનમાં કયો પ્રસંગ કયા રસથી કેટલો વિકસાવવો એની વિવેક

શકિત પ્રેમાનદમા અગાધ જણાય છે અને એજ એની આગવી સિદ્ધિ છે

આખ્યાનોનુ ત્રીજુ આકર્ષક તત્વ કવિની છટાદાર શૈલી અને વેધક ચિત્રશકિત છે એના આખ્યાનોમા રસદાયી પ્રસગો ખીચોખીચ હોય જ છે એવુ કશ નથી, કવચિત્ પ્રસગો પાગળા પણ હોય છે, પરતુ ત્યા રસદષ્ટિનો સૂક્ષ્મ પરીક્ષક એવો આપણો કવિ શબ્દો પર શરસ ધાન કરે છે, આવા શરસ ધાન સમયે ચિત્રો કે વર્ણનોમા કવિના શબ્દો એટલી બધી સુકુમારતા પકડે છે, એની ભાષા એટલી બધી લક્ષ્યવેધી અને ઓજસ્વતી બને છે, એના અલકારો એટલા બધા સૂક્ષ્મ અને સુરુચિકર બને છે, શબ્દોનો પ્રવાહ એવો જોસબોર ધધડાટ કરતો વહે છે અને રાગોમા પણ એવા વિવિધ પલ્ટાઓ આવે છે–કે કવિના આખ્યાયે રગમડપનુ વાતાવરણ શૌર્યપ્રધાન બની જાય શ્રોતાજનો પણ શબ્દો અને રાગોના તાલ સાથે ડોકુ ધુણાવવા માંડે, અને કશપણ પ્રયોજન વિના, કશપણ પ્રસગ વિના, આખુય વાતાવરણ કોઇ અગમ્યરસથી પ્રફુલ્લિત થઇ જાય ! પ્રેમાનદની આ શબ્દશકિત કે ભાષાપ્રભુત્વ, ચિત્રશકિત કે વર્ણનછટા અમોઘ છે, ' દેવીચરિત્ર 'મા ચડી અને દાનવોનુ યુદ્ધ, ' ઋષ્યશૃગાખ્યાન 'મા શૃગીઋષિ પાસે વારાગનાઓનુ આગમન, ' ભ્રમરપચ્ચીશી 'મા ગોકુળનો પ્રાત કાળ, ' દશમસ્કધ 'મા વૃન્દાવનમા પ્રસરતી પ્રચડ–અગ્નિની જ્વાળાઓ ' વામનચરિત્ર 'મા બળિરાજાનો ઘેરો ' સુભદ્રાહરણ 'મા રસ જોગી અર્જુનનો ભગનવેશ ' હરિશ્ચદ્ર '–આખ્યાનમા સ્મશાનની કરાળરાત્રિ, 'લક્ષ્મણા હરણ 'મા સાબ શકુનિનુ યુદ્ધ માન્ધાતાખ્યાનનો મોહક પ્રસવપ્રસ ગ વગેરે અનેકવિધ પ્રસગચિત્રો, શબ્દચિત્રો અને વર્ણનો આ આખ્યાનોની આગવી સિદ્ધિ બને છે

અને આવા જવલત પાત્રો, હૃદયગમ રસસ સિદ્ધિ કે મનોહર વર્ણન છટા કોઇપણ કલાકાર સાવ ગાસડા પોટલા પેઠે આખ્યાનોમા ઠાલવી તો ન જ દે એ સ્વાભાવિક છે તેમજ પ્રેમાનદના સમયની કળાદષ્ટિ એટલે આજના નવલ નવલિકા પેઠે સિદ્ધાંત પ્રતિપાદિત Technique તો ન જ હોય એટલે પ્રેમાનદને મન તો જે રીતિ શ્રોતાઓને રજન પમાડે તે કલાત્મક અને બાકી બધી કલાહીને ! કવિની આ દષ્ટિ એના આખ્યાનોની વસ્તુસકલના માટે માન ઉપજાવે તેવી છે આખ્યાનોમાં શ્રોતાઓને કથારસ તરફ અભિમુખ કરવા માટે, એ રસને સુસગત અને સુસકલિત રીતે વહેતો રાખવા માટે, વસ્તુસકલનામા કવિના અભિનય પ્રયત્નો પ્રશસાપાત્ર છે કોઇવાર આખ્યાનમા જે વર્ણ્ય વિષય હોય તેને પૂર્વાપર સદર્ભસહિત બરાબર સમજવા માટે પશ્ચાદ્ભૂ તરીકે પહેલા બેક કડવામા આખોયે પૂર્વ ઇતિહાસ આપે ! કોઇવાર આખ્યાનને અંતે શ્રોતાજનો 'હાશ' કહીને-ઉઠવાની તૈયારી કરતા હોય ત્યાં વસ્તુથી અસગત જેવો રસિક પ્રસગ મૂકે ! કોઇ વાર કથાવસ્તુ જો પાગળુ લાગે તો ગુજરાતમા ઘેરઘેર બનતો સર્વસામાન્ય પ્રસગ પુરાણનો પાત્રો પાસે ઉજવાવે ! મનોહર-વસ્તુવિધાનના આવા અભિનવ પ્રયોગો કવિની રુચિર કળાદષ્ટિનો સારો ખ્યાલ આપે છે

અને આવા કલાયુકત આખ્યાનોના કર્તાને નામે નાટકોનુ કર્તૃત્વ પણ ચડાવવા કોણ ન લલચાય ? દરેક દેશના સાહિત્ય સમ્રાટોનુ બને છે તેમ પ્રેમાનદને પણ ત્રણેક નાટકોનુ કર્તૃત્વ ઓઢવુ પડેલ છે નરસિંહરાવ જેવા સૂક્ષ્મ વિવેચકોએ એ પ્રેમાનદીય નાટકોના કર્તાને અર્વાચિન ઠરાવેલ છે સ્વ. કેશવલાલ ધ્રુવે પ્રેમાનદના કર્તૃત્વનો પક્ષ લીધો છે કા. ન્યાલાલ વ્યાસે એથી આગળ

જ્યાં કેશવપ્રસાદ ધ્રુવજી એના કર્તા હોય એવી આશંકા કરી છે શ્રી. ઠોકરરાય માંકડે પ્રેમાનંદ સુત વલ્લભનાં આખ્યાનો અને આ નાટકોનું કર્તૃત્વ એક જ વ્યક્તિનું છે એમ સાબિત કર્યું છે પ્રો. રવિશંકર જોશીએ એથી આગળ વધી વલ્લભને અર્વાચીન યુગમાં ધસડ્યો છે પ્રો નવલરામ ત્રિવેદીએ આ મન્તવ્યમાં સમતિ આપી છે પ્રો અનંતરાય રાવળે એ સમતિમાં ' સાખ ' પુરાવી છે

આમ મધ્યકાલિન સાહિત્ય ઉપરનું મહાકાકવિ પ્રેમાનંદનું અનેકદેશીય સાર્વ ભૌમત્વ આપણે જોયું કેટલાક વિવેચકો પ્રેમાનંદના દોષો બતાવવા તરફ પણ કલમ અજમાવતા હમણાં હમણાં થયા છે પુરાણના પ્રતાપોજ્જ્વલ પાત્રોને પ્રાથમિક દશામાં ભાવવાનો, વર્ણન કરતી વેળાએ અલંકારોની ઝીપ રજૂ કરવાનો, ઔચિત્યદૃષ્ટિનો અનાદર કરવાનો કે એવો બીજો કોઇ દોષ કેટલાક કાઢે છે ખરા. અને એ બ્યાજબી પણ છે પણ સાથે સાથે એમ પણ એ વિવેચકગણને પૂછી શકાય કે ભાઇ, તમને પ્રેમાનંદની કરકોઇ કૃતિ પઢી જાએ તે નળાખ્યાન હોય કે કુંવરી હોય વાંચવી ગમી કે નહિ ? વાંચતાં આનંદ આવ્યો કે નહિ ? જો ખરેખર આનંદ આવ્યો હોય તો પ્રેમાનંદ સાચો સર્જક છે કારણ કે પ્રેમમિશ્રિત આનંદ આપવો એજ એનો સર્જનહેતુ છે

વળી અન્ય પુરાણોની જેમ ભાગવતમાં પણ અસંગતિ ઘણી વાર દેખાય છે, ને તે અસંગતિઓને દૂર કરવાનો પ્રયત્ન પણ પ્રેમાનંદમાં દૃષ્ટિગોચર થાય છે એ સંગતિ વિધાયકતા તેણે થોડે ઘણે અંશે સાધી છે એમ પણ કહી શકાય. આવા શંકાસમાધાન માટે તેણે શ્રીધરનો આશ્રય અનેક વાર લીધો છે, ને તેથી જે આરોપ રત્નેશ્વર પર મૂકાયો છે તે શ્રીધર–ઋણનો આરોપ પ્રેમાનંદ પર કેટલેક અંશે મૂકી શકાય તેમ છે 'રણયજ્ઞ' માં પણ તેની મૌલિક ને પ્રતિભાયુક્ત સંગતિ વિધાયકતા જોઇ શકાય છે રાવણ જનકની પાસે જતો કે તેને તેની માતા તેમા દેખાતી એ એકજ કક્ષાસંસ્પર્શથી તેણે રાવણના અસુરત્વ ને માનવ્ય વચ્ચેનો તૂટેલો તાર સાધી દીધો છે એટલે સંગતિવિધાન મૌલિક કલ્પના શક્તિથી પણ તે કરી શકે છે *

* ' મહાકવિ પ્રેમાનંદ ચોથા ચોવીસા સેવા સમાજ ' તરફથી ઉજવાયેલી હરિયાળમાં વંચાયેલ નિબંધ

દર્દની નિશાની

દર્દીના બા દરદ ગયા,
મલમપટ્ટા વતરી ગયા
ડૉક્ટર હસ્યો
અને કહ્યું,
"બાકી છે તેને મધુ—
ડાઘો રહી ગયો "

—બી દેસાઇ

સન્નારીના સ્તુતિ

રૂપની કળા કરી રે " — ઢાળ

પૃથ્વી પટ પર રે કે દિવ્યતા ધારે સન્નારી,
નિજના સત્ પર રે કે દૃઢ રહે ભારે સન્નારી
સૃષ્ટિ ને સ્વર્ગમા રે કે પળમાં પલટાવે સન્નારી,
પુરુષના વર્ગમા રે કે સુખખીજ વાવે સન્નારી
લાત જ્યા મારે રે કે અશોકના વૃક્ષને સન્નારી,
વિકાસ વધારે રે કે તેનો નિજ લક્ષણે સન્નારી
દારુનો કોગળો રે કે બકુલ પર નાખે સન્નારી,
શોકથી મોકળો રે કે છોડ કરી રાખે સન્નારી
તરૂ જે કુરબક રે કે આલિંગે જ્યારે સન્નારી,
ખિલાવે બેશક રે કે તેને તે વારે સન્નારી
તિલક વૃક્ષ પર રે કે નાખે જ્વ દૃષ્ટિ સન્નારી,
કળી આવે સત્વર રે કે કરતી જ્યમ દૃષ્ટિ સન્નારી
એવા ચમત્કારો રે કે અણુગણુ દાખે સન્નારી,
પ્રભાવ કૈં ન્યારો રે કે ઉર મહીં રાખે સન્નારી
અહોનિશ વદન રે કે કરીએ અમ તુજને, સન્નારી,
કવેરાનુ નિકંદન રે કે થાય તવ પૂજને, સન્નારી'

શ્રી જેહાંગીર દસાઈ

ભેટ

સલજ્જ નયનો ઢળેલ ધરતી પરે, મુખપે છવાઇ રહી શર્મની અકથ લાલિમા, પ્રેમની અબોલ રસગોઠડી નયન નર્તને ચાલતી કદિક કદિ વાણી તો, પરમપ્રિય એ મૌનમા યુગાતર ભૂખ્યા તહીં હૃદયની કથાઓ થતી, કપોલ પર આડ કકુ તણી, ચિત્ત પાનેતરે વિટેલ તવ અગવેલ, મૃદુ હસ્તપે મીંઢળ, સખીમણી સભા હતા સકળ અગ સંકોરીયા, ધર છ પ્રિય ! આજ એ સ્મરણુ ભેટ તારે પદે અધિક કયી ધન્યતા હૃદય આથી માને કહે !

શ્રી સનાતન

આન્ધ્રભૃત્યો

મૂ. લે. ડૉ. બી. ભટ્ટાચાર્ય
અનુ. શ્રી. રમણલાલ નાગરજી મહેતા

ભારતના હિંદના ઇતિહાસમાં અને ખાસ કરીને પુરાણોની વંશાવળીમાં 'આન્ધ્રભૃત્યો' એ ચુચવણ ભર્યું નામ છે તેમના શાસનકાળ, કાર્યો અને તેમની ઓળખાણ માટે ઘણું લખાયું થયું છે આ લખાણ પછી પણ તેમનું ઓળખાણ અસંદિગ્ધપણે અથવા સંતોષકારક રીતે થઈ શક્યું છે કે કેમ તે બાબત હજુ શંકાસ્પદ છે આ ઉપરાંત આ રસપ્રદ પ્રશ્ન પર વિદ્વાનોમાં પણ એક મત નથી આ નોંધમાં આ પ્રશ્ન પર વિદ્વાનોને માટે વધારે પ્રકાશ નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કારણ કે આન્ધ્રભૃત્યોએ પ્રાચીન હિંદનો ઇતિહાસ ઘડવામાં અગત્યનો ફાળો આપ્યો છે આ પુરાવો કેટલો સાચો અથવા ખોટો છે તે જાણવા માટે આખા દેશમાં આ પ્રશ્નની છણાવટ થવી જરૂરી છે -

આ પ્રશ્નની દરેક બાજુઓથી છણાવટ પ્રખ્યાત વિદ્વાન સ્વ કાશીપ્રસાદ જયસ્વાલે કરી છે તેના પ્રખ્યાત પુસ્તક History of India. 150 A D to 350 A. D (હિંદનો ઇ સ. ૧૫૦-૩૫૦ નો ઇતિહાસ) માં આન્ધ્રભૃત્યો માટે મળી તેટલી તમામ માહિતી ભેગી કરી છે ત્યાં જયસ્વાલ આન્ધ્રભૃત્યોને પ્રખ્યાત સાત વાહનો (કે જેના વંશમાં ચોથું વંશનો હારીતીપુત્ર થઈ ગયો) તરીકે ઓળખાવે છે એનો અભિપ્રાય ખરો છે કે ખોટો તે તો માત્ર ભવિષ્યની શોધખોળજ કહી શકે પરંતુ તેણે આન્ધ્રભૃત્યો માટે મળતી તમામ માહિતી ભેગી કરીને દેશના ઇતિહાસકારોની મોટી સેવા બજાવી છે આ નોંધ લખવામાં મને તેના પ્રમાણભૂત ઇતિહાસમાં સંગ્રહાયેલી જે માહિતી મળી છે તે માટે હું તે ગ્રંથનો ઋણી છું

આજે જાણીતા પુરાણો આન્ધ્રો પછી થયેલા રાજાઓની વંશાવળીનો સંક્ષિપ્ત પરિચય આપે છે તે અત્રે જણાવવાની ખાસ જરૂર નથી જો કે પુરાણો વંશાવળીઓનું વર્ણન કરે છે તો પણ તેઓ રાજાના નામ, તેમના કાર્યો અને રાજ્યનો સમય વગેરેની વિગતો આપતા નથી છતાં પુરાણો દરેક વંશે જેટલા વર્ષ રાજ્ય કર્યું હોય તેટલા વર્ષ જણાવ્યા સિવાય રહેતા નથી. કમનસીબે આ હકીકત પણ દરેક પુરાણમાં એક સરખી મળી આવતી નથી આમ પુરાણોમાં રાજ્ય વંશની ઓળખાણ, રાજાઓની સંખ્યા તથા કુલ રાજ્યકાળ વગેરે બાબતોમાં ચૂચવણો ઉભી કરવા તરીકે વાયુ અને બ્રહ્માંડ પુરાણો આભિરોના દશ રાજાઓ હોવાનું જણાવે છે જ્યારે ભાગવત માત્ર સાત જ કહે છે ભાગવતની માફક વિષ્ણુ પણ સાત કહે છે શ્રીપાર્વતીય તરીકે ઓળખાતા આન્ધ્રભૃત્યોના વંશ-આભીરોની માફક-સાત રાજાઓ વર્ણવ્યા છે પરંતુ તેમનો શાસન કાળ કેટલાક પુરાણો ૧૦૦ વર્ષ જ્યારે બીજા ૧૦૫ વર્ષ જણાવે છે આ શાસનકાળો પણ શંકાસ્પદ છે કારણ કે પુરાણોના આ અસ્પષ્ટ ફકરાઓનું બરાબર ભાષાંતર થયું છે કે સમજવામાં છે કે કેમ એ એક સવાલ છે

ઉપરના ફકરાઓ પરથી આપણે આભીરો, શ્રી પાર્વતીયો અને આન્ધ્રભૃત્યોના પ્રશ્નોમાં કેવો ચૂચવાડો છે તે સમજીશું. નવી માહિતીના અભાવે આપણે તમામ ઇતિહાસજ્ઞોનાં આ વંશોને ઓળખવાના તમામ

પ્રયત્નોએ જોઇતું ફળ આપ્યું નથી અને આજે ઘણું લખાણ થયું હોવા છતાં આપણે હજુ સૈકાઓ પહેલા હતા તેટલાજ અંધારામાં છીએ પરંતુ હવે સારે નસીબે કલીયુગ રાજ વૃત્તાન્ત નામના ભવિષ્યોત્તર પુરાણના ભાગમાં આપણને આન્ધ્રભૃત્યોના વંશ, રાજાઓ, તેમની સંખ્યા, કાર્યો અને રાજ્ય કાળ, તથા સમગ્ર વંશના શાસન કાળ માટે વિગતવાર માહિતી મળે છે આ લખાણ આ રાજાઓ માટેના કોયડાઓનો નીવેડો આણી શકે એમ હોવાથી હું તેને વિદ્વાનો સમક્ષ મૂકવા ઇચ્છા રાખું છું કારણ કે તે મારી ફરજ છે

પ્રાચીન સમયથી ઉતરી આવેલા પુરણો વંશાવળીઓને લાગે વળગે છે ત્યાં સુધી આજે સંપૂર્ણ નથી પરંતુ ભાગી તૂટી દશામાં છે આને લીધે તેઓ રાજાઓના નામ અને કાર્યો માટે શાંત છે નવાઇની વાત એ છે કે પુરાણો પ્રાચીન હિંદના બળવાન અને સાગવગ ધરાવનાર ગુપ્ત વંશ વીષે કંઇ પણ હકીકત આપતા નથી મુદ્રા, શિલાલેખો, સંસ્કૃત નાટકો, કાવ્યો અને ચીનના મુસાફરોના વર્ણનો ગુપ્તરાજાઓના કાર્યો અને વર્ણનોથી ભરેલા છે એટલું જ નહીં પરંતુ વધારામાં તેમણે શરૂ કરેલો ગુપ્તાબ્દ હિંદમાં ઘણા સૈકાઓ સુધી અસ્તિત્વમાં રહ્યો હતો. મહાન વિજેતા અને અશ્વમેધ યજ્ઞ કરનાર સમુદ્ર ગુપ્ત, તથા વિક્રમાદિત્ય તરીકે જાણીતો થયેલા ચંદ્રગુપ્ત બીજા માટે, રાજાઓની વંશાવળીઓ આપનાર પુરાણો એક શબ્દ પણ કેમ ઉચ્ચારતા નથી ! આનો જવાબ સ્પષ્ટ અને સાદો છે પુરાણોમાં ગુપ્તોનું વર્ણન કરતો ભાગ ભુલાઇ ગયો. અને બાકી પડેલી જગ્યાઓ પુરાણોની પુનરચના કરનાર તેની નકલ કરનાર પણ ન સમજી શકે એવા વંશોના નામથી ભરવામાં આવી. પરંતુ આથી આ પરંપરા આખા હિંદમાં બધે જ બંધાઇ ગઇ છે એમ માનવાને કારણ નથી દક્ષિણમાં આમ બન્યું ન હતું ઉત્તર હિંદની મહાભારતની લાંબામાં લાંબી નકલ એક લાખ શ્લોકની છે જ્યારે દક્ષિણના મહાભારતમાં આના કરતાં બમણા શ્લોકો છે એ સુવિદિત છે આથી સ્પષ્ટ થાય છે કે કલિયુગરાજ વૃત્તાન્તના લેખકે આવા સવિસ્તર પુરાણોમાંથી પોતાને જોઇતી માહિતી મેળવી હશે આજના પુરાણો જ્યારે હિંદુસ્તાનમાંથી ઐતિહાસિક દૃષ્ટિ નષ્ટ પ્રાય થઇ, અને જ્યારે ભૂતકાળની યાદ ઝાંખી થઇ ત્યારે લખાયા હશે અને તેમણે ન સમજાય એવા નામો લખ્યા હશે.

કલિયુગરાજવૃતાન્ત આન્ધ્ર ભૃત્યો માટે રસપ્રદ માહિતી પુરી પાડે છે આ માહિતીનો કાળજીપૂર્વક ઉંડો અભ્યાસ કરવો જરૂરી છે કલિયુગરાજવૃતાન્તનો પુરાવો કેટલાક વિદ્વાનો પૂરતી તપાસ સિવાય અથવા લખાણને બનાવી કાઢેલું, અને પાછળથી ઉમેરેલું કહીને કાઢી નાખે છે તેમ કાઢી નાખવા જેવો નથી. પ્રમાણભૂત ગણાતા વર્તુલોમાંથી આવતો હોય તો પણ આવો અભિપ્રાય પ્રમાણભૂત ગણી ન શકાય અને તેનું વજન પણ જોઇએ તેટલું પડે નહીં કારણ કે આ પ્રકારનો અભિપ્રાય ઉચ્ચારતાં પહેલા સંસ્કૃતના ઉપરચોટિયા રસ કરતાં વધારે રસની જરૂર છે અલબત્ત મુદ્રાશાસ્ત્ર કે શિલાલેખોની માફક જ કલિયુગ રાજ વૃતાન્ત સર્વ માહિતીમાં સત્ય જ છે એમ ન માની શકાય કારણ કે શિલાલેખોના વાચન અને અન્વયમાં પણ વૈજ્ઞાનીક શોધખોળની માફક નવીન શોધ થયા કરે છે નવા અને જુના શિલાલેખોના વાચન તપાસતા માલમ પડે છે કે એમાની ઘણી હકીકત વિશ્વાસનીય અને આધાર રાખવા લાયક નથી

પરંતુ એ જુદી વાત છે આન્ધ્ર ભૃત્યો અને તેની ઓળખાણ માટે આ પુરાણને શું

કહેવુ છે તે આપણે જોઇએ ગુપ્તવંશનો ઇતિહાસ આપતા આ પુરાણ નીચેનો સૂચક શ્લોક આપે છે

तेषां तु सन्धिते राज्ये
भूमिगुप्तान् गमिष्यति ।
श्री पार्वतीयान्ध्रभृत्या
इत्या स्था यान्ति ये नृपा ॥


જ્યારે તેમનુ (આન્ધ્રો)નું રાજ્ય નાશ પામશે ત્યારે શ્રી પાર્વતીય આન્ધ્ર ભૃત્યો તરીકે ઓળખાતા ગુપ્તો જમીનના માલીક થશે.

કલિયુગરાજ વૃત્તાન્તના આ શ્લોક પરથી આન્ધ્ર ભૃત્યોની સાચી પીછાન મળે છે તેમને શ્રી પાર્વતીય વિશેષણ આપવામાં આવે છે અને ગુપ્તો તરીકે ઓળખાવવામા આવે છે આમ ગુપ્ત સમ્રાટો બીજા કોઇ નહીં પણ આન્ધ્ર ભૃત્યો જ છે એમ સપ્રમાણ માની શકાય એમ છે આન્ધ્ર ભૃત્ય શબ્દનો વિગ્રહ વ્યાકરણના નિયમોથી બે રીતે થઇ શકે (૧) આન્ધ્રોના નોકરો, (૨) આન્ધ્રો જેના નોકરો છે તે. મહા જયસ્વાલ અને બીજાઓ બીજો અર્થ સ્વીકારે છે પરતુ કેટલીક જગ્યાએ તેમને નવીન આન્ધ્રો તરીકે ઓળખાવીને તેમને ખરા આન્ધ્રો (૧૯ રાજાઓ)થી જુદા પાડીને જુદા સાત રાજાઓ તરીકે ઓળખાવે છે ત્યારે પ્રથમ અર્થ સ્વીકારે છે, પરતુ ખરૂ જોતા પ્રથમ અર્થ " આન્ધ્રોના નોકરો " વધારે યોગ્ય અને હિંદના ઇતિહાસમા વધારે બંધબેસતો આવે છે, અને આ કુદરતી અને યોગ્ય અર્થ હોય એમ લાગે છે કારણ કે કલિયુગરાજ વૃત્તાન્ત જણાવે છે કે ગુપ્તવંશ શરૂ કરનાર પહેલો ચક્રમુખ આન્ધ્રવંશી રાજા ચંદ્રશ્રી શાતકર્ણીનો સેનાપતિ હતો અને આગળ તે સમ્રાટ આન્ધ્રોનો નોકર હતો. આને પરિણામે તેના વંશજોને " આન્ધ્ર ભૃત્યો " તરીકે ઓળખવામા આવતા હતા આ અભિપ્રાયને કલિયુગરાજ વૃત્તાન્તના બીજા શ્લોકથી પણ ટેકો મળે છે આ શ્લોક નીચે મુજબ છે

यस्ते प्रणतसामन्ता
श्रीमद्गुप्तकुलोदभवा ।
श्री पार्वतीयान्ध्र भृत्य
नामान चक्रवर्तिन ॥
महाराजाधिराजादि
विरुदावल्य लड्.कृता ।
भोक्ष्यन्ति ते शते पंच
चत्वारिंशच्च ये समा ॥

" પોતાના તાબાના રાજાઓથી માન અપાતા ઐશ્વર્યવાન ગુપ્ત કુલમાં ઉત્પન્ન થયેલા શ્રી પાર્વતીય અને આન્ધ્રભૃત્ય નામથી પ્રખ્યાત થયેલા ચક્રવર્તી રાજાઓ થશે. તેમને મહારાજાધિરાજ વગેરે બિરૂદો મળશે અને તેઓ બસો પિસ્તાલીસ વર્ષ રાજ્ય કરશે.

કલિયુગરાજ વૃતાન્તના લેખકને આજના યુગમા મળતા પુરાણો-વિષ્ણુ, ભાગવત, મત્સ્ય-કરતા જુદા સ્થળેથી માહિતી મળી હશે એમ આ પરથી સહજ જણાશે આજના પુરાણોના સંપાદકોએ ઘણા ભાગો પડી રહેવા દઇને, તથા કેટલાક નામો અને સંખ્યાઓ ગુચવી દઇને દરેકને રાજાના સમુદ્રમાં મુકી દીધા છે એ કલિયુગરાજ વૃતાન્ત આન્ધ્રભૃત્યોનો કેફડો, દરેક પ્રકારની વિગ



તોમા ઉદ્ભવે છે કે નહીં તે જોયા સિવાય એટલુ કહી શકાય કે આ કોયડાનો સંતોષ કારક રીતે ઉકેલ લાવે છે મારા જાણવામા છે ત્યાં સુધી મી. રા એમ. કીબ્બનમાચારીએ પોતાના History of Classical Sanskrit Literature (સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ) મા આ ગ્રંથ પહેલ વહેલો વિદ્વાનોની જાણમા આણ્યો છે તે બદલ આપણે તેમનો ઉપકાર માનવો જોઇએ સમ્રાટ ગુપ્તો અથવા આન્ધ્રભૃત્યો માટેની વધારે માહિતી મે કલિયુગરાજ વૃતાન્તના આધારે મારી ટિકા સાથે જર્નલ ઓફ બિહાર એન્ડ ઓરીસ્સા રીસર્ચ સોસાયટીના ૧૯૪૪ ના ૩૦ મા અંકના પાન ૧૧ પર ન્યુ લાઇટ ઓન ધી હીસ્ટ્રી ઓફ ધી ઇમ્પિરિયલમા આપી છે (ગુણસુન્દરી અને સ્ત્રીહિતોપદેશના જાનેવારી ૧૯૪૮ ના અંકમા છપાયો છે) તે વધારે ઉત્સુક વાચકોએ જોઇ લેવી

ટુંકમા આન્ધ્રભૃત્યો અને ગુપ્તસમ્રાટો એકજ છે કારણ કે પહેલો ચન્દ્રગુપ્ત આન્ધ્રોનો નોકર હતો. ગુપ્તોજ શ્રીપાદતીર્થો તરીકે ઓળખાય છે કારણ કે તેઓ શ્રીપર્વત પરથી આવતા હતા આ પ્રદેશમા લિચ્છવિઓનો વાસ હતો. જ્યાં સુધિ દક્ષિણનો શ્રીપર્વત લિચ્છવીઓના મૂળ સ્થાન તરીકે સાબિત ન થાય ત્યા સુધી શ્રીપર્વતનુ સ્થાન લિચ્છવીઓના નિવાસ સ્થાન નેપાલની આજુબાજુમા હશે એમ ધારી શકાય. વળી આન્ધ્રભૃત્યોના સાત રાજાઓ એ કુલ ૧૪૫ વર્ષ રાજ્ય કર્યું આન્ધ્રભૃત્યો ને સમ્રાટના બિરૂદો હતા અને તેમના ઘણા સામન્તો હતા ભાગવત, વિષ્ણુ, વાયુ, બ્રહ્માડ મત્સ્ય અને બીજા છાપેલા પુરાણો અપૂર્ણ, કેટલીક જગ્યાએ ગૂચવાડો ઉત્પન્ન કરનાર અને કેટલીક જગ્યાએ ચોક્કસ ખોટા છે માત્ર આ એકજ કારણ પુરાણોની અંદર રહેલી ઐતિહાસિક માહિતીનુ સંશોધન, બીજા પ્રકાશનો બહાર પાડવા પહેલા કરવુ જરૂરી છે અને આ દીશા તરફ આપણી પ્રજ્ઞનો પ્રયત્ન પહેલી તકે થવો જોઇએ કારણ કે સંપૂર્ણ સંશોધન કર્યા સિવાય કરેલા સંપાદનો તેના પાના પર સાહી સુકાય તે પહેલા જુના થઈ જાય છે

કલિયુગરાજ વૃત્તાન્ત હિંદના ઇતિહાસમા અગત્યની માહિતી પુરી પાડે છે તે માત્ર સ્થિર ગુપ્ત પર જ કહેવાતી ખોટી માહિતી પુરી પાડતુ નથી પરંતુ તે બીજા બધા ગુપ્ત સમ્રાટો, અને નંદ, મૌર્ય, સુંગ, કણ્વ અને આન્ધ્રવંશ પર પણ માહિતી પુરી પાડે છે સપ્તર્ષિ યુગ માટે કલિયુગરાજ વૃત્તાન્ત બધા પુરાણો કરતા વધારે વરાહમિહિરની માફક માહિતી પુરી પાડે છે દુનિયા કોઇ પણ મનુષ્યને રસ ઉપજાવનાર સપ્તર્ષિ યુગ પરની માહિતી શા માટે ઉપજાવી કાઢી ? આપણા ઇતિહાસકારો કલિયુગરાજ વૃત્તાન્ત પર જેમ બને તેમ વધારે લક્ષ્ય આપે તો સારૂ અને જ્યારે હિંદના ઇતિહાસકારો હિંદનો ઇતિહાસ કરતા વધારે ગ્રંથોમાં બહાર પાડવા તૈયાર થયા છે ત્યારે આ પ્રયાસ આવકાર દાયક થઇ પડશે.

ગુજરાત

સાહિત્ય સભા



માસિક

ઉદ્યોગમિત્ર પ્રેસ

વડોદરા

માર્ચ '૪૯

ત્રીજો

'કુમાર'

નટુભાઈ

વ ૨૧ અ ૬ ૧ પૃષ્ઠ ૫૨

આદનવી અને રવાપા ચેત જયકૃષ્ણ ના. વર્મા

આજીવન તંત્રી અને સ્થાપક સ્વ જયકૃષ્ણ ના વર્મા

તંત્રીઓ
કુમાર
નટુભાઇ



વ્યવસ્થાપક
નટવરલાલ ઠક્કર
હરિણાભિત્ર પ્રેસ,
વડોદરા

પુ ૫૨] માર્ચ, ૧૯૪૯ [વર્ષ ૨૬

વસંત શ્રી જશભાઇ કા પટેલ ૧
કરતુરબા શ્રી ચંદ્રકાંત મહેતા ૨
બનિહારી શ્રી જગદીપ વિદ્યાર્થી ૨
નમીબિયા શ્રી લક્ષ્મીકાંત ભા વ્યાસ ૩
આવી મીત શ્રી સનાતન ૫
અ હિ મ પ ગ્વાલિયરમા મળેલા અધિવેશનનો અહેવાલ ૬
કૃષ્ણ-કમળ શ્રી બાળકૃષ્ણ નેગી ૧૦
મહાકવિ પ્રેમાનંદનુ ગુજરાતી કવિઓમા સ્થાન શ્રી રતિલાલ રામચંદ્ર ભટ્ટ ૧૧
ચંદ્રોદય શ્રી હસનમ ૧૭
માનવતાનુ ખૂન શ્રી મહેન્દ્રકુમાર મો દેસાઇ ૧૮
કવિયુગના બે હનેરા શ્રી કિશોરચંદ્ર ચુ દેસાઇ કવર પેજ ૩
મધરાતે સૌ હસુમતિ ધીરજલાલ દેસાઇ

વાર્ષિક લવાજમ હિન્દ માટે રા ૫-૮-૦ વિદેશ માટે શિલીંગ ૧૨ છૂટક નકલ એક રૂપીયો

જાઈએ છે

નવા શરૂ થતા એક અઠવાડીક તેમજ માસિક પત્ર માટે

તંત્રી

આજે જ લખો — પો બો ન. ૮૫,
ઠે રાવપુરા, વડોદરા

તમારા માથાના દુખાવા માટે

ડાયમન્ડ પેન બામ

વાપરો

દરેક જગ્યાએ મળે છે

એમ મણીલાલ એન્ડ કું
૪૩, ચર્ચગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૧

ગૃહસુંદરી અને સ્ત્રીહિતોપદેશક
માર્ચ '૪૯
અંક ૧
વર્ષ ૨૬ પુસ્તક ૫૨

વસંત

ઝ

આજ સખી, ખીલી ને! રંગીલી વસંત
પૃથ્વીને પગથારે
આકાશી આગારે
સખી, ખીલી ને! રંગીલી વસંત

બાગ ધરતીનો ફૂલડે ઉભરાતો,
પંખી સમુહ આ વસંત ગુણ ગાતો,
સૃષ્ટિને આંગણ ફાગ રમાતો,
સખી, ખીલી ને! રંગીલી વસંત

મસ્ત રંગીનતા રોજ બહેરાટે,
ગુલાબી ઢોરે સંધ્યાની ગોદે
સોહાગી રાત્રિ બેની કોડે,
સખી, ખીલી ને! રંગીલી વસંત!

અણુ યે અણુ યે ચેતન રે! લાગ્યું,
વિશ્વે આજે ધારણ નિજ ત્યાગ્યું,
ભોગવવા જીવન ધન્યય ટાણું,
સખી, ખીલી ને! રંગીલી વસંત!

શ્રી જશુભાઈ દા પરેખ

કસ્તુરબા

જગદંબા, જગદંબા, યુગ યુગ જંગમા અમર હજો,
જગદંબા હિન્દ સદા–અમરલોમ તુજ અમર હજો.

જેલ જીવનભર અકલી મહાવી,
યૌ વ ન વય કો ટ ડી યે ગાળી,
દે હ દમનથી દે હ ઉગળી,
ત્યાગભરી, ત્યાગભરી–સહન ભાવના અમર હજો,
પ્રેમભરી, પિયુષભરી–જગત ચાહના અમર હજો.

પતિ સહ વિસર્યાં દેશવિદેશો,
સુખ નિહાળ્યું નવ લવ લેશે
કીર્તિ છાના પામ્યા સવિરોષે,
વિજયમયી, વિજયમયી, વિજયકથા અમર હજો,
ચક્રમયી, ત્રિરંગમયી, વિજય પતાકા અમર હજો

પૂર્ણ સ્વરાજ પુકાર બુલંદી
નાદ ગયો ઘર ઘર રણચંડી
જેલ જવા મહિલાઓ મંડી
કૃચ કરી, શૌર્યભરી, શહીદલોમ અમર હજો,
ઉરતણી, શૂરતણી, આર્ય અહિંસા અમર હજો,
જગદંબા, જગદંબા, અમરલોમ તુજ અમર હજો

શ્રી ચંદ્રકાન્ત મહેતા

★

પનિહારી

દૂર દૂર ગગન કેરી ગાખે,
એક વાદળી આવી જોને
જાણે ભાગ હૃદય કેરી કોને,
કો સુન્દરી આવી જોને

નાનકડી નાર સખી, નીર ભરી આવી એ
દૂર દૂર દરિયાથી, આશાઓ લાવી તે
અને લાવીએ મનગમતી વાતો
એક વાદળી આવી જોને

ઝણકારા નુપૂર તણા, સાભળતા બેસી રહું
સાડી શ્યામ આભમહી, ઉડતી જોયા કરું
અને મોહ્યા કરું તેની રૂડી ચાલે
એક વાદળી આવી જોને

સંધ્યા સમે સુન્દરીના ઝાંઝરીયા નીરખુ
રૂપ ખીલે શરમ તણા ગેરવા હું પારખુ
અને ગાયા કરું મારા ઉર્મિગીતો
એક વાદળી આવી જોને

શ્રી જગદીપ વિરાણી

નસીબ.

શ્રી. લક્ષ્મીકાંત ભા. વ્યાસ

"બાં ડતા રમકડા, પૈસામા બે, રમી લ્યો, રમાડો તુ જાય તો બાઈ લ્યો– પૈસામા બે."

મુરીલા સ્વરે આ શબ્દો પોકારતો ફેરીયો નાનકડી ખટડી બજાવતો ચાલ્યો જતો હતો.

એનો ધાંટો સાભળતાજ ત્રિવેણી બોલી ઉઠી–"બા પૈસો આપ રમકડા લઉ"

"આજે પૈસો નથી, દીકરી."

"એક જ પૈસો–પગે લાગુ છુ બા"

"નથી ત્રિવેણી, કાલે લેજે હો"

ત્રિવેણીના મ્હો પર સતોષની ઝલક દેખાઇ તેણે બારીમાથી કહ્યું "એ રમકડા વાળા, આજે પૈસો નથી, કાલે આવજો"

"અલી એમ! ચુપ રહે, આવી વાત તે કહેવાતી હશે કે?" તેની બાએ અદર-ખાનેથી અકળાઇને કહ્યું

બાર વર્ષની ત્રિવેણીની સમજમા એ ઉતર્યું નહિ. પરન્તુ તેની બા પોતાના જીવનનો અભાવનો પડદો દુનિયાની સામે ઉઘા ડતા અચકાતી હતી. કારણ આવો શુષ્ક વિષય માત્ર લોકોના ઉપહાસ માટે જ હોય છે

અને ખરેખર–પેનો રમકડાવાળો, ધીમુ ધીમુ હસતો, પોતાની ખટડી બજાવતો ચાલ્યો ગયો.

* * *

સ ધ્યા પડવા આવી હતી.

સજ્જનવતી રસોડામા ભોજન બનાવી રહી હતી કચેરીમાંથી પાછા વળવાનો તેના પતિનો સમય હતો આજ ઘરમા કોઇ ચાક નહોતુ, પાસે પૈસા પણ નહોતા. વિજય કૃષ્ણને ગુરુજી ભોજન જમાડાતુ હતુ સજ્જન રોટલી વણી રહી હતી અને ત્રિવેણી તેના બાપાની ઉત્કંઠાથી પ્રતિક્ષા કરી રહી હતી.

"બા, ખુબ ભૂખ લાગી છે," કરુણ સ્વરે ત્રિવેણીએ કહ્યું

"તારા બાપાને આવવા દે, બહેન એમની સાથે બાજે, હવે આવતા જ હશે," સજ્જનવતીએ પટાવતા કહ્યું કારણ કે એકજ થાળીમા ત્રિવેણી અને વિજયકૃષ્ણ સાથે બેસીને હમેશા ભોજન કરતા હતા અને તે બન્નેના જમી લીધા પછી તેજ થાળીમા સજ્જનવતી ટૂકડા ઉપર જમનારા પોતાના પેટની જ્વાળાને શાન્ત કરતી હતી. એ હુ જુદુ જ તેનુ સૌભાગ્ય હતુ

સજ્જનવતીએ દીવો સળગાવ્યો. ત્રિવેણીએ આંખો મીચી દીપકને પ્રણામ કર્યો, કારણ કે તેની માતાએ પ્રતિદિન એમ કરવા તેને શીખવ્યુ હતુ

બારણા ઉપર ટકોરાનો અવાજ થયો. વિજય દિવસ ભરનો થાકેલો પાકો વળ્યો હતો. ત્રિવેણીએ કાકાને કહ્યું "બા, બાપા આવી ગયા"

વિજય ઓરડીના ખૂણામા પોતાની પુરાની છત્રી મૂકીને ખુટી ઉપર જબ્બો અને ટોપી ટાગી રહ્યો હતો.

સજ્જનવતીએ પૂછ્યુ "મહિનાનો પગાર આજે મળ્યો ને?"

"ના, મળ્યો નથી, કાલે વડેચરો. સાહેબે બીજ પાસ કરી દીધુ છે," હતાશ સ્વરે વિજયકૃષ્ણે જવાબ આપ્યો.

સજ્જનવતી ચિન્તિત ભાવથી થાળી પીરસવા લાગી ભોજન કરતી વેળા, લુખ્ખી રોટલી અને દાળની વાડકી ભણી જોઇને

વિજય કોણ જાણે શુ વિચારી રહ્યો હતો વિચારવા દો, કારણ કે ચિન્તા જ દરિદ્રીનુ જિવન છે અને આશા એમનો પ્રાણ.

* * *

જેમ તેમ દિવસો વીતી રહ્યા હતા.

રાત્રીનો સમય હતો ત્રિવેણી સૂઇ ગઇ હતી, લજ્જા બેઠી હતી

" લાગે છે કે આ નોકરીનુ પણ કઇ કહેવાય નહિ," ગભીર મ્હોએ વિજયકૃષ્ણે કહ્યુ

" કેમ ! શુ કઇ બન્યુ છે ? " લજ્જાવતીએ તેની ઢળી પડેલી આખો ઉપર ઉઠાવી, એકવાર વિજય તરફ નજર ફેકી પૂછ્યુ

" મોટા સાહેબ મારાથી નાપસદ રહે છે તેમની આખો મારા ભણી હમેશા ચઢેલી જ રહે છે "

" શા માટે ? "

" બની શકે છે, મારી ઉદાસીનતા પણ તેનું કારણ હોય. "

લજ્જાવતી ચુપ હતી

" પદર રૂપીએ મહિનાભર રાતદિવસ પરિશ્રમ કરો છો છતા પણ "

' ઓહ, મહા ભયાનક સમય આવ્યો છે, ' લજ્જાવતીએ દુખનો એક દીર્ઘ નિશ્વાસ નાખતા કહ્યુ

' મકાન માલીકનુ બે મહિનાનુ ભાડુ બાકી છે આ વખતે એ બાકી નહિ રાખે અને મળશે નહિ તો મોટી આફત મચાવી મૂકશે,' લજ્જાવતી ભયભીત બની બોલી ઉઠી.'

" શુ કરુ ? જીવ દેતા પણ આ જીદગીથી છૂટકારો મળે તો બહેત્તર છે "

" એવી ચિન્તા કરવી નકામી છે ગભરાવાથી શુ લાભ ? કો'કવાર પણ દિવસ ફરશે ને ! "

" કાલે રવિવાર છે, રજાનો દિવસ છે, કોક બીજે દુકાન ઉપર કાગળપત્ર લખવાનુ કામ છે મહિને પાચ રૂપીઆ આપવાનુ કહેતો હતો કલાક બે કલાક તેનુ કામ કરવુ પડશે હુ આઠ માગતો હતો. હવે મને વિચાર થાય છે કે તેને મળી સ્વીકારી લઉ કચેરીમાથી પાછા વળતી વેળા ત્યા જતો રહીશ,—" કહેતા કહેતા વિજયકૃષ્ણના હૈયામા દુન્દારાની આછી લાગણી આવીને દોડી ગઇ

" જેમ ચોગ્ય તેમ કરો " એમ કહીને લજ્જા વિચારમા પડી ગઇ. તે જાણતી હતી કે વિજયનુ સ્વાસ્થ્ય પરિશ્રમ કરવાથી દિવસે દિવસે ખરાબ થતુ જતુ હતુ

પરતુ તે લાચાર હતી, કારણ રોટીનો પ્રશ્ન સર્વ કરતા મોટો હતો.

* * *

દિવસો, અઠવાડીયા અને મહિના વીતતા ગયા. વિજય દરરોજ કચેરીમા જતો તે સર્વની સાથે બહુ ઓછુ બોલતો. એની એ નીરસતા પ્રત્યે લગભગ બધાજ નોકરો મસ્કરી ઉડાવતા.

તેનો પીળો, ફીક્કો ચહેરો અને ઉંડી ઉતરેલી આખો લોકોને વિનોદ કરવા માટે ઉત્સાહિત બનાવતી હતી. પરતુ તે ચુપચાપ તેમની મસ્કરી કહાને સાભળતુ—ન સાભળ્યુ કરી નીરુત્તર બેસી રહેતો આમ છતા લોકો તેના પર અસતુષ્ઠ રહેતા હતા

વિજયના જીવનમા આજે અને નહીં બનવાની ઘટના બની ગઇ તેને સમજ પડી નહિ માર્ગમા તેના પગ આગળ વધતા જ નડોતા તેની આખો સમક્ષ લાલપીળા દેખાવા લાગ્યા તેને સમજાયુ નહિ કે તેનાથી શો અપરાધ થઇ ગયો છે તેણે ફેટફીયે વાર આને આ પ્રશ્ન પોતાની જાતને પૂછી જોયો

ઘેરથી કચેરીમા જતી વેળા બિલાડી આડી ઉતરી હતી આગળ ચાલતા ખાલી ઘણે જણાયો હતો. એટલા માટે સર્વ અપ-

ગુરુનો એ બેગા મળી તેના ભાગ્યનો ફેસલો આણી દીધો હતો

સાહેબ મોટો અત્યાચારી છે શું ગરીબોના પેટ પર પાટુ મારવા માટે જ પુંજીપતિઓનો આવિષ્કાર થયો છે ? તેમનો નાશ હો એવો દિવસ કયાર આવશે જ્યારે રૂપિયાનુ અસ્તિત્વ સંસારમાથી મટી જશે ? ભૂખ્યો મનુષ્ય બીજાની સામે હાથ નહિ ફેલાવી શકે ? ' વિચારતા, વિચારતા વિજયનુ માથુ ભમવા માડયુ તે રસ્તામા પડતો પડતો બચી ગયો

એકાએક તેણે દૃષ્ટિ ઉઠાવી જોયુ તે તેના પરની સામે આવી ગયો હતો, ખુબ મુશ્કેલીથી તે ઘરમા પેઠો ને ઓશરીમા પેસી પગ્યા દઈને બેસી પડયો

સજ્જનવતીએ ગભરાઈને પૂછયુ "તબીયત કેમ છે ?"

" કશુંજ તેમજ બન્યુ "

" શુ થયુ ? "

" નોકરી છૂટી ગઈ સાહેબે જવાબ આપી દીધો, " કહેતાં કહેતા તેની આંખોમા ઝળઝળીઆ આવી ગયા

વિજયની દશા પર સજ્જનને રડવુ આવી ગયુ તેની આંખોમાથી પણ અશ્રુ ટપકવા માંડયા. તે બન્નેને રડતા જોઈ ત્રિવેણી પણ ફુસકા લેવા માંડી.

સંધ્યાની મલિન છાયામા ત્રણે બેસીને રડતા હતા. ત્યારબાદ શાન્ત થઈ વિજયે પોતાની આંખો લૂછી, સજ્જનવતીએ પોતાની અને ત્રીવેણીની—

કારણ સંસારમા એક એવી મોટી શક્તિ છે, આ સર્વ શાસન કરનારી ચીજોથી કેટલીયે ઉંચી છે—જેને ભરોસે બેઠેલો મનુષ્ય આખ ફાડીને પોતાના ભાગ્યની રેખાને જોવા કરે છે *

* વિનોદરા કર વ્યાસની હિન્દી વાર્તા પરથી

આવી પ્રીત

નહીં તુ જોલે છે ફાગ ગગનના રંગના
અહીં હુ મરૂ છુ તારા સ્વપ્નના ભારમા,
મુદ્દર આવાસે તારે નુપૂરધ્વનિઓ નાથે
અહીં રહ્યો જપી તારા સ્મરણ ઝંકારમા,

આવી પ્રીત તારે મારે કયાથી રે બંધાઈ ગણી
હવે રહ્યુ રોવુ મારે અદીઠની આશમાં,
તારે નથી હૈયુ મારી જીવવાને અશ્રુમાળ,
(કે) મારે નથી આખ જોવા ઊભેલાને પાસમા ?

શ્રી સનાતન

ગ્વાલિયરમાં મળેલા અધિવેશનનો અહેવાલ

અમે તા ૨૨ મી શનીવારની રાતે ગ્વલીઅર જવા નીકળ્યા. ધાર્યા કરતા તદ્દન ઓછી ગીરદી હતી, એટલે મુસાફરી ઘણી જ આસાનીથી પુરી કરી. ગ્વાલીયર જતા અમારે મથુરા ટ્રેઇન બદલવાની હતી ત્યા સાતેક કલાકનુ રોકાણ હતુ એટલે અમે મથુરા જોવાનુ નક્કી કર્યું નાહી ધોઇ બ્હેલી સવારે વૃંદાવન જોવા નીકળ્યા ત્યા શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ લીલા રમતા તે કુંજ ગલીઓ જોઇ, કદંબનુ ઝાડ જોયુ, કાળી નાગને હરાવ્યો હતો તે સ્થાન પણ જોયુ કુંજ ગલીઓ ઘણી જ ગંદી રહે છે બને બાજુ ખુલ્લી ગટરો વહે છે આજુબાજુ કચરો અને ગંદકીના ઢગ દેખાતા હતા. દુકાનોમા મીઠાઇઓ પર ચાખીઓ બણબણતી હતી મથુરામા પણ આજ દેખાવ હતો પવિત્ર અને સુંદર ગણાતા મથુરા-વૃંદાવનના વર્ણનો અને સાચી હકીકતમા કેટલો તફાવત છે? ગોરના તો ધામને ધામ! પેટના ગુજરાન માટે હજુએ ગોર અને પંડયાઓએ પોતાનો જુનો ધર્મ જ ચાલુ રખ્યો છે સમય પલ્ટાયો છે, પરંતુ તેઓ પલટાયા નથી

મથુરાથી ગ્વાલીઅર જતી ટ્રેઇનમા અમે બેઠા. આગ્રા આવ્યુ તાજમહેલના દર્શન થયા ગાડીમા દુરથી ગ્વાલીઅરનો કીલ્લો દેખાયો કીલ્લા પર એક નાનુ સરખુ શહેર વસ્યુ હોય એમ દુરથી લાગતુ હતુ.

ગ્વાલીયર

૧૮૫૭ નો બળવો, ઝાસીની મહારાણી લક્ષ્મીબાઇ, સીંધીયા અને ખોટીચ સન્તનન, ફિલ્મો જોતાની સાથે યાદ આવ્યા. તે સમયે જ સીંધિયાઓએ બ્રિટીશના મહદનીશ થવાને બદલે આપણા બળવાખોર કહેવાતા નેતાઓનો પક્ષ લીધો હોત તો!

ગ્વાલીયર આવ્યું સ્ટેશન પર સ્વયંસેવિકાઓ અને સ્વયંસેવકો મહેમાનોને સત્કારવા ઉભા હતા. અમારો સામાન તેઓએ ઉતરાવી ટ્રકમા ભરાવ્યો અને અમે અમારા માટે તૈયાર રાખેલી બસોમા બેસી ઉતારે ગયા

ઉતારા તરીકે અપાયેલુ મકાન ઘણું જ સુંદર હતુ કરોક વર્ષ પહેલાં તે રાજાનો મહેલ તરીકે વપરાતુ હતુ નવા મહેલો તૈયાર થયા એટલે તેને કન્યાશાળાના ઉપયોગમા લેવામા આવ્યુ અત્યારે તેમા હાઇસ્કૂલથી કોલેજ સુધીના વર્ગો લેવાય છે મકાનની બાંધણી ઘણી જ સરસ છે વીશાળ મેદાન છે મેદાન વચ્ચે મોટો સભા હોલ બાંધેલો છે જેમા મહીલા પરીષદનુ અધીવેશન ભરાયુ હતુ ઉતારાની તેમજ બીજી વ્યવસ્થા ઘણી સારી હતી તે બદલ સ્વાગત સમીતીના સભ્યોને અભીનંદન ઘટે છે

કલા-પ્રદર્શન

તા. ૨૬ મીએ સવારે કલાકૌશલ પ્રદર્શનની ઉદ્‌ઘાટન દુંગીયા રાજકુમારી થી. અમૃતકુંવરના હસ્તે થઇ તેમણે કહ્યુ કે, જ્યારથી ગાંધીજીના ચરણે આવી છું ત્યારથી ખાદી અને ગ્રામઉદ્યોગનુ મહત્ત્વ મને સમજાયુ છે પરદેશી રાજ્ય સાથે પરદેશી વસ્તુઓ આવી, આપણા મન લલચાયા,

આપણો માર્ગ શુલ્યા અને કલાકૌશલ્યને ધક્કો લાગ્યો. બ્રિટીશ રાજ્ય કરવા આમ ઉદ્યોગ રીવાજતમા વધાર પ્રચલીત છે આમ ઉદ્યોગને વધારે અને વધારે વીકસાવવા માટે આપણે ગ્રામઉદ્યોગની બનાવટ ખરીદવી એ આપણી પહેલી ફરજ છે રચનાકાર્ય બહેનોએ ઉપાડી લેવુ જોઇએ હાથની બનાવેલી ચીજો વાપરવી જોઇએ. હાથ બનાવટની ચીજો મોઘી પડે છે એ એમને રોજી મળે એ સમજીને વસ્તુઓ ખરીદવી જોઇએ ગામ ઉદ્યોગનુ મહત્ત્વ સમજાવી તેને વીકસાવવાનો બોધ આપ્યો હતો, અને પ્રદર્શનને ખુલ્લુ જાહેર કર્યું હતુ, ત્યારે બાદ જનત્ર ગુજન ગવાયા બા સભા વીખરાઇ હતી

અધિવેશનનો આરંભ

તેજ દીવસે બપોરના આ. હી મ. પરીષદનુ અધીવેશન ભરાયુ, મંડપને કુલપતા થી શણગારવામા આવ્યો હતો શહેરના નાગરીકોએ તેમા સારા પ્રમાણમા હાજરી આપી હતી, સૌથી પ્રથમ પ્રાર્થના થયા બા. શ્રી અનુસુયાબાઇ કાવેઓ શ્રી ઉર્મીલા બહેનતાનો પરીચય આપી તેમને પ્રમુખસ્થાન લેવા માટેની દરખાસ્ત મુકી હતી. શ્રી. રાજેશ્વરી નહેરૂએ ઉપરની દરખાસ્તને ટેકો આપ્યો હતો અને જણાવ્યુ હતુ કે, શ્રી ઉર્મીલા બહેન બહેતા આ. હી. મ પરીષદનું શરૂઆતથી કામ કરતા આવ્યા છે પુ જ્યારે પ્રમુખ હતી ત્યારે મારા એ મત્રી હતા અને કામનો બધો બોજો ઉપાડી સહજ રીતે પાર પાડતા હતા ત્યારથી મને થાય્યુ હતુ કે, આ બહેન જે કામ લેશે તે પુરૂ પાડશે અને તેના નેતૃત્વ તળે આપણી પરિષ. ઘણી પ્રગતી કરશે. આજે સમય ઘણો બારીક આવ્યો છે આર્થીક બીસ વધતી જાય છે તેવા સમયે આપણે રચનાત્મક કાર્ય સંગીત રીતે શરૂ કરવુ જોઇએ આજે આપણી પરીષદમા બધેથી બો અભણ બધી જ બહેનો સાથ આપી રહી છે તો તે બધી શકતીને એકત્ર કરી દેશને આબાદ બનાવવામા ફાળો આપવો જોઇએ સ્ત્રી સાચી અહીંસક સીપાઇ છે, તો આજે તેનો સીપાહીગીરી કરવાનો સાચો સમય આવ્યો છે

સંદેશાઓ

શ્રી ઉર્મીના બહેને પ્રમુખસ્થાન લીધા બાદ પુષ્પહાર થયા હતા ત્યારબાદ શ્રી. જવાહરલાલ નહેરૂ, મોટરા ઇન્ટર નેશલ લીગ, વીજ્યા લક્ષ્મી પંડિત, મુથુ લક્ષ્મી રેડ્ડી, બેગમ અબ્દુલા, બેગમ હમીદઅલી, સરલા દેવી સારાભાઇ, રાણી લક્ષ્મીબાઇ રાજવડે, વીગેરેના સંદેશાઓ વંચાયા હતા

સ્વાગત વ્યાખ્યાન

સ્વાગત પ્રમુખ શ્રીમત સૌ મહારાણી વિજ્યા રાજે શીન્દેએ બધાનુ હાર્દિક સ્વાગત કરતા કહ્યુ કે, ગ્વાલીઅરમા આ પરીષદનુ ૨૧ મુ અધિવેશન ભરાય છે તેથી મને ધણોજ હર્ષ થાય છે અમારે આગણે અમારી અગ્રગણ્ય બહેનો પધારી છે તેનુ સ્વાગત કરતા મને આનંદ થાય છે સત્કા રમા અમારી ત્રુટીઓ રહી ગઇ હશે પરન્તુ અમારી ભાવના પ્રેમ અને શ્રદ્ધાથી પૂર્ણ છે અને આમ સૌ એજ સૌજન્યથી તેનો સ્વીકાર કરશો ગ્વાલીયરમા સ્ત્રી શિક્ષણનું કામ સારૂ ચાલી રહ્યુ છે, "ગ્વાલીયર મહિલા મંડળ" નારી સમાજમા જાગ્રતિ લાવી શિક્ષણ, સમાજ સુધારણા રચનાત્મક કાર્ય કરી રહ્યું છે 'નારી ઉદ્યોગ મંદિર'મા બહેનોને કલા કૌશલની તાલીમ અપાય છે ઘણી બહેનો આનો લાભ ઉઠાવી રહી છે અમે રચનાત્મક કાર્ય હજુએ આગળ

વધારવા માગીએ છીએ દેશના ભાગલાથી ઘણા સવાલો ઉભા થયા છે ત્યાંની બહેનો બેહાલ સ્થીતીમા અહીં આવી સાચા નાગરીક બનાવી શકીશુ

સ્ત્રીઓએ રાષ્ટ્રની સમસ્યાઓમા ભાગ લેવો જોઇએ એ સાચુ છે પરતુ કુદરતે એક પવીત્ર જવાબદારી તેના પર નાખી છે તેની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. રાષ્ટ્રની ભાવી પેઢીને સબળ, સ્વસ્થ, સુશીક્ષીત અને સપુર્ણ નાગરીક બનાવવાનું કાર્ય આપણુ છે આ અધીવેશનની તૈયારીમા અમને જે જે વ્યક્તી અને સસ્થાએ સાથ આપ્યો છે તેનો આભાર માનુ છુ ફરી એક વાર હુ આપ સર્વનુ હાર્દીક સ્વાગત કરૂ છુ અને આ અધીવેશનની સફળતા માટે મગળમય ભગવાન પાસે પ્રાથના કરૂ છુ

ઉર્મીલા બહેના

વાર્ષિક વિવરણ થયા બાદ શ્રીમતિ અધ્યક્ષા ઉર્મીલા બહેનાનુ ભાષણ થયુ તેમણે શ્રી અનસુયાબાઇ કાળેની પ્રમુખપદ નીચે ઓધિવેશન ભરાયા બાદ દેશમા થઇ રહેલ ઝડપી ફેરફારોનો નિર્દેશ કર્યો હતો. સકટગ્રસ્ત બહેનોને રાહત આપવાના મહીલા પરીષદની બહેનો, સુચિતા કીપલાની, શ્રીમતિ રામેશ્વરી નહેરૂ, મૃદુલા સારાભાઇ, શ્રીમતિ હસાબહેન, શ્રીમતિ રક્ષાસારણા તથા બીજી બહેનોએ જે કાર્ય કર્યુ છે તે ખરેખર ગૌરવ લેવા જેવુ અણ્યુ હતુ

તેમણે આગળ કહ્યું હતુ કે, દેશની સ્ત્રીઓને જાગૃત કરી રાષ્ટ્રસેવાના કર્તવ્યની પ્રેરણા આપનાર રાષ્ટ્રપીતાના આપણે ઋણી છીએ આજે તે આપણી વચ્ચે નથી તેના અવસાનથી દેશને ઘણી મોટી ખોટ પડી છે તેમની સવત્સરીની તૈયારીઓ ચાલી રહી છે તે સમયે તેમના અધુરા રહેલા કાર્યને પુરુ કરવા, તેમના આદર્શો અને સ્વપ્નોને અનુકુળ, માનવના ભર્યા મહાન હીંદનુ સર્જન કરવાની પ્રતીજ્ઞા લેવી જોઇએ

આપણને સ્વતત્રતા મળી ગઇ છે પરતુ હજુ ઘણા કામો કરવાના બાકી છે ગરીબી, મલીનતા, અજ્ઞાન, રૂઢીનાબધન, વ્હેમ વગેરે દુર કરવાનુ કામ આપણે છે ભાવી માતાઓને તાલીમ આપવા કેન્દ્રો ખોલવા જોઇએ જેથી તદુરસ્ત નાગરીકો આપણને મળે. હમણા ભાષાવાર પ્રાંતોની માગણી અગે ઘણીજ ખરાબ હરીફાઇ ચાલી રહી છે આનાથી બહેનોએ દુર રહેવુ જોઇએ

આપણી સસ્થા વીકસી તો રહી છે પરતુ નીચલા થરના લોકોમા આપણે નથી પહોચી શકયા તેનુ પ્રતિનિધિત્વ હજુ પ્રાપ્ત કરવાનુ છે તે માટે આપણે કાર્ય શરૂ કરવુ જોઇએ ચીનમા ચાલતી 'ન્યુ લાઇફ મુવમેન્ટ' નુતન જીવન પ્રવૃત્તિના જેવુ આદોલન આપણે ઉપાડવુ જોઇએ

સપર્ક લઉ છું

મારી પાસેથી તમને પ્રેરણાત્મક સદેશો નહિ મળે. હુ તો સૈનિક છુ અને એક સૈનિક તરીકે પતીજ્ઞા કરૂ છુ કે ગરીબી, અન્યાય, અજ્ઞાન, રોગ અને અત્યાચારની સામે લડવામા હુ તમારી સાથેજ રહીશ અને જર્જરીત પુરાણી દુનીયામાથી વધુ સુદર દુનીયાના સર્જન માટે હુ લડતી રહીશ "

ગ્વાલીયરનરેશ શ્રી સયાજીરાવ શિન્દેએ અને મધ્યભારત પ્રધાન મત્રી શ્રી લીલાધર જોશીએ બહારથી આવેલા મહેમાનોનો આનદથી સત્કાર કર્યો હતો શ્રી રાજકુમારી અમૃતકોર અને કુમારી આશાયા હેરીસનના મનનનીય પ્રવચનો થયા બાદ 'જનગણમન' ગવાયુ હતુ અને પછી સભા વિખરાઇ હતી

કાર્યવાહી

તા. ૨૧ મીએ ૬ વાગે સભાની કાર્ય વાહી શરૂ થઈ હતી તેમાં સૌથી પ્રથમ શ્રીમતીઓ ઠરાવો રજુ થયા હતા. શ્રી કમળાદેવી ચટોપાધ્યાય બોલ્યાં કે ઠરાવ મુકતા કશું કહ્યું કે દુનિયામા પુરેપુરી આઝાદી વગર શાંતી નથી રહેવાય, ચોતે આઝાદ થઈ બેસી જઈએ તો ચાલે તેવુ નથી. જગતભરમાં શાંતી રહ્યા પછી હોય તો નાના દેશોનુ શોષણ અટકવુ જોઈએ દરેકને સ્વતંત્રતા મળવી જોઈએ શ્રી. રાજકુમારી અમૃતકોરે આ ઠરાવને ટેકો આપ્યો અને ગાંધીજીની વાત આપતાં કહ્યું હતું કે આપણને એ રાષ્ટ્રપીતાએ તોપ, બંદુક, સીમાન દમનોનો વીગેરે વિના આઝાદી અપાવી છે તેના દર્શાવેલ માર્ગે આપણે નહી ચાલીએ તો આપણને મળેલી આઝાદીનો કેમ અર્થ જ નથી. દેશની દરેક જનતા પ્રતીક્ષા કરી રહી છે સત્ય અને અહીંસાના માર્ગ પર શાંતી ગોળમેજી હોવની જરૂરતો બળ મેળવી દુનિયાને શાંતીનો પાઠ જરૂર શીખવશે અને અન્યાયનો સામનો કરી શાંતી સ્થાપવામાં મદદરૂપ થશે.

આ ઠરાવ પર બીજા સુધારા સુચવવા હતા અર્થો પણ આવી ગઈ હતી પરન્તુ વખ મને ઉઠી ગયા હતા ઠરાવ મુળ રૂપમા પસાર થયો હતો.

બીજા ઠરાવો

બીજા ઠરાવોમા કેળવણી, આરોગ્ય આર્થીક પ્રશ્નો, સ્ત્રીઓઓના હકો પસાર, જેલ વર્ગની જેવે કુમારીની લાગણી વગેરે ઠરાવો મુખ્ય હતા.

રહ્યાજે બપોરે ૩ વાગે અધિવેશન પુરૂ થયું

આ અધિવેશનમા પ્રતીનીધિ તરીકે દરેક પ્રાંતની બહેનો આવી હતી દુરદુર આસામથી બહેનો પરીષદમાં આવી હતી મંડળની અંદર દેશના પચરંગી પોષાકવાળી બહેનો દેખાતી હતી જુદી જુદી ભાષા બોલ પર અથડાતી હતી. એક બીજાના સમાચાર મમમા આપવા દરેક બહેન પ્રયાસ કરી રહી હતી.

સ્વામીબરનો કીલ્લો ૧૪ ગોરા છે તેમા બુદ્ધ અને મહાવીરની પથ્થરમાં બાર કોમાં કોતરેલી મૂર્તીની લગભગ ૫૦ થી ૬૦ ફીટ ઉચાઈની લગે. જૈન ધર્મમા જે દેવો પણ તે "સાસુ વહુ" ની દેવરા તરીકે ઓળખાય છે રાજા માનસીંહનો મહેલ અને મૃગનયનીરાણીનો મહેલ જોવા લાયક દેશના જુદા જુદા ભાગના નમુના રચાયાય અને છે જોવા લાયક છે

ગોવાલીયર એક હાઈસ્કુલ અને સરકારી દવાખાનુ છે હાઈસ્કુલની બીલ્ડીંગ ઘણી સારી છે, તેમાં દરેક પ્રાંતના બાળકો શીક્ષા પ્રાપ્ત કરી રહ્યા છે ઉપરાંત હાઈસ્કુલમા સ્વરની બાજુ વીગેરે રહેવા જોવા લાયક છે

—એક પ્રતિનિધિ બહેન

[૨૨ ગોવાલ "

વિંછીના ડંખની
ચમત્કારીક દવા
કિમત રૂા. ૧-૮-૦
આજે જ મંગાવો
જે આગ ઓપચમ
કાલબા રોડ વડોદરા.

કૃષ્ણ-કમળા

શ્રી. બાળકૃષ્ણ જોશી

૬૨૨૨—

કૃષ્ણલાલ ઠાકોર એના વાંચનમા મશગૂલ હતો ત્યા ટેલીફોનની ઘટડી વાગતા એણે કાને રીસીવર ધરી પૂછ્યુ,

" એલાઉ—"

" હા કોણ બોલો છો ? "

" હુ, કૃષ્ણલાલ ઠાકોર "

" કોણ ? " સહજ આશ્ચર્યસૂચક સામો અવાજ થયો

" પણ આપ કોણ ? "

" હુ મિસ કમળા શ્રોફ, આપ કયાથી બોલો છો ? આપનો નમ્બર ? "

" હુ મારા ઘેરથીજ બોલુ છુ કુંજવિહાર ન ૫૨૭ આપને કોનુ કામ છે ? "

" ઓ, સોરિ—ભૂલથી નમ્બર જોડાયો—મારે ન ૨૩૦ જોઈતો હતો માફ કરજો હો— "

પટાક કરતુ કૃષ્ણલાલે રીસીવર નીચે મૂક્યુ

બીજે દિવસે કૃષ્ણલાલ બહાર જવાની તૈયારીમાં હતો ત્યા ટેલીફોન આવ્યો એણે પગમા ચપ્પલ પહેરતાજ રીસીવર ઉપાડ્યુ

" હલ્લો !—" આગલા દિવસ જેવોજ અજાણ્યો અવાજ કાને આવ્યો.

" યસ, હુ કૃષ્ણલાલ ઠાકોર, આપ કોણ બોલો છો ? "

" હુ મિસ કમળા શ્રોફ—"

" ઓહો, કેમ આજે પણ ખોટો નમ્બર જોડાયો કે શુ ? "

" ના ના, આજે તો જાણી જોઈનેજ—"

" તે કેમ વારૂ ? "

એનુ કારણ એવુ બન્યુ—કાયે આપે આપનો નમ્બર કહ્યો તે વખતે એકદમ મારા ધ્યાનમા નહિ આવ્યુ, પરતુ "રજનીગધા" અને " કોરા ગી કુનીઆ " વગેરે નવલકથા ઓના લેખક-તેજ આપ કૃષ્ણલાલ ઠાકોર "

" હા જી "

" વાહ વાહ—એ બને મારી અત્યત પ્રિય નવલકથાઓ છે મને તે બહુજ ગમે છે "

" Thanks "

" ખરેખર, ' કોરા ગી કુનીઆ 'ની અદરનુ ટેકનિક બહુ સુદર છે પણ ' રજનીગધા 'ની અક્ષર આવતો કથાભાગ અને સવાદ તો તદન કલાથી ભરપૂર છે મે એ ચોપડીઓ ત્રણ ચાર વાર વાચી અને દરેક વખતે મને તેમાંથી અવનવો આનદ મળ્યો છે

क्षणे क्षणे यन्नवता मुपैति
तदेव रूप रमणीयता यदा

એ સૂત્રનો મને આ ચોપડીઓ દ્વારા પૂરો સાક્ષાત્કાર થયો છે પણ મને સ્વપ્ને પણ ખ્યાલ નહિ કે—

" કે ? "

" કે મારા માનીતા લેખકની ઓળખાણ મને આમ અણધારી રીતે થશે ! "

" વાહ, મારા અહોભાગ્ય ! "

" ખરેખર, આપે કયારથી નવલકથા લેખનની શરુઆત કરેલી ? "

હવે કૃષ્ણલાલને પણ આ અજાણી મિસ કમળા શ્રોફની વાતોમા કાઈક રસ પડ્યો. એણે કહ્યું " હુ પચીસમે વર્ષે એમ. એ. થયો-તે પછી ત્યારથી અત્યાર સુધીમા આ પાચ છ વરસનો અનુભવ છે "

" આઈ સી—" અને પછી કમળા મનમા જ બબડી

" ત્યારે તો ભાઈસાહેબની ત્રીસેક વર્ષની ઉમર લાગે છે ! "

" ઓહો—આપની કલ્પનામૂર્તિ યુવતી કવિનુ વર્ણન તો ત્યારે જરા કહી સંભળાવો ! પછી જોઉ કે મને તે કેટલે અંશે લાગુ પડે છે ? "

" મને લાગે છે કે એક નાજુક મુગ્ધ સુંદર શરીરની, શ્યામ વર્ણ પણ વિલક્ષણ ભાવનાભરી નજરવાળી તેજસ્વી આંખ વાળી યુવતી—

' એવી જ આ સુંદર કવિતા કરનાર 'પકજ' હોવી જોઈએ—"

જવાબમા કૃષ્ણલાલને કમળ તરફથી કાંઈ જ સાભળવા મળ્યુ નહિ

" કેમ બોલ્યા નહિ, મિસ કમળ ? મે કહ્યું વર્ણન આપને કેટલે દરજ્જે મળતુ આવ્યુ લાગ્યુ ? કે પછી તેના કરતા પણ વધારે સુંદર—

" ના ના, એવુ તો કાંઈ નહિ—હા, પણ મને ' આપ કેવા હશો ? ' તે સંબંધી જે લાગે છે તે કહુ કે ? "

" હા, કહોને ? " કૃષ્ણલાલે કાન માંડયા.

" ના, ના જવા દો ને—હું તો કાંઈ કહેતી નથી, બાંધસાબ—બાંકી પુરુષ ગમે એવા હોય—દેખાવડા હોય કે નહોય—તો પણ શુ ? તેની પ્રતિભાનું જ ખાસ મહત્ત્વ હોય છે ! "

" એવો આપનો પ્રામાણિક અભિપ્રાય છે ? મિસ કમળ ! "

" અલબત્ત પણ માફ કરજો—મારા મજુરા હાક મારે છે—ચાલો સાહેબજી—"

" સાહેબજી—Thanks "

" વચમા બીજા આઠ દસ દિવસનો ગાળો પડયા પછી એક દિવસ કમળાનો ટેલીફોન જાગૃત થયો

" એનાઉ—"

" કોણ મિ. કૃષ્ણલાલ ? "

" હા, હુ જ કેમ આજે આટલો બારે અવાજ કાંઈ લાગે છે ? "

" કાંઈ નહિ—એ તો અમસ્તુ જ પણ સાચુ કહેજો આપ આજ કેટલા બધા વખતે મળ્યા ? લગભગ આઠ દિવસ થઈ ગયા—"

" હા, હુ જરા બહારગામ ગયો હતો. મિસ કમળ "

" મે બેત્રણવાર ફોન કરેલો—"

" હા, ને મને નોકરે વાત કરી. પણ જુઓ મિસ કમળ, અત્યારે હું સીધો ગાડીમાથી ઉતરી તુર્તજ અહીં આપની સાથે વાતો કરવા બેસી ગયો છુ —"

" ઓય બાપ ! એમ કે ? ત્યારે તો અત્યારે બાર વાગી ગયા છે-આપ જમ્યા પણ નહિ હો— "

" નહિસ્તો—પણ તેનું શુ થાય ? મહારાજ હજી રસોઈ બનાવે છે—"

" ખરેખર, આવી રીતે નોકર ચાકર પર આધાર રાખવાથી આપને કેટલી તકલીફ વેઠવી પડતી હશે ?

" હાસ્તો, પણ તેનુ શુ થાય ? "

" તો પછી લગ્ન કેમ કરી લેતા નથી ? "

" હા, એ વાત ખરી, પણ મિસ કમળ ? લગ્ન કરવુ એ કાંઈ હાસીખેલ છે ? યોગ્ય પાત્ર મળે તો ને ?—"

" હા, હા, બરાબર—ઠીક ત્યારે હવે આપ જાઓ—જલદીથી નાહી ધોઈ પરવારી લો—પછી આપણે નિરાંતે વાતો કરીશુ હાં, પણ મુસાફરીમા આપની તબીઅત તો સારી રહેતી હતી ને ? "

" એ તો એવીસ્તો ? પણ તેને પણ ખબર છે ને કે તેની ચિંતા કરે એવુ બીજુ કોઈ નથી ? "

" વાહ, વાહ, હવે જમી લો—" કમળે હસતા હસતા રીસીવર નીચે મૂકી દીધુ

વારૂ, પણ મારે તમને કયી નિશાનીએ ઓળખવાં ? "

" હું કેસરી રંગની ભૂરી કિનારવાળી સાડી પહેરીને આવીશ "

" જુઓ પણ ભોકુ ન કરતા હોં—"

' ના ના, પણ તમે કેવા દેખાશો ? "

" હવે કાલે જોશો જ ને ? પણ આપણો આ આપ અને તમે નો વ્યવહાર કયાં સુધી ચાલુ રાખવો છે ? "

" એ બધાનો કાલે નિકાલ આવશે—"

કમળે એક નિશ્વાસ નાખ્યો, પણ તે દરમ્યાન કોન બંધ પડયો હતો

૫

બીજે દિવસે સાંજના છ-વાગે બાવીસ ત્રેવીસ વર્ષની એક યુવતી ઉતાવળે પગલે વસંતપાર્કમાં દાખલ થઈ પરંતુ એના પગલામાં પ્રિયતમના પ્રથમ મિલનનો આનંદ કે અભિસારિકાના ક્ષોભ કે થડકાની કાંઈ પણ નિસાની જણાતી ન હતી. એ જડ પગલે ચાલી રહી હતી. એણે શરીર કેસરી સાડી ધારણ કરી હતી, અને તેની ભૂરી કિનાર સાડીના મૂળ રંગમાં વધારો કરી રહી હતી.

એણે ચોમેર નજર ફેરવી. આવતા જતા લોકો તેના ચહેરા સામું જોતા હતા—ક્ષણવાર ચમકતા હતા—ક્વચિત્ સ્મિત કરતા હતા અને વારંવાર પાછું જોતા આગળ ચાલી જતા હતા.

થોડીવારમાં યુવતી લતામંડપ તરફ વળી. અને કોઈના આવવાની રાહ જોતી ત્યાંજ એક ખાલી બાકડા પર બેસી ગઈ

થોડીક મિનિટ પછી એક ત્રીસ બત્રીસ વર્ષનો નવયુવક લતાકુંજ તરફ આવતો જણાયો. એણે બારીક સફેદસ્તરતા જેવું પોતાનું છૂટ છેડે પહેર્યું હતું બંગાળી પહેરણ, આખે છેલ્લી ઢબના, કલકત્તાની ફ્રેમના ચશ્મા પહેર્યા હતા પરંતુ એની શરીરની ચામડીનો રંગ કોલસાને પણ લજ્જવે એવો હતો. એના ઉપલા દાંત નીચલા હોઠ પર આવી ચપ્પસાઈને બેઠેલા હતા.

યુવતીએ ક્ષણવાર તેના તરફ જોયું અને એના શરીરે કમકમા આવ્યા. પણ તેનીજ તે રાહ જોઈ રહી હતી—અને તે તો એની કલ્પના કરતા તદ્દન જુદોજ જણાયો—તેથી એ પુનઃ બહાર જોવા લાગી.

થોડીવારે તેજ યુવક બીજી તરફ એક આંટો મારી પાછો ત્યાંજ આવ્યો. તે વખતે યુવતીનું તે તરફ ધ્યાન ન હતું એ નીચું મોં કરી વિચારમગ્ન દશામાં બેસી હતી.

આખરે ઘણી ધ્રુજતવણ પછી શંકાશીલ સ્વરે યુવક બોલ્યો. " માફ કરજો, હું આપનું નામ પૂછી શકું ? "

" યુવતી ક્ષણવાર ચમકી. એને તે સ્વર પરિચિત લાગ્યો એકદમ મોં ઉંચું કરી એણે યુવક તરફ જોયું અને પોતાની જગ્યાએજ ચિત્રવત્ ઉભી રહી. એણે અચકાતા અચકાતા કહ્યું " હું મિસ કમળ શ્રોફ "

" શું કહ્યું ? " યુવક આશ્ચર્યથી ઘૂમ પાડી ઉઠયો ક્ષણવાર એને પોતાની આંખ પર વિશ્વાસ ન આવ્યો. એની સામે શીત બાનાં ચાહાથી કદરૂપ બનેલી, જાડા ઢોકળા જેવા હબસી આઈ હોઠવાળી, ઝીણી ચૂંખરી આંખો ક્ષણે ક્ષણે ઉપાડમીંચ કરતી એક યુવતી બેઠેલી જણાઈ !

પરંતુ સમય સૂચકતા વાપરી યુવકે "માફ કરજો." એટલા જ શબ્દો ઉચ્ચાર્યા, અને તેજ ક્ષણે એ ત્યાંથી પવનવેગે ચાલી નીકળ્યો યુવતીએ તો પીઠથી જણાતી આકૃતિ તરફ બીજીવાર નજર પણ ન નાખી.

ખીલવાની અણી પર આવેલું કૃષ્ણ-કમળ ચીમળાઈ ગયું !

વાર, પણ મારે તમને કયી નિશાનીએ ઓળખવા ?"

"હું કેસરી રંગની ભૂરી કિનારવાળી સાડી પહેરીને આવીશ"

"જુઓ પણ મોડું ન કરતા હોં—"

"ના ના, પણ તમે કેવા દેખાશો ?"

"હવે કાલે જોશો જ ને ? પણ આપણો આ આપ અને તમે નો વ્યવહાર કયાં સુધી ચાલુ રાખવો છે ?"

"એ બધાનો કાલે નિકાલ આવશે—"

કમળે એક નિઃશ્વાસ નાખ્યો, પણ તે દરમ્યાન ફોન બંધ પડયો હતો.

૮૫

બીજે દિવસે સાંજના ૭ વાગે બાવીસ તેવીસ વર્ષની એક યુવતી ઉતાવળે પગલે વસંતપાર્કમાં દાખલ થઈ પરંતુ એના પગલાંમાં પ્રિયતમના પ્રથમ મિલનનો આનંદ કે અભિસારિકાના ક્ષોભ કે શંકાની કાંઈ પણ નિશાની જણાતી ન હતી. એ જડ પગલે ચાલી રહી હતી. એણે શરીરે કેસરી સાડી ધારણ કરી હતી, અને તેની ભૂરી કિનાર સાડીના મૂળ રંગમાં વધારો કરી રહી હતી

એણે ચોમેર નજર ફેરવી. આવતા જતા લોકો તેના ચહેરા સામું જોતા હતા–ક્ષણવાર ચમકતા હતા–ક્વચિત્ સ્મિત કરતા હતા અને વારંવાર પાછું જોતા આગળ ચાલી જતા હતા.

થોડીવારમાં યુવતી લતામંડપ તરફ વળી. અને કોઈના આવવાની રાહ જોતી સાંજ એક ખાલી બાકડા પર બેસી ગઈ

થોડીક મિનિટ પછી એક ત્રીસ બત્રીસ વર્ષનો નવયુવક લતાકુંજ તરફ આવતો જણાયો. એણે બારીક સફેદબાસ્તા જેવું પોતીકું છૂટ છેડે પડેયું હતું બંગાળી પહેરણ, આંખે ઈંસ્લી ઢબના, કલકત્તાની ફેમના ચશ્મા પહેર્યા હતા પરંતુ એની શરીરની ચામડીનો રંગ કોલસાને પણ લજ્જવે એવો હતો. એના ઉપલા દાંત નીચલા હોઠ પર આવી ચપસાઈને બેઠેલા હતા.

યુવતીએ ક્ષણવાર તેના તરફ જોયું અને એના શરીરે કમકમા આવ્યા. પણ તેનીજ તે રાહ જોઈ રહી હતી–અને તે તો એની કલ્પના કરતા તદ્દન જુદોજ જણાયો–તેથી એ પુનઃ બહાર જોવા લાગી.

થોડીવારે તેજ યુવક બીજી તરફ એક આંટો મારી પાછો ત્યાંજ આવ્યો. તે વખતે યુવતીનું તે તરફ ધ્યાન ન હતું એ નીચું મોં કરી વિચારમગ્ન દશામાં બેસી હતી.

આખરે ઘણી ઘુંચવણ પછી કંઈક સ્વરે યુવક બોલ્યો. "માફ કરજો, હું આપનું નામ પૂછી શકું ?"

"યુવતી ક્ષણવાર ચમકી. એને તે સ્વર પરિચિત લાગ્યો. એકદમ મોં ઉંચું કરી એણે યુવક તરફ જોયું અને પોતાની જગ્યાએ જ ચિત્રવત્ ઉભી રહી. એણે અચકાતા અચકાતા કહ્યું "હું મિસ કમળા શ્રોફ"

"શું કહ્યું ?" યુવક આશ્ચર્યથી ભૂમ પાડી ઉઠયો ક્ષણવાર એને પોતાની આંખ પર વિશ્વાસ ન આવ્યો. એની સામે શીત ળાના ચાહાથી કદરૂપ બનેલી, જાડા ઢોકળા જેવા ઢબસી આંખ હોઠવાળી, ઝીણી ચૂંચરી આંખો ક્ષણે ક્ષણે ઉપાડબીંચ કરતી એક યુવતી બેઠેલી જણાઈ !

પરંતુ સભય સૂચકતા વાપરી યુવકે "માફ કરજો." એટલા જ શબ્દો ઉચ્ચાર્યા, અને તેજ ક્ષણે એ ત્યાંથી પવનવેગે ચાલી નીકળ્યો યુવતીએ તો પીઠેથી જણાતી આકૃતિ તરફ ફરીવાર નજર પણ ન નાખી

બીલવાની અણી પર આવેલું કૃષ્ણ-કમળ ચીમળાઈ ગયું !

મહાકવિ પ્રેમાનંદનું ગુજરાતી કવિઓમા સ્થાન

શ્રી રતિલાલ રામચંદ્ર ભટ્ટ

[ગયા અંકથી ચાલુ]

પ્રેમાનંદે કરેલા બધા ફેરફારો તત્કાલીન સમાજની નીતિ, વૃત્તિ, રુચિ ને રૂઢિને અનુકૂળ થવાની ઇચ્છાના પરિણામ રૂપ છે શ્રી ન્હાનાલાલ કહે છે " He is the most Gujrati of Gujrati poets, ancient or modern " પોતાના સમગ્ર જીવન તેણે ઝીલ્યું છે તે માટે તેને દોષ દેવાને બદલે આપણે તેને પ્રશસ્ય કાર્ય ગણવું જોઇએ. શ્રી અ ક ત્રિવેદી કહે છે તેમ " પ્રેમાનંદ એના સમયના જનસમાજના જીવનને સ્પર્શી શક્યો ને તેમાથી સાહિત્યના બધા રસ ઉપજાવી શક્યો તે માટે-તેના પર પ્રેમાનંદની મહત્તાનો આધાર હતો.

આપણા પ્રાચીન કવિઓની વિશિષ્ટતા એમની ધર્મપરાયણતામા છે એમણે સર્જેલું સાહિત્ય મુખ્યત્વે ભાગવત, મહાભારત, ને રામાયણની અખૂટ પ્રેરણાને આભારી છે તેમા યે ભાગવત દશમસ્કંધમાં કથાતત્વો, ભક્તિમહિમા, કથારસ ને રસ હતાનો અપૂર્વ સુમેળ થવાથી દરેક કવિનુ એ પ્રિય પ્રેરણાસ્થાન બની રહ્યુ છે લગભગ દરેક પ્રાચીન કવિએ દશમસ્કંધનાં વસ્તુ પર પોતાની કાવ્યકલા અજમાવી છે બધો દશમસ્કંધ તો કાવ્યપ્રેરક કથાનિકાય હોય, એ વિધાનમા અપવાદ ગણવાજ હોય તો વધિક આખ્યાનકાર નાકર, લોકવાર્તાકાર શામળ, તત્પર બ્રહ્મો કે ચાબખાઓ લખનાર બોલ્યે ગણી શકાય એ સિવાયના નાના મોટા લગભગ દરેક કવિમા ભાગવતકારે કૃષ્ણચરિત્રની રસપિપાસા જાગ્રત કરી છે, નરસિંહ-મીરાંના કાવ્યો, દેવીદાસ, પ્રીતમ દાસ, ગિરધર, ઠાકરદાસ, રાધારમણ વગેરેની કૃતિઓમાં દશમનો એક કે બીજો વિષય જોઇ શકાય છે એ સિવાયના લગભગ દરેક કવિએ માત્ર છૂટાછવાયા કાવ્યોથી સંતોષ નહીં પામતા દશમસ્કંધનો સંપૂર્ણ અનુવાદ કરવાની ઇચ્છા પૂરી કરી છે

પ્રેમાનંદના પુરોગામીઓમા શ્રીધર વ્યાસ, કર્ણેજુમંત્રી, કેશવ હર્ષદરામ, ભીમ, ને ભાલણે દશમસ્કંધની રચનાઓ કરી છે પરંતુ પુરોગામીઓના દશમસ્કંધોમા ભાલણના 'દશમસ્કંધ'ની અસર પ્રેમાનંદ પર જોઈ શકાય છે શ્રી. ગજેન્દ્રશંકર પંડ્યા કહે છે " ભાલણમા વત્સલ રસ ને કરુણ રસ વધારે ઢીપી નીકળે છે દશમસ્કંધનુ સમગ્ર અવલોકન કરતા જણાશે કે પ્રેમાનંદે મૂળને અનુસરી લખ્યુ છે ને તેથી તેને બંધનમા રહી સરળતા ને સુગમતા સાચવી રસભર લખવાનુ છે જ્યારે ભાલણે હદપારની છૂટ કેટલેક કેટલે લીધી છે ને અનુવાદ કે ભાષાંતર જેવુ કર્યું નથી ભાલણ ભરાદાણ લીલા ને ભ્રમરગીતમા બહુતો કોપ પણ સમગ્ર દૃષ્ટિએ પ્રેમાનંદનુ વિશિષ્ટપણુ જો બન્ને દશમસ્કંધો સાથે રાખી વાચવામા આવે તો સ્પષ્ટ જણાય છે " પ્રેમાનંદે ભાલણનો દશમ જોયો હશે એમ લાગે છે જે પ્રસંગોમા ભાલણે પોતાની વિશિષ્ટ કલા દર્શાવી છે તે પ્રસંગો પ્રેમાનંદે સંક્ષેપમાં પતાવ્યા છે ત્યારે જે પ્રસંગો ભાલણે સંક્ષેપમા પતાવ્યા છે, ને જેનો રસભર વિકાસ થઈ શકે તેમ હોય તેવા પ્રસંગોને

પ્રેમાનંદે બહલાવ્યા છે ભાલણમા પદ્યબંધ છે, અધ્યાયે બંધ નથી. દેવકીગર્ભનુ કારણ્ય (અ ૧) નાગદમન (અ ૧૬) ઇત્યાદિ પ્રસંગો પ્રેમાનંદે મૌલિક પ્રતિભાથી વિસ્તાર્યા છે

ભાલણની અસર પ્રેમાનંદની રચનામાં ક્વચિત શબ્દાનુસારી સામ્ય સુધી પણ પહોંચે છે, દા. ત. "જાગ્યો નદનો ગોવાળિયો રે, તુ શાનુ માગે દાણ" ભાલણ "જાગ્યુ મે નદનો ગોવાળિયો રે, તુ તો કહોનું માગે દાણ ને" પ્રેમાનંદ દશમની રચના કરનાર અન્ય કવિઓ રત્નેશ્વર માધવદાસ, લક્ષ્મીદાસ, હરિરામ, તુલજારામ, દયારામ ઇત્યાદિ છે તેમા રત્નેશ્વરની કૃતિ નોંધપાત્ર સર્જન ગણાય રત્નેશ્વરની અન્ય કૃતિઓ જેમ તેના ભાગવતાર્ંત દશમમા પાંડિત્ય વિલસી રહ્યુ છે એના પાંડિત્યથી પ્રાકૃત શ્રોતા ભડકી જાય તેવો પણ સંભવ છે

રત્નેશ્વરનુ ભાગવત ચોકસાઇ, પાંડિત્ય ને ઔચિત્યથી જે સફળતાથી મૂળ ભાગવતને અનુસરે છે તેને લીધે સર્વ દશમસ્કંધોમાં તેનુ સ્થાન વિશિષ્ટ છે

ભાલણનો 'દશમસ્કંધ' સ્વતંત્ર ભાવાનુવાદ છે, ત્યારે પ્રેમાનંદનો 'દશમસ્કંધ' શ્રોતાજનની રસવૃત્તિઓને કલાપૂર્વક ઉત્તેજે છે ને રત્નેશ્વરનો 'દશમસ્કંધ' તો પંડિતોચિત અનવધતાનો અપૂર્વ કલાનમૂનો છે

પ્રેમાનંદના 'દશમસ્કંધ'મા દેવકીને પુત્રી આવી એમ જાહેર થાય છે કે તરત કાંસડીએ રાહ જોતો કંસ "આઠમો ગરભ શત્રુ સરવથી" એ આકાશવાણીના રહસ્યને અંત પર્યાપ્ત ગણી એ બાળકીને મારવા તૈયાર થાય છે, તે સમયની વસુદેવ-દેવકીની કરુણિકામાં, બાળકીને જીવાડવાની વિનવણીઓમા, પ્રેમાનંદે એનુ વિશિષ્ટ દમયન્તીના નળ પાછળના વિલાપ જેવુ કરુણપર્યવસાયી કૌશલ બતાવેલ છે જેમને આશ્રમે એ સંતાન એ મ્હારે શતપુત્ર સમાન કહી કરુણ રુદન કરતી દેવકીમા "હજી મૈથિલી તો નથી મૂકાવી, ત્યા તને નિદ્રા કેમ આવી ?" વગેરે વચનોથી લક્ષ્મણ પાછળ વિલાપ કરતા રામથી ઓછી કરુણતા નથી.

બારમા અધ્યાયમા અઘાસુરને હણી તેના લોહીવાળા ચર્મ ઉપર કૃષ્ણ અને અન્ય ગોપબાળો સાથે મળી મિજબાની કરે છે એ ચિત્ર 'દશમ સ્કંધ'ના આકર્ષક ચિત્રો માંહેનુ એક છે પરંતુ અહીં જંગલમા આવા કટાણે "ભાતદાળ ને રોટલી પકવાન નાના પેર" આ લોકો ક્યાથી ઉપાડી આવ્યા હશે એ પ્રશ્ન રહે છે ! દયારામે પણ 'સતભામાખ્યાન'મા સત્રાજિતને "વાયોસ પાપડી લીબરા તમતમા" "કારેલા કંટોલા ને વતાંક" પીરસતો ચિતરેલ છે, મધ્યકાલીન કવિઓની આવી અપ્રાસ્તાવિક ઉદારતા નોંધપાત્ર તો ખરી જ !

પંદરમા અધ્યાયમા ગર્ગવાસુરના વધનો પ્રસંગ છે તે સમયનુ વૃન્દાવનનુ લૌકિક વર્ણન, 'ચંદ્રહાસાખ્યાન'મા ચંદ્રહાસનાં આશ્રમ મનથી લીલુ છમ થઇ જતાં વનનુ વર્ણન, કે વસ્તાકૃત 'શુકદેવ આખ્યાન'માં બદ્રિકાશ્રમનાં વનનુ વર્ણન કે નરસિંહ કૃત શામળશાહના વિવાહમાં પ્રભાતવર્ણન-વગેરેની સહજ યાદ આપે તેવુ છે આજે મધ્યકાલિન લૌકિક વર્ણન પદ્ધતિને સમુચિત ચિતાર આપે છે

અને પ્રેમાનંદની ભાષા તો કવિ શ્રી ન્હાનાલાલ કહે છે તેમ નિત્યે બોલાતી તળપદી નથી પણ પ્રૌઢ અને સંસ્કૃતમય છે અમેજમા સરખાવો તો મિલ્ટન અથવા

માનવતાનું ખૂન !

[એક પ્રહસન]

ઓયુત એ એમ પી આચ્યર,
એમ એ. એમની અંગ્રેજી નાટ્યકૃતિ
ઉપરથી, સંક્ષિપ્ત અનુકૂળ ગુજરાતી
નાટિકા રૂપે રૂપાંતર કરનાર
શ્રી મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઈ બી એ.

[ગયા અંકથી ચાલુ]

[જ્ઞાન–નો (Knowledge) પોકાર થતાં, તે દાબડા વચ્ચે સોગંદનિધિ થઈ છે]

બચાવપક્ષનો વકીલ જ્ઞાન મહાશય ! આ આરોપી સંબંધી આપનો શો અનુભવ છે ?

જ્ઞાન અજ્ઞાન, વહેમ અને ભ્રમના અંધકારમાં દુનિયા અટવાતી હતી પણ આ વિજ્ઞાનવિભૂતિએ પોતાના વરદ હસ્તોમાં જ્ઞાનજ્યોતિ ધારણ કરી, પ્રકાશ રેલાવ્યો. લોકોની આંખો ઉઘાડી અને દૃષ્ટિદાન કર્યું વિજ્ઞાનની પ્રવૃત્તિ પહેલાં, લાખો લોકો પોતાના પાડોશી ગામ કે દેશ વિષે સાવ અજાણ રહેતા. અરે, પોતાના ધર્મ સંબંધી પણ તેઓ અજ્ઞાત હતા. આથી ગેરસમજુતી, સંઘર્ષ, કલહ અને યુદ્ધોમાં તેઓ ફસાતા. પણ હવે, આ વિજ્ઞાનના અપૂર્વ તપના પરિણામે, આપણે મુદ્રણકલા, ટેલિફોનાદિ, નકશા, ચલચિત્ર, વગેરે દ્વારા વિશ્વવિદ્યાળ વિદ્યાભવનના સ્વપ્નને પામ્યા છીએ. દેશવિદેશની જાતિના ઇતિહાસ, ધર્મો અને સંસ્કૃતિઓને સમજાવતા સર્વોત્તમ ગ્રન્થો આપણને સરળતાથી અને સસ્તા મૂલ્યે મેળવી શકીએ છીએ અમારા કરતાં વધારે સારી, સંસ્કારી, સાધન સંપન્ન અને સુરક્ષિત પ્રમાણપૂર્ણ દુનિયામાં આપણે જન્મી રહ્યા છીએ ભ્રમભંજન સહિત સમસ્ત આકાશને આપણે ઓળખીએ છીએ, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ધરતીકંપ વગેરે વિચિત્ર લાગતા વ્યતિકરોને પણ આપણે સમજી શકીએ છીએ આ બધો શું વિજ્ઞાન દેવતાનો અનુગ્રહ નથી ?

સરકારી વકીલ ના બધી માહિતી મેળવવા છતાંય, અશાંતિ અને કલેશ કયાં ટળ્યાં છે ?

જ્ઞાન વ્યક્તિગત ઝઘડાઓમાં હવે બહુ ખૂનો નથી થતા બહોર યુદ્ધોમાં જ મરણની સંખ્યા રહી છે ધીમે ધીમે આ વિગ્રહો પણ માત્ર ભૂતકાલીન હકીકત બની રહેશે

સ વકીલ ગામ, દેશ, જાતિ, ધર્મ કે સંસ્કૃતિ સંબંધી માહિતી મેળવવાથી તો આપણે ભેદવૃત્તિને જ વધારે પોષી રહ્યા છીએ, એમ નથી લાગતું ?

જ્ઞાન નવું નવું ગણીત શરૂઆતમાં જ ધર્ષણ જ વધારે તેમ બનતાં સૌ બીજાના દેશોમાં પ્રવાસીઓની અવરજવર વધશે અને આ સંઘર્ષ સમૂળો અદૃશ્ય થઈ જશે—અરે ગોખ્યો પણ નહિ જડે

સ વકીલ અરે ! આરોપીની પ્રવૃત્તિઓએ તો જાતિભેદ વધાર્યો છે એટલું જ નહિ, પણ ઘાત તરફી ઉપર ક્રૂર અને ખૂનરજી ચલાવી છે—એનો આત્મકથનનું દૃશ્યો છે

ઓળખુ છુ, સન્માનુ છુ, અને તેની પ્રેમ વડે પૂજા કરૂ છુ !

સ. વકીલ પણ ધર્મને આશ્રયે ચાલતી વિવિધ સરથાઓ, જેવી કે ગાદી પરંપરા, અને પ્રણાલિકાઓને તમે કયા સ્વીકારો છો ?

જ્ઞાન રાજ્ય શાસન અને લોકશાહીની જેમ એ બધી રોટલી મેળવવા ઊભી કરેલી મંત્રવત્ પ્રવર્ત્તતી પ્રચંડ પ્રવૃત્તિઓ છે, અથવા સાધનિક સૂત્રો છે, એમ કહીએ તો જરાય ખોટું નથી

સ. વકીલ પણ ધર્મની સહાયતા વિના, સાચા ખોટાનો ભેદ શી રીતે પારખી શકાયો.

જ્ઞાન ધર્મની કસોટી વૈજ્ઞાનિક રીતની નથી એ તો પેલા હાથીને જોવા ગયેલા આંધળાઓની જેમ, પોતાના જ સિદ્ધાંતો સાચા હોવાનો પોકાર કર્યો કરે છે હું તો સત્ય અને અસત્ય બન્ને બાજુઓને એકી સાથે ઈશ્વરના સૂર્ય પ્રકાશમાં રજુ કરૂ છુ અસત્ય કરગાઈ જાય છે, સત્ય ઝળકી ઊઠે છે એક ડાહ્યા માણસે કહ્યું છે કે, એક જુઠાણા વડે પોંચા વખત સુધી તમે ઘણા માણસોને અને ઘણા વખત સુધી પોંચા માણસોને મૂર્ખ બનાવી શકો છો. પરંતુ બધા જ માણસોને મૂર્ખ બનાવી શકાય નહિ

સ. વકીલ જુઠાણાથી માણસોને મૂર્ખ બનાવવાની વાત, તમે કોના સંબંધે કરો છો ?

જ્ઞાન ધર્મ સંબંધી જે કંઈ કહ્યું પણ તે તેના ખખડી ગયેલા જુનવાણી વિધિ રિવાજો અને વહેમો વડે ભોળા જનતાને છેતરવાનુ કયા કોઈ ને ? એવા ધર્મ તથા મનુષ્યો જોતે તો પ્રભુનો પ્રત્યક્ષ સંપર્ક સાધી શકતા નથી, પણ બીજા ઓના પ્રકાશની તેઓ આડે આવે છે પ્રપંચ અને પાખંડના પ્રવાહમાં જડ જીવન જીવવાની તેઓ જાણે ફરજ પાડે છે ઊંધાડી રીતે તો તેમનો વિરોધ કરવો હિતાવહ ન હોવાથી, અંદરખાનેથી અસંખ્ય માણસો પ્રચલિત અને પરંપરિત્ માન્યતાઓનો દ્રોહ પણ કરતા હોય છે આમ જ્યાં ત્યાં દંભ અને પોકળ મિથ્યાચારને પોષણ મળતુ જાય છે

સ. વકીલ વારૂ, સારે તમને અનુસરનારને શો લાભ થાય છે

જ્ઞાન ધાર્મિક કળામાં ફસાયેલો માનુષ્ય જો સાચી રીતે મારૂ અનુસરણ કરે તો, તેનો મુક્તિનો જન્મસિદ્ધ હક્ક તે કદિય ન ગુમાવે, અને આ પૃથ્વી પર કે સ્વર્ગમાં કયા ય તેને મસ્તક નમાવવાનો કે ઘુંટણિયે પડવાનો અવસર ન રહે સૂક્ષ્મ સંજ્ઞાની પારનો પ્રેમ અને પ્રકૃતિનો અખિલ અદ્‌ભુત જ્ઞાન-ખજાનો, હું તેના સમક્ષ હસ્તામલકવત્ દર્શાવી દઉં

ન્યા. તત્ત્વમૂર્તિ તમે તમારા રથાને બેસી શકો છો.

[જ્ઞાન બેસી જાય છે 'બાહ્ય' પોકાર થતાં પ્રવેશે છે]

બચાવ પક્ષનો વકીલ તમારૂ નામ 'વાહ્ય વ્યવહાર' કે આરોપીની પ્રવૃત્તિઓ વિષે તમારો શું અનુભવ છે ?

બાહ્ય વ્યવહાર હા, છું, પડેલા, બોલાવ્યા વૃદ્ધિ માટે આખળા વખતથી આ દેવાળિયા હિંમત નહોતી મરણોન્મુખ મિત્રનું મુખ દર્શન પણ અચોકસ હતુ અને તીર્થ યાત્રા કે સભા મંડળીઓનો મેળાવડાં પણ ચુકેલ ગણી જાતા, પણ ચિત્રમાં

મહાશયની કૃપાએ દૂર દૂરનાં અંતરો દૂર કરી દીધા છે, અને સઘળા પ્રવાસોમા સરળતા, સગવડતાને સફળતા આણી છે ઘોર અંધકાર હોય તો પણ પાણી કે પવનની પીઠ પર ચડી મનુષ્ય સહેજે, વિના સંકોચે, સફેદગાઢની સફર કરી શકે છે વિલાયત પહોંચતા જે ૨૪–૨૪ રાત અને દિવસ ભયમા પસાર કરવા પડતા તે હવે માત્ર ૨૪ કલાકમા ગરુડની ગતિએ પ્રસન્નતાપૂર્વક પહોંચી શકાય છ

સરકારી વકીલ ગરુડની ગતિ ?

વાહન વ્યવહાર હા, છેલ્લામા છેલ્લા વિમાનની ગતિ કલાકની ૭૨૭ માઈલની નોંધાઈ છે

સ. વકીલ પણ પ્રકાશની ગતિ આગળ તેનો શો હિસાબ ?

વા. વ્યવહાર તેનો અનુભવ પણ વિજ્ઞાન દેવતા ભવિષ્યમા કરાવશે.

સ. વકીલ કદાચ વિચાર દ્વારા ? અને વિચારના વેગ કરતાય વિનાશનો વેગ વધારે ઝડપી નહીં વારુ ?

વા. વ્યવહાર લાખો વખત સુધી પથ્થરની જેમ જડવત્ જીવવુ, તેના કરતા, થોડો વખત જીવી મોજ માણવી, એ વધુ પસંદ કરવા જેવુ છે

સ. વકીલ તમે મોટર માલીક હશો ? કેટલી ગતિએ હાંકો છો ?

વા. વ્ય ઓછામા ઓછી પોણોસો માઈલ તો ખરી જ

સ. વકીલ તે ગતિ ભયકારક નથી ?

વા વ્ય. હજુ સલામત છે

સ. વકીલ પણ બીજાઓને તો અકસ્માત નડ્યા હશે ને ?

વા. વ્ય. મારી મોટરે સાત જીવાત્માઓને આ સંસારમાથી મુક્તિ અપાવી છે !

સ. વકીલ તો તમને સજામાંથી મુક્તિ કેમ મળી ?

વા. વ્ય. બધા જ ન્યાયાધીશો મોટર માલીકો હોઈ, મારી મુશ્કેલી બરાબર જાણે છે અને સઘળા પોલીસ અમલદારો મારી ગતિને પસંદ કરે છે અરસ પરસ સહાય અને સરકારનુ ધોરણ સૌ કોઈ સ્વીકારે છે, એટલે અનુકૂળ સીફતી પણ તેમની મળી રહે છે !

[હસાહસ]

ન્યા. સંસ્કારમૂર્તિ બસ બસ, મુદ્દાસર વાત કરો.

વા વ્યવહાર હાજી માતા અને મરવા પડેલા સબંધીઓને મળવામા, મારી ગતિ આશીર્વાદ રૂપ થઈ પડી છે પહેલા વેગીલા વાહન વ્યવહારના અભાવે દુષ્કાળથી દરમા વિનાશ પ્રસરતો ૧૭૭૦ માં દુકાળે કરોડ માણસનો જીવ લીધો. ૧૮૬૬ મા, ઓરિસ્સાના દુકાળમાં ૧ કરોડ અને ૧૮૯૬–૯૭ ના દુકાળ પાંચ લાખ પણ ૧૯૧૧ ના દુકાળમા માત્ર હજારેક માણસો જ મર્યા ગયા છે

સ. વકીલ ૧૯૪૨–૪૩ મા તો બંગાળના દુકાળે ૧૦–૧૨ લાખના પ્રાણ લીધા છે

વા. વ્યવહાર વ્યવસ્થા ખોરવાઈ જવાથી તેમ બનવા પામ્યુ હતુ

સ. વકીલ અનાજની હેરફેરની વાત જવા દો પણ તમારા પાડોશી પાસે પૂરતુ અનાજ છે કે નહિ તેની તમને ખબર છે?

વા. વ્યવહાર અરે મારા પોતાના કુટુંબીઓને કોદરી સરખી મળે છે કે નહિ તે જાણવાની મને ફુરસદ નથી વસ્તુઓની વ્યવસ્થા માટે સતત માલની હેરફેરમાંથી હું પોતે જ કદી ઊંચી રહતો નથી !

[હસાહસ]

(થોડુ મૌન સેવી) વકીલો, જ્યુરર સાહેબો ઓ ન્યાયમૂર્તિ નામદારોને

ટકી રહેવા માટે જોઇતા ઇન્જેક્શનો તથા ખોજખોખના સાધનો તો સાત સમુદ્રની પેને પારથી હું જ વાની આપુ છુ —

ન્યા સરકારમૂર્તિ જાણે કે તે વિના અમારૂ અસ્તિત્વ જોખમાઇ જાત ! એમ જાણી શ્રીમતી વિદ્યુલ્લેખાને બોલાવો

[તેજસ્વી મુખાકૃતિવાળો કોર્ટમા પ્રકાશ ફેલાવતી વિદ્યુલેખા પ્રવેશી સોગઠ ગોઠવે]

બચાવ પક્ષનો વકીલ આરોપી વિરે આપની હકીકત કોર્ટને નિવેદન કરશો.

વિદ્યુલ્લેખા વિજ્ઞાનની પરોપકારક પ્રવૃત્તિનો પ્રારંભ થયો નહતો, તે પહેલા દુનિયા ઘોર અંધકારમા અટવાતી હતી અને વારવાર ઓલવાઇ જતી મીણબત્તીઓ બિચારી આખો પાખો પ્રકાશ કરવા પ્રયત્ન કરતી. વાસ મારતા તેલીઆ કાનસો, જ્યા ત્યા કાળુ કરતા દિવેલીઆ કોડિયાઓ અને ઘાસની ગંજીઓમા આગના અંકરમાતો કરતી, મશાલોથી માનવજાત કંટાળી ગઇ હતી. પણ હવે સુંદર સ્વચ્છ ઇલેક્ટ્રીક જ્યોત્સ્ના વડે, દિવસની જેમ રોશની ભરી રાત્રિઓ ઝળહળે છે અમાસના અંધારામા, વિદ્યુતનો અંચળો ઓઢી, શીતલ ચાંદની ચમકે છે રાતે પણ કારખાનાઓ ગાઢ વર્ષો સુધી વસ્તુઓ બગડે નહિ, એવી યુક્તિઓ અને યંત્રો, મારી મદદથી જન્મ્યા છે મોરક્રોમા લેનિનના શબ શરીરને ૩૦ થી ૪૦ વર્ષ સુધી સંધરી રાખ્યુ તે મારા જ વડે

સરકારી વકીલ તેથી શો ફાયદો ? મૃતદેહનુ તાત્કાલિક દહન કે દફન કરવુ શું હિતાવહ નથી ?

વિદ્યુલ્લેખા આપના જેવાના શરીરોની તો એજ દયા થવી યોગ્ય છે !

ન્યા તત્ત્વમૂર્તિ વ્યક્તિગત ઉલ્લેખ ના કરો, બોલો !

વિદ્યુલ્લેખા અમે મારા નામદાર ! મારો કહેવાનો આશય એટલો જ હતો કે, વિશ્વકલ્યાણ માટે મરનારા મહાપુરૂષો અને સંતોના સાચવી રાખેલા શરીરો માથી જનતાને જેવી પ્રેરણા મળે તેવી, કોર્ટના કાવાદાવાનુ કાગકાજ કરનારા કાબેલ પુરૂષોના હાડકામાથી મળી શકેલ છે ?

[હસાહસ]

સરકારી વકીલ આ તમારા અવળુ પત્રોએ રોટલા, સદા ને શેરબજારના જુગારને શું ધરધરગા નથી ધુસાડી દીધા ? ટેલીગ્રામ, ટેલીફોન, ટ્રેક્ટોર અને બીજા સાધનોથી શું વિશ્વવિગ્રહોને વેગ નથી મળ્યો ?

આ પ્રત્યક્ષ પ્રમાણ મેઘન દ્યુઝ ઊડી ગયેલ અને આપનો કારોબાર અટકી પડ્યો ! મારી પ્રજાનો કેવો પ્રભાવ !

[પદ્મા પાછળથી

या देवी सर्व भूतेषु विद्युत्रूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनम ॥

દીવા પ્રકટે છે અજવાળું થાય છે માદક પણ કામ કરે છે]

या तत्त्वमूर्त्ति * આપ શ્રીમતી બિરાજમાન થવ

[વિદ્યુતદીપો બેસી જાય છે પ્રેક્ષની સુનાવણી બંધ થાય છે]

પ્રચાર પક્ષનો વકીલ (ન્યુરિ તરફ) સદ્‌ગૃહસ્થો ! બન્ને પક્ષના પુરાવા આપે ધ્યાનપૂર્વક સાંભળ્યા છે માનવતા મરી તો નથી ગઇ એ વાત દીવા જેવી ચોકસ છે કારણ તે તો આપ સર્વમાં, નામદાર ન્યાયમૂર્ત્તિઓમા પ્રતિપક્ષના સાક્ષીઓમા તથા સમસ્ત શ્રોતાસમુદાયમા જીવતી જાગતી બેઠેલી જણાય છે આ જુનવાણી જમીનદારો, દકી ધર્મ દેવતાઓ પાખંડી પૂજારીઓ પાદરીઓ, આ જુદી જબાનના મુસદ્દીઓ પોતાના સ્થાપિત હિત હલકોને, આરોપીના પુણ્ય પ્રકાશમા અધકારની જેમ ઓગળી જવાનો ભય સેવે છે મારા અસીલના તરફેણમા સાક્ષી આપનારા ડોકટર, ગ્રાન વાહનવ્યવહાર અને શ્રીમતી (ખોખારો ખાઈને) વિદ્યુતદેખા સર્વે સુપ્રતિષ્ઠિત સામાન્ય નાગરિકો છે માનનીય સદ્‌ગૃહસ્થો ! જો વિજ્ઞાનનુ વિશ્વમાથી વિનોપન થાય તો વિશ્વની કેવી અવસ્થા થાય ! પ્રત્યાઘાતી પુરતરો વધારે ને વધારે ક્રાનોકૂને અને સમાજના શોષણને ચોરે સાચી સત્તા અને શક્તિનુ દાન કરનારા જ્ઞાનની જ્યાગ્યે, મિથ્યા વહેમ અને મલિન વિદ્યાનોજ વિસ્તાર થાય, અને પરિણામ અજ્ઞાનનો અધકાર આપણા સર્વના વિનાશને જ બોલાવે, તે વખતે માનવતા જરૂર મરી જાય. મારે સન્માનનીય સદ્‌ગૃહસ્થો ! ' આરોપી'ને નિર્દોષ જાહેર કરવા હુ આપને વિનતિ કરૂ છુ જો વિજ્ઞાન જીતશે તો તે જગતને સત્ય પ્રકાશ આપી જરૂર જીવાડશે.

સરકારી વકીલ (ન્યુરિ તરફ) મહાશયો ! મારા વકીલ મિત્રના ઉદ્‌બોધનની આપના મગજ પર કાઇ જ અસર નથી એની મને ખાત્રી છે આપ જાણો છો કે, આરોપીની વિરૂધમાં સાક્ષી આપનારા, આજકાલના જુવાનીઓ નથી પણ જમાના જુની અનુભવી વિશ્વમાન્ય સંસ્થાઓના પ્રતિનિધિ છે તેમાંય રાજાઓનાં ય હૃદય પર આધિપત્ય ભોગવનાર સાક્ષાત્ ધર્મદેવતા સ્વય સાક્ષી પૂરવા પધાર્યા હોય ત્યાં મારે વિશેષ શુ કહેવાનુ હોય ! હુ એક વસ્તુ તરફ આપનુ ધ્યાન ખેચવાની રજા લઉં છુ પ્રતિપક્ષના એક એક સાક્ષીઓ–ડોકટર, વાહન વિદ્યુત્ વગેરે આરોપી વિજ્ઞાનના આશ્રિતો છે અરે તે સર્વનુ ભરણપોષણ અને અવલબન માત્ર આરોપી ઉપર છે આજે માનવતા જીવતી છે અથવા મરી નથી, એથી એમ પૂરવાર નથી થતુ કે ૨૦૦૦ ની સાલમા તે નહિ મરે. મારે કહેવુ ન હોતુ પણ મારા મિત્રે ગોટનો દાખલો આપ્યો એટલે જણાવવુ પડે છે કે, આજે આપણે બધાં જીવતા છીએ તેથી એમ સાબિત નથી

થતુ કે આપણે બધા ભવિષ્યમા નહિ મરીએ ' વહેમ વગેરે માનવતાનો વિકાસ નહિ રૂધી શકે એ સભવિત છે પરતુ વિજ્ઞાન તો માનવતાનો વિકાસ નહિ પણ વિનાશ લાવશે, તેનું શુ ? મારે આપ જવાબદાર જ્યુરીમ-ડળને મારી વિનમ્રભાવે વિનપ્તિ છે કે, બહુ જ ડહાપણપૂર્વક અને દીર્ઘદષ્ટિથી વિચાર કરી, આપનો અમૂલ્ય અભિપ્રાય આપશો કે જેથી પરિણામે માનવતાનુ કલ્યાણ થાય.

[જ્યુરિના સભાસદો અદર અદર મસલત જભાવે છે]

જ્યા. તત્ત્વમૂર્તિ જ્યુરિના સદ્‌ગૃહસ્થો ! આ મુકદ્દમો બહુ જ ગહન અને તેથી કપરો છે પણ રજુ થએલા પુરાવા પરથી નિર્ણય પર આવવાનુ છે, મને જણાવતા દિલગીરી થાય છે કે, બન્ને પક્ષના સાક્ષીઓ સ પૂર્ણ વિશ્વાસ મૂકવા પાત્ર જણાયા નથી તે સૌનો હિત સબંધ સ્પષ્ટ જણાઇ આવે છે દાખલા તરીકે, રાજદ્વારી મુસદ્દીનો સ્વભાવ, સરકાર અને શિક્ષણથી જ તદ્દન્વાદી છે જમીનદાર ચુસ્ત સકુચિત મતવાદી છે ધર્મરાજ તો પરપરાગ્રથિી વિરૂદ્ધ હોઇ, પરિવર્તનથી સતત ડરતા હોય એમ જણાય છે જુનવાની જડ અને સ્થિર હોઇ ક્રાંતિકારી વિચારથી દૂર ભાગે છે અને ગુન્હાશોધક અમલદારની તો આદત છે કે જે માણસને તે પકડે છે તેની વિરૂદ્ધ જ કેસને પુરવાર કરવા તે હમેશા મદી પડે છે બીજી બાજુ, ડોક્ટર, વાહન વ્યવહાર અને વિદ્યુલ્લેખા આરોપી ઉપર સ પૂર્ણપણે અવલબીને રહેલા છે જ્ઞાન પણ મોટે ભાગે આરોપી પર આધાર રાખે છે અને માનવતા જો કે હજી મરી નથી ગઇ તો પણ પચાસ વર્ષ પછી તે મરશે કે નહિ તે કોઇ પણ ચોક્કસ કહી શકે તેમ નથી પણ આપણે તો મહત્વના મુદ્દા તરફ આપણુ ધ્યાન કેન્દ્રિત કરવુ જોઇએ આ મુકદ્દમાનુ તહોમત માનવતાનુ ખૂન નથી, પણ ખૂનની કોશિષ છે અને એ તહોમતને લગતી હકીકત છે બીસ્સુ સાવ ખાલી હોય એટલે ચોર સકળ ન થાય. તો પણ બીસ્સા કાતરૂ પ્રયત્ન કરનો પકડાયાનો પુરાવો થાય તો કાયદા માટે તે પૂરતુ છે એટલે આ કેસમા, આરોપીના પ્રયાસો સાચા કે જુઠા હોવા બાબત, આપને વિચાર કરવાનો રહે છે વહેમ વગેરેની પ્રવૃત્તિઓની આપને જરાય દરકાર કરવાની જરૂર નથી માત્ર આ આરોપી અને મુકદ્દમો—એ બેના જ આધારે, નિર્ણય કરી, ' આરોપી નિર્દોષ અથવા ગુન્હેગાર છે અથવા નાસાભિત છે એમ જાહેર કરવા આપ સ પૂર્ણ સ્વતત્ર છો. આરોપીને શકનો લાભ મળવા પણ પૂરેપૂરો અધિકાર છે સદ્‌ગૃહસ્થો ! આપ જ્યુરીમા જજ, બહુજ સાવધાનીથી અને સ્વતત્ર બુદ્ધિથી અત.કરણના અવાજને માન આપી, આપનો સ્વતત્ર અભિપ્રાય આપી શકો છો એક સૂત્ર લક્ષમાં રાખવા માટ સૂચન છે કે, પૂર્વગ્રહીત વિચાર ઘણી વખત પાછળ રહેનારા અન્ય વિચારને રોકે છે

[જ્યુરીના સભાસદો જ્યુરી રૂમમા જાય છે અને મસલત જભાવે છે]

(૧૫ આવતે અ.)

મુંબાઇનું માનીતું અને જુનામાં જુનું

ગુજરાતી "સાપ્તાહિક પત્ર" શુ કહે છે ?

પુસ્તક ૭૦ સવત ૨૦૦૫ પોષ વદી નવમી મુબાઈ રવિવાર તા ૨૩-૧-૧૯૪૯ અક ૪

લિન્દબાળની પ્રસાદી "અદ્વૈત આનંદ"

હાલના જડવાદ અર્થવાદના નાસ્તિક જમાનાની ઘેરી છાપ જનસમાજના હૃદય પર પડી ગયેલી હોવાથી તેના ફળરૂપે અમમાનતા, અસત્ય અને અનાચાર તેમજ હિન્દી સસ્કૃતિ તથા હિન્દુ ધર્મનો લોપ પ્રતિદિન થતો ચાલ્યો છે ધર્મને નામે અધર્મની પરપરા ચાલી રહી છે, જનતા અનેક પ્રકારની વિવિધ વિટબણાઓથી પીડાઇ રહી છે આવા સમયમાં આ વિષમ માર્ગેથી પ્રજાને વાળવા માટે તેમજ સુખ શાન્તિ તથા સમાનતા ફેલાવવા માટે જો કોઈ સાધન હોય તો તે ધાર્મિક અને શિષ્ટ સાહિત્ય છે, અત્યારે જે અશિષ્ટ અને અશ્લીલ સાહિત્યનો પ્રવાહ ચાલી રહ્યો છે તેને સ્થાને પ્રભુની પિછાન કરાવનારૂ શિષ્ટ સાહિત્ય જનતા સમક્ષ કસી કિમતના બદલા સિવાય મૂકવાની ખાસ જરૂર છે, એ સન્માર્ગે આજે વર્ષોથી મારા યત્કિન્ચીત પ્રયાસ ચાલુ છે, પરતુ મારા પ્રમાણે આર્થિક સ્થિતિની મદતાને કારણે કેટલીકવાર અટકી પડે છે કાંઇ પણ ઇચ્છા કે આશા સિવાય તેમજ મહેનતના બદલા સિવાય કેવલ પ્રભુ પ્રિત્યર્થે પ્રભુદત્ત લક્ષ્મીનો સદુપયોગ કરનાર શ્રી સપન્ન સજ્જનો આ પ્રવૃત્તિને વેગ આપવા અને ચાલુ રાખવા પોતાનો દિવ્ય દાનરૂપી હાથ લબાવ્યા કરે અને એમ કરીને પોતાની દૈવી સપત્તિ તથા પોતાના મનુષ્ય જન્મને પરોપકારી કાર્યો કરીને સાર્થક કરે એવી નમ્ર વિનતિ છે

આશા છે કે પરોપકારી ભાઈ બહેનો ધાર્મિક જ્ઞાન લહાણીનો જનતામાં ફેલાવો કરવા માટેની મારી "મફત સાહિત્ય માળા" ની પુણ્યકારક પ્રવૃત્તિમાં પોતાનો હાથ લબાવી નાણાની યોગ્ય મદદ કરશે-દરેક મદદનો જાહેર રીતે સ્વીકાર કરીને તે રકમમાંથી જે સાહીત્ય પ્રકાશન પામે છે, તેમાં તે દાતાનો જાહેર ઉપકાર માનવામા આવે છે મણિલાલ વિ ઠક્કર

"જિગર અને અમીની" મૂળ વાર્તા કોની ?

કેટલાંક સમય પહેલાં અમદાવાદના સાપ્તાહિક "પ્રજાબધુ" માં "જિગર અને અમી" નામની એક ચાલુ વાર્તા છપાઇ હતી ત્યાર પછી તે પુસ્તકના આકારમા બે ભાગમાં છપાઇ બહાર પડી છે તેના કર્તા તરિકે ગા ચુનિલાલ વર્ધમાન શાહ નું નામ મુકવામાં આવ્યુ છે આ વાર્તા સત્ય ઘટનાત્મક હોવાનું પણ તે સમયે જણાવવામાં આવ્યુ પણ હતુ ત્યારે તે સબધી એટલે તેના લેખક સબધી કોઇ બીજાએ કશો ઘોંઘાટ કર્યો નહોતો હવે પાંચ ૭ વર્ષ પછી એ વાર્તાના મૂળ લેખક તરિકે એક ભાઇ શ્રી મણિલાલ વિ ઠક્કર દાવો કરતા બહાર પાડયા છે પોતાના દાવાના સમર્થનમાં તેમણે જે દલિલો અને આધારો ટાંકયા છે તે અહિ નીચે અમદાવાદથી પ્રગટ થતા માસીક મગલમ્ ના ડીસેમ્બર ૧૯૪૮ ના અકમાંથી અત્રે આપ્યા છે અમને તો મગલમની દલીલ ઉપરથી એવી લાગે છે કે કયા નાયક બન્નેને પોતાની કયા ઉતરવી હશે, અને બન્નેએ તે ઉપરથી વાર્તા લખી હશે એક વહેલી તો બીજાએ મોડી તેમ છતાં આ બાબતનો ખુલાસો જો કાંઇ કરવા જેવો હોય તો શ્રી ચુનિલાલ વર્ધમાન શાહ પોતે કરવા સમર્થ છે એને અમારી સમજ પ્રમાણે એવો ખુલાસો તેમણે કરવાની જરૂર છે જેથી એ "સત્ય ઘટનાત્મક" નવલ કથાના લેખક વિશે લોકોમાં ઉભી થઈ સમજૂતી દુર થાય. —તંત્રી. "ગુજરાત"

જિગર અને અમીની મૂળ વાર્તા

"જિગર અને અમી" નામની શ્રી ચુનીલાલ વર્ધમાન શાહે લખેલી "સત્ય ઘટનાત્મક" નવલકથાની મૂળ નકલ જે છપાઈ છે તે અમને મળી છે, જે નવલકથાને શ્રી ચુનિલાલ શાહ કથા નાયક વિશ્વ ભરની નોંધ પોથી કહે છે જે "પ્રજ્ઞાબંધુ" માટે છુટક છુટક લખાઈને ચાલુ કથા રૂપે પ્રસિદ્ધ થઈ છે, તેજ નવલકથાનુ નામ મળની શ્રી મથારામ વિ કકકર નામના લેખકે લખેલી નવલકથાનો ઉતારો છે શ્રી મથારામ કકકરની એ નવલ કથાનુ નામ 'દાંપત્ય પ્રેમ દિગ્દર્શન યાને દેવી શ્રી ચન્દ્રાવલીનુ ચરિત્ર, એમ છે આ નામ ઉપરોત તે લેખકે તે નવલકથાનુ નામ 'પતિ માટે પ્રાણાર્પણ અથવા સસાર દિગ્દર્શન" એમ પણ રાખ્યુ છે

શ્રી મથારામ કકકરની એ નવલકથાને ગુજરાતના વિદુષી વિદ્યાબ્હેનનુ "પ્રોત્સાહન" સાંપડયુ અને અમે એમનુ આખુય "પ્રોત્સાહન" આપીએ છીએ

પ્રોત્સાહન

ભારતિના ચરણ પર ફેલાવવી, અમદાવાદને પોતાનુ નિવાસસ્થાન કરી રહેલા પંડિત મોક્ષાકરના જીવનની કહાણી આ પુસ્તકમાં આપેલી છે આ કહાણી પંડિતે સ્વમુખે જણેરમાં પણ કરેલી છે તે સાંભળી વાંચકવર્ગ આગળ મૂકવા આ પુસ્તક લખનારે પ્રયત્ન કર્યો છે, પ્રોત્સાહન તરીકે એ શબ્દ લખવા કે જેરાઈ પણ કારણ કે સમાજ સેવક તરીકે બિલકુલ વતની આપેક્ષા વગર મૂંગી સેવા કરનારના પૂર્વાપમતી એ કયા એ, જે વાંચી બધાને લાભ થાય તેમ છે તેમજ લખનાર કીર્તિલોભ વિના પોતાના શોખ ખાતર જનસમાજ આગળ અનેક મુશ્કેલીઓ વેઠી પુસ્તક રજુ કરે છે આવા નિરાશીઓ માટે સહાનુભૂતિ દર્શાવવી જરૂરની લાગે છે, સાહિત્ય એટલે ભાષા અલંકાર શૈલીની દ્રષ્ટિએ આકૃતિ ન નિહાળતાં માત્ર તેના કથા રહસ્ય અને પ્રકાશનના ઉત્સાહ તરફ ધ્યાન રાખવા વાચક વર્ગને વિનતી છે

આજકાલ પોતાના લાભ માટે પુસ્તકો લખી પ્રગટ કરવા માટે ઘણા મથે અને તે માટે પુરોવચન પણ લખાવે છે તેવો હેતુ આ પુસ્તક પ્રકાશકનો નથી તે આપને તેમને ધન્યવાદ ઘટે છે

ભદ્ર, અમદાવાદ તા ૨૯-૮-૩૨

વિદ્યાબહેન રમણલાલ નીલકંઠ

"જિગર અને અમી" ની મૂળ વાર્તા દિન-દયાળ મથારામ વિ કકકરે અનેક પરિશ્રમો ઉઠાવી તેને માટે રાત્રી દિવસના ઉજાગરા વેઠી તૈયાર કર્યું છે પણ તેમની પાસે બિલકુલ પૈસા ન હોવાથી બાકીનો ભાગ કોઇ ઉદારાત્મા શ્રીમંતના હૃદયમાં રામ વસે ને કંઇ મદદ કરે તો આની બાકીના બહાર પાડી શકાય, નહિતો પૈસા મળતાં સુધી તો મુલતવી રહેશે. જો કોઇ ધનવાન મદદ કરે તેવી આશા તો નથી જ કરે એવી નિરાશા સેવવાનુ પણ કારણ નથી માટે પ્રભુ જો પ્રેરકના હૃદયને પ્રેરણા કરશે અને જો આ ચોપડી છપાવી ભારતીય આર્ય માતાઓને અને બાલકોને સુખી થવામાં અનુકરણ કરવામાં મદદ કરશે તો તેની કિમત નાની સૂની નહિ કહેવાય અને પ્રભુ પાસે હમો પહેલેથી જ તે માટે તેમનુ કલ્યાણ કરવાની હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ આ પુસ્તક મૂકત વહેચાયુ તેને દેશ તેમનુ ઋણ કબુલ કરે એ અને બીજાઓ પણ પુસ્તક વાચી અમારા મતના થશે એમ માનીએ છીએ, "ઉપરનુ અવતરણ" એજ નવલકથાની પ્રસ્તાવનામાંથી લેવાયે છે અને તેની નીચે દિ ૨ ભદ્ર તા ૧-૮-૩૨ એમ છાપવામાં આવ્યુ છે

પ્રકાશક મણિલાલ દલસુખરામના નિવેદનનો અંતભાગ આ પ્રમાણે છે "દેવીશ્રી ચંદ્રાવલી અને પંડિતનું ચરિત્ર તે બલિદાનની સત્ય ઘટના દિવ્ય દાંપત્ય પ્રેમ દિગ્દર્શન નામે બનાવી, મા ચંદ્રાવલિને અર્પણ કરું છું"

"દેવીશ્રી ચંદ્રાવલી અને પંડિતનું ચરિત્ર" લખનારશ્રી મણિલાલના લખવા પ્રમાણે કથા નાયક પંડિતજી મોક્ષાકર કે વિષ્ણુભાઈ તેમના પરમ મિત્ર છે જીગર અને અમીના લેખક શ્રી ચુનિલાલ વર્ધમાન શાહ તેમને પોતાના મિત્ર માને છે હવે મુંઝવતો પ્રશ્ન એ છે કે ૧૯૩૨ ની સાલમા છપાએલી શ્રી મણિલાલની આ નવલકથાનો ઉલ્લેખ ચુનીલાલ શાહ કરતા જ નથી, શ્રી મણિલાલને રૂબરૂ મળતા તેમની પાસે લગભગ પાંચેક હસ્તલેખ પાના શ્રી વિષ્ણુભાઈ સ્વમુખે લખાવેલા હતુ પણ પડ્યાં છે, શ્રી ચુનીલાલ "જીગર અને અમી" ની પ્રસ્તાવનામા કહે છે તેમની પાસે પાંચેક હસ્તલેખોનો ચોપડો છે ! ત્યારે આવ્યુ કોણ ? કથાનાયક શ્રી પંડીતજી કે શ્રી મણિલાલ ઠક્કર કે ચુનિલાલ શાહ ?

(ઈ સ ૧૯૩૨ ની સાલના છપાએલી શ્રી ઠક્કરની નવલકથામાંથી જ અમુક અમુક ભાગને છોડી દઈને તેને સુ વ્યવસ્થિત કરી શ્રી ચુનિલાલ શાહે "જિગર અને અમી" નામની નવલકથા ઈ સ ૧૯૪૭ માં પ્રગટ કરી છે એમ માનવામાં કોઈ બાધા નથી આગળ " મણિલાલ" ના શ્રી મણિલાલ ઠક્કરની મૂળ નવલકથા જેમાંથી શ્રી ચુનીલાલ શાહે ઉતારો કર્યો છે તે જેમ છે તેમ છાપવા ઇચ્છીએ છીએ ગુજરાતના વાચકો પોતાની પાસે જ નિર્ણય કરી લેશે. વર્ષ ૧લુ અ ૧૧)

(મગલમ્ માસીકમાંથી)

જિગર અને અમીની મુળ વાર્તા

લખનાર હિન્દભાળ મણિલાલ વિ.ઠક્કર
હાલ અમદાવાદીપોળ વડોદરા

પ્રકરણ પહેલુ

[શ્રી માણેકલાલે આ સચોટપદ હકિકત વાંચી પોતે ખરા છે હિન્દભાળ પણ ખરા છે એમ અમને સમજાવ્યુ છે શ્રી ચુનીલાલ શાહે "જીગર અને અમી" નામની નવલકથા, તેમા ઘોળપોથીમાંથી જે તેણેજે પકડ્યાં, હિન્દભાળ, મણિલાલ ઠક્કરને આપી હતી લખી તે એ પણ એમને માન્ય છે શ્રી ચુનીલાલ શાહ જેવા લબ્ધપ્રતિષ્ટ લેખકે, પકડાંછપાએલી નોંધ પોથીનો આધાર નથી કરતા એટલુ જ નોંધનીય છે

તંત્રી]

છબડીમાં લેઈ ગલિયોમાં ફરી વેચતા હતા, તેઓ આખા દિવસમાં પોતાના કુટુબ માટે નિર્વાહ પુરતુ કમાતા, તે ૧૯૧૪ના

બળવામાં જ્યારે પુરબીયા લૈયા લોકો દિલ્હીમાં આવ્યા અને લૂટ ચલા લાગી તેમજ મારામારી તથા કાપાકાપી શરૂ થઈ તે વખતે મારા દાદા પોતાના ભાઈ સાથે આ કુલ્લડમાં શામેલ થયા બનવાકાળ એવુ બન્યુ કે દિલ્હીના કમિશ્નર સાહેબ જે મુરોપિયન હતો તે બળવાખોરોને હાથે મરાયો તેની મડમ પોતાના ત્રણ નાના બાળકોને લઈને પોતાના બાળકોનો જીવ બચાવવા માટે બજતાની પાછળથી નાસી છૂટી મારા દાદાને મડમની આ દશા જોઈને દયા આવી તેને એક નાના સરખા બાંચામાં ઉભી રાખી, તેને કહ્યુ કે 'મેમ' તમે ભભરાશો નહિ હુ તમને મારીશ નહિ પણ તમને અને તમારા બાળકોને બચાવી લઈશ તમે મારી પાછર માંહે ઓની લા અને આ રસ્તે મારી સાથે ચાલો

અહિંથી થોડેક દૂર સુધી તમારે ઉતાવળે ચાલવુ પડશે આગળ મ્હારી લાકડાની વખાર છે, ત્યાં તમે નિર્ભીતપણે પહોંચી જશો તો પછી તમારા માટે જરા પણ ભય નથી મ્હારા શરીરમા પ્રાણ છે ત્યાં સુધી તમને કે તમારાં બચ્ચાંઓને જરા પણ આંચ આવવા દઈશ નહિ તમો મારા પર સંપૂર્ણ વિશ્વાસ રાખો મ્હારી પત્નિ બાગીરથીને હુ તમારી પાસે રાખીશ અને હું તમારો સારી રીતે બચાવ કરીશ મડમને મ્હારા દાદા પર કઈક વિશ્વાસ આવવાથી તે બોલી કે તમે મારા છોકરાંઓને બચાવી લેશો તો હુ તમને તેનો બદલો આપીશ જેમ તેમ માર્ગ વટાવી મારા દાદા તેમને વખારમાં લઈ આવ્યા અને વખારની પાછળ સતાડી, પોતે હાથમાં કુહાડો લઈ બન્ને ભાઈઓ આગળ આવી બેઠા આ વાત કેટલાક લોકોના જાણમાં આવી ગઈ એક તો મારા, દાદાને એમ પણ કહ્યુ, કે તમે એ લોકોને મારી નાખો, નહિ તો કુલ્લડખોરોથી હેરાન થશો કેટલાક લોકો તો જોવા પણ આવ્યા અને કહેવા લાગ્યા કે, તમે અમને જોવા દો પણ દાદાએ મડમ તથા તેના છોકરાને એવી રીતે અદર સતાડેલાં કે અદર જોનારની નજરેય ન પડ્યા મ્હારા દાદીમા સુવાવડમાં હતાં છોકરાંઓને ચોખીની પાછળ અને મડમને ચોડાક

પહેલા તો અમારૂ કુટુબ ગરીબ હતું અમારૂ આઘરોડ ખાદાન્ય કુટુબ મૂળથી જ દિલ્હીનુ વતની હતું મ્હારા દાદા, શારદાચદ્ર બીસેક વર્ષની વયના હતા ત્યારે તે એક નાની બાળવાની લાકડાંની દુકાન ચલાવતા હતા અને સેકડા ચણા છાલડીમા લઈને દિલ્હીની ગલિઓમાં વેચતા હતા એવામાં સવત ૧૯૧૪ સને ૧૮૫૭ માં બળવો જાગ્યો દિલ્હીનો અગ્રેજ કમિશ્નર બળવાખોરોના હાથે મરાયો અને તેની મડમ તથા તેના ત્રણ બાળકો બજતાને પાછળ દરવાજેથી જીવ બચાવવા નાસી છૂટ્યાં, મારા દાદા અને તેમના બળવા વખતના તોફાનમાં સામેલ હતાં પરતુ તેમની નજરે એ મડમ અને તેનાં બાળકો પડ્યાં અને તેમને દયા આવી તેમણે મડમને ઉભી રાખીને

ધિરજ આપી અને પોતાની પાછર ઓઢવા આપી, તેઓમડમ અને તેના બાળકોને લાકડાની વખારે લાવ્યા અને વખારની અદર લાકડાં ની અદર વચ્ચે સતાડ્યાં. બેઉ ભાઈઓ હાથમાં કુહાડિ લઈને વખારને બારણે બેઠા એમ ત્રણ દિવસ સુધી તેમણે મડમ અને તેના બાળકોનું રક્ષણ કર્યું તેમને રોજ રોટલા ઘી અને ગોળ ખાવા આપતા, ત્રણ દિવસે કુલ્લડ શાંત થયુ અને સત્તા વાળાઓએ અમલ જમાવ્યો ત્યારે દાદાએ ઉપરી અમલદારને આ વાતની ખબર આપી અને મડમે લખી આપેલો કાગળ આપ્યો તુરત જ અમલદાર બીજા સૈનિકોની ટુકડી સાથે આવ્યો અને મડમ

લાકડાંની વચ્ચે સતાડેલાં રોટલા ઘી અને ગોળ ખાવા માટે આપતા એવી રીતે ત્રણ દિવસ સુધી મારા દાદાએ તેમનુ સંપૂર્ણ રીતે રક્ષણ કર્યું જ્યારે હુંલ્લડ શાન્ત થયુ અને સર્વત્ર બ્રિટિશ સત્તાનો અમલ થયો ત્યારે મ્હારા દાદાએ ઉપરી અમલદારને આ વાતની ખબર આપી અને મડમે લખી આપેલો કાગળ આપ્યો ,કાગળ જોતાંજ અમલદાર મ્હારા દાદાની સાથે આવ્યો અને મડમ તથા બચ્ચાઓને સહીસલામત જોઇ બહુ રાજી થયો તે અમલદાર તેની સાથે વીશ ગોરા સિપાઇની ટુકડી લઇને આવેલો મડમ પોતે અને તેના છોકરા કેવી રીતે બચ્યા તે બધી વાત પોતાનો સગો ભાઇ જે મદ્રાસમાં મોટો અમલદાર હતો તેને લખી તે કેટલેક દિવસે દિલ્હી આવી પહોંચ્યો

તથા તેના બાળકોને સહિસલામત લેઇ ગયો મડમે પોતાના બચાવની વાત પોતાના ભાઇને મદ્રાસ લખી મોકલી તે પણ કોઇ મોટો અમલદાર હતો તે કેટલેક દિવસે દિલ્હી આવી પહોંચ્યો

સ્વાદિષ્ટ અને લહેજતદાર અરીદા.

પા. પ ડ

પરસનબાઇ મયારામ વિ. ઠક્કર
હિન્દબાળ, અમદાવાદીપોળ વડોદરા.

(જીગર અને અમી)ની મુળ વાર્તાનું વિવેચન

'જીગર અને અમી' નામની કહેવાતી સત્ય ઘટનાત્મકનવલકથા આ નવલકથાની, એકજ વ્યક્તિએ બે જુદા જુદા લેખકોને આપેલ પોતાની નોધિપોથીની ચર્ચા 'મગલમ્' ના વાચકોએ વાચી છે, 'જીગર અને અમી' ની આવૃતિઓ ગુજરાતે રસભર વાંચી છે ગુજરાતના વાચકોનુ માનસ એ પરથી પ્રતિબિમ્બિત નથી થતુ ? સત્યને નામે ગુજરાતના વાચકો પોતાની આળી લાગણીઓને પપાળી સુખ અનુભવે છે એની યાદ અમે અપાવીએ છીએ.

જીગર અને અમીએ ગુજરાતને શુ આપ્યુ છે ?

(૧) સ્ત્રીજગત (ચદ્રાવલિ સિવાય) વ્યભિચાર અને પ્રપચ ભરપૂર છે

(૨) જૈન સાધુ સાધ્વીઓમાં અનાચારનો અતિરેક છે

(૩) પડિતજી મોક્ષાકર દરક કસોટીમા સફળ નિવડયા છે, (આત્મશ્લાઘા !)

જીગર અને અમીએ શુ નથી આપ્યુ ?

(૧) સ્ત્રી પુરૂષને ઉન્નત પથદર્શક પ્રેરણા

(૨) ધર્માચાર્યોનાં પવિત્ર ચરિત્ર

(૩) **नरो वा कुजरो वा** કહી 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે' એ યુધિષ્ઠિરે બતાવેલી સજ્જનની લપસણી ભૂમિકા અને તેથીજ અમે "મગલમ્" ની **सर्वामित्रप्रेतहेतवे** ભાવનાને અનુસરી 'જીગર અને અમી'નાં સ્ત્રી સમાજ, જૈન સમાજની નિન્દાનાં પ્રકરણ છાપવાં અનિષ્ટ માનીએ છીએ **शुभमस्तु** તત્રી આમ્રકુજ મોંસાણાવટી અમદાવાદ

(ગોપાલકૃષ્ણ. આ મહેતા તત્રી મગલમ્ વર્ષ બીજુ અક પહેલો ફેબ્રુઆરી ૧૯૪૯)

અમદાવાદનુ સામાહિક પત્ર "આરામ" શુ કહે છે?

"મગલમ્" માસિકનો છેલ્લો જાન્યુઆરી માસનો અંક પ્રગટ થયો છે તંત્રીશ્રીનુ કથવિતવ્ય છે કે, "મગલમ"ને સર્વ ક્ષેત્રમાં વિહરનારૂ (બનાવવુ) અને એટલા માટે જ્યોતિષ, વિગેરે અનેક વિષયો એમાં ચર્ચાય છે દરમ્યાનના છેલ્લા અકમાં તંત્રીશ્રીએ એક નવી શોધ પ્રગટ કરી છે આ શોધ ચમત્કારીક નવીન અને ધ્યાન ખેચે તેવી છે આ શોધ શ્રી ચુનિલાલ વર્ધમાન શાહ કૃત નવલકથા "જીગર અને અમી" વિષેની છે તંત્રીએ લેખીત પુરાવા એકઠા કરી નિવેદન કર્યુ છે કે "જીગર અને અમી" એ મૌલિક નવલકથા નથી એ સત્ય પ્રધાન નવલકથા હશે, પરતુ 'જીગર અને અમી" માં આવતી કથા આજથી ૧૭ વર્ષ પહેલાં લગભગ આવા જ સ્વરૂપે પ્રગટ થયેલી તેના લેખક "હિન્દુબાળ" છે તેઓ સ્વામી શ્રી અખડાનદજીના નિકટના સગા છે આ કથા ૧૯૩૨ ની સાલમાં બહાર પડી ત્યારે તેની પ્રસ્તાવના શ્રી વિદ્યાગૌરી નીલકંઠે લખી હતી આ પ્રસ્તાવના 'મગલમ્' ના તંત્રીએ સાદ્યત છાપી છે તેમજ પહેલી કથા તથા 'જીગર અને અમી" ની કથાની તુલના કરતા ગદ્યખંડો સામસામા રાખીને એમાં રહેલો અલ્પ ભે૰ દર્શાવ્યો છે આ શોધ કરીને તંત્રીશ્રીએ એક અપૂર્વ પ્રકાશ એક અનોખી નવલકથા ઉપર પાડયો છે આ સત્ય હશે! એમ હજી પણ સશય થયા કરે છે "જીગર અને અમી" તો સત્ય પ્રધાન નવલકથા તરિકે જાણુ થઈ છે એ સત્ય પ્રધાન જ નીકળી ચુકી? જો આ ઘટના સાચી હોય તો સાહિત્ય જગતમાં ખળભળાટ થાય (સા અ.) લે જીવનલાલ મહેતા

હિંદુબાળ સાહિત્ય માટે પ્રાથમિક બે બોલ!

સપાદક રામકૃષ્ણ ભયારામ હકકર પાપડવાલા

રવિની કળા અકલિત છે એણે અનેક પરચા આપ્યા છે અનેક ભકતોનાં કાર્ય એણે કર્યા છે "હિંદુબાળ" ની સાહિત્યપ્રસાદી તેની જ પ્રેરણાથી પીરસાઈ રહી છે 'હિંદુબાળ' પાસે અખૂટ સાહિત્ય પડેલુ છે જે અવકાશે ક્રમશ પ્રગટ કરવામાં આવશે.

પૂર્વ સંચિત યા વિદ્યા। પૂર્વ સંચિત યા ધન્ ॥
પૂર્વ સંચિત યા ભાર્યા। અગ્રે અગ્રે ધાવતિ ॥

મતલબ કે પૂર્વના સસ્કારો વિદ્યા, લક્ષ્મી, દ્રવ્ય અને સ્ત્રી પ્રાપ્ત થાય છે એ બધુ આગળ દોડતું આવે છે કોઈ કોઈનુ કર્યુજ નથી પણ સૌ કોઈ પ્રારબ્ધ યોગે જ લેણદેણુ વસુલ કરવા માટે આ સસાર સાગરમાં આવી મળે છે

વીસ વર્ષ જેટલો સમય અમદાવાદ રહી દેશ પરદેશનાં પર્યટન કર્યા બાદ વડોદરા આવીને સ્થિર થયા બાદ મડીયા પાપડનો ધધો કરતા છતા તેટલી સાહિત્ય સેવા કરવાની ગુરૂ-પ્રેરણા થવાથી 'હિંદુબાળે' મફત સાહિત્ય વર્ષક કાર્યાલય શરૂ કર્યુ છે અને તે દ્વારા જન સમાજમાં લોકોપકારક સાહિત્યનો મફત પ્રચાર કરવામાં આવે છે

'હિંદુબાળ' ને તેના આ સત્કાર્યમાં સેવાભાવી સજ્જનો તરફથી પ્રસગોપાત નાની યા મોટી રકમોના રૂપમાં આર્થિક મદદ મળે છે આ મળેલી રકમો મફત સાહિત્યના પ્રચારમાં વાપરવામાં આવે છે કેટલાક સજ્જનો મદદ આપવા ઉત્સુક હોય છે પરતુ મદદ નિર્ણયો હોય છે એ સજ્જનોને વિનતી કે 'શુભસ્ય શિઘ્રમ્' એ ન્યાયે કુલ નહિ તો કુલની પાંખડી જે અને તે મદદ કરી 'મફત સાહિત્ય' પ્રચારમાં હાળો આપવો

મદદ આપનારને 'હિંદુબાળ' તરફથી પ્રકાશિત થતી દરેક કૃતિઓ વિના મૂલ્યે મોકલવામા આવે છે

આદર્શ સંન્યાસી (ત્યાગી) નાં લક્ષણો.

લેખક—એક આદર્શ ત્યાગી (અવધુત)

જે સન્યાસી (ત્યાગી) પાસે ગાડીવાળી શકાય એટલો સામાન હોય તેને ખરેખરો આદર્શ સન્યાસ લીધો એમ તો ન જ કહેવાય પણ દુનીયાને છેતરવાનો ધંધો શરૂ કર્યો કહેવાય તેમ છતાં ભલે તેમની પાસે અધ્યાત્મીક જ્ઞાન હોય અથવા તો યોગ સાધનની વિદ્યા હોય, અર્થાત કદાચ પ્રકાશનુ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેમ છતા તેઓ કેવી સ્થિતિ ભોગવે છે તે તપાસીએ

જે સન્યાસી થયો તેને હાથ ઊંચી બેસવાની ગાદીઓ, રૂપાની પીચદાનીઓ, ગરમા ગરમ મશાલાના દુધ, માલપાણી, મીષ્ટાન્ન, ભજીઆ, ગરમ મશાલા વિગેરે તામસી ખોરાકનો આહાર કરે તે આપણને શુ દેખાડી આપે છે ? અને તેઓ (પાખંડી) કોના પૈસાથી તાગડધીના કરે છે ? આ તદ્દન તામસી આહારથી શુ તેઓ જીંદગીભર બ્રહ્મચર્ય પાળી શકે ખરા કે ? નહી તો પછી તેઓને કેવો જન્મ લેવો પડે ? તે તો પ્રિય વાંચક વિચારી લેશે માટે પ્રેમી પ્રભુ જનોને એટલુ જ જણાવવાનુ કે હાલના આવા સાધુ ઓથી ચેતી જવાની જરૂર છે કારણ કે હાલમા આવા પાખંડીઓનાં ઠેરઠેર અન્દર ભગત છે

ખરો સન્યાસી કોને કહેવો ?

જેને ક્ષમિની અને કંચનનો સંપૂર્ણ ત્યાગ જેમ કે (મહર્ષિદયાનંદ, પરમહંસ રામકૃષ્ણ, વિવેકાનંદ, રામતીર્થ તેમજ હાલમા થઇ ગએલ ભિક્ષુ અખંડાનંદ) જેવો ત્યાગ અને જેવુ ઓચે તેવુ પવિત્ર આચરણ, અને તદ્દન અલ્પ સાત્વીક આહાર અને ઉચ્ચ અનુભવ સિદ્ધ જ્ઞાન હોવુ જોઇએ તેજ ખરો પ્રભુના દરબારમા જવા માટે લાયક જ ગણી શકાય, બીજાઓ નહિ

ભિક્ષુ અખંડાનંદ ત્રણ લાખ ઉપરાંત કેવી રીતે મેળવી સંસ્થા ચલાવી તેમ કદાચ શંકા થતી હશે. તે પણ આદર્શ ત્યાગી હતા એક વખત હિન્દમાળ માંદા હતો ત્યારે ભિક્ષુવૃત્તિથી એક ગૃહસ્થને ત્યાંથી કઢી કાદરી માગી લાવી પોતે અખંડાનંદ હિન્દમાળ અને કાળીપુ કુતરૂ ત્રણ ભાગે જમ્યા હતા પણ સંસ્થાની રકમમાંથી ઉપયોગ કર્યો નહતો. હિન્દમાળ તો પાંચ વર્ષ સેવા કરી તેઓ પાસે રહી ત્રણ જણે છે તે રામોઇ આનંદાનંદ પત્રીકામા આવશે.

કબીઓની સ્થિતિ તો જેમ સમડી અને ગીધ બંધે આકાશમાં ઉંચે સુધી ઉડી શકે પરંતુ ધ્યાન તો ઉકરડાની ટોચ ઉપર રાખે છે તેવી રીતે હાલના સાધુઓનું ધ્યાન પણ શરીર વિષયસુખાકારી તરફ જ ધ્યાન હરદમ રાખે છે પરંતુ ફીકર નહિ વખત જતાં આદર્શ વીરલા તેમનાં ખસી ગએલાં ચક્કર થોડાક વખતમાં ઠેકાણે લાવશે અને તેમનુ નામ નિશાન શોધ્યુ પણ નહિ જડે તે ભાવથી અવધુતના ૐ તત્સત્.

"હિન્દમાળની હાકલ" પબ્લીકનો સહકાર અને પ્રેમી દયાળુ ભક્તોની કૃપા થાય. હિન્દમાળને કોઇ ઉદાર આત્મા હેલ્પ કરે તો "કર્મવિરનો આદેશ યાને મુક્તિનો માર્ગ" એ સંસારના સુગંધી પુષ્પસમા સ્વામીથી વિવેકાનંદના "સોન્ગ ઓફ સન્યાસી" નામનુ એક કાવ્ય પ્રભુ પ્રેમીએ ઉતારો કરી આપેલ તે પ્રસિદ્ધ કરવુ છે

એની પ્રત્યેક લીટીમાંથી ઉચ્ચ તત્વજ્ઞાનના ઝરણુ વહે છે ને પ્રત્યેક મનુષ્યને ઉત્સાહ આશ્વાસન અને શાન્તીની ભેટ આપે છે કોઇ વિરલો આત્મા હિન્દમાળને હેલ્પ કરી શકે છે'

હિન્દમાળની ભિક્ષા—હિન્દમાળ ભિક્ષામાં માત્ર મફત સાહિત્ય વર્ષક કાર્યાલયની ભિક્ષા માટે "કાગળ, પ્રીન્ટીંગ, અને બાઇન્ડીંગ અર્થ" માગે છે તે પણ હરદમરથી બહુ જ થોડામાં પતી શકે તેવી રીતે. સંસ્થા તમારી છે, ઇચ્છા પ્રેરણા કરે તો હેલ્પ કરશો નહિ તો ૐ તત્સત્ તે ભાવનાથી તમો જે કહો તે !

આવર્તની અને સ્થાપક રવ જયકૃષ્ણ ના વર્મા

તંત્રીઓ
કુમાર
નટુભાઇ

તંત્રી
અને સ્ત્રીહિતોપદેશ

વ્યવસ્થાપક
નટવરલાલ ઠાકર
ઉદયાભિત્ર પ્રેસ,
વડોદરા

પુ ૫૨] એપ્રીલ ૧૯૪૯ [વર્ષ ૨૬

દૂર રહ્યું એ ઓલાવી ! શ્રી જરાભાઇ ઠા પટેલ .. . ૨૫
અભિલાષા શ્રી રસિકલાલ પડયા.. ૨૬
કોઇ બતાવે વાત શ્રી સનાતન .. ૨૬
રવ સરોજિની નાયડુ શ્રી શાન્તિકુમાર જ ભટ્ટ ... ૨૭
વિવશતા શ્રી લક્ષ્મીકાન્ત ઝા વ્યાસ ૨૯
બે સન્નારીઓના આદર્શ બલિદાન શ્રી નલિનકાન્ત પડયા .. ૩૩
ત્યારે સૌ હસે શ્રી અજિતકુમાર ૩૫
પિયા મીલનકી આશ શ્રી અલખ ૩૮
માનવતાનુ ખૂન શ્રી મહેન્દ્રકુમાર મો દેસાઇ ૪૦
વીરાને પત્ર : શ્રી મોરારજી લાલજી ઓઝા ૪૩
અમેરિકાની મહિલાઓએ સાધેલી પ્રગતી શ્રી કેડા એસ મીતર ૪૪
મહિલા જીવન સો સરસ્વતી એમ મહેતા ૪૮
રોપ કોનો ? શ્રી મનેન્દ્ર ઠા મહેતા ૫૦
ચિતનામૃત શ્રી રણજીતરાય .. ૫૫

વાર્ષિક લવાજમ હિન્દ માટે રા. ૫-૮-૦ વિદેશ માટે શિલીંગ ૧૨ છુટક નકલ એક રૂપીયો.

જોઇએ છે

કુ ઠ વખતમા જ નવા શરૂ થતા એક સીને અડવાડીક
તેમજ વાર્તા માસિક માટે

તંત્રી

આજે જ લખો — પો બો. ન ૮૫,
ઠે શિયાપુરા, વડોદરા

તમારા માથાના દુખાવા માટે

ડાયમન્ડ પેન બામ

વાપરો
દરેક જગ્યાએ મળે છે

એમ. મણીલાલ એન્ડ કુ
૪૩, ચર્ચગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુબઇ ૧

ગૃહસુંદરી અને સ્ત્રીહિતોપદેશક એપ્રિલ '૪૯
અંક ૨
વર્ષ ૨૧ પૃષ્ઠ ૫૨

દૂર રહ્યું એ બોલાવી !

દિન વિલાતા
ઊતરે જ્યા ત્યા
ધરતી ઢ્યારે
રાત્રિના અકલિત ઓળા !

વાયુ ફેરી
સુરભી પેરી
શીતલ લ્હેરી
ફે ફે લાવે ભણકારા

સાગર રાણો
ઘુઘવે ગાઢો
અગણિત ગાનો
મચ્યો ફે મુજ પડતા આ

આકાશે જો
તારા ઝબકે
અંતર મારે
જગવે સ્વપ્નતણી જાળા.

દૂર અંધારે
ડુંગર ધારે
આતમ તારે
દિલ રહ્યું ફો ઝબકાવી.

ને ઉર મારે
થાયે મારે
ફે અણસારે
વારે વારે
દૂર રહ્યું એ બોલાવી !

શ્રી જયાબાઈ ક. પટેલ

અભિલાષા

હું તારો અનુરાગી થઇ રહું
કેવળ એ અભિલાષા

ત્રણે લોકમા વિભો વિસ્તર્યો
ક્યમ કરૂ અર્ચા ભાલે ?
ઉન્નત નભને શોભ આપતા
દ્યોતિપૂર્ણ વિસ્તારે ?
ગૂઢતમ અતિ તુજ ભાષા
હું તારો અનુરાગી થઇ રહું
કેવળ એ અભિલાષા

ચરણ તમારા આર્ત જનોમા
અનેક કષ્ટે પિડાતા
સમિપ આવીને હું જ સ્પર્શવા
અશક્ત કયા મમ શાતા ?
ક્યમ સમજુ તુજ પાસા ?
હું તારો અનુરાગી થઇ રહું
કેવળ એ અભિલાષા.

વિરાટ તુ ત્રિભુવન પાગર્યો
ક્યા હું માનવ પ્રાણી ?
તને ભેટવા છેક વીર્યહીન
નમુ તુને હતવાણી
નામ રટણની આશા
હું તારો
મુક પ્રસશક થઇ રહું
અતિમ એ અભિલાષા
હું તારો અનુરાગી થઇ રહું
કેવળ એ અભિલાષા

શ્રી ગિરિલાલ પડયા

કોઇ બતાવે વાટ

(એક ગીત)

રે ! મને કોઇ બતાવે વાટ
મારે થવુ અનતને ઘાટ
—મને૦

મારે પથ કે કેડીનુ કામ નથી
મારૂ દૂર સમીપમા ધ્યાન નથી
મારૂ ધ્રૂવ તારક નિશાન નથી
એક મીલનનો તળસાટ
—રે મને૦

જાણ્યુ ના ઘેરથી કયારે પળ્યો
કયાય મારગમા ન મુકામ કર્યો
મારી કેડીને કયાઇ ના અત કર્યો
મારો એક અનત ઉચાટ
—રે મને૦

લાખ લાખ દિવે મારે ધ્વની રહ્યુ
લાખ લાખ પળે નહિ પથ લહુ
કોઇ પામે નહિ એવી ચીજ ચહુ
તારી સાધી છે ભીટ વિરાટ
—રે મને૦

શ્રી સનાતન

સ્વ. સરોજિની નાયડુ

શ્રી શાન્તિકુમાર જ. ભટ્ટ

રાજકારણ અને જીવનના તમામ ક્ષેત્રોના ઓછામા ઓછા વિરોધીઓ અને વધુમા વધુ પ્રશંસકો ધરાવતી એક વ્યક્તિનુ નામ આપવાનુ આપણને જ્યારે કહેવામા આવે તો તરતજ આપણા મન સમક્ષ શ્રીમતી સરોજિનીદેવીની મૂર્તિ ખડી થયા વગર રહે નહિ.

ભારતના નવજવાનને આશા અને ઉત્સાહથી, માનવતા અને માધુર્યથી, પ્રેરણા અને ધબકતા પ્રાણથી રસભર બનાવતુ જીવનસાર સુણાવી એ સુનમુને પરલોકગમન કર્યું છે

"તેઓ સર્વપ્રિય હતા, અહુમુખી ચરકારિતાના પ્રતીક હતા, આપણે તમને આનંદ અને હાસ્યથી ભરપૂર સાથી તરીકે ઓળખીએ છીએ અને એ કારણે તેઓ કદી મૃત્યુ નહિ પામે"

—પંડિત જવાહરલાલ નહેરૂ

કર્તવ્યની દોરમથી મહેકતુ એમનુ જીવન ભવ્ય હતુ અને કર્તવ્ય બજાવ્યાનો સંતોષ અનુભવ્યા પછીનું એમનું અવસાન જોયું પણ બધુ ભવ્ય છે

એમના જીવનને પડનાર સરકાર બધાનો પરિચય કરી આપણે એમના આત્માને પ્યાર અને ભક્તિથી અંજલિ અર્પણ કરીએ

શ્રીમતી નાયડુનો જન્મ દક્ષિણ હૈદરાબાદમાં સને ૧૮૭૯–ફેબ્રુઆરી માસની તેરમી તારીખે થયો હતો. યુરોપની સંસ્કૃતિના પડ તરમા જે ભાગ ઇટાલીએ ભજવ્યો છે તે ભાગ હિંદની સંસ્કૃતિના પડ તરમા બંગાળે ભજવ્યો છે એમનો જન્મ એક અત્યંત સંસ્કારી બંગાળી કુટુંબમા થયો હતો એમના પિતાશ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાય એક આર્ય ઋષિ જેવા જ્ઞાની અને સાચા સાધક હતા, નિઝામની કોલેજના પ્રીન્સીપાલ હતા. બાળપણના એ સુખી ઘરનો સુંદર ચિતાર શ્રીમતી નાયડુના ભાઇ અને મહાન લોકપ્રિય કવિ શ્રી. હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાની જીવનચરિત્રમા આપ્યો છે

'ડોક્ટર ઓફ સાયન્સની' પદવી ધરાવતા પિતાની મહત્ત્વાકાંક્ષા પુત્રીને પણ વિજ્ઞાન તથા ગણિતમાં રસ લેતી કરવાની હતી. પણ એ નીરસ વિષયોમા એમને જરાપણ રસ ન પડયો માત્ર બાર વર્ષની કુમળી વયે તેમણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી પરંતુ તબીયત લથડતા આગળ અભ્યાસ કરવાનુ મોકુફ રાખી તેમણે ચાર વર્ષ ઘેર અભ્યાસ કર્યો ત્યાર બાદ નિઝામની રૂા. ઘરશીપ લઇ ત્રણ વર્ષ ઇંગ્લેન્ડમા અભ્યાસ કર્યો પરંતુ તબીયત બગડતા હિન્દ પાછા આવ્યાં ઇંગ્લેન્ડમાં તેમણે જાતિભેદને દૂર રાખી શ્રી. જી નાયડુ નામના હૈદરાબાદના પ્રખ્યાત તબીબ સાથે લગ્ન કર્યા

કિશોર વયમાં તેમણે લખેલા કાવ્ય ગ્રંથના એડમંડ ગોસ નામના પ્રખ્યાત અંગ્રેજ વિદ્વાને પ્રશંસા કરી હતી ત્યાર બાદ તેમણે બીજા ત્રણ કાવ્ય ગ્રંથ લખ્યા છે ૧૯૧૪ ની સાલથી તેઓ રાષ્ટ્રિય કોંગ્રેસની ઓફીસે ચલાવે છે

કાવ્યના કલ્પના રંગી વાતાવરણમા રસતરબોળ કરી લીધા પછી રાજકારણ તેમને માટે આકર્ષણ ઉભુ કરે છે

લીલાના પતિ શ્રીમાન્ રામકિશોર ટહેલવા નીકળી ગયા. હતા અને લીલા ખડમા તેના બે બચ્ચાને લઇ બેઠી હતી મને જોતા જ તે ઉઠીને ઉભી થઇ—" અરે રમેશ–તુ ! " તેણે ઉઠતા કહ્યુ

" હા, લીના હુ જ છુ ! " હસવાનો પ્રયત્ન કરતા મે ઉત્તર આપ્યો.

ઘડીવાર અમારી દૃષ્ટિ પરસ્પર મળી પછી લીલાએ પોતાની આંખો ભૂમિ પર ઠેરવી એક ઠંડો શ્વાસ લીધો " ઠીક થયુ, તે મારી ખબર તો લીધી "

લીલાના આ ઉત્તરથી હુ સ્તબ્ધ થઇ ગયો. મે લીલાને એકવાર માથાથી પગ સુધી જોઇ લીધી—અને હુ આપને સાચુ કહીશ, હુ કંપી ઉઠયો મારી સામે એક પ્રાણહીન સ્ત્રી ખડી હતી. લીલા બદલાઈ ગઇ હતી—બહુ ખરાબ રીતે બદલાઇ હતી તેના ગાલ પીળા પડી ગયા હતા, એની આંખોની ચમક જતી રહી હતી, તેના મ્હોં પર એકલતાની રેખાઓ વિદ્યમાન હતી, એના આત્માની એકલતા એના આખા અસ્તિત્વમાથી છલકી ઉઠતી હતી.

લગભગ રાત્રે અગીઆર વાગે શ્રીમાન રામકિશોર ઘેર આવ્યા. તે સમયે તે બહુ ઓછા ભાનમાં હતા.

શ્રી રામકિશોર લગભગ ચાલીસ વર્ષની અવસ્થાના હશે મ્હોં સુદર હતુ પણ તેની કાન્તિ ઘણા વખત પહેલાની ઉતરી ગઇ હતી. અને મોટી મોટી આંખો ઉડી ઉતરી ગઇ હતી તે કરી કરી બહુ ખરાબ રીતે ચમકી ઉઠતી હતી. તેઓ શહેરના મોટા જમીનદારોમા ગણાતા હતા. એમ કહેવાય છે કે લીલાના પિતાએ લીલાના લગ્ન કરતી વેળા રામકિશોરના રૂપિઆ પર વધું ધ્યાન આપ્યુ હતુ પરન્તુ લીલાના પિતાને કદાચ એ ખબર નહિ હોય કે તે પોતાની પુત્રીનુ લગ્ન એક બગ પૈસા માનવી સાથે કરી રહ્યા છે.

રામકિશોરે મારા ક્ષેમકુશળ પૂછ્યા કુશળતા પૂછવામા તેમને થોડો પરિશ્રમ પડયો. એમ મને લાગ્યુ, પછી તે સુવા ચાલ્યા ગયા.

બીજે દિવસે રામકિશોરે મારૂ ખુલ્લા હૈયાથી સ્વાગત કર્યું મને તે વેળા એ જોઇને આશ્ચર્ય થયુ કે રામકિશોર મારૂ સ્વાગત કરતા હતા તે લીલાને સારૂ લાગ્યુ નહિ

સુબ્બાકાળે શ્રી રામકિશોર મને અને લીલાને સીનેમા જોવા લઇ ગયા. લીલા આવી તો ખરી પણ જાણે બળાત્કારે એમ લાગતુ હતુ કે જાણે સીનેમા જોવાનુ તેને ગમતુ નથી, તે બીનકુલ ભાવનાહીન બેસી રહી. ઈંટરવલમા શ્રી રામકિશોરે મને મોરેથી કહ્યું " રમેશ એક અધો પેગ લેશો ? "

" નહિ " મે જવાબ આપ્યો.

" હમણા આવુ છુ " એમ લીલાને કહી શ્રી રામકિશોર બહાર ચાલ્યા ગયા. મે લીલાને પૂછ્યુ " લીલા, શ્રી રામકીશોરની સ્થિતિ કેવી છે ? "

ખુબ કરૂણ સ્વરે લીલાએ ઉત્તર આપ્યો

" રમેશ, એ પૂછશો નહી ! "

" નહી કહે એ મને ! હુ જોઉ છુ કે તુ ખુબ દુખી છુ, " મે આગ્રહ કર્યો.

" ના–ના કહેતો ખરી ! મને લાગે છે કે તુ ખુબ દુખી છુ, " મ્હે આગ્રહ કરી પૂછ્યુ

" તો સાભળ–અભાગા ઉપર અત્યત કરજનુ ભારણ છે પૈસા તો જમાનાને જાણે ઓળખતાં જ નથી, શક્તિ બહાર ખર્ચ કર્યા કરે છે, આવક વધારવા ઘોડાની રેસ જોવે છે, અને ત્યાંથી પણ હાર ખાઇ પોતાનુ દુખ દુર કરવા દારૂ પીવે છે "

લીલાની વાત પુરી પણ થઇ નહિ ને રામકિશોર પાછા આવ્યા તે વેળા તેમની આંખો ઘેરી રતાશ ભરી હતી લીલાએ તેમની બધી જોયુ–ઘોડી વાર સુધી તેની

આખો રામકિશોરની આંખોમા પરોવાયેલી રહી બા. રામકિશોર હસી પડ્યા, તેમણે લીલાનો હાથ પોતાના હાથમાં લેતા કહ્યું

" જો મને માફ કર–કુ ભૂલ કરતા કરના ઍટલો ટેવાઇ ગયો છુ કે હવે સભાળ રાખવી મારે માટે અસભવિત બની ગયુ છે " આમ બોલી તેમણે લીલાની તરફથી પોતાની આખોના અશ્રુ સતાડવા માટે મ્હોં ફેરવી લીધુ લીલાએ એક દીર્ઘ ઉંડો શ્વાસ અને વિવશ ભાવે મારા ભણી જોયુ

' અમે બધા સીનેમાથી પાછા ફેર ગયા તે રાત્રે મને ઉંઘ આવી નહિ કુ કોણ જાણે શુ નુ શુ વિચારવા લાગ્યો. એ આલીશાન મકાનનો એ આલીશાન ઓરડો જોયો કુ સૂતો હતો હતો તે એક અજબ કુરૂપતાની નજરથી મને જોઇ રહ્યો હતો. મને એમ થવા માંડ્યુ કે વૈભવનો પિશાચ જાણે બરાબર મારા માથે પહેરો ભર્યો કરે છે

સવાર પડી–ખુબ મુરઝેલીથી નાસ્તા વગેરે કરી મે કપડાં પહેર્યો શ્રીમાન્ રામકિશોરે પુછ્યુ

' કહો ભાઈ શુ પ્રોગ્રામ છે ?

" શહેરમા ફરી આવવાનો વિચાર છે '

શ્રી રામકિશોરે ડ્રાઇવરને હાંક મારી " રમેશ ભાઇને શહેરમા ફેરવી લાવો ' અને તેમણે મને કહ્યુ ' મને ક્ષમા કરશો મારી તબીયત ઠીક નથી. "

બે કલાક પછી જ્યારે કુ પાછો આવ્યો ત્યારે મે જોયુ કે લીલા બેઠી બેઠી રડી રહી છે–રડી રહી નહોતી બલ્કે કુસકા લઇ રહી હતી, અને મહાશય રામકિશોર ચક્ષ દૃષ્ટિથી પોતાની ચારે પાસ જોતા બેઠા હતા. મને જોઇને મહા પ્રયત્ને લીલાએ પોતાની જાતને સભાળી. તેણે જમવાની વ્યવસ્થા કરી અને અમે બધાં જમવા બેઠા પરન્તુ તે વેળા નતો લીલાએ બરાબર જમ્યુ ના શ્રી રામકિશોરે મને પણ એ બન્ને લીધે જમવાનુ ભાવ્યુ નહિ

જમવાનુ પતાવી જ્યારે અમે ઉઠ્યાં ત્યારે શ્રી રામકિશોરે મને કહ્યું " રમેશ મારી તબીયત ઠીક નથી કુ તો સુઇ જાઉ છુ સાજે આપણે રેસકોર્સ જઇશુ તમે લીલાની સાથે વાત કરો. ' કહીને તે તેમના ખડમા ચાલ્યા ગયા

અમે બન્ને થોડીવાર સુધી એમના એમ બેસી રહ્યા મે કહ્યુ " લીલા, તુ આટલી ઉદાસ કેમ છુ ? આથી ફાયદો પણ શુ ? "

" કદાચ કંઇ જ નહિ " થોડુક હસીને તેણે કહ્યું–' ફાયદો તો કોઇ કામમા નથી અને ઉદાસ હોવુ એક સ્વાભાવિક વાત બની ગઇ છે '

લીલાએ સાચી વાત કરી હતી એકાએક કુ લીલાને પૂછી બેઠો " શુ તુ રામકિશોરને ચાહે છે ? "

કંઇ જાણવાથી ઉત્સાહ કુ આ પ્રશ્ન કરી બેઠો હતો તેની મને ૫ ખબર નહોતી અને એ પ્રશ્ન પૂછવા માટે આજ સુધી મને દુખ થાય છે લીલાએ ખુબ આશ્ચર્યથી મારી સામુ જોયુ, જાણે મે કોઇ અત્યત અયોગ્ય વાત કહી નાંખી નહોય ' પછી તેણે રામકિશોરના ઓરડા ભણી જોતા જોતા કહ્યું " હા, રમેશ ' અત્યત–ગ્રેટલુ બધુ ચાહુ છુ કે જેની તને કલ્પના પણ નહી આવી શકે ' "

અમે બન્ને મૌન બની ગયા, એ ઓરડો બીનકુલ રતબ્ધ હતો મોટી ઘડીયાળનો " ટીક–ટીક " અવાજ સ્પષ્ટ સભળાઇ રહ્યો હતો. અને કુ સાચ્ચુ કહુ છુ કે ઘડીયાળનો એ અવાજ મને ભયાનક લાગી રહ્યો હતો લીલા તેના ગાલ ઉપર હાથ રાખી કંઇક વિચારી રહી હતી તેનુ પીળુ મુખ કોણ જાણે થોથી ફીક્કુ પડી ગયુ હતુ.

તેમની સામે મસ્તક નમાવ્યું બન્નેએ પોતપોતના પતિને કાગળ લખ્યા હતા ઘેરથી નીકળતા પહેલા જ તેમણે પ્રાણ-ત્યાગનો નિશ્ચય કર્યો હતો અને પત્રો પહેલેથી જ લખીને ઘેર મૂકયા હતા પત્રોમા લખ્યુ હતુ "

"પ્રાણનાથ, નાછુટકે અમારે આપની હાજરી ન હોવા છતા યવન સમ્રાટની સામે દરબારમા આવીને ગાવુ પડ્યુ છે અમે પવિત્ર છીએ હમારૂ સતીત્વ સુરક્ષીત છે બાદશાહે અમને પોતાની પુત્રીઓ સમજી અમારી સાથે વર્ત્યો છે તો પણ હમે પતિ-વૃતના એક અગથી ભ્રષ્ટ થયા છીએ અને આપના પવિત્ર ખોળાને માટે હમે લાયક રહ્યા નથી, આ કારણથી જ આ અધમ શરીરનો ત્યાગ કરવાનુ અમે યોગ્ય માન્યુ છે હવે પરલોકમા આપના આગમનની અમે બન્ને રાહ દેખીશુ

આપની ચરણ સેવિકા.

બન્ને શુદ્ધ મહિલાઓની સ્મૃતિમા ત્યાં 'સંગીત મંદિર' સ્થપાયુ આટલા વર્ષના ગાળા બાદ પણ આજે આ સ્મારકમા ભગ્નાવશેષ અકબરાબાદના ઐતિસપુરની પાસે મોજુદ છે

તાનસેન તાની-નાનીને પોતાના જીવનમા વિસરી શકયો નહિ. પોતાની આ બે ધર્મ બ્હેનોના નામ ચિરંજીવી બનાવા માટે જ્યા ઉઁ નો પ્રયોગ થતો હતો ત્યા 'તોમ-તાના નાના, અગર તો-મ-તા-તા-ના-નાના'નો પ્રયોગ તેણે કર્યો જે આજ પણ પ્રચલિત છે

[હિન્દી 'કલ્યાણ' માંથી]

સ્નેહ અને શોકથી, પૃથ્વી અને પરિવર્તનશીલ વ્યોમથી
મને સંતોષ ન થાય ત્યા સુધી
મારી તમામ ભૂખ સંતોષાય ત્યા સુધી યોભી જા,
ઓ મૃત્યુ મારાથી અવસાન પામી નહિ શકાય

(સરોજિનિ નાયડુના એક કાવ્યમાંથી)

લોહાણા જ્ઞાતિનુ પત્ર

લોહાણા વર્તમાન

દુઃખ સમયમા પોતાની સેવાઓ ફરીથી
આપવાની શરૂ કરશે
વિગત માટે મળો યા લખો —

'લોહાણા વર્તમાન' કાર્યાલય.
૨૬૫, રાયપુર, કોઠની પોળ, અમદાવાદ

ત્યારે સૌ હસે

શ્રી "અગ્નિકુમાર"

સ્મિત અને હાસ્ય એ માનવ સહજ પ્રકૃતિ છે એનો ઉદ્‌ભવ ગુરૂત્વ થી, આત્મત્રુટિ જ્ઞાપન અને દાતારની અનુકંપા જ હોય છે

ઊર્મિનો અતિરેક એ હાસ્યનુ જન્મસ્થાન છે જીવનના બે પાસા–કરૂણ અને હાસ્ય છે, એટલે આત્મવિશ્લેષન દ્વંદ્વ મથનથી ઉદ્‌ભવે તે સ્મિતની ભાવના ઉપજાવી હાસ્યના આંદોલન ઉપજાવે જ

સંજોગ, વાણી અને પોષાક એ ત્રણ હાસ્ય ઉપજાવનારાં છે એટલુ જ નહિ પણ માનસશાસ્ત્રની સૂચો પણ હાસ્યજનક નિવડે છે

*

એક પ્રાથમિક શાળાની શિક્ષિકાને સત્તાવાળા તરફથી એવો હુકમ હતો કે ગેરહાજર રહેનાર શિષ્યના વાલીની ચિઠ્ઠીઓ મેળવી ઝીકદી રાખવી સ્થાનના પ્રતાપે એ હુકમ બરાબર પળાતો નહિ. નિયામક એક વખતે આવી પેલા શિક્ષિકા બહેનને ઝડતીથી તતડાવતા માડયા

" તારાબેન ! તમે વાલીઓની ચિઠ્ઠી સહી સાથે કેમ નથી ઝીકડી કરતા ? "

" સા'બ ! બધાને સહી કરતા જ નથી આવડતી. "

" ત્યારે અગુઠા કેમ નથી પડાવતા ?" નિયામક તાડુકયા

" કોઈ કપતીને અગુઠા જ નથી હોતા ! " બહેને બડસ કેઢયુ

" તો પછી–તો પછી–નિયામક માથે હાથ ફેરવતા બબડયા—

પેલા બેને અટ્ટહાસ્ય કરતાં કહ્યું " સાહેબ, કેટલાક કાયદા માણસ માટે હોય છે, માણસ કાયદા માટે નથી જ, એટલે અપવાદ રાખવા જ જોઇએ ના "

અને નિયામક આ તાર્કિક દલિલથી સંતોષાઈ ખડખડાટ હસી પડયા.

*

એક માધ્યમિક શાળાના પહેલા વર્ગમાં એક શિક્ષક છોકરાને ગમ્મત સાથે જ્ઞાન દેતા વિદ્યાર્થીઓમાં કોઈક શિક્ષકને પણ આંટી લઈ મહાન કરવા કોશિષ કરતો !

એક વાર શિક્ષકે છૂટતા પહેલાં વિદ્યાર્થી ઓને બીનવત્તા પ્રશ્ન રમત ચલાવી.

તેમણે શરૂ કર્યું

" માણસને હોય છે—

" બે પગ ! "

" કામડાને છે—

" બે પગ ! "

" ગધેડાને હોય—

" ચાર પગ ! "

" કાપીને છે

" ચાર પગ. "

એક જાતને ચતુર માનતો, શિક્ષકથી જુદા સૂર કાંઈ આપત્વ બતાવવા ઇચ્છતો વાચાળ બહુ બોલી ઉઠયો " પૂછડી ને છે—

જવાબ મળ્યો " ચાર પગ ! " અને શિક્ષકે જાણ્યુ કે શિષ્યો સૌ હસે. કારણ કે જવાબ હાસ્યજનક અને મૌલિક હતો. આવે વખતે સૌ હસે જ

*

લોકપ્રિય નાટકની પહેલી રાત્રિએ ત્રીજે અંકે ચાલતો હોય–બધા નાયક સંકેતમાં આવેલ

નાયિકાને પિસ્તોલની ગોળીએ મારી નાખવાનો અભિનય કરતો હોય. પ્રેક્ષકની અનુકંપા ગુમાવી તિરસ્કાર ઉપજાવે એવા તેના " લાક્ષાજી " જેવા બોલવા બાદ ગોળીબાર કરતો હોય–પણ ધુમ ધડાકા કરનાર નિદરની લગનીમાં અવાજ કરવાનું વિસરી ગયો હોય પેસો જેમ જેમ પિસ્તોલનો ઘોડો દાબી બાર કરે, તેમ તેમ અવાજ ન જ આવે, આથી તે ચિડાઇ સમયવર્તી ' સત્યને કવચ હોય, અત્યારના યંત્ર માણસના સેવક હોય તો હોક –રોક થાય તો–' વગેરે ભાષણની ઝડી વરસાવે પણ નીતિપ્રિય પુરુષ પ્રકોપથી જનભાષ " ઝાડુ ! બન્યો બદામનો ! બેટમેજી લેતો જા ! બાકી ધીસ વટકટ ! " પોકારી ઉઠે ત્યારે સૌ જોનારા હસી જ હસે !

*

" ગૂજરાતીઓનાં બે અપમ શબ્દી ભરેલ કહેનાર પર પ્રાન્તી જ્યારે '—

' કેળી, કેરા, ડાડા, તબશી, ટમે બો, તેને તેવો કહેવુ, કેથે, ઘોટાવુ, જોબરવુ, કટાણા, ગુડાણા, મારી લાખા, વટે પડયો– વગેરે સાભળતા સૌ કોઇ હસી જ પણ એ ટીકાખોર–વિવેચક

" અમારા બ્રાહ્મણ દેશ અધુના હલ્લામા અન્નેક માલમ પડી છે !

" ધમ્મુ છે પાપીનો ભરનાર જેમ ભાઈની બેન ભાભી નરતી નાર " આમચા મહારાષ્ટ્ર ભાઇઓ કરીતા સર્વ પ્રપચ કરનાર વગેરે વદે ત્યારે " ચારણી કરજાડાને કે કુડુ કય રોટને હસતા જોઇ સાભળનાર સૌ હસી જ બસ હસે જ !

*

ભાવણ માસની બીજથી દિવાળી અટ મારની જનેરાત અપાઇ રહેલ હોય. સાહિત્યના રસથાળની–ગલગલ્લી દિવાળીને અન્નકૂટ વાનગીઓ–સાદર રજુ કરવાના ડિમ્ ડિમ્ ઠોકાઇ રહ્યાં હોય. પણ ધનતેરશને બદલે ભાઇબીજે જ્યારે એ અંક પ્રગટ થાય, ત્યારે ગૂજરાતભરના સિદ્ધહસ્ત લેખકોને પુરસ્કાર દેવાની ખટખટથી બચવાની લોભવૃત્તિથી તન્ત્રી મહાશયે લહિયાની ગમે તેવી ' મેટર ' અને જાહેરાતનો ગંજ ભર્યો હોય, ત્યારે ભૂતકાળના દેવમન્દિર જેવી પ્રતિષ્ઠાવાળા, એ સાપ્તાહિકના 'સીનેરયાન' જેવી ટકટાળ પાડતી બાકુતી નીતિ માટે સૌ કોઇ હસે જ !

*

ધનજીનો ડાયરો જામ્યો હોય. દરેક લક્ષ્મીનદન પોતાની પાસેની શ્રી સપત્તિની અણુત્તિ મૌખિક જાહેરાતથી કરી લોકોપણાનો આનદ મેળવતો હોય. ત્યા રોકડચદ બોલી ઉઠે કે -ધનારોઠ પાસે તો પાચ કરોડ, નેમચદ પાસે બાવીસ લાખ, ટોપાણી પાસે ત્રણસો તોલા હેમ, અને રેબેકા બ્યુ પાસે પાંચહજાર તોલા ચાદી હશે. એ બધી માલદાર 'પાર્ટી કહેવાય પણ મારી પાસે તો—

એક શ્રી સવા પોતે,

એક પરણેતર,

પાચ ઉપરજ્જ,

બાર સતાનો,

પદર છોયા

એમ પોતન પુજી છે તમારી જડલક્ષ્મીથી તે ચડી જ જાય ને.

અને આવા બેકદા જવાબે પણ સૌ હસી જ ને !

બુદ્ધિજીવીની પરિષદ ભરાઇ હોય ત્યાં સૌ પોતપોતાના પ્રશસા પુષ્પો વેરી રહ્યા હોય વિદેશી લેખકો વાગ્માની હારમાળા અણુવાની હોય કોઇક હોલકેન, તો કોઇ આર્થર ટવેઇન. કોઇક પી જી વુડ હાઉસ, તો કોઇ

મેરી સ્ટોપ્સ, કોઇક વાઇલ્ડ તો કોઇ' બેરી વાચ્યાનુ ગણાવતા હોય ત્યા કોઇક અક્કલનો એક્કો 'હીનીસ ' અને ' એન્ડ 'ના પુસ્તકોનુ વાચન ગણાવે અને ' પીપુલ્સ બેક ' ની પાસબૂક હોવાનુ દર્શાવે ત્યારે રંગ જોતા સુરત તો હસે.

શ્રમજીવીઓ સાંજે-રાત્રે તાપણાની આજુબાજુ કુંડાળે વળ્યા હોય. ત્યા કોઇ ખેતીની તો કોઇ સુતારી અને લુહાર કામની, કોઇ કાલા ફાલવાની તો કોઇ રોટિયા સાળની, એવી દિવસના દસ કલાક મહેનતની વાતુ વહેતા હોય ત્યા કોઇક બુધ્ધુ બડસ કેકે —

એક અવેડા ઉપર બાર મણનો 'ટાવર' ચોવીસ કલાક સુધી મુકી, ટાવરને માથે સેવકે બેસી સો ' લીગ ' સવારી કરી '

આ અશકય ગુલબાગ સાભળી સમજુ સૌ કોઇ હસે જ

*

સામાન્યતા કોઇને રડતા જોઇ કોઇને હસવુ ન આવે પણ કોઇલેક રથળે મરણ પાછળ ' આખ જીસને વ્યવાબ દેતી હોય ' એવુ વિકત, બેહુદ, અને કૃત્રિમ રૂદન ચાલતુ હોય ત્યારે હાસ્યોર્મિના મોજા બહેરાઇ જાય છે '

કોઇ અકસ્માત પડી જાય અને તેના સબોસ કોળાની છાલ, છાણનો પોદળો કે લપસણી જમીન હોય ત્યારે પડતા માનવીને જોનાર પોતાને સુત હોઇ સલામત માનનાર મુરબ્બિ ભાવે હસી પડે છે

જાતને સયમી-યોગી માનનાર મહાજન જ્યારે વરણાગી-નખરાને પ્રેમને નામે વાસના દર્શન જુએ ત્યારે આવી ભરાઇથી નવાઇ પામી, સ્મિત હાસ્ય કરે છે

આથી જ કોઇ કોવિદે કહ્યુ છે કે —

' હર્ષ શોકના રંગીન પાટા
ચિત્ર વિચિત્ર પડયા જીદગીમા. '

અને આનો પુરાવો 'દેવદાસ' ફીલ્મની દેવદાસે ગાયેલ ' અબ દીન બીતત નાહી ' ગાયની રેકર્ડ તેના કરણ હાસ્યના ઉદ્ગારો " હુ હુ હુ " પુરા પાડે છે

એમ કહેવાય છે કે માનવબળ મર્યાદાબૂલી વિશ્વમા વેવલા વીણવા નિકરે ત્યારે પ્રકૃતિ-ઇશ્વર-સૃષ્ટિ હસે-શ્રામાર-પુરુષનુ પરિમિત પગલાના અતિરેકથી કેમકે જ્યા માનવી શકિત મર્યાદા પૂર્ણ થાય, ત્યા સામ્રાજ્યની શરૂઆત થાય છે જ આમ એકના અંતર્મા અન્યની શરૂઆત જોઇ સચ્ચિદાનદ પરિબ્રહ્મ આત્મા રામ હસે-બસ હસે જ

વિંછીના ડંખની

ચમત્કારીક દવા

કિમત રૂા. ૧-૮-૦

આજે જ મગાવો

જે આર બ્રધર્સ

રતલામ (મીલા), સ્ટેટ જી વડોદરા

આકર્ષક

છાપકામ માટે

★ સુદર
★ કલાત્મક
★ સસ્તુદ્વાર
★ દરેક જાતનુ છાપકામ

વ્યાજબી ભાવ અને સમયસર કામ માટે એક વખત જરૂર મુલાકાત લો

લુહાણામિત્ર પ્રિન્ટીંગ પ્રેસ,

પો. બો. ન ૮૫, ગિયાપુરા, વડોદરા

પિયા મીલનકી આશ

શ્રી ' અલખ '

અસ્ત થતા પદ્મિનીનાથની સોનેરી રશ્મિઓ આકાશમા ખેલવા લાગી મસ્જીદોમા વાગતા સ્વરો પ્રતિધ્વનિત થવા લાગ્યા બેગમે સેથામા અંતિમ મોતી પરોવી લીધુ, શ્રૃંગાર પુરો થયો ગળામા ગજરો નાખી એણે બહાર ડોકીયુ કર્યુ નવાબના આવવાનુ કોઇ ચિન્હ દેખાયુ નહિ

× × ×

તે દિવસે—

અરધી રાત થઈ ગઈ હતી, બેગમની આખોમા નિદ્રાનુ નામ ન્હોતુ

ઓરડામા કશો પ્રકાશ નહતો કેવળ પૂર્ણિમાના કેટલાક કિરણો મુક્ત વાતાયનમાર્ગે ગાલીચો અને તેના પર સુતેલી બેગમના વક્ષસ્થલને આલોકિત કરી રહ્યા હતા પડખામા બેઠેલી બાદીની આગળીઓ ગોદમા રાખેલા સરોદના બહારના સ્વરો પર ધીમે ધીમે આવજા કરી રહી હતી. નર્ગિસ અને હિનાની સુગધથી ઓરડો મહેકી રહ્યો હતો

બેગમના નેત્રો ચમકી રહ્યા હતા, શ્વાસ વેગથી ચાલી રહ્યો હતો, માનસ પટપર વાજીદ અલીશાહના પ્રથમ સહવાસના દ્રશ્ય ચિત્રિત થઇ રહ્યા હતા

એ રાત્રિ પછી કેટલાય માસ વીતિ ગયા હતા નવાબ વાજીદઅલીશાહ પોતાની સેકડો બેગમોમા એને ભૂલી ગયા હતા, કોણ જાણે હવે કમારે યાદ આવશે, બેગમે એક નિશ્વાસ નાખ્યો, અને બોલી

' બાદી '

' હજુર ! '

આગલીઓ સરોદ પર અટકી ગઇ હતી

' નવાબ કયા છે ? '

' નિમાજ બાદ બેગમને કયા '

એક ' ઉફ્ ' બેગમના હૃદયથી નીકળી ગઇ

બહારનો આલાપ થઇ ચૂક્યો હતો, આગળીઓએ હવે થોડીક ગતિ પકડી, ગત શરૂ થઇ

બેગમની આખોની ચમક તિવ્રતર થતી ચાલી, શ્વાસનો વેગ વધી પડ્યો, અને ભાવોના પ્રવાહ પણ પ્રબળ થતા ચાલ્યા. સ્મૃતિ એના હૃદયમા ગલગલીયા ' કરી રહી હતી, રહીરહીને રોમાચ થઇ આવતો હતો, અગ કાપી ઉઠતા હતા એણે ફરી ઘૂમ પાડી

' બાદી '

' હજુર ? '

' શરાબ લાવ '

રાકેશની રજતરશ્મિઓમા સુરાઈ ગલાસ ચમકી ઉઠયા, છલછલ કરતી મદિરા પ્યાલામા આવી પડી, બેગમે કંપિત કરોથી ઉઠાવી એને ગળાની નીચે ઉતારી લીધી રક્તમા ગરમી દોડી ગઇ

સરોદ પર આગળીઓ દોડી રહી હતી ગતની લય વધી ગઇ હતી અષ્ટગુણની તાનો ચિત્તને ઉછાળી રહી હતી અને ઉપરથી પુર્ણિમાનો ચદ્ર, નર્ગિસ અને હિનાની માદક સુગધ અને મદિરા.

બેગમનુ ચિત્ત અત્યત વિચલિત થઇ ઉઠયુ હાથ કોઇને આલિગન કરવા માટે તરવરવા લાગ્યા હૃદય ધડકવા લાગ્યુ એણે ચીસ પાડી

' બાદી '

' હજુર ? '

' મારી પાસે આવ '

બાંદી પાસે આવી. ઝપટથી બેગમે એને એની ભુજાઓમા કસી લીધી, ઓઠો પર ઓઠ રાખી દીધા.

પણ આથી સતોષ કયા ?

બેગમને રાતભર ઉધ ન આવી

બીજે દીવસે—

બેગમે પત્રમા પોતાનું હૃદય રાખીને નવાબની પાસે મોકલી દીધુ લખ્યુ હતુ

' મારા દિલ,

ગુસ્તાખી માફ કરજો, દાસીનો કાબુ મન અને બદન પરથી ઉડી ગયો છે, અદર એક આગ જાણે જલી રહી છે, મારા નવાબ આપના વિના એને કોણ બુઝાવી શકે, રાતોની રાતોથી ઉંઘ મારી આખોથી દૂર ભાગતી રહે છે, દાસી હજુરની કૃપા દૃષ્ટિની ભૂખ્યુકે છે, આપની રાહ જોઈ રહી છુ

હાતિમા '

બાદી પત્ર આપીને બાકી હાથેજ પાછી ફરી. નવાબ નિમાજ્યાનુ બેગમની હવેલીમા મરત પડયા હતા

બેગમે હૃદયની જ્વાલાને મદિરાથી બુઝાવવા ચાહી—એ વધારે ભડકી ઉઠી.

એ રાત્રે પણ એને ઉંઘ ન આવી. માછીની જાળમા પડેલી માછલી જેમ જલને આલિંગન કરવા માટે તડપે છે, બરાબર એવીજ દશા બેગમની હતી. આખોમાં રૂદન ચોકસુ હતુ, નાગિણી જેવી લટો અહીં તહી ઝુની રહી હતી, અગે અગ બેચેન હતુ

ત્રીજે દિવસે—

બેગમ નવાબને ફરી પત્ર લખવા બેઠી

' નવાબ,

મારા દીલનુ દર્દ અત્યત વધી પડયુ છે એની આગળ અન્ય કોઈ દર્દ મને માલુમ જ થતુ નથી કુ મારા બદનમા છુરી ભોકી દઉ—કર્મજ દર્દ થતુ નથી, એક ચરકો માત્ર ઉઠે છે એમા ઔર મજા છે અગર હજુરની સેવામાં જલદી હાજર ન થઈ શકી તો કુ એ ચરકાની મજા લેતી લેતી મારા કલેજાને ફાડી નાખીશ.

—હાતિમા બેગમ. '

પત્ર લખીને એણે હાથમા ધારદાર છરી લીધી અને પોતાની બાથમા ભોકી દીધી માસનો એક ટુકડો નીકળી આવ્યો બાંદીની સાથે પેનો પત્ર અને ટુકડો નવાબની પાસે પહોચી ગયો

વિલાસ અને વાસનાનો સોદો કરતા કરતા નવાબ વાજીદ અલીશાહની વાસ્તવિક પ્રેમની પરખ ચાલી ગઈ હોતી તુરત હાતિમા બેગમને ત્યા એમણે એજ રાત્રે આવવાનો સદેશો કહેવરાવી દીધો.

× × ×

આજ એજ પ્રતિક્ષા હતી

બેગમનો ખડ વિલાસના આયોજનોથી પરિપૂર્ણ હતો, સેન્જમાથી નર્ગિસની તીવ્ર માદક સુગધ ઈદ્રિયોને ઉત્તેજીત કરી રહી હતી બાજુમા જ સુરાહી અને પ્યાલી અને એમા લાલ મદિરા ભાવનાઓને આમત્રિત કરી રહી હતી

આજ બેગમે બહુ દિવસો પછી શૃગાર કર્યો હતો, હાથપગમા મેદી, આખોમાં સુરમો, મોમા પાન અને સેથામા મોતી.

એની આંખો બમણા વેગથી ચમકી રહી હતી દાત હોઠને બળપૂર્વક દબાવી રહ્યા હતા, જરોયી ભરેલા મલમલના જાકીટમા એની છાતી ખળભળાટ કરી રહી હતી અગ નાચી રહ્યા હતા

આગનો અવાજ વધતા જતા તિમિરમાં વિલીન થઈ ગયો, એણે ઉતાવીયુ કર્યું નાવાબનો આવવાનુ કોઈપણ ચિન્હ હજુ સુધી ન દેખાણ

અધકાર વધતો ચાલ્યો આખા દિવસના થાકેલા પખેરૂ પોતપોતાના માળા તરફ વળવા લાગ્યા, આગીઓ મોરેથી પાછા ફરેલા પક્ષીઓને પ્રકાશ દેખાડી રહી હતો, નિષ્ફળ પડેલા મન્યા, પણ બેગમ !

એકાએક બહાર પગલાનો અવાજ સભળાયો, બેગમે ઝડપથી પડદો ખોલી નાખ્યો. જોયુ તો બાદી હતી એ અરજ ઉઠી

' નવાબ કયા છે ? '

' અજેજ ગીરફતાર કરી લઈ ગયા. '

માનવતાનું ખૂન!

[એક પ્રહસન]

શ્રીયુત ગો એમ પી આચર્યર, એમ એ એમની અંગ્રેજી નાટ્યકૃતિ ઉપરથી, સંક્ષિપ્ત અનુકૂળ ગુજરાતી નાટિકા રૂપે રૂપાંતર કરનાર

શ્રી મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઇ બી. એ.

[ગયા અંકથી ચાલુ]

અર્થ આપણે એકબીજાના અભિપ્રાય તો જાણીએ બોનો કેળવણી ! તમારો શો મત છે

કેળવણી જો કે વિજ્ઞાનની અતિ-પ્રવૃત્તિઓ મને બહુ પસંદ નથી. માનસ-પ્રકૃતિ, બુદ્ધિ, સ્મૃતિ, ચારિત્ર્ય વગેરેને લગતી તેની રોજરોજની નવી નવી શોધોથી, મારો આદર અળપાઇ જતો જણાય છે ઇશ્વર, રાજા, રાષ્ટ્ર વગેરેની જુગજુની સંસ્થાઓનું તે ગૌરવ હણે છે પરંતુ તેમ છતાં ' ગુન્હેગાર ' છે એવો અભિપ્રાય હું આપી શકીશ નહિ કારણ જો હું તેમ કરું, તો મને જ સમાજભ્રષ્ટ થવાનો ભય રહે છે વિજ્ઞાનના અંકુશ વિના ધર્મ, જમીનદાર જુનવાણી અને મુસદ્દી લોકો મારો વિપર્યાસ કરી નાખશે એટલે હું તો મધ્યમ માર્ગ પર ચાલીશ અને જણાવીશ કે ' સદર ગુન્હો ના સાબિત છે '

અર્થ ઠીક છે સેવાદેવી અને સમાજદેવી ! આપ બન્નેના અભિપ્રાય જણાવશો કે ?

સેવા ગુન્હેગારો કે પતિતાઓ, સામાન્ય માનવતાનો એક વિભાગ છે—એવા આરોપીના ઉદાર નિર્ણયોએ, મારી સેવાવૃત્તિને ખૂબ વેગ આપ્યો છે અને ભૂલને પાત્ર હોય તેજ સુધરવાને પાત્ર છે માટે હું પણ " ના સાબિત " જણાવું છું

સમાજ સુંદર વિવિધ ખાનપાનની વાનગીઓ, મનોરંજન અને સુખસગવડના સાધનો, વાહનવ્યવહારોની અનુકૂળતાઓ વગેરેનો વિચાર કરતા, ખરેખર આપણે આરોપીના અત્યંત ઋણી છીએ ધર્મ અને જુનવાણીની જડતાભરી હમ્બગ વાતોથી હવે હું ધરાઇ ગયો છું ! જ્વાળામુખી જેવા મુસદ્દી તથા હમેશા ગુન્હા-ગુન્હા ને ગુન્હાની જ વાતો કરનારા ગુન્હા-શોધક અમલદારની આદતો મને પ્રિય નથી. મને જો આરોપીઓ ભરી કોર્ટમાં એક અજાણની જેમ રડી પડીશ એમ ન જણાવ્યું હોત તો હું તેને ' નિર્દોષ ' ઠરાવત. પણ હવે હું મારી બેન સેવાના ' ના સાબિત 'માં સૂર પૂરાવીશ

અર્થ હું પણ આપ સર્વની સાથે સહમત થાઉં છું જો કે આરોપીએ તો મને જગતના સર્વ અનિષ્ટોના મૂળ તરીકે દેખાડવા કોશિષ કરી હતી. છતા પણ, હું જાણું છું કે, બેન્કો, પેઢીઓ અને ભર્યા ભંડારોના હિસાબના પાયામાં રહેલા ગણિતની સદ્ધરતા માટે આરોપીની પ્રશસ્ય જવાબદારી ન હોત તો નાના નાના શરાફો અને વ્યાજ-વટાવના લોભી વ્યાપારીઓએ ભાવોને બહુ ઊંચે ચઢાવી દીધા હોત ચાલો આપણે ' ગુન્હો ના સાબિત 'નો આપણો એકત્ર અભિપ્રાય જાહેર કરીએ

સમાજ પણ બોલ્યો. તમને લાગે છે કે આ ધુવડ, ભોર અને શાહમૃગની ન્યાય બેન્ચ સમત થશે ?

અર્થ આવી અસભદ્ધ ટીકા કરવાની જરૂર નથી, દેવી.

સમાજ , એમા અસભદ્ધ શુ છે ! આ પ્રમુખ તત્ત્વમૂર્તિનુ મુખ દિવેસ પીયેલુ ધુવડ જેવુ નથી જણાતુ ? અને આ સરકારની પ્રતિમાને ખભર છે કે, પીછાનો ગુચ્છ ઉપાડી લો એટલે ભોર કાગડા કરતા ય વધારે કદરૂપો જણાય છે ! વળી સ્વચિતનની રેતીમાં જ પ્રેરણા માટે શાહમૃગની માફક પોતાનુ માથુ ખોસી રાખતી આ પ્રજાદેવીની દશા તો બીજા બે કરતા ય વધુ હસવા જેવી નથી લાગતી ! તેઓ શુ સમતિ આપવાના છે

અર્થ સમાજદેવી ! જેમ આપણે સમત થયાં, તેમ તે ત્રિપુટિ પણ સમત થશે જો કે જીવન સબધી વિચાર વિનિમય કરવામા તેઓ કદિ એકમત થઇ શકયા નથી !

કેળવણી તેમને એ પણ ખબર નથી કે, આપણે આરોપીને બદલે તેઓના સબંધી ચર્ચા કરી રહ્યા છીએ ! આશ્ચર્યના વાત છે કે, સખ્યાબંધ કેસોનો નિકાલ કરનારા આ ન્યાયાધીશો, પોતાના અગત જીવનનો ન્યાય નથી કરી શકતા !

અર્થ ચાલો જલદી ચુકાદો આપી દઇએ એટલે ઘેર જાવા જેવા થવાય !

[જુરીના સભાસદો પોતાનાં સ્થાને બેસે છે]

હારૂન જુરિ પોતાનો મત કોર્ટને જાહેર કરી રહે છે

અર્થ અમે જુરિના સભ્યો સર્વે એકમત થઇને ' ગુન્હો ના સાબિત ' હોવાનુ જાહેર કરીએ છીએ.

[વાવાઝોડા મચ્યુ છે]

ન્યા. તત્ત્વમૂર્તિ આવો તટસ્થ નિર્ણય આપીને જુરીએ ઓછામાં ઓછી જવાબદારી અને જોખમદારીનો માર્ગ લીધો છે કુ પોતે પણ જુરીના વિચારને કેટલેક અશે મળતો થાઉ તેમ છે કારણ આરોપીની પ્રવૃત્તિઓ વિના સરકારશીલ જીવન હોવુ, એ મને અસભવ જેવુ જણાય છે એટલે આરોપીને કોટડીમાં કેદ કરી રાખવો એ યોગ્ય નથી. પરતુ ભવિષ્યની દૃષ્ટિએ મને દહેશત રહે છે કે જો તે નિરકુશપણે અમર્યાદ બની જશે તો, તેના વિરુદ્ધ સરક્ષણનો મુદ્દો ચર્ચાવવો પડશે.

[સભામા]

ન્યા સરકારમૂર્તિ કુ માનુ છુ કે, આરોપીના આગમન ઇ સ. ૪૦૦ પૂર્વે પણ સરકારી જીવન બેઠેલુ, દા. ત. પીરામીડના વખતમાં બેબીલોનીઅન અને ગ્રેકીઅન સસ્કૃતિ હતી. હજારો વર્ષો પહેલાંની મોહેન્જોદરોની ભારતવાસીઓની તથા ચીનની સસ્કૃતિ અને આજે પણ બૌદ્ધ કાલીન સસ્કૃતિ કયા નથી !

સ્વાદિષ્ટ અને લહુજતદાર
મઠીયા - પાપડ
ખરીદો.
પરસનભાઇ મથારામ વી. ઠક્કર
લિ૬ખાળ–અમદાવાદી પોળ, વડોદરા.

ન્યા. તત્ત્વમૂર્તિ ન્યાયમૂર્તિ બધુ ! હું ભૂતકાળની નહી પણ ભવિષ્યની વાત કરતો હતો.

ન્યા. સરકારમૂર્તિ ઓહ, ભવિષ્યની ! તો તેમા હુ સમત છુ એક સરકારી માનવ પોતાનો સરકાર દર્શાવ્યા સિવાય જગલીપણામાથી મુકત થઇ શકતો નથી અને આરોપીએ પોતાની પ્રવૃત્તિઓ આદરી ત્યાર પછી, જગત કાઇ એનુ એ રહી શકે નહિ. ઘણીવાર હુ મારી જાતને પ્રશ્ન પૂછુ છુ કે વિજ્ઞાન પાસે શુ સરકાર છે ? અને તેણે શા માટે જીવવુ જોઇએ ? પણ બીજી જ પળે બીજો જ વિચાર આવે છે કે મુસલ્લી પાસે પણ શુ સરકાર ધન છે ? તેણે શા માટે જીવવુ જોઇએ ? ' એટલે આ જ્યુરીએ જણાવેલા અભિપ્રાય પ્રમાણે 'ના સાબિત' હોવાનો ચૂકાદો આપવો, એમા જ સભ્યતા જણાય છે

ન્યા. તત્ત્વમૂર્તિ પ્રજ્ઞાદેવી ! આપનો શો મત છે ?

ન્યા પ્રજ્ઞામૂર્તિ મને એનુ અકથ્ય ભાન થાય છે કે, આરોપીની પ્રવૃત્તિઓનો શુભ અત આવશે. જો કે, આરોપી પ્રેરણા–પ્રજ્ઞા વિષે બિલકુલ માનતા નથી, પણ પ્રેરણાને સ્થાને હલકી–જુદી જ વૃત્તિને સન્માને છે તો પણ, ' નાસાબિત 'નો નિર્ણય મારા મતે યોગ્ય છે

ન્યા તત્ત્વમૂર્તિ (બેન્ચનો ચુકાદો સભળાવે છે) અમે જ્યુરીના નિર્ણયનો સ્વીકાર કરીએ છીએ, અને આરોપીને છોડી મૂકીએ છીએ પરતુ સાથે સાથે યોગ્ય પુરાવા મળે, આરોપી વિરૂદ્ધ સબળા મતિનો મુકદમો લાવવાની સરકારને પરવાનગી આપીએ છીએ પણ તે મુકદમામા, આ જ સરકારી વકીલ, આજ બચાવ પક્ષનો વકીલ અને અત્રે રજુ થયેલ એના એજ સાક્ષીઓ ફરીથી માન્ય કરવામા આવશે નહિ.

[વિજ્ઞાનને મુકત કરવામાં આવે છે અદાલત ઉઠે છે પડદો પડે છે]

(સપૂર્ણ)

જીવન એ મારા પ્રકાશના (રગબેરગી ઠીબડો ફેલાવનાર) કાચ છે અને મૃત્યુ એ મારો વદનનો પડછાયો છે

(સરોજનિદેવીના એક કાવ્યમાંથી)

વીરાને પત્ર

આજ બ્હેની બા કહાવતા રે વીરા આવજો બ્હેલા,
સાથે માતાજીને લાવજો રે વીરા હર્ષ ભરેલા,
પીયર પનોતા સાભરે રે ભાભી ભાવ ભરેલા,
વાટડી આજ નિહાળતા રે હશે બ્હેનડ ઘેલા

આતુર આંખ વિલોકતા રે બાપુ વાટડી જોતી,
આજ બ્હેની બા આવશે રે એમ સહિયરૂ કે'તા;
આજ મધુર મુખ સોણલા રે કઈ મનડે આવે,
આજ ઉછરંગ અતિ ઘણો રે સખી સ્નેહે વધાવે

સાસુ સોહાગણ કહાવતા રે સસરો ભાવ ભરેલા,
કુળ વધારણ તેડવા રે તમે આવજો બ્હેલા,
આજ ઉરે અજવાળીયા રે મુખે મરહલડા દીસે,
ધીરે ધીરે જાઈ ચાલતા રે ચરણા પદમણી દીસે

રત્નજડિત શીર મોડીયો રે માથે આજ ધરેલો,
ધારીયો હોશથી માથડે રે જનની ભાવ ભરેલો,
ખોળી શ્રીફળે ખતથી રે આજ સાસુ ભરેલો,
રહેજો અખંડ જો ખોળલો રે સહા આમ ભરેલો

નણદલ નેહથી રાખડી રે રૂડી બાધતા આજે,
કેય ગુથી આજ આપતા રે મોધા મુલના સાજે;
જેઠાણી દેરાણી હોશથી રે સેથે સિંદુર પુરે,
આશિષ ઉરથી આપતા રે એના ઉછળતા ઉરે.

આવો રૂડો અવસર આવીયો રે વીરા આવજો બ્હેલા,
રાજ તણી રીતે લાવજો રે કઈ અજબ અમુલા;
આજ દિવસ રળીયામણો રે મારા ભાભીને કહેજો,
નાની નણદની વાતડી રે ભાભી ઉરમા લેજો

શ્રી મોરારજી લાલજી ઓઝા

અમેરિકાની મહિલાઓએ સાધેલી પ્રગતિ

શ્રી. ફ્રેડા એસ. મીલર

અમેરિકન નારીનું સૌથી વિશેષ આગળ તરી આવતું લક્ષણ એની સ્વતંત્રતા કદાચ હશે અમેરીકાની મહિલા એના દેશ બાંધવોની માફક જ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાથી પસાર થાય છે સખ્યાબધ વિદ્યાલયોમાથી પસદગી કરવાનો એને અવકાશ છે રમતગમતોમા તે ભાગ લે છે ઓદ્દાઓ સંભાલી શકે છે અને મજદૂર મહાજનોમા સામેલ થઇ શકે છે, સ્વતંત્ર ધધો પણ ચલાવી શકે છે, પુરૂષોના જેટલા જ જેવા જ ધોરણે મત આપી શકે છે ને જાહેર ઓદ્દા માટે ઉમેદવારી કરે છે

આનો એવો અર્થ નથી થતો કે અમેરિકાના યુક્ત રાજ્યો મહિલાઓ માટે એક આદર્શ સૃષ્ટિ છે રીત રિવાજે દરેક સ્થળે કાયદા સાથે સરખા કદમ ચલાવ્યા નથી. અમેરિકાની નારીની ખુદની સમસ્યાઓ એમના પ્રોબ્લ એમની આતર વ્યથાઓ દરેક સ્ત્રી અને પુરૂષોને હોય તેવા જ છે છતા પણ એમ કહેવુ જોઈએ કે ૭૫ થી ઓછા વર્ષ દરમ્યાન અમેરિકાના યુક્ત રાજ્યો એક રાષ્ટ્ર બન્યા છે, ત્યારે દુર દેશી સ્ત્રી અને પુરૂષોના પ્રમાણિક પ્રયાસોને પરિણામે, અને પોતાના અને સમાજના શ્રેયની જવાબદારી અદા કરકરવામા મહિલાઓના અધિકાર અને કર્તવ્યની તરફેણમા જાહેર પ્રજામતાના ઝોકને પરિણામે અમેરીકાની નારીએ જાહેર જીવનમા હિલચાલની અને જવાબદારીની મહાન સ્વાતંત્રતા મેળવી છે

અમેરીકાના યુક્ત રાજ્યોમા અધોથી વધુ મતદારો મહિલાઓ, પણ સામાજીક રીત રિવાજો કાયદા કાનુનો સાથે કદમ સાચવી શકયા નથી, વધુમતિ મતદારો મહિલાઓ છે છતા અમેરીકાની રાષ્ટ્રિય કોંગ્રેસમા ૫૦ થી વધુ મહિલાઓએ સેવા અર્પી છે અગ ભૂત રાજ્યોના ગવર્નરના ઓદ્દા શોભાવી ચુકી છે એક અમેરીકાના પ્રમુખના પ્રધાન મડળની સભ્ય બની ચુકી છે આઠ મહિલાઓ અત્યારે પ્રતિનિધિ સભામા, અને એક સેનેટમા સભ્ય તરીકે બીરાજે છે

બાળવયમા, અમેરિકી બાળા એમના ભાઇઓ જેટલી જ સ્વતંત્ર લગભગ અનુભવે છે એક બાળાને રાધણ અને શીવણના વર્ગો હોય છે, અને એમના ભાઇઓને સુથાર લુહાર કામના વર્ગો હોય છે, (જો કે ચોગ્ય જણાય તો એમા ફેરફાર એ કરી શકે છે) એટલા નજીવા અપવાદ સિવાય, મહત શિક્ષણ શાળાઓમાં, કુમારોને કુમારીકાઓ માટે એક જ વર્ગો હોય છે કુમાર ને કુમારીકાઓ એક જ જાતની ધણીખરી રમતો રમે છે તેઓ તરે છે, બરફ પર લસરે છે કે કુદે છે બેઈઝ બોલ, ટેનીસ, ગોલ્ફ રમે છે હોડકા ચલાવે છે, પર્વતને ખેડે છે અને તબુઓમા ખુલ્લામા રહે છે, બોયઝ સ્કાઉટ અને ગર્લ્સ સ્કાઉટ તેમજ યંગમેન્સ ક્રીશ્ચીઅન એસોસી એશન અને યંગમેન્સ ક્રીશ્ચીઅન એસોસી એશન જેવી અલગ સસ્થાઓ એમના તરફથી સ્થાપવામા આવે છે

કુમાર અને કુમારીકા, યુવક યુવતી સંગીતમા ભાગીદારી કરે છે એક જ સંગીત સંસ્થાના એ સભ્ય હોય છે, શાળાના જુથોમાં અને સંગીત મંડળીઓમા એક સાથે કામ કરે છે

ઉચ્ચ શિક્ષણ સંસ્થામાથી પસાર થયા

પછી અમેરિકી યુવતી સહશિક્ષણની કૉલેજ અથવા વિદ્યાપીઠમાં દાખલ થઈ શકે છે હજી પણ અલ્પ સંખ્યામાં તખ્તીબી અને કાપડા શિક્ષણની શાળાઓ મહિલાઓને દાખલ કરતી નથી. જ્યારે બીજી તરફ સંખ્યાબંધ ઉત્તમ કૉલેજો છે, જે માત્ર મહિલાઓ માટે જ છે, એક મહિલા અધ્યાપન રસાયણ, જીવશાસ્ત્ર ઇજનેરી, ખગોળ પદાર્થ વિજ્ઞાન, સંગીત, હિસાબનીશના અથવા તો પસંદગીના બીજા કોઈપણ ક્ષેત્રમાં જીવનની કારકીર્દી શોધી શકે છે અને જો કે આ દરેક ક્ષેત્રમાં સામાજીક રીતરીવાજોને પરીણામે, સમાન ભૂમિકા ઉપર પુરૂષો સાથે હરીફાઈ કરી શકે નહી છતાં પણ આ ક્ષેત્રમાં સંખ્યાબંધ અમેરીકી મહિલાઓએ નામના મેળવી છે પ્રતીવર્ષ વધુને વધુ સંખ્યામાં મહીલાઓ આ ક્ષેત્રમાં દાખલ થઈ રહી છે

અમેરીકાના યુક્ત રાજ્યોની અંદર મહીલા સ્નાતકોનુ પ્રમાણ, પુરૂષ સ્નાતકો કરતા કંઈક વધારે જ રહ્યુ છે બીજી તરફ કૉલેજોમાં સ્નાતક બનારાઓમાં સ્ત્રીઓ કરતા પુરૂષોનુ પ્રમાણ ઉંચુ રહ્યું છે પરંતુ સ ૧૯૦૦ માં, જ્યારે કૉલેજ સ્નાતકોમાની એક મહીલાનુ પ્રમાણ હતુ ત્યારે ૪ સ. ૧૯૪૦ માં, એ પ્રમાણ વધીને ૪ર પાચમાથી મહીલા જેટલુ એ થયુ છે

રમતગમતોમાં પણ અમેરીકી પુરૂષો અને મહીલાઓના આનંદના ક્ષેત્રો સર્વ સામાન્ય છે અમેરીકી નારી માટે પુરૂષની માનવૃત્તિ મેળવવામાં, રમતગમતના ક્ષેત્રોમાં મહીલાઓની સર્વ વ્યાપક કુશળતા, વિશેષ હાલો આપ્યો છે માત્ર કેટલીક સખ્ત અંગ પરિશ્રમ મામતી રમતોમાં પુરૂષો જેટલા જ પ્રમાણમાં મહિલાઓ ભાગ લેતી નથી. ઉંગણીસ ખાડી તરી જનાર પ્રથમ મહિલા અમેરિકાની વતની (જન્મેલ) હતી જેણે એ પહેલાંની પુરૂષોની સર્વે સિદ્ધિઓ તોડી છે, અને મહિલાઓની સિદ્ધિ હજી અતુટ એ સાચવી રાખી છે અમેરિકાની ધંધાદારી ખેલાડીઓના જુથો પુરૂષ ખેલાડીઓના છે તે કરતા ઓછા છે, છતા મહિલાઓના ધંધાદારી સોફ્ટબોલ ખેલાડીના બે લીગ-મંડળો છે કેટલીકવાર પુરૂષો અને મહિલાઓના ખેલાડી જુથ એક બીજા સામે હરિફાઈમા ઉતરે છે

અમેરિકાની નારીનો મોટો ભાગ મોટરો હાંકી જાણે છે સંખ્યાબંધ યુવક અને યુવતીઓ ૧૬ વર્ષની વયે, મોટર હાંકવાનો પરવાનો મેળવે છે અમેરિકા મોટર મંડળ જેના કરેલા આંકડાઓ બતાવે છે કે વિશાળ રાજ્યમાર્ગો ઉપર પુરૂષો કરતા સ્ત્રીઓ મોટર હાંકનાર વધુ સલામત છે, અને બહુ અલ્પ સંખ્યામાં પ્રાણઘાતક અકસ્માતોમાં સંડોવાય છે અમેરિકાના યુક્ત રાજ્યોના લશ્કરને સ્ત્રી ડ્રાઈવરોની કદા કોમેસિયતમાં એટલી શ્રદ્ધા છે કે લશ્કરી સ્વયં સેવિકા સંઘના સભ્યોને છેલ્લા મહાયુદ્ધ દરમ્યાન જનરલ ડવાઈટ ડી આઈઝનહોવર સુદ્ધા ઉચ્ચ દરજ્જાના અધિકારીઓના શોફરો તરીકે નીમવામાં આવ્યા હતા.

વિધિપુર્વકનો વિદ્યાર્થીકાળ સમાપ્ત કર્યા પછી અમેરિકાની યુવતી સામાન્યત સ્વાવલંબી બનવાની ઇચ્છા રાખે છે, એના માતપિતા એને નભાવવા જેટલા સાધન સંપન્ન હોવા છતા બહુ જ ઓછી સંખ્યા, શાળામાથી પ્રભુતામા સીધા પગલાં માંડે છે; શાળાની અભ્યાસ સમાપ્તિ પછીનો કામ ધંધાનો આ સમય અમેરિકાના જીવન પ્રકારનુ એક અંગ બની રહ્યો છે

અમેરિકાના યુક્ત રાજ્યોમાં સરેરાશ ઓ લગ્ન કરે છે, ત્યારે ૨૧ થી ૨૨ વર્ષની હોય છે એનો પતિ ઉંમરમાં એનાથી ત્રણ

અમેરિકાની મહિલાઓએ સાધેલી પ્રગતિ

શ્રી. ફેલા એસ. મીલર

અમેરિકન નારીનુ સૌથી વિશેષ આગળ તરી આવતુ લક્ષણ એની સ્વતંત્રતા કદાચ હશે. અમેરીકાની મહિલા એના દેશ બાંધવોની માફક જ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાથી પસાર થાય છે સંખ્યાબધ વિદ્યાલયોમાથી પસદગી કરવાનો એને અવકાશ છે રમતગમતોમા તે ભાગ લે છે ઓદ્દાઓ સંભાલી શકે છે અને મજદૂર મહાજનોમા સામેલ થઇ શકે છે, સ્વતંત્ર ધધો પણ ચલાવી શકે છે, પુરૂષોના જેટલા જ જેવા જ ધોરણે મત આપી શકે છે ને જાહેર ઓદ્દા માટે ઉમેદવારી શકે છે

આનો એવો અર્થ નથી થતો કે અમેરિકાના યુક્ત રાજ્યો મહિલાઓ માટે એક આદર્શ સૃષ્ટિ છે રીત રિવાજે દરેક સ્થળે કાયદા સાથે સરખા કદમ ચલાવ્યા નથી અમેરિકાની નારીની ખુદની સમસ્યાઓ એમના પ્રોબ્લ એમની આતર વ્યથાઓ દરેક સ્ત્રી અને પુરૂષોને હોય તેવા જ છે છતા પણ એમ કહેવુ જોઇએ કે ૧૭૫ થી ઓછા વર્ષ દરમ્યાન અમેરિકાના યુક્ત રાજ્યો એક રાષ્ટ્ર બન્યા છે, ત્યારે દુર દેશી સ્ત્રી અને પુરૂષોના પ્રમાણિક પ્રયાસોને પરિણામે, અને પોતાના અને સમાજના પ્રત્યે જવાબદારી અદા કરવામા મહિલાઓના અધિકાર અને કર્તવ્યની તરફેણમા જાહેર પ્રજામતાના ઝોકને પરિણામે અમેરીકાની નારીએ જાહેર જીવનમા હિસ્સાલની અને જવાબદારીની મહાન સ્વાતંત્રતા મેળવી છે

અમેરીકાના યુક્ત રાજ્યોમા અર્ધોથી વધુ મતદારો મહિલાઓ, પણ સામાજીક રીત રિવાજો કાયદા કાનુનો સાથે કદમ સાચવી શકયા નથી, વધુમતિ મતદારો મહિલાઓ છે છતા અમેરીકાની રાષ્ટ્રિય કોંગ્રેસમા ૫૦ થી વધુ મહિલાઓએ સેવા અર્પી છે અગ ભૂત રાજ્યોના ગવર્નરના ઓદ્દા શોભાવી ચુકી છે એક અમેરીકાના પ્રમુખના પ્રધાન મડળની સભ્ય બની ચુકી છે આઠ મહિલાઓ અત્યારે પ્રતિનિધિ સભામાં, અને એક સેનેટમા સભ્ય તરીકે બીરાજે છે

બાળવયમા, અમેરિકી બાળા એમના ભાઇઓ જેટલી જ સ્વતંત્ર લગભગ અનુભવે છે એક બાળાને રાખણ અને શીવણના વર્ગો હોય છે, અને એમના ભાઇઓને સુથાર લુહાર કામના વર્ગો હોય છે, (જો કે પોસ્ટ જંજાલ તો એમા ફેરફાર એ કરી શકે છે) એટલા નજીવા અપવાદ સિવાય, મફત શિક્ષણ શાળાઓમાં, કુમારોને કુમારીકાઓ માટે એક જ વર્ગો હોય છે કુમાર ને કુમારીકાઓ એક જ જાતની ધણીખરી રમતો રમે છે તેઓ તરે છે, બરફ પર લસરે છે કે કુદે છે બેઈઝ બોલ, ટેનીસ, ગોલ્ફ રમે છે હોડકા ચલાવે છે, પર્વતને નીકળે છે અને તબુઓમાં ખુલ્લામા રહે છે, બોયઝ સ્કાઉટ અને ગર્લ્સ સ્કાઉટ તેમજ યંગમેન્સ ક્રીશ્ચીઅન એસોસી એશન અને યંગવુમન્સ ક્રીશ્ચીઅન એસોસી એશન જેવી અલગ સસ્થાઓ એમના તરફથી સ્થાપવામા આવે છે

કુમાર અને કુમારીકા, યુવક યુવતી સંગીતમા ભાગીદારી કરે છે એક જ સંગીત સસ્થાના એ સભ્ય હોય છે, શાળાના જુથોમાં અને સંગીત મડળીઓમા એક સાથે કામ કરે છે

ઉચ્ચ શિક્ષણ સસ્થામાથી પસાર થયા

અમેરિકાના યુક્ત રાજ્યોની અંદર નોકરી ધંધામાં મહિલાઓની ભરતી સ્વાભાવિક વધતી રહી છે ઈ સ ૧૯૪૭ ના ઓક્ટોબરમાં યુદ્ધી મજદુર દળમા કામદારોની સંખ્યા લગભગ ૨૮ લાખ એટલે કે કુલ કામદારોના ૨૯ ટકા જેટલી હતી ખેડારોની સંખ્યા માત્ર ૩ ટકા જેટલી જ હતી. એમાથી ૪ લાખ જેટલી મહિલાઓ નોકર તરીકેનુ કામ કાજ કરતી હતી ૩ લાખ મહિલા ખાસ કરીને તૈયાર માલ ઉત્પન્ન કરતા કારખાનાઓમાં, મજદુર તરીકે ભરતી થઈ હતી જ્યારે ૨ લાખથી કંઈક ઓછી સ્ત્રીઓ ઘરકામ સિવાયની નોકરીઓમાં રોકાયલી હતી, ૧ લાખથી વધુ નારીઓ સ્વતંત્ર અને અર્ધ ધંધામાં જોડાઈ હતી. અને લગભગ એટલીજ સંખ્યા ખેતી કામમાં પડેલા મહિલા કામદારોની હતી

રીપોર્ટીંગ અને પ્રકાશનની દુનિયામાં મહિલાઓનુ અગત્યનો પાઠ ભજવે છે ઈ સ. ૧૯૪૦ સાલની વસતી ગણતરી અનુસાર, પ્રંતોની અંદર અધિપતિઓ અને રીપોર્ટરોનો ચોથો ભાગ સ્ત્રીઓનો હતો. યુદ્ધ દરમ્યાન આ પ્રમાણમા ઘણો મોટો ઉછાળો આવ્યો હતો. પણ લશ્કરી સેવા પરથી પુરુષો પાછા ફરતા મુળ પ્રમાણ પાછુ સ્થિર બની ગયુ છે અમેરિકા યુક્ત રાજ્યોના રેડીઓ બ્રોડ કાસ્ટીંગ ક્ષેત્રમા લગભગ ૧,૫૦૦ મહિલા કામ કર છે અને એ સંખ્યા ધીમે ધીમે વધી છે કારણ કે છેલ્લા બે વર્ષ દરમ્યાન અમેરીકાના યુક્ત રાજ્યોમા રેડીઓ સ્ટેશનોની સંખ્યા બે ગણી થઈ છે, બ્રોડ કાસ્ટીંગના ક્ષેત્રમા મહિલાઓનુ પ્રમાણ ટેલીવિઝનના વિકાસ સાથે વધુ વધતાનો ક્રમ રહે છે

અનેક મહિલાઓ અમેરિકાના યુક્ત રાજ્યોની અંદર પોતાના વિમાન પોતે હંકારે છે

ઉપર જણાવેલા વર્ગ કરતા સંખ્યાની દ્રષ્ટિએ ભાગ્યેજ વધુ સુચક છતાં પ્રણાલિકાના વિરોધ સામે સિદ્ધિ તરિકે વધુ અગત્યની ઘટના મહિલા પાદરીઓની છે, જેની સંખ્યા ઈ સ. ૧૯૪૦ મા ૩૩૦ જેટલી હતી.

અમેરિકાના યુક્ત રાજ્યોના નારી સમાજે યુદ્ધ સંચાલનમા મહત્વનો ભાગ ભજવ્યો હતો. લગભગ ૬,૦૦,૦૦૦ જેટલી મહિલા ઓએ લશ્કર, નૌકાદળ, બંદરી દળ અને કિનારા રક્ષક દળ સાથે અમેરિકાના યુક્ત રાજ્યોમા અને દરિયાપાર કામ કર્યું હતુ મહિલા તબીબો અને નર્સોને સશસ્ત્ર દળોમા અફસરો બનાવવામા આવ્યા હતા કારખાનાઓમા કામ કરતા આ મજદુરોની સંખ્યા ઈ સ ૧૯૩૯ ના ઓક્ટોબરમા ૨,૨૬,૮૦૦૦ જેટલી હતી તે વધીને ઈ સ ૧૯૪૩ ના ઓક્ટોબરમાં ૪,૭૬,૦૦૦ જેટલી થઈ હતી.

પતિઓ યુદ્ધ મોરચા પર ગયા ત્યારે કુટુંબનો બધો મહિલાઓએ સભાળી લીધો ટ્રેક્ટરો ચલાવ્યા, અને ખેતરો સભાળ્યા. ઘણી મહિલાઓએ કંડકટરો તરીકે તેમજ રેલ્વેઓ પર અનામત કુ તરીકે કામ કર્યું કેટલીક મહિલાઓએ ટેક્ષી મોટરકારો અને બસો પણ ચલાવી

મહિલા જીવન

સૌ. સરસ્વતી એન. મહેતા

ભારત માતાની પુત્રીઓ પહેલા કેવુ જીવન જીવતી અને અત્યારે કેવુ જીવન જીવે છે ? એ જાણવા ઇચ્છતી બહેનો આ લેખ વાચવાની તસ્દી લે આ લેખમાં કાઇ અરૂચીકર લાગે તો તે માટે બહેનો મ્હને માફ કરશે જેમ જ્વરને નાબુદ કરવા ક્વાયદાન દેવાની જરૂર પડે છે તેમ આપની બહેનોના જીવનમાં જડ નાખી બેઠેલા અસાધ્ય માનસિક રોગો અને બહેમોને દફનાવવા એવા શબ્દ પ્રયોગો કરવાની જરૂર પડી છે એમ માની આવતા કટુ સબ્દો ને ક્ષતવ્ય ગણવા સવિનય પ્રાર્યુ છુ

ભારતીય બહેનો પતિવ્રતના પ્રભાવે કેટલી દેદિપ્યમાન હતી ? અને સતિત્વના બળે કેવુ ધારે તે કરી શકવા સમર્થ હતી ? તે ધારતી તો મહાપુરૂષોને ૭ મહિનાના બાળકો બનાવી શકતી પૂર્વાકાશે ઉદય પામતા સૂર્યને ઉગતા-અટકાવી શકતી આંખોમાથી આગની જ્વાળા પ્રગટાવી શિકારીને બાળીને ભસ્મ કરી શકતી અને મૃતપતિને જીવન અપાવી શકતી. પુરૂષ સમોવડી થવા રપધો કરતી આજની બહેનોમા અત્યારે છે આવી શક્તિ ? હોય તો બનાવો. અને ન હોય નષ્ટ થવાનુ કારણ શુ ? પૂર્વ કાળમાં ધાર્યુ કરી શકવા સામર્થ્ય ધરાવતી બહેનો પુરૂ સમોવડી થવાનો કદી દાવો કરતી એવુ જોયુ જાણ્યુ કે વાચ્યુ નથી

આર્ય સન્નારી પુરૂષ સમોવડી થવાનો દાવો કદી ન કરે એ જ તેને શોભારૂપ છે નારીમાથી તે નારાયણી થવા ધારે તો થઇ શકે છે. પરતુ આજકાલ છાપામા આવે છે એ રીતની નારાયણી નહીં એ માટે વૈદિક કર્મ કરવાની જરૂર છે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વર્તવાની આવસ્યકતા છે શાસ્ત્રોકત કર્મ કેવી રીતે કરવા અને કયા કર્મ કરવા જોઇએ ? તે વિષે જરા વિચારીએ

લખ ચોરાસીના ફેરા ફરતા- અતે નારાયણ કે નારાયણી બનવાની તક જન્મ-નિયતા એક વખત સૌને નર અને નારી રૂપે આપે છે પરતુ નર કે નારીનો પ્રાપ્ત થયેલ અવતાર સમજવાની તક વૃથા ન ગુમાવતા એ અમૂલ્ય તકનો સદ્ ઉપયોગ કરવાનુ અત્યારે કોઈ બહેનોને સુઝે છે ? પુરૂષ સમોવડી થવા સેવતા સ્વપ્નોનો ત્યાગ કરી નારાયણી બનવા ઘટતા ઉપાયો યોજવાનો જરૂર છે

અહંકાર અને સ્વાર્થ વશ કેવુ બની જવાય છે ? " હ્મારૂ ત્હારૂ " કરી, કલહ કરવાનુ, પડોસી સાથે એક સામાન્ય બાબતમા ઝગડવાનુ કેમ ગમે છે ? નારી માથી નારાયણી થવાના કે પુરૂષ- સમોવડી થવાના આ કાઇ ઓછા જ લક્ષણો છે ? નારીમાથી નારાયણી થવા માટે અહંભાવ, સ્વાર્થ મોહમાયા, કલહ, કંકાસ અને બરાબ હલકી મનોભાવનાનો ત્યાગ કરવાની આવસ્યકતા છે એ સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય તેવુ છે અને પુરૂષ સમોવડી થવાનો તો અવકાશ તેમા નથી

સ સારની આધી વ્યાધી અને ઉપાધી બ્હોરી પોતાના માની લીધેલા સુખને પણ હણનાર બહેનો ભારતવર્ષમા ઓછી નથી ઘરે ઘરે એવી બહેનો મળી આવશે દરેક માયિક પદાર્થ ધ્રુવાડાના બાચકા જેવા છે અર્થાત મૃગજળ સમાન છે મૃગ ઝાઝવાના જળને સાચુ જળ કલ્પી તરસ છીપાવવા તેની પાછળ દોડીને કના થાય છે અને તરસ છીપાવી શકાતી નથી એ રીતે-સ સારના

વિષયોક્ત સુખમા રચ્યા પચ્યા રહેનાર કદી પણ પોતાની વૃત્તિ સંતોષી શકે તેમ નથી. વધારે ને વધારે એ તૃષ્ણા વધતી જાય છે એટલે અનિત્ય સુખને માત્ર કલ્પિત માની શાશ્વત સુખ સંપાદન કરવા પ્રયાસ કરવાની જરૂર છે

નાશવંત વસ્તુનો મોહ છોડી જે નિત્ય વસ્તુ છે તેને મેળવવા કોઈ બહેનો શા માટે પ્રયત્ન કરતી નથી ? એ જ મ્હારો સૌ બહેનોને પ્રશ્ન છે શાશ્વત સુખ મેળવવા કામ ક્રોધને તિલાંજલી આપવી જોઇશે, ઇર્ષા અદેખાઈ અસૂયા, નિંદા દીકા, કુથલીને ત્યાગી અભિમાન અને સ્વાર્થવૃત્તિને ઉઠી બાઇઓ કેટલી દયા, દીનતા, ધીરજ, શાન્તિ, સહનશીલતા વિગેરે ગુણો કેળવવા પડશે બાહ્ય બગીચા, બંગલા ધન સત્તા અને મોટાઇનો ત્યાગ કરવો જોઇશે. મિષ્ટાન, ઘરસાણ, અને અન્ય-પકવાનો તથા માદક પીણાનો ત્યાગ કરી સાદા સાત્વિક અને સુપ્ય, ખાણા પીણા લેવા પડશે. રેશમી ઉંચી જાતના ઝીણા મુલ્યા વસ્ત્રોને છોડી તેને કેકાણે સાદા પણ સ્વચ્છ કપડા પરિધાન કરવા પડશે. આંખ, કાન, નાસિકા, ઇન્દ્રિયો, વિગેરે ઇન્દ્રિયો અને મન શરીર, તથા વિચારો પર સંયમ કેળવવાની જરૂર રહેશે. પોતાની મતી પ્રજ્ઞાથી પર રહેવું પડશે

કારણને રક્ષણ સારી અપનારતા એ વૈદ્ય કામ ઇન્દ્રિયો લાભકારી ધન કમાવા કરનારી કોતી જરૂરી છે સારાં કામો કરતા પણ દીકા કરે કારણ કે સમાજ તો દોષદર્શી જ આપે દીકા કરે મારે અને તેમ પણ દીકા કરે મારે તેમાં મન ન રાખતા જે કાર્યથી આપણે મેલ થાય તે અવશ્ય કરવું, તેમજ જે કાર્ય કરવાથી બીજાનું હિત થતું હોય તો તે કામ અવશ્ય જોતું કરવું, અસ્તુ

ત્યા સુધી અને ત્યા સુધી પતિ સેવામા

બરાબર ધ્યાન આપવું જોઇએ દરેક બહેનોએ પતિને પ્રભુ તુલ્ય ગણી તેમની શુદ્ધ ભાવે સેવા કરવી, અને પતિની આજ્ઞાને પ્રભુની આજ્ઞા તુલ્ય માની તેનું બરાબર પાલન કરવા તત્પર રહેવું એ દરેક પતિવ્રતા બહેનોનો મુખ્ય ધર્મ છે કદાચ પતિનું વર્તન બરાબર હોય તો સેવા કરતી વખતે વિનય સાથે તેમનું એ વર્તન સુધારવા પ્રયાસ કરવો એ બહેનોની ફરજ છે એક દિવસ એવા પતિ પણ હૃદયના પસ્તાવ સાથે પોતાનું વર્તન અવશ્ય સુધારશે એમાં કોઇપણ જાતની શંકા નથી

પતિમા પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ, તથા દરેક રીતે તેમનું મન પ્રસન્ન રાખવાથી તેમજ તેમની આજ્ઞાનુસાર વર્તવાથી પોતાની એની સદ્‌ગુણગ્રાહકતા અને સહનશીલતાને અંગે સ્વામી અર્થાત સકળ જગતના સ્વામિ પણ તમારી પતિભક્તિથી તમને વશ રહેશે બહા, વિષ્ણુ અને મહેશ પતિવ્રતા સતિને વશ થયાનું આપણા ધર્મશાસ્ત્રો આપણને કહે છે પતિવ્રતા સતિને સાક્ષાત પરમાત્મા એને સહાયરૂપે વશ રહે છે તો પછી તેની સેવા અને શુદ્ધ પ્રેમને વશ પતિદેવ રહે તેમા નવાઇ જ શું ?

આજની બહેનોનું જીવન આથી ઉલટું છે નારીમાથી નારાયણી, ઉપરની રીત ભાત પ્રમાણે શાસ્ત્રાજ્ઞા મુજબ વર્તવાથી થઇ શકાય છે પુરૂષ સમોવડીનો નાદ છોડી નારાયણી, સાક્ષાત નારાયણી જેવા થવાનું દરોજ સુશીલ બહેન પસંદ કરશે. પરંતુ એ પુરૂષના અંગોમા પણ જ્યા સામ્ય જણાતુ નથી, સ્ત્રીની માફક પુરૂષો પુત્ર પુત્રીને જન્મ આપી શકતા નથી, ત્યાં પુરૂષોની સરસાઈ કરવા પુરૂષ સમોવડી થવાનો દાવો કરવો એ તો નાસિક વાનો સિતાર બીજુ શું છે ?

[અનુસંધાન પૃષ્ઠ ૫૦]

દોષ કોનો ?

શ્રી ગજેન્દ્ર ક. મહેતા

કિનારે ઉભેલી હોડીમા તો સહુથી પહેલી પ્રતિમા કૂદીને ચઢી ગઇ હાથનો ટેકો આપીને દેવેન્દ્રે જ્યોત્સ્નાને ચઢાવી ને એ ત્રણે જણ કુદરતની રમ્ય બક્ષીસ સમી સરિતાની યાત્રાએ સંચર્યા.

પ્રતિમાને અડી જ્યોત્સ્ના બેસી ગઈ એને થાક લાગ્યો હતો માંદગીને પરિણામે એનો અશક્ત દેહ લગાર શ્રમ લેતા હાંફી જતો હતો. અત્યારની નાનેરી મજલ માત્રે એને શ્વાસ લેવો પણ કઠણ બન્યો હતો.

દેવેન્દ્ર એ બન્ને જણાની સામે ગોઠવાયો. એણે જ્યોત્સ્ના તરફ ભાળ્યું પત્નીની કરૂણ દશાએ એનું પતિ હૈયું પણ હાંફી ઉઠ્યું અરેરાટ, માંદગીને પરિણામે પત્નીનો દેહ દયાજનક થઇ ગયો હતો. સાધનસંપન્ન ધનિક પતિ, પત્ની માટે સઘળું કરી ચૂકયો હતો.

ડોકટરની હવાફેરની સૂચનાએ એ આ રમ્ય દેખાતા પ્રકૃતિથી લચી ઉઠતા સૌંદર્ય કુમકુમ સમા પ્રદેશમા આવ્યો હતો આવ્યે ચાર દિવસ થયા હતા રોજની ઉદાશીન કૃપ દેખાતી પત્નીમા ગત્ આનંદ કાંઇક અંશે ફરી જોગો થતા માંડયો હતો.

પત્નીને હવે ધીમે ધીમે આરામ થતો જોઇ દેવેન્દ્ર ખુશ થતો પત્નીના પડતા ચોઘડને ઝીલી લેતો એ પતિ, પત્નીની ઇચ્છાથી બે દિવસથી નદીની સહેલગાહે નીકળતા જો કે પત્નીને એ ઘડીભર પણ શ્રમ લેવા દેતો નહિ. દશ બાર ડગલા ચાલતા જ્યોત્સ્ના હાંફી ગઇ, એ એણે જોયું એનું પતિ હૈયું દ્રવી ઉઠ્યું

'ખૂબ થાકી ગઇ ?' માયાળુ દર્દભર્યો એ બોલ્યો.

'ના રે ના કાંઇ જેટલું ય નહિ મન થાય છે, હવે તો રોજ આવું ફરૂં !' એના ફીક્કા ગાલ પર જાણે સુરખી જાગૃત થઇ અને એ હસી.

આ પહેલાના પત્નીના કંટાળા ભરેલા શબ્દોનું આવું સુંદર પરિવર્તન જોઇ દેવેન્દ્ર ઘણો જ ખુશ થયો પત્નીનો આનંદ જોઇ એણે પણ ગુમાવેલો આનંદ ફરી પાછો મેળવ્યો.

સાચે જ, તે જ્યોત્સ્નાના સુખમાં જ રાચતો. એના સુખમા શું પોતાનું દંપતિ સુખ નહોતું ? જ્યોત્સ્ના-દેવેન્દ્ર સાચેરા દંપતી હતા.

અને આજ પત્નીને ખુશ ખુશ જોઇ દેવેન્દ્ર એના તરફ ભાળી રહ્યો બન્ને પતિ-પત્નીની દૃષ્ટિ મળી, દૃષ્ટી મળી ને બન્ને સામસામુ હસ્યા.

ને-અત્યાર સુધી હોડીનુ હલેસુ હંકારવામા મચી રહેલી પ્રતિમાએ આ ભાળ્યુ, તોફાની પ્રતિમાના તોફાનને આ જોઇ વધુ વેગ મળ્યો. 'એને જાણે જોયું ન જોયું કરી હાથમાનુ હલેસુ પાણીમા ઘસ્યુ તો ને પછાડયુ ને એમ જે છેડાયા નીર નદીના એ પતિ-પત્ની ઉભયની પ્રેમ સમાધિ દંડાળા ગયા !

બન્ને ચમકયાં એમણે બન્નેએ પ્રતિમા તરફ ભાળ્યુ ન ભાળ્યુ ને પ્રતિમાનો હાસ્ય ધ્વનિ ખીની ઉઠયો. દેવેન્દ્ર પણ હસ્યો. જ્યોત્સ્ના ય એક કટાક્ષભરી નજર પ્રતિમા પર નાખી હસી ઉઠી.

ત્રણે હસ્યાં ખૂબ ખૂબ હસ્યાં.

'હજુ તારી મસ્તી ન મટી, નહિ

પ્રતિમા ! ' હસવું ખાળતા જ્યોત્સ્ના એ મોઢો ફેરવી નાની બહેનને આપ્યો.

જવાબમાં સાંભળ્યું ન સાંભળ્યું કરી પ્રતિમા હસવું ખાળતી કનેથી હસાવવા મંડી પડી.

દેવેન્દ્ર એ બન્ને બહેનોને નિરખી રહ્યો. એની નજર જ્યોત્સ્ના પરથી ખસી પ્રતિમા પર મંડાઈ ને એની નજરે એણે પ્રતિમાને દેવામાં ઉતારી દીધી.

ત્રીસમું વર્ષની ચૂંટી યૌવનમાં ડગ માંડતી પ્રતિમાના દેહમાં જોબનના ધમધાટ પૂરબહારમાં વહેતા થયા હતા.

યૌવનની દૃષ્ટિમાં દેવેન્દ્ર એનો આખો દેહ વાંચી ગયો. ચોર ચુગલી નાજુક દેહ આરમાની રંગના ફોકમાં દીપી નીકળતો હતો. એની આંખ પરના સોનેરી ચશ્માં એની ઘાટી ભમ્મર આંખને દીપાવતાં હતા સ્નાયુબદ્ધ ઘાટિલા પગ ઉપર સફેદ મોજામાં સેન્ડલ સપોચપ પહેરાયેલા હતા અને એના વાળની અત્તરિયત બે ભરી એના અંબાડી આકર્ષક ચૂંથી આવી એના કાયના આદિમતના ચિહ્નો આમનેમ ચિંમી રહી હતી

ને એ દૃષ્ટિ મારે દેવેન્દ્રને પ્રતિમા મધુરતાની મૂર્તિ સમી લાગી. એણે પ્રતિમાને નિરખી છતા એ નિરખવામાં ન ધરાયો. અને એની સારી ય દૃષ્ટિ એના યૌવનથી તરબોળ બનેલા અંગ ઉપર વારે વારે ફરવા માંડી.

યૌવનની મોસમરી વસંતમાં મહાલતી એ તરુણીની દેહલતા અણબોટ્યા પુષ્પ થી મારક એને લાગી. એનો દેહ, એનું એ દેહ ઉપર અખૂટ લાવેલું સૌંદર્ય અલબત્ત પુરુષમાં આકર્ષણ જન્માવે એવું હતું

ને એ ક્ષણ નિરખવામાં એક પત્નીનો પતિ ભાન ભૂલો બન્યો. વારેવારે પ્રતિમા તરફ જતી પેલાની દૃષ્ટિ આખરે એણે મથામણ કર્યું છતા એ નિષ્ફળ નિવડ્યો. ને એણે નિજ પત્ની ઉપર પોતાની દૃષ્ટિ ઠાલી

પત્ની તો આસપાસની સૌંદર્ય ભરપુર સૃષ્ટિમાંથી નવિન જીવન જાણે ચૂસતી મગ્ન બની હતી. જ્યારે પોતે એ પત્નીની નિર્દોષ તાનો લાભ લઈ પત્નીદ્રોહી બની પારકીના સૌંદર્ય કુંડમાં મગ્ન બન્યો હતો.

પણ પત્નીને નિરખી એ ક્ષણક સ્તબ્ધ થયો આ વિચાર શા ? ક્ષણભર દેવેન્દ્રના દેહાએ મંથન અનુભવ્યું

એણે બન્ને બહેનોને એક દૃષ્ટિમાં સરખાવી જોઈ બન્નેમાં સંપૂર્ણ સામ્ય હતું. એકનું યૌવનમાં પ્રસરણ હતું પરિણામે અણબોટ્યું યૌવન હતું બીજું યૌવન મધ્યાહ્નમાં તપતું મરત બન્યું હતું પણ બાહ્યરીએ ક્ષણક ઊણપ લાગી હતી.

તો પછી ? જ્યોત્સ્ના કુરૂપ બની હતી ? કદરૂપી નહીં. એ એમ માનવા લગારે તૈયાર નહોતો. પત્નીના સૌંદર્ય ઉપર તો એ અત્યાર સુધી વારી જતો પતિ હતો. એ એનું દેવાયન હતું-પ્રાપ્ય હતો ! તો પછી શા માટે આ કુવિચાર ?

મનના પાપ કૃત્યિક પાપ કરતા ભારે દોષ છે પરિણામે એ ક્ષણનાં ભયંકર નિર્ણય પોતે પત્નીને વિશ્વાસઘાત કરી રહ્યો છે એ વિચારે એ ઓશિયાળો બની ગયો. ને અત્યારસુધીના અંતરના કુવિચારોને એણે પત્ની ઉપર દૃષ્ટિ ઠાલી ધોવા માંડ્યા.

પત્નીની નજર પણ સહજ પતિ તરફ ઠાલી ને ક્ષણભરનો નજર ઓળખાણમાં પરોવાઈ પત્ની આકર્ષક મુદ્રામાં પતિને નિરખતી પરિણામે ઉભય ઓળખાણ સાધુ બનવા આધુ આધુ મધ્યમાં ઊભાં

છતી ચોરી રાખતી પ્રતિમાની દૃષ્ટિ આ દરમ્યાન પામી ગઈ અને એ મનમાં

ને મનમા મલકી દૂર દૂર નજર પરોવી એણે કઇ વહેતો કર્યો

" મનગમતા મનોરથ ફળીયા રે !
માનવ ઉરના !
" ઉર ઉરને વાચ્છે મળીયા રે !
માનવ મુલકા ! "

ને પછી પાછુ મુક્તહાસ્ય ત્રણેનુ વાતાવરણમા રેલાઇ ગયુ દરેક એક બીજા તરફ વારેવારે ભાળતા હસવામાથી નવરા નહોતા પડયા ફરી ચીર સ્મિતના મરકાટ મડયા મૂખડાએ વળી દેવેન્દ્રને સૌદર્યના વિચારોના ચકાવે ચઢાવ્યો. વળી પાછી એની ભૂખી નજર પ્રતિમા ઉપર ફરી વળી. ને એ નજરમાથી વાસનાના થોકે એના દિલ પર લદાયા મોહના પૂરજહાર વહેલુ એના સારાયે શરીરને હચમચાવી વળ્યા ફરી પાછો એ ભાન ભૂલો બન્યો જ્યારે જ્યોત્સ્ના હજુય એ ગત આનદના તોરમા આછેરુ સ્મિત મધ્યે મોઢે પ્રકૃતિને ઢંઢોળતી નીરખ્યા જોવામા મગ્ન હતી.

તારક–તારિકાની નગરી રચાતી હતી. ચન્દ્ર ચન્દ્રિકા જોડલુ પ્રેમોપચારની ભૂમિકા માટે સજ્જ બનતુ હતુ ત્યારે આ પ્રકૃતિના ભોયેરા સકેતાણીઓ સકેતમાહ સમેની નિયત રથળે પાઠા ફરતા હતા

૨

નિત્યની હારયથી વાતાવરણને ગજવી મૂકતી હસમુખી પ્રતિમા ની નિર્દોષ મસ્તી–તોફાન જોતો દેવેન્દ્ર આનદ પામતો. અને હવે પ્રતીમાની હાજરીના વ્યસન પડતા જતા હતા.

જ્યોત્સ્ના અને પ્રતિમામા ઘણુ ઘણુ સામ્ય હતુ. બન્નેના દેહમાં એક જ પ્રકારની ચીર મોહકતા હતી છતાંય પ્રતિમાનુ ખિલતુ જોબન પુરૂષ હૈયાને ઘડીભર હચમચાવી મૂકતુ હતુ

પ્રતિમાની હાજરી માત્રે એ પ્રતિમાયેલો બની જતો. પણ જ્યોત્સ્નાના સાનિધ્ય એના પ્રતિમામય બનતા વાતાવરણ એના અતર માથી ઝટકાવી નાખતા

ભલી અને ભોળી સદાય પતિના પ્રેમમા રાચતી એની જ્યોત્સ્ના હતી. અને એ પતિમય બનેલી પતિપ્રેમની ઘેલડી નારી *નિજ પતિનો આ વેવલાઇ ભાળે તો !* પોતાના પતિનુ દિલ બીજે ભમે છે એમ જાણે તો !

તો ! ને એ વિચારમાથી રચાતુ દ્રશ્ય એ ન ખમી શકયો જ્યોત્સ્નામય અતર પોતાની વેવલાઇ કબુલતુ રડી ગયુ ઘડીભર ને એ બબડયો.

' હુ રાચુ મારી જ્યોત્સ્નાના નેહમા ! હુ રસિયો ખરો, પણ તેય મારા દંપતી જીવનનો ! '

ને એણે હૈયે ચઢયા વિચાર એમ હટાવવા માંડયા છતાય મસ્ત દંપતી જીવનમા તરબોળ એ હૈયાને પ્રતિમાનો નેહ, એનુ દેહતાલિત્ય શા માટે હચમચાવી દેતુ હતુ ! શુ પોતાનો દંપતી પ્રેમ એટલો કાચો હતો !

દેવેન્દ્ર ન કળી શકયો એના મારણને યા માટે પોતે નિજ પત્ની ભૂલી પ્રતિમા તરફ ખેચાતો જતો હતો ! યા માટે !

માધુર્યનો મીઠડો વસત હિંડોળો પ્રકૃતિ આખણીએ બધાયો હતો અને એ હિંડોળાની વસત હિલ્લોળો માનવમુકુલ હૈયાને જાણે હચમચાવી નાખતી હતી

યૌવનના ભોયેરા વસતરાજ જોબનવતાના હૈયા પરવશ કરતા પધાર્યા હતા અને એવા અવસરે પુરૂષ હૈયે સૌદર્યના ચેન ચટે એમાં એનો શો દોષ ! પરિણામે દેવેન્દ્રનુ હૈયુ

પ્રતિમાને નિરખી નિરખી પોતે બનતું હતું પ્રતિમાની હાજરીનાં એને વ્યસન પડવા માંડ્યાં. એ પ્રતિમા સાથે નાની સરખી વાત કરવા પણ અધિર બનવા માંડ્યો.

આમને આમ પ્રતિમાના સપર્કમાં એના બીજા ચાર દિવસ વહી ગયા. અને દેવેન્દ્રના મનોમંથનનાં પૂર જેમ કે તેમ ના વિચારોમાં આસપાસને આમળ અચોકસ વહી ગયા

૩

સૃષ્ટિના સૌરભ અને સૌંદર્ય કોલાહલમાં રાત્રી વહેતી થતી હતી. અસ્તવ્યસ્ત દશામાં પીયુની વાટ જોતી થાકી ગયેલી રાત્રી જાણે ધીમા ડગ ભરતી અભિસારિકાની ચાલ ચાલતી હતી. દૂર તારક તારિકાની નગરી નભમાં રચાઈ ગઈ હતી. અને એ તારલાની નગરીના ઝાંખા પ્રકાશમાં એ સૌંદર્ય કમકમાટમાં પ્રહરની એ અગાસી નજીકની ઉભી હતી પ્રતિમા ઝાંખા પ્રકાશમાં, અગાશીમાં આમ તેમ ફરી રહી હતી

દૂર દૂર વહેતાં નીર નિરખી, ગમી ગોંગી રહેરી બાળી એના મોંઢા બબાકાંથી ગીત રણ્યું અને એ શાન્ત વાતાવરણને જાણે ઢંઢોળી નાખ્યું

ચૈતન્ય અને અનેરી તાજગી અનુભવતી થયેલી જ્યોત્સ્ના નિરીત થઈ ગીત સરજ નિરા, સારસ્વત અર્ચંતા વાતાવરણને પરિણામે જ્યોત્સ્નામાં નૂતન જીવનના રમરણ પડતા હતા.

જ્યોત્સ્ના રાજ રાજ અને દેવેન્દ્ર જોની પાસેથી ઉઘરો 'લાવ, કાંઈક-વાચીશ" ના વિચારે એ પુસ્તક લેવા બીજા કમરામા વળ્યો. ને અગાસીમાં ફરતી પ્રતિમાના ધીમા ગીતને એ સાભળી રહ્યો. ચોપડી હાથમાં જ જડાઈ ગઈ

વાતાવરણને અખંડ માધુર્યથી ભરી દેતો એ સુર હતો દેવેન્દ્રને લાગ્યું કે કોઈ સ્વર્ગ-ગાન રચાઈ રહ્યું છે વાતાવરણ પણ જાણે એ ગીત સાથે તાલ દેતું રમણે ચડ્યું હતું જાણે.

એના દેહમા જોહકતા- રિમત માત્રે માદકતા-હલનચલન જાણે માધુર્યતા-અને ગાનમા પણ ખરે એ કોઈ ઉતરી કોપ !

પણ તેજ ક્ષણે એને એની પત્ની યાદ આવી. શું એની જ્યોત્સ્નામા આ બધુ સભર ભરપુર નહોતુ ? હતુ જ-બધુ હતુ-તો પછી કેમ એ વસ્તુને બાજુ એ બાજુ જોતો હતો ?

એણે મન વાળ્યુ છતા પ્રતીમા તરફ વારે વારે દબે જતુ દિલ એનુ ન જ વળ્યુ

પ્રતીમાનુ ગીત ચાલતુ જ રહ્યુ. અને ગીત ગાતી એ યુવતી તરફ કોણ જાણે એને મન પણ ઘણુ હલકુ મનોમંથનને અંતે એના પગ કમરામાથી બહાર સર્યા-સરી ગયા.

ને તે અગાસી તરફ ફર્યો ને—

દિવ્ય-તારલોક મન્દિરા રૂપલોકમા જેણે ગાન ગાતી પ્રતિમા જોઈ. અગાશીના કોરે

'ગુણસુન્દરી' કાર્યાલયના
નવા સરનામાની નોંધ લેવા
વિનંતિ છે

વ્યવસ્થાપક:—
'ગુણસુન્દરી' કાર્યાલય
C/o લુહાણા મિત્ર પ્રિન્ટીંગ પ્રેસ,
પો. બોક્સ ૮૫
શિયાપુરા, વડોદરા.

પોતાની રક્ષા નીચે રહેવાના પતનને સારુ વાલી ચોકે ધણે અંશે જવાબદાર છે

× × ×

જો હું આ પતનને સારુ પ્રાયશ્ચિત કરીશ તોજ મારુ દુઃખ સમજી શકાશે, ને તેથી તેમને પોતાના દોષનું ભાન થશે ને કંઈક માપ આવશે.

× × ×

મારો એવુ સિદ્ધ કરવાનો આશય નથી કે શિષ્યોના પ્રત્યેક દોષને સારૂ હમેશા શિક્ષકોએ ઉપવાસાદિ કરવા જ જોઈએ પણ હું માનું છુ કે કેટલાક સંજોગોમા આવા પ્રાયશ્ચિત રૂપ ઉપવાસને અવશ્ય સ્થાન છે પણ તેને સારુ વિવેક અને અધિકાર જોઈએ જ્યા શિક્ષક–શિષ્ય વચ્ચે શુદ્ધ પ્રેમબંધન નથી જ્યા શિક્ષકને પોતાને શિષ્યના દોષનો ખરો આઘાત નથી જ્યા શિષ્યને શિક્ષક પ્રત્યે આદર નથી ત્યા ઉપવાસ નિરર્થક છે અને કદાચ હાનિકર પણ થાય. પણ આવા ઉપવાસ એક ટાણાને વિષે ભલે શકા હોય, પરતુ શિક્ષક શિષ્યના દોષોને સારુ થોડે ઘણે અંશે જવાબદાર છે એ વિષે મને લેશ પણ શકા નથી

× × ×

ઉપવાસ દરમ્યાન ગમે તેવે પ્રયત્ને પણ પાણી ખૂબ પીવુ જોઈએ.

× × ×

લાબા ઉપવાસ કરનારે ગયેલી તાકાત બદલ મેળવવાનો કે બદલો ખાવાનો લોભ ન જ રાખવો ઘટે. ઉપવાસ કરવા કરતા તે ઉતારવામા વધારે સાવધાન રહેવુ પડે છે, ને કદાચ તેમા વધારે સંયમ પણ હોય.

× × ×

સત્યને અનુસરતા ક્રોધ, સ્વાર્થ, દ્વેષ ઇત્યાદિ સહેજે શમે રાગ દ્વેષાદિથી ભરપૂર માનવી સરળ ભલે હોઈ શકે, વાચાનુ સત્ય ભલે પાળે, પણ તેને શુદ્ધ સત્ય ન જ મળે. શુદ્ધ સત્યની શોધ કરવી એટલે રાગદ્વેષાદિ હૃદયથી સર્વથા મુક્તિ મેળવવી.

[' આત્મકથા 'માંથી]

મહિલા જીવન

— પાન ૪૬ નું —

આમ ખોટો ઉહાપોહ કરવાથી બહેનોનું કોઈ કલ્યાણ થાય તેમ નથી નારીમાથી નારાયણી થવા સારૂ દૈવી સંપત્તિનો ઉપયોગ થાય છે પુરૂષ સમોવડી થવા કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર જેવા છ રીપુઓનો આશ્રય લેવાની જરૂર રહે છે અને તે છતાં કોઈ બહેનો પુરૂષ સમોવડી થઈ એક તેમ નથી એટલે ' નારીમાથી નારાયણી બનવુ ' એ જ વધારે શ્રેયસ્કર હોઈ એ પદ મેળવવા માટે સર્વ લૌકિક પારલૌકિક શક્તિ પર વિજય મેળવવા સારૂ ઉપર બતાવ્યા મુજબ ખરા શાસ્ત્રોક્ત સાધનોનો ઉપયોગ કરવાની જરૂર હોઈ શાસ્ત્ર મર્યાદાનુસાર કર્મ કરવાથી, " કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ " કરવાનુ બળ ઈશ્વર બહેનોને પ્રદાન કરે છે

પુરૂષ સમોવડી થવાનો પ્રચાર કરવો કે એવો સંકલ્પ કરવો એ તો કળિયુગનો જ પ્રભાવ છે એ કરતા એ ભૌતિક (પુરૂષ સમોવડી થવાનો મેનીયા) મોહ છોડી નરમાથી નારાયણી થવાનો સાચો માર્ગ ઉપર દર્શાવ્યો છે તે બહેનો ગ્રહણ કરી ભારતમાતાનુ નામ ઉજ્વળ કરી પાછુ મેળવી નારીમાંથી નારાયણી બની પોતાનુ મહિલા જીવન સાર્થક કરશે એવી આશા રાખવી અસ્થાને નથી.

રક્ષા રામની–પુનીત પ્રસાદ

સપાદક પાપડવાળા
રામકૃષ્ણ ભવારામ વિ ઠક્કર દિનદયાળ
અમદાવાદી પોળ, વડોદરા.

આજકાલ પુનીતનો પ્રસાદ સૌ કોઈ જનને સ્વાદ જન્ય લાગે છે સ્વજાગ બે ઉજન મહાત્માઓ અમદાવાદમાં પ્રગટયા છે તેમાં પુનિતનો પ્રસાદ ઓર છે દિનદયાળ ભૂતકાળમાં માવસ કરવાદાને ત્યાં અમદાવાદ નોકરી કરતો ત્યારે પુનીત સાથેનો ઘણો પ્રસગ પડતો, બન્નેવ ભાત્રોએ એકજ સ્થળે નોકરી કરેલી એટલે પૂછવુ જ શુ ? કિ દયાળની મહના પુનીત જ બનેલે તેમના ઘરમાં અમદાવાદ કિ દયાળ રહેતો ત્યારે કુટુંબ સાથે સાંભળવા જતો વળી ગુજરાતમાં પાંચ સ્થાનકે દાસ પધાર્યા હતા ત્યાં દિનદયાળ પાપડ વેચવા જતાં એકનો મળે ભેગાસી, મુજકુવા ઓદયાવ, વાસદ ભાદરણ, બારે ખરો રસ આવતો ત્યારે ગૌરાગ પ્રભુની ભાવક ભક્તિમાં તલ્લીન થઈ જતા અને રોઈ જતા પછી વખત દિનદયાળ સ્વામી અખડાનદ સાથે રહ્યામાં જતો ત્યારે અખડાનદની રહેતાં ખુબ નિદાલેલ એ સ્મરણમાં ખુબ યાદ આવે છે

રક્ષા રામની રે (૨) બીજી રક્ષાઓ સ્વારથની,
બીજી રક્ષાઓ સ્વારથની (૨) રક્ષા રામની રે ૧
માત પિતાએ રક્ષા કરશે, આસ ધરે છે મોટી,
જનતાં પાળે મરતાં બાળે, આસ ધરે છે કપની ૨
રોઉ કરે છે રક્ષા બારે, વેઠ કરાવે ભમણી
કપુ કરારે બેનુ દેવુ, એ રક્ષા શુ અપની ૩
ભાન્ત કરે છે રક્ષા બારે કરવેગા ના જાણ્યા
ભાદળાં પુજ તે ક્ષણને આપે, રોકા અમૃતા અપની ૪
રક્ષા કહાગા રામ પ્રભુની ગૌરગની છે ગોળી
"પુનાત" તો નિર્ભય બનીયે, જોને રહતી કરની ૫

ઘાટ તો માત્ર પાંચ કડી મુખી ન ભાળીને અનત ય પુનીતે ભક્તિમાર્ગ કાવ્યોદ્વારા અપાર સાહિત્ય કારવ્યુ છે આ રામના મત્રો લખે તેને ધન્ય દિનદયાળ

અલૌકિક–આખ્યાન

સપાદક પાપડવાળા
રામકૃષ્ણ ભવારામ વિ. ઠક્કર દિનદયાળ

રવિનાં વચનામૃત

સંપાદક પાપડવાલા
રાગકૃષ્ણ મથારામ વિ ઠક્કર હિન્દભાળ
અમદાવાદીપોળ વડોદરા

આ પુસ્તિકાની ભૂમીકા લખનાર "શતરૂ દેશ" વાળા લક્ષ્મીપ્રસાદ જ આચાર્ય છે તેઓએ સવત ૧૯૮૮ ના શ્રાવણ સુદ પૂર્ણીમાના તા ૧૬–૮–૩૨ અમદાવાદમાંથી હિન્દભાળ અર્થે રવિની વાણી માટે ખાસ જે લખેલ તે લેખ અક્ષરસ અહિં હુ રજુ કરૂ છુ

વેદ સ્મૃતિ સદાચાર સ્વસ્ય ચ પ્રિયમાત્મન ।
એત ચતુર્વિધ પ્રાહુ સાક્ષાદ્ધર્મસ્ય લક્ષણમ ॥

ચાતુર્વર્ણ્ય ધર્માદિક વ્યાવહારિક નીતિનાં મૂલ તત્વો કહેતા મનુ–યાજ્ઞવલ્કય વગેરે મહાન સ્મૃતિ કર્તાઓ પણ કહે છે કે —"વેદ, સ્મૃતિ, પણ સત્ પુરૂષોનો આચાર અને પોતાના આત્માને પ્રિય લાગે તે–એ ચાર પ્રકારનુ ધર્મનું સાક્ષાત્ લક્ષણ છે" (મનુ ૨ ૧૨)

આપણા આત્માને જે પ્રિય લાગે તે–અર્થાત્ મનને શુદ્ધ લાગે તે, એમ અર્થ થાય છે શ્રુતિ, સ્મૃતિ અને સદાચાર તેનાથી કોઇ કૃત્યના ધર્મ વા અધર્મના નિશ્ચય ઉપર આવી ન શકાય તો આ નિર્ણય માટે ચોથુ સાધન આત્મતૃપ્તિ એને જ સમજવી.

આપના કરકમળમાં ધરેલુ પુસ્તક આ એક પુસ્તક ધાર્મિક ગ્રથ છે મૂળ ગ્રથ ટીકા કર્તાની પ્રસ્તાવના સાથે આપેલી છે એ ઉપરથી વાચક આ ગ્રથ અને તેની ઉપયોગીતા અને તેના આદર્શ સારી રીતે સમજી શકે તેમ છે મહત શ્રી રાધિકાદાસજીએ સક્ષેપમાં પણ જો પુસ્તકની અનીવાર્ય આવશ્યકતા તેમાં સારી રીતે સમજાવી છે, વાંચક, આ ધર્મ ગ્રથનુ અધ્યયન કરે તે પહેલાં આ ગ્રથ કેવા પ્રકારનો છે, તેમાં કયા કયા વિષયોનો સમાવેશ છે, તેના પ્રયોજક અને પ્રકાશકનું શુ લક્ષબિંદુ છે તે જાણવાને પ્રેરાય એ સ્વભાવિક જ છે

પ્રારતાવિકની આવશ્યકતા

એટલે ગ્રથારભે આ ભૂમિકા–પ્રસ્તાવના લખવીજ જોઇએ જેથી આ ગ્રથ વાંચનારને કઇ સરળતા પ્રાપ્ત થઇ શકે મહતશ્રી રાધિકાદાસજીના શબ્દોમાં કહીએ તો આધુનિક સમયમાં વિદ્યા–જ્ઞાનમાં અધુરા ઘડા પ્રમાણે છલકાઈ જતા નાસ્તિક વાદિઓનુ કહેવુ છે કે, કર્મોપાસના, નિયમવ્રત્ત,–યાત્રા આદિ વ્યર્થ ધર્મ કરી શા માટે દુખી થવુ ? એમ કાંઇ પરમેશ્વર મળવાના નથી" આ તેમના હાસ્યજનક ક્ષુલ્લક વિચાર અને મનોવૃત્તિઓના રદિઆ આપ્યાં કરતાં તે તરફ દુર્લક્ષ આપવો એજ શ્રેયસ્કર છે, કારણ કે તેમના એટલે કે, આજના કહેવાતા કેવળ આડબરી સુવાદોના માનસમાં આવ્યા જ એવા પ્રકારનું ભૂસુ ભરાય છે કે, " હિન્દુધર્મ શાસ્ત્ર ખોટા છે, એ તો તેમની આજીવિકાનુ સાધન છે, તે મૂર્ખાઓનું પ્રદર્શન છે " વગેરે આવા અશ્રદ્ધાયુક્ત પ્રશ્નોના પ્રત્યેક વ્યક્તિને જુદા જુદા જવાબ આપી ન શકાય તેથી જ આવા સચોટ પ્રમાણવાળા આદર્શ ધર્મ ગ્રથોની આવશ્યકતા છે એ વાત પ્રત્યેક સજ્જન સ્વીકારશે.

આપણા પણા જ ધર્મગ્રથો હજુ પણ અપેક્ષાએ છે ભારતનું પ્રસિદ્ધ આર્યતત્વજ્ઞાન આજે જે કોઈ પ્રમાણમાં જ્વલત જોવામાં આવેલુ છે, તે કેટલાક અંશે થોડું–અલ્પ છે, સમાજની રુચિ દિવસે દિવસે હાસ્યજનક વાર્તાઓ, કાવ્યો અને નાટકાદિ ઉપર ઉત્તરોત્તર વધતી જ જાય

આ ગ્રંથનુ નામ "ધર્મોપદેશ ગીતા" છે પરતુ પ્રકાશક—હિન્દબાળે ગ્રંથનુ નામ સૂચક આપ્યુ છે "સસાર નૌકા કિવા ધર્મોપદેશ ગીતા"

મૂળ ગ્રથ કર્તા અને તેનુ નિરૂપણ

આ નામ ઠીક જણાય છે કારણકે આ ભવસાગર રૂપી મહાસાગર તરવાને એક નૌકાની જરૂર છે, અને તે નૌકા જેવા આ પુસ્તકમાંથી મેળવેલુ ધર્મજ્ઞાન જેનાઆધારે આ દુસ્તર સસાર મહેલાઇથી અનિમેષમા ઓળગી શકાય તેમ છે આ ગ્રથની મૂળ વસ્તુ "રવિરામ ગીતા"નુ છે તેના ઉપર પાછળથી તેમના શિષ્ય શ્રી ગધિકાદાસજી મહારાજે ટીકા કરેલી છે ગુજરાતમા ચાલતા વૈષ્ણવ સપ્રદાય પ્રમાણે ચાલતો "રવિભાણ"નો સપ્રદાય પ્રસિદ્ધ છે ભાણુ સ્વામીએ સવત ૧૭૮૫ માં વડોદરા પ્રાન્તના શેરખી નામે ગામમાં પોતાની ગાદી સ્થાપી આ ગ્રથ કર્તા શ્રી રવિરામ સ્વામી તે તેમના શિષ્ય હતા તેઓ બાલ બ્રહ્મચારી હતા અને શાસ્ત્રજ્ઞ હતા તેમણે અનેક ગ્રથો લખ્યા છે તેમાં "ધર્મોપદેશ ગીતા" એ પણ એક ગ્રથ છે સવત ૧૮૧૧મા રવિરામ સ્વામી, શેરખીની ગુરૂ ગાદીએ આવ્યા આ ગ્રથ વસ્તુ પણ સવત ૧૮૩૧ની સાલમા સભા સમક્ષ કરેલ ગ્રાથ-વિવેચન છે

આ ગ્રથ સસારી અને વૈરાગી, સ્ત્રી અને પુરૂષ, બાળક અને વૃદ્ધ પ્રત્યેકને ઉપયોગી નિવડે તેવો છે—આ ગ્રથ મોક્ષ પ્રાપ્તિનુ એક ઉત્તમ સાધન છે એટલે —

मोक्षस्य नहि वासोऽस्ति न ग्रामातरमेवचा ।
अज्ञान हृदय ग्रथिनाशो मोक्ष इति स्मृत ॥

અર્થાત્ —મોક્ષ એ અમુક કોઇ ઠેકાણે રહેલો છે અથવા તો કોઇ બીજો દેશ અથવા બીજુ ગામ છે એમ નથી આપણા હૃદયમાં રહેલી અજ્ઞાન ગ્રથીનો નાશ તેનુ નામજ શાસ્ત્રમાં મોક્ષ કહેલું છે (શિવ ગીતા ૧૩–૩૨)

અજ્ઞાનતાનુ તિમીર જ્ઞાન રૂપી દિવ્યજ્યોતિ વડે થઇ શકે છે જો જ્ઞાન જીત કેવળ મૂઢાત્માજ મનુષ્ય રહે તો તે, આ ભવાટવીમાં એક ભૂલેલા મુસાફરની માફક ભટકયા કરે છે, ધર્મ જ્ઞાન થતા અજ્ઞાનનો નાશ થાય છે અને તેમ થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે આ વાત નિર્વિવાદ છે

વળી ગીતાજીમા પણ કહ્યુ છે કે —

॥ नहि ज्ञानेन सदृश पवित्र मिह विद्यते ॥

એટલે "જ્ઞાન સમાન પવિત્ર આ દુનિયામાં બીજુ કાંઇ નથી" હવે આપણે ગ્રથ વસ્તુનુ જરા અવલોકન કરી લઇએ

ગ્રથમા એકદર સાત અધ્યાય છે, તેમાં પ્રથમ અધ્યાયમાં અહિંસા ઉપર વિવેચન કર્યું છે, ચાલુ દેશની સત્યાગ્રહની લડત પણ જેના ઉપર અવલંબેલી છે તેનો આ અધ્યાયમા સુન્દર બોધ છે વળી સત્ય અને અહિંસાના આપણા પુજ્ય ગાંધીજીને પણ અત્યત પ્રિય છે

Gandhiji in his young India of 6-8-31 Says —I have felt that in trying to enforce in one's life the central teaching of Gita one is found to follow truth and Ahimsa,

બીજા અને ત્રીજા અધ્યાયમાં પરચુરણ વિષયોનો સમાવેશ કીધો છે અને જરૂરી વિષયોનું ટુંકમાં સમર્થન કર્યું છે ચોથા અધ્યાયમા સામાન્ય ધર્મ અને વૃત્તાદિક વિચારોનું વિવેચન કર્યું છે પાંચમા અધ્યાયમાં બ્રહ્મચર્ય ધર્મનું વિવેચન કર્યું છે તેમા બ્રહ્મચારીનાં કર્મ અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય એટલે શું વગેરે સમજાવ્યુ છે ૭ । અધ્યાયમા ગૃહસ્થના ધર્મનું સારૂ નિરૂપણ કર્યું છે આ અધ્યાય ગૃહસ્થ આપુરૂષોએ ખાસ વાંચી વિચારી-મનન કરવા યોગ્ય છે તેમાંથી ઘણુ ઉત્તમ જાન મળે તેમ છે સાતમા અધ્યાયમા સાધુના ધર્મ તથા જ્ઞાન નિરૂપણ કર્યું છે આદર્શ સાધુપણા પાડ બજાવા હોય તેને માટે આ ઉત્તમ વાંચન છે હાલના સાધુવર્ગીન કમાણ-કપડકરૂપ મનાતા સાધુઓ ને આમાંથી કઇ મેળવી તે પ્રમાણે વર્તે તો હિન્દુ સમાજમાં ઘણે સુદર પરિવર્તન થઇ શકે આ પ્રમાણે આવા સુદર મનન કરવા યોગ્ય વિષયોના આ સાત અધ્યાયમાં સમાવેશ કર્યો છે આ ગ્રથ ઉપરની વિસ્તૃત ટીકા શ્રી રાધિકા દાસજીએ વિક્રમ સવત ૧૯૮૮ ની સાલમાં કરી છે ગ્રથમાં એકદર બસો બાવીસ શ્લોક છે

આ પુસ્તકમાં તે શ્લોક પૂર્ણ આપવામાં આવ્યા છે તે સાથે તેની ટીકા પણ છે સાથે સાથે તના ઉપર વેદ, શ્રુતિ મનુસ્મૃતિ ભાગવત નિબંધ દીપિકા, વિદુનીતિ મોક્ષ ધર્મ વિષ્ણુપુરાણ, નિબંધસિધ, વાયુપુરાણ પરાશરપુરાણ વાસવદત્ત મનુ પારાશર ભર્તૃહરિ આદિ અનેક ગ્રથો અને ઋષિ મુનિ ઓના પ્રમાણો અને સિદ્ધાન્તો આપી ગ્રથને રસમય બનાવ્યો છે, હિન્દુ ધર્મ શાસ્ત્રનુ જાણવુ જોઇ ધર્મનું જોઇ જ્ઞાન મેળવી રહેવુ હશે દરેક ઉપયોગી વિષયોનુ જ્ઞાન આ પુસ્તકમાં છે શ્રીઆત્મા ટીકા વિવેચન વિભાગ સસ્કૃતમાં સાથે દીધો છે, પરતુ પાછળથી તે ગ્રથનુ કદ વધી જવા તે બધો સસ્કૃત ભાગ સમાવવામા આવ્યો નથી પરતુ તેનુ ટીકા ભાષાંતર અપૂર્ણ સ છે જેથી વાચકોનો રસ ઉત્તરોત્તર વૃધી એક સરખો અખડિત સ્ફુરિતાના જણ ઓત પ્રમાણે વર્તવા કરે જ જેટલાક આપણાનીઓ સ્વદેશ ધર્મ નીતિને ધિક્કારી પરદેશ ધર્મ નીતિ રીતિ પસદ કરતા ધોળીના જ્ઞાન જેવા આવા પુસ્તકને તીરસ્કારથી જુએ-અથવા જોવા પ્રયત્ન કરે ના તેમના જ્ઞાન વિષનુ કેવાનુ નહિ તો બીજુ શુ કહેવાય ? ઘણાખરા પામર પ્રજાએ આજ સુધી મેળવેલુ જ્ઞાન જો પણ આર્યધર્મ શાસ્ત્રમય બીજ મેળવેલુ છે હતે તે પુરવાર થઇ ગયેલુ છે આપણે આજસ વિલાસના ભડાર છોડી ત્યારે તે પ્રજા ઉદયમા અને અતિ સાદગિક છે તે ગુજોને રોપી કરી ગયા છે, આપણા શાસ્ત્રમા મનુએ જેમ વર્તનુ, જેમ ખાવુ, જેમ રહેવુ આદિ અઢાર વિદ્યા ના અનેક સૈગિક ધર્મો બહુ ઉત્તમ રીતે વર્ણવ્યા છે જો તેમા સ્વદેશ પ્રેમ ઉમેરા ઉતરવા પ્રયત્ન કરીએ તો જરૂર આપણો જ્ઞાનનો આખો સ્વાનુભવ થાય અને તે સ્વાનુભવમાંથી કોઇ અલૌકિક આનદ મળવો શક્ય અશ્રુ આપણા ધર્મગ્રથોને ઉપદ્રવ નહિ કરતાં તેમાંથી કદ પ્રાપ્ત કરી મનુ જેવા અને બુધિબળ સદુપયોગ કરવો જોઇએ કહ્યુ છે — ॥ સ્વધર્મોનાત્મીયા મો બ્રાહ્મણાત્મકમ ॥

અતમા જે કોઇ શુભેચ્છક મ્હારી આ પ્રવૃત્તિને આગળ ધપાવવા કંઈ માંગ
તે ઉપકાર સાથે સ્વીકારી, હજુ વધુ પુસ્તકો પ્રગટ કરવાના છે તેના તેનો મે
કીંમત હું આજ સુધી સમાજને વિનામુલ્યે જ્ઞાન લ્હાણીઓ આપ્યા કરતો, પરંતુ
સમાજ એ કંઈ ચલાવી આજે મ્હને ન ફાવ્યે હવેથી અલ્પ મુલ્યે પુસ્તકો આ
કરવા પડે છે અને તેની કિંમતમાં પોસ્ટે જ ખર્ચ ગણ્યુ છે

હાલ્યા વાચનારને આમા જે કોઇ ક્ષતિ જણાય તો ખુશીથી મ્હને
વિનંતિ છે યોગ્ય સૂચનાઓનો આવકાર્યા બીજી આવૃત્તીમા અમલ કરવામા આવશે
પ્રચાર માટે નજીવી કિમત છે

પ્રભુ અર્યદા સમાજની ઉન્નતિ કરે અને ભારતની વાડી ફાલી ફુલી રહે એ અભિ
ભાવના સહ હું મ્હારુ નિવેદન પૂર્ણ કરું છું

લિ સમાજ સેવક "હિન્દબાળ" અયારામ વિ ઠક્કર ઉર્ફે તત્સત

સયાજી વિજય સાહિત્ય સૂચિ



KODAK HOUSE.
HORNBY ROAD FORT.

Telephone 26 72
Telegrams CROMATICO

BOMBAY 6th August 1947 તા ૨૪-૨-૪૯

My dear Hindbal,

I was very glad to receive a communication from you, giving the photograph of Swami Raviram. I am very glad that you are associating yourself with spiritually advanced souls

From that communication I learn that yo are making "Papad" If so, will you please sen one hundred of Moong and one hundred of Udith, properly packed at the above address ? Please also send your bill with it

If I find them of good quality, I shall be asking you later to send some to Lady Mitter, wife of your Prime Minister, with which family I have been very friendly for many years

I am going to Delhi on Friday and would be back after about ten days

Yours sincerely,
Mani Jubeda

ઉ આ શુ કહે !

મફત સાહિત્ય ની કાર્યાલય વડોદરામાં નવા વાડીચોળમાં ચાલે છે એ સંચાલક શ્રી અયારામ હરજી ઠક્કર (હિન્દબાળ) પોતાની આ પ્રવૃત્તિ માટે આર્થિ મદદ કરવા સાધન સંપન્ન સજ્જનોને જાહેર વિનં કરે છે "પ્રજાબંધુ" મ છપાયેલી સત્ય ઘટનાન કહેવાતી વાર્તા "જુઓ અને સમજી" ના સ લેખક પોતે હોવાનો દાવ શ્રી અયારામ વિ ઠક્કર કરે છે

મફત સાહિત્ય મેળવવા પોસ્ટની નવ પાઇની ટીકીટ બીડી મોકલવી

સ્વ. ગોરધન અને સ્વ. ચરોળિની નાયકે

આ માસિક વડોદરા-સિયાપુરામાં શ્રી વૃદાવનધામિન કિ. પ્રેમમા અ બાલાવ વિઠ્ઠલભાઇ રમરે પોતાને માટે બાપી અને તેમ ડોલેરી પ્રસિદ્ધ કર્યું ૭૮ ૧-૪-૪૪

Registered No 1775

ઘરમાં વસાવવા યોગ્ય પુસ્તકો

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ભાગ ૧-૨

લેખક	કિંમત
શ્રી. ચીમનલાલ મ. ડોક્ટર	રૂા. ૩-૧૧-૬

શ્રીમન્નૃસિંહાચાર્યજી

લેખક	કિંમત
શ્રી મહેન્દ્રકુમાર મો. દેસાઈ	રૂા ૨-૫-૦

સાગર જીવન અને કવન

લેખક	કિંમત
શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠી	રૂા ૨-૪-૦

અધમોદ્ધારક સહજાનંદજી

લેખક	કિંમત
શ્રી. ચન્દ્રકાન્ત મહેતા	રૂા. ૦-૮-૦

હજરત મોહમ્મદ પેગંબર સાહેબ

લેખક	કિંમત
શ્રી. ઈસુલાલ ન. પરીખ	રૂા. ૦-૮-૦

નૂતન માનસવિજ્ઞાન

લેખક	કિંમત
શ્રી ચકુભાઈ કા ભટ્ટ	રૂા. ૧-૬-૧

ભારતીય તર્કશાસ્ત્ર પ્રવેશ

લેખક	કિંમત
દેસાઈ કુપલકુમાર શિવરામ	રૂા. ૧-૧૨-૦

[૬૨૬નું ચોરટજ જીવું]

હિંદુસ્તાનના જાણીતા શહેરો

વડોદરાની સામાન્ય માહિતી
રજુ કરતું પુસ્તક
વડોદરા
લેખક
શ્રી ચંદ્રશંકર મ ભટ્ટ
કિંમત રૂા. ૦-૮-૦

સૂરતના રોકીન સોદાગર
રસિક જીવનનો અનુભવ
સેવાનું મન થવું તેવું
પુસ્તક
સૂરત
ભાગ ૧-૨
લેખક
શ્રી મગનલાલ જ પારેખ
કિંમત રૂા ૧-૦-૦

દ્વારકા જતા પ્રવાસીઓને
સાચી માહિતી પુરી પાડતું
અનોખું પુસ્તક
દ્વારકા
લેખક
શ્રી કલ્યાણરાય ન જોશી
કિંમત રૂા ૧-૧-૦

આ પુસ્તકો તમે વસાવ્યા ન હોય તો આજે જ લખો

વ્યવસ્થાપક : લુહાણામિત્ર પ્રેસ,
રાવપુરા, વડોદરા

ચાંપલીપોપટ અને ચાંદલીપોપટ



૧૨ ૧૫૫૫ આરતીમનની ગરવી ગુજરાતમ [ડો. પ્રેમ ત આ ૬ ૬ ા

આદ્યતંત્રી અને સ્થાપક સ્વ જયકૃષ્ણ ના વર્મા

તંત્રીઓ
કુમાર
નટુભાઇ

ગૃહિણી

અને સ્ત્રીશિક્ષણ

વ્યવસ્થાપક
નટવરલાલ ઠક્કર
લહાણામિત્ર પ્રેસ,
વડોદરા

પુ ૫૨] મે ૧૯૪૯ [વર્ષ ૨૬

સમાધએ સાસરિએ શ્રી જ્યદાત્રીર દેસાઇ .. ૫૭
સંતોના મૂક્તિ પ્રદેશ શ્રી નેયાલાલ જોષી . ૫૮
ગૃહિણી કે માનદ સેવિકા ? ડા. અમૃતલાલ એચ પટેલ ૫૯
વૈજ્ઞાનિકો ગૃહિણીઓની વહારે ધાય છે ? ૬૨
સજની શ્રી મોરારજી લાલજી ઓઝા ૬૩
એક પત્ર કુ નિરજના ૨ શાહ ૬૮
બે ઘનને બહાને શ્રી જયતિલાલ એન વૈદ .. ૭૦
જીવન નાવડી શ્રી નવલબાલા રામજી .. ૭૩
અમેરિકન સાવિત્રી સરોજિની મહેતા ૭૪
પાદપૂર્તિ હરિકૃષ્ણ .. ૭૮
દોષ કોનો ? શ્રી ઝવેરચંદ બા મહેતા .. ૮૧
ચિંતનામૃત શ્રી રમણભરાય .. ૮૪

વાર્ષિક લવાજમ હિન્દ માટે રૂા ૫-૮-૦ વિદેશ માટે શિલીંગ ૧૨ છૂટક નકલ બાર આના

જોઇએ છે

દુકાન વખતમા જ નવા શરૂ થતા એક સીને અઠવાડીક
તેમજ વાર્તા માસિક માટે

તંત્રી

આજે જ લખો — પો. બો. ન ૮૫,
ઠે શિયાપુરા, વડોદરા

લોહાણા જાતિનુ પત્ર

લોહાણા વર્તમાન

અખાત્રીના શુભ દિવસથી પોતાની સેવાઓ
આપવાનુ શરૂ કરી દીધુ છે

વિગત માટે મળો યા લખો —

'લોહાણા વર્તમાન' કાર્યાલય.

૨૬૫, રાયપુર, કોઠની પોળ, અમદાવાદ

ગુજરાતી સુંદરી
-અને સ્ત્રીહિતોપદેશક
મે ૧૪૯
અંક ૭
વર્ષ ૨૧ પુસ્તક ૫૨

સમાઈએ સાસરિયે

(પદ ધન્યાશ્રી)

સમાઇએ સાસરિયે, બેની !
સ મા ઇ એ સા સ રિ યે —ટેક.
શ્વસુર સદનમાં કોઇ પણ સાથે,
જરી જરી નવ લઢિયે ૧
સાસુ સસરા ઉભય જનોને,
માત પિતા શા સ્મરિયે ૨
હિમ્મત જેઠને બાહ ગ્રહીને,
મી ઠા વે ણ ઉચ્ચા રિ યે ૩
દે રા ણી જે ઠા ણી મો ટી,
બે ન ગ ણી ને ઠ રિ યે ૪
સાસરિયામા કામ હોય તે,
ઉ ર ઉ મ બે ઠ રિ યે ૫
હરામખોરી, આળસ – એથી,
દૂ ર દૂ ર પ રહ રિ યે ૬
કોકિલ શા સુમધુર ટહુકારે,
ઘ ર ગ જા વી ફ રિ યે : ૭
મન ઘોડો સયમમા રાખી,
ભ વ સા ગ ર ને ત રિ યે ૮
કલેશ અને કજુસીના ખ્યાલો,
મનમાં લેશ ન ધરિયે ૯
પવન જોઇને નાવ ચલાવીએ,
દૂ ખ વુ ના ભ ર ઠ રિ યે ૧૦
સ સારે તો સરમા રહિએ,
સુખને : સ્વપ્ને સરિયે,
બેની ! સમાઇએ સાસરિયે : ૧૧

શ્રી જેઠાગીર દેસાઇ

સંતોના મૂક્તિ પ્રદેશ

હા રે મે શોધ્યા શોધ્યા તો યે ના જડ્યા,
સંતોના મૂક્તિ પ્રદેશ!
હા રે મારી દૃષ્ટિના મારગે ના ચઢ્યા,
સંતોના મૂક્તિ પ્રદેશ!

હતારી સોણલાની સોનેરી હોડલી
ક્રીધી જગ-સિન્ધુની સફર મહા!
બની સવાર તેજ – સમિરના ઘોડલે
ક્રીધી ભ્રમતી વિરાટ ધરા!
હા રે મે શોધ્યા- (૧)

આજી અંજન આખલડીમા વિજ તણા!
ઝલાવી આશા કેરો હિન્ડોલ!
પોઢી વાદલડીના અનુપમ અંકે,
નીરખ્યા ગગન તણા ગોખ!
હાં રે મે શોધ્યા...(૨)

સંધ્યા ઉષાના રંગ ભરી સાથિયા!
રેલાવી મુરલી સુમનનોની ઉરે!
ગ્રહી ચાદા સુરજની દિવ્ય દિવડીઓ!
હા રે મે શોધ્યા" (૩)

હારીને ઉભો હુ આતમને બારણે,
ચક્ષુ મીંચી અધારે અબોધ!
પ્રગટયા ઉદ્યોત ત્યા અંતરના ઓરડે,
દીઠા પથ અને ફૂટ્યા પ્રબોધ!.. (૪)

હા રે મારા હૈયાની આખોએ નિરખ્યા,
સંતોના મૂક્તિ પ્રદેશ!

શ્રી. ભોપાલાલ જોષી

ગૃહિણી કે માનદ સેવિકા ?

ડા. અમૃતલાલ હરજીવનદાસ પટેલ

આપણા દેશમા દર મીનીટે લગભગ ૧૫૦૦ થી ૧૭૦૦ લગ્નો થાય છે તેનો આપણને ભાગ્યેજ ખ્યાલ હશે આમાના ત્રીજા ભાગના લગ્ન નાની ઉમરના બાળકોના કહાય થયા હશે તેમને બાદ કરીએ તો પણ દર મીનીટે એક હજાર લગ્ન તો આવા સ્ત્રી પુરૂષોના થાય છે કે જે લગ્નની જોખમદારી જરૂર સમજતા હશે લગ્નની ભાવનામા સેવાવૃત્તિ, સ્વાર્થત્યાગ, નિસ્વાર્થ પ્રેમ અને કુટુંબ વાત્સલ્ય હોવા જોઇએ તેવુ આપણને શીખવવામા આવે છે પરતુ આ ભાવના અનુસાર વર્તન કરવામા પરણનાર સ્ત્રી લગ્ન કરવાથી શી શી વિપત્તિયો, આફતો અને જોખમદારીયો વેારી લેય છે તેનો તેને જરા પણ ખ્યાલ હોતો નથી ઘણી સ્ત્રીયો એમ માને છે કે લગ્ન કરવાથી એશઆરામ, આનદ, સુખ અને સ્વતત્રતા મળશે પરતુ લગ્નનો ખરો અનુભવ કરવાથી તેને ખબર પડે છે કે લગ્ન કરવાથી કેટલુ સુખ અને કેટલુ દુ ખ ભોગવવુ પડે છે

રેાટલેન્ડમા એક યુવક અને યુવતી દેવળમા લગ્ન કરવા ગયા પાદરીને આવતા જરા લાંબો વખત થયેા સાંજ પડવા આવી, લગ્ન ક્રિયા ચાલુ હતી તે દરમ્યાન અમિરા બનેલા ભવિષ્યના પતિએ ભવિષ્યની પત્નીને મનમા કહ્યું કે બહારથી સાજ પડવા આવી છે લગ્ન થઇ રહ્યા પછી ઘેર જઇશુ ત્યારે શુ રસોઇ બનાવીશ ? આ ઉપરથી પત્નિ બન નારી સ્ત્રીને ખરૂ ભાન આવ્યુ અને બોલી કે શુ લગ્ન પછીની પડેલી, અને છોકરી હરજ તે રસોઇ બનાવવાની જ છે !

યુરોપ અને અમેરીકામા લગ્નપ્રથાને ઘણી વાર મશ્કરીમા ' વગર પગારની ઘરનું કામ કરનાર કાયમની નોકરડી લાવવાની ક્રિયા " કહેવામા આવે છે ' આ કથન સત્ય છે કે કેમ તેનો વિચાર કરવો જોઇએ લગ્ન રૂપી ઢાલના બન્ને બાજુ આપણે તપાસીયે તો, સ્ત્રી જાતિને લગ્નથી થતા ફાયદા અને ગેર ફાયદા તે બાબતે સવાલ ઉપર વિચારવાનુ ઘણુ મળશે

"ગૃહિણી એટલે વગર પગારની ઘરનુ કામ કરનાર કાયમની નોકરડી' આવા શબ્દોથી આ લેખનું શિર્ષક લખવાની મને પહેલાં ઈચ્છા થઇ હતી પરતુ સ્ત્રી જાતી માટે આવા અપમાનજનક શબ્દો વાપરવાથી આદર્શ વાદીઓ છેડાઇ જશે તેમ ધારી, " ગૃહિણી કે માન. સેવીકા " (Honorary Domestic Servant) જેવા મધુર અને મીઠા શબ્દો વાપર્યા છે !

મધ્યમ અને ગરીબ વર્ગની સ્ત્રીયો સવારથી ઉઠીને મોડી રાત સુધી ઘરનું સખ્ત કામ કરે છે તેના બદલામા તેને શુ સુખ અને સતોષ મલે છે તે બાબત જ્યારે હુ વિચાર કરૂ છુ ત્યારે મનમા પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે ગૃહિણીને ઘરની દેવી અને લક્ષ્મી વગેરે શબ્દોથી સબોધીને પુરૂષ વર્ગ સ્ત્રી જાતની મશ્કરી તો નથી કરતો ! આધુનિક કુટુંબો એ અતિશય મોંઘવારી ને લીધે મધ્યમ વર્ગના કુટુંબને ઘર ઘાટી રાખવો પોસાતુ નથી છુટક કામ કરનારી બાઇયો પણ હવે મોંઘે પગારે મલે છે અને તેઓ પણ નિયમિત અને સતોષકારક કામ કરતા નથી, ઉપરાંત ઘરનુ બધુ કામ કરવા તેઓ તૈયાર નથી. આવી સ્ત્રીયોને કારખાના અને મીલોમા દોઢ થી બે રૂપીયા રોજના મલે છે તો પછી તેઓ ઘરનુ કામ ઓછા પગારે શા માટે

કરે ? આવા સંજોગોમા મધ્યમ વર્ગની સ્ત્રીયોને ઘરનુ લગભગ બધુ જ કામ પોતાને હાથેજ કરવુ પડે છે પશ્ચિમના દેશોમા તો ઘરનુ કામ કરનાર એટલો બધો મોટો પગાર માગે છે કે ઉપલા મધ્યમ વર્ગને પણ ઘર કામ માટે નોકર રાખવો પોસાતો નથી

એક મધ્યમ કુટુંબની સ્ત્રી કે જેના ઘરમા તેના પતિ ઉપરાત ફક્ત બેજ બાળકો હોય અને જે કુટુંબ ફક્ત બે ઓરડાવાળા મકાનમા જ રહેવુ હોય તેવા કુટુંબમા, ગૃહિણી આખા વર્ષમા પોતે કેટલુ બધુ કામ છે તેનો ખ્યાલ નીચેના આંકડા ઉપરથી આવશે

આવી સ્ત્રી એક વર્ષમા ૭૨૦૦ રોટલી વણે છે, ૮૦૦ રતલ શાક બનાવે છે, ૧૫૦૦ રતલ દાળ ભાત બનાવે છે, ૨૬૨૦ પ્યાલા ચાહના બનાવે છે વળી આવી સ્ત્રીને આ રેશનીંગના જમાનામા દર અઠવાડીયે ઘરનુ અનાજ જાતેજ લાવવુ પડે છે અને શાક તો તે હમેશા જ લાવે છે રેશન અને શાકની દુકાન એકજ રસ્તા પર અને તે ફક્ત ૫ મીનીટ જ દુર હોય તેમ માની લઈએ તો પણ આવી સ્ત્રી વર્ષમા ૮૦ મીલની મુસાફરી શાક અને અનાજ લાવવા માટે કરે છે અને તે દર વર્ષે ૧૦૦૦ રતલ શાક અને અનાજ જાતે ઉચકી લાવે છે ! આ આકડાઓમા આવાડીયામા એક દીવસ ઓછો ગણવામા આવેલ છે આતો ફક્ત રસોઈનુ કામ થયુ તે ઉપરાત આવી સ્ત્રી ૭૦૦૦૦ વાસણ અને પ્યાલા રકાબી અને ૧૧૦૦૦ કપડા પણ ધોવે છે આવી સ્ત્રી બજારમા પદર કુટ પહોળા તેવા ૨૨ માઈલ લાબા રસ્તામાં ઝાડુ કાઢવુ પડે તેટલુ ઘરમાં દર વર્ષે ઝાડુ કાઢે છે અને ૧૦૦૦૦ ઘન કુટ જગામાં થી જળા કાઢે છે આવી સ્ત્રીને જો ઘરમાંજ નળ ન હોય તો તેને દર વો ઓછામા ઓછુ ચાર હજાર ગેલન પાણી ઘરમા લાવવુ પડે છે !

મધ્યમ વર્ગની સ્ત્રી ઉપર જણાવેલુ જબ્બર જસ્ત કામ વગર પગારે, બદલાની જરા પણ આશા રાખ્યા વગર કરે છે પુરૂષને તો નોકરી કે ધધો હોય તો પણ દર અઠવાડીયે એક રજા તો ચોક્કસ મળે છે, ઉપરાંત બીજા જાહેર તહેવારોએ પણ રજા મળે છે, ને વરસમા ઓછામા ઓછી ૧૨ તો હોય જ ઉપરાત તેને વર્ષમા છ્હની રજા એક માસની અને બીજી રજા ૨૦ દીવસની મળે છે જ્યારે સ્ત્રીને તો રજાના દીવસે કામ વધારે જ કરવુ પડે છે ! માદગી સીવાય તેને જરા પણ આરામ મળતો નથી પશ્ચિમના સુધારાની અસરથી સ્ત્રીઓને મહિનામાં ત્રણ દીવસ માસીક અડચણને લીધે આરામ મળતો તે રીવાજ પણ હવે તો ઘણા ખરા કુટુંબોમા બધ થઈ ગયો છે ! પ્રસુતિની રજા મજુર વર્ગની સ્ત્રીને બે માસ મળે તેવો કાયદો સરકારે કર્યો છે જ્યારે મધ્યમ વર્ગની "માનદ ગૃહ સેવિકા"ને પ્રસુતિની રજા પણ ફક્ત દસ દીવસની જ મળે છે કારણકે આપણા દેશના પ્રસુતિ ગૃહોનો દસ દીવસ જ સ્ત્રીઓને રાખવાનો રિવાજ છે ! વળી આપણા દેશમા મીલોના મજુરને કામ કરવાના દીવસના કલાક આઠ જ હોય છે જ્યારે ગૃહિણીને ઘરમા ઓછામા ઓછુ ૧૨ કલાક કામ કરવું પડે છે અને તેને વરસમાં એક પણ દીવસ રજા મલતી નથી

દુનીયાના અનેક અજાયબી ભરેલા દ્રશ્યોમા મને તો સૌથી અજાયબી ભરેલુ દ્રશ્ય તો મધ્યમ વર્ગની સ્ત્રીનુ ગૃહ જીવન દેખાય છે તેનો આત્મ ત્યાગ, બલીદાન ભાવના, અને કુટુંબ વાત્સલ્ય જગતમા અજોડ છે કોઈ ગૃહ જીવનની આવી ધુરી, તેમા આપણો

પડતો બોજા, અને તમા જીવન ગાળા કરવી પડતી મહેનતનો ખ્યાલ કોના જતા આપણા દેશમાં દર મીનીટે એક હજાર યુવતીયો પ્રભુતામાં પગલા દોસણી પાડે છે તે પણ એક અજુ ઉકેલાયલો કોયડો છે !

બીજોના ગૃહ જીવનના બલિદાન અને આત્મ ત્યાગ નો આ કહાણી વાચમા પછી દરેક પુરષને તેના મનમાં એટલો પ્રશ્ન જરૂર ઉત્પન્ન થશે કે આ બધાના બદલામા પુરષ વર્ગ તરફથી તેને શુ મળે છે અને તેને કેટલા હક્ક પ્રાપ્ત થયા છે તેનો વિચાર કરવા આવશ્યક છે બીજો તો ઘરની રાણી છે તેનુ કહેનારા પુરોને પૂછી શકાય કે તમારી પત્નીનુ ઘરમાં માન સચવાય છે કે ? કેટલની આવકમાથી તેને પોતાની મરજી મુજબ અને પોતાની અંગત જરૂરીયાત ખાતર તેને અમુક રકમ ખર્ચ કરવાનો હક્ક છે કે નહી પર કામમાંથી તેને થોડી પળની રાહત આપતા પુરષ વર્ગ શુ પ્રયત્ન કરે છે ?

બીજોના સૃષ્ટિની તરીકેના હકો બાબત એક વખત આ લેખકને એક મોટા મહી નાગા રોહીત સાથે વર્તાલાપ કરવાનો પ્રસગ મળ્યો હતો આપે આપની પત્ની કે શુ હકો આપ્યા છે તેના જવાબમાં રોહીત બોલ્યા કે મુખેથી બાપ મારી પત્નીને કુ મારી બધી જ મિલકતના માલિક જ માનુ કુ અને તે ખાતર મે મારી સ્વાકર અને જગમ મિલકત તેના જ નામ પર ચડાવી દીધી છે અને મારા મરણ પછી મારા વારસદારોને બદલે તેના બોલીનાથ નાગે કા અને મારે પણ કૈસા જોઈએ છે ત્યારે તેની પાસે એક પણ અમુક નિયત કરાવીને પૈસા ઉપાડુ પા મારી બધી અંગત વસ્તુ છે તથા મે તેના પર અદ્રો વિશ્વાસ રાખેલ છે અને મારી બધી મિલકત તેને મે મોકલી દીધી છે આ વાત સાભળીને કુ તો રોહીતના સ્ત્રીયો પ્રત્યેના માન અને લાગણી માટે. આશ્ચર્યમા ગરકાવ થઈ ગયો અને રોહીતના મે ઘણા વખાણ કર્યા પરતુ પાછળથી માલુમ પડ્યુ કે રોહી દેવાણુ મારવાના હતા અને તે ખાતર જ પોતાની બધી મિલકત ગોકાણીને નામે ચડાવી હતી. બાકી રોકાણીના નામે લાખો રૂપિયા દેવા હતાં રોકડ પગીજી કરજાઉથી બે પાચ રૂપીયા રોકાણીને દર માસે વાપરવા આપતા હતા !

જીવની તે એક બે પૈડાંની ગાડી સમાન છે આ બે પૈડાં તે પતિ અને પત્નિ છે જો બન્ને પૈડા સરખા ન હોય તો ગાડી બરાબર માર્ગ જ નહિ ઘરની દરેક બાબતમાં પતિ અને પત્નિનો સમાન અધિકાર હોવો જોઈએ. પર કામની બાબતમા પણ પુરષ દીવસના પણ કલાક બહાર કામના જતો હોય તે છતાં તે મારે તે પત્નિને અમુક અમુક કામમાં જરૂર છુટ્ટી આપી શકે રેલમ ખુરશી ઉપર બેસી ઓફીસનુ કામ કરવામા પુરષને શરમ નથી આવતી અને આનદ આવે છે તેવી રીતે પરતુ નાનામા નાનું કામ પોતાની પત્નિને રાહત આપવા ખાતર કરવામા પુરષને શરમ આવવી જોઈએ નહિ વળી પોતાની આવકનો અમુક હીસ્સો તો પત્નિને તેની ઈચ્છા પૂર્ણ વાપરવા આપવો જોઈએ અને તે રકમ કયાં વાપરી, શા માટે વાપરી તેવા પ્રશ્નો પૂછવા જોઈએ નહિ. બાને એક પેની સમાન સમજી પર ખચનુ આવુ અવાજુ અધિકાર પત્ર પતિ-પત્નિએ સાથે બેસી એક મને બનાવવુ જોઈએ અને બેન્કના ખાતા બન્નેના નામે લેવા જોઈએ અને બેમાથી કોઈ પણ વ્યક્તિ પોતે ધી એકલાની જ મરજીથી પૈસા ઉપાડે તેવી ગોઠવણ થવી જોઈએ

આ બાબતમા આપણે ગુજરાત અને બારી,

દર રવિવારની આખી રજા માગે છે ત્યારે ગૃહિણીએ એવી શુ ગુનેગારી કરી છે કે તેને વરસમા બોજ દીવસ પણ આરામ ન મળે ? પત્નિ દેશમા સુધારવા માટે જાય ત્યારે સવારે ભાખરી શાક બનાવી બન્ને વખત તેજ ખાઇ લે એવા ઘણા પુરૂષો આ દેશમા છે રવિવારે સાજે જોજ બધ હોય ત્યારે કાચુ કોરૂ ખઈ ઘણા પુરૂષો ચલાવી લેય છે તો શુ દર રવિવારે કે શનીવારે આવાડીયામા એજ વખત સવારે બનાવેલી પણ સાજ સુંવી બગડે નહિ તેવી રસોઈયી પુરૂષ વર્ગ ચલાવી ન લેય ? કર કસરથી અને લાગણી પૂર્વક અને કાળજીથી ઘરની રસોઇ બનાવનાર ઓ તેના પતિને દર મહિને ઓછામા ઓછા રૂપીયા પચાસનો ફાયદો કરી આપે છે તે વાત ભુલી જવી જોઇએ નહિ આ વાતની ખાત્રી તો જે કુટુબમા રસોઇયા રાખવામા આવે છે ત્યા થાય છે પગારને નામે નહિ પણ કુટુબના બતાને ખાતર પુરૂષ વર્ગ જો પોતાની આવકમાથી અમુક રકમ બીજાને દર મહીને આપતો જાય તો તેજ રકમ તેના કુટુબને જ ખાતર વપરાશે સ્ત્રીઓ આવી રકમનો બધો ઉપયોગ પોતાના જ સુખ ખાતર ભાગ્યે જ કરશે પરતુ તેને એટલો તો જરૂર સતોષ થશે કે પોતાના કામની થોડી ઘણી પણ કદર થાય છે સતોષ અને સદભાગ્યની વાત તો એ છે કે આ દેશની સ્ત્રો આવા બદલાની કે કદરની જરા પણ આશા રાખ્યા વગર સ્વાર્થ ત્યાગ અને સ્નેહથી કુટુબ સેવા બજાવે છે

વૈજ્ઞાનિકો ગૃહિણીઓની વહારે ધાય છે ..!

તેમને ગૃહકાર્યમા પડતા શ્રમને નિવારવા માટેના વૈજ્ઞાનિક પ્રયાસો

બ્રિટનમા ગૃહિણીઓને તેમના ગૃહ કાર્યમા શ્રમ ઓછો પડે તેવા વૈજ્ઞાનિક સાધનોના ઉત્પાદન તરફ હમણા હમણા વધારે લક્ષ્ય અપાઈ રહ્યું છે લડન અને બર્મિંગહેમ વિદ્યા પીઠો ગૃહકાર્ય અગેના વિવિધ પ્રશ્નોના અભ્યાસ અને સશોધન કાર્યોમા મદદગાર આપી રહી છે અને તેને પરિણામે ગૃહકાર્યમા મદદનનો બચાવ થાય તેવી જાતના સાધનોનુ ઉત્પાદન શક્ય બનશે એવી આશા છે વધુમા ગૃહિણીઓના રોજીદા ઘર વૈતરાને ઓછુ કેમ કરી શકાય તે માટે ઉત્પાદકોએ શુ કરવુ જોઇએ તે અગેનુ તેઓ વૈજ્ઞાનિક નિષ્ણાતો પાસેથી શિક્ષણ–સલાહ–સૂચના મેળવશે

આરોગ્ય શાસ્ત્રને લગતી લડન ની શાળાના ત્રીન પ્રો મેકિન ટોશની દોરવણી નીચે ૫૦ તબીબી વિદ્યાર્થીઓ જુદા જુદા ઘરોમા ગૃહિણીઓના કામનુ પ્રત્યક્ષ નિરીક્ષણ કરશે દૈનિક ગૃહકાર્યમા ગૃહિણીને પડતા શ્રમની નોધ કરે તેવી જાતનુ એક યન્ત્ર બર્મિંગહેમના પ્રો. બકર મેને તૈયાર કર્યું છે ગૃહિણી પર માનસશાસ્ત્રની દૃષ્ટિએ ગૃહકાર્ય અગે કેવા પ્રત્યાઘાતો નિપજે છે તેના અભ્યાસ–અવલોકન માટે પણ યોજનાઓ તૈયાર કરવામા આવી છે

મોહન બહન કયા કહુ ' નિશાસો નાખે છે ' આપ યહા હમારી છતની સુદર ઓયા દેખતે હો ઇસસે કુછ હુમારા ઇસકા સૌદર્ય હય, ઔર ઇનકે બાયે કપોલ પર એક તીલ હય જો ઉનકી પુરી પહચાન દે જાતા હૈ

ઇંદુ : ભૈયા સુનો, આપ મેરે ભાઇ હો, આજસે હમારા ભી યહ કર્તવ્ય રહેગા કી હમભી ઇનકી તલાસ કરતે રહેગે

મોહન . આપકા અહેસાન,

ઇંદુ : ચલો ખાના તૈયાર હો ગયા હૈ .

સુરેન્દ્ર ચલો ભૈયા, હમારા આત્મા પુકારતા હયકી આપકા કામ હો જાયગા

[ઇંદુ અદર જાય છે બન્ને મિત્રો પણ ઉઠી કપડા માંદી જાય છે]

પડદો.

× × ×

પ્રવેશ ૨ જો

[પદરેક દિવસ પછી તેમની બાજુના બ્લોકમાં કોઇ પરદેશીઓ રહેવા આવેલ છે તેમા એક પુરુષ અને ત્રણ બૈરાઓ છે આખો દિવસ અજવાળાની મારફત ઘરમાં બરાબર રહે છે રાત્રે કયાંક બહાર જાવ્યા જાય છે અને મોડી રાતના આવતા હોવાથી કોઇને જોવાનો પ્રસગ બનતો નથી એમાં એક દિવસ અદર અદર તકરાર થતી સાંભળી ઇંદુ બે બ્લોકની વચ્ચેના બારણાની તીરાડમાંથી જોવા અને સાંભળવા પ્રયત્ન કરે છે]

હેમા તો કયા હમ કમાયેગે ઔર તુ મજા કરેગી.

તારા વો તો રાણી સાહબા હય.

હેમા બજ રાજા નહિ તો રાણીકી કયા કીંમત.

સજની મે જો કુ વો કુ તુમારી તરહ અપના શરીર ઔર શીલ બેચ કર જીદી રહેના નહિ ચાહતી હુ

હેમા–તારા અરે નાહરે સતી સીતા

[હસવા કરે છે.]

સજની . ચુપકર તુમારે મુહમે સીતાકા નામ અચ્છા નહિ લગતા હય.

કાલુ છોડો બાત, જાનો (સજનીને) હમારા કહેના તુમ્હે મજુર હય યા નહિ

સજની નહિ હરગીજ મજુર નહિ હય. મૈ ભૂખે મરનેના પસદ કરુગી લેકીન તુમારી બાત હમે કબુલ નહિ હૈ.

હેમા નહિ કરેગે તો હમ કબુલ કરવા યેગે.

સજની તેરે જેસી તો બહોત લુચ્ચી મેને દેખી હય

[ગુસ્સામા લાલચુમ થઇ જાય છે]

હેમા ચુપ, બદમાસ.

[ગુસ્સામા આવી તે પણ સજનીને મારવા જાય છે સજની ઉભી થતાં]

સજની Mr Kalu ask these fools to go away from othe rwise they will be no where (મી કાલુ આ મૂર્ખાઓને દુર જવાનુ કહો નહિ તો હતી ન હતી થઈ જશે.)

કાલુ And where will you than (પછી તુ કયા હઇશ)

સજની I care very little for my life (મારી જીદગીની મને પરવા નથી)

કાલુ But we have more care for your life (પણ અમને તેની વધારે પરવા છે)

સજની You will never get it for your malid purposes till

I die (એ મારાં મર્મો પકેલા તમારા ખરાબ આશયને માટે મળશે નહિ

કાલુ Mind you shall have to die without water and food. (યાદ રાખ કે તારે પાણી અને ખોરાક વીના મરવુ પડશે.)

[ઉડ્યા રહેવાનુ નથી તે ખાલી હઠ છે]

ઈદુ મારો રોષો કોઈ અદમાસ આગે છે

[કાલુ આ કુજનીના સ વાદ કરમાન કેમ ને તારા કપડાં પહેરી તૈયાર થઈ કોપ છે કાલુ પણ જવા માટે તૈયાર છે તે બતાવવા]

કાલુ Think calmly (શાંતીથી વિચાર કરજે.)

સજની I have already determined to die instead of living with black face

[મને બજ બદાર હવુ મારી સજનીને બદલે પુરી થાવ્યા બદ છે]

પડદો.

× × ×

પ્રવેશ ૩ જો

[સાંજના સાતેક વાગ્યાને સુમાર સુરે દ આવે છે ઉદુ રસોઈ કરતી કરતી બારે પડખે આવીને ડોકાઇમાંથી જેવી પ્રાયેથી કોણ શુ કરે છે તે જોઈ લઇ છે તેના કોઈ હાવભાવ પરથી નથી મારીમે આવી જોરે છે અને ચાલ્યા છે]

ઉદુ પ્રભુજી ન્હોય કસોટી આવી,
કે જે માનવ ટેક ભૂલાવી,....

[બહાર બજ પાનો તારો રવર મોબાઈલ કરે છે ને બગવાનને પડે બોલાવે]

દુષ્ટ જનોના ભમ્યા ભોંકાડા,
કુડ કપટના મોટા ખાડા,
કેમે પાર ઉતારી...પ્રભુજી

[બારીએ આવી જોઈ બદ છે સુરે દ આવતો દેખાતો નથી પાછા જતાં ગીત ગાતી બદ છે સુરેન્દ્ર તેની પાછળ જ પ્રવેશ કરે છે]

કપટ કુચ્ચા મોજો મારે,
સતીયા કુબીયા આ સ સારે,
તારી રીત નીરાળી. પ્રભુજી

સુરેન્દ્ર કેમ ઉદુ આજે પ્રભુને કપોકા આપવા માડયો છે

ઉદુ તો શુ કરે, પ્રભુને પણ એને ચાહનાર અને એના પર શ્રદ્ધા રાખનારને કસોટીની પરાકાષ્ટાએ ચડાવે છે

સુરેન્દ્ર કેમ આજે આટલુ બધુ

ઉદુ ભારતના સાચા ઈતીહાસનો એક પ્રસ ગ આજે નજરે જોયો.

સુરેન્દ્ર ભારતવર્ષની સ સ્કૃતિ જ એના સાચા સ્ત્રીત ઉપર જ નિર્ભર છે શુ જોયુ ?

ઉદુ આવો બતાવુ

[સુરેન્દ્રને બધા બારણાની તીરાડમાંથી જોવા કહે છે સુરેન્દ્ર બહાર એક ઓર રડી જાય છે પાછા વળીને]

સુરેન્દ્ર શુ બીના છે ઉદુ

[બાર કરે છે]

ઉદુ મને તો કાઈ કામ જ સુઝતુ નથી. તમો આવો તેની રાહજ કયારની જોતી હતી.

સુરેન્દ્ર આજે જરા મોડુ થયુ (વિચાર કરીને) ઉદુ આપણે યોગ, સાહસ કરવુ પડશે

ઈદુ એક પવિત્ર બ્હેનને બચાવવા મારો સ પૂર્ણ સાથ છે

[સુરેન્દ્ર બારણા પાસે જાય છે અને ટકોરા મારે છે સજની ટકોરા સાભળી ચમકે છે સાવધાન થઈ પુછે છે]

સજની કૌન ?

સુરેન્દ્ર Friend, Sister open this middle door. (મિત્ર, બ્હેન આ વચલુ બારણુ ઉઘાડો

[સજની હઠે છે અને બહારની સાકળ વાસે છે અને વચલુ બારણુ ઉઘારે છે તેણીને બદીના બજવાળામાં જોતા તે સજનીજ છે એની સુરેન્દ્રને ખાત્રી થાય છે છતા ચુપ રહે છે, ઈદુ તેને બાથમાં લઇને ગાદી પર બેસારે છે]

ઈદુ બીઓ મત, અબ કોઇ બાધા નહિ

[સજની કાઇપણ બોલી શકતી નથી અને ઈદુના બોળામા ઢળી પડે છે સુરેન્દ્ર પાણી લાવી મોં ઉપર છાટે છે ને પવન નાખે છે થોડીવારે સાવધ થતા જોઇ થાય છે ને]

સજની માફ કરના આપકો તકલીફ દીયા

સુરેન્દ્ર ઇતના ગભરાનેકી કોઈ જરૂર નહિ બહન.

સજની મે દુખસે નહિ ગભરાતી મગર ભૂખને મેરા યહ હાલ કીયા હૈ, આજ તીન દિનસે કુછ ખાયા નહિ હૈ.

[ઈદુ લઈને અદર જાય છે અને એક કપમા દુધ અને થોડા બીસ્કીટ લાવી આપી તેમાને ખાવા કહે છે]

મે નહિ લે શકતી.

ઈદુ કયો

સજની મેને શપથ લીયા હયની મેરે પતિકે મીન જનેકે બાદમે ખાના ખાઉગી

સુરેન્દ્ર બહન, મુઝે આપકા ભાઈ સમજો, ઔર મે આપકો આપકે પતિ મોહનસે ભેટ કરા દુગા.

સજની (એકદમ હોસમા આવતા) મોહન, કીધર હય, મેરા પતિકા નામ મોહન હૈ યે આપને કીસી તરહ જાના.

ઈદુ અગર આપકા નામ સજની હૈ તો આપકા પતિકા નામ મોહન હોના હી ચાહીયે. બોલો આપકા નામ સજની હૈ.

સજની હા બીલકુલ સચ્ચ.

સુરેન્દ્ર તબ કલ સુબહ આપસે ઇનકી ભેટ કરા દુગા, યે થોડા ખોરાક લે લો

સજની ભાઇ માફ કરના ઇનકે દર્શન કીયા બીના મે ખુરાક નહિ લે શકતી.

સુરેન્દ્ર બહન મેરા કથન પર આપકો ઇતબાર નહિ હૈ. મુઝે ઇનકા પતા માલુમ નહિ હય અગર હોતા તો મે કબી ઇનસે આપકી ભેટ કરા દેતા, વે ભી આપકે લીયે ઇતના હી દુખી હય.

ઈદુ ઇતના કહેને પર ભી આપકો વિશ્વાસ નહિ આતા બહન, કલ રવિવાર કી છુટ્ટી હૈ ઔર મેરા મોહન ભૈયા હમારે યહા ખાના લેનેકો આતા હય.

સજની ઓ હોકર ભી આપ ભૂલ કરતી હૈ, બારહ ઘટા બ્યાદા મે કુછ ન લે શકુગા.

સુરેન્દ્ર ધન્ય બહન તેરી પ્રતિજ્ઞાકો, ખુરાક મત લેના. યે દુધ લેલો

[સજની જ મેના આગ્રહને વશ થઇ દુધ પાએ છે]

મે લોક વાપીસ કબ આતા હય.

સજની આયગા મુજો આઠ બજે,

સુરેન્દ્ર અચ્છા, યહાહી લેટો, મે થોડા ઇન્તેજામ કરકે આતા હુ

[સુરેન્દ્ર કપડા પહેરી બહાર જાય છે]

પહરો

× × ×

પ્રવેશ ૪ થો.

[બીજે દિવસે સવારના પોલીસ ફોજદાર વગેરે આવીને સુરેંદ્રને લઇ જાય છે તેની સાથે વાતો કરે છે ત્યાં મોહન પણ આવી પહોંચે છે સજની અને ઇંદુ અંદરના ખંડમાં છે બન્ને બહારની પરસે પડદો નાખેલ છે

બોરો સમજ જતા પેલા ત્રણે આવી પહોંચે છે અને બારણું ખોલતા સજનીને નહિ જોતા ત્રણે જણ ઝેબી સાથે બોલી ઉઠે છે]

ત્રણે સાથે ઃ પકડી ઉડી જાયેલ

[પાછળ ફોજદાર દાખલ થતાં]

ફોજદાર ઠેર ઉડી જાયેા બા.

[ત્રણે જણ ખમે છે]

Mr Kalu you are arrested
(મી કાળુ તમને પકડવામા આવે છે)

કાળુ Who are you and where is the warrant. (તમો કોણ છો ? અને વોરંટ કયાં છે

ફોજદાર I am an Inspector of the Vigilence branch and you are arrested for kidnapping a lady without food and water, for your malni purposes (વોરંટ બતાવતા) Here is warrant for you. હું પીજલન્સ બાન્चનો પોલીસ ઇન્સ્પે કટર છુ અને એક સ્ત્રીને ખેરાપરે અનૈતિક હેતુઓ પાર પાડવા માટે પુરી રાખવા માટે પકડવામા આવે છે આ રહ્યું વોરંટ

પોલીસને
આએા લઇ જાઓ બધાને લોકઅપમા

[બધાને પોલીસ લઇ જાય છે અને પછી સુરેન્દ્રના ઘરમાં આવીને ચારતેા હેવા બેસે છે]

સુરેન્દ્ર ફોજદાર સાહેબ હું આપનેા આભાર માનુ છુ

[ત્યાં અંદરથી ઇંદુનેા અવાજ આવે છે]

ઇંદુ મોહન ભૈયા જરા ઇધર આના

સુરેન્દ્ર જાઓ મોહન આપની બહેન બોલા રહી હૈ

મોહન મેરા ક્યા કામ હૈ.

સુરેન્દ્ર ઃ મુઝે કયા માલુમ જાઓ ઉનસે પુછો.

મોહન અચ્છા ભૈયા

[જાય છે પરંતુ દુર જરી અંદર જાય છે સજની પાછા ફેરવીને બોલાવે છે તેના તરફ આંગળી કરી]

ઇંદુ ભૈયા ઇસકેા પહચાનને કેા.

મોહન જી નહિ બીના મુહ કૈસે પીછાન સકુ

[સજની પાસે જાય તેને ફેરવી નાખીને]

ઇંદુ ઇતને આપ સચ્ચે હેા
કૈસેા કોન હય.

[સજનીની પણ ધીરજ ખુટી હતી તે ઓરડામા જઇને મોહનના પગમાં પડે છે ને ઇંદુ બહાર નીકળી જાય છે]

[બેઠી કરી ભેટી પડે છે]

સજની મેરે મોહન.

મોહન મેરી સજની

[બહાર બેઠેલા ફોજદાર ને સુરેંદ્ર પણ જાણતા આવે આ પ્રેમી યુગલના મિલાપનું દ્રશ્ય જોઇ રહે છે]

પડદો.

એક પત્ર

—આજકાલના સુધારામાં પોતાની જાતને ગણાવતા નવયુવાનોને એક યુવતિનો પત્ર

✍ નિરજના ર. શાહ

પ્રિય મહેશ,

આજે આપણા જીવનમાં પત્ર-વ્યવહાર શરૂ થાય છે અને એમા ય મારે જ પહેલ કરવી પડે છે કારણ વચનથી બધાઇ ગઇંતી ના ના તમે જ મને બાધી લીધી છે

તમારા બધા જ પત્રો મે વાચ્યા છે તમને નવાઈ લાગશે કે મારા બાપાના પત્રો મારા હાથમા કયાથી ? પણ આજે મારા બાપા બહાર ગયા છે કબાટની ચાવી ગોતતી'તી ત્યા અચાનક, બીસામાથી તમારા પત્રો નીકળ્યા વાચ્યા શરૂ શરૂમા તો પત્રો સારા હતા. કયાક કયાક જરા ગરમ વાકયો મળતા

આસ્તે આસ્તે તમારા પત્રોએ ગરમ સ્વરૂપ પકડયુ રાહ બદલાયો મને નવાઇ લાગી થયુ વાત કયા જઇને અટકશે ? અદાજ મેળવવો મુશ્કેલ હતો છેલ્લા બે પત્રો મારા પર લખ્યા'તા પણ મને નહોતા મળ્યા એ પણ મે વાચ્યા વાચીને જણાયુ કે પરિણામ ધન્ય હતુ આખા બધા પત્રોની કર્ષ જ અસર નહોતી. કાંઇ જ પરિણામ નહોતુ—શરૂઆત અને અત બને એકબીજામા વિલીન થઇ જતા હતા

તમારા પત્રો પરથી કુ તો એજ સાર કાઢુ કે તમે પોતપણુ જાતનો નિર્ણય નથી કરી શકતા. ઓ એથી જ આપણા લગ્ન નિરર્થક લબાવો છો।

તમને લાગે છે અમારુ ઘર જૂનવાણી વિચારનુ છે મારા બાપા સમાજથી ડરે છે. આપણને મળવા દેવામા માનતા નથી રીત રિવાજને ખૂબ જ ચૂસ્તપણે વળગી રહ્યા છે એ ખોટુ છે અને ફકત આવીજ બીજી બે-ચાર વધુ માન્યતા હશે તમારી. અને ફકત આવા નજીવા કારણસર તમે સગાઈ તોડી નાખવા તત્પર થયા છો ધન્ય છે તમારી હિંમતને ! અને તમારા મિત્રોને જે તમને આવી સલાહ આપી રહ્યા છે !

તમને ખબર છે-તમારે મારા બાપા સાથે યા તો મારા ઘર સાથે જીન્દગી નથી વિતાવવી તમારે મારી સાથે જીન્દગી વિતાવવી છે જરા આગળ વધીને કહુ તો મારે તમારી સાથે જીન્દગી વિતાવવાની છે એટલે તમારે મારો ખ્યાલ કરવો પડે મારા બાપાનો નહીં

અને તમે જે મારા સબંધમા મારા બાપાને પૂછયુ છે એ મારે તમારા બાપાને પૂછવુ પડે પણ હુ જાણુ છુ કે એ અશ કય છે ઓએાને એટલો બધો હકક હજી નથી મળ્યો

મારી સમતિની વાત કરો છો ? કેવા મૂર્ખ માણસ છો તમે જેણે મને જન્મ આપ્યો છે, મને મોટી કરી છે, મને સમા જ્હાલાની પરવા કર્યા વગર આટલી તાલિમ આપી છે એ કઇ મને બાકામાં ન ધકેલે મને મારા મા-બાપ પર સપૂર્ણ વિશ્વાસ છે એમણે જે કર્યું છે તે યોગ્ય જ કર્યું છે પછી ભલેને તમે ગમે તેવા હો.-તમને મારા બનાવવામા તો કમ્ત મારી જ ચપળતા ઉપર આધાર છે કુ તમને પૂણ વિશ્વાસથી કહીશ કે મારી સમતિ લીધી હતી. એટલી તો મને છૂટ હતી નહિતર પણ છોકરાની સમતિ

સેનાપ છે છાકરીની નહીં એમાંય આપણા પૂર્વજોનો કંઈક ઉંડો હેતુ સમાયેા હશે તમને નથી લાગતુ ?

તમને લાગે છે કે મારી રિયતી પીંજરના પંખી જેવી છે એ હેાસ્તેા સાથે બહાર પણ ન જઈ શકે અને એથી તમને એવી બીક રહે છે મારા સરકાર-મારી દુનિયાદારી-મારુ બહારનુ જ્ઞાન હેતુ હશે ? મારી માન્યતાઓ મારા વિચારો સ્વભાવ કેવાક હશે ? સ્વાભાવિક છે કે આપણને બન્નેને આવા તેા કેટલાય સવાલેા ઉઠે-દોસ્તેા સાથે રખડવામા યા તેા બાગબગીચામાં ફરવાથી જે જ્ઞાન આવે અનુભવ મળે ? ઘરની ચાર દિવાલેા વચ્ચે જે જ્ઞાન મળે છે એ જ્ઞાન એવુ તેા મરસ અને લાભદાયી હેાય છે કે જે કયાંય નથી મળતુ વડિલેાનેા અનુભવ આપણને છાવણીમા ખૂબ જ કાપરાકાર નીવડે છે બાકી રહ્યું સ્વભાવ અને માન્યતાઓ તેા એ બાબતમા તેા મારે કહેવું રહ્યું કે બીજાના હાથને હજી તમે ઓળખી શકયા નથી મને કહેવા દો કે બીજા બીજાને અનુકૂળ થવામાં ખૂબ જ કોશિયાર હેાય છે એમને તેા એ જીવનના પહેલે પગથીયે જ એ શિક્ષણ મળી ગયુ છે અને એક વાત બીજી પણ કહું કે બી અને એમાય મારા જેવી નાજુકમાં મુકાયેલી-જેને કાપ આપી કે છે એ પછી બીજી વસ્તુનેા બહુ જ ઓછેા વિચાર કરે છે તમને કદાચ બનાવટી પ્રેમ આપવેા છે એ બીજો મારે તેા ખરુ છે એમ તેા હું મારા સ્વાનુભવ પરથી કહું શું કદાચ પુરુષા મારે મને કહ્યા છે એ બધે કોઈ હશે યા નહિ !

તેા સાહેબ ! તમને એટલુ જ કહુ કે કોઈના સ્વભાવ વિચાર કરતા શીખા. એ દોસ્તોને જોડી દો કે જે તમને નવા સુખ રાના બરાબર વિસામેા તમારા મનમાં ભરે છે તમને ઉંધા રસ્તે જતા માટે ઉકેરે છે કારણ કે એમને તેા વગર પૈસે તમારો જોવેા છે અને કદાચ ઉંડે ઉંડે એમને તમારી અદેખાઇ આવતી હેાય તેાય કેાણ જાણે ? તમારામા થેાડીક બાળક મતી છે તેને હંમેશા કરેા જરા ગંભીર બનેા.

હું તેા એક જ વાત કહુ કે જ્યારે આપણે જીન્દગીના સબંધથી જોડાયા તેા પ્રેમભાવ વધે એમ વર્તવુ. જોઇએ ' શકા કેાઈ પણ જાતની રાખવી ન જોઇએ. વડિલેાને ન ગમે એવુ આપણ વર્તન પણ ન હેાવુ જોઇએ એમણે તેા કેટલાય ઉત્સાહથી આ કામ પાર પાડયુ હશે. એમની કેટલીય ઉમ્મીદો હશે-શુ એના ઉપર આપણાથી પાણી ફેરવાય ? ના ના એટલા બધા તેા નાલાયક કેાઇ પણ પૂત્રો ન હેાઇ શકે.

બીજુ શુ લખુ ? પત્રનેા જવાબ ન લખવેા જોઇએ એ તેા તમને સ્પષ્ટ કહી પત્ર લખીને તમે ત્યા રહ્યાં-મારે અહી સાંભળવુ પડે-મારે મહેરબાની કરીને.

વધુ શુ કહ્યુ કહ્યુ સાક્ષી છે

લી.

તમારી કમલેશના

શુ લખુ

'ગુજરાતી' સપ્ટેમ્બર '૪૯ થી
૨૭ મા વર્ષમા પ્રવેશ કરશે
સપ્ટેમ્બર '૪૯ થી વાર્ષિક
ગ્રાહક
થનાર માટે ખેટ પુસ્તક છપાય છે
રાણકદેવી
અને
બીજાં નાટકો
લેખક
મૂળજીભાઇ પી શાહ

બંધનને બહાને

શ્રી જયતિલાલ એન. શેઠ

પરિક્ષામા પસાર થવાનો આનંદ, એ વિદ્યાર્થીઓને અનુભવ પ્રસંગ હોય છે

આજે નિરંજનનુ પરિણામ બહાર પડવાનુ હતુ, તેની ઘડી અને પળો ગણાતી હતી જેમ, જેમ એક પળ પસાર થતી હતી, તેમ તેના હૃદયના ધબકારા વધતા હતા

" નિરંજન છે કે ? " એવી ગુમ બહાર સંભળાઇ તેને જોયુ તો તારવાળો હતો તાર વાચ્યો, તેના મુખ પર આનંદની રેખાઓ છવાઇ ગઇ

" નિરંજન તાર કોનો છે ? " તેના પિતાએ ઘરમા પ્રવેશતા પુછ્યુ

" મારા મિત્ર તરફથી પરિક્ષા પાસ થયાનો. "

નિરંજન પાસ થયો, અને મિત્ર તરફથી તેમજ સગાસબંધી તરફથી અભિનંદનો મળ્યા.

" નિરંજન, આગળ અભ્યાસ માટે શુ વિચાર કર્યો ? " તેના પિતાએ પૂછ્યુ

" કૉલેજમા દાખલ થવાનો. "

નિરંજના પિતાએ, કૉલેજમા દાખલ થવા સંમતી આપી, અને તેણે કૉલેજમા દાખલ થવા માટેની તૈયારી કરવા માંડી

× × ×

કૉલેજમાં, ભણતુ એ યુવક વિદ્યાર્થીઓ, સુવર્ણયુગ માને છે નિરંજન કૉલેજમા દાખલ થયો, જે ગામડાની નિશાળમા, નિરંજન હતો તે આજે નથી. તેનો પહેરવેશ, તેમજ દરેક બાબતના ઢાળમાં ધરી ગયા હતા કારણ કે યુવાની, સ્વતંત્રતા, અને ગર્વેરની હવા, જોગી મળે તો ભાગ્યેજ સ્વસ્થ રહેતા જ આવે. નિરંજન અભ્યાસમા આગળ પડતો હતો અને તે કારણે તેનુ માન પણ હતુ

× × ×

" Good Morning Niranjan."

કૉલેજમા જતો હતો, તેવામા પાછળથી કોઇનો અવાજ સંભળાયો, પાછળ જોયુ તો, તેની સાથે અભ્યાસ કરતી શારદા હતી

" Yes, Good Morning. "

બન્ને સાથે કૉલેજ તરફ ચાલવા માંડયુ આજે અચાનક મેળાપ થવાથી બન્નેના હૃદયમા કાંઇ કુતુહલ જાગ્યુ હતુ

" નિરંજન, વેકેશનમા ઘેર જશો ને ? "

" નક્કી નહી મારો ફરવાનો વિચાર છે "

" If You have no objection may I accompany you. "

" I have no "

કૉલેજમા દાખલ થયા

× × ×

રજાઓ પડી, નિરંજન ને શારદાની મુસાફરી શરૂ થઇ, બન્નેએ સાથે ફરવુ, ફરવુ, ખાવુ, પીવુ, પણ હૃદયની ઉર્મીઓ, હજુ સુધી હૃદયમા રહી છે શારદા નિરંજનને ચાહતી હતી. નિરંજને પણ શારદા માટે તરંગો રચતો હતો

" નિરંજન " કહી શારદા બોલતી બંધ થઇ ગઇ

" શારદા, શરમ હોય ત્યાંજ પ્રેમ હોય છે "

શારદા, નીચુ જોઇ રહીને તેના મુખ પર શરમની રેખાઓ છવાઇ ગઇ અને આટલુ સાંભળતા હૃદય હાલી ઉઠ્યુ, ને અવાચક બની ગઇ કે કાંઇ બોલી શકી નહી.

" ના, અબોલાપણુ હોય ત્યાં પ્રેમ હોય છે "

શારદાને હોઠમા હસવુ આવ્યુ

" ના હોઠ હસતા હોય, ના હૃદય હસે છે "

શારદા એ હૃદય, પર હાથ ફેરવ્યો.

હસતુ હૃદય, આ કૃત્રીમ આંખોથી નહી પણ, પ્રેમી નયનથી દેખાય છે

શારદાએ, આંખો પર હાથ ફેરવ્યો.

" પ્રેમી નયન મેળવવાને માટે પ્રેમી નેણા બનાવવી પડે છે, અને એ નેણા હારવાને શુકાની ની જરૂર પડે છ "

"શુકાની કયા મળે ! ' શારદાએ પુછયુ

" ગોધા જરૂ પડતુ નથી, એ તો નેણા પાછળ તણાઇ આવે છે "

" તમો, પણ કોઇ નેણાના શુકાની બન્યા હશો ખરા કે ? "

" બન્યો છુ તો ખરો "

" ઉ માર શુકાની પણ, મેળવવાને માટે કઈ નેણા ભાગ્યશાળી થઇ છે ? "

" એ નેણા કાઈ છુપી નથી જે નામને કાગળ લઇને વાચવા માડયો, વાંચતા ! તેનો ચહેરો બદલાવા લા યો, આંખોના ભવા ચડી ગયા, હૃદયમા તોફાન મચ્યુ, ને પાસે પડેલા ફેંટમા પડતુ નાખ્યુ, થોડીવાર રહીને, સ્વસ્થ થયો ને ફરીવાર કાગળ વાચવા, લાગ્યો. " ભાઇ નિરંજન,

રત્નઓમાં તુ પેર ન આવ્યો, તેથી દીલગીર, પણ સાચે, અનહદની વાત જણાવુ છુ કે, તારા સ્વપ્ન નકામી કર્યા છે આટલુ વાચી કાગળ ફાડી નાખ્યો, ને કાગળનો ટુકડો વાચવા મડયો

પિતાજી

" આપનો કાગળ મળ્યો, સ્વપ્ન સબધમાં આપે માથુ મારવાની જરૂર નથી '

આપનો નિરંજન.

× × ×

" આ તુ શુ બોલે છે, આતો મારૂ ન્યાતમા નાક કપાઇ જાય "

" કેમ ? "

" અરે આપણાથી વાણીયા સાથે પરણાય ? "

" કારણ ? "

" સમાજના બધન "

" બધન " (આશ્ચર્યથી)

" હા, બધન. "

" એ બધનની દરકાર ના કરીએ તો ! "

" એ ના ચાલે, આપણા બાપદાદાની આબરૂનુ લીલામ થઇ જાય. "

" હુ બધનને માનવાને તૈયાર નથી "

" તારે માનવા જ પડશે ! તારા વૃદ્ધ પિતાની આબરૂ ખાતર, અરે મારી વૃદ્ધાવસ્થાના સુખ ખાતર નહી પણ દુ ખ ખાતર, મે તને આ માટે જણાવ્યો છે બોલતા બોલતા આખમાથી આસુ આવી ગયા "

" નિરંજન, વિચારમા પડી ગયો, તેના મુખ પર નિરાશા છવાઇ ગઈ, તેને પિતાની સ્થિતી જોઇ, તેની આખ આગળ દયા ને કરૂણ ખડા થયા એક શબ્દ પણ બોલ્યા સિવાય નિરંજન ચાલી નીકળ્યો. "

× × ×

આજે, છેલ્લા વર્ષનુ છેલ્લુ પરિણામ, બહાર પડવાનુ હતુ

" નિરંજન "

" કોણ, શારદા " !

" હા, અભિનદન. "

" શાના, અભિનદન ! "

" આપ પરિક્ષામા પસાર થયા તેના. "

" Thank You "

" શારદા, તારૂ પરિણામ ? "

" મારૂ પરિણામ, તો તમારા હાથમા છે ! "

" એટલે ? "

" એટલે, એજ કે, મારૂ જીવનનુ પરિણામ તો તમારા હાથમા છે "

" હા, સમજ્યો "

" મારા પરિક્ષકપણામા, તે પરિક્ષા પસાર કરી છે "

" પસાર કરી હોય તો, સર્ટીફીકેટ આપવુ પડશે. "

" જરૂર આપીશ. "

" સર્ટીફીકેટ કાગળ પર લખેલુ નહી પણ હૃદયમા કોતરવુ પડશે. "

" એટલે –" (આશ્ચર્યથી)

" આપ ન સમજ્યા, સર્ટીફીકેટ આપનારને લેનાર બન્ને હમેશ માટે વાંચી શકે "

" આ કોઈ ન સમજાવુ "

" સમજાવુ, જો પસાર થઈ શુ તો, મારૂ સર્ટીફીકેટ આપના હૃદયમા જડી લ્યો. "

" કયારનુ એ સ્થાન નક્કી કરી દીધુ છે "

" તો પછી હવે આ ઘડીભર આનદને બદલે હમેશનો બનાવો "

" એટલે, "

" જાહેરમા, હાથમા હાથ મિલાવી, જણાવી દયો કે અમો હવે હમેશના એક બન્યા છીએ "

" શારદા (હસીને) હમેશનો જાહેરમા આનદ લેવો એના કરતા આ શુ ઉતમ છે ? "

" જાહેરમા વાંધો શો છે ? "

" વાંધો છે ને નથી "

" એટલે ? "

" વાંધો ઘણો મોટો છે, જાહેરમાં આવવાને માટે આપના સમાજના બધન આડે આવે છે ? "

" બધન ? "

" હા, તે ઘણા વિકટ છે ! "

" એટલે ! "

" એક વાડામાંથી, બીજા વાડામાં નહી જવાનો કાયદો. "

" તો પછી મારી સાથે લગ્ન કરવાને તૈયાર નથી "

" સાચ્ચાર છુ કે એક બંધન છે એને બીજુ, પિતાની આજ્ઞાનો પ્રશ્ન છે "

" તો હવે મારે શુ કરવુ ?

" જગતમા, આવા પ્રેમીઓ, જે કાંઇ કરે છે તે કરવુ "

" પણ, મારી સ્થીતિ જુદી છે "

" એનો, માર્ગ તારે બેાળો લેવેા. "

શારદા હતાશ થઈ ગઇ, મનમા પસ્તાતા લાગી કે, જગતમાં આવા પ્રેમી હશે. સમા જમાં બ્લેર થઈ ચૂકયુ છે હવે સમાજમા શુ બેાટુ બતાવવુ કારણ કે આ ઉપરથી સમજાય છે કે, પ્રેમ કરવેા એ કેવળ છે, સુકાની જને છે, પણ નાવ હંકારતા કરે છે, સમાજ પુરૂષને કાંઇ કહેવેા નથી. નિરંજને પ્રેમીને કસાટી, પિતાની આજ્ઞા રાખવાની સમાજના બંધનનુ બ્હાનુ કાઢયુ પ્રેમ કરવા તૈયાર થયેા પણ સમાજના બંધનનેા સામનેા કરવા તૈયાર ન થયેા.

" એા, પ્રભુ, બંધનને બ્હાને, આવી કેટલીએ સુવતીઓ તરછેાડાતી હશે.

× × ×

નિરંજનનુ લગ્ન થઇ ચુકયુ, પિતાની આજ્ઞા રાખી, કેાડ પુરા થયા, મિત્ર તરફથી અભિનંદનેા મળ્યા.

નિરંજન, સંસારમા પ્રવેશ્યેા, સંસારી તરીકે, બ્લેર પડયેા. અને સંસાર જીવનનેા આનંદ લુટવા લાગ્યેા. આ આનંદ તેને પ્રથમ નડેાતેા, આવા આનંદ, તેા કેાઇ વખત તેને લુટવા હતા. પણ પુરૂષ આવા આનંદ પ્રસંગે નપાક હેાય છે, તે બીજાને અધિકાર નથી.

× × ×

શારદા નિરાશ થઇ ગઇ ને શુ કરવુ તે સમજ પડી નહી. પણ હવે તેા સાચેા સુકાની બેાળેાજ રહ્યેા. પછીજ પસ્તાવા લાગી કે " પ્રેમ કરવેા પણ જવાબદારી સમજવી નહી, અને જવાબદારી સમજ્યા વગર પ્રભુમય પથે જવુ, એ કાંઇક જીવનને હાનીરૂપ છે, એનેા ખ્યાલ પણ કરવેા નહી. વાહ, સમાજના બંધનને, વાહ-પ્રેમી નૈયાના કપી ભારૂ ઉભરાતા સુકાનીઓ.

જીવન નાવડી

સાગરની સફરેતે મૂજ જીવનની નાવડી,
ધીરે ધીરે હાંકજે નાવલેાઆ;
જીવન સંગ્રામે ઝુઝવા મૂજ નવડી,
હિંમતે પાર ઉતારજે નાવડીઆ
સંજોગ વિજોગના મેાજાના ટાઇમે,
પુરતારૂ નીર્ણા કરજે નાવડીઆ,
જીવન સંગ્રામે વાય કલિયુગના વાયરા,
ઉઘટા અનીતે નાવ રખવાજે નાવડીઆ
રોવીશ તારી નાવે લેવી છે હામગા,
જીવન નૈયા સંભાળને સંભાળજે નાવડીઆ,
તાબેા ખરાબા ને તાબેા વમળ ભેરી,
મજધે મઝધરે મેાજુ કરજે નાવડીઆ

મા નવરંગભાઇ રામજી

અમેરિકન સાવિત્રી

સરોજિની મહેતા

સ્ત્રીત્વ એની રગેરગમા ભરપૂર હતુ, ઊંડા દમામ એના સ્વભાવમાજ નહોતા, અને નમ્રતા એનો મોટો ગુણ હતો છતાએ કોઇ અદ્‌ભુત શક્તિનુ ભાન એને જોતા જ થતુ

એનો રહોચ પતિ લગ્ન પછી પહેલીવાર પોતાના માબાપને મળવા અને એડિન્બરો લઇ ગયો. ત્યારે એણે પહેલેથી ચેતવણી આપી દીધી હતી કે મારો બાપ બહુ જબરો માણસ છે અને ઘરમા એકહથ્થુ સત્તા ભોગવે છે પોતાનો દીકરો અમેરિકન સ્ત્રીને અને તે પણ છુટાછેડા મેળવેલીને, પરણ્યો હતો તે બાપને જરાએ પસદ નહોતુ પડયુ તે એ જાણતી હતી અને તેથી અપમાન સહન કરવા તૈયાર હતી પણ જ્યારે પહેલી વાર સસરો વહુ મળ્યા ત્યારે ઊંસો વહુનુ રૂપ અને પોતાના જેવુ જ પ્રભાવશાળી વ્યક્તિત્વ જોઇ છક થઇ ગયો

પહેલેજ દિવસે ભોજન વખતે એક વાની બગડેલી જોઇ ઊંસાનો મિજાજ ગયો અને દાસીઓને ખૂબ ધમકાવી કાઢી મુજરતી દાસીઓ સામળી રહી બીજુ શુ કરે ? પણ વહુ ખુરસી પરથી ઉભી થઇ એનો ચહેરો ગુસ્સાથી સફેદ થઇ ગયો હતો અને આખોમાથી ક્રોધ વરસી રહો હતો કારણ અન્યાય એ સહન કરી શકતી નહી છતા પણ અવાજમા શાતિ લાવી તેણે કહ્યું "તમે મોએ ચઢાવેલા બાળક જેવા છો આ નોકરો તમને સામો જવાબ આપી શકે નહિ એટલે તમે એનો કુર લાભ ઉઠાવો છો, જો હરી એ લોકો સામે બાટા કાઢશો તો હુ એને એજ ઘડીએ આ ઘર છોડી ચાલી જઇશ અને જીદગીમા ફરી અહિ પગ નહિ મૂકુ "

ડધાઇ ગયેલો સસરો વહુ સામે પ્રશ સાની નજરે જોઇ રહી એણે હસીને કહ્યું "એસીજા, બેટા, તુ તો સાક્ષાત શક્તિનો અવતાર છે " ત્યાર પછી ઘરમા શાતિ રહી અને સસરો વહુની રોહમા રહેતો

પોતાના મા અને બાપ બન્ને તરફથી એને હિંમતનો વારસો મળ્યો હતો બન્ને પક્ષની નવ પેઢીઓએ અનેક પ્રકારની મુસ્કેલીઓનો સામનો કરી અમેરિકામા પગ સ્થિર કર્યો હતો. એના બાપે જગલમાં પોતાને હાથે પોતાનુ ઘર બાધ્યુ હતુ. જ્યારે ત્યા વસ્તી ધીમે ધીમે વધીને શહેર થયુ ત્યારે એ ધમારતી લાકડાનો અગેવાન વેપારી થયો હતો એના મિત્રે છોકરીનુ નામ ફ્રાસીસ (ફ્રેની) મડીલ્ડા પાડી આપ્યુ હતુ

પ્રથમ લગ્ન નિષ્ફળ નીવડયા પછી ફેનીએ ક્ષય રોગથી પીડાતા એક યુવાન લેખક સાથે સ્નેહલગ્ન કર્યુ એણે કુદરતી પ્રેરણાથી જ સમજી લીધુ કે યુવાનમાં અદ્‌ભુત પતિલા છે અને જો માત્ર એને કોઇ પણ પ્રકારે જીવતો રાખી શકાય તો જગતને એક અમર લેખક મળે. ત્યારથી ફેનીનુ જીવન એ ક્ષયરોગ, સામેનુ યુદ્ધ બની ગયુ યુવાનના જીવન માટે થમ સાવિત્રીનુ દ્વદ્વ શરૂ થયુ પતિને આરોગ્ય મળે એવી અનુકૂળ હવા પાણી સોધવામા એણે વર્ષો વીતાવી નાખ્યા.

ઘણી જગાએ એને હાર મળી. આખરે કોઇએ સલાહ આપી કે રોગીને દરીયાની

સરજ લઈ જાઓ અને સાંજો વખત દરીયા પર જ રાખો ધરતીને મુઆ જીવ્યાન। જુવાર કરી કેની પતિને વહાણમાં સરજે લઇ ગઈ, પેસિફિક મહાસાગરનો દરીયાઈ નકશો તે વખતે થયેલો નહિ એટલે વહાણ કયાનાં કેવા પ્રવાહોમાં જાય. વહાણના ખલાસીઓ સિવાય કોઈ માનવ જાતના વરસો સુધી દર્શન જ ન થાય. ઘરની સારસંભાળનો બધો જ ભાર એનો એકલીના ઉપર નહિ કોઈ ડાકતરી મદદ, નહિ કોઈ સલાહકાર કોલંબસે અમેરિકા વાવણીનાં અનુભવ્યાં, કિનારાના જંગલી માણસોના હાથમાંથી કેટલીવાર મહામુસીબતોએ પ્રાણ બચાવ્યા કોઈક વખત વહાણ ખરાબે ચડી તુટી જાય

એ કુમળી બાલગૃહિણીના સ્વભાવની હતી. પણ એક વખત એક નાના વહાણમાં પંદર પુરુષો સાથે એને રહેવાનું આવ્યું મલાજો જાળવવાની કોઈ મોકાણ નહિ, એક જ મોટા ઓરડામાં પલંગેલા કપડા વગા માણસો સાથે સૂવાનું પરજના બબાટા એના આવે કે બાજે હમણા વહાણ ઊંધુ વળી જશે અને એવામાં પણ જ્યા પરાણે બે ચાર મોઢાં આવે કે મોટા રાક્ષસી કદના વહા આવી એની જબ્બરો કરડતા મારે !

એ। પતિના બાકડા પાસ એ બોજ પર જ સૂઈ રહેતો તૈયાર જ રાખતો બળોવાર એ સૂતી કોઇ ને રસોઇ કરનાર બીજો કોઇપણ વહાણના રસોડામાં આવવા કરતાં બૂમમા એના પગ કબરીરે બાદ ઉપરની બનમાણી વરસાદનુ પાણી ગળે ત્યારે કેની ઊંઘતા પતિ ઉપર ઢળી પડીને આખી રાત ભેગી રહે કોઈ વાર આરામા તબાં તાલાવેલિક મદદ માટે એને બબાગીઓ ઉભતો કાકે કોઇના માથામા થા પડી મોતી પર વળ ચોરી જવ કોઇ તે એને કાતરણી કાતરા પડે કે મુકાઇને રહેલો થઇ ગયેલા હાથ પર વરમાદથી પલળેલા પાટા બાધવા પડે.

આવી પારાવાર મુશ્કેલીઓમાં પણ એ હિમત હારી નહિ કારણ એણે જોયુ કે પતિની તબીયતમા ધીમો સુધારા થતો હતો એક ધન્ય દિવસે કેનીએ સલાથુના આગના ભાગમા પોતાના પતિને ખુરશે પગે ઉભતી માછલીઓ પકડવાનો પ્રયત્ન કરતો હસતો ઉભેલો જોયો. અંધારા ઓરડાઓમા રાત દિવસ ચાકરી કરી વરસો વીતાવ્યા પછી એને આમ સશક્ત ઉભેલો જોઇ કેનીની આખમા હર્ષના આસુ આવ્યા ચમરાજા સાથેના યુદ્ધમા સાવિત્રી જીતી હતી !

ધરતિ જોવાની સમૂળગી આશા એક વખત મૂકી દીધેલી પણ હવે પતિને અનુકૂળ આવે એવા હવાપાણીવાળી જગ્યા જોઇ સામાઓની બાકિપિંજોમા એમણે પર બાબુ ગાડા જંગલમા પડાવ નજીક ચોકી જગા સાફ કરી ત્યા વિશાળ ઘર બાધવા માડયુ ચારે તરફ જંગલમા ઝાડ પરથી કુદતી સુરકસ કેલાવી અને પેસીફીક મહાસાગરને મળતા દોડતા પાય પ્રવાહ જરજોનુ સંગીત દિવસ રાત દિવસ સભ ળાવા કરતું કપતીના છાનમા આ મોથી સુધી ચાર વર્ષ હતા

અનેક મુશ્કેલીઓના સામનો કરી જંગલમા મગલ કરનાર બાપદાદાઓનુ લોહી કેનીની વહારે આવ્યુ એનો પતિ નો સબવામા રમ્યો રહેતો એટલે ઘર બાધવાની બધી જુમ્મેદારી કેનીની જ હતી. ઊંચી ચીરે ને ડાળખાની પાલખો પર ઉભી રહીને એ કરીયા મજુરોને હાથ બતાવતી એની કાબરીગરી જ સામાન્યને પ્રેમપૂર્વક મજબુત કામ કરતા એને લિ પોતાની બચવામા મોટા ભાગ નોખી એ મોટો ખાતા ને બીજાનુ મુકાદમ મોત મજુર

જો જો આળસ કરતા નહિ બાઇ સાહેબને ચારે તરફ ફરતી આખો છે જેવા એ સુદર છે તેવુ જ સુદર આપણે એમના માટે ઘર બાંધવુ જોઇએ

ઘર બધાઇ રહ્યું ત્યા સુધી એક જેમતેમ બાંધેલા ઝુપડામા બન્ને રહેતા હતા એણે એક સખી ઉપરના પત્રમા સખ્યુ હતું "બ્બાટી ઉપર મારા કપડા જોડે ઘોડાની લગામો લટકે છે એના પર કાસકીને ડુથ બ્રસની સાથે સુથારના હથીયાર પણ પડેલા છે ભીત ઉપર ભાલો, બદુક, માછલીના તેમજ જનવરને માણસના દાતની હારોને શખલાની માળાઓ લટકે છે મારો નાનો સરખો ખાટલો તો આવી જગામા જાણે જૂલમા મૂકાઇ ગયેલી ચીજ જેવો દેખાય છે "

પહાડના એક ઝરણા આસપાસ બધ બાંધી લઇ એણે ઘરમા નળ પણ આણ્યા ને કુટુબની મુસ્કેલી ટાળી. મજૂરીનુ કામ મોટે ભાગે ત્યાના લોકો કરતા, તોપણ ઘણી વાર એ જાતે પણ કામ કરવા લાગતી

ફ્રેનીના સ્વભાવમા પરસ્પર વિરોધી તત્વો ઘણા હતા અજાણ્યાથી એ શરમાતી છતા બધ કર મુસ્કેલીઓમા અસીમ ધૈર્ય દેખાડતી. સૌ કોઇ પાસે સહાનુભૂતિની આશા રાખતી તે છતા સામાને હુકમ કરવાની અદ્‌ભૂત શક્તિ તેનામા હતી, અને અણીને વખતે ઉલટા બીજા એની મદદ માટે દોડી જતા જરૂર પડયે વજ્ર જેવી કઠોર થઇ શકતી પણ ક્ષમા આપવી એ જ સૌને જીતવાનો રસ્તો છે એ એનુ જીવનસુત્ર હતુ નિડર ઘોડેસ્વાર અચુક નિશાનબાજ, પ્રતિભાશાળી લેખિકા, નાવિક, હોશિયાર માણી અત્યત કુશળ રસોઇ કરનાર અને અજોડ નર્સ એ બધુ એ ફ્રેનીની વ્યક્તિત્વમા હતુ નિષ્ઠી એ એનો મુખ્ય સદ્‌ગુણ હતો અને સ્વજનો માટે ગમે તેવા સાચા જુઠા સાભળવા છતા એની નિષ્ઠા ડગતી નહિ

હાસ્યરસ પીછાણવાની એની શક્તિ તીવ્ર હતી કદિ મોટેથી હસવાની ટેવ નહોતી, પણ બધા હસતા હોય ત્યા એનુ સરળ ધીમુ, હાસ્ય સાથે ભળતુ એના સ્વભાવના વૈવિધ્યને લઇને એના મિત્રો પણ દરેક પ્રકારના હતા. ધૂળધોયા અમીર ઉમરાવોની ઓથો હવાઇ ટાપુનો રાજા એક દાઢની દકાનનો માલિક, નામચીન લેખકો, કળાકારો બધાનો એમા સમાવેશ થતો. પ્રખ્યાત નાટય લેખક જેમ્સ બેરી કોઇ જોડે બોલતો નહિ તે ફ્રેની સાથે કલાકો સુધી વાતો કરતો, એક ટાપુનો રાજા જેણે પોતાના પ્રજાજનોની નિર્દય કતલ કરાવેલી તે પણ ફ્રેની મુલાકાત આપીને પાછી ગઇ ત્યારે બાળક માફક રડી પડેલો ! સાનફ્રાન્સિસ્કોના એક પત્રકારે એને એક વખત ભીંડમાજ જોયેલી છતા કહેલુ કે " એ એક સ્ત્રી એવી છે કે જેને માટે પુરુષ પોતાના પ્રાણ પાથરે "

જ્યારે ઘર બંધાયુ ત્યારે તેણે સ્કોટલેન્ડથી સરસામાન લાવી શણગાર્યું અને ધામધુમથી વારતુ કર્યું ફ્રેનીને માટે એ મહાન ઉત્સવ હતો. એ વીરાગનાના ત્યાગ, સાહસશક્તિ અને પ્રેમનુ અમૂલ્ય ફળ પ્રાપ્ત થયુ હતુ એનો પતિ તે સુવિખ્યાત લેખક રોબર્ટ લુઇ સ્ટીવન્સન " ટ્રેઝર આઇ લેન્ડ " અને " ડો. જેકીલ એન્ડ મિ હાઇડ " જેવી અમર કૃતિઓ લખી કીર્તિ સરણીને સોપો ઉપલે પગથીયે ચઢયો હતો એણે ૩૦ પુસ્તકો લખ્યા હતા પોતાની છેલ્લી નવલકથા એણે પત્નીને અર્પણ કરી પોતાનુ મણ દર્શાવ્યુ હતુ તુ આ લખાણ મહણ કર એ તારે જ છે કારણ કોણે તલવાર વીંઝી યુદ્ધ ચાલુ રાખ્યુ ! કોણે હોનવાઇ જતા અંગારા ફુકી ફુકીને પ્રકટાવ્યા ? લક્ષ્ય ઉંચુ ને ઉંચુ કોણે રાખ્યુ !

વખાણ્યું કે નિંદાને ઠોકરે મારી તારા સિવાય બીજે નહિ. "

દૈવથી એમનું સુખ ખમાયું ન હોય તેમ આ પછી બીજે વખતે સ્ટીવન્સન પર મૃત્યુનો પંજો જે રાજરોગ સામે ફેનીએ સારા યુદ્ધ ખેલ્યું હતું તે નહિ પણ બીજા જ રોગ-ધડકાએ-એને ઘેરી લીધો ને કાળના જોરમાં ધકેલ્યો. ગામના સામાન્યોના મોભાએ એનું કબર પથ્થર પર લખ્યું માત્ર ૧૮ વર્ષ જ આ પતિપત્નીનું સહજીવન ટક્યું હતું વીસ વર્ષ પછી ફેની એજ કબરમાં સૂતી એની કબર પરનો લેખ જે એના પતિએ એને વિષે લખેલી લીટીઓ છે તે એને સાચી અંજલિ અર્પે છે :—

"Teacher, tender Comrade wife,
A fellow-farer true through life,
Heart whole and soul free
The August Father gave to me"

[ફેનીના દોરિસ અને Three wise Fools The Seventh Heaven વગેરે નાટકોના લેખક જોસિફ હેનના લેખ ઉપરથી]

બૃહદ્ ગુજરાતની ગુજરાતી અંગ્રેજી કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને માટે

નિબંધ હરિફાઈ

સ્વર્ગ કરસનદાસ મૂળજી રમારક ભડોળની મોજના મુજબ તમામ ગુજરાતી બોલતા કૉલેજોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને બદેર નિમંત્રણ આપવામાં આવે છે કે એમણે મુંબઈની બાબામાં "સમાજ અને કાયદો" એ વિષય ઉપર બોધ નિબંધ ૪૦ થી ૫૦ ફુલસ્કેપ કાગળના કદનો લખી તા. ૩૦-૬-૪૬ સુધીમાં નીચેને સરનામે સીલ્વરબેક પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી જે કૉલેજમાં અને જે વર્ગમાં પોતે ભણતા હોય તેની વિગત, સર્ટિફિકેટ અને પોતાના સરનામા સાથે, મોકલવો

વિદ્વાનો બોલના એની રીતના આવેલા નિબંધોમાંથી જેનો નિબંધ શ્રી ગુજરાતી સભાએ નીમેલી ત્રણ વિદ્વાનોની સમિતિ પસંદ કરશે તેને રૂ ૫૦) સુધરતુ બોલ, તેમ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી એ જ રીતે જેનો નિબંધ પસંદ થશે તેને રૂ. ૫૦) સુધરતુ બોલ, એમ બે ઇનામો આપવામાં આવશે જે બે નિબંધોમાંથી જેનો નિબંધ વધુ પસંદ કરવા બોગ્ય હશે, તેનો નિબંધ સોમવાર તા. ૨૫-૬-૪૬ ની બદેર સભામાં વંચાવામાં આવશે. પસંદ થયેલા નિબંધો માટે કરવાનો માલિકીહક શ્રી ગુ. સભાનો રહેશે નિબંધ બદલી નિબંધ માટે નીચેનો સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે

નોંધ આ હરિફાઈ ગુજરાતી બોલની સભાએ બે બોગો માટે ખુલ્લી છે

શ્રી કરસનદાસ મૂળજી સભામંદિર,
૩૫ વિક્ટોરિયા પરેલ રોડ,
મુંબઈ, ૪
તા. ૨૦-૪-૧૯૪૬

રા. કરપ્રસાદ છગનલાલ રાવલ
સહાયક મંત્રી,
શ્રી ગુ. સભા, મુંબઈ

જો જો આળસ કરતા નહિ બાઇ સાહેબને ચારે તરફ ફરતી આખો છે જેવા એ સુદર છે તેવુ જ સુદર આપણે એમના માટે ઘર બાંધવુ જોઇએ

ઘર બધાઇ રહ્યું ત્યા સુધી એક જેમતેમ બાંધેલા ઝુપડામા બન્ને રહેતા હતા એણે એક સખી ઉપરના પત્રમા સખ્યુ હતુ "બારી ઉપર મારા કપડા જોડે ઘોડાની લગામો લટકે છે એના પર કાસકીને દુધ પ્રસની સાથે સુથારના હથીયાર પણ પડેલા છે ભીત ઉપર ભાલો, બદુક, માછલીના તેમજ જનવરને માણુસના દાતની કારોને શખલાની માળાઓ લટકે છે મારો નાનો સરખો ખાટલો તો આવી જગામા જાણે ભૂલમા મૂકાઇ ગયેલી ચીજ જેવો દેખાય છે "

પહાડના એક ઝરણા આસપાસ બધ બાંધી લઇ એણે ઘરમા નળ પણ આણ્યા ને કુટુબની મુશ્કેલી ટાળી. મજુરીનુ કામ મોટે ભાગે ત્યાના લોકો કરતા, તોપણ ઘણી વાર એ જાતે પણ કામ કરવા લાગતી.

ફ્રેનીના સ્વભાવમા પરસ્પર વિરોધી તત્વો ઘણા હતા અજાણ્યાથી એ શરમાતી છતા ભયકર મુશ્કેલીઓમા અસીમ ધૈર્ય દેખાડતી સૌ કોઇ પાસે સહાનુભૂતિની આશા રાખતી તે છતા સામાને હુકમ કરવાની અદ્ભૂત શક્તિ તેનામા હતી, અને અણીને વખતે ઉતટા બીજા એની મદદ માટે દોડી જતા જરૂર પડયે વજ્ર જેવી કઠોર થઇ શકતી પણ ક્ષમા આપવી એ જ સૌને જીતવાનો રસ્તો છે એ એનુ જીવનસુત્ર હતુ નિડર ઘોડેસ્વાર અચુક નિશાનબાજ, પ્રતિભાશાળી લેખિકા, નાવિક, શિકારિયાર માળી અત્યત કુશળ રસોઇ કરનાર અને અનેક નર્સ એ બધુ એ ફ્રેનીની વ્યક્તિત્વમા હતુ નિષ્ઠુરી એ એનો મુખ્ય સદ્ગુણ હતો અને સ્વજનો માટે ગમે તેવા સાચા જુઠા સાભળવા છતા એની નિષ્ઠા ડગતી નહિ

હાસ્યરસ પીછાણવાની એની શક્તિ તીવ્ર હતી કદિ મોટેથી હસવાની ટેવ નહોતી, પણ બધા હસતા હોય ત્યા એનું સરળ ધીમુ, હાસ્ય સાથે ભળતુ એના સ્વભાવના વૈવિધ્યને લઇને એના મિત્રો પણ દરેક પ્રકારના હતા. ધૂળધોયા અમીર ઉમરાવોની સ્ત્રીઓ હજાર ટાપુનો રાજા એક દારૂની દકાનનો માલિક, નામચીન લેખકો, કળાકારો બધાનો એમા સમાવેશ થતો પ્રખ્યાત નાટય લેખક જેમ્સ બેરી કોઇ જોડે બોલતો નહિ તે ફ્રેની સાથે કલાકો સુધી વાતો કરતો, એક ટાપુનો રાજા જેણે પોતાના પ્રજાજનોની નિર્દય કતલ કરાવેલી તે પણ ફ્રેની મુલાકાત આપીને પાછી ગઇ ત્યારે બાળક માફક રડી પડેલો ! સાનફ્રાન્સિસ્કોના એક પત્રકારે એને એક વખત ભીંડાભાજ જોયેલી છતા કહેલુ કે " એ એક સ્ત્રી એવી છે કે જેને માટે પુરૂષ પોતાના પ્રાણ પાથરે. "

જ્યારે ઘર બધાયુ ત્યારે તેણે સેમોટલેન્ડથી સરસામાન લાવી ગણુગાર્યુ અને ધામધુમથી વારતુ કર્યુ ફ્રેનીને માટે એ મહાન ઉત્સવ હતો એ વીરાગનાના ત્યાગ, સાહસશક્તિ અને પ્રેમનુ અમૂલ્ય ફળ પ્રાપ્ત થયુ હતુ એનો પતિ તે સુવિખ્યાત લેખક રોબર્ટ લુઇ સ્ટીવન્સન " ટ્રેઝર આઇ લેન્ડ " અને " ડો. જેકીલ એન્ડ મિ. હાઇડ " જેવી અમર કૃતિઓ લખી કીર્તિ સરણીને સૌથી ઉપલે પગથીયે ચઢયો હતો. એણે ૩૦ પુસ્તકો લખ્યા હતા પોતાની છેલ્લી નવલકથા એણે પત્નીને અર્પણ કરી પોતાનુ ઋણ દર્શાવ્યુ હતુ. તુ આ લખાણ મહણ કર એ તારિ જ છે કારણ કોણે તલવાર વીંઝી યુદ્ધ ચાલુ રાખ્યુ ! કોણે હોવવાઇ જતા અંગારા ફુકી ફુકીને પ્રકટાવ્યા ! લક્ષ્ય ઉંચુ ને ઉંચુ કોણે રાખ્યુ !

વખાણ્યું કે નિંદાને કોઠરે કોણે માર્યો ? તારા સિવાય કોઇએ નહિ. "

કૈવથી એમનું સુખ ખમાયું ન હોય તેમ આ પછી થોડે વખતે સ્ટીવન્સન પર મૃત્યુનો પંજો પડ્યો જે રાજરોગ સામે કોઈએ સારણ યુદ્ધ ખેલ્યું હતું તે નહિ પણ બીજા જ રોગ-સાન્નાએ-એને ઘેરી લીધો ને કાળના ખોળામાં ધકેલ્યો. સામના સામાઓના મોઢાએ એનું કફન પહાડ પર લઈ જઈ દાટયું માત્ર ૧૪ વર્ષ જ આ પતિપત્નીનું સહજીવન ટક્યું હતું વીસ વર્ષ પછી કોની એજ કબરમાં સૂતી એનો કબર પરનો લેખ જે એના પતિએ એને વિષે લખેલી લીટીઓ છે તે એને સાચી અંજલિ અર્પે છે –

"Teacher, tender Comrade wife,
A fellow-farer true through life,
Heart whole and soul free
The August Father gave to me"

[કોનીના દીદિય અને Three wise Fools The Seventh Heaven વગેરે નાટકોનો લેખક આર્થિક સ્ટ્રોમના લેખક ઉપરાંત]

બૃહદ્ ગુજરાતની ગુજરાતી અંગ્રેજી કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને માટે

નિબંધ હરિફાઈ

સ્વર્ગ કરસનદાસ મૂળજી સ્મારક ભંડોળની યોજના મુજબ તમામ ગુજરાતી બોલતા કૉલેજોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને જાહેર નિમંત્રણ આપવામાં આવે છે કે એમણે ગુજરાતી ભાષામાં "સમાજ અને કાયદો" એ વિષય ઉપર એક નિબંધ ૪૦ થી ૫૦ ફુલસ્કેપ કાગળના કાનો લખી તા ૩૦-૬-૪૮ સુધીમાં નીચેને સરનામે સીલબંધ પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી, જે કૉલેજમાં અને જે વર્ષમાં પોતે ભણતાં હોય તેની વિગત, સર્ટિફિકેટ અને પોતાના સરનામા સાથે, મોકલવો

વિદ્યાર્થીઓના જેવી રીતના આવેલા નિબંધોમાંથી જેનો નિબંધ શ્રી ફર્ગ્યુસન ગુજરાતી સભાએ નીમેલી ત્રણ નિષ્ણાતોની સમિતિ પસંદ કરશે તેને રૂ ૫૦) સુધીનું ઇનામ, તેમ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી એ જ રીતે જેનો નિબંધ પસંદ થશે તેને રૂ ૫૦) સુધીનું ઇનામ, એમ બે ઇનામો આપવામાં આવશે એ બે નિબંધોમાંથી જેનો નિબંધ વધુ પસંદ કરવા મોગ્ય હશે, તેનો નિબંધ સોમવાર તા. ૨૪-૬-૪૮ ની જાહેર સભામાં વાંચવામાં આવશે પસંદ થયેલા નિબંધો પ્રગટ કરવાનો માલિકીહક્ક શ્રી ફર્ગ્યુસન સભાનો રહેશે વિશેષ જરૂરી વિગત માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે

નોંધ આ હરિફાઈ ગુજરાતી બોલતી સભળી બે કોમો માટે ખુલ્લી છે

શ્રી ફર્ગ્યુસન ગુજરાતી સભામંદિર,
કોલેજ, નિશાળ પોસ્ટ રોડ,
મુંબઇ, ૪
તા. ૨૦-૩-૧૯૪૮

રા. હરપ્રસાદ જગન્નાથ રાવલ
સહાયક મંત્રી,
શ્રી ફર્ગ્યુસન સભા, મુંબઇ

પાદપૂર્તિ હરિફાઈ

શ્રી ઑલીસબ્રિજ મહિલા સમાજ-અમદાવાદ તરફથી પાદપૂર્તિની હરિફાઇ સ્ત્રીઓ માટે યોજવામા આવી હતી તેમા નીચેની ચાર પંક્તિઓ આપેલી હતી—

૧ આશા સ્વપ્ન ગયુ ઊડી ઊર થકી ભ્રાન્તિ ઠરી કલ્પના

(શાર્દૂલ વિક્રિડિત)

૨. કોટવાળને દંડે ચોર

(ચાપાઇ)

૩. ફરતાં નજર ગુજરાતમાં ઓળા દિસે દુષ્કાળના

(હરિગિત)

૪. જેની જોડ જડે નહિં જગતમાં તે શુ ફરી ના મળે ?

(શાર્દૂલ વિક્રિડિત)

આ હરિફાઇમાં અમદાવાદ શહેરની બહાર રહેનારને પણ ભાગ લેવા માટે આમ ત્રણ મોકલ્યુ હતુ એકદરે ચૌદ બહેનો એ પોતાના કાવ્યો કરીને મોકલ્યા હતાં તેનુ નિરીક્ષણ કરવાનુ કામ શ્રી. ત્રીણાભાઇ દેસાઇ (સ્નેહરશ્મિ) અને અધ્યાપક શ્રી અનંતરાય રાવળને સોપવામા આવ્યુ હતુ તા. ૧૦-૩-૪૯ ને દિવસે ઑલિસબ્રિજ મહિલા સમાજે યોજેલા મેળાવડામાં હરિફાઇમા આવેલાં કાવ્યોનુ વાચન થયુ હતુ અને નિરિક્ષકોએ પરિણામ જાહેર કર્યું હતુ તેમા નીચે પ્રમાણે ક્રમ જાહેર થયો હતો

ઇનામને પાત્ર (૧) શ્રી. ચંદ્રિકાબહેન પાઠક્જી (સુરત) (૨) જયમનબહેન પાઠક્જી (સુરત) (૩) શ્રી સરોજનીબહેન મહેતા (મુબઇ) પછીના ચાર બહેનોની પંક્તિઓ પ્રશંસનીય ગણાતી હતી (૧) શ્રી, મંદાકિની દવે (સુરત) (૨) દક્ષાબહેન મહેતા (વડોદરા) (૩) સરલાબહેન દેસાઇ (અમદાવાદ) (૪) હસુમતિ ધીરજલાલ દેસાઇ (અમદાવાદ). પહેલા નબરના ત્રણ બહેનોને શ્રી. નિપુણિકાબહેન, ધોધારી તરફથી રૂ ૧૦ નુ ઇનામ આપવામા આવ્યુ હતુ અને શ્રી. વિદ્યાબહેન નીલકંઠ તરફથી પ્રશંસનીય કાવ્યો માટેના ચાર બહેનોને પુસ્તકો આપવામા આવ્યા હતા, અને બીજા હરિફાઇમા ઊતરેલા બહેનોને ધન્યવાદ આપ્યો હતો, ચાર પંક્તિઓ જે આપવામા આવી હતી તેના મૂળ કાવ્યો નીચે પ્રમાણે છે અને તે શ્રી. વિદ્યાબહેન નીલકંઠે તૈયાર કરેલા હતાં, સમાજ તરફથી શ્રી. વિદ્યાબહેનનો તેમજ નિરીક્ષક ભાઇઓનો અને શ્રી નિપુણિકાબહેન ધોધારીના આભાર માનવામાં આવ્યો હતો.

હરિફાઈ માટેના કાવ્યો (છેલ્લી પંક્તિ આપવામા આવી હતી.)

૧

દુઃખો સૌ ટળશે, સદા સુખ થશે, સ્વાતંત્ર્ય સિદ્ધિ થતા
જોશુ શાન્ત નિડર બની, જતા બધી આપદા
કપરા અતિ બુરી, પીડા અને યાતના
ગઇ સરી ઉર થકી, ભ્રાન્તિ ઠરી કલ્પના

૨

આજ્ઞાકારી સ્ત્રી ને નમે,
છતા પુરૂષ સામો થઇ ભમે
અન્યાયો ચાલે જ્યા ઘોર
કોટવાળને દંડે ચોર

૩

લીલી ભુમિ દેખાય નહિ, વે રાન સરખી બની રહી.
કરી મેઘરાજે અવકૃપા, જનતા બની ગઇ ગાભરી
જળ ઘાસ વિનુ પશુઓ બિચારા દુ ખ ખમતા કારમા
કરતાં નજર ગુજરાતમાં, ઓળા દિસે દુષ્કાળના

૪

જેણે દેશ સમસ્તને જગવિયો, સ્વાતત્ર્ય યુદ્ધે જવા,
જેણે પાઠ પઢાવિયા અભયના, શાન્તિ અને સત્યના,
જેનુ શુદ્ધ મનોબળ અને આદર્શકોના કળે
જેની જોડ જડે નહિં જગતમાં, તે શું ફરી ના બળે

ઇનામને પાત્ર થએલા કાવ્યો

૧ ગરવી અમારી ગુજરી આકન્દ આજે કા કરે !
રસકસ રહ્યા નહિ કે ધરામાં, ભુવનમા તેથી રડે !
જળહીન સરિતા, ને ધરા મનધાન્ય ચેતનહીન છે,
રસહીન માનવ ઉરાભન્યા, આનન્દ ત્યા કયાથી વસે !
સાહિત્ય સ્વામી કે જતા સૂની બની છે ગુજરી,
કયાથી મળે નવ પ્રેરણા ? રસ મેઘ નભ ગરજે નહિ.
જે ઘૂમતી ઉન્નત શિરે તે આજ અમલા દીન આ,
કરતા નજર ગુજરાતમા ઓળા દિસે દુષ્કાળના

—શ્રી અંબિકાદત્ત પાઠક

---

૨ સ્વાતત્ર્યે જગ ચેતન્ય, ભુવનમા, જ્યોત પ્રગટાવીને
કાઢ્યો ઘોર સ્વરાજ, યુદ્ધભૂમિને રક્તેથી રગ્યા વિના
તેવો વેપ્યર મેળ, કો સ્વજનના હસ્તે હણાયો અરે
જેની જોડ જડે નહિ જગતમાં તે શુ ફરી ના મળે !

—શ્રી જયમનગૌરી પાઠક

પાદપૂર્તિ હરિફાઈ

શ્રી ઑલીસબ્રિજ મહિલા સમાજ-અમદાવાદ તરફથી પાદપૂર્તિની હરિફાઇ ઓચ્ચો, માટે યોજવામા આવી હતી. તેમા નીચેની ચાર પંક્તિઓ આપેલી હતી—

૧ આશા સ્વપ્ન ગયુ ઊડી ઊર થકી ભ્રાન્તિ ઠરી કલ્પના
(શાર્દૂલ વિક્રિડિત)

૨. કોટવાળને દંડે ચોર
(ચોપાઇ)

૩ ફરતા નજર ગુજરાતમા ઓળા દિસે દુષ્કાળના
(હરિગિત)

૪. જેની જોડ જડે નહિ જગતમા તે શું ફરી ના મળે ?
(શાર્દૂલ વિક્રિડિત)

આ હરિફાઇમા અમદાવાદ શહેરની બહાર રહેનારને પણ ભાગ લેવા માટે આમંત્રણ મોકલ્યુ હતુ એટલે ચોદ બહેનો એ પોતાના કાવ્યો કરીને મોકલ્યા હતાં. તેનુ નિરીક્ષણ કરવાનુ કામ શ્રી. ઝીણાભાઇ દેસાઇ (સ્નેહરશ્મિ) અને અધ્યાપક શ્રી. અનંતરાય રાવળને સોપવામા આવ્યુ હતુ તા ૧૦-૩-૪૮ ને દિવસે ઑલિસબ્રિજ મહિલા સમાજે યોજેલા મેળાવડામા હરિફાઇમા આવેલા કાવ્યોનુ વાચન થયુ હતુ અને નિરિક્ષકોએ પરિણામ જાહેર કર્યું હતુ. તેમા નીચે પ્રમાણે ક્રમ જાહેર થયો હતો.

ઇનામને પાત્ર. (૧) શ્રી. ચંદ્રિકાબહેન પાઠકજી (સુરત) (૨) જયમનબહેન પાઠકજી (સુરત) (૩) શ્રી. સરોજનીબહેન મહેતા (મુબઇ) પછીના ચાર બહેનોની પંક્તિઓ પ્રશંસનીય ગણાતી હતી. (૧) શ્રી, મંદાકિની દવે (સુરત) (૨) દક્ષાબહેન મહેતા (વડોદરા) (૩) સરલાબહેન દેસાઇ (અમદાવાદ) (૪) હસુમતિ ધીરજલાલ દેસાઇ (અમદાવાદ) પહેલા નંબરનાં ત્રણ બહેનોને શ્રી નિપુણિકાબહેન, યોગારી તરફથી રૂ ૧૦ નુ ઇનામ આપવામા આવ્યુ હતુ અને શ્રી વિદ્યાબહેન નીલકંઠ તરફથી પ્રશંસનીય કાવ્યો માટેના ચાર બહેનોને પુસ્તકો આપવામા આવ્યાં હતા, અને બીજી હરિફાઇમાં ઊતરેલા બહેનોને ધન્યવાદ આપ્યો હતો, ચાર પંક્તિઓ જે આપવામા આવી હતી તેનાં મૂળ કાવ્યો નીચે પ્રમાણે છે અને તે શ્રી વિદ્યાબહેન નીલકંઠે તૈયાર કરેલા હતાં, સમાજ તરફથી શ્રી. વિદ્યાબહેનનો તેમજ નિરીક્ષક ભાઇઓનો અને શ્રી. નિપુણિકાબહેન યોગારીના આભાર માનવામાં આવ્યો હતો.

હરિફાઈ માટેના કાવ્યો (ઉલ્લી પંક્તિ આપવામા આવી હતી.)

૧

દુ:ખો સૌ ટળશે, સદા સુખ થશે, સ્વાતંત્ર્ય સિદ્ધિ થતા
અણ્યું પોઢ્યુ શાન્ત નિડર મહી, જાતા બધી આપદા.
આવી ભિન્ન પરંપરા અતિ બુરી, પીડા અને યાતના
આશા સ્વપ્ન ગયું સરી ઉર થકી, ભ્રાન્તિ ઠરી કલ્પના.

૨

આજ્ઞાકારી સ્ત્રી ને નમે,
છતા પુરૂષ સામો થઇ રમે
અન્યાયો ચાલે જ્યા ઘોર
કોટવાળને દહે ચોર

૩

લીલી ભુમિ દેખાય નહિ, વે શત સરખી બની રહી.
કરી મેઘરાજે અવકૃપા, જનતા બની ગઇ ગાભરી
જળ ઘાસ વિણ પશુઓ બિચારાં દુઃખ ભમતા ઠારમા.
કરતાં નજર ગુજરાતમા, ઓળા દિસે દુષ્કાળના

૪

જેણે રેશ સમસ્તને જગવિયો, સ્વાતત્ર્ય યુદ્ધે જવા,
જેણે પાઠ પઢાવિયા અવનવા, શાન્તિ અને સત્યના,
જેનુ શુદ્ધ મનોબળ અને આદર્શકોના બળે
જેની જોડ જડે નહિ જગતમાં, તે શું ફરી ના મળે.

ઈનામને પાત્ર થએલા હાજો

૧ ગરવી અમારી ગુજરી આકન્દ,આજે હા કરે !
રસકસ રહ્યા નહિ કે ધરામા, જીવનમા તેથી રડે !
જળહીન સરિતા, ને ધરા ધનધાન્ય ચેતનહીન છે,
રસહીન માનવ ઉરાળન્યા, આનન્દ રમા કયાથી વસે !
સાહિત્ય સ્વામી કે જતા સૂની બની છે ગુજરી,
કયાથી મળે નૂતન પ્રેરણા ? રસ મેઘ નભ મરજે નહિ.
જે ઘૂમતી ઉન્નત શિરે તે આજ અનતા દીન આ,
કરતા નજર ગુજરાતમાં ઓળા દિસે દુષ્કાળના

—શ્રી ઝવેરચન્દ્ર પાઠક

---

૨ સ્વાતત્ર્યે જગ ચેતન્યુ, જીવનમા, જ્યો ઘણા જીવને
હાજો ઘેર સ્વરાજ, યુદ્ધભૂમિને રક્તેથી રગ્યા વિના
તેવો વેપ્યુ મેળ, કોણ સ્વજનના હસ્તે હણાયો અરે
જેની જોડ જડે નહિ જગતમાં તે શુ ફરી ના મળે !

—શ્રી જયમનગૌરી પાઠક

---

૩ જિહ્વા રે વણી લેખિની મહી વસ્યા જેને શ્રી વાગેશ્વરી
મેધાની પ્રતિભા થકી ખલકમા દીપાવ્યુ નારીત્વને,
ઠારાવાસ સહ્યો પ્રપુલ્લ વદને, એ હિંદના ધુરંધરે
જેની જોડ જડે નહિ જગતમાં, તે શું ફરી ના મળે ?
—શ્રી. સરોજની મહેતા

પ્રશંસા પામેલાં કાવ્યો

૧ મંત્રો સ્વાર્પણના પઢાવી જગને, ચાલ્યો ઈ સુતો ગયો.
કર્ત્તવ્યે અધિકાર માનવતણો, કૃષ્ણે જનોને કહ્યો
' હિંસા માર્ગ ન ગ્રાહ્ય માનવ ' કહી ગાંધીય ચાલ્યો ગયો
" જેની જોડ જડે નહિ જગતમાં તે શું ફરી ના જડે ? "
—શ્રી મહાદેવી વર્મા

---

૨ કુંકુમાંકિત ભાલ, કંચુકભર્યો હાથો રૂડા શોભતા,
સ્વપ્નોમા વિહરી રહી, રસભર્યો દુષ્યન્તને રામતા,
જતી આજ પતિગૃહે નવવધુ, પહેલો ઘરે પાય જ્યા
આશા સ્વપ્ન સરી ગયુ ઉર થકી, ભ્રાન્તિ ઠરી કલ્પના.
—શ્રી દક્ષાબહેન મહેતા

---

૩ ગુજરાત ભરવી હિંદના, ઉદ્યાન જેવી જે હતી
ધન ધાન્યના ઢગલા હતા, ઘી દુધની છોળો હતી
ત્યાં કાળના વિકરાળ હાથે દીન વસમા આવીયા
ફરતાં નજર ગુજરાતમાં ચોળા દીસે દુષ્કાળના. ૧

ખેતરો ખાલી દીસે છે, ઠોર દુરબળ ભૂખના
નહિં ઘાસચારો ધાન્યપાણી, જીવનની શી કલ્પના
બહુ રોગના ભોગો થયા છે માનવી પશુ આપણા
ફરતાં નજર ગુજરાતમા ચોળા દીસે દુષ્કાળના.
—શ્રી સરલાબહેન નૃસિંહભાઈ દેસાઈ

---

૪ સત્ સાહિત્યનો નમતો પ્હોર.
દેખે ઉલટ રચનાનો દોર,
પરખે સ્વય નિજને એ ચોર,
પણ જગ બૂઠે સાચો ચોર
ન્યાય તુલાનો ચાલે દોર
બદી હાંથ દેખાડે તોર,
વિપરિત ન્યાયે થાતો શોર.
' કોટવાળને દડે ચોર '
—શ્રી વસુમતિ પીતાંબર દેસાઈ.

દોષ કોનો ?

શ્રી. ગજેન્દ્ર ક. મહેતા

[ગયા અંકથી ચાલુ]

' જ્યોત્સના સૂઈ ગઈ ? '

' હા, કયારની યે, પણ મને બિલકુલ નહિ, પ્રતિમા ! તે તારાં રૂપની ભાદક તારો કંઠ પણ ધરીભર મનને કાયમચારી નાખે એવો છે ! બધું જ સુંદર આપ છે, તું તો ! '

' ઓ જ્યોત્સના પણ કયાં સુંદર નથી લાગતી ? હું તો લિખી પુ જ એ ી પામે ! '

ઓ જ્યોત્સનાની સલ્જ્જ હાજરી ફરી જાગૃત થઈ ઘડી થઈ ગઈ પરિણામે દેવેન્દ્રની આંખમાંથી મોહના પડળ ધીરે ધીરે ખસવા માંડ્યાં પત્નીનું રમ્ય રમણીય એના દિલને ઢંઢોળી રહ્યું

અને એ મોહના વશમાંથી છૂટવા મથ્યા મળ કરતુ વૈષ એનું દૂર ખસવા પ્રયત્ન કરવા માંડ્યુ એને પ્રયત્ન કર્યો એની એ જ સ્થિતિમાં ઉદ્ભવેલી, મોહગ્રસ્તાને એ ન જ અવરોધી શકયો.

' કાંઈ બીજું ગા, પ્રતિમા ! મને ખૂબ ગમે છે, પ્રીત જાનીતું ! '

ને નિર્દોષ પ્રતિમા ફરી મસ્તાની ઉઠી, આજેરા તેજ પૂનમના એનો મસ્તીનો ચકોર હવે કે ધરીભર જોઈ રહ્યો એણે ગીત બીજું ઉપાડ્યું વાતાવરણને ભરી દેતું

દેવે ના કરત કંઠ પ્રતિમાને ગમે જ એવો હતા ગીતના ઓરા સામાન્યમાં સોહર્ષનાં પેન બધુ પેરાં જ વા ઓ એ રૂપર્ણ એના સારાય અંગ પ્રત્યાગમાં ઝબૂકતું જ આવી ગયો

અજબ મોહની ઉલ્લાસનો ઉલ્લાસ એ ગામાં આવેગ સાથે ફરી આવ્યો પડી જાને બધા ઉપર રોક્યા બન્યો હતા તરત જ નીચે દબ્યા સર્યો ને બાજુ રહેલી મસ્ત પ્રતિમાના દેહને વિટળાઈ વળ્યા.

ગીત એકાએક વીરમી ગયું, આ પ્રવૃતિ માટે ઉતાવળ એ ગાનનો ભીંદોરો રણકાર દેવેન્દ્રના હૈયા ઉપરથી હેઠો ન ઉતર્યો

ગીત એ તો હામ ઉરોજવાનું અનેરું એક અંગ, સાનિધ્યમાં મલકાતા મસ્ત સૌ દર્યમાં સંગીતના મીઠ્ઠાં મેળવાય એટલે માનવહૈયા હાથમાં ન રહે

દેવેન્દ્રના દિલમાં કોઈ અજબ ગાન પ્રતિમાના રૂપમાં રચાતું હતું. એણે આંખ મીંચી અને બન્ને હાથમાં વિટાએલી યૌવનની નાજુક દેહલતા તરત જ એના દેહ સાથે જડાઈ ગઈ

પ્રતિમા ગભરાઈ, એના જીવનમાં આવી રમત પ્રથમ જ એ અનુભવતી હતી. યૌવન-દ્વારના ઉંબરમાંથી જન્મેલી આવી રમતોની સ્મૃતિ અનુભવની ભૂમિકામાં પરિવર્તન પામતી હતી કે પછી વામના-મોહના પ્રબળ વહેણમાં ધકેલાતી હતી, એ એનાથી ન સમજ્યું

પ્રતિમા સજ્જડ બની ગઈ મજબૂર એનું અંતર માની ગયું અને એ દેવેન્દ્રના દેહમાં સમાઈ ગઈ

મનનના ઓઠેરા ખ્યાલને રચતી કાયની કમાની યૌવનના કુદરતકારી રીતે એ પુરૂષના બુદ્ધ પગમાં સ્થિર બની ગઈ ન હલી કે ન ચલી. એની બેદરકારી એના દેહ પરના તમોગુણ બનના ગયા દેવેન્દ્રના રૂપર્ણ માટે.

પણ ત્યા તો હરના પ્રબળ આવેગમાંથી ' રાત્રિ સમ ચુબન જન્મ્યું ને પ્રતિમા ભાન

ચિંતનામૃત

રજૂ કરનાર રણછોડદાસ

યુદ્ધમાં ભાગ લેવો એ અહિંસાની સાથે મેળ બેસે તેવું નથી પણ કર્તવ્યનું ભાન થવું એ હમેશા દીવા જેવું સ્પષ્ટ નથી હોતું સત્યના પૂજારીને ઘણી વેળા ગોથાં ખાવા પડે છે

અહિંસા વ્યાપક વસ્તુ છે હિંસાની દોણીની વચ્ચે સપડાયેલા આપણે પામર પ્રાણી છીએ 'જીવ જીવની ઉપર જીવે છે,' એ બોલવું વાક્ય નથી મનુષ્ય એક ક્ષણ પણ બાહ્ય હિંસા વિના નથી જીવી શક્તો ખાતાં પીતાં, બેસતાં ઉઠતાં, બધી ક્રિયાઓમાં, ઇચ્છા અનિચ્છાએ કંઈક હિંસા તો કર્યા જ કરે છે તે હિંસામાંથી નીકળવાનો તેનો મહાપ્રયાસ હોય, તેની ભાવનામાં કેવળ અનુકંપા હોય, તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુનો પણ નાશ ન ઇચ્છે અને યથાશક્તિ તેને બચાવવાનો પ્રયાસ કરે તો તે અહિંસાનો પૂજારી છે તેની પ્રકૃતિમાં નિરંતર સંયમની વૃદ્ધિ હશે, તેનામાં નિરંતર કરુણા વધતી હશે પણ કોઈ દેહધારી બાહ્ય હિંસાથી સર્વથા મુક્ત નહિ થઈ શકે

વળી અહિંસાના પડમાં જ અદ્વૈત ભાવના રહેલી છે અને જો પ્રાણીમાત્રનો અભેદ હોય તો એકના પાપની અસર બીજાની ઉપર થાય છે તેથી પણ મનુષ્ય હિંસાથી કેવળ અસ્પૃષ્ટ નથી રહી શકતો. સમાજમાં રહેલો મનુષ્ય સમાજની હિંસામાં અનિચ્છાએ પણ ભાગીદાર બને છે બજાર બે પ્રજાઓ વચ્ચે યુદ્ધ થાય ત્યારે અહિંસાને માનનાર વ્યક્તિનો ધર્મ તે યુદ્ધને અટકાવવાનો છે તે ધર્મનું જો પાલન ન કરી શકે, જેનામાં વિરોધ કરવાની શક્તિ ન હોય, જેને વિરોધ કરવાનો અધિકાર પ્રાપ્ત ન થયો હોય તે યુદ્ધ કાર્યમાં ભળે, અને ભળતો છતો તેમાંથી પોતાને અને પોતાના દેશને તેમજ જગતને ઉગારવાની હાર્દિક કોશિશ કરે

× × ×

બહુકવાત અને તેને મદદ કરનાર વચ્ચે અહિંસાની દૃષ્ટિએ કંઈ ભેદ નથી જણાયો. જો માણસ લૂંટારાની ટોળીમાં તેની આવશ્યક ચાકરી કરવા, તેનો ભાર ઊંચકવા, તે લૂંટ કરતો હોય ત્યારે તેની ચોકી કરવા તે ઘાયલ થાય તો તેની સેવા કરવા રોકાય છે, તે લૂંટને વિષે લૂંટારાના જેટલો જ જવાબદાર છે એ પ્રમાણે વિચારતાં ક્ષરકરમાં ઘાયલની સારવાર કરવા જ કામમાં રોકાઈ જનાર યુદ્ધના દોષમાંથી મુક્ત નથી રહી શકતો

× × ×

સત્યનો આગ્રહી રૂઢિને વળગીને જ કંઈ કાર્ય ન કરે, તે પોતાના વિચારને કંઈપૂર્ણ ન વળગે, તેમાં દોષ હોવાનો સંભવ હમેશાં માને, અને તે દોષનું જ્ઞાન થાય ત્યારે ત્યજે તેટલા જોખમો હોય તે ખેડીને પણ તેનો સ્વીકાર ને પ્રાયશ્ચિત પણ કરે

× × ×

સત્યાગ્રહી તો છેતરાવાને જ જન્મે છે ના ! છેવટે તો છેતરનાર જ છેતરાય છે !

× × ×

જેમ માંસ તેમ જાનવરનું દૂધ પણ મનુષ્યનો ખોરાક નથી એ વસ્તુ પણ મારી પાસે હતી

× × ×

એવા સ્મરણો પણ છે કે જેનો મહાન આશય ઘણી વિપત્તિઓ ને વિરોધોમાં મને

(કવર પેજ ૩ પર ચાલુ)

(પાન ૮૪ નુ ચાલુ)

મળી શકયો છે શ્રદ્ધાળુ આત્મા મીઠા સ્મરણોમા જુએ છે કે ઈશ્વર દુઃખરૂપી કડવાં ઔષધો આપે છે તેની જ માથે મૈત્રીના મીઠાં અનુપાનો પણ આપે છે

× × ×

વકીલાતના કામમા પણ સત્ય જાળવીને કામ થઈ શકે

ધંધાથે કરેલી વકીલાત માત્રના મૂળમા જે દોષ રહેલો છે તેને આ સત્યની રક્ષા ટાકી નથી શકતી

× × ×

' મારો તો એવો અભિપ્રાય છે કે સજ્જન ચોરી જવામા નથી પણ ચોરી કરવામા છે સજ્જનનુ કામ તો થઈ ચૂકયુ જોઈ જવુ પડે તો તે પ્રામશ્ચિત સમજીને ખરુ પ્રાયશ્ચિત તો હવે પછી કાણુચોરી ન કરવાની પ્રતિજ્ઞામા છે

× × ×

' સત્યાગ્રહી તરીકે મારો નિયમ જ છે કે કોઇની સામે કઈ પગલુ ભરવુ હોય તો પ્રથમ તો તેનુ દૃષ્ટિબિંદુ તેની પાસેથી જ સમજી લેવુ ને જ્યા લગી તેને અનુકૂળ થવાતુ હોય ત્યા લગી અનુકૂળ થવુ '

× × ×

લૌકિક સબધ કરતા આધ્યાત્મિક સબધ વધારે કીમતી છે આધ્યાત્મિક વિનાનો લૌકિક સબધ પ્રાણ વિનાના દેહ સમાન છે

× × ×

દર્શનાર્થીના પ્રેમના પ્રદર્શનથી મને ઘણી વેળા ક્રોધ આવ્યો છે ને મનમાં તો તેથીયે વધારે વેળા બળ્યો છુ, એટલુ જાણુ છુ ત્રીજા વર્ગની હાડમારીથી મને અગવડ પડી છે, પણ ક્રોધ આવ્યે જ છટકો છે, અને એથી મારી તો ઉન્નતિ જ થઈ છે

× × ×

ભ્રમણમા મે લોકોની ધર્મભાવના કરતા તેમનુ બેબાકળાપણુ, તેમની ચંચળતા, પાખંડ, અવ્યવસ્થા બહુ જોયાં સાધુઓનો રાફડો ફાટયો હતો. તે કેવળ માલપૂડા ને ખીર જમવાને જ જનમ્યા હોય એવા જણાયા. અહીં મે માત્ર પગાળી ગાય જોઈ, હુ તો આશ્ચર્ય પામ્યો પણ અનુભવી માણસોએ મારુ અજ્ઞાન તુરત દૂર કર્યું પાંચ પગાળી ગાય તો દુષ્ટ લોભી લોકોનુ બલિદાન હતુ આ ગાયની કાંધમા વાછડાના જીવતા પગ કાપી કાંધને ઊંદી તેમાં તે ચોટાડી દેવામા આવતા હતા, જે આ બેવડી ધાતકી ક્રિયાનુ પરિણામ અજ્ઞાની લોકોને ઘૂતવાને સારુ વાપરવામાં આવતુ હતુ પાંચ પગાળી ગાયના દર્શન કરવા કયો હિંદુ ન લલચાય ? ને દર્શનને સારુ તે જેટલુ દાન તેટલુ થોડુ

× × ×

મને તીર્થક્ષેત્રોમાં પવિત્રતાની શોધિ જવાનો મોહ કદી નથી રહ્યો

× × ×

ચોમેર ફેલાયેલા પાખંડમા પવિત્ર આત્માઓ પણ છે તેઓ ઈશ્વરના દરબારમા સજ્જનપાત્ર નહિ ગણાય

— આત્મકથા માથી

આ માસિક વડોદરા-સિયાપુરામાં પી વૃદાવનદિત્ર ત્રિ પ્રેમભા અ બાલાલ ત્રિકમલાલ દલાલે પોતાને માટે છાપી અને તેજ ઠેકાણેથી પ્રસિદ્ધ કર્યુ તા. ૧-૫-૪૬

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ભાગ ૧-૨

લેખક	કિંમત
શ્રી ચીમનભાઈ મ. ડોક્ટર	રૂા. ૩-૧૧-૬

શ્રીમદ્‌ભૂમિ હાચાર્યજી

લેખક	કિંમત
શ્રી મહેન્દ્રકુમાર મો. દેસાઈ	રૂા. ૨-૫-૦

સાગર જીવન અને કવન

લેખક	કિંમત
શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠી	રૂા. ૨-૪-૦

અર્ધમોદ્ધારક સહજાનંદ દર્શી

લેખક	કિંમત
શ્રી. ચન્દ્રકાન્ત મહેતા	રૂા. ૦-૮-૦

હજરત મોહમ્મદ પેગંબર સાહેબ

લેખક	કિંમત
શ્રી ચંદુલાલ ન. વકીલ	રૂા. ૦-૮-૦

નૂતન માનસવિજ્ઞાન

લેખક	કિંમત
શ્રી ચંદુલાલ કા. ભટ્ટ	રૂા. ૧-૬-૧

ભારતીય તર્કશાસ્ત્ર પ્રવેશ

લેખક	કિંમત
હેમાંગ કુમાર નિશાળ	રૂા. ૧-૧૦-૦

ઘરમાં ન આવવા યોગ્ય પુસ્તકો

હિંદુસ્તાનની ન ભણીતાં રહેવાશે

હિંદુસ્તાનની સામાન્ય માહિતી રજુ કરતું પુસ્તક

વડોદરા

લેખક

શ્રી ચંદ્રશંકર મો. ભટ્ટ

કિંમત રૂા. ૦-૮-૦

•

સૂરતનાં શોખીન શોકીનો રસિક જીવનનો અનુભવ લેવાનું ભૂલ ન થાય તેવું પુસ્તક

સૂરત

ભાગ ૧-૨

લેખક

શ્રી મગેશરાય જ. પાઠક

કિંમત રૂા. ૧-૦-૦

•

દ્વારકા જવા પ્રવાસીઓને સારી માહિતી પૂરી પાડતું અનોખું પુસ્તક

દ્વારકા

લેખક

શ્રી કલ્યાણરાય ન. જોશી

કિંમત રૂા. ૧-૧-૦

{ વધુનું ચોસ્ટેજ જુદું }

— ટૂંક સમયમાં પ્રગટ થયેલા પુસ્તકો —

ભગવદ્	લે. શ્રી રમેશચંદ્ર રંગનાથ ગૌતમ	કિંમત ૧-૧૪-૦
રાજપુત્રોનું શિક્ષણ	લે. શ્રી બાપુભાઈ નાથાલાલ વૈષ્ણવ	કિંમત ૦-૧૦-૦

આ પુસ્તકો તમે વસાવ્યા ન હોય તો આજે જ મંગાવો

મેસર્સ નટુભાઈ ઠક્કર એન્ડ કું., શિયાપુરા પો. બો. ન. ૮૫ : વડોદરા

ગુજરાત

અને ગુજરાતી

સાહિત્ય પરિષદ



કાર્યાલય
ગુજરાત મિત્ર પ્રેસ,
પો બો ન ૯૫,
વડોદરા

જુન '૬૯

ત્રીજી
'કુમાર'
નટુભાઈ

આવૃત્તી અને સ્વામિત્વ સ્વ જયકૃષ્ણ ના વર્મા

નિયમો

*ગરવી ગુજરાતણ ઘડવાના મનોરથ સાથે ઈ.સ. ૨૬ વર્ષથી 'ગુણસુન્દરી' પ્રસિદ્ધ થાય છે

*દર માસની પહેલી તારીખે નિયમિત પ્રસિદ્ધ થતા 'ગુણસુન્દરી' મા સ્ત્રી જીવનના સર્વાંગી પ્રશ્નોની ચર્ચા સાથે મનનીય સાહિત્ય સાથે સ્ત્રી સમાજના સમાચારો આપવામા આવે છે

લવાજમ

ગુણસુન્દરીનુ વાર્ષિક લવાજમ હિંદમા ૩ા માડા પાચ અને પરદેશમા શિલીંગ બાર અને છુટ્ટક નકલના આર આના છે


ગ્રાહક થવા માટે

વર્ષ ના પ્રારંભમા લવાજમ મોકલવામા આવે છે ને કોઇપણ માસથી ગ્રાહક થઇ શકાય છે

ગ્રાહકોને

જો કોઇપણ અંક કારણ સર ખોઇ ન જાય તો ગુણસુન્દરી દર માસની પહેલી તારીખે થાય છે તે દર મા ગ્રાહકોને કાળજી ભરી રીતે મોકલાય છે તમ છતા કોઇ કારણસર અંક ન મળે તો તા. ૧૦ સુધીમા કાર્યાલય ખાતે આપવાથી બીજી વિનામા મળે તેવા થશે મોકલાશે

સ્ત્રીજાતની અને રાષ્ટ્રપક્ષ રવ જવકૃષ્ણ ના વર્ષા



ગુણસુન્દરી

તથા સ્ત્રીજીવન

પુ ૫૨] જુન ૧૯૪૯ [વ૫ ૨૬

આ અંકમા

કવિતા	કલ્પના	શ્રી રમણલાલ વ્યાસ
	ધન્ય ઉરે	શ્રી લલિત અદ
	તુ તારો આધાર	શ્રી નરેન્દ્ર રાવ્યુરી
	મેઘજી આવોને	શ્રી મહેન્દ્રકુમાર દેસાઇ
	સખી જોને	શ્રી ર કોડારી
વાર્તા	દોષ કોનો	શ્રી નરેન્દ્ર મહેતા
	ઠગારો	શ્રી મનવત મછારીવા
ભાવના	મારા હૈયામા પણ વસત આવશે જ	ચિદરૂ ધોરી
	ચિમતા	શ્રી મોહનલાલ દવે
નાટિકા	બાપનું બારસુ	શ્રી નાગીન્દ્ર ત્રિવેદી
પરિચય	વિદ્યાવહમી પડિત	શ્રી મૌક્તિક
લેખો	ટ્રેમ	શ્રી દુ સ
	સ્ત્રીઓના અધિકાર અને મેમાસહ જોગિના	શ્રી વિરેન્દ્ર ન્યાસી
	બારણુ બાળક અને દુખનો પ્રશ્ન	
	એક પત્ર	શ્રી સારદામોરી રામ્બમાર

ઉપરાત

ત ત્રી જોધ સમાચાર, ફેરમ વિમર

તમામ પત્ર-પત્રવાર માટે લખો

ગુણસુન્દરી કાર્યાલય,

લુહારાણા મિત્ર પ્રિન્ટીંગ પ્રેસ,

પો. બો ન ૨૫ વિષાપુરા વડોદરા



ઈચ્છું ઉર

ચંદા તણી કોમળ ચાંદનીમા
બેસી અને અમૃત અંગ પાતી
બોળે મૃદુ કોમળ બાળ જ્યારે
કાસારમા પંકજ ચારુ ખીલ્યુ !

*

રોજની રહે બાલ વિશાળ તારે
ચંદ્રી તણી ચાંદલ રમ્ય મૂર્ત્તિ
અનોખલે ઝૂલત ફૂલવેણી,
ભ્રેકાવતી ખંડ સુવાસથી આ
ને બાલનુ બાલ વિશ્રામ ઢાકી
ઊડત સાળુ તવ દૂધ રંગી
ઊંચુ નીચુ નર્તન એ કરતો

*

તુમાં વહે શૈશવ સૌ જનોનુ
કોમાર્ય ને યૌવન યે વહેતા
પ્રૌઢા તણી છાપ રહી વળી ત્યા
બાળુ પૂત્ર ને નમુ નેહ દેવી !

*

ઈચ્છુ ઉરે કે યદિ ઘેર ઘેર
આવી વસે સ્નેહલ દિવ્ય મૂર્તિ
(તો) પાયો નખી સ્વર્ગ તણો નખાયે

શ્રી લલિત ગિ ભટ્ટ

કલ્પના

કલ્પના આવી આવીને સરી જાય રે !
એના પાવન દૂરે લહેરાય રે !
કલ્પના આવી આવીને સરી જાય રે !
ઝરણાની ઝાંઝરીઓ પાયે ઝણકારતી,
કોકિલના કંઠ કેરી બંસરી બજાવતી,
આવે અદશ્ય બીન તારો રણકારતી,
ઉલ્લાસે ઉર ઉભરાય રે !
કલ્પના આવી આવીને સરી જાય રે !
વિશ્વે એ વિજળી શી ચમકતી ઘૂમતી,
લટે મોતીડાં એ ઝાકળના ગૂંથતી,
ઉષા સંધ્યાની સાસી ગાલોને ચૂમતી
ગીતે તે કેમ એ પૂરાય રે !
કલ્પના આવી આવીને સરી જાય રે !
તેજ તણો ચમકારા જેના ચક્ષુગારમા,
કોમળતા પાંખ તણી પંખીની દેહમા,
સ્વપ્ન સ્વપ્નમણીની રાખેલી છેક જ્યાં
એને શી રીત રપર્શાય રે !
કલ્પના આવી આવીને સરી જાય રે !

શ્રી રમણલાલ વ્યાસ

ગુણસુન્દરી

જુન ૧૯૪૯

વર્ષ ૨૧ અંક ૪ પૃસ્તક ૫૨

આજ અને આવતી કાલની સ્ત્રીઓનુ માસિક

વહેમ ....આ માસનો હળવો ચિંતન લેખ..... ..

'શાં તાબહેન તમે નહિ માનો પણ આ છોકરાને નક્કી કોઇએ કંઈ કર્યું છે નક્કર આટલા દવાદારૂ કર્યા છતાં ન મટે એવું બને ' દાક્તર પણ કહે છે આ છોકરાને કંઈ રોગ નથી તોય દહાડે દહાડે ગળતોજ જાય છે "

લક્ષ્મીની આ વાત સાંભળી ત્યારથીજ કુ આ વહેમ વિષે વિચારી રહ્યો છુ કે માનવીના જીવનમા વહેમ કેવો ભાગ ભજવે છે ! આખો જમાનો પલટાઇ ગયો સતરમી સદી તો કયાંય આથમી ગઈ છતા હજી આ એકવીસમી સદીમાં આ. વહેમની ભૂતાવળ એક છેડાથી બીજા છેડા સુધી જીવે 'એ કેવી વાત ' આ વહેમ વિષે વિચારી રહ્યો હતો ત્યા જ રમુ કાકા આવી પહોચ્યા.

' આવો, આવો કાકા આ તરફ કંઈ ! '

' આ જરા ફરવા નીકળ્યો હતો તો થયુ કે લાવને જરા દુર્જનને મળતો જાઉ '

' સારૂ થયુ બેસો બેસો, જરા ચા બનાવી દઉં '

' અરે ચા બાની વાત મુકને, આ ગરમી કેટલી બધી પડે છે, એમાં વળી ચાનુ લાફ્ર નાહક ' કહી રમુ કાકા બેઠા અને વાતે વળગ્યા.

પણ મને કોણ જાણે કાકાની બીજી વાતોમા રસ ન્હોતો. વાતનો પ્રવાહ અટકાવીને મે પુછ્યુ 'કેં કાકા આ વહેમની કંઈ દવા નહિ હોય ! '

' વહેમ એ પણ એક બારી બલા લોકોમાં જમાના થયા ઘર કરી ગઇ છે તે નીકળતી જ નથી. તેમાય પુરૂષો કરતા ઓરતોમાં એ ભૂત વધારે છે ને શહેર કરતાં ગામડામાં વધારે છે વહેમનુ ઓસડ વહેમ ' સિવાય વહેમનુ કોઇ ઓસડ જ નથી. '

- જોને આજે બપોરે જ પેલો કનૈયાલાલ બબડતો હતો સાલુ આજે તો કોણ જાણે કોનુ મોઢુ જોયુ છે તે દિવસ આખો ખરાબ ગયો આ ખરાબ દિવસને તે મોઢાને શુ સબધ છે, કંઈ નહિ ? છતાંય એક જાતનો માણસમા જે વહેમ ભરાય છે એજ માણસને મારે છે '

ત્યારે મને એક વાત યાદ આવી મે કહ્યું ' જો કનૈયાલાલ તુ મોઢુ જોવાની વાત કરે છે એ તારો વહેમ છે જો સાભળ '

' એક માણસને માટે એવો વહેમ ફેલાયો હતો કે એનુ મોઢુ જુએ એને ખાવા ન મળે. ગામના રાજાએ એ વાત સાભળી અને એને એની પરીક્ષા લેવાનુ મન થયુ એટલે પછી રાત્રે પોતાના મહેલમા પુરી દઈ સવારમા પહેલુ એનુ મોઢુ જોયુ અને વિચારતો બેઠો હવે જોઉં છુ મને કેવી રીતે ખાવાનુ નથી મળતુ ! બપોરે એ જમવા બેઠો પણ જોગાનજોગ એવુ થયુ કે એના ભાણામા કયાંય ઉપરથી જેરી રસ ટપકી પડયો કાગનુ બેસવુ અને તાડનુ પડવા જેવી આ વાત હતી. પણ રાજાને થયુ કે વાત તો સાચી છે એણે હુકમ કર્યો આવો માણસ રાજ્યમાં ન જોઇએ, જાવ ફાંસીએ લટકાવી દો. બિચારો ચેતો તો વિચારમા જ પડી ગયો, હવે શુ થાય ! એટલે એણે એક યુક્તિ ખોળી કાઢી એણે કહ્યું ભલે મને ફાંસીએ લટકાવી દો પણ તે પહેલાં મારે કોઇને કંઈક કહેવુ છે

' હા, હા જરૂર ' પણ શુ કહેવુ છે ! ' રાજાએ પુછ્યુ

એજ કે મારૂ મો જોવાથી તો ખાવાનુ નથી મળતુ પણ રાજાનુ મો જોવાથી

(અનુસંધાન જુમો પાન ૮૮)

મેઘજી આવો ને !

નયન ધુમ્મટમાંથી આજ, મેઘજી આવો ને !
જમજીવન દર્શન કાજ મેઘજી આવો ને !
પીગ્યે પ્રેમ આકાશ સકાઇ, મેઘજી આવો ને !
વાયે અંતરમાં ઉકળાટ, મેઘજી આવો ને !
ભૂમિ ઉન્હા નાંખે છે નિસાસ, મેઘજી આવો ને !
મુખ આખું પામે દીન ત્રાસ, મેઘજી આવો ને !
લોચા જીવ્યા તારલીઆં રોજ, મેઘજી આવો ને !
કાશી કેરી ન કરવી ખોજ, મેઘજી આવો ને !
રવિ તેજ તણી અતિ રીઝ, મેઘજી આવો ને !
થઇ વેરણ શાને ધીજ ? મેઘજી આવો ને !
ઘસે ઉગે ન આસ પ્રભાત, મેઘજી આવો ને !
દિસે દીન અંધારી રાત, મેઘજી આવો ને !
—'દુખનાં દળ વાદળ વૃન્દ, મેઘજી આવો ને !
ઘન ઘોરમ કાળકંદ, મેઘજી આવો ને !
સુખ સરજ ને પ્રિય ચંદ મેઘજી આવો ને !
દાધી લૂટે નયન-આનંદ, મેઘજી આવો ને !—'
જેવું પહેલાં વદ્યા કવિ વોક, મેઘજી આવો ને !
માની હેલે ગિરિયા બધું હોક, મેઘજી આવો ને !
આલે સત્વ ઠેઠે કૃષિકાર, મેઘજી આવો ને !
દગ્ધ હિલડાના તારણહાર, મેઘજી આવો ને !
જલ ક્રીંચો ઝમી રસધાર મેઘજી આવો ને !
ધાણી ઠરવ ઉરે અભિલાષ મેઘજી આવો ને !
ચેલા ચાતક પંખીની પ્યાસ મેઘજી આવો ને !
ઝીણી છીપ કેરો ના ઉલ્લાસ, મેઘજી આવો ને !
નથી મોર તણાં નર્તન, મેઘજી આવો ને !
સૂણી ત્રાડ સમાં ગર્જન, મેઘજી આવો ને !
નદી માનવનાં મનમોર મેઘજી આવો ને !
કરે આનંદથી કલશોર, મેઘજી આવો ને !
દીસે પાદુર ધવાણુ ધાન, મેઘજી આવો ને !
આવો લીલા અબરપરિધાન, મેઘજી આવો ને !
પ્રેમી પીરસે જે પકવાન, મેઘજી આવો ને !
હસી હેયા બને ખુલતાત, મેઘજી આવો ને !
નયન ધુમ્મટમાંથી આજ મેઘજી આવો ને !
જમજીવન દર્શન કાજ, મેઘજી આવો ને !

શ્રી મહેન્દ્રકુમાર મોતીલાલ દેસાઇ

મારા દેશમા પણ

વસંત આવશેજ

★ યુદ્ધથી વેરાન બનેલા જાપાનની એક બાલિકાની જગત શાંતિની હૃદયવેદના

[ઓસ્ટ્રેલીયા પોતાના પ્રદેશમાં કોઇપણ પીળા પ્રજાને પ્રવેશવા દેતુ નથી તેમ છતાં જાપાનમા બધુતા બાળકોને ઓસ્ટ્રેલીયન શાળાઓના ' કલમ મિત્રો 'ને સંદેશા મોકલવા દેવામા આવે છે. હિરોશીમા કન્યાશાળાની ૧૩ વર્ષની એક જાપાની છોકરીએ લખેલો આવો એક પત્ર તાજેતરમાં ' વર્લ્ડ ઓફ ચિલ્ડ્રન–વિશ્વના બાળકો ' નામની પત્રિકામાં છપાયો છે એમા એ છોકરીએ એક વાત નથી લખી કે તેણે પોતાનો જમણેરો હાથ આખિયા બાજુથી ખોયો છે આ રહ્યો એ પત્ર]

ઓસ્ટ્રેલીયાની કોઈ વિદ્યાર્થીનીને,

મને એવી બીક તો રહ્યા જ કરે છે કે હું જાપાની છુ એટલે આ પત્ર સ્વીકારવાનુ કે એનો જવાબ પાઠવવાનુ તને કદાચ ન ગમે, પણ હું આશા રાખુ છુ કે એમ નહિ બને !

હું તારી દુશ્મન નથી, મે પણ સહન કર્યું છે મારા ત્રણ ભાઇઓ સોડ તાણીને સુતા છે મારૂ ઘર બળીને ખાખ થઇ ગયુ છે અને જો હું તને કદાચ કદ્રુ તો તને મારા તરફ લાગણી થશે

આ બધી કુરતા અને જુલ્મોમાથી આપણે એવુ કદિ ન કરી શકીએ કે જેથી બધા દેશો શાંતિ, સમૃદ્ધિ અને સુખમા રહી શકે ! મારે તો એવુ જોઇએ છે

મારા દેશ જેવા યુદ્ધથી વેરાન થયેલા દેશમાં પણ વસંત તો આવશે જ આજે વસંતના આગમનની શરૂઆત થઇ ચુકી છે, કમળના પુષ્પો ખીલવા માડયા છે અને સુખ અને હુફનો અનુભવ થવા લાગ્યો છે આખી દુનિયા આ વસંતનો અનુભવ લઇ શકે એવુ આપણે શુ કરીએ તો થાય ! મારી તને વિનંતી છે કે તુ એ વાત ખાતરીથી માનજે કે હું મારી કલમથી નહિ પણ મારા હૃદયથી લખુ છુ

લિ. હિડકે ઇનૌરી

(—પ્રજાબંધુમાંથી)

— બ્રેમ : પાન ૮૬ થી ચાલુ —

ફાંસી મળે છે 'આ સાભળી રાજા તો ડધાઇ ગયો એણે વિચાર્યું તો તો ભારે થાય. અને રાજાને સમજાઈ ગયુ, આ તો ખાલી વહેમ છે એણે તરત પેલાને છુટો કર્યો

આ બધા વહેમની આવી વાત છે મે કહ્યું ને એનું કાઇ ઓસડ નથી. રીકેતથી જ એને મીટાવી શકાય. એ ન મીટાવી શકો ત્યા સુધી વહેમ માણસને હેરી ખાવાનો ! '

રમુ કાકા જુની પેઢીના માણસ હતા છતા એમના આ વિચારો સાંભળીને હું તો દંગ થઇ ગયો. થોડી વારે રમુકાકા ગયા. અને હું વિચારમાં જ એમી રહ્યો પેલી લક્ષ્મીને કેમ કરીને સમજાવવુ કે ' તારા બાળકને કોઇએ કર્યું નથી. માત્ર કાળજી ભરી દવાની જરૂર છે ! '

આંતર રાષ્ટ્રીય રાજકારણમાં નવતેજે ઝળકી ઉઠેલ

આઝાદ હિંદની

નવ નારી પ્રતિભા



શ્રીમતિ વિજયાલક્ષ્મી પંડિત

દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન પરત્વે સેકસેકસસ ખાતે રાષ્ટ્રસંઘની સભામાં જગતના રાષ્ટ્રોના પ્રતિનિધિ મુત્સદ્દીઓ મથામણ કરી રહ્યા હતા અને ખુબ શાહીવાદના મહા મુત્સદ્દી ગણાતા દક્ષિણ આફ્રિકાના વડાપ્રધાન જનરલ સ્મટસે પોતાની સામેના આ પ્રશ્ન પર પડકાર ફેંકયો હતો.

પરંતુ એ પડકારને ઝીલી લેતી કોપ તેમ એ સભામાં એક વિદુષી સ્ત્રી ઉભી થઈ, અને તેણે પોતાનું વક્તવ્ય શરૂ કર્યું સચોટ અને ધારદાર ! દક્ષિણ આફ્રિકાના હિંદીઓની કરુણ દુર્દશાનો ચિતાર તેમણે જગતના આ મુત્સદ્દીઓ સમક્ષ પોતાની તેજસ્વી બુદ્ધિ પ્રતિભાવડે શાંત છતાંય તીવ્ર અને વેધક વાણીમાં સંભળાવ્યો શાહીવાદના કૃત્યોનો અંધકાર પરદો ચીરી એ વિદુષી સ્ત્રીએ જગતના આ મુત્સદ્દી માનવીઓ સમક્ષ માનવતાનો પોકાર કર્યો.

અને જગતના એ મુત્સદ્દીઓ ઘડીભર દંગ થઈ ગયા ગુલામ હિંદની એક સ્ત્રી આટલી પ્રબળ વક્તૃત્વશક્તિ અને બુદ્ધિપ્રતિભા ધરાવે છે એ એમને મન નવીન અને આશ્ચર્યજનક હતું કારણ કે આ વિદુષી સન્નારીએ જે ચોટદાર દલીલોપૂર્વક પોતાનું વક્તવ્ય અહીં રજુ કર્યું હતું એ આ મુત્સદ્દીઓના હૈયામાં આરપાર ઉતરી ગયું હતું તેમનું અરમાન ઉતરી ગયું, દક્ષિણ આફ્રિકા પ્રત્યેના તેમના અજ્ઞાનના અંધકારનો પરદો હટી ગયો અને યુનોની આ સભામાં દક્ષિણ આફ્રિકાના એ પીઢ ને મહા મુત્સદ્દી ગણાતા જ સ્મટસને પડેલીનવાર એક હિંદી સ્ત્રીના હાથે હાર મળી

આ વિદુષી સ્ત્રીના વક્તવ્યથી ખુદ સ્મટસ પણ અંજાઈ ગયા અને તેમની પાસે પડેલી જાણે પોતાની હાર કબુલી એ વિદુષી નારીને ધન્યવાદ આપ્યા અને એ વિદુષી નારીના

વિજય પર જગતના એ મુત્સદ્દી માધાતાઓએ પ્રશંસાના પુષ્પો વેર્યાં હિંદની ઉદાત્ત સ્ત્રીશક્તિનો પહેલી જ વાર જગતને પરીચય થયો ! !

*

કોણ હતી એ વિદુષી નારી ? એ હતા મુલ્કામીની યાતનાઓમાંથી પસાર થઈને આઝાદીને ઉંબરે પહોંચતા હિંદના પ્રતિનિધિ અને આઝાદ હિંદના પ્રથમ મુકાની વડાપ્રધાન પંડિત જવાહરના બહેન, નહેરુ પુત્રી શ્રીમતિ વિજયાલક્ષ્મી પંડિત

તેમનામાં નહેરુ કુટુંબની ખાનદાનીનું ખમીર, ત્યાગ, સેવાની ભાવના અને ઉદાત્ત સંસ્કૃતિ સાથે બુદ્ધિપ્રતિભા ઉતરી આવ્યા હતા

જવાહર પછી નહેરુ કુટુંબમાં જન્મેલા વિજયાલક્ષ્મી કુટુંબમાં ભારે માનીતા હતા તેમનું લાલન પાલન પણ ભારે હાડથી થયું હતું, પિતા મોતીલાલ નહેરુએ તેમને માટે ઘેર ખાસ અંગ્રેજી શિક્ષકો રોકયા હતા સાથે સાથે માતા સ્વરૂપરાણી નહેરુ તરફથી તેમને ઉદાત્ત આર્ય સંસ્કૃતિની તાલીમ મળતી હતી. આમ વિજયાલક્ષ્મીમાં નાનપણથી જ પૂર્વ પશ્ચિમના ઉદાત્ત તત્વોએ તેમને બાળપણથી આઝાદીની લડતમાં ઝુકાવવાની પ્રેરણા આપી અને શૌર્યપૂર્ણ, સંપૂર્ણ કુરબાનીની તમન્ના સાથે તેમણે આઝાદીની લડતમાં પોતાનો અપ્રતિમ હિસ્સો આપ્યો

૧૯૨૧ માં તેઓ શ્રી રણજીત પંડિત સાથે લગ્ન ગ્રંથીથી જોડાયા. એ સમયે દેશમાં રાજકીય જાગૃતિના પુર ઉછળતા હતા, એ આઝાદીના પુરમાં નહેરુ કુટુંબ ધીમે ધીમે ગરકાવ થતું જતું હતું પરંતુ હજુ વિજયાલક્ષ્મી એને દુરથી નિહાળતા હતા

ત્યારપછી ૧૯૨૫ માં કમળા નહેરુની માંદગી અંગે આખા કુટુંબે યુરોપનો પ્રવાસ ખેડયો ત્યાંથી પાછા ફર્યા પછી હરી પંડિત મોતીલાલજી અને જવાહરલાલે આઝાદીની આ લડતમાં પૂર્ણ જોશથી ઝુકાવ્યું

આ વખતે વિજયાલક્ષ્મી આ આંદોલનથી દુર ન રહી શકયા, તેમણે પણ એમાં ઝુકાવવાનો નિર્ણય કર્યો અને પોતાના પતિ શ્રી રણજીત પંડિતને પણ આઝાદીના આ મહાયજ્ઞ તરફ ખેંચ્યા.

૧૯૩૦ માં ગાંધીજીએ દાંડીકૂચ કરી નાકરની લડત ઉપાડી ગાંધીજી અને જવાહરની ધરપકડ થઈ, અને દેશના એક છેડાથી બીજા છેડા સુધી આ આંદોલનની આગ સળગી ઉઠી. ઠેર ઠેર ફાયરીંગ થવા લાગ્યા અને એ સામે બ્રિટીશ રાજના પોલીસોની લાઠીઓ, ગોળીઓ અને જુલ્મોની ઝડી વરસી રહી. વિજયાલક્ષ્મી પણ તેમના ભાભી કમળા નહેરુ તથા નારી જેલ કૃષ્ણા સાથે આ પીકેટીંગોમાં પૂર્ણ જોશથી ભાગ લઈ રહ્યા હતા

આ આંદોલનનું પુર આવ્યું અને ગયું, તેની સાથે પંડિત મોતીલાલ પણ ગયા

ત્યારપછી ૧૯૩૨ માં આ આંદોલનનો ફરી દાવાનળ પેટી ઉઠયો ગાંધીજી અને વલ્લભભાઈની ધરપકડ થઈ ને આ આંદોલનમાં અસંતોષનો પ્રચંડ દાવાનળ પ્રગટી ઉઠયો. આ દાવાનળમાં દેશની સ્ત્રી શક્તિ મોખરે હતી. જવાહરના વૃદ્ધ માતા સ્વરૂપરાણી નહેરુએ પણ એમાં ઝુકાવ્યું હતું અને વિજયાલક્ષ્મી પ્રચંડ સ્ત્રી શક્તિરૂપ બની ચોમેર ઘુમતા હતા, તેમને પકડીને સરકારે જેલમાં પૂરી દીધા. પચ્ચીસ વાર માતાના આશીષ લઈને વિજયાલક્ષ્મી જેલના તોતીંગ દરવાજા પાછળ વિલીન થયા. તેમના હૈયામાં ઉલ્લાસ હતો, ખુમારી હતી, મગરૂબી અને સ્વાર્પણની અનોખી ભાવના તરવરતી હતી.

પીકેટીંગ દરમ્યાન તેમને અનેક વખત વિરાટ મેદની સમક્ષ ભાષણો આપવા પડતા. તેમને માટે એ નવીન હતું છતાં તેમની

સમક્ષ સરોજીની નાયડુનો આદર્શ તરવરતો હતો, મૈયા એની બેસંટના મધુર શબ્દો તેમને નવીન પ્રેરણા આપતા. એક દિવસ અલ્મોડા ખાતે વિરાટ મેદની મળી હતી એક પછી એક વક્તાઓ થોડું થોડું બોલીને બેસી ગયા. વિજયાલક્ષ્મીએ આ જોયું, તેમને થયું જનતાને એકેને એક વાત કરતા કંઈક નવીન આપવું જોઇએ, જે તેમનો જુસ્સો ટકાવી રાખે આ સિદ્ધાંતને ધ્યાનમા રાખીને તેમણે આ વિરાટ મેદનીને સંબોધન કર્યું અને જનતાએ તેમને હર્ષનાદોથી વધાવી લીધા. આમ તેમણે વક્તવ્યની કળા ખીલવી.

૧૯૩૬ મા હજુ તો મોતીલાલજીના મૃત્યુનો ઘા રૂઝયો ન્હોતો ત્યાજ કમળા નહેરૂના અવસાને નહેરૂ કુટુંબ ઉપર બીજો ઠારનો ઘા લગાવ્યો. જવાહર એકની એક પુત્રી ઇંદીરાને સ્વીટઝરલેન્ડમા મુકીને દેશના ભારે શોક સાથે હિંદ પાછા ફર્યો

૧૯૩૭ ની સાલ આવી. વિજયાલક્ષ્મી હવે રાજકારણમાં પુરજોશથી પ્રવેશી ચુકયા હતા પ્રાંતિક ધારાસભાની ચુંટણીમા તેઓ ઉમેદવાર તરીકે ઉભા રહ્યા અને હિંદના ઇતિહાસમા પહેલીજવાર સંયુક્ત પ્રાંતના પ્રધાન મંડળમા એક સ્ત્રીને નાણા પ્રધાનનો હોદ્દો મળ્યો. પરંતુ ભારે કામગીરીથી તબીયત સબબ ને ડોકટરની સલાહ અનુસાર તેઓ યુરોપ હવાફેર માટે ઉપડયા ને ત્યાં થોડો વખત આરામ કરી લંડન થઈ હિંદ પાછા ફર્યા અને ફરી તંદુરસ્તી અને સુધરાઇનુ ઇસ્તર સંભાળ્યુ

૧૯૩૯ માં દેશની પરિસ્થિતિમાં જબ્બર પલટો આવ્યો હતો એ સાથે દુનિયા વિશ્વયુદ્ધમાં અટવાઇ હતી, બ્રિટને હિંદને પરાણે યુદ્ધમા ખેંચ્યુ અને કોંગ્રેસે તે સામે પ્રચંડ વિરોધ ઉઠાવી દરેક પ્રાંતમાથી પ્રધાનમંડળોના રાજીનામા આપી દીધા. વિજયાલક્ષ્મીએ પણ પોતાના હોદ્દાનુ રાજીનામુ આપી દીધુ ને ગાંધીજીના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા અને તેમને ચાર માસની સજા થઇ

ફરી ૧૯૪૨ નુ વર્ષ આવી પહોંચ્યુ અને દેશભરમા 'ચલેજાવ' ની ક્રાંતિનુ પ્રચંડ પુર ફરી વળ્યુ તમામ નેતાઓ જેલના સળિયા પાછળ ધકેલાઇ ગયા અને પાછળ ૨૧ મી ઓગસ્ટે વિજયાલક્ષ્મીને પકડી સરકારે જેલમા ધકેલી દીધા. પરંતુ જેલમા તેમની તબીયત લથડી અને ૧૯૪૩ મા તેમને કેદ મુક્તતને માટે મુક્તિ મળી તરત જ તેમણે બને પુત્રીઓ ચંદ્રલેખા અને તારાને શિક્ષણ માટે અમેરીકા મોકલી આપી ને પાછા જેલ જીવનનુ એક અંગ બની ગયા.

૧૯૪૪ ના નવેમ્બરમા તેમને છુટા કર વામા આવ્યા, તેઓ તરત જ પુત્રીઓને મળવા અમેરીકા તરફ ઉપડી ગયા અને અમેરીકામા ઠેર ઠેર ભાષણો કરી તેમણે બ્રિટીશ શાહીવાદના હિંદમાના ભય કર કુકૃત્યો નો જગતને ખ્યાલ આપ્યો અને અમેરીકાને હિંદના સાચા સ્વરૂપની પીછાન આપી

૧૯૪૫ ના જાન્યુઆરીમા તેઓ હિંદ પાછા ફર્યા અને હિંદે પોતાની આ અનોખી પુત્રીનુ ગૌરવભર્યું સ્વાગત કર્યું ફરી તેઓ પ્રાંતિક ચુંટણીઓમા ઉભા રહી પ્રધાન મંડળમા જોડાયા. પરંતુ થોડો જ વખત એ હોદ્દો ભોગવી તેઓ દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન રજુ કરવા હિંદના પ્રતિનિધિ તરીકે ફરી અમેરીકા ખાતેની યુનોની સભામા ગયા અને યુનોના આ મંચ પરથી દક્ષિણ આફ્રિકાની આ રંગ દ્વેષની મેલી નીતિનો પરદાફાશ કરી નાખી સ્મટસ સામે વિજય મેળવ્યો.

*

પરંતુ ત્યાર પછી હિંદ આઝાદ થયુ શ્રી વિજયાલક્ષ્મી આઝાદ હિંદના રશિયા ખાતેના પ્રથમ એલચી નિમાયા અને પોતાની સઘળી કામગીરી બજાવી અને ત્યાથી પાછા ફરતાં જ તેઓ અમેરીકા ખાતેના હિંદના એલચી નિમાયા છે

આમ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે આઝાદ હિંદની શાન બારી હિંદનુ અને હિંદની સ્ત્રી શક્તિનુ મસ્તક ઉન્નત કર્યું છે

બાપનું બારમું

શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠી

જુની અને નવી પેઢીના વિચાર અને વર્તન ઉપર કટાક્ષ કરતી આજની એક સફળ નાટીકા.

સ્થળ મોહનપુર ગામની મધ્યમાં આવેલુ ગોકળદાસ પટેલનુ ઘર

સમય કળીયાના સાંજના છતો સુમાર

પાત્રો.

બાઇ જમના	ગોકળદાસ પટેલની વિધવા સ્ત્રી
અપ્પુ	ગોકળદાસ પટેલનો પુત્ર
વાધજીભાઇ	ગોકળદાસ પટેલનો પિત્રાઇ ભાઈ
જમનાદાસ શેઠ	ગામનો આગેવાન વણિક અને ગામની પ્રધાન વ્યક્તિઓ-માંની એક વ્યક્તિ
વિનુભાઇ	મોહનપુરનો યુવાન લોકસેવક અને અપ્પુનો મિત્ર

[બાઇ જમના અસ્વસ્થ ચિત્તે ઘરની પરસાળમા બેઠી છે અને અપ્પુ હાથમાં પેન્સીલ લઇને કંઇક લખવાના વિચારમા બેસી રહ્યો છે, પણ કાગળ ઉપર આકડો ય પાડી રાકતો નથી ઘરમાં આ બે માણિકરા સિવાય કોઇ નથી વાધજીભાઇ આવ્યા છે ખરા, પણ કંઇ કામસર બહાર ગયેલા છે]

અપ્પુ (કંઇક અકળાઇને) ત્યારે બા, મને તો આમા કંઇ સૂઝ પડતી નથી. એક તરફ વાધજીકાકા તો બસ એ જ લઇ મંડ્યા છે કે ગમે તેમ થાય તો પણ આપણે કરવુ તો પડે જ, અને બીજી તરફ આપણી સ્થિતિનો પણ વિચાર તો કરવો પડે ને !

જમના બેટા, વાધજીભાઇ શુ બોલ્યુ કહે છે ? એમના બાપ મુજરી ગયા ત્યારે એમની સ્થિતિ તો આપણા કરતા પણ ખરાબ હતી. છતા, હિમ્મત રાખીને બાપનુ બારમુ સુધાર્યું ઘર વેચ્યુ, બેતર વેચ્યુ, ઘરના દાગીના વેચ્યા, પણ આખુ ગામ કર્યું અને આખા યે ગામમા વાહવા કહેવડાવી આપણામાં કહેવત છે કે બાપના બારમા કંઇ ફરીફરીને થોડા આવે છે ?

અપ્પુ પણ બા, એ જમાનો કયા અને અત્યારનો વખત કયા ! સમય બદલાય એમ આપણે આપણા રીતરીવાજોમા પણ ફેરફાર કરવો પડે ને ! અત્યારના જેવી મોઘવારી અને હાડમારી તે વખતે કયા હતાં ! અત્યારે તો લોકોને પેટ-પૂરતુ એક ટકનુ અનાજ પણ નથી મળતુ, ત્યાં આપણે જમણના જલસા કરીએ એમા આપણી કિમત વધતી નથી પણ ઘટે છે

જમના ભાઇ તને શી રીતે સમજાવુ !

અપ્પુ એમાં સમજાવા જેવુ છે શુ ! અત્યારે જે આપણે સમયને નહીં પારખીએ અને બાપદાદાના રીતરીવાજ પ્રમાણે ચાલવાનો હઠાગ્રહ કરીને ઘરમાં ન હોય તો દેવુ કરીને પણ બારમાના જમણો કર્યે રાખીશુ તો આપણે દેવાના

બોલમાથી કઢી પણ ઉચા આવી શકીશુ નહીં અને દિવસે દિવસે આપણી સ્થિતિ વધુ ને વધુ બગડતી જશે

જમના બસ, ભાઇ બસ. બહુ થયુ ! એક તો તારા બાપનો ધા તાજો જ છે, તેમાં તારી આવી ગાડાઇથી વધુ દુ:ખ થાય છે હે પ્રભુ, હુ શુ કરૂ ! આને કોણ સમજાવે ! પેલા વિનુની સોબતે આને આવા વિચારો સૂઝે છે, બાકી મારો અશુ આવો ન હોય. અશુ, લે તો કોણ આવે છે !

જમનાદાસ અશુ છે કે ?

અશુ પધારો કાકા, તમે ઠીક વખતસર આવી ચડયા. મને તો આમા કઇ ઉકેલ પડતો નથી

જમના જુઓને શેઠ, આ અશુ તો છેક ઉલ્ટે પાટલે બેઠો છે, કહે છે કે બારમુ કરવુ જ નથી નથી મારૂ માનતો કે નથી એના કાકાનું માનતો.

જમનાદાસ હોય, હજી નાદાન છે ! એણે કયાં સંસારનો દરિયો હજી ખેડયો છે ? અત્યારનો વખત એવો છે કે ભલભલાને અકળાવી નાખે તો અશુનુ શુ ગજુ ? ભાઇ, તુ અકળાતો હોઇશ માટે જ હુ ધીમે ધીમે પણ અહીં સુધી આવ્યો બાકી આ વર્ષે તો પગે વાનુ જોર પણ વધારે દાખવે છે મહામુશ્કેલીએ આટલુ ચાલીને આવ્યો અને તે પણ તારી લાગણીને લીધે જ

અશુ કાકા, હુ કયા નથી જાણતો ? મારા પિતાજીનો સૌથી જૂનો સબંધ તો આપણા બે ગામમા તમારી સાથે જ છે ને ? કંઇક હોય તો ય તમને જ પહેલા પૂછે કે શેઠ, આમની વાત આમ છે, શુ કરીશુ ?

જમનાદાસ બાપુ, તુ તો નાનો હતો, ત્રીસ ત્રીસ વરસથી પટેલનો અને મારો સબધ સગા ભાઇથી ય વધારે ઘરનો સારો માઠો પ્રસંગ હોય કે બળદ કે બેરાં લેવી હોય કે ખેતી માટે પૈસાની જરૂર હોય, પટેલ સલાહ પણ મારી જ લે અને ઉપાડ પણ મારે ત્યાથી જ કરવાનો.

અશુ થોડુ ઘણુ તો હુ જાણુ છું, કાકા

જમનાદાસ ત્રણ ત્રણ પેઢીથી અમારો સબધ એવો ને એવો જ રહેલો છે ત્યારથી બે જ ઘર પકાતા. એક મુખીનુ અને એક શેઠનુ સરકારી અમલદારો આવે તો પણ પહેલા અમને જ પૂછે તારી બા એ જરેજરના બોમિયા છે

જમના શેઠ ! હુ તો બધુ જાણુ છુ, પણ મારૂ જાણ્યુ શા ખપનુ ? આ અશુ તો કહે છે કે બારમુ કરવુ જ નથી જરા એને કંઇ કહો, એ તો એના બાપદાદાની આબરૂ ઉપર પાણી ફેરવવા બેઠો છે

જમનાદાસ ભાઈ અશુ, એમ અકળાયે કેમ ચાલે ? હુ જાણુ છુ કે વખત કપરો છે, જોઇતી વસ્તુઓ મળતી નથી, અનાજની હાડમારી પણ સખત છે અને તારા બાપા લાખી મિલ્કત મૂકી ગયા નથી. પણ

અશુ (અકળાઇને) એટલે એમ જ ને કે અમારાં ચાર ખેતરો છે તે ગીરો મૂકીને કે વેચીને પણ બારમુ તો કરવુ જ

જમનાદાસ કરવુ કે ના કરવુ એ તો તારે જોવાનુ છે આવ્યો અવસર તો

સૌ કોઇને કહાડવો જ પડે ને ! ખાનદાનની ખાનદાનીની પરીક્ષા આવે વખતે જ અકાઇ જાય છે, સમય આવે છે ત્યારે જ માણસના પારખા થાય છે, બાપુ !

અબુ તમારો મારીને મો લાલ રાખનારની ખાનદાનીનો સમય ચાલ્યો ગયો છે, દેવાના ડુંગરમા દટાયે જવુ અને જગતમા વાહવાહ કહેવડાવવી એમા નથી ખાનદાની કે નથી ડહાપણ એ તો એક ઘેલછા છે, આપણી નબળાઈ છે, અને જ્યા સુધી એવી નબળાઇ આપણે છોડશુ નહીં ત્યાં સુધી આપણે નથી આપણો ઉદ્ધાર કરી શકવાના કે નથી દેશનુ કલ્યાણ કરી શકવાના. ખેડુતનુ જીવન એવી અને જમીન એવરો ગીરો મુકીને બારમુ કરવાની મારી જરા પણ મરજી નથી

જમનાદાસ. પણ ગોકળદાસ પટેલના દિકરાને એવરો ગીરો મુકવા પડે એવુ કશુ કોણે ? તમારા બાપ ભલે આજે ન હોય, પણ એમની આબરૂ ગઇ નથી ગોકળદાસ પટેલના નામ ઉપર તુ કહે તેટલા પૈસા આપવા હુ તૈયાર છુ એક ચાકુ પણ નહીં ભણે કે થી બધવસ્થા થઇ અને બારમુ કેવી રીતે થયુ સામમા તો ચોરે ને ચોટે એજ વાત થઇ રહી છે કે પોસે તો આબા જમા અવસરો રહી રીતે કર્યો અને પોડી જમીન બોજા નીચે હતી તે પણ છોડાવી હવે જોઇએ છીએ કે એમના દહાડા પાણી કેવા થાય છે મારે એ બધાને બતાવી આપવુ છે કે ગમે તેવો કપરો વખત હોય તોપણ મુખીને ઘેર સારે માઠે કોઇ પણ પ્રસગે દીહુ પડયુ નથી ને પડવાનું નથી

અબુ પણ કાકા, હાલ સમય ખરાબ છે જમણ ઉપર પ્રતિબધ. !

જમનાદાસ અરે ગાડા, તુ શા માટે ચિન્તા કરે છે ? ન કરે નારાયણ ને કદાચ યશે તો પણ અમે છીએને, જેવો જવાબ આપવાનો હશે તેવો આપીશુ તને ઉની આચ પણ નહીં આવવા દઇએ તુ હા કહે એટલે બસ, પછી બધી તૈયારી થઇ જશે


જમના એમા એને પુછવાનુ છે જ શુ ! તમે અને વાધજીભાઈ જેમ ઠીક લાગે તેમ કરજો મારા જીવતરમા તો આ છેલ્લો પ્રસગ છે અને રૂડી રીતે ઉજવાય તો સારૂ હુ જોડી છુ ત્યા સુધી અબુને શુ પુછવાનુ છે ? અવસર પત્યા પછી હિસાબ સમજી લઇશુ

જમનાદાસ તો તમે વાધજીભાઇને મારે ઘેર મોકલજો હુ એમનો બધો ઉકેલ પાડી આપીશ. હો રજા લઉ છુ, રામ રામ *

(અપૂર્ણ)

---

* તા ૨૬-૫ જાદ ના રોજ વરોરા રહીઓ ટેલીફોનથી જણાવેલ નાદ
ઓદ્ધ ગન્દીલા રહીઓ, વરોરાના;સૌજન્યથી



સંભવ છે કે ગર્ભમાં પુરુષની પણ હત્યા થાય અને એ રીતે યજ્ઞના એક અધિકારીની હત્યા થઈ ગણાય. હવે જો સ્ત્રી તથા પુરુષ બેઉને જ સરખો અધિકાર હોય તો ગર્ભ વિજ્ઞાત હોય કે અવિજ્ઞાત હોય, એટલે કે ગર્ભમાં સ્ત્રી છે કે પુરુષ એ જાણ્યું હોય કે ન જાણ્યું હોય, તો પણ ગર્ભની હત્યા થવાથી યજ્ઞનો વધ થયો જ ગણાત. પણ આ વાક્યમાં અવિજ્ઞાત—નહિ જાણેલા એવું વિશેષણ મૂકવામાં આવ્યું છે એનાથી એમ જણાય છે કે પુરુષને જ અધિકાર છે નહિ તો એ વિશેષણ મુકવામાં કાંઈ પણ પ્રયોજન નથી માટે જ **दर्शपूर्णमासाभ्यां स्वर्गकामो यजेत** વગેરે સ્થળે પણ શ્રુતિ પુલ્લિંગ વાપરતી હોવાથી પુરુષનો જ અધિકાર વિવક્ષિત છે

તદુપરાંત બીજે સ્થળે પણ જણાવવામાં આવ્યું છે કે **आत्रेयीं हत्वा भ्रूणहा भवति** । અહીં આત્રેયી એટલે ગર્ભવતી સ્ત્રી એટલે કે ગર્ભવતી સ્ત્રીને મારવાથી પણ ભ્રુણહત્યા કરનાર થાય છે કારણ કે ઉપર જણાવ્યું તેમ યજ્ઞના સાધન પુરુષની હત્યા પણ તે ગર્ભવતી સ્ત્રીની સાથે થવાની સંભાવના છે માટે પુરુષને જ યજ્ઞનો અધિકાર છે

વળી જેમ પશુમાલંભેત પશુને લેવું એ સ્થળે પશુ પુલ્લિંગમાં હોવાથી જેમ પુરુષને જ લેવામાં આવે છે અર્થાત્ યજ્ઞ માટે બકરાને કે એવા નરજાતિના પ્રાણીને લેવામાં આવે છે, બકરી કે એવા નારી જાતિનાને નહિ એવી જ રીતે અહીં પણ સ્વર્ગકામ કહેવાથી પુરુષનો જ અધિકાર સમજવો, સ્ત્રીનો નહિ જ

ઉપર પ્રમાણેની પૂર્વપક્ષની દલીલો સામે અમારી (જૈમિનિ તથા બાદરાયણની) એ જવાબ છે કે,

जातिं तु बादरायणोऽविशेषात् तस्मात् स्त्र्यपि प्रतीयेत जात्यर्थस्यविशिष्टत्वात् ॥ ६-१-८

તમારું કહેવું બરાબર નથી બાદરાયણનો પણ એવો અભિપ્રાય છે કે એવો નિયમ નથી કે પુરુષને જ 'યજ્ઞનો અધિકાર છે' પણ 'સ્વર્ગની ઇચ્છા રાખનાર' એ પ્રમાણે સ્વર્ગકામ શબ્દનો અર્થ લેવાથી કોઈ પણ સ્ત્રી કે પુરુષ યજ્ઞ કરી શકે છે

પૂર્વપક્ષનો પ્રશ્ન—શું સ્વર્ગકામ એ શબ્દ જાતિવાચક છે?

ઉત્તર—એનો યૌગિક અર્થ જ જાતિવાચક થઈ જાય છે તેથી **स्वर्ग कामो यस्य** અર્થાત્ સ્વર્ગ માટે જે ઇચ્છા રાખે તે એવો અર્થ કરતાં સ્વર્ગની ઇચ્છા રાખનાર કોઈ પણ સ્ત્રી કે પુરુષ નિયમ વગર અધિકૃત થાય છે, એ જ અમને સમજાય છે એટલે અમે એમ નથી કહેતા કે અહીં જાતિવાચક શબ્દથી અધિકાર છે, પરન્તુ સ્વર્ગકામ એ શબ્દથી જ સ્ત્રી અને પુરુષ બેઉને અધિકાર છે એટલું જ અમારે કહેવું છે શ્રુતિની વિવક્ષા કેવળ પુલ્લિંગની નથી કારણ કે સ્વર્ગની ઇચ્છા કોઈને પણ હોઈ શકે, એમાં કોઈ વિશેષ નિયમ નથી, આ વિભક્તિની (સ્વર્ગકામ શબ્દની વિભક્તિની) એવી શક્તિ નથી કે પોતે વિશિષ્ટ લિંગને પણ દર્શાવે, કારણ કે મૂળ શબ્દ લક્ષણાવાચક છે 'સ્વર્ગ માટે જેની ઇચ્છા હોય એવા' 'સ્વર્ગની ઇચ્છા કરાવનાર' એ લક્ષણાથી યુક્ત કોઈ પણ હોય તેણે યજેત એ શબ્દથી યજ્ઞ કરવો, એમ અર્થ અહીં થાય છે એટલે કે 'સ્વર્ગની ઇચ્છા દોરી' એવું લક્ષણ પુરુષમાં જ હોય એવો કોઈ નિયમ નથી કે તેથી વિશિષ્ટ અધિકાર પુરુષને અપાય

તો શુ કરી શકે તેમ છે ? બીજુ, **आत्रेयी न हन्तव्या** એમા **आत्रेयी** શબ્દ ગોત્રની પ્રશસા પુરતો છે અહીંયા અત્રિ ગોત્રની પ્રશસાજ ઉદ્દેશ છે આત્રેયી શબ્દનો અર્થ ગર્ભવતી એવો થતોજ નથી અત્ર શબ્દમાંથી આત્રેયી એવુ તદ્ધિત રૂપ બની શકતુ નથી અત્રિ ગોત્રવાચક શબ્દમાથી એ બને છે સમર્થ–સ્વતત્ર શબ્દોમાથી તદ્ધિતરૂપો બને છે અત્ર શબ્દમા એવુ સામર્થ્ય પણ નથી જેથી ત્યાં તમારો અર્થ જ ખોટો છે

આ પ્રમાણે પૂર્વપક્ષને સચોટ રદિયો આપ્યા બાદ પણ પૂર્વપક્ષ વ્યવહારની બીજી દલીલો તરફ વળે છે, જે વધારે રસપ્રદ છે અને જેમાં સ્ત્રીના પણ અધિકાર ઉપરાંત પણ ઘણા અધિકારો નથી એવી પૂર્વપક્ષની દલીલોનો જવાબ જૈમિનિ આપે છે ૯

પૂર્વપક્ષ તમે કહ્યું તે માની લઇએ તો પણ નીચેના કારણોને લઇને પણ પુરુષોને જ અધિકાર છે, સ્ત્રીને નહિ, કારણ કે—

द्रव्ययुक्तायां पुंसां स्यात् द्रव्यसयुक्त, क्रयविक्रयाभ्यांमद्रव्यस्य स्त्रीणा द्रव्ये समानयोगित्वात् ॥ ६-१-११

દ્રવ્યયુક્ત હોવાને કારણે પુરુષોને જ અધિકાર છે સમાજમા પુરુષો જ ધનયુક્ત છે, સ્ત્રીઓ નહિ અર્થાત્ સ્ત્રીઓનુ પોતાનુ ધન હોતુ નથી. અને આ મત્ર વગેરે કર્મમા દ્રવ્યની જરૂર હોય છે જ, જેમ કે **ब्रीहिभिर्यंते, यवैयजेत** વગેરે સ્થળે ડાગર, જવ વગેરેના માલિકો પુરુષો હોય છે, સ્ત્રીઓ નહિ.

પ્રશ્ન પુરુષો જ માલિકો હોય છે, સ્ત્રીઓ નહિ એમ તમે શા આધારે કહો છો ?

ઉત્તર વિક્રયને કારણે સ્ત્રીઓ તો ક્રયવિક્રયથી સ્પષ્ટ છે, અર્થાત્ પિતા સ્ત્રીને વેચે છે અને પતિ ખરીદે છે પિતા વેચે છે એ કારણે જ સ્ત્રીઓને પિતાના ધનનો અધિકાર નથી. તે પ્રમાણે પતિ પણ ખરીદતો હોવાથી તેને સ્વતત્રપણે પતિના ધનનો પણ અધિકાર નથી શાસ્ત્રમાં પણ વેચાણ જણાવવામા આવ્યુ છે **शतमविरर्थं दुहितृमते दद्यादार्षे च गोमिथुनम्** । અર્થાત્ " કન્યાના પિતાને સારૂ સો બળદની જોડી આપની જોઇએ તથા ઋષિ જાતના વિવાહમાં કેવળ એક ગાય અને વૃષભ એમ બે જ આપવા " શ્રુતિનુ આ વાક્ય પ્રત્યક્ષ વેચાણનુ પ્રયોજન સૂચવે છે એટલે એ કોઇ અન્ય અદૃષ્ટ પ્રયોજન માટે છે એમ પણ માનવાની જરૂર નથી આ પ્રમાણે સ્ત્રીઓ પોતે જ એક દ્રવ્ય બરાબર હોવાથી ધનની અધિકારી નથી. ૧૦ **तदुपरान्त पत्न्या च सम्पार्थ दर्शनम् ॥ ६-१-११** સ્ત્રીઓ બીજાને માટે છે એવુ વચન જોવામા આવે છે જેમકે **या पत्याक्रीता सती अन्यार्थे चरति** । અર્થાત્ જે પતિથી ખરીદાયેલી હોવા છતાં બીજા સારૂ ફરે છે આમા એ ખરીદાયેલી છે એવુ સ્પષ્ટ સૂચન છે ૧૧

સિદ્ધાન્તીનો પ્રશ્ન તો શુ બીજાને ત્યા રસોઇ કરી, કાતી કે એવા બીજા ઉપાર્જનના કોઇ પણ ધધા દ્વારા એ પોતાનુ ધન મેળવી પણ નહિ કરી શકે ?

પૂર્વપક્ષનો ઉત્તર પરન્તુ એ ધન તો **तादर्थ्यात् क्रमतादर्थ्यम् ॥ ६ १ १२** એનુ પોતાનુ નથી કારણ કે જ્યારે એ જ બીજાને માટે છે–અર્થાત એ બીજાને માટે છે એ પોતે જ જ્યારે બીજાનુ ધન લઇ ચૂકી છે તો તે ધન પણ સ્વામીનુ જ છે વળી સ્વામીનુ કામ તેણે કરવુ જોઇએ તે છોડીને સ્વતત્ર કામ તે કેવી રીતે કરે ? છતા પણ કદાચ સમય મેળવી બીજા કોઇ

ઓનુ આપવુ એમ નથી ને ખરેખર ખરીદી હોત તો એમ જ હોત પણ એ નથી માટે જ સુન્દર કે કદરૂપી કોઇ પણ પ્રકારની કન્યાનો સ્વીકાર કર્યો બાદ ધાર્મિક વિધિ તરીકે કન્યાના પિતાને આપવાનુ વિધાન છે, ખરીદી નથી સ્મૃતિમા જો કોઈ એવી શ્રુતિવિરુદ્ધ ખરીદી કે વેચાણની વાત હોય તો તે શ્રુતિવિરુદ્ધ હોવાથી જ અપ્રમાણ છે માટે ખરીદી કે વેચાણ જેવુ વિવાહમા નથી જ ૧૫

નોધ ઉપરની આખી ચર્ચા ઉપરથી વાચક વર્ગ સમજી શકશે કે ઋત્વિજો કે પડિતો જે શાસ્ત્રને આગળ ધરી સ્ત્રીને ન ભણાવવી કે સ્ત્રીને કોઇ અધિકાર નથી એવી વાતો કરે છે તે ખરેખર શાસ્ત્રો જાણતા નથી એતિહાસન જેવા કેટલાક ઋત્વિજોએ શાસ્ત્રોનો અર્થ સમજ્યા વગર અથવા તો તેનો, પોતાને મન ફાવતો અર્થ સ્ત્રીના અધિકારો છીનવી લેવાનો જે પ્રયત્ન કર્યો છે તેને મીમાસાકાર જૈમિનિએ ઠીક ઠીક જવાબ આપ્યો છે પશુને હોમવાની વાત આગળ જતા ઉચિત ન લાગવાથી શ્રુતિમા દૃઢ વિશ્વાસ ધરાવનારાએ પણ છોડી દીધી છે, તે યોગ્ય જ છે પણ શાસ્ત્રોમા જે યોગ્ય હોય અને કાળબળ પણ જેને ટેકો આપતુ હોય તો શાસ્ત્રોના નામે આવી વાતોનો વિરોધ કરવો એ અનુચિત છે શાઓ! ન: જાણનારાના મનમા પણ શાસ્ત્રોની કેટલીએક સુન્દર અને યોગ્ય વાતો વિશે કોઇ પણ ગેરસમજ હશે તો આશા છે કે સ્ત્રી અધિકારના આ પ્રકરણને વાચવાથી દૂર થશે શાસ્ત્રોએ આપેલા બધા અધિકારો સ્ત્રીએ લડીને મેળવવા પડે તે પહેલા જ એ એમના હોવાથી જ એમને આપીએ એ જ ઇષ્ટ છે નવયુગના પુરુષો એનો વિરોધ નહિ જ કરે નવયુગની સ્ત્રીઓ પણ શાસ્ત્રો વિશે ખોટો ભ્રમ નહિ સેવે એવી આશા છે આ યુગમા પણ પ્રાચીન શાસ્ત્રોમાથી જેટલુ માલ હોય તેટલુ જરૂર લેવુ એટલો જ આ લેખનો ઉદ્દેશ છે



સખી ! જોને....


સખી ! જોને પેલી રાત,
ઘરી ! ઘરી ! નીની લીની
જા મો એ મ ધ રા ત સખી.

વાદળીઓ ઘનઘોર આદારો,
તારલ કુબે તેજ એ છુપે, સખી
તારલ કુબે તેજ એ છુપે,
હૈયે મારે આશા કુબે,
યાદના વાદળ ઘન અધારે,
ઉગ્મા મારે આશા કુબે . સખી.

આવે ટાલે ઉરમા મારે,
જા મે શા ગભરાટ .
દીન પડે તો ય હૈયે મારે,
આ તે શી મ ધ રા ત
સખી ! જોને પેલી .

શ્રી ૨ કોઠારી.

સમરાની હવસખોરીના પાપમા લપટા બનેલી ગમ્ભ નારીની હૃદયવેદના



સુખી, નાતમા આબરૂ પણ એટલીજ નાતના પટેલ ગણાતા ઘરમા માણસો પણ એટલાજ મારા સસરાના માબાપ પણ બેઠા છે કાકાજીનુ ઘર, મામાજીનુ ઘર બધા બેગા મારૂ ઘરમા માન ખૂબ હતુ, બધા મને ઝટા ઝટા રાખતા ઘરમા હુ એક જ વહુ તેથી બધાને મારી તરફ લાગણી હતી

મારૂ આવુ માન જોઈને હુ મનમા ફુલાતી ગર્વભેર ચાલતી મને થતુ મારા જેવુ સાસરૂ કોઈને નથી મળ્યુ મારૂ ઘરમા માન પાન, જે જોઈએ તે હાજર ! બ્રહ્મ પણ અદેખાઈ કરે, હજુ સુધી કોઈને આવુ સાસર નહોતુ મળ્યુ મારા માબાપ પણ બિચારા બહુ રાજી થયા સારા સુગાની ઓય મળી, જેથી તેના હર્ષનો પાર ન રહેતો હુ આવુ ને બે દિવસ રહીને જતી રહુ, મને તેડવા આવે, બધા રાજી થાય. મારી ચિંતા કોઈને ગમે નહિ, મને કદી પિયર જવાનું મન ન થાય તેવુ હતુ

મારા સુખનો કોઈ પાર ન હતો આગે પડ્યો બોલ ઝીલવા સહુ એક પગે ખડુ થતુ મારૂ આવુ જ માન રહેશે તેમ થતુ મારા ગર્વનો કોઈ પાર ન હતો જેવા તેવાને હુ બોલાવતી પણ નહિ, કોઈ મારી ગણતરીમા ન હતુ, કોઈનુ કહેવુ મને માન્ય ન હતુ

*

એક વખત હુ અહિ આવી હતી પાછળથી મારા પતિનો તાર આવ્યો " અમે હવાફેર કરવા અહિ આવ્યા છીયે તમે જોડદમ અહિ આવો ! "

એક સુદર બગલામા મારા સસરા અને અમે બધા સાથે રહેતા હતા. મોટર ચાકર સાથે હતા ફરવા મોટર પણ હતી. બ્રહ્મ, તે દિવસની શુ વાત કરૂ ! આખો દિવસ ખાવુ, પીવુ સાજે ફરવા જવુ રાત્રે સીનેમા નાટક જોવા એજ ગમ્મતો પડ્યો હતો મારા સસરા મને બહુ સારી રીતે રાખતા મને થતુ મારા સસરા કેટલા સરસ છે ! દુનીયામા ! કોઈને આવા નહિ મળ્યા હોય, બાપને પણ એક કોર મુકાએ તેવો તેમનો સ્વભાવ હતો

રાતનો સમય હતો, આસપાસ નિરવ શાંતિ હતી આખો દિવસ ધમાલ કરી બિચારા માણસો નિદ્રાદેવીને શરણે પડ્યા હતા મને હજી ઉંઘ નહોતી આવી મારા પતિ નાટકે જોવા ગયા હતા મને એમ હતુ હમણા આવશે ત્યા વળી મારા સુખના સ્વપ્ના સેવવા લાગી હુ વિચાર વમળે ચડી મને ઉંઘ ન આવી ત્યા તો બારણુ ખખડ્યુ દાદરે ધબકારા થયા પણ પગલા પરિચિત હતા હુ બીમેથી ઉભી થતી હતી ત્યા બબાજી આવ્યો ઉઘાડો મે કહ્યુ કોણ છે ? તમારે શુ કામ છે ? ઉઘાડો મારી વાત માની જાઓ, ઘરમા તમારૂ માન થશે, તમને સૌ પૂજશે, પણ જો મારૂ નહિ માનો તો તમારા ભુંડા હાલ થશે વાક્યો સાભળી હુ ધ્રુજી ઉઠી. આ શુ ! આ કોણ બોલે છે ? શુ કરૂ, કાંઈ સૂઝયુ નહિ ! ઘડીભર થઈ જાઉ આપઘાત કરૂ ! શુ મોઢુ બીજાને બતાવીશ ? પાસે બારી હતી નજર કરૂ પણ જીવ ન ચાલ્યો શુ સારે શરણે થાઉં ના એવુ દુષ્ટ કામ મારાથી કેમ થાય ? એવુ સુખ મારે ન ખપે

મારૂ મચન બહુ ચાલ્યુ કાંઈ સૂઝ્યુ નહિ આ દરમ્યાન બારણાને પાટુના પ્રહારો અને બિભત્સ ગાળો તો શરૂ થઈ ચૂકી હતી. મે ધીરજ ધરી હિમત રાખી કહ્યું " બાપુજી કેમ આમ બોલો છો ? તમે તો મારા બાપ તોલે, તમે મારા બાપ ને હુ તમારી દીકરી કેમ આમ બોલો છો ? શુ તમને આવુ શોભે છે ? હુ બારણુ નહિ ઉઘાડુ બસ મારા ગમે તે હાલ થાય મારે તમારૂ આવુ

સુખ ન જોઇએ અત્યાર સુધી મને સુખ આને લીધે મળ્યું કહી નહિ, મારે એ સુખ ન જોઇએ કુ બીજું ને રોટલો ખાઇશ મારા કરણા દળી મજુરી કરી પિયેરમા પડી રહીશ પણ કદી આવું કૃત્ય નહિ કરૂ બસે તમે મારી નાખો કે કટકા કરી નાખો.

બસ જેન, મારા સુખની અવધી આવી પહોંચી હતી. મારા સુખના સ્વપ્ના તેજ ઘડીએ દેડે પડયા. મારા સુખની ઇજ્જત અને મારૂ અભિમાન તેજ પળે કેડી જેવું અધુરો ઘડો કદી છલકાયા વિના ન રહે

× × ×

તે દિવસથી મે મારા સુખને તિલાંજલી આપી અને દુ:ખ આવી. બધાને ખબર પડતાં મારો જ વાંક આવ્યો "સાસરે ન જાવું, સાસરે રહી ઘરનું કામ બધેજ એ બધુ કામજ આવ્યું અહી પિયેર જઇ જેવી" મોટું ઘર-ભાતભાતનાં ઘર, વાત કરીએ તો પણ કોણ માને ! કોઇ મારે જ મનમા સમજી જોવાનું રહ્યું મારા સમરાએ કરેલ-પાપી વિચારનો સાક્ષી ઈશ્વર વિના બીજુ કોઈ ન હતુ

એક વરસ પછી મારા પતિના સ્વજ, એનો એક દિકરો સ્વજ વિના કેમ રહે ! મે એને ક્ષમા કરવા કહ્યા "મને તમારી સાથે વાંધો નથી, આપણે જુદા રહીએ પણ એનો તો ઉતર લાવો કોણ !

એકવાર સાજન માજીમા ને જુનાનો આવ્યા મારે મન એ જોઇને કયે થયું, તેમાના એકની સાથે મારે સ્વજ કરવાનું નક્કી કર્યું કે રાજ થઈ મરી ગયુ હતે મારે જરૂ ! પ્રભુ કિધ સમજ્યા. પોટે બસે ને બીજા ને દેખાવો આવું પણ સાથે તો રહેવાજો, જરૂર કોણ સુખ ન મળે તો કંઈ નહિ સુખના દેખાવ બધાને બરાબર છે

પણ જેન, હવે મારા જીવનમા એ સુખ આવવુ ન હતુ તમને એમ થાય તમારામા તો કંઈ નહિ, એક પણી બીજા તો બીજા સાથે પરણ્યા પણ અમારામા પણ દુ:ખ હોય છે મારા સસરાએ કહ્યું એક હજાર રૂા આપો તો જ લખતુ કરી બાય નહિતર કોની તાકાત છે કે પરણી જાય. મારી આશાઓ તૂટી પડી મારો ઉત્સાહ ભાગી ગયો કુ નિરાશ થઇ ગઇ અને લેનારે કેટલી વિમતવાળો હોય ! મારૂ રહ્યાન કમાય નહિ !

જેન, આ વાતને વીત્યા આઠ વર્ષ થયા આવ્યા. કુ છતા પણીએ વિધના જેમ રહ્યું કુ ન હોય તો એક જ વાત, પણ આનો છે ને સતાપે છે કુ તો એકે પાટલી ન રહી સાત કે આઠ હોત તો રખડીને પેટ ભરત, વમારે બધેય હોત તો કયાંક નોકરી કરત. પણ કોઇય મેળની નહિ, હવે કુ કયા જાઉ ! આપઘાત કરવાનુ મન થાય છે, પણ બિચારા માબાપનુ શુ ! આવી જીવનમા કંઈ રસ નથી, જીવતર ખારૂ થઇ ગયુ છે કાટાની માફક ખુચ છે, જીવીને શુ કરવુ કયા સુખ માણવુ છે ! બસ મારી જીંદગી આમને આમ કાપવી આશા પણ કર્યા સુધી રખાય ! હવે તો વિચાર પણ નથી કરી શકતી

કુ આટલા પૈસા કયાથી લાવુ ! તેમ મારા બાપા પણ કયાથી લાવે ! બાપ બિચારા પોતાનુ પુરૂ કરતા હોય તેમા વળી મારૂ શુ કરે !

કુ ઘરે મારા પીયરમા પણ અમારી થઇ પડી. જેનો આવેને જાય, બેનપણીઓ આવે. બાજીઓ અહિ રહે કુ કયા જાઉ ! મારે તો કાયમ અહિ રહીને સતોષ કરવાનો કોઈ સાસરે જાવ ને મારા મન બાજીને બાપ થઇ જાવ કુ હસુ રમુ બોલુ પણ મારા અતમા કાયમ કોઇ બળ્યા જ

કરે, એ આગ કેમ શાંત થાય? કોણ શાંત કરે? મારૂ અભિમાન કમાય ગળી ગયુ હુ ચાલતી ત્યા ધરતી ધુજતી મારા હાથણી જેવા શરીરમા આજે માત્ર હાડકા રહ્યા છે મારો લાલ ગુલાબી ચહેરો આજે ફીકકો પડી ગયો છે મુખ ઉપર કાયમ આનદ ને ઉલ્લાસ તરવરતા તેને બદલે ઉદાસીનતા નિરાશા નિસ્તેજ ફરી વળી છે હુ યુવતી મટી આજે વૃદ્ધ આધેડ બાઇ જેવી લાગુ છુ માથે દુખના ઝાડ ઉગ્યા છે, મન ઠેકાણે નથી, ચિત્ત મારે દિશાએ ભમ્યા કરે છે

બ્હેન, હવે દિવસો નથી જતા શુ કરૂ? મારા દિવસો કેમ કરી પસાર કરૂ? મને કોઇક રસ્તો બતાવશો? પ્રભુ પાસે હમેશા પ્રાર્થના કરૂ છુ મને મટ આ દુખમાથી બચાવ! પણ એમ કાંઇ મોત રેહુ પડયુ છે? હજીતો કોણ જાણે કેટલાય દુખો સહન કરવા નશીબમા માડયા હશે!

શુ મારી કોઇને દયા નહિ આવતી હોય? શુ કોઇ હિમત વાળો નહિ હોય કે મને પરણે? કોઇ મને આટલા પૈસા નહિ આપે કે દુખમાથી બચુ પણ મારી કોને પડી છે? હુ મારૂ દુખ કોને જઇને કહુ?

બ્હેન હુ કોનો વાંક કાઢુ? શુ મારે સમાજનો વાક કાઢવો? મારા ધણીનો વાક કાઢવો કે મારો કાઢવો? કોઇનો નહિ, કદાચ હુ તો મારા ઉપર જ ઓઢી લઉ છુ પણ મને અહિ રીઝ વી બીજી પરણી સુખ ભોગવતા મારા ધણીને કાંઇ નહિ થતુ હોય? જેના આ કાંથથી હુ દુખી થાઉ છુ, ભિખારણ બની છુ રાત દિન દિલમા કોળી જ્યા કરે છે જેણે મારા આશા ને ઉલ્લાસને તિલાજલી આપી છે, જેણે મારૂ જીવન નાવ ગબડાવ્યુ છે એવા મારા સસરાને મારા દુખનો કદી વિચાર આવતો હશે? પણ બસ હવે તો બધ કરૂ!

લી તમારી દુખિયારી બ્હેન

દોષ કોનો?

શ્રી ગજેન્દ્ર ક. મહેતા



[ગયા અકથી ચાલુ]

રહવાર થતા જ્યોત્સના ઉઠી ત્યારે પ્રતિમાને ભરઉધમા સુતેલી જોઇ દીઠી. જોની આખો ભીની અને સુજેલી એને લાગી. અને પ્રતિમાનુ 'રાતનુ ભૂત' એને યાદ આવ્યુ ને એણે માયાળુ હાથે પ્રતિમાની આખો હળવે રહીને લૂછી નાખી, અસ્ત વ્યસ્ત થની ઉઠતા વાળોની લટો એણે સરખી કરી ને એક માયાળુ ચુબન બહુજ વાત્સલ્યના ઉમળકે એણે નાની બહેનના મૂખડે મઢયુ

સહસા એને વિચાર આવ્યો, રોજ પોતાને ઉઠાડવાનો નિત્યનિયમ આજ કેમ પતિએ તોડયો હતો? પતિ આજ જલ્દી નહોતા લાગતાં શુ તે હજુ સુધી સુખ રહ્યા હશે? અને એ જોમના કમરા તરફ વળી. પણ જરાંજ જણાયુ કે દેવેન્દ્ર તો લાયબ્રેરી વિભાગની આરામ ખુરશી પર પડયા પડયા ઉધતા હતા.

એ નિકટ ગઇ, અને નિકટ જરાજ

બોલાવ્યું ? પતિના ગાલ ઉપર પણ તાજા અશ્રુ અંકિત થયાં હતાં

કેમ કમ ? પળભર તે વિચારી રહી ? રોજના હમમુખા પતિને આંસુ વહાવવાની શી જરૂર ? તે ન સમજી

પતિને આરામ કરતા રહેવા કહી તે પાછી ફરી. પાછા ફરતાંજ તેણે અભાશીના ઉઘાડે પ્રતિમાની ઓથે ઘૂંટી આલિંગતી દીઠી અભાગીમાં દષ્ટી જતાં એણે પ્રતિમાની કર માળેથી ખેંચી પરેથી વાળી

પળભર બબોતરના વિચારી રહી, ' શું પ્રતિમા દેવેન્દ્ર નિજ પ્રાણનાથ—'

પણ વિચાર આવતાંજ એણે હઠાવી દીધો કોણ વિચાર એ પોતાના પતિ માટે કરી રહી હતી ? અને તેવ સ્વપ્નારના પહોરમાં પતિમય બનેલી પત્ની પતિને માટે એવો વિચારજ ન કરી શકી.

બળાપ કરી ? એતો વઢેતા રહેવા જોઇએ. બાપ્યા એ કેટલા દિવસ બળાય ? તેમાં પુરૂષ તો લોભી યૌવનનો, એ તૃપ્તી થાચ્છે

પત્ની વિચારી રહી. પતિનો દોષ એને હૈયે સમારે ન વરસ્યો, પુરૂષના આવેગનું અવરોધન આવેગને બમણું જોરે ધકેલે છે, એ કાંઇ ખોટું નથી

તો પછી ? તો પછી પોતાનો ? માંહ્યલીના કારણે પતિને પોતાથી દૂર થતુ પડ્યુ હતુ પુરૂષ હૃદય એનું ભોગી. પત્નીની અખંડ ગેરહાજરીમાં પતિ કેવુ કાન્તિએ ચડી ભાગ શોધે, પરિણામે યૌવન કુસુમ જોઇ સહચાર. કમોગે બનવાના પુરતો વઢેતાંજ રહેવાના યૌવન કાળમાં.

પોતાને માટે પતિ કેટલો રાખી હતો ? અને પોતાની માદગીએ એને પોતાથી વિમુખ રાખ્યો. કોણ કોનો ?

ધપટી પડતા કારમો ધડકાર અનુભવતાં, પરિણામે બન્ને એકબીજાથી દૂર ભાગતાં હતા

પ્રતિમા સુધ્ધાં સમય જ્યોત્સ્નાની હાજરીમાં જ ગાળતી, એ જ્યોત્સ્નાથી અણજાણ ન રહ્યું એના ઓષ્ટ પરનું રોજનું રમતિયાળ મુક્ત હાસ્ય ફીક્કું પડી ગયું હતું એ ભાળી જ્યોત્સ્ના ઘડીભર હસી. દેવેન્દ્રના અંતરનું પણ ઢંકાણું નહોતું પત્નીને જોતો અને એ ધડકાર અનુભવતો વિચારતો પોતે કે પોતે પત્નીને છેતરી છે પરિણામે એ બન્નેથી દૂરને દૂર ભાગવા પ્રયત્ન કરી રહ્યો !

જ્યોત્સ્ના વિચારી ગઈ કે બન્ને બચી ગયા છે હવે જ પતિને ખરે રસ્તે દોરવાનું કામ પોતાનું છે

ને એમને એમ ત્રણેના દિલ જુદી જુદી ગડમથલમાંથી સાંજ સુધી ન જ પરવાર્યાં.

*

વિચારોમાં આમ તેમ અટવાતો દેવેન્દ્ર બારીએ બેઠો હતો ને જ્યોત્સ્ના આવી

પણ આજથી જ્યોત્સ્ના કંઈ નવોઢા બની જાણે આવી હતી અને ખરેખર શું એ પોતાના પિયુને રીઝવવા જ નહોતી આવી ? એના પતિને પોતાનો સદાનો કરવા નહોતી આવી ?

એ આવી ઉષ્ણ નિશ્વાસો નાખતા પોતાના પતિને એ ઘડીભર જોઈ રહી. અને એણે પોતાનો હાથ પતિના ખભે મૂક્યો

દેવેન્દ્ર એ સ્પર્શ માત્રે ચમક્યો, કોમળ સ્પર્શ એને આજ ડરાવી નાખતો લાગ્યો કોણ જ્યોત્સ્ના આવી કે પ્રતિમા ? એ ધડક્યો ! ને એણે પાછું જોયું ત્યારે એણે એની પત્નીને ભીનું મરકતી પોતાની નિકટ ઉભેલી નિરખી.

એના અંતરમાંથી અવાજ આવ્યો આ નિર્દોષ પ્રતિમાને એણે અવગણી ? એ કાંઈ ન બોલ્યો, ન બોલી વાક્યો એનું હૈયું ભરાઈ આવ્યું. અને એ પત્નીની તરફ બેબાકળો ભાળી રહ્યો

પત્ની એની દયા જોઈ કંપી ઊઠી, ' કેવો વહાલભરપુર પતિ મારો ! '

' જ્યોત્સ્ના, હું પાપ કરતા બચી ગયો, આખરે એ બોલ્યો

' પાપ ? ભાનમાં છો કે પછી–'

' પૂર્ણ ભાનમાં છું, જ્યોત્સ્ના ! હું તારો દ્રોહી છું પત્નીનો દ્રોહી છું. હું તને ભૂલ્યો તને અવગણી. મને માફી આપ..'

' આપી પછી ? '

' તું જાણે છે, બધું ! ' પતિ સહસા પૂછી રહ્યો

' શું ? '

' તો પછી તો પછી ? ' દેવેન્દ્ર ગળગળો થયો,

' જાણું છું, ત્યારે તો માફી આપી

' જ્યોત્સ્ના ! હું તને કેમ ભુલ્યો ? '

' તે પછી સમજાવીશ પણ તેવું અત્યારે શું ? '

' જ્યોત્સ્ના '

' બસ, તમામ બધ મારે હવે નથી વાતો કરવી મારે કાંઈ નથી સાંભળવું હું તો આવી છું '

ને એણે એના સ્મિત ઝલકતા ઓષ્ટનો ઝટ હળવો ચૂંબકારો કર્યો. એ સંકેતમાં મુગ્ધ આહ્વાન હતા ઉરના ને દેહના. અને જ્યોત્સ્ના દેવેન્દ્ર કાંઈ વિચારે તે પહેલાં તો તેની ગોદમાં લપાઈ ગઈ.

તું તારો આધાર

તું તારો આધાર – મનવા
તું તારો આધાર
ફરી ફરી દુઃખવાથી ડરવા,
હે તારો આધાર....

એક તરાપે તરતી આશા,
તરવરતી બહુ હોય નિરાશા,
ત્યાં લવલાગર ભીષણ તરવા,
હે તારો આધાર ....

તું કોરી અજ્ઞાનક ખાતા,
ધર્મ-વિધર્મનું ઝેરજ ખાતા,
આ પાપો ઉદ્ધારક બનવા
હે તારો આધાર ..

તિમિરમાં તવ રાહ રૂંધાતા,
મૂલવણીમાં જ્ઞાન મૂંઝાતા,
જડ-પરમતનો ભ્રાન્ત પલટવા,
હે તારો આધાર ...

આવે પાસેનું આ રળવા,
આવરી અર્થો કલુષધુમાં,
રજકણમાંથી તારૂ તપવા,
હે તારો આધાર....

સીધે રસ્તે આવજ આવો,
આડિયા જોરો જોતા,
આવિદ્ધ પણ આવિ વરવા,
હે તારો આધાર ....

શ્રી. અજેન્દ્ર ઉપાધ્યાય

આરબ્ધની આંખે ઉભી ઉભી આકાશગંગાની પ્રતિમા બની ગઇ. એણે પતિ અને પત્નીનો આખરી નિકાલ સાંભળ્યો. કેવેન્ડના કેવા-પરિવર્તનથી એ ખુશ ખુશ થઈ અને તે કરતાં ય મોટી બહેનની સુંદર કુરબાની એ તો એને બદીનસર જેવી બનાવી દીધી

'ઓહ, એ પતિ ને પત્ની'

એના ઓષ્ઠ પર ફરી પાછું રમણીકાળ તોફાની સ્મિત આવી ગયું અને બન્ને પ્રેમીઓ વચ્ચે મિલનની એક પછી એક ભૂમિકાઓ રજાન તે પરેખા તો એ અપાણીમ બાકી રહી

કેવાને બોલ્ય રાહ બન્યા પછી ઉજવાની શી જરૂર ? અને એમ જ ઘરની બનાવી, અને એ જ કોરો એણે કે આરોપ્યો. નમતા સૂર્યને એ બદીનસર નિરખી રહી, અને પૂજા કરી તરેતો કર્યો

" મનમમતા મનોરથ ફળીયા રે !
માનવ ઉરના
ઉર ઉરમે વાગ્યે બજીયા રે !
માનવ મુખના
રહસ્યમાંથી પીએ રસ ઝરતા રે,
રસ પરમાતા
અમૃતહાસ ભરી રસ મધુસ્મિત,
પ્રણય તણા નર્તન સૂચની,
રસરાજ પધાર્યો પરમાતા,
માનવ ઉરના ! "

ને એ ગીતના મધુરા ટુકડાને કરી ભરે પુષ્પરોરે નયનના કોર એના એ પ્રેમી જોડાએ હરણ બનિમા મૂક સિંહે ગીત બની ગઈ ને આકાશની અન્યના એ બ બનતી રહેતાના રસ પૂરી ગઈ'

(ક્રમશ)



ધાવણું બાળક અને દુધનો પ્રશ્ન

ધાવણા બાળક માટે સૌથી ઉત્તમ ખોરાક માતાનુ દુધ છે પરતુ જો કોઇ કારણે તે ન મળી શકે તો તેની જગ્યાએ કોઇ યોગ્ય વસ્તુ આપવી જોઇએ દુધ બનતા સુધી ગાય કે બકરીનુ આપવામા આવે છે, પરતુ એ દુધ માતાના દુધ જેવુ હોતુ નથી

બેસના દુધમાં ચિકાશ અને પ્રોટીનનુ પ્રમાણ વધારે હોય છે તેથી બાળકો માટે તે અયોગ્ય છે બાળકોને બકરી કે ગાયનુ દુધ આપવુ જોઇએ અને તેમા જરૂર પ્રમાણે સુધારો કરી લેવો જોઇએ આ કામ જરા કઠણ છે માટે વપારાનું પ્રોટીન કાઢી લઇ વધુ સાકર તેમા ભેળવવી જોઇએ

આ પ્રમાણે તૈયાર કરેલા દુધમા કેટલીના પ્રમાણનુ મુલ્ય પણ જોવુ અને તે નક્કી કરવુ જોઇએ કે બાળકને એ દુધ કેટલા પ્રમાણમાં આપવુ જોઇએ. દુધ તૈયાર કર્યા પછી આપવે એ વાતનો નિશ્ચય કરી લેવો જોઇએ કે તેમા જરૂરી તત્વો વિટામીન તથા ક્ષાર અને બાળકોને રોગથી બચાવનારાં તત્વો પુરતા પ્રમાણમાં છે કે નહિ ? બાપના દુધમા ચિકાશનુ પ્રમાણ બીજા દુધથી અધિક હોય છે અને તેથી તે પચાવવુ કાંઇ હોય છે બાળક જે વખતે માતાનુ દુધ પીએ છે ત્યારે તે દુધ જતુઓ રહિત તથા યોગ્ય ગરમીવાળુ હોય છે ઉપરના દુધમા આ બન્ને વાતો, અને તેમા પણ બીજી વાત હોવી કઠિન છે.

ઘણુ ખરૂ એમ માનવામા આવે છે કે બાળક પોતાના વજનના દરેક પૌંડ દીઠ ૨॥ ઔસના પ્રમાણથી રતલમાથી દુધ પીએ છે જો કોઈ બાળકનુ વજન ૧૦ રતલ હોય તો તેને ૨૫ ઔસ દુધની જરૂર રહેશે દિવસમા જેટલી વાર બાળક દુધ પીએ છે તે સઘ્યાયો તેને ભાગી નાખો દાખલા તરીકે જો બાળક દિવસમાં પાંચ વાર દુધ પીતુ હોય તો દરેક વખતે પાચ ઔસની જરૂર રહે બાળકનાં અવસ્થા પ્રમાણે ગણના કરવા કરતાં તેના વજન પ્રમાણે ગણના કરવી અધિક ઉત્તમ છે

નવજાત બાળક સાથે અત્યત સાવધાનીથી કામ લેવુ પડશે. આરભથી જ તેને સપૂર્ણ પ્રમાણમાં દુધ આપવુ જોઇએ નહિ કારણ કે થોડાતના કેટલાક દિવસો માતાના રતનોમા દુધ પોતુ ઉતરે છે અને પછી ધીરે ધીરે યોગ્ય પ્રમાણ સુધી વધી જાય છે દાખલા તરીકે કોઈ નવ વાત બાળકનુ વજન

કલાકાર

લેખક
શ્રી અનન્ત મજીઠિયા

આ વર્ષનું મારું ચિત્ર "બુદ્ધનો ગૃહત્યાગ" છે હર્ષના આવેશમાં તેણે પોતાના મુખપર હાથ ફેરવ્યો 'ફેમ.'? ફેમ એ બિપીનનો પ્રિય શબ્દ હતો કોઈ વાક્ય પછી બિપીન તરતજ "ફેમ"? પુછતો આ તેના કલાકાર તરીકેના જીવનની ખાસ વિશિષ્ટતા હતી કોઈને પોતાની તરફેણમા લેવા આ શબ્દ તે ખાસ વાપરતો. તેણે મને 'ફેમ'? કહ્યું તરતજ હું સમજી ગયો કે તે મારી પાસે પ્રશંસા કરાવવા માગે છે પણ હું તૈયાર નહોતો અને પ્રશંસા કાંઈ એમજ થાય છે? મારા મોપર રિમત આવી ઉડી ગયુ મે ચિત્ર તરફ જોઈ કલાગૃહમા નજર ફેરવી લીધી

"બુદ્ધનો ગૃહત્યાગ" ખરેખર સુંદર ચિત્ર હતુ આ ચિત્ર પાછળ કલાકારે પોતાના પ્રાણ નિચોવ્યા હતા એમ લાગતુ હતું, એ ચિત્રમાં ખામી હતીજ નહિ એ કયા ચિત્ર હતુ ખૂણામાં દીવીમા ઘીની જ્યોત ટમટમ બળે છે, પાસે એક પલંગ છે, પલંગ પર યશોધરા ભરઉંઘમા સૂતી છે બાળક પણ શાન્તીથી નિદ્રા લઈ રહ્યું છે દિવાનો આછો પ્રકાશ તેમના પર પડે છે બુદ્ધ દ્વાર પાસે ઉભા રહી અનિમેષ નયને સૂતેલા પત્નિ, પુત્રને જોઈ રહ્યા છે મુખપર ગંભીરતા છે ચિત્ર ખુબજ સુંદર હતુ "આપણા દેશમાં કલાજ નથી" એમ કહેનારને મોમા આંગળા નખાવે એવુ એ ચિત્ર હતુ બિપીને 'મુવાસીત તેલ' તેલ નાખી હોળેલા વાળ સરખા કરી હતામા ઉડતી નેકટાઈને આંગળીએ વીંટાળી કહ્યું

"હું આ ચિત્રની કિમત પાંચ છું તે બરાબર છે. મને લાગે છે ફેમ!"

"બરાબર ચિત્ર સુંદર છે પણ શી કિમત છે?"

"પાંચસો રૂપીયા" હસીને બિપીને કહ્યું "પાંચશો રૂપીયા બહુજ ઓછા કહેવાય નહિ? બીજા દોરતો તો આ કિમત બહુજ ઓછી કહે છે કાંઈ નહિ દોસ્ત! હું કયા કલાને વેચવા માગુ છું, કલા તો મારી આરાધ્ય દેવી છે બીજા મિત્રો તો કહે છે બિપીન આમા તારી મોટાઈ દેખાય છે" "આપણને પૈસાની કયા પડી છે?"

"ખરેખર તુ ઉદાર તો છેજ!" મે હસીને કહ્યું "હું તો તારુ ચિત્ર ખરીદી લેત પણ હવે અભિનંદનથીજ સંતોષ માન. હું તને આ ચિત્ર દોરવા બદલ અભિનંદન આપું છું"

બિપીન હાસ્યો. નાટ્યકારની અદાથી નમ્યો. "સહાનુભૂતિનો દરેક દરેક શબ્દ આવકારને પાત્ર છે, સહાનુભૂતિ એજ મારું ખરુ ઇનામ છે પૈસા કયાં સુધી રહેશે? મારા મિત્રોએ ચિત્રની કદર કરી એજ ઘણું છે પૈસા તો હાથનો મેલ છે આજ છે અને કાલ નથી. પૈસાથી જીંદગીમા ગદવાડ આવે પણ, સહાનુભૂતિનો દરેક શબ્દ દિવ્ય પ્રકાશ તરફ દોરશે ફેમ!"

કહેવુ જોઈએ તે કરતા બિપીન વધારે પડતુ બોલી ગયો હતો મારે બોલવાપક્ષ હતુજ નહિ મે રજા લીધી અને કલાગૃહ બહાર નીકળ્યો મારા મનમા એકજ પ્રશ્ન ઘોળાયા કરતો હતો 'આ ચિત્ર બિપીનેજ દોર્યું હશે કે ફેમ? કારણ બિપીન ત્રણચાર વર્ષ થયાજ અહિ આવ્યો હતો, પરંતુ આવાં સરસ ચિત્રો દોરી શકતો નહિ બે વર્ષથીજ તેણે શરુ કરી હતી.

" હુ જ્યારે અગ્યાર વર્ષની હતી ત્યારે મે આ ચિત્ર દોર્યું હતુ ત્યારે હુ આદર્શવાદી હતી સોનેરી સ્વપ્ના સેવતી કલ્પનામા વિહાર કરતી, હુ પ્રેમને માનતી મારા યૌવને મને ભાન ભુલાવી. હુ એક યુવકના પ્રેમમા પડી એનુ નામ મહેશ તે મારી પાસે આવતો, મારા ચિત્રો જોતો અને વખાણ કરતો એ વખાણથી હુ ગર્વ લેતી એક વખત હુ આ ચિત્ર દોરતી હતી ત્યારે મહેશ છુપાઈને એની નકલ કરતો હતો હુ તો એનામા વિશ્વાસ રાખીને બેઠી હતી એ મારો પ્રિયતમ હતો મેજ એને ચિત્રકલા શીખવેલી ચિત્ર પુરુ થયુ ત્યારે મારી પાસે આવ્યો મને કહ્યું કે મારે ખાસ કામે મુબઈ જવાનુ છે પોડાજ વખતમા પાછો ફરવાનો છે એમ તેણે કહ્યુ હતુ પ્રેમીઓ છુટા પડે છે એમ ભારે હૈયે અમે છુટા પડ્યા એ કહેવુ જરુરી છે કે મારુ ગુજરાન આ ચિત્રકલા પરજ ચાલતુ હતુ મારે પૈસાની જરુર હતી મે એક પ્રકાશકને એ ચિત્ર ખરીદવા બોલાવ્યો " ચિત્ર જોઇ એણે કહ્યું

" આ ચિત્ર તો મે હમણા જ મહેશ કુમાર પાસેથી ખરીદ્યુ આને હુ શુ કરુ ? વળી એ કોઇ છોકરીને આ ઉમ્મર આવુ ચિત્ર દોરતા જોઇ નથી "

" તે ચાલ્યો ગયો ને મારુ હૃદય ભાગતો ગયો મારા આશાના મહેલો ધરાશાયી થતા તુટી પડ્યા હવાઈ કીલ્લા હવામા જ ઉડ્યા મહેશ મારો પ્રેમી હતો, છતા એણેજ મને દગો દીધો હતો. પ્રકાશકનો શબ્દે શબ્દ મારા હૃદયમા ઉતરી ગયો હતો મને મહેશ પર ખુબજ ગુસ્સો ચઢ્યો પ કોપતની મદદ પણ લઈ શકુ એમ નહોતી મારણ એ મારો પ્રેમી હતો. હવેથી કોઈ મારુ ચિત્ર ખરીદશે નહિ કોઈ ખરીદતુ જ નથી કલાકાર તરીકે હુ મૃત્યુ પામી હતી પામીજ હુ "

" હવે ! " મારાથી બોલાઈ જવાયુ

" શુ કરુ ? કલા તો પુરુષો માટેજ છે સ્ત્રીઓ માટે નહિજ કલા અને કિર્તિ અમારે કલક છે પુરુષ કલાને ભલે મારી મચડી પોતાની કરે, પણ એના પ્રમાણીક વર્તન પર પણ સૌને શકા જાય છે એને નસીબે તો આસુ અને હાયપીટ જ છે "

" હવે ? " મે કહ્યું

" પછી મારી પાસે એક પરદેશી આવ્યો તેને કલાકર તરીકે પ્રસિદ્ધ થવુ હતુ મે ચિત્રો દોરી દેવાનુ માથે લીધુ, આજ બે વર્ષથી હુ તેને ચિત્રો દોરી આપુ છુ– મારી કલાને વેચી મારુ છુ એ પરદેશી એ બિપીનચદ્ર પોતે જ ! "

તે પછી હુ એ યુવતીને ધણીવાર મળ્યો છુ અને બિપીનને ચિત્રો ન દોરી દેવા દલીલો કરુ છુ પણ એક જ જવાબ ' ભાગેલ હૈયુ હવે કેમ સાધવુ ? '

ધાવણુ બાળક અને દુધનો પ્રશ્ન

— પાન ૧૦૬ થી ચાલુ —

તેમાં વિટામીન તો બહુજ હોય છે પરતુ પ્રોટીનની ખામ હોય છે જો કે એ તાજા દુધથી ઓછુ પડે છે પરતુ જોઓ આને ખરીદી શકે છે તેમને માટે બહુ લાભદાયક છે ખાસ કરી ગરમી, વર્ષા ઋતુ તથા મુસાફરીમા તે સગવડ ભર્યુ થઈ પડે છે બાળકો માટે તેને પાણીમા ભેળવી સાકર અને કોડલીવર-ઓઈલ ભેળવી આપવુ જોઈએ વિટામીનની જરુરી પૂર્તિ માટે તાજા સતરા કે બીજા ફળોનો રસ ભેળવી લેવો જોઈએ

(૪) કન્સેન્ડ કે જમાવેલુ દુધ

આ દુધ સાકર ભેળવેલુ હોય છે અને સાકર વગરનુ પણ હોય છે દલીલ અવ-સ્થાઓમા આ બનેય લાભદાયક થાય છે આ સબધમાં ડોક્ટરની સમતિ લેવી જોઈએ આના પ્રયોગની સહેલી વિધિ એ છે કે તેમા એટલ પાણી ભેળવવુ જોઈએ, જેથી માપના તાજા દુધ જેવુ બની જાય ત્યારબાદ દુધમા ઉપર બતાવેલી વિધિથી બીજી વસ્તુ આ પણ ભેળવી લેવી જોઈએ

હિંદુ કોડ બીલનો વંટોળે ચડેલો ભક્ષ

૧૯૪૧ ના શ્રી નરસીંગરાવના પ્રમુખપદે નિમાયેલી રાવ સમિતિએ ભારે પ્રયાસને અંતે ધારાસભા સમક્ષ પેશ કરેલા હિંદુ કોડ બીલનો સનાતન ધર્મને નામે ઉગ્ર વિરોધ કરાઈ રહ્યો છે એ એક આશ્ચર્યજનક બીના છે સવાલ એ છે કે એથી કયો સનાતન ધર્મ ખુંદી જવાનો છે કે હિંદુ સંસ્કૃતિ હણાઈ જવાની છે ?

આજે એકવીસમી સદીમાં જ્યારે દેશની સ્ત્રી વ્યક્તિએ સામાજીક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે પોતાની લાયકાત પુરવાર કરી છે ત્યારે પરિસ્થિતિ પ્રમાણે એમને સામાજીક અને આર્થિક હકકો મળવા જોઈએ એ એક સર્વ સામાન્ય બાબત છે છતા જ્યારે એ બીલનો વિરોધ કરાઈ રહ્યો છે ત્યારે આ પ્રશ્ન ઊંડી વિચારણા માગી લે છે

કારણકે શારદા એકટ, વિધવાવિવાહ, હરીજન મંદીર પ્રવેશ અને મુંબઈ ધારા સભાએ પસાર કરેલો બહુ પત્નિ પ્રતિબંધક કાયદા પછી સામાજીક અને આર્થિક રીતે સ્ત્રી જીવનને સ્પર્શતો આ કાયદો અતિ મહત્વનો છે લગ્ન, દત્તક, વારસા હક્ક, સામુહિક પદ્ધતિ, પાળક તત્વ અને સ્ત્રી ધન, એમ છ વિભાગમા વહેચાયેલ હિંદુ કોડ બીલ કચડાયેલા સ્ત્રી જીવનને ઉન્નત કરવા માટેનો કાયદા દ્વારા એક ન્યાયી પ્રયત્ન છે એ કાયદાથી સ્ત્રીઓને રક્ષણની સાથે કેટલાક હક્કો પ્રાપ્ત થાય છે, કે જે મેળવવાને આજના યુગમા એને અધિકાર છે એમાથી કોઈ સામાજીક કે આર્થિક અરાજકતા ઉભી થવાની નથી કે કે નથી હિંદુ સંસ્કૃતિને ધક્કો પહોચવાનો ઊલટુ સ્ત્રી જીવન જેટલુ ઉન્નત ને પ્રભાવશાળી થશે એટલોજ રાષ્ટ્રને અને હિંદુ સંસ્કૃતિને લાભ છે

અને છતાં જ્યારે એનો વિરોધ કરાઈ રહ્યો છે ને એ બીલને ધારાસભામાંથી ઉડાવી દેવાનો ૧૮ મી સદીનો પ્રયત્ન કરાઈ રહ્યો છે ત્યારે તમામ બહેનોએ એની સામે પોકાર પાડવો જોઈએ અને પોતાના એ સામે મતો ફેળવવા પ્રયત્નશીલ થવુ જોઈએ પ્રત્યેક સ્ત્રી સંસ્થાઓ આ કાર્ય ઉપાડી લે, અને જબરદસ્ત આંદોલન જગાવી એ બીલની તરફેણમા પોતાનો મત સંપાદન કરે, એ અતિ આવશ્યક છે આ બીલ અંગે ગઈ તા ૨૧ મીએ મુંબઈની કેટલીક સ્ત્રી સંસ્થાઓના સંયુક્ત આશ્રયે શ્રીમતિ વેલાલાઈ દલાલના પ્રમુખપણે સ્ત્રીઓની એક સભા મળી હતી આ સભાએ સર્વ સંમત ઠરાવ દ્વારા આ બીલનો જનતામાં વિસ્તૃત થતો પ્રચાર કરી અભિપ્રાય મેળવવા અને એની મુકત ચર્ચા માટે બીલને ત્યાંસુધી પસાર કરવાની ઉતાવળ ન કરવા માગણી કરી છે

એક હકીકત રૂપે એનો સંમ સ્વીકાર કરવા છતા જ્યારે રાવ સમિતિએ એ અંગે દેશભરમા પ્રવાસ કરી અનેકોના અભિપ્રાય પછી સાત વર્ષના પ્રયત્નના અંતે સુધારેલુ બીજ રજુ કર્યું પછી કાયદા પ્રધાને પણ એના દરેક પાસા તપાસ્યા છે, ત્યારે એ બીલ વિષે બહુ શંકાને સ્થાન ન રહેવુ જોઈએ અલબત હિંદી સંઘ સાથે જોડાયેલા રાજસ્થાનોનો અભિપ્રાય રાવ સમિતિની તપાસમા નથી સાંભેલ થયો

દલાલ માત્ર કારણસર આ બીલને ? સામાજીક પ્રગતિ માટે જરૂરી છે તેને કસોટી ન ચઢાય

ભૂતકાળમા સ્ત્રીઓને જે અન્યાય મળ્યો છે એ વર્તમાન ને ભાવીનો ન બનવો જોઇએ. કિંતુ સમાજે ભૂતકાળના આ અન્યાયનુ આ કાયદા દ્વારા મળતાં ન્યાયી હક્કો આપીને પાપમિત કરવુ જ રહ્યું

*

શુદ્ધ અષ્ટધાતુની પ્રતિમા

સાબરમતી પાસે હિંમા પહેલીજ વખત ગઈ તા. ૧૨ મીએ જોવિમણ્યા બાદ ભગવાન શુદ્ધની અષ્ટધાતુ મારે ઉત્સાહ અને ગંભીરતા પૂર્વક ઉજવાઈ આ પ્રસંગે હિંમ અને એસિમામાંથી હજારો સ્ત્રી-પુરૂષોએ ભાગ લીધો હતો. અને મંગળ વાતાવરણમાં આલેખા ભગવાન શુદ્ધના પવિત્ર અવશેષોને સુવર્ણ મંજુષામાં મૂકી શુદ્ધમંદિરની બહુ વખત પ્રદક્ષિણા કર્યા બાદ ભગવાન શુદ્ધને હજારો વર્ષ પહેલાં જે વૃક્ષ નીચે જ્ઞાન થયુ હતુ તે વૃક્ષે વજ્રાસન નામના પવિત્ર આસન પર પવિત્ર મંત્રોચ્ચાર સાથે પધરાવી અપૂર્વ વિધિ બા. એ અવશેષોને મંદિરમાં સ્થાપન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગ આધુનીક હિંમના ઇતિહાસનો એક મહા પ્રસંગ હતો. એટલુજ નહિ આજની રાજકીય આંધી વચ્ચે વૃક્ષ બનતા માનવબ્રાતને માટે સરકાર અને જાતિની પેલેથી આપતો અદ્ભુત પ્રસંગ હતો. આવો પ્રસંગ ફરીફરીને પ્રતિવર્ષ આવો અને વાસ્તવબ્રાતને આજની અશાંતિમાંથી શાંતિ અને સરકાર માર્ગે પ્રગત કરો એવી કામના સાથે આપણે વધાઈએ બુદ્ધગયાની બહેનો આ જાપતિ ઉત્સવ દ્વારા ભગવાન બુદ્ધના જીવનમાંથી પ્રેરણા મેળવી જીવનને ઉન્નત કરે, બધકારક મનોવૃત્તિ ત્યજી દઈ જીવનના સાચા સરકાર માર્ગે પ્રવૃત થાય

*

શ્રી કમળાબેનના જાતનુ ઉદ્ધારક કર્યો પ્રશંસનીય છે.

શિક્ષણના ક્ષેત્રે બહેનોની ઉન્નતિ માટે જેમણે વર્ષો સુધી ભગીરથ પ્રયત્ન કરી હવે યુનિવરસીટિનુ પોતાનુ સ્વપ્ન સિદ્ધ કર્યું છે એ મહર્ષિ સમા પ્રો. અણ્ણા સાહેબ કર્વેએ ગયા માસમા ૯૨ વર્ષમા પાદ પ્રવેશ કર્યો છે ત્યારે એમની ઉદારતા હૈયાને સ્પર્શી જાય છે

કારણ કે પ્રો. અણ્ણા સાહેબ કર્વે પોતાનુ આ સ્વપ્ન સિદ્ધ કરીને બેસી રહ્યા નહિ, તેમના હૈયામાં વિધવા અને અનાથ બહેનો માટે બારે ઘણું હતુ એ ઘણને દૂર કરવા વિધવા અને અનાથ બહેનોના ઉદ્ધાર પાછળ તેમણે જે પ્રયત્ન કર્યો છે એ તેમના પ્રતિ મસ્તક નમાવવા પ્રેરે છે

એ દિશામા સારણતા મેળવ્યા પછી ચાલીસ આટલી ઉમરે પણ તેઓ એક યુવાનના ઉત્સાહથી કાર્ય કરી રહ્યા છે ને સમતા વિદ્યાપીઠની સ્થાપના કરી પ્રત્યક્ષ આચરણ માટેની જેલેજ ઉપાડી છે એ એક અરેખર ગૌરવ લીધ છે

આવા અમ્ય ગૌરવ માટે ૯૨ માં વર્ષમા પ્રવેશતા પ્રો. કર્વેને અમે અભિનંદન આપીએ છીએ ને પ્રભુને પ્રાર્થીએ છીએ આ મહા કાર્યની સરળતા માટે પ્રો. કર્વે પ્રભુ હજો !

માનતીનો, લગ્ન કરાવનાર ગોરનો અને કન્યાના પિતાનો દંડ કર્યો હતો

*રાજપુરમા કમળા નામની એક દરજી બહેને પોતાના સસરા પર તેમના તરફથી મારકુટ થતી હોવાથી ચોકાવનારા નિવેદન સાથે ધમુકામા કોર્ટ સમક્ષ પોતાના રક્ષણની માગણી કરતાં કોર્ટે આ બહેનનો કબ્જો વિકાસગૃહને આપ્યો છે

*ઠિંડી સેવાદળના બે લાખ જેનિકોમા ઓ સ્વયંસેવિકાઓની સંખ્યા માત્ર પાંચ હજારની હોઇ તેમા વધારો કરવા અને આ સેવિકાઓને તાલીમ આપી તાલીમબદ્ધ ઓ કાર્યકરો તૈયાર કરવા આગામી સપ્ટેમ્બર માસમા મધ્યસ્થ રથને તાલીમવર્ગ ખોલાશે.

*વડોદરાના વતનીના આખના ડોક્ટર બીપુન રસિકલાલ આજ પુનેહિતના મનુષ્યનુ અવ તા. ૨૬ મીના રોજ દુ:ખદ અવસાન થયુ છે

*જરાતી કુમાર સાહિત્ય મડળનુ વડોદરા શાખા પરિષદ એક સમેલન તા. ૪-૫ જુનના રોજ વડોદરામા ઓ ચંપાપન પધરામામા ભાર્યતા સાહેર બીપુન રમણ લાલ વસનજાસ દેસાઇના પ્રમુખપદે મળશે.

*વડોદરામાં વિમેન્સ કોલેજ આગેની આવતી નર્સરી રકુલ તા ૧ લી જુનથી શરૂ થશે. આ સ્કુલના સુપ્રા-ડેન્ડન્ટ તરીકે શ્રી સવિતા બહેન પારેખ રૂા. ૩૦૦ થી નિમાયા છે

*ના આગાખાનના પુત્ર પ્રીન્સ અલીખાને પેરીસ ખાતે ફ્રીન્સી નટી રીટાહેવર્થ સાથે દ્વિતિય લગ્ન કર્યું છે

*મોરોક્કોના સુલતાન પોતાની ભત્રીજી રાજકુમારી લાતા હાતીમા મોહરાના લગ્ન પાછળ એક લાખ પાઉન્ડ ખર્ચનાર છે આ લગ્નવિધિ વખતે આતાડિયા ચાલશે

*વડોદરાના શ્રી હામાજીરાવ વિશ્રામ ભુવનના હેડકલાર્ક શ્રી ધીરૂભાઇ દેસાઇના પુત્રી પ્રિયવદાના લગ્ન અમરેલીના નાગર યુવક શોધન જે વસાવડા સાથે થયા છે

*ચીરોડી નજીક ગોકુડા ગામના એક મોનીએ પોતાની પત્ની તેના વર્ણીક પ્રેમી સાથે પલાયન કર્યા બતાં પોતાના બે છોકરાનુ ખૂન કરી પાણીમાં પોતે આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

*બ્રિટનના રાજકુમારી એલીઝાબેથ આ વર્ષે બીજા બાળકની માતા થશે

*બીમતિ વસાવદેન મહેતા વડોદરા યુનિવર્સીટીના ઉપકુલપતિપદે વરણી થઈ છે

સ્વ. પ્રભાવતી ન. દલ્લર નિબંધ હરિફાઈ

સ્વ પ્રભાવતી ન. દલ્લર નિબંધ હરિફાઈ માટે 'વિશ્વશાંતિ માટે સ્ત્રીઓ શું કરી શકે ?' એ વિષય પર જુનની ૨૦ તારીખ સુધીમા નિબંધ તબી મોકલવા 'ગુણસુન્દરી' કાર્યાલયનુ પ્રત્યેકને સ્વાગત છે. ઉત્તમ નિબંધ માટે પ્રથમ આવનાર બહેનને રૂા. ૫, ૩ અને ૨ના પુસ્તકો અનુક્રમે પુરસ્કાર આપવામા આવશે

ફોરમ

—મધુસંચય—

સ્વરાજ્ય યુગનું સાહિત્ય

હિમાલયમાંથી ગંગા—નીકળે છે ત્યારે હિમાલયના પહાડોને ચીરતી હરદ્વાર સુધી આવી આવે છે અને હરદ્વાર પછી પાંચ છ ફાંટાઓમાં પથરાઈ જાય છે એવી રીતે જ્યાંસુધી સ્વરાજ્ય મળ્યું ન હતું ત્યાં સુધી આપણું સાહિત્ય બધી દિશાઓમાં ને બધા ક્ષેત્રોમાં સૌયું બની ફક્ત સ્વરાજ્ય પ્રાપ્ત થાય એ જરૂરી હતું હવે જ્યારે સાહિત્ય ગંગા સ્વરાજ્યરૂપી મુક્તા મંદિરના શિખર પરથી નીકળી જુદા જુદાં અનેક ક્ષેત્રોમાં ફાંટાઓ રૂપે પથરાઈ રહ્યું છે અને એના પ્રવાહો પ્રજા જીવનના વિશાળ પટ વિસ્તારમાં વિસ્તારેલા છે ત્યારે સાહિત્ય કર્મ જનતનું સર્જવું જોઈએ એનો વિચાર સાહિત્ય કારોએ કરવાનો છે

આખી દુનિયામાં હવે હિન્દુસ્તાને હવે પોતાનું સ્થાન લેવાનું છે આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તો પણ દુનિયાના પ્રવાહથી આપણે અળગા રહી શકવાના નથી. આપણા પોતાના ઓકળ વર્તુળમાં બંધી શકવાના નથી. આપણા સાહિત્ય ને સરસ્વતીનો પ્રવાહ હવે વિશાળ મેદાનમાં આવીને પડયો છે આપણી તમામ શક્તિ જ્યારે સ્વરાજ્ય મેળવવા માટે રોકી હતી ત્યારે જેમ અમુક વરસોની મહેનત માગી શકતા તેમ હવે પાંચ દસ વરસની મહેનત પણ માગી શકતા નથી. આજે તો દુનિયા આખીનું ક્ષેત્ર સમસ્ત માનવજાતનું ક્ષેત્ર આપણી આગળ ખુલ્લું થઈને પડ્યું છે તેથી આપણે આપણી પોતાની દૃષ્ટિ વ્યાપક કરવાની છે સાહિત્ય મારફતે માનવજાતની સેવા કરવા માટે જેટલાં ક્ષેત્રો જોઈએ તેટલાં ખુલ્લાં પડ્યાં છે આટલી વિશાળતા અને વિવિધતા જોઈને આજના સાહિત્યકારો હેબતાઈ જાય તો પણ આશ્ચર્ય નથી

—શ્રી કાકાસાહેબ કાલેલકર

દેહ આત્મા અને ધર્મ

પૃથ્વીનું એક રૂપ કઠોર અને નક્કર છે અને બીજું કોમળ અને તરલ છે તેમ ધર્મની એક દિશા જેમ નીરસ છે તેમ બીજી રસાન્વિત છે આજે વાતને આપણે બીજા દૃષ્ટાંતથી વિચારીએ મનુષ્યનું શરીર જેમ એક બાજુથી હાડપીંજરનું બોખું છે તેમ બીજી બાજુથી માંસ મેદોથી અને ચામડીથી આરપાદિલ થયેલું સુંદર કલેવર છે હાડકાંની સુવ્યવસ્થિત સુરાવલીને લઈને જેમ દેહ સુપ્રતિષ્ઠિત છે, દૃઢભૂમિ છે તેમ લોહી માંસ મેદોને લઈને સુપ્રકાશિત છે, વિકાસશીલ છે

હવે હાડકાંઓ પર નિર્ભર થયેલો દેહ જો પોતાનું એજ સ્વરૂપ પ્રગટ કરે તો ? કેવું વિચિત્ર લાગે. કેવું અવાસ્તવિક લાગે ? દેહ પોતાને પ્રગટ કરે છે એ તો તેના રસ સ્વરૂપ થી તેના જોના પર પામે સ્થિત સ્થિત છે તેને તે પ્રગટ કરતો નથી પરંતુ જોને જાને તેની નિત્ય ગતિ છે, તેની લીલા છે તેનેજ પ્રકટ કર છે અને તેમાજ તેનું સ્વાદ થાય છે, સૌંદર્ય છે, સૌષ્ઠવ છે

—શ્રી જયંતિલાલ આચાર્ય

સુધારો

લોકો કહે છે સમાજ સુધરતો નથી બગડતો જાય છે લોકો અને સમાજ કંઈ જુદા છે ? સુધારો પોતાની જાતથી અને પોતાના ઘરથી શરૂ થવો જોઈએ આપણે તો એવી ભાવના લેતા આવ્યા છીએ કે એ પોતાના ઘરથી નહિ સામાન ઘરથી શરૂ થાય. આ મનોદશા લોકોના ઘર કરી ગઈ છે ત્યાં સુધી સુધારો કંઈ રીતે થવાનો હતો ?

લંડનમાં બાળવિશ્વ સંમેલન

લંડનમા આલ્બર્ટ હૉલ ખાતે યોજાએલા બાળ વિશ્વ સમેલનમા ૫, ૫૦૦ બાળકો એકઠા થયા હતા તે ઉપરાત ૬૦૦ જેટલા મુખ્ય વયના માણસોની પણ હાજરી હતી જેમા મુખ્ય શિક્ષકો અને શિક્ષિકાઓનો પણ હાજરી હતી

આ પ્રસગે બ્રિટનના વડા પ્રધાન મિ એટલી, ડયુક ઑફ એડિનબર્ગ અને મિ બેન્થની ઓડને રસપ્રદ અને બોધક ભાષણો કર્યા હતા

કલા, શિક્ષણ, સસ્કાર અને સૌદર્યનુ પર્વ

બ્રિટન ફરીથી આ વર્ષે ફરતાવેજી શિક્ષણાત્મક ફિલ્મોનુ આતરરાષ્ટ્રિય પર્વ ઉજવે છે ઓગષ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન એડિનબરો ખાતે યોજાએલા સગીત અને નાટકના આતરરાષ્ટ્રિય પર્વના તે એક અગરૂપ છે કલા સૌદર્યને વ્યકત કરતો આ પ્રસગ યુરોપમા સાસ્કારિક આકર્ષણરૂપ નીવડી ચૂકયા છે

સર્વોગે ફરતાવેજી ફિલ્મોનેજ રપર્શતો આ એક માત્ર આંતરરાષ્ટ્રિય પ્રસગ છે, પડદાપર રજુ કરવાને પસદગી પામેલી બધી ઉત્તમ ફિલ્મો માટે પ્રમાણપત્રો આપવામા આવે છે

ગયા વર્ષે ૨૬ રાષ્ટ્રો તરફથી જીવત સ્વરૂપેની ૧૦૦ ફિલ્મો બતાવવામા આવી હતી આ વર્ષે પણ આ આતરરાષ્ટ્રિય રસપ્રદ પ્રસગ અનોખા આકર્ષણ, આભ્યાસ અને આનદરૂપ નીવડી ગઈ સાને આ ઉજવણીમાં ભાગ લીધેલા દેશો ઉપરાંત આ વર્ષે મેકિસકો અને દકિ્ષણ તરફથી પણ પૂછપરછ કરવામા આવી છે.

રાજાની સ્ત્રી સલાહકારો

બ્રિટનમા આ સાલ રાજાના નવા નીમાએલા કાયદાના ૧૯ સલાહકારોમાં પહેલી જ વાર બે સ્ત્રી સભ્યોનો સમાવેશ થાય છે તેમા એક ૬૦ વર્ષની વયના હેલેના નોરમન્ટન છે તે ઈગ્લેડના પ્રથમ સ્ત્રી [illegible] હતા અને બીજા ૩૪ વર્ષના રોઝ હેપ્લિબ્રોન્ત છે, જેમની લીવરપુલમા બીકતી પ્રેકટીસ ચાલે છે અને તે એક સરજનના પત્ની પતિ છે

બ્રિટનની ગ્રામ્ય કિશોરીની કલાની કદર

રોયલ સોસાયટી ઓફ આર્ટસની ઔદ્યોગિક આકૃતિઓ–આકાર માટે યોજાએલી તાજેતરની હરિફાઇમા ફલોરન્સ માર્શ નામની ૧૯ વર્ષની એક ગ્રામ્ય કિશોરીને પગરખા માટેની ડીઝાઇન તથા સુદર ચર્મકામ માટે એકદરે પા ૨૦૦ નુ ઇનામ મળ્યુ છે– જોડાની ડીઝાઇન માટે પા ૧૦૦ (રૂ. ૧૩૩૩) તથા ઇટાલી, સ્વિઝર્લેન્ડ અને ફ્રાન્સ ખાતે પ્રવાસ અને હેન્ડબેગ માટે નવી જ કલ્પના રજુ કરવા માટે બીજા પા ૧૦૦ આ કિશોરી ખાણમાં કામ કરતા એક મુકાદમની એકની એક જ પુત્રી છે અને કેન્ટમા થાનેટ ખાતેની કળા-કુંજર માટેની શાળામા અભ્યાસ કરે છે

માનવીનુ આયુષ્ય કેટલુ ?

એક વૈજ્ઞાનિકના અખતરાઓ પછી એમ નક્કી કરી શકાયુ છે કે માનવીનુ આયુષ્ય ૧૦૯ થી ૧૧૨ વર્ષ સુધીનુ છે બની શકે એટલી શક્તિ કુદરતે માનવ શરીરમાં મૂકેલી છે બ્રિટિશ મેડીકલ જર્નલમા આ વિષે એક વિસ્તૃત લેખ લખતા ઓકસફર્ડના ડો. રોબર્ટસ્ચવેરફી જણાવે છે કે વિજ્ઞાન એવી વસ્તુ શોધી શકયુ નથી માણસ વહેલો વૃદ્ધ નહિ થાય ને વૃદ્ધાવસ્થા સુધી એ પોતાની શક્તિ સાચવી રાખી શકશે



કવિ અને કવિતા

ા નાથુ

ામારી સમક્ષ દ્રમુમાન ૨૩ ! ફરી એ વાર
। ઉલ્લા કાન્ય સમ્રાટમા। તમારા કાન્યો
।। આજ છઠ્ઠા રચનાને મા । વાનીના પથ્થરી
મા ઉદ્ભવન કરતા મારી રોતાની તુરી પાખનુ
વધુ તીવ્રતાથી ભાન થયુ તમા । આત્મદર્શન
અનો ગયેલા પર બાવાના રોગા તમે
ઓનો સાહિત્યિકતા અને વિચાર આંદોલનન
ાપિત્ત કરો છો તે મને તમારે માટે દર્ખાનો
ી પ્રેરે છે

આમ છતા પાશ્ચાત્ય મુપમિદ્ મા યશ્રોનો
મા તમારા અધિકારને અને તમારા સ્થાન તમે
ર્યુ છે અને એ રીતે આપણી માતૃભૂમિનો
અવમાનતા ખોડી કરી છે એ બદલ મારા
ોરવથી છલકાય છે

ન નિવેદન : રવિ નાથ ટાગોર

× × × ×

નિમંત્રણ

ીન ગીત અથુ આનદ રે સ્વપ્ન મો આપ
ે ઓ સખા વિશ્વનો પ્રેમ ઓ પુષ્પમાત્ર


આપના પ્રત્યે છે એટલે આપને વ્યક્તિગત ઉપહાર
તરીકે ગીતાનુ-તુરેકી પાત્રોવાળા પખીના ગીતાનુ-
માર તાનસ્ક પુસ્તક મોકલ્યુ એ બહુ સુદ ભેટ
લાગે છે

મ નિત્તમ પૂર્વે ૮૮ મારા પૂર્વક બનાવેલા
અને સુરક્ષિત રાખેલા થોડા બહુ મુલ્ય નિધિઓ
ફેંકાયલા મારા ૮ તા કાવ્ય પુસ્તક માસ વિહંગમ
વિ આવના તરફથી આવેલો એક સુંદર પત્ર મારા
હાથ ચઢ્યો અને હવે મને ઘર ઘર બીતી લાગે
ે કે અપની નવીન ગિમાને અનરૂપ થઈ આપ્યા
ત્રિક ગીતવાણી અપૂર્ણ અભિલાષને નિષ્ઠાપૂર્વક
ેગવવાનો ફ પ્રયાસ કરી રહી છુ ત્યારે એ
પત્રથી ગૌરવ અને સ્વાભિમાનનો મુક્ત ઓ
આકાશ સ આધાર મે અનુભવ્યો

૨ । સિરાગમા કવકત્તામા આપનો મુલાકાત
લેવાનો આવા રાખુ છુ સ્વાસ્થ્ય આપનો જ
મરણ ઓ અમર શબ્દાવલી પ્રેરણારૂપ તો બને
પરોક્ષવાણી હુ કરી આકાક્ષા ન સેવી શકુ તે
આપના ચરણનો મારા ગીતની કુર વ્યાપી પાંખની
ધારે રાખો ૨૩ છું

સ્વસ્થ ઇચ્છક દોબાદ અશોકજી નાથુ

આ માસિક વડોદરા-ચિત્રપુરમા થી કુ નૃસિંહ રા પ્રેસમા મા ભાવસાર ચકુભાઇ હરજી
ાને મારે છાપી અને તેજ વડોદરાથી પ્રસિદ્ધ કર્યુ તા ૧ ૬



[વધુનુ પોસ્ટકાર્ડ જુઓ]

હિંદુસ્તાનના જાણીતા શહેરો

વડોદરાની સામાન્ય માહિતી
રસપ્રદ પુસ્તક

વડોદરા

લેખક
મા. ય. દ્વારકાદાસ અ. ભટ્ટ
કિંમત રૂા. ૦-૮-૦

•

સૂરતના શોખીન શોખના
રસિક જીવનનો અનુભવ
લેવાની મન થાય તેવું
પુસ્તક

સૂરત

ભાગ ૧-૨

લેખક
શ્રી અ. મેસરાણ્ય જ. પાડ્યા
કિંમત રૂા. ૧-૦-૦

•

દ્વારકા જતા પ્રવાસીઓને
સારી માહિતી પુરી પા. છ
એવું પુસ્તક

દ્વારકા

લેખક
શ્રી કેવળરામ ન. જોશી
કિંમત રૂા. ૧-૧-૦

— દમણ જ પ્રસિદ્ધ થયેલા પુસ્તકો —

ભ્રમણ	લે. શ્રી રમેશચંદ્ર રંગનાથ ગૌતમ	કિંમત ૧-૧૭-૦
રાજપુત્રોનુ શિક્ષણ	લે. શ્રી બાપુભાઈ જાદવજી વૈદ્યમૂત્ર	કિંમત ૦-૧૦-૦

આ પુસ્તકો તમે વસાવ્યા ન હોય તો આજે જ લખો

મેસર્સ નટુભાઇ ઠક્કર એન્ડ કું. શિયાપુરા પો. બો. ન. ૮૫ વડોદરા

મે અનુભવ્યુ કે ત્યાનુ સારૂ વાતાવરણ મારે માટે અસહ્ય બની ગયુ છે મારી કલ્પનાના સૌન્દર્યને સ્થાને વારતનિકતાની કુરૂપતા જોઈ હુ વિચલિત બની ગયો. થોડી વાર સુધી ચુપ રહ્યા પછી મે લીલાને કહ્યું " લીલા, તારી સ્થિતિ જોઇ મને અત્યત દુ ખ થાય છે હુ આજે સાજે ઘેર જવા માગુ છુ "

" આટલા બ્હેલા ! " લીલા ચોંકી ઉઠી પછી તેણે ધીરેથી કહ્યુ-" ઠીક ! "

સ ધ્યાકાળે લીલાએ મારો સરસામાન મોટર કારમા મુકાવી દીધો. રામકિશોર તે વેળા ઘેર નહોતા, કદાચ તે રેસકોર્સ પર ચાલ્યા ગયા હશે લીલા મને મૂકવા જતે સ્ટેશન ઉપર આવી.

ગાડી આવવામા હજુ અર્ધો કલાકની વાર હતી અમે બન્ને વેઇટીગ રૂમમા બેઠા હતાં એકાએક લીલાની દૃષ્ટિમાં અજબ વાતનુ સૂચન હતુ એક અજબ પ્રકારની કરૂણા હતી. એક અજબ વિવશતા હતી. થોડીવાર સુધી તે મને એકી ટશે જોઇ રહી. પછી તેણે ધીરેથી મને કહ્યું " રમેશ ! તે મને કદી ચાહી છે ને ? ખરૂ ને ? "

હુ ચૂપ રહ્યો પણ મારૂ હૃદય તેજીથી ધડકી રહ્યું હતુ. મારા જવાબની રાહ જોયા વિના લીલા કહેતી ગઇ " રમેશ, તુ મને ક્ષમા કરજે, હુ ખુબ દુર્ભાગી છુ, અત્યત પાપી છુ મે તારો એક મોટો અપરાધ કર્યો છે રમેશ, જ્યારે તુ શહેરમા ફરવા ગયો હતો ત્યારે તે એક વોરન્ટથી ગીરફતાર થઇ ગયા. એમના ઉપર બસો રૂપીઆની દીકી હતી અને તેમને છોડાવવા માટે રમેશ, મે તારા સૂટકેસમાથી તારા બસો રૂપીઆ કાઢી લીધા ! ! !

હુ સ્તબ્ધ જેવો બની ગયો, મે માત્ર એટલુ કહ્યું " લીલા ! "

લીલાના હૈયાનો બધ તૂટી ગયો આજે દિવસભર હુ રડી છુ, અને કોણ જાણે કયાય સુધી મારે રડવુ પડશે પણ હુ શુ કરુ, હુ કેટલી લાચાર છુ તે મારા સર્વસ્વ છે-મારા સર્વ ધરેણા મે વેચી દીધા છે હવે હુ કગાલ બની ગઇ છુ પરન્તુ ભગવાને મને એથી પણ આગળ ધકેલી-મારે આજ ચોરી પણ કરવી પડી. રમેશ ! તને મારી એટલી પ્રાર્થના છે કે તુ મને ક્ષમા કરજે અને ભગવાનની મારા માટે પ્રાર્થના કરજે !"

આ વખતે ગાડી પ્લેટફોમ ઉપર આવી ગઈ હતી. રામકિશોરે નોકર પાસે મારો સરસામાન ગાડીમા મૂકાવ્યો મે લીલાને કઈ કહ્યું નહિ, ચુપચાપ લીલાનો હાથ પકડી હુ ગાડીમાં બેસી ગયો થોડીવાર સુધી હુ કોક વિચારમા ડૂબી ગયો, પછી મે લીલા ભણી એકવાર સારી રીતે જોયુ

અને મે લીલાના મ્હોં પર શુ જોયુ તે હુ જણાવી શકતો નથી પરન્તુ એટલુ કહી શકુ છુ કે લીલાને જોઇ મારા હૈયામાં એક પ્રકાર વ્યાપ્યા છવાઇ ગઇ-લીલાના હૈયાની ભાવના સ પૂર્ણ રીતે મારામા પ્રવેશી ગઇ હતી.

હુ એકાએક ચોકી ઉઠ્યો ટ્રેઇને સીટી મારી હતી. લીલા ગાડીની બહાર ઉભી હતી. તેણે ધીરેથી કહ્યુ " રમેશ ! મને માફ કરે છે ને,-બોલતો ખરો ! "

ગાડી ધીમે ધીમે ચાલવા માડી. તે સમયે મે લીલાને કહ્યું " લીલા, હુ કહી શકતો નથી કે તે મારો કોઈ અપરાધ કર્યો છે કે નહિ. ને તે અપરાધ કર્યો હશે તો હુ તને માફ કરુ છુ ભગવાન, તારૂ ભલે કરે. "

ગાડીનો વેગ વધવા માડ્યો હતો. હુ લીલાને જોઇ રહ્યો હતો, તે પણ મને જોઇ રહી હતી એકી ટશે નીરવ ! *

* હિન્દી વાર્તાકાર ભગવતીચરણ વર્માની એક હૃદયગમ વારતાનુ આ રૂપાન્તર ▷

બે સ્ત્રીઓનાં આદર્શ બલિદાન.

શ્રી નલિનકાન્ત પંડ્યા

ઈદીના દિવસો હતા. કડી તીરની માફક વાગતી હતી બીરબલે અકબરને વિનતિ કરી કે તે તાનસેન પાસે દીપક રાગ ગવડાવે. અકબરે આજ્ઞા આપી તાનસેનની નામરજી હોવા છતા રાજાના આગળ કંઇ કરી શકયો નહિ તેણે દીપક રાગ ગાયો. રાજભુવનમાં ગરમીનું વાતાવરણ જામ્યું તાનસેન અંતર્જ્વાળાથી ગભરાઇ ગયો

તેની અન્તર્જ્વાળા મટી નહિ તંદુરસ્તી બગડતી ગઇ આ કારણને લીધે અકબરની રજા લઇ તે ગુજરાત પ્રાંતમાં સાબરમતીના કિનારે આવ્યો તે સમયે મોગલોના આક્રમણનું મુખ્ય સ્થાન ગુજરાતજ હતું તેમની બીકને લીધે હિંદુ મહિલાઓ સૂર્યોદય પહેલાં જ પાણી ભરી લેતી હતી

એક ગામની બે બહેનો પાણી ભરવા સાબરમતી કિનારે આવી બેનોનું નામ હતું 'તાની' અને બીજી 'નાની' કહેતા હતા બન્નેએ તાનસેનને જોયો. એકાએક તાનીના બોઘામાંથી બોલાઈ ગયું આ તો દીપક રાગથી બળતો હોય એમ લાગે છે

તાનસેને સાંભળ્યું તેના મનમાં આશા બંધાઈ તે દોડ્યો અને બે બહેનો પાસે આવી પોતાની સારી કથની કહેવા લાગ્યો પહેલાં તો બન્ને બહેનો ગભરાઇ ગઇ પણ વારંવાર સોગન અને બહેન કહી સમજાવવાથી તેમને વિશ્વાસ બેઠો અને તેઓ તેને પોતાની ઘેર લઇ ગઇ 'નાની'એ ઘેર મધુર રાગે મેઘરાગ ગાયો. એક વખત નહિ કેટલીય વખત ગાયો. તાનસેનની અંતર્જ્વાળા મટી. તેને સંપૂર્ણ આરામ થયો. બાઈ-બહેનનો આભાર માની, તેણે આ વાત ગુપ્ત રાખવાનું વચન આપી દિલ્હી પાછો ગયો.

તાનસેનને તંદુરસ્ત જોઇ અકબર ખુશ રાજી થયો. "મેઘરાગ" સાંભળવાની ઇચ્છા કર્યાથી રાજહઠની આગળ તાનસેનનું કાંઇ વળ્યું નહિ કમકમાતા મને અકબરને લઇ ફરીથી સાબરમતી કિનારે આવ્યો. મુકરર સમયે તાની નાની પાણી ભરવા આવ્યા તેમણે તાનસેનને જોયો અને અકબરને પણ અનુમાનથી ઓળખ્યો. તેમને તાનસેન ઉપર મનમાં ને મનમાં ચીડ ચડી.

દોડીને અકબરે બન્ને દેવીઓ આગળ મસ્તક નમાવી આગ્રહપૂર્વક મેઘરાગ સંભળાવવા આજીજી કરી. તેઓ મોગલ સમ્રાટના ખુબ વિનય અને સ્નેહભર્યો પવિત્ર આગ્રહને પાછો ઠેલી શકી નહિ અને પોતાના ભાવીનો નિર્ણય કરી તેમણે તે આગ્રહનો સ્વીકાર કર્યો. મુકરર સમયે ભર્યા દરબારમા તેમણે મેઘરાગ ગાયો. અકબર ખુશ ખુશ થયો બન્નેના સ્વામીઓના નામે જાગીરો પણ બક્ષી દીધી

તાની નાની સંગીતના વિદ્વાન ન હતા, તેઓ હતી મહાન સતીઓ. સતીત્વના રક્ષણ માટે તેમણે પોતાના કમ્મરના ભાગમાં અણીઆળી કટાર છુપાવી રાખી હતી. અકબરની સામેથી ખસતાં જ બન્નેએ પોત પોતાની કટાર કાઢી કટાર એકજ સાથે ચમકી અને પરસ્પર એકની કટારે બીજાનું ગર્દન ઉડાવ્યું લોહીનો ફુવારો છુટયો. તાનસેનની નજર પડી અને એક નિઃસાસાની સાથે જ મુર્છા ખાઇ પડયો. વિશ્વની અપ્રાપ્ય વિભૂતિ તાનસેને ગુમાવી દીધી હતી. તે તીરથી છવાયેલ પક્ષીની માફક તરફડીયાં મારતો હતો

તાની–નાનીના સ્વામી આવ્યા. અકબરે

તેમની સામે મસ્તક નમાવ્યું બન્નેએ પોતપોતના પતિને કાગળ લખ્યા હતા ઘેરથી નીકળતા પહેલા જ તેમણે પ્રાણ-ત્યાગનો નિશ્ચય કર્યો હતો અને પત્રો પહેલેથી જ લખીને ઘેર મૂકયા હતા પત્રોમા લખ્યુ હતુ "

" પ્રાણનાથ, નાછુટકે અમારે આપની હાજરી ન હોવા છતા યવન સમ્રાટની સામે દરબારમા આવીને ગાવુ પડ્યુ છે અમે પવિત્ર છીએ હમારૂ સતીત્વ સુરક્ષીત છે બાદશાહે અમને પોતાની પુત્રીઓ સમજી અમારી સાથે વર્યો છે તો પણ હમે પતિ-વૃતના એક અગથી ભ્રષ્ટ થયા છીએ અને આપના પવિત્ર ખોળાને માટે હમે લાયક રહ્યા નથી, આ કારણથી જ આ અધમ શરીરનો ત્યાગ કરવાનુ અમે યોગ્ય માન્યુ છે હવે પરલોકમા આપના આગમનની અમે બન્ને રાહ જોઈશુ

આપની ચરણ સેવિકા.

બન્ને શુદ્ધ મહિલાઓની સ્મૃતિમાં ત્યાં ' સગીત મદિર ' રચવામા આટલા વર્ષના ગાળા બાદ પણ આજે આ રમારકમા ભગ્નાવશેષ અહમદાવાદના એલિસબ્રીજની પાસે મોજુદ છે

તાનસેન તાની-નાનીને પોતાના જીવનમા વિસરી શકયો નહિ પોતાની આ બે ધર્મ બહેનોના નામ ચિરજીવી બનાવા માટે જ્યા ૐ નો પ્રયોગ થતો હતો ત્યા ' તોમ-તાના નાના, અગર તો-મ-તા-તા-ના-નાના 'નો પ્રયોગ તેણે કર્યો જે આજ પણ પ્રચલિત છે

(હિન્દી ' કલ્યાણ 'માંથી)

સ્નેહ અને શોકથી, પૃથ્વી અને પરિવર્તનશીલ વ્યોમથી
મને સતોષ ન થાય ત્યા સુધી
મારી તમામ ભૂખ સતોષાય ત્યા સુધી થોભી જા,
ઓ મૃત્યુ મારાથી અવસાન પામી નહિ શકાય

(સરોજિનિદેવીના એક કાવ્યમાંથી)

લોહાણા જ્ઞાતિનું પત્ર
લોહાણા વર્તમાન
દુ:ખ સમયમા પોતાની સેવાઓ ફરીથી
આપવાની શરૂ કરશે
વિગત માટે મળો યા લખો —
' લોહાણા વર્તમાન ' કાર્યાલય
૨૬૫, રાયપુર, ડોકની પોળ, અમદાવાદ.

ત્યારે સૌ હસે

શ્રી "અગ્નિકુમાર"

રિમત અને હાસ્ય એ માનવ સહજ પ્રકૃતિ છે એનો ઉદ્‌ભવ ગુરુમથી, આત્મત્રુટિ ગોપન અને દાતારની અનુકંપા જ હોય છે

ઊર્મિનો અતિરેક એ હાસ્યનુ જન્મસ્થાન છે જીવનના બે પાસા–કરૂણ અને હાસ્ય છે, એટલે આત્મવિવેચન હૃદય મંથનથી ઉદ્‌ભવે તે રિમતની ભાવના ઉપજાવી હાસ્યના આંદોલન ઉપજાવે જ

સંજોગ, વાણી અને પોષાક એ ત્રણ હાસ્ય ઉપજાવનારા છે એટલુ જ નહિ પણ માનસશાસ્ત્રની સૂચો પણ હાસ્યજનક નિવડે છે

*

એક પ્રાથમિક શાળાની શિક્ષિકાને સત્તાવાળા તરફથી એવો ઉમો વટહુકમ હતો કે જોરહાજર રહેનાર શિષ્યના વાહીની ચિઠ્ઠીઓ ભેળવી;એકઠી કરી રાખવી. સ્થાનના પ્રતાપે એ હુકમ બરાબર પળાતો નહિ. નિયામક એક વખતે આવી પેલાં શિક્ષિકા બહેનને ઝડતીથી તતડાવવા માંડયા

" તારાબેન ! તમે વાહીઓની ચિઠ્ઠી સહી સાથે કેમ નથી એકઠી કરતા ? '

" સા'બ ! બધાને સહી કરતા જ નથી આવડતી. "

" ત્યારે અંગૂઠા કેમ નથી પડાવતા ?" નિયામક તાડૂકયા

" કોંક દંપતીને અંગૂઠા જ નથી હોતા ! " બહેને બડબડ કરી

" તો પછી–તો પછી–નિયામક માથે હાથ ફેરવતા ગણગણ્યા—

પેલા બેને અટ્ટહાસ્ય કરતા કહ્યું " સાહેબ, કેટલાક કાપડા માણસ માટે હોય છે, માણસ કાપડા માટે નથી જ, એટલે અપવાદ રાખવા જ જોઇએ ના "

અને નિયામક આ તાર્કિક દલિલથી સંતોષાઇ ખડખડાટ હસી પડયા.

*

એક માધ્યમિક શાળાના પહેલા વર્ગમા એક શિક્ષક છોકરાંને ગમ્મત સાથે જ્ઞાન દેતા વિદ્યાર્થીઓમા કોંક શિક્ષકને પણ આડી લવ મહાન કરવા કોશિષ કરતો !

એક વાર શિક્ષકે છૂટતાં પહેલા વિદ્યાર્થી ઓને ખીજવવા પ્રશ્ન રમત ચલાવી

તેમણે શરૂ કર્યું

" માણસને હોય છે—

" બે પગ ! '

" કાગડાને છે—

" બે પગ ! "

" ગધેડાને હોય—

' ચાર પગ ! ";

" હાથીને છે

" ચાર પગ. "

એક જાતને ચતુર માનતો, શિક્ષકથી જુદા સૂર કાઢી ચાપલ્ય બતાવવા ઇચ્છતો વાચાળ બટુ બોલી ઉઠયો " પૂછડી ને છે—

જવાબ મળ્યો " ચાર પગ ! ' અને શિક્ષકે જાણ્યુ કે શિષ્યો સૌ હસે, કારણ કે જવાબ હાસ્યજનક અને મૌલિક હતો આવે વખતે સૌ હસે જ

*

લોકપ્રિય નાટકની પહેલી રાત્રિએ ત્રીજે અંકે ચાલતો હોય–મુખ્ય નાયક સંજોગમા આવેશ

લાગ જશે, એમ ધારીને એ બાબી હતી પણ આ તો ઉલટો તમાસો થઇ ગયો હા, ત્રણે મારા તરફ જ તાકી રહ્યા છે. આપસ આપસમાં કાંઇ વાત પણ કરે છે. રમાનાથને એમ લાગ્યું કે પગમાં શક્તિ જ નથી. કદાચ ત્રણે મનમાં મારો જ ચહેરો મેળવી રહ્યા છે. હવે નહિ બચી શકું. ઘરવાળાઓને મારા પકડાવાની ખબર મળતાં બધાં કેટલાં લજ્જિત થશે ! બાપુ તો રડી રડીને પ્રાણ આપશે પાંચ વર્ષથી ઓછી સજા થવાની નથી આજે આ જીવનનો અંત આવી રહ્યો છે

આ કલ્પનાએ તેના ઉપર એવી અસર કરી કે તેના હાથ પગ ઢીલા પડી ગયા સિપાઇઓનું ટોળું તેની સમીપ આવી જતાં તેનો ચહેરો ભયથી એવો વિકૃત થઇ ગયો, તેની આંખો એવી સજ્જડ થઇ ગઇ, અને પોતાને તેમની આંખોથી બચાવવા માટે તેણે બીજા માણસોની આડ એવી રીતે શોધવા માંડી કે કોઇ બાબુલી માણસને પણ તેના પર શક દેઢ થાય એ સ્વાભાવિક હતું પછી પોલીસની ચપળ આંખો કેમ ચૂકે ? એક જણે પોતાના સાથીને કહ્યું: " આ કાંઇ પોલા ચોર હોય એમ લાગતું નથી. કંઇ ચોરના જેવી તાકાત નથી " બીજો બોલ્યો " મને તો શક દેઢ થઇ રહ્યો છે કે આ પૂરો પાકો ચોર છે. "

ત્રીજો માણસ મુસલમાન હતો. તેણે રમાનાથને ખૂબ મારી " અરે ઓ પાખંડી વાળા, અહીં આવ ! તારૂ નામ શું છે ? "

રમાનાથે જરા રૂઆબભેર કહ્યું: " મારૂં નામ પૂછીને શું કરશો ? હું શું ચોર છું ?"

" ચોર નથી, તું ચાલાક ચોર; નામ કેમ નથી કહેતો ? "

રમાનાથ એક ક્ષણ ગૂંચવામાં પડીને બોલ્યો " હીરાલાલ ! "

" ઘર કયાં છે ? "

" ઘર ? "

" હા, ઘરનું જ પૂછું છું. "

" શાહજહાંનપુર "

" કયો મહોલ્લો ? "

રમાનાથ શાહજહાનપુર ગયો ન હતો તેમ કોઈ કલ્પિત નામ પણ તેને યાદ આવ્યું નહિ કે તે કહી દે. ઘેટકે સાહસ કરીને તેણે કહ્યું " તમે તો મારો પત્તો લખી લો છો. "

કોન્સ્ટેબલે ધમકી આપી " તમારો પત્તો તો પહેલાંથીજ લખેલો છે. નામ જુઠું કહ્યું સરનામું પણ ખોટું આપ્યું મહોલ્લાનું પૂછ્યું તો બગલાની માફક તાકવા લાગ્યો મહીનાઓથી તમારી તપાસ થઇ રહી છે. આજે મળી ગયો છે ! ચાલ થાણા પર !"

એટલું કહેતાં તેણે રમાનાથનો હાથ પકડી લીધો. રમાનાથે હાથ છોડાવવાની ચેષ્ટા કરતાં કહ્યું: " વારંટ લાવો, તોજ હું આવીશ. શું મને કોઇ ગુન્હેગાર સમજી લીધો છે ? "

કોન્સ્ટેબલે એક સિપાઠીને કહ્યું " જરા આનો હાથ પકડી લો તો ત્યાં થાણા પર વોરંટ દેખાડવામાં આવશે "

ચહેરામાં આવા બનાવ તમાસા કરતાં પણ વધારે મનોરંજક હોય છે સેકડો માણસો એકઠાં થઇ ગયાં દેવીદીન આ વખતે અરીસો લઇને પાછો ફરતો હતો બોલાવો એકઠાં થએલાં જોઇને તે પણ આવી પહોંચ્યો તેણે જોયું કે નવા કોન્સ્ટેબલો રમાનાથને પકડીને લઇ જઇ રહ્યા છે. તે આગળ આવીને બોલ્યો " અરે ! અરે !

ઈનામી પ્રશ્ન

સંપાદક : કુ. યશસ્વિની

'ગુણસુન્દરી'ના 'ગાંધી જયન્તી અંક'માં પૃષ્ઠ ૬૫થી ૧૨૫ સુધીના લેખોમાંનો તમને કયો લેખ સર્વોત્તમ લાગ્યો ? અને શા માટે ? તે કારણો આપી જણાવો. જે બહેનનો જવાબ મોકલ્યો સારો આવશે તેને ઇનામનું પુસ્તક આપવામાં આવશે.

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમા માસિકના દરેક ગ્રાહક તેમજ જે બહેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મગાવતા હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે ગ્રાહકોના કુટુંબની સ્ત્રીઓ પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નમ્બર અવશ્ય જણાવવો ગ્રાહક નમ્બર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમા નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના બીજા મહિનાની આખર તારીખ સુધીમાં અમને મળે એવી રીતે મોકલી આપવો (૪) તારીનો નિર્ણય છેવટનો ગણાશે. કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બાબતમાં–ગેરબાબતમાં પણ વધારે લક્ષ થશે નહિ (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે

ઓગસ્ટ માસનું પરિણામ

સાચો જવાબ નીચે પ્રમાણે છે.

(૧) અત્યારે સૌની ઉમર નીચે પ્રમાણે છે

કેશવલાલ ૩૫ વર્ષ, કમળા ૨૮ વર્ષ, શાન્તિલાલ ૧૪ વર્ષ કિશોરી ૭ અને કૈલાસ ૪ વર્ષ.

(૨) શાન્તિલાલના જન્મ વખતે કેશવલાલની વય ૨૧ વર્ષ અને કમળાની વય ૧૪ વર્ષ હોવી જોઇએ

(૩) કિશોરીના જન્મ વખતે મારા પિતાની વય ૨૮ વર્ષ અને મારી ૭ વર્ષની હતી.

અખિલ ભારતીય મહિલા પરિષદનું વાર્ષિક અધિવેશન ડીસેમ્બરની તા. ૨૮ મીએ હજની ખાતે શરૂ થનાર છે તેના પ્રમુખસ્થાને શ્રીમતી લેડી વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠની વરણી થઇ છે

બીહાર મહિલા પરિષદનું બીજું અધિવેશન મુઝફ્ફરપુરમાં સપ્ટેમ્બર માસની તારીખ ૨૭, ૨૮, ૩૦ મીએ મધ્યપ્રાંતની ધારાસભાના સભ્ય શ્રીમતી રમાબાઇ તાંબેનાં પ્રમુખપદે મળ્યું હતું. પરિષદને અંગે સ્વદેશી બજાર અને ખાદી પ્રદર્શન પણ યોજાયાં હતાં સ્વાગત પ્રમુખ શ્રી જનકધારી કાનોડીયાએ પ્રતિનિધિઓને આવકાર આપતા કહ્યું કે " સ્ત્રી કેળવણીના પ્રશ્નનો ઉકેલ સ્ત્રીઓએ પોતે જ હવે ગંભીર રીતે ઉકેલવો જોઇએ અને તો જ એ દિશામાં પ્રયત્ન સિદ્ધિ થઇ શકશે. સરકારે કન્યા કેળવણીનું કાર્ય સ્થાનિક મંડળોને સોંપ્યું છે પણ આ દિશામાં પોતાની ફરજ બજાવવામાં એ મંડળો ઘણો પ્રમાદ સેવે છે. મધ્ય પ્રાંતની ધારાસભાએ સ્થાનિક મંડળોમાં સ્ત્રીઓને નીમવાને હકનો ખરડો દાખલ કરી દીધો એ દીલગીરી ભર્યું છે "

શ્રીમતી રમાબાઇ તાંબેએ પ્રમુખસ્થાનેથી કોમી ચુકાદામાં દાખલ થએલાં કોમી પ્રતિનિધિત્વના વલણનો સખ્ત વિરોધ કરી જણાવ્યું કે " હિન્દની સ્ત્રીઓ, જૂના વિચારની મુખ્ય પુરસ્કર્તા ગણાય છે, છતાં, હિન્દુ સમાજમાંથી અસ્પૃશ્યતાને નાબુદ કરીને આપણે એમ બતાવી આપવું જોઇએ કે સાચા ધર્મની પ્રશંસા કરવામાં તેમ જ યુગોથી રૂઢ થએલી પ્રથાઓને ફેંકાની દેવામાં આપણે પાછળ હઠયા નથી. અસ્પૃશ્યોના ઉપયોગ માટે બધાં મંદિરો, કુવાઓ, તળાવો, શાળાઓ ખુલ્લાં મૂકાવવાનો સ્ત્રીઓએ પ્રયત્ન કરવો જોઇએ. પ્રાંતમાં સ્ત્રીઓ કેળવણીમાં ઘણી પછાત છે બાબે જ એકાદ ટકો સ્ત્રી શિક્ષિત હશે હવે બધી શિક્ષિત સ્ત્રીઓને મતાધિકાર આપવામાં આવનાર હોવાથી પુખ્ત વયની માત્ર ૬ ટકા સ્ત્રી મતાધિકાર મેળવી શકશે "

પસાર કરેલા ઠરાવોમાં, બાળ ગુન્હેગારની તપાસ કરવા માટે સ્ત્રી મેજીસ્ટ્રેટ કરવાની માગણી કરતો, દરેક જીલ્લા માટે ઓછામાં ઓછાં એક સુધારણા શાળા સ્થાપવાની માગણી કરતો, ડૉ. રા. જે. દરવિલાસ સરદારના વિધવાઓના વારસા હકકના ખરડાને ટેકો આપવામાં આવ્યો હતો. પુખ્ત વયની સ્ત્રીઓને મતાધિકાર આપવાની તેમજ સ્થાનિક ધારાસભામાં સ્ત્રીઓ માટે ૧૫ જગ્યાઓ દશ વર્ષ સુધી અનામત રાખવાની માગણી કરી હતી સ્ત્રીઓમાં સંતતિ નિયમનને લગતો જ્ઞાનપ્રચાર કરવાની જરૂર દર્શાવતો ઠરાવ પણ થયો હતો અસ્પૃશ્યતા નિવારણ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા આતરજ્ઞાતીય ભોજનની યોજના કરવામાં આવી હતી તેમાં હજાર વર્ણની હિન્દુ બહેનોએ મહાર અને બીજી અસ્પૃશ્યવર્ણની બહેનો સાથે બેસી ભોજન કર્યું હતું

મદ્રાસ વિભાગની મહિલા પરિષદની ૭ મી બેઠક મદ્રાસમાં ગયા મહીને લેડી મીરઝાં હસ્માઇલના પ્રમુખપદે મળી હતી સ્વાગત પ્રમુખ શ્રીમતી અમ્મુ સ્વામીનાથને હિન્દના સ્ત્રીઓ સામાજીક અને કાયદેસર જે હકકો ભોગવે છે તે દુર કરવાની જરૂર જણાવી હતી તેમાંથી પડદા, બાળલગ્ન અને દાયજાની પ્રથા સામે ઠરાવો કરવા આગ્રહ કર્યો હતો. છવટે દેશમાં અશાન્તિ ફેલાવનારા કોમી મતભેદો ભૂલી જઈ, સ્વદેશી અને અસ્પૃશ્યતા નિવારણને ઉત્તેજન આપવા વિનંતિ કરી હતી લેડી મીરઝાએ જણાવ્યું કે " સમાનતા એટલે સર્વ માટે સરખી તક એ રીતની આપણી પ્રાચિન પ્રથા અનુસાર આપણે સામાજીક અને રાજકીય પુનર્ઘટના કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ગામડાંથી માંડીને તે મોટા શહેરો સુધી સ્ત્રીઓની દરેક રીતની સ્થિતિ સુધારવા માટે સંસ્થાઓ સ્થાપવાની જરૂર છે અને સ્ત્રીઓ માટે આપણે સર્વદેશીય શિક્ષણ કેવા પ્રમાણમાં પ્રચારી શકીએ છીએ તેના ઉપર આપણી ભાવિ પ્રગતિનો આધાર છે બહેર ખર્ચમાં પ્રજાની કેળવણી વિષયક જરૂરીઆતોને સૌથી વધુ મહત્વ આપવું જોઇએ " પરિષદે કરેલા ઠરાવોમાં સ્ત્રીઓ માટે જુદી કોમી મતદારીનો સખ્ત વિરોધ કરતો, કહેવાતા અસ્પૃશ્યોની હકકો દુર કરવાનો, અને પ્રજાસત્તાક ધર્મમાં સ્ત્રીઓના દૃષ્ટિબિન્દુનું પ્રતિનિધિત્વ ધરાવતી પ્રતિનિધિ બહેનો મોકલવાનો ઠરાવ થયો હતો.

મરાઠીમાં (૧) બજાણાના કેટલાક સાંપ્રદાયી કેળવણીને માનાપાત્રીએ આંદામાન મોકલવામાં આવનાર છે તેમાં એક બહેન કુમારી બાબા દાસને પણ સાથ જવામાં આવનાર છે. બજાણાના જવનીકા પર મોળા મોકલવા માટે ના બહેનને કેદનિમંત્રણ

સભ્ય થઇ છે (૨) ના આજ્ઞાધીનનાં માતુશ્રી સેવી અલીશાહને હાઇ ઇન્ડિયન ઓર્ડરની નવાજેશ ના શહેનશાહને હસ્તે ગયા માસમા હડન ખાતે થઇ (૩) ત્રિચિનોપોલીમા શ્રીમતી રૂકમિણી લક્ષ્મીપથીને હસ્તે સ્વદેશી પ્રદર્શન ખુલ્લુ મૂકાયુ હતું. (૪) નડિયાદમા સ્વ સાક્ષર શ્રી ઝવેરીલાલ વાણિ્યની પુત્ર સ્વ શ્રી માધવલાલનાં પત્ની શ્રીમતી સમજુલક્ષ્મીનાં સ્મરણાર્થ હિન્દુ પ્રસૂતિગૃહ ખોલવામા આવ્યુ છે

નિરેશ

જાપાનમાં સ્ત્રીઓને મતાધિકાર આપવા સબબમા કુબેસ રવાડવામા આવી છે જુદીજુદી ૧૬ મહિલા સસ્થાઓનાં ૫૦ જેટલા પ્રતિનિધિ બહેનોએ દોડીધામા એકઠા થઇ આ બાબતમાં અસરકારક પત્રવ્યવહાર કરાવ્યુ છે ચુંટણીને લગતા સુધારા દાખલ કરવાના એક ખરડા ઉપર ધારાસભાનુ કમીશન વિચાર કરે છે પરતુ તેમા સ્ત્રીઓને કોઇ રાજકીય હક આપવાની કલમ નથી આથી મહિલા સસ્થાઓની કારોબારી સમિતિના ૪૦ સભ્યોએ કમીશનના સભ્યોની મુલાકાત લઇ સ્ત્રીઓને મતાધિકાર આપવાની સૂચના કરી છે સ્ત્રીઓને મતાધિકાર આપ્યા વિના જાપાનમા રાજકીય સુધારા થઇ શકશે નહિ એમ તેઓ જણાવે છે પરંતુ હજી સુધી પ્રયત્નમા સફળતા મળી નથી એટલે આમુદાયીક પત્રવ્યવહારનો વિચાર થઇ રહ્યો છે

ચિનનું કલક દૂર થશેઃ ચિનમા સૈકાઓ થયાં સ્ત્રીઓને ગુલામ બનાવવાની મુસાઈ નામની પ્રથા છે એ પ્રથા નાબુદ કરીને ચિની સ્ત્રીઓની મુક્તિનુ એક પગલુ સ્વદેશની બાબતો માટેના પ્રધાન મડળે લેવા ધાર્યું છે ગરીબમા ગરીબ ચિનાઇ કુટુબ પાસેથી નામની રકમ આપીને છોકરીઓને ખરીદી લેવામા આવે છે અને પછી કોઇ ધનિક કુટુબોને નોકરડી તરીકે, કે રખાત તરીકે સારી સરખી રકમ લઇ વેચવાનો વેપાર ચાલે છે બામડાઓમા આનેય આ પ્રથા ચલ છે અને ગરીબ ઘરોમાં છોકરીઓ અકાર્યાદિ રૂપ ગણાય છે. પણ ખરૂ તો છે કરી પોતાના ગરીબ માતા પિતા અને બાઇઓનાં પોષણ માટે જ ગુલામ બની જાય છે ગુલામ સ્ત્રીઓ તરફ અમાનુષી વર્તાવ થવાના દાખલા પણ ઘણા બને છે

તુર્ક રમણીઓ પડદામાંથી બહાર આવે છે ૧૯૨૨ ની સાલમા સમસ્ત વિશ્વમાં કમ રેશની સ્ત્રી સહુથી વિશેષ ખૂબસુરત છે તેની ખરિદ થઇ હતી તેમાં કરીમન હાનમ નામની એક તુર્કીશ છોકરી પસદગી પામી છે તુર્કસ્તાનમાં સ્ત્રીઓની સ્વતત્રતાની ચળવળ મુસ્તફા કમાલ પાશાને આભારી છે ૧૦ વરસ પહેલાં તે જ્યારે તુર્કી પ્રજાસત્તાક તત્રનો પ્રમુખ બન્યો ત્યારે તેણે એકી સાથે એકથી વધારે સ્ત્રીઓ પરણવાની મનાઇ કરી અને સ્ત્રીઓને પુરૂષોના જેટલાજ હકો આપ્યા. તેનાં પરિણામો હવે દેખાવા માંડયા છે અત્યારે તુર્કીમાં સ્ત્રીઓ સીધીલ કોડ અમલમાં છે અને સ્ત્રીઓ તેમજ પુરૂષો બને છુટા છેડા મેળવી શકે છે જો પુરૂષનો વાંક હોય તો તેને સ્ત્રીનું અને છોકરાંનું ભરણપોષણ કરવુ પડે છે સ્ત્રીઓ હવે પડદામાં રહેતી નથી તેઓ ફાવે તે કરવા સ્વતત્ર બની છે; ગમે ત્યાં ફરીફરી શકે છે, ધારે તેની સાથે પરણી શકે છે બે વર્ષ પહેલા સ્ત્રીઓને મ્યુનીસીપલ ચુંટણીમાં મત આપવાનો હક આપવામાં આવ્યો છે મોટા બજારમા પાર્લામેંટની મતદારી પણ તેઓને મળશે મોટા શહેરોમાં છોકરીઓ પુરૂષોની સાથે સાથ કામ કરી રહી છે બેંકોમા, વેપારી પેઢીઓમા, દુકાનોમા, રેસ્ટોરામા હજારો છોકરીઓ કામ કરે છે ડાક્ટર, દાંતના ડાકટર, વકીલાત વગેરે બધાઓમાં પણ તે પડવા માડી છે વેપારી વહાણવટા અને પોલીસ ફોર્સમાં પણ સ્ત્રીઓએ દાખલ થવાની માગણી કરી છે તુર્ક રમણીઓએ પોતાનો અસલનો પોષાક તજી યુરોપીયન પોષાક ધારણ કર્યો છે. તુર્ક રમણીઓ અગાઉથી વધારે ખરીદીવાળી છે, પણ હવે તેઓ કસરત કરતી હોવાથી, તેમજ બીજા રમતગમતોમાં ભાગ લેતી હોવાથી પાતળી થતી જાય છે ટેનીસ, તરવુ, હલેસાં મારવા પોડસ્લારી વગેરે રમતો યુવાન છોકરીઓમા ફેલાતી જાય છે સ્ત્રીઓ અનેક પુરૂષોના સસર્ગમાં આવે છે અને વર્તમાન પ્રશ્નો ઉપર છુટથી ચર્ચા કરી શકે છે, તેમજ પોતાના વિચારો દર્શાવી શકે છે ધરસ્તાંકુલમાં તો સ્ત્રીઓની કલબો અને મડળો પણ છે શરૂઆતમાં તો સ્ત્રીઓ જરા ગુંચવાઇ ગઇ હતી. ઘણી યુવાન કન્યાઓએ આપઘાત પણ કર્યા હતા પરણ કે સૈકાઓ સુધી અલગ રહેતી બે જાતિઓ એકાએક ભેગી થતાં આવુ પરિણામ આવે એમા નવાઇ નથી પરતુ હવે સ્ત્રીઓ પોતાના પગ ઉપર ઉભી રહેતી થઇ છે પોતાને મળેલી સ્વતત્રતાની કિમત સમજે છે અને તેનો સારો ઉપયોગ કરી રહી છે

તુર્કસ્તાનના આગેવાન બાલુ ધારાશાસ્ત્રી મહીકા ખાનૂમને અદાલતોમા પ્રેકટીસર જનરલ તરીકે કામ કરવાની છુટ અપાઇ છે આવો હક મેળવનાર એ પહેલાજ તુર્ક બાલુ છે તુર્કસ્તાનમાં હવે પણ સ્ત્રીઓ સફળતાથી વકીલાત કરે છે,

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

મુંબાઇ અને પરાંઓઃ

મુંબાઇમા રાષ્ટ્રધ્વજવંદનને અંગે ગયા માસમા શ્રીમતી સુંદરાબાઈ ગણપત અને તેમનાં બહેન ગિરફતાર થયાં છે. વટહુકમ ફેરબળ પકડાયલાં શ્રીમતી શાન્તાબહેન ભારકર પટેલ, અને શ્રીમતી ગંગાબહેન પટેલ છૂટયા છે અને તેમને ચળવળમાં ભાગ ન લેવાની નોટીસ આપવામાં આવી છે

અસ્પૃશ્યના નિવારણની ચળવળને અંગે ગામદેવી ખાતેનાં શ્રી નર્મદેશ્વર મંદિરમાં ગામદેવી વિભાગની ઉચ્ચવર્ગની મહિલાઓની સભા મળી હતી. તેમાં હરિજન બહેનોએ પણ ભાગ લીધો હતો. પ્રાર્થના અને વ્યા ખ્યાનો થયા બાદ હરિજનો હિન્દુ કોમનુ જ એક અંગ છે એમ જણાવતો ઠરાવ થયો હતો લેડી કૃષ્ણાગૌરી સેતલવડે પકાલક્ષ્મી પરની કચરાપટી સ્કુલના હરિજન છોકરા છોકરીઓને ભોજન આપ્યુ હતું. બીજ છોકરીઓને ખાદીની સાડી પહેરાવી હતી આર્યસમાજમાં સ્ત્રીવિભાગ તરફથી બહેનોએ અસ્પૃશ્યતા નિવારણ મંડળમાં પ્રચારકાર્ય કરવા એક સમિતિ નીમી છે મુબાઇની આગેવાન બહેનોએ હિન્દુ-મુસ્લીમ આગેવાનોને બહેનોએ જેવું વલણ લીધુ છે તેવું વલણ લઇ એકતા સ્થાપવાની વિનતિ કરી છે

ગુજરાત-કાઠિયાવાડઃ

અમદાવાદમાં દારૂકાની દુકાન પર ચોકી કરતાં ત્રણ બહેનો ગિરફતાર થયાં છે. મુ-નિસિપલ હાઇસ્કુલના પ્રિન્સિપાલ કુમારી વિ-નોદિની નીલકંઠને માણેકચોકમાં ' અમદાવાદ સેવા મંડળ ' ના જોડો અને ' સ્વદેશી ખરીદો ' ના પાટીયાં સાથે પરદેશી કાપડની દુકાનો આગળ હાજર થતાં ગિરફતાર કર્યાં હતાં પરતુ પાછળથી તેમને ગિરફતાર કર્યા હતાં. ગાધી જયંતીને અંતે બહેનોની સભા અમદાવાદમાં શ્રીમતી શાન્તાબેનનાં પ્રમુખપદે મળી હતી. તેમાં મ. ગાંધીજીને તત્કાળ છોડી મૂકવાની આગ્રહભરી વિનતિ કરવામા આવી હતી અમદાવાદનાં ગાંધીજયન્તી મંડળ તરફથી શેઠ અંબાલાલ સારાભાઇનાં શાન્તિસદનમાં ઉચ્ચ વર્ણના હિન્દુ ભાઇબહેનો અને હરિજનોના ભાઇબહેનોનું પ્રીતિભોજન યોજાયુ હતુ. તેમાં બહેનોની સારી સંખ્યાએ ભાગ લીધો હતો મજુર મહાજન તરફથી પણ હરિજનો સાથે ભોજન ગોઠવાયુ હતું. તેમાં બહેનોએ પણ સારી સંખ્યામાં ભાગ લીધો હતો

ધોલેરા સત્યાગ્રહના ૨૮ મા મરમુખત્યાર શ્રીમતી મણીબહેન કક્કડને ૬ માસ સખ્ત કેદની સજા થઇ છે

બોરસદ તાલુકા પરિષદને અંગે પરિષદના પ્રમુખ શ્રીમતી કુસુમબહેન દેસાઇ, મંત્રી શ્રીમતી સવિતાબહેન ત્રિવેદી અને સ્વાગત પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબહેન ચોકસીને ચાર માસ સખ્ત કેદ રૂા ૫૦ દંડની સજા થઈ છે. રાસમાં પકડાયલા શ્રીમતી સુરજબહેન વ્યાસ અને શ્રીમતી ચંદ્રિકાબહેન વ્યાસને અનુક્રમે ૧૨ માસ સખ્ત કેદ, રૂ. ૨૦૦ દંડ તથા ૯ માસ સખ્ત કેદ રૂા ૧૦૦ દંડની સજા થઇ છે. બોરસદના શ્રીમતી કેવા-બહેનને પણ ગિરફતાર કરી જેલી મોકલ્યાં હતાં. અમદાવાદથી શ્રીમતી લેડી વિદ્યાગૌરી નીલકંઠ અને બીજા કાર્યકર બહેનો અસ્પૃ-

રેંટિયા નિવારણની ચળવળને અંગે પ્રચારકાર્ય કરવા નડિયાદ ગયાં હતાં.

ડાકોર તાલુકા પરિષદને અંગે શ્રીમતી મણિબહેન, શ્રીમતી રેવામ્બહેન અને શ્રીમતી ગોવિંદબહેનને મિરઇતાર કરી ૬ માસ સખ્ત કેદ રૂ. ૨૦ દંડની સજા કરી છે.

વીરમગામમાં શ્રીમતી કસ્તુરબહેન કવિ, શ્રીમતી સરલાબહેન ત્રિવેદી, શ્રીમતી શાન્તાબહેન મરચંટ, તથા શ્રીમતી સવિતાબહેન શાહને ત્રણ માસ કેદ, રૂ. ૨૫ દંડની સજા થઈ છે.

સુરતના પંચમા સરમુખત્યાર શ્રીમતી સંતોકબહેન પુરુષોત્તમદાસ શાહને દોઢ વર્ષ સખ્ત કેદની સજા થઈ છે તેમના સાથી શ્રીમતી જનકીબહેનને એક વર્ષ સખ્ત કેદની સજા થઈ છે

મહાત્માજીના ઉપવાસને અંગે તેમજ રેંટિયા બારસ નિમિત્તે મહુવામાં કમળાવતી કુબરશાળાની બહેનોએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો.

સ્વાતંત્र्य સંગ્રામમાં નિર્ભળ બલિદાનો

૨૪૪૬	શ્રીમતી	સુદરબાઇ	મુંબાઇ	—
૨૪૪૭	,,	એક બહેન	,,	—
૨૪૪૮-૫૦	,,	ત્રણ બહેનો	અમદાવાદ	—
૨૪૫૧	,,	મગનબહેન હરજી	રાજપુર	૬ માસ સખ્ત કેદ
૨૪૫૨	,,	કુસુમબહેન દેસાઇ	બોરસદ	ચાર માસ સખ્ત રૂા. ૫૦ દંડ
૨૪૫૩	,,	સવિતાબહેન ત્રિવેદી	,,	,,
૨૪૫૪	,,	લલિતાબહેન શોકસી	,,	,,
૨૪૫૫	,,	સુરજબહેન વ્યાસ	રાસ	૧૨ માસ સખ્ત, રૂા. ૨૦૦ દંડ
૨૪૫૬	,,	લલિતાબહેન વ્યાસ	,,	૯ માસ સખ્ત, રૂા. ૧૦૦ દંડ
૨૪૫૭	,,	મણિબહેન	ડાકોર	૬ માસ, રૂા. ૨૦ દંડ
૨૪૫૮	,,	રેવામ્બહેન	,,	,,
૨૪૫૯	,,	ગોવિંદબહેન	,,	,,
૨૪૬૦	,,	કસ્તુરબહેન કવિ	વીરમગામ	૩ માસ રૂા. ૨૫ દંડ
૨૪૬૧	,,	સરલાબહેન ત્રિવેદી	,,	,,
૨૪૬૨	,,	શાન્તાબહેન મરચંટ	,,	,,
૨૪૬૩	,,	સવિતાબહેન શાહ	,,	,,
૨૪૬૪	,,	સંતોકબહેન શાહ	સુરત	દોઢ વર્ષ
૨૪૬૫	,,	જનકીબહેન	,,	એક વર્ષ
૨૪૬૬	,,	શામરાણી સોઢાણી	લખનૌ	—
૨૪૬૭-૭૦	,,	ચાર બહેનો	દિલ્હી	૬ માસ સખ્ત
૨૪૭૧-૭૫	,,	પાંચ બહેનો	પુનરીક્ષ્ય	—
૨૪૭૬	,,	અમારણ બાલાદેવી	કુમલી	—
૨૪૭૭	,,	ચન્દ્રિકા ભીમી	કલકત્તા	—
૨૪૭૮	,,	એક બહેન	,,	—
૨૪૭૯	,,	તરલાદેવી	જેસોર	ત્રણ માસ સખ્ત
૨૪૮૦	,,	સરોજિનીદેવી	,,	,,
૨૪૮૧	,,	મહિદાસીદેવી	,,	,,
૨૪૮૨	,,	નિર્મળનલિની ઘોષ	મેદેરપુર	,,
૨૪૮૩-૮૯	,,	૭ બહેનો	નોઆર	૬ માસ સખ્ત કેદ રૂા. ૨૦૦ દંડ

માસિક ચેન્જવદનને અંગે શ્રીમતી શામરાણી સોઢિણીને મિરઇતાર કર્યાં છે

ગાંધી સપ્તાહને અંગે દિલ્હીમાં ચાર

મુંબાઇ પ્રાંત

ધરાસણા

ધરાસણામાં આચાર્ય શ્રી જિવરાણી અને તેમનાં પત્નીએ હરિજન વર્ગનાં મુનિસિપલ સ્કુલનાં ત્રી શિક્ષિકાને પોતાના મકાનમાં રહેવાં નોતર્યાં છે. પૂજ્ય કસ્તુરબા સજા પૂરી થતાં જેલમાંથી છૂટયાં છે. તેમનાં માનમાં પુનાના હિન્દ સેવક સમાજ તરફથી ચા પાણીનો મેળાવડો કરવામાં આવ્યો હતો.

સંયુક્ત પ્રાંત: મધ્ય પ્રાંત:

લખનૌમાં

બહેનો પકડાયા હતાં. તેમને ૬ માસ સખ્ત કેદની સજા થઇ છે. બે બહેનોને નાના બાલકો છે.

દિલ્હીમાં પોલીસ પહેરામાં પોલીસના અસભ્ય ત્રાસને અંગે શ્રીમતી મહારાણી નામની એક બહેને આપઘાત કર્યો. એ શ્રીમતી મહારાણીની બહેન શ્રીમતી શિવદાસીએ મેજીસ્ટ્રેટની કોર્ટમા ફરિયાદ માંડી પોલીસ અમલદારોએ અસભ્ય વર્તાવ ચલાવવાનો આક્ષેપ કર્યો છે. અરજમા એ બહેને જણાવ્યુ છે કે પોતાની બહેન અને ભાઇ સાથે તેને લોકઅપમાં નગ્ન કરી કટકા મારવામાં આવ્યા હતા અને નગ્ન કરીને બરફમાં રાખ્યા હતા. પાછળથી તેમની બહેન મહારાણીને જુદા ઓરડામાં રાખી તેના પર બળાત્કાર કરવામાં આવ્યો હતો.

અસ્પૃશ્યતા નિવારણનાં કાર્યને અંગે દિલ્હીમાં બહેનોનો અસ્પૃશ્યતા નિવારણ સંઘ સ્થાપવામાં આવ્યો છે. જેનાં પ્રમુખ શ્રીમતી રક્ષાવતી વેદાલંકાર છે

અખિલ ભારતીય મહિલા પરિષદના મંત્રી રાણી લક્ષ્મીબાઇ રાજવાડેએ વડા પ્રધાન, હિન્દી વજીર અને ના. વાઇસરોયના મંત્રીને તાર કરી કોમી ચુકાદામાં બહેનો માટે જુદી મતદારી રાખવામાં આવ્યા સામે વિરોધ દર્શાવી તેનો અસ્વીકાર કર્યો છે.

અમરાવતીનાં શ્રીમતી પાર્વતીબાઈ પટવર્ધન સામે ખૂન કરવાની ઉશ્કેરણી કરવાનો આક્ષેપ હતો. તેમને એ આરોપસર નિર્દોષ ઠરાવવામાં આવ્યાં છે.

બંગાળઃ

શ્રીમતી વામંતીદેવી દાસની વિનતિને માન આપી પૂજા વગેરેના તહેવારો દરમ્યાન હરિજનોને દુર્ગા આમંત્રણ કરવામાં આવ્યું હતુ. કલકત્તાના આલ્બર્ટ હોલમાં મીસીસ પી. કે આચાર્યનાં પ્રમુખપદે બહેનોની મળેલી જાહેર સભાએ પુનાના કરારને મંજુરી આપી અસ્પૃશ્યતા નિવારણની વિનતિ કરી હતી

નવેમ્બરની આખરે મુનશીગંજમાં પાંચ કાર્યકર બહેનોને ગિરફતાર કરવામાં આવ્યાં હતાં.

હુગલીમાં શ્રીમતી અન્નારણુબાલા દેવીને નાકરની ચળવળને અંગે પકડ્યાં છે.

બંગાળી મહિલાઓની કલકત્તાના આલ્બર્ટ હોલમાં મળેલી સભાએ શ્રી. સુભાષ ચંદ્ર બોઝ અને શ્રી સેનગુપ્તાને નાદુરસ્ત તબીયતને અંગે છોડી મૂકવા વિનતિ કરી હતી

કલકત્તાના સ્ટ્રાન્ડ રોડ ઉપર મળેલા લોકોને અંગે શ્રીમતી ચન્દ્રિકા મિત્રી નામે અને એક બીજાં બહેનને પકડયા છે.

ઢાકાથી પ્રકટ થતા બહેનોનાં માસિક "જયશ્રી" માટે તેના મુદ્રક પ્રકાશક શ્રીમતી વિભાવતી .સેનગુપ્તાએ રૂા. ૩૦૦ની જામીનગિરિ ભરી છે.

વિદેશી કાપડની દુકાન પર ચોકી માટે જેસોરમાં શ્રીમતી તરૂલતા દેવી, શ્રીમતી સરોજિની દેવી અને શ્રીમતી કાલિદાસી દેવીને ત્રણ માસ સખ્ત કેદની સજા થઈ છે. મહેરપુરમાં નડિયાદ જીલ્લા મહાસભા સમિતિનાં ૧૪ માં સરમુખત્યાર શ્રીમતી નિર્મલ નલિની ઘોષને પણ ત્રણ માસની સજા થઇ છે.

મદ્રાસ.

જેસોરમાં રાજકીય પરિષદને અંગે ૭ બહેનોને ૬ માસ સખ્ત કેદ રૂ. ૨૦૦ દંડની સજા થઇ છે.

[તા. ૧૮-૧૦-૩૨



નાંધ

વિક્રમ સંવત ૧૯૮૮ નું વર્ષ પૂરું થયું; અને આ અંક સાથે ૧૯૮૯ નું વર્ષ નૂતન- વ્યક્તિ તેમજ સમષ્ટિની દૃષ્ટિએ વર્ષાભિનંદન સાબદાપી, આનંદદાયી તેમજ વરાસ્વી નીવડે—અમારા વાચકો માટે આખા ભારતવર્ષ માટે, ભારતની મહિલાઓ માટે, એવી અમે ખરાં અંતઃકરણપૂર્વક પ્રભુને પ્રાર્થના કરીએ છીએ અને એ પ્રાર્થના સહિત અમે અમારા સર્વ વાચકોને નવા વર્ષના અભિનંદન આપીએ છીએ.

ગયા દીપોત્સવી અંકમાં અમે લખ્યું હતું " ગ્રોનમેઇ પરિષદનું છે પરિ- વિક્રમ સંવત ખ્યાલ આવે છે, તે દરમ્યાન ૧૯૮૮ નવી આપણા પ્રતિનિધિ તરીકે એ પરિષદમાં ગયેલા પૂજ્ય મહાત્માજી નિરાશ થઈને પાછા ફર્યા તો આપણે એ રાષ્ટ્રીય સંગ્રામ ફરીથી નવા જોરથી ઉપાડવો પડશે. " અને બન્યું છે પણ એમજ ગોળમેજ પરિષદમાંથી પૂ મહાત્માજી નિરાશ થઈને આવ્યા છતાં ભારતવર્ષની પ્રજાએ પોતાના આત્મા સમા પૂ. બાપીજીને જરાં હુંફપણી આવકાર આપ્યો; અને બેત્રણ દિવસોમાં તો ફરી પાછો રાષ્ટ્રીય સંગ્રામ ચાલુ થયો અમારે કહેવું જોઇએ કે, ૧૯૮૭ ના વર્ષમાં ભારતની સ્ત્રીશક્તિએ રાષ્ટ્રીય સંગ્રામમાં જે અપૂર્વ રીતે ભાગ લઇ પ્રીતિ પેદાની હતી, તે પ્રીતિ વિશેષ રીતે ઉજ્જ્વળ થાય, એવો ભાગ ૧૯૮૮ ના સંગ્રામમાં પણ ભારતવર્ષની મહિલાઓએ લીધો છે ૧૯૮૭ ના વર્ષ કરતાં ૧૯૮૮ ના વર્ષમાં બહેનોએ વધુ મોટી સંખ્યામાં રાષ્ટ્રીય સંગ્રામમાં ઝંપલાવ્યું છે, એવો અમારો અનુભવ છે અને દિવસે દિવસે જેલ સિધાવતી બહેનોનો આંકડો તો વધે જ જાય છે મૂંગી રીતે કામ કરનારી બહેનોની સંખ્યા પણ વિશેષ છે. કમનીતિની સખ્તાઇ છતાં, ગમે તે ભોગે દેશ માટે જ જેલની એ મહિલાઓને અમારા અભિનંદન છે અજ્ઞાન અને અશિક્ષિત, અસરકારી મનુષ્યની ભારતીય મહિલાઓ ખરી રીતે બાર નથી. તેનામાં પ્રચંડ શક્તિ છે. અને એ શક્તિનો પરચો સમય આવ્યે તેઓ બતાવી શકે છે, તે આપણે રાષ્ટ્રીય મુક્તિસંગ્રામને અંગે જોયું છે. એ માટેની સામગ્રી આ કરણે જ અમે અમારા વાચકો સમક્ષ આપવા કરી છે અને ભારતીય મહિલાઓની રાષ્ટ્રસેવાની એ દ્વારા ટૂંકી નોંધ લીધી છે દરમ્ય અમે એ રીતે અમારી બહેનોની સેવા થડું ને થડું પ્રમાણમાં કર્યાનું જણાવ્યું.

નવું વર્ષ શરૂ થાય છે, પણ તે સાથે જૂનું વીતી જાય છે એમ એ પણ વીતી જશે, એ આપણે ખ્યાલમાં રાખવાનું છે એટલે નવું વર્ષ એની પાછળ રહી જનારાઓને લાવી રહ્યું છે તે આપણે વિચારવું ઘટે છે. ભારત દરમ્ય મુકામ દેશ છે; એટલે એ મુકામોને અંગે આપણા ઉત્સવો કે તહેવારોમાં પણ કટોકટ જેવી મુશ્કિલતા વ્યાપી રહે છે આપણાં હૈયાંમાં બરોબરો હવ્વાસ હોતો નથી; કેમાય પૂરતા જ આપણે તહેવારો ઉજવીએ છીએ. આપણે ઉત્સવો ઉજવીએ, તે વખતે આપણે આપણાં ભૂખે મરતાં દરમ્યો બાજ બહેનોને યાદ કરવાં જોઇએ. તેમને આપણે ટૂંકો રોટલો કે પહેરવાને લંગોટી પૂરતું વસ્ત્ર પણ મળતું નથી, એ આપણે સ્મરણમાં રાખવું જોઇએ એ આપણું આપણને યાદ દોરે, તો આપણે નકામા મોજશોખમાં એક પૈસાનો પણ ખર્ચ નહિ કરીએ. ભારતવર્ષ જ્યાં સુધી સ્વતંત્ર ન

થાય ત્યાં સુધી આપણા ઉત્સવો પણ રાષ્ટ્રીય રીતે ઉજવાવા જોઇએ. દેશ આપણા ઉત્સવોમાં પ્રાધાન્યે રહેવો જોઇએ આ કારણે નવાં વર્ષના અભિનંદનો આપવામાં ટપાલ ખર્ચ કે કાર્ડો ખરીદવા પાછળ પૈસાનો દુર્વ્યય કરવો ઉચિત નથી તેમજ આપણાં બાળકોને ઉત્સવોમાં રમવા કૂદવા માટે અનેક પ્રકારના દેશી સાધનો મેળવી આપી શકાય તેમને ફટાકડા કે વિદેશી દારૂખાના પાછળ પૈસાને ધુમાડો કરવા ન દઇએ. અનેક પ્રકારની દેશી રમત ગમતો દ્વારા આપણાં બાલકો દીવાળીના તહેવારોને ઉજવે એવી રીતનું ઉત્તેજન માબાપોએ આપવું જોઇએ. દીવાળીને અંગેની કપડા આદિની ખરીદીમા પણ આપણે મૂખ્યોને રોટલો આપતી શુદ્ધ હાથે કાંતેલ-વણેલ ખાદીને જ પ્રથમ સ્થાન આપીએ. અને હરકોઈ બોગે વિદેશીને તો સ્પર્શ પણ થવા ન ઘટે કાંઇ નહિ તો દીવાળીના ઉત્સવ દરમ્યાન સ્વદેશી વ્રત દરેક બાઇ બહેન લે, તો પણ આપણે સ્વતંત્રતાની ઘણી નજીક આવી શકીએ, એ નિર્વિવાદ છે. આર્થિક સ્વતંત્રતાની પાછળ રાજકીય સ્વતંત્રતા દોડતી આવશે. એટલે આપણા હાથની જે વાત છે, તે આર્થિક સ્વતંત્રતા મેળવવા આપણે સૌએ પ્રથમ વ્રતધારી થવું જોઇએ

બીજું, પૂ. બાપુજીના અનશન વ્રતને અંગે અસ્પૃશ્યતાનું કલંક હિન્દુ સમાજને માથેથી મિટાવવાની પણ આપણી ફરજ આવી રહેલી છે. આપણાં ચક્ષુઓ પર છવાયેલી છદ્મી પૂ બાપુજીએ પોતાના અનશન વ્રતથી દૂર કરી છે એટલે આપણા જ ધર્મના, આપણાજ સમાજનાં હરિજન બાઇબહેનોને અપનાવી લેવાની આપણી ફરજ છે તેમને સમાન્ય મનુષ્ય તરીકેના બધા હકકો આપણે મેળવી આપવા છે. પણના જેમ તેમનો તિરસ્કાર ન કરતાં, તેઓ આપણાજ બાઇબહેનો છે એ રીતે તેમના તરફ આપણો વર્તાવ થવો જોઇએ અસ્પૃશ્યતા નિવારણ માટે બહેનો ઘણું કરી શકે છે. અને પૂ. બાપીજીના અનશન વ્રત બાદ બહેનોએ એ સંબંધમાં જે ચળવળ ઉપાડી છે તે જોતાં તો બહેનો એ વિશે પ્રશસ્ય પ્રવૃત્તિ કરી રહી છે, એમ સ્પષ્ટ માલમ પડે છે બહેનો પોતાની એ પ્રવૃત્તિને વિશેષ જોરથી ચાલુ રાખી, હિન્દુસમાજને માથેથી એ કલંક નાબૂદ કરવામાં પોતાનો હિસ્સો અત્ર ભાગે આવે એવી આશા રાખવી અસ્થાને નથી, તેમ વધારા પડતી પણ નથી.

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડળ સ્ત્રી-વિદ્યાલય

આ વિદ્યાલયની ત્રણે વર્ષની પરીક્ષા પૂરી થઇ છે નવા વર્ગો નવેમ્બરથી શરૂ થશે. પહેલા સત્રનો આરંભ નવેમ્બરની પમી તારીખથી થશે. દાખલ થવા ઇચ્છનાર બહેનોએ તા. ૧લી થી પમી નવેમ્બર સુધીમાં પ્રવેશપત્રો ભરી મોકલવાં. પ્રવેશપત્રો મંડળની ઓફીસમાથી મળશે

દીવાળીમાં સખીઓને ભેટ આપવા

ત્રણ સુંદર રાસસંગ્રહ

૧. રાસતરંગિણી કીં ૨ ૦-૧૧-૦
૨. ઉમા-ગીતાંજલિ ૦-૬-૦
૩. ગુણસુન્દરીના રાસ ૦-૫-૦

—ત્રણે સાથે લેનારને રૂ. ૧-૨-૦ માં ઘેર બેઠાં મળશે—

લખો: વ્યવસ્થાપક 'ગુણસુન્દરી', મુંબાઇ, ૪.

Crown Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ
એલ્યુમીનીઅમના વાસણો.

પ્રમાણભુત ચોખ્ખા એલ્યુમીનીઅમમાથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે.



કેટલાક કહેવાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ ગપગોળા હાકે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે "

પરંતુ

હિંદના મહાન રસાયણ શાસ્ત્રી—
આચાર્ય પ્રફુલ્લચંદ્રરાય શું કહે છે ?

'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયાં મારા ઘરબધુ કામમાં હુ એલ્યુમીનીયમના વાસણો વાપરું છુ રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી. ઉલ્ટુ મારી વાત એ છે કે ત્રાંબા પિતળના વાસણો કરતાં આ વાસણો વધુ સગવડ ભર્યા છે


પી સી. રાય

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

રે ઑફીસ ૧૧ કલાઇવ સ્ટ્રીટ, કલકત્તા.

કારખાના તથા શાખા
કલકત્તા, મુબાઇ, મદ્રાસ, રંગુન.

એકપત્નીવ્રત પતિવ્રતા સ્ત્રીધર્મ
શ્રી ફાર્બસ ગુ... ની સભાને
ગુણસુન્દરી ... [illegible] ... ચાવડા)
તરફથી સવિનય સપ્રેમ ભેટ.



ચિત્ર નં. ૨

ચિત્ર નં. ૩

ચિત્ર નં ૪

કેનવાસના ગાલીચા.

(જુઓ પૃ ૨૩૬)



ગુણસુંદરી

અને સ્ત્રીહિતોપદેશ

પુસ્તક ૧૯ મું] ડીસેમ્બર ૧૯૩૨ [અંક ૪ થો

ચિંતનત્રયી

શ્રી. ઈન્દુલાલ ગાંધી

૧ ભસ્મ

હેતમસીના મધુ સ્પર્શદ સ્વપ્નને ભરે
ચક્ષુઓ ઊઘાડું ત્યાં મળે ન કોઇ આકૃતિ
શૂન્ય થાઉં ત્યાં ફરી ઠરેલ સ્રોત ઊભરે
કોણ મુજ મૂક ચિંતનો મહીં કરે ક્ષતિ ?

સ્તબ્ધતા વસે છ કંપતી અખંડ મૌનમાં
મૌન આત્મની અવિત્રતા મહીં ભરેછ પૂરા
ચિત્તની પ્રસન્નતા સરેછ સ્વપ્નલોકમાં
સ્વપ્નસૃષ્ટિ ઉહેનની મધુરતાથકી મધુર.

પક્ષમપાંખીએ વિજન્ત ચીતરેછ અંકને
હું ય ચીતરું છ નિજ મૂર્તિને સુલોચને
સ્મૃતિદગ્ધ લોક જોઉ અધુની ભરુછ ચોક
ભસ્મ ભૂતકાલની ઊડાડથી કસાથી મોટી !

વેદના ભરેલ આત્મતત્વની પ્રસન્નતા,
અશ્રુઓ થકી નહિ પૂટી શકાય એ કથા.

હવેલીઓ બંધાવો છો તે. અમારા અંતર ઊંડાણે અમે તેની પ્રતિમા પધરાવી છે. કમભાગ્ય અમારી કે અમારો પંચમ જાતમાં જન્મ થયો. પૂર્વ કોઈ મહા પાપના શાપ રૂપે તમે અમને મંદિરના પગથીઓ પણ નથી ચડવા દેતા. નહિતર, જે પ્રભુ વિઠોબાની સિંહાસનારૂઢ મૂર્તિના દર્શન તમે કરો છો, એ દર્શન કરી અમે પણ પાવન થાત.

૨ જો બ્રા' (સહાસ્ય) હા હા, ચક્રપતિના બારણે ભૂખથી બરાડા નાખતા ભીખારી ! એ રાજાધિરાજને પીરસાયેલી સ્વાદિષ્ટ વાનગીઓનો એક ટુકડો પણ ચાખવાની આશા કેમ રાખી શકે ?

પંચમ- ભગવન્ ભારકર પણ કમળદલના વિકાસ અર્થે કિરણધારા રેડે છે. રાત્રે ચંદ્રદેવ ચકોરીને સંતોષવા શુચીભર્યું ચહની પાત્ર રેડે છે તેમ તમારા મંદિરમાં વિરાજીત પ્રભુને જો કે, હું સ્પર્શી શકતો નથી છતાં એ મારા અંતરનો અવાજ સાંભળે છે. મને અંતર ઊંડાણે એ હરહંમેશ મળે છે

૧ જો બ્રા. ઘેલો કહીનો ! ચાલો ભાઇઓ, મૂકો એ મૂર્ખાને. મંદિરમાં દૂત દીપિકાઓ પેટાવામાં આવી છે

૨ જો બ્રા અને બાકી કુંભપાત્રની જેમ બકે એ બડબડતો

૩ જો બ્રા' પણ પૂછવા તો ઘો, આનો દેવ કોણ હશે ?

૧ લો બ્રાઃ હશે કોઈ રીતાન, યક્ષ રાક્ષસ એવાને જોઈએ પણ શું ? કોઇ મધીચ ઉકરડો કે એકાંત સ્મશાન. જ્યાં પ્રેતોને ચુથી એ મોજ માણતો હશે.

૨ જો બ્રાઃ મુડદાઓને ચુથતો અને માંસ ભક્ષણ કરતો એ દેવ જેણે જોયો હશે એ પણ ધન્ય થયો હશે

ચોખામેળાઃ ના બોલો એવું અરે ! પ્રભુ વિઠોબા એ સાંભળશે તો કોપી ઉઠશે મારા હૃદયકમલના સહસ્રદલ ઉપર વિરાજીત છે એ શાંતપ્રતિમા !

૧ લો બ્રા (સહાસ્ય) હાહાહા, પણ કહે તો ખરો અલ્યા, તું શું એકલો બબડે છે ?

૨ જો બ્રાઃ અને આ મંદિરના રસ્તામાં બેસીને તારો અસ્પૃશ્ય પડછાયો નાખવાનો તને કોણે હક્ક આપ્યો છે ?

૩ જો બ્રાઃ (સક્રોધ) દૂરથા, કમબ્બત... તારા જન્મ અને અમારા જન્મ વચ્ચે સાગર જેટલું અંતર છે, એ ન ભૂલતો. પ્રભુની પવિત્ર મૂર્તિને માત્ર અમેજ અડી શકીએ. અમેજ તેનું ચરણોદક લઇ શકીએ સમજ્યો ! કારણ અમારા દેહ પવિત્ર છે. અમારો સ્તોત્રોચ્ચાર પવિત્ર છે !

ચોખામેળાઃ ક્ષમા યાચું છું, પરમ જ્ઞાનીઓ ! પ્રભુની કીર્તિને મે ઝાંખપ લગાડી હોય એવું તમે કહો છો, પણ એવું કશુંય મેં કર્યું નથી. અને મારો અસ્પૃશ્ય પડછાયો મંદિરની પગદંડીમાં નાખીને આ પવિત્ર ધામને ભ્રષ્ટ કર્યું હોય તો માફ કરજો. ખબર ન હતી કે મંદિરના ચોગાનની બહાર બેસીને એક ગરીબ પંચમ પ્રભુની ભક્તિ કરે એ ગુન્હો લેખાતો હશે, એ પરમપારમતાનું અંતરઊંડાણે સ્તવન કરે એ પાપ ગણાતું હશે.

[બ્રાહ્મણો મંદિરમા પ્રવેશ કરે છે. થોડીવાર પછી યાત્રીઓનું એક ટોળું પુજા કરી બહાર નીકળે છે ચોખામેળા છેલ્લા શ્લોકનું ચરણ ગુંજતો હોય છે ત્યા પ્રભુમોકલ્યો એક દેવદૂત તેના પાસે આવે છે]

દેવદૂતઃ જાગ, હે ! મહાભાગ ! પ્રભુ વિઠોબાએ તારા માટે એક સંદેશો મોકલ્યો છે

ચોખાઃ હે ! દેવદૂત ! વર્ષોની તપશ્ચર્યા જાણે ફળતી હોય એવું તારું આગમન સૂચવે છે.

દેવદૂતઃ સાંભળ. તારી ભક્તિથી પ્રભુ પ્રસન્ન થયા છે મહાનલ લાગ્યા પછી માનવ

જેમ અસ્વસ્થ થાય એવી અસ્વસ્થતા તારી ભક્તિરસનાથી તેના હૃદયમાં થઈ છે. અને સાગરની ઊર્મિમાલા જેમ આનદપૂર્ણિમાને પહોંચી વળે તેમ તેની હૃદયોર્મિઓ આનદના અતિરેકથી નાચી ઊઠી છે તેના હૃદયસિંહાસનને તને રથાપવા ઉતાવળા થયા છે. તું એનો પરમભક્ત છો એવું એ કહે છે ! કહે ! હવે તું એને ભૂલી જરો ! તો વર્ષામાં વરસાદના ઝાપટાથી જે સ્થિતિ કોઇ નિરાધાર એકલી ઝુપડીની થાય એવી સ્થિતિ તેના હૃદયની થશે

ચોખાઃ ખરું કહો છો ? મારા જેવા ધિક્કારપાત્ર માનવ માટે આટલી અનુકંપા હોય ખરી ? અરે ! મદિરમાં જેના દર્શન કરી સંતોષ પામવાની પણ આશા નથી એ પ્રભુ, મને તેના હૃદયસિંહાસને બેસાડે ખરો ? આ શું સ્વપ્ન ?

દેવદૂત હે ! મહાભાગ ! યાત્રિઓનાં ટોળે ટોળાં જે મૂર્તિના પૂજનાર્થે મંદિરમાં જાય છે, એ પ્રભુની સાચી મૂર્તિ નથી સુવર્ણાલંકારો અને રત્નમિશ્રીત વસ્ત્રોએ મુશોભિત કરી એ પાખંડીઓએ એ મૂર્તિને ભ્રષ્ટ કરી નાખી છે સાચી મૂર્તિના ત્યાં દર્શન નથી. સાચી પૂજનભાવના ત્યાં નથી. સુદર વસ્ત્રાલંકારો સજી એ પાખંડીઓ ત્યાં ધૃતદીપિકાઓ પેટાવે છે, પ્રસાદ ધરે છે, એ માત્ર પોકળ દંભ છે બહારથી પવિત્ર રહેનાર એ બ્રાહ્મણો અંતરઊંડાણે, કેટલા પાપી છે એ બધુ જે પ્રભુ જાણે છે સ્વાર્થ અને દંભની અર્ચના કરતા એ કીડાઓમાં રહેલુ પ્રભુને જરાયે ગોઠતુ નથી. અને એથી એ વિલાપ કરે છે.

ચોખા હે દેવદૂત ! કહે, ત્યારે પ્રભુ મને કયારે મળશે ?

દેવદૂત આજ રાત્રે. જ્યારે મંદિર ઉપર અર્ધરાત્રીનો ઘંટારવ થાયશે, અને જ્યારે સ્વાર્થના કીડા સમા પેલા પૂજારીઓ પોરવા લાગશે ત્યારે ખૂદ પ્રભુ વિઠોબા તને આમંત્રણ આપવા મંદિરમાં સ્વયં જશે એ મંદિરમાં પછી રાત્રી નહિ હોય. ક્ષણની મંગલ પીછી ત્યાં કલા ભરશે, અને ગુલાબી કિરણધારાથી મંદિર દીપી ઉઠશે.

ચોખા અને મારા અસ્પૃશ્ય દેહને પ્રભુ અડકશે ?

દેવદૂતઃ હા. કારણ એ દેહમા તેની ભક્તિની પવિત્ર ધૂન જામી છે

ચોખાઃ અને મારા જેવા ગરીબ ભિક્ષુકને એક ચક્રવર્તિ મળવા આવશે ?

દેવદૂત હા. કારણ તારા મોંયરામાં એના મોરલની ઝાંખી થાય છે

ચોખાઃ અને મને એ અંતઃકરણથી ચહાશે ?

દેવદૂત હા. ભક્તોની ભક્તિથી પ્રભુ જેમના પ્રસન્ન રહે છે તેની ચાહના તેઓ મેળવે છે.

ચોખા. કહે, એ મારા આંસુડાં લૂછશે ?

દેવદૂત પ્રભુદર્શનની દિવ્યપળ માટે જખી જખી તે જે આંસુડા સાર્યા છે, એ આંસુ તેની આંખોમાંથીજ ટપક્યા છે એ જરૂર માનજે.

[દેવદૂત અદશ્ય થાય છે. મંદિરમાંથી પૂજા કરીને યાત્રીઓનુ એક બીજુ ટોળું બહાર નીકળે છે રાત્રીના અર્ચના કરવાને હવે થોડીજ વાર છે]

એકપુરૂષ જુઓ તો બિચારો પેલો પંચમે, હજુ એજ સ્થિતિમાં પડયો છે.

એક સ્ત્રી ભલા ભગવાન ! એણે પૂર્વે કોઇ મહાપાપ કર્યા હશે, તેનો આપરૂપે અત્યારે તે દુઃખી થાય છે

૧ લો બા હજુ પેલો ગયો નથી ?

૨ જો બા બિચારો હસે છે જુઓને !

૩ જો બા તેના દારિદ્રયને છુપાવવા મથે !

[ચોખામેળા ભક્તિની કોઇ અગમ્યપૂનમા લીન થઇ ગયા છે, કેટલાક યાત્રિઓ અને પેલા

ત્રણ બારણાંને વારંવાર પૃથ્વીતલ પર દંડપાત કરી ત્યાંથી વિદાય થાય છે.]

દૃશ્ય ૨

[મંદિરનું ત્રમંદ્વાર મધરાતનો શાંતીમા બધા આત્મા નિરાંત થયા છે પણ પેલા ત્રણ બારણાંના માનને નિદ્રાની અંગુલી અડી નથી બીજાની જેવી ચપળતાએ હળવે હળવે પગલાં ફાળતાં મંદિરના બંધ દ્વાર પાસે એક પછી એક આવી તેઓ ઉભા રહે છે. અંદર પ્રતિમા સાથે કોઇ માનવી વાર્તાલાપ કરી રહ્યો હોય એવો શબ્દ ધ્વનિ સંભળાય છે]

૧ લો બા: જોયું ને ! પહેલાં તો મે એવું ધાર્યું કે આ અવાજ મારા અંતર ઊંડાણેથી આવતો હશે. અથવા તો હું કોઇ સ્વપ્નમાં વિહાર કરતો હોઇશ પછી જ્યારે જાગ્યો અને અહીં આવ્યો ત્યારે મંદિરમાં પ્રતિમા પાસે બેસી કોઇ ગોષ્ઠી કરી રહ્યું છે ખરેખર નવાઇ !

૨ જો બા: એ ચોખામેળા છે. એ મહારાજને અંદર કોણ ખેંચી ગયું હશે ? બારણે તો તાળા છે.

૩ જો બા: પાખંડી કહીનો ! આખો દહાડો કેવો બહાર ધૂળમાં પડયો પડયો પોપટ જેવું ગણગણે છે ! અને જેવા નિશાના અચળા ઢળે છે કે તરતજ ચોરીયા એ મંદિરમાં ભરાઇ જાય છે.

૧ લો બા: ચપ. આણે તો મંદિર ભ્રષ્ટ કરી નાખ્યું. પ્રભુની મૂર્તિના પવિત્ર પ્રકાશને તેના અસ્પૃશ્ય સ્પર્શથી એણે ઝાંખપ લગાડી દીધી.

૨ જો બા: કેવું નવાઇ જેવું ! બહાર સખત ચોકી પહેરો રહે છે, અને છતાં તેમાંથી છટકીને એ અંદર આવવા ક્યાંથી પામ્યો ! દ્વાર ઉપર તો તોગ તાળા પણ લાગ્યા છે. અને તેની ચાવીઓ પણ આપણા પાસેજ છે. એણે ઉઘાડયા કી રીતે ?

૩ જો બા: શીત, શીત, એ પાખંડીના સ્પર્શથી પ્રભુ ઉપર ઓઢાડેલું અનેકરંગી વસ્ત્ર, અને મણિમૌક્તિકની માળાઓ બધુ યે ઝાંખુ પડી જશે. રાહુના પંડછાયાથી ચંદ્રની જે સ્થિતિ થાય છે, એવી સ્થિતિ પ્રભુની થઇ જવાની. કુકુરંગી કિરણમાલાએ શોભતો રવિરાજ જેમ કેતુના પીચ્છકલાપથી ઢંકાઇ જાય છે, તેવીજ સ્થિતિ મહાપ્રભુની થવાની.

૧ લો બા: બારણા ઉઘાડો, અને એ બદમાશને ધસડીને બહાર ફેંકી દો.

૨ જો બા: હા, હા, અને એ અંદર કેવી રીતે આવવા પામ્યો એ પણ જાણી લ્યો.

(ચાવીથી બારણા ઉઘાડે છેઃ)

૩ જો બા: (સક્રોપ) બહાર નીકળ કમજાત ! અસ્પૃશ્ય ગોત્રમાં જન્મેલ કૂતરા !

ચોખામેળા: અરે ! તમારા ચક્ષુમાં જે જ્વાલામૂખી ઉડે છે, એ મારા દેહને અહીંજ ભસ્મ કરી નાખવાનો. શાંત થાવ મહાજ્ઞાનીઓ !

૧ લો બા: તું છો એથી વધુ અસભ્ય હોત તો તને અમે અહીંજ ખાખ કરી નાખ્યો હોત. અથવા કોઇ પૂજા પ્રસંગે ચડિકાને પ્રસાદ તરીકે વધેરી નાખ્યો હોત.

૨ જો બા: કહે, અલ્યા તું મંદિરમાં કી રીતે પ્રવેશ્યો ?

૩ જો બા: સાચુ કહી નાખ અલ્યા પ્રતિમા પાસે તને કોણ ખેંચી ગયું ?

ચોખામેળા: મહાપ્રભુ સિવાય એ કોની તાકાત છે ?

બધા બા: (એકી સાથે) ચસકી ગયું લાગે છે

૧ લો બા: હવે સાંભળ, જો કાલ દિવસ ઉગે એ પહેલાં આ મંદિરની હદમાંથી તારૂં મોઢું કાળુ કરજે, સમજ્યો !

૨ જો બા: અને જન્મની ચંદ્રભાગાના

સામા કિનારે જઈને પડયો રહેજે. ખબરદાર ! ફરી અહીં આવ્યો છે તો.

૩ જો બા. ચાલ, જલદી રસ્તો પકડ. તારે મોઢું કાળું કર, કાજળરાત્રીના અંધકારમાં ગૂમ થઈ જા તને અમે ફરીવાર જોવા નથી ઇચ્છતા.

ચોખામેળા· ક્ષમા યાચું છું. હે ! પંડિતો ! સૂર્યપ્રકાશ જેવા દિવ્યજ્વલ તમારા પાવિત્ર્ય આડે હું આવ્યો એથી મારો ગુન્હો માફ કરો. ઉષાની પહેલી કિરણ ફૂટે એ પહેલાં આ નિકોગી અંધકારના અંચળામાં વીંટાઈ તમારાથી દૂર થઈ, ચંદ્રબામાની નિર્મળ જળ જાલો ઝીલી ઝીલી કૃતાર્થ થતો હે ' યજ્ઞયોગીઓ ! અને તમારી સુંદર પૂજા ભાવનાથી સોહવલ્લે તમારા મંદિરના યજ્ઞપરિસરને અને મારે ! તો કશાનીયે પરવાહ નથી. મારા મારા અંતરનો યજ્ઞપરિસર મેં સોહવ્યો છે. પ્રભુની પૂજ્ય પ્રતિમા ઉપર મારા હૃદયસિંહાસને વિરાજે છે એ જ્યોતિમૂર્તિ.

૧ લો બા સાંભળ, તારા અપવિત્ર રૂપથી તે પ્રભુમૂર્તિને ભ્રષ્ટ કરી છે

૨ જો બા· અને આ મંદિર ઉપર કાળુ કલંક લગાડયું છે.

૩ જો બા અરે ! એ નિર્દયાળનું હૃદય તેં દુભવ્યું છે !

ચોખામેળા . (તેમની બુદ્ધિ પ્રતિભાને માપતો હોય એની ગંભીર શાંતીથી) હે ! મહાનુભાવો ! જે પવિત્ર જાનના ઝરા પાસે જેસીને તમે તમારા અંતરની જાગૃતિ જાણી છે. એ આટલી સ્વાર્થબુદ્ધિથી ! તમને શું ખબર નથી કે તમારાથી અધુ ગણી પવિત્ર, પતિતપાવન માતા ગંગા આજ હજારો વર્ષોથી આપણો અને શહોના મેલ ધૂએ છે અને છતાં હજુ એજ અખંડ પુણ્યપ્રવાહથી નિયમિત વહે જાય છે. ત્યારે કહોને, ગંગાના જે પવિત્ર કિનારા ઉપર હજારો ધર્મી અને પાપીના પગલા પડયા છે એ કિનારો અપવિત્ર બની ગયો, જે પવનલહરી અનેક સાધુ અને પાખંડીને શીતલઅંગુલી સ્પર્શ કરે છે એ કલંકીત બની ગઇ ! ઓ ! ધર્માત્માઓ ! જે પ્રભુ પૃથ્વીના દરેક રજકણમાં, જડ અને ચેતનમાં, આકાશમાં ચમકતા દરેક તારલીયામાં વસે છે એ કહી એક મૂર્તના સ્પર્શથી કલંકીત બની શકે ખરો ! સમાજ અને જોગને ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવાની એને તમા નથી. એ કામ તમારા જેવા સેભાગુઓને જ સોપવામાં આવ્યું લાગે છે

૧ લો બા આપણે આ અહીંથી જા ! અમારા સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યો છે !

૨ જો બા. (મશ્કરી) હાહાહા, સાંભળ્યુને ! આપણે બચપણમાં એક વાર્તા સાંભળેલી કે સિયારી એક ચકલી પક્ષિઓના રાજા ગરુડને કેમ હરાવ્યું એ વિચારવા જઈ,

૩ જો બા· હા રે, મેં પણ એક ઠેકાણે સાંભળેલ કે એક સોનેરી રૂપાળી વાદળા નાગાધીરાજ મેરૂ પાસે જઈ કહેવા લાગી કે હું તારા કરતાં મહાન છું


૧ લો બા· અને એક વાર્તામાં લખ્યું છે કે એક આગીઓ પોતાના તેજથી અંધકાર પારમબથીને તૂચ્છ ગણવા લાગ્યો

૨ જો બા બરાબર છે. મેં પણ એક માણસ પાસેથી સાભળેલું કે અંધકારના અખોપીયામા ચરી ચરીને મસ્ત બનેલા એક મોટા હસ્તિઓના રાજા ઐરાવતને મુકવું આમંત્રણ પાઠવ્યું

૩ જો બા· અને એક વેરાન ખેતરમાં ઉભરીને મોટા થયેલા સાપને મરાપારી ગોપનાથને પોતાનાથી દબો ગણ્યો.

૧ લો બા· અરણ્ય જાતિના ઓ કલંક ! એવોજ તું અમારી સભાપે છે એ નં ભૂલતો.

ફેનવાસના ગાલીચા



ચિત્ર નં. ૬

ચિત્ર નં. ૭

ચિત્ર નં. ૫

૧ લો બ્રા. એ સ્વાભાવિક રીતે જ એવું બોલતો હતો તમે એનું રહસ્ય ન સમજ્યા ? બ્રાહ્મણોને કામ પક્ષીની હરોળમાં મૂકવાનું આથી સરસ બીજું ઉદાહરણ એકેય નથી પછી શું બન્યું કે, ચોખાની પેલી રૂપકલી જેવી સ્ત્રીએ અજાણતાં થોડું દહીં પેલા પરોણાની પછેડી ઉપર ઢોળ્યું. અને તેની ધોતલી ઉપર હાથ પડ્યો ત્યારે પેલો પંચમ કકળી ઊઠ્યો ' અરે ! અરે ! શું કર્યું ! જો, જો, તારા દહીંથી મારા પ્રભુનું પવિત્ર પિતાંબર અપ્ટ થયું. " એણે કહ્યું.

૨ જો બ્રા સમજ્યા ને ! બ્રાહ્મણોનું ભયંકર અપમાન ! તેનો હેતુ જ તેમાં સમાયેલો છે. આપણે તેને અસ્પૃશ્ય ગોત્રનો કહ્યો હતો એથી જ એ મરકરી તેણે પેલા પરોણાની સમિપે કરી.

૩ જો બ્રા પછી તે પેલા ચોખામેળાને જોયોપાક જમાડ્યો કે નહિ ?

૧ લો બ્રાઃ અરે ! હરિ એ કેમ ભૂલું ! મરકરીના સ્વરૂપમાં પેલા શબ્દો તેના મુખમાંથી સર્યા કે તરતજ ધર્મજનુનથી પ્રેરાઇ હું તેના ઉપર કૂદ્યો. અને તેને એવો તમાચો ખેચી કાઢ્યો કે ત્યાં ગુલાબી આગ સળગી ઉઠી.

બીજો અને ત્રીજો સાથેઃ (તેના બચ્ચા ઉપર ધબ્બો લગાવતા) શાબાશ ! '

[ત્રીજાનું એક ટાળું એવામાં પ્રભુપજનાર્થે મંદિરમાં પ્રવેશે છે]

૨ જો બ્રા આપણે સ્વમાન આપણે બરાબરનું જ જોઇએ. અને પ્રભુની મરકરીનું વેર પણ એવું જોઇએ આપણે તેને એક શિક્ષા કરીએ અને એવી શિક્ષા કરીએ કે કરીથી તેનું મોઢું સદાને માટે બંધ થઇ જાય.

૩ જો બ્રા હા, હા. રૂપરાશી જેની તેની ઓનું આજ રાત્રે હરણ કરી લાવીએ અને પ્રભુને તેનું બલિદાન ચડાવી દઇએ. એથી પેલા પંચમનો ઉદ્ધાર થઇ જવાનો. અને પ્રભુની પછેડીને અડકવા એ ભાગ્યશાળી થવાનો.

[જે ટાળું પ્રભુપૂજનાર્થે મંદિરમાં ગયું હતું એ પોકાર કરતું બહાર નાસે છે.]

પુરૂષો. અરેરે ! પ્રભુના ગાલમાંથી રૂધીરની ધાર થાય છે.

સ્ત્રીઓ હાય ! હાય ! તેની આંખોમાંથી શતધાર આંસુડા ચાલ્યા જાય છે

પુરૂષો નાસો, નાસો, પ્રભુનું સુવર્ણ સિંહાસન રૂધીરથી ખરડાઇ ગયું છે.

સ્ત્રીઓ અરેરે ! તેના પીતાંબર ઉપર કાળા ધાબા પડી ગયા છે.

પુરૂષોઃ ભોલી નાઓ જલ્દી ! પ્રભુની આંખોમાં આંસુ લાવનાર એ પાપત્માઓ કોણ છે ?

સ્ત્રીઓ (પેલા ત્રણ બ્રાહ્મણ પંડિતો તરફ જોઇને) મંદિરના ઓ ! પ્રતિષ્ઠિત પૂજારીઓ તમે મેદાની જેમ મુગા કેમ મરી રહ્યા છો ?

[ત્રણે બ્રાહ્મણો ઉપર જાણે વિદ્યુતપ્રવાહ ત્રાટકી ન હોય એવા ભયથી તેઓ બેબાકળા અને અવાક બની જાય છે.]

પુરૂષો (ત્રણેને સંબોધીને) તમારી નેત્રપલ્લવીઓ નમેલી છે. તમારા મુખમંડળ શ્યામ બની ગયા છે, એજ બતાવી આપે છે કે તમેજ ગુન્હેગાર છો. જુઓ ! જુઓ ! ઓ શ્રમતાનો ! તમારી કમહીત ધર્મભાવના ઉપર પ્રભુ વિઠોબાનો શ્રાપ ઉતરે છે.

(પડદો પડે છે)

કેનવાસના ગાલીચા

લેખિકા
સૌ. મલીખહેન કાંટાવાળા

એક નવો ઘરઉદ્યોગ

સો કડો વર્ષથી હિંદુસ્તાન અને આજુબાજુના દેશોમાં ગાલીચા બનાવવાનો ઉદ્યોગ ચાલુ છે અને હજુ પણ ઈરાન, તુર્કસ્તાન, ઉત્તર હિંદુસ્તાન અને ચીનના ગાલીચા આખી દુનિયામાં વખણાય છે. હજુ પણ આ દેશોમા ગાલીચા હાથેજ બનાવાય છે. વિલાયત અને તે બાજુના દેશોમાં મંચાયી ગાલીચા બને છે છતાં પણ હાથના બનાવેલા ગાલીચાને બીજા કાપડની માફક દાબી દેતા નથી. જૂના પુરાણા ગાલીચાઓની કિંમત કદથી જાદે વધારે હોય છે. આવા પુરાણા ગાલીચાઓમાં દેશી રંગો વાપરેલા હોવા છતાં હાલના રંગોની પેઠે ઉડી ન જતા તેવાજ રહે છે અને તેથીજ તેમની કીંમત વધારે ઉપજે છે.

કેનવાસના ગાલીચા વિલાયતમાં મડમો ભરે છે તેમાં ઘણા વનસ્પતી રંગોથી જોઇતુ ઉન પોતે રંગી લે છે.

કાઠીયાવાડ અને બીજા જીલ્લાઓમાં બેસવાને માટે ચાકળા અને ચદરવા જાત જાત અને ભાતભાતના રંગીન કાપડના કકડા સીવીને બનાવે છે અને સાધારણ રીતે દરેક કુટુંબ પોતાના ઘરમાં સારી શેતરજી, ચટાઇ કે એકાદ ગાલીચો વસાવવાની, હોંશ રાખે છે. વેચાતા ગાલીચા મોંઘા પડે છે એટલે ઘરમાં રાચ અથવા વાપરવા માટે કેનવાસનો એકાદ ગાલીચો બનો હોય તો પૈસાનો બચાવ થઇ પોતાને મનપસંદ તરેહ રંગ ભરી ગાલીચો બનાવી શકાય અને અવસરે કોઇને ભેટ આપવાને પણ ઠીક પડે અને વધારે નવરાશ હોય તો વધારે પ્રમાણમાં ભરી બજારમાં પણ ખપાવી શકાય.

ઘરમાં ગાલીચા નાના કદના બનાવવા માટે બે રીતો છે. (૧) શાલ ઉપર (૨) કેનવાસ ઉપર. શાળ ઉપર ગાલીચો બનાવવાની રીત જરા અઘરી છે અને મહેનતનું કામ છે તે રીત હવે પછીના કોઇ અંકમાં આપીશું. હાલ તુરત કેનવાસના ગાલીચા કેમ બનાવી શકાય તે બતાવીશું.

શાળ ઉપર ગાલીચા બનાવવા માટે વાણા તાણા સુતર કે ઉનના વપરાય છે. અને જે તરાહ પાડવાની હોય તે રંગીન ઉનના તાણાના બે તાર ઉપર ગાંઠ વાળી પડાય છે. એટલે કે સુતર કે ઉનનું એક જાતનું કાપડ વણાતું જાય અને તેના પર રંગીન ઉનની તરાહ પડતી જાય કેનવાસમા આવું કાપડ તૈયાર હોય છે અને દેખાવમાં તારની જાળી જેવું હોય છે ખરત કામ માટે કેનવાસ વપરાય છે તેના કરતાં આ ઘણું જુદું હોય છે અને બે બે વાણા તાણાના જોડકા તારથી જાળી પાડેલી હોય છે. આ જાળી પાડનાર વાણાના જોડકા તાર ઉપર ઉનની ગાંઠ વળાય છે અને જે તરાહ પાડવી હોય તે પડાય છે. સાથેના કોયપણ ચિત્રમાં જોવાથી કેનવાસ કેવું જોઇએ તે જણાશે

ગાલીચા ભરવા માટે જોઇતા સામનોઃ કેનવાસ, ઉન, આંકડાવાળો સોયો અથવા આંકડા અને નાકાવાળી સોય જેમાં એક કે

આંકડો અને બીજે છેડે નાનું હોય છે તે, ઉનના કકડા સરખા કાપવા માટે મજબ બનવા માપ, ગાલીચાની પાછળ ચોંટવા માટે ગાઢ-ઢાન બનવા તાકીદ અને તરાહ ચીતરવા માટે ચોરસ અકિલા કાગળ.

(૧) કેનવાસ ઉપર જણાવ્યા પ્રમાણે રંગથી પટ્ટ ઈંચ પનાનું આવે છે. તૈયાર ગાલીચા કરતાં એકથી બે ઇંચ વધારે લેવું કેમકે તેટલું ચાર બાજુએ વાળી લપને ભરવાથી કોરો મજબુત બને છે.

(૨) ઉન બનત બનતનું રંગીન એક તારી બનવા ત્રણ તારી અને વધારે બનું ૭ તારી મરડેલું આવે છે બીજા ઉનના ધા-ગાથી તરાહ સારી પડે છે બ્યારે એક રંગી ગાલી-ચા માટે બનું ઉન ઠીક પડે છે. બનતા સુધી એક ગાલીચામાં જોઇએ તેટલું ઉન એક સાથે ખરીદવાથી એક ફાયદો એ થાય છે કે રંગમાં ફેરફાર નથી આવતો. ઉનના રંગમાં હમેશાં ફેરફાર રહ્યા કરે છે એટલે તરાહ ન બગડે માટે એકીવખતે જોઇતું બધું લેવું જોઇએ એક ચોરસફુટ ગાલીચા માટે જીલ્લુ ૧૦થી ૧૨ ઔંસ અને બનું ૧૨ થી ૧૬ ઔંસ ઉન બ્રંથ છે આ અદાજી માપ છે આંકડાથી ભરવામાં ઉન વધારે બ્રય કારણ તેમાં ગાંઠ વાળવાની હોય છે બ્યારે સોયથી ભરવામાં ઓછું બ્રય છે.

સોયા —આ બ્રડા જીણા કોથળા ગુથવા માટે વપરાય છે તેવી બનતના હોય છે પણ આ સોયાને છેડે વાળી આંકડો બનાવેલો હોય છે અને આંકડો બધ કરવા માટે તેના ઉપર આગરી આવે છે. મોજા ગુથવાના સંચામાં જેવી સોય વપરાય છે તેના જેવો આકાર હોય છે. આ સોયાને લાકડાનો દાંડો હોય છે ચીત્ર નં ૧૦ માં જુઓ. સોય આ સોયા જેવી હોય છે ફરક એટલો જ કે લાકડાના દાંડાને બદલે બીજે છેડે બારી સોયના જેવું લાંબુ નાકુ હોય છે આ આંકડાનો ઉપયોગ ઉન પકડીને કેનવાસના કાણામાંથી ખેંચવાનો હોય છે અને આંકડામાંથી ઉન નીકળી ન બ્રય માટે આગરી આંકડા ઉપર બધ થઇ બ્રય છે જેની મજબુત આગળ આવશે જોજ બથવા માપ-ચિત્ર નં. ૫ માં જુઓ તે પ્રમાણે એક લાકડાનો કકડો સ્લેટના ચપાટીયા જેવો જ પણ જરા બાડો હોય છે તેની આજુબાજુ ઉન વીંટાળી ઉપરની બાજુ ખોબાબુ હોય છે ત્યાથી ઉન કાપવાથી એક સરખા કકડા કપાય છે સોય અને સોયા માટે જુદા જુદા માપ હોય છે તેમ બડા જીણા ઉન માટે પણ જુદા હોય છે.

તરાહ ચીતરવાના કાગળ —આ કાગળ તૈયાર મળે છે મીલોમા કાપડની તરાહો કાઢવા માટે વપરાય છે અને નિશાળોમાં સાયન્સના અભ્યાસ માટે વપરાય છે તેવા ચાલે. અથવા દાંથે સરખી ઉભી આડી લીટી દોરી કકાય-જે તરાહ ભરવી હોય તે આ કાગળ ઉપર પેન્સીલથી ચીતરવી અને પેન્સીલથી કાઢેલા

ચલો, હવે વિલંબ શો ?

[મણિલાલ]

સુખે દુ:ખે સદા રહું પતિ તમારી સાથમાં,
આજ કેમ એકલી રહું અહિં નિવાસમાં ?
કેશકાંક સાંભળું, બધિર શું મને બની ?
સિધાવવા થકું તમારી સાથ એજ માગણી.

સહીશ ઘાત શત્રુના, ધરીશ બીક હેશ ના,
આપ શૌર્યને કલંક લાગવા દઇશ ના.
અર્ધ ભાગ આપનો ન છોડવા કબુલ હું,
ચલો, હવે વિલબ શો ? ફરી મુલાય નોતરું

આકારમાં જે ખાના પડતા હોય તે ખાનામાં જોઇતા રંગ પુરવા અથવા રંગના ચિન્હ કરવાં. કાઇ તૈયાર તરાહ કે છબી ભરવી હોય તો તે તરાહ કે છબી ઉપર કેનવાસમાં જેટલા કાણાં હોય તેટલા ચોરસ ખાના દોરવા–કેનવાસની ચારે બાજુના ૧ થી ૨ ઈંચ છોડી દઇ બાકીના કાણા ગણી લેવા અને એટલાજ ચોરસ કાગળમાં લેવા એટલે કાગળ ઉપરની તરાહમાં એક ખાનુ કે ચોકઠુ તે કેનવાસનું એક કોણું ગણી લેવુ અને તે પ્રમાણે ભરતા જવું આવી તરાહ મોતીના તોરણ કે પડદા માટે પણ કામ આવી શકે. કાગળના એક ચોરસને એક મોતી કે મણકો ગણી લઇ તરાહ પાડી શકાય છે. શરૂઆત તદ્દન સાદી તરાહથી કરવી જવાબવાળી તરાહ–એટલે ગાલીચામાં અડધા કે પા ભાગની ભરી પછી તેને ઉથલાવીને ભરવાની હોય તો અડધી કે પા બાજનીજ તરાહ કાગળ ઉપર ચીતરવી એટલે વખત ઓછો જશે.

* ચીત્ર નં. ૧, ૨, ૩, અને ૪ સાદી તરાહો બતાવે છે. નં. ૧ અને ૨ ચીતરેલી તરાહો છે જે નં. ૩ અને ૪માં ચોરસ આંકેલા કાગળ ઉપર ભરવા માટે ઉતારેલી બતાવી છે. અને જવાબવાળી તરાહો માટે તે કાગળ ઉપર એક ભાગ બતાવે છે. બાકીનો ભાગ ઉથલાવીને લેવાનો છે. *

ભરવાની રીત—કેનવાસને ટેબલ કે ઘોડા ઉપર અથવા ખાટલા ઉપર ભરનારની છાતી બરાબર આવે તેટલી ઉંચાઇએ રાખવુ. કેનવાસ કડક હોવાથી ખડી ન થાય માટે તેના ઉપર જાડી ચોપડી કે વજન મુકવું જે રંગનુ ઉન જોઇએ તે માપની બાજુબાજુ વીંટાળવું. એક સરખા જોરથી અને માપની ઉપરની બાજુએ ખાડો, ખોભાણુ કે ગીસી હોય છે તેના ઉપર કાતર, ચપ્પુ, કે અસ્તરાનું પાનું ફેરવવું એટલે ઉન કપાઇ એક સરખા કકડા થશે આવા કકડાનો રંગવાર જથ્થો થોડો એક સામટો કાપી રાખવો. કાપવાની રીત માટે જુઓ ચિત્ર નં. ૫ ત્યાર પછી જુઓ ચિત્ર નં. ૮. તે પ્રમાણે આંકડા (સોયો) જમણા હાથમાં લઈ કેનવાસના આડા તાર અથવા વાણાના જોડકા તારની નીચેથી ઉપરના કાણામાં બહાર કાઢવી આંકડાની આગરા તેની મેળે ઉઘડી જાય તેટલી આંકડી બહાર આવવા દેવી પછી કાપેલુ ઉન લઇ તેના બે છેડા ડાબા હાથમાં પકડી ગાળો કરવો અને આ ગાળો આંકડામાં પરોવવો અને આંકડી પાછી ખેંચી લેવી. આંકડી ખેંચવાથી આગરી તેની મેળે બધ થઈ જશે એટલે ગાળો નીકળી જશે નહિ છેડા ડાબા હાથમાં ઝાલી રાખવા અને ગાળો નીચેના કાણામા થોડો બહાર આવે ત્યાં સુધી આંકડી ખેંચવી. જુઓ ચિત્ર નં. ૯. ત્યાર પછી આંકડી તેમાંથી કાઢી ન લેતાં બહાર આવેલા ગાળામા પાછી બીજા હાથમાં પકડેલા છેડા સુધી લેવી અને પકડેલા છેડા આંકડામાં ભરાવવા. ચિત્ર ન. ૧૦. અને આંકડી પાછી ખેંચવી એટલે ગાળામાંથી બે છેડા બહાર આવશે અને ગાંઠ વળી જશે ગાંઠ હાથથી ખેંચી મજબુત કરવી. આંકડી તેની મેળે બહાર નીકળી જશે. ચિત્ર ન ૧૧. આવી રીતે પાચ દસવાર કરવાથી આ સહેલુ થઇ જશે.

ભરતની શરૂઆત કરતાં પહેલાં કેનવાસને ચારે છેડે ૧ થી ૨ ઈંચ જેટલુ ઉપર વાળી લઇ આ વાલેલા બેવડા ભાગ ઉપરથી ભરત શરૂ કરવુ એટલે કાટેલી કે કાપેલી કોરમાંથી કેનવાસના દોરા નીકળી ન જાય અને કીનાર મજબુત બને. નીચેથી શરૂઆત કરી ઉપર જવું અને ડાબી કે જમણી બાજુથી ભરવાનુ શરૂ કરી આડી લીટીએ

* ચિત્ર નં. ૧ રજુ કરી શકાયું નથી તે માટે દિલગીર છીએ

ઉનવાસના ગાલીચા

ચિત્ર ન ૮




ચિત્ર ન ૯



ચિત્ર ન ૧૦



ચિત્ર ન ૧૧




કેનવાસના ગાલીચા



ચિત્ર નં. ૧૨



ચિત્ર નં. ૧૩



ચિત્ર નં. ૧૪

ભર્યા જવું. આમાં ફેરફાર કરવો નહિ, નહિ તો ઉનના છેડા આડા અવળા પડી તરાહની ગળકાટ બગાડશે બન્ને છેડા એક સરખા પકડી રાખવા. જેમ જેમ ગાલીચો ભરાતો જાય તેમ તેમ નીચે તે ટેબલની બાજુએ ઉતારતા જવું એટલે ભરેલો ભાગ લટકતો રહે કે બોળામાં પડે. બહુ મોટો ગાલીચો ભરવો હોય અને કેનવાસ ટુકડ હોય તો બીજા કેનવાસનો કકડો ભરેલા કેનવાસના છેડા ઉપર ૧ થી ૨ ઇંચ ડોળવીને બન્ને બાજુ મદદ રાખીને જેવડી કીનારની પેઠે ચઢાવવા જેવડા ભાગ ઉપર ભરત કરવું.

ગાલીચો ભરાઇ રહે ત્યારે મોટી કાતરથી ઉપર નીચે ઉનના રેસા કાતરો નાખી સપાટી એક સરખી કરવી અને કાતરેલું ઉન હાથથી ખંખેરી નાખવું. મજબુત બનાવવા માટે ગાલીચાની પાછળ રબેલુ કતાન સીવી લેવું કે ચારે બાજુ ફરતી પાટી સીવી લેવી કદાચ ગાલીચાના છેડા વપરાશમાં વળી જાય તો કેનવાસ અને કતાનના અસ્તરની વચ્ચે ચારે ખુણે ચપટો સીસાનો કકડો સીવી લેવો એટલે તેના ભારથી છેડા સીધા રહેશે

સોયથી ભરવાની રીત —

આ રીતમાં ગાંઠ વાળવાની હોતી નથી. એટલે ઉન થોડું જોઇએ અને ગાંઠ નહિ વાળવાની એટલે કામ જલદી થાય છે. તરાહ ભરવાની રીત આગળ જણાવ્યા પ્રમાણે જ છે આ રીતમાં ગેજ નાનો જોઇએ કેમકે ગાંઠ વાળવાની નહિ એટલે ઉન ટુકું જોઇએ શરૂઆત પહેલી રીતની માફક કરવી સોયના નાકામા મજબુત પાતીય કરેલી કે મીણ પાયેલી દોરી પરોવવી અને જમણી કે ડાબી બાજુથી શરૂઆત કરતાં પહેલાં કેનવાસના છેડા ઉપર બે ત્રણ આંટા કે ટાંકા લઇ લેવા–પ્યાર પછી સામેનો આંકડાવાળો છેડો કેનવાસના એક કાણામાંથી ઉપરના કાંણામાં કાઢી તેમાં ઉનનો ગાળો પરોવવો. અને આંકડા પાછી ખેંચવી એટલે ગાળો નીચેના કાંણામાં આવશે. આ ગાળામાં પાછી સોય પહેલી રીતની માફક છેડા પકડવા માટે ન જવા દેતાં સીધી ગાળામાંથી કાઢી લેવી એટલે ગાળામાં દોરી ઉપર પરોવાઈ જશે. ચિત્ર નં ૭ આ પ્રમાણે એક લાઇન પુરી થાય એટલે બીજીની શરૂઆત તે તરાહથી કરવી એટલે દોરી તોડયા વગર સળંગ ચાલે દોરી તૂટે ત્યારે બીજો કકડો બેડાગાંઠથી જોડવો. તરાહ વાંચવાની રીત પહેલા જેવીજ છે ફેર એટલોજ કે આમા બીજી લાઇન એક બાજુથી શરૂ થતી નથી એટલે તરાહની લાઇન તે પ્રમાણે " વાંચવી. "

ચિત્ર ન. ૧૩ આકૃતી (સોયાથી) ભરેલા ગાલીચાનો એક ભાગ બતાવે છે. ચિત્ર ન ૧૪ સોયથી ભરેલો થોડો ભાગ બતાવે છે ચિત્ર ન ૧૨ બહુ જાડુ વાપરવામાં એક આંતરે ભરેલા આના બતાવે છે

આ ગાલીચા ભરવા સબંધી વધારે માહીતી જોઇતી હોય તો વડોદરાની મહારાણી વૂલન મીલના મેનેજર જેમણે આ અને આવા બીજા હુન્નર ઉદ્યોગોનો સારો અભ્યાસ કરેલો છે તેમના તરફથી મળી શકશે અથવા કોઇ પણ બહેન મને પૂછશે તો બનતી મદદ કરીશ

આવા ગાલીચા ભરવા માટે જોઇતા સાધન, કેનવાસ, આંકડી, માપ, ઉન વીગેરે તમામ ચીજો મહારાણી વૂલન મીલ્સ કંપની લીમીટેડ, વડોદરા. એ સરનામે લખવાથી કીફાયત કીંમતે મળી શકશે આ મીલે હાલમાં ગાલીચા માટે ખાસ ઉન ન ૮નું બનાવ્યું છે જે એક તારો છે. તેના ત્રણ કકડા સાથે લઈ ભરવાથી સુંદર ગાલીચા બરાબર છે ઘરડેલુ જોઇએ તો તે પણ ત્યાંથીજ મળી શકશે

—o—

રાધાકૃષ્ણ : પુનર્મીલન

દિલની દિલે રહી રે લોલ,
પ્રીતમ પ્રાહુણા હો રાજ !
કયમ જાયે કહી રે લોલ,
પ્રીતમ ! પ્રાહુણા છો આજ: —દિલની૦

સુરવનમા અરુણા યૌવનના,
અમોલ કરતા વાતો;
સુખશ્રમણાં એ સર્યાં મધુર કયાં ?
કાળ કાળને આતો ! —દિલની૦

રસસરવરિયે સંગે તરતાં,
સમય જણાય ન જાતો.
ભાવિ મુનેરીના વર્ષણુમાં,
આતમ યુગલિયે ન્હાતો —દિલની૦

દિનનન્દન, જીવન મોહન એ,
ઉજ્વલ આશ-ઉષા તો;
કરાળ શો ત્યાં વિયોગ વહીને,
વિષાદ સહસા વ્હાતો ! —દિલની૦

દિન રજનિ યુગયુગ સમ વીતલ,
પ્રિયદર્શનની તૃષા ઓ !
સુમીલન કયાંથી આજે સ્નેહલ ?
ત્રણો ન હર્ષ સહાતો ! —દિલની૦

સ્વપ્ના શો અવયોગ પ્રીતમ ! તમ
ભવભર કે ક્ષણ થાતો,
યૌવન રે વણુ. પુણ્ય જીવનપળ
લ્હોય ધન્ય છે આતો ! —દિલની૦

રામમોહનરાય જસવંતરાય



વિભાકરનાં આંસુ

લેખિકા શ્રીમતી મનોરમા મજમુદાર

કેહું રે કરી ફળવું કે નહિ ! લે હુ ન પાહું તો વિભાકરને કોણ માય-વશે ! મ્હારે તે નોકરી કરવી કે આને માયવનો ! એ બે માન કેમ મને ! વળી રોટલા પણ ઘાયે કરી આવાના હુ તો બોબરી મૂચવણમાં આવી પડમેા હુ પત્ની મુજરી મ૪ તે વખતે " તમે જરૂર કરો લગ્ન કરલે " એવું કહને વિનતી મ૪ કરી. અને સાથે સાથે એવુ પણ કહેતી ગઇ કે " તમે તમા તમારી નવી પત્ની વિભાકરને જરાએ બોધુ આવવા દેશો નહિ અને પ્રેમથી રાખજો. " મે એને વચન આપ્યુ કે વિભાકરને જરાએ દુ ખ પડવા નહિ દઉ વચન તો મ્હારે પાળવું જ જોઇએ

મ્હે એક સારા કુટુબની કન્યા જોઇને તેની સાથે લગ્ન કર્યું. મીનાક્ષીને પ્રથમ જ દિવસે સમજાવી દીધુ કે " તારો જે તાનો ધર્મ એ છે કે વિભાકરને જરા પણ બોધુ આવવા દેવુ નહિ. અને એના કારણમાંથી બનો તે ઉપાય કરજે. "

મીનાક્ષી મુજબની જ બોપડી સુધી બધુ કરી. એના મધુરિમાએ બોલવાથી મારે બેની ખૂબ ચાહના થઇ હતી. એમને બા બોલવી એક પુત્રી હતી. ધનની બરવારી અને આવાનુ સ્વમાનની હતી. એટલે વધુ રે દિવસ બધુ આવવી પડી એવી નહોતી એને વિભાકરને પોતા વચનમાં પોતાનો કરી લીધો. હવે વિભાકર મીનાક્ષીથી જરાએ આપો રહેતો નહોતો મીનાક્ષી એને રોજ નવી નવી વાતોઓ કહેતી વિભાકર કાકો અને ઘણ તેમ પોતા બોલો હતો. બોલાજ દિવસમાં મીનાક્ષી સાથે હળી ગયો.

હુ એક દિવસ વિભાકરને લઇ ફરવા જતો હતો. રસ્તામાં મ્હારા મિત્રો મળ્યા તેઓ વિભાકરને પલાજ બ્હારથી બોલાવીને " તારા નામ શુ ? શુ ભણે છે ? " વિગેરે પ્રશ્નો પૂછવા.

મારા નામ વિભાકર અને હું મુજ-રાતી બોજી બોપડી ભણુ છુ. " એટલુ બોલીને તે બોનપણે ઉભો રહ્યો.

મ્હારા મિત્રો રહેવા લાગ્યા કે " તમારો વિભાકર દોડિયાર લાગે છે હોં ! " આ મશ્કરી મ્હારી બાની બહેન બહેન ખુશી આવતી. સાંજ પડવા આવી હતી એટલે અમે ઘર તરફ જવાનો વિચાર કર્યો. વચમાં બે મેન્દનુ ઘર આવતુ હતુ એટલે એને મળીને પેર જવાય એમ વિચાર કરી એને ત્યાં ગયા

થોડી વારમાત્ર થયા પછી પેમેન્દે વિભા-કરને પૂછ્યુ ' કેમ ત્યારી મા ત્યારા તરફ બ્યાન રાખે છે કે ? " મ્હે વિભાકરની સ્થિતિ જોયું. મ્હને આવી હતી કે મીનાક્ષી એના

ઉપર અત્યંત વ્હાલ રાખતી હતી, અને જરા પણ ઓછું આવતા દેતી નહોતી; એટલે એ હજારમાંજ જવાબ દેશે, પરંતુ મ્હારા આશ્ચર્ય વચ્ચે, વિભાકરનો જવાબ મળવાને બદલે તેની આંખોમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં

હું શરમાઇ ઝંખવાણો પડી ગયો એનાં આંસુને લીધે મીનાક્ષીનું સુંદર મુખ મ્હારા મનમાંથી નષ્ટ થઇ ગયું. મ્હારા હૃદયમાં એને માટે માન હતું તે એકદમ ઉડી ગયું. યોગેન્દ્ર મ્હારા સામું જોઇ રહ્યો.

"તું કેમ રડે છે?" યોગેન્દ્રએ વિભાકરને પૂછયું.

વિભાકરથી કશોજ જવાબ આપી શકાયો નહિ. આંખમાં આંસુ માતાં નહોતાં.

યોગેન્દ્રને વિભાકરની સાવકી મા ઉપર સંદેહ થાય એમાં કંઇ નવાઈ જેવું નહોતું. મ્હને પણ શંકા થઇ કે મીનાક્ષી મ્હારાં દેખતાં ખોટો આડંબર તો નહિ કરતી હોય! હવે ઘેર ગયા પછી તપાસ

અમે ઘર તરફ જવા ઉઠયા. રસ્તામાં ઘણા વિચારો આવ્યા ઘેર જઇને મીનાક્ષીને ધમકાવી કાઢું' એમ મ્હને થયા કર્યું. "અરેરે! મ્હારા દેખતાં વિભાકરને વ્હાલથી બોલાવે અને પછીથી દુઃખ દે છે?" પણ પાછો વિચાર આવ્યો, 'ના ના, એમ એકદમ તપાસ કર્યા વગર ગુસ્સે થવું નહિ ચોક્કસ ખાત્રી કર્યા પછીજ કહીશ.

એટલામાં ઘર આવ્યું અને મીનાક્ષી હસતી હસતી હમારા સ્વાગતમાં આવી. એને જોઇને હું તો ઠંડોગાર જ થઇ ગયો અને મ્હારો રોષ બતાવવાનો હતો તે પણ જતો રહ્યો કદાચ વિભાકરને એની મા સાંભરી હશે તેથી એ રડતો હશે. એ વિચારે મ્હનું મન વાળ્યું.

મીનાક્ષીએ વિભાકરને પોતાની પાસે સોફામાં લઇ લીધો અને પૂછવા લાગી કે, "તમે અત્યાર સુધી કયાં ફરતા હતા? ચાલો, જુવો તમારે માટે શક્કરપારા અને ગોલપાપડી કરી મૂકી છે."

અમે ઘરમાં જઇને નાસ્તો કરવા બેઠા પછી મ્હે ધીરેથી વાત ઉપાડી આજે વિભાકરે મ્હને બહુ શરમાં દેવા બનાવી દીધો. યોગેન્દ્રે રહેજ એને પૂછયું કે, "તારી બા તારા તરફ વ્હાલ રાખે છે ને?" એટલે એ તો રડી પડયો. મ્હને લાગે છે કે તું એને બરોબર રાખતી નહિ હોય

આ સાંભળીને મીનાક્ષીનું મોઢું રડવા જેવું થઇ ગયું અને તે ખરેખર રડી પડી અને બોલી, "મ્હને ખબર હતી કે હું મારું સર્વસ્વ અર્પણ કરીશ તોયે મ્હારા ઉપર ખોટું આળ આવશે."

મ્હને ભય હતો કે હવે પછીથી મીનાક્ષી વિભાકરને વ્હાલથી બોલાવશે નહિ. પણ એથી મ્હે ઉલટું જ જોયું. બીજે દિવસે સવારથી મીનાક્ષી એટલા જ પ્રેમથી વિભાકરને બોલાવતી'તી, અને સવારથી તે સાંજ સુધી ખૂબ સંભાળ લેતી જરાએ વિભાકરને છૂટો પડવા દેતી નહિ રખે એને મા સાંભરે ને મ્હોં વીલાય એની ખાસ કાળજી એ રાખતી. ને એમાં એટલી બધી લીન થઇ જતી કે કેટલાયે કલાક સુધી મ્હને પણ ભૂલી જતી

એક દિવસ ઓફિસમાંથી રોજ કરતાં હું મ્હેલો ઘેર આવ્યો તે વખતે વિભાકર બારણામાં ઉભો ઉભો રડતો હતો મ્હે તેને પૂછયું, "વિજુ તું કેમ રડે છે! તને મીનાક્ષીએ કડવાં વેણ તો કહ્યાં નથી ને?"

વિભાકરે કોકું હલાવીને ના કહી.

"ત્યારે તને એ પ્રેમથી બોલાવે છે

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડળ—સ્ત્રી-વિદ્યાલય



ત્રણે વર્ષની પરીક્ષામાં પાસ થયેલાં બહેનો

ગુણસુન્દરી

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડળ-સ્ત્રી-વિદ્યાલય



પરીક્ષામાં પ્રથમ નંબરે આવનાર છોકરીઓ

કુ. વસન્ત મગાલાલ સૌ. સ્નેહલીલા જ. કાકર સૌ. વેણીબેન વિ. કાપડીઆ

(૧લું વર્ષ) (૩જું વર્ષ) (૨જું વર્ષ)

વાત્સલ્ય-ગુંજન

કરમાં રમે છે કુમાર, કુમાર મારા કરમાં રમે છે
બાળપણાથી હૃદયમાં રાખ્યો, આજે પીયૂષરસ ચાખ્યો,
કુમાર મારા કરમાં રમે છે.

ઝાંખી લાગે મહને ચાંદાની ચાંદની,
એવો અનુપમ એ બાળ છે —કુમાર

જ્યોતિ ઝકટાવી મહારા સુભગ સદનમાં,
ફિરસ્તો સૂર્યના શુ કામ છે ? —કુમાર

કાલું કાલું બોલે ને હૈયું હલાવે,
કોયલડી તુ શીદ બાય છે ? —કુમાર

બીકી મુંબવલુમાં મહને મહલાવતો,
બડો તોફાની બીજો કાન છે —કુમાર

હલકે સારે ગાઉં હેમર હાલરડાં,
ન જાણુ જગમાં શું થાય છે —કુમાર.

બોળા ખુંદણ નયારે પોદે પારખીએ,
ઉર ઝબીકું બની બાય છે —કુમાર

સુવાસી પુષ્પો ન રાખું સદનમાં,
મહેકતો સૌરભનો રાજકુમાર છે. —કુમાર.

કેટે ઠ દોરીને ધમકાવે ધુધરી, રણુકે મન રંજન થાય છે.
કુમાર મારા કરમાં રમે છે.

: સ્વ ઝવેરીબેન ચુનીલાલ શાહ

તોયે તું કેમ રડે છે ? તે દિવસે પૈસેન્દ્રને ઘેર પણ રહ્યો હતો ? મારે જે સાચી વાત હોય તે કહી દે તુ રડું છું તે મહારાથી અમી શકાતુ નથી. "

" ના, મ્હોટાભાઇ એમ નથી. એ તો ઉલટુ મહને બહુ જ વ્હાલથી બોલાવે છે અરે, એવી વાડ તો સગી માથી પણ થાય નહિ. પણ મ્હોટાભાઇ છે ને મહને એવુ થાય છે કે મારી બા મહને ખૂબ લાડ કરતી હતી તેથી ચાલી ગઇ. તેમ આ ભંધારી નવી બા એનાથી એ વધારે લાડ કરે છે તે એ પણ મહને છોડીને ચાલી તો નહિ જાય ને ! " એમ કહી વિભાકર ખૂબ રડ્યો. અને મહારાથી પણ રોષ પડાયું. હવે આટલે દહાડે મહને એના રડવાનું કારણ સમજાયું

મીનાક્ષીએ સુકોમલ સ્નેહથી વિભાકરના હૃદયમાં જેવો ભય પેસાડ્યો હતો ! થોડીવાર તો કુ શાન્ત થઇ ગયો. ખરેખર ! પવિત્ર આત્મા આ સંસારમાં રહી શકતો નથી જાણે વિધાતા આ બાળકના મોઢામાંથી ખરૂ તો નહિ બોલાવતી હોય ? ઇશ્વર એવુ ના કરે.

મનમાં ભેદ પામતો કુ, વિભાકરને લઇ મીનાક્ષી પાસે ગયો. અને મીનાક્ષીને કહ્યુ. " પૂછને વિભુને, એ કેમ રડે છે ? "

મીનાક્ષી તો લાગણીના વેગથી સજ્જડ બની ગઇ એનું મોઢું ઉતરી ગયું: " તમે જ એને પૂછોને કે એ શા માટે રડે છે ? "

મ્હે મીનાક્ષીને સમજાવ્યું કે "તું એના તરફ ખૂબ વ્હાલ રાખુ છુ તેથી એને ભય લાગે છે કે એની માની જેમ તુ પણ એને છોડી, ચાલી તો નહિ જાય ને ! "

મીનાક્ષીનુ મોઢું તરત પ્રફુલ્લિત થઇ ગયું. એણે વિભાકરને પોતાની પાસે લઇ લીધો અને છાતી સરસો ચાંપ્યો.

મીનાક્ષીએ વિભાકરને બહુ લડાવી મૂકયો હતો એટલે વિભાકર જે કહે તેજ કરતી.

સવારમાં વ્હેલી ઉઠી, ચાંલ્લો ચોટલો કરીને એ ન્હાઇ લેતી. પછી સૂર્યની પૂજા કરતી. અને રસોઇની તૈયારી કરતી વિભાકર ઉઠે ત્યારે દાતણપાણી કરાવીને દુધનો પ્યાલો આપતી, ગરમીના દિવસોમાં વિભાકર જમવા બેસે ત્યારે પંખો નાખતી. મીનાક્ષીને ઘણીએ વાર પજવતો પણ કદી એ કંટાળતી નહિ. ઊલટો એને આનંદ થતો.

થોડા દિવસમાં વિભાકરની કલ્પના સાચી પડતી જણાઇ. મીનાક્ષીને એક ભયંકર રોગ લાગુ પડ્યો ઉધરસ, તાવ, તથા લોહીની ઉલટીઓ થવા માંડી. ડાક્તરોએ બહારગામ હવાફેર માટે લઇ જવાની સૂચના આપી. પણ મીનાક્ષીએ કંઇ પણ જવાની ના પાડી.

મીનાક્ષી પોતે સમજી ગઇ હતી, કે હવે મટવાનુ નથી ક્ષયરોગવાળાં માણસ ભાગ્યેજ કોઇ બચી શકે છે દિવસે દિવસે એનો મંદવાડ વધતો જતો હતો ડાક્તરો એને સારી કરવાને માટે ઘણી ઘણી જાતની દવાઓ આપતા. પણ એકે દવાની ટીકી લાગતી ન્હોતી હવે બધા આશાભંગ થયા હતા. વિભાકર બ્હાવરા જેવો ફર્યા કરતો એને કંઇજ ચેન પડતું નહિ; મીનાક્ષી એના રહામું જોતી અને મનમાં નિઃસાસા નાખતી.

વિભાકરને પોતાની પાસે બોલાવ્યો. એના વાંસા ઉપર હાથ ફર્યા સુખી ફેરવ્યા કર્યો. અને ધીમેથી બોલી. " હવે હું જાઉં છું. તારી કલ્પના સાચી પડી. તું સુખી થજે. " એમ બોલી એની આંખમાં આંસુ આવી ગયાં. જાણે હમારી પાસે વિદાય માગતી હોય તેમ અમારી રહામું જોઇ રહી.

વિભાકર દિગ્મૂઢ જેવો થઈ ગયો. "શું મારી માતા ચાલી જાય છે.? " બોબાકળા જેવો ઉભો જ રહ્યો. થોડીવારમાં મીનાક્ષીને યમદૂતોએ અમારા હાથમાંથી ઝુંટવી લીધી.

પાછું અમારૂં ઘર ઉજ્જડ થઇ ગયુ ! વિભાકર પાછો નમાયો થઈ ગયો. મીનાક્ષીએ આદર્શ પુત્ર-સ્નેહ બતાવી આપ્યો હતો. એ નિઃસ્વાર્થ માતૃપ્રેમ સ્વપ્નવત્ થઈ ગયો.

જ્યારે આ બધી વાત સ્મરણમાં આવે છે ત્યારે હૃદય રોઉં રોઉં થાય છે. વિભાકર હવે શોકમાંજ ફરે છે. કોઇની સામે બોલતો નથી. પહેલાંની માફક રોતો નથી. હવે એને કશો ભય લાગતો નથી.

ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ

સ્ત્રીવિદ્યાલયની વાર્ષિક પરીક્ષાનુ પરિણામ

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ તરફથી ચાલતા સ્ત્રીવિદ્યાલયની વાર્ષિક પરીક્ષા આશુ સાલે ઓકટોબર માસમા લેવાઇ હતી એ પરીક્ષામાં નીચે જણાવેલા બ્હેનોને અનુક્રમે ઇનામ મેલવાં જાહેર કરવામા આવે છે—

તૃતીય વર્ષ—

(૧) સૌ સ્નેહવીલા જયન્તીલાલ ઠક્કર, (૨) કુ વીરમતી ગુલાબદાસ ઝવેરી, (૩) કુ કુસુમ છગનલાલ મારફતિયા, (૪) કુ સુરજ ચુનીલાલ રોઠ

દ્વિતીય વર્ષ—

(૧) સૌ. વેણીબેરી વિનયચન્દ્ર કાપડિયા, (૨) ઞ. કુન્દનબ્હેન વેલજી મહેતા, (૩) સૌ દમયન્તી હરજીવનદાસ સોનપાલ, (૪) કુ. વીરમતી અમૃતલાલ દોશી, (૫) સૌ કુસુમબ્હેન જયન્તીલાલ મુકાતી, (૬) સૌ અબાબેરી વલભદાસ પંચાલ, (૭) કુ તારાબ્હેન કે જસાણી.

નોધ:—આ ઉપરાત કુ. જયાબ્હેન મીઠલવાલાને ભાષાના વિષયમા ત્રણ માસ પછી ફરી પરીક્ષા આપી પાસ થવાની શરતે તૃતીય વર્ષમાં અભ્યાસ કરવાની છૂટ આપવામા આવે છે.

પ્રથમ વર્ષ—

(૧) કુ વસંત હરિલાલ ભગાણી, (૨) કુ. શારદા નાગરદાસ ઠાકર, (૩) ઞ. હીરાબ્હેન હરિદાસ તન્ના (૪) સૌ. જયાલક્ષ્મી હિમતલાલ ગાંધી, (૫) કુ મધુમતી ચન્દ્રરાય પંડિત, (૬) સૌ દીવાળીબ્હેન મગનલાલ ઠાકર, (૭) કુ કમાવતી મણીભાઇ ઝવેરી, (૮) કુ મંજુ રૂપજી.

ફટલીક વાનીઓ

સંપાદિકા: સૌ. કપિલા મ કાંતાવાળા

ચણાની દાળનો શીરો (૪૮)

ચણાની દાળ શેર ૧
૩ શેર દુધ આગલી રાતે.
૧૦ શેર દુધ દહાડે
૧॥ શેર ઘી.
બદામ પાવલીભાર
બર્ંત્રી પાવલીભાર.
ગુલાબજળ ૪ તોલા.
સાકર ૨॥ ૧૦ બાર આખી.
કેસર ગેળાનીભાર.
એલચી પાવલીભાર.
પાયેર બદામ.
પાયેર પીસ્તાં
૩ શેર સાકર દળેલી

ચણાની દાળ શેર બે પાણીમાં ધોઇ નાખી રાત્રે ત્રણશેર દુધમાં પલાળી રાખવી. પાછી સવારે ૧૦ શેર દુધમાં ખીરની માફક પકવવી દાળને વાટી નાંખી એકરસ થાય એમ કરવું, એટલે આવો થશે. પછી બદામ તથા પીસ્તાંબાદી પાયેર પાયેર લઇને, વાટીને ભેળવી દેવું પછી ૧॥ શેર ઘીમા શેકવું. લાલ થાય ત્યારે ૩ શેર સાકર દળેલી ભેળવવી. બાકીની ચોળેને ખાંડી ગુલાબજળમા એકઠી કરી અંદર નાંખી દેવી અને જરા ગરમ કરી પાણી શોષાઇ જાય ત્યારે ઉતારી લેવું આ શીરો ઠન્ડો ઠન્ડો પીરસવો બહુ સ્વાદિષ્ટ ને મોંઘી મીઠાઇ આ છે

બીસ્કીટ બીજી રીત (૪૯)

પડનો રવો ઝીણો શેર ૦॥
ગોખાનો લોટ શેર ૦॥
ખાંડ દળેલી શેર ૦।
માંખણ શેર ૦॥ (દોઢ પાયેર)
ગેળાનીભા તોલો ૦॥
દુધ બરાર પડે તેટલું

મેં બીસ્કીટની રીત આપી હતી, તેનાથી આ જુદી છે, ને આનાથી બધારે મોટા મોટા બીસ્કીટ થશે. ગેળાનીભાને લાકડાના પાટીમા ઉપર વાટી નાંખી તેમાં બંને લોટ ભેગા કરીને બરોબર ભેળવી દેવા પછી ખાંડ ભેળવવી, અને તેમા માંખણ નાખી ખૂબ મસળવો લોટ જો બરોબર ન બંધાય તો થોડું દુધ નાખવુ કણક કણક રાખવી ઢીલી ન થવા દેવી. લોટ બાંધતી બખતે તાજી કણકનાં વાસણ વાપરવા; કારણ ગેળાનીભાથી તુરત કટાઇ જાય. લોટ બાંધ્યો હોય, તેના પુરી જેવા ઘુવા કરીને વેલણથી વણવા. પુરી જેવા ના ફાવે તો બાખરા જેવા ઘુવા કરીને ચપ્પરપારા જેવા કાપા કરીને અંદર નકશી પાડવી. પાટ કરવા માટે કામકાની સળી લઇ અંદર કાણા પાડવા ને બીજાને પણ તેજ સળીથી નકશી પાડવી ચુલે અગ્યા સગડી ઉપર તપેલુ મુકી અંદર રેતી પોકારવી, તૈયાર કરેલી બીસ્કીટ થાળીમાં માય તેટલી મુકી ઉપર નીચે તાપ ધીમો રાખવો. બીસ્કીટ પુરી કરતા જરા નરમ રાખવી; કેમકે બળી જાય નહિ. ચુલા કરતાં ભઠ્ઠીમાં સારી થશે. રવાને બદલે મેંદો કે સદરો પણ ચાલે

કોકો બોળી (૫૦)

ગોખાનો લોટ
બમવેલુ નાળીએર લીલુ.
લીલા મરચાં વાટેલાં
જરા કોથમીર.
દુધ
મીઠું.

ગોખાનો લોટ જેટલો હોય તેટલું બમણુ લઈ તેમા મરચાં કોથમીર, જરા મીઠુ વિગેરે નાંખી દુધથી લોટ બાંધવો લોટ બાંધી તેના ઘુવા કરી હાથથી મસળી જલેબી માફક ગાળ આકાર હાથથી બનાવવા. પછી તેને ધીમા તાપે ધીમાં તળવા.

ભારતના

રચનાર : શ્રી.

[ઢાળ : પૂનમ ચાંદની

૧

સહિયર ! આલેાને
ઉગ્યેા ભારતખેાળે
ફીટે સૈકાઓનાં

૨

જગત તણા ઇતિહાસમાં જુનેા આર્યઆદેશ,
ભગવતની ભૂમિ પરે સેાહે શેા વિશ્વેષ;
જુના દેવળિયામાં પમરે મિષ્ટ સુવાસ,
લેાકે સર્વ જનેાનાં લેાચન દર્શન પામવા રે,—સહિયર૦

૩

જુના દેહ વિશે વસે જુના જુના પ્રાણ,
તદપિ યૌવનમાં ઝરે જોમ ઉડાં ગુમાન;
બેઠે ખંજર કાતિલ કાળતણાં નવ પાંખ,
એવાં પુણ્યપુરાણા ભારતનાં યશગીતડાં રે,—સહિયર૦

૪

હિમાદ્રિ જુનેા ઉચેા ગિરિમાળાનેા જ્યેષ્ઠ,
પતિતપાવની જાહ્નવી સરિતસમૂહે શ્રેષ્ઠ;
પાકે પૃથ્વીના પયળ બર ભારકુતખ,
મુકે દેશ દેશમાં વિશ્વધરમના વાયરા રે,—સહિયર૦

૫

દેવ, મહર્ષિ, સતની મનભાવી વસભેામ,
તપસ્વીઓના તેજથી ઝગમગતી રસજ્યેાત;
આંખા કીર્તિકળશ યુગચક્ર ફર્યે નવ થાય,
એવી અમિત અખંડ પ્રભા રેલાયે હિંદમાં રે.—સહિયર૦

બુદ્ધ, કૃષ્ણ ને ક્રાઇસ્ટના
તે સૌ સેાહે નેા જશે
એવા મા'ત્મા થી
ગૂંથ્યેા જીવનસૂત્રે

તપસ્વી

'ઠાંન ઠાળો'

બીજી પૂરી થઈ રે]

સાધ મળી ઉલ્લાસમાં રે,
નવલો રસભર બાપુ,
જુગમ સીતમ અંધારડા રે.—સઝિયર૦

૬

પ્રકૃતિ ખીલ્યા હાસ્યથી પીરસે નિજ રસધાળ,
વિશ્વજનો સમતા ખુવે પેખી ભાતરસાળ;
નિરાશિત સ્વજનાં પંખીગણોનાં કલરોલગાન,
હોંમે બાળક ને રસમુંદરીઓ રાસે રમે રે—સઝિયર૦

૭

આજ ઊચે ભારતતણા આકાશે શોભાય,
પૂર્ણચંદ શો ઉજ્વળો આત્મા મોહનદાસ;
પ્રાચીન તપસ્વીઓના તપબળનો શણગાર,
આણ્યું ફિરત થયા આકરે જગનાં લોકને રે—સઝિયર૦

૮

આર્ય જનેતાએ જણ્યો આર્ય તનુજ લેખાય,
વિશ્વ અખિલ ઉદ્ધારવા મરી રહે નિજ કાય;
મોંઘા પાઠ પઢાવે ધર્મ તણો અવતાર,
ભારમે ચઢતી ભતી પળપળ દોડી વિશ્વની રે—સઝિયર૦

૯

સુખ ભાત્ર મુકી થયો રંક તણી એ વેશ,
અંતરમાં અવિરત વહે ધર્મ તણી રસરેલ;
એનાં મુખમંડળને ઘેરે અમલ પ્રકાશ,
જેને વિશ્વપ્રભુનાં ઉરે રસસ્થિરવાં રૂડાં રે—સઝિયર૦

જીવનમય ભજાય,
મોહનજુસી માંહ;
તપસ્વીના સિદ્ધાંત,
ધર્મ સોહામણા રે.—સઝિયર૦



ગૃહલક્ષ્મી કોને કહી શકાય?

લેખક : શ્રી નિરિલાપ્રસાદ ભવાનીશંકર ઓઝા, બી એ

'**મા**નવપુરાણના આ મહાકાળમાં સ્ત્રી અને પુરુષ અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. પૃથ્વી ઉપર સાંપ્રત કાળની સવાર પડી ત્યારથી નવા પ્રશ્નો ઉભા થયા અને નવી પ્રવૃત્તિઓ જન્મ પામી. નવયુગના પ્રવાહમાં માનવજાતિની શૃંખલાઓ તૂટવા માંડી, અજ્ઞાનનું તિમિર ઓછું થતું ગયું, બુદ્ધિ સ્વતંત્ર અને છુટી થઇ અને આશા ઉત્સાહના અજવાળાં પ્રસર્યાં. આ પુનર્જીવનને લીધે સૈકાઓ થયાં પાછળ રહેલી સ્ત્રી પણ મનુષ્યજાતિની સામે આવી નવીન યુગમાં પોતાનો હિસ્સો માગતી ઉભી રહી ''*

સ્ત્રીસંબંધી આજે બે મત છે. એ બેઉમાં સંસ્કારી અને અસંસ્કારી, નાનાં અને મોટાં, વૃદ્ધ અને જુવાન, સમજુ અને અણસમજુનો સમાવેશ થાય છે. એક પક્ષ સ્ત્રીને અતિ ઉચ્ચ અને બીજો પક્ષ તેને અતિ નીચી માને છે કોઇ તેને બુદ્ધિ વગરની, ગૃહકાર્યને લાયક, અને સંતાનોને ઉછેરવા જંદગી જીવનાર ગણે છે, તો કોઇ તેને આશા, ઉત્સાહ અને સૌંદર્યપ્રેરતી, કવિતાની પોષક અને પ્રભુતાની મૂર્તિ સમી, દયાની દેવી અને સૌન્દર્યના ચણુમારરૂપ માને છે. સ્ત્રીનો ઇતિહાસ ઉકેલતાં આ બેય મતવાદોમાં સત્યાસત્ય રહેલાં છે. એજ લેખક કહે છે કે 'સ્ત્રીએ પ્રજાઓ અને રાષ્ટ્રોનો નાશ કર્યો છે અને કાયર પુરુષો પાસે કમર કસાવી છે, નિર્દોષના ખુન કર્યા છે અને અનેક મરતાઓને જીવાડ્યા છે. કેટલાંય પ્રેમાળ દૈવાંશોને ચીર્યાં છે અને મનુષ્યહૃદયનાં શ્રમી ગયેલા પ્રેમપ્રવારા સચેત કર્યા છે, તે અંધારાથી બીતી છે અને યમને જીત્યો છે, તેણે પુલતી શય્યા ભાગી છે અને કઠોર તપ આદર્યા અને પુરાં કર્યાં છે, મહાકાવ્યો રચુરાવ્યાં છે અને મહાવિગ્રહો જગાડ્યા છે. સ્ત્રી આવી અદ્‌ભૂત અને ગહન છે, તેથી તેની કથા અને અને કળા સદાએ અધુરાં રહ્યાં છે. સ્ત્રી ખાલી સ્ત્રી નથી પરન્તુ એક વિશાળ વિશ્વ છે.

પુરુષ સ્ત્રીને માથે લઇને ફર્યો છે પ્રિયાના હૃદયના જળથી તૃષા છીપવવા વનેવન તે આથડ્યો છે, વિદેહી પત્નીની કબ્ર પાસે ઉભા રહી તેણે રાત્રીનો પાલવ ભીંજવ્યો છે, પ્રિયાની આરામમાટ માટે દેશોદેશના કારીગરો આમંત્રી ધમારતો બાંધી છે, તેના એક બોલે ભીખ માગી છે અને એક ટુંકારે સિંહાસનો ત્યાગ્યાં છે. પુરુષે સાચો સ્ત્રીના સ્ત્રીપણાનો અમલ સ્વીકાર્યો છે.' લેખક ઘણે અંશે સાચો છે પરન્તુ આધુનિક સમયમાં સંસારરથના સ્ત્રી અને પુરુષ રૂપી બે ચક્રો વિરુદ્ધ દિશામાં

* વડોદરા હમરસાહીત્ય

પ્રયાસ કરતાં માલમ પડે છે રોકેલા જળ પ્રવાહને માર્ગ મળતા તે વધુ વેગવાન બને છે તેમ સ્ત્રી આજે પ્રયત્ન થઇ છે. સ્ત્રીને હવે સ્ત્રી નથી રહેવું; પુરૂષ થવું છે અગર તેની બરોબરી કરવી છે; તેને પુરૂષનાં કામો કરવાં છે. પુરૂષના જગતમાં ઘુમવું છે અને પુરૂષની હરિફાઇ કરવી છે. પાશ્ચાત્ય દેશોમાં આ દ્વન્દ્વ ચાલુ પણ થયું છે.

ભારતવર્ષમાં સ્ત્રીજાતિનો ઇતિહાસ તપાસતાં ભારતીય સ્ત્રી હજી એટલી કક્ષાએ નથી પહોંચી પુરૂષના હરિફ કરતાં તેની સહધર્મચારિણી તરીકે રહેવાનું વધારે પસંદ કરે છે. કુટુંબ ભાવના હજી તેના મનમાંથી સમુળગી નાશ પામી નથી લગ્ન પ્રથા જો કે બધે જરી ચર્ચાસ્પદ થઇ છે પરન્તુ લગ્નનો આદર્શ હજીએ એ જ છે એ પ્રથા સુધારો માંગે છે, નિર્મુળ થવા ઇચ્છતી નથી ગૃહિણી અને ગૃહ લક્ષ્મીના સનાતન આદર્શો કાળના અનેક ઝંઝાવાતો અને કુમકાઓની સામે અવિચલ ઉભા છે સ્ત્રી અને પુરૂષના સંબંધ ઉપર જ માનવ જીવનના પાયા રચાયા છે અને એ સ્થાપિત સમાજની જરૂરીઆત કોઇ પણ જરી ઓછી થઇ નથી.

સંસ્કૃતમાં એક સ્થળે લખ્યું છે કે ગૃહિણી ગૃહમુચ્યતે । આર્ય સમાજમાં અને આર્ય કુટુંબોમા ગૃહિણીનો આદર્શ અતિ મહત્તા પૂર્ણ છે આદર્શ ગૃહ લક્ષ્મી વસ્તુતઃ ઘર, ઘર નથી પરન્તુ અલ્પ સમય માણવા માટેનું એકાદ ઉપાહારગૃહ છે. સજ્જનતાના કાળથી જ સ્ત્રી પુરૂષની મિત્રતા ચાલી આવે છે. એક બીજાની ન્યૂનતા અનુપ્રેક્ષણ કંપતી પુરે છે, એક બીજાના દોષોનું આવરણ કરે છે અને એક બીજાને હિમતવાન બનાવે છે. સમાનશીલ વ્યસનીથી જ જીવનાબ્ધિ સુખરૂપ પાર ઉતરી શકાય છે. મનુષ્યના કૌટુમ્બિક અને સામાજિક જીવનમાં સ્ત્રી અનોખો રસ પુરે છે. પુરૂષસ્વભાવજન્યસુક્ષતા, ખુમારી અને ગર્વ જેવા દુર્ગુણો સ્ત્રી પોતાની ઋજુતા, કોમળતા અને સ્નેહના પ્રભાવથી હલકાં કરે છે–ભૂંસી ધીમે ધીમે દૂર કરે છે. આખા દિવસના વ્યવસાયને અંતે, થાકીને લોથ થયેલા પતિને આનંદમગ્ન કરે, ગૃહકાર્યનો બોજો ઉપાડે, ઘરી અન્નપૂર્ણા બને, બાલકોની કેળવણી અને ચારિત્રની સંભાળ રાખે, ગુરૂ જનોની સુશ્રુષા કરે, અનુજીવીઓ ઉપર દયા રાખે અને પતિ સેવામાં ઉત્સુક રહી ગૃહ જીવનમાં ખરી સુંદરતા અને સુવાસ પુરે અને ગૃહ સંસારમાં આવા ભાવો આણી શકે અને આખા ય સંસાર જીવનને ઉન્નત્ત કરે તે સ્ત્રીને ગૃહલક્ષ્મી કહી શકાય. પતિ સાથે ગૃહસ્થાશ્રમનું સેવન કરતાં આત્મ કલ્યાણ સાધવાનો યોગ્ય સ્ત્રીને સંપૂર્ણ અધિકાર છે અને ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી પોતાની ગુપ્ત શક્તિઓને પુર બહારમાં બીલવી શકે છે અને તેથી જ વિવાહવિધિને બીજાઓ ઉપનયન સંસ્કાર[૧] કહેવામાં આવે છે.

આ સ્થળે જણાવી દેવું અગત્યનું છે કે આધુનિક ગૃહલક્ષ્મી વેદના અને ધર્મશાસ્ત્રોમાં કહેલી " સહધર્મચારિણી " કરતાં જુદી જ ભાત પાડે છે. ગૃહલક્ષ્મીની જુની ભાવના પતિને જ પરમેશ્વર માની તેના ગમે તેવા ક્રોધ, રોષ, જુલ્મ અને જોહુકમીને માથે ચઢાવી લેવાનું આધુનિક ગૃહલક્ષ્મી સ્વીકારી લેવા તૈયાર નથી અને સ્ત્રી જાતિ પ્રત્યે જે સંકુચિત વૃત્તિ જુનાં શાસ્ત્રોમાં માલમ પડે છે તે તે પસંદ કરી શકે એમ નથી. તેમ જ તદ્દન પાશ્ચાત્ય જીવન કે જેમાં અતિ પ્રયત્નપૂર્વક લગ્નપ્રથાને અનેક પ્રકારો કરી નિર્મૂળ કરી નાખવાની યોજનાને

૧ વૈવાહિકો વિધિ : સ્ત્રીણામૌપનાયનિક : સ્મૃત : । (મનુસ્મૃત)

એ અપનાવી શકતી નથી. આર્ય જીવન જીવતી ભારતીય ગૃહલક્ષ્મી હમેશાં કુટુંબને પૂજે છે, પતિને પ્રેમાર્પણ કરે છે અને ગૃહસ્થાશ્રમને ઉજાળે છે. એનાં મૃદુતા, સ્નેહ, કુટુંબ પ્રેમ, અને માતૃપદ કદી મોળાં પડતાં નથી. કુટુંબસેવા, સમાજ-સેવા, પતિસેવા અને સ્વદેશીસેવાના ફણગા આદર્શ ગૃહિણીમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે આજના નવીનયુગમાં 'નવીન સ્ત્રી'નો ઉદ્ભવ થયો છે અને એ નવીન સ્ત્રીનો ગૃહલક્ષ્મીનો આદર્શ આપણને ઘણે અંશે નવીને લાગે છે પરન્તુ એ નવીન નથી, એમાં બહુધા નવા અને જુનાનો સુન્દર મેળ છે. નવીન આદર્શો અને જુનાં હિતાવહ માર્ગોનું એમાં આબાદ મિલન છે.

એક અંગ્રેજ લેખક સ્ત્રી વર્ગના બે વિભાગ કરે છે. એક વર્ગ સેવિકાનો—જે પતિની સેવા પાછળ તન મન અને ધન અર્પે, તેના વ્યક્તિત્વમાં પોતાને ગમાવી દે અને ધૈર્યશીલ હૃદયે સંસારભાર વહે તેનો. બીજો 'રોલી'-દીંગલીઓનો જેને પુરૂષો રમાડવા, જેને હસાવવા અને ખેલાવવામાં પોતાની પુરસદનો વખત ગાળે તેનો. દરેક દેશમાં બહુધા આ બે વર્ગો દૃષ્ટિગોચર થાય છે. 'સેવિકા' કહ્યા જે કે હું જીવન સર્વસ્વ અર્પી પુરૂષને મદદ કરું છું; 'રોલી' ધારે છે કે હું પૈસા ખર્ચવાનું સાધન બની પુરૂષના કોડ પુરા કરું છું. પણ આ બંનેની ધારણામાં ભમ્યા છે "પુરૂષ પોતાના સ્ત્રી સંબંધીઓ પાસેથી સેવાની કે શોખની આશા નથી રાખતો દરેક સ્ત્રી સંબંધીમાં—સ્ત્રી, માતા, પુત્રી કે મિત્રમાં—તે કાર્યપ્રેરક દેવી શોધે છે. જે પત્ની એવી કાર્યપ્રેરક દેવી બને તેને ગૃહલક્ષ્મી કહેવી એ અરધાને નથી. પરાપૂર્વથી પુરૂષ દેવીભક્ત છે સ્ત્રીઓ તેમના સંતાનોની કુશળ માતા થાય તેમનો કાબૂ કે નીરસ સંસાર ચલાવે, સમાજસેવાનાં વ્રત લે એ બધી આશા પુરૂષો જરૂર રાખે છે પરન્તુ તેમની ખરી યાચના પ્રેરણાની હોય છે અને એ પ્રેરણા તેમને બીએટ્રીસ જેવી સખી પાસેથી, દેવયાની જેવી પુત્રી પાસેથી અને રજપુત વીરાંગના જેવી પત્ની પાસેથી જો તેમને મળે તો તેઓ પોતાની જાતને કૃતકૃત્ય માને છે. જીવનમાં—માતા, ભગિની, પત્ની અગર પુત્રીરૂપે આવી સ્ત્રી પુરૂષને મળે ન મળે તે તો ભવિષ્યની વાત પરન્તુ એ સદ્‌ભાગ્ય મેળવવા માટે દરેક સંસ્કારી પુરૂષ વલખાં મારે છે અને એ પ્રેરણામૂર્તિ પ્રાપ્ત કરવી એજ પુરૂષોનું જીવનધ્યેય હોય છે."[૨] જે સ્ત્રી આવી પ્રેરણામૂર્તિ બને તે ગૃહલક્ષ્મી બની શકે. કવિ નાનાલાલ 'વસન્તોત્સવ'માં પ્રિયતમાની પ્રેરકતાનું એક શબ્દચિત્ર આપે છે:—

" કરુણાભર્યા કૃપા કટાક્ષ,
નિર્મલા વિલાસ વૈભવ,
સ્નિગ્ધ કોમળું હૃદય,
સ્વર્ગગીત ગુંજતો આત્મ,
અનંતવિશ્વનો સાર,
મધુરપ્રેમ, પ્રભુતા;
પ્રિયતમે ! તમારાં નયનમાં,
મેં તે સહુ દીઠું છે,
તેમના આદેશ ઉઠાવવા,
તે નયનના સન્દેશ સમજવા,
તે જીવનની સૌભાગ્યશોભા છે. "

ગુણસુંદરી ગોવર્ધનરામની આદર્શગૃહિણીની ભાવના છે. હિંદુસમાજની સંયુક્ત કુટુંબ યોજનામાં સંયુક્ત કુટુંબના બખેડાની અંદર સુવર્ણદંડ જેવી દેખાતી, ગુણસુંદરીનું વર્ણન સુંદર છે મહનશીલ, ક્ષમાધર, ચતુર અને સરકારી, વિદ્યાચતુરની ગૃહલક્ષ્મી અનેક

૨ કનૈયાલાલ મા. મુન્શી.

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ સ્ત્રી-વિદ્યાલય



સામાન્ય જ્ઞાનના વિષયમાં પ્રથમ આવનાર બહેનો

શ્રી નીરાબહેન હ. તન્ના (૧લું વર્ષ) | સૌ. સ્નેહલતીકા જ. ઠક્કર (૩જું વર્ષ) | સૌ. વેણીબેન વિ. નાયકીઆ (૧લું વર્ષ)

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડળ-સ્ત્રી-વિદ્યાલય



સૌથી વિશેષ હાજરી (નિયમિતતા) માટે " ગુણસુન્દરી ચન્દ્રક " મેળવનાર બ્હેનો

કુ. વીરમતી અ. દીવેચા (૨જું વર્ષ) | કુ. કુસુમ છ. મારફતીઆ (૩જું વર્ષ) | સૌ. જયાલક્ષ્મી હિં. ગાંધી (૧લું વર્ષ)

દુઃખો અને વિટંબણાઓની પરંપરામાંથી પસાર થાય છે અને સૌમાંથી હસતે મોંએ, પોતાનાં પ્રતિપક્ષીઓને સ્વપક્ષી કરી, ભહાર નીકળે છે આખા કુટુંબભરની અરધદ્દ ધટિકા ગુણસુંદરી એકલે હાથે ખેંચે છે અને એ ચિત્ર જ્યારે ઘરના ખટરાગમાં, પતિનુ અને પોતાની તકુરસ્તીનુ પણ ભાન ભુલેલી ગુણસુંદરી, પ્રસૂતિકાળની વેદનાથી એકાએક બેભાન થઇ ગરીબ સુંદરબૌરીના હાથમાં ઢળી પડે છે ત્યારે અત્યંત કરુણ બને છે પરન્તુ આતો કાદમ્બરી અથવા નવલિકાની આદર્શ ગૃહિણીની વાત કરી. આપણા જીવન્ત સંસારમાં, કુટુંબમાં અને સમાજમાં ગૃહિણીરત્ન કોને કહેવું એના શાસ્ત્રોક્ત નિયમો નથી. મનુષ્યજીવન એટલુ અટપટુ છે, મનુષ્યના આજુબાજુના સરકાર અને વાતાવરણ એવાં અગમ્ય છે અને માનવજાતિ એટલી વિચક્ષણ છે કે તેમાં વિદ્વાનની દૃષ્ટિએ કોઇ ગૃહલક્ષ્મીની પૂર્ણ વ્યાખ્યા કે ગુણો ન આલેખી શકાય, છતાંએ આટલાં વર્ષોના જનસમુદાયના અનેક અનુભવોને આધારે ગૃહિણીને ગૃહિણીરત્ન અથવા ગૃહલક્ષ્મી બનવુ હોય તો થી થી વાતો ધ્યાનમાં રાખવી જોઇએ અને શા શા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા જોઇએ તેનો બહુધા અનુભવજન્ય, જરૂરીયાતપૂર્ણ અને શાસ્ત્રવિહિત ખ્યાલ આછી રીતે દોરી શકાય. એવો ખ્યાલ પ્રાચીન સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે કવિકુલગુરુ કાલિદાસ, શાકુંતલમાં તે વિષે લખે છે[૩] પણ આજના અતિવ્યાપ્ત સંસારમા રાજરાણી કરતાં ગૃહિણીને બીજી અનેક બાજતો લક્ષ્યમાં રાખવી પડે છે એટલે સામાન્ય નિયમો ન ગણાવતાં આદર્શગૃહિણી અથવા ગૃહલક્ષ્મીની શી શી ફરજો છે અને શા શા ધર્મો છે તેનુ વિવરણ કરવું જરૂરનું છે એ કરજો જે સ્ત્રી બાઇ સમજે અને અપનાવે તેને ગૃહલક્ષ્મી કહી શકાય.

ખરી ગૃહલક્ષ્મી કુટુંબરાજ્યની પ્રધાન છે.[૪] જેમ કોઈ મંત્રી આખા રાજ્યના સારા નરસાને માટે રાજાને જવાબદાર છે અને એ રાજ્યને સુદૃઢ અને સારા પાયા ઉપર ચલાવી રાજાને સંતોષ આપે છે તે પ્રમાણે ગૃહલક્ષ્મી થવા ઇચ્છતી બાઇએ પોતાનો ગૃહમંત્રસાર મંત્રીમિસાલ ચલાવી પોતાની નિપુણતા તેમાં દાખવી ગૃહરાજ્યના રાજારૂપી પતિને ખુશ કરવો જોઇએ. પુરુષ પોતાના ધંધારોજગારમાં અગર નોકરીચાકરીમાં ગુથાએલો હોય ધન ઉપાર્જન કરી લાવે છે એ ધનનો યોગ્ય ઉપયોગ કરવો અને ગૃહરાજ્યની અનેક ઉપાધિઓમાંથી સુખરૂપ બહાર નીકળવુ તે બીની ફરજ છે. કુટુંબજીવનની બધી જરૂરીઆતો, અડચણો, દેખરેખ અને જોઇતી ચીજોની સગવડ કરવી, બાળબોપાળને સુરક્ષિત રાખવાં, તેમનાં કેળવણી અને અભ્યાસની ચિંતા રાખવી, મૃદુ અને મીઠા શબ્દો વડે તેમની ભૂલો દુર કરવી, પતિની બધી જરૂરીઆતોનુ ધ્યાન રાખી સગવડ કરવી, કુટુંબીજનોની સારસંભાર, સેવાચાકરી અને માન રાખવાં, નોકરો ઉપર દેખરેખ રાખવી, પૈસાટકાનો ખ્યાલ રાખવો, નિત્યના ખર્ચનો હિસાબ રાખવો, વડિલોની આજ્ઞા પાળવી, તેમની ભોજન વ્યવસ્થા કરવી, નાતજાતમાં રીત પ્રમાણે રહી કુટુંબ આબરૂ જાળવવી, કુટુંબસેવા કરવી વગેરે ગૃહમંત્રીનો અનેક કરજો છે. પુરુષના મનોવ્યાપાર નોકરી અગર વ્યાપારમાં ધનોપાર્જન કરવામાં હોવાથી ગૃહતંત્ર ઉપર તેનો સીધો કાબુ રહેતો નથી અને રાખી શકતો, પણ


૩ શુશ્રૂષસ્વગુરૂન્કુરુપ્રિયસખીવૃત્તિંસપત્નીજને
ભર્તુર્વિપ્રકૃતાપિ રોષણતયા માસ્મ પ્રતીપંગમ ।
(શાકુંતલ)

૪ ગૃહિણી સચિવ સખી મિથ પ્રિયશિષ્યાલલિતે કલાવિધૌ । (રઘુવંશ)

આતુર નયને રાસ સાંભળવા બેસી રહે છે. એ રાસયુગ પાછો હવે આવે છે; રસિકાઓ ફરીથી એ રાસયુગ લાવે છે.-મૌલિક સંગીત આદર્શગૃહિણીનું એક ખાસ તરી આવતું લક્ષણ છે ઉપર્યુક્ત ગુણો બધીજ ગૃહલક્ષ્મીઓમાં હોવા જ જોઇએ અને જો એ ન હોય તો તે વગરની સ્ત્રી ગૃહલક્ષ્મીનું અભિધાન નજ મેળવી શકે એવો કાંઇ નિયમ હોતો નથી. બધા માનવીઓની બધી શક્તિઓ સંપૂર્ણતાએ પહોંચેલી હોતી નથી અને બીજેલી હોતી નથી. એક લક્ષણ એક મનુષ્યમા વધુ ઓછો માલમ પડે તો બીજામાં બીજુ ખાસ લક્ષણ વધુ તરી આવે, બીજાઓનુ પણ તેમજ સમજવું. પરન્તુ ગૃહજીવનના વ્યવસાયમાં બીજે અનેક ઇરજાઓમાંથી પસાર થવું પડે છે. ઉપરના ગુણો ગૃહજીવનના વ્યવસાયમાં ખાસ અગત્યના છે. એટલે એ ગુણવિભૂષિત સ્ત્રી ગૃહજીવન સારી રીતે નભાવી શકે છે. ઉપરના ગુણો કે શક્તિ સ્ત્રીઓમાં હોય તો સ્ત્રીપદને તેઓ અધિક ઉજાળી શકે

અત્યારસુધી તો નારીજીવનની બાહ્ય વાતો કરી; ખાસ કરીને ગૃહસ્થાશ્રમ અને તેમા બીજા ઇરજાઓ, એ વિષય પરત્વેની વાતો થઇ કુશળ ગૃહિણી ઉત્તમ ગુણોથી ગૃહસ્થાશ્રમને ઉજ્જવળ કરે પણ એની નારીજીવનની ભાવના કેવી હોવી જોઇએ તે જાણવાની ઘણી જરૂર છે. બીજાતમાં એ કેવો ભાગ ભજવે તેનું નિરુપણ કરવું અસ્થાને તો નજ ગણાય. પુરૂષ કરતા સ્ત્રી ઘણી કોમળ, પ્રેમાળ અને અહિંસક છે. એ બધાંમાંથે ઉત્તમ ગુણ સહનશીલતા છે અનેક દુઃખો પારકા માટે પોતે સહન કરે છે. કુટુંબના સુખ માટે પોતે અનેક સંકટો વેઠે છે પણ તે પોતા માટે નહીં હોતાં કુટુંબીજનો માટે હોય છે પુરાણોનો ઇતિહાસ ઉથાડીએ તો દમયંતીને પતિ પાછળ જંગલોમાં અર્ધવસ્ત્રે ભટકતી આપણે જોઇએ છીએ, તારામતીને સત્યવાદી હરિશ્ચન્દ્ર માટે વારાણસીની બજારોમા વેચાતી જોઇએ છીએ; સીતાને પતિ માટે વનવાસ સહણ કરતી જોઇએ છીએ. આમ સ્વાર્થને દાબી પરમાર્થ અને પરોપકારમાં તેને ડૂબ થતી આપણે જોઇએ છીએ. આર્યાવર્તની સંસ્કારી સ્ત્રીઓમાં એ ભાવના આદર્શમય છે. પરન્તુ એ સહનશીલતા સ્ત્રીને દાસી બનવા નથી પ્રેરતી. 'નવા યુગની સ્ત્રી એટલે દાસી નહીં પણ સાથી, ભાર્યા નહીં પણ સંસારનાવની સુકાની, ગૃહની અધિષ્ઠાત્રી અને સાથે ઉડનારી સહચરી *" આ ભાવના તેનામાં જાગ્રત રહે છે. સહનશીલ અધિષ્ઠાત્રી થવાના તેને કોડ છે. સનાતનકાળથી ચાલી આવતી સ્ત્રીત્વની ભાવના યુગેયુગે બદલાય છે પરન્તુ તેમા રહેલી આ ભાવના તો અમર અને જાગ્રતજ છે, અખંડ છે, અવિકારી છે; તે ગૃહિણી છે, સખી છે, દાસી છે, બધું છે, કર્મમાં આદર્શ રમણીરત્નને ઠગલે સદ્‌ગુણ અને ડહાપણ પ્રવર્તે છે એના હૃદયમાં ભલાઇનો ભવ્ય મહેલ છે. જે મનુષ્યને આવી પત્ની પ્રાપ્ત હોય તેનુ જીવન અહોભાગ્ય ! જે બાલકને આવી માતા હોય તેનું જીવતર ખરેજ ધન્ય અને સુખી હોય છે !

* લીલાવતી મુન્શી.



ચિત્રકાર શ્રીમતી દીવાળીબહેન જી રાઠોડ

સ્ટેશનનો સમય થવા આવ્યો છે. બુલેટ્સરના રસ્તે ભારે ભીડ અને મરણગોંધાટ જામી રહ્યો છે. ત્યાંથી એક ઓ અને બે બાળકો જરૂરસર આવ્યાં જણ છે તેમના મુખપર ચિન્તા દેખાય છે નાનો બાળક ભીડમાં ચાલતાં ચાલતાં વારંવાર પડી જાય છે. તેને ઉઠાડી તેની માતા વળી આગળ ચલાવે છે. તે બાઇના હાથમાં કંઇક જડબો છે તેઓ ત્યાંથી નીકળી એક મોટા મકાન પાસે આવી પહોંચે છે અને તે મકાનમાં ઉપર ચઢી એક દિવાનખાનામાં જાય છે તેમને જોતાંજ ઘરની રોહણી તરૂણી ઉઠે છે. તે રોહણીનું નામ વિલાસીની છે

વિલાસિની—(ક્રોધમાં)-કુમુદિની, કેમ આટલું બધું મોડું થયું ? દર્શન કરવા ગયા તે ગયાજ ? ઘરમાં કંઇ કામકાજ જોવું કે નહિ ? અને વળી આ પોટલાં લાંબાં લાવી છે ?

કુમુદિની (ડઘાઇલા અવાજે)—મોટીબેન એ તો બાજીના કપડા લાવી છું. (વળી ગભરાય છે તેથી બટકી જાય છે ને રોહણી ભેગા થાય છે.) મને મોડું તો એમ થયું કે બજારમાંથી આજે બહુજ ભીડ હતી. કું તો જેમ તેમ કરીને નીકળી આવી છું. વળી આ બરેન્દ કેમે કરી ચાલતોજ નથીતો. આવી વાર થઈ

વિલાસિની—(મોં ચઢાવી અભિમાનથી)—વાહ ! આ બધો શોખ શા પર કરો છો ? કર્મ તો કપિરનાં છે, નહિ તો વળી શું એ કરત ! પણ એ બાજીબાઇ મારા ઘરમાં નહિ ચાલે ! મને તો એ બરવાડ જેવા કપડાં દીઠાંએ ગમતાં નથી. તું એ જાણે છે છતાં એ લાવીને મારું અપમાન કરે છે ?

કુમુદિની—(ગભરાઇને)-હું ૬ મોટી બેન, એવું શું બોલો લાવો છો ! મારે અપમાન કરવાનું કારણજ શું હોય ? તમે તો મારા અન્નદાતા છો ! તમારા આશ્રયે તો અમે જીવી રહ્યાં છીએ આ તો મારાં કપડાં ફાટી ગયાં છે અને છોકરાઓના કપડાં પણ હવે સીવડાવવાનાં થયાં છે અને બધા જોગા હવે આવી ગયાં છે તેથી મેં પણ એ લીધી કારણ કે એ દશ વધારે તેથી બે દિવસ વધારે પરોણા બેન મે તો એ કારણે આણી લીધી છે. મારે તે વળી આ પર શોખ કરવાના હોય ! (ગળગળી થઈ જાય છે અને પાલવે આંસુ લુછે છે.)

કુમુદિની એક આનંદમાન અને સુખી ઘરની બાળા છે. તેના માતપિતાએ તેને ઉંચા પ્રકારની કેળવણી ઉપરાંત ગૃહકાર્યનું શિક્ષણ અને આત્મવારિક જ્ઞાન આપ્યું છે.

તેમની જાતિમાં વરની ઘણી અછત છે રોટી વ્યવહાર તો બીજી ઘણીએ જાતિ માથે થાય છે પણ બેટી વ્યવહાર તો અમુક તડમાંજ કરાય છે આથી કુમુદિનીની ઉમ્મર મોટી થવાથી તેમના માતપિતા મુંઝાયા અને પર થાવવાની ઉતાવળમાં પડી ગયાં. અને હિંદુ સમાજની રૂઢિ મુજબ વરના શિક્ષણની કે ગુણાવગુણની તપાસ કર્યા વગરજ માત્ર ખાન-દાન ગજવાતુ કુળ જોઇનેજ એક યુવક સાથે ઘણી ધામધુમથી કુમુદિનીના લગ્ન કરી નાખ્યાં. પણ જ્યારે કુમુદિનીને દુ:ખ પડવા લાગ્યું ત્યારે માતપિતાની આંખો ઉઘડી કે આ તો દીકરીને બળતી હોળીમાં હોમ્યા સમુ પાપ કર્યું ! વળી જે પૈસો લગ્નની શોભા અને જાતિ જમણોમાં ખરચી દીધો તે પૈસો જો પુત્રીના નામે વ્યાજે મૂકયો હોત તો આજે તે બિચારીને આપ લાગત પણ હવે વિચાર કરવો વ્યર્થ છે ! કુમુદિનીનો પતિ લાડમાં ઉછરેલો, તદ્દન અસરકારી અને ચાલુ જમાનાની ફેશન તથા કુટુંબમાં સપડાએલો હોવાથી વારવાર કુમુદિનીને મારપીટ કર્યા કરતો અને તે ઉપરાંત તેનાં દાગીના, કપડા કે જે કોઇ કિમતી ચીજો હાથમાં આવતી તે ચોરી જતો અને વેચીને પૈસા ઉડાવી દેતો. આથી કુમુદિનીના દુ:ખનો પાર રહ્યો ન હોતો ! તે અને તેના માતપિતા વિધાતાનો દોષ કાઢી દિવસ વ્યતીત કરતા હતા ! તેટલામાં વળી ગામમાં ઇન્ફ્લુએન્ઝાની બિમારી ખૂબ જોસમાં ફાટી નીકળી તેમાં તેના માતાપિતા સ્વર્ગવાસી થયાં. આથી કુમુદિની તદ્દન નિરાધાર થઇ પડી !

આવી દશામાંએ કુમુદિનીના પતિને સાન ન આવી. એક દિવસે વળી ધાંધલ કરીને પૈસા માગ્યા. એ બાપડી કયાંથી આપે ? તો પણ તે રાક્ષસે તેને ખૂબ મારી અને તેના ગળામાં મંગળસૂત્ર હતુ તે તથા તેના બે બાળકોના હાથમાં જીણી જીણી વીંટી હતી તે પણ ઝૂંટવીને કાઢી લીધી તથા ઘરમાંથી બધાંને હાંકી મૂકયાં ! આ વેળાએ કુમુદિનીએ બહુ આજીજી કરી કે હું બે જીવવાણી કયાં જાઉં ? પણ તેને દયાજ ન આવી તે બાપડી, રોતી કકળતી પોતાના બે બાળકોને લઇ એક મંદિરના ઓટલે બેઠી ! તેટલામાં ત્યાંથી તેના મસીઆઇ બનેવીની મોટર જતી હતી તે જોઇને ' માસા ' ' માસા ' એવી મૂંગો પાઠના બાલકો મોટર પાછળ દોડયાં મોટર ઉભી રખાવી બાળકો તેને વળગી પડયા અને રડવા લાગ્યાં. સઘળી બીના સાંભળી તેણે કુમુદિનીને પોતાને ત્યાં લાવી રાખી આ ગૃહસ્થનુ નામ ધનસુખલાલ શેઠ છે. અનાજના મોટા વેપારી છે ને પૈસે ટકે સુખી છે તેમ મનના પણ ઉદાર છે તેમનાં પત્નીને તે કુમુદિનીના માસીની પુત્રી થાય. તેમનું નામ વિલાસિની છે. પણ તેમનામાં નામ પ્રમાણેના ગુણ છે તે પૈસે તેમજ બાળબચ્ચાંએ સુખી છે. સ્વભાવે ભોળાં છે દેશી સંસ્કૃતિ અને દેશી પહેરવેશ પ્રત્યે જન્મજન્માંતરનું જાણે વૈર ન હોય તેમ હોવાથી, પોતે અને પોતાનાં બાળકો નખથી શિખપર્યંત વિલાયતી વસ્ત્રોથી વિભુષિત થઇને નર્યા અર્ધ ડફાડાજ ફરે છે. આવાં સ્વભાવવાળા હોવાથી પોતાને ત્યાં રહેલી એક આશ્રિત વ્યક્તિને સ્વદેશી કાપડ અને તેમાં પણ વળી જાડી ખાદી લાવેલી જાણીને તેને પગથી માથા સુધી જોઇ ચઢે છે તેથી કુમુદિની પર ગુસ્સે થઇને કહે છે.

વિલાસિની—બાબા નહિ તો વળી ' શું કહેવાય ? હમણાં હમણાં લોકો સાવ મૂર્ખા બનતા જાય છે. મૂર્ખાઇની પણ હદ હોય છે. અરે લગ્નવિવાહ જેવા માંગલિક પ્રસંગે પાઘડીને બદલે ધોળી ટોપી અને સેલા,

અમર, સાડી, ધંધોળાં અને ચુડીને બદલે બાદીની સાડી પહેરે છે એ તે કઈ ઠીક કહેવાય ! તેમાં વળી તુ એ એ સબધમાં બળી! પણ બધાં રખડી મરશે। રખડી ! એવા શોખ કરવા આપણે ના પોસે !

કુમુદિની—મોટીબેન ! લોકો કલાચ શોખને ખાતર ઐગ કરતાં હશે, પણ હું તો સમજીને જ બાદી લાવી છું !

વિલાસિની—(વચ્ચેજ)—અરે મ મજી તારૂં કપાળ ! અરર નધું ગુણપાટ જેવું ખરબચડું કાપડ લાવી અને પાછી કહે છે કે હું તો સમજીને લાવી છું !

કુમુદિની—મોટીબેન મારૂં સાંભળો તો ખરાં ! હું તો આપણા દેશબાંધવોને મદદ કરવા અને તેમના ભલા માટે લાવી છું.

વિલાસિની (મશ્કરીમાં)—ઓહો બાપ ! આ તો નવી વાત જાણી. બાદી પહેરનાર જ બુદ્ધિશાળ જેવા દેખાય ને અને શું બધુ કરવાનુ કહે છે ! બાકી શબ્દ બધ બેસે છે !

કુમુદિની—મોટીબેન હું બાંધી શકી નથી પણ સત્ય વાત કહું છું. માટે કરીને, મોટીબેન, તમે વર્તમાનપત્ર વાંચતાં હો તો બધું જાણોને કે આપણા દેશની હાલ શી સ્થિતિ છે. તે દિવસે મારા બનેવી પણ નહોતા વાત કરતા કે દેશમાં દાલ ..

વિલાસિની—(વચ્ચે અકળાઈને)—કુમુદિની, હવે બસ કર. તું અને તારા બનેવી આખો દિવસ દેશ દેશ કર્યા કરો છો પણ દેશની સ્થિતિ હું તમારા કરતાં વધારે સારી રીતે જાણું છું હમણાં લોકો જે દેશના ભલાની વાતો કરે છે ને તેજોજ દેશને દુખી કરી નાખ્યો છે હાય હાય ! લોકોના ઘરબાર લુટાઇ ગયાં, વેપાર રોજગાર પડી ભાંગ્યા, લોકોને રેવાનાં કાંદવા પડયાં, લાખોપતિઓ ભિખારી બન્યા, કહે મોન દેશ દેશ કરીને શું સાર કાઢયો ! અરે પહેલાં કેવો ધમધોકાર વેપાર ચાલતો હતો ! અને હવે આ તારી બાદીએ તો મોટી મોટી મારવાડીઓને ઉ જડ વેરાન કરી નાખી છે. આપણા વડવાઓ મૂર્ખા હતા અને હવે આજકાલના લોકો ડાહ્યા થવા નીકળ્યા છે ! દેશની ચામડી બચ બચ તોડે તું કહે છે કે દેશબાંધવોના ભલા માટે બાદી લાવુ છું ! દેશને મેં કશુ તેનાથી વધારે શું વર્તમાનપત્રમાં આવવાનું છે ! નજરે જોવું હું તે ખોટું છે ! હું તો

મુક્ત થવું એ સાચું

૧

ગંગા જમનાને તીર હું તો ન્હાતી રે,
ગંગા જમનાને તીર હું તો ન્હાતી
વીરાની જળ પાતી

૨

રજનીઆકારાનાં ગીત હું તો ગાની રે,
રજનીઆકારાનાં ગીત હું તો ગાતી
પૃથ્વીમાં મલકાતી.

૩

સન્યાસાગરનાં રત્ન હું તો ચાંખું રે,
સન્યાસાગરનાં રત્ન હું તો ચાંખું
ઈશ્વરનો રસ ચાખું.

૪

તારા-ફૂલડાંની માળા હું તો ગૂથું રે,
તારા-ફૂલડાંની માળા હું તો ગૂથું
પર્વત શિર પર મૂકું

૫

તરલી રંહિઆને ગુંજન હું તો નાણું રે,
તરલી રંહિઆને ગુંજન હું તો નાણું
મુક્ત થવું એ સાચું

૨૰૮૩૧ મોહિનીચન્દ્ર

નકામી આંખો ફોડવા અને વાંચીને માથું દુઃખવવા નથી માંગતી ! કુમુદિની, હું તને સાફ કહું છું અને આજે તો જવા દઉં છું પણ હવે પછી મારા ઘરમાં બાદી કદિ? લાવતી નહિ, સમજી કે ?

કૌમુદિની—મોટીબેન તમે મને પૂરૂ બોલવાજ દેતાં નથી. એકવાર તમે મારૂ પૂરૂ સાંભળી લો અને પછી કહેજો કે હું કહું છું તે ખરૂ છે કે ખોટું ? તમે જે વાત કરી તેમ થવાનું કારણ કંઈ બાદી નથી. બેન, બાદીથી તો કેટલાએ કુટુંબો અન્ન વગર મરતાં બચ્યાં છે !

વિલાસિની—(વચ્ચેજ બડબડાટ કરીને)—અરે હવે તારી માંડી માંડી વાતો રહેવા દે. બાદીએજ લોકોને મારી નાખ્યા છે

કુમુદિની—મોટીબેન તમારા મનમાં જે વાત પેસી ગઈ છે તે એકજ બાજુની છે એટલે કે તમે માત્ર મોટાં મોટાં શહેરોનીજ વાતો કરો છો. પણ આખા ભારતવર્ષમાં મોટા શહેરો તો માત્ર જવ્યાં માંડ્યાજ છે. પણ મોટે ભાગે ગામડા છે. તે ગામડાંમાં હવે કશો કુન્નર-ઉદ્યોગ રહ્યો નથી, તેથી કરોડો લોકો કામધંધાના અભાવે કમાણી વગર ભૂખમરો વેઠે છે વળી શહેરોમાં મીલો અને કારખાનાઓમાં મશીનોથી બધવહાર ચાલે છે. કાપડ વણવાથી માંડી ઘંચીની ઘાણીમાં પણ મશીનો ગોઠવાયાં છે આથી કાપડથી માંડી તેલ પીલવાના કારખાનાઓ પણ મશીનથી ચાલે છે. તેથી આપણા દેશનો જે હસ્તઉદ્યોગ હતો તે તદ્દન નાશ પામી ગયો છે ! કેટલાક લોકો ગામડાં તજી નોકરી માટે શહેરોમાં વસ્યા પણ શહેરોની લાલચમાં ફસી પડ્યા. આથી કમાવાને બહાને, થિયેટરમાં, હોટલનાં બાંકડામાં, નાટક સીનેમામાં, જુગાર અને સટ્ટામાં અને મહજ સહજમાં સોડા લેમન તથા ચા કોફીના પીણાની ટેવમા પડી ગયા. જેથી અનેક પ્રકારનાં દુઃખો, રોગો અને આપદામાં સબડતા થઈ ગયા છે આથી એવું બન્યું કે ગૃહઉદ્યોગથી ઘરને આંગણેજ સુખશાંતિથી જે સાદુ જીવન ગાળી લાંબુ આયુષ્ય ભોગવાતુ હતું તેને બદલે નોકરીયાત જીવન બન્યું અને અનેક રોગોના ભોગ બની અલ્પજીવી થઈ ઉદ્વેગ અને અશાંતિમા નકલી જીવન ગાળતા બની ગયા. અને તેમ થવાનુ મુખ્ય કારણ એ મશીનોજ છે સત્ય કહીએ તો મશીનોજ આપણા દેશનું દ્રવ્ય પરદેશ ખેંચી ગયા છે જો મશીનો બનાવવાની સત્તા આપણા હાથમાં હોત અને તે આપણા દેશમાં આપણાજ દેશી ભાઈઓ બનાવતા હોત તો આપણા દેશનેજ કમાણી થાત પણ તેમ બનતુ નથી. તેથીજ આપણે પરદેશી મશીનો ખરીદી લુંટાઈ જઈએ છીએ, એટલુજ નહિ પણ ગૃહઉદ્યોગને મારી નાખી કરોડોને બેકાર બનાવીએ છીએ. આપીજ ગામડાંના લોકોને માટે થોડા ખરચે સાધનો મેળવીને કમાણી કરી શકાય એવો ઉપાય આજ સુધી કશો જડતોજ નહોતો. પણ તે માટે સહેલો, સસ્તો અને વળી બાળકથી માંડી વૃદ્ધ સુધી સૌ લોક ઘણીજ થોડી મહેનતે અને થોડી સમજણે કરી શકે એવો ઉપાય મહાત્મા ગાંધીજીએ શોધી કાઢયો છે.

વિલાસિની—હે એ વળી શુ ?

કુમુદિની—મોટીબેન ! જે ચીજનો તમને કંટાળો છે તે રેંટીયો

વિલાસિની—એમ કે ! લે મોટી સમજણ પાડવા બેઠી છે. આખો દિવસ ઘુરરર ઘુરરર ઘુરરર ફેરવ્યાજ કરે તો માંડ માંડ ચાર પૈસા કમાય ! બ્યારે વિલાયતી કાપડમાં ઝલો ઝરાઈ જાય છે તેનું તને ભાન છે ?

કુમુદિની—મોટીબેન સાંભળો તો ખરાં ! જે લોકોને એક પૈસો પણ આખા મહિનામાં

જોવા મળતો નથી તેવા બાપડાને એક દિવસમાં ચાર પૈસા હાથમાં આવી પડે તે થોડા કહેવાય ? ચાર પૈસાના અનાજમાંથી તો બે રોટલા કે પારેર ખીચડી થઇ શકે છે અને તેમને અન્ન મળે છે તે પહેલાં એ લોકો અન્ન વિના તરફડીને મરી જતા હતા. જેટલું આપણા ઘરમા રોજ એઠવાડમાં અન્ન જાય છે તેટલુ યે જો તેમને મળે તો તેમના કેટલાએ માણસો જીવે એવી દયા આપણા ગામડાની છે. બેન તમે સુખી માણસ ગરીબોની કુપડીઓમાં ક્યાંથી ફરો તે જાણો !

વિલાસિની—(કંઈ વિચાર કરતાં કરતાં) હા, તારૂ કહેવું કંઇક ખરૂં તો લાગે છે પણ તેમાં આપણે શું કરીએ ? બોલ એમનાં !

કુમુદિની—મોટીબેન ! તમે તો તેમાં ઘણું કરી શકો તેમ છો ! લો મારોજ દાખલો આપું. તમે મને ન સધરી હોત તો આજે મારા અને મારા બાળકોના શા હાલ થાત ! તમે મન પર લો તો ઘણું કુટુંબોને જીવતદાન આપી શકો તેમ છો. તમે ખાદી પહેરો તો તમારો દાખલો લઈ બીજાઓ પહેરે, તેથી ખાદી ખપે. આથી તમે જે સદાવ્રત માંડ્યાં છે તેના કરતાંએ વધારે પૂણ્ય પ્રાપ્ત કરી શકો !

વિલાસિની—(અકળાઇને) અરે શી સમજ વગરની વાતો કરે છે ? સદાવ્રતથી કેટલા જીવોનો આત્મા ઠરે છે, તેને તું પૂણ્ય નથી ગણતી અને ખાદી લેવામાં તેનાથી વધારે પૂણ્ય જુએ છે !

કુમુદીની—મોટી બેન પુણ્ય કરવામાં પણ સમય જોવો જોઇએ છે. આ ચાલુ સમયમાં હવે પૂણ્ય કરવાની રૂઢિ ફેરવવાની જરૂર પડી છે સદાવ્રતના કાર્યથી આપણા દેશને નુકશાન થયું છે લોકોમાં આળસુપણું વધી છે. અને મહેનત કર્યા વગર દરામનુ માગી ખાવાની ટેવ પડી જાય છે, જ્યારે ખાદીના કાર્યથી લોકો કામ કરતા થાય છે આથી આળસમાં વધારો થતો નથી પણ હાથ પગ હલાવી પ્રમાણિકપણે બે પૈસા રળવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે આટલો બે બાબતનો તફાવત સદાવ્રત અને ખાદી કાર્યમાં છે. મોટી બેન, તમે લગાર ધીરજ રાખો તો સઘળું આંકડા સાથે સમજાવું.

વિલાસિની—લે બેન તારી ઇચ્છા છે તો નહિ બોલુ, તારે સમજાવવુ હોય તે સુખેથી સમજાવ. પણ અરે મારૂ તો માથું એ ફરી ગયુ. અલ્યા બાઇ જલદી કડક ચા બનાવી લાવ (ચુનો પાઉ છે ને બાઇ ચા કરી આપે છે તે પીતાં પીતાં કુમુદિનીની વાતો સાંભળે છે.)

કુમુદિની—મોટી બેન તમારૂં આજે માથુ દુ:ખે છે અને તમે કટાણે પણ ગયાં છો તેથી વધારે ત્રાસ નહિ આપું. માત્ર પંજાબની જ વાતો કરીશ. ત્યાંનો ૧૫ મહિનાનો એટલે ૩૦ ના સપ્ટેમ્બરથી સને ૧૯૩૧ ના ડિસેમ્બર સુધીનો રિપોર્ટ બહાર પડયો છે. તેમાં તેઓ જણાવે છે કે—પંજાબ પ્રાંતમાં ૩૮૭ ગામોમાં લોકો આદીવાસુ કામ કરે છે. તેમાં

૮૭૩૯૧ કાંતનારીઓને
૧૬૨૧ વણકરોને
૧૩૨ ધોબીઓને
૫૪ રંગારા અને છીપાઓ મળી

કુલ ૮૯૧૯૮ માણસોને રોજી મળી.

વિલાસિની—આહા આ તો ઘણું સારૂ થયુ !

કુમુદિની—અરે મોટીબેન સાંભળો તો ખરા એ લોકો કેટલુ કમાયાં તે ? તમે જેને ૪ પૈસાની કમાણી કહો છો પણ તેઓ ૨૫૧-૭૮-૪-૧૨ કમાયા.

વિલાસિની—(આશ્ચર્યથી)—શું સાચી વાત ?

કુમુદિની—જુઓ બેનઃ

રૂ. ૨૦૧૫૨–૦–૦ પીંજામણના

રૂ. ૮૮૫૬૭–૦–૦ કાંતણકામના

રૂ. ૧૦૫૨૪૬–૧૩–૯ વણકરીના

રૂ. ૧૮૮૨૮–૧૫–૬ ધોવડામણના

રૂ. ૧૮૬૮૩–૭–૮ રંગામણી અને છીપાકામના ખરચ્યા. બેન હવે કહો કે આટલા બધા ગરીબ ગામડીઆઓને આ પ્રમાણે રોજી આપી શકાય એવો બીજો કોઇ ધંધો તમારી નજરમાં છે ? આ રીતે કેટલા બધા માણસોને આપણે જીવતદાન આપી શકીએ છીએ ?

વિલાસિની—બેન તારી વાત હવે મને બરાબર સમજાઇ છે. હું તો અત્યાર સુધી એમ જાણતી હતી કે સદાવ્રત માંડયું છે. તેથી લોકોને જીવાડવાનું પૂણ્ય મળે છે પણ તેમાં તો મેં આળસુને ઉત્તેજન આપી પાપનુ કામ કર્યું છે. જો અત્યારે કોઇ જીવતદાન આપતું હોય તો તે ખાદીના કાર્યથીજ અપાય છે પણ બેન તે છતાએ મારાથી તો આવા ખરબચડા અને દશશેર દશશેર વજનના કપડા નહિ પહેરાય બા !

કુમુદિની—મોટી બેન, તમારે શા માટે એવાં કપડાં પહેરવાં જોઇએ ? પ્રભુએ તમને ઘણું એ આપ્યું છે તો ઝીણાં મોંઘા કપડાં પહેરોને ? જુઓ હું તમને દેખાડવા માટે એવાં કપડા પણ લાવી છું. પણ તમે અંદરથી ગુસ્સે થયાં હતાં તેથી બતાવતાં ડરતી હતી

વિલાસિની—લાવ લાવ જોઉં, કેવા છે ? (કપડાં જોઇને આશ્ચર્યથી બોલે છે) શું આ કપડાં ખાદીનાં છે ?

કુમુદિની—હા મોટીબેન ! તમે ખાદીના ભંડારમાં તો આવો ત્યા ટુવાલથી માંડી શેતરંજી ગાલીચા વગેરે તમામ ચીજો સુંદર મળે છે. આપણે બે બદી જોયા જ કરીએ.

વિલાસિની—બહુ સારૂ કાલે આપણે જઇશું. ચાલો હવે તારા બનેવીને આવવાનો સમય થઇ જવા આવ્યો છે. જમવાની તૈયારી કરો.

✠

બીજે દિવસે કુમુદિનીને લઇને વિલાસિની ખાદીભંડારમાં જાય છે ત્યાંથી તેણે સેકડો રૂપિયાની વસ્તુ ખરીદી છે. શરીરના કપડાં, પથારી તકીયાની ખોળો, ચાદર, પડદા, ચક્ક, કોચના કાપડ શેતરંજી ગાલીચા અને હાથ લુછવાના ટુવાલ સુધ્ધાં ખાદીના વસાવી આખું ઘર ખાદીમય બનાવી દીધું છે તે જોઇ ધનસુખલાલ શેઠ રોજ કુમુદિનીને આશિષ દે છે, કે બેન જ્યારે તમે આવ્યાં અને મારા ઘરમાંથી વિદેશી પાપ કાઢયું !



રાંધણવિદ્યા અને કળા

લેખક ડૉ. ઈન્દુલાલ શેષકલાલ દવે,
એમ. બી. બી. એસ.

(ગતાંકથી ચાલુ)

પ્રકરણ ૫ મું

રાંધવાની ક્રિયા

હવે આપણે એટલું તો સમજી ગયા કે ખોરાક જેમ જલદી પચે તેમ તેનું સોહી વધારે જલદી થાય. ખોરાક જલદી પચે તેવો બનાવવા આપણે તેને રાંધવાની જરૂર છે, એ પણ સ્પષ્ટ થાય છે તો તે ક્રિયા શું છે તે આપણે વિગતવાર જાણવું જ જોઈએ કારણ કે જાણ્યાથી જ આપણે ખોરાક બરાબર રાંધી પચાવી શકીએ અને સારું સોહી શરીરમાં મેળવી શકીએ

રાંધવાની ક્રિયામાં જૂદા જૂદા પ્રકારનો સમાવેશ થાય છે જેમકે - શેકવું, તળવું વિગેરે પરંતુ દરેકમાં ધ્યેય તો એજ હોય છે કે ખોરાકની વસ્તુ પચવામાં હલકી કેમ બનાવાય.

રાંધવાના પ્રકાર નીચે પ્રમાણે છે —

(૧) શેકવું. (૨) તળવું. (૩) બાફવું (૪) બુંજવું. (૫) વઘારવું (૬) સીજવવું (૭) આથો દેવો.

(૧) શેકવાની ક્રિયા ત્રણ રીતે થાય છે આગ ઉપર, તથા આગ ઉપર તવો અથવા પેણી મૂકી તે ઉપર અથવા તેવી પેણી ઉપર રેતી ગરમ કરી તેમાં બાવા સોહો બાટી બનાવે છે તે રોટલા ઘડી સગડમાં ભાખરીની અંદર મૂકી દે છે. જુવાર, બાજરી વિગેરેનાં લોટમાં કુંડાનો પોક પણ તાપ ઉપર શેકીને તૈયાર કરાય છે. ગૃહસ્થી સોહો રોટલા ઘડી ચૂલા ઉપર સોહાનો તવો અથવા માટીની કસેડી તપાવી તે ઉપર મૂકે છે. અને એક પછી એક બાજૂથી શેકે છે શેકાવાથી કણકમાં રહેલા પાણીની વરાળ થઈ સોટના દાણાને બાફે છે. પ્રત્યેક દાણો બરાબરને પુસે છે એટલે હલકો બને છે જેમ રોટલી વધારે શેકાય અને પાણીનો ભાગ ઓછો થાય તેમ તે વધારે હલકી બને છે. તેથીજ તે જલદી પચી શકે છે. જાડો રોટલો હોય તો તે ઉપર ઉપરથી કડણ થાય છે પણ અંદર તો નરમ રહે છે જો તાપ મધ્યમ હોય તો ઉપરનું પડ જલદી શેકાઈ જઈ અંદરથી કાચુ રહે છે; તે રોટલો ભાંગવાથી આપણે જાણીએ

છીએ. આવો રોટલો ઉપરથી તૈયાર થયેલો દેખાય પણ અંદરથી કાચો રહી પચતાં વાર લાગે છે. માટે તાપનું પ્રમાણ મુખ્યત્વે તપાસવું જોઇએ. જેમ ધીમે તાપે રસોઇ થાય છે તેમ તે વધારે સ્વાદવાળી અને પચવામાં હલકી બને છે.

બાફબૂન્દ લોક ચણા, વટાણા તેમજ સોપારી વિગેરે ગરમ રેતીમાં શેકે છે.

(૨) તળવાની ક્રિયામાં ચૂલા ઉપર પેણીમાં તેલ અથવા ઘી મુકી તેને કકડાવી જે વસ્તુ તળવાની હોય તે તેમાં મૂકાય છે. પાણી જેમ ગરમ થાય અને પછી ઉકળવા મંડે ત્યારે તેમાં ૧૦૦° ડીગ્રી ગરમી હોય છે. પણ તેલી પદાર્થોને ઉકળવાની ગરમી બહુ વધારે હોય છે. કોપરાની ૨૦૦° ડીગ્રી તો કોપરાની ૫૦૦° ડીગ્રી. તેલ તો પ્રવાહી હોય છે પણ હિંદુસ્તાનની સાધારણ ગરમીની ઋતુમાં ચોખ્ખુ ઘી ઠરેલું રહે છે. એટલે તે વીખરાવાને અથવા પ્રવાહી બનવાને તેલ કરતાં પણ વધારે ગરમીની જરૂરીઆત ધરાવે છે. એટલે ઉકળવા માટે પણ તેલ કરતાં ઘીને વધારે ગરમીની જરૂર હોય છે. જેમ તે વધારે ને વધારે ગરમ થાય છે તેમ તે વધારે પાતળું અને હલકું બને છે. આમ કકડતા તેલ અથવા ઘીમાં ભજ્યાં અથવા એની જ બીજી ચીજ મૂકાય ત્યારે પ્રથમ તે ભારે હોવાને લીધે પેણીમાં તળીએ બેસી જાય છે. પછી જેમ જેમ તેલનાં ચીકણો ભજ્યાંના રજકણો સાથે ભળી તેને શેકીને બારે છે તેમ તેમ ભજ્યું હલકું બનતું જાય છે. અને જ્યારે તેલની સપાટી ઉપર પુરેપુરૂ આવી જાય છે અને તરે છે ત્યારે તે ઘણું જ હલકું બનેલું હોય છે. એટલે તેલ જે પ્રવાહી હોઇ ગરમ થવાથી પણ હલકું બનેલ હોય છે તેનાથી પણ આ નહોર વસ્તુ પુલીને, તળાઇને, અથવા રંધાઇને હલકી બની જાય છે. આવા જ ભજીયાંને સંપૂર્ણ તૈયાર થયેલાં મનાય છે. અને તેથી જ તેલમાંથી બહાર કાઢી લેવાય છે.

(૩) બાફવાની ક્રિયામાં ઉકળતા પાણીમાં વસ્તુ નાંખી તે હલકી થતાં સુધી રાખવામાં આવે છે. દાળ, ચોખા, વિગેરે ઉકળતા પાણીમાં બફાય છે. બટાકા પણ ગરમ પાણીમાં બફાય છે, પણ તે વજનમાં હલકા નહિ થતાં પોચા થાય છે. એટલે બફાયા પછી પાણીની સપાટી ઉપર આવતા નથી. કેટલાક શાક બાળીને બાફવાં પડે છે એટલે તેમાં જે કઠણ તત્વો હોય તેના ઉપર પાચક રસો કામ ન કરી શકે તેવાને પોચા બનાવી દેવા પડે છે કે જેથી જલદી પચે

(૪) ભુંજવાની ક્રિયા કંમેથની રસોઇમાં વપરાતી નથી. પણ કેટલીક શોખની ચીજો બનાવવામાં વપરાય છે. જેમકે લીલા ચણા, પાપડીનું ઉધીયું, ભાયખીંગ, બીસકીટ, ઇત્યાદિ ચણા અથવા ભાયખીંગ વિગેરેને તેના ઉપરના કઠણ છોડાં સાથે શેકાય છે. એટલે શેકવાની ક્રિયા માત્ર છોડાને થાય છે પણ તે ગરમ થવાથી છોડાં અને અંદરનો દાણો એ બે વચ્ચે જે જગા રહે છે તે બહુજ ગરમ બને છે. તે ગરમ હવાથી દાણો શેકાય છે આમ આડકતરી રીતે એટલે ગરમ હવાથી શેકાય તેને ભુંજવું કહે છે. નાનખટાઇ તથા બીસકીટ બનાવવામા તેને જ્યાં મૂક્યા હોય ત્યાં ચારે તરફથી બંધ કરી દઇ ઉપર નીચે તાપ કરવાથી અંદર ગરમ હવા થઇ વસ્તુ તૈયાર થાય છે. પાપડીનું ઉધીયું કરવામાં પણ તેમજ થાય છે. માટીના માટલામાં પાપડી નાંખી માટલાનું મોં સજ્જડ બંધ કરવામાં આવે છે. પછી તે માટલું ઉંધું પાડી દઇ ચારે તરફ ઘાસ, પરાળ વિગેરેનો

તાપ કરવામાં આવે છે. જેથી માટલામાં રહેલી હવા ગરમ થઈ પાપડીમાં રહેલી ભીનાશની વરાળ થાય છે એટલે દાણો ફૂલાય છે, બટાય છે, તેમજ ચીન્નય છે.

(૫) વઘારવાની અથવા છમકારવાની ક્રિયા હમેશની રસોઈમાં વપરાય છે. થોડું તેલ અથવા ઘી પેણીમાં ગરમ થાય તેમાં વસ્તુ નાખી હલાવવાથી તેને વઘાર્યું કહેવાય છે કેટલાંક હલકાં શાકભાજી જે એની મેળેજ પચી શકે એટલે કાચાં ખાઈ શકાય તેને સ્વાદીષ્ટ બનાવવામાં આ ક્રિયાનો ઉપયોગ થાય છે મૂળા, મોગરી, કાકડી, એ પ્રકારનાં શાક બટાવવાથી સ્વાદમા સારાં લાગતાં નથી. તેમજ તે જાતે પચવામાં હલકાં હોઈ તેને તળવાની એટલે ભજીયાં માફક કડકડતા તેલમાં નાંખી તળીએ જેવી તૈયાર થઈ ઉપર આવે તેમ કરવા જરૂર હોતી નથી. ત્યારે માત્ર આમ જરા તેલ અથવા ઘી કકડાવી તેમાં તે નાખવાથી શાકને સ્વાદ આપાય છે. પઉંઆ અથવા મમરા એમને એમ ખવાય છે પણ તેને વઘારવાથી જે મસાલો પ્રત્યેક દાણાને ચોટી શકે નહીં તે ચોટી શકે છે એટલે સ્વાદવાળુ લાગે છે છમકારવુ એ શબ્દ અવાજસૂચક છે છમછમ બોલે તે ઉપરથી નીકળ્યો હોય એમ જણાય છે

(૬) શીજવાની ક્રિયા હમેશ વપરાય છે પણ તે માટે આવડતની જરૂર છે. તે તેની મેળે એક જૂદી ક્રિયા નથી. પણ તે બીજી ક્રિયાઓનો છેલ્લો ભાગ છે ઉપરની કોઇપણ રીતથી રાંધેલી વસ્તુને જો શીજવા દેવામાં આવે નહીં તો તે રાંધેલુ અધુરૂંજ જણાય શેકમા પછી રોટલીને જો તરતજ ભાંગી નાંખવામાં આવે તો અંદરની વરાળ બહાર નીકળે છે. બાજરી ચેણીમાંથી નીકળે કે તરત ભાંગી નાંખવાથી પણ વરાળ નીકળે છે આ વરાળનો બહુ મહત્વનો ઉપયોગ કરવો જોઇએ. ચૂલેથી વસ્તુ નીચે ઉતર્યા પછી અંદરની વરાળ ઠરવા દેવી એટલે તે ગરમ વરાળથી અંદરનુ પ્રત્યેક રજકણ શેકાઇ બટાય અને પરિપક્વ બને ખીચડી બટાઇ તૈયાર થાય પછી તેને થોડીકવાર ઢાંકી રાખવાથી બધી વરાળ દાણેદાણામાં પેસી જાય છે. એટલે સુવાળી થાય છે ભાત કરવામાં માત્ર ચોખા બટાય એટલે પુરતુ નથી પણ અંદરની વરાળ બધીજ વપરાઇ જાય તોજ તે ભાત સુવાળો, પોચો અને સ્વાદવાળો લાગે છે. તપેલીના ઢાંકણ ઉપર અંગારા મૂકવાથી શીજવાની ક્રિયા સારી રીતે કળીભૂત થાય છે આમાં એમ બને છે કે તપેલીની અંદરની વરાળ ઢાંકણને લાગી તે જો ઠંડુ હોય તો વરાળની સેવાળ વળી જાય છે અને તેનાં ટીપાં વધતે વધતે ભારે થઈ પાછાં રાંધેલી વસ્તુમાં પડી તેને ઠંડી પાડે છે એટલે વરાળ બનતી ઓછી થઈ જાય છે તેથી તો ઢાંકણ અંગારાથી ગરમ ને ગરમ રહ્યાં કરે તો તે નીચે સેવાળ ન વળતાં વરાળજ ચાલુ રહી તે વરાળ ઢાંકણું ગરમ હોવાથી વધારે ગરમ હવાથી ભુંજવા જેવી ક્રિયા થાય છે આમ વરાળ ગરમ થતાં અને બહાર જવા રસ્તો નહીં હોવાથી ગરમ હવા માફક કામમાં લઈ શકાય છે.

કેટલીક ઉચ્ચ ન્યાતોમાં કેટલાક પદાર્થો દુધમાં બનાવે છે અથવા પાણી નાંખ્યા સીવાય બનાવે છે. આવી વખતે તે વસ્તુ બાફવા માટે થોડું દુધ અથવા તે વસ્તુમાં રહેલી ભીનાશનો ઉપયોગ કરવામાં બહુજ અકલથી કામ લેવાય છે ચૂલા ઉપર જે તપેલી અથવા વાસણ રાંધવા માટે મૂક્યું હોય તેના ઉપર ઢાંકણ ઢાંકી તેમાં પાણી ભરવામાં આવે છે. આથી એમ બને છે કે વાસણની અંદરની વસ્તુ જેમ જેમ ગરમ થતી જાય તેમ તેમ તેમાંથી વરાળ બનતી

જાય. આ વરાળ ઉપર ચઢતાં ઢાંકણાને તળીએ અડકે. તે તળીયુ ઢાકણામાં પાણી ભરવાથી ઠંડું હોય છે એટલે વરાળ તેને અડકવાથી એકદમ ઠંડી પડી જઇ શીવાળ બની જાય છે. અને તેનાં ટીપાં બધાંજ પાછાં નીચે રાંધવાની વસ્તુમાંજ પડે છે આમ થવાથી અસલ લીલોતરીનુંજ પાણી વપરાય છે અને બહારના પાણીની જરૂર પડતી નથી. પાણીની વરાળ, તેજ વરાળનું પાણી, તેજ પાણીની વરાળ એમ વારાફરતી થવાથી ખીનાશનો નાશ થતો નથી પણ ઉપયોગમાં બહુ સારી રીતે આવે છે. આમાં માત્ર યાદ રાખવાનું એટલુંજ છે કે ઢાંકણામાંનુ પાણી થોડી થોડી વારે બદલતા રહેવું જોઇએ. કારણ તપેલી ગરમ થાય તેમ ઢાંકણુ ગરમ થાય અને તેમાંનું પાણી ગરમ થાય એટલે તે નીચેની વરાળનું સેવાળરૂપે પાણી થઇ શકે નહીં તેથીજ ઢાંકણું સતત ઠંડું રાખવા માટે તેમાં ઠંડુ પાણી વારવાર નાંખવું અને ગરમ કાઢી લેવું. આ ક્રિયામાં બહુજ ધ્યાન રાખવું પડે છે અને બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. જે બુદ્ધિનો વધારે સારો ઉપયોગ કરી શકે છે તેની રસોઇ વધારે મીઠાશ અને સ્વાદવાળી નીવડે છે.

(૭) ' ફરમેન્ટેશન ' અથવા આથો દેવાનો ક્રિયા એ રાંધવાનું કામ કરવા માંડ્યા પહેલાંની ક્રિયા છે. તે દરેક વસ્તુ માટે વપરાતી નથી. પણ અમુક જ વાનીઓ માટે વપરાય છે. જે વસ્તુને પ્રથમથી જરા હલકી એટલે પુલે તેવી બનાવવી હોય તેને માટેજ વપરાય છે. લોટમાં સ્ટાર્ચ હોય છે તેનું રૂપાંતર સાકરમા થાય છે અને તેમાંથી બટાક તથા વાયુઓ પેદા થાય છે લોટમાં ગરમ પાણી અને ' ફરમેન્ટ ' બે વસ્તુ નાંખવામાં આવે છે. આપણા લોકો ' ફરમેન્ટ ' તરીકે બનતાસુધી દહીં વાપરે છે. તેમાં રહેલું ' ફરમેન્ટ ' લોટની અંદરના સ્ટાર્ચ ઉપર અસર કરે છે ગરમ પાણીની જરૂર એટલાજ માટે કે ' ફરમેન્ટ 'ની અસર જલદી થાય કારણ તે ક્રિયા માટે અમુક ગરમીની જરૂર હોય છે ઉનાળાના દીવસોમાં ગરમ પાણીની જરૂર પડતી નથી. દુધનું દહીં બનાવવામાં જેટલી અકકલ, હોશીયારી વાપરવી પડે તેટલી જ આથો દેવામાં રાખવી પડે છે બન્ને ક્રિયાઓ લગભગ સરખીજ છે. દહીં બનાવવામાં શીયાળો હોય તો દુધને સહેજ ગરમ પહેલેથીજ રાખવું પડે છે. તેમાં દહીં મેળવ્યા પછી ઠંડી રાત્રે દુધ ઠંડુ પડી ન જાય તેથી રૂનાં ગોદડાં વિગેરે વાસણ ઉપર ઢાકવામાં આવે છે. આથી અંદરની ગરમી અંદર જ રહે છે. અને સવાર થતામાં તો દહીં બની જાય છે.

પ્રકરણ ૬ ઠું

રાંધવાની વિદ્યા અને કળા

રાંધવાની ક્રિયા અને રાંધવાની વિદ્યા અથવા કળામાં ઘણો જ તફાવત છે પહેલામા એની મેળે અમુક રીતે સઘળેગો મળ્યા એટલે રંધાય છે. પણ બીજામાં તેમ નથી. તેમાં અકકલ, હોંશિયારી, આળસ, ચપળતા, ઉત્સુકતા તથા ખંતની ખાસ જરૂર છે. રાંધવાની કળાને આપણા લોકો કહે છે કે " તે એક જાતનું રસાયણ છે. " એટલે જેને તે આવડે તેને જ સારૂં આવડી શકે છે. દરેકને તેમ આવડતુ નથી. અલબત, દુનિયામા બધાં ય બૈરાંઓ દરરોજ રાંધે છે પણ તેમાંથી રસોઇ તો ઘણાં જ થોડાની સારી થાય છે. સારી એટલે પરિપકવ, સુવાળી અને સ્વાદવાળી રસોઇ થવાને માત્ર મસાલાની જ જરૂર હોતી નથી

પણ તેમાં રાંધવાની કળા વાપરવાની છે તાપની ગરમી, વાસણ ઢાંકવું, તેને અવાર-નવાર હલાવવું, તેમાં જોઈતી વસ્તુઓ ઉમેરવી, તૈયાર થયું કે નહિ તે તપાસતાં રહેવું. અમુક હદ સુધી તૈયાર થયેલી ગરમી વધારે ઓછી કરવી. વરાળનો ઉપયોગ કેમ કરવો, શીજવા દેવાનું કેવી રીતે કરવું, ચૂલેથી ઉતાર્યા પછી કેમ રાખવું, આ અને આવી અનેક જાતની બાદોશી અને આવડતથી જ રસોઇ સારી થાય છે. તીખી તમતમી રસોઇ, તે રસોઇ નથી. મમાલાનું પ્રમાણ તો દરેકની જબ્બને આધારી છે પણ રસોઇમાં મીઠાશ લાવવી તેમાં જ કળા છે કટલાંકની શાક બનાવવાની રીત બાકવાની હોય છે.અલબત શાક–દાખલા તરીકે દુધી, બટાકા, સુરણ–બકાય એટલે શાક તૈયાર થતું નથી આવું રહે તેને શાક ' ઉણ ' રહ્યું છે, કહેવાય છે. પણ જ્યારે બકાયા પછી શીજાય છે એટલે કે બધી વરાળ શાકના દરેક કકડામાં છેક અંદર સુધી પ્રવેશ પામી આખા કોકવાને તદ્દન નરમ રૂના ગાભલા જેવું બનાવી દે છે, ત્યારેજ તે ખરેખર તૈયાર થાય છે બાકવા માટે તાપ વધારે જોઇએ છીએ જ્યારે શીજવા માટે તાપ સખત નહીં પણ નરમ તાપ સતત જોઇએ. વાસણમાંની વરાળ નીકળી જાય નહીં, તેથી તે બરાબર બંધ રાખવું જોઇએ. અંદરની વરાળ ગરમ ને ગરમ રહે તેથી ઢાંકણ ગરમ રહે તેવી તજવીજ કરવી જોઇએ એટલે ઢાંકણા ઉપર દેવતાના ચાર અજારા રાખવા જોઇએ આમ ચાર પાંચ જાતની વ્યવસ્થા કરવાથી જ શીજવાની ક્રિયા થાય છે. રસોઈ કરનારે આ ક્રિયા ઉપર ખાસ લક્ષ આપવાની જરૂર છે વાલ અથવા પાપડીના બીજવા બાકવામાં કાંઇ કૃતિ કરવી પડતી નથી પણ તેને શીજવવામાં બધીજ અક્કલ વાપરવાની છે. અને જો તે શીજેલું ન હોય તો પાચનક્રિયામાં ખલેલ પડી પેટમાં ચું કાય છે, વાયુ કરે છે, ઝાડો કરે છે અથવા એવું જ કાંઇ થઇ જાય છે રોટલા કરવામાં જો તેને સખત તાપ ઉપર શેકવામાં આવે તો ઉપરનું પડ કડક થઇ જાય પણ અંદરથી તદ્દન કાચું રહે તાપ વધારે કરવાથી ઉપરનું પડ છેવટે બળવા માંડે તોપણ અંદર તો કાચું જ રહે ભજીયા અથવા પુરી તળવામાં તેલ અથવા ઘી વધારે ગરમ થઇ ગયું હોય તો ઉપરનું પડ એકદમ કડક બની જઇ અંદરથી પોચું રહેશે રાંધવાની દરેક ક્રિયા માટે આમ છે આ બાબત વર્ણન કરી શીખવાડાય તેવી નથી એટલે પ્રત્યક્ષ દાખલા દલીલોથીજ અનુભવમાં દેખાડાય છે નાની કન્યાઓને રસોઇ શીખવાડતી વખતે તેમને આ પ્રમાણે શીજવાની ક્રીયા અને શીજવવાની વિદ્યા બરાબર સમજાવવી જોઇએ. તોજ તે રસોઇ બરાબર બનાવી શકશે.

વળી રાંધવાની કળામાં અનાજને રાંધવા રસોડામાં લાવતા પહેલાં અમુક અમુક રીતે તૈયાર કરવાનું હોય છે. જેમ કે ચાળવું, છડવું, ધોવું, સમારવું, વીણવું વિગેરે. આ બધી ઝીણી બાબતો પણ ખાસ ધ્યાન રાખ્યા સીવાય બરાબર થતી નથી. પોટમાં ચુલું રહી જાય તો રોટલી ખાડાખડી થાય. દાળ–ચોખામાં કાંકરી રહી જાય તો જમતી વખતે દાંત તળે ચગદાય અને પેટમાં જાય તો રોગ કરે મેથીની અથવા તાંદળજા જેવી ભાજીને ધોવામાં ઘણી અક્કલ વાપરવાની છે કારણ તેમાં રેતી ઘણી ચોટેલી હોય છે. જો તે ધોવાઇ બરાબર સાફ ન થાય તો તે રેતી જમવા વખતે મોંમાં શાક મુકતાંની સાથેજ એકદમ કમકમાટી ઉપજાવશે. બટાકા, સુરણ જેવી કડક વસ્તુના કકડા ચોડા કરવામાં આવે તો તે જલ્દી રંધાઇ જાય નહીં દુધી–કોળા–જેવી નરમ વસ્તુના કકડા બહુ


નાના બનાવ્યા હોય તો શાક તૈયાર થયે તેમા એક પણ કકડો પડશે નહીં, પણ બધુ એક રસ થઇ ગયું હશે વળી શાક વિગેરેને પેણીમાં કે તપેલીમાં મૂકયા પછી તે હલાવવામાં પણ ઘણીજ ચાલાકીની જરૂર છે રવૈયા અથવા મસાલો ભરેલાં શાક વિગેરે કેટલાકને તપેલાથી હલાવવાથી ભાગી જાય છે. તો કડછી જેવા સાધનથી તો હલાવાયજ નહીં. પણ આવી વસ્તુ હલાવવા માટે વાસણ બે હાથે અથવા નાનુ હોય તો એક સાંડસીથી ઉચકી 'બાઉલાવવું' પડે છે એટલે આખી તપેલી એવી રીતે ઉછાળવી કે અંદરનું શાક ઉપર નીચે ગુલાંટ ખાઇ પાછું તપેલીમાંજ બરાબર પડે અને વેરાય નહીં. આમ કરવું ઘણુંજ અઘરૂં છે. અને જોખમકારક છે. વખતે ભાય ઉપર બધું પડી જાય અથવા શરીર કે લુગડાં ઉપર પડવાથી દાઝી જવાય.

રાંધવાની વિદ્યામા ખાસ ધ્યાન એ રાખવાનુ છે કે પોતાની જાતને તથા લુગડાંને બહુજ સાચવવાં જાતે દાઝવું નહીં દાઝી જવાય તેમ બેદરકાર રહેવું નહીં. લુગડાં પહેરતાં યાદ રાખવું કે લટકે પટકે થતાં ન હોય બેરાંઓનાં લુગડાંના છેડા છુટા લટકતા રહેવા ન જોઇએ તે કેડ ઉપર સંભાળથી ખોસી દીધેલા જોઇએ અથવા સાડીના ઉપરના બન્ને છેડા એકમેક સાથે કેડ પાછળ ગાંઠ વાળી દેવા જોઇએ

રાંધવાની કળામાં છેવટે સૌથી જરૂરનું એ છે કે રાંધવાનાં વાસણ ચોખ્ખાં, માંજેલાં હોઇ કાટવાળાં અથવા ધૂળવાળાં હોવાં જોઇએ નહિ નહિ તો અનાજની ચોખવટ ગમે તેટલી હશે પણ અસ્વચ્છ વાસણમાં મૂકવાથી એનું એ જ થશે.


આ અને આવી ઘણી ઝીણી ઝીણી બાબતો રસોઈ કરવા વખતે ચાલાકીથી યાદ રાખી તે પ્રમાણે અનુસરવાથી રસોઇ સારી બનાવી શકાય છે.

(અપૂર્ણ)



સ્વીકાર:—

(૧) વીરાંગના અને વિધવા : અં૪ ૨૬, ૨૭, ૨૮, ૨૯; (૨) આયુર્વેદ રહસ્યાર્ક અં૪ ૮ અને ૯; (૩) યુવક : ઓકટોબર : તંત્રીઓ : શ્રી ચુનીલાલ પુ યાજ્ઞ, વગેરે. (૪) સદા બહાર અં૪ ૧ લો : તંત્રી : સર્વિસ, પેટલાદ (૫) સત્યપ્રકાશ અને સ્વદેશ : અં૪ ૭ થી ૧૨; (૬) નાગર જગત : ઓકટોબર : તંત્રી . શ્રી જેઠાલાલ ના દવે. (૭) ખેતીવાડી વિજ્ઞાન : સપ્ટેમ્બર, ઓકટોબર : તંત્રી : શ્રી દુર્લેરાય છો અજારિયા; (૮) હિન્દુ : અં૪ ૧૦, ૧૧; (૯) ક્ષત્રિયમિત્ર : આશ્વિન : તંત્રી : વીરસિંહ બ્હેરાભાઇ ગોહિલ; (૧૦) જ્યોતિ : આશ્વિન : તંત્રીઓ : મુરેશ વકીલ, તનમુખ મરચંટ, (૧૧) કોકિલ અં૪ ૬. તંત્રી: મોહનલાલ ધામી; (૧૨) પ્રબોધ પત્રિકા : અં૪ ૨ થી ૫ (૧૩) શ્રી કપડવંજ દશા પોરવાડ યુવક મંડળ તરફથી કેલેન્ડર, (૧૪) ભાવનગર લોહાણા વિદ્યાર્થી ભવનનો ૧૯૮૬-૮૭નો રિપોર્ટ (૧૫) ગ્રામ જીવન સહકાર્ય અને ખેતી : ઓકટોબર, વડોદરા (૧૬) કલ્યાણમંદિર અં૪ ૧ લો, તંત્રી : ભાનુપ્રસાદ વ્યાસ, (૧૭) સમાજ સ્વાસ્થ્ય : વર્ષ ૨૫, ૧ લો અંક : અધિપતિ : ૨ ધિ. કર્વે, મુબાઇ, ૪ (૧૮) સમાજસેવા : તંત્રી : ગોકુલ દામજી બદ, હિંદ સમાજ સેવામંદિર, પીપર, પો. સવીપુર



[એક કરૂણાજનક સામાજીક નવલિકા]

લેખક શ્રી ધનશંકર હીરાશંકર ત્રિપાઠી

વિમલપૂરમાં સૂર્યપ્રસાદનું કુટુંબ સારી નામનાવાળુ હતુ. તેની પત્ની શાન્તા અને પુત્રી લક્ષ્મી સહિત તે એક નાનકડા ઘરમાં રહેતો હતો. તેની સંપત્તિ, તેનો ભલો અને કામચલાઉ સ્વભાવ, એજ હતી જે વડે વૈભવવિલાસ ભોગવી શકાય છે અને જે વડે દુનીઆમાં એક માણસ બીજા માણસ કરતાં સરસાઇ ભોગવે છે તે આર્થિક સંપત્તિ તેની પાસે ન હતી સૂર્યપ્રસાદનુ વય આશરે ૫૦ વર્ષનું હતુ શાન્તાનું વય ૩૫ વર્ષનું હતું અને લક્ષ્મી ૨૬ વર્ષ થઇ હતી. ૫૦ વર્ષનુ આયુષ્ય ગાળવા છતાં સૂર્યપ્રસાદ પૈસો એકઠો કરી શકયો ન હતો માત્ર તેની પ્રતિષ્ઠા તેના સુંદર સ્વભાવને લીધે હતી રંક કે શ્રીમંત સૌ કોઇનાં કામ લગીરે આનાકાની વિના તે કરી છૂટતો.

ત્રણેક વર્ષથી વિમલપૂર નજદીકના શ્રીનગરના જમીનદાર લક્ષ્મીપ્રસાદના પુત્ર સરસ્વતીચંદ્ર સાથે લક્ષ્મીનુ વાગ્દાન થયેલુ હતું. એક સારા ચોઘડીઆમાં લક્ષ્મીપ્રસાદે સૂર્યપ્રસાદના સ્વભાવથી પ્રસન્ન થઇ પોતાની મેળે જ આ વાગ્દાન નક્કી કર્યું હતુ; પરંતુ લગ્ન તત્કાળ કર્યાં નહતાં. લક્ષ્મી ૨૫ વર્ષની થઇ ત્યારે સૂર્યપ્રસાદે જમીનદારને વિનતિ કરી કે " હવે લગ્ન કરી નાંખો. " જમીનદારે કહ્યું: " થાય છે, હજી તો મારો સરસ્વતી ભણે છે, ભણી રહેશે તે પછી લગ્ન કરીશું. "

સરસ્વતીચંદ્ર તે વખતે બી. એ. ની પરીક્ષામાં પસાર થઇ એલએલ. બી. નો અભ્યાસ કરતો હતો. અત્યારે તે સીનીયર એલએલ. બી ના વર્ગમાં હતો.

સૂર્યપ્રસાદને મદવાડ આવ્યો. પોતાનો દેહ હવે રહેશે કે કેમ તેની તેને ચિંતા થઇ. ' દેહ પડતા પહેલાં પુત્રીને સાસરે ગયેલી જોઉં તો ભાગ્યશાળી ' એમ ધારીને તેણે જમીનદારને એકવાર ફરીથી કહેવરાવ્યું કે " હવે તો લગ્ન કરી નાંખો " તે આશ્ચર્ય ચકિત થાય એવો ગુમાખી ભરેલો જવાબ આપ્યો કે " એમાં મારી મુનસફી પ્રમાણે જ તમારે વર્તવું જોઇશે. ઉતાવળ હોય તો બીજે કેમણે તમારી છોકરીને પરણાવી દો. "

કદીયે 'મરતાને મેર' નહીં કહેનારો સૂર્યપ્રસાદ શાન્ત રહ્યો જમીનદારનો ઉપર્યુક્ત

ઉત્તર આવ્યા પછી આઠેક દિવસના અરસામા તેણે સાંભળ્યું કે જમીનદારના પુત્રને કોઈ બીજે સ્થળે પરણાવવાની તજવીજ ચાલે છે. લક્ષ્મીપ્રસાદના જેવાજ એક બીજા શ્રીમંતની પુત્રી સાથે તેનું લગ્ન થશે, એવી વાત બહાર આવી.

પાડોશીઓ સાથેની વાતચીતમાં શાન્તાએ પ્રશ્ન કર્યો: "શું આવુ થઇ શકે ? વાગ્દાન શું લગ્ન બરાબર ન ગણાય ?"

પાડોશીઓએ જવાબ આપ્યો "શ્રીમંતો ચાહે તેમ કરી શકે છે પ્રત્યેક જાતિમાં ચાલુ રીતરીવાજો જુદા અને ઢગ વગરનો પૈસો પાડવામાં શ્રીમંતો જ પહેલ કરે છે"

શાન્તાએ પૂછ્યુ "કોઇ ગરીબ આવી રીતે વગર કારણે વાગ્દાન તોડી બીજે સ્થળે લગ્ન કરી શકે કે ?"

તેને જવાબ મળ્યોઃ "તો તો તે જાતિ-બહારજ મૂકાય. ગરીબોથી જાતિની કોઇ રૂઢિ તોડી શકાય નહીં"

એક પખવાડીઉ વધુ વહી ગયું સૂર્યપ્રસાદે જમીનદારના પુત્રના લગ્નની તૈયારીઓ તડામાર ચાલતી હોવાનુ સાંભળ્યું. મંદિ મંદો તે જમીનદારને ત્યાં ગયો તે એક આખો દિવસ અને રાત જમીનદારને ત્યા રહ્યો પણ તેની સાથે કે તેમની પત્ની સાથે તેને મુદ્દસે વાતચીત થઇ નહીં. જમીનદાર સાહેબ ઘરમાં હોય ત્યારે પુષ્કળ માણસોથી વીંટાયલા અને રોફ બધ તથા ખુશી બધ વાતો કરતા જ જણાયા. બીજા કોઇ અગત્યના વિષયમા તેઓ શ્રીમાન્ વાતો કરતા હોય ત્યારે આ ગરીબ માણસથી અધવચ્ચ પોતાની વાતનો ઉલ્લેખ શી રીતે કરી શકાય ? કોઇ ઘડીએ જમીનદાર ઘરમાંજ ન હોય અને તેમની પત્ની સાથે વાત કરવા સૂર્યપ્રસાદ ઇચ્છા કરતો ત્યારે તેઓ શીમતી નોકર-ચાકરો પર ગુસ્સે થયેલા હોય અને તેમનો સ્વભાવ બરબેલાદ થયેલો માલુમ પડે ! આવી ક્ષણે પોતાની નાજુક વાત શી રીતે છેડી શકાય ?

સૂર્યપ્રસાદ ૨૪ કલાક જમીનદારને ત્યાં રહ્યો પણ કન્યા સબંધીની વાતનો એક હરફ પણ બિચારાથી બોલી શકાયો નહીં. જેમ શકતરાજ સુદામો ભગવાન્ કૃષ્ણચંદ્રને ત્યાંથી વ્હીલે મ્હોંયે પાછો ફર્યો હતો તેમ સૂર્યપ્રસાદ, જમીનદારને ત્યાંથી કશીયે મુદ્દા-સરની વાતચીત વિના પાછો ફર્યો. પણ એ દરમ્યાન નોકરોદ્વારા તેણે એટલું તો જાણ્યું કે લગ્ન બીજા એક શ્રીમંત કુટુંબમાં અવશ્ય થનાર છે અને તેને આઠેક દિવસ બાકી છે.

"જેવી શ્રીહરિની મરજી" એમ કહી, સૂર્યપ્રસાદ વિમલપૂરમા પાછો આવ્યો.

અચાનક વિમલપૂરમાં ઇન્ફલ્યુએંઝા ફાટી નીકળ્યો ઘેરેઘેર માંદાઓ વધી ગયા. એ ચેપી રોગે ઘણાનાં જીવ લેવા માંડ્યા. ગામના યુવકોએ સેવા-સમિતિ સ્થાપી એ સમિતિદ્વારા માંદાઓની માવજત, ઔષધ-દાન વગેરે કાર્ય થવા લાગ્યાં. બહારગામના યુવકો પણ આ સેવા-સમિતિમાં ભળ્યા અને માત્ર વિમલપૂર જ નહિ પણ બીજાં જે ગામોમાં આ ચેપી રોગ પ્રસરી રહ્યો તેમાં તેઓએ સેવા-કાર્ય પરસ્પર સહકારથી આરંભ્યું.

શ્રીવદન નામનો બહારગામનો એક યુવક આ સેવા-કાર્યમા ખૂબ ઝલકી ઉઠ્યો. રાતદિન તનતોડ પ્રયાસ કરીને તે દર્દીઓ આગળ ખડે પગે ઉભો રહેવા મંડ્યો. એ હમેશાં દર્દીઓ સાથે હસી હસીને વાત કરતો. પ્રેમળ હૃદયે તે ઔષધ દેતો; દર્દીને ઉઠવા-બેસવામાં સાવધતાથી સહાય કરતો, દર્દીનાં ઓઢવા-પાથરવાનાં ચાદર-બિછાનાં સાફસુફ રાખીને દર્દીને જરાકે તકલીફ પડે નહિ એ વિષે કાળજી રાખવા લાગ્યો.

સૂર્યપ્રસાદ ઇન્ફલ્યુએન્ઝાથી પટકાઇ પડ્યો.

વિમલપૂરની સેવા-સમિતિના સભાસદો તેની સેવામાં હાજર થઈ ગયા આમાં શ્રીવદન પણ હતો. સૂર્યપ્રસાદની ચિકિત્સા કરતાં ડાક્ટરને એમ માલુમ પડયું કે-અત્યંત ઘાતિલ સ્વરૂપમાં તેને ઇન્ફ્લુએંઝા લાગુ પડયો છે, જેથી તેની સારવાર ખૂબ કાળજીથી નહીં થાય તો તે બચવા પામશે નહીં.

જ્યારે આ વાત શાન્તા અને લક્ષ્મીએ જાણી ત્યારે તેમણે અપાર રૂદન કરી મૂકયું. શ્રીવદન એક બાહોશ યુવક હતો. બીજા સ્વયંસેવકો કરતાં તેણે સૂર્યપ્રસાદની પાસે હાજર રહીને ધ્યાનપૂર્વક સુશ્રૂષા કરવામાં અને તે સાથે સાથે તેનાં કુટુંબીઓને ખૂબ આશ્વાસન અને ધીરજ આપવા માંડયાં. એની સુશ્રૂષાની ધગશ, એની આશ્વાસન આપવાની મીઠી અને માયાળુ રીત તથા એનાં ડાહ્યાં ડમરાં નિર્દોષ વેણ સાંભળીને લક્ષ્મીની માતાને ધીરજ આવી આવો એક પારકો યુવક આટલી બધી શાન્તિથી કેવળ ભૂતદયાની વૃત્તિને લીધે સેવા કરી રહ્યો છે, તો શું સગાંવહાલાં તરીકે પોતાની યે ફરજ નથી કે, પોતે ધીરજ ધારણ કરી સેવા-પ્રવૃત્ત બને ?

એ પરજાયો શ્રીવદન, શાન્તા અને લક્ષ્મીનાં હૃદયમાં વસી ગયો. શાન્તાને એમ લાગ્યું કે-મારે આવો પુત્ર હોય તો કેવું સારૂ ? લક્ષ્મી પોતાના ભાગ્યને દોષ દેવા લાગી કે-આવો ભાવનાશાલી સેવાપ્રિય પતિ મને કેમ ન મળ્યો ?

કેસરીનાં બાળ

કુમળાં, પણ કેસરીનાં બાળ :
ઝળયુથીને ધુંધરે ધુટી ઘોળી પીધો કાળ—
હાં રે ઘોળી પીધો કાળ—અમે કેસરીનાં બાળ

ફૂલડાં પણ વજ્રથી કરાળ
નાની નાની પદ પગલી હોયે સાવજસૂરી ફાળ,
હાં રે સાવજસૂરી ફાળ—અમે કેસરીનાં બાળ

બહુકો પણ બ્રહ્મરાં વિશાળ
નાનકડા વીર વામનજીએ આપ્યો બલિ પાતાળ,
હાં રે આપ્યો બલિ પાતાળ—અમે કેસરીનાં બાળ

લઘુખા, પણ તેજકેરી જ્વાળ :
વેલડી સરખી વિજલડી તો ફોડે ડુંગરમાળ,
હાં રે ફોડે ડુંગરમાળ—અમે કેસરીનાં બાળ

'નહાના' કહી રેશો નહિ આળ :
નાનાં નાનાં રસબીજ ફૂટી ફોરે ફૂલન ફાલ,
હાં રે ફોરે ફૂલન ફાલ—અમે કેસરીનાં બાળ

'નાનાં' પણ પંખીશાં પ્રેમાળ
રેવને દુલંભ રેહ અમારો, ન વસી કરી જ જાળ,
હાં રે જગની ના જ જાળ—અમે કેસરીનાં બાળ

[તૈયાર થતા 'વીરપૂજા' નામના નાટકમાંથી]

કેશવ હ. શેઠ

અઢાર દિવસને અંતે સૂર્યપ્રસાદ ભયમુક્ત જાહેર થયો અને તેની આ સુસ્થિતિ કેવલ સેવા સમિતિની સારસારને આભારી હતી. પણ તેમાંયે ખરો યશ જો સ્વયંસેવક સૂર્યપ્રસાદની સેવામાં રાતદિ ખડે પગે ઉભો રહેનો હતો તેને હતો, એ કોણ ? એ શ્રીવદન હતો.

સૂર્યપ્રસાદે માંદગીના બિછાનામાંથી શ્રીવદનને પોતાની પાસે બોલાવવા અને ધન્યવાદ આપવા માગ્યો. ત્યાં એકદા બોલ્યા જોમાં તે ભેરામા આવ્યો નહીં. 'તે બીજે કયાંક સેવા માટે ઉડી ગયો હશે એમ માની ભેરામાં આવ્યુ. સૂર્યપ્રસાદ અને તેની પત્ની

શાન્તાએ તેની ગેરહાજરીમાં તેની ખૂબ પ્રશંસા કરી.

બે ત્રણ દિવસ વહી ગયા પણ શ્રીવદન સૂર્યપ્રસાદને ત્યાં આવ્યો નહીં અને તેને બદલે બીજો એક સ્વયંસેવક આવવા મંડયો. "એ સુંદર યુવક કયાં છે? કેમ હમણાં આવતાં નથી?" સૂર્યપ્રસાદે પૂછયું.

નવા સ્વયંસેવકે ગદ્‌ગદ કંઠે જવાબ દીધોઃ "તમને ખબર નથી? એ બિચારો પોતે જ મૃત્યુશૈયા પટકાઈ પડયો છે!"

"કયારનો!"

"ત્રણ દિવસથી."

સૂર્યપ્રસાદનું કુટુંબ આ સમાચાર જાણી અત્યંત ખિન્ન થયું. દરરોજ સૂર્યપ્રસાદ બિછાનામાં પડયો પડયો શ્રીવદનની તબિયતના સમાચાર પૂછતો રહેતો. આઠ દિન પછી તેને ખબર મળી કે તેનો માંદવાડ ગંભીર છે. પોતે કંઈક સાજો થયા બાદ જરાક ઉઠી ફરી શકતો તેથી તેણે નિશ્ચય જાહેર કર્યો કે-"હું એને જોવા જઈશ" સ્વયંસેવકે તેને તેમ કરવા ના પાડી. ડાકટરે પણ ના પાડી પરંતુ સૂર્યપ્રસાદની પત્ની શાન્તા અને પુત્રી લક્ષ્મીએ તેના નિશ્ચયને પીઠબળ આપીને શ્રીવદનને જોવા જવાની આપણી ફરજ છે, એમ કહ્યું.

ડાકટર અને સ્વયંસેવકની મરજીથી ઉપર વટ થઈને ડોસો, પુત્રી-પત્ની સહિત બનેવ્યુએંબા-હોસ્પિટલ તરફ જવા ઉપાડયો.

તેઓ જેવા હોસ્પિટલના દરવાજામાં પેઠાં કે, તેમાંથી એક શબને બહાર લઈ જવામાં આવતું જોયું. ડોસો, એ જોઈને આશ્ચર્ય ચકિત થયો કે, એ શબની સ્મશાનયાત્રામાં શ્રીનગરનો જમીનદાર લક્ષ્મીપ્રસાદ પણ હતો અને પોતાના પુત્રના નામનો વિલાપ કરતો જતો હતો.

"શું એ જમીનદારના પુત્ર મરણ પામ્યા છે!" સૂર્યપ્રસાદે પૂછયું.

"ના, અમારી સમિતિના બાહોશ સ્વયંસેવક શ્રીવદન ગુજરી ગયા છે!" સ્વયંસેવકે જવાબ દીધો.

"પણ જમીનદાર તો પોતાના પુત્ર માટે વિલાપ કરે છે!"

સ્વયંસેવક આ સંબંધમાં કાંઈ ઉત્તર દઈ શકયો નહીં સૂર્યપ્રસાદ દોડતો દોડતો ડાકુઓના ટોળામાં ઘુસ્યો અને સેવા-સમિતિના મંત્રી જયસુખલાલને પૂછવા લાગ્યોઃ "શું મરણ પામનાર જમીનદાર લક્ષ્મીપ્રસાદનો પુત્ર હતો?"

જયસુખલાલે ખુલાસો કર્યોઃ "મરણ પામનાર શ્રીવદન એજ જમીનદાર લક્ષ્મીપ્રસાદનો પુત્ર સરસ્વતીચંદ્ર! લાખ્ખોમાં એક અણમોલ રત્ન રૂપ એ યુવક—"

હજી તો તે વધારે કાંઈ બોલે ત્યાં ડોસો જમીન પર ગબડી પડયો. બે-ચાર સ્વયંસેવકો તેની તપાસમાં રોકાઈ રહ્યા. એના હૃદયપર હાથ મૂકતા ધબકારા બંધ પડેલા જણાયા. નાડી તપાસતા તે પણ બંધ પડેલી જણાઈ!

જ્યારે સૂર્યપ્રસાદનું હૃદય બંધ પડવાથી મૃત્યુ થયાની જાણ તેના કુટુંબને થઈ ત્યારે મા-દીકરીએ ખૂબ આક્રંદ કરી મૂકયું. પણ એ આક્રંદ અને કલ્પાંતમાંથી નહીં ધારેલી આપત્તિ ટપકી પડી!

લક્ષ્મી એક પળે રોવા અને કલ્પાંત કરવા લાગી, તો બીજી પળે ખૂબ હસવા લાગી ત્રીજી પળે ગમે તેમ બોલવા લાગી તો ઘડીકમાં મૂઢની માફક ઉભી રહી એકીટશે શૂન્ય-દૃષ્ટિએ જોવા લાગી. એનાં ચિહ્નો ઉપરથી સૌએ એનું મગજ ખસી ગયેલ માન્યું.

વસ્તુતઃ એમજ હતું. વિભ્રમપરમ "શ્રીવદન" "શ્રીવદન" એ શબ્દો બોલતી આજ પણ એક દિવાની ફરી રહેલી છે અને તેને સમજાવવા ખૂબ કોશિશ કરવા છતાંયે તેનું દિવાનાપણ જતું નથી!

ભારતવિખ્યાત ઉપન્યાસ સમ્રાટ શ્રી પ્રેમચંદજીના 'ગબનનો' અનુવાદ

ગરીબની ગૃહલક્ષ્મી

અનુવાદક
પીયૂષ

૯

પોલીસ સ્ટેશનની કચેરીમા, એ સમયે એક મોટા ટેબલની સામે ચાર માણસો બેઠા હતા એક દારોગો હતો તે સહેજ ગોરો, શૌખિન હતો અને તેની મોટી મોટી આંખોમા કોમળતાની ઝલક હતી તેની બાજુમાં નાયબ દારોગો હતો તે સિખ હતો, ધણો જ હસમુખો અને મજબુતાની મૂર્તિ જેવો હતો. વળી તે ધણોજ સુડોળ અને સુગઠિત શરીરવાળો હતો. તેના માથા પર વાળ હતા હાથમાં કડાં હતાં, પરતુ હાથો સાથે સિગારની દોસ્તી તેણે રાખી ન હતી. ટેબલની બીજી બાજુ ઇન્સપેકટર અને ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ બેઠા હતા. ઇન્સપેકટર આધેડ વયનો સહેજ શામળો, લાંબો માણસ હતો તેની આંખો કોડી જેવી હતી, ગાલ ફૂલેલા હતા અને કદ ઠીંગણુ હતુ. ડેપ્યુટી સુપરિ ન્ટેન્ડન્ટ લાંબો, ઉમરતો જુવાન હતો, ધણોજ વિચારશીલ તેમજ અલ્પભાષી હતો. તેનુ લાંબુ નાક અને ઉચુ મસ્તક તેની કુલીનતાની સાક્ષીરૂપ હતાં

ડેપ્યુટીએ સીગારનો એક દમ લઇને કહ્યું " બહારના સાક્ષીઓથી કામ નહિ ચાલી શકશે એમનામાંથીજ કોઇને એમૂવર બનાવવો જોઇશે એ સિવાય બીજો કોઈ ઉપાય નથી "

ઇન્સપેકટરે ઘરોમા તરફ જોઇને કહ્યુ: " અમે લોકોએ કોઇ બાબત બાકી રાખી નથી, એ બાત્રીપૂર્વક કહુ છું. દરેક પ્રકારની લાલચ આપીને થાકી ગયા સર્વેએ એવી પાકી ગાંઠ બાંધી રાખી છે કે તે કોઇ છોડી શકતુ નથી. અમે બહારના સાક્ષીઓને પણ અજમાવી જોયા, પરંતુ બધા કાન પર હાથ મૂકે છે. "

ડેપ્યુટી " પેલા મારવાડીને ફરી અજમાવવો જોઇએ તેના બાપને બોલાવીને ખૂબ ધમકાવો કદાચ તેનો કાંઇ ફાયદા પડે "

ઇન્સપેકટર " ખરેખર કહુ છું. આજ સવારથી અમે લોક એજ કરી રહ્યા છે. બિચારો બાપ છોકરાને પગે પડયો પરતુ છોકરો કોઇપણ રીતે રાજી થતો નથી "

થોડીવાર સુધી ચારે જણ વિચારમગ્ન બેઠા રહ્યા. અંતે ડેપ્યુટીએ નિરાશાના ભાવથી કહ્યુ " મુકદમો નહિ ચાલી શકે. નકામી બદનામી થશે ! "

ઇન્સપેકટર " એક ઠરાવની વધુ મુદત લો કદાચ કોઇ તૂટી જાય "

આવો નિશ્ચય કરીને બન્ને માણસો ત્યાથી રવાના થયાં નાયબ દારોગો પણ તેમની સાથે ચાલી ગયો. દારોગાજીએ હુક્કો મગાવ્યો એટલે એક મુસલમાન સિપાઇએ

આવીને કહ્યું: "દારોગાજી, લાવો કાંઇ ઇનામ અપાવો. એક ઇસમને આજે સવારે ગિરફ્તાર કર્યો છે. અલાહાબાદનો રહેવાવાળો છે, અને તેનું નામ રમાનાથ છે. પહેલા તો નામ અને રહેઠાણું બન્ને ખોટાં જણાવ્યાં હતાં પેલો દેવીદીન ખટિક છેને તેને ત્યા રહેતો હતો. જરા ઇમદાદ આપશો તો બધુંયે કહી દેશે. "

દારોગો: " દેવીદીન તો પેલો'જ ને જેના બે છોકરા—"

સિપાહી: " જી હા, એજ. "

એટલામાં રમાનાથને પણ દારોગા સામે હાજર કરવામાં આવ્યો દારોગાએ તેને માથાથી પગ સુધી નિહાળી લીધો. કેમ જાણે તેનો ચહેરો મેળવી રહ્યો ન હોય ! પછી કઠોર દૃષ્ટિએ જોઇને બોલ્યોઃ " ઠીક, આ અલાહાબાદનો રમાનાથ છે કેમ; સારું થયું ભાઇ ! છ મહિનાથી તમારી તપાસ કરી રહ્યો હતો. ચહેરો પણ કેવો સાફ છે કે આંખોળો પણ ઓળખી કાઢે અહીં કયારના આવ્યા છો ? "

કોન્સ્ટેબલે રમાનાથને સલાહ આપી: " બધું સાચેસાચ કહી દેશે તો તારા પર કોઇ જાતની સખ્તાઇ કરવામાં નહિ આવે "

રમાનાથે આનંદિત બનવાની ચેષ્ટા કરીને કહ્યું: " હવે તો તમારા હાથમાં છું; રહેમ કરો કે જાસ્તી કરો. અલાહાબાદની મ્યુનિસિપાલીટીમાં નોકર હતો સૂભાગ્ય કહો કે કમભાગ્ય કહો, જકાતના ચારસો રૂપીયા મારાથી ખર્ચાઇ ગયા. વખતસર મારાથી રૂપિયા જમા ન થઇ શકયા. શરમનો માર્યો ઘરના માણસોને પણ કાંઇ કહી ન શકયો. નહિ તો એટલા રૂપીયાની જોઇવણ થવી કાંઇ મુસ્કેલ ન હતી. જ્યારે કાંઇ ન ચાલ્યુ ત્યારે ત્યાંથી ભાગી અહીં આવ્યો છું: આ વાતમાં એક શબ્દ પણ ખોટો નથી. "

દારોગાએ ગંભીર ભાવથી કહ્યું. " મામલો કાંઇક ભારી છે. કેમ કાંઇ ચરાઇની લત પડી હતી કે શું ! "

" મેં કહી કરીંજ ને મોંએ લગાડયો હોય તો તમે કહો તેવા સોગંદ ખાઉં ! "

કોન્સ્ટેબલે મશ્કરી કરતાં કહ્યું: " મહોબ્બતના બજારમાં લૂટાઇ ગયા હશો ! "

રમાનાથે પણ મંદ હસીને કહ્યું: " મારા જેવા કડકાબાલૂસની ત્યાં જવાની થી ગુંજાશ ? "

દારોગો. " તો શું જુગાર રમી નાખ્યો કે બીબીને માટે ઘરેણાં કરાવી નાખ્યાં ? "

રમાનાથ ચોંકી ગયો. તેના મુખ ઉપર ગુન્હાની સ્પષ્ટ છાપ પડી ગઇ

દારોગો. " ઠીક વાત છે. તમને અહીં પણ મોટાં મોટાં ઘરેણાં મળી જશે "

એકાએક બુઢ્ઢો દેવીદીન આવીને ઉભો થઇ ગયો.

દારોગાએ કઠોર સ્વરે કહ્યું: " કેમ, શું કામ છે ? "

દેવીદીન: " હજૂરને સલામ કરવા આવ્યો છું. આ બિચારા પર દયાની નજર રાખજો. હજૂર. બધો સિવા માણસ છે. "

દારોગોઃ " સરકારી આરોપીને ઘરમાં છૂપાવે છે અને વળી તેની સિફારશ કરવા આવે છે. "

દેવીદીન: " હું થી સિફારશ કરવાનો હતો, હજૂર ! હું તો એ બહાદુરનો માણસ !

દારોગો. " જાણે છે, એના પર વોરંટ છે, સરકારી રૂપીયા હજમ કરી ગયો છે. "

દેવીદીન " હજૂર, માણસથી ભૂલ ચૂક થઇ જાય વળી જુવાનીની વય છે, ખરચાઇ ગયા હશે "

એટલુ કહેતાં દેવીદીને કમરની આંટીમાંથી પાંચ ગીનીઓ કાઢી ટેબલ પર મૂકી દીધી.

દારોગાએ તડપી જઈને કહ્યું. " આ શું છે ? "

દેવીદીન " કાંઈ નથી, હજૂર આપને પાન ગુલાબ માટે. "

દારોગો " લાંચ આપવા મગિ છે, કેમ ? બચ્ચા, લાંચ આપનો આરોપ મૂકીશ ! "

દેવીદીનઃ " મૂકજો સરકાર ! પરવાળી લાકડાં કહનની ફિકરમાંથી બચી જશે. ત્યાં બેઠો બેઠો આપને દુવા દઈશ. "

દારોગો " જો આને છોડાવવો હોય તો પચાસ ગીનીઓ લઈ આવ. જણે છે, એની નિરક્ષતારી માટે પાચસો રૂપીઆનું ઇનામ છે."

દેવીદીન " આપ કોકને એટલું ઇનામ શી વિસાતમાં ! આ તો ગરીબ પરદેશી માણસ છે જ્યાંસુધી જીવશે ત્યાંસુધી આપને યાદ કરશે. "

દારોગો " બકબક ન કર અહીં કાંઈ પુણ્ય મેળવવા આવ્યો નથી. "

દેવીદીન " બહુ તજ છુ હજૂર ! દુકાન તો નામનીજ છે "

કોન્સ્ટેબલ " બૂટ્ટી પાસે મંગી લાવ "

દેવીદીન " કમાવાવાળો તો દુંજ છુ ને ભાઇ ! છોકરાની સ્થિતિ તો જાણો છો ને ! પેટે પાટા બાંધીને પોગાડ રૂપીયા જમા કરી રાખ્યા હતા, એટલે હાલમાંજ સાત ધામની યાત્રા કરીને ચાલી આવુ છુ. હવે તો બધોજ તજ થઇ ગયો છુ "

દારોગો " તો તારી ગીનીઓ ઉઠાવી લે આને જહાર કાઢી મૂકો ! "

દેવીદીન " આપનો હુકમ છે તો લઇ જાઉ છુ. પણ શા માટે મરાવો છો ? "

દારોગો (કોન્સ્ટેબલને) " આને કાચી જેલમાં રાખો. મુનશીને કહો કે એનુ બ્યાન લખી લે "

દેવીદીનના હોઠ આવેશથી કંપી રહ્યા હતા. તેના ચહેરા પર, રમાનાથે અમાપ કહિ ન જોયલી બમતા છવાઇ હતી. કેમ જાણે કોઇ ચકલી પોતાના ઘોંસલામાં કાગડાને ઘુસતો જોઇને વિહ્વળ થઈ જઈ ન હોય ! એક મિનિટ સુધી તે બાબાના દ્વાર ઉપર ઉભો રહ્યો. પછી પાછો ફર્યો અને એક સિપાઇને કોઇક કહી સડક તરફ સરકી ગયો. પરતુ એકજ પળમાં પાછા ફરીને તેણે દારોગાને કહ્યું " હજૂર, બે કલાકની મુદત નહિ આપો ! "

રમાનાથ હજી ત્યાંજ ઉભો હતો. આ બમતા જોઇને તે રડી પડયો. તે બોલ્યો " દાદા, હવે તમે હેરાન ન થાવ. મારા ભાગ્યમાં જે કાંઇ લખ્યું હોય તે થવા દો. મારા પિતા પણ અહીં હોત તો આનાથી વધુ બીજું શુ કરત ! હુ મરતાં સુધી તમારો ઉપકાર .... "

દેવીદીને આંખમાંના આંસુ લુછતાં કહ્યું: " કેવી વાત કરે છે ભાઇ ! જ્યાં રૂપીયા પર વાત આવી ત્યાં દેવીદીન પાછળ હઠવાવાળો માણસ નથી. એટલા રૂપીયા તો એક દિવસમાં જુગારમાં હારી ગયો છું કે જિતી ગયો છું અત્યારે ઘર વેચી દઉ તો દશ હજારની મિલ્કત છે માથા ઉપર લાદીને શુ લઇ જવાનો છુ ! દારોગાજી, અત્યારે ભાઇને કાચી જેલમાં ન મોકલો હુ રૂપીયાની બવરયા કરીને પોગા બમયમાં આવુ છું "

દેવીદીન ચાલી ગયો એટલે દારોગાજીએ સહાનુભવતા ભરેલા સ્વરે કહ્યું: " છે તો ચાલાક પણ ભલો જ નેક છે તે એને કેમ ખોટી મુશ્કેલી ઉભી કરી ? "

રમાનાથે કહ્યું " ગરીબો પર તો બધાને રહમ આવે છે "

દારોગાએ મદ હસીને કહ્યું. " ચોરી ને છોડીને, એમ કહો. મને તો વિશ્વાસ નથી કે તે પચાસ ગીનીઓ લાવે. "

રમાનાથઃ " અને લાવે તો પણ તેને

માથે એટલો બધો બોજો નાખવા હું નથી માંગતો. તમે મને ખુશીથી કાંચી જેલમાં લઇ જાવ."

દારોગોઃ "મને પાંચસો ને બદલે સાડા-છસો મળી રહ્યા છે તે કેમ જવા દઉં ? તારી ગિરફતારીનું ઇનામ મારા કોઇ બીજા ભાઇને મળી જાય તો શું ખોટું ?"

રમાનાથઃ "જો મારે ચક્કી જ પીસવાની છે, તો તે જેટલી જલદી પીસું તેટલું સારું હું સમજ્યો હતો કે પોલીસની નજર ચૂકવીને હું રહી શકીશ. હવે માલમ પડયું કે આ આઠે પ્રહર પકડાઇ જવાનો ભય જેલના કરતાં કાંઇ ઓછો ત્રાસદેય નથી"

દારોગાને એકાએક જાણે કે કોઇ ભૂલાઇ ગએલી વાત યાદ આવી ગઇ. ટેબલના ખાના માંથી એક મુકદમાના કાગળીયાં કાઢી તેનાં પાના આમતેમ ઉથલાવ્યાં અને પછી તે નમ્રતાથી બોલ્યોઃ "જો કે કોઇ એવી યુક્તિ બતાવું કે દેવીદીનના રૂપીયા પણ બચી જાય અને તારા ઉપર પણ કાંઇ આફત ન આવે તો કેમ ?"

રમાનાથે અવિશ્વાસના ભાવથી કહ્યુંઃ "એવી કોઇ યુક્તિ છે ? મને તો આશા નથી."

દારોગો. "એ તો ખુદાનો એલ છે એની મેહરબાની હું કરી શકું છું. તમારે એક મુકદમામાં સાક્ષી આપવી પડશે."

રમાનાથ, "જૂઠી સાક્ષી હશે ?"

દારોગોઃ "નહિ, તદ્દન સાચી. એમજ સમજી લેને કે તું માણસ બની જશે મ્યુનિસિપાલીટીના પંજામાંથી તો છૂટી જશે, એટલું જ નહિ પણ કદાચ સરકાર પણ મદદેરબાની કરે અને જો મુકદમો ચાલ્યો તો પાંચ વર્ષથી ઓછી સજા નહિ થાય. માની લે કે આ વખતે દેવીદીન તને બચાવી લે તો પણ કયાં સુધી બચી જશદ્ય ? જીંદગી ખરાબ થઇ જશે નકો બોટ તું જ તારી જેમ વિચારી લે હું જબરજસ્તી કરતો નથી."

દારોગાએ ધાડનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. રમાનાથ જેવો કોઇ મુકદમો વર્તમાન પત્રોમાં વાંચી ચૂકયો હતો. તે મંથનના ભાવથી બોલ્યો. "તો મારે સાક્ષી બનવું પડશે અને એમ કહેવુ પડશે કે હું આ ધાડપાડુઓ સાથે સામેલ હતો એ તો જુઠી જુબાની થઇ !"

દારોગો. "મામલો તદ્દન સાચો છે. તમે કોઇ બિનગુન્હેગારોને નહિ ફસાવો. જેમને જેલ જવું જોઇએ એવા જ લોકો જેલમાં જશે. પછી જુઠું કયા રહ્યું ? ડાકુઓના ડરથી અહીંના લોકો સાક્ષી આપવા રાજી થતા નથી બસ બીજી વાત કોઇ વાત નથી તમારે કાંઇક જુઠું બોલવું પડશે એ હું માનું છું. પરંતુ તમારી જીંદગી બચી જાય છે એના પ્રમાણમાં એટલું જુઠું તો કાંઇ બિસાતમાં નથી. ખૂબ વિચાર કરજો. સાંજ સુધીમાં જવાબ આપજો."

રમાનાથના મનમાં વાત વસી ગઇ. જો એક વખત જૂઠુ બોલીને તે પોતાનાં પાછલાં કર્મોનું પ્રાયશ્ચિત્ત કરી શકે અને ભવિષ્ય પણ સુધારી લે તો પૂછવુ જ શું ? જેલમાંથી તો બચી જાય ! એમાં બહું આગળ પાછળનું જોવાની જરૂર નથી હા, એનો નિશ્ચય થઇ જવો જોઇએ કે તેના ઉપર મ્યુનિસિપાલીટી ફરી મુકદમો નહિ ચલાવે અને તેને કોઇ સારી જગા મળી જાય. તે જાણતો હતો કે પોલીસને ગરજ છે એટલે મારી કોઇપણ વ્યાજબી શરતનો અસ્વીકાર થવાનો નથી. એટલે કેમ જાણે તેનો આત્મા ધર્મ અને અધર્મના સંકટમાં પડયો ન હોય તેમ તે બોલ્યો. "મને ડર એ લાગે છે કે મારી જુબાનીથી બીનગુન્હેગાર બેકા ફસાઇ ન જાય"

દારોગો. " એની હું આપને ખાત્રી આપું છું. "

રમાનાથ " પણ કાલે મ્યુનિસિપાલીટી મારી મકાન પકડે તો હું કોને પોકારું ! "

દારોગોઃ " મજકૂર છે ! મ્યુનિસિપાલીટી શું કરી શકે ! ફોજદારી મુકદ્દમામાં પોતે પોતાના દોસ્ત બનાવી રાખવા ચાહે છે એ આપની ખુશાની સારી થાય અને જો તમે એની લગામોથી નિકળી જાવ તો તમે નિદાસ થઇ જશો. "

દારોગાએ તેજ વખતે મોટર મગાવી અને રમાનાથને માથે લઇ ડેપ્યુટી સાહેબને

માયા લગાડી

કુંજ કુંજ ગોકુળ ગમાડી,
હો કૃષ્ણ ! માયા લગાડી—કુંજ

કાલીદહ કાલિનાગ નાથ્યો જગાડી,
વેણી તે વનવનની વાડીઃ
હો કૃષ્ણ ! માયા લગાડી—કુંજ

ગોકુલિયું કીધ પેલું ગોરસી ચખાડી;
લીલા બ્રહ્માંડની રેખાડી;
હો કૃષ્ણ ! માયા લગાડી—કુંજ

જળરો જાદવરાય બહકે ખેલાડી;
ખુટ્ટી રસરંગની મૂંઘાડી;
હો કૃષ્ણ ! માયા લગાડી—કુંજ

ઇંદ્રો ગિરિરાજ અંગૂલિ ધરાડી;
ભીતિ તો ઇન્દ્રની ભગાડી;
હો કૃષ્ણ ! માયા લગાડી—કુંજ

ભક્તોને ભૂપરાએ મુક્તિ પમાડી;
હું યે તલભું છું દા'ડી દા'ડી;
હો કૃષ્ણ ! માયા લગાડી—કુંજ

અંડ અંડ બીરહાડ પાડી;
હો સન્ત ! માયા લગાડીઃ—અંડ

ઠિંસાનાં ઝેર દાબ્યાં, સુરતા જગાડી;
અમરેની વેલડી ઉગાડી.
હો સન્ત ! માયા લગાડીઃ—અંડ

દિલડાંને રોઢી રોઢી દિવ્યતા ચખાડી,
દુનિયાને કીધ પેલી—ભાંડી;
હો સન્ત ! માયા લગાડીઃ—અંડ

જગે "રામન-રાય" જબરો ખેલાડી;
ખુટ્ટી ખજરંગની ચૂંપાડી,
હો સન્ત ! માયા લગાડી.—અંડ

જનતાને જનમેના જ બળા ઝોડાડી,
ભીતિ તો કાળની ભગાડીઃ
હો સન્ત ! માયા લગાડીઃ—અંડ

ભારતને મોખ આપુજગધી ખુટાડી;
મુક્તિને દાજ દા'ડી દા'ડી-
હો સન્ત ! લગની લગાડી'—અંડ+

કેરાય હ પોડ

+ ગામેતરમાં પ્રાય બધાર ' બારપકડી ' આંણ.

પરિણામે તો સરકાર જ રહેશે જ્યારે સરકાર તમને મારી આપે ત્યારે મુકદ્દમો કેવી રીતે ચલાવશે ? તમને ગારીનામું આપી દેવામાં આવશે, માદેવ ! "

રમાનાથ " અને મોકરી ! "

દારોગોઃ ", તેની સરકાર આપો આપ જોગવણ કરશે, જેવા માણસોને તો સરકાર મળવા ઉપરી બગડ આવી મોટી કામગિરિ બતાવવામાં વિલબ કેમ કરે ! ડેપ્યુટી સાથે એકાંતમાં ખૂબ વાત કરી આ માણસનો પત્તો કેમ લાગ્યો, એની સૂરત કેવનાં જ એ કોણ બતાવી છે એમ આપી બધા તેને ગિરફતાર કરી લીધો ! અને એ બધી વાત સોફ્રેમોળ આવા મળી

-નીકળી ! નજર કાંઇ ભૂલ કરે ! હજુર, માણસની આંખો ઓળખી શકુ છું. અલાહાબાદ મ્યુનિસિપાલીટીના રૂપીયા ઉચાપત કરીને ભાગ્યો છે આ મુકદમામા સાક્ષી આપવા તૈયાર છે. માણસ ભણેલોગણેલો અને દેખાવે પણ ગૃહસ્થ અને કુલિન છે.

ડેપ્યુટીએ સંદિગ્ધ ભાવથી કહ્યું: " હા, માણસ તો હોંશીયાર માલમ પડે છે. "

" પરંતુ મારીનામું લીધા વિના એને આપણા પર વિશ્વાસ નહિ આવે. જો કદાચ એને શંકા આવે કે આપણે આ લોકો સાથે કાંઇ ચાલ ચાલી રહ્યા છે તો તરત છટકી જશે."

ડેપ્યુટી " એ તો યશેજ 'સરકાર સાથે આ બાબતમાં વાતચીત કરવી પડશે. તમે ટેલીફોન કરીને અલાહાબાદની પોલીસને પૂછો કે આ માણસ પર કેવો મુકદમો છે ! એ બધું સરકારને બતાવવું પડશે "

ટેલીફોનની ડાયરેકટરી જોઇ, દારોગાએ નંબર મેળવ્યો અને વાતચીત શરૂ થઇ.

ડેપ્યુટીઃ " શું કહ્યું ? "

દારોગો " કહે છે કે અહીં તો આ નામના કોઇ માણસ પર મુકદમો નથી. "

ડેપ્યુટી " એ તે કેવી વાત છે, કાંઇ સમજમાં આવતુ નથી. એણે નામ તો બદલી દીધું નથી ને ? "

દારોગો " કહે છે કે મ્યુનિસિપાલીટીના કાંઇ રૂપીયા ઉચાપત નથી થયા. કોઇ મામલો છે જ નહિ "

ડેપ્યુટી. " એ તો ઘણી તાજુબીની વાત ! માણસ કહે છે કે રૂપીયા લઇને ભાગ્યો; મ્યુનિસિપાલીટી કહે છે કે કાંઇ રૂપીયા ઉચાપત નથી થયા ઠીક, મ્યુનિસિપલ કચેરીમાં પૂછો "

દારોગોઃ " મારી સમજમાં પણ કાંઇ વાત આવતી નથી જો એને કહી દઇએ કે તમારી ઉપર કાંઇ મુકદમો નથી તો પછી એનો પત્તો પણ નહિ લાગે ! ઠીક, મ્યુનિસિપાલીટીની કચેરીમાં પૂછીએ."

દારોગાએ ફરી નંબર મેળવ્યો. સવાલ જવાબ થવા લાગ્યા.

દારોગોઃ " તમારે ત્યાં રમાનાથ નામે કોઇ કારકૂન હતો ? "

જવાબ. " હા, હતો. "

દારોગો. " તે કાંઇ રૂપીયા ઉચાપત કરીને ભાગ્યો છે ? "

જવાબ:" ના નહિ; તે ઘરેથી ભાગી ગયો છે, પણ રૂપીયા ઉચાપત નથી કર્યા. શું તે આપને ત્યાં છે ? "

દારોગો. " જી હા; અમે તેને ગિરફતાર કર્યો છે. તે પોતે કહે છે કે મેં રૂપીયા ઉચાપત કર્યા છે. વાત શી છે ? "

જવાબઃ " પોલીસ તો ઘણી ચબરાક છે જરા અક્કલ દોડાવો. "

દારોગોઃ " અહીં તો અક્કલ કાંઇ કામ કરતી નથી. "

જવાબ. " ત્યાં શું અહીં પણ કામ નથી કરતી. સાંભળો, રમાનાથે હિસાબ મેળવવામા ગળતી કરી; એટલે ભય પામીને ભાગી ગયો. પાછળથી માલમ પડ્યું કે રકમ કાંઇ ઘટતી નથી. હવે સમજ્યા પડી ? "

ડેપ્યુટી " હવે શું કરશું ખાનસાહેબ; ચિકાર હાથમાંથી છટકી ગયો "

દારોગો. " છટકી કેમ જશે, હજૂર ! રમાનાથને એ વાત કહીએ જ શા માટે ? બસ, તેને કોઇ એવા માણસને મળવા જ ન દેવાય કે જે તેને બહારની કોઇ ખબર પહોંચાડી શકે હવે ઘરવાળાઓને તેનો પત્તો લાગી જશે એટલે કોઇને કોઇ જરૂર તેની તપાસ કરવા આવશે. કોઇને જ આવવા ન દેવા. આ વાત જ વચ્ચે લાવવી નહિ. મોઢેથી એને ખાત્રી આપી દેવી. કહી દેવું કે મારીનામાને માટે કમીશ્નર સાહેબને રીપોર્ટ કર્યો

છે. ઇન્સ્પેક્ટર સાહેબનો પણ અભિપ્રાય લઈ લેવો. "

અહીં આ લોકો સુપરિન્ટેન્ડન્ટ સાથે પરામર્શ કરી રહ્યા હતા, ત્યાં એક કલાકમાં દેવીદીન પાછો ચાલ્યો આવ્યો. એટલે કોન્સ્ટેબલે કહ્યું: " દારોગાજી તો સાહેબની પાસે ગયા. "

દેવીદીને ગભરાઇને કહ્યું "તો શું બાબુજીને કાચી જેલમાં નાખ્યા ? "

કોન્સ્ટેબલ. " નહિ, તેને પણ સાથે લઇ ગયા "

દેવીદીને માથું ટીપીને કહ્યું. " પોલીસવાળાની કોઇ વાતનો ભરોસો નહિ હું કહી ગયો કે એક કલાકમાં રૂપીયા લઇ આવું છું, પરંતુ એટલી પણ સબૂરી ન પકડાઇ. સરકાર પાસેથી તો પાંચસોજ મળશે હું છસો આપવા તૈયાર છું. હા, સરકારમાં સારી કામગિરિ બજાવવાની પ્રશંસા થાય, બીજું શું ? અહીંથી તેને પ્રયાગરાજ મોકલી દેશે મારી સાથે મુલાકાત પણ નહિ થાય બુઢ્ઢી રડી રડીને મરી જશે " એમ કહેતાં દેવીદીન ત્યાંજ જમીન પર બેસી ગયો.

કોન્સ્ટેબલે પૂછ્યું " તો અહીં કયાં સુધી બેસી રહેશો ? "

જાણે ચાબૂકના ફટકાનો માર લાગ્યાથી ઘાયલ થયો હોય તેમ થઇને દેવીદીને કહ્યું. " હવે તો દારોગા સાથે બે ચાર વાત કરીને જ જઇશ. કદાચ ને જેલ જવું પડે, પણ તેને જરૂર બરાબરા ફટકાર. બરાબર રીતે ફટકાર આખરે તેને પણ બાલબચ્ચાં તો હશેને ! શું ભગવાનથી જરા પણ નથી ડરતો ! તમે બાબૂજીને જતી વખતે જોયા હતા ? બહુજ દિલગિર હતા ! "

કોન્સ્ટેબલ " દિલગિર તો ન હતા, ખાસી તરહ હસી રહ્યા હતા. તેમને જવા મોટરમાં બેસાડીને ગયા છે. "

દેવીદીને અવિશ્વાસના ભાવથી કહ્યું. " હસી શું રહ્યો હશે, બિચારો ! મોંથી ભલે હસી લે પણ દિલ તો રડતુ જ હશે "

દેવીદીનને અહીં બેઠે એક કલાક પણ થયો ન હતો એટલામાં જગ્ગો આવીને ઉભો દેવીદીનને દ્વાર ઉપર બેઠેલો જોઇને તે બોલ્યો " તમે અહીં શું કરવા માંડયુ ? બાબ કયાં છે ? "

દેવીદીને ભમોહત થઇને કહ્યું " બાબને તો લઇ ગયા સુપરિન્ટેન્ડન્ટની પાસે, કાલ જાણે મુલાકાત થાય છે કે પછી બહારોબહારજ પ્રયાગરાજ મોકલી દે છે ! "

જગ્ગો " દારોગાજી પણ ઠીક માણસ છે કહું ત્યારે કહે કે આટલા લઇયા અને હવે લઇને ચાલી ગયા "

દેવીદીન. " તેથી જ તો બેઠો છું, કે આવે એટલે બે ત્રણ વાતો કહી લઉં "

જગ્ગો " હા, જરૂર ફટકારવી જે પોતાની જબાન ન પાળે તે પોતાના બાપનો શું થશે ? હું તો ખરૂ કહીશ મને શું કરશે.? "

દેવીદીન " દુકાન પર કોણ છે ? "

જગ્ગો " બધ કરીને આવી છું હજી તો બિચારાએ કાંઇ ખાધું પણ નથી ! સવારનો એમને એમ છે ચૂલામાં જાય એ તમાસો. એને જ માટે તો ટીકીટ લેવા જતો હતો જો ઘરેથી જ ભઠાર ન નીકળતે તો આ બધા માથે કયાંથી વળગતે ? "

દેવીદીન. " જો અહીંથી જ પ્રયાગ મોકલી દેશે તો ? "

જગ્ગો " તો પત્ર તો આવશે જ ને ! ત્યાં જઇને મળી આવીશું "

દેવીદીન " (આંખોમાં આસુ લાવી) સજા થઇ જશે ? "

જગ્ગો " રૂપીયા જમા કરી દેશું પછી

સજા શા માટે થશે ? સરકાર પોતાના રૂપીયા જ લેશે કે બીજુ કાંઇ ? "

દેવીદીનઃ " નહિ, માંડી, એમ નથી થતુ. ચોર માલ પાછો આપી દે તેથી કાંઇ તેને છોડી થોડોજ દેવામાં આવે છે ! "

પરિસ્થિતિની કઠોરતાનો અનુભવ કરતાં જગ્ગોએ કહ્યુઃ " દારોગાજી... .."

હજી વાકય પૂરૂ ન થયું ત્યાં તો દારોગાની મોટર સામે આવી પહોંચી ઇન્સપેકટર સાહેબ પણ હતા રમાનાથ એ બન્નેને જોઇને મોટરમાંથી ઉતરી આવ્યો અને પ્રસન્નમુખથી બોલ્યો. " તમે અહીં લાંબા વખતથી બેઠા છો શું દાદા ? આવો, ચોરડામાં ચાલો, મા, તુ કયારે આવી ? "

દારોગાએ વિનોદ કરતાં કહ્યું " કેમ, ચોકરી, રૂપીયા લાવ્યા ? "

દેવીદીનઃ " જ્યારે કહીને ગયો કે થોડીવારમાં આવું છું તો તમારે મારી રાહ જોવી જોઇતી હતી. ચાલો, તમારા રૂપીયા લઇ લો. "

દારોગો " જમીનમાંથી ખોદીને કાઢયા હશે ! "

દેવીદીન. " આપની કૃપાથી હજીયે હન્દર પાંચસો વધુ નીકળી શકે એમ છે. જમીન ખોદવાની જરૂર નથી પડી ચાલો, ભાઇ, બુઢ્ઢી કમારની ઉઝી છે તું રૂપીયા ચૂકવીને આવુ છું. આ તો ઇન્સપેકટર સાહેબ હતા ને ? પહેલાં આજ થાણામાં હતા. "

દારોગો " તો ભાઇ તમારા રૂપીયા લઇ જાઇને એ હાંડીમાં જ મૂકી રાખો અમલ દારોની એવી સલાહ મળી કે આને છોડવો ન જોઇએ. મારા હાથની વાત નથી. "

ઇન્સપેકટર સાહેબ તો પહેલેથીજ કચેરીમા ચાલી ગયા હતા. આ ત્રણે જણ વાત કરતા કરતા તેની પાસેના ઓરડામાં ગયા.

દારોગાની વાત સાંભળતાં દેવીદીનના ભવાં ચઢી આવ્યાં. તે બોલ્યોઃ " દારોગાજી, મરદોની જબાન એકજ હોય છે. એટલું જ કહું તેં કિન્નણું છુ તમારા હુકમથી હુ રૂપીયા લાવ્યો છુ. તમારે તમારો કોલ પૂરો કરવો જ પડશે કહીને ફરી જવું એ તો નીચ માણસોનુ કામ છે "

આટલાં કઠોર શબ્દો સાંભળતાં તો દારોગાએ ધુવા પુવા થઇ જવુ જોઇતું હતુ પરતુ અત્યારે તેમને જરાપણ માઠું ન લાગ્યુ. તે હસતા હસતા બોલ્યા " ભાઇ, હવે ચાહેતો નીચ કહો, ચાહે દગાબાજ કહો, પરંતુ હુ એને છોડી શકતો નથી. આવા શિકાર કાંઇ રોજ હાથ લાગતા નથી. કોલની ખાતર હુ કાંઇ મારો શિકાર છોડી દેવાનો નથી. "

દારોગાના હસવાથી દેવીદીન વધુ ચીઢાયો. " તો તમે કહ્યું કયાં મોઢે ? "

દારોગો. " આજ મોઢે કહ્યું હતું; પરતુ મોઢુ હમેશાં એક સરખુ નથી રહેતું. આજ મુખથી જેમ ગાળ દઉ છું તેમ આજ મુખથી પ્રશંસા પણ કરું છું. "

દેવીદીન (ચીઢાઇને) " આ મૂછ મુડાવી નાખો. "

દારોગો " ખુશીથી, મને મંજુર છે. મારી ઇચ્છા તો પહેલાંથી જ હતી, પરતુ શરમનો માર્યો મુંડાવતો ન હતો. હવે તમે દિલ મજબુત કર્યું. "

દેવીદીન " હસો નહિ દારોગાજી, તમે હસો છો અને મારૂં લોહી ઉકળી જાય છે. મને જોઇએ તો જેલ કેમ ન મળે, પરંતુ હુ કેપ્ટન સાહેબને જરૂર કહી દઇશ છું તો એક ટકાનો આદમી, પણ આપની કૃપાથી મોટા મોટા અમલદારો સુધી પહોંચી શકુ છું "

દારોગો " અરે યાર, તો શું તુ સાચે

સાચ કેપ્ટન સાહેબ આગળ મારે માટે ફરિયાદ કરશે ?"

દેવીદીન સમજ્યો કે ધમકીની અસર થઇ. એટલે તે અકડાઇને બોલ્યો "જ્યારે તમે કોઇનુ સાંભળતા નથી, વાત કહીને ફરી જાય છો, ત્યારે બીજા પણ પોતાનાથી બનતું કરશે જ. મેમ સાહેબ તો રોજ દુકાન પર આવે છે."

દારોગો "જો, દેવીદીન, તે સાહેબ કે મેમ સાહેબ આગળ મારી જરા પણ ફરિયાદ કરી છે તો હું સોગંદ ખાઇને કહું છું કે તારૂં ઘર બોદાવીને ફેંકી દઇશ"

દેવીદીન. "જે દિવસે મારૂ ઘર બોદશો તે દિવસે આ પાપડી અને ચપરાશ પણ નહિ રહેશે, હજૂર !"

દારોગો "ઠીક તો આપ તાણી આપણે થરત મારીએ છીએ"

દેવીદીન "પસ્તાશો હોં સરકાર, કહી દઉં છું કે પસ્તાશો"

રમાનાથ હવે ધીરજ ન ધરી શક્યો. અત્યાર સુધી તે દેવીદીનના બગડવાનો તમાસો જોવા માટે બીવાડીના જેમ બની બેઠો હતો તે હવે બોલ્યો "દાદા, દારોગાજી તથને ચીડવી રહ્યા છે. અમારી વચ્ચે એવી સલાહ થઇ ગઇ છે કે હું કોઇપણ આપ્યા લીધા વગર છૂટી જઇશ અને ઉપરથી નોકરી પણ મળશે. સાહેબે ચોક્કસ ખાત્રી આપી છે. મારે હવે અહીં જ રહેવું પડશે."

રસ્તો ભૂલેલા માણસની માફક દેવીદીને કહ્યું "એ કેવી વાત ભાઇ, શું કહે છે ? શું પોલીસવાળાઓની જાળમાં આવી ગયો ? એમાં કોઇને કોઇ જરૂર છૂપી ચાલ હશે."

રમાનાથે ખાત્રીપૂર્વક કહ્યું. "અરે બીજી કોઇ વાત નથી. એક મુકદમામાં સાક્ષી આપવી પડશે."

દેવીદીને સંશયથી માથું હલાવી કહ્યું: "જુઠ્ઠો મુકદમો હશે ?"

રમાનાથ "નહિ, દાદા, તદ્દન સાચો મામલો છે મેં પહેલાંથી જ પૂછી લીધું છે."

દેવીદીનની શંકાનું નિવારણ ન થયું. તે બોલ્યો "હું એ બાબતમાં બીજુ કાંઇ નથી કહી શકતો ભાઇ, પણ જરા સમજી વિચારીને કામ કરજે જો મારા રૂપીયાથી ડરતો હોય તો એટલુ સમજી લેજે કે જો દેવીદીને રૂપીયાની પરવા કરી હોત તો આજે તે લખપતી હોત આજ હાથોથી રોજના સો સો રૂપીયા કમાયો છું અને બધા ઉડાવી પણ દીધા છે. કયા મુકદમામાં સાક્ષી આપવાની છે ? કાંઇ માલમ પડયુ ?"

દારોગાજીએ રમાનાથને જવાબ દેવાની તકજ ન આપી કહ્યું "પેલો ધાડવાળો મામલો છે તે જેમાં કેટલાક ગરીબ માણસોના જાન ગયા હતા ! એ ધાડપાડુઓએ આખા જીલ્લામાં ત્રાસ ત્રાસ વર્તાવ્યો છે. એટલે તેમના ડરનો માર્યો કોઇ માણસ સાક્ષી આપવા રાજી થતો નથી."

દેવીદીને ઉપેક્ષાના ભાવથી કહ્યું: "ઠીક, તો તું સાક્ષી બની ગયો, એમ વાત છે ! એમાં તો પોલીસ શિખવાડશે એટલુ તારે કહેવુ પડશે ભાઇ, હું ડુંડી બુદ્ધિવાળો માણસ છું આ વાતોનો મર્મ શું જાણું ! પરંતુ મને મુખબિર (એપ્રુવર) બનવાનું કહેવામાં આવે તો હું નહિ બનું; પછી ભલે મને કોઇ લાખ રૂપીયા આપે તો શું થયું ! બહારના માણસને કોણ અપરાધી છે અને કોણ બીનગુન્હેગાર છે તેની શી ખબર ! બે ચાર અપરાધીઓની સાથે બે ચાર બીન અપરાધીઓ પણ જરૂર હશે !"

દારોગો. "હરગીજ નહિ, જેટલા માણસો પકડયા છે તેટલા પાકકા ધાડ પાડુઓ છે"

દેવીદીનઃ " એ તો આપ કહો છો. અમને શી ખબર ? "

દારોગો. " અમે બીનગુન્હેગારોને શા માટે ફસાવીએ, તે તો કહો ? "

દેવીદીનઃ " એ બધુ જોગવી ચૂકયો છુ, દારોગાજી ! આના કરતાં તો તમે એના પર કામ ચલાવો તેજ સારૂં છે. વર્ષ બે વર્ષની જેલ જ મળે ને ! એક અધર્મના દંડમાંથી બચવા માટે બીનગુન્હેગારોનાં ખૂન તો માથે નહિ ચઢે ને ? "

રમાનાથે બીરૂતાથી કહ્યુ. " મેં ખૂબ વિચાર કર્યો છે, દાદાજી ! બધા કામળો જોયા છે. એમાં કોઇ બીનગુન્હેગાર નથી. "

દેવીદીને ઉદાસ થઇને કહ્યું. " હશે, ભાઇ ! જીવન પણ પ્યારો હોય છે ! "

એટલું કહીને તે પાછળ ફરી ગયો. પોતાના મનોભાવો તે તેની આગળ સ્પષ્ટ રૂપે પ્રકટ કરી શકતો ન હતો.

એકાએક તેને એક વાત યાદ આવી ગઇ. મોઢુ ફેરવીને તે બોલ્યો. " તને થોડા રૂપીયા આપી જાઉ ? "

રમાનાથે સામું પૂછયુઃ "શી જરૂર છે ?"

દારોગાઃ " આજથી એને અહીં રહેવું પડશે. "

દેવીદીને કર્કશ સ્વરે કહ્યુઃ " હા હજૂર, એટલું તો જાણ્યુ છું એની મરજી હશે, એટલે જગ્યો રહેવા મળશે, નોકર મળશે, મોટર મળશે, એ બધુ જાણ્યુ છુ. કોઇ બહારનો માણસ એને મળવા નહિ પામે, તેમ એ પણ એકલો કયાંય જઇ આવી નહિ શકશે એ બધું ય જોઇ ચૂકયો છું "

એટલું કહેતાં દેવીદીન ઉતાવળે દમ ભરતો ત્યાંથી ચાલી ગયા. કેમ જાણે ત્યાં તેનો શ્વાસ ઘેરાઇ રહ્યો ન હોય ! દારોગાએ તેને ઘૂમ મારી પરંતુ તેણે પાછા ફરીને જોયું પણ નહિ. તેના મુખ ઉપર પરાભૂત વેદના છવાઈ ગઈ હતી.

જગ્ગાએ પૂછયું: " ભાઇ નથી આવતા ?"

દેવીદીને મડક તરફ જોઇને કહ્યુ: "ભાઇ હવે નહિ આવે જો પોતાનાં આપણાં ન થયાં તો પારકા તો પારકાંજ છે ને !"

તે ચાલી ગયો બુઢ્ઢી પણ પાછળ પાછળ ચાલી.

૯

હૃદયમાં કેટલો ઉલ્લાસ, કેટલી શાન્તિ, કેટલું બળ છે ! જે કદિ એકાંતમાં બેસીને, કોઇની સ્મૃતિમાં, કોઇના વિયોગમાં ક્ષુબ્ધ કે ક્ષુબ્ધ તેમજ અત્યંત ઉદાસ થઇને રડયો નથી, તે જીવનનાં એવાં સુખથી વંચિત છે કે જેને માટે હજારો હાસ્ય ન્યોછાવર છે. જેણે એ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હોય તેને જ એ મીઠી વેદનાનો આનન્દ પૂછો. હાસ્ય બાદ મન ખિન્ન થઈ જાય છે, આત્મા ક્ષુબ્ધ થઇ જાય છે, જાણે આપણે થાકી ગયા હોઇએ, પરાભૂત થઇ ગયા હોઇએ. એમ લાગે છે રૂદનની પાછળ એક નવીન સ્ફૂર્તિ, એક નવીન જીવન, એક નવીન ઉત્સાહનો અનુભવ થાય છે.

'પ્રજ્ઞામિત્ર' કાર્યાલયનો પત્ર જલપાને મળતાં તે વાંચી. તે રડી પડી એક હાથમાં પત્ર લઇ, બીજા હાથે બારણાની બારસાખ પકડી તે ખૂબ રડી શું વિચારીને તે રડી, તે કોણ કહી શકે ! કદાચ પોતાના ઉપાયની આ આશાતીત સફળતાએ તેના આત્માને વિહ્વલ બનાવી દીધો, કે આનન્દનાં પાણી ભર્યા ઉંડાણે તેને પહોંચાડી દીધી કે ઉપર તાને પણ બરફમાં ફેરવી નાખતી ઉંચાઇ પર પહોંચાડી દીધી ! આજે છ મહિના પછી આ સુખસમાચાર મળ્યા. આટલા દિવસો સુધી તે છલકારી આશા અને કઠોર

દુરાચારનું રમકડું બની રહી હતી. આહ ! કેટલીવાર તેના મનમાં તરંગ ઉઠયો હતો કે આ જીવનનો અંત કેમ ન લાવી દઉં ? જો મેં સાચેસાચ પ્રાણત્યાગ કર્યો હોત તો તેનું દર્શન પણ ન પામત પરંતુ એમનું હૈયું કેટલું કઠોર છે ! ૭ મહિનાથી ત્યાં બેઠા છે, પણ એક પત્ર સરખોયે ન લખ્યો, ખબર સુદ્ધાં નહિ લીધી ! આખરે એમતો ન સમજી લીધું હોય કે બહુ રડી રડીને મરી જશે એમણે મારી પરવા જ કયારે કરી છે ? દશ વીસ રૂપીયા તો મા-બાપ મિત્રો દોસ્તદારો માટે પણ ખર્ચી નાખે છે એ પ્રેમ નથી પ્રેમ હૃદયની વસ્તુ છે, રૂપીયાની નહિ. જ્યાં સુધી રમાનાથનો કાંઈ પત્તો ન હતો, ત્યાં સુધી જલપા બધોય દોષ પોતાને માથે ઓઢી લેતી હતી, પરંતુ આજે તેનો પત્તો લાગતાં જ તેનું મન અકસ્માત કઠોર થઇ ગયું. તરેહ તરેહના વિચારો તેને આવવા લાગ્યા ત્યાં શું સમજીને બેસી રહ્યા હશે ? એને માટે ને કે ત્યાં તે સ્વાધીન છે, સ્વતંત્ર છે. કોઇનું આપેલું નથી ખાતા ? આવી જ રીતે જો હું કશા વિના ચાલી જાત, તો તે મારી સાથે કેવો વર્તાવ કરત ? કદાચ તલવાર લઇને જર્નપર સવાર થઇ જાત અને જીંદગીભર મારું મુખ પણ ન જોત અને ત્યાં ઉભા ઉભાજ જલપાએ મનમાં ને મનમાં હરિશ્ચંદ્રોનું દફતર ખોલી નાંખ્યું.

એટલામાં રમેશબાબૂએ બારણા આગળ બૂમ મારી " ગોપી, ગોપી, જરા અહીં આવ " મુનશીજીએ પોતાના ઓરડામાં પડયાં પડયાં કરાહીને કહ્યું " કોણ છો, ભાઇ, ઓરડામાં આવો ! અરે ! આપ છો, રમેશબાબૂ ! બાબૂજી હું તો મરતો મરતો બચ્યો છું બસ એમ જ સમજો કે નવી જીંદગી મળી કોઇ આશા ન હતી ન કોઇ આગળ કે પાછળ બે છોકરા છે પરંતુ તેમને હું મરું કે જીવું તેની શી પરવા ! એની માને મારું મોઢું જોતાજ ખીજ લાગે છે. બિચારી વહૂએ મારો જીવ બચાવ્યો તે ન હોત તો અત્યારે તો ચાલી ચૂકયો હોત ! "

રમેશબાબૂએ કૃત્રિમ સમવેદના બતાવતાં કહ્યું " આપ આટલા બધા બીમાર થયા અને મને ખબર સુદ્ધાં ન પડી. હું અહીં હોઉં છતાં આપને આટલું દુ:ખ પડયું ! વહૂએ પણ એક ચીઠ્ઠી ન લખી દીધી. રજા લેવી પડી હશે ? "

મુનશી " છુટીને માટે અરજી કરી હતી, પરંતુ મે ડાક્તરનું સર્ટિફિકેટ નહિ મોકલ્યું.

પ્રત્યેક હિન્દુનું કર્તવ્ય

અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું અંગ નથી, એટલું જ નહિ પણ એ હિંદુ ધર્મમા પેસી ગયેલો સડો છે, વહેમ છે, પાપ છે; ને તેનું નિવારણ કરવું પ્રત્યેક હિંદુનો ધર્મ છે, તેનું પરમ કર્તવ્ય છે તેથી જે તેને પાપ માને છે તે તેનું પ્રાયશ્ચિત કરે, અને કંઇ નહિ તો પ્રાયશ્ચિત રૂપે પણ ધર્મ સમજીને સમજદાર હિંદુ પ્રત્યેક અસ્પૃશ્ય ગણાતા ભાઇ બેનને અપનાવે, તેનો હેતે સેવાભાવે સ્પર્શ કરે, સ્પર્શ કરી પોતાને પાવન થએલ માને, ' અસ્પૃશ્ય 'ના દુ:ખો દૂર કરે, વર્ષો વર્ષ તેમને ઠગવી નાખવામાં આવ્યા છે તેથી તેમનામા જે અજ્ઞાનાદિ દોષો પેસી ગયા છે તે ધીરજ પૂર્વક દૂર કરવામા તેમને મદદ કરે, અને આમ બીજા હિંદુને કરવા બનાવે, પ્રેરે આ દૃષ્ટિએ અસ્પૃશ્યતાને નિવારતાં તેને દૂર કરવામા જે ઐહિક કે રાજનૈતિક પરિણામો રહ્યા છે તેને નજરમાં લાવશો

મહાત્મા ગાંધીજી

સોળ રૂપીયા કોને ઘરેથી લાવું ? એક દિવસ સીવીલ સર્જનની પાસે ગયો; પરંતુ તેણે ચીઠ્ઠી લખી આપવા ના પાડી. આપ જાણો છો ને, ત્યાં દિ લીધા વિના વાત પણ નથી થતી હું આવી રહ્યો અને અરજી મોકલી દીધી. પછી તે મંજુર થઇ કે નહિ તેની ખબર નથી. આવી ડાકતરોની દાનત છે ! જુઓ છે કે માણસ મરી રહ્યો છે છતાં બક્ષીસ મળ્યા વગર કલમ નહિ ઉઠાવે "

રમેશબાબૂએ ચિંતાતુર સ્વરે કહ્યું: " આ તો આપે ઘણી ખરાબ ખબર સંભળાવી. જો તમારી રજા નામંજુર થઇ તો શું થશે ! "

મુનશીએ માથું કૂટીને કહ્યું: " થશે શું, ઘરે બેઠા રહીશ ! સાહેબ પૂછશે તો ચોકખુ કહીશ કે હું સર્જન પાસે ગયો હતો, તેણે રજા નહિ આપી. સરકારે એને નોકર શા માટે રાખ્યો છે ? નકામી, ખુરસીની શોભા વધારવા માટે ! મને કાઢી મૂકશે તો કબૂલ છે, પરંતુ સર્ટિફિકીટ તો નહિ આપું. લુચ્ચા કર્યાના ! આપને માટે પાન લાવનાર પણ કોઇ નથી. શું કરું ? "

રમેશે હસીને કહ્યું: " મારે માટે આપ ચિંતા ન કરો હું આજે પાન ખાવા નહિ પણ મીઠાઇ ખાવા આવ્યો છું (જલપાને ખૂબ મારી) વહૂજી ! તમારે માટે આજે ખુશ ખબર લાવ્યો છું. મીઠાઇ મંગાવો ! "

પાનની પેટી સામે રાખીને જલપાએ કહ્યું: " પહેલાં એ ખબર સંભળાવો, કદાચ જે ખબરને આપ નવી સમજી રહ્યા છો તે પુરાણી પણ થઇ ગઈ હોય ! "

રમેશ. " શું વાત કરો છો ? રમાનાથનો પત્તો મળી ગયો; કલકત્તામાં છે "

જલપા. " મને પહેલાં જ ખબર પડી ગઇ છે. "

મુનશીજી ઉતાવળા ઉઠી બેઠા, તેમનો તાવ જાણે કે ભાગીને ઉત્સુકતાની આડમાં જઇ છૂપાયો. રમેશનો હાથ પકડી તે બોલ્યા: " ખબર પડી કે કલકત્તામાં છે ? કોઇ પત્ર આવ્યો હતો ? "

રમેશ: " પત્ર ન હતો. પોલીસની તપાસ હતી મેં કહી દીધું કે તેની ઉપર કોઈ પ્રકારનો આરોપ નથી.તમને કયાંથી ખબર પડી, વહૂજી ? "

જલપાએ પોતાની યોજના જણાવી. ' પ્રજામિત્ર ' કાર્યાલયનો પત્ર દેખાડયો. પત્રની સાથે રૂપીયાની રસીદ હતી. તેના પર રમાનાથના હસ્તાક્ષર હતા.

રમેશ " અક્ષર તો રમાનાથ બાબૂના જ છે, તદ્દન સાચ; એમાં દગો નહિ હોય એમ. માનું છું, વહૂજી ! વાહ શી યુક્તિ કાઢી છે ! અમારા બધાના કાન કાપી નાખ્યા ! કોઇને ન સૂઝયું. હવે જ્યારે વિચાર આવે છે ત્યારે લાગે છે કે ઘણી સહેલી વાત હતી. બચ્ચાને પકડીને ઘસડી લાવે, તે મોટે કોઇ એ ત્યાં જવું જોઇએ. "

આ વાતચીત ચાલી રહી હતી એટલમાં રતન આવી પહોંચી. જલપા તેને દેખતાંજ ત્યાંથી ઉભી થઇ તેને ગળે લપટાઇ, બોલીઃ " બહેન, કલકત્તાથી પત્ર આવી ગયો. એ છે. "

રતનઃ " મારાં ગળાના સોગન ? "

જલપા. " હા, સાચુ કહું છું. કાગળ લેને ! "

રતનઃ " તો તું આજ જ ચાલી જા !"

જલપાઃ " હું પણ એજ વિચાર કરું છું તુ આવશે ? "

રતન " હું આવવા તો તૈયાર છું. પરંતુ ઘર એકલું કોના પર છોડું ? બહેન, મને મણિરામ પર કાંઇક શકા પડવા લાગી છે એની ઘાનત સાફ લાગતી નથી બે કમા વીસહજાર રૂપીયાથી ઓછા ન હતા. બધા કોણ જાણે કયાં ઉડાવી દીધા કહે છે કે

કિયા કર્મમાં બધોય ખર્ચ હિસાબ માંગુ છું તો આંખો કાઢે છે ! દરતરની કુંચી પણ પોતાની પાસે રાખી છે. માંગુ છું તો વાત ઉડાવી દે છે મારી સાથે કાંઈ કાયદાનું પત્રક સોનાની રમત રમી રહ્યો છે મને ભય એ લાગે છે કે હું ત્યાં આવું ને અહીં એ બધુ લક્ષ્મને ચાલતી પકડે ! બજારના ગ્રાહક આવી રહ્યા છે હું પણ ગામમાં જઈને શાન્તિથી પડી રહું, એમ કરવું છું બજારો વેચાઈ જશે, તો રોકડા રૂપીયા હાથ આવી જશે ને હું નહિ રહું તો કદાચ રૂપીયા મને જોવા પણ ન મળે. ગોપીને સર્વે લક્ષ્મને આજે જ ચાલી જા રૂપીયાની વ્યવસ્થા હું કરીશ "

જલપા "ગોપીનાથ તો કદાચ નહિ આવી શકે દાદાનાં દવાદારૂ મટે પછી કોણ રહેશે ? "

રતન " હું થોડી વાર અહીં બેસી રહ્યા કરીશ પણ તું આજેજ જા ત્યિારો ત્યાં કોણ જાણે કેવી દશામાં હશે ! તો એજ નિશ્ચય કર્યોને ? "

રતન મુનશીજીના ઓરડામાં ગઈ, એટલે રમેશ આબૂ ઉઠીને ઉભા થયા અને બોલ્યા " આવો બહેન ! રમાનાથ બાબૂનો પત્રો તો મળી ગયો "

રતન " એમાં અર્ધો યશ મારો છે "

રમેશ " આપની જ સલાહથી તો થયું હશે ! હવે તેને અહીં લાવવાની દિકર કરવી જોઈએ ! "

રતન " જલપા જાને પકડી લાવે ! ગોપીને સાથે લેતી જાય ! આપને એમાં કાંઈ વાંધો નથીને દાનજી !,"

મુનશીજીને વાંધો તો હતોજ ને તેમનું ચાલે તો આ વખને બહારના પણ દશબાર માણસોને વધુ ઓઢા કરે પછી ઘરના માણસો ચાલ્યા જાય તેથી કેમ વાંધો ન હોય ? પરતુ સમસ્યા એવી આવી હતી કે તેઓ કાંઈ બોલી ન શક્યા.

કલકત્તાની સફરનો આવો અવસર મળતાં ગોપી કેમ ખુશ ન થાય ? વિશ્વભર દિલમાં બળી રહ્યો હતો વિધાતાએ તેને નાનો ન બનાવ્યો હોત તો આજે તેના હક ઉપર તરાપ ન પડત ! ગોપી વળી એવો કયો દુનિયાદાર છે ? જ્યાં જાય છે ત્યાં કોઈ ને કોઈ ચીજ ગુમાવી આવે છે હા, મારાથી મોટો છે એ દેવી વિધાને તેને પસદગી આપી છે

રાતના નવ વાગ્યે જલપા જવાને તૈયાર થઈ માસુ-સસરાને પગે લાગી તેમના આશીર્વાદ લીધા વિશ્વભર રડી રહ્યો હતો તેને ગળે લગાવી, બહાર કર્યું અને મોટરમાં બેઠી. રતન સ્ટેશન સુધી પહોંચાડવા આવી હતી

મોટર ચાલી એટલે જલપાએ કહ્યું " બહેન, કલકત્તા તો બહુ મોટુ શહેર છે. ત્યાં કેવી રીતે પત્તો લાગશે ? "

રતન " પહેલાં ' પ્રજામિત્ર ' કાર્યાલયમાં જવું ત્યાંથી પત્તો લાગી જશે ગોપીબાબુ તો છે જ ને ! "

જલપા: " ઉતરીશ ક્યાં ? "

રતન " ધર્મશાળા છે નહિ, હોટલમાં રહેજે ને, રૂપીયાની જરૂર પડે તો મને તાર કરજે અમે તેમ વ્યવસ્થા કરીને મોકલીશ બાબૂજી આવી જાય તો મારા પર ઘણો ઉપકાર થાય આ મણિદાસ તો મને તોબાહ તોબાહ કરી મૂકશે. "

જલપા " હોટલવાળા બદમાશ તો નહિ હોયને ? "

રતન " કોઈ જરા પણ દુષ્ટતા કરે તો ઠોકર મારજે બસ, કાંઈ પણ પૂછતી નહિ ઠોકર મારીને પછી જ વાત કરવી (કમરમાંથી એક છરી કાઢીને) આ તારી પાસે રાખ કમરમાં છુપાવી રાખજે હું જ્યારે

બહાર નીકળું છું ત્યારે આ મારી પાસે રાખી લઉં છું. એનાથી દિલ ઘણું મજબૂત રહે છે. જે મર્દ કોઇ સ્ત્રીને છેડે છે, તે પહેલા નંબરે તો કાયર, નીચ અને લંપટ છે, એટલુ સમજી લેવું. તારી છરીની ચમક અને તારો મિજાસ જોઇને જ તે કંપી ઉઠશે અને સીધો રસ્તાએ ભાગી જશે. પરંતુ એવો પ્રસંગ આવી પડે કે તારે છરીનો ઉપયોગ કરવો પડે તો તેથી જરા પણ ખચકાઇશ નહિ. છરી લઇને તૂટી પડજે શું થશે ને શું નહિ, તેની કદિ ફિકર કરતી નહિ. જે થવાનું હશે તે થયા કરશે "

જાલપાએ છરી લઇ લીધી, પણ તે કોઇ બોલી નહિ તેનું દિલ ભારી થઇ રહ્યું હતું. એટલી બધી વાતો વિચારવાની તેમજ પૂછવાની હતી કે તેના વિચારથી જ તેનું દિલ બેસી જતુ હતુ.

સ્ટેશન આવી ગયું. કુલીઓએ સામાન ઉતાર્યો. ગોપી ટિકીટ લઇ આવ્યો. જાલપા પાયરની મૂર્તિ માફક પ્લેટફોર્મ પર ઉભી રહી કેમ જાણે તે ચેતનાશૂન્ય થઇ ગઇ ન હોય ! કોઇ મોટી પરીક્ષા આપતાં પહેલાં આપણે મૂંઝા થઇ જઇએ છીએ. આપણી બધીયે શક્તિ એ સંગ્રામની તૈયારીમાં રોકાઇ જાય છે.

રતને ગોપીને કહ્યું: "હોશીયાર રહેજે"

ગોપી અહીં કેટલાયે મહિનાથી કસરત કરતો હતો. ચાલતો ત્યારે પણ મોકું અને છાની જોયા કરતો. નજરે જોનારને તો તે ગમે તેવો લાગે, પરતુ તેની પોતાની નજરે તે કોઇ બીલે જ થઇ ગયો હતો કદાચ તેને એનું આશ્ચર્ય થતું હશે કે તેને આવતો જોઇને લોકો રસ્તામાંથી કેમ હઠી નથી જતા, તેનાથી ભયભીત કેમ નથી થઇ જતા ! અક્કડ થઇને તે બોલ્યોઃ " કોઇ જરા પણ ચુચા કરશે તો માથુંજ ભાંગી નાખીશ. "

રતન હસીઃ " એ તો મને ખબર છે. ક્રોધ ન જતો. "

ગોપીઃ " એક પલક પણ પાછુ નહિ ને ! શી મગદૂર છે કે ઉધ આવે ! "

ગાડી આવી ગઇ ગોપીએ એક ડબ્બામાં પેસીને કબજો લીધો. જાલપાની આંખમાં આંસુ ભરાયાં તે બોલીઃ " બહેન, આશીર્વાદ દે, કે એમને સહને સુખરૂપ પાછી આવું. "

આ સમયે તેનું દુર્બળ મન કોઇ આશ્રય, કોઇ સહારો, કોઇ બળ શોધી રહ્યું હતું અને આશીર્વાદ કે પ્રાર્થના સિવાય એ બળ તેને કોણ આપે ! બળ અને શાન્તિનો એજ અક્ષય ભંડાર છે, જે કોઇને નિરાશ નથી કરતો, જે સર્વની બાંહ્ય પકડે છે, સર્વને બેડા પર ઉતારે છે !

ઇન્જીનની સીટી વાગી. બન્ને સખીઓ ભેટી. જાલપા ગાડીમાં જઇ બેઠી.

રતને કહ્યું: " પહોંચતાં સાથેજ કાગળ લખજે. "

જાલપાએ માથું હલાવ્યું.

" મારી જરૂર માલમ પડે તો તરત લખજે. સૌ કોઇ છોડીને દુ ચાલી આવીશ."

જાલપાએ માથું ધુણાવી દીધું.


" રસ્તામાં રડતી નહિ. "

જાલપા હસી પડી; ગાડી ઉપડી ચૂકી.

(અપૂર્ણ)

ઈનામી પ્રશ્ન

સંપાદક : કુ. યશસ્વિની



ઉપરનાં ચોગઠામાં ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ એ આંકડાઓ એવી રીતે ગોઠવો કે, (આડા, ઉભા કે ખૂંણેખાંમાં) દરેક રીતે સરવાળો ૧૫ થાય, જે આંકડાઓ એમાં આપવામાં આવ્યા છે, તેમ—— લીમાં તે આંકડા સિવાય કોઇપણ લાઇનમાં એક આંકડો બે વખત ન આવવો જોઇએ.

ઇનામમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમાં માસિકનાં દરેક ગ્રાહક તેમજ જે બ્હેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. ગ્રાહકોના કુટુંબની બીજો પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવો ગ્રાહક નંબર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના બીજા મહિનાની આખર તારીખે સુધીમાં-અમને મળે એવી રીતે મોકલી આપવો. (૪) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બાબતથી-ગેરબાબતથી પણ વિષે વધુ લક્ષ અપાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે (૬) હરિફાઇના જવાબ સાથે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો.

સપ્ટેમ્બર માસનું પરિણામ

ખરો જવાબ નીચે પ્રમાણે છેઃ—

૪ ૦ ૬ ૮ ૭
૫ ૬ ૭ ૬ ૭
૨ ૮ ૬ ૬ ૦ ૬
૩ ૬ ૮ ૮ ૮ ૩ ×
૨ ૮ ૬ ૬ ૦ ૬ × ×
૨ ૪ ૫ ૬ ૨ ૨ × × ×
૨ ૦ ૪ ૬ ૩ ૫ × × × ×
૨ ૩ ૨ ૭ ૬ ૩ ૮ ૬ ૩ ૬

આ પ્રશ્નના કુલ ૪૬ જવાબ આવ્યા હતા. તેમાં ૩૭ ખરા છે; ૩ ખોટા છે. અને બાકીના ૬ કાર્ડના નિયમનો તેમજ પહેલા નિયમનો ભંગ કરવા માટે હરિફાઇમાં દાખલ કર્યા નથી. કાર્ડના નિયમનો ભંગ કરનાર બહેનો જો ગ્રાહક ન હોય તો તેમણે સાદા કાર્ડ ઉપર જવાબ લખી, તેની સાથે પ્રવેશની ટીકીટો કવરમાં મોકલવી જોઇએ. ખરા જવાબો આપનાર બહેનોમાંથી **શ્રીમતી સંવિતા પંડિત** (રંગુન)ને ઇનામનું પુસ્તક 'સોળ સુંદર વાર્તાઓ ભાગ ૨' આપવામાં આવે છે. જો તેમણે ટપાલ ખર્ચના અઢી આના (રજીસ્ટર્ડથી જોઇતુ હોય તો ત્રણ આના વધુ) મોકલી મંગાવી લેવું.

ખરો જવાબ આપનાર બહેનોનાં નામ

શ્રીમતી બહેનોઃ (૧) સવિતા પંડિત, (૨) આનંદલક્ષ્મી એંજીનીયર, (૩) સ્નેહલતા ત્રિવેદી, (૪) ઇન્દુમતી શ્રોફ, (૫) દેવુંબહેન ચાવડા, (૬) લલિતા વકીલ, (૭) શાન્તાલક્ષ્મી, (૮) કનકમણી મહેતા, (૯) કપિલા ભટ્ટ, (૧૦) લલિતાગૌરી, (૧૧) સુશીલાગૌરી, (૧૨) સુરજ કાજી, (૧૩) સુમિત્રા પાઠકજી, (૧૪) લીલાવતી શાહ, (૧૫) લીલાવતી દલાલ (૧૬) ચન્દ્રાવતી દવે, (૧૭) કાશીબહેન પટેલ, (૧૮) મુક્તાગૌરી અઢીઆ, (૧૯) મણિલક્ષ્મી, (૨૦) મુક્તાગૌરી દલાલ, (૨૧) હીરાબહેન મોદી, (૨૨) નાનુભાઇ આમર, (૨૩) કુલસુમ, (૨૪) લક્ષ્મીબહેન, (૨૫) ચંદનબહેન પારેખ, (૨૬) લલિતાબહેન ગજ્જર, (૨૭) શાન્તા-બહેન પરીખ, (૨૮) કમળા, (૨૯) વીમળાબહેન શાહ, (૩૦) મણીબહેન વેદાત, (૩૧) પદ્માવતી લાલાજી, (૩૨) નર્સ મિરિલબાઇ, (૩૩) ચંતાભાઇ ભગીલધામ, (૩૪) કુંજલતા હીરાભોપ, (૩૫ મંગળાબહેન સંઘવી, (૩૬) ભાસુદ અને (૩૭) વિદ્યાગૌરી

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય તેવા કોઇ બહેનો ઉખાણા-ની હરિફાઇમા ભાગ લેવા ઇચ્છતા હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો બીડવી. કૂપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, "ગુણસુન્દરી"



સમાલોચના

હિતોપદેશની વાર્તાઓઃ ભાગ ૧ લો અને ભાગ ૨ જો લેખક શ્રી ચન્દ્રશંકર મણીશંકર બહુ મૂલ્ય દરેકનું ૭ આના

શ્રી સ્વામી આનંદજ્ઞાનમાળાના પુષ્પ ૬૧ અને ૬૨ તરીકે પ્રગટ થયલાં આ બે પુસ્તકો બાલમાનસના અભ્યાસી અને બાલસાહિત્યના અનુભવી લેખક બાઇ ચન્દ્રશંકરને હાથે લખાયા છે આ માસિકના બાલવિભાગના અને 'બાલોદ્યાન'ના તંત્રી તરીકે તેમણે લાંબા સમય સુધી " બાલમિત્ર "ના તંત્રી તરીકે એ બાઇએ ગુજરાતના બાલસાહિત્યની મુદ્દર સેવા કરી છે, અને બાલકો હોંસે હોંસે વાંચે એવાં અનેક પુસ્તકો તેમણે અત્યાર પહેલા લખ્યા છે મૂળ સંસ્કૃત બાલોને ઢાલા બનાવે એવી મૂળ સંસ્કૃત "હિતોપદેશ"ની આ વાર્તાઓ બાઇ ચન્દ્રશંકરે એવી સરળ અને સાદી ભાષામાં અહિં ઉતારી છે કે આ પુસ્તકો બાલકોને અત્યંત પ્રિય થઇ પડશે અને જ્ઞાન સાથે આનંદ આપશે પોતાના બાલકોના જ્ઞાન-આનંદ વધારવા ઇચ્છતા બાપુઓ આ પુસ્તકો જરૂર પહેલી તકે વસાવી લેશે

સુદર્શનઃ લેખકઃ શ્રી મંજુલાલ ર. મજમુંદાર મૂલ્ય ૭ આના

ઉપરોક્ત ભક્તમાળાનું આ પુસ્તક ૬૩ મું પુષ્પ છે જેના લેખક શ્રી મંજુલાલ મજમુદારની ગુજરાતી સાહિત્યની સેવા જાણીતી છે. આસ કરીને પ્રાચીન સાહિત્યના સંશોધનમાં એમણે ઠોસો હિસ્સો આપ્યો છે આ પુસ્તકમાં મહાભારતના અશ્વમેધ પર્વમાં આવતી જાણીતા ભક્ત સુધન્વાની કથા તેમણે સાદા ભાષામાં ઉતારી છે આ પુસ્તકનું વિશિષ્ટ અંગ એ છે કે લેખકે એમાં પ્રેમ ભક્તના સુંદર્ય આખ્યાનોમાંથી ઉતારા આપી-આપી આખાને તેની સાથે જોડી લઇ વાર્તાને અત્યંત રસમય બનાવી છે બાળકોના માનસ પર વાર્તા બહુ સહેલાઇથી અસર કરી શકે છે અને તે કારણે આ વાર્તાઓ બાલ મનના ઉપર સહેલાઇથી છાપ પાડશે અંગ્રેજી સાહિત્યમાં પ્રસિદ્ધ કવિઓની કૃતિઓ બાલકોને રૂચે એવા સ્વરૂપમાં ઉતારવામાં આવે છે આ બાળાના સંચાલકોએ ગુજરાતી બાલસાહિત્યની વૃદ્ધિ માટે એ માર્ગ સ્વીકાર્યો છે તે માટે તેમને અભિનંદન ઘટે છે

સતી: લેખકઃ શ્રી મૂળજી આશારામ બગડા, મૂલ્ય ૬ આના

આ પુસ્તક ઉપરોક્ત માળાનું ૬૪ મું પુસ્તક છે કૈલાસપતિ ભગવાન શંકર દક્ષ પ્રજાપતિની પુત્રી " સતી "ને પરણ્યા હતા પિતાના ઘરનો વૈભવ ભૂલી સતી યોગ્ય પતિ સાથે યોગિની બન્યાં દક્ષને પોતાના વૈભવનું અભિમાન હતું; તે યજ્ઞના નિંદા કરતો અહિં પોતાને ઘેર મહાયજ્ઞ માંડયો તેમા શંકર અને સતીને તેડયાં નહિ. બધુનોતર્યા સતી ગયા પણ ત્યા પતિની નિંદા સાંભળી એમણે દેહત્યાગ કર્યો સતી પાછા હિમાચલને ત્યા પાર્વતી રૂપે અવતર્યા અને મહાદેવને વર્યા આ પૌરાણિક કથાને લેખકે બાળકોના ઉપયોગ માટે સરલ ભાષામા આ પુસ્તકમા ઉતારી છે. પતિના માનને ખાતર સતીએ આપેલા બલિદાનને લીધે પતિ પ્રેમને વશ થઇ જે પતિ પાછળ દેહત્યાગ કરતી તે પણ ' સતી ' કહેવાતી. પાછળથી પરણ્યે ' સતી ' થવાનો રીવાજ પડયો હતો, જે રાજસત્તાએ બંધ કરાવ્યો, એમ છતા હજુ અનેક સ્ત્રીઓ પતિ પાછળ દેહત્યાગ કર્યાના દાખલા મળે છે આપણા ધાર્મિક સાહિત્યે આ પ્રકારે બાળકો માટે સુલભ કરવા માટે મળતા સંચાલકોને અમે ધન્યવાદ આપીએ છીએ

વેડનો વાઘો. લેખક- શ્રી. રામલાલ પ્રકા.

નવાં વરસો લેખકઃ શ્રી ત્રિભુવન. પ્રકાશકઃ શ્રી. દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર મૂલ્યઃ દરેકનું દોઢ આનો

બાલસાહિત્યમા શ્રી ત્રિભુવનનુ નામ નવીનુ છે. હવે તો દરેક ગુજરાતી બાળક એમને ઓળખે છે. એમની દેખરેખ હેઠલ પ્રકટ થતા બાલસાહિત્ય ગુચ્છના આ નંબર ૧૦ ને ૧૧ ના બે પુસ્તકો આગલા પુસ્તકો જેવાં જ ઉપયોગી, આનંદદાયક અને જ્ઞાનપ્રદ નીવડશે. બેઉ પુસ્તકમા શ્રી પાઠકે ગામડામાં વેઠનો ત્રાસ કેટલો છે તેનો તાદૃશ્ય ચિતાર આપ્યો છે. ગામડાની ગરીબ પ્રજા એ વેઠના ભાર નીચે કચરાઇ રહી છે. લાગવગિન અમલદારો પોતાની સ્થિતિનો દુરૂપયોગ કરી પ્રજાને રંજાડે છે રક્ષક થવાને બદલે ભક્ષક બને છે શ્રી સોમાલાલનુ ચિત્ર આ ત્રાસને મૂર્તિમંત કરે છે શ્રી ત્રિભુવન " નવાં વરસો " દ્વારા બીજા પુસ્તકમાં પ્રાણીશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, ધર્મ આદિ અનેકવિધ વિષયોનું જ્ઞાન બાળકોને સહેલાઇથી કેમ આપી શકાય તેનો નુસ્ખો બતાવે છે.

આગળ વધો ત્રીજી ચોપડીઃ લેખક શ્રી ત્રિભુવન મૂલ્યઃ બે આના પ્રકાશક ઉપર પ્રમાણે.

અક્ષરજ્ઞાન પોથીના આધે તો આખા ગુજરાતમાં જાણીતી થઇ છે. મરાઠીમાં પણ એનું અનુકરણ થયુ છે એ પોથીનાને અંગે આ પુસ્તકની રચના થઈ છે. પોથીનાને અપૂર્વ સફળતા મળી છે અને એના આશ્રયે અભ્યાસ કરનારોના વાચનનો વિકાસ કરવા આ પુસ્તક લખાયું છે. નાના નાના સરળ પાઠ દ્વારા ગ્રામ્ય જીવનની અનેક રીતે એમાં ઝાંખી થાય છે છેલ્લો પાઠ " ગામની નિશાળ " યુવાન દંપતીઓને માર્ગદર્શક થઇ પડશે દેશની સેવા કરવા ઇચ્છનાર દંપતી એક એક ગામડું લઇને જેમ જેમ તો દેશના જીવનમા જલદી પલટો આણી શકાય હિંદની ૮૦ ટકા ઉપર પ્રજા ગામડામાં વસે છે એ પ્રજાનું જીવન ઉન્નત કરવા આપણા અત્રીશ લક્ષણા યુવક યુવતીઓ પોતાના સ્વાર્થ અને વૈભવ-લાલસાના બલિદાન આપશે તો જ હિંદ પોતાના પ્રાચીન દિવસો પાછા જોઈ શકશે

બાળ નેપોલિયન લેખક શ્રી ચન્દ્રશંકર મણીશંકર ભટ્ટ, પ્રકાશકઃ મેસર્સ સી. જમનાદાસની કંપની, બુકસેલર્સ, મુંબાઇ, ૨ મૂલ્યઃ બાર આના.

"બોધોદ્યાન" અને " ગુણસુન્દરી બાલવિકાસ "ના તંત્રી ભાઇ ચન્દ્રશંકર આ પુસ્તકથી બાલ સાહિત્યમા નવો ચીલો પાડે છે યૂરોપના મહાન વીર નેપોલીઅનના જીવનમાંથી બાલપ્રેરક પ્રસંગો તારવી બાળકોને રૂચે એવી સરળ રોચિમા અને સાદી ભાષામા તેમણે આ પુસ્તકમા આપ્યા છે આ પુસ્તકની 'ઓળખાણ' આપતા શ્રી. ત્રિભુવન સાચુ કહે છે કે " ચરિત્રવાચન બાલ્યકાળમા જે અસર કરી જાય છે તે બીજે કાળે ભાગ્યે જ કરે છે વીર બાળમને, દયાળુ બાલકોને, દેશપ્રેમી બાલકોને નેપોલિયનનું ચરિત્ર સ્પર્શે એ થશે અને તેમનામાં રહેલા તે તત્વોને વિકસવાની મદદ કરશે. અને તમામ બાલકો નેપોલિયનને એક અથવા બીજી રીતે વધાવી લેશે. " શ્રી ત્રિભુવનની સાથે અમે ધ્યાઇએ છીએ કે ગુજરાતી બાલસાહિત્યમા આવા ચરિત્ર ગ્રંથોની જે ખોટ છે તે પૂરવા લેખકો અને પ્રકાશકો સહકાર સાધે.

જાતકકથા. ભાગ ૧ લોઃ અનુવાદક શ્રી દેવદત્ત નારાયણ ટિળક. મૂલ્યઃ આઠ આના.

ભાઇ ચન્દ્રશંકર ભટ્ટે જાતક કથાઓ-ગૌતમબુદ્ધના આગલા જન્મોની કથાઓ બાળકો માટે સરળ ગુજરાતીમાં ઉતારી છે. આ પુસ્તક ભાઇ ચન્દ્રશંકરના મૂળ પુસ્તકનો મરાઠી અનુવાદ છે અને દક્ષિણી બાળકો માટે તે છપાયુ છે શ્રી. ટિળકની ભાષા સાદી અને સરળ હોઈ મૂળની ખુબીઓ જાળવી રાખે છે અમને આશા છે કે મહારાષ્ટ્રના બાળકોને આ પુસ્તક ઘણુ ઉપયોગી થશે.

મધુર્ષંસીઃ લેખકઃ શ્રી રમણીક જીવનલાલ મ્હેતા. મૂલ્ય બાર આના

શ્રી મ્હેતાએ રચેલા રાસ-ગીતોનો આ સંગ્રહ આપણા સાહિત્યના રાસ-સંગ્રહના પુસ્તકોમા સારો ઉમેરો કરે છે ગુજરાતના જે જાણ્યા માણ્યા સારા રાસ-લેખકો છે તેમાં શ્રી મ્હેતા પણ એક

છે અને આ પુસ્તકમાંના કેટલાંક સામયિક પત્રોમાં અત્યાર પહેલાં પ્રકટ થઈ ગયા છે આ માસિકના વાચકોને પણ એમાંથી સારો લાભ મળી ચૂક્યો છે એમના કેટલાક રાસ તો બહેનોમાં અત્યંત લોકપ્રિય થયા છે, નવરાત્ર પ્રસંગે ગવાતા સાભળ્યા છે પુસ્તકકારે એ સર્વ રાસનો સગ્રહ ગુજરાતની બહેનો બરાબર આવકારશે એમ લેખીએ.

શિરીષ લેખક : શ્રી રમણલાલ વસન્તલાલ દેસાઈ, પ્રકાશક : શ્રી ભૂળશંકર સોમનાથ બહેં, નદ્રબુધન, રાવપુરા, વડોદરા મૂલ્ય રૂા. ૨-૮-૦

ગુજરાતમાં સામાજીક નવલકથાઓ લખવા માટે સ્વ. રણછોડભાઈ રબારી સુવર્ણચદ્રક મેળવીને કીર્તિભાજન થયેલા શ્રી રમણલાલની આ નવલકથાની બીજી આવૃત્તિ ગુજરાત બરાબર સહર્ષ આવકારશે. 'શિરીષ' વાચવાની સાથેજ અમને પહેલો પ્રશ્ન એ થયો છે કે આ નવલકથાના બે મુખ્ય પાત્રો 'શિરીષ' અને 'સોહિણી' આ કોણ બને ? કેટલાક પ્રસગોમા એમ લાગી આવે છે કે 'શિરીષ' બદી નથ છે, તો કેટલીકવાર 'સોહિણી' તું પ્રભુત્વ કોવાનું સહેજે આલમ પડે છે અને એકદરે આ નવલકથામાં 'સોહિણી'નું પાત્રાલેખન સર્વોત્કૃષ્ટ અને કલાની દૃષ્ટિએ પણ અમને ચઢીયાતું લાગ્યું છે 'સોહિણી'માં શ્રી રમણલાલે 'નૂતન સ્ત્રી' New Womanનું સચોટ દિગ્દર્શન કરાવ્યું છે અને 'સોહિણી' જેવી ગુજરાતણોની કલ્પના એમના મનમાં રમતી હોય એમ સહેજે લાગી આવે છે કાન્તર મુકુમાર, ચિત્રકાર વિભાકર અને લક્ષ્મીના પાત્રો પણ એક એક આદર્શ રજુ કરે છે અને નાનકડી સુધાને પણ નવલકથા વાંચનાર ભૂલી શકે એમ નથી તેમાંયે વિભાકરની સગીબહેન કાન્તા-લક્ષ્મીને જ્યારે પરિચય થાય છે ત્યારે સુધા વિભાકરને પ્રશ્ન પૂછે છે, "ભઇ ! હું તમારી બહેન બની જાઉ ખરી ?" એ પ્રશ્નની સ્વાભાવિક કરુણતા વાચકના ઉપર ઘણી અસર કરે છે આ ઉપરાત શિરીષના પિતા ધર્મપાળનું ચારિત્ર નિરૂપણ, કનક, મુરલીધર અને ત્રિભોવનનાં પાત્રો તેમજ ધર્મપાળના સ્વામીનીષ્ઠ મુનીમને ભૂલી શકાય એમ નથી ગુજરાતનાં સૌન્દર્ય અને આલેખવાની શ્રી રમણલાલની આવના વિશેષ અને વિશેષ ઉજ્જવળ રીતે પોષાય એવી આશા દર્શાવી અમે સારાંશપરત્વ પુસ્તક આ નવલકથાને સત્કારીએ છીએ.

ધરતીવડી . લેખક શ્રી. યશવંત પડયા: સોલ એજન્ટ: કુમાર કાર્યાલય, રાવપુર, અમદાવાદ કિંમત આઠ આના.

ગુજરાતના સફળ નાટિકા લેખકોમા બાઈ યશવત પંડયાનું સ્થાન હવે ચોક્કસ થઈ ચૂક્યું છે આમાં ધરતીવડી, સાકરનો રોપનારો, રોકતા કુવર અને માડીનયા એ ચાર નાટિકાઓ સગ્રહાઈ છે આમાંની છેલ્લી 'માડીનયા' અમે 'કુમાર' ના પૃષ્ઠોમાં વાચી ત્યારથી જ તેણે એવી સુદર અને સચોટ છાપ પાડી છે કે આ સગ્રહમાંની બીજી નાટિકાઓ, એની હરોળમા આવતી હોવા છતા, 'માડીનયા' આ સગ્રહની જ નહિ પણ શ્રી યશવંતની બીજી ઘણી નાટિકાઓમાં પણ ઘણો ઉપરો નંબર લઇ જાય એવી લાગી છે. 'માડીનયા' આ અનાથ બાલકોની, અને અનાથાશ્રમની સસ્થાઓની જે વાસ્તવિકતા જણાવે છે તે બાઈ યશવતનાં હૃદય નિરીક્ષણનું પરિણામ દર્શાવે છે 'ધરતીવડી'માં માતાવિહોણા બાળબહેનના હૃદયનિર્મળ પ્રેમની છાયા કરુણ છે અને 'સાકરનો રોપનારો' બાળમાનસને બાળકની છણાસાને, ચૂરી નાખનારા પિતાને જાગૃત કરવાનો સફળ પ્રયત્ન છે 'રોકતા કુવર'માં કવિત્વભરી ભાવના આલેખાઈ છે આ નાટિકાઓ ભજવવા યોગ્ય છે અને વાર્ષિકોત્સવોમા કે અન્ય પ્રસગોએ એ નાટિકાઓ સફળતાથી ભજવાય એવી કલાત્મક ક્રમની ગોઠવણ છે બાઈ યશવતને આ કૃતિ માટે અભિનદન આપ્યા વિના અમે રહી શકતા નથી.

નારાયણી અને બીજાં નાટકો લેખક. શ્રી રાજેન્દ્રદન મહેતા, સમરસેટ સ્ટોર, કેમ્પ, કરાંચી. મૂલ્ય આઠ આના.

નાટિકાઓ સબંધે અને બાઈ રાજેન્દ્રદન મહેતાની કલા પરત્વે વિદ્વત્તાભરી પ્રસ્તાવના લખતા શ્રી ઝોબતરાય ભાંડે બાઈ રાજેન્દ્રદન મહેતા એજ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક એમ જણાવી દીધુ છે પણ આમ જુદા જુદા બધાં તબક્કાઓ રાખવાની વાચકો ભલામણમાં પડે છે એટલે હવે એ પદ્ધતિ બાઈ ઈન્દુલાલ કૃપાવે એવી અમારી વિનતિ છે

આ સંગ્રહમાં અપંગ માનવતા, નારાયણી, અને ગોપીબાલા એ ત્રણ નાટિકાઓ છે. એમાંની 'નારાયણી' અમારાપર સૌથી વધુ છાપ પાડી રાકી છે. 'નારાયણી' ચારિત્ર્ય અને શીલ વડે ગંભીર અને પવિત્ર ત્યાગ મૂર્તિ સમી ઉચિત રીતે આલેખાઇ છે માનવ જીવનના ઉંડા અભ્યાસને પરિણામે ' અપંગ માનવતા ' આલેખવાનો પ્રયત્ન સફળ થયો છે બહુધોર નટુ એની વિનયશીલતા અને ત્યાગવૃત્તિને પરિણામે સારી છાપ પાડે છે. અને 'ગોપીબાળા ' મા ઉમાનો ' જગતને ઉદ્ધારવાનો નિશ્ચય અને તેમાંથી પરિણમતી કાર્ય પરાયણતા ' હૃદય સ્પર્શે એવાં છે બાકી શશિવદનની કલામાં ઉન્નતિ છે સારી પેઠે છે તે એટલે સુધી કે કોઇ વખતે તેમની કલામા અતિઉન્નતિનો આક્ષેપ મૂકવો પડે' એમ શ્રી ઠોકરશાય માંકડ કહે છે તે સાચુ છે છતા એટલુ કહેવું પડે છે કે આ નાટિકાઓ દૃશ્ય કરતાં શ્રાવ્ય વધારે છે. દૃશ્ય નાટિકાઓ તરીકે આ સફળ નહિ થાય એવો અમને ભય રહે છે. શ્રી 'શશિવદનની કલાનો આ પ્રથમ આવિર્ભાવ ' ગુજરાતમાં આવકાર પામશે એમાં શક નથી

પ્રભુપરકાળ્યોઃ પ્રેરણાકર શ્રી રમણલાલ નરહરિલાલ વકીલ બી એ મારવન્ટ પ્રેસ્ટન્ટ, અધેરી; કિમ્મત દોઢ રૂપીયો

પુસ્તકના નામ ઉપરથી જ એમાં પ્રભુપરના કાવ્યો છે એનું સ્પષ્ટ સૂચન થાય છે અને એની પ્રસ્તાવના વાંચતાં લેખકનાં મંતવ્યો, અભ્યાસ અને અનુભવો સમજી શકાય છે લેખક પોતે સ્વીકારે છે કે " આમાના કેટલાંક કાવ્યો મને સંતોષતાં નથી; કવિત્વની કસોટીએ ચઢાવતા એ અધુરાં-ખામીભર્યાં છે, એ હું નતેજ સ્વીકારી લઉં છું. પરંતુ પ્રત્યેક કાવ્યમા પ્રભુપરજીવનના અનુભવ, ભાવ વિચાર કે તરંગ છે એટલે એ કાવ્યોનો નારા કરી પ્રભુપરજીવનનું એકાદ' પણ-અપૂર્ણ, વાંકું છતા જીવન્ત-પાઠ ફાડી નાખવા હૃદય ના પાડે છે. " લેખકનુ આ દૃષ્ટિબિંદુ બરાબર પછી, આ સંગ્રહમાં કેટલેક ઠેકાણે રહેવી કચાશ તરફ આંગળીનિર્દેશ કરવાની અવલોકનકારની ફરજ છે. પ્રભુપરનો વિષય એટલો બધો લોકપ્રિય છે કે હવે એમાં નવું કાંઇ કહેવા જેવુ રહ્યુ નથી. છતાં શ્રી. રમણ વકીલે આમાં સારી સફળતા મેળવી છે. વિષયનુ મર્યાદિત ક્ષેત્ર હોઇ, એમાં એને એક વાત જુદા સ્વરૂપમાં વારંવાર કહેવા જેવું કંટાળાકર બને છે અને એમના આ પ્રથમ પ્રયાસમા સામાન્ય રીતે કદાચ હોય એ સંભવિત છે ચૌદ પંક્તિના ક્રમે તે છંદમાં રચાયલાં કાવ્યોને એમણે સોનેટ કહ્યા છે. પરંતુ દરેક છંદ સાથે સોનેટનુ નામ જોડવામાં અમને તો કાંઇ અર્થ લાગતો નથી સોનેટ કાવ્ય પ્રકારની રચનામાં એમને સફળતા મળી છે આ આખાય સંગ્રહમાં અમને ૩૪ મા પૃષ્ઠ પરનું 'સૌભાગ્ય' કાવ્ય સર્વોત્કૃષ્ટ લાગ્યુ છે એમાં રહેલી કરૂણ ભાવના કોઇને પણ આર્દ્ર કર્યા વિના નહિ રહે. એ કાવ્યનાં ટીપ્પણમા લેખકે લખ્યુ છેઃ " મનોરંજન નામના મરાઠી માસિકમા વાંચેલા એક કાવ્યનો આ સ્વતંત્ર અનુવાદ છે. મૂળ કરતાં અનુવાદ સુન્દર છે એમ એક મિત્રે કહેલુ-હું પણ એમ માનુ છુ બસ." આની ટીપ્પણ કરવા કરતાં જો લેખકે એ મૂળ મરાઠી કવિતાને જ ટીપ્પણમા ઉતારી હોત અને તેની સાથે આ કૃતિને સરખાવવાની વિવેચકોને તક આપી હોત તો ટીપ્પણમા લાવવા જતા આત્મ પ્રશસ્તિનો જે અતિરેક થઈ ગયો છે તે ન થાત ગુજરાતમાં કવિતા સાહિત્યમા આ સંગ્રહથી એક યુવાન કવિનો પ્રવેશ થતો જોઇ અમને આનંદ થાય છે.

પ્રતાપ. દીપોત્સવી અંકઃ તંત્રીઃ શ્રી કાલિદાસ શેલત, કણપીઠ. સુરત કિંમત ૦-૮-૦

' પ્રતાપ 'ના આ વર્ષના દીવાળી અંકમાં ગુજરાતભરના સારા સારા લેખકોના, રાસ, લેખો, વાર્તાઓ વગેરે છે. શ્રીમતી ચંદ્રિકા પાઠક્જી, શ્રીમતી જયમનગૌરી પાઠકજી અને સૌ. ઉર્મિલા પારેખ એ ત્રણ બહેનોનો ફોટો જોઇને અમે આનંદ પામ્યા છે અંકમાં વાચનયોગ્ય બધી સારી લેખાવલિઓ પ્રકટ કરવા માટે તંત્રીશ્રીને અભિનંદન ઘટે છે.

' ગુજરાતી ' દીપોત્સવી અંકઃ તંત્રી રા. નટવરલાલ મગનરામ દેસાઈ, એડીટર્સ એન્ડ કંપની, કોટ, મુંબઇ ૧.

' ગુજરાતી ' સાપ્તાહિકનો આ ૨૬ મો

દીપોત્સવી અંક દર વર્ષની માફક આ વરસે પણ સાહિત્યનાં નવાં નવાં અંગો ઉપરના વિવિધ લખાણોથી ભરપૂર છે વાર્તા, ઇતિહાસ, તત્વજ્ઞાન, હાસ્ય, પ્રાચીન સાહિત્ય વગેરે સબંધી લેખો ખાસ અવલોકના જેવા છે કાવ્યોમાં પણ વિવિધતા લાવવા ઠીક પ્રયાસ થયો છે. આ અંકમાં અત્યારના કોઇ પણ અંક કરતાં ચિત્રો વધુ પ્રમાણમાં આપવામા આવ્યાં છે, તે સામાન્ય વાચકની પસંદગી ઘણખરા વખત રહેશે નહિ ચિત્રોનો મોટો ભાગ માહિતીદર્શક તેમજ ભાવપૂર્ણ છે. આ અંક ઉપરથી અને તેનાં લખાણો ઉપરથી જણી શકાય છે કે ગુજરાતી માત્ર નવું સાહિત્ય કે જુની દફિતું સાહિત્ય પીરસે છે એ માન્યતા આધાર વગરની છે રસિયા સબંધી બે લેખો અને સાભર્ષિક ચિત્રો તેના ઉદાહરણ રૂપે જણાવી શકાય

સુવર્ણ ત્યાગમૂર્તિ અંક તંત્રી શ્રી ચુનીલાલ પુ શાહ, કિંમત આઠ આના

વિધવાઓને મહાત્મા ગાંધીજીએ ત્યાગમૂર્તિ નું બિરૂદ ઘણી ઉચિત રીતે આપેલ છે અને તેથી વિધવાઓ સબંધે અનેક માહિતીપૂર્ણ અને વાચન યોગ્ય અંકનું નામ ત્યાગમૂર્તિ અંક આપવામા તંત્રીએ ઔચિત્ય જાળવ્યુ છે આપણા સમાજમા વિધવાઓની દશાનો ચિતાર આપતા લેખો, વાર્તાઓ હૃદય ભેદક છે આપોપે પ્રેમ સમાજની ગંભીર વિચારણા માગી લે છે 'સુવર્ણ' ના તંત્રીને આવો અંક કાઢવા માટે ધન્યવાદ ઘટે છે.

શ્રીશારદાગૃહવ્યવસ્થા અંકમાં ગુજરાતની બહેનોને ઉપયોગી થાય એવા ઘણા લેખો છે તેમાય તુલસીના કવાની મહત્તા દર્શાવનારો, બાળને ઉછેરો, ઘર ખર્ચના હિસાબ રાખવા સબંધનો, રસોઇની ચોકખાઇ દર્શાવતા એ લેખો ઘણા સારા છે. અમેરિકામા ગૃહવ્યવસ્થા કેવી છે તે દર્શાવનારો લેખ પણ માહિતીપૂર્ણ છે પૃઠા ઉપરનુ ચિત્ર જરાય શોભતુ નથી. ચિત્રકાર આકૃતિઓ સારી દોરી શકયા નથી અને એ છાપવામા ચાલીનો મેળ નથી જમ્યો. કુ અંબિકા પુરધરનુ ચિત્ર સારૂ છે.

પાટીદાર તંત્રી બીમતી વિમળાબહેન પટેલ, પાટીદાર મન્દિર, આણંદ.

જ્ઞાતિ માસિકોનાં આગળ પડતુ સ્થાન ધરાવનાર 'પાટીદાર'નું તંત્ર હાલમાં શ્રી નરસિંહભાઈની ગિરફતારીને 'અંગે તેમનાં પુત્રી બીમતી વિમળાબહેનના હાથમાં છે જો કે વખતે પણ શ્રી. નરસિંહભાઇના જેલજીવન દરમ્યાન તેમણે કુશળતાથી તંત્ર ચલાવ્યુ હતુ 'પાટીદાર'માં જ્ઞાતીય પ્રશ્નોની ચર્ચા વિશદ રીતે થાય છે અને ઉદામ વિચારનું એ પ્રેરક છે શ્રી નરસિંહભાઇ જેવા વિદ્વાનને હાથે તાલીમ પામેલા તેમના પુત્રી પત્રકારત્વમા વધુ પાંગે એવી અમે અભ્યર્થના કરીએ છીએ.

બીલ સેવાશ્રમ ડાકોર, નો મો વાર્ષિક હેવાલ હિન્દભરમા જાણીતા થયેલા સુપ્રસિદ્ધ દલિતસેવક શ્રી. ઠક્કરબાપાની સેવાનું ચિરંજીવ ફળ તે આ સંસ્થા છે બીલ જેવી અત્યંત પછાત ગામમાં તેમણે આ સંસ્થા દ્વારા જે સેવા કરી છે તે તેમની પ્રવૃત્તિનુ ગુઢ પરિણામ છે આ મંડળને આર્થિક સહાયની ઘણી જરૂર રહે છે તે પૂરી કરવી એ ગુજરાતનાં ધનિક વર્ગ બહેનોનુ કર્તવ્ય છે

સ્વીકાર (૧) સત્યપ્રકાશ અને સ્વરાજનો દીપોત્સવી અંક; (૨) શ્રી કનકવરી સૂતિકાગૃહ, મુબાઇનો સાતમો વાર્ષિક હેવાલ (૩) શ્રી નડિયાદ ખાતેના શ્રી વલ્લભવિદ્યાલયનો ૧૯ મા વર્ષનો રીપોર્ટ.

પ્રગતિમાન મહિલા જગત

વિવિધ મહિલા પરિષદો

કેળવણી અને સમાજસુધારાની મુબઇની મહિલાઓની સાતમી પરિષદ મથા માસમાં ગામદેવી, મહણારી મેમોરીયલ હોલમાં રા ઓ-મતી માલિની સુખથનકરના પ્રમુખપદે મળી હતી.

શ્રીમતી મદીના ટાટી તૈયબજીએ આવકાર આપતા જણાવ્યુ કે " સ્ત્રીઓજ સ્ત્રીઓના હકકો ની સારામાં સારી હિમાયતી છે, તેથી હિંદની મહિલાઓના શિક્ષણ અને સમાજવિષયક પ્રશ્નોની વિચારણા માટે એક મધ્યસ્થ સંસ્થા શરૂ કરવાની ઘણી જરૂર છે. આ દેશમા સ્ત્રીકેળવણીના પ્રચાર સાથે આવેલી વિશાળ દૃષ્ટિ અને દુનીયાના સુધ-રેલા દેશોમાંની સ્ત્રીસ્થાત્ર્યની ચળવળને પરિણામે હિંદની સ્ત્રીઓને પોતાના હકકોનુ ભાન થાય છે. પોડાક વર્ષો ઉપર સ્ત્રીનો અવાજ આ દેશમાં જરાય સાભળાતો ન હતો. પરંતુ શિક્ષણના પ્રચાર સાથે આજે સ્ત્રીઓને પોતાની જતિની સેવા કરવામાં આગળ આવતી આપણે જોઇ શકીએ છીએ. "

ડો. મીસીસ માલિની સુખથનકરે પ્રમુ-ખસ્થાનેથી જણાવ્યું કે·

" મારી દૃષ્ટિએ આજે આપણી સમક્ષ વિચા-રવાના પ્રશ્નો આ છે: (૧) હિંદના બાવિ બંધા-રણમાં સ્ત્રીઓનો દરજ્જો, (૨) સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા. જો આપણે દેશની ધારાસભામાં પ્રવેશ મેળવીએ અને આપણને આર્થિક સ્વતંત્રતા મળે તો બીજા બધા પ્રશ્નોનો હલ કરવામાં આપણને જરાય મુશ્કેલી પડવાની નથી.

અખિલ ભારતીય મહિલા પરિષદે પુખ્તવયના સર્વને મતાધિકાર આપવાની સર્વાનુમતે માગણી કરી હતી. આપણને કાયદેસર પુરુષોના જેવો જ મતાધિકાર આપવામાં આવેલો છે; છતા વ્યવહાર રીતે ઘણીજ ઓછી સ્ત્રીઓ મતાધિકારનો હક ભોગવી શકશે અત્યારે મિલ્કતની લાયકાતના બોરણે મતાધિકારનો હક રખાયેલો છે અને સામાન્ય રીતે સ્ત્રીઓને સ્વતંત્ર મિલ્કત કે આવક હોતી નથી એટલે તેઓ આ હક ભોગવવાથી દૂર રહે છે. એટલે પુરૂષ મતદારોની સરખામણીમાં સ્ત્રી મતદારોની સંખ્યા ઘણી જ ઓછી રહે છે.

સ્ત્રીઓની આર્થિક સ્થિતિ જોતાં, જ્યાંસુધી મિલ્કતની લાયકાત ઉપર મત આપવાનો અધિકાર રહેશે ત્યાસુધી સ્ત્રી મતદારોની સંખ્યા વધવાની નથી.

પછી ધારાસભાઓમા સ્ત્રીઓ માટે અનામત જગાઓ રાખવાનો પ્રશ્ન આવે છે. આમા પણ પરિષદે કોઇ પણ જતની જગાઓ અનામત રાખ-વાની બાબતનો વિરોધ કર્યો હતો.

કોઇ પણ જતના કોમ કે જ્ઞાતિના ભેદભાવ વિના એકસંપીથી કામ કરવા માટે આપણે મગરૂર છીએ, પરંતુ વડા પ્રધાને આપેલો કોમી ચુકાદો, જો તે અમલમાં આવશે તો સ્ત્રીઓનાં દૃષ્ટિબિંદુને ફેરવી નાખી તેમને કોમી બોરણે વિચારતી કરશે અને જે કોમી ભેદભાવને આપણે દૂર રાખવા મથીએ છીએ તે કોમી ભેદભાવ સ્ત્રીઓમાં પણ વ્યાપક બનશે.

સ્ત્રીઓ અને આર્થિક સ્વતંત્રતા

સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા એ એક સૌથી અગત્યનો પ્રશ્ન છે આજે ઘણી ઓછી સ્ત્રીઓ આર્થિક રીતે સ્વતંત્ર છે જો મળે નહિ, ત્યા સુધી સ્ત્રીઓ કોઈ પણ પ્રકારના સુધારા આગળ વધીને કરી શકનાર નથી. આને માટે આપણે, સ્ત્રીઓને અત્યંત અન્યાયકર્તા હોવના વારસા હકમાં સુધારો કરવાની જરૂર છે. વડી ધારા-સભામાથી હિંદુ વિધવાઓના વારસા હકનો ખ-રડો હટી ગયો છે. જે બતાવે છે કે સ્ત્રીઓનું દૃષ્ટિબિંદુ રજુ કરવા માટે વડી ધારાસભામાં સ્ત્રી પ્રતિનિધિ હોવાની જરૂર છે.

પ્રાથમિક શાળાઓમાં છોકરીઓને ફરજીયાત શારીરિક કેળવણી આપવાનું કાર્ય ઉપાડી લેવા માટે એક સમિતિ નીમવાની દરખાસ્ત કરતો ઠરાવ ૧૯૩૯માં ફરજીયાત શારીરિક કેળવણીનો યુનિવર્સીટીએ સ્વીકાર કર્યો પરંતુ જો આપણે એને અસરકારક જ બનાવવી હોય તો એને શરૂઆતથી જ અમલમાં મૂકવી જોઈએ.

ફરજીયાત પ્રાથમિક કેળવણીનો પ્રશ્ન પણ એટલો જ અગત્યનો છે જેના ઉપર જ આપણી ભાવિ પ્રગતિનો આધાર છે વળી અસ્પૃશ્યતા નિવારણનો સામાજીક પ્રશ્ન પણ આપણે માટે અત્યંત અગત્યનો છે આ અનિષ્ટ નાબુદ કરવા માટે આપણે કોઈ વ્યવહાર માર્ગ શોધવો જ રહ્યો છે૯મી એકતાનો પ્રશ્ન પણ આપણી સમક્ષ છે આપણે પત્ની, માતા અને બહેન તરીકે સુષ્ટિ-શાન્તિનો સંદેશ પુરૂષોને પહોંચાડવાનો છે "

પહેલો ઠરાવ હિંદુ વિધવાઓને વારસા હક્ક આપવાના ખરડાના સિદ્ધાંતને ટેકો આપતો અને કેબીનેટની સ્ત્રીઓને આ મિલકતના હકનો કાયદેસર સ્વીકાર કરાવવાની વ્યવસ્થા કરવાનું જણાવતો પ્રમુખ સ્થાનેથી પસાર થયો હતો.

ધારાસભામાં કોમી ધોરણે સ્ત્રીઓ માટે જુદી જગ્યાઓ અનામત રાખવાનો વિરોધ કરતો ઠરાવ પ્રમુખસ્થાનેથી મૂકયો હતો. મીસ બહાદુરજીએ બાળકીઓનો પ્રશ્ન ઉપાડી લઈ તે માટે યોગ્ય ઉપાય યોજવા સરકાર અને મ્યુનીસિપાલીટીને વિનંતિ કરતો ઠરાવ મૂકયો હતો તે મીસીસ નગરકર, મીસ રૂસ્તમજી, અને મીસીસ શ્રીમાળી તાતાના ટેકાથી પસાર થયો હતો.

શ્રી હંસાબહેન મહેતાએ અસ્પૃશ્યતાની સંસ્થાનો સખ્ત તિરસ્કાર કરતો અને તેના નિવારણ માટે અસરકાર પગલાં લેવાની જરૂર સૂચવતો ઠરાવ મૂકયો હતો; તે ટેકો મીસ ઉજ્જિનીવરના ટેકાથી પસાર થયો હતો.

આ ઉપરાંત અક્ષરજ્ઞાન પ્રચારનો ઠરાવ કરી, અને અખિલ હાસ્તીય મહિલા પરિષદની આગામી બેઠક માટે પ્રતિનિધિઓ મુંબઇ બાદ પરિષદ વિસર્જન થઈ હતી

હિંદની મહિલાઓનો ફોજ

કાંગ્રેસમાં મળેલી સિંધની મહિલાઓની પરિષદનાં પ્રમુખસ્થાનેથી બોલતાં બાળ અદ્ભુત કાદીરે હિંદની સ્ત્રીઓમાં આવેલી જાગૃતિનો ઉલ્લેખ કરી જણાવ્યું કે રાજકારણના ક્ષેત્રમાં પડેલી હિંદની મહિલાઓએ જે હિમત બતાવી છે તેથી માત્ર હિંદ જ ચકિત થયું નથી પરંતુ તેમના આત્મભોગે આખી દુનિયાને ચમકાવી નાખી છે બાલશિક્ષણ સબંધમાં તેમણે કહ્યું છોકરાઓને અપાય છે તેવી જ કેળવણી છોકરીઓને પણ અપાય છે પરંતુ છોકરીઓ માટે કુદો પણ વધુ ઉપયોગી અભ્યાસક્રમ હોવાની જરૂર છે. હાલની શિક્ષણપ્રથા જ ઘણી ક્ષતિવાળી છે અને તેમાં પણ સુધારા કરવાની જરૂર છે પુરૂષોના માર્ગમાં જ સ્ત્રીઓને પણ શા માટે ખેંચવામાં આવે છે ? સ્ત્રીઓ પોતે જ પોતાનું ધ્યેય સિદ્ધ કરી શકે એવા નવા માર્ગ તરફ તેમને શા માટે વાળવામાં નથી આવતી ? સ્ત્રીઓને કાયદેસર વારસા હક્ક મળવાની ઘણી જરૂર છે હિંદુ અને મુસ્લિમોના ઝઘડાને પરિણામે હિંદનું વાતાવરણ વારંવાર વિષમય બને છે રાજકીય પ્રગતિમાં પણ આથી હરકત નડે છે. તો બહેનો અને માતાઓ પ્યારે તો પોતાનાં બાળકોને આવા ભેદભાવોનો ખ્યાલ સુદ્ધા ન લાવવા દે અને તો જ ભાવિ અત્યારના કરતા પણ સારૂ બની શકશે

ગુજરાત સ્ત્રી મતદાર મંડળ

અમદાવાદમાં તા. ૨ જી નવેમ્બરે, ગુજરાતની સ્ત્રી મતદાર મંડળની સભા શ્રીમતી સવિતાબ્હેન ત્રીવેદીના પ્રમુખપદ હેઠળ મોતીબાઈ કાપડીયા હોલમાં મળી હતી. તેમાં સ્ત્રીઓએ સારી સંખ્યામા હાજરી આપી હતી આ સભામાં નીચે મુજબનો ઠરાવો પસાર કરવામા આવ્યા હતા

(૧) આ સભા હિંદુ કોમે કહેવાતા અસ્પૃશ્યો તરફ કરેલા અન્યાયોને વખોડી કાઢે છે અને ગાંધીજીએ આપેલી તકનો પુરતો લાભ લેવાની હિંદુ કોમને વિનંતી કરે છે

(૨) આ સભા સ્ત્રીઓને કોમી ચુકાદામા આપવામા આવેલા બેહાદેરા મતદાર મંડળોને

વખોડી કાઢે છે અને એમ માને છે કે સ્ત્રીઓ માટેના મતદાર મંડળો કોંગ્રેસવાદ ઉપર રચાયા છે તે અયોગ્ય છે.

(૩) આ સભા શારદા એક્ટનો ભંગ ન થાય તેમજ બાળલગ્ન થતાં અટકે તેટલા માટે શારદા એક્ટમાં સુધારો કરવા વડી ધારાસભાના સભ્યોને વિનંતી કરે છે.

(૪) (અ) શારદા એક્ટનો અમલ થાય તેટલા માટે આ સભા મેજીસ્ટ્રેટોને વિનંતી કરે છે કે તેમણે આવા કેસોમાં કડક તપરાત સજાઓ પણ કરવી.

(બ) બાળલગ્નની આવી પ્રથા નાબુદ કરવા આ સભા મુંબઇ યુનીવર્સીટીને વિનંતી કરે છે કે પરણેલા વિદ્યાર્થીઓને કોલેજોમાં દાખલ નહીં કરવાનો અને તેમને શિષ્યવૃત્તિ નહીં આપવાનો ઠરાવ કરવો આ ઠરાવ થયા પછી પાંચ વર્ષે અમલમાં મુકવાની સૂચના કરવામા આવે છે.

(૫) આ સભા એવા અભિપ્રાયની છે કે બધા હિંદુઓને લગતા કાયદામા છુટાછેડા માટેની કલમ દાખલ કરવી, અને લગ્ન તેમજ છુટાછેડા માટે સ્ત્રીઓ અને પુરૂષોને સરખો ન્યાય આપતી કલમો દાખલ કરવી. આ સભા વડોદરા રાજ્યે લીધેલાં આવાં પગલાં માટે તેને ધન્યવાદ આપે છે.

(૬) આ સભાનો એવા અભિપ્રાય છે કે વિધવા વિવાહની છુટથી બાળકોને મારી નાંખવાના અને ગર્ભપાતના બનાવો ઓછા થશે

(૭) આ સભા એવી ભલામણ કરે છે કે ગરીબાઇ અને અજ્ઞાનતાથી અવળે માર્ગે ચઢી ગએલી બહાની બાળાઓ અને સ્ત્રીઓ માટે રેસ્કયુ હાઉસ જુદે જુદે કેંદ્રોએ સ્થાપવાં મુંબાઇ અને વડોદરાને તેમના આવા રેસ્કયુ હાઉસો માટે આ સભા અભિનંદન આપે છે

(૮) આ સભા નોંધ લે છે કે સરકારે અજ્ઞાનતા નાબુદ કરવા માટે ખાસ પ્રયત્નો કર્યા નથી અને તેથી સરકારને વિનંતિ કરે છે કે તેણે મફત અને ફરજીયાત કેળવણી દાખલ કરવી. અને આમ-વર્ગને માટે પુખ્ત વયે કેળવણી મળે એવાં પગલાં લેવા જોઇએ

✠

અહિલ્યા સ્વદેશી પરિષદ કરાચીના હિંદી ખરીદો સપ્ત તરફથી ત્રણ માસમાં અહિલાઓની સ્વદેશી પરિષદ કુમારી વિનોદિની નીલકંઠના પ્રમુખપદે મળી હતી. તેમાં રાષ્ટ્રીય એકતા સ્થાપવા માટેના પ્રયાસો કરવા માટે પંડિત માલવીયાજી, મૌ શૌકતઅલીને અભિનંદન આપતો, એકતા પરિષદમાં સ્ત્રીઓને ન આમંત્રવા માટે દિલગિરિ દર્શાવતો, જુદા મતદાર મંડળની યોજના સ્ત્રીઓ માન્ય નહિ રાખે એવી ચેતવણી આપતો, તેમજ સ્ત્રીઓને સ્વદેશી કાપડ વાપરવાનો આગ્રહ કરતા ઠરાવો થયા હતા. અસ્પૃશ્યતા નિવારણનો પણ ઠરાવ થયો હતો.

✠

કોલાબા મહિલા સમાજનું ૪ થું વાર્ષિક અધિવેશન કુમારી બાલુતાઇ ખરેનાં પ્રમુખપદે ઓકટોબરમાં ભરાયું હતું. તેમા છોકરા છોકરીઓ માટે પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવાનો, શારીરિક તાલીમ દરેક શાળામાં ફરજીયાત કરવાનો અને તેને માટે તાલીમ પામેલા શિક્ષકોને દરેક શાળામાં રોકવાનો ઠરાવ કર્યો છે. બાલલગ્ન, અસ્પૃશ્યતા નિવારણ, વગેરેને લગતા ઠરાવો પણ થયા હતા.

✠

નાશિક જીલ્લા મહિલા પરિષદ ઓકટોબરની આખરે નાશકપુરની સ્ત્રીઓની કોલેજનાં પ્રિન્સિપાલ મીસીસ તાંબેનાં પ્રમુખપદે મળી હતી. શ્રીમતી નલિનીબાઇ ચાંદવડકરે પ્રતિનિધિઓનો સત્કાર કર્યો હતો શ્રીમતી તાંબેએ પ્રમુખસ્થાનેથી કહ્યું કે કન્યાશાળાઓ કરતા છોકરાઓની નિશાળોની સંખ્યા ઘણી મોટી છે, એ બતાવે છે કે છોકરીઓના શિક્ષણમાં ઘણો સુધારો કરવાની જરૂર છે હાલની આર્થિક તંગીને કારણે છોકરા છોકરીઓ માટેની જુદી સંસ્થાઓ કાઢી નાખવી જોઇએ. આગામી સુધારાઓમાં સ્ત્રીઓએ અમત્વનો ભાગ બજાવવાનો છે એટલે શિક્ષણ તરફ તેમણે બેદરકાર રહેવુ ન જોઇએ છેવટે તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે વિનંતિ કરી હતી.

અસ્પૃશ્યતા નિવારણને લગતો તેમજ ૭ થી ૧૧ વર્ષના છોકરા છોકરીઓ માટે પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવાની ભલામણ કરતા ઠરાવો થયા હતા.

✠

ગાયકવાડ મહિલા પરિષદ : ગયા માસમાં વિશ્વ-દ્રમ ખાતે પોસીસ ઓફીસરનાં પ્રમુખપદે બરાબ કરી તેણે આગામી વર્ષોને માટેજર કરાવવા માટે સીરીઝ મેરેજ બીલ પસાવાની માંગણી કરેલ. કરજ રૂા. ૨૫ મતે ઉડાડી દીધો હતો. રાજ્ય પ્રકરણમાં ભાગ લેવા સ્ત્રીઓની બહેનો માટે જુદી સંસ્થા સ્થાપવાનો પણ ઠરાવ થયો છે

મુંબઇ

મધ્યમાંત (દક્ષિણ) મહિલા પરિષદ : ઓગષ્ટમાસ માસમા શ્રીમતી યમુના દિવેકરનાં પ્રમુખપદે મળી હતી પ્રમુખબહેને પોતાનાં ભાષણમાં બોલીને હજારા પ્રશ્નોની સંપીદ સમીક્ષા કરી હતી. તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે ખાસ ક્રાંતીજ હજારોની હિમાયત કરી હતી તેમજ પુસ્તકાલયના સર્વને ,મત વિચાર અને ચોપડા આપવા કર્યો હતો. પરિણામે ૪૦૦ બહેનોએ આજ લીધા હતો. પરિષદે પણ ઠરાવો કર્યા હતા તેમાં એક પુનિવર્સિટીનો સ્ત્રીઓ માટેની સરકારને વિનંતિ કરતો. પુસ્તકાલયના ગ્રાહકોને ખાસીજ વિજ્ઞાનનુ શિક્ષણ આપવાનો અને બોમ્બને સતતિ નિયમનને લગતુ જ્ઞાન આપવાના ઠરાવો થયા હતા.

મુંબઇ


ભાષણોમાં અગ્રપદ મહિલા પરિષદ : અખિલ ભારતીય મહિલા પરિષદની અગ્રમ સાધારણ સભા ગયા વર્ષના બોજ હજારો માટે ૨૨ મી ઓકટોબરે, શ્રીમતી ઇ. એમ. નાનાવટીના પ્રમુખપદે બરાબ કરી શ્રીમતી નાનાવટીએ પ્રમુખ સ્થાનેથી કરું " અગ્રપદની મહિલાઓમાં પહેલા કેમી લોને પુરુષો મહિલા આપનાઓ ગાંધી નામવાનુ જે સાહસ કર્યું છે તે માટે હું તેમને અભિનંદન આપુ છું સામાજીક, રાજનૈતિક અને નૈતિક દ્રષ્ટિએ આજના આપણા દેશ પણ રાષ્ટ્ર પોતાના અર્ધા આપને (સ્ત્રી જાતિને) અશિક્ષિત, નિરક્ષર અને પરાધીન નહિ રાખી શકે મહાત્મા ગાંધીજી ઉપરાંત ઘણા વર્ષોથી પણ ને પણ સમાજીક અને રાજનૈતિક કાર્ય કરી રહ્યા છે અત્યારે તેમણે પોતાનુ સમય સહાય જેલનું મોટું સામાજીક કાર્ય કર્યું છે કે જે સામાન્ય પરિસ્થિતિમા શક્ય નિમા પણ ન થઇ શકત એમના પ્રયત્નને પરિણામે હજ્જ જાતિના હિન્દુઓ અને અસ્પૃશ્ય વર્ગના હિન્દુઓ વચ્ચમાં લગ્ન મિશ્રણ ઉદ્ભવાનો પ્રથમ પ્રયત્ન કરી રહ્યા છે મુસલમાનોને પણ એવી જ રીતે અપનાવવા

સ્ત્રીઓએ હવે દેશના રાજનૈતિક, સામાજીક અને નાગરિક જીવનમા ભાગ લેવાનો છે તેમણે હવે પતિઓને સાતુર્ય અને સહાનુભૂતિ પૂર્વક સાથ આપવો જોઇશે એ બધી બાબત માટે આપણા ગૃહજીવન સુધારવાની જરૂર છે "

પરિષદે, સંયુક્તપ્રાતની ધારાસભામા સ્ત્રીઓના અનીતિ માટે થતા વેપારને ડાબી દેવા માટેના બરડાને સંપૂર્ણ ટેકો આપ્યો, બાળલગ્ન પ્રતિબંધક બીલને અમલ સખ્તાઇથી કરવાનો, સ્ત્રીઓ માટે શિક્ષણવર્ગો દાખલ કરવાના વગેરે ઠરાવો પસાર કર્યા હતા.

કૃષ્ણાજીલ્લા મહિલા પરિષદ ગયા માસમા શ્રીમતી આદિ પુરી વસુન્ધરા દેવી એમ. એ બી એસ. સી. (લંડન) એફ. સી એસ. ના પ્રમુખપદે મળી હતી તેણે અસ્પૃશ્યતા નિવારણનો, છોકરીઓ માટે ફરજીયાત પ્રાથમિક કેળવણી દાખલ કરવાનો, સ્ત્રીઓ માટે કોલેજ સ્થાપવાનો અને સારદા કાયદાનો ભંગ કરનાર સામે દાવો માંડતા રૂા. ૧૦૦ની રકમ અનામત મૂકવાની પ્રથા બાંધી નાખવાનો, પડદાની પ્રથા નાબૂદ કરવાનો, વિધવા પુનર્લગ્નને ઉત્તેજન આપવાનો તેમજ દાયજાની પ્રથા નાબૂદ કરવાના ઠરાવો કર્યા હતા

આરબ મહિલા પરિષદઃ ઓકટોબર માસની આખરે બગદાદમાં આરબ મહિલા પરિષદ ભરાઇ હતી. વડા પ્રધાનનાં પત્ની મેડમ નૂરી પાશાએ પ્રતિનિધિઓનો સત્કાર કર્યો હતો. મેડમ ઘતીફી એ, યુરોપીયન મહિલાઓ વગેરેએ પરિષદમા ભાગ લીધો હતો. પરિષદનુ પ્રમુખસ્થાન નમીતાં સીરીયન ઓ-રવાતત્રયવાદી મેડમ નૂર હમ્મદાએ લીધુ હતું. ઇરાક, સીરીયા, ઇજીપ્ત અને ઐલસ્થાઇને તેમને અનુમોદન આપ્યુ હતુ. કળવણીખાતાના ડીરેકટર જનરલે પ્રતિનિધિઓનો સત્કાર કર્યો હતો. તે માટે મેડમ નૂર હમ્મદા, મેડમ શેડર વગેરેએ આભાર માન્યો હતો પરિષદનું સૌથી આકર્ષક અંગ એ હતુ કે મેડમ ખતીબ નામની એક યુવાન ઇરાકી છોકરીએ, પડદો રાખ્યા વિના, અને પશ્ચિમનો પોશાક ધારણ કરી, ઇસ્લામ સ્ત્રીઓની પ્રગતિમા આડે આવે છે કે કેમ એ પ્રશ્ન પર પહેલીજ વાર ભાષણ કર્યું હતુ. આ ઉપરાંત બીજા પણ કેટલાક કાર્યક્રમ ગોઠવાયો હતો




શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ

સ્ત્રીવિદ્યાલયની વાર્ષિક પરીક્ષાના પરિણામમાં ઉમેરો

પ્રથમ વર્ષઃ—

(૯) કુ. દમયંતી ગઢર

નોંધ —આ ઉપરાંત કુ. પ્રમીલા પેમાસ્ટરને ન્યાયમની પરીક્ષામાં ગેરહાજર હતા તેથી તે વિષયની પરીક્ષા ફરી આપવાની શરતે દ્વિતીય વર્ષના વર્ગમા બઢાવવામા આવ્યાં છે



ગુજરાતી સ્ત્રીસહકારી મંડળ મુબાઇની આ ઉપયોગી સંસ્થા તરફથી સેન્ડહર્સ્ટ રોડ ઉપર સ્વદેશી સ્ટોર્સ ચાલે છે સંસ્થાના વાર્ષિક નિવેદન પરથી જણાય છે કે સંસ્થાએ પોતાના ભંડાર દ્વારા સામાન્ય કુટુંબો ઉપરાંત હિન્દુ તેમજ પારસી ખાનદાન કુટુંબોમાં સ્વદેશીનો સંદેશ પહોંચાડયો છે આ વર્ષે સ્ટોર્સે રૂા. ૧૨૮૬-૬-૪ નો નફો કર્યો છે. અને સમિતિએ શેર હોલ્ડરોને બ્યાજ બહેચ્યુ છે આ વર્ષે સ્ટોર્સની જગા બદલી એની બીલ્ડીંગ કરવામા આવી છે આ સંસ્થા સંસ્થાના પ્રમુખ શ્રીમતી હંસાબહેન મહેતા, મંત્રીઓ શ્રીમતી લીલાવતી બેકર અને શ્રીમતી નીલમ દેસાઇ વગેરેના પ્રયત્નને આભારી છે

પરીક્ષાનાં પરિણામ : મુબાઇ યુનિવર્સીટી પરીક્ષાઓમા નીચે મુજબ બહેનો ઉતીર્ણ થયાં છે—

બીએ એલએલ બી (બીજો વર્ગ) (૧) પરવીણ નોશીરવાન દુબાસ, (૨) શીરીન ખનબ્યા મીઝી, (૩) હોમાઇ જમશેદજી રોકના

બી એ. : (૧) મકાદિની મહેતા, (૨) શ્રીમતી ગોપાલદાસ મહેતા, (૩) સુમતિ ગોખલે, (૪) સરોજિની પુરૂષોત્તમ હરીસિંઘ, (૫) ઇન્દિરા નાથજી માંજરેકર, (૬) રતી ભરેગામવાલા, (૭) પીલા અરદેસર નગરવાલા

કુ હીરાબાઇ પટેલ યુનાઇટેડ કીંગડમની સિબ્બરત્તિ મેળની વધુ ડાકતરી અભ્યાસ માટે યુરોપ ગયાં છે.

હાય અરીબા ! મુબાઇમા કાળાટીપુરામા રહેતી મુરાદબી નામની વૃદ્ધ સ્ત્રીએ બરીબાને લીધે કંટાળી જઇ પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી આપઘાત કર્યો

સ્વ. શ્રીમતી કુસુમબહેન માળવી સુરતની બાલિકાસમાજના સ્થાપક શ્રીમતી કુસુમબહેન મુંદરલાલ માળવીનું અવસાન ગઇ તા ૪ થીએ થયુ છે બાલિકાસમાજના વ્યવસ્થાપક તરીકે છેલ્લાં બે વર્ષથી તેઓ શ્રમ કરતા હતાં અને મીલનસાર તેમજ હસમુખા સ્વભાવથી સમાજની વિદ્યાર્થીનીઓમા અત્યંત પ્રિય થઇ પડયાં હતા પ્રભુ, તેમના આત્માને શાન્તિ અનુભવાવે !

જ્ઞાતિ-પેટા જ્ઞાતિઓમાં લગ્નવ્યવહાર: ગુજરાતી હિન્દુ જ્ઞાતિમા લગ્નવ્યવહાર જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાં થાય છે અને તે ઉપરાંત ઘણીખરી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં ગોળ બાંધેલા હોય છે અને તેની બહાર કન્યાનું લગ્ન થઇ શકતુ નથી આથી ઘણીવાર લાયક વર કે કન્યા મેળવવાની મુશ્કેલી પડે છે આ પરિસ્થિતિ દૂર કરવા માટે ના બાયકવાડ સરકારે શ બ ઝોવિંદભાઇ દાણીભાઇ દેસાઇનાં પ્રમુખપદે તપાસ સમિતિ નીમી છે.

શ્રી ખડાયતા બ્રહ્મિની સમાજનો રાસોત્સવ અમદાવાદના શ્રી ખડાયતા બ્રહ્મિની સમાજ તરફથી વાર્ષિક રાસોત્સવનો કાર્યક્રમ મંગળવાર તા. ૧૫ મી નવેમ્બર ૧૯૩૨, કાર્તિક વદ બીજને રોજ રાતના આઠથી દસ સુધી મણિલાલ મેનશન્યામા રાખવામા આવ્યો હતો આશરે હજારેક સ્ત્રીઓ અને બે હજારેક પુરૂષોએ હાજરી આપી હતી મેનશન્યના બગલા ચોગાનને રંગોળ, આસોપાલવ, વાવટા ને બીજાની રોશનીથી શણગારવામાં આવ્યુ હતું. કરી ત્રણે માળની અગાસીઓ માનવમેદનીથી ચિકાર ભરાઇ ગઇ હતી.

બરાબર આઠ વાગે પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી' મણિબેન નાનાલાલ, શ્રી

જનાર્દન પ્રભાશંકર, શ્રી કેશવ હ. ગોર અને શ્રી શાંતિકુમાર પંડ્યાના રાસ ચૂંટી કાઢવામાં આવ્યા હતા. તેમાં 'માયા લગાડી' ને 'પેલી મહીઆરણ' એ બે રાસ ઠીક દીપી ઉઠયા હતા 'માયા લગાડી' રાસ આ અંકમા અન્યત્ર છપાયેલ છે નાનકડાં બાળાઓને કુણતુ કામ સારી રીતે કરી બતાવ્યું હતું 'મહીઆરણ'ના અવાજમા વચ્ચેના સ્તબ્ધપર મુકેલો ભરણો ફરતો રાખવાની યોજના ખાસ આકર્ષક હતી વચમા સભાજનોનાં મંત્રી શ્રી ભાનુમતિ ચોકસીએ ગીત ગાયુ હતુ. ખાસ કરીને દસ વર્ષની અંદરની વયની કન્યાઓએ શ્રી. કેશવ હ. ગોરના નવા લખાતા 'વીરપૂજા' નામના નાટકમાંથી 'અમે તો કેસરીના બાળ'નુ ગીત હાવભાવ સાથે ગાઇ તેને સુંદર ન્યાય આપ્યો હતો. આ ગીત પણ આ અંકમા અન્યત્ર છપાયેલ છે

પાલણપુરની ઉપયોગી સ્ત્રીશિક્ષણ સંસ્થા શ્રી પાલણપુર દશાશ્રીમાળી જૈન કન્યા મહિલા શાળાનો રજતોત્સવ તા ૧૩-૧૪-૧૫-૧૬ મી ઓકટોબરે ઉજવાયો હતો. તેને અંગે પ્રદર્શન, ભાષા-સંવાદ, ભરતગૂંથણ પાકશાસ્ત્ર અને તકલીની હરિફાઇ, અને છેલ્લે પારિતોષિકો આપવાનો મેળાવડો એટલો કાર્યક્રમ રાખવામા આવ્યો હતો મહોત્સવમા શાળાની જુની તેમજ હાલની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો ભરત શિવણના પ્રદર્શનમા હોસ્પીટલ તરફથી એક સુવાવડનો ઓરડો યોજવામા આવ્યો હતો. તેમજ મોન્ટીસોરી પદ્ધતિ પ્રમાણેનું બાલમંદિર ગોઠવાયુ હતું પાકશાસ્ત્રની હરિફાઇ એ એક ઉત્તેજન પાત્ર કાર્યક્રમ હતો હરિફાઇમા ૩૪ બાળાઓએ ભાગ લઈ જુદી જુદી જાતની વાનગીઓ તૈયાર કરી હતી છેલ્લે દિવસે શ્રી માણેકલાલ મોતીભાઇ મહેતાને પ્રમુખ પદે પારિતોષિક સમારંભ યોજાયો હતો તેમા સંસ્થાનાં હેડમીસ્ટ્રેસ શ્રીમતી હીરાબહેન કે મોદીએ શ્રી કેળવણી વિષેના પોતાના વિચારો જણાવતું ભાષણ કર્યું હતુ. તેમણે સ્ત્રીઓને ઉચ્ચતર શિક્ષણ આપવાની હિમાયત કરી હતી પારિતોષિકો અપાયા બાદ, રાત્રે સીનેમા રખાયો હતો અને મહોત્સવનું સકળ વિસર્જન થયુ હતું આ ઉપયોગી સંસ્થાને અમે વિશેષ હજારવળ કારિકાદિ તેના રજતોત્સવ પ્રસંગે ઇચ્છીએ છીએ

કુ વિનોદિની નીલકંઠને માનપત્ર કરાંચીમાં હિન્દી ખરીદ સંઘ તરફથી ભરવામાં આવેલી સીંધી મહિલા પરિષદનુ પ્રમુખસ્થાન લેવા આવેલાં કુમારી વિનોદિની નીલકંઠને ગયા તા ૮ મી એ કરાચીની ગુજરાતી બહેનોએ માનપત્ર આપ્યુ હતુ માનપત્રનો જવાબ આપતા આભાર માનો કે વિનોદિની બહેને જણાવ્યુ હતું કે; "છેલ્લા કેટલાયે વર્ષો થયા સ્ત્રી સુધારણા માટેના વિચારો ચાલ્યા કરે છે સ્ત્રીઓએ બહાર આવવુ જોઇએ સ્ત્રીઓએ સમાજ સુધારામાં ફાળો આપવો જોઇએ, સ્ત્રીએ પડદા કાઢી નાખવા જોઇએ વગેરે અનેક વર્ષોથી કહેવાઇ રહ્યું છે પણ મહાત્માજીના એક શબ્દે બહેનો બહાર નીકળી આવી છે. ગાંધીના સાચા સંદેશો આપણે ખાદી પહેરીને જ ઝીલી શકીએ. સ્ત્રીઓની હલકી દશા માટે પુરૂષો જવાબદાર છે, એમ ઘણા કહ્યુ કરે છે. પણ આપણે યા માટે પુરૂષો પર આધાર રાખી વાટ જોવી ? શું આપણામા તાકાત નથી ? આપણે બને મેળવી લેવું જોઇએ. આપણે સૌથી ખરાબ સડો બાળલગ્નનો છે આમાં મોટો દોષ સ્ત્રીઓનો જ છે બહેનોને જ સમજાવવા લેવાનુ, ઘરેણા સોંઘાવવાનું અને સારા સારા કપડા પહેરી બતાવવાનું જોઇએ દોષ છે ધારાસભામા આ સંબંધી કાયદો કરવાનું પુરૂષોને કહેવા કરતા આપણે પુરૂષોને કહેવુ જોઇએ કે તમે હવે નવ, એ કામ અમારું છે અમે તે કરી લઇશું. આપણે પોતાપર વિશ્વાસ રાખી કામ કરવુ જોઇએ બીજો અધમ સડો ઘુંઘટનો છે ઘુંઘટ એ આપણી માનસિક નબળાઇ દાખવે છે શા માટે આપણે પુરૂષોને જોઇ રહેવુ જોઇએ ? આપણે તો શક્તિનો અવતાર છીએ. ઘુંઘટ ખોલી નાખો ને બહાર આવો. બીજા બધા દેશોની અંદર સ્ત્રીઓ પુરૂષોને હંફાવી આગળ વધી રહી છે ત્યારે આપણા દેશમા હજુ હજારે ચાર સ્ત્રીઓને અક્ષરજ્ઞાન છે. એ શરમ ઉપજવે એવી વાત છે આ સ્થિતિ દૂર કરવા દરેક સ્ત્રીએ પ્રતિજ્ઞા કરવી જોઇએ કે દરેક વર્ષે તે એક સ્ત્રીને હજારો વાંચતા શીખવે

મને તો આ બાબત પર કે કોઇપણ બાબતપર પુરાવેાપર આધાર રાખવાનું ગમતું નથી આપણે જ તે મરી લેવું જોઇએ દુનીયામાં હજુ માણે રાખો કરવુ હોય તો આપણે બને બધુ કરી લેવું જોઇએ " .

પારસી ગ્રાજ્યુએટ્સ નાગપુરના સ્વ. આ. બ શ્રી પી બહેરામજીના પુત્ર શ્રી પી બહેરામજીએ ધનોરનો એક બ્રાહ્મણોનો ગ્રાહ્મણ કુટુંબના પુત્રી શ્રીમતી સુશીલાબહેનવાર સાથે પર્યા છે

મુસ્લિમ સ્ત્રીઓમાં જાગૃતિ: અખિલ ભારતીય મુસ્લીમ મહિલા પરિષદ મારામા ઓકટોબરમાં ભરાઇ હતી, તેમાં બેગમ સાહેબા મહમદઅલી અને મૌલાના અબુલકલામ આઝાદના બહેને હાજરી આપી હતી. પરિષદે બધી કોમોમાંથી અસ્પૃશ્યતાની લાગણી નાબુદ કરવાનો, લગ્નનો પરિપ્રશ માટે મૌલાનાઓ અબુલકલામ આઝાદ અને સોમવલ્લીને અભિનંદન આપતો, સ્થાનિક મંડળોને ચુપ કન્યાશાળાઓ સ્થાપવાની વિનતિ કરતો, ગરીબ છોકરીઓ માટે પોતાની આવકનો ૧ ટકો આપવાનો અપીલ કરતો અને દેવસેવા માટે સ્ત્રિશિક્ષિત મુસ્લીમ સ્ત્રીઓની એક સંસ્થા સ્થાપવાનું જણાવતા ઠરાવો કર્યા હતા

મંદિર પ્રવેશ માટે . અમેરિકાના ન્યુ યોર્ક શેહરની પુત્રી મીસ નીલા મે ગુરે મૈસુરના ચામુંડિ મંદિરમાં જે તેમને પ્રવેશ કરવા દેવામાં ન આવે તો મરણ પર્યંત ઉપવાસ કરવાનો નિશ્ચય કર્યો છે મીસ નીલાએ હિન્દુ ધર્મ સ્વીકારી નીલાનાગિની નામ ધારણ કર્યું છે તે પણ હિન્દુમંદિરોમા જઇ આવી છે, પરંતુ મૈસુરના ચામુંડિમંદિરમાં તેને પ્રવેશવા દીધી નથી

છવલેણુ રસ્તા (૧) બારીવલીમાં સુંદરબાઇ કરસનદાસ નામા માસમાં રહા કરતાં પ્રાયમસથી દાઝી મરણ પામ્યા (૨) મુંબાઇમાં ચિચબંદર ખાતે કંતાબાઇ કરસનદાસ નામની ૨૦ વર્ષની બહેન પ્રાયમસ પર રહા તૈયાર કરતાં ઓકટોબરની આખરે મરણ પામી (૩) સત્રાડીથી દાઝી સળગી જતાં મુબાઇમાં મેાધીબાઇ નામની ૨૦ વર્ષની સ્ત્રી ગયા માસમાં મરણ પામી (૪) મુબાઇમાં બીબાઇજી શાપુરજી હોરમસજી નામનાં ૮૦ વર્ષનાં પારસી ડોસીમા સ્ટવ સળગાવવા જતા દાઝી મરણ પામ્યાં.

અકસ્માત. કોલાબાદાની પી આર. કોલેજના અંગ્રેજના અધ્યાપક શ્રી બીનોદ બિહારી રસિકલાલનાં પત્ની શ્રીમતી સ્નેહસોભના રસિક ગર્લ્સ સંસ્થામાં અંગ્રેજના અધ્યાપિકા નિમાયાં છે (૨) સુરતના વનિતા વિશ્રામનો પારિતોષિક સમારંભ ગયા માસમાં શ્રીમતી મેાતીબાઇ માધવજી કાપડીયાનાં પ્રમુખપદે હતો (૩) મદ્રાસમાં હિન્દી સ્ત્રીઓની એસેાસીએશન તરફથી ગયા માસમાં સ્ત્રીઓની એક સભા મળી હતી તેમે એકતા પરિષદનો પ્રસ્તાવ ધરાવતો, કરાવ કર્યો હતો. શ્રીમતી હમીદા બહીબે

બાપુજી અને બાળકો

આશ્રમા શ્રી મેાન્ટીસોરી બાલમંદીર ચાલે છે એ બાલમંદીરનાં બાળકોએ મ ગાંધીજીને ઉપવાસ છોડયા બાદ નીચેનો પત્ર લખ્યો હતો'

" પૂ બાપુજી,

તમે અપવાસ છોડયા ને બાવા માંડયુ તે જાણી અમને મઝા પડી. શરીર સાચવજો

છુટો ત્યારે નક્કી બાલમંદીરમાં વાતાં કહેવા આવશો

લિ

બાલમંદીરના બાળકો. "

એનો ઉત્તર પૂ બાપુજીએ નીચે મુજબ આપ્યો હતોઃ

" બાળકો અને બાગાઓ,

તમારો કાગળ મળ્યો તમે બધા દીચુકકા ભાઇ ને બેન બનશો તો મારા જેવાનું શું થશે ! ઉપેન્દ્રને ઉપેન્દ્રભાઇ, ભદ્રીકાને ભદ્રીકાબેન કોણે બનાવ્યા ! હું ત્યાં આવુ તો કોઇને ભાઇ કે બહેન કોઇવાનો નથી. એ વરત ગમે કે ! બીજી વરતો મેં સંધરી રાખી છે

મરોડા મંદીર

તા ૩-૧૦-૩૨

લિ.

બાપુના આશીર્વાદ. "

સંયુકત મતદાર મંડળથી જ હિન્દનો ઉદ્ધાર થશે એમ જણાવતુ ભાષણ કર્યું હતુ. (૪) પુનાની શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી હિન્દી સ્ત્રીઓની યુનિવર્સીટીને શ્રી. વિનાયક નારાયણ પરાન્જપેએ રૂા. ૧૦૦૦ ની કાા કમની સરકારી પ્રોમીસરી નોટ આપી છે, (૫) સીતાપુરના મહિલા સમાજે સ્થાનિક મ્યુનિસિપલમ ડળમાં સ્ત્રીઓના હાકો સાચવવા માટે શ્રીવાસ્તવની નીમણુંક કરવાની સરકારને વિનતિ કરી છે (૬) પૂર્વ આફ્રિકાના સુપ્રસિદ્ધ વેપારી શેઠ નાનજીભાઇ કાલિદાસે વડોદરાનાં આર્ય કન્યા મહાવિદ્યાલયનાં નવાં મકાનો માટે રૂા. ૭૦૦૦) આપ્યા છે

વિદેશ

સ્ત્રીઓનો સ્વતંત્રતા સંઘ: પરિણિત સ્ત્રીઓની હાલત સબધમા વિચાર કરવા તા ૨૧ મા ઓકટોબરે ગ્રેટબ્રિટનના સ્ત્રીઓના સ્વાતન્ત્ર્ય સબ ધ તરફથી મીસીસ પેથીક લોરેન્સનાં પ્રમુખપદે સકળ પરિષદ મળી હતી ૨૭ મહિલા સસ્થાઓના પ્રતિનિધિઓએ કામકાજમાં ભાગ લીધો હતો પરિણિત સ્ત્રીને કાયમના સગીરપણામા મૂકતો કાયદો રદ કરવાનો ઠરાવ પરિષદે પસાર કર્યો હતો. પરિણિત સ્ત્રીઓના ધધો કરવાના હકનો બધાએ સ્વીકાર કર્યો છે સ્ત્રીઓની આર્થિક સ્વતત્રતામાં આડરૂપ લગ્નનુ બધન દૂર કરવા માટે સ્ત્રીઓએ એકત્ર થઈ કામ કરવું જોઇએ પ્રમુખ મીનિસ્ટ્રિ ઓફ લેબર શરૂ કરી હતી હાલની વડનો ઓરડો ચીજવામાં આવ્યો લેડી બેરાએ મોન્ટીસોરી પદ્ધતિ પ્રમાણેનુ બાલમ દિર ચલાવતુ. પાકયાસ્તની હરિફાઇ એ એક રસ્તી ચક્તિ કાર્યક્રમ હતો હરિફાઇમાં ૩૪ બ્રહ્મચારીને ભાગ , લઈ જુદી જુદી જાતની વાનગીઓ તૈયાર કરી હતી ૩જા દિવસે શ્રી. મણીબેને મોતીભાઇ મહેતાને પ્રમુખ પદે પારિતોષિક સમારભ યોજાયો હતો તેમા સસ્થાનાં હેડમીસ્ટ્રેસ મીસ્ત્રી હીરાબહેન કે મોદીએ સ્ત્રી કેળવણી વિષેના પોતાના વિચારો જણાવતુ ભાષણ કર્યું હતું તેમણે સ્ત્રીઓને ઉચ્ચતર શિક્ષણ આપવાની હિમાયત કરી હતી પારિતોષિકો અપાયા બાદ, રાત્રે સીનેમા રખાયો હતો અને મહોત્સવનુ સકળ વિસર્જન થયું હતું આ ઉપયોગી સ્ત્રી સંસ્થાને અમે

હોસ્પીટલની દાતના બ્હાડકાપને લગતી ચાળામા ૧૯૩૭ ના માર્ચ પછી કોઇપણ વિદ્યાર્થીનીને દાખલ કરવામાં આવનાર નથી જુદા જુદા ધંધાઓમા જોડાવા માટે સ્ત્રીઓએ જે તકો મેળવેલી છે તે ધીમે ધીમે નાબુદ કરવામાં આવનાર છે

વિમાન બાલાઓને અકસ્માત. હડનથી વિમાનમા ઉડીને કેપ ખાતે જતાં મીસ જોન પેજ અને મીસ ફ્રેલ બારકરનું વિમાન પવનની દિશા સૂચવનારા યાત્રાના સાધે અથડાતાં વિમાનને નુકસાન થયું છે. બન્ને બાલાઓને કાઈ ઇજા થઇ નથી

વીમાની વીરાંગના મીસીસ એમી મોલીસન (અગાઉ મીસ એમી જોનસન) હડનથી કેપ ઓફ ગુડહોપ વિમાનમા એકલાં ઉડવાનો રેકોર્ડ કરવા તા ૧૪ મી નવેમ્બરે ઉપડી હતી. ૪ દિવસ અને ૭ કલાકમાં તે તા ૧૮ મીએ કેપટાઉન ઉતરી છે. તેની અગાઉ :તેના પતિએ આમ ઉડવાનો રેકોર્ડ કર્યો હતો પતિ કરતાં ૧૭ કલાક આગળ જઇ મીસીસ એમીએ આ રેકોર્ડ તોડયો છે તેને માં આર્યર વ્હીટલૉએ પૌ ૧૦૦૦ નુ ઇનામ આપ્યું છે.

ગૃહિણીપદની તાલીમ: જર્મનીમાં બર્લિન અને બીજા શહેરોમાં ગૃહિણીપદ માટે શાળાઓ ચાલે છે. અને તેની પરીક્ષાઓ લેવાય છે. સકળ બનારને ગૃહવ્યવસ્થામા નિષ્ણાત થવાનું પ્રમાણપત્ર અપાય છે

ઓસ્ટ્રીયામાં સ્ત્રીઓ વીએનાની યુનિવર્સીટીમા ભાષાશાસ્ત્રનાં અધ્યાપિકા તરીકે ડા મેરી હરગોજ-હોજરની નીમણુંક થઇ છે. ઓસ્ટ્રીયામાં પહેલવહેલાં જ સ્ત્રી વકીલની ધારાશાસ્ત્રી ડૉ રહેલા કોર્ણવીજ વીએનાના મેજીસ્ટ્રેટના સેક્રેટરી નીમાયા છે. લોસેન્ફાઇન સ્ટોકલ વીએનાનાં પોલીસ મુખ્ય મથકનાં સલાહકાર નીમાયા છે આ ત્રણે નીમણુંકો સ્ત્રીઓ માટે પહેલી જ વાર થઈ છે

બ્રાઝીલ માટે નવુ બંધારણ ઘડવા નીમાયલી સમિતિમા સરકારે બીસ બર્યા બુતજ્ઞને સભ્ય નિમ્યા છે.

લગ્નબંધન ! ઓસ્ટ્રેા (નોર્વે)ની મ્યુનિસિપલ સ્કીલ ઇન્સ્ટીટયુશનના ડીરેકટરે કરાર કર્યું છે કે સ્ત્રીકામદારોને લગ્ન થતાં જણાવું વધે

રાજનામું આપવું પડશે આ પત્રમાં સામે નોર્વેની મહિલાઓ નિરોમ થઇને રહી છે

અમેરિકામાં સ્ત્રીઓની પ્રગતિ યુનાઇટેડ સ્ટેટસની ૧૯૩૦ ની વસતીગણતરીના આંકડા પ્રકટ થઇ ગયા છે. તેમા જણાય છે કે યુનાઇટેડ સ્ટેટસમા કામ કરતી સ્ત્રીઓની સંખ્યા છેલ્લાં દસ વર્ષમાં ૨૫,૦૦,૦૦૦ ઉપર વધી છે ૧૯૨૦મા ૧૮ વર્ષ અને તે ઉપરની વયની ૩૫૦૦,૦૦૦ સ્ત્રીઓ નોકરી કરતી હતી ૧૯૩૦ મા એ સંખ્યા વધીને ૧,૦૦,૦૦,૦૦૦ થઇ છે ૧૯૨૦ મા સ્ત્રી કામદારોના ૨૩ ટકા પારણેથી હતી ૧૯૩૦ મા ૨૯ ટકા પરિણિત છે સ્ત્રીધારાશાસ્ત્રીઓની સંખ્યા ૧૭૩૮ ની હતી તે વધીને ૩૩૮૫ ની થઇ છે સ્ત્રી ગ્રંથકર્તાઓ, તંત્રીઓ, રીપોર્ટરોની સંખ્યા બેવડી થઈ છે ડોક્ટરની પ્રમુખ સ્ત્રીઓ તેમજ અધ્યાપિકાઓની સંખ્યા ૧૦૦૭૫ ની હતી તે ૨૦૧૨૧ ની થઇ છે

અમેરિકાની સ્ત્રીઓ અમેરિકામા સ્ત્રીઓ હવે ૪૨૬ પ્રકારના ધધામા પડે છે. અત્યારે ન્યુયોર્કમાં જુદા જુદા ધધામાં ૬૭ ૧૦ લાખથી વધુ સ્ત્રીઓ નોકરી કરી રહી છે ત્યાં આજે ૩૦૦૦ ચિત્રકાર, ૧૦૦૦ સંપાદક તેમજ ખબરપત્રી, ૧૦૦૦ સિનેસ્ટસ, અને ૧૦૦ પાદરી છે સ્ત્રી વકિલોની સંખ્યા ૧૯૧૦ મા હતી તેના કરતાં ૧૯૨૦ મા બેગણી થઇ ગઇ છે ન્યુયોર્કમા ૪૦૦ સ્ત્રીઓ ઘરાકી ધધો કરે ? અને ૯૦૦ સ્ત્રીઓ મિલકતને લગતાં કામકાજ કરે છે આ ઉપરાંત ઘણીએ સ્ત્રીઓ ઇજનેર, ડાક્ટર, વકીલ ઇત્યાદિ ધધો કરે છે

મીસ જુલીયા લેથ્રોપ યુનાઇટેડ સ્ટેટસમાં શિશુ કલ્યાણનું અપૂર્વ કાર્ય કરનાર આ બહેન એપ્રિલ માસમાં અવસાન પામ્યા છે સ્ત્રીચળવળના પણ તેઓ હિમાયતી હતા તેમની સમાજસેવાને પરિણામે તેઓ બાળકોની બરોમાં પહેલવહેલ વડા નીમાયાં હતાં અને પ્રજાસધના શિશુકલ્યાણ કમીશનના એક મેમ્બેસર હતાં

જાપાનમાં સ્ત્રીઓનું વેચાણ આર્થિક અવસ્થાને કારણે જપાનમાં ખેડુતો પોતાની પુત્રીઓને વેચી દેવાની પ્રથા ઘણા લાંબા સમયથી ચાલી આવેલી છે ઘણું ખરું ખેડુતો અનીતિના ધામોનાં માલેકોને ૧૦૦ યેન (પૌ' ૧૦) મા વેચી દેતા આમાં છોકરીઓની પસદગી જેવુ કાંઇ ન મળે કારણ કે એ આર્થિક જરૂરીઆતની વાત છે ટોકીઓની દેશભક્ત સ્ત્રી સમાજે આ બાબતમાં નવી યોજના કરી છે. એ યોજના પ્રમાણે સમાજ તરફથી ખેડુતને ૧૦૦ યેનની ન્યાજમુક્ત લોન આપવામાં આવે છે અને બદલામા પાચ વર્ષ સુધી છોકરીની સેવા સમાજ મેળવે છે પાચ વર્ષમાં લોન અરપાઇ કરવાની હોય છે. સમાજ છોકરીને અનીતિનાં ધામોમા મોકલતા નથી પરંતુ ઘરની નોકર, વેઇટ્રેસ કે એવા બીજા પ્રમાણિકતાથી જીવન નિર્વાહ થઇ શકે એવા ધધામાં નાખે છે ગરીબ ખેડુતોને આવી રીતે મદદ કરવા માટે સૌસાયટીએ ૪૨૦૦૦ યેન ભાકુએ આપ્યા છે

જપાનની રેલ્વેઓમાં જુદા જુદા હોદ્દાઓ પર ૧૦૦૦૦ સ્ત્રી કામદારો રોકાયલી છે ૪૦૦૦ ટ્રાફીકની જગ્યાએ એકેય સ્ત્રી નથી બાકીની સ્ત્રીઓ ૬ ઠી કારીગારી જગ્યાઓ પર છે

આંતર રાષ્ટ્રીય મહિલા સંઘના પ્રતિનિધિઓ તા ૧૦ મી ઓકટોબરે બત્રદાદ પહોચ્યા હતા, પ્રતિનિધિઓમા સીરીયા શાખાના પ્રમુખ મેડમ નુર હમ્મદ, મેડમ ઓડ્રી રીડર, મેડમ બીઆમીન, અને મેડમ ફલીમા સૈયદ મુરાદ છે ઇરાક અને ત્યાની સ્ત્રી ચળવળની આગેવાન સ્ત્રીઓને મધ્યસ્થ સઘના પ્રમુખ મીસીસ કેરબેટ કેસ્પી છે મિત્રાચારી અને ઉત્તેજનાનો સદેશ પાઠવી, બધાય આરબ દેશોને આતર રાષ્ટ્રીય સઘમા જોડાવા ને સમજાવવાનો તેમનો હેતુ છે. મેડમ નુર હમ્મદ આગેવાન બાનુ છે અને મેડમ ફાતીમા મુરાદ દામાસ્કસમાં પહેલાં જ સ્ત્રી મારાથી છે

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

મુંબાઇ અને પરાંઓ.

હિન્દુસ્તાની સેવાદળના ઓવિભાગના મુબાઇ ખાતેનાં આગલાં કેપ્ટન કુમારી કિશન ધુમટકરને પોલીસ કમીશનરના હુકમનો ભગ કરવા માટે ઓકટોબરની તા. ૨૪ મીએ પકડી એક વર્ષ સખ્ત કેદ રૂા ૩૦૦ દંડ અથવા ત્રણ માસ વધુ કેદની સજા ક-રવામાં આવી છે રાષ્ટ્રધ્વજ વદન કર્યા ઓકટોબરની તા ૩૧ મીને ગેજ મુબા-ઇની ૪૪ મી ગ્રામ સમિતિના પ્રમુખ શ્રીમતી લીલાવતી અને મંત્રીઓ શ્રીમતી સુમતિ ત્રિવેદી અને શ્રીમતી વિદ્યા-બાઇને ગિરફતાર કરીને ૬ માસ સખ્ત કેદ રૂા ૫૦ દંડની સજા થઇ છે.

મુબાઇનાં નવાં સ્થપાયલા વિદ્યાર્થીઓના સોશીયલ લીગ તરફથી શ્રીમતી સ્વરૂપરાણી નેહરૂને હાથે દીવાળી પ્રસગે ખાસ સ્વદેશી પ્રદર્શન ભરવામાં આવ્યું હતું શ્રીમતી સ્વરૂપરાણીએ સ્વદેશીનો વપરાશ વધારવાની લોકોને હિમાયત કરી હતી.

શ્રીમતી ગગાબહેન પટેલને મદ્રાસભાની ચળવળમાં ભાગ ન લેવાની નોટીસ બજાવી છે.

ઓકટોબર માસની તા. ૨૩ મીએ વિલે-પારલેની છાવણી ઉપર દરોડો પાડવા માટે શ્રીમતી મણિબહેન હીરજીભાઇને ગિરફતાર કરવામા આવ્યા હતા તેમને પચિ માસ સખ્ત કેદની સજા કરવામા આવી છે

મ. ગાધીજીના ઉપવાસને પરિણામે અસ્પૃશ્યતા નિવારણનું જબ્બર આંદોલન શરૂ થઇ ચૂકયું છે. મુબાઇમાં પણ એને લગતુ કામકાજ જોરબેર ચાલુ થયું છે. મદ્રાસનું ગુરૂવયૂર મદિર અસ્પૃશ્યો માટે ખુલ્લુ ન મૂકાય તો જાન્યુઆરીની તા. ૨ જી થી શ્રી કેલાપ્પન સાથે મ ગાધીજીએ પણ ઉપવાસ આદરવાનો નિર્ણય જાહેર કર્યાથી આંદોલનમાં વધુ જોર આવ્યુ છે. મુબાઇમાં શ્રીમતી દંસાબહેન મહેતાનાં પ્રમુખપદે અસ્પૃશ્યતા નિવારણ સંઘના આશ્રયે મળેલી સભાએ ' હરિજન ઉદ્ધાર મંડળ '

સ્વાતત્ર્ય સગ્રામમાં નિર્ભળ બલિદાનો

૨૪૯૦	શ્રીમતી કિશન ધુમટકર	મુબાઇ	૧ વર્ષ, રૂા ૩૦૦ દંડ	
૨૪૯૧	,, લીલાવતી	,,	૬ માસ સખ્ત, રૂા. ૫૦ દંડ	
૨૪૯૨	,, સુમતિ ત્રિવેદી	,,	,,	
૨૪૯૩	,, વિદ્યાબાઇ	,,	,,	
૨૪૯૪	,, મણિબહેન હીરજીભાઇ	વિલેપારલે	પાચ માસ સખ્ત	
૨૪૯૫	,, ચદ્રકાન્તા	અમદાવાદ	રૂા ૨૫ દંડ	
૨૪૯૬	,, મહાકોર	,,	રૂા ૫૦ દંડ	
૨૪૯૭	,, ગંગાબહેન વૈદ્ય	,,	૪ માસ સખ્ત, રૂા ૫૦ દંડ	
૨૪૯૮	,, એક બહેન	,,	૪ માસ	
૨૪૯૯	,, ,,	,,	ત્રણ માસ	
૨૫૦૦	,, ,,	,,	—	
૨૫૦૧	,, ભાગીરથી બહેન	વીરમગામ	પાચ માસ	
૨૫૦૨	,, કમરબહેન પટેલ	,,	,,	
૨૫૦૩	,, પાર્વતીબહેન પટેલ	,,	,,	
૨૫૦૪	,, જડાવબહેન	મહેમદાબાદ	—	
૨૫૦૫	,, ત્રિભુબાબહેન કેસાઇ	,,	—	
૨૫૦૬	,, મણિબહેન શીવાભાઇ પટેલ	રાસ	એક વર્ષ	
૨૫૦૭	,, ચદ્રબહેન પટેલ	,,	,,	
૨૫૦૮	,, મણિબહેન ચીમનભાઇ પટેલ	,,	,,	
૨૫૦૯	,, શાન્તાબહેન પટેલ	,,	,,	
૨૫૧૦	,, ડાહીબહેન ચૌહાણ	,,	૭ માસ રૂ ૧૦૦ દંડ	

નામની મરથા સ્થાપવાનો ઠરાવ કર્યો છે એ સભામાં શ્રીમતી દમયન્તીબહેન, શ્રીમતી અવંતિકાબાઈ ગોખલે, શ્રીમતી યમુનાબાઈ હિરવેકર અને શ્રીમતી રતનબહેન મહેતાએ હરિજનોની સ્થિતિ વિષે પ્રવચનો કરી અસ્પૃશ્યતા નિવારણની હિમાયત કરી હતી. ગાંધી સેવા સેનાની સેવિકાઓએ પણ અસ્પૃશ્યતા નિવારણ માટેનો કાર્યક્રમ ઘડી રાખ્યો છે. તેમાં અસ્પૃશ્યો માટે મંદિરો ખુલ્લાં મૂકાવવા દુકાનો વગેરેને મળી શકતું કરવાનો, હરિજન બાળકોની કેળવણી સંબંધી સગવડ કરવાનો, હરિજનો માટે રહેવાનાં સારા મકાનોની સગવડ કરવાનો, હરિજન સ્ત્રી બાળકો માટે કથા વાર્તા વગેરે કાર્યક્રમની યોજના કરવામાં આવેલી છે મરવડા મંદિરમાં મ ગાંધીજીને મળવા શ્રીમતી દમયન્તીબહેન મહેતા જઈ આવ્યાં છે

ગુજરાત–કાઠિયાવાડ·

અમદાવાદમાં કટાકટાની દુકાન આગળ ચોકી કરતા પકડાયેલા શ્રીમતી મંદાકિની નંદલાલ અને શ્રીમતી મહાદેવ છોટાલાલને જેલના કાનૂનનો ભંગ કરવા બદલ અનુક્રમે રૂા ૨૫ અને રૂા ૫૦ ના દંડની અથવા બે અને ત્રણ અઠવાડિયાંની કેદની સજા થઇ છે.

ઓક્ટોબર માસની આખરે અમદાવાદમાં ધ્વજવંદન કરતા ગુજરાત મહાસભાના ૩૦મા સરમુખત્યાર શ્રીમતી મંગળાબહેન વૈદ્ય ને બે બહેનો સાથે પકડવામાં હતાં. તેમા શ્રીમતી મંગળાબહેનને ૪માસ સખ્ત કેદ રૂ ૫૦ દંડની સજા કરી છે એક બહેનને ૪ માસ અને બીજાં બહેનને ત્રણ માસની સખ્ત કેદની સજા થઇ છે રાષ્ટ્રીય ટપાલ ઓફિસ દિન ઉજવવા માટે મંત્રી તા. ૨૧ મીએ એક બહેન ગિરફતાર થયા છે

૨૫૧૧	શ્રીમતી ડાહીબહેન પટેલ	રાસ	એક વર્ષ	
૨૫૧૨	,, મહાલક્ષ્મી ઠક્કર	બોરસદ	૬ માસ સખ્ત, રૂા ૧૦૦ દંડ	
૨૫૧૩	, વસુમતી પંડિત	,,	એક વર્ષ, રૂા ૨૦૦ દંડ	
૨૫૧૪	,, કમળાબાળી સરકાર	હાવરા	રૂા. ૨૫ દંડ વા ૭ સપ્તાહ	
૨૫૧૫	, વીણાપાણી દે	,,	,,	
૨૫૧૬	,, અબલાસુંદરી દે	મુનશીગંજ	કોર્ટ ઉઠવા સુધી	
૨૫૧૭	,, ઇન્દુમતી મિત્ર	,,	,,	
૨૫૧૮-૧૯	,, બે બહેનો	,,	,,	
૨૫૨૦	,, અનુપમા ઘોષ	,,	૬ માસ સખ્ત	
૨૫૨૧	,, વીણાપાણી દાસ	,,	કોર્ટ ઉઠવા સુધી	
૨૫૨૨	, બસનબાલા દાસી	ચિન્સુરા	—	
૨૫૨૩	,, રાધિકાદેવી	મુઝફરપુર	—	
૨૫૨૪	,, ચંપકબાલા મૈત્રી	તમુલ્ક	—	
૨૫૨૫-૩૧	,, ૭ બહેનો	,,	—	
૨૫૩૨	,, ઉમાસુંદરી દાસ	,,	—	
૨૫૩૩-૩૫	,, ત્રણ બહેનો	,,	—	
૨૫૩૬	,, કિરણબાલાદેવી	જેસોર	—	
૨૫૩૭	,, રાજુલાદેવી	બીજનોર	—	
૨૫૩૮	, તારાબહેન મોદી	સુખાવ	—	
૨૫૩૯	,, હીરાબહેન	,,	—	
૨૫૪૦	,, રહેમતુંબહેન	,,	—	
૨૫૪૧	,, સીતાબાઇ	કરાચી	બે માસ	

વીરમગામ તાલુકાનાં ગામડાંઓમાં મંડાસભાનું કામકાજ કરવા માટે વીરમગામના ૩૧ મા સરમુખત્યાર શ્રીમતી ભાગીરથીબહેન, શ્રીમતી કમરજબહેન પટેલ અને શ્રીમતી પાર્વતીબહેન પટેલને ગિરફતાર કરી પાંચ માસ સખ્ત કેદની સજા કરી છે

મહેમદાવાદમાં ગઇ તા. ૨૧ મી એ ધ્વજવંદન દીન ઉજવતાં ૨૧ મા સરમુખત્યાર શ્રીમતી જડાવ બહેનો અને શ્રીમતી વિમળા



દેશભરની મહિલાઓમાં જાગૃતિ

ડીસેમ્બર માસમાં લખનૌ ખાતે મળનારી અખિલ ભારતીય મહિલા પરિષદ માટે પ્રતિનિધિઓ ચુંટવા ગયા માસ દરમ્યાન ઠામ ઠામે પ્રાંતીય મહિલા પરિષદોની બેઠકો મળી છે એ પરિષદોનાં કામકાજનો સહેજ વીગતવાળો અહેવાલ અમે અન્યત્ર છાપ્યો છે તે તરફ અમારી વાચક બહેનોનું અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ. હિન્દની મહિલાઓનું માનસ અત્યારે કઈ રીતે કામ કરી રહ્યું છે, તેમનામાં કેટલી જાગૃતિ આવી છે, તેમનામાં કેટલી પ્રગતિ થઇ રહી છે, તેમનામાં આત્મભાન કેટલે અંશે વ્યાપ્યું છે એ જાણવાનું એથી પ્રાપ્ત થાય છે દેશભરમાં આવેલી આ જાગૃતિથી મહિલાઓની ઉન્નતિમાં રસ લેતી કોઇપણ વ્યક્તિને આનંદ થયા વિના નહિ રહે મહિલા પરિષદોએ પસાર કરેલા ઠરાવોમાં, બાળલગ્ન પ્રતિબંધક કાયદાનો વધુ સખ્તાઇથી અમલ કરવાની બલામણ કરતો મહાત્માજીના ઉપવાસને પરિણામે આવેલી જાગૃતિના સૂચક અસ્પૃશ્યતા નિવારણના પ્રશ્નને ઉપાડી લેવાની આગ્રહભરી બલામણ, કરતો ફરજીયાત પ્રાથમિક તેમજ ગ્રામીણ કેળવણીનો આગ્રહ કરતો, તેમજ સ્ત્રીઓને આર્થિક સ્વતંત્રતા મળે એવી રીતનાં પગલાં લેવાને લગતા ઠરાવો મુખ્ય છે. આ ઠરાવો ઉપરથી દેશમાં બનતા મહત્વના અને અગત્યના પ્રશ્નો તરફ હિન્દની મહિલાઓ જાગ્રત બેદરકાર નથી એનું સ્પષ્ટ સૂચન થાય છે હિન્દની મહિલાઓ માટે આ જાગૃતિ ઘણીજ સારી નિશાની દર્શાવે છે બહેનોમાં આવેલી આ જાગૃતિ ચિરકાળ કાયમ રહે અને સમાજનાં અર્ધાં અંગ તરીકે બહેનો દેશના મહત્વના પ્રશ્નોમાં પોતાનો યોગ્ય હિસ્સો દઇ દેશના ચારિત્રમાં વધારો કરતી રહે એવી ઇચ્છા અમે દર્શાવીશું.

નિરક્ષરતાને દૂરનાવો

હિન્દની મહિલાઓની ઉન્નતિના કાર્યક્રમમાં મુખ્ય સ્થાન બહેનોમાં વ્યાપી રહેલી નિરક્ષરતાને ટાળવાના પ્રશ્નને ઘટે છે હિન્દમાં હજારે માત્ર ચાર બહેનો લખી વાંચી શકવા જેટલું જ્ઞાન ધરાવે છે આ સ્થિતિ ખરેખર શોચનીય છે. બહેનોમાં વ્યાપી રહેલી નિરક્ષરતા કોઇ પણ રીતે ટાળવી જોઇએ. આ પ્રશ્નના ઉકેલ માટે આપણે કોઇના ઉપર આશા કે આધાર રાખી બેસી રહેવું પાલવે એમ નથી. અમે તો માનીએ છીએ કે બહેનોએ પોતે જ આ પ્રશ્નનો ઉકેલ આપ મેળે કરી લેવાને કટિબદ્ધ થવાનું છે. હિન્દુસ્તાનમાંથી સ્ત્રીઓની નિરક્ષરતા ટાળવા માટે કટિબદ્ધ થવાની સૌથી પહેલી ફરજ આપણી શિક્ષિત બહેનોની જ છે. કરાંચીમાં કુમારી વિનોદિની નીલકંઠને ગુજરાતી બહેનો તરફથી માનપત્ર આપવામાં આવ્યું, તે વખતે તેમણે આ વિષે યોગ્ય જ કહ્યું છે કે દરેક શિક્ષિત બહેને એવી પ્રતિજ્ઞા લેવી જોઇએ કે દર વર્ષે એક એક બહેનને તે લખતી વાંચતી કરે શિક્ષણ પામેલી કોઇ બહેન પોતાની જ બીજી બહેનોને નિરક્ષરતાના અંધકારમાં ડૂબતી રાખે એ ન સહી શકાય એવી વાત છે. એ નિરક્ષર બહેનોને જ્ઞાનની જ્યોતિ આપી, તેમને પ્રકાશમાં લાવવામાં જ શિક્ષિત બહેનોના શિક્ષણનું સાર્થક્ય છે, એવું અમારું માનવું છે આપણી શિક્ષિત બહેનો મોટે ભાગે પોતાના આત્માને જ માત્ર શિક્ષણ મળ્યું છે એમ માનીને, અસંખ્ય બહેનોની નિરક્ષરતા દૂર કરવાના પ્રશ્ન તરફ ઉદાસીન રહે છે, એ યોગ્ય નથી. જો બહેનોમાં વ્યાપેલી નિરક્ષરતાને દૂર કરવાની ઇચ્છા, તો શિક્ષિત બહેનોએ કુમારી વિનોદિની બહેને કહ્યું છે તેમ દર વર્ષે એકાદમાં બાળા એક બહેનને તો નિરક્ષર મિટાવ-

સમય અને સ્થિતિ એવી હોય તો બહેનોએ કોઈ પણ પ્રમાણિક ધંધો કરવામાં નાનમ માનવાને કારણ નથી સુખ દુઃખના સમયમાં સ્ત્રી; પોતાના પતિને અને કુટુંબને, આવી શક્તિ ધરાવતી હોય તો, ઘણી સારી રીતે મદદરૂપ થઈ શકે છે. આર્થિક સ્વતંત્રતાને પ્રતાપે સ્ત્રી પોતાને થતા અન્યાયમાંથી બચી શકે છે આર્થિક અવલંબનને કારણે ઘણીવાર બહેનોને અનીતિને માર્ગે ચઢી જતી આપણે જોઇએ છીએ એ પરિસ્થિતિ નિવારવા માટે પણ બહેનોને આર્થિક સ્વતંત્રતા માટે પ્રવૃત્તિ કરવાની જરૂર છે

હિન્દી મીસ મેયો મીસ સોરાબજી

' મધર ઇન્ડિયા ' પ્રકટ કરી હિન્દની નાલેશી કરનારી એમેરિકન મટર મુકામ મીસ મેયોને મીસ કોર્નેલીયા સોરાબજી નામની હિન્દી સ્ત્રીએ મદદ કરી હતી એમ કહેવાય છે તે વખતે મીસ સોરાબજીએ એ વાતનો ઇન્કાર કર્યો હતો એવું સ્મરણમાં છે; પરંતુ અત્યારે, ઓકટોબર માસમાં તેણે લંડનમાં હિન્દની સ્ત્રીઓ વિષે ભાષણ કરતાં હિન્દની સ્ત્રીઓની જે નાલેશી કરી છે તે ઉપરથી તો એ બહેને મીસ મેયોને સારી મદદ કરી હોવાનું પ્રતીત થાય છે. મીસ કોર્નેલીયા સોરાબજી બ્રિટિશ અમલદારોમાં જાણીતાં છે અને તેના વિષે વાર બની હિન્દની સ્ત્રીઓ અને હિન્દી સમાજને ઉતરતા પાડવાનું મમ થઇ બેઠા હોય એમ લાગે છે જો કે, તેમના ભાષણ ઉપરથી તો હિન્દની સાચી પરિસ્થિતિનું તેમને લવલેશ પણ ભાન હોય એમ લાગતું નથી તેમના ભાષણમાંની નિત્રતો ઉડાઉપણા ભૂંડાણને પોષ્ય છે મીસ સોરાબજીને મન હિન્દુ સ્ત્રીને પોતાના પતિને દેવ માનવાની ફરજ પાડવામાં આવે છે અમને વિચાર એ આવે છે કે સામાન્ય જનસમાજની સ્થિતિ દૂર રહેતાં આ મિસને હિન્દુ સ્ત્રીની આ પોષ્યતા કયાંથી જણાવામાં આવી ? સતિની પ્રથાને કેટલાએ વર્ષ ગયા છતાં તે વાતને આગળ લાવી એ મીસ બહે છે, "હિન્દુ વિધવાને પોતાના પતિની ચિતામાં બળજબરીથી નાખવામાં આવતી તેને બદલે એ ફરજ હતી પરંતુ માનવતાપ્રેમી બ્રિટિશે ધર્મને નામે ચાલતી આ જંગલી પ્રથાનો અંત આણ્યો. " બ્રિટિશ રાજની માનવતાનો પરિચય લંડનમાં પડયાં પડયા નહિ માલમ પડે એ પરિચય મેળવવો હોય તો અહીં આવીને અનુભવ કરો. ત્યાં બેઠાંજ જણવું હોય તો હાલમાંજ હિન્દની મુસાફરીએ આવી ગએલા લંડનની ધર્મિષ્ઠ લીગના પ્રતિનિધિ મંડળને એ મીસે પૂછવું ઘટે છે આટલું તો નાકે ઓછું હોય તેમ એ બહેન આગળ જણાવે છે કે " હિન્દની સ્ત્રીઓમાં નાગરિકત્વનું ભાન છે જ નહિ એટલે જો સ્ત્રીઓને મતાધિકાર આપવામાં આવશે તો માત્ર વેશ્યાઓજ-જેઓ બજાર ખુલ્લામાં નીકળી શકે છે—મત આપવા આવશે પડદેનશીન સ્ત્રીઓ મત આપવા માટે બજાર આવવાની હિંમત કરી શકશે નહિ વળી એક પતિને કેટલીએ પત્નીઓ હોય છે એટલે તેઓના મત પણ ઘણા થઇ જશે. " હિન્દી મહિલા થઇને આવા શબ્દો ઉચ્ચારતાં મીસ સોરાબજીને જરા પણ શરમ લાગી નથી એથી અમને ખેદ થાય છે જો કે, હિન્દવિષે જરા પણ માહિતિ ધરાવનાર, હિન્દની મહિલાઓમાં વ્યાપી રહેલી જાગૃતિથી સુપરિચિત છે અને જે સભામાં મીસ સોરાબજીએ પોતાનું ડહાપણ ડહોળ્યું છે તેજ સભામાં નૌબોજ પરિષદની મતાધિકાર સમિતિના અને પાર્લામેન્ટના સભ્ય, મીસ મેરી પીકફર્ડ તેમને એવો સણસણતો રદીયો આપ્યો છે કે મીસ સોરાબજીનાં ભાષણની અસર એ સભામાં બાગ્યેજ વધુવાર ટકી શકશે મીસ પીકફર્ડ હિન્દની સ્ત્રીઓની સાચી દયાનું ત્યાં ભાન કરાવ્યું હતું અને સાથે સાથે મીસ સોરાબજીને તેમણે જણાવી પણ દીધું કે " અહીં રહીને હિન્દના તમારા બાઇ બહેનોની નાલેશી કરવા કરતાં, હિન્દમાં જઇ તમારા લોકોમાં જે ઉમદા કાર્ય થઇ રહ્યું છે તેમાં મદદ કરો. " અંતમાં આ બહેન માટે નવેમ્બર માસનાં ' મોડર્ન ' રીવ્યુ 'માં લેખકશ્રી નોધમાંથી નીચેની લીટીઓ ઉતારી લેશું: 'મીસ સોરાબજીના બ્રિટિશ પેટ્રનોએ હિન્દમાં હિન્દી-ઓએ કરેલા નેશમાંથી સ્ત્રીશિક્ષણ માટે પૈસા આપવામાં જે આશ્ચર્યજનક ઉદારતા દર્શાવી છે તે જોતાં હિન્દની સ્ત્રીઓમાં પુસ્તકોના જ્ઞાન જણાવેજ

દેખા દે છે, એ કે હિન્દની ઘણી સ્ત્રીઓ પશ્ચિમના રાજકીય યંત્રો વિષેનું જ્ઞાન કાંઈ નહિ તો બીજા સોશાલજી જેટલું તો અવશ્ય જાણે છે અને નાગરિકતાના જ્ઞાન સબંધમાં તો હિન્દની મહિલાઓમાં એ છે એ પૂરવાર કરવાની કાંઈ જરૂર નથી કારણ કે હિન્દની મહિલાઓમાં આત્મજ્ઞાન, નૈતિક જ્ઞાન અને સામાન્ય સમજ ઉપરાંત જે સૌથી અગત્યની વસ્તુ છે તે પોતાના પ્રિયમાં પ્રિય પ્રભુને ખાતર ગમે તેવાં દુઃખો સહન કરી આત્મસમર્પણ કરવાની ભાવના છે બીજા સોશાલજીમાં આ ગુણો નથી અને તેથી હિન્દના બાળકોની નિરક્ષર સ્ત્રીના પગની રજ લેવાને પણ તે લાયક નથી "

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળનું શ્રીવિદ્યાલય

૧૯૩૦ના ફેબ્રુઆરી માસની ૧૫મી તારીખે મુંબાઈની આગેવાન મહિલા સંસ્થા શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળે "જ્ઞાન ગુજરાતી સ્ત્રીઓ સારૂ માતૃભાષાદ્વારા જરૂરી સર્વાંગ કેળવણી માટે ઉદ્યાવદ્ વિદ્યાલય " સ્થાપી તેમને નામનીજ ફીવાળી ઉત્તમ ગૃહિણી, ઉત્તમ માતા અને ઉત્તમ ગૃહદેવી થવાને જેટલું જ્ઞાન જરૂરનું જણાય તેટલું જ્ઞાન ગુજરાતી ભાષાદ્વારા આપવાનું સાહસ " ખેડયું હતું આ વિદ્યાલય મુંબાઇના અગ્રગણ્ય ધારાશાસ્ત્રી શ્રી બુલાભાઇ દેસાઇના હસ્તે ખુલ્લું મુકાયું હતું અને વિદ્યાલય માટેનો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો નકકી કરવામાં આવ્યો હતો આ ત્રણ વર્ષનો વિદ્યાલયનો પ્રથમ ક્રમ ચાલુ વર્ષમાં પૂરો થયો છે અને વિદ્યાલયનાં ત્રીજા વર્ષની પરીક્ષામાં ચાર બહેનો બેઠીયું થયા છે વિદ્યાલયનું મહત્વ ગૃહિણીઓને જ આવા પ્રકારનું શિક્ષણ આપવું, તેમજ શાળાઓમાં ન જેવાઈ શકે એવી બહેનોને ઉચ્ચતર શિક્ષણ આપવાનું હોઇ, આ સંકળતા કાંઈ ઓછી નહિ કહી શકાય. ચારજાતના પ્રમાણમાં વિદ્યાલયને ઉત્તેજે એવું આ પરિણામ અમને લાગે છે પ્રથમ વર્ષની પરીક્ષામાં પણ નવ બહેનો બેઠીયું થયા છે અને બીજા વર્ષમાં ૭ બહેનો બેઠીયું થયા છે આ પરિણામ વિદ્યાલયનાં પ્રથમ ક્રમ માટે તો જરૂર ઉત્તેજન આપનારૂં કહી શકાય, છતા અમારે જેટલું તો કહેવું જોઇયે કે વિદ્યાલયનો લાભ ઘણી બહેનો લઇ શકે એવી સ્થિતિ છે છતા આપણાં ઘણાં કુટુંબો આ બીના તરફ ઉદાસીન હોય એમ લાગે છે આ વિદ્યાલયનો લાભ આથી ઘણા મોટા પ્રમાણમાં લેવા બહેનોએ બહાર આવવું જોઈએ

વિદ્યાલયના ત્રીજા વર્ષની પરીક્ષા પસાર કરનારા ચાર બહેનો શ્રીમતી સ્નેહલીલા જયંતિલાલ ઠક્કર, શ્રીમતી વીરમતી મુલાભદાસ ઝવેરી, શ્રીમતી કુસુમબહેન છગનલાલ મારફતીયા અને શ્રીમતી સુરજબહેન મુનીલાલ શેઠને, તેમણે ત્રણ વર્ષ સુધી ખંતથી અભ્યાસ કર્યો છે તે માટે અત્યંત અભિનંદન ઘટે છે વિદ્યાલયનાં ત્રીજા વર્ષની પરીક્ષાઓમાં પ્રથમ નંબરે આવનારાં બહેનો શ્રીમતી સ્નેહલીલા જયંતિલાલ ઠક્કર, (ત્રીજા વર્ષ) શ્રીમતી જેકોરબેન વિનયચંદ્ર કાપડીયા (બીજા વર્ષ) અને શ્રીમતી વસન્ત હરિલાલ ઝવેરી (પહેલા વર્ષ) ને અમે અભિનંદન આપીએ બીજા મંડળ તરફથી સામાન્ય જ્ઞાનના વિષયમાં પ્રથમ નંબરે આવનાર બહેનો માટે સુવર્ણ ચંદ્રકની યોજના થયેલી છે એ ચન્દ્રક મેળવવા ભાગ્યશાળી થવા માટે શ્રીમતી સ્નેહલીલા ઠક્કર, શ્રીમતી જેકોરબેન કાપડીયા, અને શ્રીમતી હીરાબહેન હરિલાલ તન્નાને અભિનંદન ઘટે છે અને સૌથી વધુ હાજરી આપવા માટે 'ગુણસુન્દરી' પારિતોષિક તરફથી અપાતો 'ગુણસુન્દરી' ચન્દ્રક મેળવવા માટે શ્રીમતી કુસુમ બહેન મારફતીયા, શ્રીમતી વીરમતી ઝવેરી, અને શ્રીમતી જયાબહેન ઝાંપીને અમે અભિનંદન આપીએ છીએ. આમા ત્રીજા વર્ષમાં શ્રીમતી કુસુમબહેન મારફતીયાએ વિદ્યાલય ચાલુ રહ્યાના કુલ ૧૭૭ દિવસોમાંથી ૧૭૧ દિવસો હાજરી આપી, જે, નેમને, માટે ચૌદ, પંદર, સોળ, સત્તર એ બહેનની આદર્શ નિયમિતતા માટે અમને માન ઉપજે છે અંતમા અમે ત્રણે વર્ષની પરીક્ષાઓમાં બેઠીયું થયેલાં બહેનોને તેમણે કરેલા ખંતીલા અભ્યાસ માટે અભિનંદન આપીએ છીએ અને ભવિષ્યમાં તેઓ આવીજ રીતે ખંતથી અભ્યાસ કરતા રહે એવી આશા રાખીએ છીએ

હવે શું ?

વિદ્યાલયનો ત્રણ વર્ષનો ક્રમ પૂરો થયો એટલે વિચાર આવે છે કે હવે શું ? વિદ્યાલયનાં ત્રીજા વર્ષમાં બેઠીયું થયેલી

બહેનોના સરકાર વિકાસ માટે કાંઇક યોજના વિચારવ કરે એવી અમારી મનોભાવના છે આ સંબંધી અમારો વિચાર અમે અત્રે રજુ કરીએ છીએ. ત્રીજું વર્ષમાંથી ઉત્તીર્ણ થયેલાં બહેનો માટે, અત્યારે ચાલે છે એવો નિયમિત રોજંદી હાજરીનો અભ્યાસક્રમ નહિ, પણ કાંઇક વિશિષ્ટ પ્રકારનો અભ્યાસક્રમ યોજવ તો સારું અને ખાસ કરીને, એ બહેનોને હવે તેમના ભાવિ જીવનમા ઉપયોગી થાય એવા વિષયો એ બહેનોને વિશિષ્ટરૂપે શીખવવામાં આવે, અને તેપે સપ્તાહના બે દિવસો દરમ્યાન એ વર્ગ ચાલે એવી કોઇ યોજના થવાની જરૂર છે બહેનોને એમનાં ગૃહજીવનમાં ઉપયોગી થાય એવા, બાલમાનસશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, પરિચારિકાકર્મ (નર્સીંગ), અને અર્થશાસ્ત્ર, તેમજ જીવનમાં સતત રસિકતા સાચે સેવાભાવના પોષાય એવા સાહિત્યના વિષયો વિશિષ્ટરૂપે શીખવવા જોઇએ. એક વસ્તુ આ બધામાં ખાસ ધ્યાનમાં રાખવાની છે કે બહેનોને માથે, હવેનો અભ્યાસક્રમ બોજારૂપ ન થવો જોઇએ. બહેનો ગૃહિણીઓ હોઇ તેમને માથે ગૃહવ્યવસ્થાનો ભાર હોય છે જ; એટલે એ ભારની સાથે આ જ્ઞાનનો ભાર તેમને ઉંચકી શકે એવાં પ્રમાણમાં ઉપલા વિષયોમાંથી પસંદ કરીને નવો અભ્યાસક્રમ યોજવ તો તેથી આ બહેનોના સરકાર વિકાસમાં વિદ્યાલય સારો ફાળો આપી શકશે આ વિષયમાં વિદ્યાલય વધારે કરશે એવી આશા છે

આંતરપ્રાંતીય બહિનાસક્રમ સાથે સેવાવ્રતી દિલ્હીની સ્ત્રીઓની નેશનલ કૌન્સિલનો ૧૯૩૦-૩૨ ના ત્રીજો દિ વાર્ષિક દેવાત અમને મળ્યો છે દિલ્હીની સ્ત્રીઓની ઉન્નતિના હેતુ પ્રમાણે રસ લેવા સાથે આ સભા સ્ત્રીઓને રચનાત્મક રચનાત્મક પ્રશ્નોને પણ ચર્ચે છે અને એ રીતે સ્ત્રી ઉન્નતિની દીશામાં સારો ફાળો આપે છે સભાનું મુખ્ય મથક મુબાઇમાં છે અને અલાહાબાદ, બિહાર, બિહાર અને ઓરીસ્સા, મુંબઇ, નર્મદા, દિલ્હી વગેરેમાં એની શાખાઓ પણ છે એની અધ્યક્ષ કરોબારી સમિતિના ચેરમેન શ્રીમતી તારા બહેન આલ્મેલકાર પ્રેમચંદ છે અને તેઓ આ સંસ્થાનીતેમજ સામાન્યતઃ મહિલાઓની પ્રવૃત્તિમાં અત્યંત રસ લઇ પ્રશંસનીય કાર્ય કરી રહેલા છે. સભાએ જુદા જુદા કામકાજ માટે વિભાગીય સમિતિઓ નીમી દીધેલી છે. કળા અને ઇતિહાસ માટે લત્રની સમિતિ દ્વિમાસિક પત્રિકા માટે છે, મજુર સમિતિ મજુર સ્ત્રીઓ અને બાળકોની હાલતને સમતું કામકાજ કરે છે ધારા સમિતિ મહિલાઓનો ઉન્નતિને લગતા કાયદાના પ્રશ્નોને રજુ કરે છે. આ ઉપરાંત સ્ત્રી કેદીઓની હાલત તપાસનારી સમિતિ મતાધિકાર સમિતિ, એમ જુદી જુદી સમિતિઓ દ્વારા સારું કાર્ય થઇ રહ્યું છે અમે ઇચ્છીએ છીએ કે સંસ્થા સામાન્ય જનતામા પ્રવેશ મેળવી તેમની તેમજ લોકસમૂહની ઉન્નતિના કાર્યમા વિશેષ વેગ પામે.

કુમારી કપિલા ખાંડવાળા

મુંબાઇ યુનિવર્સીટીની બી. એ ની પરીક્ષા મેળવી કુમારી કપિલા બહેન ખાંડવાળા વધુ અભ્યાસ માટે ૧૯૩૦ના મે માસમા અમેરિકા ગયાં હતાં અને ત્યાં બટ્ટી વર્ષ સુધી અભ્યાસ કરી ગોરીજન યુનિવર્સીટીની એમ એ. ની પદવી મેળવી તેઓ ગયા તા ૨૨ ઓગષ્ટે ત્યાંથી પાછાં આવ્યાં છે કુમારી કપિલાબહેનને તેમણે મેળવેલી આ પદવી માટે અમે ગુજરાતની બહેનો તરફથી અભિનંદન આપીએ છીએ. કુમારી કપિલાબહેન શાન્તાકુંજ યુવકસમાજના મંત્રી તરીકે સારું સેવાકાર્ય કરતાં હતાં. તેમ ત્યાં પણ તેમને એવું સેવાકાર્ય કર્યું છે તેમણે ન્યુયોર્ક, બફેલો, હડસન અને ડનકીરામા સમાજસેવા નું કાર્યનો અભ્યાસ કર્યો છે અને હિન્દને લગતી સાચી સ્થિતિ પરદેશમાં ફેલાવવામા પણ સારો ફાળો આપ્યો છે અમે એ બહેનને ફરી અભિનંદન આપી વિનંતિ કરીએ છીએ કે ગુજરાતની બહેનોની નિરક્ષરતા દૂરકરામાં તમારી વિદ્યાનો સદુપયોગ કરી તેમને અંધારામાંથી પ્રકાશમા લાવો

ગ્રાહકોને સૂચના

૧ ' ગુણસુન્દરી " દર અંગ્રેજી મહિનાની ૧લી તારીખે પ્રકટ થાય છે અને ગ્રાહકોને આગલે દિવસે યા તેજ દિવસે પોષ્ટ કરવામાં આવે છે આ કારણે દરેક ગ્રાહકને પોતાની નકલ દર મહિનાની પમી તારીખ સુધીમાં જરૂર મળી જવી જોઇએ, એ પ્રમાણે મળવામાં વિલંબ થાય તો પોષ્ટ ખાતામાં તપાસ કરવા વિનતિ છે જો એ તપાસને અંતે અંકની નકલ ન મળે તો કાર્યાલયને એ સંબંધી ફરિયાદ **તા. ૧૦મી સુધીમાં** લખી જણાવવી તે પછી મળતી ફરિયાદ દૂર કરવાની જવાબદારી વ્યવસ્થાપકને ફિર રહેતી નથી ફરિયાદ કાર્યાલયનેજ કરવી ફરિયાદ દૂર કરવાનો એજન્ટોને હક્ક નથી

૨ ગ્રાહકોએ કાર્યાલય સાથે પત્રવ્યવહાર "વ્યવસ્થાપક "ગુણસુન્દરી" ૧૧૪, ગીરગામ એક રોડ, મુંબાઇ ન ૪ " ને સરનામે કરવો.

૩. એ પત્ર વ્યવહારમાં ગ્રાહકોએ પોતાનાં પૂરાં નામઠામ ઉપરાંત, **પોતાનો ગ્રાહક નંબર જરૂર જણાવવો જોઇએ** દરેક ગ્રાહકનો નંબર રેપર પર નામની પાસે કાળી ભાજુ છાપેલો યા લખેલો હોય છે એ નંબર નહિ જણાયો તો કાર્યાલયને વેળાસર અને સંતોષકારક ઉત્તર મળવામાં યા પત્રમાં કરેલી ફરિયાદ દૂર કરવામા ઢીલ થવાનો સંભવ છે

૪ સરનામું બદલવા ઇચ્છનાર ગ્રાહકે આગલા મહિનાની તા ૨૫ મી સુધીમાં ખબર આપવી જોઇએ, જેથી મોડી મળતી સૂચનાનો અમલ તેજ મહિને નહિ, પણ બીજે મહિને થશે.

૫ નમુનાની નકલ વિના મૂલ્ય નથી મોકલાતી જે અંક નમુના તરીકે જોઇતો હોય તેની કીંમતના પોષ્ટલ સ્ટેમ્પસ મોકલી આપવા.

૬. કોઈ પણ પ્રકારના પત્રવ્યવહારનો જવાબ જોઇતો હોય તો રીપ્લાય કાર્ડ લખવો યા પોસ્ટેજ મોકલવું

વ્યવસ્થાપક "ગુણસુન્દરી" કાર્યાલય, ૧૧૪, ગીરગામ એક રોડ મુંબાઇ, ન ૪

ઇર્ષ્યાની આગ

કપની સરકારના અમલની રોમાંચક નવલકથા

મૂ રૂ. ૧–૦–૦ પોષ્ટેજ : ૦–૨–૬

તૂટેલાં બંધન

કલિંગર રાજોરની સામાજીક નવલકથા

મૂ રૂ ૦–૮–૦ પોષ્ટેજ : ૦–૧–૬

વ્યવસ્થાપક, "ગુણસુન્દરી", ૧૧૪, ગીરગામ એક રોડ, મુંબાઇ, ૪

ગઈ દીપોત્સવીએ નવો અવતાર પામેલું

ઊર્મિ

સ્વપ્ન શિલ્પીઓનું માસિક

તંત્રીઓઃ ઇન્દુલાલ ગાંધી . ચમનલાલ ગાંધી

નવું લેખક મંડળ. સમૃદ્ધ લેખનસામગ્રી વિશિષ્ટ વિચારદર્શનો. એના કાવ્યોમાં જીવનનું ઊંડું ભાન, અભિલાષાનાં સ્વપ્ન અને રસાર્પણનું ગુંજન આવિર્ભાવ પામે છે એની વાર્તાઓ અને નાટિકાઓની ચુટણી હેતુપુર સરની અને દિશાવર્તી હોય છે. એની ગદ્યકળામા કલ્પનાનો સોનેરી તાર ગુંથાએલો ચળકે છે. તાજગીની ચમક અને ભાવની ભીનાશ બધે ભરેલી અનુભવાય છે. 'થેલીમાંથી' પત્રધારાના ઉપયોગી ખંડો, 'ચિંતન'મા અભ્યાસી વિચારોની કડિકાઓ, 'ધ્વનિ'માં સ્વતંત્ર સાહિત્યવાનીઓ ને અન્ય ઉચ્ચકોટિના લેખો વગેરે પીરસવામાં આવે છે વાર્ષિક ચાર રૂપિયાના લવાજમમા ' કુમાર 'ના કદનાં આઠસો પાનાનું નક્કર વાચન. ખાસ અંકો જૂદા.

ઊર્મિ કાર્યાલય, ખોરી ગાર્ડન કુરાંચી

ગુજરાતના માનીતા કવિ ખબરદારનાં કાવ્ય ગ્રંથો.

દર્શનિકા

વનમાં પ્રવેશતા કવિશ્રીએ ગુજરાતને અર્પેલું ૭ હજાર લીટીનું તત્ત્વ દર્શનયુક્ત વિચારપ્રધાન મોટું કાવ્ય પાકું સોનેરી પૂંઠું, ૪૩૨ પાનાં ઉંચા જાડા ફ્રેંચ વેવ્ઝ કાગળ કિંમત રૂા ત્રણ ટ. ખ. આ ૫

ભજનિકા

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના પોણોસો ભજન કાવ્યો.

પાકું સોનેરી પૂંઠું, કિંમત માત્ર રૂપીઓ સવા ટ. ખ. બે આના

ગુણસુંદરી ના ગ્રાહકોને આખો સેટ આઠ રૂપીયામાં

લખો—

કલિકા

શૃંગારરસનું ૩૦૦૦ લીટીનું અપૂર્વ બડ કાવ્ય, જર્મન વિદ્વાનોની અત્યંત પ્રસંશા પામ્યું છે.

૨૫૦થી વધુ પાનાં, ઉંચા ઓ ન્ટીક કાગળ, પાકું પૂંઠું કિંમત માત્ર રૂા બે. ટ ખ. અઢી આના

રાસચંદ્રિકા

ફાર્બસકૃત ગુજરાતીઓને સહજસાધ્ય કંઠસ્થ થાય એવા પચાસ રાસનો સમૂહ

પાકું સોનેરી પૂંઠું, કિંમત સવા રૂપીયો, ટ. ખ. બે આના

"ગુણસુંદરી" કાર્યાલય : ૧૧૪ ગીરગામ બેક રોડ, મુંબાઈ, ૪.

Crown Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત


તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ

PURE ALUMINIUM THE CROWN

એલ્યુમીનીઅમના વાસણો.

પ્રમાણયુક્ત ચોખ્ખા એલ્યુમીનીઅમમાથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે



કેટલાક કલેવાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ ગપગોળા હાકે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે "

પરંતુ

હિંદના મહાન રસાયણ શાસ્ત્રી—

આચાર્ય પ્રફુલ્લચદ્રરાય શુ કહે છે ?


'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયા મારા ઘરમયુ કામમાં હું એલ્યુમીનીયમના વાસણો વાપરૂ છુ રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી ઉલ્ટુ મારી વાત એ છે કે તાંબા પિતળના વાસણો કરતાં આ વાસણો વધુ સલવડ ભર્યા છે

પી સી. રાય

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

હેડ ઑફીસ ૧૧ કલાઈવ સ્ટ્રીટ કલકત્તા.

કારખાનો તથા શાખા
કલકત્તા, મુબાઇ મદ્રાસ રંગુન



સ્વ સૌ. લવંગિકા પ્રિ અહેતા,

બી એ [જુઓ પૃ ૩૩૯

જન્મ :
તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૮૯૬

અવસાન :
તા. ૯ મી ઓક્ટોબર ૧૯૩૦



ગુણસુંદરી અને સ્ત્રીહિતોપદેશ

પુસ્તક ૧૬ મું] જાન્યુઆરી ૧૯૩૩ [અંક ૫ મો

અમૃતસરોવરને કાંઠે

[આખી ભારતની સ્ત્રીશક્તિ સ્વામીની સ્નેહોડમાં વિશ્વસેવાના કોડ વિરાટ વિસ્તારે ઉ ભાવના-મન્થવામાં ભાવને રચી વિશ્વમુક્તિના સેવાધર્મ કાજ અવતરે છે પૂમકેતુને સ્વપ્ને, વિજ્ઞાનો કોર કરી આકાશ ગંગા-સમુદ્ર મન્થન કરવાના તેને આદેશ-આવેશ છે સૂરજ ચંદ્રના દીવા ધરી પાતાલમાં ઉતરી ઊંડા નરકના ઉદ્ધાર કરવાના તેના આગ્રહ છે. પાતાલ અને પૃથ્વીના મોક્ષ વિના આ ભાવનામૂર્તિ પોતાની મુક્તિ પણ ચાહતી નથી]

અમૃતસરને કાંઠે રાજ ! રૂપલા રે ઓરડા,
ઝળહળે ત્યાં અમર હેમના હિંડા.
સૂરજને કડે બાંધ્યો મેરૂ મોનાનો,
ચંદ્રને કડે બાંધ્યો હિમાચળ ગોરો,
અમર વરનો ત્યાં રે સ્વર્ગ હિંડોળો.
અમૃતસરને કાંઠે રાજ ! રૂપલા રે ઓરડા. ૧

સાંચકે સખિ ! ઝૂલતા જાગે રે નવનીત કોડ,
સખિ ! નાથજીની સ્નેહોડમા એ કોડના કાલે છોડ.
સ્વામીજીના સિંચને સખી વૃક્ષ વિશ્વને છાય,
હિમત કરે જ્યાં સ્વામીજી જલધિ જેવે જ સમાય.
અમૃતસરને કાંઠે રાજ ! રૂપલા રે ઓરડા ૨

નાથજી ! ઓ નાથજી ! મારે દિલડે ભર દરિયાવ,
ઘેરાં અનન્તાકાશ છે ગાઢાં ભર્યાં અંધાર.
ઓ તિમિરિયાં ફેડવા ને આપવા આકાશ
કરી વિજળીનો દોર હું ધરિકમું રે ચોપાસઃ
અમૃતસર કાંઠે રાજ ! રૂપલા રે ઓરડા. ૩

અખૂટ ભરિયે પાણીડાં, અખૂટ રત્ન ભંડાર,
શ્રીજી કેરી સ્હોડમાં જમા પોઢે શ્રીભગવાન્.
ધૂમકેતુનો કરી રવૈયો ફેરવું વિજળીને દોર,
અમૃતમય કરૂં વારિધી ને બાહું મથિભડોળઃ
અમૃતસરને કાંઠે રાજ ! રૂપલા રે ઓરડા. ૪

જગને આત્મે નાથજી ! સારૂં સૂરજ સારૂં જ્ઞાન,
ચંદ્રનાં તેજ હૈયે છાંટી આપું અમૃતપાન.
હરીજીની હોઠે બંસરી જગાવું ચેતનરાસ.
ગજું, ગીતા ધર્મની કરૂં, કર્મનોજ પ્રકાશઃ,
અમૃતસર કાંઠે રાજ ! રૂપલા રે ઓરડા. ૫

સૂરજ ચંદ્રના દીપ હાથમાં લઈ ઉતરૂં પાતાલ,
અંધારાં ઉજળાં કરૂં ચેતાવું સૂતા પ્રાણ.
ઉતારૂં ઉંડા નરકમાં નાથ ! સ્વર્ગનાજ વિમાન,
પાતાલ ને પૃથ્વી વિના મારે મોહનનું શું કામ
અમૃતસરને કાંઠે રાજ ! રૂપલો રે ઓરડા. ૬

—મૂલજી દુલભજી વેદ



લેખક : શ્રી દિલ્પુરા અ. દિવાનજી

પ્રેમ તો પારસમણિ છે સ્વાભાવિકતા તેનો આત્મા છે અને સંયમ તેનો તેજસ્વી પ્રકાશ છે તેમાં માતૃપ્રેમ તો અદ્ભુત-અજોડ ચિજ છે જગત તેને વંદન કરતુ આવ્યુ છે અને તેના ઋણ તો ઇતિહાસના પાના પર સુવર્ણાક્ષરે કોતરાયેલાં છે અત્યારસુધી સંસારને ખોળે મહાત્માઓ અને વીરપુરૂષો રમી ગયા છે તેમને માતૃપ્રેમેજ પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. માનવજાતિના કલ્યાણપથ પર માતૃપ્રેમના પુનિત સંસ્કારોના પ્રકાશ પથરાયાં છે અને માતાના અમીભર્યાં નયનોએ તો દુષ્ટ-વંઠી ગયેલા પુત્રો પર પણ વાત્સલ્યના જ આંસુઓ ઢોળાયાં છે

પરંતુ એ ઉન્નત-એ દિવ્ય જણાતો માતૃપ્રેમ વિકૃત સ્વરૂપમાં પ્રગટે છે ત્યારે તે જગતને અવળે પંથે દોરે છે માતૃપ્રેમનુ વિકૃત સ્વરૂપ ખોટાં લાડ છે. બાળકનું ભાવિ એ ખોટાં લાડ ઢોળ કચરાય છે-અને મનુષ્યના દુઃખો તેમાંથી ટપકે છે. માતા અને અત્યારની સમાજ-બંને એથી ભાને કે એ લાડમાં બાળક ખીલે છે પરંતુ એ માન્યતા સમાજનુ અજ્ઞાન દર્શાવે છે. અત્યારે માતાઓ અવળે પંથે વળી છે અને બાળકને ખોટાં લાડ કરવામાંજ માતૃપ્રેમની પરાકાષ્ઠા નિવાણી રહી છે. એ લાડે તો બાળ-દુનિયામાં ત્રાસ વર્તાવ્યો છે અને તેનાં સામ્રાજ્ય તો બાળજીવનના સર્વ અંગોમાં અને બધાયે વિભાગોમા રથપાઇ રહ્યાં છે ખોટા લાડે બાળકના સ્વયવિકાસનો તો ઉચ્છેદ કર્યો છે. પરંતુ તેનાથી એ બાબળ જીવ બાળકમાં અત્યંત અનિષ્ટ સંસ્કારો તેથી જમ્યા છે અત્યારની પ્રજામાં તેજ રહ્યુ નથી અને તેમાં નિર્બાલ્યતાએ ઘર કર્યું છે તેના મારણો ઉકેલવા માંડીયું તો માતાના ખોટા લાડનો આખો પ્રશ્ન આપણી આગળ ખડો થઇ રહેશે. માતૃપ્રેમના ખોટા ખ્યાલથી દોરાઇ માતાઓ બાળકને લડાવે છે અને તેમને સ્વચ્છન્દી બનાવી દે છે સ્વાતંત્ર્યની બારાખડીનું પણ જેને ભાન નથી અને સ્વયવિકાસના તત્વજ્ઞાનના પડછાયા પણ જેણે નથી લેવા એવી માતાઓ બાળકને ખોટા પ્રકારની છૂટ આપી તેમાં અવિનય અને ઢંગના અનિષ્ટ સંસ્કારો ભરી દે છે એ લાડકવાયા બાળકોમાં પછી ખોટાં અભિમાન જન્મે છે અને ભાવિ જીવનમાં માતાની પ્રેમાળ છૂટ અલોપ થતાં તે બિચારા સંસારના પથપરના કંટકો નિરાધાર થઇ અથડાય છે, કુટાય છે, અકળાય છે અને રડે છે.

માતાના ખોટા લાડના પ્રકાર અનેક છે તેના સ્વરૂપ વિધવિધ છે. પ્રજ્ઞાના પુનિત ધામમાંથી ઉતરી આવેલું બાળક સ્વાદને સમજતુ નથી અને માતાનો નૈસર્ગિક દુધમાં

જ તેના સર્વ સ્વાદો સમાપ્ત થાય છે. પરંતુ માતાને જીભનો ચટાકો થાય છે. બાળક વિના તેના સ્વાદ કેમ લેવાય ? એટલે બાળકની નિર્દોષ જીભ જગતના સ્વાદથી ભ્રષ્ટ થવાની શરૂઆત કરે છે. " ચાલ ચા પાર્ક એકાદ પીપરમીટ ખવડાવી એમાં શું થયું " બસ એમાંજ માતૃસ્નેહ ઠલવાય છે. એ લાડકો બાળક બગડે છે માતા હસે છે બાળકને ચરદી થઇ છે. તેલ, મરચું ખાટું ગળ્યું તેના આરોગ્ય માટે નિરૂપયોગી છે. બાતમાં જમણ હોય છે. હોંસીલી માતા બાળકને લઇ ત્યાં જાય છે મીઠાઇ ભર્જ્યા પત્રાવલીમાં પીરસાય છે. પોતાનો લાડકો બાળક રહી જાય એ વિચાર જાગે છે. ઉધરસથી રાત્રે હેરાન થતાં બાળકના મોમાં મીઠાઇનો એકાદ કટકો અને એકાદ ભજીયું સરકાવી દેવાય છે માતાની તો લાડ કરવાની હોંસ તૃપ્ત થાય છે. પરંતુ બાળકના તો આરોગ્ય લથડતા જાય છે તેના વર્તનમાં હઠના સામ્રાજ્ય છવાતાં જાય છે.

અન્નમાં ઉતરેલા ખોટા લાડ વસ્ત્રમાં પણ એજ દશાએ પહોંચે છે. અંતરનાં સૌન્દર્ય ઓસરતાં જાય છે એટલે અત્યારની પ્રજાને બહિર વૈભવના મોહ વધતા જાય છે માતા તો વિવિધ જાતની સુશોભિત સાડીઓમા તેમજ ભાતભાતનાં અલંકારોમાં રાચતી સમાજમાં ફોસે છે. બાહ્ય રૂપના જ્ઞાન વિનાનું બાળક સાથીયો સાથે કલ્લોલ કરતું ગેલ કરતું હોય છે. ત્યાં માતાનો હુકમ જાગે છે. " અચ્ચુ ! ચલ તારી રમતો મૂકી દે. બગર નથી આજે તો બોસાળ જવાનું છે અને જન્મદિવસે અંબાજીને પગે લાગવાનું છે ! " બાળકને સાથીઓ સાથેની રમત મૂકની તો ગમતી નથી પરંતુ નવિન પોષાકના આકર્ષણ વિજયી નીવડે છે બાળક બિચારૂ બહુ સમજતું નથી છતાં તેના પર ઉનાળાના બરા તાપમાં મખમલના લાડા કાળા મુંડી લદાય છે અને કુદરતના બોળામાં છૂટથી હરતા ફરતા પગો પર મોજા અને બુટો જકડાય છે. લાડકવાયા બાળક કોકા ઠેકારી માતાની સાથે બોમાળ સિધાવે છે. મારી મામીના ભાણેજ પ્રતિના પ્રશ્ન સાવાકયો સુણતા હોંસીલી માતાના હૈયામાં કંઈ કંઈ સતોષ પથરાય છે માતૃપ્રેમ પોશાકના લાડમાં પ્રકાશ્યો અને બાળકના ભાવિજીવનના અંદાજપત્રોમાં વૈભવી પોશાકને પ્રધાન સ્થાન મળી ગયું

સુંવાળી પથારી અને સુશોભિત મચ્છરદાનીના મોહ બાળકમાં હજી નથી જાગ્યા. તેતો મેદાનની કઠણ જમીન પર ગેલો કરતું કુદતુ ફરે છે અને રાત્રે થાકીને વાતો કરતું ઓરડામા ગમે ત્યાં ઉઘી જાય છે. પરંતુ માતાનાં પ્રેમાળ (?) હૃદયને એ ખૂંચે છે– નોકરને હુકમ થાય છે અને વૈભવી–મચ્છરદાનીવાળા કોચ પર બાળકને સુવાડવામાં આવે છે શ્રમથી થાકેલા શરીર પર નિંદ્રાદેવીના સુકોમળ હસ્તો પ્રસરેલા છે એટલે બાળકને મચ્છરની બ્રીક નથી અને સુવાળી પથારીની પણ દરકાર નથી. પરંતુ હોંસીલી માતાના લાડ અધુરા રહે એટલે કઠણ જીવનમાં મઝા જ્હાણતા બાળકને વૈભવી જીવનના નિર્માલ્ય પરિધાન ઓઢવાં પડે છે. બાળકમાં મચ્છરદાનીના આકર્ષણ જાગે છે અને સુંવાળી પથારી વિના તેને ચ્યતુ નથી. માતાના ખોટા લાડમાં બાળકના ભાવિ જીવનમાં–પ્રજાસેવકના તેજસ્વી પ્રકરણનો લોપ થઇ જાય છે.

બાળક મોટુ થાય છે. એને ઘાળામાં મૂકવામાં આવે છે રખેને બાળકને કોઇ હેરાન કરે એટલે માતા બાટીને હુકમ કરે છે અને દરરોજ બાળકને ઘાળામાં મૂકવા બાટી જાય છે. બાળકમાં તેનું દફતર પકડવાની શક્તિ છે. પરંતુ રખેને એની કોમલ કાયા કરમાઇ જાય એટલે બાટીને દફતર

સોપાય છે. બાળકને કંઈ પ્રથમ ઇચ્છા ન હતી કે ધાટી દફતર ઝાલે પરંતુ માતાના લાડે એને પરાશ્રયી બનાવ્યો એટલે બાળકની ચામડી સુવાળી થઈ પડી બ્રત-મહેનત અને સ્વાશ્રય પર ખોટા લાડના આવરણ ફરી વળ્યા. બાળક, બાળક મટી શેઠ બની ગયો માતાની તો હોંસ તૃપ્ત થઈ, પરંતુ બાલકની યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થાના તો ઢાંકણાં ભાંગી ગયા–સ્વાશ્રયી વૃત્તિને કચરી નાખનાર એજ ખોટા લાડ બાલકના ગૃહ જીવનમાં પણ સર્વે ઠેકાણે ત્રાસ વર્તાવી દે છે. બાલકના કપડાં ધોવાના અને બાલકની પથારી પાથરવાના લાડ તો સામાન્ય કહેવાય પરંતુ બાલકને ઘાટ પહેરાવવું, તેને મોજા બુટ પહેરાવવા, તેનું દફતર તૈયાર કરવું તેના સ્નાનની બધી તૈયારી કરવી, ઇત્યાદિ નાની નાની બાબતમાં પણ માતા બાલકની ખોટી કાયાની ચોકીદાર બને છે અને ધાટી તેનો વરાદાર સેવક બને છે પરંતુ માતાને કર્યા બાદ છે કે એ ખોટા લાડની દુઃખમાંથી તેમ જ અતિશય કાળજીપૂર્વક જળવાયેલી બાલકની ખોટી કાયામાંથી પુરુષાર્થ નાસી જાય છે અને યુવાવસ્થામાં માયકાંગલાની પદવી તે મેળવી લે છે

વર્ષા ઋતુમાં બાલકને તો ખુબ આનંદ થાય છે અને છત્રી સાથે આવતાં તેના કપડાં ભીના થાય તો તેને તે હોંશથી વધારી લે છે બાલકની એ રેવ એના શરીરને બહુલક બનાવે છે અને મુશ્કેલીઓમાંથી પણ મઝા ખેંચી લેવાની ઉત્સાહી વૃત્તિ તેનામાં બીસે છે. પરંતુ બાલ્યાવસ્થામાં અતિ કાળજીથી ખોટી કાયાનું સ્નાન થયું હતું એટલે પિતાને વર્ષાઋતુ ડગલા વિના ચાલતુ નથી એટલે પિતા ખોટી કાયા વાળા બન્યા તો બાળક રહી જાય ? તરતજ માતાનો હુકમ થાય છે પિતાની સંમતિ મળી જાય છે અને બાળકના બહુલક બનતા શરીર પર એ ડગલો નખાય છે વર્ષોદમાં ભિજવવાની મઝા તો ચાલી જાય છે, ડગલાની સાથે નિર્બાધિતાના પણ આવરણું બાળક પર વીંટળાતાં જાય છે. તેજ પ્રમાણે કસોટા સુધી તબકામાં રમનાર બાળકને સૂર્ય પ્રકાશના કિરણો બાકરાં નથી લાગતા પરંતુ રખેને બાળક માંદો પડી જાય, રખેને લુ લાગે એટલે તેના પર છત્રીની પરાધીનતા લદાય છે. બહુલક શરીરનો બાળક મુબલો થતો જાય છે અને સ્વેજ વિશેષ ઠંડીથી અથવા કંઈક વિશેષ તાપથી તેને બાંહેધરીની પથારી સેવવી પડે છે એવા માયકાંગલા શરીરને પછી યુવાવસ્થામાં જીવનનો પરવાનો લેવા દરોજ દાક્તરને દ્વારે જવું પડે એમાં શી નવાઈ ? માતા પિતા તો તેમના લાડથી તૃપ્ત થાય છે પરંતુ બાળકનું તો જીવન કથળી જાય છે.

પરંતુ બાળકના પરિસ્થિત જીવનમાં તો માતાના લાડ અને તેની હોંસનાં બીષણ પરિણામો સોએ કળામા પ્રકારથી છેક

માતા

સુગમ સિદ્ધિ વરદાયક દ્વાર
ઉગમ સ્નેહ સરિતાની ધાર.

દયા–ધામ વાત્સલ્ય વિતાન
નિરાભિમાન સમતાનું સ્થાન.

મૃદુતર મધુર સુમંગલ સૂર
સૌમ્ય સુધા સાગરનું ઉર.

હિમગિરિ ગુહા સદૃશ ગભીર
ધન્ય ધરિત્રી-તલ સમધીર.

ભગવત્ રામચન્દ્ર ભટ્ટ

હિન્દુ સમાજ અત્યારે અનેક દુષ્ટ પ્રથાઓ ફોરી રહી છે અને તેના ત્રાસ ડાયરશાહીને પણ ફોરે મૂકી દે છે એ દુષ્ટ પ્રથાઓ અને જંગલી સંસ્કારોમાં પુત્રલગ્ન અને પૌત્ર લાલસાએ તો કેર વર્તાવ્યો છે. માતા બાળ લગ્નના લાવા લાઈ બાળમાતા તરીકે ૨૮ વર્ષની કુમળી વયે બબ્બે ત્રણ ત્રણ બાળકોથી રાચતી હોય એટલે સ્વાભાવિક રીતે પોતાના બાળકોના લગ્ન કરવા તે ઉતાવળ કરે છે છોકરો તો હજી શાળામાં અભ્યાસ કરે છે ત્યાં તેના વિવાહ થઇ જાય છે અને સ્નાતક થતા સુધીમાં તો તેની સપ્તપદીઓ ગવાઇ ચૂકી હોય છે એટલુંજ નહિ પણ તેના અભ્યાસ મંદિરમાં પુસ્તકોના કબાટ પાસેજ તેના નવા બાળકનું પારણું પડયું હોય છે. બિચારો એક હાથે પુસ્તકમાં માથું મારી પરીક્ષાની તૈયારી કરે છે અને બીજે હાથે રડતાં બાળકનું પારણું હિચે છે. આ દૃશ્ય હોસીલી માતાને તો બહુ પ્રિય થઇ પડે છે, તેના કોડ તો પુરાય છે-પરંતુ એ ખોટા લાડથી તો પેલા બાલક-પિતાનું જીવન સાવ લૂંટાઇ જાય છે-પુત્રલગ્ન તથા પૌત્રલાલસાની ભલિન જ્વાળાઓમાં તેનું બ્રહ્મચર્ય તો બળીને ખાખ થઇ જાય છે. હિંદુ સંસારમાંથી પુરૂષાર્થ અને શૂરવીરતા ચાલ્યાં ગયા છે-યુવાનોમાં પૂર્વના વહો જેટલું પણ બળ નથી રહ્યું અને તેમના માવકાકલા જેવા શરીર ૩૦ વર્ષ પૂરાં કરતાં પહેલા તો પાછળ અનાથ વિધવા અને બાળકોને મૂકી સ્મશાનમાં સૂઇ જાય છે. આ પ્રશ્ન અત્યારે સર્વ સુધારકોને મુંઝવી રહ્યો છે અને એકદમ અખાડાઓ પરજ તેમનું ધ્યાન જાય છે. પરંતુ વ્યાધિના મૂળ તો માતાના ખોટા લાડમાં પડયા છે એટલે અખાડાઓ તો બાહ્ય ઉપચાર તરીકેજ કામ લાગે છે બાળકના પારણામાંથીજ જ્યાં બ્રહ્મચર્યના અગ્નિસંસ્કાર શરૂ થાય છે ત્યાં યુવાવસ્થા અને કિશોરાવસ્થાના અખાડા ખૂની ગયેલું વીર્ય કયાંથી પુનઃ પ્રાપ્ત કરી શકવાના હતા ? અત્યારે તો માતાનો સ્નેહ બાળક બ્રહ્મચારીના દિવ્ય પ્રકાશમા નથી ઝગઝળતો તે તો બાળક-પિતાના બાળસંસારમાંજ ખોટા લાડ રૂપે અવતરે છે. એ બાળક પિતાની નિર્માલ્ય સ્થિતિથી અને એ બાળ-સંસારની નિરાધાર સ્થિતિથી અત્યારે હિન્દુસમાજ કકળી ઉઠયો છે અને માતાના એ ખોટા લાડમાંથી તો ધવાતી-કચરાતી હિન્દુસમાજની લોહી ટપકે છે. આથીજ એમના આરોગ્ય પરના પુસ્તકમાં મહાત્મા ગાંધીને લખવું પડે છે કે:—

"તેમનાં છોકરાંને બચપણથી જ વિવાહ કે સગાઇ કરી તેઓ (માતાઓ) વેચી આવે છે, તેથી તેઓ ઘાતકી અને છે: તેમાં પોતાનાં બચ્ચાંનો સ્વાર્થ તપાસવાને બદલે પોતાનો અધ સ્વાર્થ તપાસે છે પોતાને મોટાં થવું છે, પોતાની જ્ઞાતજ્ઞાતમાં નામ મેળવવું છે, છોકરાંનો વિવાહ કરી તમાશો જોવો છે. આ જમાનામાં બાળક છોકરાંને પરણાવી ઘરસંસારી ખટપટની જવાબદારીમાં મૂકી દેવાં, એથી તેઓનું બીજું કયું મોટું અહિત હોઇ શકે ? "

આવી રીતે માતાના ખોટા લાડના ઇતિહાસ છોલવા બેસીએ છીએ ત્યાં તો અત્યારની પ્રજાની અધોગતિના બીજ કોક કોકાણે દૃષ્ટિગોચર થાય છે.

જગત્ જેને વંદન કરતું આવ્યું છે એ માતૃસ્નેહની વિકૃતિમાંથી અત્યારે સમાજનું દુર્ગંધ પાકે છે અને જગતની પાલક માતા અત્યારે જગતને ક્ષીણ બનાવી રહી છે. માતૃસ્નેહ અત્યારે સંયમની વાડો ઓળંગી ખોટાં લાડના વિનાશકારક ખાડામાં કૂદી પડયો છે અને તેથી જ એ ખોટા લાડ આજે જગતને અધોગતિની ઉંડી ખાઇઓમાં હેરી જાય છે.

વીરા ! પોઢ વીતે છે રાત

[પ્રસન્ન ક્ષિયમંથી પ્રેરાઈ બૂંદે માતા પોતાના બે બાળકોને પતિને સોંપી દેવલ ગમા ગયાને બે ચાર વર્ષ બાદ બહેન ભાઈને સુવાડતાં ગાય છે]

(હાલરડું)

વાયે ભીડી અનિલની હલેરડી, વીરા ! પોઢ વીતે છે રાત,
હેલે હેલે ઝરે છે ભીઠડો, વીરા ! માડીનો હલકાર.

મદભર ડગલે સૂર ઝવે ને પાયરે પ્રેમ પિછોડ,
હુંકારો એ કંબલ-કુસુમનો ઓઢી વીરા પોઢ,
વીતે રાતડી વીરા પોઢ.

કૂળા શીળાં બોલ રસિકડા, ગુંજે 'હાલો-હોલ',
નિંદભરી એ દીવ્ય પરિમલે ભીંજી વીરા પોઢ;
વીતે રાતડી વીરા પોઢ

સુધા સિન્ધમા કમળો કરતા ચાલી ચોજન ચાર,
અમૃત કેરા ઘોધ વર્ષાવે, પીને વીરા પોઢ,
વીતે રાતડી વીરા પોઢ

પોઢયો 'તો નિજ હોલક પ્યારો, ચૂમ્યા ગાલ ગુલાબ,
હૃદયે ચાંપી દીલ બચુકડું, 'વીરની લે જે બાળ'
કહી ચાલી ઝટપે ચાલ.

કેસરસાળુ સોહી અંગે, કહેતી જતી કયા માતા !
'હાક વાગી રે માવડીની ચાલુ સહુ તે વાટ'
માડી લોપ થઇ તે વાર.

ચાર ચોજન પર દીલો ચળકે, માડીનો ત્યા વાસ,
જડભર ભીતિ કેરી પસરે, સ્નેહ રંગ્યો સુવાસ,
સુવે ગોદ મધુરી માત.

રોજે રોજે બાપુ કહે કે આવે માડી આજ,
હોક કહે કે *માત-માડીની થાશે પૂર્ણ આશાદ;
ત્યારે જોદે લેશે માત.

વાયે ભીડી અનિલની હલેરડી, વીરા ! પોઢ વીતે છે રાત.

ઝવેરાકર મણિરામ ભટ્ટ

* માત-માડીની=દિવ્ય માતા



પતિપત્ની



લેખક :
શ્રી. અંબાલાલ નૂ. શાહ

" પાશ્ચાત્ય અનુકરણના વિરોધીઓને આ ઇંગ્લિશ ' બૉલ ' ના દર્શન કરાવવાથી જીવનની ઉત્તમ ઘડીઓ કેવી રીતે માણી શકાય છે, એનો પદાર્થપાઠ આપી શકાશે, એમ તને નથી લાગતું ઉર્મિલા ? " સિગરેટના ધૂમાડા કઢાડતાં આરામ ખુરશીમાં ટટ્ટેલતા મધુકરે મધુર વાણી છોડી.

" શા માટે નહિ ! પરંતુ ' જીવનની ઉત્તમ ઘડીઓ ' કોને કહેવાય, એ નક્કી થવું ઘટે ખરું ? " પોતાના પતિને ઓછા નાખુશ કરવાના સ્વભાવવાળી ઉર્મિલા બોલી

" એમાં તે વળી નક્કી શું કરવાનું છે ? અને મારા કથનમાં જાણે તને શંકા હોય એવું વાકય ? હૃદયની ઉર્મિઓને સ્વાભાવિક ગતિએ મહાલવા દેવી, એ શું કુદરતનો નિત્યક્રમ નથી ? એને રોકવી, એટલે નૈસર્ગિક ગતિને ચૂંથળાવવીઃ એટલે જ પાપ અને આપણા હિન્દુશાસ્ત્રમાં પણ પાપ કરવાની તો મના કરવામાં આવી છે, એ માટે તુ ઇકાર આપરી જ ! "

" આટલી બધી વાતો સમજવાની મારી શક્તિ કયારે છે ? તમને નહિ દુભવવા હું તમારી સાથે એ નાચ નિહાળવા આવી, ત્યાં શોભે એવો મને ક્રમને પણ નાટકીય સ્વાંગ સજ્યો, મને ગમે છે એનો પણ સ્વીકાર કર્યો; પરંતુ હવે હું તમારી કલ્પાંતરી છું, એમ સિદ્ધ કરવાને માટે શાસ્ત્રીય ઢબનાં પણ માગશો ? " ઉર્મિલાએ આજે પહેલીવાર હૃદયના વેગને સ્થાન આપ્યું લાગતું હતું.

" ત્યારે મારે એમ સમજવું કે તને અગ્નિજ નાયરજથી અણગમો ઉત્પન્ન થયો છે ? "

" હા—એક રીતે ગણી શકાય તોઃ મેં આ પુરુષોને ત્યાં જે છૂટથી હળતાં ભળતાં જોયાં છે—જમે તે સ્વચ્છંદાચાર આદરી શકે છે, એ બધા પછી મારામાં જો કોઇ નૂતન ફેરફાર થયો લાગતો હોય તો આજની મારી બોલવાની રીત આ અણગમાનું કારણ માની શકાય. "

" પણ એમાં અણગમાને કારણ કેવી રીતે ગણી શકે છે, એ મારી સમજ બહારની વાત છે ! "

" તે કહું. મને લાગે છે કે એક વખત પશ્ચિમના રંગે રંગાઇ જવા પછી, આપણે આપણું પોતાનું આખું ઘરજ ભૂલી જઇએ છીએ. નવરાત્રિનાં કલાયુકત ગરબા, ગરબી અને રાસોની મનોરંજક મજા આગળ તમે આ તમારા ' બૉલ'ને શી રીતે સરખાવી શકશો, એ મારી સમજ બહારની વાત છે ! " આ શબ્દો માથેજ ઉર્મિલા કંઇક અસ્મિતા પૂર્વક ઉંચી ડોક કરી મધુકર સામે નિહાળી રહી.

મધુકર તેની સામે મીટ માંડી જરાક હસ્યો અને બોલ્યો—" કુવાનું દેડકું બહા-

અસ્પૃશ્યતા નિવારણ દિન



ગઇ તા. ૧૮ મીએ અખિલ હિન્દમાં અસ્પૃશ્યતા નિવારણ દિન ઉજવાયો હતો મુંબાઇમાં એ દિને વનિતા વિશ્રામના ચોગાનમાં હરિજન બાલકો અને ઉજળીયાત વર્ગનાં બાળકોનું સ્નેહસમેલન ભરાયું હતું.
એ સમેલનનાં કેટલાક કાર્યકર બહેનો ડાબી બાજુથી ત્રીજા શ્રીમતી અન્નપૂર્ણાબાઇ દેશમુખ અને
ચોથા શ્રીમતી લેડી કૃષ્ણાગૌરી મેતલવડ છે



હરિજન બાળો અને ઉજળીયાત વર્ગની બહેનોનું પરસ્પર મિલનઃ
આમાં શ્રી. હસાબહેન મહેતા પણ છે



ઉજળીયાત વર્ગનાં બાલકો હરિજન બાલકો
માથે રમે છે

રની દુનિયાને નથી જ જાણતુ, એનો મારો અનુભવ આજે તુ આપે છે, એ માટે ઉપકાર ! બી પુરૂષનાં યુગ્મો મલપતાં મલપતાં બાથેબાથ ભીડી જે સૌન્દર્યની જમાવટ કરે છે, તે પ્રેમાર્દ્રતા આ તમારી નવરાત્રિની રમણીઓ જમાવી શકવાની છે ખરી ! "

" પ્રેમાર્દ્રતા ! શબ્દોની રમત રમી તેની કિમ્મત આપણે ઘટાડી નાખી છે. પ્રેમ એટલે ઈશ્વર, પૂનિત વસ્તુને એ મોહ સામે મૂકવાની હિંમત ન કરીએ તો સારૂ ! "

"મોહ ! તને ડાંગીના પહેરવાનો શોખ છે, તે ત્યારે શુ મોહ નથી ! " મધુકરે તેને મહાત કરવાના આશયથી વચમાં એક જુદી જ વસ્તુ મૂકી. હમિંલાને આ સુરમ્ય ડાંગીનાનો શોખ સાચ જેવો હતો અને એ માટે તે બળીચાર હા પણ કરતી.

" હું કબૂલ કરૂં છુ કે ડાંગીના પહેરવાનો અને તેને સભરવાનો મને મોહ છે: પણ એમાં મોટો આદર્શ તો એ રીતે આવિર્ભાવ નિરંતર મેળવવાનો છે. આજે હુ બપોરે દિવસે રપષ્ટ કહી દઉં કે તમારી હાલત પ્રતિએ , મને મારો એ મોહ જરૂરી જણાયો. સાથે શણગાર સજવાની નારી પ્રકૃતિ પણ તમ થતી હતી "

" ઓહ્ તારીની ! " મધુકરે હસતાં હસતાં આગળ ચલાવ્યું " પણ જોયો થતી બાજર બાધ અને વળી ૧૦૦ ના ૬૦ થાય છે, તેનો કંઈ વિચાર કર્યો ખરો ! બીની બુદ્ધિ પાનીએ, તે ખરે માચું જ છે ! "

" તેની કયાં ના છે ! આ વિલાસની વિલાસમાં ૧૦૦ ના શૂન્ય થાય છે, તેના કરતાં એ ખોટા તો નથી ને ! જુઓ મારા નાથ ! તમે મને બોલાવી અને કું બોલી, બાકી મારો ધર્મ તો તમને સર્વતઃ સાનુકૂળ રહેવાનો છે ! " હમિંલાએ જણયું કે કદાચ હવે મધુકર ક્રોધ કરે, એટલે ટૂંકવવાનો માર્ગ લીધો.

આજ અવસરે હમિંલાનો ભાઈ અરવિંદ આવી લાગ્યો. અને અરવિંદ આવી લાગ્યો. નમા સુધારાવાળ્યુ હતા એટલે કોટ સ કોચ નહોતો. મધુકરે તુરત જ આવકાર આપી કહ્યું:

" આવો અરવિંદભાઈ, કીક વખતપર આવી લાગ્યા છો ! તમારી બહેન વિલાવતીની વિરોધિની છે અને જણાવે છે કે આ

બતાવો કોઈ

બતાવો કોઈ બ્રહ્મમની જે કમ કેરી રીત
મીઠી મધુરી મોરલી જ્યાં રસિકવરે ઉઠત
બતાવો કોઈ બ્રહ્મમની જે કંઈ કેરી રીત.

સ્નેહની સુવાસ ભરીઃ પ્રેમના પરિમલ ભરીઃ
મોરલીએ મહને આંકી તેવી.
બતાવો કોઈ બ્રહ્મમની જે કંઈ કેરી રીત

અન્તરના કારોબાર એઃ આત્મના સુકોલ જે '
મુજવચને આવી અહીં રોકી,
બતાવો કોઈ બ્રહ્મમની જે કમ કેરી રીત.

દેહનો આતમરામ મીઠો જે વિશ્રામ.
આવી અવરાને દુ ઓલી,
બતાવો કોઈ બ્રહ્મમની જે કમ કેરી રીત

સ્નેહની જે રીવિાઢ છવન વળી જોતિનાઃ
રોકો ના કોઈ જે રોકે,
બતાવો કોઈ બ્રહ્મમની જે કંઈ કેરી રીત

બતાવો કોઈ બ્રહ્મમની જે કમ કોઈ કોઈઃ
મીઠી મધુરી મોરલી જ્યાં રસિકવરે ઉઠી

રમણીક જીવનલાલ ત્રહેતા

'લૉલ,' નવરાત્રિના ગરબા આગળ કંઈ વિસાતમાં નથી!"

ઉર્મિલા એ અણગમતા વિષયને આગળ ચલવા નહિ દેવાના ઇરાદાથી ફરી વચમાં જ બોલી—

"હવે અમારી એ ચર્ચાનો અંત આવી ગયો છે; કારણકે હવે આ પીવાનો સમય થયો છે, એટલે ચા આવે ત્યાં લગી અમે તમારી પાસેથી કંઈક સાંભળવા માગીએ છીએ! બોલો, આજના જાણવા જેવા નવીન સમાચાર શા લાવ્યા છો?"

અરવિંદે એક ખુરશી પર બેસતા ઉત્સાહપૂર્વક ચલાવ્યું:—"નવીન સમાચાર જેવું એટલા છે! ભી મધુકર, તમે તો છાપાં વાંચતા હોવા જોઇએ! મહાત્માજી સત્યાગ્રહના પ્રબળ પ્રવાહને સતત પ્રવાહિત કરવા માટે જીવો આજલગી અલગ હતી, તેમને પણ પિકેટિંગના કામ ઉપર રોકે છે. આ સ્ત્રીશક્તિનો ચમત્કાર ભૂતકાળમાં વાંચ્યો છે; આજે હવે જોવાનું રહે છે કે એ સ્ત્રીશક્તિમાં કેટલું કૌવત હયાત છે! ઉર્મિલાબહેન, આ પ્રસંગને તમારે વધાવવો ઘટે છે!"

ઉર્મિલા જવાબ આપે તે પહેલાં જ મધુકરે ઉમેર્યું, "ભી ગાંધી ગાંડા થયા લાગે છે. જે સ્ત્રીઓ ઘરની બહાર નીકળી શક્તી નથી, જેઓ 'અબળા' નામને સાર્થક કરતી હોય તેમ પુરુષ જાતિથી ગભરાય જાય છે, તેઓ જ્યાં સારા નરસા સૌ માણસો આવે ત્યાં ઉભી રહી પિકેટિંગ કરશે, એ વિચાર તમને કેમ આવે છે? અને દારૂની દુકાને પિકેટિંગ કરવામાં જ્યાં ગુંડાઓનો સાથે જ સેવાદેવા રહી, ત્યાં બીજાને મોકલવી એ સાહસભર્યું નથી?"

"હશે!" હસતાં હસતાં અરવિંદ બોલ્યો—"પુરુષો સ્ત્રીઓનો કેટલો બોજો ઝીલશે! અને સ્ત્રીઓની મર્યાદાના ખ્યાલો રાખીને પુરુષો આખુ જગત ઘૂમવા જાય છે,—તેઓ પોતાનું રક્ષણ કેટલું કરી શકે છે, એનો કોઈ વિચાર કરશે ખરા કે? હવે સ્ત્રીઓ બહારની દુનિયામાં ભાગે જાય અને તેનામાં જે જાતનું કૌવત તેમનામાં નહિ જ હોય તો એવી સંગ્રહસ્થાનને યોગ્ય સ્ત્રીઓના પતિ હોવામાં તમને પોતાને પણ શું ગૌરવ છે?"

"ગૌરવ છે કે નહિ તેનો મેં આજ લગી વિચાર કર્યો નથી; પરંતુ અમારે પુરુષોએ સ્ત્રીઓને જે કસોટીએ મૂકવી કે નહિ, એ પણ જરૂરી છે ને?" મધુકર તીક્ષ્ણ આંખે જોઇ રહ્યો.

"સાથે એમ પણ ઉમેરી લ્યો કે અમને અમારી હમણાંજ મળેલી મામલતદારી પણ સાચવી રાખવાની છે!" ઉર્મિલા બોલી.

"એ પણ એટલું જ સાચું છે!" મધુકર રાજી થયો.

"અરે મધુકર, તમારી વિદ્યાર્થી અવસ્થાની ધગશ ક્યાં ગઇ? તમારી સેવાભાવના માટેની ચિવટ આજે ક્યાં છૂપાઇ રહી છે? આજે દરરાજદેવી સ્ત્રીઓનો જોર આવે છે, અને બાપુજીએ દેશને નવચેતનભરી હાકલ કરી અમૃતસિંચન કર્યું છે, તે જોતાં સૌએ સૌનો યોગ્ય ફાળો આપવો ઘટે!"

"અરવિંદભાઇ, તમે તો ખૂબ ખૂબ ગંભીર બની ગયા લાગો છો! જોઉં છું કે તમે બધા સત્યાગ્રહમાં શું ઉકાળો છો!" વ્યંગમાં મધુકરે કહી દીધું

"અમારે ઉકાળવાનું છે જેમ? અને છતાં તમે દર ઉભા ઉભા જોઇ રહેશો ખરા?"

"નહિ, બિલકુલ નહિ; અમે સરકારી

અમલદારો તમારા સત્યાગ્રહને દબાવી દેવા તમારી સાથેજ કામ કરીયું ને !" એમ બોલી મધુકર ખડખડાટ હસવા લાગ્યો.

"મરકારી અન્નથી તમારી મતિ પણ ઠીક ભ્રષ્ટ થઇ લાગે છે. પણ મને ખાતરી છે કે એક દિવસ તમારેજ સત્યાગ્રહને ધપા વવા બોબારે રહી કામ કરવું પડશે !"

"એમ ?"

અત્યાર લગી ચૂપ રહી સવાદને સાંભળી રહેલી ઉર્મિલા બોલી—"સત્યાગ્રહ માટે એમને માન છે; પરતુ મનેકો વિચારી વર્તવુ પડે છે અને વર્તવુ જોઇએ ! જમૂસી બાતું એટલી તપાસ રાખે છે કે અમે સત્યાગ્રહમાં કેમીની સહાય ન આપી શકીએ. છતાં કિતી તરીકે અમે જુદા નથી જ. આ વાત મારી નથી. એક વખતે એમણે જ સરસ પ્રસંગે કહેલી આ વાત છે અમારી આ નોકરી હજી 'પાણીરામાં પૂણી' જેવી. જીવનનિર્વાહનો સવાલ વિચારી નિર્વાહનાં સાધનો માટે પરતાવાનો પ્રસગ આવે છે ત્યારે સહજ, આજ, તમે પોતે પણ નહિ આવો !"

પણ આ વાત ઝાઝુ જાપ તે પહેલાં જ રામાએ પ્રવેશ કર્યો અને દીવાલ પર લટકતા જતુ ચિત્ર જોવા. મધુકરના હાથમાં એક સરકારી બંધ કાગળ આપ્યો.

૨

આજની કાલે અમિપુરમા ગાંધીજી પધારવાના હતા. તે પ્રસગનો તેનો બીજો રિપોર્ટ મોકલાવી આપવા સબંધીના Confidential કાગળો હતા.

અરવિદ એ પ્રસગે હાજર રહેવાનો હતો જ. સત્યાગ્રહની ઝાલાવાડો એ ઠીક ઠીક રસ લેતો હતો અને આજ સુધીના પ્રસંગોમાં તેનો તેમાં ખૂબ ખૂબ રસ અને ઉત્સાહ હોઇ બરાબર વફાદાર રહ્યો હતો. સરકારની રીતિનીતિને તે એવા સચોટ સ્વરૂપમાં જનતા આગળ મૂકી દેતો હતો કે તે પ્રજાપ્રિય બની ગયો હતો.

એટલે ગાંધીજીના આગમન કાળે એ ભલે કાંઇ ન બોલે; છતાં પણ મેદનીને પહોંચી વળવા માટે એની અનિવાર્ય જરૂર સ્વીકારાય અને એ પ્રસગે સરકારની ગાદલણી સખ્ત શબ્દોમાં કાઢવાનું કામ એનું જ સોપાયું હતું. એના સબધનો રિપોર્ટ પણ મધુકરને મોકલવો જોઇએ

કારણ બલવતી મિત્રતા કે સત્યાગ્રહને સબંધ ન હોઇ શકે અને સરકારનું લૂણ ખાધા પછી સરકારના રાજ્યના વિકાસને યોગ્ય સર્વ ભાર એના પર છે, એમ મધુકરે સ્વીકારી લીધું હતુ.

છેવટે અમિપુરમાં જનારાવરના માનપત્રસમુદાય આગળ ગાંધીજીએ કૂકે પણ ધર્મદર્શી ભાષણ આપ્યું બીજાને માટે કાર્યક્ષેત્ર ખુલ્લુ મૂકાયલુ હતુ એટલે સૌને ખુશાર થવાના નિશ્ચયી બનવા સમજાવ્યુ. ઇતનો એ ઓકસોજ ભાગ હતો.

બીજે જ દિવસથી અહીં પણ વિદેશી કાપડ તથા દારૂના દુકાને બીજોએ પીકેટિંગ શરૂ કરી દીધુ હતું. કારભાર કરનાર બીજોએ જેવો સરસ પ્રતાપ પાડ્યો કે એમના કર્મમાં જાગવાનો ઉત્સાહ અન્ય બીજોને પણ લાગ્યો. આથી અજુનમ રહેવાની ઝલિ વધી અને 'દેશસેવિકા સંઘ' ની સ્થાપના પણ થઇ

સારા દેશમાં સત્યાગ્રહની હાલત પહોંચી વળે તેવી અને ખૂણે ખાંચરેથી બારી ન રહાય તેવી બલિઓ સુધર કરવા આવી હતી. અરવિદ તેની "સેવા અવતારને મૂર્ત

સ્વરૂપ આપવા માટેનો આ અમૂલ્યો અવસર નહોતો ચૂકયો તેની વકતૃત્વશકિત તેની મદદે આવી અને આ રીતે સરકારી ઓફિસરોમાં તેનું નામ યાદ રહી ગયું હતું. મધુકર ઉપર લખાણ આવી ગયું હતું કે તેના પર બરાબર દેખરેખ રાખે.

આ પ્રસંગ જ એવો હતો કે એને બાબી ચિંતા ઉત્પન્ન થાય. ઉર્મિલાનો ભ્રાતૃભાવ આડે આવતો હતો એટલે મધુકર ખૂબ મૂઝાતો હતો. અરવિંદને બોલાવીને ઘણી યે વાર એ પ્રવૃત્તિથી અલગ થવા વિનતિ કરી; છતાં કાંઈ ન વળ્યું: બાબી તેને માટે બે ઉપાય રહ્યા હતા. કાં તો તેણે પોતે રાજીનામું આપી છૂટા થઈ ઘેર બેસવું, અથવા તો અરવિંદના પર કેસ ચલાવી જેલભેગો કરી દેવો. રાજીનામું આપવાની તેની અશકિત હતી, તેનામાં હિમ્મત ન હોતી. અને રાજીનામું આપે તોય એથી અરવિંદ બચી જાય :એમ તો નહોતો જ એટલે મધુકરે સરકારની બકરી વહોરવાની ઇચ્છા રાખી નહિ.

તેનામાં સમજ તો હતી જ: મિત્રતા કે સ્નેહને વિસારી દેવાય; પરંતુ બ્રિટિશ રાજનીતિ જ એવી હતી કે કાયદાના બહાના હેઠળ સત્ય અને ન્યાય, અસત્ય અને અન્યાય જ કરે ! વસુના પૂજારી એટલે પશુ ગણી શકાય એવી નરાધમ સ્થિતિથી તે તદ્દન જ્ઞાત હતો. પરંતુ સમજવા છતાં એ મડદાલ જીવન જીવવામાં તેને કરજ લાગતી હતી અને આમ કલંકિત જીવન જીવવામાં દિવસો વિતે છે, એટલે એ પણ એક જાતનું જીવન જ થઈ પડે છે.

૪

ઉર્મિલાની ચિંતાનો પાર ન હોતો. અરવિંદને આઠ માસની સખ્ત કેદની સજા ફટકારવામાં આવી હતી. તેની બધી વિનતિઓ નિષ્ફળ નીવડી હતી. એને એમ થયા કરતું હતું કે જીવન નિર્વાહનું એટલું બધું મહત્વ કે હૃદય જેવી ચીજનો પણ ધુત્કાર કરવામાં આવે ? અરવિંદ સરકાર-વિરોધી જરૂર હતો. પરંતુ એણે કહેલી વાતોમાંથી એવું કયું ખોટું હતું કે એ આવી કડક શિક્ષાને પાત્ર ગણાયો ? જે સરકાર સત્ય અને ન્યાયને નામે અરાજકતા ચલાવે, તેવી સરકારને સહાયરૂપ રહેવાથી પાપ થાય છે, એમ એને ખાતરી થઈ. ઘણા ઘણા વિચારમંથન પછી એ એક જુદા જ નિશ્ચય પર આવી.

પિકેટિંગ પ્રવૃત્તિની પોતે મૂળથીજ પ્રસંશક હતી એટલે એને એનું કર્તવ્ય હવે ત્યાં સકળાયલું લાગ્યું. પતિના વિચારથી જુદી નહિ પડનારી ઉર્મિલાને તે કામ કરવું મુશ્કેલ લાગ્યું; પરંતુ જેથીય ઉચ્ચતર અને અનિવાર્ય કર્તવ્ય શું હતું તે એકજ લાગ્યું એટલે તેણે મધુકરને પત્ર લખ્યો. રૂબરૂ વાતચીત કરવાથી પોતે કર્તવ્ય ભૂલશે અને કદાચ ભવિષ્યમાં પણ તેનાથી એ જાતનું પગલું ભરી શકાશે કે કેમ, એ વિષે આ શકા લાગી એટલે નીચે મુજબ કાગળ પતાવ્યું:—

' નાથ,

અરવિંદ જેલમાં જાય તેનો મને શોક નથી–એવી રીતે જેલમાં જનારાની સંખ્યા વધી છે, વધે છે, અને વધશે વળી તમે તમારા અધિકારની રૂએ જેવું કામ બેધડક બજાવો, એ મને વધારે રૂચે છે. વ્યકિતની કસોટી એવીજ ઘડીએ થાય છે કે જ્યારે તેને મિત્રો અને સ્નેહીઓને તેમના કાર્ય માટે યોગ્ય નસ્યત આપવા. તમે અરવિંદ જેવા તમારા પરમ સ્નેહીને અને મારા ભાઇને જેલનિવાસી બનાવવાની હિમ્મત બતાવી છે, તે માટે હું મગરૂર બનું છું; પરતુ એક જ કારણે હું શરમિંદો બનું છું !

તમે સમજી શકશો કે અરવિંદનુ કારણ તેનુ પોતાનુ સ્વાર્થનું નહોતું. તે મારી-મોને ત્રાસ આપનારો કૂંટારો નહોતો, તે પાત્રસ પુરુષ નહોતો. એક પરાધીન દેહને સ્વાતંત્ર્યનું ભાન થતાં તેની ગુલામી બજેરી નાખવાની પ્રવૃત્તિ થતાં જે બનવું પગલું ભરાય એ બનવું એનું એ પગલું હતું. જે દેહને કારણે અરવિંદ તમારા હાથે જેલમહેલ ભોગવે છે, તેજ દિવસે તમે સંતાન છો. માતાના સપૂત તરીકે તમે તમારી ફરજ ન ભજવી શકયા તે બાબુ પર રાખીએ, પરંતુ તેજ ફરજ આજ કરવા જતો તેનાજ ભાઈના હાથે જેલ ભોગવે, એથી વધારે દુઃખદ પ્રસંગ બીજો કયો ગણાય ! આ પ્રસંગ પછી બીજા બળવાદેહનેતાને જેલમાં ધકેલવા તમારો હુકમ મેં જોયો છે મને તમે રોજ મળતાં હો તે મુજબ તમને તમારા આ દેહબેડી કૃત્ય બદલ સરકાર ખૂબ ખૂબ અભિનંદન આપે છે, એટલુ જ નહિ પણ સારી આશાઓ એથી જન્મી છે. તમે આને પરમ સુખની ક્ષણ માનો છો; પરંતુ તમે સમજી લેજો કે એથી હું મને મહાન અભાગી નારી સમજું છું

તમારાં એ કૃત્યને પોતાના દોષ તો આ મારો નિશ્ચય છે. કદર નહિ બની શકે એમ જાણવાથી આ પત્ર લખી આજથી જ હું 'દેહજેલવિકાસ ૫ 'નો સબ્ધ તજું છું મારો બધા કિંમત સમય વ્યર્થ ગયો ત્યાજ પોતાનો નિશ્ચય થયો દોષ હું તમને રાને વધેલી મોટી મળી શકે તો મને માર કરીશકજ. છતાં હું તમારી સેવા કરવાની પ્રતિજ્ઞામાં જરાય નકામ નહોતો

તમે મને અપૂરીને બળતી સંરક્ષક બનાવી છે, એ બધાનું આ પરિણામ આવ-તું લેખ તમો આનંદિત થશો, એવી આશા રાખું છું. તમારી કપટ અભિનયશક્તિ આજસુધી બનવા જ રહી બધ છે, તેને આજે હું કાર્યનું સ્વરૂપ આપું છું, એમ જ સમજશો આથી વિશેષ હું આપને શું લખી શકું ! અસ્તુ.'

તમારી ઉર્મિલાના પ્રણામ.'

૪

થયુ પણ એમજ. મધુકર ઓફિસમાંથી બાળને ઘેર આવ્યો ત્યારે ઉર્મિલા ન જણાઈ એટલે પાછું કે 'બહાર ગઈ હશે. પરંતુ તરતમા જ નોકરે, ઉર્મિલાએ આપેલી ચિઠ્ઠી ધરી, એટલે વાંચતાં જ તે અસ્વસ્થ થયો. ઉર્મિલા જેવી સ્ત્રી આ બનની હિંમત કરી શકે છે, એજ એના આશ્ચર્યનું કારણ. માથે એને ભીતિ લાગી કે સરકારી કબુતરખાનામાં એને માટે કોકાટ ઉત્પન્ન થશે અને એની સર્વ આશાઓ પર પાણી ફરી વળશે ! એવે ઉર્મિલા આવે કે તુરત જ કોક હાથે કામ સેવાનો નિશ્ચય કર્યો કે જેથી તે પાંસરી થઈ બનવ.

પણ આ વિચાર એના મગજમાં આવ્યો તેવાજ જતો રહ્યો તેને લાગ્યુ કે ઉર્મિલામાં એવી મેધાવૃત્તિ છે જ નહિ-તેનામાં એવી આવડત હોજ નહિ, એટલે એ એની મેળે થોડી પગે ચાલશે અને ગાંધીજીની અસહકા-રની વાતો જબ્બર વિરોધી બનશે આ બનનો વિચાર તેને તદ્દન સ્વાભાવિક લાગ્યો એટલે એ નચિંત બન્યો અને એને નહિ જોવાનું નક્કી કર્યું.

પણ આ તેની ભૂલ હતી. અભિનવ કવિત વખત આપ્યે જ નકકી થાય છે. માણસમાત્રમાં આવતા દોષ છે, તેમ તેને અપ-ણમાં મૂકતાં કેટલી વાર લાગતી નથી. અધાય બીજાનો ન્યાં મેલ્યા બનવો દોષ તો ઉપાડતાં પૂર વહો છે કારણમાં જેની હસ્તક્ષેપ માટે હક રહે, તેવી બનવુ કાર

ઉર્મિલાએ ગાડીમાંથી પાર ઉતારવા માંડયું હતું. મનમાં હજ તે રાત દિવસ જંપતી નહોતી. તેનામાં હું હું છુપાઇ રહેલી સેવાની મનોવૃત્તિને આજે કાર્યક્ષેત્રમાં ઉતરતાં ઉર્મિલાના સ્વરૂપમાં અજબ ફેરફાર થયો લાગતો હતો. સેવિકાસંઘની પ્રમુખ પણ બની ! અને પ્રમુખ થાય એટલે એનું પરિણામ સ્પષ્ટ હતું !

મધુકરની આંખો હવે ઉઘડી ગઇ ! ઉર્મિલા પ્રમુખ બની શું કરવા માગે છે, એ ઉઘાડું હતું ! કંઇ જ નથી કરી શકવાની અને એમ કંટાળીને ઘેર બેસશે, એમ લાગતું હતું, તે છાપાંઓમાં ચમકવા લાગી અને રાષ્ટ્રીય કાર્યકર્ત્તાઓમાં મનાવા લાગી તેની જ સાથે પોતે તેનો પતિ હોઇ છાપાંઓમાં ઉપરાઉપર ટીકાઓ પણ આવવા લાગી. આ બધું તેને મારે અસહ્ય હતું.

તેને કોઇ રસ્તો દેખાયો નહિ. સરઘાતમા ઉર્મિલા ઘેર આવતી હતી તે પાછળથી તેનો બધો સમય છાવણીમાં રોકાઇ જતો હોવાને કારણે બિલકુલ ઘેર આવતી નહોતી. છાવણીમાં જઇને સમજાવવાની તેની છાતી નહોતી, અને ત્યાં જવું પણ નિરર્થક હતું. માણસ સાથે કહાવેલ સંદેશ નિરર્થક ગયા; પરંતુ તેની છેલ્લી બાજી પાર પડી ઉર્મિલા તેને મળવા માટે જરૂર ત્યાં આવી:

મધુકર, ઉર્મિલાને જોઇ જ રહ્યો. તેના સ્વાંગમાં જબ્બર ફેરફાર થઇ ગયો હતો. તેની બોલવાની અને ચાલવાની છટામાં અનુચિતતા જરાય નહોતી. સ્ત્રીઓમાં આવી જાતનો હૃદયપલટો માણસજાત પર આ જાતની અસર ઉપજાવી શકે છે, એ તેણે આ પૂર્વે નહોતું અનુભવ્યું: પરંતુ મધુકર નોકરશાહીના વહિવટમાં રહી કંઇક જાતા શીખ્યો હતો એટલે દમનનીતિ તેની બહારે ધાઇ.

" ઉર્મિલા ! આ કેવી બેપરવાઇ ? મને મળ્યા સિવાય મારી મરજી વિરૂદ્ધ કોઇપણ પ્રવૃત્તિમાં બેકાઇ જવાની હિમ્મત કરે, છતાં હું આંખ આડા કાન કરું, એનો અર્થ એવો તો નથી જ કે તારે પછી અહીં બિલકુલ દેખાવું જ નહિ. તેમ જ તું મારી સંમતિ સિવાય એવી જાતની પ્રવૃત્તિમાં પડી જ કેમ શકે કે જેથી મને નુકશાન થાય ? "

" સત્ય છે ! એક દિવસ એવો હતો કે તમે જે જાતનું સૂત્ર ગ્રહ્યું કરો છો, તે હું સ્વીકારત–આજે પણ સ્વીકારું ! પરંતુ પતિદેવ કરતાં રાષ્ટ્રદેવની સેવા અનિવાર્ય હોવાથી મેં તમારી સેવામાં ક્ષતિ બતાવી હોય તો તે બદલ જ કારણે હોઇ ક્ષંતવ્ય છે મને તમારા પર અપરંપાર પ્રેમ છે અને એ પ્રેમ સાચો જ છે, એ સિદ્ધ કરવાને માટે મારા જેવી અનેક બીજી અને એમના પતિઓ પર સરકાર જે જહીમશાહી વાપરે છે, તે બધાની 'સહાનુભૂતિની ખાતર આ મારું કાર્ય છે–આ મારું પગલું છે ! જ્યાં બધે દુઃખનો ડુંગર ખડકાયો છે, ત્યાં આપણે નિરાંત કેમ માણી શકીએ ? ત્યાં મહોત્સવ શો ? ત્યાં મનોરથ શા ? ત્યાં આશાઓ શી ? સંકટને સહવામાં જ પ્રેમની કસોટી છે ! "

" હા—આટલું બધું જ્ઞાન મેળવ્યું ક્યારે ? હું તે આ જ્ઞાન વચ્ચાવું કે મારી સ્થિતિ તપાસું ? જરાક વિચાર તો કર કે તું કોની પત્ની છે ? આ જ્ઞાન શું જરૂરી નથી ? તારે લીધે આજે મારા ઉપરી અધિકારીઓ મારી કેવી રેવડી કરે છે, એનો વિચાર આવે છે ખરો ? "

" બ્હાલા, આજે તો એક જ વિચાર થઇ રહ્યો એમ છે. દેશ વ્યાપી આ જાગૃ-

આ અહિંસક લડતમાં સૌએ ઝંપલાવવાનું છે, અહીં વણિક બુદ્ધિ કામ લાગે એમ નથી. તમે બીજું કાંઈ, પણ ન કરી શકો તો મારી પ્રવૃત્તિના રોધક ન બનો અને એના પ્રોત્સાહક બની એટલું પુણ્ય તો જરૂર જરૂર રળો ! તેમ કરતાં સરકારની આજ્ઞાને વશ થવું પડે તો બેલાશક થજો અને મને જેલનિવાસી બનાવો ! "

હાથ પછાડતાં મધુકર બોલ્યો —" તું શું બોલે છે, એનો તને ખ્યાલ છે અરે ! હું હજી પણ કહું છું કે મને વધારે લાચાર ન બનાવ ! "

" દિલગીર છું કે મને આથી દહવાનું જરાય મન થતું નથી. મને માફ કરજો અને હવે હું રજા લઉં ! " એટલું બોલી ધામેથી ધીરે કમલે ત્યાંથી ઉર્મિલા નીકળી છાવણીમાં ગઈ.

મધુકર તાજુબ બન્યો. એને એવો તો કદિયે ખ્યાલ નહોતો કે ઉર્મિલા તેને આમ જવાબ દઈ શકશે. પરંતુ હવે બીજો કોઈ ઉપાય નહોતો. તેનો ભય સાચો પડ્યો.

૫

ઉર્મિલાનો કેસ ચલાવવાનું કામ મધુકરને માથે આવ્યું હતું. છાપાઓમાં બધી ટીકાઓ આવતી હતી કે આ કુકર્મ રચના માટે વિધિને ભારી સાબાશી આપવી જોઈએ જનતા આ પ્રસંગનું પરિણામ કેવું આવે છે, તે જાણવા ખૂબ ઉતેજીત હતી.

છેક છેવટની ઘડીએ મધુકરે પોતાનો વિચાર ફેરવ્યો એને સરકારમાં અખૂટ વિશ્વાસ હતો કે તેની પત્ની નરીકે તેની બાબતમાં કંઈક વિચાર કરશે, એટલે એણે કેસ ચાલવાનો હતો, એ દિવસે રજા લીધી. આથી તે મુકદમો ચલાવવા માટે શ્રી . મુકર્જીની નિમણૂક થઈ

મધુકર માનતો હતો કે ઉર્મિલાને છોડી મૂકવામાં આવશે. પરંતુ એક વર્ષની માઠી કે સાંજળીને તેના હાંજા ગગડી ગયા. તેની બધી આશાઓ પર પાણી ફરી વળ્યું. કેટલાય નેતાઓને જેલ ભેગા કરવા છતાં તેની પત્ની ઉપર રહેમદિલ ન રાખી શકાયા એણે સરકારને ગમતાં કરેલાં કાર્યોનો આવો બદલો !

આમ બધા વિચારો ગોળાયા. છેવટે અંગ્રેજ રાજનીતિનો ઇતિહાસ ભણનાર આગળ બડા થયો જે સ્વાર્થ સિવાય કશું ગણકારે નહિ, એવી સરકારને બોળે માથું મૂકી સુનારને મૂરખ કેમ ન ગણવો ! વિશ્વાસઘાતી નિર્ણય લેનારનું માથું સલામત ન રહે તેમાં કોનો વાંક !

તેના હૃદયમાં કંપારી છૂટી; અબળા જાતિ સબળા બની સ્ત્રીશક્તિનો પરચો બતાવી શકે છતાં વિદ્વત્તામાં પંકાવાની બધી આશાઓ વાળો પુરૂષ, ગૌરવ અને ગુમાનથી માથામાં રાઈ રાખી ફરનાર નર, સરખામણીમાં આટલો પછાત ! આ કમી જાતની કેળવણી ! તેને તેની ઘોષિલી કેળવણી પર તિરસ્કાર છૂટ્યો.

બીજી જ ક્ષણે તેણે મમતા જતાવી ટેબલ ઉપર નજર ગઈ. વજર ઢીલે રાજીનામું પકડી રહાડ્યું.

અને સૌની અજાયબી વચ્ચે તે વૉરરા-ઉન્સિલનો પ્રમુખ વરાયલો હતો, એમ બીજે દિવસે છાપાઓમાં વંચાયું.

———o———



રાંધણવિદ્યા અને કળા

લેખક: ડૉ. ઈન્દુલાલ સેવકલાલ દવે,
એમ. બી. બી. એસ

(ગતાંકથી ચાલુ)

પ્રકરણ ૭ મું
મસાલો

રસોઇ કરવામાં એટલે બાફવામાં માત્ર પાણી, તળવામાં તેલ અથવા ઘી વિગેરેથીજ રસોઇ થતી નથી. સમરસ તો જરૂરનો છેજ. પણ તે દરેકમાં નહીં. કોઇ વાનીમાં અમુક મસાલો તો બીજી કોઇમાં અમુક એમ જૂદી જૂદી જાતના મસાલા જૂદી જૂદી વસ્તુ માટે વપરાય છે આ રીત માત્ર દરેક મસાલાની બીજાના ગુણ ઉપરથીજ દાખલે કરી શકાય છે. મૂળ અનાજનો ગુણ ગરમ, વાયકો, ઠંડો, વિગેરે જે હોય તે પ્રમાણે તેને મદદ કરવા અથવા ખરાબ અસર થતી નાબુદ કરવા સારૂ મસાલો વપરાય છે. તેમજ હવે તો ઘણી જગાએ શોખની ખાતર માત્ર સ્વાદની ખાતરજ એવો કેટલોક મસાલો વપરાય છે. વળી કેટલાક મસાલાથી શરીરમાંના પાચક રસ વધારે સારા પ્રમાણમાં પેદા થાય છે. તો કેટલીક ચીજથી વધારે પડતા રસ નહીં પેદા થતાં તેને પ્રમાણસર રાખે છે. આ વિષય ઘણોજ ગહન છે. પણ આપણે તેને સંક્ષિપ્ત રીતે તપાસીશું જેથી સામાન્ય માહિતી મળી શકે.

મસાલાના પ્રકાર:—મસાલાના ગુણ પ્રમાણે તેના વિભાગ પડી શકે જેમકે વાતઘ્ન:—મરચાં, મરી ઇત્યાદિ. પિત્તઘ્ન:—ધાણા, મરી ઇત્યાદિ અથવા તે વસ્તુઓની સ્થિતિ પ્રમાણે પણ વિભાગ પડી શકે. જેમકે સૂકો, લીલો, સુગંધીદાર, વિગેરે

દુધ અને તેના બનાવેલા પદાર્થોમાં સુગંધીદાર મસાલો એટલે, એલચી, તજ, જાયફળ, બદામ, પિસ્તાં ઇત્યાદિ વપરાય છે. કારણ દુધ વાયુ કરે છે એટલે આવી ચીજોથી વાયુ ન થતાં દુધ બરાબર પચી શકે છે.

લીલો મસાલો એટલે આદુ, કોથમીર, લસણ ઇત્યાદિ. આ જાતમાં પણ વાતઘ્ન એટલે વાયુ હરવાનો ગુણ છે. અને નાનાં આંતરડાંમાં જઇ પિત્ત ઉપર અસર કરવાથી પિત્તશામક ગુણનો ઉપયોગ થાય છે

સૂકા મસાલામા ઘણી ચીજો વપરાય છે. જેમકે મીઠું, હરદળ, મરચા, ધાણા જીરૂ, ગરમ મસાલો, અજમો, રાઇ, મેથી, હિંગ, બારો, મરી, પીપરીમૂળ, ઇત્યાદિ ઇત્યાદિ. આ દરેકમાં રસોઇને સ્વાદિષ્ટ કરવાનો ગુણ હોવા ઉપરાંત તે શરીરમાંના પાચક રસ ઉપર બહુ સારી અસર કરે છે અને અમુક ખોરાકથી

થની હાની નાબુદ કરે છે રસોઇની વાની પ્રમાણે મોજ તે ચીજ મસાલાની વપરાય છે. આમાંથી કેટલીક ચીજ બારેમાસ વાનીઓ માંજ નખાય છે તેમજ કેટલીક ચોલેને વળી બીજી ક્રિયામાંથી પસાર કરી વાપરની પડે છે. દાખલા તરીકે મીઠું હરકોઇ વિજેરે ચીજ એમને એમ વપરાય છે. પણ રાઇ મેથી વિજેરેને તેલમાં કડાવી પછીજ વપરાય છે. એમને એમ નહીં. આને વઘાર કરવાની ક્રિયા કહે છે કડાઈ કેવતા ઉપર તપાવી તેમાં તેલ અથવા ઘી રાખી ગરમ કરી તેમાં મસાલો નાંખી તૈયાર થયે જે તે વાનીમાં પ્રથમ તે કડાઈમાંનો પદાર્થ અને પછી કડાઈનું ચાડુ ચોળી તરત ઢાંકણું બંધ કરવાથી વઘાર થાય છે. રાઇ વિજેરે પદાર્થને આમ કરવાથી વઘારે સારી અસર આવે છે ડિબ્બામાં ઉઠી બાદ જોતા તાવો હોવાથી વઘારની કડાઈમાં પ્રથમથીજ તે નંખાની નથી પણ આખો વઘાર તૈયાર થયે બિજ કડાઈમા નાંખી તરત વઘાર કરી દેવાય છે જેથી ડિબ્બામાંથી વરાળ ઉઠી નદી જતાં એકદમ રસોઇમાં આવે છે

કેટલીક ચીજોમાં ગોળ આમલી નાંખવામાં આવે છે જે ચીજમાં નાશકારક વાયુ પદાર્થ વિશેષ હોય તેને જઠરાગ્નિમા પચાવવાને અગ્નિ મદદગાર જોઇએ તેથીજ કરી તેમાં આમલી અથવા ગોળ કે લીંબુનો રસ નાંખવામાં આવે છે. પણ તેમ કરવાથી અથોડા કલાક સુધી વાસણમાં રહેલી ચીજને અડાક ન થાય તેટલા માટે ગોળ અથવા તેવીજ બીજી મીઠાશ વાળી ચીજ વપરાયમાં આવે છે. આથી અડાક નાબુદ થતી નથી પણ અડાકનાં તત્વ સાથે મીઠાશનાં તત્વ રહેવાથી અડાક માત્ર માલુમજ પડતી નથી. અડાક નાબુદ કરવા માટે તો તેનું વિરોધ-ક્ષાર-દ્રવ્ય તેજ તે નાબુદ થાય છે

પચવામાં ભારે મજબૂતી ચીજમાં તેલનો ઉપયોગ બહુ કરવામાં આવે છે. વાલ, પાપડી, અડદ વિગેરે પદાર્થોમાં રહેલ તત્વો પચાવવા માટે ઘણોજ મારો મસાલો પુરતા જથામાં જોઇએ છીએ પણ તે ઉપરાંત તે અનાજના પ્રત્યેક દાણામાં ચોરાકના પાંચે તત્વો પૈકી તૈલીતત્વ ઘણા ઓછા પ્રમાણમાં હોવાથી આમ બનાવટી રીતે પૂરું પાડવું પડે છે

જૂદી જૂદી જાતની વટણીઓમાં પણ મુખ્ય બાબતો આમ જોઇએ તે પ્રમાણમાં બાકી મસાલો પુરો પાડવાનોજ હેતુ રહેલો છે. અથાણામાં પણ મુખ્ય આવોજ છે. ચોરાકમાં તાજા ફળનો રસ જરૂરીબાત છે. તેવીજ તાજાં શાક બાજી જરૂરનાં છે પણ તે જ્યારે ન હોય ત્યારે બાર માસ માટે બનાવી રાખેલ અથાણાનો ઉપયોગ કરવામાં આવે છે ગુજરાતમાં કેરી અથવા લીંબુનું અથાણું બનાવવાનો રીવાજ છે. તેમા જૂદી જૂદી રીતે જૂદી જૂદી જાતના મસાલાની ચીજો ભેગાવી તૈયાર કરાવવામાં આવે છે.

પ્રકરણ ૮ મું

પ્રથમથી પચાવેલો ચોરાક અથવા પ્રીડાઇજેસ્ટેડ ફુડ

હવે આપણે જોયું તો સમજ્યા કે ચોરાક પચાવવાને અમુક પાચક રસોની આપ આવશ્યકતા છે અને આવા રસથી જલદી પચવા માટે ચોગાને રાંધવાની જરૂર છે રાંધેલાં પદાર્થો તેને ચોખ્ખા કરવાની જરૂર છે.

કેટલાક માણસોની પાચનક્રીયા બહુજ મંદ પડી ગયા છે અને તે કોઇ પણ પ્રકારનો ચોરાક લઇ શકતા નથી. જોઇએ તે ચોરાક પચી તેનું લોહી બનું નથી. આમ થવામાં ઘણી વખત પાચક રસમાંના જરૂ-

મેન્ટસ્ ' બહુજ કમતી થઇ જાય છે. જેથી ખોરાકના ઉપર તેમની અસર થયા સીવાય ખોરાક આગળ ચાલી શકે નહીં, પચે નહીં, લોહી થાય નહીં જ્યારે આવો વખત આવી જાય છે, ત્યારે તે દર્દીને કઇ જાતનો ખોરાક આપવો એ મહાન પ્રશ્ન ઉભો થાય છે. જે ખોરાક માટે ' ફરમેન્ટસ્ ' ની જરૂર બીલકુલ પડે જ નહિ તેવો ખોરાક માત્ર પાણી જ છે. અથવા લીલા મેવાનો રસ એટલે દાડીમ, સફરજંદ, સંત્રાં, નારંગી, ઇત્યાદિ. આટલાથી જીવન ટકાવવુ અશક્ય નીવડે છે.

આવા સંજોગોમાં તાજી એટલે બીલકુલ ખટાશ વગરના દહીંમાંથી બનાવેલી છાશનો ઉપયોગ વધારે કરવામાં આવે છે અને આપણે પ્રથમ જાણી ગયા કે દુધમાંથી ' ફરમેન્ટસ ' ના પ્રતાપે દહીં બને છે તે દહીં એક જાતનો પ્રથમથી પચાવેલો ખોરાક છે, કારણ દુધ પણ પેટમાં ગયા પછી દહીં થઇને પછીજ પચે છે. એટલે દુધને બદલે દહીં તૈયાર આપવાથી જઠરને તેટલો આરામ મળે છે અથવા જઠરમા દુધ પચાવવા જે ફરમેન્ટ ' રેનીન ' જોઇએ તેની જરૂર રહેતી નથી દહીંમાંતરત જ લોહીમાં મળવા લાયક કરવા તેને ભાગી નાંખી તેમાં પાણી ઉમેરવામાં આવે છે એટલે હવે પેટમાં ગયા પછી પચાવવા માટે બીલકુલ કોઇ પણ જાતના રસની જરૂર રહેતી નથી એકલી છાશ ઉપર રહેનાર દર્દીઓ ઘણા સારા થઇ ગયા દરેકના જોવામા આવ્યા હશે.

આ પ્રમાણેજ જૂદી જૂદી જાતના ખોરાકને પ્રથમ જઠરના ફરમેન્ટસ 'થી અસર ' પેન્ક્રીયાસ 'ના ફરમેન્ટથી પચાવી પછીજ તેનો ઉપયોગ કરવામાં આવે તો તે તાત્કાલીક લોહીમાં ભળી જઇ શકે અને પચાવવા માટે કાંઇ જ જરૂર રહે નહીં આવો ખોરાક દર્દીને આપવાથી તેનામાં તાજું લોહી આવે છે. અને તેમ થવાથી જે રોગ હોય તે નાશુદ થતાં પાચક રસો ફરીથી પેદા થવા લાગે છે. અને સાધારણ ખોરાક ઉપર દર્દી આવી જાય છે. આવા પચાવેલા ખોરાકની શીશીઓ તૈયાર થઇ વીલાયતથી આપણા દેશમા આવે છે જે પૈકી ' લીકવીડ પેપ-ટોન્સ ' ' લીકવીડ પેપ્ટોનોઇડસ ' ઇત્યાદિ છે.

પ્રકરણ ૯ મું

કુકર-રાંધવાના સંચા

આપણે રસોઇ તપેલીઓમાં કરીએ છીએ, જે ઉપર ઢાંકણું ઢાંકીએ છીએ આપણે પાળા સમજી ગયા કે ઢાંકણું બરાબર કરેલું હોય તો વરાળ જતી રહે નહીં અને તેજ વરાળની શેવાળ થઇ કામમાં આવી શકે છે. તપેલી ખુલ્લી મુકવાથી વરાળ ઉડી જાય છે અને રંધાતા વાર લાગે છે. જે ગરમી લાવવી હોય છે તે આવતી નથી, અથવા બહુ મોડી આવે છે. આવાં કારણોને લઇ જે પેદા થતી વરાળનો ઉપયોગ બરાબર કરી લેવામાં આવે તો થોડીવારમાં રસોઇ તૈયાર થઇ શકે એ સહજ સમજાય તેવું છે.

' કુકર ' એટલે રાંધવાનો સંચો. તેમાં આવી વરાળનો ઉપયોગ કરવામાં આવે છે. એક ઉપર એક એમ ત્રણ ચાર વાસણો સજ્જડ ગોઠવવામાં આવે છે. તે દરેકમાંથી ઉપર વરાળ જવાનો રસ્તો હોય છે. છેક નીચેના વાસણને તાપ લાગવાથી ત્યાં વરાળ પેદા થાય છે. તે વરાળ ત્યાંથી ઉપરને ઉપર ચઢે છે. જ્યારે વરાળ બધાજ વાસણોમા ફેલાઇ જાય છે ત્યારે બફ થવા માંડે છે જેમ જેમ વધારે વધારે વરાળ થતી જાય જાય છે તેમ તેમ તે વધારે ને વધારે

પટ બને છે. તેને બહાર જવા બીલકુલ રસ્તો હોતો નથી એટલે એક ઉપર એક વાસણમાં જે જે ચીજ મુકી હોય છે તે પ્રત્યેક આની બહુજ ગરમ અને પટ વરાળથી રંધાય છે

છેક નીચે દાળ, તે ઉપર શાક, અને છેક ઉપર ચોખા એ અનુક્રમે ગોઠવાય છે ચોખાને જો કે આખરે ઉંચે તાપ લાગતો નથી તો પણ માત્ર ગરમ અને પટ વરાળ લાગવાથી તે રંધાય છે કે તદન રૂના ગાભલા જેવા પોચા અને સુવાળા થઇ જાય છે તપેલીમાં ભાત રાંધી વધારાનુ પાણી બહાર નાખવામા આવે છે તેથી ચોખાનુ તત્વ તેમાં ઘણું જરૂ રહે છે પણ જો બિલકુલ નહીં એટલે પ્રમાણસરજ પાણી હોય તો બધુ તત્વ અંદર રહે અને તે પોષણકારક થઈ પડે કુકરમા આ પ્રમાણે પાણી રાખવાથી તથા વરાળથી રંધાવાને લીધે બધુજ તત્વ અંદર રહે છે અને ભાતમાં મીઠાશ પણ ઘણીજ આવે છે બસપત, કુકરમાં રંધાયેલુ શાક જ્યારે તૈયાર થાય ત્યારે 'બફ્યા' જેવુ માલુમ પડે છે એટલે કે તેનો દરેક કકડો આખો દેખાય છે. પરંતુ તે માત્ર બફાયલોજ હોય છે એમ નહીં પણ સીજાઇ તદન નરમ થયેલો હોય છે તેને દબાવ્યું ન હોય, તેથીજ 'ઉભું' એટલે અખીયુંજ દેખાય છે દાળ તો બફાઇ ગઇ-એકરસ થઇ ગયેલી હોય છે આ બધુ એકરસ તૈયાર થવાને માત્ર બહુજ વખત એટલે કે ચોથો કલાક લાગે છે અને બજાતનુની બાસ બનન થાય છે બે માણસની રસોઇનો કુકર તૈયાર કરવા સારૂ માત્ર ચોથો શેરથી બે શેર કોલસાની જરૂર પડે છે. એટલે કુકરથી રાંધવુ ઘણું સરળ અને સસ્તુ પડે છે આ કુકરને અન્નપૂર્ણ કુકર કહે છે

એક પ્રકારનો નીચે કુકર જેવો આવે છે કે તેમા એક મોટુ પીપ પાણીનું અરધુ હોય તેમાં કુકરના ડબ્બાઓ બધર લટકતા રહે છે પાણી ઉકળે એટલે તેમા વરાળ થાય ને વરાળ નળીઓ વાટે ડબ્બાઓમાં દાખલ થઇ અંદરની વસ્તુને રાંધે છે આમાં દાળ બરાબર કારે છે પણ એકરસ થતી નથી કારણ દાળના વાસણ નીચે સીધો તાપ ન હોવાથી દાળને ઉભારો આવતો નથી આથી કરી આવા કુકરમાં તૈયાર થયેલી દાળને એકરસ કરવા આરી નાખવી અથવા વલોવવી પડે છે આ કુકરને 'બકમીક' કુકર કહે છે.

પ્રકરણ ૧૦ મું

ઓરાકની સંભાળ

ઓરાકની સંભાળ બે વખત લેવાની હોય છે· રંધાતા પહેલાં તેમજ રંધાયા પછી. પ્રથમની રીતને કસલ ભરવી કહે છે અનાજ, મમાનો વિગેરે બાર માસ વાપરવાની ચીજોને ભરી મૂકવા માટે જૂદી જૂદી યુક્તિઓ વપરાય છે, જેથી અનાજ વિગેરે બગડે નહીં. આમ કસલ ભરવામાં જે જે રીતો વપરાય છે તેમાની કેટલીક અહીં આપી છે.

૧ જોહવાની રીત —દરેક અનાજના જથ્થાને માટે સુદ કરી તેમાં દીવેલ-ઓરડીયું-નાંખી દબાવવાથી પ્રત્યેક દાણા ઉપર દીવેલનું પડ લાગી જાય છે. આથી કરી બરામાંના જતુઓ દાણા ઉપર અસર કરી શકતા નથી.

૨ રેતી અથવા રાખમાં દાટવાની રીત — અનાજને રેતી અથવા રાખમાં મેળવી દેવું કરી ભરી દેવામાં આવે છે. અને ઉપર રેતી અથવા રાખનું જે પણ જાડુ થર પાથરી દેવાય કે જેથી જતુઓ પ્રવેશ કરી શકતા નથી.

૩ કોલ રસાયણો જતુ વિનાશક વસ્તુ

વાપરવાથી–આમાં પારો તથા ચુનાની ફાક મુખ્યત્વે વપરાય છે.

૪ કોઇ જંતુ વિનાશક વનસ્પતિ જેવી કે લીમડો વાપરવાની રીત.

૫. ખડિલા મરચા, હરદળ વિગેરેને બ્હોર સખત દાબી ભરવાથી અકબંધ રહે છે.

૬ લીલોતરી જેવી વસ્તુને સાચવવા માટે મીઠાના પાણીમાં અમુક વખત આથી રાખવાથી તેવી ચીજો જેવી કે આદુ, લીંબુ, લીલાં મરચાં, કેરી ઇત્યાદિ સાચવી શકાય છે.

૭ કેટલીક લીલી ચીજોને તડકામાં સૂકવી રાખી સાચવી શકાય છે. દાખલા તરીકે મરચાં, લસણ, આદુ, સુંઠ, દરેક જાતની કાચલી, ભીંડા, કોકીમડાં, ગવારશીંગ ઇત્યાદિ

૮ હવાનો અવર જવર બંધ કરવાની રીતઃ—પહેલી અને બીજી રીતમાં જેમ પ્રત્યેક દાણાને હવા લાગી શકે નહીં તેમ જે વાસણોમાં વસ્તુ ભરી હોય તેને એવી રીતે બંધ–સીલ–કરવામાં આવે કે અંદરની હવા બહાર અને બહારની અંદર જઈ શકે નહીં. ચા, કોફી, વિગેરેના દાબડા તેમજ વીલાયતી દવાઓ. વિગેરે આ પ્રમાણે સાચવવામાં આવે છે.

૯ બરણમાં રાખી મુકવાની રીત —આ રીત ઘણું ખરૂં પ્રાણીજન્ય ખોરાક માટે છે. એટલે માછલી વિગેરે સાચવવા સારૂ

૧૦ ધુમાડાની મેશ લગાડવાથી પણ પ્રાણીજન્ય ખોરાક સચવાઇ રહે છે

૧૧ લીલાં શાક ભાજી એક બે દીવસ સાચવવા તેને ખુલ્લાં રાખવામાં આવે છે. બંધ વાસણમાં બાફ બગડી જાય છે. ભાજી જેવા પદાર્થને ભીના કપડામાં વીંટાળી ઠીનાશવાળી જગાએ પાણીયારીમાં રખાય છે

૧૨ ઉનાળાના દિવસમાં દુધ જલદી ફાટી જાય નહિ, તેથી દુધનું વાસણ ઠંડા પાણીમાં મૂકી તે ઉપર હવા આવ જાવ થઇ શકે તેવું ઢાકણ–ટોપલા અથવા ચાળણી–ઢાંકી રાખવાથી દુધ સાચવી શકાય છે.

૧૩ દુધ દહીં, શાક ભાજી વિગેરે ઉપર માખી બેસવાથી કોલેરા જેવા રોગ થવા સંભવ હોય છે માટે પતરાની ઝીણા કાણાવાળી જાળીના નાકા અથવા કપાટનો ઉપયોગ બ્યાજબી થઈ પડે છે.

ખોરાક રંધાઇ રહ્યા પછી તે સાચવી રાંખવામાં પણ મુખ્ય રીત એ છે કે તેને હવા લાગવી જોઇએ નહીં તેમજ તેમાં કોઇ જાતનાં જંતુઓ પ્રવેશવાં જોઇએ નહીં. ખોરાક ઢાંકવાની રીત આપણામાં પ્રચલીત છે. ઢાકવામાં પણ એટલુ યાદ રાખવાની જરૂર છે કે ગરમને ગરમ વસ્તુ ઢાંકી રહેવાથી તે જલદી બગડી જાય છે

મનુષ્યના હાથમાં અને ખાસ કરીને નખમાં એટલા બધા જંતુઓ રહે છે કે કોઈ રાંધેલી વસ્તુમાં જો હાથ ઘાલી પછી રાખવામાં આવે તો તે જલદી બગડી જાય છે. માટે જ રાંધેલી કોઇ પણ વસ્તુમાં હાથ નહીં ઘાલતાં તેને જેમને તેમ રાખવી અને જરૂર પડે ચમચો, કડછી વિગેરેનો ઉપયોગ કરવો.

પ્રકરણ ૧૧ મું

રસોઇ અને રસોડાંની સ્વચ્છતા

આપણે સમજી ગયા કે અનાજમા તેમજ રસોઇમાં જંતુઓ પેસવા દેવા નહીં આ તો રસોઈ કરવા પહેલાં તથા રસોઈ તૈયાર થયા પછીનું સમજ્યા. પણ રસોઇ કરતી વખતે ત્રણ જંતુઓ પેસવા દેવા નહીં, તે ખાસ આવશ્યક છે આટલા માટે રસોઇ કરનારના

હાથ તદ્દન સ્વચ્છ જોઇએ, હાથની ઝીણી ઝીણી રેશાઓમાં અતિશય કચરો હોય છે. આ કચરો બધો દેખી શકાતો નથી જંતુઓ બીલકુલ દેખી શકાય તેવા હોતા નથી. રસોઇ શરૂ કરતાં પહેલાં હાથ તદ્દન સ્વચ્છ પાણીથી ધોઇ નાખવા જોઇએ તેમજ રસોઇ કરતાં વચમાં જ્યારે જ્યારે હાથ બીજે લગાડવા પડે ત્યારે ત્યારે પણ ધોયા સીવાય વાપરમાં લેવા નહીં બૈરાંઓને હાથનો ઉપયોગ ઘણે તેની મહી બાબતમા પણ કરવો પડે છે. એટલે દરેક વખત હાથ ધોવાય અને તે પણ રસોઇમાં દાખલ થતી વખતે સ્વચ્છ કરવાનો નિયમ જરૂરનો છે વળી હાથ ધોવામા ખાસ આવશ્યકતા નખ ચોખ્ખા કરવાની છે. નખ બનતા સુધી વધવા દેવા નહીં જેમ નખ લાંબા તેમ તેમાં કચરો વધારે આવા નખ હોય સોટની કબુક બાંધ્યા પછી જોયું —તો નખ ચોખ્ખા થઇ ગયેલા માલુમ પડશે. નખનો બધો જ કચરો કબુકમાં પ્રવેશ પામી ગયો હશે. કચરામાંજ જંતુઓ હોય છે તે પણ કબુકમાંજ દાખલ થઇ ગયા હોય છે.

જેમ હાથ સ્વચ્છ જોઇએ તેમ રાંધવાનાં વાસણ પણ તદ્દન સ્વચ્છ જોઇએ કચરો, ધૂળ, માટી, કોઇજ જાતેનુ જોઇએ નહીં. સાંડસી, તપેલા, કડછી વિગેરે જમીન ઉપર મૂકેલાં હોય ત્યાંથી લઇ ધોયા સિવાય રસોઇમાં વાપરવાં નહીં.

રસોઇ પીરસવામાં પણ ઉપરનીજ સૂચનાઓ કામની છે રસોઇમાં હાથ બાળવો નહીં. પરંતુ કડછી, ચમચાથીજ પીરસવું જોઇએ હાથમાં વસ્તુ લઇ પીરસવાની રીત ઘણીજ ગંદી હોવાથી નાપસંદ કરવા યોગ્ય છે. જમવાના થાળી વાડકા પણ સ્વચ્છ હોવાં જોઇએ.

રસોઈ બનાવવામાં તેમજ તે જમવામાં, પીરસવામાં, સ્વચ્છતા જોઇએ તો પછી જે ઓરડામાં રસોઇ બનાવવાની છે અને જ્યાં જમવા બેસવાનુ છે તે જગા ઘણીજ સ્વચ્છ હોવી જોઇએ તે નિર્વિવાદ છે. રસોડામાં કોઇપણ જગાએ ગંદવાડ હોવી ન જોઇએ. પણ ગંદવાડ બરાબ રહે તેવા સંજોગો પણ હોવા ન જોઇએ પાણીનો ઢાળ સારો જોઇએ. બાકીનુ, વીણેલું કે શાક સમારેલાનો કચરો રસોડામાં વધુ વખત રહેવો જોઇએ નહીં રસોડુ જેમ બને તેમ સાદુ, સ્વચ્છ, અને ખુલ્લી હવા અજવાળાવાળુ જોઇએ. ધુમાડો બહાર જવા માટે સારી વ્યવસ્થા જોઇએ.

આમ બધુજ ચોખ્ખુ હોય પણ જમનાર માણસનુ મોં અને હાથ સ્વચ્છ ન હોય તો ધૂળ ઉપર લીંપણ જેવું થાય હાથ અને નખમાં અતિશય કચરો અને જંતુઓ હોય છે એટલુજ નહીં પણ મોંમાં બાસ કરીને દાંત અને બખોલમાં બહોળા કચરો, મેલ, બારી અને જંતુઓ હોય છે. આ સારૂ કર્યા સીવાય સ્વચ્છ રસોઇ જમવાથી જંતુમિશ્રિત રસોઇ પેટમાં તો જવાનીજ. એટલા માટે જમવા વખતે પ્રથમ હાથ બરાબર સારા પાણીથી ધોઇ નાંખી પછી મોં, દાંત વિગેરે પાણીના કોગળા કરી ઝાંખણીથી દાંત ઘસી કરી કોગળા કરી સાફ કરવું જોઇએ.

(સંપૂર્ણ)



નાગપુત્રી

સંપાદક :
શ્રી લોગીલાલ જયચંદ
સાંડેસરા

[રાજશેખરસૂરિએ સ. ૧૪૦૫ માં ચતુર્વિંશતિપ્રબન્ધ અથવા પ્રબન્ધકોશ રચ્યો છે તેમા આર્યનન્દિલ પ્રબન્ધ નામના બીજા પ્રબન્ધમાં આ કથા આપેલી છે હાલ પણ ગુજરાત અને કાઠિયાવાડમા નાગપંચમની કથા પ્રચલિત છે, તેની સાથે તે બહુ મળતી આવે છે. શ્રી મેઘાણી સંપાદિત કંકાવટીની બારમી વ્રતકથા વાંચવાથી આ બાબતની ખાત્રી થશે પ્રબન્ધકોશકારનો હેતુ નાગપંચમના માહાત્મ્ય વર્ણવવાનો નહોતો, તેથી કથાને બહુ ટુંકાવી નાખી છે, તેથી ઘણે સ્થળે રસની ક્ષતિ થાય છે: લેખકનો હેતુ એક જૈન આચાર્યનું માહાત્મ્ય વર્ણવવાનો છે, તેથી જૈનસંપર્ક પણ અંદર પણ છે. નાગપંચમને બદલે ચૈત્રપૂર્ણિમા છે, પરંતુ વસ્તુ તો એજ છે આપણા પ્રાચીન અને અર્વાચીન લોકસાહિત્યના તુલનાત્મક અભ્યાસમાં તે ઉપયોગી થાય એવી છે, તેથી મૂલ સંસ્કૃત કથાનું ગુજરાતી ભાષાન્તર અહીં આપ્યું છે. કંકાવટીમાંની કથા એક વાર વાંચી જવાથી આની ઉપયોગિતા સ્પષ્ટ રીતે સમજાશે. આમાંના કેટલાક પ્રસંગો પ્રચલિત કથાથી જુદા પડે છે.]

આર્યનન્દિલપ્રબન્ધ

પૃથ્વિનીખંડપાટણમાં પદ્મપ્રભ રાજા હતો. તેની પદ્માવતી રાણી હતી. એ શહેરમાં પદ્મદત્ત નામનો શેઠ રહેતો હતો તેની સ્ત્રી પદ્મયશા નામની હતી તેઓનો પદ્મ નામનો એક પુત્ર હતો. તે પદ્મને વરદત્ત સાર્થવાહે પોતાની વૈરોટ્યા નામની પુત્રી પરણાવી હતી.

એક વખત વૈરોટ્યાનો પિતા વરદત્ત પોતાના પરિવારની સાથે દૂર દેશાવરમાં ગયેલો ત્યાં વનમા દવ લાગતા બળી ગયો વૈરોટ્યાની સાસુ તેને-તે પોતાની મેળા સુશ્રૂષા કરતી હતી છતાં 'નણાપી' કહીને મેણું મારતી કારણ-"રૂપ, ધન, તેજ, સૌભાગ્ય પ્રભૂતા: એ બધું સ્ત્રીઓને નિરંતર પીયરીયાનાં પ્રભાવથી મળે છે."[1]

કર્કશ વચનોથી પીડાયેલી વૈરોટ્યા પોતાની સાસુને નહીં પણ દૈવને દોષ દેતી અને વિચાર કરતી કે "પૂર્વે કરેલાં કર્મોનો ફલવિપાક દરેકને થાય છે."

થોડા વખત પછી વૈરોટ્યાને ગર્ભ રહ્યો અને તેને ખીર ખાવાનો દોહદ થયો. એ વખતે આચાર્ય નન્દિલ નામના સૂરિ ત્યાના ઉદ્યાનમાં આવ્યા હતા. વૈરોટ્યાની સાસુ બોલતી" આ વહુને છોકરો નહીં પણ છોકરો જન્મવાની છે." આવી રીતે વચન-

---

૧ કથા પદ્યમાં છે, એટલે આવી રીતે કાળા કાગળમાં મૂકેલા વાક્યો વચ્ચે વચ્ચે આવતા શ્લોકોનુ ભાષાન્તર છે,

બાજોઠથી બચાવેલી તે સતી શ્રી મુનિને વંદન કરવા ગઇ. પોતાની સાસુ સાથેનો વિરોધ ત્યાં કહ્યો મુનિ બોલ્યા—" આ પૂર્વ કર્મનો દોષ છે, માટે હે વત્સે ! ક્રોધ વધારવો યોગ્ય નથી. આ લોકમાં ક્રોધ એ શરીરને સંતાપકારક છે અને પરલોકમાં નરકાદિ દારૂણ દુઃખ પેદા કરનાર છે. તને પુત્ર જન્મશે. તને ખીર ખાવાનો દોહદ થયો છે તે પણ પૂરો થશે "

આવી રીતે મુનિનાં વચનોથી આનંદ પામીને તે ઘેર આવી અને વિચાર કરવા લાગી કે આ ગુરુ સિવાય આખી પૃથ્વીમાં મારો એવો કોઇ પણ સુહૃદ નથી, જેની આગળ મારાં હૃદયનાં ચિરસંચિત સુખદુઃખની ઘડી—બે ઘડી વાત કરીને જરા ઉંડા નિઃશ્વાસ નાખીને કંઇક વિશ્રામ પામું.

પદ્મપદ્મા પણ ચૈત્રી પૂનમને દિવસે પુંડરીક કરતાં ઉદ્યાપન આરંભ્યું. તે દિવસે પાયસપૂર્ણ પ્રતિગ્રહ યતિઓને આપવામાં આવે છે, તથા સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવે છે તેણે તે સર્વ કર્યું, પણ વૈરભાવથી વહુને હલકા કોઠાળ ખાવા આપ્યા. વહુ (વૈરોટ્યા) થાળીમાં ખીર લઇ, ઉપર કપડું મૂકી છાનીમાની જલાશય આગળ પાણી માટે ગઇ. ઝાડના થડ આગળ ખીર મૂકીને હાથ પગ ધોવાને ગઇ તે વખતે, જે અલિંજર નામનો નાગ પાતાલમાં રહે છે, તેની બીને પણ (ગર્ભ રહ્યો હોવાથી) ખીર ખાવાનો દોહદ થયો હતો તેથી, પૃથ્વી ઉપર આવીને ખીર શોધતી હતી. તેણે ઝાડના મૂળ આગળ મૂકેલી ખીર જોઇ અને તે ખાઇ ગઇ વૈરોટ્યા હાથ પગ ધોઇને પાછી આવે છે તો પાત્ર ખાલી જૂએ છે, પણ કોપ કરતી નથી, પણ આશીર્વાદ દે છે કે જેણે આ ખાધુ હોય તેના મનોરથ ફલો. ઝાડની પોલમાં બેઠેલી અલિંજરની પત્નીએ સાંભળ્યુ અને ઘેર જઇને પોતાના પતીને પણ આ વાત કરી. વૈરોટ્યા પણ ઘેર આવી તે રાત્રે જે વૈરોટ્યાની પ્રાતિવેશ્મિક બહેન હતી તેના સ્વપ્નામાં નાગપત્નીએ આવીને કહ્યું " ભદ્રે, હું અલિંજર નાગની પત્ની છું. વૈરોટ્યા મારી પુત્રી છે. તેને મારો ભાવ થયો છે તે તું

ત્રિમૂર્તિ

કવિ અચેત નગ્ન ને નિ:શ્વાસ રક્ત ઝીલતી,
કવિ અબોધ ભાવના તાજા રક્ત ઝીલતી,
કવિક હાસ્ય અશ્રુના પ્રબંધ ઓર ચોળવી,
સ્વભાવ સિદ્ધ લક્ષણે વહી કવિ પ્રમોદવી.
અચિંત્ય અંતરે છતાં, પિતા સમાન ચૂમતો—
ઝીલી સમર્થ માત એ ગુલાબી ધન્ય ધૂમતો !

વિષાદ વાદળી કવિ ક્યાંય અંત આવરે,
ત્રિતાપ જ્વાળ અંતરે, રસાર્દ્રતા હરી, ભરે;
દયા થી મૂર્તિમંત એ હસ્તવાસ પ્રાણ રેડતી,
સુધા ભરી મીઠી મીઠી સમૂળ ક્લેશ ફેડતી.
ક્ષણેક સ્વર્ગી તે સમે ઉંડુ ઉંડુ વિચારતો.
મહાત્મ્યભાવ માંહી અહમાં શું ઠોઉ ઢાળતો !

અને વસંતવાહિકા થી અંગઅંગ ખીલતી,
વિવિધ રંગ અંગમાં અનંગ-મસ્ત ડોલતી;
સુ-રૂપ સુંદરી નિહાળી વનવનાટ નાચતો,
ગણી પ્રિયા સમોવડી કુ ધન્ય ધન્ય રાચતો
યથેચ્છ સ્વપ્નસૃષ્ટિના વિહાર જ્યાં જ્યાં ભાવતો
અમર્ત્ય, માત ને પ્રિયા, સખી વિષે સમાવતો

હર્ષદરાય દેસાઇ

ઓ સાંભળ્યું અને ઘેર જઇને પોતાના પતીને પણ આ વાત કરી. વૈરોટ્યા પણ ઘેર આવી તે રાત્રે જે વૈરોટ્યાની પ્રાતિવેશ્મિક બહેન હતી તેના સ્વપ્નામાં નાગપત્નીએ આવીને કહ્યું " ભદ્રે, હું અલિંજર નાગની પત્ની છું. વૈરોટ્યા મારી પુત્રી છે. તેને મારો ભાવ થયો છે તે તું

પૂરો કરજે અને તેને કહેજેઃ- ' તારે બાપ નથી, પણ હું તારા બાપનો બદલો વાળીશ. અને સાસુથી પરાભવ પામેલી એવી તારો તાપ દૂર કરીશ'. " તે દાસીએ સવારમા વૈરોટયાને ખીર ખવરાવી સંપૂર્ણ દોહદવાળી જેવી તેણે પુત્રને જન્મ આપ્યો. નાગપત્નીએ પણ સો પુત્રોને જન્મ આપ્યો વૈરોટયાના પુત્રના નામકરણદિવસે નાગલોકોએ ઉત્સવ કર્યો. જ્યાં તેના બાપનું ઘર હતું ત્યા નાગદેવતાએ સુન્દર મહેલ કરાવ્યો. ત્યાં અનેક હાથી, ઘોડા અને પદાતિવાળા નાગલોક આવ્યા ઘર બધું લક્ષ્મીથી ભરી દીધું. પુત્રોના પરિવારવાળી પતિયુક્ત અલિંજરપત્નીએ દિવ્ય વસ્ત્ર, પટોળાં, સુવર્ણ, રત્ન, આભરણ વગેરે સર્વ મનોજ્ઞ વસ્તુઓ વૈરોટયાને આપી. વૈરોટયા અલિંજરના ઘરમા રોજ આવજાવ કરવા માંડી. નાગપત્ની તેનો બહુ સત્કાર કરતી - સાસુ પણ " આને પીયરીમાં છે " એમ વિચારીને વહૂને માન આપવા માંડી ' -लोक पूजितपूजकः ' । વૈરોટયાનું રક્ષણ કરવા માટે નાગપત્નીએ પોતાના સો પુત્રો આપ્યા. તેણે એ સર્પોને ઘઠામાં નાખ્યા એ વખતે કોઇ કામકરનારીએ અગ્નિથી તપેલી થાળી ઉપર એ ઘડો મૂકયો. વૈરોટયાએ જોયું કે તરત જ ઉતારી નાખ્યો, અને ઉપર પાણી છાટયું તેથી એ નાગપુત્રો તરત જ સ્વસ્થ થઇ ગયા, પણ એક જણ બાકી થઇ ગયો તે જોવા જમીન ઉપર પડયો કે તરત વૈરોટયા બોલી. " બાંડીયા (बण्डः) જીવતો રહે " વૈરોટયાના સ્નેહથી મોહિત થયેલા તે બાન્ધવરૂપ સર્પો રત્ન, સુવર્ણ વગેરે આપીને તથા નામકરણ સંસ્કાર કરાવીને પોતાના સ્થાને ગયા વૈરોટયા આવી રીતે નાગદેવના પ્રભાવથી ગૌરવવંત થઇ

હવે, અલિંજર પોતાના પુત્રને બાંડો જોઇને ગુસ્સે થયોઃ " કોણે દુષ્ટે મારા પુત્રનુ પૂછડું કાપી નંખ્યું ? " " વૈરોટયાએ મારા પુત્રને બાંડો કર્યો છે " એ જાણીને તેના ઉપર પહેલા પ્રસન્ન થયેલો હોવા છતાં પણ ક્રોધ પામ્યો; અને કંઇક ઉત્પાત કરવાને વૈરોટયાને ત્યા ગયો. અલિંજર ઘરમાં સંતાઇ રહ્યો. વૈરોટયા અંધારા ઓરડામાં પેઠી તે જ વખતે બોલીઃ " બાંડીઓ (बण्ड) જીવતો રહો " આ સાંભળી સન્તુષ્ટ થયેલા નાગરાજે તેને નૂપુર આપ્યાં; અને તેના ઉપર કૃપા કરીને કહ્યું: " વત્સે, આજથી તુ પાતાલમાં આવ, અને પન્નગો પણ તારે ત્યાં આવશે." વૈરોટયાએ પાતાલમાં આવજાવ કરેવા માંડી. નાગની કૃપાને લીધે પુત્રનું નામ નાગદત્ત રાખવામાં આવ્યું.

થોડા સમય પછી શ્રી આર્યનન્દિલક્ષપકે વૈરોટયાના સસરાને કહ્યું: " નાગના આશ્રયે રહેલી તારી પુત્રવધુને તુ નાગદેવોને આ પ્રમાણે વિનતિ કરવા કહેજે—તમે લોકો ઉપર અનુગ્રહ કરો, કોઇને દગ્ધ ન દો. " સૂરિનું આ વચન સસરાએ વૈરોટયાને અને વૈરોટયાએ નાગલોકને કહ્યું. પાતાલમાં જઇને વૈરોટયાએ જોરથી કહ્યું " અલિંજરપત્ની ઘણું જીવો. અલિંજર ઘણું જીવો. કે જેણે મને નખાપીને બાપવાળી કરી છે, અનાથને સનાથ કરી છે. અરે નાગકુમારો, મહાત્મા આર્યનન્દિલે આદેશ કર્યો છે કે " લોકોને પીડા ન કરો, લોકો ઉપર અનુગ્રહ કરો. " આમ કહીને વૈરોટયા પોતાને ઘેર ગઇ. ગુરુએ વૈરોટયાસ્તવ[1] રચ્યો. જે વૈરોટયાસ્તવનુ પઠન કરે છે તેને નાગનો ભય નથી થતો વૈરોટયા બધા નાગોને ગુરુની પાસે લાવી. તેઓ ઉપદેશ સાંભળીને શાન્ત ચિત્તવાળા થયા. વૈરોટયાનો નાગદત્ત નામનો પુત્ર બહુ સંપત્તિવાન થયો પદ્મદત્તે પ્રિયાસહિત વ્રત અંગીકાર કર્યું. તપ તપીને સ્વર્ગમાં ગયો. પદ્મયશા બિજા દેવત્વને પ્રાપ્ત થયેલા પદ્મદત્તની સાથે દેવી થઇ. વૈરોટયા પણ ફણીન્દ્રોનું બ્રાહ્મણ ધરતી મરણ પામીને ધરણેન્દ્રપત્ની થઇ. ત્યા પણ તેનુ વૈરોટયા એવું નામ છે.[2]

---

૧. આ સ્તોત્ર અદ્યાપિ વિદ્યમાન છે.

૨ વૈરોટયા દેવીનો મહિમા ઘણો છે.

આત્માનું અવલોકન

લેખક :
રે. અમૃતલાલ હ. પટેલ,
હેલ્થ ઓફીસર, સુરત.

આજ અજ્ઞાન અને મારી બેદરકારીથી, મારો અંદર રહેલા સમગ્ર દોષોને શું કંઈ થયું છે ? ના, ના, કંઈ નથી જોયું શકતી. હું મારા ખરા દોષોથી અજાણ છું અને મારા સ્નેહી, જે મને મારા દોષો જણાવી શિક્ષા-મણ આપે તો મને બહુ માઠું લાગે છે, કંઈ રડું છું અને મારા પ્રિયતમને રડાવું છું.

મારા બેદરકારીભર્યા, મારા અવગુણોને પણ ગુણ રૂપે બતાવી, મારી ખુશામત કરી, મને જેતરી, મને સારા સમાચાર મિત્રો જગતમાં બહુજ તેટલા છે પરંતુ મારા દુર્ગુણોનું, મારી ક્ષતિઓનું, મારી અપૂર્ણતાનું, મારી બેદરકારીનું અને મારા અજ્ઞાનનું ભાન કરાવનાર, મારો સાચો મિત્ર, મારો પરમ સ્નેહી, મારા સુખે સુખી, અને મારા દુઃખે દુઃખી અને મારે માટે લાગણી ધરાવનાર, મારો મિત્ર તો જગતમાં એકજ છે તે કોણ ? હું તેને સાચા સ્વરૂપમાં ઓળખું છું ? નહિ ! હું તેને ફક્ત ઉપર ઉપરથીજ પીછાનું છું; તેનું માયું સ્વરૂપ, તેની ખરી મહત્તા અને તેનો વિશુદ્ધ પ્રેમ, હું અજ્ઞાન, બેદરકાર એ પીછાનતી નથી પ્રભુ ! મને સમજાવો ! સહાય કરો ! !

સતી મંડળના પોથાં વાંચી ચૂકી છું, સતી સીતાના જીવનનું અનુકરણ કરવાનો હું કોળ કરું છું, દમયંતીના ગુણોનું ગાન કરું છું, સાવિત્રીની પતિભક્તિ પર વારી જાઉં છું અને પતિપ્રેમના સમુદ્રમાં સ્નાન કરતી પત્નીઓના ચરિત્રો વાંચી રાચું છું; પરંતુ તેથી શું થયું ?

" જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સકળ સાધના સર્વ જૂઠી "

અંતિમ અભીલાષા

[હરિગીત]

મુજ ચિત્તના સંકલ્પ તોયે દુઃખ કિંચિત વ્યાપિતજ્ઞ,
પ્રભુહીન જીવન અલ્પતા કે કંઈ અંતરમાં બહુ;
બહારના વ્યવહારમાં મુજ ઉર વિરક્તિ ભરી રહ્યું,
કિંચને ચમે છે આજ નિર્જન રમ્ય રમણ સાર્વત્રિકમું. ૧

સમભાવ પ્રેરિત હૃદયવપુ અપિ પોતાપત્યને,
વાત્સલ્યપૂર્ણ વિજ્ઞાનકર દર્શાવ ગીતા તત્વને;
સંતાપ, શોકે વિલાપ અવમાં આકમણ કરતાં બન્યું,
તે સર્વથી રહી પિતા મુજાવ સુર મુરલી તણાં. ૨

સત્કર્મ પાપજ પ્રાણીને આ પુનઃ વિશ્વે ખેચતાં,
સહુ કર્મ પ્રભુએ જાનથી બે નાર શકે જાણતા;
મોરો મદન છે કાલના ત્યાં બુદ્ધિ અલગ રહેજ છે,
નિર્લોભ વિશ્વ દર્શાવવે અંતિમ અભીચ્છા એજ છે ૩

મનોરમા મગળજી શાસ્ત્રી

તેમનામાં ધગશ હતી. અને એ ધગશને અંગે રંગુનમાં બીજાની ઉન્નતિ સારૂ તેમણે કાર્ય શરૂ કર્યું હતું. જુના આચાર વિચારના બહેનોને સાથે રાખીને તેઓ કામ કરતાં હતાં. ત્યાની નિરાળ માટે તેમણે એક કોન્સર્ટની યોજના કરી હતી અને જુના વિચારના ભાઇ બહેનોના વિરોધ છતાં એ સર્વને બેસાં રાખીને તેમણે એ યોજના પાર ઉતારી હતી.

બોલબીન અને અકયાબમાં મોટી ઉમરની ગુજરાતી બહેનો માટે તેમણે પોતાને ઘરે બાનગી શિક્ષણવર્ગો તેમજ શીવણવર્ગો ચલાવ્યા હતા. તદ્દન નિરક્ષર બહેનોને લખી વાંચી શકે એટલું શિક્ષણ આપવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો અને તેમાં તેમને સફળતા પણ મળી હતી દરેક શિક્ષિત બહેને ગુજરાતી બહેનોની નિરક્ષરતા દુર કરવા માટે સૌ લવંગિકાબહેનનો દાખલો લઇ કામ કરવાની જરૂર છે.

સૌ. લવંગિકાબહેનને પ્રસિદ્ધિમાં આવવાનો જરા પણ શોખ ન હતો અને પરિણામે તે ગુજરાત તેમનાં કાર્યથી પરિચિત નથી. સ્વ. પંડિત મોતીલાલ નેહરૂ માટે યોજાયલા સરઘસમાં તેમણે આગેવાની ભર્યો ભાગ લીધેલો. તે માટે તેમની છબી મંગાવામાં આવેલી પરંતુ એવી પ્રસિદ્ધિની હેરા પણ ઇચ્છા ન હોવાથી તેમણે તે આપવા સાફ ના પાડેલી.

તેમને સંતાનોમાં માધવી ઉર્ફે કુરંગી (વય વર્ષ ૧૧) અને ચિત્રાંગદા (વય વર્ષ ૬) એ બે પુત્રીઓ છે. બન્ને પુત્રીઓને તેઓ ઘરમાંજ શિક્ષણ આપતાં હતાં. અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતનું તેઓ જાતે શિક્ષણ આપતાં હતાં.

સૌ. લવંગિકાબહેન સ્વભાવે ઘણાં મળતાવડાં આનંદી, નિખાલસ, સાદાં તેમજ નિરભિમાની હતાં

અવસાન પહેલાં બે માસ ઉપરજ તેઓ પિતાને ત્યાં બાર આવ્યાં હતાં. અને તા. ૯ મી ઓકટોબરે વૃદ્ધ પિતા માતાને તેમજ સગાં, સબંધી સ્નેહી જનોને દુઃખસાગરમાં મૂકી અવસાન પા.. પ્રભુ તેમના આત્માને ચિરંતન શાન્તિ આપો !

—o—

સ્ત્રી અને પુરૂષ એકજ નથી

' સ્ત્રીજાગૃતિની હિલચાલ (The Feminist Movement) જોકે ઉચ્ચ આદર્શ ઉપર રચાયેલી છે, છતાં, મને લાગે છે કે એમાં એક મોટી ભૂલ થઇ છે જે એકતા છે નહિ ને હોઇ શકે નહિ તે પરાણે આણવાનો તેણે પ્રયત્ન કર્યો છે સ્ત્રીપુરૂષ વચ્ચે શારીરિક, માનસિક, હાર્દિક ને આધ્યાત્મિક ભેદ રહેલો છે તે દૃષ્ટિ બહાર રાખવાનો પ્રયત્ન આ હિલચાલે કર્યો છે. પરંતુ સ્ત્રીપુરૂષ વચ્ચેનો આ ભેદ જ પુરૂષની સાથે જાહેર જીવનમાં મળવાનો અધિકાર સ્ત્રીને પ્રાપ્ત કરાવે છે જો સ્ત્રીપુરૂષ એકજ હોય તો પુરૂષ સ્ત્રીનો પ્રતિનિધિ થઈ શકે, પણ મહાન ઇશ્વરી જીવનના બીજા પ્રદેશનું પ્રતિનિધિત્વ સ્ત્રીઓનું છે. પ્રજાના અને જગતના કલ્યાણ માટે તેથી જ સ્ત્રીઓના અભિપ્રાય અને દૃષ્ટિબિંદુ વ્યક્ત થવાની ઘણીજ અગત્ય છે. જગતના મહાન પ્રશ્નો વિશે સ્ત્રીઓ પુરૂષો કરતા ભિન્ન દૃષ્ટિબિન્દુ રજુ ન કરી શકે તો બહેતર છે કે તેમણે મૌન સેવવું. જ્યારે સ્ત્રીઓ દેખાવમાં, પહેરવેશમાં, ટેવમાં, અને કામધંધામાં પુરૂષ જેવી થવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેઓ વિસરી જાય છે કે કુદરતની યોજનામાં પોતાનું સ્થાન અને ધર્મ શાં છે "

[શ્રી મોતીવાળાના ભાષણમાંથી] લેડી એમીલી લુટીયન્સ



૧૦

દેવીદીને સ્હાની દુકાન તેજ દિવસે બંધ કરી દીધી હતી અને દિવસભર જે અદાલતમાં ધાડવાળો મુકદમો ચાલતો હતો અને રમાનાથની જુબાની લેવાઈ રહી હતી તેની ધૂળ તે ખૂદા કરતો હતો. બરાબર ત્રણ દિવસ સુધી રમાનાથની જુબાની લેવાયા કરી અને ત્રણે દિવસ સુધી દેવીદીને ન કાંઈ ખાધું કે ન કાંઈ પીધું. આજે પણ ઘરે આવતાંની સાથે જ લેણે કુરતુ ઉતારી નાખ્યું અને પંખો લઈને પવન નાખવા માંડયો. કામણ જોઈ હતો એટલે થોડી થોડી ગરમી થઈ હતી પરંતુ કાંઈ એવી ગરમી ન હતી કે પસીનો થાય અને પંખાની જરૂર પડે. ભમકદાર લોકો તો ઠંડીના કપડાં પહેરતા હતા; પરંતુ દેવીદીન પસીનાથી તર થઈ ગયો હતો તેનો ચહેરો હમેશાં નિષ્કપટ વહલ્યથી હસી રહેતો હતો તે અત્યારે ગંભીર થઈ ગયો હતો, કેમ જાણે કોઈ વેર કરીને તે પાછો આવ્યો ન હોય!

જગ્ગો લોટામાં પાણી લાવીને બોલ્યો "ચલમ ભરી દઉં?" ત્રણ દિવસથી દેવીદીનની ખાતર થઈ રહી હતી. આના પહેલાં બુદ્ધી કદિ પણ ચલમ ભરી આપવાનું કહેતી ન હતી. દેવીદીન એની મતલબ સમજતો હતો. સદય નેત્રોથી બુદ્ધી તરફ જોઈને તે બોલ્યો "નહિ; રહેવા દે, ચલમ નથી પીવી."

"તો હાથ ભોંઠું; તો ઘોઈ લો, ધૂળ લાગી ગઈ છે"

"ઘોઈ નાખીશું; શી ઉતાવળ છે!"

બુદ્ધી આજની ખબર જાણવા ઉતેજીત હતી પરંતુ દેવીદીન ચીડાઈ ન જાય એટલા ખાતર ડરી રહી હતી દેવીદીન પ્રસન્ન થઈને આપો આપ બધો વૃત્તાન્ત કહી દે એટલા માટે તેનો થાક ઉતારવાની જગ્ગોની ઈચ્છા હતી.

"તો જરા પાણી તો પીઓ, બપોરે તો કાંઈ ખાધું પણ ન હતું મીઠાઈ લાવું? લાવો, પંખો મને આપી દો."

દેવીદીને પંખો આપી દીધો. બુદ્ધી પવન નાખવા લાગી બે ત્રણ મીનીટ સુધી આંખો બંધ કરીને પડી રહ્યા બાદ દેવીદીને કહ્યું

"આજે આપની જુબાની પૂરી થઈ"

બુદ્ધીનો હાથ થંભી ગયો તે બોલી. "તો કાલથી તે ઘરે આવી જશે?"

દેવીદીન "હજી બુદ્ધી નહિ આવે, આ જ જુબાની ફિવાનીમાં આપવી પડશે, અને હવે અહીં આવે પણ શા માટે? કાંઈ સારો જમા મળી જાય. ઘોડા પર બેસીને ફરશે. પરંતુ છે તો બહોળા મતલબી. ૧૫ વેગુન્હે-

મારોને ફસાવી દીધા. પાંચ છ ને તો ફાંસી મળી જશે. બીજાઓને દશ દશ, બાર બાર વર્ષની સજા થઈ જવાની છે. તેની જુબાનીથી મુકદમો સાબીત થઈ ગયો. હવે કોઈ ગમે તેટલો પ્રયત્ન ભલે કરેને ! શી મજાલ છે કે જરા પણ સંદેહ પડે. હવે એક જણ પણ નહિ બચે. કોણે કામ કર્યું, કોણે નથી કર્યું, એનો હાલ તો ઈશ્વર જાણે; પરંતુ બધા મરી જવાના. ઘરેથી પણ સરકારી રૂપીયા ખાઈને જ ભાગ્યો હતો ' આપણે છેતરાઈ ગયા ! "

જગ્ગો મીઠા તિરસ્કારથી જોઈને બોલીઃ " આપણી નેકી–બદી આપણી સાથે છે. સંસાર આખો મતલબી છે. કોણ કોને માટે મરી ફિટે છે ! "

દેવીદીને તીવ્ર સ્વરે કહ્યુંઃ " પોતાના સ્વાર્થને ખાતર જે બીજાઓના ગળાં કાપે તેને તો ઝેર દેવામાં પણ પાપ નથી. "

એટલામાં બે જણ આવીને ઉભા રહ્યા. એક ગોરો ખૂબસૂરત છોકરો હતો, તેની ઉમ્મર પંદર સોળ વર્ષથી વધુ ન હતી બીજો અધેડ હતો અને ચપરાસી જેવો દેખાતો હતો.

દેવીદીને પૂછ્યુંઃ " કોને શોધો છો ?"

ચપરાસીએ કહ્યું " દેવીદીન તમારું જ નામ ને ? હું 'પ્રજામિત્ર'ની કચેરીમાંથી આવ્યો છું આ ભાઈ, રોતરજનું ખતમ મળ્યું હતું તે રમાનાથના ભાઈ છે તેમની તપાસ કરવા તેઓ કચેરીમા આવ્યા હતા. એટલે તંત્રીજીએ તમારી પાસે મોકલ્યા છે. તો હું જાઉં ને ? "

એટલું કહીને તે ચાલી ગયો દેવીદીને જોપીને માથાથી પગ સુધી નિહાળ્યો, આકૃતિ રમાનાથને મળતી હતી તે બોલ્યો "આવો, બેટા ! બેસ, ઘરેથી કયારે આવ્યો ? "

એક ખટિકની દુકાને ઉપર બેસવાનું જોપીને ઘણું પ્રતિકુળ લાગ્યું. ઉભો રહીને તે બોલ્યો. " આજે જ આવ્યો છું બાની પણ સાથે છે ધર્મશાળામાં ઉતર્યો છું. "

દેવીદીન ઉભો થઈ ગયો અને બોલ્યો. " તો જા વહુને લઈ આવને ! ઉપર રમાનાથ આખુનો ઓરડો છે, ત્યાં આરામથી રહો. ધર્મશાળામા શા માટે પડી રહેશો ? નહિ, ચાલ, હું પણ આવું છું. અહીં બધી રીતની સગવડ છે. "

તેણે જગ્ગોને આ ખબર આપી અને ઉપર ઝાડુ વાળવાનું કહી તે ગોપી સાથે ધર્મશાળા તરફ ચાલ્યો ગયો. ભુરીએ તરત જ ઉપર જઈને ઝાડુ કાઢયુ. પછીથી મીઠાઈ વાળાની દુકાન પરથી મીઠાઈ અને દહીં લઈ આવી. સુરાહીમાં પાણી ભરી દીધું, પછી હાથ મોં ધોઈને એક રંગીન સાડી કાઢી, ઘરેણાં પહેર્યા અને બનીઠનીને વહુની રાહ જોવા લાગી.

એટલામાં ગાડી આવી પહોંચી ભુરીએ આગળ જઈને બારણું ઉઘાડયું, ઉતારી બારણા પહેલા તો શાકભાજીની દુકાન જોઈને ચોંકી; પરંતુ ભુરીનું સ્નેહસ્વાગત જોઈને તેની ચોક દૂર થઈ ગઈ તેની સાથે ઉપર જતાં દરેક ચિજ પોતપોતાની જગાએ રાખેલી જોઈ. કોને જાણે પોતાનું જ ઘર ન હોય !

જગ્ગોએ ઓટામાં પાણી આપી કહ્યુંઃ ' આજ ઘરમાં બાર રહેતા હતા, બેટી ! આજે પંદર દિવસથી ઘર સૂનું પડયું છે. હાથ મોં ધોઈને બારણે, બેટી ! બારની ખબર તો હજી તને નહિ પૂછી હોય ! "

બારણે માથું હલાવીને કહ્યુંઃ " હજી બરાબર માલમ નથી પડી. મુન્શી છપાય છે ત્યાં માલમ પડયું કે પોલીસે તેમને ગિરફતાર કર્યા છે "

દેવીદીન પણ ઉપર આવી ગયો હતો. તે બોલ્યોઃ " ગિરફતાર તો કર્યો હતો, પરંતુ

હવે તો તે એક મુકદ્દમામા સરકારી સાક્ષી બન્યો છે. પ્રપાત્રમાં હતે તેના ઉપર કોઇ મુકદ્દમો નહિ ચાલે અને વળી સાથે માથે નોકરી ચાકરી પણ મળી જશે "

જાલપાએ ગર્વથી કહ્યું. " શું એ ડરથી તે સરકારી સાક્ષી બન્યા ? ત્યાં તેમના ઉપર કોઇ આમક્ષેા નથી. તેા મુકદમેા કેમ ચાલશે ? "

દેવીદીને બ્હીતાં બ્હીતાં કહ્યું " કાંઇ રૂપીયા પૈસાનેા આમક્ષેા હતેા ને ? "

જાણે આફત આવી પડી હેાય તેમ જાલપાએ કહ્યું "એવી કોઇ વાત ન હતી. અમને માલમ પડયું કે કાંઈ સરકારી રકમ એમનાથી અર્ચાઇ ગઇ છે એટલે તરતજ તે રકમ પહેાંચાડી દીધી નકામા ગભરાઇને ભાગી આવ્યા અને પછી તેા એવી ચૂપકીદી રાખી કે પેાતાની ખબર સુદ્ધાં ન આપી. "

દેવીદીનનેા ચહેરેા જરાજગી હડકેા કેમ જાણે કોઇ વ્યથાથી આરામ મળ્યેા ન હેાય ! તે બેાલ્યેા ' અમને શી ખબર ' વખતેા વખત તેને સમજાવ્યેા કે ઘરે કાગળ પત્ર લખી દે. બધા ગભરાતા હશે. પરંતુ ઘરમનેા ભાયેા લખનેાજ ન હતેા. પ્રપાત્રમા મુકદ્દમેા ચાલી ગયેા હશે, એવેા ડર તેને લાગ્યા કરતેા હતેા ને એ જાણતેા હેાત તેા સરકારી સાક્ષી થાનેા બનત ! "

સરકારી સાક્ષીનેા આક્ષેપ જાલપાથી અજાણ્યેા ન હતેા સમાજમાં તેની જે નિન્દા અને અપકીર્તિ થાય છે, તે પણ તેનાથી અજાણ્યુ ન હતુ સરકારી સાક્ષીઓ કેમ બનાવાય છે, તેમને કેવી રીતનુ પ્રલેાભન આપવામાં આવે છે, પેાલીસનુ રમકડુ બનીને તે કેવી રીતે પેાતાનાજ મિત્રેાનાં મળાં કાપે છે, તે સર્વ તેને માલમ હતુ. જે કોઇ માણસ પેાતાનાં બુરા આચરણથી લજ્જિત થઇને સત્યનુ રટણ કરે, છળ અને કપટનુ આવરણ દૂર કરે તેા તે સજ્જન છે. તેનાં સાહસની જેટલી પ્રસંસા થાય તેટલી ઓછી છે પરંતુ એમાં શરત એટલી કે તે સાથે પેાતાનાં કર્મનુ ફળ ભેાગવવા તે તૈયાર રહે, હસતેા રમતેા ફાંસી પર ચઢી જાય, એજ સાચેા વીર છે પરંતુ પેાતાનાં પ્રાણની રક્ષાને ખાતર, સ્વાર્થના નીચ વિચારથી, મનની કઠેારતાના ભયથી, પેાતાના સાથીઓ સાથે દગેા કરે, પાળેલેા સાપ બની જાય તેા તે કાયર છે, પતિત છે, નીચ છે. વિશ્વાસઘાત, ડાકુઓ અને સમાજના શત્રુઓમા પણ એટલેાજ હેય છે, જેટલેા અન્ય ક્ષેત્રમાં છે એવા પ્રાણીઓને સમાજ કદિ પણ ક્ષમા કરતેા નથી. જાલપા એ સારી રીતે સમજતી હતી. અહીં તેા સમસ્યા એથી પણ મુશ્કેલ થઈ ગઇ હતી રમાનાથે દંડના ભયથી પેાતાનાં કરેલાં પાપનેા પડદેા ખેાલ્યેા ન હતેા. તેમાં ઓછામાં ઓછી સચ્ચાઇ તેા હતી. નિંદા હેાવા જતાં તેમાં આંતરિક સચ્ચાઇનેા એક ગુણ તેા હતેા. અહીં તેા એ પાપેાનેા પડદેા ખેંચાઈ ગયેા હતેા, જેની હવા સુદ્ધાં તેને લાગી ન હતી જાલપાને તરત એમાં વિશ્વાસ નહિ આવ્યેા અવશ્ય કોઇને કોઇ વાત બીજી જ થઇ હશે જેથી સરકારી સાક્ષી બનવા તેને પ્રેરણા કરી હશે તે સ કાચાતી બેાલી. " "શું અહીં પણ કોઇ.. ...કોઇ વાત થઇ ગઇ હતી ? "

તેની મનેાવ્યથાનેા અનુભવ કરતાં કરતાં દેવીદીન બેાલ્યેા " એવુ કાંઈ નથી, અહીં મારા સાથેજ તે પ્રપાત્રથી આવ્યેા હતેા. આવ્યેા ત્યારનેા અહીંથી ક્યાંય ગયેા નથી. બજાર પણ નીકળતેા ન હતેા. બસ, એક દિવસ નીકળ્યેા અને તેજ દિવસે પેાલીસે તેને પકડી લીધેા. એક મિપાઇને આવતેા જોઇને એવેા ભય લાગ્યેા કે મને પકડવા આવે છે, એટલે તે નાસી ગયેા. મિપાઇએ બૂમ પાડી અને

તેને ગિરફતાર કરી લીધો હું પણ તેની પાછળ થાણામાં ગયો. દારોગાએ પહેલાં તો સાચ માગી હતી. પરંતુ હું ઘરે રૂપીયા લેવા આવ્યો એટલામાં તો બીજી જ વાત બની ચુકી હતી. અમલદારોમાં કોણ જાણે શી વાત-ચીત થઇ. તેને સરકારી સાક્ષી બનાવી દીધો. મને તો ભાઇએ કહ્યુ હતુ કે આ મામલામાં જરાપણ જુઠું બોલવુ નહિ પડે. પોલીસનો મુકદ્દમો સાચો છે માચી વાત કહેવામાં શી હરકત ! હું ચૂપ થઇ ગયો. શુ કરૂ ? "

જગ્ગો. " કોણ જાણે બધાએ શી ઘુટી સુંઘાડી દીધી. ભાઇ તો એવો ન હતો દિવસભર મા, મા કરતો હતો દુકાન પર પુરૂષો તેમ જ બીજો પણ શી મજાલ કે કોઇની તરફ આખ ઉઠાવીને જોયુ હોય ! "

દેવીદીન " કોઈ ખરાબ ટેવ નહતી મેં તો એવો બેકરો જોયો જ નથી. તે જ કપટમાં સપડાઇ ગયો. "

જલપાએ એક મીનીટ વિચાર કરીને કહ્યું " તેમની જુબાની લેવાઇ ગઇ ? "

" હા, બરાબર ત્રણ દિવસ ચાલુ રહી. આજે જ પૂરી થઇ "

જલપાએ ઉદ્વિગ્ન થઇને કહ્યુ. " તો શું હવે કાંઇ નહિ થઇ શકે ? હું તેમને મળી શકુ ? "

દેવીદીન જલપાના આ પ્રશ્ન પર હસી પડયો તે બોલ્યો. " હા, બીજુ શુ ? ત્યાં જઇને તુ બધુ કહી દે, તો સારો ખેલ બગાડી નાખે. પોલીસ એવી ગધેડી નથી. આજ કાલ કોઇ પણ તેને મળવા પામતું નથી. સખ્ત પહેરો રહે છે "

એ પ્રશ્ન ઉપર આ સમયે બીજી કાંઇ વાતચીત થઇ શકે એમ નહતુ આ પ્રશ્નનો ઉકેલ કરવાનું કામ સહેલું નહતુ. જલપાએ ગોપીને બોલાવ્યો છજામાં ઉભો રહીને તે સડક પરનો તમાસો જોઇ રહ્યો હતો. જાણે સાસરે આવ્યો ન હોય, તેમ તે શરમાઇ રહ્યો હતો. ધીમે ધીમે તે આવીને ઉભો રહ્યો.

જલપાએ કહ્યું: " હાથ મોઢુ ધોઇને કાંઇ ખાઇ લે હજી તો તને ઘણુ ભાવે છે "

ગોપી શરમાઇને ફરી બહાર ચાલી ગયો.

દેવીદીન સહેજ હસીને બોલ્યો: " અ મારી મામે એ નહિં ખાય. અમે બને ચાલી જઇએ છીએ તમને કોઇ પણ ચીજની જરૂર હોય તો મને કહી દેજો, વહુજી ! ઘર તમારૂ જ છે ભાઇનો તો અમે અમારો જ સમજતા હતા. અમારે બીજુ છે પણ કોણ ? "

જગ્ગોએ ગર્વભેર કહ્યું: " તે તો મારા હાથનું રાંધેલું ખાતો હતો. તેને કાંઈ આભડછેડ અભિમાન ન હતું

" હવે તમારે રાંધવુ નહિ પડે, માજી, હું રાંધી આપ્યા કરીશ " જલપા હસતી હસતી બોલી.

" અમારી જ્ઞાતમાં બીજાના હાથનુ ખાવાની મનાઇ છે. હવે ચાર દિવસ માટે જ્ઞાતમા આંગળી ચિંધવા જેવુ શા માટે કરવુ ? " જગ્ગોએ વધુ દર્શાવ્યો.

જલપા: " અમારી જ્ઞાતિમાં પણ બીજાના હાથનુ ખાવાની મના છે. "

જગ્ગો. " તેમને અહીં કોણ જોવા આવવાનુ છે ? વળી ભણેલા ગુણેલા માણસો તો એવી વાતનો વિચાર સુદ્ધાં કરતા નથી અમારી જ્ઞાતિ તો મૂરખ લોકોની છે. "

જલપા. " તમે રહ્યા અને હું જમું એ તો ઠીક નથી લાગતુ. જોને વહુ બનાવી તેના હાથનુ તો ખાવું પડશે ખાવુ ન હતુ તો વહુ શા માટે બનાવી ? "

જગ્ગો તરફ પ્રશંસાસૂચક નેત્રોથી જોઇને દેવીદીને કહ્યું: " વહુએ વાત તો

મુદ્દાની કહી દીધી. આનો જવાબ બરાબર વિચાર કરીને આપજે. અત્યારે તો ચાલ, બે સોકોને જરા આરામ લેવા દે."

બન્ને નીચે ચાલી ગયાં એટલે જોપીએ આવીને કહ્યું: "ભાઈ આ ખટિકને ત્યાં રહેતા હતા કે શું? ખટિક હોય એમ જ લાગે છે."

જલપાએ તિરસ્કાર દર્શાવી કહ્યું "ખટિક હોય કે ચમાર હોય; પરંતુ મારા અને તારા કરતાં સોગણા સારા છે. એક પરદેશી માણસને છ માસ સુધી પોતાને ઘરે રાખ્યો, ખવડાવ્યું અને પીવડાવ્યું. આપ જાણ્યા છે એટલી હિંમત! અહીં તો કોઈ મહેમાન આવી જાય છે તો તે પણ ભારી પડી જાય છે. ને આ નીચ છે તો આપણે તેના કરતાં પણ વધુ નીચ બીએ"

જોપીએ હાથ મુખ ધોઈ નાંખ્યુ હતુ. મિઠાઈ ખાતાં ખાતાં તે બોલ્યોઃ "કોઈને રાખવાથી કોઈ ઉંચુ નથી થઈ જતુ ચમાર ગમે તેટલું દાનપુણ્ય કરે; પરંતુ તે રહેશે તો ચમાર જ!"

જલપા "બીજાનું ધન ખાવા કરતા પડિત કરતાં હું એ ચમારને સારો સમજીશ."

પાણી પીને જોપી નીચે ચાલી ગયો. શહેરમાં ફરવાની તેને ઘણી ઇચ્છા હતી. જલપાને કાંઈ ખાવાનું મન ન હતું. તેની સામે એક મુશ્કેલ સમસ્યા ખડી થઈ હતીઃ રમાનાથને આ દળ દળમાંથી કેવી રીતે કાઢી શકાય? એ નિન્દા અને ઉપહાસની કલ્પના માત્રથી તેનુ અભિમાન ખંડિત થઈ જતું હતુ. રમેશને માટે તે સર્વની નજરમાંથી ઉતરી જશે. કોઈને મુખ દેખાડી ન શકશે.

વળી, નિર્દોષોનાં ખૂનનો ભાર કોના માથા ઉપર રહેશે? આરોપીઓમાંથી કોઇ અપરાધી છે, કોઇ નિરપરાધી છે, કોઇ દ્વેષના શિકાર બન્યા છે, કોઇ લોભના શિકાર બન્યા છે તેની કોને ખબર! સર્વને સજા થઈ જાય. એની હત્યા કોને માથે પડશે!

નવીન પરબો બંધાવશો?

આ જરૂરિયાત એક બાળકની નહિ પણ અનેક બાળકોની છે.

પ્રત્યેક બાળક જ્ઞાનતૃષા છિપાવવા નવનવાં પુસ્તકો માટે ઝંખી રહ્યું છે, અને તે વિના તલપાપડ થઈ રહ્યું છે.

જો નદી કે નવાણ વિનાનું ગામ હોઈ શકે તો જ બાલપુસ્તકાલય વિનાનું ગામ હોઈ શકે.

પાણીની પરબ ઉઘાડવામા પુણ્ય છે, તેથીયે વધારે પુણ્ય જ્ઞાનની પરબ ઉઘાડવામા છે. પાણીની પરબ એક અમૂલ્ય આશીર્વાદ છે, પણ તેથીએ વધારે અમૂલ્ય આશીર્વાદ જ્ઞાનની પરબ છે

દેહની તૃષા મીઠું અને સ્વચ્છ જળ સમાવે છે, પણ મન અને આત્માની તૃષા તો સુંદર અને નિર્મળ પુસ્તક જ સમાવે છે.

આ નવો યુગ છે, બાલયુગ છે; અને બાલયુગ બાલજ્ઞાનની પરબોને માગે છે.

શ્રીમંતો અને દાનવીરો, રાજાઓ અને મહારાજાઓ, આ યુગને અને બાળમાનસને ઝીલશો! આ અવસરને ઓળખશો અને અવસરના ઓંભારુ આપશો?

સ્થળે સ્થળે નવીન પરબો બંધાવશો?

સડક પર આવીને ફરવા લાગી. રમાનાથની આવી નિન્દા સાંભળીને તેનું હૃદય તૂટી જવું હતું. તેને રમાનાથ ઉપર ક્રોધ ન આવ્યો, ગ્લાનિ ન થઇ: તેને હાથનો સહારો આપીને આ દળદળમાંથી કાઢવાને તેનું મન વિકળ થઇ ઉઠયું. રમાનાથ તેને ધુત્કારી કેમ ન કાઢે, ઠોકર કેમ ન મારે, પરંતુ તેને અપયશના અંધારા ખાડામાં તે કદિ પણ પડવા દેવી નહિ.

બન્ને જણ ત્યાંથી ચાલ્યાં, એટલે જલપાએ પૂછ્યું: "આ માણસને કહી દીધું ને કે જ્યારે તે આવી જાય ત્યારે આપણને ખબર આપે?"

"હા, કહી દીધું છે."

૧૧

એક મહિનો વીતી ગયો. ગોપીનાથ પહેલાં તો થોડાક દિવસ કલકત્તાની સહેલ કરતો રહ્યો: પરંતુ ચાર પાંચ દિવસમાં જ તેનો જીવ ત્યાંથી ઉડી ગયો. તેણે ઘરની રઢ લેવાની શરૂઆત કરી દીધી. આખરે તેને પાછો મોકલી દેવાનું જલપાને ઠીક લાગ્યું. અહીં તો તે કુરકાં ભરી ભરીને રડયા કરતો હતો.

જલપા કેટલીયે વાર રમાનાથના બંગલા સુધી જઇ આવી. તે જાણતી હતી કે હજી રમાનાથ આવ્યો નથી, છતા પણ એક વાર ત્યાંસુધી ચક્કર લગાવી આવવામાં તેને કોઇ વિચિત્ર પ્રકારનો સંતોષ થતો હતો.

કાંઇ વાચતાં વાચતાં કે સૂતાં સૂતાં જલપા યાદી જતી એટલે એક ક્ષણ માટે બારીની સામે આવીને ઉભી રહેતી એક દિવસ સાંજે તે બારીની સામે આવી તો સડક ઉપર મોટરોની હાર નજરે પડી. આટલી બધી મોટરો ક્યાં જાય છે, એવું તેને કુતૂહલ થયું. એટલે બારીકાઈથી જોવા લાગી. ૭ મોટરો હતી. તેમાં પોલીસના અમલદારો બેઠા હતા એકમા બધા સિપાઇઓ હતા. છેલ્લી મોટર ઉપર જ્યારે તેની નજર પડી ત્યારે જાણે તેનાં શરીરમાં વિજળીનો આંચકો લાગી ગયો ન હોય એમ થયું. તે એટલી બધી તન્મય થઇ ગઇ કે બારીઓથી દાદર સુધી દોડી આવી કેમ જાણે મોટરને રોકવા ચાહતી ન હોય! પરંતુ એક જ પળમાં તેને ભાસ્યું કે દાદર પરથી નીચે ઉતરતામાં તો મોટર પસાર થઇ જશે. એટલે તે ફરી બારી પાસે આવી ઉભી રહી. હવે રમાનાથ એકદમ સામે આવી ગયો હતો. તેની આંખો બારી તરફ જ લાગી રહી હતી જલપાએ ઇસારાથી કાંઇ કહેવા ધાર્યું. પરંતુ સંકોચે તેમ કરતાં તેને રોકી લીધી. રમાનાથની મોટર કાંઇક ધીમી થઇ ગઇ હોય એમ તેને લાગ્યું. દેવીદીનનો અવાજ પણ સંભળાયો, પરંતુ મોટર થોભી નહિ. એક જ ક્ષણમાં તે આગળ ચાલી ગઇ પરંતુ રમાનાથ હજી પણ રહી રહીને બારી તરફ તાકતો જતો હતો.

જલપાએ દાદર આગળ આવીને કહ્યું: "દાદા!"

દેવીદીને સામે આવીને કહ્યું. "બાબુ આવી ગયો! પેલી મોટર જઇ રહી છે."

એમ કહેતાં કહેતાં તે ઉપર આવી ગયો. જલપાએ ઉત્સુકતાને સંકોચથી દબાવીને કહ્યું: "તમને કાંઇ કહ્યું?"

દેવીદીન "બીજું શું કહે? માત્ર રામ રામ કર્યા. મેં કુશળતા પૂછી એટલે હાથથી દિલાસો આપીને ચાલી ગયો. તે જોયો કે નહિ?"

જસપાએ માથું નીચું કરી કહ્યું. ' જોયા જેમ નહિ ! બારી આગળ જરા ઉભી હતી "

" તેણે તને જોઈ તો હશે "

" બારી તરફ તાકતા તો હતા "

" બહુ આશ્ચર્ય થયું હશે કે આ છે કોણ ! "

" મુકદ્દમો કયારે રજુ થશે, તે કાંઈ માલમ પડયું ? "

" કાલેજ તો. "

" કાલેજ ! બાટલો વહેલો ! હવે તો જે કાંઈ કરવું હોય તે આજેજ કરવું પડશે કોઈ પણ રીતે જો મારો પત્ર તેમને પહોંચી જાય તો કામ થઈ જાય "

તું ધારે છે એટલું આ કામ સહેલું નથી, એમ કહેતો ન હોય એમ દેવીદીન તેની તરફ તાકી રહ્યો.

જસપાએ તેના મનનો ભાવ પામી જઈ કહ્યું: " તેઓ પોતાની જુબાની બદલવા રાજી થશે, એમાં તમને કાંઈ સન્દેહ લાગે છે? "

એનો સ્વીકાર કરવા સિવાય દેવીદીનને બીજો કોઈ ઉપાય સૂજયો નહિ તે બોલ્યો " હા ! વહુજી, મને એનો ખ્યાલ આવ્યો છે. જાને સાચું કહો તો જોખમ પણ છે. તે જુબાની બદલશે પણ નાખે, છતાં પોલીસના પંજામાંથી છૂટી થઈ એમ નથી. કોઈ બીજા કારણ કાઢીને તે જાપને પકડી લેશે અને ફરી નવો મુકદ્દમો ચલાવશે "

આ વાતથી જરા પણ ડરતી ન હોય એવી નજરે જસપા જોઈ રહી. પછી બોલી. "દાદા, હું તેમને પોલીસના પંજામાંથી બચાવવાનું માથે નથી લેતી હું કેવળ એટલું જ ઇચ્છું છું કે બની શકે તો આ અપયશમાંથી હું તેમને બચાવી લઉં તેમના હાથથી આટલા બધાં ઘરોની બદનામી થતી જોઈ શકાતી નથી. જો તેઓ સાચેસાચ ધાડપાડુઓમાં સામેલ હોત તો પણ હું તો એમજ ઇચ્છું કે છેવટ સુધી પોતાના સાથીઓ સાથે રહીને માથે જે દુઃખ આવી પડે તે આનંદથી તેઓ સહી લે. બીજાઓને દગો દઈને તેઓ સરકારી સાક્ષી બની જાય એ હું કદિ પણ પસંદ નહિ કરું. પરંતુ આ તો મામલો જ તદ્દન જુદો છે પોતાના સ્વાર્થને ખાતર તેઓ જુઠી સાક્ષી આપે એ હું કદિ પણ સહન નહિ કરું જો તેઓ જાતે પોતાની જુબાની નહિ બદલે તો હું જાતે અદાલતમાં જઈને બધી પોલ ઉઘાડી નાખીશ. પછી ભલે એનું પરિણામ ગમે તે આવે ભલે તેઓ મને હમેશને માટે ત્યજી દે, મારૂ મોઢું પણ ન જુએ, મને એ મંજુર છે. પરંતુ બાટલુ મોટું કલંક તેઓ પોતાને માથે વહોરે એમ કદિ પણ બની નહિ શકે મેં મારા પત્રમાં આ સર્વ લખી દીધું છે: "

દેવીદીને તેના તરફ માનની દૃષ્ટિથી જોઈને કહ્યું. " તું બધુ કરી શકશે, બહુ, હવે મને ખાત્રી થઈ ગઈ. જો તે હદમ બાટલું બધુ મજબૂત કરી દીધુ છે તો તું બધુ કરી શકે એમ છે. "

" તો અહીંથી ક્યારે જવાનું ? "

" હા, હું તૈયાર છું. "

(અપૂર્ણ)

શ્રી ગુજરાતી હિન્દુસ્ત્રીમંડળ, મુંબાઇ

મંડળના પ્રાણ અને આત્મા સમા બંધુઓની કદર

શ્રી. ભવાનીદાસ અને શ્રી. કેશવલાલને માનપત્ર આપવાનો સમારંભ

[અમારા ખાસ પ્રતિનિધિ તરફથી]

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળની લગભગ ૪૦ વર્ષની કારકીર્દિમા, ૧૯૨૮ માં ઉજવાયલા તેના રજતમહોત્સવ પછી, તા ૩૭ ડીસેમ્બર ૧૯૩૨નો દિન સૌથી વધુ ચિરસ્મરણીય રહેશે. તે દિવસે લગભગ શરૂઆતથી આજ દિન સુધી મંડળની નિઃસ્વાર્થ ભાવે સેવા કરનારા મંડળના બે સાચા સેવકોને માનપત્ર આપીને શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળે તેમની સેવાઓની યત્કિંચિત કદર કરી છે. પ્રસંગના વિશિષ્ટપણાને પ્રતાપે એ દિવસે સાંજે ૪ વાગતામાં તો મધ્યભાગનું ચોગાન ગુજરાતી સન્નારીઓ તેમજ સદ્ગૃહસ્થોથી ઉભરાઈ ગયું હતું. શ્રી ભવાનીદાસ મોતીચંદ એટલે શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના સ્થાપક, અને શ્રી. કેશવલાલભાઇ મણિયાર એટલે મંડળનું સૂત્રસંચાલન કરનારા સૂત્રધાર. બન્નેની સેવાઓ એટલી બધી જાણીતી છે કે તે દિવસના સમારંભમા હાજર રહેનારાઓને તેમની પોતાની હાજરી માટે પણ ગૌરવ ઉપજતું હતું. વળી આજ પ્રસંગે મંડળના સ્ત્રીવિદ્યાલયમા તેમજ અન્ય શિક્ષણવર્ગોમાં ઉત્તીર્ણ થયેલા બહેનોને ઇનામો વહેંચાયા હતા. સમારંભના પ્રમુખસ્થાને દિ. બ. ઇન્દુલાલ મોહનલાલ ઝવેરી હતા. શ્રી. તુળજાબેન ઇન્દુલાલ ઝવેરીને હસ્તે ઇનામો વહેંચાયાં હતાં.

કાર્યક્રમની શરૂઆત સ્વાગત ગીતથી થઇ સ્વાગતગીતની રચના કવિતાપ્રેમી કોઇને પણ દિલચિરિ ઉપજાવે એવી હતી. એક વિચાર આવે છે: મંડળ પાસે ગુજરાતના એક આસો આપતા કવિ શ્રી મુંબઇ ગો. બેટાઇ હોવા છતાં આવા કંગાળ જોઇએ તેવી કેમ ચલાવી લેવાતું હશે ? સ્વાગતગીત બાદ મીમતી મંગળા બહેને સમારંભની સફળતા ઇચ્છતા આવેલા પત્રો વાંચ્યા હતા. તેમાં મુખ્ય મુખ્ય નીચેનાઓના હતા: સર જગમોહનદાસ વરજીવનદાસ સંઘવીના ના રાણી સાહેબા, ધરમપુરના ના. મહારાણા સાહેબ અને રાણી સાહેબ, વાંસદાના રાણી સાહેબ, શ્રી. ગોવિંદલાલ શિવલાલ, શ્રી. નારાયણલાલ બંસીલાલ, શ્રી. મથુરાદાસ વસનજી ખીમજી, શ્રી ભાવજી ઓવિંદજી રોક, શ્રી ચન્દ્રશંકર પંડ્યા, શ્રી મૂળજી દુલભજી વેદ, શ્રી. નરહરરામ ત્રિપાઠી, વગેરેના મુખ્ય હતા. સર જગમોહનદાસે એમના પત્રમાં લખ્યું હતું " આ બન્ને સજ્જનોના સતત પ્રયાસથી મંડળની જે ઉન્નતિ થઇ છે તે ગુજરાતી હિન્દુ પ્રજા સારી પેઠે જાણે છે. અને તેથી મંડળ તેઓનો જે સત્કાર કરે છે તે યોગ્ય જ છે. સ્ત્રીકેળવણી માટે શાબ્દિક હિમાયત કરનારા ગૃહસ્થો કરતાં હું આ બન્ને ગૃહસ્થોની સક્રિય સેવાવૃત્તિને વધુ કિમતી લેખું છું: અને તેથી તેઓને હું આ તકે ધન્યવાદ આપું છું; અને ઇચ્છું છું કે તેઓ લાંબો પોતાની અમૂલ્ય સલાહ અને સહાયથી મંડળને ભવિષ્યમા પે આભારી કરતા રહેશે "

શ્રી મૂળજી દુલભજી વેદ એમના પત્રમાં જણાવ્યું હતું " ૧૯૦૭-૮ થી હું ઉભય બંધુઓના નિકટ સમાગમમા છું ઉભય મુંબાઇ-ગુજરાતનાં રત્નો છે સ્વર્ગવાસી જમનાબાઇ સક્કક પૂર્ણ પશ્ચિમની મંગળસરિ સાધતા ગુજરાતનાં ગૃહસુન્દરી હતાં ગુર્જર કુમારિકાઓ ને સૌભાગ્યવતીઓના તે અલૌકિક માતૃ-ગોપાલણ હતાં. તેમનાં મંગળ સ્મિત, તેમના સદ્ગત શિવળ અને આનંદમયી સેવાની ત્રિવેણીએ ગુજરાતના ગૃહજીવનને સજીવન, સૌરભમય અને સેવાપરાયણ કર્યું". ગૃહજીવન વગર માનવ-જીવન નથી. માનવજીવનની અધિષ્ઠાત્રીઓ અન્નપૂર્ણાઓ, માતા,

બહેન, પત્ની ને પુત્રી છે જમનાબાઈ સરાભાએ શ્રીમંડળના અધ્યક્ષપદેથી જે સેવા કરી તે સેવામાં તેમને આ સમય બંધુઓનું બળ પીઠબળ અને બધુત્વ હતું. હજુ પણ શ્રીમંડળની સતત સેવા કરવા કરતાં વધુ છે મુખ્યત્વે બે-ત્રણવર્ષે ઓછીવત્તી નિયત કરવાની સાક્ષ્ય આપ્યાં તે શક્તિને પ્રથમ ઓળખાવનાર શ્રીમંડળના અધ્યક્ષ જમનાબાઈ એ જમનાબાઈના ઠાકા જમાદાર બે હાથ જોડ્યા એ બે બંધુઓ આજ બલવંતરાય અને આજ કેશવલાલ હતા."

શ્રીમતી રોડી લક્ષ્મીબાઈનું પ્રવચન

બહેનોની ઉપસ્થિતિ ઊંચી થયા બાદ મંડળના પ્રમુખ શ્રીમતી રોડી લક્ષ્મીબાઈએ નીચે મુજબ પ્રવચન કર્યું હતું:

"માનવંતા પ્રમુખ, સભારીઓ અને સદ્‌ગૃહસ્થો,

આજનો પ્રસંગ અમારાં 'ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ'ની બહેનો માટે તો આનંદનો છે મંડળ સ્થપાયું ત્યારથી આજસુધી અમોને જેણે સાચી સલાહ અને સહાય આપી મંડળની પ્રગતિ માટે અથાગ શ્રમ કરાવ્યો છે તેવા બે સદ્‌ગૃહસ્થ બંધુઓ પ્રત્યેનો અમારો સદ્‌ભાવ બદલો કરવાને અમો આ તકનો લાભ લઈએ છીએ

આજ બલવંતરાય મેતાવાલાની સેવાથી બહેન પ્રત્યે અને સરવાળે રાષ્ટ્રમાત્ર છે; પરન્તુ એ સર્વ સેવાધિપતિ સ્ત્રીજાતિ પ્રત્યેની તેમની સેવા વધુ પ્રકારની છે; અને તેથી એક સમાજસુધારક તરીકે સ્ત્રીજાતિને મુખ્ય ગણી તે દિશામાં તેમણે બહુજ મહત્વનું કાર્ય કર્યું છે

તેઓએ બાલલગ્ન, અમલ મુબોધમોચન, કે સ્ત્રીજાતિના ઉન્નતિનો આજ નથી કાર્યો પ્રમાણે કે રોકાવની બનાવ તેઓએ કરી રાખી નથી લાગે કે ઈશ્વરીય ઉપદેશ જ તેમણે બહુધા સ્ત્રીજાતિની ભલે રહે તેવી સેવા કરવામાં કર્યો છે; અને તેની સાક્ષીરૂપ, સ્ત્રીજાતિ માટે કરી તેમણે અનેક સંસ્થાઓના પ્રેરનારૂપ છે.

તેઓના સેવાકાર્યો જ્યારે હું વિચાર કરું ત્યારે મોટા વારસા આપણને અને કરવાના રહે છે તેમને કરેલી સેવાની કે પ્રેરનારૂપી સાક્ષાત્ જિવંત પ્રતીક બનેલા પ્રેરણા નથી. તેઓના મંતવ્યો વિશાળ અને ઉંચા છે સેવાના આદર્શને વાસ્તવ કરવામાં કરી જ કચાશ ન જોઈએ એવી એમની પ્રબળ માન્યતા છે તેમની એક એક સૂચના, એક એક પ્રવૃત્તિ, કે પોતાના પાછળ એક એક સંસ્થાની આવશ્યકતા જણાવે છે પ્રભુએ તેમને એવી કોઈ શક્તિ આપી છે કે સમાજ યા દેશની ઉન્નતિ કરવાના તરંગોમાંથી તેઓને સંસ્થાના સ્ફુરણ થઈ આવે છે; અને તેવી સંસ્થાઓને સ્વપ્નરૂપે પણ, તેમને સિદ્ધ કરવા પ્રયત્ન આદરે છે આત્મસુધીમાં તેમની આ શક્તિથી, 'ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ,' 'રાષ્ટ્રિય સ્ત્રી સભા,' અને 'સૌરાષ્ટ્ર સર્વિસ લીગ' એ ત્રણ સંસ્થાઓ ઉપસ્થિત થઈ છે; અને એ ત્રણે નવી નવી દિશામાં પોતપોતાના ક્ષેત્રમાં, આજે ઉત્તમ કાર્ય કરી રહ્યાં છે, અને લોકપ્રિયતા પણ મેળવી રાખ્યાં છે એટલે બીજા રીતે કહીએ તો આજ બલવંતરાયનાં સ્વપ્નાં એ બહેનરૂપી સ્ત્રીસંસ્થાઓ સેવાનાં ક્ષેત્રો છે

આજ બલવંતરાય જ્યારે યુવાન હતા, ત્યારે કુટુંબની જવાબદારીરૂપી કેળવણી મેળવી રહ્યા હતા ત્યારે તેમને આપણા સમાજને ઉન્નત બનાવવાની મહત્વાકાંક્ષા થઈ આવી, પરન્તુ તેમ થવામાં સ્ત્રીજાતિની ઉન્નતિની પ્રથમ જરૂરત તેમને ભાન થયું. આવું કાર્ય કયી રીતે પાર પાડવું તેવા મનોમંથનમાં તેઓ પડ્યા. તેમાંથી તેમના વિચારોને સને ૧૯૦૪માં આપણે મંડળ આપ્યો. વિચારોની સેવા કરતાં સ્ત્રીજાતિની સેવાના વિચારો તેમણે પ્રથમ કર્યા; અને તેજ સમયે અમૂક રૂપમાં સ્ત્રીજાતિના સમર્થમાં વાચસ્પતિની પોતાની સંમતિ મેળવી લીધી ત્યાર પછી પોતાના સમયમાંથી મોટી રકમનો સ્ત્રીઓને નવરાશના વખતમાં કેળવણી થઈ રહે તેવી એક યોજના ઘડી, પોતે સહાય અને સહકાર મેળવી અને ૧૯૦૫માં આ ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળની સ્થાપના કરી. અને રાજકોટમાં સરવાને પોતાનો બહોળો આપી અતિથિ કીધી; અને આ ત્રિશ વર્ષના ગાળામાં સંસ્થાને બીજા અનેક બહેનો આપી તેની ઉન્નતિ કરવામાં આજ બલવંતરાયે ખૂબ જ પરિશ્રમ કર્યો છે; અને આજ સુધીમાં મંડળે ગુજરાતી બહેનોની જે કંઈ સેવા કરી છે તેમાં આજ બલવંતરાયનો

કાળો અમૂલ્ય છે તેઓની આ સેવા માટે અમે તેઓને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે તેઓએ મંડળને આદર્શ બનાવવા, સાધન સંપન્ન કરવા અને સમાજના એક અતિ ઉપયોગી અંગ તરીકે ખીલવવા પાછળ દિલપૂર્વક શ્રમ કર્યું છે, જેના બદલામા અમો મંડળની બહેનો તેમના જેવા ગૃહસ્થને આશીર્વાદ સિવાય બીજું શું આપી શકીએ ?

મંડળ તરફથી ચાલતા 'શ્રીવિદ્યાલય'ને આદર્શ બનાવવાની શાહ ભવાનીદાસની મમત્વાકાંક્ષા પણ તેટલી જ પ્રબળ છે. તેઓ વિદ્યાલયના તંત્રને અતિઉપયોગી કરવા સેવી જ સહાય કરી રહ્યા છે અને મને આશા છે કે ભાઈ ભવાનીદાસની તે મહેચ્છા પણ વખત જતા મંડળના જેટલો જ સફળ થશે.

શાહ ભવાનીદાસે મંડળની બહાર પણ શ્રી જનતાની અનેકવિધ સેવાઓ કરી છે. મંડળની પેઠે 'સોશ્યલ સર્વિસ લીગ'ના શ્રીવર્ગોની વ્યવસ્થા સાચવવામા પણ શરૂઆતમાં તેઓ જ શ્રમ લીધો હતો આવી રીતે મુંબઇની તમામ બ્રાહ્મણ શ્રીઓ માટે તેઓએ બનતુ કર્યું છે જે માટે તેઓના વ્યક્તિત્વ પ્રત્યે હંમેશા ખ્યાલ આવે છે.

ભાઈ ભવાનીદાસે મંડળના કાર્યવાહકોને અનેક પ્રસંગે માર્ગસૂચક સલાહ આપી છે મંડળનાં પ્રથમ પ્રમુખ સદ્ગત જમનાબહેનને તથા મને મારા કાર્યમા પણ તેઓએ તેવીજ સહાય કરી છે; અને તેથી અમારી કરતાં બનવતા અમને જોગવાઈઓ મળેલી જણાતી હોય તેમાં તેમનો મોટો ફાળો છે એમ કબૂલ કરતા અને જરીએ સંતોષ થતો નથી.

શાહ ભવાનીદાસની પેઠે શાહ કેશવલાલ લાખા શાહ મણિયારનાં પણ અમો ઋણી છીએ તેઓ બાંધ મધ્યમ સ્થિતિના હોવા છતાં અખંત ઉન્નતિના પ્રયાસોની પરવાયે કર્યા સિવાય, મંડળ દ્વારા શ્રીન્નતિની મુગી સેવા કરવાના જીવનધ્યેયને સ્વીકાર્યું છે. તેઓએ મંડળના રોજીંદા કામનો ચોપડો, જવાબદારીભર્યું હિસાબીકામ, અને નવા નવા પ્રસંગોની ઉજવણી વિગેરેમા એવો શ્રમ ઉઠાવ્યો છે કે આ પચ્ચીસ વર્ષની તેમની અવિરત સેવાની કદર કરવા અમો અમારી અશક્તિ જાહેર કરીએ છીએ. તેઓએ મંડળની ઓફીસને પોતાનું ઘર માન્યું છે. તેમાં એકમાર્ક શ્રમ કર્યા જ કરે છે તેમણે દેખાવ કર્યા સિવાય સાચી સેવા કરી છે; અને તે પણ નિઃસ્વાર્થ અને માનદવૃત્તિએ, માન-અહંતા બાજુર સેવા પણ કરવી નથી પરવડતી એવા આજના જાહેરમાં વખણાવવા સાબાશોના માનસનો આપણને કોઇ કોઇ વખતે થાય છે જ્યારે મુંગી સેવા કરનાર બાહ્ય કેશવલાલે લોકેષણાની પણ કદી દરકાર કરી નથી અને મંડળને જેની ખરી જરૂર હતી તેવા એક કાર્યદક્ષ વ્યવસ્થાપક રહેવામાં જ તેઓએ સંતોષ માન્યો હતો. તેમની વૃદ્ધાવસ્થામાં જ્યારે તેઓ કામ કરવા અશક્ત જણાય છે ત્યારે પણ મંડળમાં હાજરી આપ્યા સિવાય તેઓથી રહી શકાતું નથી. આવા એકરંગી, ચારિત્र्यશીલ પુરુષ જેમણે 'ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ'ના હર્ષમાં જીવનનું અર્પ્યું છે; અને જેમના વર્તનથી મંડળના કાર્યવાહકોને અનુકરણીય સદ્ગુણો શીખવા મળ્યા છે તેમની સેવાની કદર કેવી રીતે કરવી તે અમો જાણતાં નથી; જેથી માત્ર તેઓને ધન્યવાદ આપીને જ સંતોષ માનીએ છીએ; અને અમો મંડળની કાર્યકર્તા બહેનો મંડળ પ્રત્યેની ફરજોને ભવિષ્યમાં અનુસરવાની તેઓને ખાત્રી આપીએ છીએ

આ બન્ને શ્રીઉન્નતિના હિમાયતી પુરુષોના સ્ત્રીજીવન વિષેના વિચારો મહત્વના છે. તેઓએ સ્ત્રીઉન્નતિની આટલી લાગી સેવા કરી છે તો તેમના મતભેદો જાણવા એ આપણે માટે ખાસ જરૂરી છે થોડા ઘણા મતભેદ સાથે તેઓ બન્ને સ્ત્રીના સમાજમાંના સ્થાન માટે તો એક સરખે બેસનારા છે તેઓ સ્ત્રીઉન્નતિના હિમાયતી છે, સ્ત્રીસ્વાતંત્र्यને ચાહે છે પણ સ્ત્રી પોતાના ક્ષેત્રમાં રહી, કુદરતે બક્ષેલી શક્તિનો યથાર્થ ઉપયોગ કરે, અને પુરુષક્ષેત્રની સ્પર્ધા ન કરતાં પ્રગતિ કર્યે જાય, એવી સબળ માન્યતા તેઓ ધરાવે છે સ્ત્રી, સ્ત્રીત્વ પ્રાપ્ત કરે તોજ સમાજને ઉપયોગી થઇ પડે પુરૂષત્વ મેળવવા પાછળ સ્ત્રી પોતાપણું ન ખોઇ બેસે; કારણકે તેવી પ્રગતિ સમાજને ખોટા છે. તેમ માનવામાં હું પણ આ બાબતો સાથે સંમત થાઉં છું.

આજકાલ ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળો આ

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડળ દ્વારા
મુંબાઇનાં ગુજરાતી બહેનોની સેવા કરનાર



શ્રીયુત ભવાનીદાસ નારણદાસ મોતીવાલા,
બી એ એલએલ. બી

જેવી રીતે મંડળની પ્રગતિમાં ભાઈ ભવાનીદાસ આપી હમારા કામમા સુગમતા કરી આપનાર ભાઈ મંડળની બ્હાર રહીને પણ અમારા કાર્યમાં બીજા બધુ ભાઈ કેશવલાલભાઈ છે. ૧૯૧૭ની

શ્રીયુત ભવાનીદાસ નારણદાસ મોતીવાળા, બી એ, એલએલ. બી.

મુજ બન્ધુ,

' ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ'ની સ્થાપના કરી, ગુજરાતી હિન્દુસ્ત્રીઓની પ્રગતિ માટે તમોએ વર્ષો થયાં નિઃસ્વાર્થ વૃત્તિથી જે સેવાઓ કરી છે, અને હજુ પણ કરો છો તેની યોગ્ય કદર કરવા અમે ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના સભાસદો, બ્હેરમા તમારો સત્કાર કરવાનો વિચાર કેટલાક વર્ષોથી સેવી રહ્યા હતા, પરંતુ અનિવાર્ય સંજોગોને લઈને તેનો અમલ થયો નહોતો, એટલે આજે પ્રથમ તકે તમોને માનપત્ર અર્પણ કરી અમે તમારા પ્રત્યેના ઋણનો સ્વીકાર કરીએ છીએ.

મુંબઇના એક શ્રીમંત કુટુમ્બમાં જન્મ લઈ, બી એ, એલએલ બી., સુધી ઉચ્ચ કેળવણી લઈ, વકીલાત કરવાના વિચારને તિલાંજલિ આપી છટ્ટી ટ્રસ્ટરૂપે ગણી, સેવામય જીવન ગાળવાની નીતિને પસંદ કરી, તમોએ દેશકલ્યાણ અને જનકલ્યાણને માટે વ્યક્તિગત સ્વાર્થનો ભોગ આપ્યો છે; તેવા તમારા જીવનથી જનસમૂહને મહાન લાભ થયો છે એમ અમે નિશ્ચયપૂર્વક માનીએ છીએ. આથી તમારું જીવન શ્રીમંત કુટુંબના નબીરાઓને ભવિષ્યમા માર્ગદર્શક થાય એ હેતુથી તમારા જીવન અને કાર્યને અમે વધાવી લઈએ છીએ

આજથી ત્રીસ વર્ષ પૂર્વે જ્યારે ગુજરાતનું સ્ત્રીજીવન ઘોર અંધકારમાં હતું, જ્યારે સ્ત્રીઓની ઉન્નતિનાં સ્વપ્નાઓ હાસ્યજનક લાગતા, જ્યારે સ્ત્રીઓનું સ્થાન સમાજમાં નહિ જેવું જ હતું, જ્યારે મણા થોડા આત્માઓને સ્ત્રીઉન્નતિની કલ્પના ફળવતી, અને જ્યારે ધુરંધર રાષ્ટ્રીય નેતાઓ અને સમાજસુધારકો પણ સ્ત્રીવર્ગના અભ્યુદયની પ્રવૃત્તિ ઉપાડવા હિમ્મત નહોતા કરતા, તેવા પ્રતિકૂલ સંજોગોમાં અને અનેક પ્રતિરોધોમા, પચ્ચીસ વર્ષની યુવાન વયે, ટીકા, નિન્દા, તેમજ હાસ્યને હસી કાઢી, તમે સ્ત્રીઉન્નતિની પ્રગતિ માટે પોતાના અંગત પ્રયાસોથી મુંબઇ જેવા શહેરમાં ' ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ ' જેવી સ્ત્રીઉપયોગી સંસ્થા સ્થાપી, સ્ત્રીઓને તેમા છુટથી રસ લેવા પ્રેરી, સ્વર્ગવાસી જમનાબ્હેન જેવા આદર્શ, વ્યવહારકુશળ અને પ્રતિષ્ઠિત ગુજરાતી બ્હેનને પ્રમુખપદ આપી, મંડળને ગૌરવવન્તુ કર્યું છે જેથી ગુજરાતી હિન્દુ સ્ત્રીઓ ઉપર તમારો અનહદ ઉપકાર થયો છે મંડળની પ્રગતિનો સાચો યશ તમને ઘટે છે, જે માટે અમે તમારી તરફ અપૂર્વ માનની દૃષ્ટિએ જોઇએ છીએ.

ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળની પ્રવૃત્તિઓમાં તમે જે પરોક્ષ અને પ્રત્યક્ષ સહાય કરી છે, તેમજ વારંવાર મંડળને પ્રગતિમાન કરવાને કિમ્મતી અને માર્ગસૂચક સલાહ આપી છે, તેમજ મંડળની આર્થિક સ્થિતિને સદ્ધર કરવા મંડળની સીલ્વર જ્યુબીલી વખતે તથા મંડળના ભૂતપૂર્વ પ્રમુખનું નામ ચિરસ્મરણીય રાખવા માટે ફંડ ભેગાં કરવામાં તમોએ જે અથાગ શ્રમ ઉઠાવ્યો છે તે અમે ભૂલી શકતા નથી. શ્રી વર્ગને તમે તમારા ઉપકાર તળે મૂક્યો છે; આથી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના પિતા અને ગુજરાતી સ્ત્રીઓની ઉન્નતિ માટે તનમનધન ન્યોછાવર કરનાર તમારા જેવા પરોપકારી, નિરભિમાની, નિઃસ્વાર્થી, સહૃદયી અને સાદા ગૃહસ્થની, અમે મુક્તકંઠે પ્રશંસા કરીએ છીએ, સ્ત્રીઓની ઉન્નતિ માટે તમારા ભવ્ય સ્વપ્નો આજે ગુજરાતમા ફળીભૂત થયા છે એ જાણી જેટલો આનન્દ તમને થાય છે તેથી દ્વિગુણિત આનન્દ અમને થાય છે

તમારા જીવનમાથી એક ' ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ ' જ નહિ પણ બીજી બે સંસ્થાઓ જન્મ પામી છે ભારતવર્ષની સ્ત્રીશક્તિનો પરચો બતાવનાર ' રાષ્ટ્રિય સ્ત્રીસભા, ' અને સામાજિક સેવામાં અદ્‌ભુત કાર્ય કરતી મુંબઇની ' સોરયન સર્વિસ લીગ ' જેવી સંસ્થાઓના આદ્યપ્રેરક પણ તમે છો; અને ' સોરયન સર્વિસ લીગ 'ને અંગે ' મહિલા સેવા મંડળ 'નો જન્મ શાખાઓમા સેંકડો જુદી જુદી કોમની બ્હેનોના ઔદ્યોગિક લાભાર્થે જે ઉદ્યોગી કાર્ય તમારી દેખરેખ નીચે ચાલે છે તે પણ તમારા સ્ત્રીઉન્નતિ સાધવાના ધ્યેયના પુરાવારૂપે છે

સહકાર આપી રહ્યા છે તેવીજ રીતે મંડળના સાદ્યથી એન્ડ્રુ હમમ આજ પંદર સોળ વર્ષથી મંડળના કાર્યમાં વખતો વખત ઉપયોગી સલાહ દ્યે અને શ્રીમતી સુનાબ્હેન જેમની સાથે રહી

મહેનતું કાર્ય કરીએ છીએ તેથી જાતી અનુભવ ગુજરાતી બહેનોની અથાગ સેવા બજાવી છે અને,
ઉપરથી વિનાસંકોચે કહેવાની હિમ્મત ધરીયે હજુપણ આટથી વધુ વર્ષ નાદુરસ્ત તબીયત હોવા

મુંબઇ યુનીસીપાલિટી જેવી શહેરની મહાન સંસ્થામા દશ વર્ષ સુધી સભાસદ રહી, આપે ભિન્ન ભિન્ન દિશામા શહેરસુધારાના કાર્યો કર્યા છે ત્યા પણ તમે સ્ત્રીઓને યુનીસીપાલિટીનાં સભ્ય બનવાના અધિકાર અપાવવા સબળ અને સફળ હિલચાલ કરી હતી, જેને પરિણામે આજે મુંબઇના સ્ત્રીવર્ગને માટે યુનીસીપાલિટીના દ્વાર ખુલ્લા મૂકાયા છે

કયુનીસીપાલિટીદ્વારા પ્રથમ સ્ત્રીપુસ્તકાલય ખોલાવવાનુ માન પણ આપને ફાળે જ આવે છે તમે યુનીસીપાલિટીની 'સ્કુલ્સ કમીટી'ના કેટલાક વર્ષો સભાસદ, તથા એક વર્ષ પ્રમુખ રહી, પ્રાથમિક શિક્ષણને જે વેગ અને ઉત્તેજન આપ્યુ છે તેની કદર પણ અમે આ સ્થળે કરીએ છીએ, એટલુ જ નહિ પણ તમારી યુનીસીપાલિટીની કારકીર્દિમા રાષ્ટ્રપક્ષના એક ધુરંધર અનુયાયી તરીકે અનેક ભોગો આપી દેશહિતના જે કાર્યો તમે કર્યા છે તેની પણ અમે નોંધ લઇએ છીએ. તદુપરાંત તમે આ શહેરની અનેક ઉપયોગી સંસ્થાઓમાં વર્ષો થયાં નિ:સ્વાર્થ વૃત્તિથી સેવા કરી છે, અને તે દરેકમાં તમારો અગ્ર ભાગ જ હોય છે એવા તમારા સેવાભાવી જીવનની રેખાઓ બહુજ એ જો કે અમારે માટે અપૂર્ણ છે છતાં મહાસભાની તમે બજાવેલી સેવાને અમે વિસારી શકતા નથી જે પછી અને પ્રેસીડેન્સી એંજરી મેજીસ્ટ્રેટના પદને બાર વર્ષ શોભાવ્યા પછી અસહકારની ચળવળને માન આપી તમે તે બોદ્ધાઓનુ રાજીનામું આપ્યું છે, જેથી તમારી ત્યાગવૃત્તિ અને સ્વમાનની લાગણીની અમને ઝાખી થાય છે

સ્ત્રીઉન્નતિ અને દેશોન્નતિની મૂલમાં તમે તમારી જાતિસેવાની દિશા પણ ચૂક્યા નથી; અને તમારી સેવાની ઘણજ જોઈ તમારા જ્ઞાતિબન્ધુઓએ તમને પ્રથમ જ્ઞાતિપરિષદના પ્રમુખપદે સ્થાપી તમારી શક્તિ કદર કરી હતી; તે પ્રસંગે તમે સામાજિક પ્રશ્નો ચર્ચતુ એક વિદ્વત્તાભર્યું વ્યાખ્યાન આપ્યુ હતુ જેની અસર તમારી જ્ઞાતિના લોકો ઉપર સારી પડી હતી, અને મંડળની બહેનોએ પણ તેનો લાભ લીધો હતો

વિદ્વાર્યો અને વિચારક તરીકે તમારુ જીવન આદર્શ છે મુળજીના રહુડન્દ્રસ બ્રધરહુડના ઉપપ્રમુખ તરીકે વિદ્યાર્થી આલમની તમે સંગીન સેવા કરી છે; અને કેટલાક ઉપયોગી પુસ્તકો અને પુસ્તિકાઓ પ્રગટ કરી તમે જનસમાજને અર્થસૂચક સાહિત્ય અર્પ્યું છે તમારી રાષ્ટ્રિયભાવના અને સ્વદેશીની લાગણી તીવ્ર છે, અત્યનોદ્ધાર અને સમાજસુધારાના તમારા વિચારો આજના પડતા જે તમારા સાર્વ જીવન ઉચ્ચ આદર્શોથી ભરપૂર અનુકરણીય અને પ્રેરણાત્મક છે; અને અમે માનીએ છીએ કે જ્યાં આટથી તપશ્ચર્યા નથી ત્યા સેવાસિદ્ધિ પણ નથી.

છેલ્લા છ-સાત વર્ષ થયાં હાલની નબળાઇને લઇને તમે આજના જે ભુલ્લાથી મંડળે જીવન માણતા હતા, તેવી શક્તિ આજે નથી, છતાં 'ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ' અને 'સોલ્યસ સર્વિસ લીગ' માટે કાર્ય કરવાનુ તમે હજુ ચાલુ રાખ્યુ છે તે જોઇ અમને હર્ષ થાય છે તમારી દરેક પ્રવૃત્તિને પ્રેરણારૂપ તમારા ધર્મપત્ની સૌ. ભાગવતીબ્હેનનુ નામ યાદ કરતા અમને અતિ આનન્દ થાય છે ધર્મશ્રીમંત પતિની પત્નીનુ અહપદ ભૂલી, સૌ ભાગવતીબ્હેને મંડળની શરૂઆતથી તમારે પગલે ચાલી પ્રથમ, મંડળના મન્ત્રી તરીકે, અને ત્યારપછી ઉપપ્રમુખ તરીકે જે એકધારી સેવા કરી છે તે મંડળની બહેનો માટે અનુકરણીય છે આવુ સેવામય જીવન જીવતા તમો કંટાળીને અમે 'ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ'નો બહેનો સુખ, સ્વાસ્થ્ય, અને દીર્ઘાયુ ઇચ્છીએ છીએ; અને પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ તમો દ્વારને સ્ત્રીસમાજ, અને દેશકલ્યાણનાં વિધવિધ કાર્યો કરવાના સુયોગો પ્રાપ્ત કરાવે, અને તે સર્વમાં તમને સુવાચા ને સફળતા આપવે તમારી સેવાના મૂલ્ય તો અમે મૂલવી શકતા નથી તેથી આ કાર્ડ[1] આશીર્વચન વડે તમને અભિનન્દન આપી અમે કૃતાર્થ માનીએ છીએ

તા. ૩ જી ડીસેમ્બર ૧૯૩૨ મુંબઇ. | લિ૦ લક્ષ્મીબાઇ જગમોહનદાસ વ૦ જીવનદાસ, પ્રમુખ, તથા વ્યવસ્થાપક સમિતિના મન્ત્રીઓ.

---

[1] તેઓએ નિષ્કામ વૃત્તિથી શરૂઆતથી છતા બજાવી રહ્યા છે
તે અત્યારસુધી મહાજનો અને મંડળદ્વારા અનેક અમે જ્યારે સેક્રેટરી તરીકે જોડાયા ત્યારે

મંડળના કામમાત્રથી તદ્દન અપરિચિત હતાં પરંતુ, ભાઈ કેશવલાલભાઈની નમ્ર, મીઠાશભરી વર્તણૂક અને અલબણુસાઈથી જ મંડળના કામ-કાજમાં પાવરધાં થતા અમને કંઈ પણ મુશ્કેલી નડી નહિ. તેથી એક રીતે એમને અમારા શિક્ષા ગુરુ કહીએ તો અયોગ્ય નહિ ગણાય

આ સિવાય મંડળના સભ્યો-સદ્ધ બ્હેનો તથા બ્હારના માણુસો જે કોઈ મંડળમાં આવતાં તેમની સાથે સદ્ધભાઈથી વર્તી તેમણે કરેલ રીતે મંડળનું શ્રેય કરવાનું જ લક્ષ-બિંદુ, પોતાની નજરે આજદીથી આજ પર્યંત ખસેડ્યું નથી

આ પ્રમાણે પોતાનું સમસ્ત જીવન, મંડળને અર્પણ કરી અંત: કરણ અને ઉત્સાહપૂર્વક મંડળની અપૂર્વ સેવા બજાવનાર સેવાભાવી બંધુ-ઓની અમૂલ્ય સેવાઓનો દામડો મંડળના દફ્તરે તેમને માનપત્ર આપી કાયમ રાખવાનો જે ઠરાવ કર્યો છે તે યોગ્ય જ થયું છે એમ અમો માનીએ છીએ."

બાદ બહારના વિદ્વાન અને સિદ્ધહસ્ત લેખકો શ્રી હિંમતલાલ જેચંદભાઈ અંજારિયાએ શ્રી બવાનીદાસ તથા શ્રી કેશવલાલની સેવાઓ વિગેરેનું વિદ્વત્તા ભર્યું ભાષણ કર્યું હતું. જે અન્યત્ર લેખમાં આપવામાં આવ્યું છે. ત્યારબાદ બાઈ શ્રીમતી મગનબાઈન મોતીલાલ કેશવજી શ્રી બવાનીદાસભાઈને આપવાનું તેમજ શ્રીમતી કંકુ-બહેનની પુત્રી બે. બા કેશવલાલભાઈને આપ-વાનું માનપત્ર વાંચ્યું હતું. બે માનપત્રો સુંદર બનેલાં છે. બાદ પ્રમુખ શ્રી કુંવરજી ભાઈએ બન્ને ભાઈઓને હારતોરા પહેરાવી ચાંદીના કારકેટોના માનપત્રો એનાયત કર્યો હતાં.

પ્રમુખશ્રી કુંવરજીભાઈની અંજલિ:

બાદ તેમણે કહ્યું

તમારા ઉપર પ્રશંસાનો મુશળધાર વરસાદ વરસ્યો છે મારે અવાજ પણ તેમાં હું અંતરજામીપૂર્વક ભેડુ છું. બહારગામથી પણ અનેક પત્રો આવ્યા છે શ્રી મુળજી વેદ પોતાના પત્રમાં બવાનીદાસ અને કેશવલાલ-ભાઈને મંડળનાં જીવન્ત અને ટાવા હાથ રૂપ કહે છે પણ હું તો તેમને એ બેઉ ભાઈ-ઓને મંડળના પ્રાણ અને આત્મા કહીએ આવું મંડળ સ્થાપવાની કલ્પનાને મૂર્તિ મંત બનાવવા શ્રી. બવાની-દાસભાઈએ સતત પ્રયાસ કર્યો છે. અને કેશવલાલભાઈની તેમને બારે સહાય મળી. જે જમનાબેન સકરાણની સહાય વિના તેમના પ્રયાસો પણ આટલા સફળ થવા મુશ્કેલ થઈ પડત. એ ત્રણેના પ્રયાસથી આજની સ્થિતિમા ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળને આપણે જોઈએ છીએ. આજે એમની સેવાઓનું ઋણ આ કરવાને આપણે એકઠા થયા છીએ તે ખરેખર ધન્ય પ્રસંગ છે. અને હું મારી તરફથી પણ બે બન્ને સેવા ભાવી ભાઈઓને ધન્યવાદ આપું છું

મંડળે બજાવેલાં કામ માટે મને માન છે અને જ્યારે પણ મારી સેવાની જરૂર હોય ત્યારે તે હું ખુશીથી આપીશ."

શ્રી બવાનીદાસભાઈનો ઉત્તર

માનપત્રનો ઉત્તર આપતાં શ્રી. બવાનીદાસે પોતાનાં જીવનની કથા આપેખી હતી. એ ઉતારા-માંથી કેટલોક મહત્વનો ભાગ અત્રે આપીને જોઈએ

"શ્રી આપણા બાલપણમાં આપણને કહેતે માંદીમાં સેવ કરે, આપણા બધને પ્રેમ બનાવે, આપણા કોપને શાન્ત કરે, જીવનપથમાં આપણી

સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો ભેદ

" જો સ્ત્રીની પ્રકૃતિ પુરૂષથી ભિન્ન ન હોય તો તેની કથી જરૂર જ ન હોય–તે માત્ર પુરૂષની વ્યર્થ પુનરાવૃત્તિ હોય. જો સ્ત્રીઓ એમ માનતી થઈ જાય કે સ્ત્રી–પુરૂષ વચ્ચેનો ભેદ માત્ર શારીરિક છે અને માનસિક તથા આધ્યાત્મિક બધારણ બંનેના એક જ પ્રકારનાં છે; જો આ માન્યતા પ્રમાણે સ્ત્રીઓ વર્તન કરવા મંડી પડે અને જીવનને આમ એક પરિમાણુ બનાવે, તો આપણી સંસ્કૃતિ વહેલીમોડી ઢંગધડા વગ-રની થઈ જાય અને તેમાં અંધેર વ્યાપે "

[શ્રી મોતીવાળાના ભાષણમાંથી]

કવિવર રવીન્દ્રનાથ ટાગોર

શિક્ષિકા થાય, યૌવન વયમાં આપણા સહાધ્યાયિકા તરીકે કામ કરે, અને પુખ્ત વયમાં જીવનની સહચરી બની રહે અને આપણી ઉચ્ચતમ લાગણીઓ ને શુદ્ધતમ વિચારોની પ્રેરક બની રહે' આવી સ્ત્રીજાતિમાંથી મારો જન્મ થયો તે જાતિ તરફથી સન્માન કરવાનું આમંત્રણ મળે તેવે વખતે તો જે પુરુષમાં સ્ત્રીઓની ઉન્નતિ માટે જરાપણ લાગણી હોય તે કદી પણ તેનો અસ્વીકાર કરી શકે નહિ. આ સર્વે કારણોની મારા તરફની શુભ લાગણીથી અપાયલી ઉત્તમ તકનો લાભ લઈ મંડળ તરફથી અપાયલા માનપત્રનો સ્વીકાર કરવાની મારી પવિત્ર ફરજ સમજીને જ આજે હું તમારી સમક્ષ હાજર થયો છું

પશ્ચિમ હિંદમાં સ્ત્રી કેળવણીનો પાયો નાખનાર હિંદના દાદાભાઇ નવરોજજી, સ્ત્રી કેળવણીના ક્ષેત્રમાં ઉત્તમ કાર્ય કરનાર શ્રીયુત મહબારી તથા પ્રોફેસર કી કે કર્વે તથા આપણા હિંદમાં સ્ત્રી કેળવણી માટે રા. રા.) લાખની બાદશાહી સખાવત કરનાર સર વીઠ્ઠલદાસ દામોદર ઠાકરસીની સેવાઓ જ્યારે હું યાદ કરું છું ત્યારે મુંબાઇના સ્ત્રીસમૂહ માટે જેણે જે યત્કિંચિત્ સેવા કરી હોય તેને મમત્વના સુહૃદયંકર ગ્રંથથી નિહાળી આવો ભવ્ય મેળાવડો કરી અત્યુક્તિવાળું માનપત્ર રૂપાની કાસ્કેટમાં મને આપે આપ્યું છે, તેને માટે હું પૂરતો લાયક નથી તેનું મને પૂરું ભાન છે જ્યારે હું મારા મિત્ર ભાઇ કેશવલાલ બીજાભાઇ મણિયારની, આ મંડળની સેવા કરવામાં તપોમય નિષ્ઠાનો વિચાર કરું છું ત્યારે જેને જેટલી સેવાની અલ્પતાનું ભાન અનિરોધ થાય છે એમ જરૂર જણાય છે.

મંડળના સ્થાપક તરીકે મને આજે જે માનપત્ર દ્વારા તમોએ ઓળખ્યો છે. પણ મંડળ સ્થાપવાનો વિચાર મને સુઝ્યો, ને તે અમલમાં મુકાય તે સારૂ મે કરેલું કાર્ય તે પરથી મંડળના સ્થાપક તરીકે મને તમે ગણ્યો તે તમારો મારા તરફનો પ્રેમ છે; પણ ખરી રીતે કહું તો મંડળની ગુજરાતી બહેનોમાં મંડળની સ્થાપના કરવામાં આવી ત્યારે શ્રીમતી જમનાબાઇ નરોત્તમદાસ સહાયક થઇ જે મદદ કરી ને પ્રથમથી છેવટ પર્યંત પ્રમુખપદ દીપાવ્યું તેને જ હું સ્થાપક ગણું અને મંડળની ઉજ્જવલ કારકીર્દી તે બહેને લીધેલા અવિરત શ્રમ અને તેમના નિઃસ્વાર્થ ઔદાર્ય ને લીધે છે એમ હું માનું છું. મંડળના જાણીતા હિતચિંતક મિત્ર કુંવરબાઇ મહબાઇ બારડાએ પણ જમનાબાઇ સ્મારક અંકમાં મારા મતને મળતા થઇ નીચે મુજબનું લખાણ કરી મારા વિચારને અનુમોદન આપ્યું છે:- "સને ૧૯૦૩ના વરસને બાદ કરી હિંદુ બહેનો, તમો આશીર્વાદ દેજો કારણ કે તે સાલ તમો માટે ઇશ્વર તરફના આશીર્વાદ લેતુ આવ્યું હતું આ સાલમાં આપણા ગુજરાતી બહેને (જમનાબાઇ સહાયએ) તમારી કોમના કેટલાક માનવંતા બહેનો બાઇઓની મદદથી...તેઓની સાથે મળીને આ હિંદુ સ્ત્રી મંડળની સ્થાપના કરી."

ગુજરાતી હિંદુ બહેનોએ મંડળની સ્થાપના કરી તે વખતે ગુજરાતી કોમમાંથી મંડળમાં નવું બહેનો જોડાય અને તેનું કાર્ય લોકોમાં માનીતું

સ્ત્રીનું નિરાળું વ્યક્તિત્વ

"સ્ત્રી એ પુરુષનું પ્રથરત અર્ધાંગ છે અને દરેક સ્ત્રીએ સ્ત્રીજાતિના આ આદર્શને સિદ્ધ કરવાની કાળજી રાખવી જોઇએ સ્ત્રીનું વ્યક્તિત્વ જ પુરુષના વ્યક્તિત્વ કરતાં નોખું છે અને આ વ્યક્તિત્વનો ભેદ સ્ત્રી પુરુષ બનેના સુખને માટે જળવાઇ રહેવો જોઇએ તેનો નાશ ન જ થવો જોઇએ સ્ત્રી અને પુરુષને કુદરત તરફથી નોખી નોખી શક્તિઓ બક્ષવામાં આવે છે અને આ નોખાપણું મચવાઈ રહે એમાં જ ઉભયનું હિત છે. સ્ત્રી શું કરી શકે એ પ્રશ્ન નથી, પરંતુ પ્રકૃતિની યોજનામાં સ્ત્રી જાતિના મર્મનો શો હેતુ છે એ જ ખરું જોવાનું છે"

[શ્રી મોતીબાગના ભાષણમાંથી]

મીસીસ ફ્રિલીપ ગિબ્સ

માનવંતા ભાઈ કેશવલાલ લીખાભાઈ મણિયાર,

સુજ્ઞ બન્ધુ,

ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના પ્રથમ પ્રમુખ સદ્‌ગત જમનાબાઇ નગીનદાસ સકર્ઇના સ્ત્રી-ઉત્કર્ષનાં કાર્યોમા સહાયભૂત થઇ. તેમની સાથે આ મંડળની પ્રાથમિકમા આગ થઇ તમે પચ્ચીસ વર્ષ કરતા વધારે લાંબા સમય સુધી આ મંડળદ્વારા સ્ત્રી જાતિની તપોમય મૂક સેવા કરી છે જેની યત્કિંચિત્ કદર કરવા અમે શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળનાં બહેનો તમોને આ માનપત્ર અર્પણ કરવા પ્રેરાયા છીએ

પ્રારમ્ભમાં જ્યારે બહેનો સસ્થાની કાર્યવાહીમા અલપ હતી ત્યારે મંડળના કાર્યનો સર્વ ભાર તમે પોતાને માથે બહોરી લીધો હતો અને જ્યારે સસ્થાની આંતરવ્યવસ્થાનું કામ સભાળવા કોઇ અનુભવી બહેન પ્રાપ્ત થતા નહોતા ત્યારે તે બોજો પણ તમે જ સહન કર્યો હતો. તેવા સમયે સ્ત્રીસેવાની સાચી નિષ્ઠાથી આચારવિચારના સયમી વર્તન વડે, એક ચારિત્ર્યશીલ પુરૂષ તરીકે તમે સ્ત્રીઓમાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો અને તેથી ગુજરાતી સ્ત્રી વર્ગમાં મંડળની પ્રતિષ્ઠા બધાઇ જેને પરિણામે મંડળ આજે હજારવ્ય મહત્તા મેળવી શક્યુ છે એને માટે અમે તમોને અતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળની પ્રગતિમા તમારી સેવા એવી તો ઓતપ્રોત થયેલી છે કે તેને જુદી જુદી રીતે વ્યક્ત કરવાનું સર્વાંશે શક્ય નથી અને તેનો બદલો વાળવાનુ પણ અધરૂ છે છતા પણ મંડળ સંબંધી તમારી સેવા અને કામગિરિનો અનુલ્લિનિર્દેશ અનિવાર્ય છે મંડળની પ્રગતિ માટે તમારા આદર્શ વિચારો, 'કન્યામંડળ' તેમજ 'વોલન્ટીઅર કોર' વગેરેની સ્થાપનામાં તમોએ લીધેલો આગેવાની ભર્યો ભાગ, મંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ જમનાબ્હેન સકર્ઇના નામને ચિરસ્મરણીય રાખવા માટે 'સ્ત્રીહિતોપદેશ'નો જમનાબ્હેન સબંધી ખાસ અક કાઢવા માટે તમોએ દાખવેલી બહેમત અને તેમા તમોને મળેલી સફળતા, મંડળમાં સુવ્યવસ્થા જળવવાની તમારી મહાન શક્તિ, મંડળની સર્વદેશીય પ્રવૃત્તિઓમાં તમારી ચીવટભરી દેખરેખ અને સૂચના, મંડળનો હિસાબ ચોકખો રાખી તમોએ મંડળની વધારેલી આંટ, મંડળના પ્રકાશન વિભાગમાં તમારી અંગત દેખરેખ તેમજ મંડળમા આપની સતત હાજરી, મંડળના મેળાવડાઓ, ગરબાપાર્ટીઓ તેમજ નૂતન વર્ષના સમારોહને સંપૂર્ણ રીતે ફતેહમદ બનાવવાની તમારી કાળજી, મંડળનાં કાર્યકરોની સાથેનો તમારો સ્નેહી સહકાર તેમજ મંડળના આખા સ્ટાફ ઉપર તમારી દેખરેખ: આવી રીતની ભિન્ન ભિન્ન પ્રકારની સેવાથી અમને તમારી વ્યવહારકુશળતા અને વ્યવસ્થાશક્તિની સાખી થાય છે. આ સર્વે સદ્‌ગુણોથી અમે તમારા પ્રત્યે આકર્ષાયા છીએ અને મંડળના આત્મા તરીકે જો અમે તમોને સંબોધીએ તો તેમા જરાપણ અત્યુક્તિ નથી

થાય તે સારૂ પ્રથમના વર્ષોમા શ્રીમતી રતનબાઇ લક્ષ્મીદાસ મહેતાએ જે શ્રમ લીધો હતો તથા એક લાંબા ઉપરાંત સેક્રેટરીનું કામ કર્યું હતુ તેથી પણ મંડળ વધી શક્યુ એમ હું માનું છું આ ઉપરાત મંડળમાં લાગલાગટ સેક્રેટરી પદ પર કામ કરનાર બહેનો શ્રી રસિકબહેન તથા શ્રી મંગળાબાઇની સેવાઓ પણ મંડળને ન્યુખીલી બનતે જે માન મળ્યું તથા હાલમાં મંડળ જે રીતે લોકપ્રિય થઇ પડ્યું છે તે તે બહેનોને આભારી છે. આ બહેનોની સેવા વર્ણવવાનો આ સમય નથી. પણ એક લાંબા તથા તે ઉપર મંડળના લેખમવાળા ઓહા પર રહીને ઉત્તમ કાર્ય જે જે સેક્રેટરીઓએ કરી બતાવ્યું હોય તે સારૂ મંડળની બહેનો તેમનો ઋણી આભાર માને તેટલો ઓછો છે. આ બધી બહેનોની બહેનમા કદર કરી તેમની છબીઓ મંડળના હોલમાં મૂકાય અને તે જોઇ બીજી બહેનો એવીજ રીતે કામકાજ કરવા પ્રેરાય એ તેવા હેતુ મારે ઉલ્લેખ છે.

જ્યારે મંડળના પ્રથમ પ્રમુખ શ્રી જમનાબાઇ સકર્ઇનો

સને ૧૯૧૬ મા સ્વર્ગવાસ થયો ત્યારે મંડળના ભવિષ્ય વાસ્તે લોકોને ભીતિ લાગતી હતી પણ મંડળના પ્રમુખ તરીકે નગણી તબીયતે છતા સને ૧૯૧૭ થી પકર વર્ષ સુધી લાગલાગટ ઉત્તમ રીતે ભજવનાર શેઠ લક્ષ્મીબાઇ જગમોહનદાસ છે તેમની તન, મન, ધનની સેવાથી તમો સર્વે બાઇબ્રધેનો વાકેફ છો પણ આ સ્થળે ફક્ત શેઠી લક્ષ્મીબાઇ વરજીવનદાસની રૂ ૫૦૦૦૦) પચાસ હજાર અથવા પોતાનું ગીરવમ રાહ પર આવેલ મકાન આપવાની બા-

આપે સને ૧૯૧૨ મા ગુજરાત કાઠિયાવાડના દુષ્કાળપીડિત વર્ગને સહાયતા આપવાના કાર્યમાં સ્વ જમનાબાઇ સાથે ફરી ગરીબોની સેવા કરવામા, અને મંડળની બાવનગરની શાખા જ્યારે ચાલતી હતી ત્યારે તેમા પણ તમે સહૃદય સહાય કરી હતી; ઉપરાંત તમે તમારી મોટ વધિક કૃતિની સેવા પણ કરી છે, અને કેટલાક વર્ષથી તમે મોટ બન્ધુ સમાજના પ્રમુખ તરીકે કામ કરો છો. આવી રીતે તમારી બધી પ્રવૃત્તિમાં તમારો સેવારસ પ્રગટ થાય છે

યુનિવર્સિટીના પદવીધર ન હોવા છતાં તમે અભ્યાસી જીવન ગાળ્યું છે સંસારમાં સ્ત્રીની ઉન્નતિ વગર સંસારયાત્રા સફળ ન થઇ શકે એ સિદ્ધાંતમાં તમે માનનારા છો. છતાં પણ સંસારસુધારાના વિષયમાં સ્ત્રી, ગૃહ, જ્ઞાતિ, દેશ તથા મનુષ્ય માત્રની સેવા કરતાં સ્થાનભ્રષ્ટ ન થાય એ લેવા તમે ઘણા આતુર છો. સંસારસુધારાના બીજા ક્ષેત્રોમાં પણ તમે પુષ્કળ વિચાર કરીને જ પગલું ભરવાની પદ્ધતિ સ્વીકારો છો. તેવા તમારા દૃઢ માનસની છાપ તમે મંડળની બ્રહ્મનો ઉપર બાંધેલા તથા લેખોદ્વારા પાડી છે, અને મંડળની કાર્યવાહી, હિસાબી કામ, સુવ્યવસ્થા અને મંડળની યોજનાઓને સરળગામી બનાવવામાં મંડળનાં કાર્યવાહકો, મંત્રીઓ વગેરેને તમે પ્રોત્સાહન આપી, સહૃદયતાથી પાવરયા કર્યા છે જે માટે અમે તમારાં આભારી છીએ

દુઃખીપાલનની આવશ્યકતા અનેકને સેવાના વિશિષ્ટ ક્ષેત્રમાંથી દૂર ખેંચી જાય છે; અને માનમહત્તાની લોકપ્રિયા સેવાને તે માટેનું સાધન ગણવાની મનોવૃત્તિ ઉત્પન્ન કરે છે પરન્તુ તમે મધ્યમ સ્થિતિના ગૃહસ્થ હોવા છતાં તેવી વૃત્તિઓને ત્યાજ્ય માની, મંડળદ્વારા સ્ત્રીજાતિની ઉન્નતિ માટે મુખી પણ સ્ત્રીન સેવા બજાવી છે; જે માટે અમે તમારી પ્રશંસા કરીએ છીએ.

તમે મંડળની કાર્યપ્રવૃત્તિને, મંડળના ઉદ્દેશને અને મંડળની મહત્તાભાક્ષાને પોતાનાં જીવનતત્વો ગણી લીધાં છે; અને અમે માનીએ છીએ કે તમારી આ ઉચ્ચ ઉમરે મંડળને ઉન્નત જોવાની આશા કંઇક ફળીભૂત થઇ છે તેથી તમને સંતોષ તો થતો જ હશે.

તમારા ધર્મપત્ની સૌ વીરમતીબ્રેનને પણ તમારી સાથે રહી, મંડળની વર્ષો થયા સેવા કરી છે તેવા સેવાભાવી દંપતીને અમે ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળની બ્રહ્મનો આશિષ આપીએ છીએ; અને પ્રભુ, તમો ઉભયને લાંબુ, નીરોગી, અને સુખી આયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના કરી આ માનપત્ર તમોને અર્પણ કરીએ છીએ

તા. ૩ જી ડીસેમ્બર ૧૯૩૨ મુ બઇ

લિ૦
લક્ષ્મીબાઇ જગમોહનદાસ વરજીવનદાસ,
પ્રમુખ
તથા વ્યવસ્થાપક સમિતિનાં સભ્યો.

દયાળી સંસ્થા વતની માગણી અને તેનો ન્યુ બી લી કાર્યવાહક સમિતિ તરફથી થયેલો સ્વીકાર તથા સર જગમોહનદાસ વરજીવનદાસ તરફથી શેઠ લક્ષ્મીબાઇની ઉદારતીમા તે રકમનું રા બેન્કર વાર્ષિક વ્યાજ આપવાનું વચન અને તેનો ચાલુ થતા આવેલા અભિનંદનો વિચાર કરતાં ત્યારે માનપત્ર મોકલવાની કોની વધુ જરૂરિયાત છે તેનો ફરી સારી પેઠે વિચાર કરી શકું છું અને ખાતરી છે કે શેઠી લક્ષ્મીબાઇની માગણીનો સ્વીકાર થયો છે તો

આ સાર ટ્રસ્ટ કરી મંડળને પોતાનું મકાન ભેટ આપશો તો તે યોગ્ય જ લેખાશે. લેડી લક્ષ્મીબાઇના કામ સારૂ સદ્ગત સર લલુભાઇ શાહે જમનાબ્હેનને ખાતરી આપી હતી તે મુજબ આખા ગુજરાતમા લેડી લક્ષ્મીબાઇએ જે તનમનધનથી પોતાની બ્હેનોની સેવા કરવાનો દાખલો બેસાડયો છે તે સારૂ તેમની માનપત્રદ્વારા કદર કરવાનું પગલું પહેલા લેવાયુ હોત તો ઠીક ગણાત. મહુંમ જમનાબાઇને મંડળ તરફથી માનપત્ર અપાય એ સૌ કોઇ ઇચ્છતુ હતુ પણ તે પ્રસંગ મંડળને સાંપડયો નહીં આવીજ કમનશીબ સ્થિતિ લેડી લક્ષ્મીબાઇના સંબંધમાં ન થાય એ જોવા મંડળના કાર્યકર્તાઓ કાળજી રાખશે એની મારી મોટી ઉમેદ અને આશા છે


મંડળના પ્રથમ પ્રમુખ જમનાબાઇ તથા હાલના પ્રમુખ લેડી લક્ષ્મીબાઇએ મંડળ ચલાવવામાં પુરતી સહાયતાની અવગણના કરી નથી પણ દરેક પ્રસંગે મારી સાથે વાતચીત કરી મારો અભિપ્રાય જાણવાની ઉત્કંઠા બતાવી છે તેથીજ મને મંડળના કાર્યમાં કંઇક અંશે મદદરૂપ થઈ પડવાની સારી તક સાંપડી હતી. મંડળના બધા સેક્રેટરીઓ પણ ઘણા કામમાં મને પૂછે છે તેથી પણ હું મંડળની જોંડીધણી સેવા કરવા ભાગ્યશાળી થયો છું. બાઇ કેશવલાલ પણ દરેક કામ મારી સાથે મળીનેજ કરે છે આ સર્વે કારણોને લીધે મંડળ હસ્તીમાં આવ્યું તેથી સંતોષ ન લેતાં તેની પ્રગતિ ચાહુ રહે તે સારૂં મે મારૂ બૅનતુ કર્યું છે અને તેમ કરીને મે મારી ફરજ બજાવ્યા સિવાય કંઇ વધુ કર્યું હોય એમ હું માનતો નથી અને ૧૯૧૫ સુધીનો મંડળની સર્વે મેનેજીંગ કમીટીની સભ્ય તરીકેમા હું હાજરી આપતો પણ ત્યારબાદ મંડળની સર્વ પ્રવૃત્તિ બ્હેનોજ ચલાવે તેમાંજ બ્હેનોની શોભા ને ઉન્નતિ છે એ સિદ્ધાંત હું માનતો હોવાથી કમિટિની મીટીંગોમાં બ્હેનો હોવા વર્ષો વર્યા સારી રીતે કામ ચલાવે છે તે જોઇ મને મોટો આનંદ થાય છે; ભવિષ્યમા પણ બ્હેનો પુરૂષની મદદ વગર કામ ચલાવે એ સ્થિતિ સત્વર પ્રાપ્ત થાય એ જોવા હું ઇચ્છુ છું

મંડળ જુના વિચાર ધરાવતા બાઇ બ્હેનોમાં માનીતું થઇ પડયું છે અને તેની હસ્તીથી મહાજનદ્વારા ગુજરાતી બ્હેનોને અનેક લાભ આપી શકયા છે અને તેઓની પ્રગતિ સારી પેઠે સાધી શકાઇ છે તે જોતાં મંડળ કેટલીક વાતમા જોખમ ખેડવા તૈયાર ન થયું હોત તો મંડળના હિતચિંતકોએ મંડળના કાર્યકર્તાઓનો તથા સલાહ આપનારાનો દોષ ન કાઢવો પણ તેમની તરફ ક્ષમાદૃષ્ટિથી જોવુ એ યોગ્ય માર્ગ છે એમ હું માનું છું મંડળમાં પહેલેથી ઝગડો રાજકીય બાબતમાં મંડળ ભાગ લેવા બ્હોતુ ઇચ્છતુ તેથીજ ઉભો થયો હતો સ્ત્રીઓ રાજકીય ક્ષેત્રમા પણ પુરૂષને પડખે ઉભા રહી તેઓને બધી રીતે મદદ કર્યા વગ થઇ પડે એ સિદ્ધાંત હું માનતો હોવાથી તથા રાજકીય મતભેદોથી ઉભા થતા કુસંપથી સામાજીક વિષયોમાં ગુજરાતી બ્હેનોની ઉન્નતિ સામનારા મંડળની હસ્તી જોખમમા ન આવે તે સારૂ મને સને ૧૯૧૬માં મુખ્ય ભાગે રાજકીય કામ કરવા સારૂ સ્ત્રીઓની એક જુદી સંસ્થા કાઢવાનો વિચાર સુઝ્યો અને તે મે રાષ્ટ્રીય સ્ત્રી સભા કાઢી અમલમાં પણ મૂકયો અને તે સંસ્થાને મદદ કરવાને આગળ વધેલી બ્હેનોએ પણ એક પુરૂષ તરીકે મારો સહકાર મેળવ્યો. મંડળ સારૂ કામકાજ કરતાં મારી કેટલીક બ્હેનોના મન મારે લીધે દુભાયાં હોય તો હું સર્વેને આજે ખાતરી આપુ છું કે મેં કોઇપણ કર્યું દ્વેષભાવથી કર્યું નથી અને કરીશ નહિ, મને આશા છે કે મારી બ્હેનો મારી ભૂલો દરગુજર કરશે અને મારી સારી નિષ્ઠાથી જ મે કામ કર્યું છે તેનો મારા ખુલ્લા દીલથી કરેલા એકરારનો તેઓ સ્વીકાર કરશે જ.


મુંબઇ શહેરમા હાલની પુછ મરાવતા ગુજરાતી બાઇબ્હેનો છે; પણ મંડળની જરૂરીઆતો ભણે જોઇ તેના તરફથી કામની બત્ત માહિતી મેળવનાર બાઇબ્હેનો થોડા થોડા છે જો તેઓ અંતે તપાસ કરશે તો મંડળ તરફની તેઓની લાગણી તેઓને પોતાનેજ દીલગીરી ઉત્પન્ન થશે મુબઇના પુરૂષોમા શેઠ આર. ડી. બીરલા, રાવ બહાદુર નાગિરદાસ શિવલાલ, સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ, સર સુનીલાલ જીવનભાઇ મહેતા, શેઠ કરસનદાસ પરમાણંદ, શેઠ વલ્લભદાસ કરસનદાસ નાયા, શેઠ શાંતિદાસ આણંદજી, શેઠ લલ્લુભાઇ નરભૂષ્ણ, શેઠ મફતલાલ ત્રિભુવનદાસ, જેવા થોડા

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડળ દ્વારા

મુંબાઇનાં ગુજરાતી બહેનોની સેવા કરનાર



શ્રીયુત કેશવલાલ ભીખાભાઈ મણીઆર



લક્ષ્મીનગર (ખાર)ના આવાસ ઉદ્યમાં

સહૃદયતાથી છે. ગુજરાતી બહેનોમાં પણ હેમી પ્રેમળીલા વીઠલદાસ ગોકળદાસ, ને મુકુરભાઇ હસરાજ પ્રાગજી, શ્રી ગોવરભાઇ ભગવાનદાસ નરોત્તમદાસ વગેરે લાખોપતિ બહેનો છે છતાં પણ મંડળને માટે હજી પણ પોતીકું મકાન મળી શકયું નથી તથા તેને પોતાના આદર્શો અમલમાં મૂકવા પૈસાની જોગવાઇને લીધે અટકાવું પડે છે, એ ખરે અફસોસની વાત છે મંડળને પોતીકી જગ્યા ન હોવાથી હાલમાં કરવી પડી નિર્દોષ આનંદો ભોગવવી પડે છે તથા જુદી જુદી નવી દિશાઓમાં કાર્ય કરવાની તેના કાર્યકર્તાઓની હોંસ હોવા છતા પણ કેટલે દરજ્જે અટકાવું પડે છે તે કંઇ જણ્યું છે ગુજરાતી બનાદય બાઇબ્રહેનો જો અને તપાસ કરશે તો તેઓની પણ ખાતરી થશે કે આવા ઉપયોગી ખાતાને જો માટે ન અપાય તો તે આજ સુધીમાં નહીં.

મંડળની પ્રગતિ પ્રત્યે સંતોષ દર્શાવે છે ત્યારે તેની પ્રગતિ રોકાઇ જવાની ચાલવાળી છે એ જોઇ મહાત્મા ગાંધીજીના શબ્દો યાદ કરી છે તો આપણી ગુજરાતી બહેનો " આપણી ગોષ્ઠીમાં આજ હોતી, આપણી આજે વાદવિવાદ કરતી, આપણા દુઃખોને સમજતી, તેને પામતી, પોતાની અલૌકિક મિત્રતાશક્તિથી આપણી બાહોપાધિઓને શાંતમાં સમજી તેમાં આજ હોતી, આપણને જીવનતત્વમય શાંતિ દેતી " કેટલા બધા વર્ષો થયો તે વિચારતાં મને અકસોસ થાય છે મહાત્મા ગાંધીજીએ હિંદી બહેનો પર આસ્થા મૂકી, તેને પરિણામે હિંદી બહેનોએ સ્વરાજ પ્રાપ્તિ અર્થે છેલ્લા ત્રણ ચાર વર્ષમાં ઘીમે કેમાંથી ઘડવામાં જે ઉત્તમ ફાળો આપ્યો છે તે જોતાં અને જ્યારે આખી દુનિયાની પ્રગતિ જોરશોરમાં ચાલી રહી છે તેવા સમયમાં આવી બાબતો મને અસંતોષ ઉપજે અને તેનું બહેનમાં એક સાચા હિતચિંતક તરીકે દર્શાવી તમને વખારે જોવાથી શ્રમ કરવા પ્રેરે તો માઠું લગાડશો નહિ

ત્રણ હજાર જેટલા મંડળના સભાસદો છે તે સંખ્યા, મુબઇમાં વસતી ગુજરાતી પ્રજાની સંખ્યા સામે સરખાવતા ઘણી ઓછી છે અને આ બાબતનો સ્વીકાર તમે વખારા રીપોર્ટોમાં પણ કર્યો છે મંડળમા મેળાવડા થતી વખતે સભાસદોની સંખ્યા વધે છે અને પછી પાછી નીકળી જતી માલમ પડે છે મંડળમાં બહેનો આવતા જે પ્રમાણમાં લાભ લેવો આવતી હતી તે પ્રમાણે જો સભાસદો તરફથી સારી સંખ્યામા લાભ લેવા અપાવા જોઇએ તે નથી અપાતા અને લાભ વખતે યોગ્ય હાજરી તથા મેળાવડા વખતે તથા સીનેમા જોવાની વગે સાંપડતા સભાસદોની સંખ્યા જોતાં બન્ને મેળાવડા કરવા પડે એ સ્થિતિ જાહરી કેવાય એમ કું કચ્છ છ "

આદ શ્રી. ભગવાનદાસભાઇએ મંડળનું કાર્ય વિસ્તારના કેટલીક બતાવેલા કરી હતી.

શ્રી કેશવલાલભાઇનો ઉત્તર

શ્રી કેશવલાલભાઇએ માનપત્રનો ઉત્તર આપતાં આભાર માની જણાવ્યું હતું કે

" ગુજરાતની ચૂંટેલી બહેનો, આજે મારે તમને વખારે કહેવા જેવું હોય નહિ સને ૧૯૦૨ માં એક ખાનદાન કુટુંબના પુત્રવાન કેળવાયેલ પુત્ર સદ્‌ગત ભગવાનદાસ મોતીભાઇએ મુંબાઇના આગેવાન ગુજરાતી બહેનોની સલાહ લઇને મુંબાઇમાં આવું એક મંડળ સ્થાપવાના પોતાના વિચારો અમલમા મૂકયા. ગરજાતમા આવા મંડળની સ્થાપના માટે હા, ના, નો ઉહાપોહ થયો પણ મુંબાઇના એક પ્રસિદ્ધ ખાનદાન કુટુંબના શ્રી જમનાબાઇ નરોત્તમદાસ સહકારે આ મંડળનું નેતૃત્વ લીધા બાદ મંડળની પ્રતિષ્ઠા ચોમાસમ વખારી અને સમગ્ર ગુજરાતમાં સ્થળે સ્થળે સ્ત્રીઓની કેળવણી, કલ્યાણ અને ઉન્નતિ માટે આવા સ્ત્રી મંડળોની કેટલી જરૂરીયાત છે તે સ્થળે સ્થળે ફરી વ્યાખ્યાનો આપી ગુજરાતી જનતાને સારીત કરી આપ્યું ગુજરાતની એક પુરંધર સ્ત્રી જમનાબાઇએ ફકત ગુજરાતી સ્ત્રીઓમાં જ નહિ પણ સમગ્ર દેશની સ્ત્રીઓમાં તે વખતે અપૂર્વ નવચેતન રેડયું એને ૧૯૧૬ માં જમના બહેનના અંત થતા આ તમારા આ મંડળનું સુકાન એક પ્રતિષ્ઠિત ખાનદાન કુટુંબના શ્રી સૌ લીલાવતી લક્ષ્મીબાઇ જમનાદાસે હાથમાં લઇ ગોકરદમ મંડળની પ્રગતિમાં અભૂતપૂર્વ વખારો કીધો - અને મંડળનું નામ અત્યાર સુધી સુખરૂપ ચલાવી ગુજરાતની બહેનોની ખુશાલી મેળવી રહ્યું છે તે તેમની કાર્યદક્ષતાને જ

આભારી છે. ગુર્જર સ્ત્રીરત્નો ! સૂર્યના કિરણો પ્રકાશી રહ્યા છે, તમે જન્મ્યા છો, તમારા હૃદયમાં નવચેતન રેડાયું છે તમને વધારે કહેવા જેવું હોય નહિ. તમારા સાંસારિક, શારીરિક ઔદ્યોગિક, અને કેળવણી માટેના પ્રશ્નોમાં રસ લઇ તમારી ઉન્નતિ માટે સતત પ્રયાસો કરશો તેથીજ મારો આત્મા પ્રસન્ન થશે–તમે આપેલા આ માનપત્રથી નહિ

બહેનો, તમારા કાર્યક્ષેત્રો ઘણા વિશાળ છે અને તેમાં પ્રવેશ કરવા માટે મહાન પ્રયત્નો તમારે આદરવાના છે. હજુ તો તમે ફક્ત ખાલી ખોખાં તૈયાર કર્યાં છે અને હવે ખાલી ખોખામા ઉન્નતિ અને કલ્યાણની રસવતી સામગ્રીઓ ભરવાની છે આટલું થયા બાદ તેની સુવાસ સમગ્ર પ્રાંત અને શહેરોમાં ફેલાશે. બધું બને કેમ ? કેળવાયલ, પૌઢ વિચારવંત સ્ત્રીઓ, આવી સંસ્થાઓની સેવા કરવા તૈયાર થઇ જાય અને કેટલોક ભોગ આપે તોજ બને.

બહેનો, તમારા મંડળના કાર્યક્ષેત્રો દિનપરદિન વિસ્તૃત થતા જાય છે તે ખુબ ધ્યાનમા રાખજો, અને તે માટે યોગ્ય જગ્યામાં તમારું પોતાનું મકાન બાંધવાની દૃઢ મુદતમાં જોગવાઇ કરવી પડશે આ મકાનમાં ગુજરાતી સ્ત્રીઓની કેળવણી ઉન્નતિ અને કલ્યાણ માટે અનેક ખાતાઓ ઉઘાડવા પડશે. આ સઘળા ખાતાઓ વ્યવસ્થાપૂર્વક ચલાવવાને તમારે વિશાળ ભવ્ય મકાનની જરૂર પડશે લગભગ ત્રણ લાખ રૂપીઆ આવું મકાન ઊભુ કરવા માટે જોઇશે એમ મારું માનવુ છે. મને આશા છે કે ભવિષ્યમાંથી કોઇ પણ દાનવીર વીરશે-ગૃહસ્થ કે સન્નારી પોતાની મોમની સ્ત્રીઓની ઉન્નતિ માટે આટલી રકમ આપવા ઘણી ખુશીથી તત્પર થશે

બહેનો, મુખ્ય કામ તમારે મુંબઇના મોટા લતાઓમાં સ્ત્રિકેળવણી વગેરે ઉઘાડવાનું કરવાનુ છે. મુંબાઇમાં કેળવણી વગર સંખ્યાબંધ સ્ત્રીઓ અજ્ઞાનતાના અંધકારમાં સડે છે, તેનો ખ્યાલ કરવો જોઇએ. જેને બીલકુલ લખતાં વાંચતા પણ આવડતું નથી એવી હજારો સ્ત્રીઓ બહારગામના ગામડાઓમાં અત્રે આવે છે; તેઓના શિક્ષણ માટે આ મંડળે યોગ્ય વ્યવસ્થા ઉપાડી લેવાની ખાસ જરૂર છે. કોઇ પણ ગુજરાતી નામધારક સ્ત્રીને પોતાની ભાષામા લખતા વાચતા નથી આવડતું એવુ સરમરી રીપોર્ટમા ભવિષ્યમા આવવુ ન જોઇએ

આ પ્રસંગે મારે જણાવવુ જોઇએ વધુ કહેવું પડયે કે પચીસ વર્ષ પહેલા સ્ત્રીઓની ઉન્નતિ, કલ્યાણ અને કેળવણી માટે ગુજરાતી પ્રજાને લેશ પણ કાળજી ન હોતી. હમણા સહજ તે માટે કાળજી દર્શાવવામાં આવે છે. આ સંસ્થામાં મોટી ઉમરની સ્ત્રીઓને અને મોટી વયની કન્યાઓને કેળવણી આપવાની તથા પુસ્તકાલય, ગૃહઉદ્યોગ માટે-હુનરઉદ્યોગ વગેરેના કેવા કેવા સાધનોની યોજના અમલમાં મૂકવામાં આવી છે તે તપાસવાની કે જોવાની આ વિષયમાં રસ લેતા ગુજરાતીઓ દરકાર કરતા હોય તેમ જણાતું નથી. મેળાવડા કરવા, ભાષણો કરાવવાં અને સંમેલનો યોજવાં એટલુ જ કરી આ મંડળ બેસી રહેવું નથી. કોઈ ને એવો ખ્યાલ બરાબર હોય તો તેમની ફરજ છે કે તેઓએ આવીને આ સંસ્થાનુ કામ જોવુ અને જાણવું. જ્યાં સુધી સ્ત્રીઓનો વિશાળ સમૂહ અજ્ઞાન અને કેળવણીથી વિમુખ છે ત્યા સુધી સંસાર સુધારામાં પરિવર્તન થવું બહુ મુશ્કેલ છે. ઘોડાક સ્ત્રીઓ યુનિવર્સિટીની કેળવણી લઇ બહાર આવી તેથી આપણે ધારેલા સંસાર સુધારકો એકદમ જોઇએ પરિવર્તન ઇચ્છે છે તે મને પૂછો તો મહારે કહેવું જોઇએ કે હજુ તે ઘણુજ દુર છે. એટલુ યાદ રાખજો કે મેળાવડા અને સંમેલનો તથા પરસ્પર મિલન એ ભવિષ્યમાં ઘણું ઉપયોગી થશે અને સંસાર સુધારામાં સત્રીન ફાળો આપશે. ''

બાદ બહેનોએ ' હૈયાના હેજ આ હેલે ચડયા છે ' એ ગરબો મનોરથ અભિનયકારા ભાવે ગાયો હતો.

ધનાઓની વહેંચણી

તે પછી સો ગુણનગોરી હરખુબાઇ વગેરેને હાથે નીચે મુજબ ધનાઓ આપવામાં આવ્યા હતાઃ

શ્રી વિદ્યાલયઃ ત્રીજા વર્ષમા ૬ ઠે નંબરે પાસ થનાર સો રનેહલીલા જયંતિલાલ ઠાકરને

સૌ સેવી લખમીચન્દને મનમોહનદાસ તરફથી સોનાનો ચન્દ્રમાચંદ્રક; ૨ જા વર્ષમાં ૧ લે નંબરે આવનાર સૌ મણીમોરી વિનયચંદ્ર ઝવેરીબાને અને ૧ લા વર્ષમાં ૧ લે નંબરે આવનાર કુ વસંત મગનલાલને સ્વ હરકોરબેન તેમજ સ્વ નગીનચંદ્ર રમણલાલ તરફથી ચાંદીના ચાંદ

સામાન્ય જ્ઞાનમાં ત્રીજા વર્ષમાં પહેલે નંબરે આવનાર સૌ સ્નેહલતા મનસુખલાલ કામદાર, ૨ જા વર્ષમાં ૧ લે નંબરે આવનાર સૌ. મણીમોરી વિનયચંદ્ર ઝવેરીબા તથા ૧ લા વર્ષમાં ૧ લે નંબરે આવનાર શ્રી હીરાબેન તન્નાને સૌ સેવી લક્ષ્મીબેન તરફથી ઇનામો;

સૌથી વધારે હાજરી માટે ત્રીજા વર્ષમાં કુ કુસુમ જગજીવન મારફતીઆ, બીજા વર્ષમા કુ. વિમળી દીવેચા અને ૧ લા વર્ષમાં સૌ. મણીબેન ઝવેરીને ' કુસુમસુન્દરી ' નામાંકિત તરફથી ' કુસુમસુન્દરી ' અકબ.

વાદ્યના જ્ઞાનમાં ૧ લે નંબરે આવનાર
સૌ વત્સલા નિર્મિત મુનશીને સોનાનો ચાંદ
સૌ સ્નેહલતા મ કામદારને ₹ ૭)
સૌ. મંજુબેન મોહનલાલ દલીને ₹ ૪)
સૌ મણીમોરી વિનયચંદ્ર ઝવેરીબાને ₹ ૩)

સ્વ. પરમાનન્દ મોહનલાલ પારેખ રમણલાલમાંથી આપવામાં આવ્યાં.

સૌ મનસુખલાલ હરખીદાસ ઝવેરીએ પોતાનાં સ્વ માતુશ્રી નાનીબેન અમૃતલાલ મહેતાના સ્મરણ તરીકે સૌ વિનયચંદમાં સારી વક્તૃત્વકળા અભ્યાસ માટે કુ. મધુમતી ચંદ્રકાન્ત પંડિત, કુ કુસુમ જગજીવન મારફતીઆ તથા કુ વિમળી દિવેચાને ચાંદીના કબાટમાં બીજી નાની ચાંદીની કબાટીઓનાં રમકડાં ઇનામો આપ્યાં.

શિક્ષણ વર્ગોમાં પાસ થનાર બેનોને સ્વ ચાંપીબેન મગનલાલ તરફથી, પરીક્ષામા પાસ થનાર ૮ બહેનોને; સ્વ મગીબેન પરમદાસ રમણલાલમાંથી પરીક્ષામાં પાસ થનાર ૧૦ બહેનોને; સ્વ શેઠ વસનજી છગનલાલ રમણલાલમાંથી સર્વોત્તમ પાસ થનાર ૭ બહેનોને સ્વ મુલાબહેન રામદાસ રમણલાલમાંથી ૧૦ બહેનોને તથા મોસીસ બરડા તરફથી ૫ બહેનોને ઇનામો આપવામાં આવ્યાં હતાં.

ઇનામો વહેંચવા બાદ સભાએ, ઓફરોરૂપે વધેરેલો માંડમ થયો હતો ઉપકારક ' ભાઇ ' ' બહેનવાદ્ય ' સહિત સમારંભ વિસર્જન પામ્યો હતો

મંડળને મળેલી ભેટ

રૂા. ૧૫૦) મોમતી નાનબાઇ પ્રાગજી વિશ્રામ.

રૂા. ૧૫૦) મોમતી ઝવેરબેન પ્રતાપશાહ ભગત, તરફ બહેનો મંડળનાં લાઇફ મેમ્બર થવા ઉ

રૂા. ૨૧) સૌ. નીના મનહરલાલ મધુભાઇ તરફથી હસ્ત પ્રસંગે ભેટ

રૂા. ૨૦) શ્રી ભવાનીદાસ નાનજીદાસ મોદીના તરફથી ચિ. બાબુ મગનલાલનાં હસ્ત પ્રસંગે ભેટ.

વીરપસલી

[એક પત્ર]

લખનાર :
શ્રી. ' ય '

પ્રિય બહેન ચંદ્ર,

આ વર્ષે વીરપસલીની ભેટ તને મોકલવી રહી જાય હતી, તે મારા ધ્યાન બહારની વાત ન હતી. પરંતુ તને ઘણાજ ગમતા શ્રી કેશવભાઈ ચોઠના રાસનો સંગ્રહ ' વીરપસલી ' નામે જ પ્રકટ થવાનું મારી જાણમાં હતું એટલે વીરપસલી તરીકે ' વીરપસલી ' જ મોકલવાનું ધાર્યું હતું. આ સાથે તેની એક નકલ તને મોકલું છું. એની ઉપર નજર નાખી જતાં જ તને જણાશે કે એમાંના મણા ખરા રાસ તે ' ગુણસુન્દરી 'માં પ્રથમ છપાઈ ગએલા વાચ્યા છે એક બે રાસ તો તેં મને પણ સંભળાવેલા

તું મને ઠપકો આપશે કે નવરાત્રિ પહેલા આ સંગ્રહ કેમ ન મોકલ્યો ? કહાચ, નવરાત્રિમા આ સંગ્રહમાંના રાસથીજ તું ખેલત પરંતુ હું ઠપકાને પાત્ર નથી ઠપકો આપવો હોય તો શ્રી કેશવભાઈ ચોઠને આપી શકાય, કેમ કે નવરાત્રિ પહેલાં તેમણે એ સંગ્રહ પ્રકટ કર્યો જ ન હતો પણ મને તેઓ પણ ઠપકાને પાત્ર નથી લાગતા. કારણ કે ' વીરપસલી ' બાઇબીજને દહાડે પ્રકટ થાય એવો તેમનો વિચાર ઔચિત્યભરેલો જ હતો.

તું માંગણી કરે તે પહેલાં જ તને એનો હું કેટલો પરિચય પણ કરાવી દઉં તને મારા પરિચય વિના સંતોષ થવાનો નથી, એ હું સારી પેઠે જાણું છું.

શરૂઆતનું ' ખંડ ત્રિખરિણી 'માં રચાયલું અપૂર્વ ગીત ઘણું મધુર છે ' સમરમાં સિદ્ધ સભી ', સંસારમા ઉતરી બીજ જેવી ' ગૂર્જર કળા ' ને ' વીરપસલી ' અર્પણ કરતા તેઓ કવે છેઃ

' ગુંથાતાં નીતિને મત, ઘડાતી રાસવિજળી !
તને તારી અર્પું, સુભગ રમણે ' વીરપસલી.'

આમા બે ખંડ પડેલા છે તે તને તરતજ સમજાશે. પહેલા ખંડમાં રાષ્ટ્રીય રાસ ભર્યા છે. અને ' બીજા વિભાગમા સામાન્ય રાસ છે. બધું મળીને ૨૨ + ૧૩ = ૩૫ રાસ તને તારી સહીયરો સહિત એક પછી એક ખેલવામા ખૂબ મજાદ પડશે એમા મને તો જરાય શક નથી

રાષ્ટ્રીય રાસ લખવા કેશવભાઇ કેમ પ્રેરાયા તે ખબર છે ? તારા જેવી બહેનોએ તેમને મ્હોંડા મ્હોંડ સંભળાવ્યું કે " ઠલમ ઠલું કરતી હોય તો યુગભાવ-પોષક રાસ કા ન આપો ? " એટલે શ્રી કેશવભાઇને પણ લાગ્યું કે " મેનાઓ, તેમની શ્રીસુલભ મૃદુતાની પાળ બાંધીને સિદ્ધ-હસ્તની મદદનીના હાથ ખેલવા મંડી પડી હોય, ત્યારે એમ કેમ જ કહેવાય, કે એ માત્રણી ખુનાસિબ નહોતી ? બહેનો જ પ્રેરક બળ દેતી હોય, તો એમને ગમતા ગીત ગુંથવામા પ્રમાદ પણ કેમજ સેવાય ? " અને શ્રી કેશવભાઇએ તારા જેવી બહેનોની પ્રેરણાથી જ એ રાષ્ટ્રીય રાસ રચ્યા.

રાષ્ટ્રીય રાસમા તને ૩૦ મા પાનાં પરનો ' હિજરત ' રાસ ખૂબ ગમવાનો છે. કારણ કે ૧૯૩૦ ના સત્યાગ્રહ સંગ્રામ વખતે તું બારડોલી અને તેની આસપાસનાં ગામડાંઓમાં ગઇ હતી અને દેશને કાજે પોતાનાં ઘરબાર છોડીને બહાર વસનારી ગ્રામ્ય જનતાને તેં તારી નજરે નિહાળેલી છે, હિજરતીઓના આત્મભોગને શ્રી કેશવ-ભાઇ કેવી હૃદયભેદક રીતે નીચેની પંક્તિઓમા વર્ણે છે ?

" હાલે હવથી દિલડાં,
નવ છાજે તુજ ઓછાયા હો !
જાયું પેલે પાર,
કે કુરબાન કરયું માયા હો ! "

દેશને માટે માયાની કુરબાની કરનારા વીરહૃ

એ જ માતૃભૂમિને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરી શકશે

' કેસરકન્યા ' પણ તમે બહુ ગમશે. એમાં ગુજરાતણની શૂરવીરતાને, ગુણરૂપ અપાયું છે એ આખાય રાસની કડીઓ આખની ગુજરાતણની એક એક ભાવનાને મૂર્તિમંત કરે છે કુ ઉર્દૂની જ કડીનો ઉલ્લેખ કરે :

" કે ગુર્જરી કોણ કહે જાંડી ?
કુલવાડીનાં ગુલગુલ ગી, રસરમાણી રહે અમાડી,
કે રમણી રહે અમાડી !
અનદની સરસધાને, અન્યાની આંખ ઉઘાડી,
કે અન્યાની આખ ઉઘડી,
દેશાન્તર મુજ મજાદમાની પીયુષ દેવત જાંડી
જરથી મારી ગુજરાતણને કોણ કહે છે જાંડી ?
ગુર્જરી,સ્વાર્પણ-ગૌરવ ગાડા"

દેશાન્તરમાં જેની હાક વાગે છે એવી ગુજરાતણો માટે આપણે ગરવ કેમ ન અનીએ ?

' પુત્રને વધામણે ' અને ' પુત્રમહિમા ' એ પહેલા બે રાસ મહિલાઓમા અરેખર ચેતન પ્રેરે એવા છે ' આવા વધાડી ' જેવાં એક જ મથાળાં હેઠળનાં બે રાસમાં એક ' કલિતાપ નાશનારા કહ્યા ', અને બીજામા ' હિંસાનુ ઝેર પી જનારા સન્ત ' નું ચરિત્રનિરૂપણ સજ્જતાથી થયુ છે ' કહ્યો ' અને ' અમૃતવર્ષણ ' ' ગુણસુન્દરી'માં તે વાચ્યા ત્યારથી જ તારા રાસ જેવનમાં સ્થાન પામી ચૂક્યા છે ' સીતાકુંડની કંચણા ' અને ' સીતાહરણ ' બે બે આખ્યાન કવિકલ્પના રામવનુમાંથી સ્વદેશીનો મહિમા સૂચવતી પ્રેરણા મેળવીને રચાયેલા બોધક રાસ છે ' કેસરિયા ', ' વરબો ', અને ' ગુર્જરી વીરાગના ' પણ તારી પસન્દગી પામ્યા વગર રહેવાના નથી

રાષ્ટ્રીય ચેતનાભર્યા રાસના વાચન પછી, બીજા ખંડમાં શાન્ત ગંભીર રસ ઝરેલા પ્રેમળ રાસ આવે છે એમાં તને-તારા જેવી કુમારિકાને ' વરદાનનો વર ' કદાચ ચપ્પુ ગમશે મને તો એ રાસ વાચ્યા પછી લાગે, કુ ' વરની પસન્દગી ' વિષેના તારા વિચારો કર્યાવતી ન હોવ એમ લાગ્યા કરે છે એક સમયે વાત ચર્ચાતાં તેં જ નહોતુ જણાવ્યું કે " ઉપવનના આગિયાની માફક પળભર ચળકે એવો, સડતા મૂળ જેવો કલીન, ઉંદરવરણો રૂપવાળો લક્ષ્મીનો ગુલામ" વર મારે નહિ જોઇએ ! હા, વરમની મારી, કેવો વર જોઇએ છે તે તું બોલી ચકી ન હતી પરતુ શ્રી કેયૂરભાઇ જેનો ઉત્તર બરાબર આપે છે:

" અમીઝરતી આખડીને ખાસે સ્નેહસુવાસ રે,
ખાસે સ્નેહસુવાસ, પ્રાણે પ્રેરા શૌર્ય પ્રકાશ રે,
" રાજો ! એ વરના અભિલાષ રે;
મ્હારે એ વરના અભિલાષ રે " "

ત્યારા જેવી નૂતન ગુજરાતની કુમારિકાઓનો આપના શ્રી કેયૂરભાઇએ એ રાસમાં સચોટ રૂપે વ્યક્ત કરી છે એજ વિભાગમાંના ' જ્ઞાનપેટી ', ' સૌભાગ્ય ચાંદલો ', ' સૌન્દર્યની વેલ ' પણ તને રૂચે એવા છે

હવે જાનું લખતો નથી આટલો પરિચય બસ થશે એમ માનું છું આટલુ વાચવાની તને પીરજ રહી હશે કે કેમ તેની મને શંકા વાગે છે. તો બે, હવે બસ કરું છું

પ્રણામ છું. તું મજામાં છે ને ? *

લિ.
ત્યારા બહાદારાઇના વંદન

---

* વીરપસલી ' શ્રી કેયૂર હ. શૌ.,
બાબાવતા, પ્રેસ, ચાર. રસ્તા, અમદાવાદ મૂલ્ય ચાર આના

ઈનામી પ્રશ્ન

સંપાદક : કુ. યશસ્વિની

ચંદ્રકાન્તે હાલ એક નવો ફ્લેટ ભાડે રાખ્યો છે. દોઢસો રૂપીઆ લઇ એ બંગલામાં જરૂરી ફરનીચર વસાવવા ગયા છે. ભાવોની ખબર કાઢતાં એને નીચેના ભાવો મળે છે.

૧૯૨ રૂ. ડઝન ટેબલો; ૨૭ રૂ. ડઝન ખુરસીઓ; ૩૬ રૂ. ડઝન આરામ ખુરસીઓ; ૪૮ રૂ. ડઝન ટીપોઇ, ૩૦ રૂ. ડઝન મોટા કબાટો અને ૧૫ રૂ. ડઝન નાના કબાટો

આમાંથી પોતાને જરૂરી ફરનીચર વસાવે છે અને મોટરસ્ટોરીમાં બધુ ફેરવે લેવા આવે છે. મોટરસ્ટોરીના ચાર રૂપીઆ ભાડાના આપતાં એને માલમ પડે છે કે એની પાસે કાંઇપણ ન રહ્યું હતું અને એણે બધું મળી કુલ્લે ૫૦ નંગો વસાવ્યા હતા. શોધો કાઢો કે એણે દરેક જાતના કેટલા નગો વસાવ્યા ?

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઇનામોની હરિફાઇમા માસિકનાં દરેક ગ્રાહક તેમજ જે બહેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. ગ્રાહકોના કુટુંબની બીજો પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે. (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવો. ગ્રાહક નંબર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઇનામોનો જવાબ તે **પછીના બીજા મહિનાની આખર તારીખ સુધીમાં** અમને મળે એવી રીતે મોકલી આપવો. (૪) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બાબતમાં–ગેરબાબતીપણા વિષે વાંધો લઇ શકાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે (૬) હરિફાઇના જવાબ સાથે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો

ઓકટોબર માસના પ્રશ્નનું પરિણામ

ખરો જવાબ નીચે પ્રમાણે છે.

		૪	૭	૬	૫	૩
		૮	૨	૧	૪	૯
	૪	૨	૮	૮	૭	૭
૧	૬	૦	૬	૧	૨	×
૪	૭	૬	૫	૩	×	×
૬	૫	૩	૦	૬	×	×
૩	૮	૧	૨	૨	૪	×	×	×	×
૩	૬	૧	૪	૬	૪	૬	૨	૬	૭

આ પ્રશ્નના કુલ ૨૮ જવાબ આવ્યા હતા તેમાં ૨૬ ના ખરા છે; બેના ખોટા છે.

ખરા જવાબ આપનારા બહેનોમાંથી **શ્રી લલિતાગૌરી** (રાજકોટ)ને ૪નામનું પુસ્તક 'સોળ સુંદર વાર્તાઓ ભાગ ૨' આપવામાં આવે છે જે તેમણે અહીં આનાની ટપાલની ટીકીટો (રજીસ્ટર્ડથી જોઈતું હોય તો ત્રણ આનાની વધુ ટીકીટો મોકલવી) મોકલી મંગાવી લેવું

બધા જવાબ આપનાર બહેનોનાં નામ

શ્રીમતી બહેનો : (૧) લલિતાગૌરી, (૨) શાન્તાલક્ષ્મી, (૩) આનન્દલક્ષ્મી, (૪) લલિતા વકીલ, (૫) કનકમણી, (૬) ભાનુમતી, (૭) મંગળાબહેન, (૮) સવિતા પંડિત, (૯) મુક્તાગૌરી દલાલ, (૧૦) હેતુબહેન ચાવડા, (૧૧) કમળા હરિલાલ, (૧૨) શારદા બદામી, (૧૩) શાન્તાબહેન પરીખ, (૧૪) બસુદ, (૧૫) ભાતાબાઈ કાટકોરીયા, (૧૬) કાશીબાઈ ગોરધનદાસ, (૧૭) લક્ષ્મીબહેન, નાનુભાઈ આસર, (૧૯) મોમતીબાઈ, (૨૦) સુમિત્રા પાઠક૭, (૨૧) કપીલાગૌરી બદ, (૨૨) અન્નુમતી શ્રોફ, (૨૩) સરસ્વતી દવે, (૨૪) હીરાબેન મોદી, (૨૫) મા નં. ૧૫૦૬, (૨૬) મા ન ૫૧૪૨

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય તેવા કોઈ બહેનો ઉખાણાની હરિફાઈમાં ભાગ લેવા ઇચ્છતા હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો મોકલી. કૂપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, "ગુણસુન્દરી"

સ્ત્રી અને પુરૂષ-એકબીજાની પૂર્તિ છે-


" સ્ત્રી અને પુરૂષ એક દરજ્જાના છે, એકજ નથી, એ અપૂર્વ જોડી છે, એક બીજાની પૂર્તિ છે અને બન્ને અરસપરસ ટેકારૂપ છે તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સદભાવજ નથી પણ જો પુરૂષ જાયવા તો સ્ત્રી સ્થાનભ્રષ્ટ થાય તો બંનેનો નાશ થાય."

" સ્ત્રી અને પુરૂષમાં જાતે કુદરતી ભેદો હોય, અને તેથી, નિત્યજીવનમાં તેમને ભજવવાની કરજોમાંયે ભેદો હોય, છતાં બે વચ્ચે કોઈ ઉચ્ચ કે નીચ નથી, પણ સમાજના સરખા મહત્વનાં અને પ્રતિષ્ઠાપાત્ર અંગો છે "

" સ્ત્રી જાતિ પોતાનું બળ અને પોતાના કાર્યક્ષેત્રની દિશા બરાબર સમજે તો એ પુરૂષની જોડિયાળી છે એમ માનેજ નહિ, અને પુરૂષનું તમા એની પ્રવૃતિઓનું અનુકરણ કરવાનો આદર્શ રાખે નહિ "

" બધી ઑદિસો બધા ધંધા અને નોકરીઓ સ્ત્રીઓને માટે ખુલ્લાં હોય એ જોવા હું ઇચ્છું છું. પરંતુ સ્ત્રી ગૃહરાણી તરીકેનો પોતાનો પુરાતન અધિકાર સાચવી રાખશે અને બજાવશે એવી આશા હું અંતઃકરણપૂર્વક રાખું. ગૃહરાણીના પદ ઉપરથી નીચે કદી ભ્રષ્ટ કરવી ન જોઈએ જે ઘરમાં સ્ત્રી કેન્દ્રસ્થાને ન હોય તે ઘર ખરેખર ઉજ્જડ લાગે. "

[શ્રી મોતીવાળાના ભાષણમાંથી] મ. ગાંધીજી



સમાલોચના

સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી: લેખક: શ્રી કલ્યાણરાય નરભાઇ જોષી, બી એ; તૈયાર કરાવી પ્રકટ કરનાર શ્રી માધવજી દામોદર ઠાકરસી, મુમ્બઇ

ગુજરાતમાં જીવનચરિત્રોનું સાહિત્ય ઘણું ઓછું છે તેમાય પોતાના સાહસ અને આપબળથી આગળ વધેલા ગુજરાતીઓનાં જીવનચરિત્ર તો મુદ્દલ જેવાં જ નહિ એમ કહીએ તોય ચાલે એમ છે. એ કારણે, મુંબાઇમાંજ નહિ પણ હિન્દમાં તેમજ દેશાન્તરમાં પણ એક પ્રખર નાણાવટી શ્રી, સાહસિક વેપારી અને સરકારી સેવાભાવી સજ્જન તરીકે પંકાયલા સર વિઠ્ઠલદાસનાં જીવનચરિત્રનો આ ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં ઘણું ઉચું સ્થાન પામે એવો છે. સર વિઠ્ઠલદાસની વિવિધ સેવાઓની નોંધ આમાં ઘણી સારી રીતે લેવાઇ છે અને નવલકથાના જેટલોજ રસ આ જીવનચરિત્ર વાંચતાં લાગે એવી એની રસભરી શૈલી છે શ્રી કલ્યાણરાય જેવા વિદ્વાનને હાથે સર વિઠ્ઠલદાસને અનેકવિધ પ્રવૃત્તિને ન્યાય મળે એવા વિભાગો પણ એમાં યોજાયલા છે આખુંય જીવનચરિત્ર ગુજરાતની ભાવિ જનતાને બોધરૂપ નીવડે એવું છે

આ પુસ્તકનું અવલોકન લખતાં પુનાની શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી યુનિવર્સીટી યાદ આવ્યા વિના રહેતી નથી સ્ત્રીઓનાં શિક્ષણનો પ્રશ્ન સર વિઠ્ઠલદાસને હૈયે હતો એ પુરવાર કરવા માટે એ યુનિવર્સીટી તરફ આંગળી ચિંધી શકાય એમ છે સ્ત્રીશિક્ષણ માટે ૧૮ ૧૫ લાખની સખાવત કરનાર કોઇ દાનવીર હિંદુસ્તાનમાં પાક્યો નથી એમને આ જીવનચરિત્રમાં એ, યુનિવર્સીટીની સ્થાપના, એને અપાયલી બાદશાહી સખાવત વગેરેને લગતું પ્રકરણ ન જોતાં ખેદ થયો છે આજે યુનિવર્સીટીનો પ્રશ્ન ચર્ચાએ ચડેલો હોઇ એ વસ્તુનો નિર્દેશ નહિ કરવાનું ધારવામાં આવ્યું હશે પરંતુ અમને તો એ પ્રશ્નની અત્યારે ચાલી રહેલી ચર્ચાને કારણેજ આ જીવનચરિત્રમા સર વિઠ્ઠલદાસે યુનિવર્સીટીના સંચાલકો સાથે કઇ મસલતો કરી હતી તેને લગતું સ્ફોટન આમા કરવાની વધુ અગત્ય જણાઇ છે. એ પ્રકરણ વિનાનું આ જીવનચરિત્ર અમને મુખ્યત્વે સ્ત્રીઓની પ્રવૃત્તિ સારે વધારે રસ હોઇ, અધુરું લાગે છે એટલું જણાવી આ જીવનચરિત્ર, પ્રકટ કરીને ગુજરાત ઉપર શ્રી માધવજીભાઇએ તેમજ શ્રીમતી હેતી પ્રેમલીલાબેને ઉપકાર કર્યો છે એમ જણાવતા અમને ખરેખર આનંદ થાય છે.

નલિનીપરાગ: લેખક: શ્રી નલિન મ. બદ્દ, બી એ ગીતલા માતાની શેરી, વલ્લભાડા: કિંમત બે રૂપીયા

ગુજરાતી સામયિકોમાં કવિ પણ ન લખવાના કારણે ગુજરાતી સાહિત્યમાં અજાણ્યા લાગતા શ્રી નલિન બહેનાં ૧૪૧ કાવ્યોનો આ સંગ્રહ આકર્ષક પમાડે એવો છે એ સંગ્રહમાંની કવિતાઓના વાચનથી જ એક અજ્ઞાત આશા આપતા કવિ તરીકે એમને ગુજરાત સ્વીકારી લેશે એમાં જરા પણ શંકા નથી. સંગ્રહમાંના કાવ્યોને શ્રી. નલિને પ્રકૃતિકાવ્યો, પ્રણયકાવ્યો, અને પ્રકીર્ણકાવ્યો એમ ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યા છે નિસર્ગની રમણીયતાનો કવિને ભારે શોખ હોય એમ એમનાં કાવ્યો ઉપરથી સહજે જ કલ્પના કરી શકાય છે દરેક વિભાગમાં કેટલાક સુંદર કાવ્યો દૃષ્ટિગોચર થાય છે એ બધાંનો ઉલ્લેખ તો અત્રે થવો અશક્ય છે. પરંતુ કેટલાંક વધુ સુન્દર લાગતાં કાવ્યોમા, પ્રભુચરણે, વસમોવિયોગ, કાળરાત્રિ, રજનીમાં પ્રવાસે, વાલ્મીકિ, ઝુમ્મર, દુષ્કાળ વિયોગ વગેરેને જણાવી શકીએ. શ્રી નલિન બહેન

કાન્યો સંસ્કૃત પ્રચૂર હોઈ, સામાન્ય વાચકવર્ગને સમજવા જરા કઠિન પડશે. એમને છંદ અને વૃત્ત ઉપર પણ્યો સારો કાબુ હોવાનુ માલમ પડે છે એક ઉત્તમ કવિનો આ સંગ્રહ, એમાં થોડી ઘણી સ્વાભાવિક ક્ષતિઓ હોવા છતાં ગુજરાતનો આદર પામશે, અને એમની પાસેથી વધુ સારાં કાવ્યો મેળવવા પામશે એવી આશા રાખીએ છીએ

કર્મભૂમિઃ લેખક શ્રી પ્રેમચન્દ, પ્રકાશક સરસ્વતી પ્રેસ, બનારસ સીટી, મૂલ્ય ત્રણ રૂપીયા.

'ગુણસુન્દરી 'ના વાચકોને ' ચરીબની ગૃહલક્ષ્મી ' ના મૂળ લેખક તરીકે સુપરિચિત એવા ભારતવિખ્યાત ઉપન્યાસ સમ્રાટ શ્રી પ્રેમચન્દજીની ' ગબન ' પછીની આ નવી નવલકથા છે અને એમાં આજના રાજકીય પ્રશ્નને તેમજ લોક-સમૂહને જાગૃત કરવાની પ્રવૃત્તિને કેન્દ્રમા રાખીને વસ્તુગ્રંથણી કરવામાં આવી છે શ્રી પ્રેમચન્દજીની લેખિનીમા જે જોમ છે તે આમા પણ પૂરેપૂર જળવાઇ રહ્યું છે અને આખીય નવલકથા સમાજના આજના અગત્યના પ્રશ્નોની સુંદર અને પ્રેરક સમીક્ષા કરે છે હરિજનોના ઉદ્ધારની અત્યારે જે પ્રવૃત્તિ ચાલી રહી છે, અસ્પૃશ્યોના મંદિર પ્રવેશની જે પ્રવૃત્તિ ચાલી રહી છે, જેના પરિણામથી મુડીવાદીઓ અમન ચમન ઉડાવી રહ્યા છે એવા મજુરોની જે ચળવળ ચાલી રહીછે તે બધાયને આ નવલકથામાં વણી લઇને, તેમજ રાષ્ટ્રીય ભાવનાને વ્યક્ત કરતી ચળવળને પણ મુખી લઇને શ્રી પ્રેમચન્દજીએ નવલકથાને હેતુલક્ષી બનાવી છે જો કે, નવલકથાભાના બનાવો ઘણી જ ઝડપથી, જાણે ચિત્રપટ ઉપર બની જતા હોય એમ લાગી આવ્યા વિના રહેતુ નથી. નવલકથામાંના મુખ્ય પાત્રોમાં અમરકાન્ત અને તેની પત્ની સુખદાનાં પાત્રાયેાજનમાં શ્રી પ્રેમચન્દજીની કુશળતા ખાસ તરી આવે છે સુખદાને શ્રી પ્રેમચન્દજીએ નૂતન સ્ત્રીનાં રૂપમાં ઘણી સારી રીતે ચીતરી છે પતિના જેમ તેનામા પણ સ્વાભિમાન છે, એ સુખદા પોતાના વર્તનથી બતાવી આપે છે પતિને તે ચાહે છે, પરતુ પતિના જ વિચારોમાં તે પોતાના વિચારને સમાવી દેતી નથી પોતાનું પણ સ્વતત્ર વ્યક્તિત્વ છે એનું તેને સતત ભાન રહે છે. અને તેથી જ જ્યારે અમરકાન્ત તેને છોડીને ચાલી જાય છે પછી લાભા કાળે તેને પાછા મળે છે ત્યારે પણ પોતનાં સ્વાભિમાનને પરિણામે, તે અમરકાન્તને સહેજે ક્ષમા આપતી નથી. અમરકાન્તના લોભી પિતાનો હૃદયપલટો પણ્યો ઉતાવળે થાય છે મુન્નીનું પાત્ર પણ ધ્યાન ખેંચ્યા વિના રહેતું નથી સુખદા પછી નવલકથાનાં એક સર્વોત્કૃષ્ટ સ્ત્રી પાત્ર તરીકે મુન્નીને સહેજે મૂકી શકાય. નેના, સકીના, કાશીનાની બુઢ્ઢી મા, શાન્તિકુમાર, સલેાની, વગેરે પાત્રો પણ ઠીક ઠીક વિકાસ પામ્યા છે આખીય નવલકથા એવી રસપ્રદ બૂંદાઇ છે કે એ વાંચ્યા વિના હાથમાથી મૂકવી ગમતી નથી શ્રી પ્રેમચન્દજીની સાદી રોચક અને ટુંકા વાકયોમા ભાવાલેખન કરવાની પદ્ધતિ એની વિશિષ્ટતા છે હિન્દી ભાષામાં આ નવલકથા સારૂ સ્થાન પ્રાપ્ત કરશે

નવો અવતાર (પ્રથમ ખંડ) મૂળ લેખક ટોલ્સ્ટોય અનુવાદક શ્રી વિશ્વનાથ ભટ્ટ પ્રકાશક શ્રી પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ કીંમત રૂ ૨-૪-૦

મહાત્મા ગાધીજી જેમને પોતાના એક ગુરૂ માને છે તે સુપ્રસિદ્ધ રશિયન લેખક મહાત્મા ટોલ્સ્ટોયનુ નામ હવે તો ગુજરાતમાં ઘણીવાર થઇ ગયુ છે પ્રકાશક તરફથી પ્રકટ થતી ' ટોલ્સ્ટોય ગ્રંથાવલિ 'નુ આ ચોથુ પુસ્તક છે મુખરેખા કહેવાતા રેખામા એક વ્યક્તિને સુખી જીવન ગાળવા માટે જે જે સાધનો આવશ્યક તેમજ સામાજીક જોઇએ તે સર્વ હોવા છતાં ટોલ્સ્ટોયને એ જીવન પ્રત્યે અસંતોષ રહેતો અને તેમાથી ઉદ્ભવ્યા તેમણે પોતાના નવા મતવ્યો રચ્યા હતા એ નવા મંતવ્યો-ભૂતમાત્ર સાથે એકતા અનુભવવા અભેદ ભાવ કેળવવો સર્વ પ્રત્યે પ્રેમવૃત્તિ રાખવી-જીવનમા ઉતારવાને પરિણામે ટોલ્સ્ટોય પોતે નવો અવતાર પામેલા આ વાર્તાનો એમનો નાયક પણ એ જ મતવ્યોને આધારે જીવનનુ સાચું સુખ મેળવવા પ્રયત્ન કરે છે આખી વાર્તા ટોલ્સ્ટોયની લાક્ષણિક શૈલીમા લખાઇ છે અને ઝારના સમયના રશિયાના જીવનનુ સુરેખ ચિત્ર રજુ કરે છે. શ્રી ભટ્ટે એનો અનુવાદ સાદી અને સરળ ગુજરાતીમા કર્યો છે. અલબત્ત, વર્તાની દૃષ્ટિએ યૂરોપીય સમાજની કેટલીક વિશિષ્ટ ઘટનાઓ ઉપર થઈ છે,

એટલે ગુજરાતી વાચકને એમના પ્રસંગો પરદેશી લાગશે વળી જર્મનોને રશિયન નામો પણ યાદ નહિ રહે. આટલું છતાં ટૉલ્સ્ટોયની શૈલી અને એના મતવ્યોનો પરિચય આ અનુવાદમાંથી રહેલા-કથી કરી શકાશે. વાર્તાના પાત્રોના નામ અને પ્રસંગોને ગુજરાતી વાપા પહેરાવવાની લાલચમા અનુવાદક નથી પડયા, તે માટે તેમને અભિનંદન ઘટે છે આ પ્રથમ ખંડ વાંચ્યા પછી વાર્તાનો અંત કેવી રીતે આવે છે, નાયક પોતાના ધ્યેયમાં સફળ થાય છે કે નહિ, તે જાણવાને વાચકો બીજા ખંડની બહુ ઉત્સુકતાથી રાહ જોશે.

પરદેશી કાપડની સામે હરીપ્રસાદ કેમ કરવી ? લેખકઃ શ્રી મનમોહનદાસ પુ ગાંધી. પ્રકાશકઃ શ્રી પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ. કીમત રૂ ૦-૮-૦

"પ્રસ્થાન" કાર્યાલય તરફથી પ્રકટ થતી "સરસ્વતી ગ્રન્થમાલા"ના ૪થા વર્ષના પુસ્તક ૧-૨ તરીકે અપાયલું આ પુસ્તક એના નામ પ્રમાણે વસ્તુ વાચકો સમક્ષ ધરે છે પૂ ગાંધીજી કહે છે તેમ "આ પુસ્તક અત્યારના સમયને અનુકૂળ છે" કાપડની બાબતમા આ દેશ એક વખતે સ્વતંત્ર હતો એટલું જ નહિ પણ બીજા દેશોને પણ કાપડ પૂરું પાડતો. હાથ કાંતણ અને હાથ વણાટનો એ ઉદ્યોગ પરદેશી તેમજ દેશી બનાવી શકાય એમ છે પર દેશી કાપડના પૂર્ણ બહિષ્કાર માટે શું કરવાની જરૂર છે, તે બતાવવાનો લેખકે સારો પ્રયત્ન કર્યો છે ઉપરાંત અનેક વિષ ઉપયોગી માહિતી આંકડા સાથે આપી છે. 'સ્વદેશી'મા માનનાર વાચકોને આ પુસ્તક ઘણું ઉપયોગી થશે; ન માનનારને પોતાનો મત બાંધવા જરૂર પ્રેરશે "

ગીતસંગ્રહઃ સંગ્રાહક મી. સીતારામ નથુ-ભાઇ. પ્રકાશક શ્રી ઘરોતર એજ્યુકેશન સોસાયટી, આનૃદ મૂલ્ય બે આના.

આ લોકપ્રિય ગીતસંગ્રહની ચોથી આવૃત્તિ પ્રકટ થતી જોઇને અમને આનંદ થાય છે સ્વ અમ્બાલાલ કાળીદાસ પટેલના સ્મારક તરીકે આ સંગ્રહ ખેડાનાર ૧૯૮૪માં થયો હતો પાંચ વર્ષના અરસામાં તેની ત્રણ આવૃત્તિઓની ૫૫૦૦ નકલો ગુજરાતી બહેનોએ ખપાવી દીધી છે ગુજરા-તના વિવિધ ભાગોના રાસ અને ગીતો એમાંથી મળી રહે છે. પ્રમાણમાં બીજા સંગ્રહો કરતાં કીમત સસ્તી હોવાથી એનો વધુ ઉપાડ થાય એ કુદરતી છે ગુજરાતનું રાસધન વિકસાવવા આવા અનેક સંગ્રહો પ્રકટ થવાની જરૂર છે.

મોતીની ગુંથણમાળાઃ પ્રકાશકઃ શ્રી કે. એ. કોલગ્રોવાળા. કીમત ૭ આના.

પ્રકાશક તોરણો વગેરે માટે વપરાતા સાધનોના વેપારી હોઇ તેમના તરફથી મોતીની ગુંથણમાળાનું આ બીજું પુસ્તક પ્રકટ થાય છે. આ નાનકડા પુસ્તકમાં મોતી અને સળીઓના તોરણોની છ જુદી જુદી ડીઝાઇનો તેમણે સંપૂર્ણ સમજુતી સાથે આપી છે. દરેક રંગના અને પ્રકારના કેટલા મોતી અને સળીઓ પ્રત્યેક નમુના માટે જોઇએ, તે એક વેપારી તરીકે તેઓ સારી રીતે જાણી શકે એમાં નવાઇ નથી આ પુસ્તક કલારસિક બહેનોને ઉપયોગી છે.

(૧) કુલકોર શોઠાણી અને મગળાનાં દર્શનઃ (૨) કાઠિયાવાડમાં પોતાના કપાસમાંથી કાપડ કરવાની સહેલી રીત. લેખક અને પ્રકાશક શ્રી શેઠ રામજી હંસરાજ; ઉદ્યોગ મંદિર અમરેલી મૂલ્ય અનુક્રમે અધી અને પા આનો.

શેઠ રામજીભાઇએ પોતાનો ધાકતો પ્રયોગ કર્યો હોવા છતાં સ્વદેશી પાછળ ભોગ આપ્યો છે. કાઠિયાવાડમાં ખાદીના ઉત્પન્ન માટે સક્રિય તનતોડ પ્રયત્નો કરવા સાથે સ્વદેશીના પ્રચાર માટે ઉપયોગી સાહિત્ય પોતાખર્ચે પ્રસારવાનું પૂણ્ય તેઓશ્રી કમાઇ રહ્યા છે. "કુલકોર શોઠાણી"માં જીવનને રહેણી કરણી એવી રીતી અને ભાષામાં સ્વદેશીનો ધર્મ તેમણે સમજાવ્યો છે. બીજા પુસ્તકમાં તેમણે પોતાની પ્રિય યોજનાનું રજુ કરી છે. કાઠિયાવાડમાં પાકતા કપાસમાંથી જ પોતાને માટે જરૂરી કાપડ કાઠિયાવાડના વતનીઓ તૈયાર કરી લે એવી તેમની ઇચ્છા છે અને તે માટેના પ્રયત્નો તેઓશ્રી સેવી રહ્યા છે એમની એ યોજના હિંદના બીજા પ્રદે-શોમાં જ્યાં જ્યાં કપાસ થતો હોય ત્યાં ત્યાં ઉપયોગી થઇ શકે એવી છે. અમે ઇચ્છીએ છીએ કે દરેક સ્વદેશી પ્રેમીબન્ધુ આ પુસ્તિકાઓ વાંચે અને તેમાંની યોજનાઓ અમલમાં મૂકવામાં સહા-યભૂત થાય.

મદીપાળદેવઃ લેખક શ્રી ગોકુલદાસ દામો-દાસ રાયચુરા, પુસ્તકાલય સહકાર સહકારી મંદિર વડોદરા; કિમત રૂા. ૨-૮ ૦

સોરઠી ઇતિહાસના એક પ્રસંગ ઉપરથી લખેલી રા'કવાટના સમયની આ નવલકથા શ્રી રાવજીપથી જાનીએ પરિચિત ગુજરાતનો નજર આવકાર પામશે. રા'કવાટ ચારણોદ્વારા મહીપાલદેવનું બીરૂદ પામ્યો હતો. એના જીવનમાંના મુખ્ય પ્રસંગોને શ્રી રાવજીભાઈએ આ નવલકથામાં અત્યંત ખુબીથી મેળવી દીધા છે. રા'કવાટ, સોનલ અને મીનલના પાત્રોનું આલેખન વધુ સારૂ અને રસાત્મક થયું છે. છેવટ સુધી નવલકથામાં રસ જળવાઈ રહે છે. શ્રી રાવજીભાઈ આવી ઐતિહાસિક નવલકથાઓ વધુ પ્રમાણમાં આપે એવી ગુજરાત આશા રાખે તો તે વધારો પડતું નથી

દુનિયાની ભૂગોળ અનુવાદક શ્રી. અમૃતલાલ મોહનલાલ પરીખ, ચેપમેન્સ ગ્રીન એન્ડ કંપની લીમીટેડ, મૂલ્ય રૂા. ૨-૪-૦

રંગુન યુનિવર્સીટીના ભૂગોળના માજી પ્રોફેસર એમ. હડ્સી સ્મિથના 'The world' ભૂગોળ ગ્રંથનો આ અનુવાદ ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓ માટે પાઠયપુસ્તક તરીકે ઉપયોગી થાય એવો છે ગુજરાતી ભાષાનું એ કમનસીબ છે કે આવા વિષય ઉપરનાં ગ્રંથો સ્વતંત્ર રીતે ન લખતા, અનુવાદરૂપે ચલાવી લેવા પડે છે શ્રી પરીખે કરેલો અનુવાદ એકંદરે સારો છે પુસ્તકમાં નકશાઓ તેમજ બીજી આકૃતિઓમાં અંગ્રેજી ગ્રંથના તૈયાર બ્લોકોનો ઉપયોગ કર્યો છે તે ઠીક નથી વાસ્તવ ગુજરાતી શબ્દો સાથે એ આકૃતિઓ તૈયાર કરાવવી જોઈતી હતી

(૧), (૨) શ્રી ઋગ્વેદસંહિતા, અષ્ટક ૧ લું વિભાગ ૧ લો અને બીજો અનુવાદક શ્રી મોતીલાલ રવિશંકર ઘોડા; મૂલ્ય દરેકના રૂા. ૨-૦-૦


(૩) નરસિંહ મહેતા: લેખક શ્રી જયસુખરાય વિ. જોષીપુરા, કિંમત ૦-૧૧-૦

(૪) ધર્મોની ઉત્પત્તિ અનુવાદક શ્રી મુનીલાલ મગનલાલ દેસાઈ; કિંમત રૂા. ૧-૮-૦

(૫) વીરશૈવ સંસ્કૃતિ: ભાષાંતર કર્તા: શંકર ગોવિંદ સાગરપોરા; કિંમત ૦-૧૩-૦

વડોદરાની સયાજી સાહિત્યમાળાના અનુક્રમે ૧૮૧, ૧૯૫, ૧૯૧, ૨૦૦ અને ૨૦૫ માં પુસ્તકો છે પહેલાં બે સાયણાચાર્યભાષ્યાનુસાર શ્રી. ઋગ્વેદસંહિતાના અનુવાદો રજુ કરે છે અને વેદ સાહિત્યને એ રીતે ગુજરાતીમાં સુલભ કરે છે. ત્રીજું પુસ્તક આપણા ભક્તકવિ નરસિંહ મહેતાના જીવન અને સાહિત્યનો સારો પરિચય કરાવે છે એમાં ભક્તકવિ નરસિંહ મહેતાના જીવનના વિવિધ પ્રસંગો સારી રીતે આલેખાયા છે. ચોથું એડવર્ડ કલૉડના મુળ અંગ્રેજી ગ્રંથ childhood of religions નું ભાષાંતર છે અને પાંચમું વીરશૈવ સંસ્કૃતિનું સારૂ ભાન કરાવે છે પાંચેય ગ્રંથો સાક્ષરીય વાઙ્મયમાં સારો ઉમેરો કરે એમાં અત્યંત દ્રષ્ટિથી લખાયલા છે

સ્વીકાર (૧) કલ્યાણમંદિર' તંત્રી ભાનુપ્રસાદ વ્યાસ, મુબાઇ અંક ૭ થી ૧૦ (૨) સત્યકથાઓ અને રમકડાં મુબાઇ અંક ૧૪ થી ૧૮, (૩) ક્ષત્રિયમિત્ર અંક ૨ જ તંત્રી ધીરસિંહ વહેરાભાઇ ગોહિલ, ભાવનગર, (૪) ઔદિચ્ય જ્યોતિ, અંક ૧ તંત્રી હરગોવિંદ રેવાશંકર મહેતા વડોદરા (૫) સદ્ધર્મપ્રકાર અંક ૩, તંત્રી સંઘવી ચેલાભાઇ, (૬) શ્રી પુષ્ટિ પીયૂષ (રાસાંક) તંત્રી શ્રી હરિપ્રસાદ ઓધારજી ગોસ્વામી નડીયાદ, (૭) અનાવિલ અંક ૧ તંત્રીઓ શ્રી ઇન્દુ દેસાઈ, શ્રી ગજેન્દ્ર દેસાઇ, સુરત (૮) નામરૂપજગત્ ઈશ્વરમ્મરા તંત્રી શ્રી જેઠાલાલ ના ઠવે. અમદાવાદ, (૯) સદ્ધકાર પત્રિકા; અંક ૧-૨-૩ તંત્રી નાનાભાઇ પરીખ, સુરત (૧૦) પંચોળી હિતેચ્છુ અંક ૧ તંત્રી નગીનદાસ છગનભાઈ મહેતા (૧૧) મોતીવાડી વિજ્ઞાન. નવેમ્બર તંત્રી મગનલાલ દેસાઇ, લીંબડી, (૧૨) આયુર્વેદ રહસ્યાંક માર્ગદર્શક-આત્મદર શ્રી રસશાળા ઔષધાલય, મોરબી (૧૩) છેલ્લું હૃદય લેખક કવિ અબાયા દરિયાદર (૧૪) લોકગીત લેખક છગનલાલ જેચંદ પટેલ (૧૫) રાષ્ટ્રીયોપયોગી બાલકનું બન્યું સાહિત્યાંક સંપાદક: શ્રી સત્યવ્રત શર્મા સુરત.



લેખક: શ્રી હિમ્મતલાલ ગણેશજી ઝાંઝરિયા

શ્રી ભવાનીદાસ મોતીવાળા તથા શ્રી કેશવલાલ મણિયારને તા ૩ જી ડિસેમ્બરે માનપત્ર આપીને, મુંબઇનાં ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળે પોતાની એક આવશ્યક ફરજ સુંદર રીતે અદા કરી છે, અને ગુણદર્શિતા આપણા ભાઇ બ્હેનોમાથી અત્યંત નાણુદ થઇ નથી એમ બતાવી આપ્યુ છે.

શ્રી. ભવાનીદાસ મોતીવાળા એ તો તે મંડળના આદ્ય ઉત્પાદક, સ્થાપક અને સંચાલક જ હોવાથી તેમની પિછાન એ મંડળના સભાસદોને આપવાની હોય જ નહિ. શ્રી. કેશવલાલ પણ લગભગ પંદર વર્ષથી જે ઉપયોગી સેવા બજાવી રહ્યા છે તે સર્વ સભાસદોને મારી પેઠે જાણીતી છે. એ બે ભાઇઓની વર્તમાન સેવા સૌના જાણવામાં હોવા છતાં, તેમનો ભૂતકાળમાં કેવો અને કેટલો લાભ મંડળને મળ્યો છે એ કદાચ વર્તમાન સભાસદોના જાણવામા ન યે હોય.

આજથી ત્રીસ વર્ષ પહેલા, જ્યારે એ કેળવણી માત્ર પ્રારંભ દશામાં હતી અને એ સંસ્થા તો અસ્તિત્વમાં પણ નહોતી તે સમયે શ્રી ભવાનીદાસના મગજમાં સ્ત્રીઓની કેળવણીના અને સ્ત્રીઓની સંસ્થાની ઉત્પત્તિના વિચાર ખૂબ ઘૂમી રહ્યા હતા. શ્રી ભવાનીદાસને પ્રભુએ સર્વ જાતની સુખમય સ્થિતિમાં મૂક્યા હતા. ધનાઢય કુટુંબમાં તેમનો જન્મ હતો. નવી કેળવણીમાં પણ તેઓ સારી પ્રતિષ્ઠા મેળવી શકયા હતા અને તેમણે ધાર્યુ હોત તો ધનની અને આત્મ પ્રતિષ્ઠાની વૃદ્ધિ કરનારા ધંધાની પસદગી કરી આજે જાણીતા છે તેથી ઘણા વધારે જાણીતા થઈ શકયા હોત. પરંતુ સ્ત્રીઓની સ્થિતિ અને તેમાં સુધારો કરવાની તેમની ઉત્કટ ભાવના જ્ઞાનની તેમની અદમ્ય પિપાસા, મહેનતાણાની કે ફળની પણ દરકાર કર્યા વિના 'સેવા' કરવાની તેમની પ્રબળ વૃત્તિ અને જ્યાં જ્યાં પ્રકાશ, ત્યાં ત્યાં ઉત્સાહ, જ્યાં જ્યાં પ્રગતિ અને જ્યાં જ્યાં સેવાના પ્રસંગ ત્યાં ત્યાં પોતાની સર્વ શક્તિથી સામેલ થવાનો તેમનો સ્વભાવ એ બધાએ તેમની કાર્યદિશાને એવી રીતે નિર્ણીત કરી દીધી હતી કે તેઓ પોતાની આજીવિકા માટે કે પોતાની ધનપ્રદ પ્રવૃત્તિઓને માટે કાંઇ પણ કરી શકે તેવુ રહ્યુ ન હોવુ.

દેશમાં દેખાઇ રહેલો નવો ઉત્સાહ ઝીલી તેને મદદરૂપ થવામાં જ તેમણે પોતાનું કર્તવ્ય માની, સમાવી દીધું હતું અને રૂકુમ્સ બોર્ડરહુડ, સોશ્યલ સરવિસ લીગ, મુંબઇ મ્યુનિસિપલ કોરપોરેશન અને તેમાની રૂલ્સ કમિટિ, પોતાથી બને તેટલુ દિગ્દર્શન એ બધામાં તેમણે સંગીન અને સુંદર કામ

તારાબહેન મોહનલાલ ગ્રેજ્યુએટને હસ્તે ખુલ્લું મૂકાયું છે

સ્ટવ-સળગીને મોત: (૧) વૂળસીપુર કરતા દીવાને સાડીનો છેડો લાગી જવાથી ખારમા શ્રીમતી સુન્દરલાલ દાજી મરણ પામ્યા (૨) ખાટકોપરમા સાસુના ત્રાસથી કંટાળીને કાન્તાબહેન ધરમસી નામની બહેને સાડી પર ચ્યાસતેલ છાંટી સળગાવી આપઘાત કર્યો (૩) કુરાબાઇ લક્ષ્મીચંદ નામની સ્ત્રી ખાટકોપરમા પ્રાયમસ સ્ટવ સળગાવતા દાજી મરણ પામી (૪) મુબાઇમા કમળાબાઇ સદાશીવ સમડીપર ચ્યાસતેલ નાખી તે સળગાવવા જતા દાજી મરણ પામી (૫) મુબાઇમા કાયા-બજાર ખાતે સમન્દુબાઇ ચુનીલાલ નામની બહેન સ્ટવ સળગાવતા જતા દાજી મરણ પામી

વૃદ્ધ લગ્ન સામે બંધી: અમદાવાદમા ૧૪ વર્ષની મણી નામની છોકરીનુ લગ્ન પૈસાને લોભે ૫૭ વર્ષના વૃદ્ધ જૈન અમથાલાલ સાથે થતુ અટકાવવા સમાજ સુધારા સમાજ તરફથી શ્રીમતી લેડી વિદ્યાગૌરી નીલકંઠે અપીલ કરતા મનાઇહુકમ કાઢવામા આવ્યો હતો. છોકરીના કહેવાતો બાપ પોચાલાલ છોકરીનો ખરો બાપ નહોતો, તે બહારથી છોકરીને લઈ આવ્યો હતો એમ જણાવાયુ હતું.

શ્રીમતી પાર્વતી રેવી મુબાઇ યુનિવર્સીટીના ગ્રેજ્યુએટ છે તેમને કરાચીની ધનબતમલ આર્યપુત્રીશાળાના પ્રિન્સિપાલ નીમવામા આવ્યાં છે તેમણે સંસ્કૃતભાષામા પ્રવીણતા મેળવી હતી. ઉચી કેળવણીમા સંસ્કૃત લેનાર આ બહેન પહેલાંજ સ્ત્રી છે

હિન્દની વસતી ગણત્રીના છેલ્લા અડસઠા પ્રમાણે સ્ત્રીઓની કુલ સંખ્યા ૧૭,૧૦ ૦૮,૮૮૫ની છે ૧૦૦૦ પુરૂષ દીઠ ૯૪૦ જેટલુ સ્ત્રીઓનુ પ્રમાણ આવે છે. અવિવાહિત પુરૂષોની સંખ્યા અર્ધી છે. જ્યારે કુલ કરતા સહેજ વધુ સંખ્યા સ્ત્રીઓ અપરિણિત છે સો કે ૪૬ ૭ ટકા પુરૂષો અને ૪૯ ૩ ટકા સ્ત્રીઓ પરિણિત છે વિધુરો સો કે ૬ ૪ ટકા છે જ્યારે વિધવાઓની સંખ્યા ૧૫ ૪ ટકા છે. ૬૨ માંથી ૧૫૬ પુરૂષો અને ૨૬ સ્ત્રીઓ કોઇ પણ ભાષામાં લખી વાંચી શકે છે અગેજી જાણેલાઓનુ પ્રમાણ પુરૂષોનુ ૨૫ જેટલુ અને સ્ત્રીઓનુ ૩ ટકા કુલ ૨,૩૬,૬૨,૨૭૬ પુરૂષો અને ૪૧,૬૮,૦૩૬ સ્ત્રીઓ ભણેલા છે.

બાલલગ્ન પ્રતિબંધક કાયદાનો ભંગ: (૧) કલકત્તામાં શ્રી કાલુરામ દુગાને આ કાયદાનો ભંગ કરી પોતાની પુત્રીને પરણાવવા માટે રૂા. ૫૦૦) નો દંડ થયો છે (૨) તાજેરમાં એ કાયદાનો ભંગ કરવા માટે કુમ્પુસ્વામી પિલ્લાઇ અને સેન્નાઅમલ ને અનુક્રમે રૂા. ૧૫ અને રૂા. ૫) ના દંડની સજા થઇ.

મહારાજાને સ્થાને રેવા રાજ્યના નાબાલગ મહારાજા ગોલમેજ પરિષદમા હાજરી આપવા ઇગ્લાંડ જતાં, તેમની ગેરહાજરી દરમ્યાન ના સીનીયર મહારાણી સલાહકાર સમિતિ સાથે રાજમા રાજ્યપુરા ચલાવે છે.

વિદેશ.

હિન્દી સ્ત્રીઓની સ્થિતિ: લંડનમા ત્રી-સેગ્બરની તા. ૮ મીએ થયા વીમેન્સ ફ્રિમિશન એસોસીએશન તરફથી થયેલા ખાણાના મેળાવડામાં પ્રમુખસ્થાનેથી લેડી શાર્પીએ જણાવ્યુ હતુ કે હિન્દમા સ્ત્રીઓની સ્થિતિમાં મોટો ફેરફાર થયો છે તેનુ કારણ પૂર્વ ઉપર પશ્ચિમની સંસ્કૃતિની અસર છે હિન્દના ભાવિનો આધાર હિન્દ અને ઇગ્લાંડની સ્ત્રીઓની પ્રગતિ ઉપર છે

મતાધિકાર પસંદ નથી ? ગોલમેજ પરિષદે નીમેલી સોધીયન મતાધિકાર સમિતિના બધા સભ્ય માસ પેરી પિકફર્ડ લંડનમાં નવેમ્બરની આખરે બોલવા આવતા જણાવ્યુ કે હિંદમાં બહેર રીતે કોઇ સ્ત્રી મતાધિકારનો વિરોધ નથી કરવાની, પરંતુ તેમાંની મણીને આ વિચાર પસંદ નથી તેથી જો તેમની સત્તા ચાલતી હોય તો આ મતાધિકાર જરૂર અટકાવે. અત્યારે તેમને મતાધિકાર મળ્યો છે તેમાની મણી મત આપવા જતી નથી મદ્રાસમા મતાધિકારવાળી કુલ સ્ત્રીઓના માત્ર ૧૮ ટકા સ્ત્રીઓ મત આપે છે હિન્દી સ્ત્રીઓમા લગ્ન સામાન્ય છે અને તેથી બાવિકવયની અપરિણીત સ્ત્રીઓ માત્ર શિક્ષિકા કે ડાક્તરના ધંધામાં રોકાય છે આ સ્ત્રીઓને તો ગમે તે રીતે મતાધિકાર મળવાનો જ છે

મ્યુનિસિપાલીટીમાં સ્ત્રીઓ: ઇગ્લાંડમા હાલ થયેલી મ્યુનિસિપલ ચુંટણીમા ૧૫ સ્ત્રીઓ મેયરના પદે ચુંટાઇ છે સ્કોટલેન્ડમાં ત્રણ બરોમાં એ પદેથી જનાર પ્રોવોસ્ટના પદે સ્ત્રીઓને ચુંટી છે, એલ્ડરમેનમા ૩૯ સ્ત્રીઓ ચુંટાઈ છે.

જૈનોના રાષ્ટ્રીય હકો સબબમા જૈન-સમાજ બહુનારા ઠેર ઠેરથી ઇન્ટરવ્યુને મહત્ત્વ આપવાની પ્રબલ ઇચ્છાએ નિર્ણય કર્યો, આખી દુનિયાની જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતા પ્રતિનિધિઓને સંગઠિત થઇને સમ્મત પ્રયાસાર્થ આદર્યું છે. ઠેર ઠેરનાથી ઇન્ટરવ્યુમાં પરિણિત જો પોતાની પસંદગીમાં આવે તેમ પોતાના દેશના હકો સ્વીકારે કે પોતાના પતિના દેશના હકો સ્વીકારે તેવી વ્યવસ્થા નથી આ સામે અસંતોષ દર્શાવતી અપીલ વડાપ્રધાનો અને વિદેશ ખાતાંના પ્રધાનોને કરવામાં આવી છે પાસપોર્ટોમાં પણ આને લગતી સમ્મત બદલવા રજૂઆત કરી રહ્યું છે.

મેડમ ટી વીકમોરીન' શાન્સમાં કમાન્ડર ઓફ ધી લીજ્યન ઓનરનું માન મેળવનારાં બીજાં સ્ત્રી છે લગભગ ૧૦૦૦ કામદારોવાળી પેઢીનાં તેઓ મુખ્ય છે દુનીયાના બધા દેશોની તેમને મુલાકાત લીધી છે કલા, ઇતિહાસ અને બાગાની બાબતમાં તેઓ નિષ્ણાત તરીકે સ્વીકારાયાં છે

કમનસીબ બાળા: ઇંગ્લીશ ચેનલ વિમાનમાં ફ્રાંસને આવવાનો અજાણતા કરતાં મેન એન્જેલીની નામની ૧૪ વર્ષની બાલા મેન્ચસ્ટરી અને તાલ્કો વચ્ચ વિમાન તૂટી પડતાં માલ ખામી

અઠિંનમાં જૈનોનું પ્રદર્શન આવતા માર્ચની તા. ૧૮મીથી તા. ૨૪મી એપ્રિલ સુધી ભરાનાર છે. તેમાં જૈનો માતા તરીકે, મહિલા તરીકે, કામદારો તરીકે, વિદ્યાર્થીઓ તરીકે, જુદેર સેવિમ તરીકે એમ જુદા જુદા ઠેરોને લગતા વિભાગો રહેનાર છે ખોરાક, કપડાં, તંદુરસ્તી અને સૌન્દર્યને લગતા વિભાગો પણ રહેશે. પ્રદર્શન સમિતિમાં જર્મનીની દરેક જૈન સંસ્થાના પ્રતિનિધિઓ છે.

જર્મનીની પાર્લામેન્ટ (રીશ્યાગ)ની કુંદનીમાં ૩૧ જૈનો સભ્ય થઇ છે બધા વર્ષમા ૩૭ જૈનો હતી. નવી સભ્ય બહેનોનાં ડૉ. ઠેરેસા વેબર, ડૉ. એલ્સા મારૂઝ, અને ફ્રૉ. સી. વીલીચ એવી બનીતી જૈનો છે

નોર્વેમાં આબ્રમિક સાધ્વીઓની બીજવણી કરવા માટે કુમારના ઠેરોન રોયની ને ના રાજમે ઓર્ડર ઓફ સેન્ટ ઓલાવ (પહેલા વર્ગનું) બહુ માન આપ્યું છે અત્યાર પહેલાં ૭ જૈનોને આ બાબતે મળતુ બહુમાન મળ્યું છે.

નોબેલ ઇનામ: નોર્વેની નોબેલ ઇન્સ્ટીટ્યુટે આંતર રાષ્ટ્રીય મહિલા સંસ્થાઓની સલ્ક નિવારણ સમિતિને બહુમાન નોર્વેજીયન ગાયનનું પરિતોષિક આપ્યું છે

ઓસીસ્ક ફેન્ચુંસનઃ ઉંમરવ (પુ જેક. એ) ૬૨મા વર્ષને નીમાયાં છે.

શ્રીવિદ્યાલય ચતુર્થ વર્ષ[1]—

સને ૧૯૩૨ના નવેમ્બર માસથી મુબાદી હિન્દુ ઓર્ફનેજ તરફથી ચલતા શ્રીવિદ્યાલયમાં ચતુર્થ વર્ષનો નવો વર્ગ ગોઠવામાં આવ્યો છે સામાન્ય રીતે શ્રીવિદ્યાલયના ત્રીજા વર્ષની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં હોય તે બહેનોને આ વર્ગમા દાખલ કરવામાં આવે

આ નવા વર્ગનો સમય દર મુજબનો તથા રવિવારે બપોરે ચાર થી ૫ (૪૨ ૫) સુધીનો રાખ્યો છે ચતુર્થ વર્ષના અભ્યાસક્રમમા મુબાદી સાહિત્ય અને સામાન્યજ્ઞાન એ બેજ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુબાદી સાહિત્યના અભ્યાસ માટે આ વર્ષે નીચેનાં ત્રણ પુસ્તકો શ્રીવિદ્યાલયની પાઠ્યપુસ્તક સમિતિએ મંજુર કર્યાં છે

(૧) કાકા કાલેલકરના લેખો, ભાગ ૧ લો
(૨) અવાપુરાણ (કવિ નર્મદાશંકર કૃત)
(૩) આપણી કવિતા સમૃદ્ધિ (શ્રી મણિલાલ ૩ ભાગ ૨)

સામાન્યજ્ઞાનના વિષયને નીચેના ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે:

(૧) સમાજશાસ્ત્ર; (૨) આરોગ્યશાસ્ત્રશાસ્ત્ર; (૩) રોજ.

શિવપુર બજારમા રાજકીય પરિષદ ભરવા માટે પ્રમુખ શ્રીમતી કાનનબાળા બેનરજી ગિરફતાર થયાં.

'હાવરાના સાકીયા પ્રાંતની રાજકીય પરિષદમાં ભાગ લેવા માટે શ્રીમતી સુકુમારી દેવી અને શ્રીમતી મહામાયા પાલને પાંચ રૂપીયા દંડની સજા થઇ.

અલનામાં બીજ સત્તાવાર હરતપત્રો વહેંચવા માટે શ્રીમતી ઉષારાણી દત્ત અને શ્રીમતી વસન્તકુમારી ઘોષને ગિરફતાર કર્યાં છે.

પંજાબ:

લાહોરમા સરમસની આગેવાની હેઠળ શ્રીમતી સરદારરાણી ત્રિવાસિંહને ૪ વર્ષનાં બાલક સાથે ગિરફતાર કરી છે. તેને ૪ માસ સખ્ત કેદ રૂા. ૨૫ દંડની સજા થઇ છે. તેના પતિ સરદાર ત્રિવાસિંહ નભા રાજ્યના છે અને તેમની મિલકત સરકારે જપ્ત કરેલી છે. તેના પતિ, પુત્ર અને નોકરને પણ સજા થઇ છે.

મદ્રાસ

મદ્રાસમાં તા. ૭ મી ડીસેમ્બરને રોજ ગ્રીપ્સીટ્રેન બાતે વટહુકમના ખરડા સામે વિરોધ દર્શાવવા સભા મળી હતી તે સભાનાં પ્રમુખ જાણીતાં આયરીશ સન્નારી શ્રીમતી માર્ગરેટ કઝીન્સને ગિરફતાર કર્યાં હતાં. પરંતુ પાછળથી ગેરસમજથી તેમની ધરપકડ કરવામાં આવેલી હોવાનું જણાવી તેમને જવા દીધાં હતાં તે બાદ મદ્રાસના પોલીસ કમીશ્નરે તેમને એક માસ સુધી મદ્રાસ શહેરમાં આવવા નહિ કરવાનો હુકમ કર્યો હતો. બાદ, એક વર્ષ સુધી સારી ચાલ-ચલગત માટે રૂા. ૧૦૦૦૦ નું બોંડ અને એટલીજ રકમની બે જામીનગિરિઓ તેમની પાસે કેમ લેવામાં ન આવે તેનું કારણ દેખાડવા માટે તેમના પર જામીન પર છૂટી શકાય એવું વોરંટ કાઢવામાં આવ્યુ હતું. મીસીસ કઝીન્સે જામીન આપવાની ના પાડવાથી તેમને તા. ૫ મીએ ગિરફતાર કરવામાં આવ્યાં. કોર્ટમાં પણ તેમણે જામીન પર સહી કરવાની ના પાડી એટલે તેમને એક વર્ષ સાદી કેદની સજા કરવામાં આવી છે. [૨૯–૧૨–૩૨

સ્વ. કવિ બોટાદકરે રચેલાં કાવ્યોનાં ચાર સુંદર સંગ્રહ

૧ કલ્લોલિની : મુલ્ય : ૦–૧૨–૦ પોસ્ટેજ : ૦–૧–૬

૨ નિર્ઝરિણી : " "

૩ સ્રોતસ્વિની : " "

૪ શૈવલિની : મુલ્ય : ૧–૦–૦ પોસ્ટેજ. ૦–૨–૦

ચારે પુસ્તકો સાથે મંગાવનારને રૂ. ૩–૦–૦માં પોસ્ટ ખર્ચ માફ

વ્યવસ્થાપક "શુકસુંદરી" ૧૧૪, ગોરગામ લેઇન રોડ, મુંબાઇ, ૪



ગયા તા. ૩ જી ડિસેમ્બરને રોજ, શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળે, મંડળના બે મંડળના બે સાચા હિતના સાચા હિતના સેવકો શ્રી બચાનીદાસભાઈ તથા શ્રી કેશવલાલભાઈને માનપત્ર આપીને, તેમણે મંડળની અને તેના દ્વારા ગુજરાતની બહેનોની જે અપ્રતિમ સેવા કરી છે તેનો અભ્યપચાર બદલો વાળ્યો છે, એમ કહેવામાં સેવા પણ અતિશયોક્તિ અમે કરતા નથી. શ્રી બચાનીદાસભાઈને તો મંડળના સ્થાપક તરીકે વધિત રીતે બોલાવાયા છે શ્રી બચાનીદાસભાઈની પ્રેરણાને પરિણામે શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ અસ્તિત્વમા આવ્યું અને અત્યાર સુધીની મંડળની સાત સારસંહિતામાં પણ શ્રી. બચાનીદાસભાઈનો મબ્બો પોતા હિસ્સો છે મંડળની ઓછેવધતે પ્રવૃત્તિને, સ્થાપન અને વેગવતી બનાવવામા શ્રી બચાનીદાસભાઈ તથા શ્રી કેશવલાલભાઈને સક્રિય હિસ્સો આપેલો છે અને તેમની બે બધી જ સેવા આજ નિસ્વાર્થ ભાવે, પોતાને જન્મ આપનાર ભૂમિની સેવા કરવાની પવિત્ર ભાવનાને પરિણામે જન્મ પામેલી હોઈ, બે વિશેષ કારને ગૌરવ છે શ્રી બચાનીદાસભાઈ તેમ જ શ્રી. કેશવલાલભાઈની સેવાઓને બદલો મળ્યો. તેમને અપાયેલા માનપત્રોમાં તેમ જ તેમના વિશે બનેલા વ્યાખ્યાનોમાં કોઈપણ રીતે બનેલો હોય, અમે તે સર્વની અને મુનાસિબ ન ગણતા, બે સમારંભને બનતો વિસ્તૃત અહેવાલ તેમ જ ત્રેમાસવના અધ્યક્ષ વિશે શ્રી. હિમ્મતલાલ બચારિયાએ બે બે ભાષણોની સેવાઓને લક્ષમા લઈને કરેલા ગૌરવ ભાષણો સાથે શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળે બે બે આજીવન સેવકોની કરેલી પસંદગીને અમારો સુર પૂરીને બીજે અને શ્રી બચાનીદાસભાઈ તેમ જ શ્રી. કેશવલાલભાઈએ માનપત્રના જવાબમાં મંડળના ભાવિ કાર્યક્રમ વિષે કરેલી સૂચનાઓ અમલમા મૂકવા મંડળ શક્તિમાન થાય એવી અભિલાષા દર્શાવી બે બન્ને ભાઈઓને હજુ બે વધુ સેવા કરવાની તક મળે તે માટે પ્રભુ તેમને સુખદ આરોગ્ય, તેમ જ દીર્ઘાયુષ્ય બક્ષે એવી પ્રાર્થના કરી તેમને બન્નેને અભિનંદન આપીએ છીએ.

હિન્દીમા હકમાં જ બાલવ્રત પ્રતિબંધક કાયદાને ભંગ કરીને લગ્ન કરવા માટે હિન્દુ સભાના મંત્રી શ્રી મુકુન્દ સાથે ધારાસભાના સભ્યો હતા. તેમાં બચાવ-પક્ષ તરફથી બુજાની આપતાં શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય જેવા બચાવ કર્યો કે "લગ્ન, જો સંપૂર્ણ ન થયો હોય તો, અપૂર્ણ રહે છે" આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે જ્યાં સુધી પરિણિત વરવધુ વચ્ચે સાક્ષાત્કાર થાય ન થાય ત્યાં સુધી તેમની વચ્ચે થયેલું લગ્ન અપૂર્ણ ગણાય જગદ્ગુરુ શંકરાચાર્ય જેવા સનાતન હિન્દુ ધર્મના અધિષ્ઠાતા વતીથી બે લગ્ના નીચેના હોવાની બેરે બચાવ આપવામા આવે પ્રતિબંધ કાયદો નાશ નથી ત્યારે બે પ્રશ્ન થાય છે કે જો સંપૂર્ણ વિનાનું લગ્ન અપૂર્ણ ગણાય હોય તો પતિનો સંપૂર્ણ થવા વિના જ કેટલા વિધવા બનેલી જોઈએ છે, તેમનું લગ્ન અપૂર્ણ હોય, તેમને લગ્ન સંપૂર્ણ કરવાનો અધિકાર સનાતન ધર્મને અને પ્રાપ્ત થાય છે કે કેમ? હિન્દુસ્તાનમાં બાલવિધવાઓની સંખ્યા મોટી છે તેમાં શ્રીમદ્ જગદ્ગુરુની આજ્ઞા પ્રમાણે, અપૂર્ણ લગ્ન પછી વિધવા બનેલી

સ્ત્રીઓની સંખ્યા પણ ઘણી મોટી છે. ૧૯૨૧ની વસતી-ગણતરીના આંકડા પ્રમાણે, હિન્દુસ્તાનમાં વિધવાઓની કુલ સંખ્યા ૩૯૮૩૧૬૮ની છે. તેમા ૧થી ૨ વર્ષની અંદરની વિધવાઓ ૬૨૨; ૨થી ૩ વર્ષની અંદરની ૧૨૮૦; ૩ થી ૪ વર્ષની ૫૮૬૩; ૫થી ૧૦ વર્ષની ૧૦૨૨૨૬, ૧૦થી ૧૫ વર્ષની ૨૭૬૧૨૪, ૧૫થી ૨૦ વર્ષની ૪૧૭૮૬૮, ૨૦થી ૨૫ વર્ષની ૬૧૬૧૧૭ અને ૨૫થી ૪૦ વર્ષની ૬૨૦૨૭૨૮ છે. આમા ૧થી ૧૫ વર્ષની વિધવાઓની કુલ સંખ્યા ૩૬૫૬૨૫ ની છે. આ સંખ્યા ૧૫ વર્ષની અંદરની વયની વિધવાઓની છે એ લક્ષમાં લેવાનું છે. ૧૫ વર્ષની અંદર સ્ત્રીઓ સાંસારિક સંબંધમાં આવે એટલે શ્રીમદ્ જગદ્ગુરુની આજ્ઞા પ્રમાણે, આટલી સંખ્યાની વિધવાઓ તો "અપૂર્ણ લગ્ન" વાળી જ હોઇ, એ સર્વને ફરી લગ્ન કરવાનો અધિકાર છે, એમ શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્યના કહેવા ઉપરથીજ સિદ્ધ થાય છે ફરજ્યાત વૈધવ્ય ઠોકું ન જોઇએ, એવો આજે સામાન્ય મત છે છતાં એ વિચારને ક્ષણવાર બાજુએ મૂકીએ તો પણ, શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્યના કથન અનુસાર ૧૫ વર્ષની અંદરની ૪ કરોડ જેટલી વિધવાઓને ફરજ્યાત વૈધવ્ય પાળવાનું ધાર્મિક રીતે ફલાણ કરવામાં આવે તે હવે ધર્મવિરુદ્ધ કરે છે. શ્રીમદ્ જગદ્ગુરુને એવી વિધવાઓનાં લગ્ન અપૂર્ણ હોઇ, તેમને પરણવાનો અધિકાર છે, સંસાર સુખનો તેમને એટલો અધિકાર છે, એમ લહેર કરતુ જોઇએ આપણા ધર્મગુરુઓ પણ આ ફેરવવું હોય છે, ત્યાં ધર્મના સિદ્ધાંતોને આગળ ધરે છે, અને નહિંતર ધર્મને નામે અનેક રીતના પ્રત્યવાયો નાખી સમાજને આગળ વધતો અટકાવે છે. આ પરિસ્થિતિ જબરદારમાંથી નાબુદ થવી ઘટે છે. વિધવાઓના પુનર્લગ્નનો ઇન્કાર કરનારા ધર્મગુરુઓ બાલ્યના વયનો રહ્યુ કરે છે અને એકવાર સપ્તપદી ઉચ્ચારાયા બાદ લગ્ન થઇ ગયુ અને પછી એના પરિણામો જોવવાં જોઇએ, એવું બનવાને છે પણ જ્યારે કોઇ કારણની ખુંવારીમાંથી છટકવા માટે એજ ધર્મગુરુઓ જગદ્ગુરુ શંકરાચાર્ય ઉપર માઠી છે તેવી બારી કાઢે છે કે "સંયોગ થયા વિના લગ્ન અપૂર્ણ ગણાય." લગ્નની એ વ્યાખ્યા સ્વીકારવી બાદ, સંસારસુખ ભોગવવા અશક્ત નિવડેલી વિધવાઓને પુનર્લગ્નનો અધિકાર હોવાનું સ્પષ્ટ થાય છે

ગુજરાતી બહેનો અને સ્ટવ

પ્રાયમસ સ્ટવના અકસ્માતોનો ભોગ ગુજરાતી બહેનો મોટા પ્રમાણમાં, અને તે પૈ ખાસ કરીને મુંબાઇમાં જ, થાય છે. તે વિષે દર વખતે 'ગુજરાત'ના સમાચારોમાં નોંધ લેવાય છે અને આ નોંધમા પણ એનો વારંવાર ઉલ્લેખ થયો છે; અને એ સ્ટવોનો સ્ટવની બળતરી વપરાશ કરવાને બદલે સ્વતંત્ર લેખો પણ અમે આપી ચૂક્યા છીએ છતાં, હજુ એવા અકસ્માતોનો ભોગ ગુજરાતી બહેનો બનતી જ જાય છે અને પરિણામે કરોડોનર સાઠેમ ગુજરાતીઓને ખૂની, લોહી પીનારા, બીજી બૈરી પરણવા માટે પોતાની બૈરીને મારી નાખનારા, એવા એવા વિશેષણો વાપરે છે એ વિશેષણો વાપરવાનુ ઘણું અનુચિત હોવા છતા, ગુજરાતી બહેનો જ પ્રાયમસ સ્ટવના અકસ્માતોની મોટા પ્રમાણમા ભોગ બને છે અને દર મારી પાંચ છ બહેનો સદેહાય બળી મરે છે એ વસ્તુસ્થિતિ ગંભીર વિચારણા માગી લે છે. આ સંબંધમાં કરોડોનર સાઠેએ ગુજરાતીઓને અપીલ કરી છે તે તરફ અમે વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ. પ્રાયમસ સ્ટવની વપરાશ ઘણી બળતરી મટવા, એ વાપરતી વખતે ફુગ્ગાના ઉંડા બરોબર સંકોરી રાખવા, એની બેઠક ઠીક રાખવા, વગેરે બાબતને લગતી કાળજી અમારી ગુજરાતી બહેનોએ રાખવી જ જોઇએ; એવી કાળજી ન રાખી શકાતી હોય તો બહેતર, છે કે એ સગવડભર્યા સાધનનો ઉપયોગ કરવાનું તેમણે બંધ કરવું. એટલું તો ચોકકસ છે કે ગુજરાતી બહેનોની ઘણી મોટી સંખ્યા આવી રીતે અકાળ અવસાન પામે છે તે અટકવી જોઇ પણ રીતે ગુજરાતી બહેનોના આવાં કરુણ અવસાન અટકવા જ જોઇએ. અમે અમારી ગુજરાતી બહેનોને ઘણી આજીજીથી વિનવીએ છે તમે એ ઉપયોગી સાધનનો ઉપયોગ કરો તે પહેલાં, આવા અકસ્માતો બની શકે એવું એક પણ કારણ ન રહે અને પછી જ એનો ઉપયોગ કરો નહિંતર, એ ઉપયોગી સગવડને લાત મારીને દૂરવો દો અને પોતાનું અમૂલ્ય જીવન સાચવી લો.

Crown Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમીનીઅમના વાસણો.

પ્રમાણભુત શુધ્ધ એલ્યુમીનીઅમમાંથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે.



કેટલાક કહેવાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ અપવાદો હોવે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે "

પત્ર

વિદ્વાન ડૉક્ટર રમાબહેન લખે છે—
આચાર્ય પ્રફુલ્લચંદ્રરાય શું કહે છે !
'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયાં મારા ઘરવપરાશમાં હું એલ્યુમીનીયમના વાસણો વાપરૂં છું રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી. ઉલટું સારી વાત એ છે કે ત્રાંબા પિત્તળના વાસણો કરતાં આ વાસણો વધુ સસ્તા પડે છે
પી સી. રાય

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ ૧૨ કલાઈવ સ્ટ્રીટ કલકત્તા.

કારખાના તથા શાખા
કલકત્તા મુબાઈ, મદ્રાસ રંગુન

અખિલ ભારત મહિલા પરિષદ (લકનૌ)નાં પ્રમુખ



શ્રી. લેડી વિદ્યાબ્હેન નીલકંઠ, બી. એ.

[illegible]
[illegible]
શ્રીયુત [illegible] ચાવડાને
તરફથી સ્નેહાલય તરફથી ભેટ.

મહિલા પરિષદ અંક



ગુણસુંદરી

અને સ્ત્રીહિતોપદેશ.

પુસ્તક ૧૮ મું] ફેબ્રુઆરી ૧૯૩૩ [અંક ૬ ઠ્ઠો

નવયુગની નારી

(વસંતતિલકા)

વીરાંગના જુગજુનાં તિમિરો ઉડાડી;
જાગે ઉઠી વિરલ સિંહણ વિક્રમેલી,
ને જે વખી સમર રોમ વિષે અગાડી,
રેતી અહા ! યુવકમંડળને જગાડી

ત્યાગી પ્રમાદ, તજી નીંદર કેં યુગોની;
વીરાંગના ઉઠતી ને ! રણહાકલેથી,
ને માણરે સતત દુશ્મન ઘાવ ઝીલી;
આયુષ્યનો વિરલ રોમ ઇ. વિલાતી

આજે બની સહચરી પતિ સંગ થઈ,
ઉત્સાહ ને અજબ ચેતન અર્પતીઓ,
ને શાન્તિનું કવચ અંગ વિષે ધરીને;
કેવી અપૂર્વ મહિલા રણ-રાસ લેતી.

ધારી અસિ સુભગ સંયમ કેરી ભવ્ય;
છે ઢાલ-સત્ય તણી જે કદિ ના વિલાય.
સૌભાગ્ય કંકણ મહિ રણ નાદ ગાજે;
ને રાષ્ટ્રગીત રણકે મહિલા નૂપુરે.

ઔદાર્ય, સ્નેહ, સમભાવ ઉરે ભરીને,
વિસ્તારતી વિરલ સ્વાર્પણ ભાવનાને;
ને પોષતી જીવનમાં વીર ભાવનાઓ,
ઉઠી શતાબ્દિ પછી આર્ય વીરાંગનાઓ.

આજે તજી ઘુંઘટને ઉર ભીતિ છોડી;
ને ને ! તજ્યું મૃદુલ નામ સુકોમલાંગી,
પ્રેમાસ્ત્રથી સતત સંસૃતિ યુદ્ધ ખેલી;
આજે બની યુવતી આ નવયુગ કેરી.

વીરાંગના ગૃહમહિં નહિ થાય કેદી,
ને તે હવે નહિ બને વ્યભિચારમૂર્તિ,
એ સ્નેહ લગ્ન રચી સંસૃતિ સુખ લેશે;
ને દેહ લગ્ન મહિં એ નહિ પ્રાણ અર્પે.

ગિજુભાઇ ભાલનલાલ નિવેદી

સમસ્ત દુનીયાની મહિલા પરિષદમાં ગુજરાતની મહિલાઓના પ્રથમ પ્રતિનિધિ તરીકે વિશ્વ શકે એવાં ગુજરાતનાં સેવાભાવી, સરકારી, અને સૌજન્યશીલ સન્નારી

લેડી વિદ્યાબ્હેન રમણભાઇ નીલકંઠનો

પરિચય કરાવનાર શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, બી એ.

૧૭મા ડિસેમ્બર માસમાં લખનઉ ખાતે ભરાયલી અખિલ ભારતવર્ષીય મહિલા પરિષદનાં પ્રમુખ તરીકે લેડી વિદ્યાબ્હેન રમણભાઇ નીલકંઠ બી એ ની પસંદગી થઇ હતી તે સર્વથા યોગ્ય હતું. તે માન જેટલુ વ્યક્તિગત આનંદ આપનારૂ છે તેટલુ જ સમસ્ત ગુજરાતી સ્ત્રી જનતા માટે મગરૂરી ઉપજાવનારૂં છે.

દેશભરની જ નહિ પણ જગતના સ્ત્રી સમાજની કોઇ પણ પરિષદમાં ગુજરાતના અથવા ગુજરાતી સ્ત્રી સમાજનાં સ્ત્રી પ્રતિનિધિ તરીકે પ્રમુખ પાસે નામ પૂછવામાં આવે તો તેમાં પ્રથમ સ્થાન લેડી વિદ્યાબ્હેનને મળે એમ નિર્વિવાદ કહી શકાય, અને તે યોગ્યતા એમણે પોતે કેળવણીથી, સરકારથી, સાર્વજનિક કાર્યથી અને સેવાભરી પ્રવૃતિથી પ્રાપ્ત કરી છે.

ગુજરાતમાં તેમ અન્ય પ્રાંતોમાં સ્વમંરથ સરદાર બેળાનાથ સારાભાઇનું નામ પ્રખર સુધારક અને સરકારી કુટુંબ તરીકે ખ્યાતિ પામેલુ છે. એ કુટુંબના ગુણ અને સરકાર લેડી વિદ્યાબ્હેનને ઓધિ ઉતરેલા છે સરદાર બેળાનાથભાઇને બે પુત્રીઓ હતી તેમાંના સ્વમંરથ બાળાબ્હેનને પેટે લેડી વિદ્યાબ્હેનનો જન્મ સન ૧૮૭૬ ના જુન માસમાં થયો હતો. અને એમની માતુશ્રી બાળાબ્હેનને માટે એટલુ કહેવુ બસ થશે કે પોતે પિતાને ત્યાં શ્રીમંતાઇ અને લાડકોડમાં ઉછર્યાં હતાં, પણ સાસરામાં ઓછી આવક અને ગોદી મૂકી છતાં એવી કરકસરથી એમણે ગૃહસ્થાશ્રમ ચલાવ્યો હતો કે તેથી સૌ અચંબો પામતાં અને શ્રીયુત રામમોહનરાયે એનો પડઘો પાડતાં વાજબી કહ્યુ છે કે " સૌ બાળા બ્હેનનું કુટુંબસુખ ધણીને ધર્યાં ઉપજાવે તેવુ હતું "

આવા સરકારી કુટુંબના બાળકોમાં કેળવણીનાં બીજ બ્હાનપણથી રોપાય જ, પણ તે વખતે સ્ત્રી કેળવણીનો ઝાઝો પ્રચાર નહોતો અને પોળ બહાર નિશાળે જવુ એ મહાજનોના ભંગ કર્યા જેવુ અમર્યાદાભર્યું લેખાતુ. તોપણ ખોટી લોકલજ્જાથી ન ડરતાં તે સમયે કન્યાશાળાઓ નવી સ્થપાઇ હતી, તેમાં દાખલ થઇ સ્ત્રી કેળવણી માટે નવો ચીલો પાડવામાં એ કુટુંબે આગેવાની લીધી હતી, અને તેમાં ખુશી થવા જેવુ અને નોંધ કરવા જેવુ એ છે કે રાયપુરમાં મગનભાઇ કન્યાશાળામાં લેડી વિદ્યાબ્હેને શિક્ષણ લીધેલુ તે કન્યાશાળાના આજે કેટલાં વર્ષો થયાં તે ઓનરરી સેક્રેટરી છે,. એટલું જ નહિ પણ શહેરની બીજી બે મોટી કન્યાશાળાઓ રા બા રણછોડભાઇ કન્યાશાળા અને સૌ. દિવાળીબાઇ કન્યાશાળાનો વહિવટ એમના હસ્તક છે

આપણામાં સામાન્ય રીતે એવુ બનાવ છે કે કન્યા માસરે જતાં તેનુ શિક્ષણ સમાપ્ત થાય છે પણ જે કુટુંબ સાથે લેડી વિદ્યાબ્હેનનો સબન્ધ જોડાયો હતો તે પણ એટલુ સુશિક્ષિત અને સરકારી હતુ કે ત્યાં

એમનો ઇંગ્રેજી અભ્યાસ વધારવા સારૂ સર્વ પ્રકારની અનુકૂળતા હતા; એટલે સુધી કે સર રમણભાઇ એમને કેટલાક વિષયો પોતે શિખવતા હતા. ઘરખટલો ચલાવવો અને તેની સાથે કૉલેજનાં ભણવું એ સહેલું કાર્ય નહોતું. પણ જેનો નિશ્ચય જ હોય કે "મારે બી. એ. ની પદવી પ્રાપ્ત કરવી" તો પછી તે વસ્તુ તેમને સુલભ થાય જ, અને લેડી વિદ્યાબ્હેનના કેસમાં એમજ બન્યું. સંસારભાર અને કૌટુંબિક જવાબદારીને લઇને તેઓ દર વર્ષે પરીક્ષામાં બેસી નહોતાં શકતાં; પણ અભ્યાસ પાછળ ચીવટથી વળગી રહીને છેવટે એમનાં બ્હેન શ્રીમતી શારદાબ્હેન સાથે એકજ વર્ષે સન ૧૯૦૧ માં એમણે બી. એ. ની પરીક્ષા પાસ કરી હતી.

ગુજરાતમાં બી ગ્રેજ્યુએટ થનાર એ બે બ્હેનો પ્રથમ હતી, અને એ આનંદદાયક બનાવથી રાજી થઇને અમદાવાદના સુશિક્ષિત યુવકો તરફથી એ બે બ્હેનોને એ પ્રસંગે અભિનંદન આપવાનો મેળાવડો થયો હતો અને જે શુભેચ્છાની લાગણી અને અભિલાષા તે સભામાં વ્યક્ત કરવામાં આવ્યાં હતા તે, આપણે જોઇ ચુકયા છીએ, એઓએ એમના આચારમાં અને જીવનમાં ઉતારીને પ્રત્યક્ષ કરી બતાવ્યાં છે.

એમણે પોતાના કુટુંબોમાં એમની પુત્રીઓને ઉંચી કેળવણી આપીને બી ગ્રેજ્યુએટોની એક સેના ઉભી કરી છે અને એમના દૃષ્ટાંતથી એવી સરસ અસર ઉત્પન્ન થઈ છે કે તે પછી મુંબાઇ યુનિવર્સિટીમાંથી પ્રતિ વર્ષ સંખ્યાબંધ બી ગ્રેજ્યુએટો નિકળતી રહી છે, અને એનો યશ કોઇ એક વ્યક્તિને અપાય તો તે લેડી વિદ્યાબ્હેન અને શારદાબ્હેન એ બે બ્હેનોને ઘટે છે.

કેળવણી અને જ્ઞાનનાં મિષ્ટ ફળ પોતે અનુભવ્યાં હોય તેનો લાભ અન્ય બ્હેનોને આપવા તેઓ સ્વાભાવિક રીતે પ્રેરાય, તેમાંય એ કુટુંબ તો સુધારાનો હાવો કરનારૂં, એટલે એમની ઘણીખરી પ્રવૃત્તિ સ્ત્રી કેળવણી અને સમાજસુધારા સાથે ગુંથાયલી નજરે પડશે

શહેરની કન્યાશાળાઓ સાથેના એમના સંબંધનો ઉપર ઉલ્લેખ કરેલો છે. બોળનાથ સારાભાઇ લિટરરી ઇન્સ્ટીટ્યુટ ફોર વિમેન અને લેડીઝ ક્લબના સેક્રેટરી (હાલમાં પ્રમુખ) ઘણાં વર્ષોથી લેડી વિદ્યાબ્હેન છે. જીવકોર વનિતા વિશ્રામના તેઓ એક મુખ્ય સહાયકર્તા છે, અમદાવાદ મહિલા મંડળના મુખ્ય સંચાલક છે; વિમેન્સ કૌન્સિલ અને વિકટોરિયા જ્યુબિલિ હોસ્પીટલના સેક્રેટરી છે; ગુજરાતી સ્ત્રી કેળવણી મંડળના ઉપ-પ્રમુખ છે, ગુજરાત સંસાર સુધારા સમાજના પ્રમુખ છે, મહીપતરામ રૂપરામ અનાથ શ્રમના સેક્રેટરી; અમદાવાદ ટેમ્પરન્સ એસોસિએશનના ઉપ-પ્રમુખ અને હાલમાં નવા સ્થપાયલા અસ્પૃશ્યતા નિવારણ સમિતિના તેઓ પ્રમુખ છે.

આ સિવાય ગુજરાત વર્નાકયુલર સોસાયટીના ઓનરરી સેક્રેટરી છે; અમદાવાદ મ્યુનિસિપાલેટીના ઉપ-પ્રમુખ હોવાનું માન ધરાવે છે; એટલુજ નહિ પણ અમદાવાદ રમુજ બોર્ડના તેઓ ચેરમેન છે અને બીજી કેટલીય સાર્વજનિક સંસ્થાઓ, કેળવણી, સમાજ સુધારા અને દેશોત્કર્ષની છે, તેમાં એમનો સંબંધ સીધો કે આડકતરો એક મોવડી કે અગ્રેસર કાર્યકર્તા તરીકે જોવામાં આવશે.

આ સઘળાં કામકાજની પાછળ એમને પુષ્કળ સમય આપવો પડે છે અને જેઓ એમના નિકટ પરિચયમાં છે તેઓ ખાત્રી પૂર્વક કહી શકશે કે સવારથી સાંજ સુધી તેઓ આ સંસ્થાઓના કામકાજમાં રોકાયલા

રહે છે અને તે એટલે સુધી કે બપોરે એક કલાક પુરો તેમને વિશ્રાંતિ માટે મળતો નથી.

એમની આ જાહેર સેવાની કદર બુજીને નામદાર સરકાર તરફથી સને ૧૯૧૯ મા એમને એમ. બી. ઇ નુ માન મળ્યુ હતુ અને પોતાનાના એક આગેવાન કાર્યકર્તાની આ રીતે યોગ્ય કદર થયેલી જોઇને અમદાવાદની લેડીઝ ક્લબે એમનુ જાહેર મેળાવડો કરીને સન્માન કર્યું હતુ. તે પછી સન ૧૯૨૬ માં કેસરે હિન્દનો ચંદ્રક સરકાર તરફથી ફરી મળતા અમદાવાદના ગ્રહેરીઓએ પ્રેમાભાઇ હોલમાં મિટિંગ ભરી એમને 'માનપત્ર' અર્પણ કર્યું હતુ, અને જુદી જુદી કોમના વક્તાઓએ તે પ્રસંગે એમની અને સર રમણભાઇના અપ્રતિમ સેવાકાર્યની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

આમ સરકાર અને પ્રજા ઉભયની પ્રીતિ અને માન મેળવવા એઓ ભાગ્યશાળી થયલાં છે; પરતુ સન ૧૯૩૦માં સત્યાગ્રહની લડતમાં વીરમગામમાં સ્થાનિક અમલદારોએ બીજો પર અત્યાચાર કર્યાનુ સાંભળીને એમના જીવને ભારે ઉદ્વેગ થયો હતો, અને હિંદી સરકારનુ તે પ્રતિ ધ્યાન ખેચવા એમણે તુરત જનાવનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને સરકાર નિયુક્ત પદોથી રાજીનામુ આપ્યુ હતુ અને તેની ધારી અસર થઇ હતી એમ મારૂ માનવુ છે, કેમકે ત્યારબાદ એવુ ઘટાનિયતભર્યું વર્તન ફરી ચલાવવા સ્થાનિક અમલદારોએ હિંમત ધરી નહોતી.

તેઓ ચુસ્ત રીતે કાયદેસરની લડતને માનનારા છે; પરતુ જ્યાં સ્વમાનનો, દેશની ઇજ્જતનો પ્રશ્ન આવે ત્યારે સરકાર કે પ્રજા પક્ષે ન્યાય અને સત્ય હોય તેની હિમાયત કરનારાઓમાંનાં તેઓ એક છે, એમ ઘણા અનુભવ પરથી કહી શકુ.

'હમણાંજ અસ્પૃસ્યતા નિવારણ સમિતિના પ્રમુખ તરીકે એમનુ જાણીતા ચુસ્ત વૈષ્ણવ સેવક, શાસ્ત્રી વસંતરામને મળવાનુ થતાં એ મુલાકાત પરત્વે 'શુદ્ધાદ્વૈત અને ભક્તિ માર્તંડ'ના શ્રાવણ–ભાદરવાના અંકમા તા. ૪થી ઓકટોબરના પત્રમા શાસ્ત્રીજી લખે છે, " મહા ગુજરાતના સામાજિક જીવનને ઉન્નત બનાવવા માટે પોતાની જીંદગી અર્પણ કરનારા એ બ્હેનોની (લેડી વિદ્યાબ્હેન અને શ્રીમતી શારદાબ્હેનની) ચાલુ કાર્યમાં જે ધગશ જોઇ, તેથી લાગે છે કે હરિજનોને થતો અન્યાય ચાલુ રાખતાં ગુજરાત તો હવે અપવાદરૂપ જ. "

આ અસ્પૃસ્યતા નિવારણનુ કાર્ય એમને કાંઇ નવુ નથી આજે વર્ષો થયાં તેઓ અત્યજ શાળા ચલાવતાં આવે છે, વળી એમના હસ્તકની સસ્થાઓમાં અત્યજોને નોકર તરીકે રાખેલા છે, પણ લેડી વિદ્યાબ્હેનને બપોરના નવરાશના સમયે 'અત્યજોના બાળકોને પોતાની આસપાસ બેસાડી જાતે ભણાવતા જુએ તો એ દૃશ્ય ઘણાને તાજુબ કરશે

શિક્ષણ પ્રતિ એમને નૈસર્ગિક અનુરાગ છે, અને બાળકોને શિક્ષણ આપવામાં એમનો એક આશય બાલમાનસ સમજવાનો અને તેમાં ઉંડા ઉતરવાનો રહેલો છે. તે કારણે તેઓ લાલશંકર મહિલા પાઠશાળામાં સમાજ શાસ્ત્ર અને માનસશાસ્ત્રના વિષયો નિયમિત રીતે અત્યાર સુધી શિખવતાં હતાં

કોઇને કદાચ એમ લાગે કે આટલી બધી પ્રવૃત્તિઓમાં જોડાયલા રહેવાથી કુટુંબ પ્રતિ તેઓ પુરતુ લક્ષ આપી શકતાં નહિ હોય, પણ એમના સ્નેહીઓ અને મિત્રો કહી શકશે કે એમના જેટલુ કુટુંબવાત્સલ્ય બહુ થોડા કુટુંબોમાં જણાશે.

અમદાવાદમાં સમાજ સેવામંડળ પરિષદ પ્રથમ વાર ભરાનારી હતી, એની સઘળી

તૈયારી એમણે ઉપાડી લીધી હતી. સ્વાગત સમિતિના તેઓ અધ્યક્ષ હતાં. તે બેઠક મળે તે આગમચ શ્રીમતી મરોજિની બ્હેનના પુત્રીના ગંભીર માંદવાડના સમાચાર જાણ્યાં તેઓ બીજી બધી વસ્તુઓને વિચાર કોરાણે રાખી, તુરત મુંબાઇ દોડી ગયાં હતાં. તેઓ સારી રીતે જાણતા હતાં કે પરિષદમા એમની ગેરહાજરી નભી જશે, પણ એમનું માતૃ-હૃદય એમને મુંબાઇ ખેંચી ગયું એક વડિલ તરીકે એમનું તે પ્રથમ કર્ત્તવ્ય હતુ.

આવા કુટુંબ વાત્સલ્ય, કુટુંબ પ્રેમ અને માંદગીમાં મમતાભરી સુશ્રુષાના અનેક દૃષ્ટાન્તો આપી શકાય; પણ તે અહિ અસ્થાને છે

છતાં એમના દામ્પત્ય જીવન અને ગૃહ-જીવનના સંબધમાં એમના લગ્ન દિવસનો પચીસમો સૌભાગ્ય ઉત્સવ ઉજવાયો હતો તે પ્રસંગે એ કુટુંબના ગાઢ પરિચયમાં આવેલા એક સ્નેહી પ્રિન્સિપાલ આનન્દશંકર 'વસન્ત' માં જે નોંધ લખી હતી, તે અહિં ઉતારવી યોગ્ય થઇ પડશે —

" બંને દમ્પતી સર્વ વાતે સુખી છેઃ એક હૃદય સાથે, બંનેએ ઉત્તમ પ્રકારની કેળવણી પ્રાપ્ત કરી છે, અને એ કેળવણીને શોભા આપે એવો ઉત્તમ ગૃહસ્થાશ્રમ તેઓ ચલાવે છે રા રમણભાઇએ સાક્ષરતા ઉપરાંત લોક-સેવાના જીવનથી રાજદરબારમાં માન અને પ્રતિષ્ઠા મેળવ્યા છે. સૌ. વિદ્યા, ગંભીર વિદ્વાનો આનન્દ લેવા ઉપરાંત, છોકરાં ઊછેરવાં અને એમને સારી કેળવણી આપવી એ ગૃહિણીનો પ્રથમ અને પરમધર્મ બહુ સારી રીતે બજાવે છે, અને ગુજરાતમાં સ્ત્રી કેળવણીની ઉત્તમ ભાવના પોતાના દૃષ્ટાન્તથી લોક આગળ સતત ઉપસ્થિત કરે છે. "*

તે આગમચ સન ૧૯૧૪ માં " રાઇનો પર્વત " નામનું એક અમોલુ ગુજરાતી નાટક રમણભાઇએ પ્રસિદ્ધ કર્યું હતુ તે એ ધન્ય દંપત્ય જીવનના સુખદરમરણમાં લેડી વિદ્યાબ્હેનને અર્પણ કરીને તેમના મનોભાવ નીચેની પંક્તિઓમાં વ્યક્ત કર્યા હતા.

(હરિગીત)

"જે પુષ્પના દલ ખોલિને રજ સ્થૂલને રસમય કરે,
અધિકારિ તે મધુમક્ષિમ એ મધુતણી પ્હેલી કરે;
તુજ સ્પર્શથી મુજ ચક્ષુને કંઇ સ્વર્ગસમ જે લાધિયું,
જીવનસખા ! તે તુજ વિના રા અન્ય કોને અર્પિયું ?"

તાત્પર્ય કે એમનુ પ્રથમ અને અમત્વનુ કર્તવ્ય ગૃહ અને કુટુંબ પ્રત્યેનું એમાં એઓ પૂરેપૂરા યશસ્વી અને કૃતકર્મ નિવડયા છે, એમ આપણે ઉપરના ઉતારાઓ પરથી જોઈ શકીએ છીએ; અને તેમાં રાચ્યા રહેવા છતાં તેઓ સંબ્યાબંધ અને અનેક પ્રકારનાં સાર્વજનિક કાર્યો, જે એમના હસ્તક છે, તેને બરોબર અને સફળતાથી કેવી રીતે પહોંચી વળે છે, તેનું રહસ્ય આપણે શોધવું જોઇએ; અને તેની કુંચી એમની કાર્ય પદ્ધતિમાં જોવામાં આવે છે.

રમણભાઇની પેઠે લેડી વિદ્યાબ્હેન જાહેર વ્યવસાયોમાં પુષ્કળ રોકાયલાં રહે છે અને તેમને કરવાનુ કામ પણ બહોળું હોય છે; પણ એમનો એક મોટો ગુણ એ છે કે તેઓ કામને કદી ચઢી જવા દેતાં નથી. જે કોઇ સંસ્થા કે જાહેર પ્રવૃત્તિનું કાર્ય આવે કે તેનો નિકાલ તેઓ તુરત કરી નાખે છે, એટલે કે કામનો ઉકેલ (despatch) બહુ ઝડપથી હોય છે. તેમાં એમનો બહોળો અનુભવ, જ્ઞાન, વાચન અને વ્યવહારુ બુદ્ધિ બહુ મદદગાર થઇ પડે છે.

તેમની પાસે સહી થવા માટે કે વાંચવા માટે કાગળો જ્યા હોય, પુર વાંચવાના પડ્યા હોય, કોઈ પત્રનો ખરો તપાસવાનો હોય પણ તે સઘળું વગર વિલંબે ચોવીસ કલાકમાં પાછું મળી જવાનું જ.

* વસન્ત, વર્ષ ૧૩, અંક ૬ ઠ્ઠે, પૃ ૧૩૮

જેટલો કામનો ઉકેલ ઝડપી છે તેટલું સઘળું કામ નિયમિત રીતે કરવામાં આવે છે; તેમાં પ્રમાદ માલુમ પડતો નથી. અનેક સંસ્થાઓ અને જુદે જુદે સમયે મિટિંગોમાં હાજરી આપવાની હોય, કોઇ ને કોઈ મળવા આવ્યું હોય; એ સઘળો કાર્યક્રમ ઘણો સમય લે; તો પણ નિયમિતપણે તે સઘળું આરોપી લેવાથી કામનો બોજો વધી જતો નથી તેમ તેઓ છૂટા રહી શકે છે

અત્રાડી જણાવ્યું તેમ જે કામ કરવાનાં હોય છે તે તદ્દન સામાન્ય કોટીનાં નથી હોતાં. કોઇક વખત કોઇ સભાનું પ્રમુખપદ લેવાનું હોય, તો કોઇક વાર એકાદ પુસ્તકનું પુરોવચન લખી આપવાનું સ્વીકાર્યું હોય, કોઇ સભામાં એકાદ અગત્યનો ઠરાવ રજુ કરવાનો હોય તો કોઇ સમયે એકાદ પરિષદના પ્રમુખની જવાબદારી ઉપાડી લેવાની હોય, વખતે પ્રચારકામ કરવાનું હોય, તો પ્રસંગ આવે નાણાં ઉઘરાવવાનું હોય; આમ કોઇને કોઇ કાર્ય હાથ પર હોય ને હોય

પણ તેઓ એટલા માનસપન્ન, કાર્ય કુશળ અને ઝીણી નજર અને બહોળા અનુભવવાળાં છે કે એ સઘળું-કાર્ય શાન્તિથી આટોપી શકે છે. એમના વિચાર એટલા પાકટ અને ઠરેલા થયા છે, એમના જ્ઞાનનો પાયો જેમ બહોળો તેમ મજબુત અને ઉંડો નંખાયલો છે કે જે વિષયનું નિરુપણ કે વિવેચન કરવાનું તેમને પ્રાપ્ત થાય છે, તેને તેઓ પુરતો ન્યાય આપી શકે છે એટલું જ નહિ પણ તેમના તે લેખોમાં નવીન અને વિશિષ્ટ તત્વો રહેલાં હોય છે.

ઉદાહરણ તરીકે પાટણમાં મળેલી પાંચમી પુસ્તકાલય પરિષદના પ્રમુખ તરીકે આપેલું એમનું ભાષણ જુઓ. અથવા સમાજ સેવા મંડળના સ્વાગત કમિટીના અધ્યક્ષ તરીકે લખેલું વ્યાખ્યાન વાંચો અથવા તો સોસાયટી તરફથી આપેલું "વાર્ષિક વ્યાખ્યાન " ગુજરાતી ભાષાનો અભ્યાસ " એ વિચારો આ સઘળા લેખો એમણે ટુંક મુદતમાં, પૂર્વ તૈયારી વિના, એક બેઠે લખી કાઢેલાં અમે તે વિષય પર તેઓ પોતાના વિચાર સ્પષ્ટતાથી પણ અસરકારક રીતે રજુ કરી શકે છે, એમનો વિચાર પ્રવાહ અસ્ખલિત કુદરતી ઝરાની પેઠે વહ્યો જાય છે, એટલું સ્વાભિત્વને એમણે એમની કલમ પર મેળવેલુ છે. બિનજરૂરી અથવા ટાયલારૂપ એમના લેખોમાંથી થોડું નિકળશે. જે કાંઇ મળી આવશે તે અનુભવજન્ય, સ્વાભાવિક અને વિચાર-પ્રચુર જણાશે.

આમ જે તે વિષયમાં એમની હમેશાં તૈયારી Preparedness હોય છે

આ સૌ કરતાં મહત્વનો ગુણ એમનામાં સમભાવપણાનો અને સૌજન્યનો છે એમની પાસે સલાહ અને સૂચના માટે જનારને, એમનો સહકાર અને સહાયતા શોધનારને, એઓ સદા સાથ આપવાને ઉત્સુકને તત્પર માલુમ પડશે અનાથ અને દુઃખીને બનતી સહાયતા આપીને, જરૂરી મદદ કરી આપીને તેઓ આશ્વાસન આપે છે અને બને તેટલો તેનો હદયભાર હળવો કરવા પ્રયત્ન કરે છે. આ સહાયતા જેવી તેવી નથી. એ દયાગુણ અને સાલસાઇને લઇને રમણભાઇની પેઠે વિદ્યાબ્હેનની પાસે હરહમેશ કોઇને કોઇ દિલાસા માટે કે મદદ માટે બેઠેલુ જોવામાં આવે છે, અને જ્યારે તે પાછા ફરે છે ત્યારે તેમને તે આશીષ આપતો જણાય છે.

વસ્તુત રમણભાઇમાં જે ગુણો હતા, તે લેડી વિદ્યાબ્હેનમાં પ્રત્યક્ષ અનુભવાય છે; અને જે સાર્વજનિક કાર્યો તેઓ ચલાવતા હતા તે સઘળો ભાર લેડી વિદ્યાબ્હેને સારી રીતે ઉપાડી લઇને, કોઇ રથળે ઉણપ આવવા

દીધી નથી; પણ કેટલેક સ્થળે વધુ સમયના કારણે વધુ ઉન્નતિ આણેલી છે

જીવન ચરિત્ર કે આત્મવૃત્તાંત લખવાનો ચિરસ્તો આપણે ત્યાં નથી એ ખેદની વાત છે; નહિ તો રમણભાઇ અને વિદ્યાબ્હેન ઉભયના ચરિત્રમાંથી આપણને અમૂક ઘણું જાણવાનું અને નવું પ્રાપ્ત કરવાનું મળી આવે એમ મારું માનવું છે

" અમારાં જીવનની યાદગીરીઓ " એ પુસ્તક રચીને મીસીસ રમાબાઇ રાનડેએ મરાઠી સાહિત્યમાં એક ઉત્તમોત્તમ ચરિત્ર ગ્રંથનો ઉમેરો કર્યો છે. એ ધોરણે લેડી વિદ્યાબ્હેન એમના ગૃહસંસારનો ચિતાર રજુ કરે તો એ લખાણ જરૂર જેમ રસિક તેમ આકર્ષક થઇ પડે.

સર રમણભાઇની ત્રીજી સંવત્સરી પ્રસંગે વ્યાખ્યાન આપતાં દી. બા. કૃષ્ણલાલ ઝવેરીએ જણાવ્યું હતું કે લેડી વિદ્યાબ્હેનને એમના કોલેજના અભ્યાસમાં મણિલાલનું શિક્ષણ આપવા સારૂ સર રમણભાઇ, અમાઉથી કેવી તૈયારી કરી રાખતા હતા અને સૌ શારદા બ્હેને એમના " આત્મ વૃત્તાંત " માં એક પ્રસંગે કહ્યું છે કે સર રમણભાઇ એમને બનેને સંસ્કૃતનું શિક્ષણ આપતા હતા

આ બધી હકીકતનું મૂલ્ય છે અને તેનો સંપૂર્ણ અને પ્રમાણભૂત વૃત્તાંત અનેકને અનુકરણીય અને પ્રોત્સાહક નિવડે, એમ ધારવું ખોટું નથી.

લોર્ડ પાસ્ફિલ્ડ (પૂર્વના મીસ્તર સિડની વેબ) ઈંગ્લાંડના કામદાર પક્ષના એક આગેવાન અને મુખ્ય કાર્યકર્તા છે એમના પત્ની મીસીસ સિડની વેબે (તેઓ પોતાને લેડી લખવાની ના પાડે છે) My apprenticeship–મારી તૈયારી–એ નામનું એક આત્મ-ચરિત્રનું પુસ્તક રચ્યું છે, તેમાં પોતે કયાં કયાં અને કેવા સંજોગમાં મી વેબ સાથે રહીને કાર્ય કર્યું, જુદા જુદા વિષયોનો અભ્યાસ કર્યો, અને વિધવિધ પ્રકારનો અનુભવ પ્રાપ્ત કર્યો; તેનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

આપણે અહિં લેડી વિદ્યાબ્હેને રમણભાઇની સાથે ઘણા ક્ષેત્રોમાં સાથે કામ કર્યું છે, એટલું જ નહિ પણ એમનાં અવસાન બાદ સ્વર્ગસ્થના સઘળાં કાર્યો દક્ષતાપૂર્વક સંભાળી લીધાં છે એમનો આ બધો અનુભવ અને જ્ઞાન એક પુસ્તક રૂપે સંકલિત થાય તો તેનું વાચન ઘણું ઉપયોગી અને મનનીય નિવડે

ઈંગ્લાંડમાં આ જાતનું ચરિત્ર સાહિત્ય ઘણાં ઘણાં પુષ્કળ બહાર પડે છે લેડી ઓકસફર્ડ એન્ડ એકસવીથનાં સ્મરણો તેનો તાજો દાખલો છે માર્ગરેટ ટેનેટ (પાછળથી લેડી ઓકસફર્ડ) કેવા સંજોગમાં એકસવીથ સાથે પ્રેમમાં પડી અને પછીથી લગ્નથી જોડાયાં, એ કિસ્સો પણ જાણવાજોગો છે.

આપણે અહિં વ્યક્તિગત વા સામુદાયિક વા સાંસારિક વા સાંસ્કૃતિક માહિતી અથવા લખાણ કવચિત પ્રાપ્ત થાય છે. ચરિત્ર ગ્રંથો લખાય તો જ એ ખામી દૂર થાય; અને ચરિત્ર પુસ્તકોની આવશ્યકતા વિષે હું નથી માનતો કે મતભેદ હોય.

આ સંજોગમાં લેડી વિદ્યાબ્હેન એમનો અનુભવ–એમના સ્મરણો કાગળ પર મૂકે તો ભાવિ પ્રજાને તે એક કિમતી વારસારૂપ થાય, એ નિઃસંદેહ છે

ખાસ કરીને એટલા માટે કે અર્વાચીન સ્ત્રી યુગના તેઓ આદ્ય સ્થાપક છે અને સ્ત્રી નેતા તરીકે એમનું નામ અમરસ્થાને છે. અને જતે દિવસે નવીન સ્ત્રી વર્ગ આ સ્ત્રી યુગને લેડી વિદ્યાબ્હેન યુગ એવું નામ આપે તો હું નવાઇ પામ્રં નહિ.

અખિલ ભારત મહિલા પરિષદ, લખનૌ



પરિષદમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ, પ્રેક્ષકો અને કારોબારી સમિતિના સભ્યો

દીધી નથી, અલ્કે કેટલેક સ્થળે વધુ સમયના કારણે વધુ અભ્રતિ આણેલી છે

જીવન ચરિત્ર કે આત્મવૃત્તાંત લખવાનો શિરસ્તો આપણે ત્યાં નથી એ ખેદની વાત છે; નહિ તો રમણુભાઇ અને વિદ્યાબ્હેન ઉભયના ચરિત્રમાંથી આપણને અમૂક ઘણું જાણવાનું અને નવું પ્રાપ્ત કરવાનું મળી આવે એમ મારું માનવું છે

" અમારાં જીવનની યાદગીરીઓ " એ પુસ્તક રચીને મીસીસ રમાબાઇ રાનડેએ મરાઠી સાહિત્યમાં એક ઉજ્જવળ ચરિત્ર ગ્રંથનો ઉમેરો કર્યો છે. એ ધોરણે લેડી વિદ્યાબ્હેન એમના ગૃહમ્સારનો ચિત્તાર રજુ કરે તો એ લખાણ જરૂર જેમ રસિક તેમ આકર્ષક થઇ પડે.

સર રમણુભાઇની ત્રીજી સંવત્સરી પ્રસંગે વ્યાખ્યાન આપતાં દી. બા. કૃષ્ણલાલ ઝવેરીએ જણાવ્યું હતું કે લેડી વિદ્યાબ્હેનને એમના કોલેજના અભ્યાસમાં ગણિતનું શિક્ષણ આપવા સારૂ સર રમણુભાઇ, અગાઉથી કેવી તૈયારી કરી રાખતા હતા અને સૌ શારદા બ્હેને એમના " આત્મ વૃત્તાત " માં એક પ્રસંગે કહ્યું છે કે સર રમણુભાઇ એમને બંનેને સંસ્કૃતનું શિક્ષણ આપતા હતા.

આ બધી હકીકતનું મૂલ્ય છે અને તેનો સંપૂર્ણ અને પ્રમાણભૂત વૃત્તાંત અનેકને અનુકરણીય અને પ્રોત્સાહક નિવડે, એમ ધારવું ખોટું નથી.

લોર્ડ પાસફિલ્ડ (પૂર્વના મીસ્ટર સિડની વેબ) ઇંગ્લાંડના કામદાર પક્ષના એક આગેવાન અને મુખ્ય કાર્યકર્તા છે એમના પત્ની મીસીસ સિડની વેબે (તેઓ પોતાને લેડી લખવાની ના પાડે છે) My apprenticeship–મારી તૈયારી–એ નામનું એક આત્મચરિત્રનું પુસ્તક રચ્યું છે, તેમાં પોતે કયાં કયાં અને કેવા સંજોગમાં શ્રી વેબ સાથે રહીને કાર્ય કર્યું, જુદા જુદા વિષયોનો અભ્યાસ કર્યો, અને વિધવિધ પ્રકારનો અનુભવ પ્રાપ્ત કર્યો, તેનું વિસ્તૃત વિવેચન કર્યું છે

આપણે અહિં લેડી વિદ્યાબ્હેને રમણુભાઇની સાથે ઘણા ક્ષેત્રોમાં સાથે કામ કર્યું છે, એટલું જ નહિ પણ એમનાં અવસાત બાદ સ્વર્ગસ્થનાં સઘળાં કાર્યો દક્ષતાપૂર્વક સંભાળી લીધાં છે એમનો આ બધો અનુભવ અને જ્ઞાન એક પુસ્તક રૂપે સંકલિત થાય તો તેનું વાચન ઘણું ઉપયોગી અને મનનીય નિવડે

ઇંગ્લાંડમાં આ જાતનું ચરિત્ર સાહિત્ય ઠમઠ્યાં ઠમઠ્યાં પુષ્કળ બહાર પડે છે મેડી ઓકસફર્ડ એન્ડ એકસવીયનાં સ્મરણો તેનો તાજો દાખલો છે માર્ગરેટ ટેનેટ (પાછળથી લેડી ઓકસફર્ડ) કેવા સંજોગમાં એકસવીય સાથે પ્રેમમાં પડી અને પછીથી લગ્નથી જોડાયાં, એ કિસ્સો પણ જાણવાજેવો છે.

આપણે અહિ વ્યક્તિગત વા સામુદાયિક વા સાંસારિક વા સાસ્કૃતિક માહિતી અથવા લખાણ કવચિત પ્રાપ્ત થાય છે. ચરિત્ર ગ્રંથો લખાય તો જ એ ખામી દૂર થાય; અને ચરિત્ર પુસ્તકોની આવશ્યકતા વિષે કુ નથી માનતો કે મતભેદ હોય.


આ સંજોગમાં લેડી વિદ્યાબ્હેન એમનો અનુભવ–એમના સ્મરણો કાગળ પર મૂકે તો ભાવિ પ્રજાને–તે એક કિમતી વારસારૂપ થાય, એ નિ.સંદેહ છે.

ખાસ કરીને એટલા માટે કે અર્વાચીન સ્ત્રી યુગના તેઓ આદ્ય સ્થાપક છે અને સ્ત્રી નેતા તરીકે એમનું નામ અમરસ્થાને છે અને જતે દિવસે નવીન સ્ત્રી વર્ગ આ સ્ત્રી યુગને લેડી વિદ્યાબ્હેન યુગ એવું નામ આપે તો હું નવાઇ પામું નહિ.


અખિલ ભારત મહિલા પરિષદ, લખનૌ.



પરિષદમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ, પ્રેક્ષકો અને કારોબારી સમિતિના સભ્યો.



શ્રી. માર્ગરેટ કઝીન્સ
અખિલ ભારત મહિલા પરિષદના
જનેતા



શ્રી. કપિલા આંઠવાળા, એમ. એ.
મીશીગન (અમેરિકા) યનીવર્સીટીની
એમ. એ. ની પદવી મેળવનાર બ્હેન.

આવાં આવા અગણિત સ્મરણોમાંથી માત્ર થોડાંજ અત્રે આપ્યાં છે

થોડા વખત પર "મોડર્નરીવ્યૂ"વાળા બાબુ રામાનંદ ચેટરજી એમને ત્યાં ઉતર્યા હતા અને ટૂંક વખત રોકાયા હતા તેમણે એમને માટે અભિપ્રાય આપ્યો કે She is one of the best and noblest woman I have come across એ અભિપ્રાય શબ્દશ સાચો છે એમ એમની જોડે રહેજ પણ સંસર્ગમાં આવેલી દરેક વ્યક્તિને લાગશે

એવાં સેવાભાવી અને આદર્શ વિદ્યાવતી લાંબુ આયુષ્ય ભોગવો ને સમાજની વધારે સેવા કરતાં રહો !

મેઘાને હડકુત : સોલોમનને "આવો શાબ"

'તમારૂ નામ શુ ?'
'સોલોમન'
'આવો, બેસો શાબ. કયા જવું છે ?'
સોલોમન શાબ કઈ નાતના, કઈ જાતના એ કોને પુછવું છે ?
સોલોમન શાબ છે એટલામાં આવી ગયું

× × ×

'તમારૂં નામ શુ ?'
'મેઘા'
'કેવા છે ?'
'મેઘવાળ'
'આવો બસ, આવો'
'બાપરે ! ઓળી માર્યા આ દેડાંએ તો વટલાવી માર્યા'

× × ×

સોલોમન મેઘા મેઘવાળનો માશીનો દિકરો છે દિલ્હી મરી ક્રીસ્તી બની ગયો છે
મેઘાને હડકુત.
સોલોમનને "આવો શાબ"

બ્રાહ્મણ ઘરને દાડ પીએ તોયે તેને અડકાય
વૈશ્ય હોય ને માંસ ખાય તોયે તેને અડકાય,
કડું ઓલી વેપારમા ઠગે તોયે તેને અડકાય,
ન્યાયાધીશ ઘરને લાંચ ખાય તોયે તેને અડકાય,
પતી પત્નીમાં ઝીંક કરે તોયે તેને અડકાય,
ધર્મને નામે દોર ઘલાવે તોયે તેને અડકાય,
સાધુ છતા ભ્રષ્ટ હોય તોયે તેને અડકાય,
માછલાં ખાઇ પેટ ભરે તોયે તેને અડકાય,
ગરીબનાં ગળાં કાપી પૈસા ખાય તોયે તેને અડકાય,
પરધર્મીને, પાખંડીને અડકાય,
અત્યજને અડે તેને પણ અડકાય.
આ બધાને અડકાય ને ન અડવાય,
માત્ર એક અંત્યજને ના અડકાય !

કોણ જાણે છે !

ગામ આખુ સાફ કરનારાઓ શુ ખાય છે તે કોણ જાણે છે ?
તેને રહેવાને કાચી ઓરડી જગા છે તે કોણ જાણે છે ?
તેને લણવા ગણવાને નિશાળ નથી તે કોણ જાણે છે ?
તેને પીવાને ચોખ્ખાં પાણી નથી તે કોણ જાણે છે ?
તેની પાસે આવતી કાલનુ ખાવાનું નથી તે કોણ જાણે છે ?
તેઓ આપણાથી ડરે છે ને દૂર ભાગે છે તે કોણ જાણે છે ?
તેને બહેરસમારનુ એક પણ સુખનુ સાધન નથી તે કોણ જાણે છે ?
તેને બધા ગાળો દે છે ને નિંદે છે તે કોણ જાણે છે ?
તેને પીઠાવાળા દારૂ પાય છે વેપારીઓ બમણે ભાવે માલ વેચે છે,
બ્યાજ ખાનારા બ્યાજમાંથી છૂટવા દેતા નથી તે કોણ જાણે છે ?
તેને આપવે પગથી પણ નીચે ઘસડીને ઊભે તે કોઈ જાણે છે ?

શારદાપૂજન

(ગરબો)

સોહે દિવ્ય મન્દિર આ શારદાનું,
સખિ વધામણે સિધાવીએ—
કુંકુમ પુષ્પે વધાવીએ હો શારદા ! સોહે—

હૈઠાને હેત માત શારદા પ્રણમીએ,
પ્રેમથી પ્રણમીએ, ને આશીષો પામીએ
વિદ્યામન્દિરે ચિર દુ ખ વામીએ સખિ !
કુ કુમ પુષ્પે વધાવીએ હો શારદા ! સોહે—

(સાખી)

ફૂલવાડીથી ફોરતા, મધુમધુરા રસફૂલ,
ગ્હોરે વિદ્યાવાડીએ, ફૂલડા શા જનકુળ,
સૌમ્યમૂર્તિ એ શારદાની, હૃદયદીપે દીપાવીએ,
કુ કુમ પુષ્પે વધાવીએ હો શારદા ! સોહે—

મન્દિર પુણ્યશૌલ આ પ્રિય શારદાનુ;
એથીય પુણ્યવતી 'મૂરત' માની માનુ !
ભક્તિભીના ભાવે ઇષ્ટ મૂર્તિ આરાધીએ સખિ !
કુ કુમ પુષ્પે વધાવીએ હો શારદા ! સોહે—

(સાખી)

જ્ઞાનદીપકની જ્યોત જે, એ જ કુમારી શારદા,
એના વરદાને, જનો બને માનવતા સદા,
સખિ ! આતમની કુજમા એ મૂર્તિ પધરાવીએ,
કુ કુમ પુષ્પે વધાવીએ હો શારદા ! સોહે—

'પીયૂષ'



હૃદયની ભૂખ

(પ્રેમ અને દર્દની એક કથા)

લેખક. શ્રી ' અદ્વૈત '

ગામની વચ્ચે સરોવરની પાળ પર એક પત્થર ઉપર અદાર ઓગણીસ વર્ષનો એક જુવાન હમેશાં આવીને બેસે છે. કોઇના આવવાની રાહ જોતો હોય એમ એ મીટ મંડે છે. થોડીકવાર પછી એની સ્થિર આંખો પલકારા મારે છે, અને મુખ ઉપર સ્મિત રિફ્લેક્ટર થાય છે. બસ પછી થોડીક ક્ષણ પછી તો એ માત્ર જમીન તરફજ જુએ છે, આંખો પાછી સ્થિર થાય છે, મોં પર સ્મિત દેખાતુ નથી જાણે એના પ્રભુ અંતર્ધાન થયા ! નિસાસો નાખી એ ઉઠે છે ને નીચી નજરે ચાલવા મંડે છે જે દ્રશ્યથી તેના મુખ ઉપર સ્મિત ઝવાયુ હતું તે દ્રશ્ય તેની દ્રષ્ટી સમક્ષ લાવવા તે કલ્પના કરે છે, પણ એ કેમે કર્યું તેને પ્રત્યક્ષ થતું નથી અને તેથી તે હમેશાં ઉદાસ દેખાય છે.

આ ગામમાં તેનું કોઇ સગું ન હતુ. એક કેકાણે તે ચાર પાંચ કલાક માટે નોકરી કરતો હતો અને, એક નાનકડી ઓરડીમાં પડી રહેતો ઓગણીસનો હમરો ચઢતાં સુધી એની આંખો એવીને એવી જ સ્થિર અને ચહેરો એવોને એવોજ ગંભીર રહે છે. ઓફીસનાં કામ કરતી વખતે તે તેના મિત્રો સાથે આનંદથી વાતો કરે છે અને તેને કરવાનું કામ પણ ધ્યાનથી કરે છે. પણ ઓફીસની બહાર નીકળે છે કે તરતજ પેલું દ્રશ્ય તેની દ્રષ્ટી સમક્ષ લાવવા તે મથે છે અને નિરાશામાં તેનો ચહેરો ગંભીર અને આંખો સ્થિર બને છે, રસ્તામાં તે બાગ્યેજ કોઇની સાથે વાતો કરતો દેખાય છે રોજ જેમ તે સરોવરની પાળ ઉપર પેલા પત્થર ઉપર આવીને બેસે છે તેમ ઓફીસમાંથી નીકળી તે આજ રસ્તે થઇ તેના ઘર તરફ જાય છે. કોઇ દિવસ પેલુ પરિમિત સ્મિત તેના મુખ ઉપર ફરકે છે તો કોઇ દિવસ એવું જ ગંભીર મુખ અને એવીજ સ્થિર આંખો રાખી તે ત્યાંથી પસાર થતો દેખાય છે.

હંમેશાં ગંભીર દેખાતા આ જુવાન ઉપર પેલું સ્મિત શાથી ફરકે છે એ એના કોયડો હતો એના મિત્રો એને પૂછતા હતા પણ એ કોઇને કંઇ જવાબ આપતો નહિ. જવાબમાં માત્ર હરિ હરિ એમ એ બબડતો પણ આ બે શબ્દો જે વેદના સાથે એ બોલતો હતો તે તેમને અસર કર્યા વિના રહેતા નહિ, અને તેમનાથી બને જતી હો એમ હોય તો તેની શાંતિ અર્થે બધું જ કરવા તૈયાર હતા.

એક દિવસ એક ઝાડ નીચે નાખી નજર

રાખી તે ઉભો હતો આવી રીતે જ્યારે વિચારમગ્ન દશામાં તે ઉભો રહેતો ત્યારે તેને સમયનું ભાન રહેતુ નહિ. અજાણ્યા માણસો કુતુહલથી તેના તરફ જોતા જોતા ઉભા રહેતા અને ચાલ્યા જતા. દિનેશ તેનો એક મિત્ર હતો તેની પાછળ આવીને તે ઉભો અને તેનો ખભા ઉપર હાથ મૂક્યો; તેણે પાછુ વાળીને જોયુ તો દિનેશને ઉભો ઉભો હસતાં જોયો.

" કિશોર ! તુ આવો દિગ્મૂઢ જેવો કેમ કર્યા કરે છે ? તારો આંખો આવી ગમગીન કેમ દેખાય છે ? આખો દિવસ શા વિચાર કર્યા કરે છે ? શુહ તો નથી થયું ને ? કોઇને કહે તો ખરો કે તારે શુ દુ:ખ છે ?'

" મારા દુ:ખનુ ઔષધ તમારી પાસેથી મળે એમ નથી હુ તમને શુ કહુ ! મારા કાળજામાં તો અંગાર સળગે છે એના તાપથી હું બળુ છુ એ જ્વાલાતન સહન નથી થતુ પણ કોણ જાણે કેમ એ ગમે છે પણ ખર. પણ તમારે સાંભળવુજ હોય તો સાંભળો જેમ આંખો મિંચીને હુ તારો વિચાર કરૂ છુ ને તારી છબી મારી નજર સામે તરવરે છે તેમ તેની છબી મારી સામે નાચતી દેખાય તો ખમ ! મને સંતોષ છે મને બીજુ કશું જોવુ નથી."

" હે શુ કહું ! કોની છબી ! "

" એ કોણ છે ! તેની મને ખબર નથી સરસ્વતી મંદિરમાં જતી આવતી જોયા સરોવરની પાળ ઉપરથી રોજ હુ એને જોતુ છુ. ભણવા કરતાં કરતાં કયારેક રસ્તામા પણ દેખા દે છે. એવું સુંદર ઉન્માદકરૂપ, જ્યાં સુધી એ રૂપ જોતુ છુ ત્યાં સુધીજ નશો ટકે છે, એના રૂપથી મગજ ભરાઇ જાય છે, અને જ્યાં દ્રષ્ટિની બહાર જાય છે કે બધાસ ! નશો ઉતરી જાય છે, મગજ ખાલી થાય છે, આનંદને બદલે ગ્લાની થાય છે અને દ્રષ્ટિ એના ચિંતનમાં સ્થિર બને છે. પણ પછી એ છબી નજરમાં આવતીજ નથી જે થોડીક પળો એને જોઉ છું, એ થોડીક પળોમાં હુ સ્વર્ગીય સુખ અનુભવુ છુ ઓહ ! " (કરી તે નિસાસો નાખે છે ને તેની દ્રષ્ટિ પાછી સ્થિર થાય છે)

" તે તારે એ છોકરી સાથે પરણવુ છે ?"

" ના ! બાપ ! ના ! જે થોડીક ક્ષણ, એ રૂપ જોઇને મને સમાધિ ચડે છે, એ રૂપ ઉપર હુ દિવાનો છુ એ રૂપ જ્યારે ઇચ્છા કરે ત્યારે મારી દ્રષ્ટિ સમક્ષ રહે, એજ મારી કામના છે ઓહ ! નથી રહેવાતુ ! નથી સહન થતુ ! શુ સુંદર ! કેવુ સુંદર ! તે મારાથી કહી જવાતુ નથી પણ અદ્‌ભૂત છે, અવર્ણનીય છે, પ્રત્યક્ષ રૂપદેવતા !! "

" હુ એને જોઇ શકુ ? "

" કદાચ તુ પણ મારી માફક દિવાનો બને તો ! "

" ના ! ના ! એવુ નહિ બને ! "

" તો કાલે સાડાદસ વાગે આવજે. તળાવની પાળ ઉપર કન્યા સરસ્વતી મંદિર તરફ જવાના રસ્તા પાસે હુ મળીશ "

[બીજે દિવસે સવારે લગભગ ૧૦॥ વાગે કિશોર સરોવરની પાળ ઉપર પેલા પથરા પર બેસે છે ઘડીક પછી દિનેશ આવીને તેની સાથે બેસે છે સામે કન્યા સરસ્વતી મંદિરમાંથી કુમારિકાઓ એક પછી એક નીકળે છે કિશોર ફાડી આંખે એ તરફ જુએ છે અચાનક તેના મુખ ઉપર સ્મિતની રેખાઓ પ્રસરે છે, અને બોલેલો ઉભો થાય છે.]

" (ધીમેથી) દિનેશ ! ચાલ આપણે ચાલવા માંડીએ, જો પેલી બધુ કુમારીકાઓ આ તરફ ચાલી આવે છે, એમાં વચ્ચે છે તે જો "

[બન્ને મિત્રો સાથે ચાલવા માંડે છે

કિશોર નીચું મુખ રાખીને ચાલે છે ને દિનેશ પેલી કુમારીકા સામે જોતો ચાલે છે - ને ત્રણે કુમારિકાઓ તેમની પાસે થઇને પસાર થઇ. દિનેશને લાગ્યુ કે પેલી કુમારીકાએ તેની સહીયરો સાથે કંઈ વાત કરી પણ તેને કઇ સમજાયુ નહિ થોડેક દૂર ગયા પછી]

"કિશોર ! એણે શુ કહ્યું ? તે સાંભળ્યું ?"

" હા સાંભળ્યું તને સમજાયુ નહિ ? "

" ના, કહે જોઉ ? "

" એણે કહ્યુ ' પેલો છોકરો રોજ આ વખતે અહીં થઇને પસાર થાય છે રોજ આજ રસ્તે અને આજ વખતે કેમ આવતો હશે ? ' "

" ને તેની સહીયરે શુ જવાબ આપ્યો ? "

" તેણે બેદરકારીથી કહ્યું, ' આપણે શું ? ' ગમે તેમ પણ આજે મને આનંદ થાય થાય છે. મને એમ થતુ હતું કે હું એને રોજ જોઉ છું ને એ પણ મને રોજ જુએ છે. મારા વિષે કશાય વિચારો એને નહિ આવતા હોય ? ભલે એક ક્ષણ માટે મે એના હૈયામાં પ્રવેશ કર્યો હતો, એ વિચારે મને આનંદ થાય છે "

" કિશોર ! તુ નીચું જોઇને કેમ ચાલતો હતો ? "

" હા ! મને એ બહુ ગમે છે દૂરથી જોઇનેજ સંતોષ માનુ છું. પાસે આવે છે ત્યારે તો નીચે જોઇનેજ ચાલું છું. દીઠી દીઠીને તેની સામે જોઉ તો મારા વિષે એ શું ધારે ? અથવા એનું અંતર દુભાય તો !"

" એ કયાં રહે છે ? "

" વાચનાલય તરફ જવાના રસ્તા ઉપર એક વણઝારા માળના મોટા ઘરમાં તે રહે છે. "

" તે એ કોની છોકરી છે ? જાતે કેવી છે ? શું ભણે છે ? એનું નામ શું છે ? "

" એ કશાની મને ખબર નથી હું માત્ર આટલું જ જાણું છુ કે એ પરમ રૂપવતી છે. "

" કિશોર તુ ભાવ બાળક જેવી વાત કરે છે. જો તારે એના અંતરમાં પ્રવેશ કરવો હશે તો એની સાથે મૈત્રી કરવી પડશે અને એ કંઇ આપોઆપ ઓછી જ થવાની છે ? "

" શુ કરૂ ? કોને પુછું ? દિનેશ ! તુ ધારે છે તેમ, એની સાથે લગ્ન કરવાનો વિચાર તો સ્વપ્નેય મને નથી આવતો. અરે રે ! જો ! જો ! લગ્ન કરીને એ રૂપને કોણ અપવિત્ર કરતુ એ રૂપ જ્યોતિનો રજે કોઈ સ્પર્શ કરતા. એ રૂપ આજે છે એવુ જ અખંડ રહેશે. આ જન્મ કુમારિકાઓને જ આવું રૂપ વરે છે. "

" પણ આમ કયાં સુધી તું હેરાન થઇશ ? આમને આમ તો તારી વેદનાનો અંત કયારે આવશે ? "

" એના નિરંતર ચિંતવનમાં જે એકતાનતા અને વેદના હું અનુભવુ છુ તેમાં આનંદ નથી ? એ વેદનામાં અને અશ્રુતિમાં હું સુખ અનુભવુ છું. એ મારી પરમ સાધના છે. એ સાધનાના સાફલ્ય માટે અનંતકાલ સુધી રાહ જોવાની હું ધીરજ રાખીશ "

" એ કુમારીકાનું રૂપ અદ્‌ભૂત છે અને તારામાં પણ પુરૂષોમાં વિરલ એવી અદ્‌ભૂતતાજ ભરી છે. આ બે અદ્‌ભૂતતાનો જો મંગલેજ થશે તો તે પણ ભવ્ય જ થશે. પણ અત્યારે તો એ આશાની ઇમારત કલ્પનાનો મહેલ સમાન લાગે છે કિશોર ! તું દિવાનો થયો છે "

" હા ! હા ! હું દિવાનો છુ ! હસવને વસંતોવા નાખે આળોટે ખાક કરો નાખે એવી વેદનાની ભોજ માત્ર દિવાનાઓ જ માણી શકે છે. એના વિયોગની વેદનામા

એની છાયા મૂર્તિના દર્શનમાં જ હું ભૂલતો રહી શકું."

(ચાલતાં ચાલતાં બન્ને મિત્રો ઓરીએ સુધી આવી પહોંચે છે અને વાર્તાલાપ અટકે છે.)

ઉષા એક કુમારિકા હતી. યૌવન મંદિરમાં તેણે હજી પ્રવેશ જ કીધો હતો કર્યો. ઉષાની પેઠે તે પણ રૂપવિરહિણી કે હતી હતી ને જોનારને આંજી દેતી. તેની નિર્દોષતા તેના રૂપમાં પવિત્રતા આણતી હતી તેનું રૂપસુકોમલ સૌમાર્ય પૂર્ણયૌવન હતું. તેને જોઈને જોનારનાં નેણ નીચાં ઢળી જતાં કિશોર તેના રૂપને પવિત્ર ભાવે પીતો તેનો પુજારી બન્યો હતો સરસ્વતી મંદિરમાં જતાં આવતાં રોજ તે કિશોરને જોતી આ અજાણ્યા કોકરાએ ઉષાના હૃદયમાં પ્રવેશ કર્યો હતો ઉષાને ખબર ન હતી કે તે કોણ હતો ? શું કરતો હતો ? તે માત્ર એટલું જ જાણતી કે જેમ કોઈ મહાણુ ભક્ત પોતાના આરાધ્ય દેવતાને નિયમિત અર્ઘ્ય અર્પે તેમ આ અજાણ્યો કોકરો તેના દર્શને આવતો અને નિર્મળ ભાવે તેને જોતો તે રોજ તેને જોવા માટેજ આવતો હતો તેથી તેને ગુસ્સો આવતો નહિ. તેને જોઈને ઉભરાતું હાર્દ કોમલ મધુર બનતું તેના હૃદયમાં દયા ઉભરાતી અને એનું હૃદયમંથન માપવા પ્રયત્ન કરતી. તે દિવસે જ્યારે તેણે કર્યું કે આ કોકરો રોજ આજ વખતે ને રસ્તે કેમ આવતો હશે ! ત્યારે તેણે તેનું મૂંઝાતું અંતર રહેજ ખોલ્યું હતું

ઉષા કિશોરના રૂપ ઉપર મુગ્ધ બનતી ચાલ, અને તેના વિચાર પણ જોવા ન હતા કે કોણ તેના તરફ આકર્ષાય પણ તેના હૃદયમાં જે ભર્યા હતી. જે દર્દ હતું. એ દર્દ તેની આંખોમાં, તેની ચાલમાં દેખાઈ આવતું હતું. તેના અંતરમાં જગતી રહેતી વેદનાની આગે ઉષાના હૃદયમાં તેના વિષે અનુકંપા જગાવી હતી વખત જતાં કિશોરને વિષે તેને સદ્‌ભાવ થયો અને પછી તો જેમ જેમ કિશોરની વેદના વધતી ગઈ તેમ તેમ ઉષાના મનમાં કિશોર વિષેજ વિચારો ઘેરાવા લાગ્યા " એનું મુખ કેવું દયામણું લાગે છે ! અને આંખો કેવી તરસી દેખાય છે ! અને શરમાળ પણ મારા જેવોજ છે. મારી સામે એક ટસે જોઈ શકતો પણ નથી ! એ ક્યાં રહેતો હશે ? શું કરતો હશે ? કોનો છોકરો હશે ? હું એને ઘેર જઈને ઉભી રહું તો મને શું કહે ? મને કેવી રીતે બોલાવે ? " વિજોરે અનેક જાતના વિચારો તેને આવતા કિશોરના વિચારોમાં તેનું ચિત્ત હવે અસ્થિર બન્યું હતું સરસ્વતી મંદિરમાં જતાં તે આવ્યો છે કે નહિ તે જાણવા માટે આમ તેમ જોઈ રહેતી અને પાછા ફરતાં પણ કિશોરજ તેની નજર સામે આવતો. ઘરમાં પણ કયારેક કયારેક આ રસ્તે થઈને જતો તો નથીને ? એમ બારી બહાર ડોકિયું કરી જતી. કદીક તે દૂર તેના છજા ઉપર મીટ માંડી ઉભેલા કિશોરને જોતી, કદીક તેના ઘર પાસેથી નીચી નજરે ચાલતો જોતી તો કદીક તેને જોવા માટે બધું જ ફેરવતી હતી. ને અજાણ દેખાં એક બીજાથી પરિચિત ! અને છતાં કેવાં દૂર"

ઉષા એક સુરક્ષાની સમાજમાં ઉછરેલી કુમારીકા હતી. તેની વિધવા માતાની તે એકની એક લાડકી પુત્રી હતી. અર્થોપાર્જનની કશી ચિંતા વિના. જીવન નિર્મળ કરી રહી, એશ્વર્યની સંપત્તિ તેની માતા પાસે હતી. તેનું મોસાળ કુટુંબ પણ પૈસે ટકે સુખી હતું અને અવારે નવારે ઉષા તેના મામાને ત્યાં જતી, ત્યારે ત્યારે મોટો રસનેહ અને આદર તે પામતી. તેની મા અને મામા બન્ને, તેને અરે કોઈ સુશિક્ષિત કુટુંબને શોભતાં હતાં ઉષા પણ તે જાણતી હતી અને બધાને

તેને માટે કેવાક હૃદયદેવ નિર્મ્યા છે તે જોવા તેને ઉત્કંઠા થતી. કિશોરને માટે તેના હૃદયમાં મમતા હતી, પ્રેમ પણ હતો. તેને કિશોરને જોવો હતો, તેની સામે બેસાડીને વાતો કરવી હતી અને તેના અંતરમાં શું છે ? તે જાણવું હતું. એ સિવાય કિશોરના વિષે તેના હૃદયમાં બીજો કોઇ પણ પ્રકારનો ભાવ નહતો પણ એ કેમ બને ? એ કોને કહે ? તેણે એક બે વખત તેની સહીયરોને કિશોર વિષે પૂછપરછ કરી હતી. પણ તેમણે તો તેની ઠેકડી કરી. " કહે ! અલી સુરેખ ! આ ઉષાને તો પેલા છોકરા સાથે પરણવું તે એનીજ વાતો કર્યા કરે છે " ત્યારપછી તેણે કદી કિશોર વિષે કોઇને કશુ પૂછ્યું નથી પણ એ છોકરો કોણ હશે ? કયા રહેતો હશે ? એ મારી તરફ આમ દીન બનીને શા માટે જોતો હશે ? એને કેમ મળાય ? એવા પ્રશ્નો તે પોતાની મેળે કર્યા કરતી.

× × ×

રાત્રીના ઘોર અંધકારની પીડા સહન કર્યા પછી ક્ષણિક ઉષા-દર્શન પૃથ્વીને કેવું મધુર લાગતું હશે ? પણ સૂર્ય તો રોજ સવારે પ્રગટ થાય છે ને પૃથ્વીના હૃદયમાં આનંદધારાઓ રેલાય છે. કિશોરના તકદીરમાં તો રાત્રીના અંધકારની પીડાજ હતી. હા, ક્ષણિક ઉષા-દર્શન તેના હૃદયમાં ક્ષણિક આનંદની વીચિ જગાવતું અને પાછો એજ ઘોર અંધકાર, એજ વિષાદની છાયા અને ઔદાસિન્ય તેના દીન મુખ ઉપર તરવરતુ.

ધીમે ધીમે તેની વેદના વધતી ચાલી હવે ભાગ્યેજ તે તેના ચિંતવન અને ધ્યાનમાંથી જાગૃત થતો ઑફીસનો સમય પણ ચૂકી જતો અને ઉષાને જોવા માટે જવાના તેના નિયમનું પણ ઠેકાણું રહ્યું નહોતુ રહ્યું. જ્યારે તે જાગતો ત્યારે ઉતાવળો ઉતાવળો પેલા પરિચિત પત્થર પાસે જઇને ઉભો રહેતો પણ તેની હૃદયરાણી તો તેને જોવાનાં કાંઇ મારતી ત્યાંથી ચાલી ગઇ હતી. નિરાશ થઇ તેનું જ ધ્યાન અને ચિંતવન કરતો તે ગમે ત્યાં રખડતો કે તેને ઘેર જતો ઑફીસમાં જવું હવે તેને ગમતું નહિ. તેના પગ ઑફીસ તરફ જવા ઉપડતા જ નહિ હૃદયવિરહની વેદના સહન કરીને બીજા કામનો બોજો ઉઠાવવા તે અશક્ત બન્યો હતો. ઓહ! હવે તો સહન નથી થતુ એમ તે ઘડીએ ઘડીએ બબડતો અને

એક જ્યોત જ્વલે તુજ નેનનમાં
રસજ્યોત નિહાળી નમું હું નમું

એમ એ ગાતો.

સરસ્વતી મંદિરમા જતાં અને આવતાં બન્ને વખતે કિશોરને જોવા ઉષા પ્રયત્ન કરતી હતી પણ છેલ્લા ચાર દિવસથી તેણે તેને જોયો નથી એટલે હવે ઉષાના હૃદયમાં એ અજાણ્યા છોકરા વિષે અનેક વિચારો આવવા લાગ્યા. એ કેમ નહિ આવતો હોય ? કાંઇ બન્યો તો નહિ હોય ? શુ થયું હશે ? એની તબીયત તો સારીજ હશેને ? વિગેરે વિચારો તેના કોમલ હૃદયને વિક્ષુબ્ધ કરી મૂકતા. ઉષા બહારથી શાંત અને સ્વસ્થ દેખાતી હતી પણ તેને ચેન પડતું નહિ. તેનો અંતરાત્મા જાગતો હતો તે બીજા કામમાં તેનું ચિત્ત પરોવવા મથતી હતી, પણ પેલા અજાણ્યા છોકરાનું કરૂણ મુખ તેની દૃષ્ટિ સમક્ષ ખડું થતું. કિશોરનુ દુઃખ તેને સાલતું હતું. કિશોરને દુઃખે તે દુઃખી થઇ હતી કિશોરને અને તેને કંઇ સબંધ ન હતો છતાં કિશોરને માટે તેના હૈયામાં શા માટે આવી લાગણીઓ થતી હતી તેનું કારણ તે સમજી શકતી નહિ બીજા કોઇને વિષે તેને કદી આવી લાગણીઓ થતી નથી બબ્બાય છોકરાઓ તેની સામે મીટ માંડીને જોતા હતા અને તે પણ સૌને જોતી હતી પણ કિશોર સિવાય તે કોઇને

ભાભી અને નણંદ

અરવિંદાઃ કેમ રમાબ્હેન, આજે વિદ્યાલયમા શું શીખ્યા ?

મનોરમાઃ આજે તો ભાભી, તારાબ્હેને બહુ સરસ સરસ શીખવ્યું ?

અરવિંદાઃ એમ ? શું શીખવ્યું ?

મનોરમા. છોકરીના વીમા સંબંધી ખુબ ખુબ વાતો શીખવી. વીમો ઉતરાવવાથી લાભ શુ ? વીમો કેમ ઉતરાવવો ? વીમાના નાણાં કેવી રીતે ભરવા ? વીમા કંપની પાસેથી વીમાની રકમ કેવી રીતે મેળવવી ? વગેરે બધુંય કહી બતાવ્યું.

અરવિંદા. એ બધુ તો ઠીક, પણ વીમો કયી કંપનીમા ઉતરાવવો, એ સંબંધી કંઈ કહ્યુ ? હમણા હમણા એટલી બધી વીમા કંપની ઉભી થઈ છે કે કઇ સમજ જ નથી પડતી.

મનોરમાઃ હા, એ પણ કહ્યુ, એમણે કહ્યુ કે આપણા દેશમાં અનેક પરદેશી તેમજ દેશી કંપનીઓ છોકરીનો વીમો ઉતારવા માટે ઉભી થઈ છે, પણ આપણે તો દેશને માટે લાગણી રાખી સ્વદેશી કંપનીમા જ ઉતરાવવો. વળી એ સ્વદેશી કંપનીઓમા કેટલીક ભરોસાલાયક છે અને કેટલીક ભરોસો કરવા લાયક નથી કેટલીકની શરતો લાભદાયક છે અને કેટલીકની નથી. એમણે એવી પાચ–સાત કંપનીઓની સરખામણી કરી બતાવી અને કહ્યું કે મોડર્ન ઇન્સ્યુરન્સ કંપની સૌથી સારી છે.

અરવિંદા એ કંપની કાઈ ખાસ લાભ આપે છે ?

મનોરમા. એક તો એ કે એ કંપનીએ વીમો ઉતરાવનાર માટે જુદી જુદી જાતની સરસ સગવડો કરી છે. ખાસ કરીને છોકરાંઓના શિક્ષણ અને લગ્નના ખરચ માટે વીમો ઉતરાવવાની સગવડ તો મને બહુજ ગમી વળી નાણા આપતા એ કંપની બીજી કંપનીઓની જેમ ઓટી ડખલગીરી પણ નથી કરતી.

મોડર્ન ઈન્સ્યુરન્સ કંપની લી. એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુબાઇ

સેવાભાવી દંપતી



શ્રી. હિમ્મતલાલ ગણેશજી અંજારીઆ, એમ એ.
અને
સૌ. મુક્તિબહેન હિમ્મતલાલ અંજારીઆ.

વિષે કદી વિચાર કરતી નહિ. કોઇને માટે તેનું ચિત્ત આટલું ઉદ્વિગ્ન રહેતુ નહિ જેમ જેમ કિશોર વિષેના વિચારો દૂર કરવા તે મથતી હતી તેમ તેમ કિશોરની કરુણ મૂર્તિ તેના હૃદયમાં વધારે વખત દૃઢ થતી હતી તેની વિકૃતતા છૂપાવી શકાય એમ ન હતું. તેને થતું કે આને વાત કરું ? પણ આ વાત કહેતાં તેની હિંમત ચાલતી નહિ તેને વિષે એ શું ધારે એ વિચારે તે મૂંઝતી હતી અને આ આંતરવેદના કેમ શમે તેની સમજ નહિ પડવાથી ઉષા સ્વાભાવિક રીતેજ મૂક બની હતી પહેલાની તોફાની અને વાચાળ ઉષા હવે મૂક અને ચિંતાતૂર દેખાતી હતી.

ઉષાની માતાનું નામ સરોજ હતુ. વૈધવ્યે તેના હૃદયને કોમલ બનાવ્યુ હતુ તેનાથી પોતાનુ કે પરાયુ દુઃખ સહન થતુ નહિ. ઉષાને એણે બહુ લાડથી ઉછેરી હતી તેની તબીયત જરાક બગડતી ને સરોજની ચિંતાનો પાર રહેતો નહિ. તેની ઉષા સાજી રહે તે માટે તે રોજ ઈશ્વરને પ્રાર્થના કરતી પિતાવિહોણી ઉષાને કશાની ઉણપ ન રહે તે માટે તે ખાસ ચિંતા રાખતી થોડા દિવસથી ઉષા બોલતી ચાલતી બંધ થઇ હતી અને તે કશાનો વિચાર કરતી હતી એમ તેને લાગ્યું તો હતુજ પણ છેલ્લા ચાર દિવસમાં ઉષામાં તેણે ઘણો ફેરફાર જોયો. તેનુ હાસ્ય કરમાઈ ગયું હતુ, તેનું તોફાન ઓછુ થઇ ગયું હતુ અને આખો દિવસ તે ગમગીન રહેતી હતી. હમણાંની યાળામાં જવા માટે તે ઉતાવળ કરતી હતી અને પાછી પણ વહેલી મોડી કરતી હતી. આ બધાનુ કારણ તેને સમજાયુ નહિ. સાંજ પડી હતી ઉષા વાંચવાની ચોપડી લઈ બેઠી હતી પણ તેની આંખો તો આકાશના રંગ બેરંગી રંગો જોતી હતી. સરોજે ધીમેથી તેની પાસે જઇ માથા ઉપર હાથ ફેરવ્યો ને પૂછયુ " બેટા ઉષા, તને શુ થાય છે ? "

" ના, મને કશુ થતુ નથી "

" જો ઉષા ! મને નહિ કહે ? બોલ જોઉ ! તું આખો દિવસ શાના વિચાર કર્યા કરે છે ? તું કેમ ઉદાસ દેખાય છે ? તારા મનમાં જે હોય તે સાચેસાચુ કહી દે, જરીકે છુપાવીશ ના, જરીએ શરમાઇશ ના; તું કેમ આવી થઇ ગઇ છે ? "

" પણ બા ! મારા મનમાં કશું નથી. "

" ના; એમ નહિ ચાલ, કહે જોઉ ! કશું નથી તો તારી શ્રી કેમ બોલતી બંધ થઈ ગઇ છે ? તારૂ તોફાન ક્યાં ગયું ? આટલી ગમગીન કેમ થઇ ગઇ છે ? તું બોલતી નથી પણ તારી આંખો, તારૂં મુખ તારી ચાલ બધુ કહી દે છે કે તારા અંતરમાં કંઇ બળતરા છે તું કશાના વિચારો કર્યા કરે છે અને મારાથી છુપાવે છે "

" પણ બા ! હું શું કરૂં ? હું ઘણીએ મહેનત કરૂં છું પણ એ વિચારો મારા મગજમાંથી ખસતાજ નથી. "

" તે મને કહેતી કેમ નથી ત્યારે ! "

" તું મારા ઉપર ગુસ્સે થાય તો ! "

" ના, નહિ થાઉ ! તું કહે "

" જો ! ત્યારે સાંભળ ! એક છોકરો છે એનુ નામ મને ખબર નથી. એને મા બાપ છે કે નહિ તે પણ હું જાણતી નથી. તે મને જોવા માટે એ રોજ સરસ્વતી મંદિરમાં જતી વખતે અને છૂટતી વખતે આવે છે રોજ મારી પાસે થઇને ચાલ્યો જાય. પણ બા ! એવો છોકરો છે ! મીટ માંડીને તો કદી જોતો જ નથી. એનું મોઢું જોઇએ તો જાણે હમણાંજ રડી પડશે. એક દિવસ પણ એ આવ્યા વિના રહેતો નથી. દૂરથી મારી સામે જોયા કરે, હું ન જાણું એમ.

તે બા એ રોજ મને જોવા કેમ આવતો હશે ? અને એનું મુખ આવું કરણ કેમ દેખાતું હશે ? એના અંતરમાં શું હશે ? મને એના વિષેજ વિચારો આવ્યા કરે છે. હમણાં ત્રણ ચાર દિવસથી એ બીલકુલ જ-ણાતો નથી. તે એને શું થયું હશે? કેમ નહિ આવતો હોય ? માંદો તો નહિ પડયો હોય ? એનું કોણ સગું તો હશેજ ને ? કે એકલો જ હશે ? એની સારવાર કોણ કરતુ હશે ? બા મારાથી એને આપણે ઘેર આવવાનું ન કહેવાય ? "

" તે હવે તુ એને જુએ ત્યારે આપણે ઘેર તેડતી જ આવજે. અને હવે જોજે એને વિષે વિચાર કરતી ! "

" અરેરે ! મે તને પહેલેથી જ કહ્યું હોત તો કેવું સારૂં થાત ! "

" બહુ સારૂં થાત ! " એમ કહી ઉષાને એકલી મુકી સરોજ ત્યાંથી ચાલી ગઇ. ઉષા ત્યાં જ બેસી રહી. સૂર્ય અસ્ત થતો હતો. સંધ્યાની લાલીમા ઝાંખી થતી હતી. ઉષાના હૃદયનુ તોફાન પણ શમતું હતુ. સંધ્યા આવી ને ચાલી ગઇ ને તેની દૃષ્ટિ આકાશ ઉપરથી ઉતરી શ્યામા પૃથિવી પર ફરવા લાગી. ઝાંખા થતા પ્રકાશમા દૂરથી તેણે કિશોરને આવતો જોયો. તેના હૃદયમાં કશો તનમનાટ થયો નહિ તેનુ દેખું તોફાનથી નાચતુ નહતું. અનિમિષ નયને તે માત્ર કિશોર તરફ જોતી હતી કિશોર પણ તેની સામે જ જોતો હતો. બન્ને એક બીજાની ઝાંખી કરતાં હતાં. કિશોર વધારે નજદીક આવ્યો, ઉષા ત્યાંજ બેસી રહી હમણાં જાઉ છું, હમણાં જાઉ છુ, એમ તે વિચાર કરતી હતી ને કિશોર ત્યાંથી પસાર થયો. હવે તે પાછું વળીને જોતો નથી. ઉષા દોડતી દોડતી નીચે ઉતરી કિશોર જતો હતો તેની પાછળ દોડી, તેની સામે આવીને ઉભી રહી ને પૂછયુ. " તમે મારે ત્યાં આવશો ? " કિશોરે કંઇ જવાબ આપ્યો નહિ, તે માત્ર ઉષાને જોતો હતો. તેની આંખો બીની થઇ હતી. રોજની પેઠે આજે ઉષાને તેની સામે જતાં તેનાં પોપચાં ઢળ્યાં નહિ અદ્‌ભૂત રૂપદર્શનને અંતે જે અવાચકતા જન્મે છે તેવી અવા-ચકતાથી કિશોર મૂંગો બન્યો હતો. સૌંદર્ય-સરોવરમાં તે ડૂબ્યો હતો. તેનાથી બહાર નીકળાય તેમ નહતું. અવાક્ કિશોરનો હાથ પકડી ઉષા તેને પોતાને ઘેર લઇ ગઇ. કિશોર આખળા માણસની માફક દોરાતો હતો. ઉષા તેને મેડીએ લઇ ગઇ અને એક ખુરસી ઉપર બેસાડયો. ને પીવાનું પાણી લાવીને આપ્યું. કિશોરે પાણી પીધું. તેણે સ્વપ્ને પણ ધાર્યું ન હતું કે પેલી કુમારીકા તેને આવી રીતે મળશે. સત્ય કે સ્વપ્નના ભ્રમમાં તે હતો; તે દરમિયાન ઉષા તેને લઇ આવી. હવે કિશોર સ્વસ્થ થયો તેને ભાન થયું કે તે એક ગૃહસ્થને ઘેર આવી બેઠો છે ખુરસીમાં જેમ તેમ પડેલો તે જરી ટટાર થયો ને માથાના વાળ ઠીક કર્યા અને તેને અહીં કેમ બોલાવ્યો હશે તે સબધી વિચાર કરતો હતો એટલામાં ઉષાએ તેને પૂછયું " તમારૂં નામ શુ ? "

" કિશોર. "

" તમે શું કરો છો. "

" ભક્તિ. "

" કોની ભક્તિ કરો છો ? "

" તમારી. "

" હવે તમે શું કરશો ? "

" હું તમને ચાહું છુ અને ચાહીશ "

" તમે મને કેમ ચાહો છો ? તમે મને કેવી રીતે ચહાયો ? "

" મને ખબર નથી કે હું તમને કેમ ચાહું છું. હું જાણતો નથી કે હું તમને કેવી રીતે ચાહું છું. મને ખબર નથી કે મજબૂત ક્ષમતાને કેવી રીતે ચલાવતો હતો હું જાણતો નથી કે ફરહાદ શીરીને કેવી રીતે ચાહતો હતો. હું માત્ર એટલું જ જાણું છું કે હું તમને ચાહું છું. મારી સમસ્ત પ્રાણ શક્તિથી જેમની પાસે હું આગાહની જેમ નાચી શકું એવા પિતા મારે નથી જેના શીતળ ખોળામાં માથું મૂકી વિશ્વને વિસારી શકું એવી માડી પણ મારે નથી પોતાનો ગણી પ્રાણ રેડી " ભાઈ " કહીને બોલાવે એવી બેનડી મારે નથી. અને મને જ માત્ર જુવે એવી પ્રિયતમા પણ નથી. હું માત્ર ચાહું છું તમને, તમને જોઉ છું ત્યારે મારું વેદના તપ્ત હૃદય શાંત થાય છે, મારા વિષાદમય ચહેરા ઉપર સ્મિત કરે છે. અને મને ભૂખી થકું એવા આનંદમાં તલ્લીન થાઉં છું " કિશોરે પોતાનું હૃદય ઉષા પાસે ખાલી કર્યું. તેનો શબ્દે શબ્દ ઉષા એકાગ્રતાથી સાંભળતી હતી. તેના હૃદયના તાર ઝણઝણી ઊઠ્યા તેનું રોમ રોમ પુલકિત થયું તેણે કિશોરને મારે કંઈ કહું ન હતું છતાં તે તેને ચાહતો હતો, તેણે એક આભાર દૃષ્ટિ કિશોર તરફ ફેરવીને પૂછ્યું.

" હું તમારે માટે શું કરી શકું ?

" મને એમ થતું હતું કે મારા આ દુનિયામાં કોઈ નથી. તમને " મારું કોઈ " થઈને મારો ઘરની પરનો વિસામો તમે થઈને કદીક બહારતો બારણેથી તમારે દ્વારે આવી ચડું તો મને બોલાવજો હું આખો બિચીત અને મારા કપોલ ઉપર એક ચુમન લેજો. તમારા હૃદયના એક નાનકડા ખુણામાં મારું સ્થાન રાખજો અને હું હોઉં કે ન હોઉં પુરસદની કોઈ ક્ષણે મને યાદ કરજો તમારું હૃદય ખોલીને મને જોજો બસ હું હવે જાઉં છું. " કિશોર ઊઠ્યો, દાદરો ઉતર્યો અને ચાલ્યો ગયો ઉષાથી એક શબ્દ પણ બોલાયો નહિ. તે માત્ર તેની પાછળ જોતીજ રહી છેવટે જ્યારે તે દેખાતો બંધ થયો ત્યારે તે જાગી. પાણીનો લોટો અને પોતું પડ્યું હતું તે લીધું અને નીચે રસોડામાં મુક્યું. સરોજે પુછ્યું.

" એ કોણ હતું ?

' આ ! પેલો છોકરો હતો "

' એણે શું કહ્યું ?"

' કેમ જાણે સ્વપ્ન જોયું હોય એમ લાગે છે શું કહ્યું તેનો આછો આછો ખ્યાલ છે પણ બધું યાદ નથી. "

" એ કયાં રહે છે ?"

" કશું પૂછાયું નહિ. એ બોલતો હતો અને હું મંત્રમુગ્ધ બનીને સાંભળતી હતી. પણ એણે કશું કહ્યું કે એને કોણ થયું એ જાણ્યું નથી. "

" આને પાછો આવશે ? "

" કોણ જાણે. "

તે દિવસની રાત પછી કિશોર કયાં ચાલી ગયો તે કોણ જાણતું નથી. ઉષાએ તેને બોલાવવાના બહુ પ્રયત્નો કર્યા પણ પછી તે કદી દેખાયો નહિ. બસ હતું કે તે આ ગામમાં ન હતો પણ ઉષાના હૃદયમાં તેણે સ્થાન મેળવ્યું હતું અને જો કે હવે ઉષા કિશોરને ભૂલવા પ્રયત્ન કરતી હતી, છતાં કિશોરની જીવનની કલ્પના કરતી કરતી તેની દૃષ્ટિ ઘણીવાર ઝબકી સ્થિર થતી.

દાદાજીની ડેલી

[શિવ ભોળા, મહેશ્વર ભોળા .....એ ઢાળ]

મને વહાલી દાદાજીની ડેલી;
રહી રંગની રેલ જ્યાં રેલીઃ
દાદાજીની ડેલી.....

એ તો દેવોની દિવ્ય ફૂલવાડી;
શીળી પમરે છે હેારમ દાડીઃ
દાદાજીની ડેલી.....

બાગે પંખીડાં કરતાં કલ્લોલો;
ઉડે આનંદની રસ છોળોઃ
દાદાજીની ડેલી.....

એ તો દેવળ છે જ દેવતાઈ;
રોજ જ્યાં છે વહાલની વધાઈઃ
દાદાજીની ડેલી.....

સદા હસતાં છે બારણાં ખુલ્લાં;
મૂકાં સ્વાગત જ્યાં છે કુલ્લાંઃ
દાદાજીની ડેલી.....


ગુણ ગૌરવ કેરી એ ગાદી;
વસે માહેશ્વરી શાં દાદીઃ
દાદાજીની ડેલી.....

ધર્મધામ છે એ તો અમોલું;
એનાં ભિરદો હું શા શા બોલું ?
દાદાજીની ડેલી.....

સ્મરણ માત્રે હૃદિલ આરૂં ડોલે;
કોણ આવે દાદાજીની તોલે ?
દાદાજીની ડેલી.....

એનાં મૂલ કુબેર કયાંથી મૂલે ?
એની પાસે ત્રિભુવન કૂલેઃ
દાદાજીની ડેલી.....

ચંદ્રકાન્ત ભગવાન ઓઝા



આલેખનાર : શ્રીમતી હેડી વિદ્યાબહેન નીલકંઠ, બી એ

All India Womens' Conference (અખિલ ભારત સ્ત્રીપરિષદ)ની સાતમી બેઠક લકનૌમાં નાતાલની રજા દરમીયાન ભરાઈ હતી. અને તે પરિષદનાં સંસ્મરણો દ્વારા એની કાંઈક માહિતી અન્ય બહેનોને મળે એ હેતુથી થોડું લખવા ઇચ્છા રાખું છું.

પરિષદનાં મંત્રી રાણીસાહેબ લક્ષ્મીબાઈ રાજવાડે છે. મુંબઈનિવાસીઓ તેમના પૂર્વાશ્રમનાં ડૉ મીસ નાગુબાઈ જોશીના નામથી પરિચિત છે. ડૉક્ટરના ધંધામાં તેમણે ખ્યાતિ મેળવેલી તેજ ખ્યાતિ તેમણે ભળાવી રાખી છે. એક બાહોશ કાર્યકર્તા તરીકે તેમણે સહુના મન સંપાદન કર્યાં છે તેથી નવા વર્ષમાં પણ તેમને મંત્રીપદે નીમ્યાં છે. પ્રતિનિધિઓની ગણતરીમાં રહી તેમણે સર્વેના મન હરણ કરી લીધાં હતાં.

પરિષદમાં સમસ્ત દેશની સુશિક્ષિત બહેનોની હાજરી હતી. તેમનો ઉત્સાહ અત્યંત હતો અને પ્રત્યેક બહેન પોતાના વિભાગમાં કાંઈને કાંઈ કામ કરનારી છે એમ પ્રત્યક્ષ જણાઈ આવતું હતું ગુજરાતી બહેનોની સંખ્યા પણ આટલા દૂર ભાગમાં હોવા છતાં સારી હતી. મરાઠી, મદ્રાસી, આસામવાસી, પંજાબી, મધ્યપ્રાન્તો, ઉત્કલ, મુંબઈ વગેરે સર્વ સ્થળેથી ઓઝો પ્રતિનિધિ તરીકે હાજર થઈ હતી અને પરિષદના ઠરાવોને ટેકા આપ્યા તેમ અનુમોદન આપવા એક બીજા સાથે હરીફાઈ કરતી.

કેળવણી અને સમાજ સુધારાના પ્રશ્નોને લગતા ઠરાવો હતા અને એ વિષયો પર અભ્યાસ કરી બોલવા માટે બહેનોએ પૂરી તૈયારી કરેલી માલમ પડતી હતી આ વરસની પરિષદમાં નવા બંધારણમાં આવનાર ઓઝોની જુની બેઠકો સામે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો અને સર્વ સામાન્ય બેઠકો માટે ઉમેદવારી કરવાની તેમની ખાસ જરૂરી હતી. મુખ્ય બાબત લગ્નવિચ્છેદની હતી. લગ્નવિચ્છેદની તરફેણમા સારી સંખ્યામાં મત નોંધાવાથી એ ઠરાવ પસાર થયો હતો વડોદરાના લગ્નવિચ્છેદના કાયદાના ધોરણ પર ત્રિટિશ રૈયત માટે તેવો કાયદો રચાવવા આગ્રહ કર્યો હતો. લગ્નવિચ્છેદના સંબંધમાં આપણામાં ઘણી ગેરસમજ જોવામાં આવે છે એ કાયદો પસાર થાય તો બધે જ દરેક લગ્ન તે વિચ્છેદ કરવા માટેજ કરવાનું હોય એમ ભ્રાન્તિ ઘણાને છે. અતિ દુઃખદ સંજોગોમાં, જ્યાં વિવાહિત રહેવાથી બને પક્ષ એક બીજાથી મુક્ત થાય - તેમજ બનેનું હિત છે એમ તેમને જણાય તો-બન્ને તે પણ તેમની ઇચ્છા હોય તો-એ કાયદાનો લાભ લઇ શકાય એવી છૂટનો કાયદો કોઈપણ સુધરેલી પ્રજામાં હોવો આવશ્યક છે હિંદુસ્તાનમાંતેની ઘણી તરત વિશેષ આવશ્યક છે કેમકે વિવાહિત સ્ત્રી પુરૂષોના

લગ્ન સંબંધ તેમની જરા પણ સંમતિ વગર અનેક અંગત કારણોથી માબાપો બાંધે છે તેમાં અસંખ્ય જોડાં એવાં હોય છે કે તેમને જીવનભર દુઃખ વેઠવું પડે છે એવા પ્રસંગોએ ઘણીવાર પુરુષ તો એ બંધનથી મુક્ત થઈ એક સ્ત્રીને છોડી દઈ બીજી સાથે લગ્ન કરી શકે છે આવી છૂટ સ્ત્રીને નથી એ ઘોર અન્યાય છે લગ્નને ધાર્મિક બંધન માનવા સારૂ, માત્ર સ્ત્રીઓ પાસેજ એ આદર્શ પળાવવા માટે જે એકતરફી કાયદો છે તે કેવળ ન્યાયરહિત છે વિવાહિત સ્ત્રી પુરુષોનાં જીવન કાયમને માટે દુઃખી કરવાથી કોઇ આદર્શ જળવાતો નથી અતિ વિકટ પ્રસંગે એવાં લગ્નોનાં બંધન છૂટી શકે એવી કાયદામાં છૂટ હોવી જોઇએ એ માન્યતાના પોરણે આ ઠરાવ બહુમતીથી પસાર થયો હતો

તે ઉપરાંત સંતતિ નિયમનનો ઠરાવ પણ આ વર્ષે બહુ મોટી બહુમતીથી પસાર થયો હતો. હિંદુસ્તાન જેવા ગરીબ, બેકાર દેશમાં વસતી અનિયંત્રિત વધે તેથી ભવિષ્યની પ્રજાને ભારે હાનિ છે એ આર્થિક દૃષ્ટિએ સંતતિ નિયમન આવશ્યક છે. તેમજ અનેક પ્રસૂતિથી સ્ત્રીઓની શારીરિક દશા છેક બગડે છે તેમજ તેની સંતતિ નિર્બળ થાય છે એ આરોગ્યની દૃષ્ટિએ સંતતિ પરિમિત સંખ્યામાં હોય એ સ્પષ્ટ છે એમ ચર્ચા થઇ હતી. આ નિયમન સંયમ વડે થાય તો શ્રેષ્ઠ પણ વ્યવહારમાં આવો સંયમ ભાગ્યેજ જોવામા આવે છે. કૃત્રિમ ઇલાજોથી સંતતિ નિયમન કરતાં અનીતિ થવાનો ભય છે એ વાત પણ વીસારી દેવામાં આવી ન હોતી, પરંતુ દરેક સારી વસ્તુનો દુરુપયોગ થાય માટે તે બંધ ન કરવી એવું કોઇ કરી શકે નહીં. વિજ્ઞાનદ્વારા અનેક વસ્તુઓ એવી છે કે જેના સારાને માટે ઉપયોગ થાય છે. જે ખોટું અનિષ્ટ હોય તે જોવું એ કર્તવ્ય છે. આવા કૃત્રિમ પ્રયોગો સિવાય પણ મનુષ્યો કયાંઓછા અનીતિને માર્ગે જાય છે ? નીતિના માર્ગે જવા માટે તો સારા સરકારની આવશ્યકતા છે મદ્રાસની પરિષદમાં આ ઠરાવ પસાર ન હોતો થયો. સંતતિનું રક્ષણ, પાલન, શિક્ષણ, સ્વાર્થનો ભોગ એ સર્વ સ્ત્રીઓને જ માથે છે એટલે એ સંબંધમાં તેમનો અભિપ્રાય વજન આપવા યોગ્ય ગણવો જોઇએ.

આ પરિષદની સાત બેઠકો ચાર દિવસમાં થઇ હતી. પ્રથમ દિવસે સ્ત્રી પુરુષોનો મેળો મેળાવડો હતો લગભગ હજારેક માણસ હાજર હતાં. પછીના દિવસોએ માત્ર સ્ત્રીઓની હાજરી હતી. સાતસો આઠસો સ્ત્રીઓ હશે એમ અનુમાન થાય છે. લગભગ બસો બહેનો પ્રતિનિધિ તરીકે આવેલાં હતાં. આવા મેળાવડામાં આપણા ભારત દેશના જુદા જુદા ભાગમાંથી સુશિક્ષિત, ઉત્સાહી આગેવાન બહેનોને મળવાનો પ્રસંગ જે પ્રાપ્ત થાય છે તેનું મૂલ્ય થાય તેમ નથી. તે ઉપરાંત તે સર્વના વિચાર અને અનુભવની આપલે કરવાથી પણ પ્રત્યેકને લાભ છે એ નિઃસંશય છે. આ સર્વ બહેનો પોત પોતાના ગામમાં જઈ પરિષદનું કાર્ય આગળ વધારવા માટે આખા વર્ષ દરમીયાન પ્રયાસ કરે છે, જેથી માત્ર પરિષદ તે મેળો બની સમાપ્ત નથી થતી. આ પરિષદે એવું એક સ્થાન પ્રાપ્ત કર્યું છે કે તેનો મત સન્માન પામે છે અને ધારાસભામાં તેનું સારૂં વજન પડે છે. સમસ્ત દેશની પ્રતિનિધિ સ્ત્રીઓ મળી જે વિચાર કરે તે આદરનો પાત્ર હોવો જોઇએ એ વાત સર્વથા સ્વીકારાઈ છે.

લહની ખરેખર એક રળિયામણી જગ્યા છે આદ્યાદેવી વખતની જોહોજલાલીનાં ચિહ્નો

ઉપરાંત નવા જમાનાની ચઢતી કળાનું દર્શન પણ ત્યાં થાય છે. સુંદર મકાનો, આકર્ષક બગીચાઓ અને વિશાળ રસ્તાઓ એ સર્વ વડે લકનૌ બહારથી આવનારનું મન આકર્ષે છે.

પરિષદને અંગે ખાનપાનના મેળાવડા ત્રણ ચાર થયા હતા. તે ઉપરાંત લકનૌની બહેનો તેમજ બહારનાં પ્રતિનિધિઓએ મળી એક નાટય અને સંગીતનો અતિ મનોરમ જલસો કર્યો હતો. ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનું 'માલિની' નામનું નાટક, મરજા, વીણાવાદન, સંગીત, કૃષ્ણગોપીનું દૃશ્ય એ સહુ સહેજે ભૂલાય તેમ નથી. દરેક પોતપોતાનું કાર્ય કુશળતાથી કર્યું હતું. અને એ જલસો સફળ થયો હતો.

લકનૌમાં રાજાઓ, તાલુકદારો, નવાબો વગેરે સર્વ ખાનદાની સ્ત્રીઓમાં બુરખો અત્યંત પ્રચલિત હતો. આ પરિષદમાં તે વર્ગની હિંદુ તેમજ મુસલમાન બહેનોએ પડદો બાજુએ મુકી ભાગ લીધો હતો આ કરતાં વધારે આશ્ચર્યજનક અને સંતોષકારક બીના એ હતી કે આ હિંદુ મુસલમીન બહેનોમાં અત્યંત સંપ જોવામાં આવતો હતો જે બીજા પ્રાંતોએ ગ્રહણ કરવા જેવો છે

પરિષદને અંગે નાનકડું સ્વદેશી પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું

તમેજ બધા ઢેડાઓ છો

બધા બાલકો—' એ, એ, તું બગીચામાં અડયો. તું અમને ના અડતો. '

એક બાલક—' પણ એ બગીચ કયા છે ? એ તો રજપુત લાગે છે, રજપુત '

બધા—' અરે, એ તો બગી છે આને એણે નથી કડકડા પહેર્યા છે ને ન્હાયો ધોયો છે '

એક—' તો પછી એને કેમ ન અડાય '

બધાં—' પણ એ બગી છે ના ? મેલ માટે છે ના ? '

એક—' પણ અત્યારે એ કયાં મેલ માટે છે ? અત્યારે એ બંગી નથી પણ રજપુત છે '

બધા—' ન, ન, મુરખા, આપો રહે અડતો નહીં. '

એક—' આ ચાલ્યો તું તો; ડાહલાઓ, તમનેજ હું નહીં અડવાનો; તમેજ બધા ઢેડાઓ છો.'

બા, બોટું શીખવ મા

બાળકે બાને પૂછયું, ' બગીને કેમ ના અડાય ? '

બા કહે, ' એ મેલું માટે છે '

બાળક કહે, ' તો મેલ તો તું પણ માટે છે. '

બા કહે, ' પણ એ બંગી છે '

' બાળક કહે, બંગી એટલે શું ?

બા કહે, ' મેલ માટે તે બંગી '

બાળક કહે, ' ત્યારે, બા, તું પણ બગી. તું મને ના અડતી '

બા કહે, ' એમ તે હોય ? હું તો મેલું માટી સ્નાન રહું છું '

બાળક કહે, ' ત્યારે બંગી પણ એમજ કરે તો ?'

બા કહે, ' તો પણ એને ના અડાય. '

બાળક કહે, ન, ન, એવું બોટું શીખવ મા. એવું ખોટું કંઈ નહિ શીખવું

અખિલ ભારતીય મહિલા પરિષદની જનેતા

શ્રીમતી માર્ગરેટ કઝીન્સનો


પરિચય કરાવનાર : શ્રી યજ્ઞેશ હ. શુકલ

મીસીસ કઝીન્સને મે પહેલવહેલાં ૧૯૨૯ ના જાન્યુઆરી માસમાં જોયા અખિલ ભારતીય મહિલા પરિષદનું ચોથું અધિવેશન મુંબઇમાં ભારતકોકિલા શ્રીમતી સરોજિની નાયડુનાં પ્રમુખપદે મળ્યું હતું. અને એ પરિષદમા, પરિષદનાં પ્રાણુસમાં શ્રીમતી માર્ગરેટ કઝીન્સને જોવાનો અવસર મળ્યો શ્રીમતી કઝીન્સનો દેખાવ જ એવો છે, કે એમને જોતાં મનુષ્ય સ્વભાવનો સહેજ પણ અભ્યાસ હોય એવા કોઇને પણ, તેઓ એક ખંતીલા કાર્યકર છે એમ જણાઇ આવ્યા વિના નહિ રહે. શ્રીમતી કઝીન્સે ભારતની મહિલાઓ માટે કરેલાં કાર્યોથી હું સુપરિચિત હતો; એટલે તેમને જોવાની–મળવાની તક સાધવાનો અવસર હું ખોળ્યા જ કરતો હતો ૧૯૨૯ ના જાન્યુઆરીમાં એ અવસર પ્રાપ્ત થયો. અને ભારત કાજે, તેમજ ભારતીય મહિલાઓ કાજે નિસ્વાર્થ ભાવે સેવા કરનારાં એ અપૂર્વ આયરીશ મહિલાનાં દર્શન કરી હું ભાગ્યશાળી થયો. પરિષદ દરમ્યાન એમની સાથે વાર્તાલાપ થતાં, તેમનો ઉત્કટ ભારતપ્રેમ, અને ભારતીય મહિલાઓને ઉન્નતિના પંથે દોરવાની અભિલાષાએ મને મુગ્ધ કર્યો અને એ ભારતપ્રેમી મહિલાને મારાથી સહસા જ વંદન થઇ ગયું.

અખિલ ભારતીય મહિલા પરિષદનાં જનેતા શ્રીમતી માર્ગરેટ કઝીન્સ છે ૧૯૨૬ નાં શ્રીમતી નાયીબાઇ દામોદર ઠાકરસી હિન્દી સ્ત્રીઓની યુનિવર્સીટીના પદવીદાન સમારંભ પ્રસંગે, શ્રીમતી માર્ગરેટ કઝીન્સને એવી પ્રેરણા થઇ કે અખિલ હિન્દની મહિલાઓની પરિષદ ભરવી અને એ પ્રેરણાને આચારમાં મૂકવાનું કાર્ય તેમણે તરતજ શરૂ કરી દીધું. વર્તમાનપત્રોમાં એ સંબંધી લેખો પ્રકટ કરવા માંડ્યા અને મિત્રોમાં પણ એ વિચારનો પ્રચાર કર્યો. આમ સતત પ્રચારકાર્યને પરિણામે અખિલ ભારતીય મહિલા કેળવણી પરિષદનું પ્રથમ અધિવેશન ૧૯૨૭ માં પુના ખાતે વડોદરાનાં ના. મહારાણી સાહેબાનાં પ્રમુખપદે ભરાયું. તે પછી ઉત્તરોત્તર એનાં અધિવેશનો ભરાયાં કર્યાં છે અને હાલમાજ ડીસેમ્બર માસની આખરે, લખનૌ ખાતે એનું સાતમું અધિવેશન ગુજરાતનાં આદર્શ સન્નારી શ્રીમતી લેડી વિદ્યાબ્હેન રમણુભાઇ નીલકંઠનાં પ્રમુખપદે ભરાઇ ગયું છે.

શ્રીમતી માર્ગરેટ કઝીન્સ લગભગ ૧૯૧૫ ના અરસામાં, હિંદ આવ્યાં અને મદ્રાસમાં ડૉ એની બીસાન્ટ સાથે થીઓસોફીકલ સોસાયટીનાં એક આગેવાન કાર્યકર્ત્રી બની ગયાં. હિન્દ આવતાની સાથેજ તેમણે ભારતીય મહિલાઓ અને બાલકોનાં હિતનું આંદોલન શરૂ કરી દીધું. Women's Indian Association (ભારતીય મહિલા સમાજ) નાં તેઓ એક મુખ્ય સંચાલિકા છે. કેટલાયે વર્ષો સુધી એ સમાજના મુખ્ય મંત્રી તરીકે તેમણે કાર્ય કર્યું છે અને તેમના પ્રયત્નને પરિણામે જ એ સમાજનું માર્ગદર્શીય સંગઠન થઇ શકયું છે અને શ્રીમતી સરોજિની નાયડુ, શ્રીમતી કમળાદેવી ચટ્ટોપાધ્યાય, શ્રીમતી દંસાબ્હેન મહેતા, જેવાં લોકપ્રસિદ્ધ અને સમાજસેવક મહિલાઓ એમાં આગળ પડતો ભાગ લઇ રહ્યાં છે.

હિન્દ આવ્યાને એકેક વર્ષ પણ પૂરાં થયાં નહિ ત્યાં તો તેમણે ભારતીય મહિલાઓની ઉન્નતિ માટે મથન કરનારા એક



શ્રી સુભદ્રાકુમારી ચૌહાણ

જેમને "ત્રિધરે મોતી" નામે નવલિકા-સંગ્રહ માટે હિન્દી સાહિત્ય સમેલને રૂ ૫૦૦નું પારિતોષિક આપ્યું છે અને વળી એ બહેનને "મુકુલ" નામે કાવ્યસંગ્રહ માટે રૂ. ૫૦૦ નું પારિતોષિક મળ્યું હતું.



ચિત્રકારઃ]

સીતા-વનવાસ

મુંબાઇના કલા-પ્રદર્શનમાં મૂકાયલું મનોરમ ચિત્ર.

[કુ. અંબિકા ધુરંધર

આજીવન મદિલા તરીકે નામના મેળવી લીધી. ૧૯૨૭ માં હિન્દની સ્ત્રીઓને મતાધિકાર મેળવી આપવા માટે તેઓ હિન્દી વઝીર સમક્ષ એક અખિલ ભારતીય મદિલા પ્રતિનિધિમંડળ લઇ ગયાં હતાં. મતાધિકાર માટેની મદિલાઓની ચળવળ હિન્દમાં આ સમયમાં પહેલવહેલી જ હતી. હિન્દમાં શિશુ કલ્યાણની પ્રવૃત્તિ તરફ તેમને ઘણો પ્રેમ છે. જેટલિયે રહીને તેમણે શિશુકલ્યાણનાં કેન્દ્રો સ્થાપ્યાં છે. સંસ્થાઓ તેમજ પરિષદોના સયોજનમાં તેમની કુશળતા અપૂર્વ છે અખિલ ભારતીય મદિલા પરિષદની સયોજના તેમણે જ કરી. અને ૧૯૩૧ ના જાન્યુઆરીમાં લાહોરખાતે અખિલ એશીયા મદિલા પરિષદની સયોજના પણ શ્રીમતી માર્ગરેટ કઝીન્સના પ્રયત્નનું જ પરિણામ હતું.

શ્રીમતી માર્ગરેટ કઝીન્સ એક પ્રખર વિદુષી પણ છે. આયર્લેન્ડની રોયલ યુનિવર્સીટીનાં ગાનવિદ્યાનાં તેઓ સ્નાતિકા (Bachelor of Music) છે પૌરસ્ત્ય કલા અને વિજ્ઞાન પ્રત્યે તેમને ખાસ પ્રેમ છે અને તેને પરિણામે તેમણે અત્યત પ્રયત્ન કરીને કેટલાક ભારતીય વિશ્વવિદ્યાલયોમાં સંગીતની પદવી માટે જુદું સ્થાન રખાવ્યું છે. પિયાનો વગાડવામાં તેઓ અત્યત કુશળ છે અને પ્રાચીન તેમજ અર્વાચીન અનેક ગતો તેઓ તેના ઉપર બજાવી શકે છે તેમાંયે ગતોનાં અનેક ધૂનિઓને, સંકેત ચિહ્નની મદદ વિના તેઓ બજાવી શકે છે આને લીધે તેમને મદ્રાસના ના ગવર્નર અને મૈસુરના ના. મહારાજાની ઓરકેસ્ટ્રા સાથે આવા-બજાવવાનું માન મળ્યું હતું.

ભારતીય મદિલા સમાજનાં મુખપત્ર 'સ્ત્રીધર્મ' નાં તત્રી તરીકે તેમણે વર્ષો સુધી સેવા આપી હતી અને મદિલાઓના પ્રશ્નો સંબધમાં તેમના અભિપ્રાયો વજન પાત્ર ગણાયા છે, આંતરરાષ્ટ્રમાં એનો સ્વીકાર થયો છે ૧૯૨૩માં સગાઠે તેમને ઓનરરી મેજીસ્ટ્રેટ બનાવ્યાં હતાં. હિન્દમાં એ પદે નીમાનારાં તેઓ પહેલાંજ મદિલા હતાં તેઓ એક કુશળ લેખિકા છે. અને ગાનવિદ્યા, સાહિત્ય, અને ભારતીય સામાજીક વિષયો ઉપર તેમણે સમયસમય પરત્વે પુસ્તકો લખ્યા છે. તેમાં "Characteristict of Indian Womanhood" 'Marriage in India', 'Harmony of Life or Awakening of Asian Womanhood' ખાસ વાચવા યોગ્ય ગ્રથો છે આ ઉપરાંત તેમણે સામયિકોમાં અનેક લેખો લખ્યા છે

વ્યાવહારિક રૂપમાં શ્રીમતી કઝીન્સ ગાધીજીનાં ભક્ત નથી પરંતુ તેઓ ખાદી પહેરે છે સત્યાગ્રહ આન્દોલનની શરૂઆતમાં તેમણે પોતાની મદ્રાસી સહયોગિનીઓ સાથે તામીલ પ્રાન્તના કેટલાક ભાગોમાં સ્વદેશી અને ખાદી પ્રચારના કામમાં મોટો ભાગ લીધો હતો. તેઓ એક પ્રભાવશાળી વક્તા હોઇ, ઇગ્લાંડ અને આયર્લેન્ડનાં વિવિધ વિદ્યાલયોમાં તેમજ સાર્વજનિક સભાઓમાં તેમણે વ્યાખ્યાનો કર્યા હતાં. એટમે અહીં તેમણે સભાઓમાં કરેલાં ભાષણોથી જનતા ઉપર ઘણો પ્રભાવ પાડયો છે. મીઓસોફિકલ સોસાયટી તરફથી પણ તેમણે સ્વદેશી અને ખાદીનો સ દેશ સભળાવ્યો હતો.

સત્યાગ્રહના શરૂઆતના દીવસમાં તેમણે વ્યાવહારિક રીતે તેમાં કોઇ પણ ભાગ લીધો નહિ. પરતુ જ્યારે નોકરશાહીના અત્યાચારો દિવસે દિવસે વધતા ગયા, ત્યારે તેની સામે તેઓ આંખ આડા કાન કરી શકયાં નહિ. તેઓ સત્યાગ્રહ સગ્રામમાં ઝુકાવવા તત્પર થયાં અને તરતજ તાગીલનાડુ મહાસભા સમિતિનાં તેઓ સભ્ય બની ગયાં તે સાથે મહાસભાને પોતાની સેવાઓ સમર્પણ કરવા પણ તેમણે જણાવ્યું. તે વખતે લખેલા પત્રમાં તેમણે જણાવ્યું હતું

" દરેક આયરીશ મહિલા, જેણે પોતાનાં દેશની સ્વતંત્રતાને માટે પોતાનાં કર્તવ્યનું પાલન કર્યું છે તે સ્વભાવત ભારતીય પ્રજાનાં આ સ્વતંત્ર યુદ્ધમા ખભે ખભો મિલાવીને સગર્વ ઉભી રહેશે. વળી આવી દશામાં તો એથીય વધારે; કારણ કે ભારતીય સ્ત્રી પુરૂષ પોતાના ચિરવાંછિત ઉદ્દેશની પ્રાપ્તિને માટે દમનનાં કઠોર કારાગારમાં પીસાઈ રહ્યાં છે અને ઈંગ્લાંડની મજુર સરકાર તેમને કચડી રહી છે."

આ પત્ર લખ્યા પછી કેટલાક દિવસે, ૧૯૪૦ના નવેમ્બર માસમાં શ્રીમતી માર્ગરેટે તામિલનાડુ પ્રાન્તિક મહાસભા સમિતિના પ્રમુખ શ્રી. સત્યમૂર્તિને એક બીજો પત્ર લખી પોતાને પ્રાંતિક સમિતિની કાર્યવાહક સમિતિનાં સભ્ય બનાવવા વિનતિ કરી હતી અને એ રીતે મહાસભાને વ્યાવહારિક સહયોગ આપ્યો હતો એ પત્રમાં તેમણે જણાવ્યું હતુ: " તામીલનાડુ મહાસભા સમિતિની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થાય છે તે મારૂં સૌભાગ્ય છે એમ હું સમજું છું, જે સમયે મને ૧૯૨૭ની મદ્રાસ મહાસભામાં એકઠા થએલા ૩૦૦૦૦ પ્રતિનિધિઓ અને મહાસભાનાં ભવ્ય પ્રદર્શનની યાદ આવે છે અને ત્યારે મને એ યાદ આવે છે કે મહિલા દિનની સભામા ત્રણ હજાર સ્ત્રીઓ એકઠી થઈ હતી, ત્યારે આવા પ્રકારના લોકપ્રિય મતને કચડી નાખવાનો પ્રયત્ન કરીને સરકાર પ્રજાસત્તાકની અવહેલના કરી રહે છે એવો વિશ્વાસ પણ નથી આવતો

દેશની આગેવાન રાજનૈતિક સસ્થાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવે એ અસહ્ય છે. અહિંસક કાર્યો અને પ્રચારને માટે સંસ્થા સ્વાતંત્ર્યનો અધિકાર વિચારદર્શન માટે મુખ્ય આવશ્યક છે. મહાસભાના કાર્યક્રમની દરેક વાત સાથે હું સમ્મત નથી, તેમ મે મારી વિવેકશક્તિ ગાંધીજી કે બીજા કોઇને સુપરત કરી નથી; પરંતુ ભારતની સ્વરાજ્યપ્રાપ્તિની મહત્વાકાંક્ષા પ્રત્યે હું સાચાં હૃદયથી તેમની સાથે છું અને વ્યક્તિગતરૂપે હું દરેક સંભવિત ઉપાયદ્વારા તમને મદદ કરીશ. "

પત્ર લખાને બેસી ન રહેતાં તેમણે સગ્રામમાં સક્રીયરૂપે ઝૂકાવ્યું. વિદેશી કાપડની દુકાનો પર અન્ય સ્ત્રીઓની સાથે તેમણે ચોકી કરવાની શરૂઆત કરી દીધી. મદ્રાસની પોલીસ વિદેશી કાપડની દુકાનો પર ચોકી કરનાર ઉપર ખૂબ ખૂબ અત્યાચાર કરતી હતી તે જણાવવાની અહીં જરૂર નથી. શરૂઆતમાં સ્વયસેવકો દુકાનો ઉપર ચોકી કરતા હતા; તેમના ઉપર પોલીસ રોજ લાઠી ચલાવતી હતી પરંતુ જ્યારે સ્વયસેવિકાઓએ ચોકી શરૂ કરી ત્યારે લાઠી બધ થઇ અને ગિરફતારી થવા માંડી. શ્રીમતી કઝીન્સ પણ એ ચોકીમાં સામેલ હતાં. શ્રીમતી કઝીન્સની સહૃદયતાનુ આ સબળ પ્રમાણ છે. વળી હાલમાંજ તેમને મદ્રાસમાં ભાષણ કરવાની મનાઇ કરવામાં આવી હતી અને સારી ચાલ ચલગત માટે તેમની પાસે રૂા. ૧૦૦૦૦ નું બોંડ અને ઓટલીજ રકમની બે જામીનગિરિઓ માગવામાં આવી હતી. તે ન આપવા માટે તેમને ગયા ડીસેમ્બર માસમાં એક વર્ષ સાદી કેદની સજા કરવામાં આવી છે

શ્રીમતી કઝીન્સ દુનીયાનો પ્રવાસ કરી ચૂકયાં છે અને તેને પરિણામે આંતરરાષ્ટ્રીય સમાજનીતિનું તેમને ઘણું સારૂં જ્ઞાન છે. તેમનાં સામાજીક જીવનની શરૂઆત ૧૯૦૯ ની ઇગ્લાંડની મહિલાઓની મતાધિકારની ચળવળથી થાય છે ઇગ્લાંડ અને આયર્લેન્ડમાં એ પ્રવૃત્તિના એક નેત્રી તરીકે તેમની ગણના થાય છે તે વખતે એ આન્દોલનને અગે તેમને બે વાર જેલ જવું પડયું હતું. અને કદાચ એ કારણેજ ભારતની મહિલાઓની એ પ્રવૃત્તિમાં તેઓ આગળ પડતો ભાગ લઇ રહ્યાં છે.

આવી ભારતપ્રેમી આયરીશ મહિલાને વંદન કરી આ ટુંકો અને અધૂરો પરિચય સમાપ્ત કરીએ.

—o—

ભારતીય મહિલાઓના કૂટ પ્રશ્નો

[અખિલ ભારતીય મહિલા પરિષદના પ્રમુખનું ભાષણ]

વ્યાખ્યાતા શ્રીમતી લેડી વિદ્યાગૌરી નીલકંઠ

બહેનો,

આ સૌથી અગત્યની અખિલ ભારતીય મહિલા પરિષદની મને પ્રમુખ ચુંટવા માટે આભાર દર્શાવવાની મારી પહેલી ફરજ છે. દેશની અગત્યની જરૂરીઆતો સાથે સબંધ ધરાવતી આ સંસ્થાની બેઠકમાં બાર હોવામાં હું ગૌરવ માનું છું. સૌથી વધુ આગ્રહ વધેલી તેમજ શિક્ષણ પામેલી બ્રીઓ સાથે ચર્ચા કરવાની તક આપવા માટે હું કરીથી મતદાર મંડળોનો આભાર માનું છું.

આ પરિષદને હજારો પ્રવૃત્તિઓ દોરવાના બે માર્ગ છે એમ મને લાગે છે પ્રવૃત્તિના બે માર્ગ એક તો બ્રીઓનેજ હજારો કેળવણી અને સમાજ સુધારાના પ્રશ્નો હાથ ધરવા તે અને બીજો, આમા દેશના કેળવણી અને સમાજ સુધારા તરફ આપણી પ્રવૃત્તિઓ વાળવાનો. અલબત્ત એ કામ કરવું જોઇએ કે, ચોક્કસ મર્યાદા નક્કી કરી મુકવી છે; છતા, હપરના બંને તે માર્ગ માટે વિસ્તૃત કાર્યક્રમ ઘડી કાઢવા એમ છે આ પરિષદની સ્થાપના કરનારાઓના મૂળ વિચારથી હું અવિદિત નથી પરંતુ જોવું તો ચોક્કસ છે કે પ્રજાની કેળવણી વિષયક તેમજ સામાજીક ઉન્નતિ માટે પુષ્કળ કામ કરવાનું છે એ તેઓ જોઇ શક્યા છે અને તે સારૂ તેઓએ, જેવા કરવા પ્રોત્સાહીત અને પોતાનાજ ક્ષેત્રમા પોતાથી બનતું બધું કરી છુટવાની બ્રીઓની સંસ્થાનાં સભ્યોમાં આવ્યાં જુદા જુદાં કામ અને કાર્યકરોનો સહકાર કરી તેમને એક સંસ્થામાં તદ્રુપ બનાવવાનો વિચાર ઘણોજ સુખદ હતો આમ, આજે આપણે પ્રકૃતિ, નીતિ, રૂઢિઓ કે પક્ષોના ભેદભાવ વિના દેશની ઉન્નતિ તરફ આપણું ધ્યાન ખેંચવા ભેગી થઇ રહ્યા છીએ. આપણું ધ્યેય એકજ છે, આપણા પ્રશ્નો એકજ છે, અને આમતેમ સ્થળ તેમજ કાર્યક્રમને અનુકૂળ આવે એવા રીતિ નીતિના સહેજસાજ ફેરફાર વિના, આપણે આપણી ઉન્નતિ માટેજ પ્રયત્ન કરી રહ્યા છીએ.

આપણા પ્રશ્નો તરફ આપણે આ દ્રષ્ટિથી જોઇએ છીએ ત્યારે તેના ઉકેલનો ઉત્તમ માર્ગ હાલનો સૌથી ઉત્તમ માર્ગ સ્ત્રીઓનેજ સંબંધ ધરાવતા પ્રશ્નોને ખુલા પાડી જોવાનો નથી બન્યો એમ કહીએ તો એ વધુ પડતું ગણાશે છે સ્ત્રીઓને જીવનના વ્યવહારના ક્ષેત્રોમા પુરેપુરો સાથેજ ચાલવાનું છે. ઉપરાંત કેળવણી વિષયક તેમજ સામાજીક આબાત કે પ્રત્યાઘાતની અસર એકલી સ્ત્રીઓ ઉપરજ થતી નથી પણ, બેઉના બેઉની બન્નેની કેળવણીની પુનર્ઘટના થવાની જરૂર છે એટલે એક પ્રશ્નને મૂળ માત્ર બીજાને ઉપાડવો આપણને પાલવે એમ નથી. બાલલગ્ન અને એના જેવા સામાજીક રિવાજો બેઉના બેઉરીઓ બન્નેને સરખી રીતે લાગુ પડે છે એટલે આપણે પ્રશ્ન લેવા લેવાનુજ સર્વોત્તમ છે અલબત્ત, સ્ત્રીઓના મતાધિકાર, સામાજીક દરજાતો જેવા વિષયો છે કે જે તરફ આપણે સામાજીક દ્રષ્ટિએ ધ્યાન આપવું જોઇએ

હાથ ધરવાનું સૌથી અગત્યનું અને મહત્વનું કાર્ય નિરક્ષરતા નિવારવું છે અથવા સુધી આ કાર્ય નહિ થાયત્યાંસુધી, પ્રગતિની બીજી દિશાના પ્રયત્નો બરાર નિષ્ફળ જશે નિરક્ષરતા આપે છે અને દેશ જેનાથી જેમ બદલેજ મુક્ત થવ જોઇએ તેમ પ્રગતિ માટે એ વધુ જરૂર છે કાંતો કે વાચી ન શકતી સ્ત્રીઓની મોટી સંખ્યા દેશને માટે શરમભરી છે નિરક્ષર સ્ત્રીઓની સંખ્યા નિરક્ષર પુરૂષોના

કરતા ઘણી વધારે છે આ નિવારવાનો એક માત્ર માર્ગ સરકાર પાસે પ્રાથમિક કેળવણી ફરજીયાત કરાવવાનો છે. આથી ઘણો મોટો ખર્ચ થશે, એ ખરૂ છે, પરંતુ આવાં પગલાથી જે પરિણામ આવશે તેની બહુત્રી થઇ શકે એમ નથી ઘણા દેશોમાં લોકસમૂહનાં શિક્ષણે અનેક અનિષ્ટોનાં અવરોધક હોવાનું પૂરવાર કર્યું છે. એટલે એની પાછળ ખર્ચવામાં આવેલો પૈસો અનેક માર્ગોએ પાછો ભરપાઇ થઇ જશે પરંતુ હાલમા સરકાર આ સર્વોપરિ ફરજ, જે પ્રથમ તેની પોતાની જ છે તે, અદા કરે એવો જરા સરખો પણ સંભવ નથી પરંતુ પ્રજાએ નિરક્ષર રહેવા માટેનું આ કાંઇ કારણ નથી. બધા જાહેર સ્ત્રી પુરૂષોએ આ કામ માટે એક સામટી ચળવળ શરૂ કરવી જોઇએ તે સાથે દરેક શિક્ષિત માણસે ફુરસદના સમયમા પોતાનાથી બની શકે તેટલા માણસોને અક્ષરજ્ઞાન આપવાની પોતાની ફરજ સમજવી જોઇએ જો આપણામાથી દરેક જણ રોજ એક કલાક માટે પ્રજાની એક કુટુંબીને લખતા અને વાંચતા શિખવવા પ્રયત્ન કરે તો એક વર્ષના સમયમા તો કેટલાયે લોકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી શકે આવી હાલત છે તેના કરતા ઘણી વધારે બહેતર એવી છે કે જો આ પ્રમાણે કાર્ય સહેલાઇથી હાથ ધરી શકે અને એ રીતે હજારો ઘરોમાં પ્રકાશ ફેલાવે. જો પાચ વર્ષ સુધી આ કામ ચાલુ રાખવામાં આવે તો કેટલા બધુ માણસો લખવા વાંચવા શક્તિમાન થશે તે કલ્પવુ મુશ્કેલ છે. અલબત્ત, આ યોજનાના દેખાય છે એટલી સહેલી નથી. આપણામાના ઘણાએ આને માટે કમ કરવાનો નિર્ણય કરવો જોઇએ બીજા અને વધુ મોટી મુશ્કેલી તો એ નિરક્ષર લોકોને રિસાડીને શિખવવાની છે. નિરક્ષર લોકોના મોટા ભાગને તો ફુરસદનો સમય પણ ભાગ્યેજ હોય છે બીજા કેટલાકોને એમાં કાંઇ લાભ દેખાતો નથી એટલે બનવા માટે તેઓ રાજી નહિ થાય જેઓને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સખ્ત કામ કરવાનું હોય છે અને જેતા નિર્વાહ પૂરતુ મળતું નથી, તેઓને શિખવવાની આશા ભાગ્યેજ રાખી શકાય પરંતુ તેમના બાલકોને તો ભણાવવાજ જોઇએ અને એ પેઢીના સમયમાં તો આ નિરક્ષરતાને ભૂતકાળની વાત બતાવી શકાય ફુરસદનો જરાપણ સમય મળતો હોય એવા સર્વને દિવસના થોડોક સમય ભણવા પાછળ ગાળવા સમજાવી શકાય પુખ્તવયનાની કેળવણીને પોતાના કાર્યક્રમમા મૂકી એક બાજુથી નિરક્ષરતાના પ્રશ્નનો ઉકેલ કરવાનો પ્રયત્ન કરવા માટે મહિલા પરિષદને અભિનંદન ઘટે છે. આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે અજ્ઞાન અને ગરીબાઇ માનવ પ્રાણીઓને મુબજી રહેલા છે; એટલે, અજ્ઞાનના નિવારણનું કાર્ય કરવાનો પ્રયત્ન કરવો એ દરેક સ્ત્રી માટે, ખાસ કરીને બીનતુ લગ્ન જેના હૈયે વસ્યું છે એવી દરેક સ્ત્રી માટે, ખચીત ઘણું ઉમદા કાર્ય છે.

આપણી આર્થિક ઉન્નતિ

ગરીબાઇના પ્રશ્ન ઉપર આવતાં ઘણી પ્રાદેશીય પરિષદોએ સ્વદેશી પ્રચાર અને બીજા કાર્યક્રમ ઘોરણો લેવા જોઇએ. આપણે આપણું ધ્યાન આ સ્વદેશી ચળવળ તરફ દોરવ્યું છે એ સમયની નિશાની છે; કારણ કે આપણી આર્થિક ઉન્નતિ તેમાજ સમાયલી છે. આપણે એ દિશામા પ્રયત્ન કરવાનો છે કે જેથી નૂતન કલા કૌશલ અને ઉદ્યોગોનો પુનરૂદ્ધાર થાય અને પ્રજાની આર્થિક સ્થિતિ સુધરે સ્વદેશીના લાભો, એટલે કે જ્યાં સુધી શકે ત્યાં સુધી સ્વાશ્રયી થવાનો વિચાર આપણામાંના ઘણાને અસર કરતો નથી એ દયાજનક છે તેઓએ ભૂતકાળમાં એ ઉદ્યોગોને અનુસરનારાઓની આર્થિક હાલત તરફજ જોવાનું છે દુનીયાના કોઇ પણ દેશને પોતાના કલાકુશલ તરફ બેદરકારી રાખવાનું પાલવે નહિ

કેળવણીના સુધારા

આપણી પરિષદનો મુખ્ય ઉદ્દેશ કેળવણી અને સામાજીક સુધારાનો છે પરંતુ દેશમા સર્વત્ર પ્રથમ કેળવણી હોવી જોઇએ અને પછી તેમા સુધારા હોવા જોઇએ હાલની પ્રથામા સુધારા થવાની જરૂર છે અને આ પરિષદના કાર્યકરોએ પોતાનાજ સ્થાનમા સૌથી વધુ જરૂરના હોય એવા સુધારાઓ હાથ ધરવાનો નિર્ણય કરવો જોઇએ સૌથી પહેલી બાબત, પ્રાથમિક કેળવણીને ફરજીયાત ધોરણે વિસ્તારવાની ચળવળ ચલાવવાની છે પછી બ

શિક્ષણ આપનારા શિક્ષકો બધાય તાલીમ પામેલા હોવા જોઇએ. અને દરેક શાળા રમત ગમત માટેના ખુલ્લા મેદાનવાળા મકાનમાં હોવી જોઇએ બાલકોની શારીરિક ખીલવણી તરફ અત્યંત ભાર મૂકવો જોઇએ બીજો સુધારો ઔદ્યોગિક શાળાઓ શરૂ કરવાની જરૂરનો છે બાલકો, બાલિકાઓ પોતાની કેળવણી મેળવ્યા બાદ શું કરવું તે જાણતા નથી તેઓમાંના ઘણાખરા ઉચ્ચતર કેળવણી માટે જઇ શકતા નથી અને તેમને આપવામાં આવેલું થોડું કે શિક્ષણ તેમના કુટુંબનો ધંધો સ્વીકારવા માટે તેમને નાલાયક બનાવે છે એટલે તેઓ કયાંયના રહેતા નથી જો તેઓ માટે થોડી ઔદ્યોગિક શાળાઓ ખુલ્લી હોય તો તેઓ વધારે સારી રીતે પોતાનો ધંધો કરવા શક્તિમાન થાય.

માધ્યમિક અને ઉચ્ચતર કેળવણીમાં વિદ્યાર્થીઓને સૌથી મોટી હરકત

શિક્ષણપ્રથામાં મોટી ખામી

શિક્ષણનાં બાહન તરીકે વિદેશી ભાષાની છે આ રીતે શિખવાતા દરેક વિષયો બાલકોના મગજની શક્તિ બીનજરૂરી રીતે ખર્ચી નાખે છે આ પદ્ધતિ ઘણો સમય લઇ લે છે અને આને અંગે વિદ્યાર્થીઓને ઘણાં વર્ષો ગુમાવવા પડે છે જેઓને કાંઇ થવા હોય તેમને એક સારો દાખલો ખાત્રી કરાવી આપવો ગુજરાતી કે બીજી પ્રાંતીય ભાષામાં ૭ ચોપડી શીખેલી ૧૬ કે ૧૭ વર્ષની છોકરી એવા સંજોગોમાં આવી જાય કે તેને પોતાના જીવન નિર્વાહની વ્યવસ્થા કરવી પડે તે બીજા વર્ષની ડાક્ટર બનવા માંગે છે આને માટે તેને અંગ્રેજી કેળવણી લેવા માટે ૭ વર્ષો ગાળવા પડે અને પછી ચાર વર્ષનો પ્રાથમિક અભ્યાસક્રમ તેને કરવો પડે. આમ, આને માટે તેને પોતાની જીંદગીના કિમતી ૧૧ વર્ષો ગુમાવવાં પડે છે જો ડાક્ટરી અભ્યાસક્રમ તે પોતાની જ માતૃભાષામાં શીખી શકતી હોય તો તે એકદમ શરૂઆત કરી કે અને ૪ કે ૫ વર્ષમાં તે પૂરો કરી નાખે જટિલ જેવા નવા વિષયો પોતાની ન હોય એવી ભાષામાં શીખવા પડે એનો અર્થ બીનજરૂરી ગોટાળે અને ભયંકર મુશ્કેલી એવો થાય છે એટલે આ પ્રથા જેમ વહેલી કાઢી નાંખવામાં આવે તેમ વધારે સારું આપણી કેટલીક યુનિવર્સીટીઓએ આ દિશામાં કેટલાક પગલાં લીધા છે એ જોઇ આનંદ થાય છે આપણામાંથી જેઓની સાધનસ યુનિવર્સીટીઓમાં બાલક પણ પહોંચતી હોય તેઓએ આ હેતુસર તેનો ઉપયોગ કરી આ બેવડીભરેલી પ્રથાનો નાશ કરવો જોઇએ. આનો અર્થ અંગ્રેજી ભાષાના અભ્યાસને હાંકી કાઢવાનો નથી; મુખ્ય વાંધો તો તેને શિક્ષણના વાહન તરીકે વાપરવા સામે છે

આપણા જેવા વિશાળ દેશમાં જુદા જુદા

ખાસ વિષયોની અગત્ય

લોકોની જરૂરીઆતોને અનુકૂળ આવે એવી જુદી જુદી શિક્ષણસંસ્થાઓ હોવી જોઇએ આપણી યુનિવર્સીટીઓમાં ખાસ વિષયોમાં નિષ્ણાત થવાનું ક્ષેત્ર ઘણું મર્યાદિત છે જો તમે વિદેશોના અભ્યાસક્રમો જોયો તો તમને માલમ પડશે કે આ દુનિયા ઉપરનો દરેક દરેક વિષય ખાસ શિખવા યોગ્ય છે, અલબત્ત આ બધાનો અર્થ પૈસા છે; પણ આપણા દેશમાં તો કેળવણીની પાછળ એક રાજ્ય સૌથી વધારે ખર્ચ કરી શકે તેનો પણ અભાવ છે છોકરાઓએ તો તેમની પસંદગીની કોઇ ખાસ દિશામાં નિષ્ણાત થવા માટે હિન્દની બહાર જવું પડે છે જો આપણી બધી યુનિવર્સીટીઓને આ બાબતમાં નહિ હોય તો આવા પ્રકારનું શિક્ષણ મેળવી શકાતું હોય એ બધી યુનિવર્સીટીઓ એકત્ર થઇ પોતપોતાની વચ્ચે કામની વહેંચણી કરી શકે એવું એકાદ મધ્યસ્થ સ્થળ આપણે ત્યાં શા માટે ન હોય ? સંગીત, ચિત્રકળા જેવી લલિતકળાઓને હું નથી ધરાવતો ત્યાં સુધી હિન્દુ યુનિવર્સીટી કે અખિલહિન્દી મહિલા યુનિવર્સીટી સિવાય, બીજી કોઇ પણ યુનિવર્સીટીના અભ્યાસક્રમમાં સ્થાન નથી હિન્દને અનુકૂળ થાય એવું ગૃહવિજ્ઞાન શિખવા માટે એક છોકરીને ઇચ્છાઉં કે અમેરિકા જતી જોઇએ આપણે આશા રાખીશું કે પરિષદ શરૂ કરેલી નવી શાળા આ ક્ષતિઓ દૂર કરશે અને ઉંચા દૃષ્ટિબિન્દુથી આ વિષયનું શિક્ષણ આપશે

છોકરીઓ માટેની શિક્ષણ પ્રથામાં સુધારા

આપણે આદર્શ ઉચ્ચ જોઇએ

સૂચવતાં એક વસ્તુ તરફ જરા પણ બેદરકારી રાખવાની નથી અને તે બની શકે ત્યાંસુધી

આપણો આદર્શ ઉચ્ચ રાખવાની. અલબત્ત, બધાને તક આપો, જેઓ સૌથી ઉચ્ચો આદર્શ પ્રાપ્ત ન કરી શકે એમ હોય તેઓને સરળતા કરી આપો પણ આદર્શ નીચો તો કોઇપણ રીતે ન પરો. સ્ત્રીઓની કેળવણીનાં ઉતરતાં ધોરણથી સંતોષ ન પામો. આમ ઇચ્છનારાઓ માટે કેટલીક વખતે એ મુશ્કેલ બની શકે છે પરંતુ કોઇ પણ ભોગે નીચલું ધોરણ તો નહિ જ; કારણ કે એનો અર્થ ઉતરતુ માનસિક બળ, અને તે સામે તો આપણે હમેશા વિરોધ દાખવવો જોઇએ

બીજું હદેય સમાજ સુધારાનો છે દુનીયાના બધા દેશોને પોતાના સામાજીક સુધારાઓ સામાજીક પ્રશ્નો હોય છે અને તેમ હિન્દને પણ છે અપૂર્વ સભ્યતા અને સંસ્કૃતિની એ ભૂમિ હોઈ, તેણે, પોતાના જ રીત રિવાજો બળવવા પ્રયત્ન કર્યો છે અને ભૂતકાળના રીતરિવાજોથી દાબવા તે નાખુશ છે આમ, આ દેશ ઉપર જુના વિચારની આવના એટલા મોટા પ્રમાણમાં વ્યાપી ગએલી છે કે તે સમયમાં સારા ગણાતા રિવાજો આજે કાંઇ પણ હેતુ સિદ્ધ કરતા ન હોવા છતાં, તે તજી દેવામા આવતા નથી ખરું કહીએ તો કેટલાક રિવાજો કદિયે સારા ન હોઇ શકે એવા છે છતાં, તે જૂના છે અને કોઇ પણ રીતે આપણા સમાજમા ઘુસી ગએલા છે એટલે તેને ચૂસ્ત રીતે વળગી રહેવામા આવે છે આથી, સામાજીક કાર્યકરોને મહાન હરકત રૂપ આ જુના વિચાર છે, દેશના બધાય ભાગોમાં જન્મતી જ્ઞાતિ પ્રથાએ આ જુના વિચારોને બાંધી રાખ્યા છે સારા કે નરસા બધાય રીવાજો જાળવવા માટે જ્ઞાતિ ખરી રીતે સરક્ષણરૂપ છે.

મુખ્ય સામાજીક દુષણો લગ્નના રિવાજને લગતા છે બાળલગ્નો, લગ્નના કુધારાઓ મોટા દાયલાઓ, પુનર્લગ્નનો પ્રતિબંધ, અનેક પત્નીનો રીવાજ, છૂટાછેડાનો અભાવ એ બધામાં તત્કાળ સુધારા થવાની જરૂર છે જ્ઞાતિપ્રથા આ બધા રિવાજોની સરક્ષક છે. એટલે અંદરથી પ્રયત્નો કરીને આ નાબુદ કરવાનું કામ મુશ્કેલ છે આને માટે કાયદાની મદદ જરૂરની છે દેશના શુભેચ્છકો, ચાલુ રિવાજોમાં ધારાસભાઓ સુધારા કરે એવો પ્રયત્ન કરી રહ્યા છે. પોતાને માટે શું સારું છે તે નહિ સમજનારા લોકસમૂહનો વિરોધ તેમને સહન કરવો પડે છે જુના રિવાજોને પવિત્ર માનવામાં આવે છે અને સુધારકનું કામ પણ ખરેખર ઘણું મોટું છે નિરક્ષરતા દૂર થતાં પ્રજા પોતાનું ભલું શામા છે તે જોઇ શકે એવો સંભવ છે. આમ, આ હેતુ માટે પણ લોકશિક્ષણની જરૂર છે.

લગ્નને અંગેના લગભગ બધાય દુષણો સ્ત્રીઓ ઉપર વધારે અને લાંબા પરિણિત જીવનની કાળ સુધી અસર કરે જંજીરો છે, એ વાત તરફ મારે બહાર મૂકવો જ જોઇએ. બાળલગ્ન કે અનેકપત્નીનો રિવાજ પુરૂષો કરતા તેમને વધારે અસર કરે છે વિધવા પુનર્વિવાહના પ્રતિબંધને અંગે જે મુશ્કેલીઓ આવે છે તે સ્ત્રીનેજ સહન કરવી પડે છે, તેમજ, હિન્દુ લગ્નના છૂટાછેડા ન થઇ શકે તેને અંગે પણ એકજ પક્ષને એટલે કે સ્ત્રીઓને સહન કરવું પડે છે; કારણ કે પરિણિત જીવનની જંજીરો સ્ત્રી જ તોડી નથી શકતી; પુરૂષો તોડી શકે છે એટલે આ અનિષ્ટો દૂર કરવા તરફ અને ધ્યેય સિદ્ધ કરવામા જરાપણ કચાશ ન રાખવા તરફ સ્ત્રીઓએ ધ્યાન આપવાનું છે.

કાયદાની કલમો સંબંધમા એક ટીકા કરી લઇ. વ્યવહારમાં કાયદામાં આ કાયદો ખામીવાળો ખામી માલમ પડયો છે બાલલગ્ન અટકાવવા માટે એમા કાંઇ ચોક્કસ નથી કાયદાનો ભંગ થયા પછી, એનો અમલ થાય છે આમ જે હેતુસર એ ઘડવામાં આવ્યો તે પૂર્ણ થતો નથી ખરી રીતે લગ્ન ચાલુ રહે છે અને દંડની સજા થાય છે તે પણ કાંઇ બહુ સખ્ત હોતી નથી. એટલે પરિષદે આ ખામી તરફ ધારાસભાના સભ્યોનું ધ્યાન ખેંચવું જોઇએ.

આ દેશમાં જ્યાં લગ્ન નક્કી કરવામા વિચિત્ર વલણો આગેવાન ભાગ ભજવે છે અને નિયમ છૂટાછેડાની જરૂર તરીકે લગ્નમા જોડાનારા પક્ષોની સલાહ પણ લેવામા આવતી નથી, ત્યા

કેટલા સંજોગોમાં લગ્નના છૂટાછેડા કરવાની જરૂર ઘણીજ મોટી છે. વળી, એક પુરૂષ નકામા કારણસર પત્નીનો ત્યાગ કરી શકે છે ત્યારે એક સ્ત્રી માટે એવો કોઈ માર્ગ ખુલ્લો નથી, આ રીતે સ્ત્રીઓને ઘણોજ અન્યાય કરવામાં આવેલો છે આ અસમાનતા દૂર કરવા માટે બળવત્ કાયદાકીય પરિવર્તન માગે છે એમ જોઈએ.

આ અસમાનતા સામે ફરિયાદ વેધવા જેવું મંચ મળે છે; તેને પરિણામે અનીતિનો માર્ગ સ્ત્રીઓની મોટી સંખ્યા ખોટે માર્ગે દોરવાઈ જાય છે. આને માટે આશ્રયસ્થાનો સ્થાપવાનું પોતાના કાર્યક્રમમાં રાખીને પરિષદે સારૂં કર્યું છે સ્ત્રીઓને અનીતિને માર્ગે વળવાની ફરજ પાડે એવાં બીજાં સંજોગો દોષાનો સ્વીકાર છે; પરંતુ ઉપર જણાવેલા બે કારણો વધુ બળવાન છે આ બાબતમાં આપનાં બધાં બહેનોમાં પ્રમુખ શ્રીમતી મુથુલક્ષ્મી રેડ્ડીએ કરેલું કાર્ય ખાસ ધ્યાનપાત્ર પ્રેરક છે વેશ્યાવૃત્તિના એક ખાસ પ્રકાર જેવી દેવદાસીની પ્રથા અટકાવનારો કાયદો પસાર કરાવવામાં તેમણે સફળ થયાં છે આ દિશામાં કરવાનું વિજ્ઞાનસ સોસાયટીઓ ઉપયોગી કાર્ય કરી રહી છે અને તેઓ અભિનંદનને પાત્ર છે.

આપણી વિચારણાનો એક બીજો પ્રશ્ન હાલના હિન્દુ કાયદામાં બારસા હક સંબંધમાં સુધારા કરવાનો છે સંયુક્ત કુટુંબની પ્રથા નાશ પામતી જાય છે અને જીવનનાં નવાં દબિબિન્દુ સાથે તેમજ જુદા જુદા નવા સંજોગોને અંગે કાયદામાં ફેરફાર થવાની જરૂર છે આવશ્યક સામાજીક પરિસ્થિતિને અંગે ફેરફારો થવાની જરૂર છે એવો મત અનેક ધારાશાસ્ત્રીઓ અને ન્યાયમૂર્તિઓએ દર્શાવ્યો છે આપણામાંના મનુ એ અનુકૂળ દોરાયું કે મુંબઈની વડી અદાલતના એક નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી મડગાંવકરે હાલમાં અખિલહિન્દ હિન્દુ કાયદા સુધાર એસોસીએશનની સ્થાપના કરી છે તેને ખરા હૃદયનો ટેકો અને સહકાર પરિષદે આપવો જોઈએ એમ મને લાગે છે વડોદરા અને મૈસૂર રાજ્યોએ પુત્રની વિચારણા કરીને તેમજ સામાન્ય જનસમાજમાં વધારે કરીને સ્ત્રીઓને લગતા વારસાના કાયદામાં સુધારો કર્યો છે અને એ બન્નેએ પ્રગતિનું મોટું પગલું ભર્યું છે અત્યારના હિન્દુ કાયદા પ્રમાણે, પુત્રી માટે કોઈ વ્યવસ્થા નથી પતિ ગમે તેવો ધનિક હોય ભાં, વિધવાના જીવન નિર્વાહ ઉપરાંત તે બીજું કોઈની વ્યવસ્થા કરતો નથી આ બધી વિષમતાઓ હવે ચલાવી પર રહેવી ન જોઈએ. પ્રાચીનકાળની સ્મૃતિઓને અનુકૂળ નવા કાયદાઓ કોઈ સદાકાળને માટે બદાવા ન હતા અને આપણે સમયની જરૂરીયાત પ્રમાણેના કાયદા મેળવવા પ્રયત્ન કરવો જોઈએ આપણા કાયદાઓ ન્યાયી બનાવવાનો ગંભીર પ્રયત્ન આપણા જેવી ન્યાયત સરકારની ઓફીસ કરી અને એ રીતે હાલના કાયદા પ્રમાણે સ્ત્રીઓની દરકારો દૂર કરી એવી મને ખાત્રી છે આ દરકારોને આપણાં સામાજીક જીવન સાથે, સામાન્ય રીતે, ખાસ કરીને સ્ત્રીઓના દરજ્જા સાથે, સીધો સંબંધ છે અને તેથીજ તે આપણાં લક્ષને યોગ્ય છે

ઉપરના નિવેદન ઉપરથી કદાચ એમ લાગશે કે આપણને એકાનેક સ્થિરતા ન પાલવે કાયમી વિષય તેમજ સામાજીક પ્રશ્નો છે

દરેક દેશને, દરેક પ્રજાને, પોતાના પ્રશ્નો ઉકેલવાનો હોય છે કોઈપણ પ્રજાને સ્થિર રહેવું પાલવે એમ નથી પ્રજાએ હમેશા આગળ વધવું જોઈએ અને તેમ નવી પરિસ્થિતિ, બદલાયેલા સંજોગો, નવાં દષ્ટિબિન્દુ સાથે આગળ વધવું જોઈએ અને પછી ફેરફારની જરૂર તો તેની પાછળ જ દોડી આવશે. પાછળી પેઢીએ તેમના પોતાના માટે ઘડેલા નિયમો, અને કાયદાઓથી આપણે સંતોષ પામીને બેસી રહીએ તે યોગ્ય નથી દુનીયામાં સૌથી આગળ વધેલા દેશ પણ એમ તો ન કહી શકે કે તે પ્રગતિના ઉચ્ચમાં ઉચ્ચ પગથારે પહોંચી ગયો છે અને હવે વધારે ફેરફારની જરૂર નથી. આપણને મુશ્કેલીઓ હોય છે તેમ તેમને પણ મુશ્કેલીઓ હોય છે

આપણી સમસ્યા ગંભીર અને અત્યંત અગત્યનું કાર્ય

આપણી સમસ્યા ગંભીર પ્રમાણ અને અત્યંત અગત્યનું છે એ બાબતો વર્ષમાં એકાદ બેવા મળીને, આપણે કાર્યની દીશા નક્કી

કરીએ છીએ પછી આખા વર્ષ દરમ્યાન દરેક વિભાગે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખવી એ અત્યંત જરૂરનું છે અહીં બેઠા મળીને પ્રશ્નો ઉપર ચર્ચા કરી, પાછળથી તેના ઉપર નિદ્રા સેવવાનો કાંઇ અર્થ જ નથી શિક્ષણ આપવા માટે, પ્રજામત કેળવવા માટે, ધારાસભાઓમા સુધારા કરવા માટે અને છેક છેલ્લે કામ રાખવા માટે પૈસા એકઠા કરવા સખ્ત પ્રયત્ન કરવાની જરૂર છે આપણે, તેઓ નિરાળા લોકસંખ્યા કરતા વધુ સારી સ્થિતિવાળા છીએ તેમણે આ કાર્યને પ્રાથમિક ફરજ લેખવી જોઇએ એમ લાગે છે કે, જો એક વાર મક્કમ નિર્ણય કરે તો આ બધુય કાર્ય હાથ ધરી શકે એટલા સમય વાળી અને પૂરતી યોગ્યતાવાળી બ્રીઓની ઘણી મોટી સંખ્યા છે, છેલ્લાં થોડાક વર્ષોમા બ્રીઓમા ઘણી જાગૃતિ આવેલી જણાઇ આવે છે યોગ્ય દિશા સૂચનથી તેમજ વ્યવસ્થાથી, બ્રી કાર્યકરોની ગોઠવણ સંખ્યાનું એવું બળ જમાવી શકાય કે જેની અસર સર્વત્ર સમજાય, એવો દરેક સંભવ છે આ કરવા માટે આપણામા શરૂઆત કરવાની વૃત્તિ, બુદ્ધિ હોવા જોઇએ પ્રભુનું કહ્યાનું જેમના હૈયે છે, અને માનવજાતિની સેવા કરવા જે જેમને અનુકૂળતા છે તેવી બધી બ્રીઓને આ ઉમદા કાર્ય માટે દિવસના કાંઇ નહિ તો થોડાક કલાક પણ ફાજલ પાડવા હું વિનતિ કરું છું ઘરકામની જંજાળમાંથી મુક્ત જેવી, અને જેમને જીવનનિર્વાહના પૂરતા સાધનો છે અને જેમનામા કામ કરવાની યોગ્યતા છે એવી હજારો બહેનો છે એની મને ખાત્રી છે આ બધાનો ઉપયોગ આ માનવસેવાના કાર્યથી વધુ સારી રીતે કોઈ પણ રીતે થઇ શકે એમ નથી મે જોયું છે કે ઘણાખરા કાર્યકરો આ વર્ગમાં આવતા નથી તેઓ કયા તો ડાક્તરી ધંધામા છે કે શિક્ષિકાઓ છે. એટલે તેઓ પાસે ફાજલનો મર્યાદિત સમય છે. છતા તેઓને જે સમય મળે તેનો ઉપયોગ આને માટે તેઓ કરે છે અને તે માટે તેમને અભિનંદન ઘટે છે.

પરિષદ ઘણા થોડા સમયમાં ઘણું ખરેખર કાર્ય કરી શકી છે

પરિષદની સફળતા ગૃહવિજ્ઞાનની શાળા એ તેના પ્રયત્નનું પરિણામ છે

સારદા કાયદા તરફ પ્રજામત કેળવવામાં પણ પરિષદના સભ્યોએ ઘણું કામ કરેલું છે. વળી, મતાધિકાર સમિતિનાં કામમાં પણ આ સંસ્થા સાથે જોડાયેલી બહેનોએ સારી અસર પહોંચાડી છે સ્વદેશી ચળવળને પણ આપણે ટેકો છે. સમાજ ઉપરના સૌથી મોટાં કલંક અસ્પૃશ્યતા નિવારણ વિષે આપણા ઘણા વિભાગો પ્રવૃત્તિ કરી રહ્યા છે. આમ, જે ટુંકા સમયમા આપણે કરેલા કાર્યનું અવલોકન કરીએ તો તેથી આપણે હતાશ થવાની જરા પણ જરૂર નથી સમય જશે તેમ આપણામાં મોટી સંખ્યા જરૂર જોડાશે અને એ રીતે તેને ઉપયોગી બનાવશે આપણે શું કામ કરીએ છીએ તેના ઉપર એનો આધાર છે. હું સ્વભાવે આશાવાદી છું અને તેથી થોડીક પ્રેરણા પામેલી બ્રીઓએ શરૂ કરેલું આ ઉમદા કાર્ય જરૂર ખીલશે અને આપણા આ વ્હાલા દેશની સંપત્તિ અને પ્રગતિનું એક સબળ હથિયાર જરૂર બનશે એવી મને દરેક આશા છે

એમનો જ વાંક !

તેમને આપણી નિશાળમા આવવા ન દઇએ, તેઓ અભણ અને અજ્ઞાન રહે તેને લીધે હલકા દેખાય તેમાં પણ એમનો જ વાંક

તેમને આપણી બરોબર રાખીએ નહિ, ગામ બહાર કૂતરા ભાંડ્યા કાઢી કાઢીએ, તેમની કશી દેખરેખ રાખીએ નહિ તેમને કશી સિખામણ આપીએ નહિ, પછી તેઓ હલકા બંધ જાય તેમાં પણ એમનો જ વાંક

આપણે દારૂનો વેપાર કરી એમને દારૂડીયા બનાવીએ

વ્યાજ વટાવ કરીને એમને દેવાદાર કરી મૂકીએ

અંદર અંદર લડાવીને કજીયાળા કરી મૂકીએ.

ભૂત, પ્રેત, જંત્ર, તંત્ર, મંત્રની વાતો કરી તેમાંથી પૈસા મેળવીને તેમને બ્હેમી કરી મૂકીએ એ બધામા પણ એમનો જ વાંક ખરો ?

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડલ, (મુંબાઇ)



સમૂહ-વાદ્યસ ગીત (ઓરકેસ્ટ્રા)

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી-મંડલ, (મુંબાઇ)



રાસ-નૃત્ય

જીવનનો રાહ

[અખિલ ભારતીય મહિલા પરિષદનાં સ્વાગત પ્રમુખનું વ્યાખ્યાન]

વ્યાખ્યાતા : બેગમ મહંમદ યાસીમ

મિત્રો,

દૂર દૂરનાં સ્થળેથી આ પરિષદમાં હાજરી આપવા અને આવેલા સર્વને હું આવકાર આપું છું અને સર્વનો આભાર માનું છું. હજનો તેનાં ભવ્ય આતિથ્ય માટે એકવાર પ્રખ્યાત હતું. પરંપરાથી ચાલી આવેલાં એ ગૌરવથી અમે દૂરના નીચા પડી નથી છે તે માટે મારા કરતાં બીજું કોઈને આપણે વધુ લાગતું હશે. એટલે અમારામાં ઉત્સાહનો અભાવ છે એવું તમે આ ઉપરથી માનવાની ભૂલ કરશો નહિ. આખાં હિન્દમાં દરિદ્રોપરિ વર્તે આર્થિક દુઃખ આ શહેરમાં વધુ ગીન છે અને શહેરના જૂના ભાગોમાં આવેલાં નિર્જન મકો અને મહાલયો ચીકણના લાગે છે

હજનોની મહત્તા

મિત્રો, આ નિર્જન શહેર એક વખત કલા અને વિજ્ઞાનનું પારણું હતું અને તેની ઓલિ તેમની સાહિત્ય અને કલાની સિદ્ધિઓ માટે જગપ્રસિદ્ધ હતી ફારસી સુફરા, મીર અનીસ, મીરજા દાબીર, અને પંડિત રતનનાથ સરશાર, જેવા કવિઓ અને વિખ્યાત સાહિત્યકારો પેદા કરવા માટે આ શહેર ગૌરવ લે છે એટલું જ નહિ પણ બહારની દુનિયા 'આલમ', 'ખયારત'ને નામે ઓળખાતાં બીજા એક વિભાગ, મહંતવ'ભક્ત 'કમા' નામનાં એક ત્રીજા વિભાગ, જેવી મહિલાઓએ પોતાની કવિતાઓ અને નર્મશક્તિથી આ શહેરનું નામ જગપ્રસિદ્ધ કર્યું છે દુનિયામાં સૌથી પ્રથમ સાહિત્યસભા પાયેથી સ્થાન રાજસાહ્ય, જે બાબરથી દિલ્હીમાં વધુ ખીલી, તે હજોમાં સંપૂર્ણ સ્વરૂપ પામી અને એ ભાષા બરબામા તેમજ તેને સંપૂર્ણ બનાવવામાં હજનોની ઓલિઓએ કરતાં મોટાં પ્રમાણમાં ફાળો આપ્યો છે તે દરેક સાહિત્યકાર જાણે છે. સાહિત્યક્ષેત્ર વર્ચ માટે આ સ્થળ કે સમય પોષ્ય નથી. હજનોની ઓલિઓ સંસ્કૃતિની દ્રષ્ટિએ સેવા કરવામાં કદિ પછાત ન હતી; અને આજે પણ તેઓ તૈયાર છે એમ બતાવવા પૂરતો આટલી સત્ય બાબતનો ઉલ્લેખ કર્યો છે તમને બધાંને અહીં અમારી વચ્ચ જોતાં અમને જે અવર્ણનીય આનંદ થાય છે તે દર્શાવવા અમે અશક્ત છીએ પરંતુ મને આશા છે કે હાલની મદદને અંગે અમારી ક્ષતિઓ તરફ તમે ઉદારતાથી જોશો.

સ્ત્રી શિક્ષણનો વધતો પ્રચાર

પરિષદના ધ્યેય અને હેતુઓનું પુનરાવર્તન કરવા ઇચ્છતી નથી. આપણા પ્રયત્નોને અત્યાર સુધીમાં મળેલી સફળતા ઘણા મોટા પ્રમાણમાં આશાવાદને ન્યાયી ઠરાવે છે ઓકરીઓ અને તેમનાં માબાપોમાં કેળવણી માટેની ઇચ્છા છે, તે ઉતાવળે ઉત્પન્ન થઈ તેમજ પ્રચાર પામતી નથી છે, તે ઉપરથી મને એમ ખાત્રી થાય છે કે આપણ શિક્ષણ-સંસ્થાઓ પૂરતી નહિ થાય. કેટલેક સ્થળે તો આ અપૂરતું પ્રમાણ જણાવા પણ માંડયું છે અને મારે દિલગિરિ સાથે કબૂલ કરવું જોઈએ કે ઘણીખરી ઓકરીઓને માત્ર શિક્ષણની તમન્ના જ નથી પરંતુ તેને માટે જોઈતી બુદ્ધિ પણ છે અને માત્ર સાધનોની ખોટી હોવાને તેમજ અર્થની હોવાને કારણે જ આ મહાન વરદાનનો લાભ લેતાં વંચિત રહી જાય છે સ્ત્રીકેળવણી માટે ચોક્કસ રકમ બાજુએ કાઢવાનો પ્રાંતિક સરકારોને આગ્રહ કરવાનો સમય હવે આવી ગયો છે એમ મને લાગે છે. અત્યારે શિક્ષણના કામ માટે કાઢવામાં આવતી રકમમાંથી આપણે આપણો હિસ્સો માગીએ તેથી આપણો હેતુ સરે એમ નથી. સરકારની મદદ, હાલની જરૂરીયાતોને પહોંચી વળી શકે અને સ્ત્રી કેળવણી મોટા પ્રમાણમાં વ્યવસ્થિત કરી શકાય એટલી મોટી હોવી જોઈએ.

હાલની શિક્ષણપ્રથા

પરંતુ મિત્રો, આ બાબતમાં તો એક ચેતવણી આપવાની મને ફરજ લાગે તો તે માટે મને માફ કરશો હાલની શિક્ષણ પ્રથાના બે નાશકારક પરિણામો, જેનો ભોગ થતા પુરુષો બચી શકયા નથી, તેથી છોકરીઓને બચાવવા માટે આપણે આપણી શક્તિમાં હોય તેટલુ બધુય કરવુ જોઇએ હાલની શિક્ષણપ્રથાથી ઉપસ્થિત થતી ગુલામી મનોદશા આપણાં રાજકીય, સામાજીક અને સાંસ્કૃતિક જીવનના પાયા ઉધમ-ઘાવી રહી છે અને એ રોગ કેટલો ફેલાયે એવો છે તે બાબે જનતાને જાગૃતિ શિક્ષણની આવી લાયકાત મેળવવામા આપણા વિદ્યાર્થી ભાઇઓની અભિલાષા કોઈ સરકારી જગા મેળવવા માટે તેનું વેચાણ કરવાની અથવા તો હદ ઉપરાંત ધીમે ધમે ગએલા ધધામાંના કોઇ એકમાં પ્રવેશ કરી શકવા પૂરતી જ છે. માનપત્રો અને રોજ આપે એવા ધધા કરતાં બચવા તો ધંધાને લગતાં સાહસો કરવાં એક કારકુનની દુ ખજનક આવક વધુ પસદ કરવામાં આવે છે. આવી નાનુકા અને સાહસ ન કરવાની વૃત્તિવાળા દૃષ્ટિબિંદુ માટે આપણા વિદેશી રાજકર્તાઓને માથે આપણે દોષ નાખવાનો છે; પરંતુ આપણે સ્ત્રીઓએ પુરુષો જે વિચિત્ર અને નાશકારક તર્ક ઉપર જીવે છે તેને માટે કપકાનો મોટોક ભાગ સ્વીકારવા આપણે પ્રમાણિક રહેવું જોઇએ જો આપણાં ઘરનાં વાતાવરણ ગુલામી આદર્શો અને બાયલી દૃષ્ટિબિંદુથી અપવિત્ર ન થયા હોત તો પુરુષો ગુલામીના રોગના સહેલાઇથી ભોગ બન્યા નહોત.

જીવનનો રાહ

કેળવણી કરતાં વધુ અગત્યનો અને આપણી વિચારણાને વધુ ધોગ્ય પ્રશ્ન આપણાં જીવનના રહસ્યોનો છે બધાય દેશોમાં અને બધાય યુગોમાં આ અગત્યનો પ્રશ્ન રહ્યો છે અને રાજકારણ કે અર્થશાસ્ત્ર, કલા કે વિજ્ઞાન કરતાં તેમના સામાન્ય કલ્યાણ માટે એ વધુ અગત્યનો છે કુટુબ તેમજ સદેરી જીવનનુ બધુય રહસ્ય આમા સમાયલું છે અને તેના ઉપર આપણાં સુખનો આધાર છે. હું એટલુ તો ભારપૂર્વક કહી શકું કે, બીજા દેશોમા સ્ત્રીઓએ ગમે તેવો લાભ લીધો હોવા છતાં, સામાજીક જીવનમા તેની પ્રગતિ અને ફેરફારોમાં સ્ત્રીઓએ હમેશાં પૂરતો ફાળો આપ્યો છે ઇતિહાસ અને આજ બાબતો એના પૂરતા પુરાવા રૂપ છે. આજે, આપણા જીવનના રાહમા સુધારાનો પ્રશ્ન આપણું ધ્યાન તત્કાળ ખેચે છે અને શિક્ષણથી મળતા લાભોનો પૂરતો આનંદ આપણે માણી શકીએ તે માટે આપણાં કૌટુમ્બીક જીવનનાં વિચારણમાં આપણે કઇ રીતે અને કેટલા અંશે સુધારા કરવા જોઇએ તેનો આપણે નિર્ણય કરવો જોઇએ. આ પ્રશ્નથી અણુમણુ એવું કોઇક અહીં બાબેત હશે એ હું જાણું છું. પરંતુ હાલના સજોગોના ભાર હેઠળ સાચા રાહમાથી આડા ફાંટી જઇ આપણા કૌટુમ્બીક જીવનને, પાછળથી કરવાના ભરેલું અને અસહ્ય નીવડે એવી રીતે ક્રાન્તિકારી બનાવવામાં ભય રહેલો છે એમ મને લાગે છે એકમેકને મદદ કરીને પ્રત્ન પ્રગતિને પંથે જાય છે; અને વધુ સંસ્કારી, પ્રજાને જરૂર હોરવે છે પરંતુ આપણે હિન્દમાં યુરોપીયન જીવન રીતિનું એવી રીતે અનુકરણ કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ કે તેથી આપણી સામાજીક પ્રથાના મોરચારૂપ કૌટુમ્બિક સબધોની એકરૂપતા જરૂર ભયમાં આવી પડશે. મારા કહેવાનો અર્થ એમ નથી કે પશ્ચિમની કોઇપણ વસ્તુ આપણે સ્વીકારવી નહિ, અથવા તો યુરોપીયન સંસ્કૃતિમાં કાંઇ શીખવા જેવું છેજ નહિ. હું જે ભારપૂર્વક કહેવા માંગું છું તે એ કે આપણાં જીવનમા આપણે એવુ કોઇ વિદેશી તત્ત્વ દાખલ કરવું ન જોઇએ કે જેની કિંમત આપણે પડેલાંથી પૂરતી રીતે આંકી ન હોય; નહિતર આપણે અધ અનુકરણના ગુન્હેગાર બનશું અને જેઓ આંધળા બંધ રાખીને આવે છે તેઓના જેવાંજ બાદિનો આપણને ભોગ થવું પડશે. પશ્ચિમની સંસ્કૃતિ પ્રત્યેનાં આપણાં વલણમાં આપણે આપણા પુરૂષવર્ગના અનુભવ ઉપરથી કાંઇક લાભ લઇ શકીએ એમ ઇચ્છીએ. વર્ષો સુધી તેમણે તેમના ગોરાઓનું અને રાજકર્તાઓનું અત્યંત સભાળથી અનુકરણ કર્યું પરંતુ અત્યારે તેમની લાગણીમાં પૂરેપૂરો ફેરફાર થઇ ગયો છે અને હવે ખૂની અને પોતાની સંસ્કૃતિ તરફ પાછા વાળવાની સાર્વદેશીય ભાવના તેઓમાં જાગૃત થઇ છે, આપણે પણ સાવચેત રહેવાં શીખવું જોઇએ

અને આપણા સામાજીક જીવનમાં જે અનુકૂળ ન હોય તે તજી દેવું જોઇએ.

મિત્રો, વ્યક્તિગત સ્વતંત્રતાનું મોજું આજે દુનીયા ઉપર ફરી વળ્યું વ્યક્તિગત સ્વાતંત્ર્ય રહ્યું છે અર્થાત્માં અને ફરજનાં ભાન સાથેની વ્યક્તિગત સ્વતંત્રતા અમૂલ્ય ખજાનો છે પરંતુ જ્યારે સામાન્ય સમ અને ફરજથી એ જુદી પડે છે ત્યારે સ્વતંત્રતા એક પ્રકારનાં ગાંડપણનું સ્વરૂપ ધારે છે અને એની બધી સામાજીક અને નૈતિક હિંમત ગુમાવે છે આપણે એ સમજવું જોઇએ કે આજના આપણા જીવનનો રાહ આપણી પુત્રીઓને, આવતી કાલની સ્ત્રીઓને દોરશે દરેક પગલું અત્યંત સાવચેતીથી અને આપણી જવાબદારીના પૂરતા ભાન સાથે મૂકવું જોઇએ.

આપણા પુરૂષવર્ગે ઘણી ખોટી રીતે આપણા ઘણા સામાજીક અને રાજકારણના હકો છીનવી લીધા છે તે હું જાણું છું આપણે તે પાછા મેળવવા જોઇએ પરંતુ આપણે એ યાદ રાખવું જોઇએ કે આપણે આજ સુધીમાં બીજાઓના ક્ષેત્ર જાણ્યા નથી આપણા હકોની આ ખોટ તરફ આપણે આંખ આડા કાન કર્યા છે હિન્દની બધી કોમોમાં સ્ત્રીઓ તરફ જે માન અને ભાવના બતાવવામાં આવી છે તે સાથેજ તેઓના બધાય રાજકારણના તેમજ સામાજીક હકો લૂટી લેવાય એ બાબતમાં જોરવ આપી રહે છે વળી આપણે એ પણ ભૂલવું ન જોઇએ કે આપણે નિરંકુશ રાજતંત્ર હોઇ છીએ અને આપણા પુરૂષો ઉપર તેમનું પોતાનું જ પ્રતિનિધિત્વ નથી જો આપણે આ ખ્યાનમાં રાખીએ તો આપણી સમક્ષના ઝઘડામાં જે કહેવાય અને હાલની બળતરા છે તે નાશ પામશે આ પ્રશ્નની ચાંપી ચર્ચા કરવાની મને તક મળે એમ હું ઇચ્છું છું. પરંતુ અત્યારે તો સમય થોડો છે અને વિષય ઘણો વિશાળ છે તેથી મને સૌથી અગત્યની લાગી એવી દોરીક બાબતો તરફ તમારૂ ધ્યાન ખેંચીને જ મે સંતોષ માન્યો છે

આપણી સંસ્થા રાજકીય નથી, અને તેથી બીજાના અધિકાર કે રાજકીય પ્રશ્નો બીલ્લા બાદ બનાવો પર, બંધારણને લગતા પ્રશ્નો ઉપર, ચર્ચા કરવાનો આ પ્રસંગ નથી પરંતુ જીવનના એકજ ક્ષેત્રમાં આપણે રોકાયલા રહી શકીએ એમ નથી, એટલે આપણાં જીવનનાં આ દૃષ્ટિબિન્દુ તરફ કુ ઉપરછલ્લો ઉલ્લેખ કરીશ રાજકારણમાં જો આપણે પુરૂષે ને પગલે જ ચાલવાની ઇચ્છા રાખશું તો મને લાગે છે કે આપણે ખોટે માર્ગે દોરવાઇશું છેલ્લાં ૫૦ વર્ષોમાં ઘણી ચળવળો થઇ છે અને ધાર્મિક તેમજ રાજકીય મતભેદોએ અનેક સ્વરૂપો પકડયા છે, પરંતુ એકતા અને સહકારનું સંતોષકારક ચિત્ર યોગ્યતામાં આપણે સફળ થયા નથી કદાચ, લગ્નનો અવાદાબાદમા ભરેલી છેલ્લી પરિષદોનું કાંઇક ફળ આવે અને એક સમાન ધ્યેય તરફ બધી કોમો કુચ કરવા શક્તિમાન થાય પરંતુ એકતાનો દિન જ્યારે ઉગવાનો હોય ત્યારે ભલે ઉગે, પણ આપણને વિભક્ત કરી નાખનારા મતભેદોનો તો અત આવી ગએલો છે આજે હિન્દની મહિલાઓની પ્રાથમિક ફરજ એ છે કે ઝઘડો ઉભો કરે એવા માર્ગથી દૂર રહેવું અને ધાર્મિક તેમજ કોમી કજીયાઓમા ભાગ લેવાથી દૂર રહેવું

મારી ફરજો બજાવવામા દરેક રીતે મદદ કરવા માટે સ્વાગત સમિતિ અને વ્યવસ્થાપક સમિતિના બધા સભ્યોનો હું ખરાં અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

લેડી નીલકંઠને આપણા પ્રમુખ તરીકે મેળવવામાં આપણે અત્યંત ભાગ્યશાળી છીએ અને મને પૂરેપૂરી ખાત્રી છે કે તેમની દોરવણી હેઠળ આ પરિષદની બેઠક જબરજંત સફળતા મેળવશે.



સંતતિનિયમન

લેખિકા :

શ્રીમતી

તારાબહેન માણેકલાલ પ્રેમચંદ

લખનૌમાં અખિલ હિન્દ સ્ત્રી પરિષદનું સાતમું અધિવેશન ગયા ડીસેમ્બર મહિનામાં ભરાયું હતું ત્યારે ચર્ચાયેલા સામાજીક વિષયોના ઠરાવોમાંનો એક ઠરાવ સંતતિ નિયમનનો હતો. ૧૯૩૧ ની સાલમાં મદ્રાસમાં ભરાયેલી સ્ત્રી પરિષદમાં જ્યારે આ ઠરાવ અમે મુકયો હતો ત્યારે લગભગ બસો પ્રતિનિધિઓમાંથી માત્ર આઠેક પ્રતિનિધિઓએ ટેકો આપ્યો હતો અને ઠરાવ ઉડી ગયો હતો.

એક વર્ષમાં વિચારો બદલાયા તેમ તો કહી ન શકાય. પણ ઉંડુ કારણ શોધીએ તો એમ લાગે છે કે જાહેરમાં આવા પ્રશ્નો ચર્ચવા કે નહિ તે પહેલો પ્રશ્ન ઉઠયો હતો. ઠરાવ જો કે પસાર ન થયો પરંતુ તે ઠરાવ રાજકુમારી અમૃતકુંવરે ઘણાં વર્ષોના - અનુભવ અને પોતાના દેશબંધુઓના દુ:ખો જોઈને વિચારપૂર્વક લાવ્યા હતા તેની ખાત્રી ડેલીગેટસને વાતોથી સમજાવી. ત્યારે પ્રતિનિધિઓ પોતાના પ્રાંતમા પાછા ગયા ત્યારે તેમની સાથે કામ કરવારા બીજા બહેનોની સહાનુભૂતિ અને સમંતિ મેળવી અને પરિણામ એ આવ્યુ કે આ વર્ષે લગભગ દસથી બાર પ્રતિનિધિ આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. અને બહુમતીથી અખિલ હિન્દ સ્ત્રી પરિષદે પણ પસાર કર્યો.

કુટુંબ બહારનું જોઈએ, આપણે નિહાળી શકીએ તેવડું જ જોઈએ તે તો સૌ કોઈ કબુલ કરે છે. માત્ર સંયમી જીવનથી આ પરિણામ આવે તે સારૂં કે બહારના કુનીઆદ ઉપાયોની મદદ લેવી. તેમાંજ મતભેદ હતો સંયમ એ ઉત્તમ આદર્શ છે તે તો સૌ કોઈ સ્વીકારે જ. પરંતુ જ્યારે જીવનમાં ઉતારવાનો પ્રશ્ન ઉભો થાય ત્યારે કેટલા પ્રમાણમાં શકય છે તે મોટો સવાલ છે. આવા પ્રશ્નો જાહેરમાં ચર્ચવાને, જો આપણે દેશની પ્રજાને સશકત અને તેજસ્વી બનાવવી હોય તો, તૈયાર થવુ જ જોઈએ. આપણો દેશ ગરીબ છે, પ્રજા નિર્બળ છે તે બધા કબુલ કરે છે. છેલ્લા વિસ વર્ષમાં હિન્દુસ્થાનના વસ્તીપત્રક પ્રમાણે લગભગ બારથી તેર કરોડ માણસોની વસ્તી વધી છે, ત્યારે કામ અને ઉદ્યોગ વધ્યાં છે કે નહિ તે આપણે ખાત્રીપૂર્વક કહી નથી શકતા.

મદ્રાસમાં બહેનોએ વિરોધના કારણોમાંના

મુખ્ય કારણો એ દર્શાવ્યા હતા કે બીન અનુભવી નિર્દોષ બાળાઓ અજ્ઞાનતાનો ભોગ બને, સ્વચ્છંદી સ્ત્રીઓ પોતાની જવાબદારી ઉઠાવે નહિ અને સમજી જીવન ગુજારવાની આવશ્યકતા ઓછી થાય એટલે અનેક જનતંત્રો સર્જાઓ પ્રવેશી.

કુટુંબની આર્થિક અને શારિરીક શક્તિઓ સહન કરી શકે તેના કરતા વધારે મોટા કુટુંબની જવાબદારી જ્યારે માથે આવી પડે છે ત્યારે માતાપિતાને ચિન્તા અને દુઃખ સહન કરવાં પડે છે તેનો ખ્યાલ તો માત્ર જે કુટુંબો સહન કરે છે તેજ કરી શકે. કુટુંબની આવક તો ૬૦ કે ૮૦ હોય અને માતા માંદી હોય, ચાર બાળકો પાંચ વર્ષથી તે છ મહિના સુધીનાં હોય ત્યારે તે કુટુંબનો પિતા ઘરની ચિંતા કરે કે પોતાના કામમાં મન પરોવીને સારૂ કામ કરે ? ઘરમાં બે બાળક હોય કે ૭ બાળક હોય પણ પગાર તો હોય તેટલો જ રહે તો તે રહેવાને બે ઓરડીથી ત્રીજી ઓરડીનું ભાડું કેમ ભરી શકે ? અને ઘરમાં દુધ, ઘી કે ફળો વધારે કયાંથી લાવી શકે ? બ્યારે રહેવાને મકાન અને અનાજની મુશ્કેલી હોય ત્યારે પહેરવાનાં કપડાંની અને કેળવણીની વાતો તો કેટલી દુર રહે.

પરિષદનો મુખ્ય હેતુ આ કરાર લાવીને સમાજનું આ વિષયપર ધ્યાન ખેંચવાનો છે અને જ્યારે જ્યારે પરિસ્થિત સ્ત્રી પુરૂષને તેમનું કુટુંબ વધાનું રાખવાની જરૂરીઆત લાગે ત્યારે જો તેમની ઇચ્છા હોય તો એવા મુકરર કરેલા સ્થળોએ જઈને દીમોવાળા ડાકટરની સલાહ લઇ શકે તેઓ તેમની માતા પિતા તરીકેની ફરજો વધારે સારી રીતે અદા કરશે તેમજ નવી પ્રજા વસ્તીમાં કદાચ ઓછી હોય પણ વધારે સરકારી અને બળવાન થઇ શકે તેવું વાતાવરણ ઉભું કરી શકાય તેમાં મદદરૂપ થશે. પરિષદનો આશય તો ભવિષ્યની પ્રજા વાસ્તે વધારે તંદુરસ્ત અને સુખી જીવન પ્રાપ્ત કરવાનો છે

હું તો બહેરાનો,—

બાહ્ય—' કે બા, દેવને બહેરાથી કેવી રીતે બહેરાવાય ! '

બા—' બહેરાવાય. જેને બોલવાથી બહેરાવાય "

બાહ્ય—' પણ હું તો બધે બહેરો હતો ને જોતો બહેરાયો '

બા—' જોતો બહેરાયો ? દેવને બોલાવી તો જાર બહેરાવાય.'

બાહ્ય—' પણ ત્યારે બતાવો હું કયા બહેરાયો હું ? મને તો બહેર પડતી નથી કે હું બહેરાયો હોઉં '

બા—' બહેર તો ના પડે પણ જેને બોલવાથી બહેરાઇએ '

બાહ્ય—' હું તો નથી બહેરાતો ને નથી બહેરાતો એટલે બોલવાનો બહેરાવાનો તો નહિ બને '

બા—' આ તો સમજાતોજ નથી કોઇ જેવો છે '

બાહ્ય—' બહેરા જેવો તો નુ અને સમજુ પણ બને તો કહે કે માણસને બોલવાથી માણસ ના બહેરાય.'



સાહિત્યમાં સ્ત્રીઓનું સ્થાન*

લેખિકા : સૌ. જયમનગૌરી પાઠકજી

"ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓનું સ્થાન" એના બે અર્થ થાય છે આપણા સાહિત્યકારોએ આપણા સાહિત્યમાં સ્ત્રીજાતિને કેવું અને કેટલું સ્થાન આપ્યું છે એ એક અર્થ છે. બીજો અર્થ એમ પણ થઈ શકે કે આપણા સાહિત્યમાં સ્ત્રીલેખકોનું સ્થાન કેવું છે

નરસિંહ મહેતાથી દયારામ સુધીનું આપણું સાહિત્ય મુખ્યત્વે કરી મહાભારત અને ભાગવત અને તેથી કંઈક ઓછે અંશે રામાયણના આધાર પર રચાયલું છે. સંસ્કૃત ભાષાના એ ત્રણ મહાન ગ્રંથોએ સંસ્કૃત સાહિત્ય પર જે રીતની અમર કરી છે તે રીતની અસર આપણા એ કાળના સાહિત્ય પર કરી નથી દાખલા તરીકે મહાભારતના શાકુન્તલા પાછળની વાત લઈ તે પરથી મહાકવિ કાળીદાસે શાકુન્તલ રચ્યું. અથવા રામાયણની વાર્તામાં વિધવાના દુઃખ વિશેરેની સામાન્ય ચર્ચા કરી છે પણ સ્ત્રી જાતિની માનવતા તરફ દયાભાવ રાખીને લખાયલા તેમના વિચારોમાં સામાન્ય વાચકને ખેંચે એવું વાર્તાનું તત્વ અથવા રસિકોને આકર્ષે એવાં સ્ત્રીના વ્યક્તિ ચિત્રો ન હોવાથી તે તે લખાયો લોકપ્રિય થાય એવાં ન હોતાં.

આ દીશામા સાથી પહેલો સમળ અને સરળ પ્રયત્ન શ્રીયુત ગોવર્ધનરામે કર્યો છે. સરસ્વતીચંદ્રમાં કુમુદસુન્દરી, કુસુમસુન્દરી, ગુણસુન્દરી, અલકકીશોરી આવી વિવિધ પ્રકારનાં સ્ત્રીપાત્રોની એવી મનોરમ ચિત્રોની પરંપરા આલેખી છે કે એ ગ્રન્થ કજુએ પોતપોતાના સંસારની સ્ત્રીઓના હૃદયનો અભ્યાસ કરવા માટે આપણા સાહિત્યમાં મુખ્ય સ્થાને જ બીરાજે છે.

ત્યાર પછી ગુજરાતી પ્રેસની ઐતિહાસીક નવલકથાઓ લખાઈ તેમાં રજપુત સમયની વીરાંગનાઓના સતીત્વના આદર્શનાં ઠીક ઠીક વર્ણનો આપવામાં આવ્યા છે બીજી પાસથી મોગીન્દ્રરાવ જેવા નવલકથારોએ આ જમાનાના યુવક યુવતીની આશા નીરાશાનો પડઘો પાડે એવી નવલકથાઓ લખી; આપણી સ્ત્રીઓનુ સંસાર જીવન નવી દીશા તરફ જવા લાગ્યું હતુ, તેનું આલેખન કર્યું.

એટલામાં એક પાસથી ગાંધીજી જેવા પ્રતિભાશાળી પુરૂષે અને ર. મુનશી જેવા પ્રભાવશાળી લેખકે આપણા સાહિત્યમાં પ્રવેશ કર્યો ગાંધીજીને લીધે સ્ત્રી અને પુરૂષ બેઉના જાહેર જીવન ફરી ગયાં. ર. મુનશીએ અનેરાં વ્યક્તિત્વવાળાં સ્ત્રીપાત્રોની પરપરા ખડી કરી દીધી. કવિરત્ન નાનાલાલે જયા અને ઉષા જેવાં સ્ત્રી પાત્રોદ્વારા તથા રમણલાલે

* વલસાડ સાહિત્ય મંડળના આશ્રયે તા. ૨૮-૧૨-૩૨ ને રોજ પ્રમુખસ્થાનેથી આપેલાં વ્યાખ્યાનનો અહેવાલ.

પોતાની નવલકથાના સ્ત્રીપાત્રોદ્વારા સ્નેહ-સૃષ્ટી રચી છે. પણ બધા લેખકોનો અહીં વીગતવાર ઉલ્લેખ કરવો એ માટ કામ નથી. સારી નવલિકાઓ તેમજ નાટકો પણ અત્યારે કંઇ કંઇ લેખકો લખ્યા જાય છે. તે સર્વે પોતપોતાની શક્તિ પ્રમાણે સ્ત્રીના વિશિષ્ટ વ્યક્તિત્વનો ચીતાર આપવાને મથતાજ રહે છે. દુઃખમાં પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં જે સ્થાને પરમેશ્વર હતો તે સ્થાન હાલ સ્ત્રીએ લીધુ છે, એમ કહેવામાં કરીએ કટાક્ષ નથી એ એક સાદી હકીકત છે ને તે તરફ આપનું ધ્યાન ખેચું છું. એવીજ ધ્યાન ખેચવા લાયક બાબત બીજી પણ એક છે ને તે એ કે સ્ત્રીને સાહિત્યમાં સ્થાન મળ્યું છે ખરૂ પણ વિશેષ ન્યાય જુવાન સ્ત્રીને મળ્યો છે. આમાં નવાઇ નથી રૂપવતી યુવતી તરફ અસલથી પુરૂષ જગત ખાંડુ છે પહેલાં તો એક સુન્દર રમણી ખાતર મોટાં મોટાં યુધ્ધો થતાં, હવે તેમ નથી થઇ શકતુ ત્યારે તેવી સ્ત્રીઓ પાછળ લાખો રૂપીઆનું પાણી કરવામાં આવે છે જીવનમાં આમ બને એટલે સાહિત્યમાં પણ આમ કરવાની લેખકોને માથે ફરજ પડે, કારણ કે સાહિત્યમાં જીવનનજ પ્રતિબિમ્બ પડતુ જોઇએ રામાયણ અને મહાભારતમાં પણ શુ છે ? દ્રૌપદી ને સીતાતો બેહુ દુઃખી હતાં. પણ કેન્દ્રસ્થાને જુવાન દ્રૌપદી છે. રામાયણમાં પણ એમજ છે કૌશલ્યા બીચારી વિધવા થઇ, કૈકેયી જેવી શોકનુ સાલ સામે ઉભું રહ્યું રામચંદ્ર જેવા પરાક્રમી પુત્રને રાજગાદીએ બેસતો વેળા વનમાં જવું પડ્યુ તે એને જેવુ પડ્યુ છતાં કૌશલ્યા નહીં પણ સીતા કેન્દ્રમાં છે. રામાયણ અને મહાભારતની જેટલી લોકપ્રિયતા છે તેટલી આપણા અઢારે પુરાણોમાંથી એકને પણ મળી નથી તેનુ એક કારણ મને તો એમ લાગે છે તેમાં કોઇ એક આકર્ષક એ કેન્દ્ર રૂપાને નથી એ વિના મંડાર સૂનો છે. તેમ એ પાત્ર વિના સાહિત્ય સુનુ છે. હાલના લેખકો આ બરાબર સમજે છે એક વિદ્વાને તો મને એમ કહ્યું હતું કે કોઈ પણ નવલ-કથાના પહેલા પદરસો શબ્દોમાં જો એક પણ એ પાત્ર ન આવી પહોંચે તો તે નવ-લકથા લોકપ્રિય થાયજ નહિ આપણા વાર્તા-કારો આ સૂચના પ્રમાણેજ પોતાનું કામ કરે છે. પશ્ચિમના સાહિત્યનો પહેલાં કરતાં હવે વધારે અભ્યાસ થાય છે ને પશ્ચિમની પ્રજાના સબધમાં પણ આપણે વધારે આવવા માંડ્યુ છે એટલે મને એમ આશા છે કે આપણા સાહિત્યમાં સ્ત્રીને વધારે ને વધારે સ્થાન મળતુજ જશે

હવે હું આજના વિષયના બીજા અર્થ પર આવુ છુ સ્ત્રીઓનું આપણા સાહિત્યમાં કેવુ સ્થાન છે, એનો હવે એમ અર્થ લઇએ કે સ્ત્રીઓ એ આપણા સાહિત્યમાં કેવો-કાળો આપ્યો છે, તો તે પર પણ કંઇક કહી શકાય એમ છે ખરૂં.

વિષયના આ વિભાગમાં પણ પ્રાચીન ને અર્વાચીન એમ ભેદ પાડવા સિવાય છુટકો નથી પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં એક અસાધારણ સ્ત્રી વ્યક્તિ નજરે પડે છે, તે બીજી કોઈ નહીં પણ ભક્ત કવિ મીરાંબાઇ કાવ્ય વિષયમા સ્ત્રીવ્યક્તિની પરા-કાષ્ટાએ મીરાંબાઈ પહોંચ્યાં છે સર્વ સ્ત્રી કવિઓમાં એ મોખરે છે, એટલુ જ નહીં પણ મોટા મોટા પુરૂષ લેખકો ઉભા હોય, તેમાં પણ મોખરે ઉભી રહે, એવી કોટીનાં એના લખાણ છે મીરાંબાઇ પ્રભુ પાછળ ગાંડાં હતાં, કે મીરાંબાઈ પાછળ ગાંડી છુ, એમ કહેતાં મને લગીરે સંકોચ થતો નથી બીજા સાહિત્યોની સ્ત્રીકવિઓની કૃતિઓ વાચીને તુલના કરવા જેટલી વિદ્વતા મારામાં નથી, છતાં મને એમ થાય છે કે મીરાંબાઇ જેવા

'ઓ કવિ ભાગ્યજ બીજા કોઇ સાહિત્યમા થઇ હશે. એનું હૃદય બળે છે એ બધી બીજો જાણે છે, પણ એ કેમ બળે છે, ને કેવા રીતે બળે છે, તે બતાવનાર બસ એક મીરાંજ છે. એ બતાવતાં મીરાં પોતાના અદ્ભુત પ્રેમની ઝળહળતી જ્યોતિના દર્શન પણ આપણને કરાવે છે.

મીરાંબાઇ વિશે એક વધુ બાબત જાણે કહેવાતી છે કમનું એક હિંદી ત્રિમાસિકમાં આવ્યુ હતુ કે મીરાબાઇ એ હિંદી કવિ હતાં, ગુજરાતી કવિ નહોતાં. હિંદીમાં પણ એની પ્રતિષ્ઠા ગુજરાતીમાં છે તેટલી જ છે એમ લાગે છે બે ભાષામાં આવી કીર્તિ મેળવનાર તો પુરૂષ લેખક પણ શોધવો મુશ્કેલ પડે છે, ને બીજો કોઇ એવો ન હોય તો તો મીરાં અદ્વિતીય હતી એમજ કહેવુ પડે પણ આ વિષયમાં પુછપરછ કરતાં એક ભાષાશાસ્ત્રીએ મને સમજાવ્યુ કે મીરાંબાઇએ તો પોતાની માતૃભાષામાં લખેલું, પણ એણે ભજનો રચ્યાં તે સમયે ગુજરાત ને રજપુતાનામાં લગભગ એકજ જેવીજ ભાષા બોલાતી. પછી ગુજરાતી ને હિંદીએ અર્વાચીન નોખાં નોખાં સ્વરૂપો લીધાં. તે વેળા મીરાંનાં આણી ગમ પ્રચલિત થયેલાં ભજનો ' ગુજરાતી ' થઇ ગયાં, ને રજપુતાના તરફ પ્રચલિત ભજનો હિંદી થઇ ગયાં આજે એના જુદી જુદી લીપીમાં છપાયેલાં ભજનો જોઇ, એવો ભાસ થાય છે કે એણે જાણે બે ભાષામાં ભજનો લખ્યાં હશે પણ એમ નહોતુ. બોલાતી હોય છે તેવી રીતે ભાષા લખાતી નથી. લહીયાઓ ઘણા ઘોટાળા કરે છે વળી તે સમયે છાપખાનાં નહોતાં. તેથી પછીના અજાણ્યા ' ભગત ' કવિઓ પોતાનાં રચેલાં ભજનોને મોટાને નામે ગોઠવી દેવાને કંઇ કંઇ યુકતીઓ કરતા. તેથી મીરાંને સોસવું પણ પડ્યું છે. છતાં માસરાનાં મહેણાંની સામે જેમ મીરાં ટકી રહી તેમ આ મહેણાં સામે પણ મીરાંની કૃતિઓ ટકી રહી છે. મીરાંની કૃતિઓ છે, ત્યાંસુધી ગુજરાતી સાહિત્યમા એનું સ્થાન નિર્વિવાદ છે– પછી બીજી ઓ કવિઓ થાઓ કે ન થાઓ.

રાધાબાઇ, પુરીબાઇ વગેરે બીજી ઓ ભકતો થઇ ગઇ છે, તેમના પદો પણ મળ્યાં છે, પરતુ મીરાંબાઇની સાથે મૂકી શકાય એવી કોઇ બીકવિ થઇ નથી. એ પ્રાચીન બીકવિઓ પર એક નાનો પણ મુદ્દાસર નિબંધ લેડી વિદ્યાગૌરીએ લખ્યો છે. તે આ વિષયમાં વાંચવા જેવો છે.

હવે આપણે અર્વાચિન યુગ પર આવ્યું. ૧૯૦૦ પહેલાં તો ધનદાગૌરી ને સવિતાગૌરી, એ બે સુરતની નાગરણોની કવિતાથી જ. ફ પરિચિત છુ. શ્રી વિદ્યાબહેન ને શ્રી. શારદાબહેન ગ્રેજ્યુએટ થયા, ત્યારથી બીલેખકોમાં નવી દિશાના પ્રયાણ શરૂ થયાં, એમ કહેવામાં હરકત નથી. એમણે સરળ ને શુદ્ધ ગદ્ય લખવા માંડયુ. પછી વનિતા વિશ્રામનાં તંત્રી તરીકે, શ્રી૦ બાજીબહેન ને શ્રી નાની બહેને ગદ્ય લખવા માંડયુ; તેમજ એ અરસામાં શ્રી જમનાબાઇ સક્કાર ભાષણકાર તરીકે પંકાવા લાગ્યા. પારસી બી લેખકો પણ પારસી ગુજરાતી ગદ્ય લખવા લાગ્યા. 'સુન્દરીસુબોધ' પણ શરૂ થયું, તેમાં જુદી જુદી બહેનોએ વાર્તાઓ ને કાવ્યો લખવા માંડયાં. આમ ટુંકા ટુંકા પ્રયત્નો બીજો કરવા લાગી. નિબંધોની હરિફાઇમાં ઇનામો મેળવવાની ધગશમાં પણ કેટલીક સુશિક્ષિત બહેનોએ સારા નિબન્ધો લખ્યા.

૧૮૫૭ થી ૧૮૮૭ એ ત્રીસ વરસ, જેમ પુરૂષ લેખકો અર્વાચીન થયા તેનો સક્રાન્તિ કાળ છે, તેમ ૧૯૦૧ થી ૧૯૨૧ સુધીનો સમય, તે આપણા બી લેખકોનો સક્રાન્તિ કાળ છે. ૧૯૨૧ માં અસહકારની મહાન ચળવળે, એટલુ વ્યાપક સ્વરૂપ લીધું, કે બીઓમાં પણ નવું ચેતન વ્યાપી રહ્યું. ગૃહ-

જીવનમાં પડી રહેલી બ્રીઓએ, બહેર જીવનમાં આગ લેવા માંડયો. નવી ગ્રેજ્યુએટ બ્રીઓ બહાર પડી. તેમાં વિદ્યાબ્હેન ને શારદા બ્હેનની સુપુત્રીઓજ મોખરે હતી. તે સર્વેએ અનેક સામાજિક વિષયોની, બ્રીના વિશિષ્ટ દ્રષ્ટિબિંદુથી નિબંધો લખી ચર્ચા શરૂ કરી દીધી એ બધી ચિત્રતોમા વધુ ન ઉતરતાં, હાલનાં બ્રી લેખોમાં આગળ પડતાં થોડાંક નામો ગણાવીને, જેનો ઉલ્લેખ કરવો જોઇએ છતાં રહી ગયાં હોય, તેમની ક્ષમા ચાહીને સન્તોષ માનીશ

બ્રી કવિબ્રોમાં સ્વ. સુમતી તે સર લલ્લુભાઇની સુપુત્રી, સ્વ. વિજયલક્ષ્મી ત્રિવેદી, શ્રી. દીપકબા દેશાઇ તથા શ્રી જ્યોત્સ્ના શુકલ આ ચાર બ્રી કવિબ્રોના નામો ખાસ ગણવવા જેવાં છે*

ટુંકી વાર્તાબ્રો લખનાર બ્હેનો ઘણી છે પણ તે સહુમાં શ્રી. લીલાવતી મુન્શી પ્રથમ સ્થાને વિરાજે છે બહેર જીવનમાં જેમ રા. મુનશીની સાથે ઉભાં રહે છે, તેમ બ્રેમની વાર્તાબ્રો પણ રા. મુનશીની વાર્તાબ્રોની સાથે ઉભી રહી શકે તેમ છે.

નિબન્ધ લેખકોમાં લેડી વિદ્યાબ્હેન ને બ્રેમની ચાર સુપુત્રીબ્રો, શ્રી. શારદા બ્હેન ને બ્રેમની બેઉ સુપુત્રીબ્રો તથા સર મનુભાઇના કુટુંબની સર્વે ગ્રેજ્યુએટ બ્રીબ્રોએ કમ ને કમ ફાળો આપ્યો છે

તન્ત્રી તરીકે પણ બ્રીબ્રોએ સારાં કામ કર્યાં છે. 'મહિલા મિત્ર'ના તન્ત્રી તરીકે વિદ્યાબ્હેન, શારદાબ્હેન ને બ્રેમના પુત્રીબ્રો, 'ગુજ્યસુન્દરી'ના તન્ત્રી તરીકે શ્રી. જ્યોત્સ્ના મહેતા ને ઉર્મિલા મહેતા, 'સુદર્શન'ના તન્ત્રી તરીકે શ્રી. જ્યોત્સ્ના શુકલ, 'સમાજ જીવન'નાં તન્ત્રી તરીકે શ્રી. લક્ષ્મીબ્હેન ડોસાણીને 'બ્રી શક્તિ'ના તન્ત્રી તરીકે બ્હેન સૂર્યલક્ષ્મી વગેરે બ્હેનોબ્રે યથાશક્તિ કામ કરી બ્રીશક્તિનું પ્રદર્શન કર્યું છે.

૧૯૩૦ ની મહાન રાજકીય ચળવળમાં તો ગુજરાતની વીરાંગનાબ્રોબ્રે બ્રેવી અસાધારણ કાર્ય શક્તિ તેમજ સહનશક્તિ બતાવી છે કે બ્રેની અસર આપણાં ભવિષ્યના સાહિત્યમાં પડયા વિના નહિ રહે. બ્રી લેખો પણ પોતાનો ફાળો તેમા જરૂર આપશે. બ્રીબ્રોમાં શિક્ષણ જેમ જેમ વધુ ફેલાતુ જશે, પિયેર, મોસાળ ને સાસરાનાં ત્રિકોણની બહારની દુનિયાનો જેમ જેમ બ્રીબ્રો વધારે અનુભવ લેતી જશે તેમ તેમ બ્રીલેખોકોની સંખ્યા પણ વધશે ને તેમની કૃતિબ્રો પણ વધારે ચડીયાતી થશે, બ્રેવો મને ભરોસો છે.

જગતના કોઇ પણ સાહિત્યમાં કોઇ બ્રી લેખકે સમર્થ હાસ્યકાર કે મહાન નાટકકાર તરીકે કીર્તી મેળવી નથી. બ્રે ક્ષેત્રમાં બ્રીની બુદ્ધી કમ પહોંચી વળતી નથી, બ્રે પ્રશ્નની ચર્ચા અત્રે કરવાનો સમય નથી. એટલું જ અત્રે કહીશું, કે જીવનનાં અનેક ઉંડા અંધારા કુવાબ્રોનો અનુભવ, પુરૂષની જેમ, ઉચ્ચ વર્ગની કદીબ્હે બ્રીબ્રો લઇ શકતી નથી, અને અનુભવની બ્રે વિશાળભૂમિકા વગર પુરૂષ લેખકોની હરિફાઇમાં ઉભી રહે બ્રેવી કૃતિબ્રો પણ તે સર્જી શક્તિ નથી ટુંકી વાર્તા ને ટુંકા કાબ્યો બ્રે બે ક્ષેત્રમાં બ્રે સહેલાઇથી દોડી શકે છે તેમાં ગુજરાતબ્રોબ્રે અત્યાર સુધીમાં જે કામ કર્યું છે તે પરથી બ્રેમ આશા પડે છે, કે હજી ઘણું વધારે તેબ્રો કરી બતાવશે ને ગુજરાતી સાહિત્યમાં બ્રીનું સ્થાન દીપાવશે. પ્રભુને મારી બ્રેટલી જ પ્રાર્થના છે કે તારી શક્તિ ફેલાવવાને તેં મીરાંબાઇને ભારતમાં મોકલી તો આ નવા-યુગમાં ભારતની શક્તિ ફેલાવવાને બ્રેક બીજી મીરાંબાઇ મોકલી આપ.

* બ્રી કવિબ્રોમાં બ્રેક નામ ભુલવાનું અમને મન થાય છે અને બ્રે નામ તે બ્રી જ્યમન બ્હેનનું છે બ્રે સુચવવા માટે અમે તેમની માફી માગીબ્રે છબ્રે

ઉપતંત્રી



બાલક અને પુસ્તકાલય

" બાળકની સમીપ પુસ્તકાલય વિલાસ, મજા, આરામ ને આનંદ રૂપ છે તેના કરતાં ચેતન-પ્રેરણા રૂપ છે, જીવનના ઘડતરરૂપ છે, જીવનના હિલ્લોલ રૂપ છે જેમ બાળક જીવન-સામગ્રી અન્યત્રથી ભરે છે તેમ જ તે પુસ્તકાલયમાંથી ભરશે, અને તે કેવળ જીવન-વૃદ્ધિને માટે "

ગિજુભાઇ

અસ્તિત્વ

બાલયુગની ઉષા પ્રગટી છે ગુજરાતના બાળકોના સદ્‌ભાગ્યે અત્યારે બાલસાહિત્ય સારા પ્રમાણમા પ્રસિદ્ધ થતુ જાય છે બાલમાનસના સર્વાંગીણ વિકાસ માટે તેનો પ્રચાર અને વાચન અતિ જરૂરના છે પરતુ દુર્ભાગ્યે થોડા સાધન-સપન્ન અને સરકારી ભાષાઓના સ્તાનો કે થોડાંઝેક પુસ્તકાલયો સિવાય બાળ્યે જ અન્યત્ર તે જાય છે

ખરૂં હિંદ ગામડાઓમાં વસે છે અને આવા ગામડાઓમા વસતા બાળકો પૈકી નેવુ ટકાએ આવા પુસ્તકોનાં દર્શન પણ ભાગ્યે જ કર્યાં હશે આ વસ્તુસ્થિતિ નીવારવા શ્રી કાઠિયાવાડ સેવકસમિતિએ નીચે મુજબ યોજના હાથ ધરી છે

ઉદ્દેશ

બાળકો રાષ્ટ્રનુ સૌંચુ ધન છે તેમની પ્રગતિ અને વિકાસ માટે સારૂ સાહિત્ય તેમને મળી રહે તે જરૂરી છે આ દિશામા રસ જાગૃત કરવાનો આ યોજનાનો હેતુ છે

કાર્યપ્રદેશ

આ યોજનાનો કાર્યપ્રદેશ હાલ સુરત તો કાઠિયાવાડ અને કચ્છમા રહેશે પરતુ સજોગો અનુકૂળ થતા ગુજરાતમાં આ નવતુ કાર્ય સુરતમાં ઉપાડવામા આવશે

નિયમો

(૧) કોઇ પણ ગામનુ સેવકમડળ, વિદ્યાર્થિમડળ, પ્રાથમિક શાળા કે પાંચસોથી ઓછા પુસ્તકો ધરાવતુ પુસ્તકાલય રૂા. ૧૦) ઉભા કરશે તેને રૂા. ૧૦)ની મદદ શ્રી કાઠિયાવાડ સેવકસમિતિ તરફથી આપવામાં આવશે; અને આ વીસ રૂપિયાની રકમમાથી શિષ્ટ બાલસાહિત્યનાં પુસ્તકોની પેટી આપવામાં આવશે

(૨) જે કોઇ ગામ રૂા. ૧૫) ઉભા કરશે તેમાં રૂા. ૧૫) શ્રી કાઠિયાવાડ સેવકસમિતિ ભેળવશે અને એ રૂપિયા ત્રીસની રકમમાંથી રૂા. ૨૦) ની ઉપર મુજબના પુસ્તકોની પેટી અને રૂા. ૧૦) નાં બાલમાસિકો એક વર્ષ સુધી પૂરા પાડવામાં આવશે

---

૧ જે સ્થળે પુસ્તકાલયને અન્ય તરફથી મદદ મળતી હશે તેને આ પ્રકારનો લાભ આપી શકાશે નહિ ઉપરાંત જ્યા રાજ્ય તરફથી પુસ્તકાલયપ્રવૃત્તિ ચાલુ હશે તે ગામોને આ યોજનાની મદદ આપી શકાશે નહિ

૨ રૂપિયા ૫ દરના પસદ કરેલાં પુસ્તકો રૂપિયા ત્રણની કબાટના આકારની લાકડાની પેટી, રૂપિયા બેનાં ઇરથુ ફ્રેમ, પેટીઓ, રબ્બર સ્ટેમ્પ, ફ્રેમ, અને એવુ સાહિત્ય તથા રૂપિયો એક ખર્ચ માટે—જે તે ગામે ટપાલ ખર્ચાદિમા વાપરવા માટે આ રીતે રૂપિયા વીશનો વિનિયોગ થશે.

(૩) સોળ વરસની અંદરની ઉમરના કોઈ પણ બાળકને કે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા કોઈ પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને આ પુસ્તકોનો મફત લાભ આપવાનો છે

(૪) પેટી મળ્યા પછી દર ત્રણ માસની પહેલી તારીખે વાચકો અને વાચનની સંખ્યાનું નિવેદન એક વર્ષ સુધી, પેટી સાથે મોકલેલાં ફૉર્મમાં ભરી મોકલવું જોઈશે જેથી કંટાળો લાગ્યો હોય તેનાથી સમિતિ પરિચિત રહી શકે (તે પછી પુસ્તકોનો ઉપયોગ ચાલુ રાખવો પડશે. પરંતુ ત્રૈમાસિક નિવેદન મોકલવું ફરજીયાત રહેશે નહિ)

(૫) આ પુસ્તક પેટી અને માસિકો બોરે ઉપર તે ગામની મદદ એકત્ર કરનારી સંસ્થાની માલીકી રહેશે; પરંતુ તે સંસ્થા બંધ થાય તો શ્રી અહિંસાવાડ સેવકસમિતિની સંમતિથી તે સાધનો ગામના પુસ્તકાલયમાં અને તેને અભાવે તે ગામની શાળામાં આપી દેવાનાં રહેશે

(૬) નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બાળકોને વાંચવા માટે પુસ્તકો આપવામાં નહિ આવે, વા તો તેનો પ્રબંધમાં જરા જ ઓછો લાભ લેવાતો હશે, તો તે પુસ્તકો ઉઠાવી લેવાનો ઉપયોગ કરવો તે તેવા બીજા ગામને આપવામાં આવશે.

(૭) યોજનાનો હેતુ લક્ષમાં લઈ, તે સ્થળની અનુકૂળતા પ્રમાણે અત્રેની કાર્યવાહક સમિતિના સામાન્ય નિયમોને અનુસરીને તે તે સંસ્થાએ કરી લેવાના છે

લાભ કઈ રીતે લેવાય ?

કોઈ પણ ગામને આ યોજનાનો લાભ લેવો હોય તો તે ગામના સમજદારોના મંડળ, નિયમિત રીતે પુસ્તકાલયે ફરિયાદ કરી સમિતિને જણાવવાથી પત્રવ્યવહાર કરી શકે છે. તેમણે આવું મંડળ રચવા બાબતનો ગામના મુખ્ય શિક્ષકનો અથવા ગામના ત્રણ પ્રતિષ્ઠિત ગૃહસ્થોનો લાભ લેવો અને જરૂર જણાયે ગામમાંથી અથવા બહારથી ગૃહસ્થ પાસેથી મદદના રા. ૧૦) એકત્ર કરવા આવી રકમને "શોકમદદ" તરીકે ઓળખવામાં આવશે

ઉપર દર્શાવેલી કોઈ મરણ રૂ. ૨૦) કે રૂા ૩૦)ની પૂરતી શોકમદદ મેળવી શકશે તો તે બહુ આવકારદાયક છે, અને તે રકમમાંથી પુસ્તક પેટી બંધાવવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે. કોઈ સજ્જન કે સજ્જની પોતાના ગામને કે અન્ય ગામોને શોકમદદ આપી ગામડાંઓમાં જ્ઞાન-પ્રચાર કરવાના આ પ્રકારમાં પ્રવાસમાં મદદ આપી શકે છે

આગામી કલ્યાણના દષ્ટા

" આજનો કાળ સંન્યાસીઓનો મટી સુકાનુંનો છે, બંડારોનો મટી પુસ્તકાલયોનો છે, અને વૃક્ષોનો મટી ખુલ્લખુલ્લ બાળકોનો છે આજે આબાલવૃદ્ધ સહુએ જ્ઞાનપિપાસા વ્યક્ત કરવા પુસ્તકાલય રૂપી એક જ અમૃત-જળાશય પાસે આવ્યે જ છૂટકો છે નદી નવાણો ખળાવવાની પુરાણી રીતિ ભમાવી આજે પુસ્તકાલય સ્થાપવાની પ્રથા આજની જરૂરિયાતને અનુરૂપ છે તેમાંયે બાલપુસ્તકાલય સ્થાપવાની પ્રવૃત્તિ અનુરૂપ થવા ઉપરાંત આવિના ભવિષ્ય અંધકારમય કરનારી અને મનુષ્યના આત્માની કલ્યાણના દષ્ટા રૂપ છે "

ગિજુભાઈ

આ યોજનાનો હેતુ આ પ્રદેશના બાળકોમાં જ્ઞાન તરફ રુચિ ઉત્પન્ન કરવાનો કે રસ ન્યૂન કરવાનો છે. એટલે મોકલાવ આ ભેટની મદદ આપ્યા પછી વારંવાર એ ભેટની મદદ આપી શકાશે નહિ. જે આ કાર્યમાં તે ગામનાં બાળકોને ખરો રસ લાગે તો જે તે સ્થળના આ કાર્યકર્તાઓએ ગામમાંથી વરસમે અને સર અવસરે વા અન્યથા, શોકમદદ એકત્ર કરવા પ્રયાસો ચાલુ રાખવાના છે વાચન સારી રીતે વધ્યા પછી જે પ્રબન્ધની સ્થૂળ સીમામાં તે ગામ આવતું હોય ત્યાંના જવાબદારીઓને વધુ વાચનના ખોરાકો મોકલી મદદ આપવા માટે તેમને વિનંતિ કરવાની છે વાચનનો જે પૂરો રસ જાગ્યો હશે તો બાળકો મનને હજારે ઉપરોપરી આવી પરિચિત કરનારા મારે ' મિત્રો દેહિ ' કરી રાખશે *

* આ નરસા પણ ગામોમાં, મુજરાતમાં અને

જશને, જલપાને મનાવી લાવશે અને ત્યાર પછી જીવન સુખ ભોગવશે હા એ નવા પ્રકારનું જીવન હશે, તેની મર્યાદા કાંઇ બીજી જ હશે, સિદ્ધાંત પણ બીજા જ હશે, તેમાં કઠોર સયમ હશે, કઠોર નિયન્ત્રણ હશે હવે તેનો જીવનનો કાંઇ ઉદ્દેશ હશે, કાંઇ આદર્શ હશે માત્ર ખાવું, સૂવું અને રૂપીયા રૂપીયાની ખાતર હાય હાય કરવી એજ જીવનનો વ્યાપાર નહિ હોય. આ મુકદમાની સાથે આ માર્ગહીન જીવનનો અંત આવી જશે. દુર્બળ ધરછાએ તેને આ દિવસ દેખાતો હતો અને હવે તે એક નવાં અને સસ્કૃત જીવનનું સ્વપ્ન દેખાડી રહી છે. ડાકૂડીયાની માફ આવા માણસો રોજ સંકલ્પ કરે છે; પરંતુ એ સકલ્પોનો અંત શો આવશે ? નવાં નવાં પ્રલોભનો સામે આવી રહે છે અને એ સકલ્પની મુદત પણ ચાલી જાય છે નવાં પ્રભાતનો હૃદય જ કદિ થતો નથી

એક મહિનાની સહેલગાહ બાદ રમાનાથ પોલીસના સહયોગિઓ સામે પોતાના બગલા-પર જઇ રહ્યો હતો રસ્તો, દેવીદીનના ઘરની સામેનો જ હતો. કેટલેક દૂરથી જ તેને પોતાનો ઓરડો દેખાયો. અનાયાસે તેની નજર ઉપર ઠરી ગઇ. બારીની સામે કોઇ ઉભું હતું. આ વખતે દેવીદીન ત્યાં શું કરી રહ્યા છે ? તેણે જરા ધ્યાનથી જોયું આ તો કોઇ સ્ત્રી છે ! પરંતુ સ્ત્રી ક્યાંથી આવી ? શું દેવીદીને આ ઓરડો ભાડે તો નથી આપી દીધો ? એમ તો તેણે કદિ નથી કર્યું.

મોટર જરા પાસે આવી તો પેલી સ્ત્રીનો ચહેરો નજરે પડ્યો રમાનાથ ચોંકી પડ્યો. આ તો જલપા છે ! જરૂર જલપા છે ! પણ નહિ, જલપા અહીં ક્યાંથી આવે ? મારું ઠેકાણું તેને ક્યાંથી ખબર ! કદાચ બુઢ્ઢાએ તો તેને કાગળ લખી ન દીધો હોય ? છે તો જલપા જ. નાયબ પોલીસ મોટર ચલાવી રહ્યો હતો. રમાનાથે ઘણી નમ્રતાથી કહ્યું: " સરદાર સાહેબ એક મીનીટને માટે રોકાઇ જાવ. હું જરા દેવીદીન સાથે એક વાત કરી લઉં નાયબે મોટર જરા ધીમી કરી દીધી; પરંતુ પછી કાંઇક વિચાર કરી આગળ દોડાવી દીધી

રમાનાથે કોધિત થઇને કહ્યું. ' તમે તો મને કેદી બનાવી રહ્યા છો ! ' નાયબે જરા મુસિબાણા પડીને કહ્યું " તમે તો જાણો છોને ડેપ્યુટી સાહેબ કેટલા જલદી મિજાજ ગુમાવી દે છે ! "

બગલા ઉપર પહોંચતાંજ રમાનાથ વિચારવા લાગ્યો, જાનપાને કેવી રીતે મળવું ? એ જાનપા જ હતી તેમાં રમાનાથને કાંઇ શ ક રહી ન હતી આંખોને કેવી રીતે છેતરે ? હૃદયમાં એક જવાળા જેવા ઉઠી હતી. શું કરું ? કેવી રીતે જાઉ ? તેને કપડાં ઉતારવાની પણ શુદ્ધિ રહી નહિ પદર મીનીટ સુધી તે ઓરડાનાં દ્વાર ઉપર ઉભો રહ્યો કાંઇ યુક્તિ સૂઝી નહિ એટલે લાચાર થઇને પલગ ઉપર સૂઈ રહ્યો

થોડીવાર પછી તે પાછો ઉઠયો અને અને સામે બહાર આવ્યો તે જ વખતે સડક ઉપર વિજળીનો બત્તી ' થઇ ફાટક ઉપર ચોકીદાર ઉભો હતો તે વખતે રમાનાથને એટલો બધો ક્રોધ આવ્યો કે જાણે ગોળી મારી દઉ અમર જો મને કોઇ સારી જગા મળી જાય તો એકેએકને જોઇ લઇશ તને તો ડીમખીમ કરાવીનેજ છોડીશ સેતાનની માફક કેવો માથા પર સવાર થઇ રહ્યો છે જરા મુખ તો જુઓ લાગે છે તો બહરી, જેવો. વાહરે તારી પાઘડી ! કોઇ પાટી ઉચકવાવાળો કુલી છે કુલી. અત્યારે કૂતરો ભમે તો પોતેજ બીને ભાગી જાય પરંતુ અહીં કેવો રુઆબમાં ઉભો છે. કેમ જાણે કોઇ કિલ્લાનાં દ્વારની રક્ષા કરી રહ્યા ન હોય !

એક ચોકીદારે આવીને કહ્યું "હૉસ્પિટલ સાહેબે મોકલ્યા છે કેટલીક નર્સો તાવડી મગાવી છે."

રમાનાથે ચિઢાઈને કહ્યું ' મને અત્યારે ફુરસદ નથી "

તે ફરી વિચારવા લાગ્યો. જાનકપા અહીં ક્યાંથી આવી ? એકલીજ આવી છે કે કોઈ સાથે છે ? લાંબીમે ભુદ્દા સાથે એક મીનીટ પણ વાત કરવા ન ઊભી તો જરૂર કે કેમ ભાગી ગયા હતા ? મારે સાથે જવાની ઇચ્છા કે તે સમયે બીજું થઈ પણ શું શકે એમ હતુ ? પરંતુ આ થોડા દિવસનાં કપરે જીવનનો પ્રશ્ન ઉકેલી નાખ્યો હવે આનંદથી જીવવું ગમાડવા પ્રયત્ન કરીને તે તરફજ મારી બદલી કરાવી લાવવા એમ વિચારતાં વિચારતાં રમાનાથને વિચાર આવ્યો કે જાનકપા પણ અહીં મારી માથે રહે તે શો વાંધો છે ! બહારનાઓને મળવામાં વાંધે છે પરંતુ જાનકપાને માટે કાંઈ થોડોજ વાંધો લાગે એમ છે ? પરંતુ અત્યારે આ પ્રશ્ન છેડવો ઉચિત નથી. કાલથી નિશ્ચય કરીશ દેવીદીન પણ કાંઈ વિચિત્ર માણસ છે પહેલાં તો કેટલીયે વાર આવ્યો, પરંતુ આજે તો તેણે પણ શાન્તિ મારી લીધી છે કાંઈ નહિ તો એટલું તો અવશ્ય થવું જોઈએ કે અહીં આવીને પહેરાવાળા કોન્સ્ટેબલ દ્વારા જાનકપા આવ્યાની ખબર મને આપે પછી જાનકપાને કોણ આવવા નહિ દે તે હું જોઈ લેત પહેલ આવી રીતની કેદની જરૂર હતી. પરંતુ હવે તો મારી પરીક્ષા પૂરી થઈ ગઈ છે કદાચ બધામ લોકો ખુશીથી રાજી થઈ જશે.

રસોઈયો થાળી લઈ આવ્યો. મોંમ એકજ પ્રકારનું હતું રમાનાથ થાળી જોતાંજ ચીઢાઈ ગયો તે દિવસોમાં ફ્રેશ ફ્રુટ ભોજન જોવાનેજ તેને ભૂખ લાગતી હતી બપોરથી ચાર પાંચ પ્રકારનું ભોજન ન હોય, ચટણી અથાણું નહિ હોય ત્યાંસુધી તેને તૃપ્તિ થતી ન હતી

તે રાંધનારને બોલ્યો " શું આજ તારું માથું ? થાળી ઉઠાવી લઈ જા "

રસોઈયાએ બીતાં બીતાં કહ્યું " હજૂર, આટલી જબરી બીજી ચીજો કેવી રીતે બનાવું ! હજી આવ્યાને માત્ર બે કલાક થયા છે "

" બે કલાક તારે માટે થોડા છે ? "

" હવે હજૂરને શું કહું ! '

' બકબકાટ ન કર ! "

' હજૂર ."

' બક નહિ ! જેમ ! "

રસોઈઓ પછી ન બોલ્યો. બાટલી લઈ આવ્યો. બરફ ભાંગીને ગ્લાસમાં નાખ્યો અને પાછળ ઉભીને ઉભો રહી ગયો.

રમાનાથને એટલો બધો ક્રોધ આવી ગયો હતો કે જાણે રસોઈઆને નીચોવી નાખ, તેનો મિજાજ આ દિવસોમાં ઘણો તેજ થઈ ગયો હતો

ગરાબનો દોર શરૂ થતાં રમાનાથનો ગુસ્સો તેથીય વધુ તેજ થયો. લાલ લાલ આંખોથી જોઈને તે બોલ્યો " આ કુંવર તો અત્યારેને અત્યારે તારા કાન પકડીને કાઢી મૂકું અત્યારેજ, આજ પળે ! તું સમજે છે શું ? "

તેનો ક્રોધ વધતો જોઈને રસોઈઓ ચુપકીદીથી સરકી ગયો. રમાનાથે શ્વાસ લીધો અને બે ચાર ઘોળીયા બાઈને બહાર આવી આંટા મારવા લાગ્યો. અહીંથી કેવી રીતે નીકળી જાઉં, તેનોજ વિચાર ચાલતો હતો

એકાએક તેને એમ લાગ્યું કે તારની બહાર વૃક્ષોની આડમાં કોઈ છે હા, 'કોઈ ઉભું રહીને તેના તરફ તાકી રહ્યું છે જાણે બસારાથી તેને પોતાની તરફ બોલાવી રહ્યું છે રમાનાથનું દિલ ધડકવા લાગ્યું ક્રોધ ક્રોધ-તરંગોરોએ તેનો પ્રાણ લેવાની તો યુક્તિ

નહિ કરી હોય ! આ શંકા તો હમેશાં તેના ઉપર સવાર રહેતી હતી. એ વિચારથી તો રાત્રે તે બજલાની બહાર બહુ ઓછું નીકળતો હતો આત્મરક્ષાના ભાવે તેને અંદર આવી જવાની પ્રેરણા કરી. એજ વખતે એક મોટર સડક ઉપરથી પસાર થઇ તેના પ્રકાશમાં રમાનાથને જોયું કે એ અંધારી છાયા સ્ત્રી છે. તેની સાડી ચોકખી દેખાઇ રહી છે. ફરી તેને એમ લાગ્યું કે તે સ્ત્રી તેના તરફ આવી રહી છે. ફરી તેને શંકા થઇ; કોઇ મરદ આવી રીતે વેષ બદલીને મારી સામે કપટ તો નથી કરતો ને ! તે જેમ જેમ પાછળ હઠતો ગયો તેમ તેમ તે છાયા તેની તરફ આગળ આવતી ગઇ; તે એટલે સુધી કે વાડની પાસે આવીને તેણે કોઇ ચીજ રમાનાથ તરફ ફેંકી રમાનાથ ચીસ પાડીને પાછળ હઠી ગયો, પરંતુ તે તો માત્ર એક પત્ર હતો. ત્યારે તેને કંઇક શાન્તિ વળી તેણે ફરી સામે જોયું તો પેલી છાયા અંધકારમાં વિલીન થઇ ગઈ હતી. રમાનાથે લપાઇને પેલી ચીઠ્ઠી ઉઠાવી લીધી. ભય પણ હતો; તેમ કુતુહલ પણ હતું. ભય ઓછો હતો, કુતુહલ વધારે હતું પત્ર ખિસ્સામાં સંતાડીને તે ઓરડામાં આવ્યો અને બન્ને બાજુનાં બારણાં બંધ કરી દીધાં. પછી કાગળ હાથમાં લઇને જોવા લાગ્યો. સીરનામું જોતાં જ તેનાં હૃદયમાં ઝણઝણીયા થવાં લાગ્યાં. લખાવટ જાણપાની હતી તેણે પત્ર ખોલ્યો. જાણપાનું જ લખાણ હતું. એક શ્વાસે તેણે પત્ર વાંચી નાખ્યો અને પછી એક લાંબો નિ:શ્વાસો નાખ્યો. એ શ્વાસની સાથે જ ચિન્તાનો એ ભીષણ ભાર જેણે આજ છ માસથી તેના આત્માને દબાવી રાખ્યો હતો, એ બધીય મનોવ્યથા જે તેનાં જીવનનું રક્ત ચૂસી રહી હતી, એ બધોય કુભંળતા, લજ્જા, ગમ.ની જાણે કે ઉડી ગઇ; છુમન્તર થઇ ગઇ. આટલી સ્ફૂર્તિ, આટલો ગર્વ, આટલો આત્મવિશ્વાસ તેને કદિ પણ આવ્યો ન હતો પહેલી જ પૂનમે એ સવાર થઇ કે અત્યારે જ જઇને દારોગાને કહી દઉં કે મને આ મુકદમા સાથે કંઇ લેવા દેવા નથી, પરંતુ તરતજ વિચાર આવ્યો કે જુબાની તો લેવાઇ ગઇ છે. જેટલો અપયશ મળવાનો હતો તે તો મળી ચૂકયો, હવે એનાં ફળ ઉપરથી ગામાટે હાથ ધોઇ નાંખવો ? પરંતુ આ સર્વ લોકોએ મને કેવો ચક્રમ બનાવી દીધો છે ! અને હજીય અંધારામાં રાખ્યો છે ! સર્વ મારી સાથે દોસ્તીનો નાતો રાખે છે પરંતુ હજી સુધી મૂળ વાત મારાથી છુપાવી રાખી છે. હજી પણ તેમને મારા પર વિશ્વાસ નથી. હવે જો મૂળ વાત ઉપર મારી જુબાની બદલી નાખું તો બરાબર ખબર પડે, મને કોઇ જગ્યા નહિ મળે એટલું જ થશેને ? મારી બલાને ! આ લોકોના મનસૂબા તો બારમાં મળી જશે આ દગાબાજીની સજા તો મળી જશે અને એ કંઇ નહિ તો આટલી મોટી બદનામીમાંથી તો બચી જઇશ. એ બધા કુષ્ટતા જરૂર કરશે પરંતુ જુઠો આરોપ મૂકવા સિવાય બીજું શું કરી શકે એમ છે ? જો મારૂં અહીં રહેવાનું જ મુશ્કીલ નહિ થાય તો મારા ઉપર દોષ કયો લાગી શકશે ! બધાંના મુખ ઉપર કાલિમા લાગી જશે; મોઢું પણ દેખાડી નહિ શકશે તો મુકદમો કયાંથી ચલાવશે !

પણ નહિ, આ લોકો મારી સાથે રમત રમ્યા છે, તો હું પણ તેમની સાથે એમજ રમત રમીશ. કહી દઇશ, કે જો મને આજે કોઇ સારી જગા મળી જાય તો હું જુબાની આપીશ; નહિ તો સાફ કહી દઇશ કે આ મામલા સાથે મારે કંઇ સંબંધ નથી નહિ તો પાછળથી કોઇ નાનાં મોટાં થાણામાં નાયબ દારોગો બનાવી મોકલી દે તો ત્યાજ સડવા કરું. ઇન્સપેકટરીજ બદમાશ;

અને કાયે દેવ વાગતા મારી પાસે નિમણુ કનો પરવાનો આવી જવો જોઇએ. આજ વખતે દારોગાને કહી દઉં, એમ કહેવા તે ઉપડયો; પરંતુ પાછો રોકાઇ ગયો એકવાર જલપાને મળવા માટે તેનો જીવ તલપી રહ્યો હતો, તેના પ્રત્યે આટલો પ્રેમ, આટલી શ્રદ્ધા કદી પણ થઇ ન હતી, કેમ જાણે દેવતાઓએ તેની રક્ષા માટે મોકલેલી એ કોઇ દૈવી શક્તિ ન હોય!

દસ વાગી ગયા હતા. રમાનાથે વિજળીની બત્તી બંધ કરી દીધી અને દિવાનખાનામાં આવીને જોરથી બારણા બંધ કરી દીધાં કે જેથી પહેરાવાળા સિપાઇને એમ લાગે કે અંદરથી બારણાં બંધ કરીને તે સૂઇ ગયા છે અંધારા દિવાનખાનામાં તે એક મીનીટ ઉભો રહ્યો. પછી ધીમેધીમે બારીવાટે ઉતરીને કાંટાળા તારની વાડ આગળ આવીને વિચારવા લાગ્યોઃ એ કેવી રીતે ઓળંગી જાઉં? કદાચ હજી જલપા બગીચામાં પણ હોય. દેવીદીન જરૂર તેની સાથે હશે, માત્ર એ તારની વાડજ તેનો માર્ગ રોકી રહી છે એ કૂદી જવાનું અસંભવિત હતું. એટલે તારની વચ્ચેથી નીકળી જવાનો તેણે નિશ્ચય કર્યો તેણે બધાં કપડાં સમેટી લીધાં અને કાંટામાં ફસાઈ ન જાય એવી રીતે માથું અને બાંધ વાડની વચ્ચે નાખ્યાં, પણ કોણ જાણે કેવી રીતે કપડાં ફસાઇ ગયાં. હાથથી કપડાં કાઢવાનો પ્રયત્ન કર્યો તો બાજી કાંટામાં ફસાઇ ગઇ. ધોતીયું પણ બેરવાઇ ગયું. બિચારો મોટાં સંકટમાં પડી ગયો. ન આ પાર જઇ શકતો હતો, ન પેલી પાર જરા પણ અસાવધાની રખાય તો કાંટા તેના દેહમાં પેસી જાય.

પરંતુ આ વખતે તેણે કપડાંની પરવા ન કરી. તેણે જર્દન વધુ આગળ લંબાવી અને કપડામાં લાંબો ચીરો પાડતો તે પેલી પાર નીકળી ગયો. બધાં કપડાં ચીરા ચીરા થઇ ગયા. પીઠમાં કાંઇક ઉઝરડો પણ પડયો. પરંતુ આ વખતે તો કોઇ બંદુક કે નિશાન તાંકીને તેની સામે મંડાઇ જાય તો પણ તે પાછો હઠત નહિ કટિનું કૂરતું તેણે ત્યાંજ ફેંકી દીધું. ગજે વિટાળેલી ચાદર ફાટી ગઇ છતાં કામ આપી શકતી હતી. તે તેણે ઓઢી લીધી. ધોતીયું બરાબર પહેરી લીધું અને બગીચામાં ફરવા માંડયું સર્વત્ર શાન્તિ હતી કદાચ રખેવાળ ખટિક જાગવા ગયો હશે! બે ત્રણ વાર ધીમે ધીમે જલપાનું નામ લઇને બૂમ પણ મારી, પરંતુ કાંઇ ઉત્તર ન મળ્યો. નિરાશ થવા છતાં પણ મોહે તેનું મન છોડયું નહિ. તેણે સહેજ નીચે જઇને જોયું. જલપા ચાલી ગઇ એમ તેણે માની લીધું તે એવીજ રીતે દેવીદીનના ઘર તરફ ચાલ્યો. તેને જરા પણ રોક ન હતો, જંજાલમાંથી હું નીકળી આવ્યો છું તે કોઇને ખબર પડી જાય તો મારી જાણને! પોલીસ મને શું કરી શકવાની હતી? હું કાંઇ ખૂની નથી, મેં કાંઇ ચોરીનો માલ સાથે આપ્યો!

અર્ધી રાત વીતી ગઇ હતી દેવીદીન અર્ધા કલાક પહેલાંજ આવ્યો હતો અને જાગવા માટે જાગી રહ્યો હતો, એટલામાં એક નાગા જેવા માણસને જોઇને તે ચોંકી પડયો રમાનાથે ચાદર માથા ઉપર બાંધી લીધી હતી તે દેવીદીનને બીવડાવવા ચાહતો હતો.

દેવીદીને સજાગ થઇને કહ્યુઃ "કોણ છે?"

તરતજ તે ઓળખી ગયો. ઝડપથી તેનો હાથ પકડતાં બોલ્યો. "તેં તો ભાઇ ખૂબ કમાલ કરી! કપડાં ક્યાં ગયાં?"

રમાનાથ "વાડમાંથી નીકળતો હતો. એટલે બધાં તેના કાંટામાં બરાબરને ફાટી ગયાં."

દેવીદીન. "રામ રામ! શરીરમાં તો કાંટા વાગ્યા નથી ને?"

રમાનાથ. "કાંઇ નહિ; એક બે ઉઝરડા પડયા છે હું બધું સંભાળીને નીકળ્યો."

દેવીદીનઃ " વહુની ચિઠ્ઠી મળી ગઇને ? "

રમાનાથ " હા, તેજ વખતે મલી ગઇ હતી; 'શું તે પણ' તમારી સાથે હતી ? "

દેવીદીનઃ " તે મારી સાથે નહતી; હું તેની સાથે હતો. જ્યારથી તને મોટરમાં આવતો જોયો ત્યારથી આવવા તૈયાર થઇ ગઇ હતી. "

રમાનાથઃ " તમે કાંઇ પત્ર લખ્યો હતો ? "

દેવીદીનઃ " મે કાંઇ કાગળ પત્ર લખ્યો ન હતો બાઇ ! જ્યારે તે આવી ત્યારે તો મને પોતાને પણ અચંભો થયો હતો કે જાણ્યા પૂછ્યા વિના કેવી રીતે આવી ? પાછળથી તેણે જણાવ્યું. પોસો શેતરજ વાળો કાગડો તેણેજ પ્રયાગથી મોકલ્યો હતો અને ઇનામ પણ ત્યાંથી જ આવ્યું હતું. "

રમાનાથની આંખો પહોળી થઇ ગઇ ! જલપાની ચતુરાઇએ તેને વિસ્મયમાં નાખી દીધો. તે સાથેજ પરાજયના ભાવે તેને કાંઇક ખિન્ન કરી દીધો. અહીં પણ તેની હાર થઇ અને તે કેવી ખરાબ રીતે !

ખુટ્ટી ઉપર ગઇ હતી. એટલે દેવીદીને દાદર આગળ જઇને કહ્યું: " અરે શું કરે છે ? વહુને કહે કે એક માણસ તેને મળવા આવ્યો છે. "

એટલું કહીને દેવીદીને ફરી રમાનાથનો હાથ પકડી લીધો અને બોલ્યો. " ચાલ; હવે સરકારમાં તારો પગપેસારો થશે બહુ ભાગતો હતો. વોરંટ વિનાજ પકડાઇ ગયો. આટલી સહેલાઇથી તો પોલીસ પણ પકડી શકત નહિ."

રમાનાથનો મનોલ્લાસ દ્રવિત થઇ ગયો. શરમનો માર્યો તે મરી જતો હતો. જલપાના પ્રશ્નનો તેની પાસે શો ઉત્તર હતો ? જે ભયથી તે ભાગ્યો હતો તેણે તો છેવટે તેનો પીછો પકડીને તેને પરાસ્ત કરી દીધો. તે જલપાની સામે સીધી નજર પણ કરી શકશે નહિ. તેણે હાથ છોડવી લીધો. દાદર પાસે આવીને થંભી ગયો. દેવીદીને પૂછ્યું: " કેમ અટકી ગયો ? "

રમાનાથે માથું ખંજવાળતાં કહ્યું: " આવો, હું આવું છું. "

ખુટ્ટીએ ઉપરથીજ પૂછ્યું: " પૂછો, કોણ માણસ છે ? કયાંથી આવ્યો છે ? "

દેવીદીને વિનોદ કરતાં કહ્યું: " કહે છે કે હું જે કાંઇ કહીશ તે વહુનેજ કહીશ. "

" કાંઇ ચિઠ્ઠી લાવ્યો છે ? "

" નહિ. "

શાન્તિ છવાઇ ગઇ. દેવીદીને એક ક્ષણ બાદ પૂછ્યું: " કહી દઉં કે પાછો જાય ? "

જલપા દાદર આગળ આવી બોલીઃ " કોણ માણસ છે, તે તો પૂછો ? "

" કહે છે કે ધણે દૂરથી આવ્યો છું. "

" કયાં છે ? "

" આ શું ઉભો છે. "

" ઠીક, બોલાવો ! "

રમાનાથ ચાદર ઓઢીને કાંઇક ચમકતો, કાંઇક અચકાતો, કાંઇક બીતો દાદર પર આવ્યો. જલપાએ જોતાની સાથેજ તેને ઓળખી લીધો. તે તરત બે પગલાં પાછળ હઠી ગઇ. દેવીદીન ત્યાં ન હોત તો બે પગલાં આગળ વધી હોત.

તેની આંખોમાં કદિ આટલો નશો ન હતો, અંગોમાં આટલી ચપળતા ન હતી, કપોળ ઉપર કદિ આટલો ચમકાર ન હતો, હૃદયમાં આટલું કમ્પન ન હતું. આજે તેની તપશ્ચર્યા સફળ થઇ !

૧૩

વિયોગીઓનાં મિલનની રાત, મુસાફરોની પડાવની રાત તો વાતોમાંજ વીતી જાય છે. રમાનાથ અને જલપા બન્નેને પોતાની છ માસની કથા કહેવાની હતી. રમાનાથે પોતાનું ગૌરવ વધારવા માટે પોતાનાં કષ્ટોનું જ્યાન

ખૂબ વધારી વધારીને કર્યું. જસપાએ પોતાની કથામાં કષ્ટોની ચર્ચા સુદ્ધાં ન આવવા દીધી. એમને દુઃખ લાગશે એમ તે ડરતી હતી. પરંતુ રમાનાથને તો તેને રડાવવામાં વિશેષ આનંદ પડતો હતો. તે કેમ ભાગ્યો, શાને માટે ભાગ્યો, કેવી રીતે ભાગ્યો એ બધીય કથા તેણે કરુણ શબ્દોમાં કહી અને જસપાએ તે રડતાં રડતાં સાંભળી. પોતાની વાતોથી તે જસપાને પ્રભાવિત કરવા ચાહતો હતો. અત્યારસુધી બધી વાતમાં એને પરાસ્ત થવું પડ્યું હતું. જે વાત તેને અસંભવ માલમ પડતી હતી, તે વાત જસપાએ થોડીવારમાં પૂરી કરી દેખાડી. રોતરંજવાળી વાતનું જ્ઞાન તે ખૂબ મીઠું મરચું ભભરાવી કરી શકત, પરંતુ અહીંય જસપાએ નીચું જોવડાવ્યું પછી તેની પ્રીતિ'લાલસા માટે પોતાના કષ્ટોને રાખને પર્વત કરીને દેખાડવા સિવાય બીજો કયો ઉપાય હતો ?

જસપાએ એક સીસકારો મારી કહ્યું " તમે આ બધી આફતો સહન કરી છતાં એક પત્ર સરખો મને ન લખ્યો. આ મારે લખ્યો ! મારી સાથે તમારે સંબંધ રહ્યો ! મોટે ભોગનો પ્રેમ હતો. "

રમાનાથે સમજાવતાં કહ્યું " એમ વાત નથી, જસપા ! દિલ ઉપર જે કાંઈ મુજરતું હતું તે દિલજ જાણે છે, પરંતુ લખવા જેવું મોઢું તો જોઈએને ' જ્યારે હું મુખ છુપાવીને ઘરેથી ભાગી આવ્યો, ત્યારે મારે વિપત્તિનું જ્ઞાન આ માટે લખવા બેસવું ! મેં તો નક્કી વિચાર કરી રાખ્યો હતો કે જ્યાંસુધી ખૂબ રૂપીયા કમાઉ નહિ ત્યાંસુધી એક શબ્દ પણ લખીશ નહિ. "

જસપાએ આંસુ ભરેલી આંખોએ અનુનય ભાવથી કહ્યું " દીકરા હતું: માણસ કરતા રૂપીયા વધુ પ્યારા હોય છે અમે તો રૂપીયાના બાર છીએ. પછી તમે જોઈએ તો ચોરી કરો, ધાડ પાડો, ખોટી નોટ બનાવો, જૂઠી સાક્ષી આપો કે ભીખ માંગો; કોઈ 'પણ ઉપાયે રૂપીયા લાવો. તમે મારો સ્વભાવ કેવો સારો સમજ્યા છો, વાહ ! ગોસાંઈજી પણ કહીજ ગયા છે કે ' સ્વારથ'સાથે કરહિ ' સબપ્રીતી."

રમાનાથે ચમકીને કહ્યું " નહિ, નહિ બ્હાલી, એમ વાત ન હતી મને એજ વિચાર આવતો હતો કે આવા ઘાટેલા ઘાસે કેવી રીતે જાઉ ! સાચું કહું છું, મને સોથી વધારે ડર તો તારોજ લાગતો હતો તું મને કેટલો કપટી, જુઠો, કામચોર સમજી'રહી હશે. એમ મને વિચાર આવતો હતો. મારા મનમાં એવો ભાવ હતો કે રૂપીયાની થેલી જોઈને તારું હૃદય તો કાંઈક નમ થશે "

જસપાએ વ્યથિત કંઠે કહ્યું. " તું કદાચ એ થેલીને હાથ પણ ન અડકાડત તમે મને કેટલી નીચ, કેટલી સ્વાર્થિની, કેટલી લોભી સમજી છે તે આજે માલમ પડી ગયું. એમાં તમારો કોઈ દોષ નથી, મારોજ દોષ છે જો હું સમજી હોત તો આજે એ દિવસજ કયાંથી આવત ! જે પુરુષ માસિક ત્રીસ ચાલીસ રૂપિયાના નોકર હોય, તેની પત્ની જો રોજ બેચાર રૂપીયાનો ખર્ચ કરે, હજાર બેહજારના ઘરેણાં પહેરવાની ખાનત રાખે, તો તે તેની તેમજ પોતાની બરબાદી કરવાનીજ તૈયારી કરી રહી છે એટલે તમે મને એટલી ધનલોલુપ સમજી તેમાં કોઈ અન્યાય નથી કર્યો. પરંતુ એક વાર જે આત્મામાં કુ લાગી ચૂકી છે તેમાં કુ કરી કરિ નહિ પડે આ મહિનાઓમાં મેં જે પાપનું કાંઈક પ્રાયશ્ચિત્ત કર્યું છે અને હવે બાકીના જીવનના અન્તસમય સુધી કરીશ. કુ એમ નથી કહેતી કે નોકરવિલાસથી મારો જીવ ભરાઈ ગયો, યા કપડા ઘરેણાં પહેરવાની મને હવે આશા નથી યા સદ્વેષ સદાટા પ્રત્યે મને ઘૃણા થઈ ગઈ છે એમાં નથી

અભિલાષાઓ જેમની તેમ છે. જો તમે તમારા પુરૂષાર્થથી, તમારા પરિશ્રમથી, તમારા સદુદ્યોગથી એ સર્વ પૂરાં કરી શકતા હો તો શું કહેવું ! પરંતુ દાનત ખોટી કરીને, આત્માને કલુષિત કરીને, એક લાખ રૂપીયા પણ લાવો તો હું તેને ઠોકર મારી દઇશ. જે વખતે મને માલમ પડયું કે તમે પોલીસના સાક્ષી બની ગયા છો, તે વખતે મને એટલું બધુ દુઃખ થયું, કે હું તેજ વખતે દાદાને લઇને તમારા ભલા સુધી ગઇ; પરંતુ તેજ દિવસે તમે બહાર ચાલી ગયા હતા, અને આજે પાછા ફર્યા છો. એટલા માણસોનું ખૂન મારે માથે લેવા હું નથી ચાહતી ! તમે અદાલતમાં ચોકખું કહી દો કે મેં પોલીસના સકંજામાં સપડાઇને આ જુબાની આપી હતી, મારે આ મામલા સાથે કાંઇ સંબંધ નથી. "

રમાનાથે ચિંતાતુર થઇને કહ્યું: "જ્યારથી તારો પત્ર મળ્યો ત્યારથી હું એ પ્રશ્ન ઉપર વિચાર કરી રહી છું; પણ સમજમાં નથી આવતું કે શું કરૂં ! એક વાત કહીને તેનાથી ફરી જવાનું સાહસ મારામાં નથી. "

" જુબાની તો બદલવી જ પડશે "

" પણ કેવી રીતે ? "

" મુશ્કેલી શી છે ? મ્યુનિસિપાલીટી તમારા ઉપર કોઇ મુકદ્દમો ચલાવી શકે એમ નથી, એવી જ્યારે તમને ખબર પડી ગઇ છે, પછી ડર કઇ વાતનો ? "

" ડર નહિ હોય, પણ જબાન પણ કોઇ ચીજ છે ને ? જે મુખથી એક વાત કહી તે મુખથી ફરી જાઉં એ તો મારાથી નહિ બને. વળી, મને કોઇ સારી જગા મળી જશે. આરામથી જીંદગી પસાર થશે. મારામાં ધક્કા ધક્કી ઠોકર ખાવાની શક્તિ નથી. "

જલપાએ કાંઇ જવાબ ન આપ્યો માણસમાં સ્વાર્થની માત્રા કેટલી વધારે છે તેનો જ તે વિચાર કરી રહી હતી

રમાનાથે ફરી ધૃષ્ટતાથી કહ્યું: " વળી, કાંઇ મારી જુબાની ઉપર તો બધો ફેંસલો થવાનો નથી. હું ફરી જઇશ, તો પોલીસ કોઇ બીજા માણસને ઉભો કરી દેશે. ગુન્હેગારોના જાન કોઇ પણ રીતે બચી શકવાના નથી. હા, મહેનત મારે માથે જશે. "

જલપાએ આંખો ચઢાવીને કહ્યું: " કેવી બેશર્મીની વાતો કરો છો ! તમારૂં પેટ પૂરવા માટે બીજાઓનાં ગળાં કાપવા સુધી તમે નીચા પડી ગયા છો ! મારાથી એ સહન નહિ થાય. મને મજુરી કરવાનું, ભૂખે મરવાનું કબૂલ છે: સંસારમાં જે મોટામાં મોટી વિપત્તિ હોય તે હું માથે લઇ શકું એમ છું; પરંતુ કોઇનું ખુન કરીને સ્વર્ગનું રાજ પણ લઉં નહિ. "

રમાનાથ એ આદર્શવાદ પ્રત્યે ચિડાઇને બોલ્યો: " તો શું તું એમ ઇચ્છે છે કે હું અહીં મજુરી કરૂં ? "

જલપા: " નહિ, હું એમ નથી ઇચ્છતી, પરંતુ જે મજુરી પણ કરવી પડે તો તે ખૂનથી તર રોટલી ખાવા કરતાં વધારે સારૂં છે. "

રમાનાથે શાન્ત ભાવથી કહ્યું: " જલપા, તું મને જેટલો નીચ માને છે, તેટલો નીચ હું નથી. ખરાબ વાત બધાને ખરાબ લાગે છે. એનું દુઃખ મને પણ છે કે મારા હાથથી આટલાં માણસોનાં ખૂન થઇ રહ્યાં છે; પરંતુ પરિસ્થિતિએ મને લાચાર કરી નાખ્યો છે. માર્ગમાં હવે ઠોકરો ખાવાની શક્તિ નથી, તેમજ પોલીસ સાથે પણ હું ટટ્ટો વહોરી લઇ શકું એમ નથી. દુનીયામાં કાંઇ બધા ચોડાજ આદર્શ ઉપર ચાલે છે ? મારામા જે ઉંચાઇએ પહોંચવાની શક્તિ નથી, તે ઉંચાઇએ પહોંચાડવા શા માટે ઇચ્છે છે ? "

જસપાએ તીક્ષ્ણ સ્વરે કહ્યું " જે માણસમા હત્યા કરવાની શક્તિ હોય, તેનામાં હત્યા ન કરવાની શક્તિ ન હોય એ આપ મેંની વાત છે જેનામાં દોડવાની શક્તિ હોય, તેનામાં ઉભા રહેવાની શક્તિ ન હોય એ કોણ માનશે ? આપણે જ્યારે કોઇ કામ કરવાની ઇચ્છા કરીએ લીએ ત્યારે આપણામા એ શક્તિ આપોઆપ આવી જાય છે તમે નિશ્ચય કરી લો કે મારે ખુનાની જરૂરવી છે, બસ, પછી બધી વાત આપોઆપ થઇ જશે "

રમાનાથ માથુ નીચુ રાખી સાંભળી રહ્યો.

જસપાએ આવેશમાં આવીને કહ્યું ' જો તમે આ પાપની ખેતી કરવા મંગતા હો, તો મને આજેજ અહિથી વિદાય કરી દો. હુ મોહાં પર કાલ કમાવી બહીથી ચાલી જઇશ અને પછી તમને હેરાન કરવા નહિ આવુ. તમે આનન્દથી રહેજો. હુ મહેનત મજુરી કરીને મારૂ પેટ ભરીશ હજી પ્રાપ્ત પુરૂ નથી થયુ એટલેજ આ દુર્બળતા મારી પાછળ પડી છે મારો મર્દ નાશ કરીનેજ એ છોડશે, તે હુ જોઇ રહી છુ "

રમાનાથના દિલ ઉપર કોઇક ચોટ લાગી, તે માથું ઝબકાવીને બોલ્યો : ' આ મુદ્દો બતમાંથી કોઇ રીતે બન્ને પક્ષે એમ તો હુ પણ ઇચ્છું છુ. "

" તો બચાવના કેમ નથી ? જો તમને કહેતાં શરમ આવતી હોય તો હુ આવુ એ કામ કરી, હુ પણ તમારી સાથે આવીશ અને તમારા સુપરિન્ટેન્ડન્ટ સાહેબને બધો વૃત્તાન્ત સાફ સાફ કહી દઇશ "

રમાનાથના હોસો સ ઉડી ગયા. જસપા પોતાની વતી વકીલાત કરે એટલી બધી કુમંતિ કરાવવા તે ઇચ્છતો ન હતો. તે બોલ્યો "તારે આવવાની જરૂર નથી, જસપા ! હું એ લોકોને સમજાવી દઇશ "

જસપાએ ભારપૂર્વક કહ્યું " ચોક્કસ કહેજો, તમારા ખ્યાલ બદલાશે કે નહિ ! "

જસે ખુલ્લામાં ઇશારાને રમાનાથે કહ્યું "કહુ તો છુ કે બદલી દઇશ. "

' મારા કહેવાથી કે તમારાં દિલથી ! '

" તારા કહેવાથી નહિ, મારાં દિલથી મને પોતાને પણ આવી વાતો પર ધૃણા છે પરતુ થોડીક હિચ હતી તે તે દુર કરી "

પછી બીજી વાત થવા પામી રમાનાથે રૂપીયા ઉડાવ્યા તેની ખબર કેમ પડી ! રૂપીયા પૂરા કેવી રીતે થયા ! બીજા લોકોને ચોરાઇની ખબર પડી કે ઘરમાં જ ઇશારને રહી ગઇ ! રતનનુ શું થયુ ! ચોપી કેમ આવ્યો વટેનો માણી ગયો ! બન્ને કોણ ભણે છે કે એકીજ સાથે રખડવા કરે છે ! છેવટે બા અને દાદાની વારી આવી. પાછી જીવનના મનમુના ભણવા લાગ્યા જસપાએ કહ્યું ' ઘરે જઇને રતન પાસે થોડીક જમીન લખી લઇશ અને આનદથી જીવીશુ " આના ઉપર બન્ને વચ્ચે ચર્ચા ચાલી. આખરે રમાનાથને હાર માનવી પડી. અહીં રહીને તે પર તરફ નજર રાખી ન શકે, ન બાપજીને હિંમત આપી ન શકે અને માતાપિતાનો મેરા સત્કાર પણ ન કરી શકે આખરે ઘરવાળાનો પ્રેમ પણ તેનુ કંઇ કર્તવ્ય છે ને ! રમાનાથ નિરુત્તર થઇ ગયો (અપૂર્ણ)

અખિલ ભારત સ્ત્રી પરિષદના કેટલાએક ઠરાવો

લેખિકા શ્રીમતી હંસા મહેતા. બી. એ.

અખિલ ભારત સ્ત્રીપરિષદનું સાતમું અધિવેશન લકનૌમાં મમા ડીસેમ્બર માસની ૨૮ મી તારીખે ભરાયું. આ વખતે પરિષદમાં ધ્યાન ખેંચવા લાયક બે ત્રણ ઠરાવો થયા; એક તો બીજાના મતાધિકાર સંબંધે, બીજો 'કોમ્યુનલ એવૉર્ડ' સબધે અને ત્રીજો સંતતિનિયમન સંબંધે

પહેલા બે ઠરાવ રાજકીય ગણાય માટે પરિષદ એનો વિચાર સરખો પણ ન કરી શકે. પરિષદમાં રાજકીય તત્વ દાખલ જ ન કરી શકાય એ પર ખૂબ ચર્ચા થઇ પરિષદના બંધારણમાં સ્પષ્ટ લખ્યું છે કે જેને 'પાર્ટી પૉલીટીકસ' કહીએ એમાં પરિષદને વર્જ્ય છે. બીજો કોઇ પણ સવાલ જો અથવા બાળકોને લગતો હોય તેની ચર્ચા પરિષદ છૂટથી કરી શકે. રાજકીય શું અને શું નહિ તેનો નિર્ણય કરવો, આજકાલ તો બહુ અઘરો છે. મસ્કરીમા પણ કોઇ પીળા પાયડી હાય હાય કરે તો તે રાજકીય વ્યાખ્યામાં આવી જાય. સ્વાગત સમિતિના પ્રમુખ બેગમ વજીમે એમના ભાષણમાં 'કોમી એકતા' સંબધી બોલતા કહ્યું કે જો કે પરિષદ રાજકીય બાબતમા પડતી નથી તો પણ " We cannot confine ourselves exclusively to one sphere of life " એના કહેવાનો ભાવાર્થ એટલોજ કે આજે જીવનના જૂદા જૂદા સવાલો એક બીજા સાથે એવા સંકળાયલા છે કે અમુક સવાલોને અળગા રાખી એકજ સવાલ પકડીને આપણાથી બેસી શકાય નહિ. પરિષદની સ્ટેન્ડીન્ગ સમિતિના પ્રમુખ રાજકુમારી અમૃતકુંવરે પણ 'કોમ્યુનલ એવૉર્ડ' સામે વિરોધ દર્શાવતા ઠરાવમા એજ પ્રમાણે કહેલું કે જીવનના જૂદા જૂદા વિભાગ પાડી એક બે ભાગને બીજા સાથે કંઇ સબંધ નથી એમ કહેવું બરોબર ન કહેવાય. બીજાના મતાધિકારનો સવાલ અતિ મહત્વનો છે. બીજાને સારા પ્રમાણમાં મત મળશે તોજ ધારાસભાઓમાં પોતાના મતાનુસાર ચુંટણી કરાવી જે અનેક અન્યાયી કાયદાઓ વડે બીજાને આપણા સમાજમાં જે હલકું સ્થાન પ્રાપ્ત થયું છે તે દૂર કરાવી શકાય. સમાજનું નવેસર બંધારણ ઘડવું હોય તો તેને માટે કાયદાની સહાય લીધા વીના છૂટકોજ નથી અને એ કાયદાઓ ધારાસભામાં મુકાય અને પસાર થાય તેને માટે બીજાઓએ પોતાનો મતનો અધિકાર યોગ્ય રીતે વાપરવો પડશે; એટલે મતની જરૂર છેજ. બીજાના મતાધિકારનો પ્રશ્ન, બીજાનું સમાજમાં સ્થાન સુધરે એ સામાજીક દૃષ્ટિએ પણ અતિ મહત્વનો છે.

આજે મતનો અધિકાર જેની પાસે અમુક મીલ્કત હોય તેને મળે છે એ અધિકાર સ્ત્રી પુરૂષ બન્નેને છે. પરંતુ આજના સામાજિક સંજોગો જોતાં હિંદુ બીજાઓને મીલ્કતનો અધિકાર હોતો નથી એટલે પ્રમાણમાં જુજ જેવી બીજા મતનો અધિકાર ભોગવે છે. એ કારણથી બીજાના મતની કીંમત જોઇએ તેટલી જણાતી નથી. હિંદના નવા બંધારણમાંથી આ અસમાનતા દૂર કરવાની અગત્ય ગોળમેજી પરિષદને પણ જણાઈ છે. પરંતુ એમણે જે ધોરણ નક્કી કર્યું તેમાં અનેક અવગુણ હોઇ હિંદની બીજાઓને માન્ય નથી એ ધોરણથી બીજા મતાધિકાર વિસ્તૃત થાય છે.

પરંતુ સ્ત્રી પુરૂષ સમાન છે, એ ભાવનાને હાનિ પહોંચે છે એટલે કોઇપણ સ્વમાની સ્ત્રી એ કબુલ રાખી શકે નહિ એ ધોરણથી પુરૂષની માફક મીલ્કતની માલીકી અને અક્ષરજ્ઞાન એ બન્ને ગુણો સ્ત્રીઓને પણ લાગુ પાડયા છે પરંતુ તે ઉપરાંત સ્ત્રીઓને માટે ખાસ ધોરણ એ નક્કી કર્યું છે કે જે પુરૂષ મતનો અધિકારી હોય તેની સ્ત્રી અને એના મરણ પછી એની વિધવાને મતનો અધિકાર મળે. આ ખાસ ધોરણ સામેજ સ્ત્રીઓએ વિરોધ જાહેર કર્યો છે. કોને સ્ત્રી તરીકે પોતાના હક મળવા જોઇએ, જ્યારે આ ધોરણથી પુરૂષ મતાધિકારીની ધણીયાણી અથવા એની વિધવા તરીકેજ હક મળે છે. એટલે બીના પુરૂષ સાથેના સંબંધ ઉપર એનો મતાધિકાર અવલંબીને રહ્યો છે. આ પરિષદે ગોળમેજી પરિષદ આગળ એનો વિરોધ જાહેર કર્યો હતો તેમજ સ્રોધીમન સમિતિ આગળ પણ સાક્ષી આપી વિરોધ બતાવ્યો હતો. આ પરિષદના મત પ્રમાણે તો adult suffrage–એટલે દરેક એકવીસ વર્ષ અને તેની ઉપરના સ્ત્રી પુરૂષોને મતનો અધિકાર મળવો જોઇએ. પરિષદની દલીલ એ છે કે સ્ત્રી પુરૂષને સમાન ગણવા હોય તો મતને માટે કોઇ ખાસ ગુણ ન રાખવો કે જેને લીધે આ સમાનતા માત્ર નામની રહે આજે પાંત્રીસ કરોડની હિંદની વસ્તીમાં અઢાર કરોડ પુરૂષો અને સત્તર કરોડ સ્ત્રીઓ છે. એટલે અત્યારના ધોરણ પ્રમાણે જો વીસ પુરૂષોએ એક બીને મત મળે તો તે વસ્તીના પ્રમાણમા અપમાન ગણાય. અક્ષરજ્ઞાનમાં સ્ત્રીઓ પછાત છે તેમજ હિંદુ કાયદાઓ પ્રમાણે સ્ત્રીઓને મીલ્કતનો અધિકાર નથી એટલે આ બે ગુણોથી સમાનતાનો નિયમ સચવાતો નથી. અને પુરૂષ સંબંધથી બીને અધિકાર મળે એ તો જોયીએ વધારે અરાજ. આ બધો વિચાર કરતાં સ્ત્રીપુરૂષ બન્નેને સમાન લાગુ પડે એવુ એકજ ધોરણ છે અને તે adult suffrage–પુખ્ત ઉમરે મતાધિકાર

'કોમ્યુનલ એવૉર્ડ' સામે પરિષદે એટલા માટે વિરોધ કર્યો કે અત્યારે કોમી ઝઘડાઓ પુરૂષોમાં પુષ્કળ થાય છે. સ્ત્રીઓ અત્યાર લગણ એ ઝઘડાઓથી દૂર રહી છે. પરંતુ આ એવૉર્ડથી ધારાસભાઓમા સ્ત્રીઓ માટે બેઠકો રાખી છે તે કોમવાર રાખી છે એટલે સ્ત્રીઓમાં પણ ભાગલા પડવાનો સંભવ છે. અત્યારે જે કોમીવાદ ચાલી રહ્યો છે તેને પુષ્ટી ન આપતાં એ જેમ જેમ ઘુસાઇ જાય તે પ્રમાણે દરેક રાષ્ટ્રવાદીએ પ્રયત્ન કરવાનો છે. એટલે કોમીવાદને બદલે Separate Electorate–અલગ ચુંટણી મંડળો ઉભાં થશે એ સ્પષ્ટ નથી અને Joint Electorate એટલે એકજ ચુંટણી મંડળ હોવું જોઇએ. આ બાબત પણ બીજાઓએ એક ચુંટણી મંડળની તરફેણમાં પોતાનો મત જાહેર કર્યો. પરિષદે આ રીતે પોતાના સ્વાર્થના ભોગે સ્ત્રી પુરૂષના હક સમાન છે એમ જાહેર કરી કોમીવાદ સામે વિરોધ દર્શાવી એક રાષ્ટ્રીય ભાવનાજ બીજાઓને માન્ય છે એ સિદ્ધ કરી બતાવ્યુ તેને માટે ધન્યવાદ ઘટે છે.

સંતતિનિયમનનો ઠરાવ ગયા મહાસ પરિષદમાં ઉઠી ગયો હતો પરંતુ આ વખતે તો બહુમતિએ પસાર થયો. ઠરાવ નીચે પ્રમાણે છે – This conference feels that on account of the low physique of women, high infant mortality and increasing poverty of the country men and women should be instructed in methods of birth control in recognised clinics. It calls upon all municipalities and local bodies to open centres and invite the special help of

the medical authorities towards the solution of this important problem."

માતા થવું કે ન થવું એ સ્ત્રીના હકની વાત છે. એ સુધરેલા દેશોમાં તો આજે માન્ય થઈ ગયું છે. આપણાં દેશમાં તો સ્ત્રીને મરજી કમરજીએ પણ માતા થવું પડે છે અને તે એક બાળકની નહિ પણ અનેક આપણાં દેશની ગરીબાઈ જોતાં મોટાં કુટુમ્બને પોષણ કરવાની શક્તિ ન હોય તો કુટુમ્બ ન વધારવું તેમજ માતાનું શરીર નબળું હોય તો પણ સતતિનું નિયમન કરવું એ વાત તો પરિષદની લગભગ બધી બ્હેનોએ સ્વીકારી હતી પરંતુ મતફેર તો સતતિનિયમન શી રીતે કરવું તેના પર થયો કેટલીએક બ્હેનોને લાગ્યું કે બરેબરો રસ્તો તો બ્રહ્મચર્ય પાળવાનો જ છે બ્રહ્મચર્ય પાળવું એ રસ્તો સીધો અને સાદો હોત તો તો વિધવાઓને બાળહત્યાઓ કરવી ના પડત અને પઢરપુરના આશ્રમો ના ભરવા પડત. વૈદક દૃષ્ટિએ પણ કરજિયાત બ્રહ્મચર્ય પાળવાથી લાભ કરતાં હાનિ વધારે છે ડૉ. મૅરી સ્ટોપ્સ વગેરે લેખકોના આ વિષય પર જેમણે પુસ્તકો વાંચ્યા હશે તેમને બબર પડશે કે બ્રહ્મચર્ય બાબત આવા અનુભવી લેખકોના શા અભિપ્રાય છે. સોમાં નવાણું ટકાને આ રસ્તો અસાધ્ય છે બાસ કરીને અજ્ઞાન લોકો જેમને આ બાબતમાં કેળવવાની જરૂર છે તેમને સોએ સો ટકા અસાધ્ય છે એમ કહીએ તો ખોટું નહિ. એટલે બ્રહ્મોપાય સિવાય બીજો રસ્તો જ નથી એમ કહીએ તો ચાલે એ મત જો માન્ય કરીએ તો પછી સ્ત્રીપુરુષોને બ્રહ્મોપાય વિષે યોગ્ય માહિતી આપવી એ સમાજનું કર્તવ્ય છે. સોવીએટ રશીયામાં તો સ્ત્રીને ગર્ભપાત કરવાનો પણ અધિકાર છે અને તેને માટે સરકારી કલબમાં વ્યવસ્થા થાય છે. બીજાના અને બર્લીનમાં બ્રહ્મોપાય વિષે માહિતી આપવા ત્યાંની મ્યુનીસીપાલીટી તરફથી લગભગ દરેક વૉર્ડમાં ગોઠવણ કરવામાં આવી છે. ઈંગ્લંડે આ બાબતમાં જોઈએ તેટલી પ્રગતિ સાધી નથી ત્યાંના લોકો હજી યુરોપના બીજા દેશોના પ્રમાણમાં જૂના વિચારના ખરા. તોપણ લંડનમાં હવે Women's welfare centres તરફથી આ જાતની માહિતી અપાય છે. જ્યારે તે સ્ત્રી આ માહિતી ન લઈ જાય તેને માટે બાસ કાળજી રખાય છે. ત્યાં જતી સ્ત્રીને એક પત્રક ભરી આપવું પડે છે. એ પત્રકમાં દરેક જાતની હકીકત દાખલા તરીકે ઘણીની કમાણી, કેટલાં બાળકો થયાં છે, વા માટે સંતાન જોઈતાં નથી, ઘણી પણ આમા સંમત છે કે નહિ વગેરે વગેરે બધી વિગત લખી આપવી પડે છે. પત્રક ભરી આપ્યા પછી એમ લાગે કે સ્ત્રીને માહિતી આપવાની જરૂર છે તો એ માહિતી અપાય છે. રશીયા તેમજ અન્ય સુધરેલા દેશોમાં માતા થવું કે ન થવું એ નિર્ણય હક તરીકે સ્ત્રીઓ કરે છે. એટલે જે ગરીબાઈ અથવા તબીયતનું બ્હાનું ન કહાડી શકે તે પણ એ માહિતી મેળવી રહી છે અને વિચાર કરીએ તો એજ વાસ્તવિક છે. પરણવું ન પરણવું એ જેમ હવે મરજીની વાત છે તેમ માતા થવું યા ન થવું એ પણ મરજીની વાત જ હોવી જોઈએ. પરિષદ માત્ર આ ઠરાવ પસાર કરી બેસી ન રહે પણ આવાં ક્લીનીકો સ્થાપવા સ્થપાવવાનું કામ ઉપાડી લે તોજ હિન્દ એક મહત્વનું કાર્ય કર્યું ગણાશે.

અખિલ ભારતીય મહિલા પરિષદ

[સાતમી બેઠકનો અહેવાલ]

અખિલ ભારતીય મહિલા પરિષદનું સપ્તમ અધિવેશન લખનૌમા બરદારી-કેસરબાગમાં ૨૯૩૨ ના ડીસેમ્બર તા ૨૮ મીથી ડીસેમ્બરની તા ૩૧ મી સુધી શ્રીમતી સેરી વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠના પ્રમુખપદે ભરાયું હતુ પરિષદમા ૨૦૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા સાતેય અધિવેશનોમા આ અધિવેશનમા પ્રતિનિધિઓની સંખ્યા સૌથી વધારે હતી બહારના બહેનોનાં સેરી પદ્મીર હસન, મીસીસ નાણાવટી, ડૉ મીસીસ મુખુલકમા રેડી, શ્રીમતી કૈલાસ શ્રીવાસ્તવ, જેન્મ હરીપ્રસન્નાહ, રાજકુમારી અમૃતકુવર, શ્રીમતી હંસા મહેતા, શ્રીમતી તારાબહેન માણેકલાલ પ્રેમચંદ, શ્રીમતી નલિનીબાઇ દલવી, શ્રીમતી સરોજિની મહેતા, શ્રીમતી વિનોદીની નીલકંઠ વગેરે હતાં

પરિષદના સ્વાગત પ્રમુખ જેન્મ મહેમદ વાસીમ અને પ્રમુખ શ્રીમતી સેરી વિદ્યાવતી નીલકંઠે કરેલા સાપણો અન્યત્ર આપવામા આવ્યા છે

ડૉ. પરાંજપેનુ ઉદ્‌બોધન

પરિષદની સ્વાગત સમિતિના આમંત્રણથી પહેલે દિવસે લખનૌની યુનિવર્સીટીના વાઇસ-ચાન્સેલર ડૉ આ પી પરાંજપે ખાસ હાજર રહ્યા હતા તેમણે આપણ કરતા સ્ત્રીઓની ઉન્નતિ માટે પરિષદ જે પ્રયત્નો કરી રહી છે તે તરફ સહાનુભૂતિ દર્શાવી હતી તેમણે જણાવ્યુ હતું કે "હોકસભા અને બહેર કેળવણીના આ જમાનામાં હવે સ્ત્રીઓ, અત્યાર પહેલા તેઓ જે રીતની પ્રવૃત્તિમાં રોકાયલા રહેવાનુ મનાતું હતુ તેમાંજ રોકાઇ રહી શકે એમ નથી બીજાઓને પણ સંપૂર્ણ સ્વતંત્રતા આપી શકાય એવા ઊંચા પ્રકારના પ્રમાણમાં સ્વતંત્રતા આપીને જ દરેક માનવ પ્રાણી પાસેથી આપણે સર્વોત્તમ વસ્તુ મેળવી શકીએ છીએ એમ અમને લાગે છે તે પ્રમાણે જ આપે, પુરૂષો, તમારી પ્રવૃત્તિઓને આવકાર આપી તમને સૌથી વધુ સફળતા મળે એમ ઇચ્છીએ છીએ. મને આશા છે કે, સર્વ માટે સ્વતંત્રતાના મુખ્ય સિદ્ધાંત ઉપરજ તમારી પરિષદના નિર્ણયો થશે અને તમારા નિર્ણય કરવામા તમે બીજા કોઈ વિચારણાને અસર કરવા નહિ દો. ઓક્સોએ હકમત સર્વાનુમતે, જુદા વિભાગો કરવા સામે વિરોધ દર્શાવ્યો છે, અને એ રીતે દેશને જુદા જુદા વિભાગોમા વહેચાઇ જતો અટકાવવામાં મદદ કરી છે એ હિન્દના ભાવિ માટે આશાજનક ચિહ્ન છે. કેળવણીમાં તેમજ બીજા બાબતોમા પણ સ્ત્રીઓને પુરૂષોના જેટલીજ છૂટ આપવામા આવે, કોઇપણ પ્રકારનાં કૃત્રિમ બંધનો રાખવામા ન આવે એવા સમયની હું રાહ જોઇ રહ્યો છું"

લખનૌ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી વિશ્વંભરનાથ શ્રીવાસ્તવે જણાવ્યુ હતુ કે પુરૂષોમા પ્રગતિ થાય તે સાથેજ જો સ્ત્રીઓમા કેળવણી વિષયક તેમજ સામાજીક પ્રગતિ નહિ થાય તો દેશમા સાચી પ્રગતિ શક્યજ નથી દેશની ઉન્નતિમા અખિલ ભારતીય મહિલા પરિષદ ખરેખરી સેવા કરી રહી છે અને રાષ્ટ્ર ઘડતરનાં કાર્યમાં તે જે ફાળો આપી રહી છે તે ધન્યો જ પ્રશંસનીય છે

મંત્રીનો વાર્ષિક અહેવાલ

પરિષદનાં નિયામક મંત્રી રાણી રૂકમીબાઇ રાજવાડેએ વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતુ કે અખિલ ભારતીય મહિલા પરિષદે ૭૬ વર્ષ પૂરાં કર્યું છે હિન્દની સ્ત્રીઓએ, દેશનાં ભાવિ ઘડવામા તેઓના મતાધિકાર અને પ્રતિનિધિત્વ નકકી કરવાનાં અગત્યના પ્રશ્નોનો ઉકેલ કરવાનો હોઇ, પરિષદ પહેલી દષ્ટિએ અપૂર્ણ થઈ છે પરિષદ તરફ

કૃથી રાજકુમારી અમૃતકુંવરે હિન્દી મતાધિકાર સમિતિ સમક્ષ આપેલી જુબાનીનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે દેશની સ્ત્રીઓનો દાવો એમા ઘણી સાચી અને હિમત ભરી રીતે પૂરવાર કરવામાં આવ્યો હતો પરન્તુ પરિષદની માગણી-ઓનો સમિતિએ સ્વીકાર કર્યો નથી તે બદલ અસંતોષ દર્શાવ્યો હતો. કોમી ચુકાદાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે એણે સ્ત્રીઓના હવા સબંધમાં છેક આશાભંગ કરી છે અને તેથી પરિષદના હેતુઓ સિદ્ધ કરવા માટે સતત અને સખ્ત પ્રયત્ન કરવાની જરૂર તેમણે દર્શાવી હતી પરિષદે છેલ્લા વર્ષમાં કરેલાં કામો, જેવાં કે દિલ્હીમા લેડી હરડીન સ્ત્રીઓની કોલેજની સ્થા-પના, કાશ્મીર અને વાયવ્ય સરહદ પ્રાતમા બે નવા વિભાગોની સ્થાપના, તેમજ જુદા જુદા વિભાગોએ કરેલા સામાજીક તેમજ કેળવણીવિષયક સુધારાના કામનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો.

હિન્દુસમાજમાં મુછાબેટાની વ્યવસ્થા કરવાના પ્રશ્ન તરફ ઘણા વિભાગોનુ ધ્યાન ખેચાયું છે ત્યારે અસ્પૃશ્યતા નિવારણ અને ફરજીયાત પ્રાથ-મિક કેળવણીની માગણી પણ બધા તરફથી એક સરખી થઇ છે. સ્વદેશી પ્રદર્શનો ભરીને સ્વદેશી ઉદ્યોગોને ઉત્તેજન આપવાનું અગત્યનુ કાર્ય એ વર્ષ દરમ્યાન થયું છે અને રાજદ્વારી કાયદાના અમલ-મા ધણોજ રસ લેવાઇ રહ્યો છે.

પરિષદને એગમ શાહનવાઝ, લેડી અબ્દુલ કાદીર પાન-પાસીફીક વીમેન્સ એસોસીએશન, ઇસ્ટમલબોર્ન નેશનલ કોન્સિલ ઓફ વિમેન એન્ડિયા વગેરે તરફથી સહાનુભૂતિ અને સફળતા ઇચ્છતા સદેશા મળ્યા હતા

પ્રાંતિક અહેવાલોઃ

તા ૨૯ મીની સવારે પરિષદની બેઠક મળતાં તેમાં પ્રાંતિક સભાઓના અહેવાલો વચાયા હતા બધા પ્રાંતોમા અસ્પૃશ્યતાનિવારણ શિક્ષણ વિષયક તેમજ સામાજીક કાર્ય થયાનું તે ઉપરથી માલમ પડ્યું હતું. અનીતિ માટે સ્ત્રી-ઓનો થતો વેપાર અટકાવવા માટે તેમજ નિરા-ધાર સ્ત્રીઓ માટે આશ્રયસ્થાનો સ્થાપવાના પણ પ્રયત્ન થયા હતા. આવી રીતે બધાજણામાં આવેલી છોકરીઓને શિક્ષણ આપવા માટે મદ્રાસમા શિષ્યવૃત્તિની સ્થાપના થઈ હતી. મધ્યપ્રાંતમા ગ્રામ્ય ઉદ્ધારનુ કામ સારી રીતે થયું હતું. બ્રહ્મદેશમા સુવાવડખાતાં અને બોલકા માટે હવા-ખાના સ્થપાયા છે; બધારે મુબઇ અને લખનૌમાં ગૃહવિજ્ઞાન શાળાઓ સ્થાઇ છે.

પરિષદે પસાર કરેલા ઠરાવોઃ

બાકીના દિવસોમા પરિષદે અગત્યના સામા-જીક અને કેળવણી વિષયક ઠરાવો પસાર કર્યા હતા સામાજીક વિષયો ઉપરના ઠરાવો ઉપર રસ ભર ચર્ચા થઇ હતી.

૧ સ્ત્રીઓના મતાધિકારઃ

સામાજીક ઠરાવોમાં સૌથી પહેલો ઠરાવ મતા-ધિકારને લગતો નીચેનો ડો. શ્રીમતી મુથુલક્ષ્મી રેડ્ડીએ મૂક્યો હતો.

"હિન્દનાં ભાવિ બંધારણમા સ્ત્રીઓના *હરબાબતે લગતી બધીય બાબતમાં મતાધિકારના* પ્રશ્ન વિષે લીધેલા વલણને પરિષદ સંપૂર્ણ રીતે વળગી રહે છે પૂરેપૂરી જાતીય સમાનતામાં ચોક્કસ માન્યતા હોવાનું પરિષદ જાહેર કરે છે અને પુરૂષોના જેવા જ સમાન ગ્રહણશીપણાના હકકો સ્ત્રીઓને હોવા જોઇએ એવી માંગણી કરે છે. સ્ત્રીઓને જાતિને કારણે કાયદેસર કે સામાજીક, વા જાહેર નોકરી હોદ્દો, સત્તા કે માન વા વેપારને લગતા સોદા કરવામાં કોઇ પણ પ્રકારની હરકત હોવી ન જોઇએ." આ ઠરાવ, શ્રીમતી તારા બહેન માણેકલાલ અને મીસીસ બ્રીજલાલ બહેનએ અનુ-મોદન આપ્યા બાદ પસાર થયો હતો.

૨ કોમી મતદારીનો વિરોધ

રાજકુમારી અમૃતકુંવરે ઠરાવ મૂક્યો કે: "(૧) હિન્દીની સ્ત્રીઓને લગતા કોમી ચુકાદા સામેના સખ્ત વિરોધમા (૨) અને સયુક્ત મતદાર મંડળની પ્રજાની માંગણીમાં, આ પરિષદ એકમત છે"

ઠરાવને ટેકો આપતા મીસીસ અસફઅલીએ કોમી પ્રતિનિધિત્વનો વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે "પુરૂષોને જુદા પાડી નાખતાં

તત્ત્વો સ્ત્રીઓમાં અસ્તિત્વ ધરાવતા નથી પ્રજાને જુદા જુદા ભાગો કે પક્ષોમાં વહેંચી નાખે એવી બાબતોને અમે ધીક્કારીએ છીએ. કોઈ પણ અયોગ્ય સ્ત્રી, પછી તેનો દરજ્જો જીવનમાં ગમે તે હોય, અમારું પ્રતિનિધિત્વ ધરાવે એમ અમે ઇચ્છતા નથી દેશપ્રેમ અને વ્યક્તિગત ગુણ જ વહેર જીવનની લાયકાત માટે પૂરતી વસ્તુ છે દરેક મતદારને જાતિ કે જ્ઞાતિની જરૂરી વિના બધા ઉમેદવારો માટે મત આપવાનો હક્ક હોવો જોઇએ "

મિસ હબીબુલ્લાહ, મીસ ખટીબ, મિસ ઝીરોબ્દીન, મિસ સયીના મુહમદ જકાર, અને હાજ્યાંતાન મિસમે ઠરાવનો વિરોધ કર્યો હતો

મીસીસ સરોજીનાદેવી નેહરૂએ ઠરાવને અનુમોદન આપતા જણાવ્યું હતું કે હિન્દુઓ મુસ્લીમોના કાર્યોમાં રસ લે છે, અને તે રીતે મુસ્લીમોને હિન્દુઓના કાર્યોમાં રસ છે સ્ત્રીઓ તરીકે આપણે બધા એકજ મુદ્દાઓમાં કામ કરીએ છીએ તેથી તેમણે કોમી કજીયાઓ નિવારવામાં એકત્ર થવા અને આ ઠરાવ માટે મત આપીને પુરૂષો કરતાં આપણે આગળ છીએ એમ જણાવવા હાકલ કરી હતી

હેદ્રાબાદ (દક્ષિણ)નાં એક પ્રતિનિધિ બહેને કહ્યું કે " અમારાં રાજ્યમાં કોમી ભાવનાજ નથી; અમે બધાં સાથે મળી કામ કરીએ છીએ"

શ્રીમતી હંસા મહેતાએ કહ્યું " આપણી પરિષદ હમેશાં એકત્ર રહી છે. કોમી ચુકાદો, આપણને, હિન્દની સ્ત્રીઓના આગલા પાછા નાખશે ચોક્કસ આપણે જરાય ખૂત થવા માંગતા નથી કોઈ જુદી મતદારી કે કોઈ કોમી ચુકાદો આપણને પૂરતાં પાછા લાવનાર નથી "

ડૉ. મીસીસ મુથુલક્ષ્મી રેડ્ડીએ જણાવ્યું કે " પરિષદ હમેશાં હિન્દુ, મુસ્લીમ, પારસી, યુરોપીયન સર્વની બેઠકોની વરણીમાં રહી છે આપણે આકર્ષક એકત્ર રહેવાનો છે કેળવણી માટેની સરકારની ઉદાસીનતા અમારા ધ્યાનમાં છે. પરંતુ આપણું હૃદય વિશાળ છે એટલે તે જરૂરના સમયે બધા કોમો તરફ સહાનુભૂતિ દર્શાવે છે સ્ત્રીઓના પ્રશ્નોનો તો આપણેજ સૌથી વધુ સારો ન્યાય કરી શકીએ " ઠરાવ ચાર જણના વિરૂદ્ધ મતે પસાર થયો હતો

૩ કોમી એકતા: (પ્રમુખસ્થાનેથી)

" દરેક ક્ષેત્રમાં હિન્દની પ્રગતિ માટે એકતા અને શાન્તિનું વાતાવરણ આવશ્યક હોવાનું અમે માનતા હોવાથી, આ હેતુની સિદ્ધિ માટે થતા બધા પ્રમાણિક પ્રયત્નોને આ પરિષદ આવકાર આપે છે અને એ પ્રયત્નો સફળ થાય એવી પ્રાર્થના કરે છે "

૪. અસ્પૃશ્યતા નિવારણ

(ક) અસ્પૃશ્યતાની પ્રથાનો આ પરિષદ સખ્ત વિરોધ કરે છે, અને એ અનિષ્ટ નાબુદ કરવામાં ખરા હૃદયથી કામ કરવા પરિષદ પ્રજાને, ખાસ કરીને જણાવે છે અને કહેવાતા અસ્પૃશ્યો માટે મંદિરો ખૂલ્લાં મૂકાવવા, કુવા, રસ્તા વગેરે તેમજ શાળાઓ અને બીજી જાહેર સંસ્થાઓનો સરખી રીતે ઉપયોગ થાય તેવી માગણીને સારપૂર્વક ટેકો આપે છે

(ખ) કહેવાતા અસ્પૃશ્યોને માટે પોતાનાં મંદિરો ખૂલ્લા મૂકનારા બધા રાજ્યોને આ પરિષદ અભિનંદન આપે છે અને બાવળુંદરને આ સારું દૃષ્ટાંત અમલમાં મૂકી દક્ષિણહિન્દને આગેવાની આપવા ખાસ વિનંતિ કરે છે.

(ગ) બંગી ધારાસભા અને મદ્રાસ ધારાસભામાં અનુક્રમે મી સી એસ રંગા આયર અને ડૉ. સુબ્બારાયન તરફથી રજુ કરવામાં આવેલા અસ્પૃશ્યતા નિવારણના ખરડાઓને આ પરિષદ ખાસ અંતઃકરણપૂર્વક ટેકો આપે છે અને ના ચોક્કસરોય અને હિન્દી સરકારને તરત સંમતિ આપવા વિનંતી કરે છે. "

૫ વારસા હક

" સ્ત્રીઓના વારસા હકના કાયદેસર ક્ષતિઓ છે તે બહેતી નાબુદ કરવા પરિષદ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે આ દિશામાં સારદાએ કરેલા પ્રયત્નોની પ્રશંસાપૂર્વક નોંધ લે છે. "

આ ઠરાવ મૂકતાં રાણી લક્ષ્મીબાઇ રાજવટેએ કહ્યું કે " હિન્દુધર્મમાં વારસાનો કાયદો ઘણો

મર્યાદિત છે. આ કાયદા બે પ્રકારના છેઃ એક દયા ભાગ; જે બંગાળમાં ચાલુ છે અને સ્ત્રીઓને તેમના જીવનકાળ દરમ્યાન જ વારસો લેવા દે છે; અને બીજો 'મીતાક્ષર' જે મુંબઈ અને હિન્દના બીજા ભાગમાં છે અને સ્ત્રીના વારસને મિલકત આપવા દે છે વળી 'સ્ત્રીધન' પણ હોય છે. એ લગ્ન વખતે સ્ત્રીને અપાય છે અને તે ખરેખર સ્ત્રીનીજ માલિકી છે. ખરી રીતે આ હિન્દુ કાયદો છે. પરંતુ રિતરિવાજે એને વધતો ઓછો બાજુએ હડસેલી દીધો છે છતાંય સ્ત્રીને આ હક છે અને આ મિલકત મેળવવા તે કાયદેસર દાવો માંડી શકે છે વળી ધારાસભામાં થારદા વારસા હકનો ખરડો હતી ગયો એનું કારણ પ્રજાએ વધુ રસ ન બતાવ્યો તે છે કુરાનના કાનૂનો પ્રમાણે, વારસામાં સ્ત્રીને મોટો ભાગ મળે છે પરંતુ આ કાયદા વ્યવહારમા મૂકાતા નથી. અમારા ઠરાવ પ્રત્યે પુરૂષો એક વર્ગ એવો હઠાવે છે કે નવો કાયદો લાવીને સ્ત્રીઓ બળવાખોર બની જશે અને પુરૂષોની સત્તાનો વિરોધ કરશે. પુરૂષોએ આ બાબતમાં બ્હીવાની જરૂર નથી. કારણ કે સ્ત્રીઓમા આત્મ સમર્પણની ભાવના એટલી બધી છે કે તે પોતાના માણસોને કદિય દુઃખી કરી શકશે નહિ તેના હકો સચવાય છે એટલા જ્ઞાનથી તેની સ્થિતિ ઉન્નત થશે અને તેજ સૌથી વધુ અગત્યનુ છે "

શ્રીમતી કુલવતી મુકર્જીએ જણાવ્યુ કે બ્રહ્મી સ્ત્રીઓને હિન્દની સ્ત્રીઓ કરતાં વધુ સારા વારસા હકો છે અપરિણિત છોકરીને બાપના મરણ પછી કાંઈ પણ હક રહેતો નથી સયુક્ત કુટુંબની પ્રથામા છોકરીઓને કાંઈ હકજ નથી પતિ જીવતો હોય ત્યાં સુધી સ્ત્રી તરફ સારો વર્તાવ થાય છે, પરતુ પાછળથી તેની સ્થિતિ ઘણી દયાજનક થાય છે

શ્રીમતી કમલાબ્મા દાસાપ્પા (મ્હૈસોર) એ કહ્યું કે સ્ત્રીઓને મિલકતના સંપૂર્ણ હકો આપતો કાયદો હાલમાજ મ્હૈસુર રાજ્યની બન્ને સભાઓમાં વિના વિરોધે પસાર થઇ ગયો છે. આને માટેનો માર્ગ બે મહોરમા સ્ત્રીઓની એક મોટી સભા ભરીને તૈયાર કરી આપવામાં આવ્યો હતો તે બાદ તેમણે કાયદાની વિગતો સમજાવી હતી.

મીસીસ અન્ના ચંડી (ત્રાવણકોર) એ જણાવ્યું હતું કે તેમની-ક્રિશ્ચિત-કોમમા સ્ત્રીઓને હિન્દુઓથી જુદા વારસા હક નથી. તેઓ પણ સમાન હકો માટે લડે છે.

૬ છૂટાછેડા

" (અ) હિન્દુ લગ્નનો પ્રશ્ન હાથ ધરવા માટે આ પરિષદ સર હરિસિંહ ગૌરની આભારી છે અને તે ભલામણ કરે છે કે તેમના લગ્ન વિચ્છેદના ખરડામા વડોદરાના હિન્દુ છૂટાછેડાના કાયદાના ધોરણે ફેરફાર કરવો

(બ) આ પરિષદનો મત એવો છે કે મુસ્લીમોમા છૂટાછેડાનો ચાલુ રિવાજ જેટલા અંશે પતિને તેની પત્નીના સ્વચ્છંદથી છૂટાછેડા કરવાની આપખુદ સત્તા આપે છે તેટલા અંશે ઇસ્લામી ધર્મના સાચા અર્થને અનુરૂપ નથી; પરિષદ પોતાના વિચાર પૂર્ણ, અભિપ્રાયની નોંધ લે છે કે ઇસ્લામી કાનૂન પ્રમાણે મુસ્લીમ સ્ત્રીઓને છૂટાછેડાનો હક છે તે બ્રિટિશ અદાલતોએ સ્વીકારવો "

ડા મીસીસ માલિનીબાઇ સુખથનકરે આ ઠરાવ મૂકતાં કહ્યું કે " હાલના હિન્દુ કાયદા પ્રમાણે, એક પુરૂષ પોતાની પત્નીને કોઈ પણ કારણ વિના ત્યજી શકે છે અને પોતાની ઇચ્છામાં આવે તેટલા વાર પરણી શકે છે; સ્ત્રી કાંઇ કરી શકતી નથી સ્ત્રી, અક્ષમ્ય કે રક્તપીતનાં કારણોસર છૂટાછેડા કરી શકે છે પરંતુ તે એ પ્રકાર કેમ કરી શકે ? અગત્યના કારણોસર સ્ત્રીને છૂટાછેડાનો અધિકાર હોવો જોઇએ. "

શ્રીમતી સરોજની મહેતાએ ઠરાવને ટેકો આપ્યો હતો

શ્રીમતી કમલાદેવીબાએ કહ્યું. " ચોક્કસ પરિસ્થિતિમાં છૂટાછેડા આપવા જોઇએ. બન્ને જાતિઓ માટે નીતિનું એક જ ધોરણ હોવું જોઇએ. ઠરાવનો હેતુ કાંઇ સુખી લગ્નોનો નાશ કરવાનો નથી દુઃખી સ્ત્રીઓ તરફ કુદરતા થાય તેમાથી તેઓને રાહત આપવા માટે જ એ ઠરાવ છે."

બેગમ સખીના (કલકત્તા) ઠરાવના (૯) ભાગની તરફેણમા બોલ્યાં હતા. શ્રીમતી કમલીયાજ કૃતીમાએ કહ્યું " પુરુષોકાના હકોનો પુરુષો દુરપયોગ કરે છે અને ઓછો નિરાધાર છે પોતાનો હાથને જ્યા દઇને પણ પત્નીએ પોતાના હક્ક માટે મજબૂત થવુ જોઇએ ઠરાવના બીજા ભાગની જેમ જે બધા હકો યોગ્ય રીતે થાય તો ધરસ્તામી કાનૂન બરાબર છે"

મીસીસ ફરીદુનજી એ કહ્યું ' આપણે અનેક પત્નીની પ્રથાનો વિરોધ કરીએ ળીએ એક પતિ બીજી પત્નીઓ કરે છે તે બાદ પહેલી પત્નીને જે દુ ખ પડે છે તેનુ વર્ણન થઇ શકે એમ નથી આવુ શાન્ત દુ ખસહન કર્યાસુધી ચાલુ રહેવુ ?"

પ્રમુખ, શ્રીમતી વિદ્યાબહેને કહ્યું " હાજર રહેલાઓમા જેઓ કુરીવાજોના વિરુદ્ધ છે તેમનો અત્ર નિરર્થક છે જે સ્ત્રીઓને આવા દુ ખમાંથી રાહતની જરુરીઆત જરુર છે તેઓને માટે કોઇ ઉપાય પૂરો પાડવાનો જ ઠરાવનો હેતુ છે જે કોઇ સ્ત્રી પોતાના પતિને જ વળગી રહેવા માગતી હોય તો તે તેમ કરવા સ્વતત્ર છે અત્યત જરુરના બનાવોમાં જે એકલુ માર્ગ પૂરો પાડવાનો જ ઠરાવનો હેતુ છે."

૭ શારદા કાયદોઃ (પ્રમુખસ્થાનેથી)

" શારદા કાયદાનો અત્યત કુદરથી અગત્ય થતો હોઇ આ પરિષદ સખ્ત અફસોસ કરે છે કે જરૂર જણાતાં યોગ્ય જેવા સુધારા કરવા "

૮ બાલકોના ગુન્હા (પ્રમુખ સ્થાનેથી)

"આ પરિષદનો મત એવો છે કે મુંબઇ અને કલકત્તાના કાયદાઓનાં બારણે ૧૮ વર્ષની કોઇના બધાં બાળકોને સરક્ષણ આપવા અતિ હિન બાળકોના કાયદાની જરુર છે પરિષદ વધુમાં જણી સ્ત્રીઓને બાળકોના ગુન્હાઓનો કોર્ટ બાબતમાં અભ્યાસ કરવા તેમજ આવા ગુન્હેગાર અને નિરાધાર બાળકોની સુધારણા માટે કલબો, અને આશ્રમ સ્થાનો સ્થાપવામા સહકાર આપવા વિનતિ કરે છે"

૯ બીમારીઓનો પ્રશ્નઃ

( ) આ પરિષદના અભિપ્રાય પ્રમાણે આ દેશમાં બીમારીઓને પ્રશ્ન ગંભીર બનતો જાય છે; પરિષદ પ્રાતિક સરકારો અને મ્યુનિસિપાલીટીઓને બહોર રસ્તાઓ, બજારો, બગીચાઓ વગેરેમા બીજા ભાગની અદકાવવા તત્કાળ કાયદો કરવા વિનતિ કરે છે

( ) વૃદ્ધ, કુમળું અને અપંગોની સંભાળ માટે બીમારી ગૃહો નિભાવવા અને તેની વ્યવસ્થા કરવા પાછળ તેમજ સગવડ પ બીમારી બીમારીઓને મોકરી અપાવવા પાછળ પોતાની સત્તાવતનો ઉપયોગ કરવા પરિષદ પ્રજાને બહામણ કરે છે "

૧૦ સ્વદેશી ઉદ્યોગોઃ

" આ પરિષદ, સ્વદેશી ઉદ્યોગોને હમતા બધાય આવ્યા કરવો ફરી મજબુર કરીને એવો ચોકસ અભિપ્રાય દર્શાવે છે કે એવા ઉદ્યોગોને ઉત્તેજન આપવાની દેશની આર્થિક ઔદ્યોગિક ખીલવણી માટે જરુર છે અને પ્રજાને સ્વદેશી ખરીદવા વિનતિ કરે છે "

૧૧ અનીતિ માટે સ્ત્રીઓ અને બાલકોનો વેપારઃ (પ્રમુખસ્થાનેથી)

" ( ) સ્ત્રીઓ અને બાળકોના અનીતિ માટે થતા વેપારને લગતી દેશના જરુરાઓ પ્રત્યે સયુક્તપ્રાત, મૈસુર અને સરહદની ધારાસભાના વલણ પ્રત્યે આ પરિષદ અત્યત દિલગિરિ દર્શાવે છે અને એ ધારાસભાઓના સભ્યોને આવો દુષ્ટ વેપાર કરનારાઓને સજા કરે અને અનીતિનાં ધામોમાથી સ્ત્રીઓ ઊગારીઓને બચાવે એવા કાયદાની અત્યત જરુર તરફ ધ્યાન આપવા વિનતિ કરે છે.

( ) અનીતિનાં ધામો બધ કરવા માટે કાયદો પસાર કરી તે અમલમા મૂકવા માટે પરિષદ મદ્રાસ અને મુંબઇની ધારાસભાઓને અને એ કાયદાને વધુ અસરકારક બનાવવા એ જરુરમાં વધુ સુધારાઓ ઉપર વિચાર કરવા અને સમિતિ નીમવા માટે કલકત્તા ધારાસભાને અભિનદન આપે છે."

૧૨ ગોરાકમાં ભેળસેળ (પ્રમુખસ્થાનેથી)

" આ પરિષદ મ્યુનિસિપાલીટીઓને ગોરાકમા ભેળસેળ થતી અટકાવનારા કાયદાના ચુસ્ત અમલની જરુર માટે બહામણ કરે છે "

૧૬ આગ્રયપુનર્ઘટના (પ્રમુખસ્થાનેથી)

" આ પરિષદ બધી સ્ત્રીસંસ્થાઓને તથા વ્યક્તિગત કાર્યકરોને ગામડાંઓમાં રચનાત્મક કામ કરવાનું હાથ ધરવા બોલાવે છે "

૧૪ સામાજીક કેન્દ્રો (પ્રમુખસ્થાનેથી)

' સ્ત્રી કાર્યકરોને તાલીમ આપવા માટે સામાજીક કેન્દ્રોની જરૂરીઆતને લગતા આગલા ઠરાવને પરિષદ ફરી મંજુર કરે છે "

૧૫ મદ્યનિષેધ: (પ્રમુખસ્થાનેથી)

" મદ્યનિષેધને લગતા આગલા ઠરાવો પરિષદ ફરી સ્વીકારે છે. "

૧૬ સંતતિ નિયમન:

સ્ત્રીઓના નબળા બાંધા, લથડું આરોગ્ય-પ્રમાણ અને દેશની વધતી જતી ગરીબાઇને અંગે આ પરિષદને એમ લાગે છે કે સ્વીકૃત લગ્નબંધનોમાં સ્ત્રીઓ તેમજ પુરૂષોને સંતતિનિયમનની રીતિઓથી માહિતગાર કરવાં બધી મ્યુનિસિપાલીટીઓને તેમજ સ્થાનિક મંડળોને પરિષદ આર્જવ કરે છે અને આ અગત્યના પ્રશ્નના ઉકેલ માટે ડાક્તરી સત્તાવાળાઓની ખાસ મદદ માગે છે. "

મીસીસ દેસાઇએ ટેકો ઠરાવ મૂકતા તેના ઉપર ઘણી ગરમાગરમ ચર્ચા થઇ હતી. ઠરાવની તરફેણમાં મુખ્ય દલીલ હતી આરોગ્ય પ્રમાણ અને હિન્દની વસ્તીના વધુ ભાગની અત્યંત ગરીબીને લગતી હતી તો મીસીસ મુખરજીએ ટીકા કરતા ઠરાવના સમર્થનમાં જણાવ્યું હતું કે " હિન્દમાં લગ્નનો મોનીયા મોટા પ્રમાણમાં છે. સામાન્ય વિચાર એવો છે કે ડાક્તરીઓ માત્ર લગ્ન માટેજ જન્મે છે આ વસ્તુ બાળકો તેમજ બાલકની બન્નેની તંદુરસ્તી માટે યોગ્ય નથી "

ઠરાવનો વિરોધ કરતા મીમ હિદાયતિને જણાવ્યું કે આવાં શિક્ષણનો અર્થ તો દેશના નાશમાં આવશે. તો આ દેશની વસ્તી તંદુરસ્ત બાળવર્ગ જાળવવા માટે પણ મોટી ઉણપ તો તે મર્યાદિત કરવા માટે સંયમનો વિષયજ કરવો જોઇએ. સંયમ અને આત્મનિયમન ચારિત્ર્યની ખીલવણી માટે દરેક સંજોગોમા વધુ જરૂરના છે " ઠરાવ માત્ર ૭ મતના વિરોધ સાથે પસાર થયો હતો

૧૭ સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ (પ્રમુખસ્થાનેથી)

" સ્ત્રીઓ અને બાળકોના લાભમાં પરિષદ હિન્દી-સરકારને પ્રાન્તસભા અને બીજી આંતરરાષ્ટ્રીય સભાઓમા તેના પ્રતિનિધિ મંડળોમાં સ્ત્રીઓનો સમાવેશ કરવા વિનંતિ કરે છે."

૧૮ મજુરોને લગતા ઠરાવો:

" (૧) બીન ઔદ્યોગિક ધંધાઓમા હિન્દી બાલકો માટે ઓછામા ઓછી વય નક્કી કરાવતાં આંતરરાષ્ટ્રીય ઠરાવને મંજુર કરવામાં વડી ધારાસભા નિષ્ફળ નીવડી તે માટે આ પરિષદ દિલગીરી દર્શાવે છે અને હિન્દીસરકાર તેમજ વડી ધારાસભાને અનિયમિત બીન ઔદ્યોગિક ધંધાઓમાં ૧૨ વર્ષથી ઓછી વયનાં બાલકોને મોકરીએ રાખવા સામે કાયદો ઘડવાની જરૂર દર્શાવે છે

(૨) અનિયમિત ઉદ્યોગોમા બાલકોને મજુરીએ રાખવાનો પ્રતિબંધ કરતા ખરડાને પરિષદ પૂરેપૂરો ટેકો આપે છે અને બાલકોને એવી મજુરીમાં રાખતા વાલીઓ, માબાપો કે બીજા માણસોને સજા કરવી જોઇએ એવી વિનંતિ કરે છે "

શિક્ષણ વિષયક ઠરાવો

ફરજીયાત પ્રાથમિક કેળવણી (પ્રમુખસ્થાનેથી)

૧. ૧૨ વર્ષની વયના છોકરાછોકરીઓની માંગ અને ફરજીયાત પ્રાથમિક કેળવણી તાત્કાળ દાખલ કરવા માટેની આગલીને આ પરિષદ ફરી મંજુર કરે છે અને બધી સ્થાનિક સરકારો અને સ્થાનિક મંડળો પરાં અને ગામ્ય વિસ્તારોમા તે જેમ રીતે દાખલ કરવાનાં પગલાં લેવા વિનંતિ કરે છે કે બધાં શહેરોના મથકોમા અને કસ્બાઓમા પાંચ વર્ષમા એ પૂરેપૂરી અમલમાં મુકાય અને ૨૦ વર્ષમાં એ સાર્વદેશિક બની રહે.

૨. આ પરિષદ બધાં માબાપોને, ખાસ કરીને મુસ્લીમ માબાપોને પોતાની પુત્રીઓને કન્યાકેળવણી માટે દરેક સગવડ કરી આપવા આગ્રહ ભર્યું વિનંતિ કરે છે

સ્ત્રીઓની યુનિવર્સીટી

૩ આ પરિષદ એવા મતની છે કે બીજી યુનિવર્સીટીઓની મેટ્રીકની પરીક્ષાઓની જેમ, પુનાની હિન્દની સ્ત્રીઓની યુનિવર્સીટીની પ્રાવેશિક વા મેટ્રીકની પરીક્ષાને સરકારે તેમજ જાહેર મંડળોએ સ્વીકારવી જોઇએ.

ગૃહવિજ્ઞાન કોલેજ:

૪ બધીય શાળાઓમાં ગૃહવિજ્ઞાનનું શિક્ષણ આપવા માટે દિલ્હીમા સેન્ટ્રલ કોલેજ (સ્ત્રીઓ માટેની ટેકી ઇરવીન કોલેજ) સ્થાપવા માટે આ પરિષદ અખિલ હિન્દ સ્ત્રીઓના કંઠની એસોસીએશનને અભિનંદન આપે છે ટેકી ઇરવીન કોલેજમાં ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ બેઢાક વર્ષો સુધી એ વિષયનું તે શિક્ષણ આપે એટલા સારૂ ઓછામાં ઓછી બે સ્થાનિક શિષ્ય વૃત્તિઓ સ્થાપવા પૂરતું ફંડ એકઠું કરવા આ પરિષદ પોતાના બધા વિભાગોને જણાવે છે આ સૌથી વધુ ઉપયોગી અને અપૂર્વ સંસ્થાને આર્થિક મદદ આપવા પરિષદ જાહેર પ્રજાને વિનંતિ કરે છે અને વધુમાં વિનવે છે કે હાઇસ્કુલોમા ફરજીયાત વિષય તરીકે અને સ્ત્રીઓની કોલેજોમાં મરજીયાત વિષય તરીકે ગૃહવિજ્ઞાનને દાખલ કરવું

બીનકોમી શાળાઓ

૫ આ પરિષદ એકતાના આદર્શને માનતી હોઇ, તે સ્થાપવા માટે વ્યવહાર પત્રકો લેવાય એમ ઇચ્છે છે તેથી તે ઠરાવે છે કે (અ) કોઇપણ શિક્ષણ સંસ્થા કોમી ધોરણે સ્થપાવી ન જોઇએ. (બ) જુદી જુદી કોમો વચ્ચે વ્યવહાર ચાલવા સમાન ભાષાની જરૂર હોઇ, હિન્દના મોટા ભાગમા બોલાતી એક ભાષા સ્વીકારવા કરેકે પ્રયત્ન કરવો

શારીરિક વ્યાયામ

(૬) શહેરોમા બાળકો માટે જાહેર બગીચાઓ અને રમતગમતના મેદાનોની અત્યંત જરૂરીઆત આ પરિષદ ફરી સ્વીકારે છે અને શાળાઓ તેમજ કોલેજોમા શારીરિક તાલીમનો વિસ્તાર કરવાની બધી યોજનાને મનું હાર્દિક પૂર્ણ ટેકો આપે છે નવા વિભાની સંધની સ્થાપનાના બંગાળના દાખલાનું બીજા વિભાગો અનુકરણ કરે એવી પરિષદ આશા દર્શાવે છે

(૭) શિક્ષણ સંસ્થાઓને ખાસ કરીને પ્રાથમિક શાળાઓને અપાતી મદદમાં હાલમાં મૂકાયલા કાપ સામે આ પરિષદ સખ્ત વિરોધ દર્શાવે છે અને આવી બધી મદદો તત્કાળ પાછી શરૂ કરાવવાના પગલા શિક્ષણ સંસ્થાઓ લે એવી વિનંતિ કરે છે

પુખ્ત વયના સર્વને શિક્ષણ

(૮) (અ) પ્રજાના વિશાળ સમૂહને શિક્ષણ આપવાની અત્યંત જરૂર જોતાં આ પરિષદ પુખ્ત વયનાને શિક્ષણ આપવાનો પ્રચાર કરવાનાં ઉતાવળીયા પગલાં લેવા વિનંતિ કરે છે અને આ હેતુ સિદ્ધ કરવા માટે રેડીયો અને ગ્રામોફોનનો એક સાધન તરીકે ઉપયોગ કરવા સૂચના કરે છે (બ) અક્ષરજ્ઞાન એ મતાધિકાર માટે એક લાયકાત હોઈ પરિષદને લાગે છે કે લોકસમૂહમાથી નિરક્ષરતા દૂર કરવા તત્કાળ પગલા લેવાં જોઇએ ''

નવાં વર્ષનાં હોદ્દેદારો

૧૯૩૩ ના વર્ષ માટે નીચે પ્રમાણે હોદ્દેદારોની ચુંટણી થઇ છે

પ્રમુખ: રા. શ્રીમતી મૃણાલકુમારી રેડી.

ખજાનચી. શ્રીમતી તારાબહેન માણેકલાલ પ્રેમચંદ

ઉપપ્રમુખો: રાજકુમારી અમૃતકુંવર, લેડી મીરઝા ઇસ્માઈલ, મીસીસ જીનાભાઇ નેહરૂ, મીસીસ રૂસ્તમજી કરીદુનજી, શ્રીમતી હંસા મહેતા અને જેનમ વારસીમ

નિયામક મંત્રી રાણી લક્ષ્મીબાઇ રાજવાડે


સામાજીક વિભાગના મંત્રી રા. માલિની મુખર્જીનકર

શિક્ષણ વિભાગના મંત્રી મીસીસ જેનન,

આવતા વર્ષ માટે પરિષદને કલકત્તાનું અને તે પછીના વર્ષ માટે હૈદ્રાબાદ (દક્ષણ) નાં આમંત્રણો મળ્યાં છે.

ઈનામી ઉખાણું

સંપાદક : શ્રી. યશસ્વિની



આડા ૧ ધણું કોમળ, ૩ આગેવાન સ્ત્રીનેતા, ૭ ચિંતન, ૮ કાપી ના નાખવું, ૧૩ કાવ્ય રચનાર, ૧૪ અમૃત, ૧૯ ઓ, ૨૨ જીદગી, ૨૩ જંગલ, ૨૫ કવિતા રચનાર ઓ, ૨૬ સારી આંખ

ઉભા ૧ ફૂલ, ૨ પ્રતિષ્ઠા, ૪ અટકાવ, ૫ વિજય, ૬ એક જાતનો હિરો, ૭ ચિત્ત, ૯ માણસ, ૧૦ ચિત્ત, ૧૧ કાવ્ય, ૧૨ પૃથ્વી, ૧૪ અમૃત, ૧૫ શરીર, ૧૬ શત્રુ, ૧૭ મહા-રાષ્ટ્રીય આગેવાન, ૧૮ જંગલ, ૨૦ ઓછુ, ૨૧ હળમ, ૨૨ કપાસ પીલવાનું કારખાનું, ૨૩ ઉમર.

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમાં માસિકનાં દરેક સ્ત્રીગ્રાહક તેમજ જે બ્હેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. સ્ત્રીગ્રાહકોના કુટુંબની સ્ત્રીઓ પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે. (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવો. ગ્રાહક નંબર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના **બીજા મહિનાની આખર તારીખ સુધીમાં** અમને મળે એવી રીતે મોકલી આપવો (૪) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બાંધણી–ગેરબાંધણીપણા વિષે વાંધો લઇ શકાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે. (૬) હરિફાઇના જવાબ માટે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો

નવેમ્બર માસનું પરિણામ

નવેમ્બર માસના પ્રશ્નના માત્ર આઠ જવાબો મળ્યા હતા. તેમાંથી શ્રીમતી હીરાબહેન કે મોદીનો ઉત્તર પંખા બહેનો કરતાં ચઢીઆતો લાગ્યાથી તેમને ધનામનું પુસ્તક ' સોળ સુંદર વાર્તાઓ, ભા. ૨ ' આપવામાં આવે છે જે તેમણે અહીં આનાની ટપાલની ટીકીટો મોકલી (રજીસ્ટર્ડથી જોઈતું હોય તો તેનું આનાની ટીકીટો વધુ મોકલવી) મગાવી લેવું

- એ બહેનનો જવાબ નીચે પ્રમાણે છે.

" સૌથી ઉત્તમ શ્રી. કાન્તાબહેન ખાંડવાળા બી. એ નો ' જીવન સુધારણા ' હેડીંગવાળો લેખ છે તેનું કારણ (૧) આ કોયડો ઉકેલવા માટે એક પછી એક બધા લેખોનાં હેડીંગ જોયાં. ' જીવન સુધારણા ' એ લેખનું હેડીંગ પ્રથમજ નજરે પડ્યું અને તે સ્વાભાવિક છે (૨) જીવન સુધારણા એ લેખમાં શ્રી. કાન્તાબહેને અસ્પૃશ્યો તરફ આપણા ઉચ્ચ ગણાતા વર્ગોનો જેવો જુલમ છે તેનો તાદૃશ્ય ચિતાર રજુ કર્યો છે ,આ ચિતાર હિન્દુ જનતાને શરમાવે એવો છે. (૩) આ લેખ વાંચનાર દરેક ભાઇ બહેનને અસ્પૃશ્યો તરફનું પોતાનું જુલમી વર્તન દૂર કરવાનું મન થાય છે એટલું જ નહિ પણ કુદરતી પ્રેરણા પડે છે (૪) આ લેખ કુશળતા એટલી ઉત્તમ રીતે રજુ કર્યો છે કે અત્યારના વાતાવરણથી અજાણ રહેનાર કોઇ પણ વ્યક્તિને આ લેખ વાંચવાથી હજારો વરસથી ચાલતો આવેલો કુધારો સમજાય છે. (૫) લેખમાં સૌથી ઉત્તમ અને સચોટ બાબત એકજ સાદીમાં સાદી કહેવત ' અંધેરનગરી રાજા મારે ધક્કે ' એ છે આ કહેવતનું મૂળ વિચારતાં કોઇને એમ લાગ્યા વિના ન રહે કે પોતે હાથે કરીનેજ પોતાના પગ ઉપર કુહાડો લીધો છે. "

બાકીના જવાબ આપનાર શ્રીમતી બહેનો (૨) કનકમણી મહેતા, (૩) લલિતાગૌરી, (૪) નાનુબાઇ આમર, (૫) આનંદલક્ષ્મી ધનજીનીયર, (૬) કપીલાગૌરી ભટ્ટ, (૭) કાન્તાબહેન વોરા, (૮) હેમકુંવર જૈન.

આ પ્રશ્નો તપાસી પરિણામ જણાવવા માટે અમે શ્રી સુંદરજી જો ખેટાઇના આભારી છીએ

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય તેવા કોઇ બ્હેનો ઉખાણા-ની હરિફાઇમા ભાગ લેવા ઇચ્છતા હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો મોકલવી. કુપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, " ગુણસુંદરી "



સમાલોચના

ગુજરાત વર્નાકયુલર સોસાયટીનાં પ્રકાશનો (૧) પ્રખ્યસિદ્ધ ભક્ષયવાણી, સંગ્રહકાર શ્રી. ભગવાનજી મહારાજ કિમત એક રૂપીયો (૨) **ધર્મ અને સમાજ,** પુ ૧; કર્તાઃ સ્વ સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, કિમત એક રૂપીયો; (૩) **ઉપનિષદ્ વિચારણા,** લેખકઃ ર્હે બા નર્મદાશંકર દેવશંકર મહેતા, કિંમત એક રૂપીયો, (૪) **નલ ધર આખ્યાન** સંપાદકઃ શા. રામલાલ સુનીલાલ મોદી, કિમત બાર આના, (૫) **પ્રાચીન જગત્,** અનુવાદક, શ્રી મૂળશંકર સોમનાથ ભટ્ટ; કિમત બાર આના, (૬) **ભૂસ્તર-વિજ્ઞાન,** (ઉત્તરાર્ધ) કર્તા શ્રી કાલાભાઇ પીતામ્બરદાસ દેસાઇરી, કિમત એક રૂપિયો, (૭) **હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ,** (પુર્વાર્ધ) ભાષાન્તર કર્તા શ્રી છોટાલાલ બલકૃષ્ણ પુરાણી, કિંમત એક રૂપિયો, (૮) **ઓરી, અછબડા અને બળીયા,** લેખકઃ ડો. બાલકૃષ્ણ અમરજી પાઠક, કિંમત ત્રણ આના, (૯) **ગ્રંથ અને ગ્રંથકાર,** પુસ્તક ૩, તૈયાર કરનારઃ શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, કિમત એક રૂપીયો, (૧૦) **ગુજરાત વર્નાકયુલર સોસાયટીનો ઇતિહાસ,** વિભાગ પહેલો- સ્વીકાર' શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, કિંમત એક રૂપિયો; (૧૧) **પારિભાષિક શબ્દકોશ:** પૂરવણી' કર્તા વિશ્વનાથ ભગવાનલાલ ભટ્ટ કિંમત પાય આના

ઉપરના બધાંય પુસ્તકોનો અમદાવાદની શ્રી ગુજરાત વર્નાકયુલર સોસાયટી તરફથી પ્રકાશન પામેલા છે સોસાયટી લાંબા સમયથી સાહિત્ય સેવા કરી રહેની છે અને દિન પ્રતિદિન તેની સાહિત્ય સેવામા વધારોજ થતો જાય છે પ્રાચીન સાહિત્ય અને ભાષાન્તર રીત ગ્રંથોની સંખ્યા સોસાયટીના પ્રકાશનોમાં મોટા પ્રમાણમા દેખા દે છે પહેલા પુસ્તકમા આપણા જૂના તત્વજ્ઞ કવિ અખાના કાવ્યોનો સંગ્રહ કરવામાં આવેલો છે અને શ્રી સાગરે એનું સંશોધન કરી ટીકા કરેલી છે અખાજીના કક્કા અખાજીના બારમાસ, અખાજીના ભજનો ગુજરાતી તેમજ હિન્દી, અખાજીનાં મુલણા વગેરે કૃતિઓ આમા સારી રીતે સંગ્રહાયલી જોવામા આવે છે. 'ધર્મ અને સમાજ'માં સ્વ સર રમણભાઇમાં ધાર્મિક પ્રવચનો અને સામાજિક સુધારાના લેખો અને વ્યાખ્યાનોનો સંગ્રહ કરવામા આવ્યો છે તે ઘણું ઉચિત થયું છે સર રમણભાઇ સ્મારકમાળાનું એ ત્રીજુ પુસ્તક છે અને ધાર્મિક તેમજ સામાજીક સુધારાની શરૂઆતની ગુજરાતની સ્થિતિ જાણવામા એ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડશે એમ અમને લાગે છે 'ઉપનિષદ્ વિચારણા' ગુજરાતના એક સમર્થ વિચારકની કૃતિ છે અને એ વિષયમા અમને પ્રવેશ ન હોઇ તેના ઉપર કાંઇ પણ લખવુ અમને અયોગ્ય લાગે છે. 'નલ ધર આખ્યાન'માં વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસકૃત ત્રણ આખ્યાનો ઉપરાત સંપાદકે તેના ઉપર વિદ્વત્તાભરી પ્રસ્તાવના લખી છે 'પ્રાચીન જગત્' બ્લન્ટના 'The Ancient World' ઉપરથી લખાયલુ છે અને એમાં બેબિલોન, મિસર, આસીરિયન, ખાલ્દિયન અને પરશિયન સામ્રાજ્યો, ગ્રીસ, રોમ ને ચઢતી આથમણીઓ, યોગ્ય નકશા, અને આકૃતિઓ સાથે આપવામા આવેલી છે લાંબાઓના લાંબા લખાણ અહેવાલો લેખકે ચલાવ્યા છોડી દીધા છે તે યોગ્યજ કર્યું છે 'ભૂસ્તર વિજ્ઞાન'નો બીજો ભાગ આ વિષયની સમાપ્તિ કરી છે. આ વિષય ઉપર એમાં સારો પ્રકાશ પડેલો જોવા થકાય છે 'હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ' વિન્સેન્ટ સ્મીથના ઇતિહાસનુ ભાષાંતર છે ઓરી, અછબડા અને બળીયા, એ નાનુ છતાં ઘણું ઉપ-

યોગી પુસ્તક છે અને તેમાં એ વિષય ઉપર ઘણી સારી માહિતી આપી છે ઉપરાંત એનાથી પીડાતા બાળકોની સારવાર કેવી રીતે કરવી, એને અટકાવ કેવી રીતે થઈ શકે તેની માહિતી આપી છે તે ઘણું જ ઉપયોગી છે માતાઓએ તો આ પુસ્તક ખાસ વાંચવું જોઈએ. આપણે ત્યાં આના સબંધમાં ખોટી માન્યતા રૂઢ થઈ ગયેલી હોઈ, બાહ્ય દર્દીઓ તરફ ઘણીવાર બેદરકારી બતાવાય છે અને પરિણામે એ રોગથી ઘણા મરણ થવાના બનાવો બને છે આ પુસ્તિકાનો પ્રચાર મોટા પ્રમાણમાં થવાની જરૂર છે 'અર્થ અને અંધકાર'નું ત્રીજું પુસ્તક કેટલાક વધુ લેખકોના જીવનપરિચય ઉપરાંત ૧૯૩૧ની સાહિત્યપ્રવૃત્તિ, ઉપયોગી લેખોને લગતી સૂચિઓ વગેરે આપે છે પાછળ પ્રકીર્ણ લેખસંગ્રહમાં શાસ્ત્રીય વિષયોના વ્યાખ્યાન-લેખો સંગ્રહાયા છે શ્રી બચુભાઈ રાવતનો ' પુસ્તકની છત્રછાયા-બાબલી ' જેમ લેખોને તેમજ પ્રકાશકોને ઘણો ઉપયોગી થાય એવો છે 'રિટર્ન્સ ગુક ' તરીકે આ ગ્રંથનો ઘણો સારો ઉપયોગ થઈ શકશે સોસાયટીનો ઇતિહાસ પણ ઉપયોગી પુસ્તક છે તેમાં ઈ. સ ૧૮૪૮ થી ૧૮૭૮ સુધીનો સોસાયટીનો ઇતિહાસ આપવામાં આવેલો છે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એક જૂનામાં જૂની સંસ્થા હોઈ એનો ઇતિહાસ બીજી સંસ્થાઓના ઘડતરમાં મદદરૂપ થઈ પડે એમ છે પારિભાષિક શબ્દોકોશની પૂરવણીમાં કેટલાક અંગ્રેજી શબ્દોના પારિભાષિકો આપ્યા છે સોસાયટી હવે મૌલિક ગ્રંથો છપાવવા તરફ વધારે વલણ રાખશે તો તે વિશેષ ઉપયોગી થઈ પડશે

ચિત્રશતક• પ્રકાશક કુમાર કાર્યાલય, રાયપુર, અમદાવાદ, કિંમત સવારૂપિયો

કુમાર કાર્યાલયનું આ પ્રકાશન સામાન્ય સ્થિતિના વાચકોમાંયે એક સ્થિર વાચકસંગ્રહ થાય એવી કિંમતે આપે છે ' કુમાર ' આ અત્યાર પહેલા પ્રકટ થયેલાં પ્રાચીન તથા અર્વાચીન, શિલ્પ તથા સ્થાપત્ય, રંગચિત્રો, રેખાચિત્રો, છાયાચિત્રો અને ફોટોગ્રાફોમાંથી ૧૦૦ જેટલી કલાકૃતિઓ પસંદ કરીને આમા સંગ્રહાયા છે કેટલાક ચિત્રો માટે પૂરતી માહિતીઓ પણ આપવામાં આવી છે સામાન્ય સ્થિતિના લોકોમા કલાપ્રેમ વધારવા વા તેમના કલાપ્રેમને ઉત્તેજવામા આ સંગ્રહ સારો ફાળો આપશે એવી આશા રાખવી જરાય અસ્થાને નથી

આઇન્સ્ટાધન અને એનો સાપેક્ષવાદ: લેખક: ડૉ. કાન્તિલાલ છગનલાલ પડયા પ્રકાશક ઉપર પ્રમાણે. કિંમત ૦-૬-૦

' કુમાર 'નાં પૃષ્ઠોમાં પ્રકટ થયેલા ઉત્તમોત્તમ લેખોમાનો આ એક આમ જુદી પુસ્તિકા રૂપે પ્રકટ થયેલો જોઈ અમને ખાસ આનંદ થયો છે, કારણકે એ દ્વારા દુનીયાના એક સમર્થ વિજ્ઞાનશાસ્ત્રોનો પરિચય થાય છે અને તેના સાપેક્ષવાદની એમા સામાન્યજન સમજી શકે એવી ભાષામાં સમજુતી આપવામા આવી છે શ્રી કાન્તિલાલભાઇ દ્વારા આવી રીતે વિજ્ઞાનની સેવા ગુજરાતમાં સારા પ્રમાણમાં થતા રહે એવી આશા સહિત આ પુસ્તિકાને અમે વધાવી લઇએ છીએ

રંગતરંગ લેખક શ્રી જયેતીન્દ્ર દ વે, પ્રકાશક ગાંડીવ સાહિત્ય મંદિર મૂલ્ય રૂ ૧-૦-૦

જુદા જુદા માસિકોમા શ્રી દવેએ લખેલા આ લેખોનો સંગ્રહ ગુજરાતી સાહિત્યમા એક સુંદર-હાસ્યરસના સાહિત્યની દૃષ્ટિએ કીમતી-પુસ્તકનો ઉમેરો કરે છે પોતાના એ લેખો સાચવી રાખવા કરતા પૈસા બચાવવાનું ધ્યેય ધારી એમણે અત્યાર સુધી એ લેખો પુસ્તકાકારે પ્રકટ ન કર્યા તે માટે વાચક પ્રેમ જરૂર એમની પાસે હિસાબ માગી શકે આ સંગ્રહ વાચકોમા એટલો પ્રિય થઈ પડે એમ છે કે શ્રી દવેની રાહ તદ્દન અસ્થાને હતી એમ નથીએ તો ખોટું નથી. એમણે હવે વધુ આત્મવિશ્વાસ અને ખાસ કરીને ગુજરાતી વાચકોની કદરદાની પર વધુ વિશ્વાસ રાખવો જોઇતો હતો અમને તો એ લેખોએ જ્યારે પ્રથમ છુટા છવાયા વાંચ્યા ત્યારે અનહદ આનંદ આપ્યો હતો અને પુસ્તકાકારે વાચનારને તે વધુ આનંદ આપશે એમા નવાઇ નથી અમને ખાત્રી છે કે વાચક વર્ગ તેમની રાહ ખોટી પાડશે અને પુસ્તક પ્રકાશનના ખર્ચ અને જહેમતનો બદલો ત્વરાથી વાળી આપશે.

અભિદાન પ્રકાશક ઉપર પ્રમાણે મૂલ્ય પાંચ આના " ગાંડીવ "ના મુખપૃષ્ઠ પર આવેલી દેશ પરદેશના સાહિત્યમાંથી લીધેલી આ ફરમા-

નીની કથાઓ વાચકને ભાવનાની ઉચ્ચ કોટિ પર લઇ જશે અને એવી કુરબાની કરવાની પ્રેરણા પારો એમાંની એક કથા-સુરતમા જલપ્રલય સમયે પારસી યુવક શ્રી. દાદાસાહેબે બતાવેલી વીરતાની-અમને ખાસ ગમી છે. અન્ય કોયમા એવું વીરત્વ બતાવનારનો પ્રજાએ કેટલો સત્કાર કર્યો હોત તે જાણીતી વાત છે સુરતની શોખીન પ્રજાએ પોતાના એ વીરની અવગણના કરી એકદર વૃત્તિ બતાવી છે

અર્ધાંગના અને બીજી વાતો પ્રકાશકઃ ઉપર પ્રમાણે મૂલ્યઃ ત્રણ આના "શ્રી શક્તિ" મા પ્રકટ થયલી ચાર અને એક અપ્રકટ એમ પાચ ટુંકી વાર્તાઓ આ નાનકડા સંગ્રહમા છે વાર્તાઓનું વસ્તુ ગૃહજીવનને લગતું હોઇ સ્ત્રીવર્ગને એ વાર્તાઓ વધુ ઉપયોગી થશે એમાથી ગુજરાતની ગૃહિણીઓ કેટલાક અણમૂલા પાઠ પણ શીખી શકશે 'અર્ધાંગના' અને 'વડપૂજન' એ દૃષ્ટિએ ખાસ વાંચવી જોઇએ

ફેશન તથા જરીનું ભરત ગુંથણ અને વેતરવાની કળાઃ લેખકઃ શ્રીમતી સુશીલા દલાલ મૂલ્ય રૂ ૧-૧૨-૦.

લગિત કળાઓને લગતા પુસ્તકો ગુજરાતી ભાષામાં હજી આગળને વેંકે ગણાય એટલાં જ છે એ પરિસ્થિતિમાં બહેન સુશીલા દલાલના એ ખોટ પૂરવાના પ્રયત્નો અત્યંત ધન્યવાદને પાત્ર છે શીવણ ભરત ગુથણ વગેરે વિષયોને લગતું એમનું પહેલું પુસ્તક પ્રકટ થયાને લાંબો સમય થયો નથી તેટલામા આ બીજું પુસ્તક વાચનારોના હાથમાં મૂકાય છે બહેન સુશીલા એ વિષયોના ખાસ અભ્યાસી હોઇ તેમણે એ વિષયોને અત્યંત સરળતાથી સાદી ભાષામા ચર્ચ્યા છે અને કોઇ પણ સાધારણ ભણેલ બહેન આ પુસ્તકોની મદદથી એ વિષયો પોતાની મેળે સ્વાધ્યાયથી શીખી શકશે. આ પુસ્તકમા ચિત્રો અને આકૃતિઓ સાથે વેતરકામ સબધી જે માહિતી આપવામાં આવી છે તે ગુજરાતી બહેનોને ઘણી જ ઉપયોગી થઇ પડશે અને તેઓ એ શીખી લઇ દરજીના ખર્ચમાં મોટો બચાવ કરી શકશે. દરેક સંસ્કારી કુટુંબે આ પુસ્તકો વસાવી જરૂર એ લાભ મેળવે

(૧) વસંત આવીઃ લેખક શ્રી ત્રિભુવન (૨) **તિળધ્યા, ગુંળધ્યાઃ** લેખક શ્રી તારાબેન પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર મૂલ્ય : દરેકનું દોઢ આનો.

બાલસાહિત્ય ગુચ્છના ૧૨ મા અને ૧૩ મા પુષ્પ તરીકે પ્રકટ થયલી બાલ માનસના આ બે ઉઠા અભ્યાસીઓની લખેલી આ પુસ્તિકાઓ આગલી પુસ્તિકાઓની જેમ બાળકોને જ્ઞાન સાથે આનદ આપશે પહેલી પુસ્તિકામાં શ્રી ત્રિભુવનભાઇએ વર્ષાની ઋતુઓ સબધી એમની આકર્ષક શૈલિમા બાળકોને સહેજ પણ જોવી માહીતિ આપી છે બીજી પુસ્તિકામા શ્રી તારાબેન, દક્ષિણી લોકો વિષ્ણવિધ તહેવારો કેવી રીતે ઉજવે છે તે સબંધી ટુંકી ટુકી વાર્તાઓ કહી આનદ આપે છે બન્ને પુસ્તિકાઓ બાળકો હોંસથી સત્કારશે

ખુલ્લું હૃદયઃ અનુવાદક શ્રી માણેકલાલ ગોવિંદલાલ ઝોકસી પ્રકાશક શ્રી ગુજરાત સાહિત્ય મંદિર, અમદાવાદ મુલ્યઃ પાચ આના

"ખુલ્લું હૃદય" અને "મનની મુરાદ" નામે બે રશિયન વાર્તાઓનો આ અનુવાદ છે આ વાર્તાઓનો મુળ લેખક રોમાનોફ ફક્ત રશિયામાંજ નહિ પણ યુરપમાંય જાણીતો છે ગુજરાતના વાચકો સમક્ષ રશિયન સાહિત્યમાંથી હમણાં હમણા ઘણી વાર્તાઓ મુકાઇ છે, પરંતુ એ વાર્તાઓ ક્રાંતિ પહેલાના સમયનો ચિતાર આપતી હોઇ, આધુનિક રશિયાનું પ્રતિબિંબ નથી પાડતી. આ વાર્તાઓ એટલે અંશે નવો વાચો પાડે છે અને ક્રાંતિ પછીના જીવનના પ્રશ્નો ચર્ચે છે. અનુવાદ સરળ ભાષામા થયો છે

જગતની રાજનીતિ અને હિન્દ લેખક શ્રી વિઠ્ઠલદાસ કાનજી ભુતા મુલ્ય આઠ આના શ્રી. સયાજી સાહિત્યમાલા અંક ૧૬૮

સુપ્રસિદ્ધ બંગાલી લેખક અને રાજનીતિ શાસ્ત્રના ઉંડા અભ્યાસી ડો તારકનાથ દાસના "જગતના રાજદ્વારી ક્ષેત્રમા હિંદનું સ્થાન" નામે ઉપયોગી પુસ્તક ઉપરથી આ નાનું પુસ્તક શ્રી. ભુતા પાસે શ્રી સયાજી સાહિત્યમાળાના સચાલકોએ તૈયાર કરાવ્યું છે હિંદ દુનિયાના વિવિધ દેશોની પરસ્પરની-આંતરરાષ્ટ્રીય રાજનીતિમા કેટલું અગત્યનું સ્થાન ધરાવે છે, તે આ પુસ્તક પરથી જાણી શકાશે ગુજરાતી સાહિત્યમા રાજકીય વિષયને લગતાં પુસ્તકો હજી બહુ ઓછાં છે આ

પુસ્તક, તે બેટ પુરવાના પ્રયત્ન તરીકે, અમે વધાવી લઈએ છીએ

યૂરોપના શિક્ષણ સુધારકો: લેખક: શ્રી વિદ્યારામ વસનજી ત્રિવેદી મૂલ્ય રૂ. ૧-૧૨-૦ શ્રી સયાજી સાહિત્યમાલા પુષ્પ ૧૬૬

પ્રાચીન સમયમા વેદાધ્યયન કરાવનારા આપણા ઋષિ મુનિઓ છાપેલા યા હસ્તલિખિત પુસ્તકોને અમારે પોતાના વિદ્યાર્થીઓને સર્વ પાઠ મોઢેજ કરાવતા મોખણપટ્ટીની એ પદ્ધતિ હજી હમણા સુધી ચાલતી હતી આપણી ધુળી નિશાળોમાં આક ગોખાવવાની પદ્ધતિ હજી નજર આગલ તરે છે. એ નિશાળો છેલ્લા દશકામાં લુપ્ત થતી જાય છે અને તેને સ્થાને મોન્ટીસોરી બાલમ દિરો આવ્યા છે મોટાં બાલકોના શિક્ષણમાં પણ direct method નો ઉપયોગ થવા લાગ્યો છે આપણે એ નવિન શિક્ષણ પદ્ધતિઓ યૂરપના શિક્ષણશાસ્ત્રીઓ પાસે લીધી છે યૂરપના એવા સાત સમર્થ શિક્ષણ સુધારકોના જીવનકાર્ય અને શિક્ષણ પદ્ધતિનો આ પુસ્તકમા પરિચય કરાવવામા આવ્યો છે મૂળ અંગ્રેજીમાથી હિંદીમા રચાયલા પુસ્તક ઉપરથી આ પુસ્તક તૈયાર થયુ છે વધારામાં શ્રી ત્રિવેદીએ કેટલોક ઉમેરો કરી પુસ્તકને વધારે ઉપયોગી બનાવ્યુ છે શિક્ષણ શાસ્ત્રીઓને આ પુસ્તક બહુજ ઉપયોગી થઈ પડશે

કળા વિષે પ્રવચનો. લેખક શ્રી રમણલાલ નરસિંહરાવ ત્રિવેદી, મૂલ્ય રૂ. ૧-૭-૦ શ્રી સયાજી સાહિત્યમાલા, અંક ૨૦૧

અઢારમી સદીની બેઠવી પચાશી સુધી બ્રિટનમાં ચિત્રકલાની સ્થિતિ અત્યત બેહાલીનક સ્થિતિમાં હતી. રાજાઓ અને અમીરો પરદેશી ચિત્રોને જ પોતાના મહાલયોમાં સ્થાન આપતા. આ સ્થિતિમાં પહેલો આખો બ્રિટિશ ચિત્રકલાને ઉન્નત સ્થાને મુકનાર સર જોશુઆ રેનોલ્ડઝે બ્રિટિશ એકેડેમીમાં કલા વિષે કરેલાં પંદર પ્રવચનો મૂળ અંગ્રેજમા છે તે ઉપરથી આ પુસ્તક તૈયાર થયું છે એ પ્રવચનોમાં સર જોશુઆના કલા વિષેના સિદ્ધાંતો સ્પષ્ટ જોઈ શકાય છે અને એ સિદ્ધાંતો વડે બ્રિટિશ ચિત્રકલાનો સકુદ્ધાર તેણે કેવી રીતે કર્યો તે સમજી શકાય છે ચિત્રકારો અને કલાના શોખીનો માટે આ પુસ્તક ઘણુ માર્ગદર્શક થશે

વિશ્વતંત્ર લેખક: શ્રીયુત જલનત રામશરત જોખ્યે, મૂલ્ય રૂ ૧-૬-૦ શ્રી સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૨૦૩

અંગ્રેજી વૈદકશાસ્ત્રમાં જેને ટ્રોપીકોલોજી કહે છે તે વિષય ઉપર આ પુસ્તક ડૉ મોટીના અંગ્રેજી પુસ્તક "મેનુરીયલ્સ ઓફ ટ્રોપીકોલોજી" ઉપરથી તૈયાર કરવામાં આવ્યુ છે ઉપરાત એમા આયુર્વેદના પુસ્તકોનો આધાર પણ લેવામા આવ્યો છે ઔષધિઓ તરીકે વપરાતા વિધવિધ જાતના વિષ વિષે વૈદક દૃષ્ટિએ ઉપયોગી માહીતિ આપવામા આવી છે ડોક્ટરો, વૈદો અને વૈદકના અભ્યાસીઓ માટે આ પુસ્તક ઘણુ આવકારદાયક નિવડશે

કેટલાક દેશનો ભાગ. ૩ જો લેખક: ડો. ચદુલાલ સેવકલાલ દ્વિવેદી મૂલ્ય રૂ ૧-૦-૦ શ્રી સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૨૦૪.

વિધવિધ દેશ વિષે માહીતિ આપતુ ડૉ. દ્વિવેદીનુ આ ત્રીજુ પુસ્તક છે એમા મુખ્યત્વે કલેજના રોગ, એપેન્ડીસાઇટીસ, કોલ, રીકેટસ, રતવા વગેરે રોગના ચિન્હ અને ઉપાય દર્શાવવામાં આવ્યા છે આ પુસ્તકના આગલા ભાગ વિષે અભિપ્રાય દર્શાવતા અમે જણાવ્યુ હતુ અને આજે ફરીથી એજ અભિપ્રાય ઉચ્ચારીએ છીએ કે એ સામાન્ય જનસમાજ આવા પુસ્તકોનો લાભ લઈ વિધવિધ રોગ શાથી થાય છે તે જાણી લે અને વૈદાસર તે અટકાવવાના પ્રયત્નો કરે તો અનેક દુઃખમાથી માનવસમાજ ઉગરી જાય એ દૃષ્ટિએ આવા પુસ્તકોની અમે અત્યત ઉપયોગિતા જોઈએ છીએ અને લેખક પ્રકાશક બન્નેને એ માટે ધન્યવાદ આપીએ છીએ

અર્થશાસ્ત્ર લેખક પ્રો ઈશ્વરલાલ હિમતરામ કામદાર મૂલ્ય: રૂ ૨-૧૨-૦ શ્રી સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૨૦૬

પ્રાચીન સમયમા સમ્રાટ ચદ્રગુપ્ત મૌર્યના આમાત્ય કૌટિલ્યે "અર્થશાસ્ત્ર" નામે ગ્રથ લખ્યો છે એ સમયે અર્થશાસ્ત્રમા અનેક વિષયોનો સમાવેશ થતો. અર્વાચીન સમયમા એ શબ્દનો અર્થ સકુચિત થઈ ગયો છે યૂરપની લગભગ દરેક ભાષામા અર્થશાસ્ત્રને લગતા બોકણ ગ્રથ પુસ્તકો મળી આવે છે, પરતુ ગુજરાતી ભાષામા તો એ વિષયના પુસ્તકોનો સર્વથા અભાવ છે બે ત્રણ પુસ્તકો જ લખાયાં છે અને તે પણ અંગ્રેજના


અનુવાદ તરીકે. આ પુસ્તકના લેખક અર્થશાસ્ત્રના અભ્યાસી છે અને એ વિષય કૉલેજના વિદ્યાર્થી-ઓને શીખવે છે એમણે. ગુજરાતી વાચક વર્ગ સમજી શકે એની ભાષામા આ પુસ્તક રચ્યું છે. અલબત્ત, એમાના સિદ્ધાંતો પાશ્ચાત્ય અર્થશાસ્ત્રના મુદ્દાવાદ પર રચાયલા સિદ્ધાંતોજ છે. આ સિદ્ધાંતો હવે વ્યવહારમા કેટલો સમય કામ આપશે એ સિદ્ધાંતો ઉપર દુનિયાનુ આર્થિક તંત્ર કેટલો સમય આધાર રાખશે, તે શકાસ્પદ વાત બની છે. દુનિયાની વસ્તીનો ૬૫ ટકા ભાગ ગ્રામજીવી બની રહે અને પાચ ટકા ભાગ મુદ્દીનો સંગ્રહ પોતાની પાસે રાખીએ ૬૫ ટકા ઉપર આર્થિક સામ્રાજ્ય ભોગવે, એ સ્થિતિ હવે લાંબો સમય ટકે, એવો સંભવ નથી રશિયાએ નવિન સિદ્ધાંતો પર પોતાના દેશની આર્થિક રચના કરી, એ જુના સિદ્ધાંતોની કીમત કોડીની કરી નાખી છે અમે ઇચ્છીએ છીએ કે એ નવિન સિદ્ધાંતોનું વિવરણ અને પ્રચાર કરતાં પુસ્તકો આપણા પ્રોફેસરો લખે અને પ્રકાશકો છપાવે. એથી હિંદની પ્રજાને તેઓ ભવિષ્ય માટે વધારે સારી રીતે તૈયાર કરી શકશે.

મહાભારત કથા: લેખક: શ્રી નાનાભાઇ, પ્રકાશક શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર મૂલ્ય: રૂ. ૧-૪-૦

શ્રી નાનાભાઇએ આ છેલ્લું પુસ્તક આપણને આપી "મહાભારતના પાત્રો" વિષેની સાહિત્ય-માળા ગુજરાતને આપવાનુ પોતાનુ વચન પાળ્યુ છે તે માટે તેમને ધન્યવાદ આપી એ છીએ. ૧૯૩૦ ના સવિનય સંગ્રામ વખતે જેલમાં બંધ એ માળાના કેટલાક પુસ્તકો તેમણે લખ્યાં હતાં અમને ભય રહેતો હતો કે બહાર આવ્યા પછી શ્રી નાનાભાઇ દક્ષિણામૂર્તિ ભવનના સંચાલક તરીકેના વ્યવસાયમા પાછા પડશે તો આ માળા અધૂરી રહી જશે, અને તેથી જ તેઓ ફરી જેલમાં જાય એમ અમે ઇચ્છતુ હતુ પરંતુ જેલમા પાછા ગયા વિના એમણે આ માળા પૂરી કરી છે આ પુસ્તકમાં જે ઉણપ રહે છે, તે એક જુદા પુસ્તકથી પૂરી કરવાનુ તેઓ વચન આપે છે, એટલે એ સબંધી અમારે વિશેષ કહેવાનુ રહેતું નથી. મહાભારતની સળંગ કથા કેમ કેમ બાળવા ઇચ્છનાર માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી બનશે, એમાં શંકા નથી સાદી ભાષા અને સરળ શૈલિ શ્રી નાનાભાઇની બાનીના ખાસ લક્ષણો છે. અને સાધારણ શિક્ષિત પણ આ પુસ્તકોની સહાયથી એ પ્રાચીન ગ્રન્થનો પોતાનો કરી શકશે એક ખાસ વિનતિ અહીં શ્રી નાનાભાઇને અમે કરવા ઇચ્છીએ છીએ જેવી રીતે મહાભારત તમે સમજાવ્યુ છે તેવી રીતે રામાયણ અને તેનાં પાત્રો ન સમજાવો ? ગુજરાત એ પ્રયત્ન પણ જરૂર વધાવી લેશે

ખડાયતા મિત્ર (વાર્તા અંક) તંત્રી. શ્રી. કેશવ હ રોઠ પુ ૧૯; અંક ૨-૩ ગુજરાતના નાણીતા રાસકવિ અને નવલિકાકાર લેખક શ્રી. કેશવભાઇના તંત્રી પદે આ કોમી માસિક કંઇક નવુ જ સ્વરૂપ બતાવે છે સાહિત્યની દૃષ્ટિએ કોમનો વાડો એમને અંતરાય રૂપ નથી થતો જાતે નિષ્ણાત વાર્તા લેખક હોવાથી આ અંકની વાર્તાઓની પસંદગી તેમણે કુશળતાથી કરી છે અને ગુજરાતના અનેક શિષ્ટ વાર્તા લેખકોની સુંદર કૃતિઓ આમા આપી છે. વાર્તાશોખીનોની દૃષ્ટિએ આ અંક ઘણોજ ઉપયોગી બનશે. સામા-જીક, હાસ્યરસિક, રશિયન બંગાલી, હિંદી, દરેક પ્રકારની વાર્તાની વાનગી એમાંથી મળી રહે છે.

સ્વીકાર: (૧) ગુજરાત વર્નાકયુલર સોસાયટીનો સન ૧૯૩૨ ની સાલનો રીપોર્ટ, (૨) કલામંદિર, તંત્રી. રા. ભાનુપ્રસાદ વ્યાસ, મુંબઇ, અંક, ૧૧, ૧૨, ૧૪, (૩) ખેતીવાડી વિજ્ઞાન, તંત્રી: મગનલાલ દેસાઇ, લીંબડી, ડીસેમ્બર, (૪) થી પુષ્ટિ પીયૂષ, મૂર્તિકાર: તંત્રી શ્રી હરિશ્ચંદ્ર ઓમારજી શાસ્ત્રી, નડિયાદ (૫) નાગરજગત: જન્યુઆરી તંત્રી શ્રી જેઠાલાલ નાથાલાલ દવે, અમદાવાદ, (૬) ઔદિચ્ય જ્યોતિ, માસિકપત્ર તંત્રી શ્રી હરગોવિંદ વેણીરામ કર મહેતા, વડોદરા, (૭) કડિયા યુગાન્તર જન્યુઆરી: તંત્રી: મગનલાલ જી. પરમાર, (૮) સત્યપ્રકાશ અને સ્વરાજ: અંક ૧૯મો; તંત્રી: કુંવરજી કેશવજી (૯) વૈદિક વિજ્ઞાન ડીસેમ્બર તંત્રી: પ્રો. વિશ્વનાથ વિદ્યાલંકાર



સ્વદેશ

મુંબાઇ ઇલાકા સ્ત્રીસભાની વાર્ષિક સભા ગયા માસમાં મીસીસ ડી એમ સીરવાનાં પ્રમુખસ્થાને મળી હતી તેમાં મીસીસ ચુમડીએ વાર્ષિક હેવાલ રજુ કરતાં જણાવ્યુ હતુ કે સભાના સભ્યોની સંખ્યા ૫૦૦ ની છે વર્ષ દરમ્યાન વ્યવસ્થાપક સમિતિ ૧૧ વાર મળી અને બે ખાસ બેઠકો મળી હતી તેમા બેઠકમાં હિન્દી મતાધિકાર સમિતિએ મોકલેલા પ્રશ્નો ઉપર ચર્ચા થઇ હતી સ્ત્રીઓ અને બાલકોના અનીતિ માટે થતા વેપાર સબધમાં પ્રનસધના હેવાલ ઉપર, સ્ત્રિમ સેન્સર સબધમાં પણ કામ થયુ હતુ. આવતાં બે વર્ષ માટે મીસીસ ફ્રેચ તેમજ પ્રમુખ ચુટાયા હતા. વ્યવસ્થાપક સમિતિમા સેવી બેરામજી જીજીભાઇ, મીસીસ ચંદાવરકર, મીસીસ કઘન, મીસીસ ડોકટર, મીસ ઇન્જીનીયર, મીસીસ, હાજ, મીસ ગ્રીફાઇ મીસીસ જમશેદજી રાવજી, મીસ નકીલ વગેરે ચુટાયા છે મીસીસ સીરવે હતું પ્રવચન કરતા જણાવ્યુ કે સભા જોકતાની જાગના કેળવવા માટે ક્ષેત્ર તૈયાર કરવામાં સારો ફાલો આપે છે

નવા ડાકતર બહેનોઃ મુબાઇ યુનિવર્સીટીની ત્રીજી એમ બી બી એસ ની પરીક્ષામાં નીચેનાં બહેનો પાસ થયા છે (૧) આશા બીલીમોરીયા, (૨) મેરીલ ટ્રામોન્ટી, (૩) મંજુલા નાયક, (૪) કેની કાપડીયા, (૫) બહમન્ડકુવર (બીજા વર્ગમા), (૬) શાન્તા કેસાઇ, (૭) મીલવીયા ગીસા, (૮) સાવિત્રીબાઇ મહાજન (૯) શીરીન મહેતા, આમા મીસ કેની કાપડીયાને મેડીકલ વીમેન ફેડર ઇન્ડિયા ફંડની શિષ્યવૃતિ, સેવી રે રીપ્પચદ્ર, અને બાઈ લીલાબાઇ પી એસ. કામા ચદ્રક મલ્યા છે

આર્યમસ સ્ટ્રટના બોમ્બ. મુબઇ મ્યુનિસિપલ કોરપોરેશનની ગયા માસમાં મળેલી એક બેઠકમાં શ્રી જમનાદાસ માધવજી મહેતાનો નીચેનો ઠરાવ પસાર થયો હતો.

" પ્રાયમસ સ્ટવથી થતા પ્રાણઘાતક અકસ્માતોની વધતી જતી સખ્યાની આ કોરપોરેશન બેદરકાર નોધ લે છે અને મરનારના કુટુબો પ્રત્યે પોતાની દીલસોજી દેખાડવા સાથે કમીશનરને વિનતિ કરે છે કે તેમણે આ આફતો વખતોવખત બનવા ન પામે તે માટે જરૂરહાર સૂચનાઓ કરવી "

આ ઠરાવના સમર્થનમાં બોલતા શ્રી જમનાદાસ મહેતાએ જણાવ્યુ હતુ કે " આ અકસ્માતથી મરણ પામેલી સ્ત્રીની હાય ઉપર જેઓ નોકરી કરે છે તેઓ પોતાની ફરજથી બેદરકાર જેવા મુંબઇ કોમમાં તેવા અકસ્માત થતાં તે કોમ પર ઝપે દીલા કરવા દોડી પડે છે તેમા ઘણી વખતે તે અનેક કર છે મરનાર કોમમા કોય ત્યા તેને તે બીજવાર પરણવા માંગતો હતો કે કેમ એવા ન છાજવા પ્રશ્નો પૂછી નાહકની લાગણી વિશેષ દુઃખવવાનુ કરે છે મુંબઇઓમા સ્ત્રીઓ માટે જે માન છે તેનો કોરપોરને ખ્યાલ નથી જોઇએ તે આખીય કોમ માટે ઝપે તે દીલા કરવાની ફરજ છે છે "

સ્વદેશ-સેવકોના બોમ્બ. (૧) ડાહરનાં અજ્ઞાન અનાથાશ્રમની બાલિકા ચદ્રભાઇ સેવકી ઉપર સાડીનો ઢગલો પડતા દાઝી મરણ પામી. (૨) મુબઇમા જસુભાઇ નામની ૮ વર્ષની કોકરી જ્યાસ્ત્રેવના દીવાથી દાઝી મરણ પામી.

આંતર જ્ઞાતીય લગ્ન અમદાવાદના મુંબઇ સમાજસુધારા મંડળના આશ્રયે સુરતના શ્રી વસંત રણછોડજી નાયક (અનાવિલ બ્રાહ્મણ ઉંમર વર્ષ ૨૬) અને શ્રીમતી ચદ્રકાન્તા ચકુલાલ ઠક્કર, (લોહાણા વય વર્ષ ૨૮) નુ આંતર જ્ઞાતીય લગ્ન થયુ.

૧૯૩૨ ની સ્ત્રીઓની અપૂર્વ સિદ્ધિઓ

૧૯૩૨ નું વર્ષ સ્ત્રીઓ માટે અનેક વિજયો નોંધે દર્શાવે છે: (૧) મીસીસ એમા મોલાસને (ઉર્ફે એમા લોનસન) હડસનથી ફ્રેંચ અને ફ્રેંચથી હડસન હડવાનો રેકોર્ડ તોડયો એ બનાવ ૧૯૩૨ ની સ્ત્રીઓની પ્રવૃત્તિમા સૌથી આગળ પડતો બનાવ છે

(૨) વર્ષની શરૂઆતમાં જાણીતી અમેરિકન સ્ત્રી પાયલોટ મીસ અમેલીયા ઇઅરહાર્ટ (મીસીસ જી. પી. પુતનામ) ન્યુફાઉન્ડલેંડથી આયર્લેન્ડ ઉડી અને એ રીતે એકલાં આટલાંટિક ઓળંગનાર પહેલી સ્ત્રીનુ માન મેળવ્યુ આવી રીતે એકલા હડવાનો પ્રયત્ન કરનાર તેઓ ત્રીજાં હતાં તેમા તેમનો સમય સૌથી વધુ ઝડપી ૧૩॥ કલાક હતો. આટલાંટિક હડવા માટે આ રેકોર્ડ છે.

(૩) મીસીસ ફ્રીડ્રીખા પેરી માર્ટીને માસ્ટર ઓફ સર્જરીની ઉચામા ઉચી ડાક્તરી પદવી મેળવી ઇગ્લાંડમા માત્ર ૭ સ્ત્રીઓ આ પદવી ધરાવે છે મીસીસ માર્ટીને ઓફ આર. સી. એસ અને માસ્ટર ઓફ સર્જરીની પદવાઓ પહેલાજ પ્રયત્ને પસાર કરી છે અને એમ બીજી કોઇ સ્ત્રી અત્યાર કરી શકી નથી વધારામા મીસીસ માર્ટીન પણ બાળકોની માતા છે વળી એકલી સાથે તેઓ ઘર ચલાવે છે અને આવી કારકીર્દિ ધરાવે છે.

(૪) બીજી પરિણિત સ્ત્રી અને બે બાળકોની માતા મીસીસ એ જી ઢેરીસને (ગેરાર્ડસ ક્રોસ, બકસ) ડાક્તરી પરીક્ષાઓમાં પહેલાં ૧૦ ઉમેદવારો છતી ચેરીંગક્રોસ હોસ્પીટલની મેડીકલ સ્કુલમા રેકોર્ડ કર્યો

(૫) હડસન યુનિવર્સીટીની ડોક્ટર ઓફ મ્યુઝીકની પદવી પહેલીજ વાર સ્ત્રીને અપાઇ તે મેળવનાર મીસ એડીથ બાયર્સ્ટે હરહામને યુનિવર્સીટીની બેચલર ઓફ મ્યુઝીકની પદવી મેળવ્યા બાદ માલમ પડયું કે ઉચ્ચતર પદવી મેળવવા માટે લગભગ પાચ વર્ષનો સમય જોઇએ. એટલે મીસ બાયર્સ્ટે હડસનની ત્રિનીટી કોલેજનાં સંગીતના અધ્યાપક ડો. ઓલ્ડરોમડના હાથ હેઠળ બે વર્ષના રેકોર્ડ સમયમાં પરીક્ષા પસાર કરી આ પદવી મેળવી

(૬) પહેલી બ્રિટિશ મોટર રેસ જીતવાનું માન પણ બે સ્ત્રીઓને મળે છે આ બે સ્ત્રીઓ મીસીસ ઈ લીડમ અને મીસ જોન રીચમંડ છે બ્રુકલેન્ડ ખાતે કેટલાય પુરૂષ ડ્રાઇવરો સાથે સખ્ત ડ્રાઇવ કરી તેઓ ૧૦૦૦ માઇલની ડ્રાઇવ ૮૪ ૪૧ માઇલના પ્રમાણે જીત્યાં છે. રેસમાં ૨૩ મોટરો જોડાઇ હતી પણ માત્ર ૭ જ સમય મર્યાદામાં માર્ગ પુરો કરી શકી હતી

(૭) વિજ્ઞાનના ક્ષેત્રમા મીસ બાર્બરા ફ્લાવર નામની ૨૦ વર્ષની ઓક્સફર્ડની ઉપસ્નાતિકાએ અપૂર્વ સિદ્ધિ સાધી છે ક્ષેટીન અને મીક માટે અપાતી કેનન શિષ્યવૃત્તિ મેળવનાર તેઓ પહેલાંજ સ્ત્રી છે આ શિષ્યવૃત્તિ માટે સ્ત્રીઓને પુરતી તાલીમ અપાતી નથી એવી ફરિયાદ રહે છે એ જીતવા માટે માત્ર એક બીજી સ્ત્રીએ પ્રયત્ન કર્યો હતો.

(૮) ધર્મશાસ્ત્રોની પરીક્ષાઓમા પણ સ્ત્રીઓએ અપૂર્વ વિજય મેળવ્યો છે મીસ કેથેરીન ઇસ્વર્થ માત્ર ૨૧ વર્ષની હોવા છતાં તે બ્રેડફોર્ડ પુલની નાનામા નાની સોલીસીટર છે આખા બ્રિટનમાં તે નાનામાં નાની સોલીસીટર છે

શ્રીમતી સુભદ્રા કુમારી ચૌહાણ: હિન્દી સાહિત્ય સંમેલને 'બિખરે મોતી' નામની નવલિકાઓના સંગ્રહ માટે આ બહેનને રૂા. ૫૦૦ નું સેકસરીયા પારિતોષિક આપ્યું છે. ગયે વર્ષે 'મુકુલ' નામના કાવ્ય સંગ્રહ માટે આ બહેનને એજ પારિતોષિક મળ્યું હતું. શ્રીમતી સુભદ્રા કુમારી મધ્યપ્રાંતમાં પહેલાં જ મ્યુનિસિપલ કમીશનરછે એમનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે: હિંદી ભાષા બોલતી સમસ્ત ભારતની કવયિત્રીઓમાં શ્રીમતી સુભદ્રાકુમારી ને સ્થાન મળી ચૂકેલ છે તેમનો જન્મ પ્રયાગમાંથયો હતો. તેમના પિતા ઠાકુર રામનાથસિંહ સંગીત અને કવિતાના રસિયા પ્રેમી હતા. એટલે પિતાનો પ્રેમપુત્રીમા હતો શૈ ૧૬ વર્ષની વયે તેમનું લગ્ન ઠાકુર લક્ષ્મણસિંહ સાથે થયું તેઓ પણ એક સારા કવિ અને ગાયીકા છે. દેશની રાષ્ટ્રીય ચળવળમાં આ બહેનીસારો ફાળો આપી રહ્યાંછે અને પરિણામે તેમને બે વાર જેલ જવાનો લાભ મળ્યો છે શ્રીમતી સુભદ્રાદેવીને અત્યારે એક પુત્રી અને બે પુ

આંતરરાષ્ટ્રીય સ્ત્રીપ્રગતિ

૧૯૩૨ ના અગત્યના બનાવોની નજર નોંધ

હિન્દ. (૧) દિલ્હીમાં સીનીયર પોલીસ સુપરિન્ટેન્ડન્ટે પોલીસ ફોર્સમાં સ્ત્રીઓને દાખલ કરવાની જાહેરાત કરી અને સખનૌમા એવ્રો હિન્દી વિધવાએ કોન્સ્ટેબલ તરીકે સેવા બજાવી (૨) સ્વાતંત્ર સંગ્રામમાં અને અસ્પૃશ્યતા નિવારણની ચળવળમાં સ્ત્રીઓનો અવર્ણનીય ભાગ. (૩) ત્રીજી ગોળમેજી પરિષદમા બેગમ શાહ નવાઝની નીમણુંક.

બર્મા: ધારાસભામાં સ્ત્રીની ચુંટણી

સીલોન: ધારાસભામાં બીજી સ્ત્રીની ચુંટણી

જાપાન સ્ત્રીઓને વકીલાત કરવાની છૂટ અપાઇ.

પ્રાગ્રીસ સ્ત્રીઓને પુરૂષોના જેવાજ હકો મતાધિકાર અને યોગ્યતા અપાઇ

એબીસીનીયા. છોકરીઓ માટે પહેલીજ શાળાની સ્થાપના

ઓસ્ટ્રીયા ઉપલી ધારાસભાના પ્રમુખ તરીકે મીં ફ્રેલ ચેમનેકની બીજીવાર ચુંટણી

ડેનમાર્ક: નીચલી સભામા ચાર સ્ત્રીઓની ચુંટણી.

જર્મની: છઠ્ઠી ચુંટણીમા રીશ્ટાગમા ૩૬ સ્ત્રીઓની ચુંટણી.

આયર્લેન્ડ: ડાયલમા બે સ્ત્રીઓ ચુંટાઇ

પેરૂ: મ્યુનિસિપલ મતાધિકાર અને પરિણિત સ્ત્રીઓના રાષ્ટ્રવાદના હકોનો સ્વીકાર.

પોલાન્ડ: બાલકોની અદાલતમા બીજી સ્ત્રીની ન્યાયમૂર્તિ તરીકે નીમણુંક

રૂમાનીયા સ્ત્રીઓને ચઢેરોપણાના સંપૂર્ણ હકો

સીઆમ: નવા બંધારણમાં સ્ત્રીઓના મતાધિકારનો સમાવેશ થયોછે.

સ્વીડન: નીચલી સભામાં પાંચ સ્ત્રીઓની ચુંટણી.

સ્વીત્ઝરલેંડ. બર્નના કેન્ટને ગાર્ડીયનશીપ કોન્સિલમાં બેસવાનો સ્ત્રીઓને અધિકાર આપ્યો

યુનાઇટેડસ્ટેટસ ઓફ અમેરિકા: મીસીસ હેટી કેરવે, સેનેટમાં સીધા ચુંટાનાર પહેલા જ મહિલા; વળી સેનેટની બેઠકમાં પ્રમુખસ્થાને બેસનાર પણ પહેલાંજ મહિલા સ્ટોકહોમ ખાતેની યુનાઇટેડ સ્ટેટસના એલચી ખાતામા સ્ત્રીમુત્સદ્દી ને હોદ્દો

પ્રજાસત્તાક (૧) સત્રવિસર્જન પરિષદમાં પ્રતિનિધિ તરીકે પાંચ સ્ત્રીઓની નીમણુંક; મીસીસ કોરબેટ એસબી, ડો પોલીના લુકસી, મીસ વીનીફ્રેડ કવાડ, મેડમ ઝાલાગોન્સ્કા, અને રો. એમ. ડબલ્યુ બુલે. (૨) ફેબ્રુઆરીમા સ્ત્રીઓની સંસ્થાઓએ એકત્ર કરેલી ૮૦ લાખ અરજીઓ સત્રવિસર્જન પરિષદને રજુ કરી (૩) મુલ્કમી મારેની કામચલાઉ સમિતિમા સ્ત્રીની નીમણુંક પ્રજાસત્તાકનાં સરકારી કામકાજમા સ્ત્રીઓને વધુ હાથો આપવાનુ સ્વીકારાયુ

ગેા છે શ્રી મતી સુભદ્રા કુમારી સરળ હૃદયનાં છે. તેમના મધુર વ્યક્તિત્વની છાપ તેમની કવિતાઓમાં પણ પડી છે. બાલકથી માંડીને વૃદ્ધ સુધી સર્વને તેમના સ્નેહભાવનો પરિચય થએલો છે નાગપુર જીલ્લા સત્યાગ્રહમા પણ તેઓ સ્વયંસેવિકા હતાં સાદાઇ પણ તેમના જીવનનુ અંગ છે શ્રીમતી સુભદ્રાદેવીની કવિતા પ્રેમ, પ્રકૃતિ સૌન્દર્ય અને દેશભક્તિના રંગે રંગાયલી છે

કુમારી સુનીતિ ગુપ્તા: કલકત્તા યુનિવર્સીટીની આર્ટસ અને શિક્ષણની બી. એ. થઇને તેમજ બંગાળ અને આસામમાં કેટલાક સિક્ષણના કામેા કરીને કુમારી સુનીતિ ગુપ્તા ઇંગ્લાંડ ગયાં હતાં. ૧૯૩૧ ના જુનમાં તેઓ લીડસ યુનિવર્સીટીની શિક્ષણની ડીપ્લેામા પરીક્ષામાં પાસ થયા, અને તેમા બાલ માનસશાસ્ત્રમા તેમણે પહેલેા વર્ગ મેળવ્યેા તે પછી તેમણે પ્રખ્યાત બાલમાનસશાસ્ત્રી ઓ બીનેટ અને પાયગેટનાં દોરવણે બાલકોનાં બૌદ્ધિક વિકાસને લગતુ સંશોધન કાર્ય આરંભ્યુ, અને ૧૯૩૨ ના જુનમા તેમણે ડેસીસ રજુ કર્યો

તે માટે તેમને લીડ્સ યુનિવર્સીટીની એમ ઇ ડી ની પદવી આપવામાં આવી, તેમના ચેસીસની ઉપયોગિતા અને મહત્તાને અંગે તેમને હિન્દમાથીજ પી એચડી ની પદવી માટે ચેસીસ રજુ કરવાની લીડ્સ યુનિવર્સીટીએ પરવાનગી આપી છે તેમણે વિદેશમાં બધા પ્રકારની શાળાઓ, બહેરા મુગા આંધળાઓની શાળાઓ, કારખાનામાં કામ કરતી છોકરીઓની રાત્રિ કલબો વગેરેની મુલાકાત લીધી છે. મજુર સ્ત્રીઓની પરિસ્થિતિ નીહાળવા તેમણે બધા પ્રકારની મજુર સ્ત્રીઓનો સંપર્ક સાધ્યો હતો અનેક સ્થળે તેમણે સ્ત્રીઓની સમાજોમા હિન્દી પ્રશ્ન ઉપર ભાષણ કર્યા હતાં લીડ્સમાં પણ ઘણી સ્ત્રી સભાઓ સમક્ષ બોલવાનુ તેમને આમંત્રણ અપાયુ હતુ.

કુમારી વીણા ચક્રવર્તી કલકત્તા યુનિવર્સીટીની એમ એ ની પરીક્ષામાં તત્વજ્ઞાનના વર્ગ સાથે પાસ થયાં છે અને તેઓ કુલ બીજા નંબરે આવ્યા છે તેમણે બી એ ની પદવી શ્રી ગર્લ્સ કોલેજમાં પહેલા આવીને અને બધા વિદ્યાર્થીઓમાં પ્રથમ આવીને મેળવી હતી.

શ્રી હાલાઇ લોહાણા સહાયકારી મંડળ, સ્ત્રી-વિભાગ

નિબંધની ઇનામી હરીફાઇ.

વિષય. " રોવા-કુટવાનો રીવાજ-તેના ગુણદોષ "

ઉપરોક્ત મંડળના સ્ત્રી-વિભાગ તરફથી લોહાણા જ્ઞાતિની મુંબઇમાં તેમજ બહારગામ વસતી સર્વ બહેનો માટે નિબંધની ઇનામી હરીફાઇ યોજવામાં આવી છે નિબંધ માટેનો વિષય " રોવા-કુટવાનો રીવાજ-તેના ગુણ દોષ " નક્કી કરવામાં આવ્યો છે એ વિષય ઉપર નીચેની સુચનાઓને અનુસરી નિબંધ લખી મોકલનાર બહેનોમાંથી પ્રથમ ચાર નંબરે આવનાર બહેનોને સ્વ દયાકુંવર કૃષ્ણલાલ સાયતા સ્મારક-ફંડમાંથી અનુક્રમે રૂ ૧૦, ૭, ૫ અને ૩ નાં ઇનામો અપાશે.

સુચનાઓ

(૧) નિબંધ ગુજરાતી ભાષામાં ફુલસ્કેપ કાગલની એક બાજુ સારા અક્ષરે લખેલો હોવો જોઇએ.

(૨) નિબંધ કમમાં કમ ફુલસ્કેપ સાઇજના ત્રણ પાના જેટલો હોવો જોઇએ.

(૩) નિબંધ " મંત્રીબહેન, શ્રી હાલાઇ લોહાણા સહાયકારી મંડળ, સ્ત્રી-વિભાગ, ૧૧૪, ગીરગામ બેક રોડ, મુંબઇ, ૪ " એ સરનામે તા ૨૮મી ફેબ્રુઆરી ૧૯૩૩ સુધીમા મળી જાય એવી રીતે મોકલી આપવો જોઇએ

(૪) નિબંધ મોકલનાર બહેને પોતાનું પુરૂં નામ અને સરનામું જણાવવુ જોઇએ

નિબંધો મળ્યા પછી મંડળ તરફથી પરીક્ષકો નીમવામા આવશે જેમનો નિર્ણય છેવટનો ગણાશે.

૧૧૪, ગીરગામ બેક રોડ,
મુંબઇ,
તા ૧૦-૧-૧૯૩૩

લી.
સૌ કુંજલીલા વર્મા,
મંત્રી, સ્ત્રીવિભાગ.

લગ્નમાં સુધારાઃ લગ્ન સુધારા સંબંધી પહેલું અધિવેશન પટનામા મી કે નટરાજન તબીયતને કારણે હાજર ન રહી શકવાથી મી સચ્ચિદાનંદ સિંહાના પ્રમુખપદે મળ્યું હતું મી. નટરાજનનું ભાષણ પરિષદમા વંચાયુ હતું. તેમણે જણાવ્યુ હતું કે ખરેખરો પ્રયત્ન બાલલગ્ન નિષેધ અને કન્યા કેળવણીની બાબતમાં કરવાની જરૂર છે. કારણ કે એ બે સુધારાની દેશને અત્યંત જરૂર છે. જો બાલલગ્ન થતાં ન હોત તો પુનર્લગ્નનો, સવાલ માત્ર વ્યક્તિગત સ્વતંત્રતાનો રહે અને અમારે બાળ વિધવાઓને કમનસીબીમાંથી બચાવવાનો જે પ્રશ્ન છે તે ઉપડી જાય.

પ્રકીર્ણ :

(૧) હારડામાં પતિ મરણ પામતાં વિયોગનું દુઃખ સહન ન થવાથી પત્નીએ ઝાડ ઉપર આપઘાત કર્યો. (૨) મુંબઇમા ડો મીસ ગ્રેમાબાઇ બોરકરની બખતો બખત છેડતી કરવા બદલ નારાયણ લક્ષ્મણ બાલાસકર નામના ડ્રાઇવરને ૪ માસ સખ્ત કેદની સજા થઇ છે.

ચિઠ્ઠી

સુરેણ શિલ્પકાર જિલ્લામા શ્રીઓડેરા ઠક્કરાન સ્મારક ફંડમાંથી શ્રીશિલ્પકારની સર્વો-

તમ કૃતિ માટે અપાતું પી. ૧૦૦ નું ઇનામ મીસ હેલન વી મેકને મળ્યું છે. ઇસુખ્રિસ્ત અને કુમારી મેરીની આકૃતિઓવાળા એ શિલ્પકૃતિ છે ગયે વર્ષે પણ મીસ હેલનને આ ઇનામ મળ્યું હતું.

વિમાની મીસીસ મોલીસન હતનની સ્ત્રીઓની ઓટોમોબાઇલ એસોસીએશને સન્માન વિમાની મીસીસ એમા મોલીસન (મીસ એમી જોનસન) ના માનમાં આપેલા મેલબર્ન ખાતે હતો.

મીસ આરબરા કલાવર ઓસ્ટ્રેલીની કેવન સિમ્પ્રાત્તિ મેળવનાર પહેલાં સ્ત્રી છે

મીસીસ રીતી સ્કેફીંગ્ટન, આયર્લેન્ડમાં ન્યુરી માટે મનાઇ છતા રાજદ્વારી કેદીઓના સબધમાં બાધક કરવા કબ્જાર મીસીસ સ્કેફીંગ્ટનને ગિરફતાર કરી છે તેના પતિને ૧૯૧૬ના બળવામાં ગોળીથી ઠાર મારવામા આવ્યો હતો.

સેલમા લેગરલોફ્ સ્વીડીશ લેખિકા અને નોબેલ ઇનામ મેળવનાર સેલમા લેગરલોફને ગીલની યુનિવર્સીટીએ તેમના ઓનરરી ડોકટર બનાવ્યાં છે -

પહેલાં સ્ત્રી મેંબર સ્પેનમા ગરાઝોમા ખાતેના ગાલ્ફર ક્લબમાં મેરીએ ટ્રોનીન્યુએઝને મેંબર નીમવામા આવ્યા છે સ્પેનમાં આ પદે આવનાર પહેલાં સ્ત્રી છે. એક પત્રકાર તરીકે આ બહેન જાણીતાં છે

હંગેરીની પાર્લામેન્ટમાં બરેમ લીલા મેલજાર ત્રીસ ચુંટાયાં છે

વકીલાત કરવાનો હક બલ્ગેરીયાની પાર્લામેન્ટમા સ્ત્રીઓને વકીલાત કરવાનો હક આપતો ખરડો ત્રીજી વાર દાખલ થયો છે. સ્ત્રીઓ ડાક્ટર બની શકે, શિક્ષિકા બની શકે, પણ કોણ જાણે કોઈ કારણે તેઓ વકીલાત કરી શકતી નથી

યુનાઇટેડ સ્ટેટ્સની કોન્ગ્રેસમાં ગયા નવેમ્બરમાં નવી કોગ્રેસની ચુટણી થઇ તેમાં ૧ બહેનો પણ ચુટાયાં છે. મીસીસ હેરી કેરવે સેનેટમા પૂરા સમય માટે ચુટાનારા પહેલાજ છે બહેન છે બીજા ચુંટાયલાં બહેનો મીસીસ મેરી નોર્ટન, મીસીસ ફ્લોરેન્સ કાહન. અને મીસીસ એડીથ નોર્સ રોજર્સ છે. આમાં પહેલા બે બહેન ૭ વર્ષથી સેવા કરે છે જ્યારે મીસીસ રોજર્સની સેવા પાચ વર્ષની છે મીસ કેથેરીન ઓબાફ્રીન, અને મીસીસ વર્જીનીયા ગ્રેનફસ એ બે નવા બહેનો છે

કામ કરવાની જરૂર અમેરિકામાં ૪૦ લાખ પરિણિત સ્ત્રીઓને પાસ જરૂરને અગે કામ કરવા જવાની ફરજ પડે છે

ડાક્ટરી અમલદારના પદે તાજેતમા બે સ્ત્રી ડાક્ટર મુકીને મીનાકીમ આમાસીયા કબ્જાનાં ડાક્ટરી અમલદાર નીમાયાં છે તાજેમા આવો હોદો ધરાવનાર તેઓ પહેલાજ બાનુ છે

ચીનમાં સમાન હકો ચીનમા નવા કાયદા પ્રમાણે બેકાજ સ્ત્રી સાથે હવે પોતે ગમે તેટલી પત્ની કરનાર પતિની પત્નીઓ પ્રત્યેની ફરજો માટી ગણે વારસા અને ઘરેરીપણાના સમાન હકો પણ સ્ત્રીઓને મળ્યા છે

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

મ ગાંધીજીના પ્રાયોપવેશનથી શરૂ થએલી હરિજન ઉદ્ધારની પ્રવૃત્તિ હજુય સર્વત્ર કેન્દ્રસ્થાને ભાગ લઈ રહી છે. મુંબઈ, ગુજરાત, મદ્રાસ સર્વ સ્થળે હરિજન ઉદ્ધારનાં કાર્યમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ લઈ રહી છે. મદ્રાસની ધારાસભામાં, ડૉ. સુબ્બારાયને રજુ કરેલો મંદિર પ્રવેશનો ખરડો અને વડી ધારાસભામાં રજુ થએલા અસ્પૃશ્યતા નિવારણના ખરડાઓને મંજુરી આપવાની ના. વાઇસરોયને વિનંતિ કરતા નિવેદનો અને તારો આપ્યા હિન્દની મહિલાઓ તરફથી થયા હતા. પરંતુ છેવટે ના. વાઇસરોયે ડૉ. સુબ્બારાયનના ખરડાને મંજુરી આપી નથી. શ્રી રંગા આયરનો ખરડો વડીધારાસભામાં દાખલ કરવા મંજુરી આપી છે ડૉ. સુબ્બારાયનના ખરડાને મંજુરી ન આપવાનાં મુખ્ય કારણમાં એ પ્રશ્ન અખિલ હિંદની અગત્યનો પ્રશ્ન હોવાનું જણાવાયું છે. આથી શ્રી. રંગા આયરે ડૉ. સુબ્બારાયનના ખરડાને વડીધારાસભામાં દાખલ કરવાની મંજુરી માંગી છે.

મુંબઈમાં હરિજન સેવા મંડળના આશ્રયે હરિજન વર્ગની બહેનો અને ઉચ્ચ વર્ણની બહેનોનો હળીમળી કુમકુમનો મેળો સમારંભ થયો હતો. તેમાં શ્રીમતી હંસાબહેન મહેતા, શ્રીમતી ઇન્દિરાબાઇ મહાજનપુષ્પે, શ્રીમતી સરસ્વતીબાઇ દાડે વગેરેએ ભાષણો કર્યાં હતાં. મુંબઈનાં પરાંઓ માટે હરિજન સેવાસમિતિની સ્થાપના થઇ છે. તેમાં નીચેનાં બહેનોનો પણ સમાવેશ છે. મીસ કે નટરાજન, શ્રીમતી રતન બહેન મહેતા (વાંદરા), શ્રીમતી મુદ્રિકા બહેન અંજારિયા (ખાર); શ્રીમતી તારા બહેન મારતર, (શાંતાક્રુઝ)

અમદાવાદમાં પણ નવી કાર્યવાહક સમિતિ સ્થપાઇ તેમાં શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ (પ્રમુખ) શ્રીમતી સરલાદેવી, અંબાલાલ, (મંત્રી), શ્રીમતી લીલાવતી દેસાઇ (મંત્રી), શ્રીમતી શારદાબહેન મહેતા, શ્રીમતી નીર્મળાબહેન બકુલાઇ, શ્રીમતી મનોરમા બહેન, શ્રી. વસંતબહેન ચુંટાયા છે. હરિજનોમાં કામ કરવાનો ખાસ કાર્યક્રમ પણ સમિતિએ નક્કી કર્યો છે

હિન્દી સરકાર તરફથી તા. ૩૧મી ડીસેમ્બરે પ્રકટ થએલાં નિવેદનમાં જણાવ્યું છે કે નવેમ્બર માસની આખરે સવિનય કાનૂનભંગને અંતે ૧૭૧૪૫ કેદીઓ જેલમાં હતા. તેમાં ૬૩૪ સ્ત્રીઓ હતી પ્રાંતવાર સ્ત્રીઓની સંખ્યા નીચે પ્રમાણે છે. મદ્રાસ ૧૭૭, મુંબઇ ૨૨૦, બંગાળ ૧૩૪, સંયુક્તપ્રાંત ૧૧૭, પંજાબ ૧૯, બીહાર ને ઓરીસા ૪૨, મધ્યપ્રાંત ૧, આસામ ૭, સરહદપ્રાંત ૧, દિલ્હી ૧૮, મેરવાંરા ૩; આ ઉપરથી જોઇ શકાય છે કે આપ્યાં હિન્દની મહિલાઓ સવિનય કાનૂનભંગમાં ભાગ લઇ રહી છે.

મુંબઇ

મહાસભાનું કામકાજ છુપી રીતે ચલાવવા માટે કુમારી વીઠા મરદેસાઇ નામની બહેનને વટહુકમ પ્રમાણે ગિરફતાર કર્યાં છે.

સવિનય કાનૂનભંગની લડતમાં એક વર્ષ દરમ્યાન મુંબઇની ૧૫૦ બહેનોએ જેલનિવાસ કર્યો

કાલબાદેવી રોડ ઉપરની કાપડની દુકાનો પર ચોકી કરવા માટે મુંબઇની પહેલી સંગ્રામ સમિતિના પ્રમુખ શ્રીમતી મનોરમા

સ્વાતંત્ર્ય સંગ્રામમાં નિર્ભળ બલિદાનો

૨૬૦૧	કુમારી વીણા સરદેસાઇ	મુંબઈ		ચક્કુમ
૨૬૦૨	શ્રીમતી મનોરમાબાઇ ત્રિવેદી	,,		૬ માસ, રૂા. ૩૦ દંડ
૨૬૦૩	,, તુળજાબાઇ	,,		,,
૨૬૦૪	,, તનુબાઇ	,,		,,
૨૬૦૫	,, નર્મદાબાઇ નાયક	,,		—
૨૬૦૬	,, શાન્તાબાઇ	,,		—
૨૬૦૭	,, એક દેશસેવિકા	,,		—
૨૬૦૮-૧૦	,, ત્રણ બહેનો	અમદાવાદ		—
૨૬૧૧	,, મણિબહેન પટેલ	વીરમગામ		૩ા માસ સખ્ત કેદ
૨૬૧૨	,, માણકીબહેન ચાવડા	,,		,,
૨૬૧૩	,, હરિબહેન પટેલ	વામજા		—
૨૬૧૪	,, સુરજબહેન	સુરત		એક વર્ષ સખ્ત
૨૬૧૫	,, દેવીબહેન પટેલ	,,		,,
૨૬૧૬	,, લાડીબહેન	,,		,,
૨૬૧૭	,, ગેનીબહેન	,,		,,
૨૬૧૮	,, કાનાબહેન	સુરત		એક વર્ષ સખ્ત
૨૬૧૯	,, કસ્તૂરીબહેન	,,		,,
૨૬૨૦	,, કમળાદેવી દત્ત	કલકત્તા		૬ માસ સખ્ત
૨૬૨૧	,, સરોજિનીદેવી	,,		,,
૨૬૨૨	,, સુકુમારી સેન	અલપેંચુરી		—
૨૬૨૩	,, મૃણાલિનીદેવી	છપ્પારા		—
૨૬૨૪	,, ઇન્દુસુધા ઘોષ	કલકત્તા		—
૨૬૨૫	,, મેઘબહેન	જબલપુર		—
૨૬૨૬	,, નદીદેવી	હજારી		—
૨૬૨૭	,, સુધેરદેવી	,,		—
૨૬૨૮	,, સ્વામકુમારીદેવી	ઉનાવ		—
૨૬૨૯-૩૩	,, પાંચ બહેનો	દિલ્હી		ત્રણ માસ સખ્ત કેદ
૨૬૩૪	,, માણકીદેવી	કરા		પાંચ માસ સખ્ત કેદ
૨૬૩૫	,, અવધકોરદેવી	પટના		ત્રણ માસ સખ્ત
૨૬૩૬	,, કૌશલ્યાદેવી	પટના		,,
૨૬૩૭-૩૮	,, બે બહેનો	મદુર		એક વર્ષ સાદી કેદ, રૂા. ૨૦૦૦ દંડ
૨૬૩૯	,, એક બહેન	,,		રૂા. ૨૦૦૦ દંડ

૬ માસ સખ્ત કેદ રૂ. ૩૦ નો દંડ કરવામાં આવ્યો હતો. ભગનજી માસ્તર સેન માં પરદેશી કાપડની દુકાનો પર ચોકી કરવા માટે શ્રીમતી નર્મદાબાઇ નાવડુ નામનાં દેશસેવિકાને પકડમાં છે. ઝવેરી બજારમાં ના ૨ દુકાનોની એસેસરી ઝેશન ઉપર ચોકી કરવા માટે શ્રીમતી શાન્તા બા ભા ણા રા વને ગિરફતાર કર્યા હતાં. પાછળથી આજ રથળેથી એક દેશસેવિકા બહેન ગિરફતાર થયાં હતાં. ગુજરાત

અમદાવાદમાં મોપિકિટિંગ ઉજવવા માટે, મરપસો કાઢવામાં આવતાં ત્રણ બહેનો ગિરફતાર થયાં હતાં. કમારો મકુસાબહેન

અબ્બાસભાઇ મારાભાઇને છુટ્ટા મેજીસ્ટ્રેટે એવા પ્રકારનો હુકમ કર્યો છે કે અમદાવાદ શહેરની તેમજ મરકતી કાપડ મારકીટની હદમાં તેમણે . પ્રવેશવુ નહિ અને સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લેવો નહિ

વીરમગામ તાલુકાનાં દેત્રોજ ગામે પત્રિકા વેચતા શ્રીમતી મણીબહેન પટેલ અને શ્રીમતી માલતીબહેન ચકવર્તી ને ગિરફતાર કર્યાં હતા તેમને ૩ા માસ સખ્ત કેદની સજા થઇ છે. બીજે દિવસે પકડાયલા બે બહેનો શ્રીમતી સ્વામબહેન મહેતા અને શ્રીમતી ચકકળા બહેનને પોલીસે ખોટી મૂકી

હતાં. વામજા ગામમાં ખજવદન કરાવતાં મરમુખત્યાર શ્રીમતી હરિબહેન પરેખને પકડવા કર્યા હતાં.

બીજી બારાવાસ દિને સુરતમાં ચોકીકરતાં પકડાયલા ૬૮માં સરસુખત્યાર શ્રીમતી સુરજ બહેન ચુનીલાલ મહેતા, શ્રીમતી દેવાબહેન પટેલ, શ્રીમતી લાલીબહેન હાસજીભાઇ, શ્રીમતી જેનીબહેન, શ્રીમતી દાનાબહેન કુમારી દક્ષરીબહેન ને એક એક વર્ષ સખ્ત કેદની સજા થઇ છે.

બંગાળઃ

કલકત્તામાં ગાંધીદિનને અંગે શ્રીમતી દક્ષબાલા દત્ત અને શ્રીમતી સરોજિની દેવીને ગિરફતાર કરી ૬ માસ સખ્ત કેદની સજા કરી છે

જલપૈગુરી ખાતે કુમારી સુકુમારી નામની એક વિદ્યાર્થીનીને બંગાળના વટહુકમ પ્રમાણે ગિરફતાર કર્યા છે.

મનાઇ હુકમનો ભંગ કરી અરપૂસ્યતા નિવારણની સભામાં હાજરી આપવા માટે જીઆગંજ ખાતે શ્રીમતી મૃણાલીની દેવીને ગિરફતાર કર્યાં છે.

સર એલ્ફ્રેડ વાટસન ઉપર હલ્લો કરવા માટે ગિરફતાર થએલાં કુમારી ઇન્દુસુધા ઘોષને મેજીસ્ટ્રેટે નિર્દોષ ફરાવી છોડી મૂકતા, બંગાળના વટહુકમ પ્રમાણે તેમને પાછાં પકડયા છે.

મધ્યપ્રાંત-સંયુક્તપ્રાંતઃ

મધ્યપ્રાંત હિન્દુસ્તાની અને મહાસભાના ૧૪ જીલ્લાઓના સરસુખત્યારોની પરિષદ ભરાતા જબલપુરમાં એક બહેન ગિરફતાર થયાં છે.

લખનૌખાતે મળેલી સરસુખત્યારોની પરિષદમાંથી શ્રીમતી નદીદેવી અને શ્રીમતી મૂલાદેવી બે બહેનો પકડાયાં હતાં.

ઉનાવમા શ્રીમતી શ્યામકુમારી દેવીને અદાલતમાં મહાસભાના પોકાર કરવા માટે ગિરફતાર કર્યાં હતાં

દિલ્હીઃ

ગાંધીદિનને અંગે સરઘસ કાઢવામાં આવતાં ૪ બહેનોને ગિરફતાર કરી સરઘસ વિખેરા નાંખ્યું હતું. સાંજે કોમ્મિક પત્રિકા વહેંચવા માટે એક બહેનને ગિરફતાર કર્યાં હતાં. તેમને ત્રણ માસ સખ્ત કેદ રૂા. ૫૦ના દંડની સજા થઇ છે

બીહાર-ઓરીસા

કટકના આગેવાન કાર્યકર શ્રીમતી માલતીદેવીને પાંચ માસ સખ્ત કેદની સજા થઇ હતી ગાંધીદિનને અંગે પટણા ખાતે બે બહેનો શ્રીમતી જગદંબાદેવી અને શ્રીમતી કૌશલ્યાદેવી ગિરફતાર થયાં હતાં. તેમને ત્રણ માસ સખ્ત કેદની સજા થઇ હતી.

મદ્રાસઃ

ગંતુરમાં આન્ધ્રના સરસુખત્યારોની પરિષદમાંથી પકડાયલાં ત્રણ બહેનોમાંથી બે બહેનોને એક વર્ષ સાદી કેદ રૂા ૨૦૦૦ દંડની અને એક બહેનને રૂા ૨૦૦૦ના દંડની સજા કરી છે. [૨૬-૧-૩૩



નોંધ

અખિલ ભારતીય મહિલા પરિષદનું સાતમું અધિવેશન ગીસેમ્બરની છઠ્ઠનો પરિષદ આખરે છઠ્ઠી તારીખે ભરાયું હતું અને રીતે

એ અધિવેશન મહત્વનું ગણી શકાય એમ છે પરિષદની પ્રેરણા લીધી પ્રથમ ભણેલી આયરીશ સન્નારી શ્રીમતી મારગેરેટ કઝીન્સને થઈ હતી અને તેથી આજે પરિષદ છવ્વીસ વરસની થઈ છે દેશની સામાજીક અને કેળવણી વિષયક પ્રવૃત્તિમાં એ સરવાળું ગૌરવભર્યું સ્થાન છે અને રાજકીય વિચારોમાં પણ પરિષદના વિચારો આખાં હિન્દની મહિલાઓનાં વિચારોનાં પ્રતિનિધિત્વવાળા લેખી શકાય એવું અને એટલું મહત્વનું સ્થાન પરિષદે મેળવી લીધું છે દિવસે દિવસે પરિષદમાં હિન્દની મહિલાઓ વધુ રસ લેતી જાય છે અને આ વખતે લગભગ ૨૦૦ જેટલાં પ્રતિનિધિ બહેનોએ પરિષદમાં હાજરી આપી એ ઉપરથી પણ આકાલ્પના કરી શકાય એમ છે વળી પરિષદમાં મુકાયલા ઠરાવો ઉપર બહેનોએ આંખણી લઈ, કરી મુકે મોટે સંમતિ ન આપતાં એ ઠરાવો રસપૂર્વક ચર્ચ્યા છે અને પોતપોતાનું મંતવ્ય રજુ કર્યું છે એ પણ આબતવાળા ચિહ્ન કહી શકાય પરિષદના ઠરાવોમાં કેટલા ખરેખર મહત્વના છે અને એવા ઠરાવો સારી રીતે ચર્ચા લેવા ઉપર નિર્ણય કરવામાં પરિષદે ઉપયોગી કાર્ય કર્યું છે પરિષદનો સમારાન્ભ લગભગ રાત્રે બારેક વાગ્યે પૂરો થયો છે તે ઉપરથી તેમજ પરિષદનાં પ્રમુખ શ્રીમતી વિજયાબહેન નીલકંઠે પરિષદનાં સરવાળો આપ્યાં છે તે ઉપરથી પરિષદનું અધિવેશન સફળ થયાનું માનવું છે એમ અમને લાગે છે

પરિષદનાં પ્રમુખ તરીકે ગુજરાતનાં અગ્રણીય સેવકોની અને આગેવાન સન્નારી શ્રીમતી વેદા વિજયાબહેન નીલકંઠની ચુંટણી થઈ, તે માટે ગુજરાતે ખરેખર ગૌરવ લેવું ઘટે છે શ્રી. વિજયાબહેને ગુજરાતનાં સામાજીક જીવનમાં જે સેવાકાર્યો અત્યાર સુધી આપ્યાં છે, તે તેમને સમસ્ત ગુજરાતી સ્ત્રીઓનાં પ્રતિનિધિ તરીકે ઠરાવવા પૂરતાં છે સમાજ સેવા, સ્ત્રી શિક્ષણ, તેમજ સાહિત્યની બાબતમાં શ્રી વિજયાબહેને આપેલો ફાળો કહિમ છે અને કોઈ પણ ગુજરાતીને ગૌરવ આપે એવો છે શ્રી. વિજયાબહેન સમસ્ત ગુજરાતની સ્ત્રીઓનાં પ્રતિનિધિ તરીકે આખી દુનીયાની પરિષદમાં વિજય થો એવી તેમની સેવાઓ છે અખિલ ભારતીય મહિલા પરિષદે તેમને પોતાના પ્રમુખસ્થાને બેસાડી, સમસ્ત હિન્દની મહિલાઓનાં પ્રતિનિધિ તરીકે તેને ઉચિત રીતે સ્થાન આપ્યું છે તેમને પ્રમુખ સ્થાને ચુંટવામાં મતદારમંડળોએ અપૂર્વ ડહાપણ અને વિવેક બુદ્ધિ વાપરી છે, એમ અમે બેધડક કહી શકીએ છીએ. શ્રી વિજયાબહેનને આ સ્થાન આપી પરિષદે ગુજરાતની મહિલાઓનું ગૌરવ કર્યું છે, એમ અમને લાગે છે શ્રી. વિજયાબહેનની સેવાઓનો પરિચય કરાવવો એમ અમારો વિનંતિથી, તેમના સતત સમર્પણમાં રહેલા જીવંત ઝરણાનો ઉલ્લેખ કરી આપ્યો છે તે તરફ અમે સર્વનાં ધ્યાન ખેંચીએ છીએ અને પૂ. વિજયાબહેનનો, ઉચિતોચિત પરિષદ કરવા બદલ 'બેનો માટે અમે શ્રી હીરાબહેનનો તથા શ્રી આ. કૃષ્ણલાલભાઈનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. પૂ. વિજયાબહેનનાં જીવનમાં જેની ખોટ વર્તાય છે, તે જે ગુજરાતની મહિલાઓને અનેક રીતે માર્ગદર્શક થાય તેથી અમે આ પ્રસંગે શ્રી વિજયાબહેનને આત્મજીવન લખવા અત્યંત આગ્રહભરી વિનંતિ કરીએ છીએ. કેટલાંક જો વાર આપી સૂચના અમે કરી હતી તેનું અને સ્મરણ કરાવી અમે શ્રી. વિજયાબહેનને 'આત્મજીવન' લખવા ફરી આગ્રહ કરીએ છીએ.'

શ્રી વિદ્યાબહેનનું ભાષણ

શ્રી વિદ્યાબહેને પ્રમુખ સ્થાનેથી કરેલું ભાષણ ભારતીય મહિલાઓના કૂટ પ્રશ્નોની તાત્વિક ચર્ચા કરે છે એ ભાષણમાં ભારતીય મહિલાઓના જીવનને સ્પર્શતા એકેએક પ્રશ્નની ચર્ચા ઘણી બુદ્ધિમત્તા ભરી રીતે થઇ છે અને જ્યાં ત્યાં એ પ્રશ્નોના ઉકેલ માટે વ્યવહાર માર્ગ પણ સૂચવ્યા છે. સ્ત્રીઓમાં પ્રવર્તી રહેલી ભયંકર નિરક્ષરતા દૂર કરવા સંબંધમાં તેમણે સૂચવેલા વિચારો ઘણી રીતે મનનીય છે એટલું જ નહિ પણ દરેક શિક્ષિત સ્ત્રી પુરૂષે એ અમલમાં મૂકવા જેવા છે શ્રી વિદ્યાબહેન યોગ્યજ રીતે સૂચવે છે કે "દરેક શિક્ષિત માણસે ફુરસદના સમયમાં પોતાનાથી બની શકે તેટલા માણસોને અક્ષરજ્ઞાન આપવાની પોતાની ફરજ સમજવી જોઇએ" શિક્ષિત બહેનોને માટે એ વિશિષ્ટ ફરજ છે શિક્ષિત બહેનો જો માત્ર રોજના એક કલાક જેટલો સમય ફાજલ પાડી નિરક્ષર બહેનોની ચોકસ સંખ્યાને અક્ષરજ્ઞાન આપવાનું કાર્ય ઉપાડે તો પાંચ વર્ષમાં તો સારી સરખી સંખ્યા અક્ષરજ્ઞાન મેળવવા સાધનશાળી થઇ જાય ડીસેમ્બરના અંકમાં જ અમે આ વિષય ઉપર લખી ગયા છીએ એટલે એ વિષય ઉપર વધુ પુનરાવર્તન ન કરતા અમે તે તરફ અમારા વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ આપણી શિક્ષણ પ્રથામાં જે ક્ષતિઓ છે, ખાસ કરીને સ્ત્રીઓને માટે, તે તરફ શ્રી. વિદ્યાબહેને ઘણી યોગ્ય રીતે ધ્યાન ખેચ્યું છે અને તેમણે શિક્ષણનાં વાહન તરીકે પ્રાંતીય ભાષાને સ્થાને અંગ્રેજી ભાષાનો ઉપયોગ થતા સામે જે વાંધો દર્શાવ્યો છે તે તદ્દન વ્યાજબી છે અમે પણ એમ માનીએ છીએ કે, બહેનોને ઉચ્ચતર કેળવણી લેવામાં જે કાંઇ ખાસ બાધ નડતો હોય તો 'તે અંગ્રેજી દ્વારા શિક્ષણ અપાય તેવી પ્રથાનો છે સંગીત, ચિત્રકળા અને ગૃહવિજ્ઞાન જેવા વિષયોને યુનિવર્સીટીના અભ્યાસક્રમમાં સ્થાન મળવું જોઇએ એની તેમણે કરેલી માગણી કોઇને પણ વાજબી લાગ્યા વિના નહિ રહે વળી, અત્યારે અપાતા શિક્ષણને અંગે શિક્ષિત વર્ગ નોકરીની ગુલામી કરવાથી કાંઇ આગળ વધી શકતો નથી તે તરફ પણ શ્રી વિદ્યાબહેનનું ધ્યાન ખેંચાયું છે અને તેથી સ્વતંત્ર રીતે જીવનનિર્વાહ ચલાવવાની શક્તિ તે માટે ઔદ્યોગિક શાળાઓની તેમણે અગત્ય દર્શાવી છે. શિક્ષણ-પ્રથામાં રહેલી આ ખામીઓ નિવારવા માટે યુનિવર્સીટીમાં સખ્ત પ્રવૃત્તિ ચલાવવાની જરૂર છે. સામાજીક સુધારાઓમા, બાલલગ્ન પ્રતિબંધક કાયદામાં રહેલી ખામીનો ઉલ્લેખ તેમણે કર્યો છે તે ખરેખર વિચારવા જેવો છે, અને બની શકે તેટલી ઉતાવળે એ ખામી દૂર કરવાનો પ્રયત્ન કરવાની જરૂર છે આજે બાલલગ્ન થયા પછી, માત્ર તે કરાવનારને દંડની સજા થાય છે પણ એ દંડ ભરીને પણ એવાં લગ્ન કરવાની વૃત્તિ દેખાય છે. આમ, બાલલગ્ન પ્રતિબંધક કાયદા પાછળ જે હેતુ રહ્યો છે તે સરતો નથી. સ્ત્રીઓના વારસાહક અને છૂટાછેડા ની જરૂરીઆત જણાવતી સૂચનાઓ પણ વિચારણા માગી લે છે. આમ સમસ્ત હિન્દનાં સ્ત્રી જીવનને સ્પર્શતા અનેક વિષયોને શ્રી વિદ્યાબહેને તેમનાં ભાષણમાં ઘણી અસરકારક રીતે ગણી લીધા છે. અને તેમણે કરેલી દલીલો કાંઇ પણ સમજી માણસના મનમાં ઠસી જાય એટલી છે આખુંય ભાષણ મહત્વનું છે તેમજ મનનીય છે અને ભારતીય મહિલાઓના પ્રશ્નોના ઉકેલમાં એ ભાષણમાંથી વિચાર સરણી ઘણી કુપયોગી થઇ પડશે એમ અમને લાગે છે ભારતીય મહિલાઓના કૂટ પ્રશ્નો છે એટલે જુનવાણી મહિલાઓની ઉન્નતિમાં રસ લેનાર દરેક એ વિચારો ઉપર મનન કરો, એ દિશામાં કામ કરવાની અત્યંત જરૂર હોવાનું અમને લાગે છે.

પરિષદો ઠરાવો

પરિષદે પસાર કરેલા ઠરાવોમાં અત્યંત મહત્વના ઠરાવો, સ્ત્રીઓના મતાધિકાર, કોમી મુકદ્દો, સ્ત્રીઓના વારસા હક્ક, છૂટાછેડા, અને સંતતિ નિયમનને લગતા છે. એ ઠરાવ ઉપર પરિષદમાં વિવેચનો પણ થયા હતા એટલે બરાબર સમજીને એ પસાર થયાનું કોઇ માનવાની ભૂલ કરે ! આમા સ્ત્રીઓના મતાધિકારને લગતો ઠરાવ સર્વાનુમતે પસાર થયો છે. પરિષદ, કોમી મુકદ્દામાં ના વડાપ્રધાને સ્ત્રીઓને જુદા મતદાર મંડળ આપવાનો અને ખાસ પ્રતિનિધિત્વ આપવાની યોજના કરી છે તેનો સખ્ત રીતે તેમજ ઉચિત રીતે વિરોધ કર્યો છે સ્ત્રીઓનું આ વલણ મૂળથીજ છે, છતાં, એ વલણને યોગ્ય રીતે વ્યક્ત આપવામા આવ્યું નથી એ દોષની

વાત છે પરિષદે શરૂઆતથી આવી રીતનું વલણ રાખ્યું હતું; છતાં ના વડાપ્રધાને આખાં હિન્દની મહિલાઓમા પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાના વિચારને અવગણ્યો છે, એ કોઇ પણ રીતે ઉચિત થયું નથી.. સ્ત્રીઓ, હમેશાં અલગ મતદાર મંડળનો વિરોધ કરશે. આ ઠરાવ સર્વાનુમતે ન થઇ શક્યો એ ખેદની વાત છે ચાર મુસ્લિમ બહેનોએ એ ઠરાવનો વિરોધ કર્યો એ યોગ્ય નથી થયું, છતાં એ બહેનોએ સ્વતંત્ર રીતે પોતાના વિચારો દર્શાવ્યા તે અભિનંદનને યોગ્ય છે સ્ત્રીઓના વારસા હકને લગતા સુધારા કાયદામા થવાની આવશ્યકતા તરફ અત્યાર અગાઉ બાર મૂકાઇ ગયો છે બીજો મહત્વનો પ્રશ્ન પુરાણેડાના કાયદાને લગતો છે પુરાણેડાના હકની માત્રથી થતા ઘણા હિન્દુ સમાજનું સત્યાનાશ વળી જવાની કલ્પના અને આશાથી કરવા જેવી નથી છે તેઓ સાચી પરિસ્થિતિ સમજતા હોય એમ અમને લાગતું નથી પુરા છેડાનો કાયદો થયો એટલે પરણનાર કન્યા જરા જરામા પુરાણેડા લેવા દોડી જશે, એવી માન્યતા કેટલાકો ધરાવે છે તે બિલકુલ ખોટી છે આ ઠરાવનું સ્પષ્ટીકરણ કરતા શ્રીમતી વિદ્યાબહેને તેમના સંસ્મરણોમાં યોગ્યજ કહ્યું છે કે " એ કાયદો પસાર થાય તો ખરો કે દરેક હિન્દુ તે વિરુદ્ધ કરવા માટેજ કરવાનું હોય એમ ભ્રાન્તિ ઘણાને છે અતિ દુઃખદ સંજોગોમા જ્યા વિવાહિત રહેવાથી બંને પક્ષ એક બીજાથી મુક્ત થાય તેમાંજ બંનેનું હિત છે એમ તેમને જણાયતો અને તે પણ તેમની ઇચ્છા હોત તોજ એ કાયદાનો લાભ લઇ શકાય એવી છૂટનો કાયદો કોઇ પણ સુધરેલી પ્રજામાં હોવો આવશ્યક છે " અમને લાગે છે કે શ્રીમતી વિદ્યાબહેને કરેલી ચોખવટ દરેક સમજુ માણસને માન્ય થાય એવી છે અને આપો બધુ સ્પષ્ટીકરણની કાંઇ જરૂર હોય એમ અમને લાગતું નથી પતિને જરાજરા સરખા કારણે પણ પત્નીને કાઢી મુકવાની છૂટ હોય છે જ્યારે ઘણે તેવા દુઃખદ સંજોગોમા પણ પત્નીએ તો પતિને જ વળગી રહેવું જોઇએ; આવી પરિસ્થિતિ ઘણી અન્યાય કર્તા છે હિન્દુ સમાજમાં દિનપ્રતિદિન બનતા જતા બનાવો આવા કાયદાની અગત્ય ભારપૂર્વક જણાવે છે પુનર્લગ્નની વિધવાને છૂટ અપાવાથી દરેક વિધવા પુનર્લગ્ન કરવા દોડી જતી નથી, તેમ પુરાણેડાની છૂટ મળવાથી કાંઇ જરા સરખા નજીવા કારણે પત્નો પુરાણેડા લેવા દોડી જવાની નથી એની અમને તો ખાતરી છે અલબત્ત પુરૂષો અત્યારે જે રીતે સ્ત્રીઓને અન્યાય કરે છે તે સામે સ્ત્રીઓને આવાં કાયદાનું રક્ષણ મળવાની જરૂર છે. અમને તો ખાત્રી છે કે પુરૂષો અત્યારે પોતાને મળતી છૂટનો ઉપયોગ કરે છે તેના કરતાં ઘણા ઓછાં પ્રમાણમાં સ્ત્રીઓ એ છૂટનો ઉપયોગ કરશે. બીજો મહત્વનો ઠરાવ સંતતિ નિયમનનો છે અને તેના ઉપર આજ અંકમાં શ્રી વિદ્યાબહેન, શ્રીમતી તારાબહેન, તેમજ શ્રીમતી હંસાબહેને યોગ્ય રીતે ચર્ચા કરી છે અને એ ઠરાવની ઉપયોગીતા સમજવી છે એટલે અમે એનાં વધુ પિષ્ટ પેષણમાં ઉતરતા નથી એટલી વાત ચોક્કસ છે કે સંતતિ નિયમન માટે સંયમનો ઉપદેશ આપનારાઓમાથી ઘણા ઓછા એનો સફળતાથી આચારમા મૂકી શકતા હશે ! આ ઉપરાંત પરિષદે બીજા પણ ઘણા ઠરાવો કર્યા છે અને એ સર્વ ઠરાવોનો અમલ સારી રીતે થાય એવો પ્રયત્ન પરિષદ તરફથી સતત થાય એવી અમે આશા રાખીએ છીએ. પરિષદ એ ઠરાવો ઉપર સક્રિય કાર્ય કરે એમ અમે આગ્રહપૂર્વક જણાવીશું

મુંબઇની મ્યુનિસિપાલ શાળાઓના સુપરિન્ટેન્ડેન્ટના પદ ઉપરથી શ્રી શિક્ષણના પ્રેમી જાણીતા શિક્ષણપ્રેમી શ્રી. અંજારીઆ. શ્રી હિમ્મતલાલ ગજેન્દ્રલાલ અંજારિયા નિવૃત્ત થયા છે શ્રી અંજારિયાએ શિક્ષણને પોતાનો ખાસ વિષય બનાવેલો છે અને તેથી શિક્ષણના ક્ષેત્રમા તેમની સેવાઓ નોંધવા જેવી છે શ્રીશિક્ષણ તરફ તેમને ખાસ પ્રેમ છે એ તેમની જુદી જુદી પ્રવૃત્તિઓ જણાઇ આવ્યા વિના રહેતું નથી મુંબઇના શ્રી ગુજરાતી હિન્દુ ગૃહસ્થોની શ્રીશિક્ષણ પ્રવૃત્તિમાં શ્રી. અંજારિયાનો ફાળો ઘણો મોટો છે ઉપરાંત વનિતાવિશ્રામનું શ્રીશિક્ષણ કાર્ય પણ તેમની સેવાઓ મેળવી શક્યુ છે અને હવે શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠની મુંબઇની કોલેજના આચાર્ય પદેથી તેમણે કરેલી સેવાઓ પણ ખાસ ઉલ્લેખવા જેવી છે અને એમની સેવાનું વિશિષ્ટ લક્ષણ તેઓ નિસ્વાર્થ ભાવે, આનંદ એ સેવા કરી રહ્યા છે એ છે અમે શ્રી અંજારિયાને એમની આવી સદ્પ્રવૃત્તિ માટે અભિનંદન આપીએ છીએ; અને શ્રી શિક્ષણના ક્ષેત્રમાં તેઓ હજુય ઘણાની સેવા લાંબો આપી શકે તે માટે ઇશ્વર તેમને દીર્ઘાયુષ્ય બક્ષે એમ અમે ઇચ્છીએ છીએ.

ગ્રાહકોને સૂચના.

૧. ' ગુણસુન્દરી ' દર અંગ્રેજી મહિનાની ૧લી તારીખે પ્રકટ થાય છે અને ગ્રાહકોને આગલે દિવસે યા તેજ દિવસે પોષ્ટ કરવામા આવે છે. આ કારણે દરેક ગ્રાહકને પોતાની નકલ દર મહિનાની પમી તારીખ સુધીમાં જરૂર રાણી જવી જોઇએ. એ પ્રમાણે મળવામાં વિલંબ થાય તો પોષ્ટ ખાતામાં તપાસ કરવા વિનતિ છે. જો એ તપાસને અંતે અંકની નકલ ન મળે તો કાર્યાલયને એ સંબંધી ફરિયાદ **તા. ૧૦મી** સુધીમાં લખી જણાવવી. તે પછી મળતી ફરિયાદ દૂર કરવાની જવાબદારી વ્યવસ્થાપકને શિર રહેતી નથી. ફરિયાદ કાર્યાલયનેજ કરવી. ફરિયાદ દૂર કરવાનો એજન્ટોને હક્ક નથી.

૨. ગ્રાહકોએ કાર્યાલય સાથે પત્રવ્યવહાર ' વ્યવસ્થાપક "ગુણસુન્દરી" ૧૧૪, ગીરગામ બેક રોડ, મુંબાઇ નં ૪ " ને સરનામે કરવો.

૩ એ પત્ર વ્યવહારમાં ગ્રાહકોએ પોતાનાં પુરાં નામઠામ ઉપરાત, **પોતાનો ગ્રાહક નંબર જરૂર જણાવવો જોઇએ.** દરેક ગ્રાહકનો નંબર રેપર પર નામની પાસે જમણી બાજુ છાપેલો યા લખેલો હોય છે. એ નંબર નહિ જણાયો તો કાર્યાલયને વેળાસર અને સંતોષકારક ઉત્તર મળવામાં યા પત્રમાં કરેલી ફરિયાદ દૂર કરવામાં ઢીલ થવાનો સંભવ છે.

૪. સરનામું બદલવામાં ઇચ્છનાર ગ્રાહકે આગલા મહિનાની તા. ૨૫ સુધીમા ખબર આપવી જોઇએ, જેથી મોડી મળતી સુચનાનો અમલ તેજ મહિને નહિ, પણ બીજે મહિને થશે.

૫. નમૂનાની નકલ વિના મૂલ્ય નથી મોકલાતી. જે અંક નમુના તરીકે જોઇતો હોય તેની કીંમતના પોષ્ટલ સ્ટેમ્પસ મોકલી આપવા.

૬. કોઇ પણ પ્રકારના પત્રવ્યવહારનો જવાબ જોઇતો હોય તો રીપ્લાય કાર્ડ લખવો યા પોસ્ટેજ મોકલવુ.

વ્યવસ્થાપક "ગુણસુન્દરી" કાર્યાલય, ૧૧૪, ગીરગામ બેક રોડ, મુંબાઇ, નં. ૪.

સ્વ. કવિ બોટાદકરે રચેલાં કાવ્યોનાં ચાર સુંદર સંગ્રહ

૧ કલ્લોલિની . મુલ્ય : ૦–૧૨–૦ પોષ્ટેજ: ૦–૧–૬

૨ નિર્ઝરિણી : " "

૩ સ્રોતસ્વિની : " "

૪ શૈવલિની : મુલ્ય : ૧–૦–૦ પોષ્ટેજ. ૦–૨–૦

ચારે પુસ્તકો સાથે લેનારને રૂ. ૩–૦–૦માં ફેર મોકલાં

વ્યવસ્થાપક "ગુણસુંદરી" ૧૧૪, ગીરગામ બેક રોડ, મુંબાઇ, ૪

Registered No B. 1776

પૂર્ણ સંખ્યા : ૧૧૪] મહિલા-પરિષદ અંક [ફેબ્રુઆરી : ૧૯૩૩

જ્યોતિ

અને સ્ત્રીહિતોપદેશ



પુ. ૧૯ અંક ૬

કાર્યાલય
૧૧૪, ગીરગામ બેકરોડ
મુંબઇ ૪.

નવી જ્યોતિ નાટકો

વધુનવી ચલચિત્ર કથાઓ

લવાજમ હિંદમાં : ૩ ૪-૪-૦] છુટક નકલ : બાર આના [પરદેશ ૧૦ શીલીંગ

‘ ગુણસુન્દરી ” કાર્યાલયમાં મળતાં સુંદર પુસ્તકો

હાસ્યરસિક અને વાર્તા સાહિત્ય

૧ વર્માની વિવિધ વાર્તાઓ	“ગુણસુન્દરી”ના તંત્રી રા॰ જયકૃષ્ણ વર્માની	૧૨ સામાજીક-હાસ્યરસિક વાર્તાઓ-સુંદર ચિત્રો સાથે	મૂ ૩ ૨-૦-૦ પો ૩ ૦-૩-૦
૨ લક્ષ્મીની સાડી	”	આઠ સામાજીક વાર્તાઓ ૧૧ આકર્ષક ચિત્રો	મૂ ૩ ૦ ૧૨-૦ પો ૩. ૦-૨-૬
૩ સોળ સુંદર વાર્તાઓ (ભાગ બીજો)	રા॰ લેખાણી, રા॰ નગીરદાર રા॰ રાયચુરા, રા॰ દેસાઇ વિ.	ગુજરાતના વિવિધ લેખકોની સોળ સુંદર ટુંકી વાર્તાઓ	મૂ ૩ ૧-૪-૦ પો ૩ ૦-૨-૬
૪ ઈર્ષ્યાની આગ	કપની સરકારના સમયના હિંદનો ચિતાર આપતી	શ્રી પીયૂષની લખેલી અદ્‌ભુત પ્રેમકથા	મૂ ૩ ૧ ૦-૦ પો. ૩ ૦-૨-૬
૫ તૂટેલાં બંધન	કવિવર રવીન્દ્રનાથ ટાગોરની	સુંદર સામાજીક નવલકથા	મૂ ૩ ૦-૮-૦ પો ૩ ૦-૧-૬
૬ જાલીમ જલ્લાદ	હિંદની અત્યારની રાજકીય સ્થિતિ ચર્વતું	શ્રી અંબાલાલ શાહનું રસભર્યું	મૂ ૩ ૦-૧૨-૦ નાટક પો ૩ ૦-૧-૩
૭ હાથીના દાંત	રા॰ પુરૂષોતમ ત્રીકમદાસે યરોડા જેલમા લખેલ	અતીતિમાન પતિની પત્નીને યોગ્ય માર્ગ દાખવતું નાટક	મૂ ૩ ૧-૦-૦ પો ૩ ૦-૧-૦
૮ ન્યાય	રા॰ પુરૂષોતમ ત્રીકમદાસ બેરીસ્ટર-એટ-લો એ રચેલું	સમાજના ન્યાયનો સુંદર ચિતાર આપતું નાટક	મૂ ૩ ૦-૧૨-૦ પો. ૩ ૦-૧-૦
૯ એક લાખનું ઈનામ	શ્રી નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી રચિત	ડીટેકટીવ વાર્તાઓનો સુંદર સંગ્રહ	મૂ ૩ ૦-૮-૦ પો ૩ ૦-૧-૦

ખાસ લાભ “ ગુણસુન્દરી ”ના ગ્રાહકોને આ પુસ્તકો ૨૦ ટકા વળતરથી અપાશે.

મળવાનાં ઠેકાણાં

વ્યવસ્થાપક “ગુણસુન્દરી”, ૧૧૪, ગીરગામ એક રોડ, મુંબાઇ, ૪;

અને જાણીતા બુકસેલરો પાસેથી.

Regutered No. B. 1776

પૂર્ણ સંખ્યા : ૧૧૫]

બાલક અંક

[માર્ચ: ૧૯૩૩

ગુજરાતી

અને સ્ત્રીહિતોપદેશ



પુ. ૨૦

અંક ૧

કાર્યાલય
૧૧૪, ગીરગામ બેકરોડ.
મુબઇ ૪.

તંત્રી:
જયકૃષ્ણ ના. વર્મા.

વ્યવસ્થાપક:
ચકોર. કૃ. શુકલ

વાર્ષિક લવાજમ: હિંદમાં : ૩ ૪-૪-૦] છુટક નકલ : બાર આના [પરદેશ ૧૦ શીલીંગ

"ગુણસુન્દરી" કાર્યાલયમાં મળતાં સુંદર પુસ્તકો

હાસ્યરસિક અને વાર્તા સાહિત્ય

૧ વર્માની વિવિધ વાર્તાઓ	"ગુણસુન્દરી"ના તંત્રી રા. જયકૃષ્ણ વર્માની	૧૨ સામાજીક-હાસ્યરસિક વાર્તાઓ–સુંદર ચિત્રો સાથે	ભા. ૩ પો. ૩	૨-૦-૦ ૦-૩-૦
૨ લક્ષ્મીની સાડી	"	આઠ સામાજીક વાર્તાઓ ૧૧ આકર્ષક ચિત્રો	ભા. ૩ પો. ૩.	૦-૧૨-૦ ૦-૨-૬
૩ સોળ સુંદર વાર્તાઓ (ભાગ બીજો)	રા. લેખાણી, રા. નગીરદાર રા. રાયચુરા, રા. દેસાઇ વિ.	ગુજરાતના વિવિધ લેખકોની સોળ સુંદર ટુંકી વાર્તાઓ	ભા. ૩ પો. ૩.	૧-૪-૦ ૦-૨-૬
૪ ઈર્ષ્યાની આગ	કપની સરકારના સમયના હિંદનો ચિતાર આપતી	શ્રી. પીયૂષની લખેલી અદ્‌ભુત પ્રેમકથા	ભા. ૩ પો. ૩	૧-૦-૦ ૦-૨-૬
૫ તૂટેલાં બંધન	કવિવર રવીન્દ્રનાથ ટાગોરની રચેલી	સુંદર સામાજીક નવલકથા	ભા. ૩ પો. ૩	૦-૮-૦ ૦-૧-૬
૬ જાલીમ જલ્લાદ	હિંદની અત્યારની રાજકીય સ્થિતિ ઉપર	શ્રી અંબાલાલ ગાંધી રસભર્યું	ભા. ૩ નાટક પો. ૩	૦-૧૨-૦ ૦-૧-૦
૭ હાથીના દાંત	રા. પુરૂષોતમ ત્રીકમદાસે વડોદા જેલમા લખેલુ	અનીતિમાન પતિની પત્નીને યોગ્ય ભાન દાખવતુ	ભા. ૩ નાટક પો. ૩	૧-૦-૦ ૦-૧-૦
૮ ન્યાય	રા. પુરૂષોતમ ત્રીકમદાસ બેરીસ્ટર-એટ-લો એ રચેલુ	સમાજના ન્યાયનો સુંદર ચિતાર આપતુ	ભા. ૩ નાટક પો. ૩	૦-૧૨-૦ ૦-૧-૦
૯ એક લાખનું ઈનામ	શ્રી. નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી રચિત	ડીટેકટીવ વાર્તાઓનો સુંદર સંગ્રહ	ભા. ૩ પો. ૩	૦-૮-૦ ૦-૧-૦

ખાસ લાભઃ "ગુણસુન્દરી"ના ગ્રાહકોને આ પુસ્તકો ૨૦ ટકા ખોતરથી અપાશે.

મળવાનાં ઠેકાણાં

વ્યવસ્થાપક "ગુણસુન્દરી", ૧૧૪, ગીરગામ બેક રોડ, મુંબાઇ, ૪;

અને જણીતા બુકસેલરો પાસેથી.


CROWN Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમીનીઅમના વાસણો

પ્રમાણભુત ચોખ્ખા એલ્યુમીનીઅમમાંથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામાં આવે છે.




કેટલાક કરેલાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ ગપગોળા હાંકે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે "

પરંતુ

વિદ્વાન મહાન રસાયણ શાસ્ત્રી—
આચાર્ય પ્રફુલ્લચંદ્રરાય શું કહે છે ?
'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયાં મારા ઘરમાં હું એલ્યુમીનીયમના વાસણો વાપરૂં છું. રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી. ઉલટું મારી વાત એ છે કે ત્રાંબા પિત્તળના વાસણો કરતાં આ વાસણો વધુ સલવડ ભર્યા છે
પી. સી. રાય.

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

કારખાના તથા શાખા
હેડ ઑફીસ ૧૧ કલાઈવ સ્ટ્રીટ કલકત્તા. કલકત્તા. મુબાઈ મદ્રાસ. રંગુન.



" આ કુંવરીને શું થયું હશે ? " (પૃ ૨૦)
(બનાવટી રાજકુંવરી)



ગુણસુંદરી

અને સ્ત્રીહિતોપદેશ

પુસ્તક ૨૦ મું] માર્ચ ૧૯૩૩ [અંક ૧ લો

: : સમપદી : :

[લીમપલાસ]

૧

આ મંગલમય કુંકુમચરણે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા-મંત્ર ભણે—
"જીવન-સાથી, થાવા મહાતી,
"સુખ દુઃખના સંસાર રણે: "—આ૦

૨

આ મંગલમય કુંકુમચરણે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા બીજું ભણે—
"કુળની કુંજે, સેવા ગૂંજે,
"ચંદન 'સેવિકા'-સ્મરણે "—આ૦

૩

આ મંગલમય કુંકુમચરણે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા ત્રીજું ભણે:—
"મધુર સિતારી શી સુખકારી,
"રત રહું પતિભક્તિ રમણે "—આ૦

૪

આ મંગલમય કુંકુમચરણે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા ચોથી ભણેઃ—
" શિયળ ઉજાળુ, આજ્ઞા પાળુ,
" પ્રીતમના પ્રેમલ વરણેઃ "—આ૦

૫

આ મંગલમય કુંકુમપગલે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા પંચમ લેઃ—
" ઋતુપાવન થઇ, કેલિક્રીડા ચલી,
" ખેલીશ કંથશુ રસલરણે· "—આ૦

૬

આ મંગલમય કુંકુમચરણે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા છઠ્ઠી ભણેઃ—
" દંપતીયને-પ્રભુ આ લગ્ને,
" સાક્ષી સદા હો આપણનેઃ "—આ૦

૭

આ મંગલમય કુંકુમપગલે,
ગૃહરેવિ પ્રતિજ્ઞા સપ્તમ લેઃ—
" વ્રત પુણ્ય ધર્મે, નીતિમય કર્મે,
" સહાયક છું હરલે હરણેઃ "—આ૦

* * *

ગૃહરેવિ પ્રતિજ્ઞા - મંત્ર ભણે,
તવ પતિકરનો તંબુર રણકેઃ—
" લક્ષપ્રતિની ! જીવનસખિરી !
સત્કાર્ય કૃતિ—મન—વચને "—આ૦

કેશવ હ. શેઠ

રાય બહાદુર મુનશી રમાનાથ ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ થઈ જશો. તમારે અમારો આભાર માનવો જોઈએ; તમે તો ઉલટા ખફા થઈ રહ્યા છો. "

આ પ્રલોભનની રમાનાથ ઉપર કાંઈ અસર થઈ નહિ. તે બોલ્યો " મને કારકૂન બનવાનું કબૂલ છે, આવા પ્રકારની લહેર મારે નથી જોઈતી એ આપનેજ મુબારક હો."

એટલામાં ડેપ્યુટી સાહેબ અને ઇન્સ્પેક્ટર પણ આવી પહોંચ્યા. રમાનાથને જોઈને ઇન્સ્પેક્ટર સાહેબે કહ્યું. "અમારા બાબૂ સાહેબ તો પહેલાથીજ તૈયાર થઈને બેઠા છે બસ, એમની કામગીરી પર તો બધો આધાર છે."

પોતે પણ પોતાનો નફો તોટો સમજે છે એવા ભાવથી રમાનાથે કહ્યું: " જી હા, આજે બધું બરાબર કરી દઈશ. આટલા દિવસો સુધી તમારા સોદાના ઇસારા ઉપર હું ચાલ્યો. હવે મારી આંખોથી જોઈને ચાલીશ. "

ઇન્સ્પેક્ટરે દારોગાનાં મોઢાં તરફ જોયું અને ડેપ્યુટીએ ઇન્સ્પેક્ટરનાં મોઢાં તરફ જોયું. એ કહે છે શું ? ઇન્સ્પેક્ટર સાહેબ આશ્ચર્ય પામીને બોલ્યા: " વાત શી છે ? સાચેસાચ કહું છું, આપ કાંઈ નારાજ થયા લાગો છો ! "

રમાનાથ " મેં નિશ્ચય કરી લીધો છે; આજે મારી જુબાની બદલી દઈશ બીનગુન્હેગારોના ખૂન મારાથી નહિ થઈ શકે. "

ઇન્સ્પેક્ટરે તેના તરફ દયાભાવથી જોઈને કહ્યું: " તમે બીનગુન્હેગારોનાં ખૂન નથી કરી રહ્યા; તમે તો તમારાં નશીબની બરબાદ કરી રહ્યા છો. હું સાચેસાચ કહું છું. આવો પ્રસંગ ઘણા થોડા માણસોને મળે છે. આજે વાત શી બની છે કે આપ આટલા બધા ખફા થઈ રહ્યા છો ? તમને કાંઈ ખબર છે, દારોગા સાહેબ ? માણસોમાંથી તો કોઇએ ધૃષ્ટતા નથી કરી ને ? જો કોઇએ તમારો મિજાસ જાય એવું કોઇ કામ કર્યું હોય તો તેને ગોળી લગાવી દો. સાચેસાચ કહું છું. "

દારોગો: " હું અત્યારેજ જઈને તપાસ કરું છું. "

રમાનાથ: " આપ તકલીફ ન લો. મારે કોઇની સામે ફરિયાદ નથી કરવાની થોડા ફાયદા માટે હું મારાં ઇમાનનું ખૂન નથી કરી શકતો. "

એક મીનીટ શાન્તિ છવાઇ રહી કોઇને કોઇ વાત નહિ સૂઝી. દારોગો કોઇ બીજી યુક્તિ શોધી રહ્યો હતો, ઇન્સ્પેક્ટર કોઇ બીજું પ્રલોભન શોધી રહ્યા હતા. ડેપ્યુટી એક બીજી જ ફિકરમાં હતા જરા ચીઢાઇને તે બોલ્યા " રમાનાથ બાબુ, આ ઠીક વાત નહિ થાય."

રમાનાથે પણ ગરમ થઈને કહ્યું: "તમારે માટે નહિ હોય. મારે માટે તો સૌથી વધુ સારી એ વાત છે. "

ડેપ્યુટી " નહિ,, આપને વાસ્તે આનાથી બરાબ બીજી કોઇ વાત નથી. 'અમે તમને છોડનાર નથી. અમારો મુકદ્દમો ભલે બગડી જાય, પરતુ અમે તમને એવો પાઠ શિખ વશું કે તમે જીંદગી સુધી નહિ ભૂલો તમે જે જુબાની આપી છે તેજ, તમારે આપવી પડશે. જો તમે કાંઇ ગેરબંડ કરશો, કાંઇપણ ઘોટાળો કરશો તો અમે તમારી સાથે જુદોજ વર્તાવ કરીશું. એક રીપોર્ટ કરતા તમે આમ (ઉપર નીચે કાંડાં રાખીને) ચાલી જશો."

એટલું કહીને તેમણે આંખો કાઢીને રમાનાથ તરફ જોયું; જાણે તેને કાચો ને કાચો ખાઇ જશે. રમાનાથ કંપી ઉઠ્યો. આવા ભયભરેલા શબ્દોએ તેને વિચલિત કરી દીધો. આ લોકો તદ્દન જુઠી મુકદ્દમો ચલાવીને તેને ફસાવી દે તો તેની કોણ રક્ષા કરશે ? વિનય અને શીલનાં પુતળાં જેવી

રહેતા ઉપ્પુરી સાહેબ એક સાથે આવું રૂપ ધારણ કરી: કોણે એવી કોઈ આશા ન હતી પરંતુ તે કંઈ એટલી સહેલાઈથી હતાશ જાય એવો ન હતો.

તે ગરમ થઈને બોલ્યો: "તમે જબરદસ્તીથી મારી પાસે જુબાની અપાવશો?"

ઉપ્પુરીએ પત્ર ઠોકીને કહ્યું: "હા, જબરદસ્તીથી અપાવશું."

રમાનાથ "એ સારી મશ્કરી છે."

ઉપ્પુરી: "તમે પોલીસને દગો દેવાને મશ્કરી સમજો છો! અત્યારે બે સાક્ષી આપીને આખીત કરી શકું એમ છું કે તમે રાજદ્રોહની વાત કરી રહ્યા હતા બસ, સાત વર્ષ માટે ચક્કી પીસતાં પીસતાં કાયમ ઢાસાં પડી જશો. આ લાલ લાલ ગાલ નહિ રહે."

રમાનાથ જોરથી કરતો હતો. જેલજીવનની કલ્પનાથી જ તેનાં રૂંવાં ઉભાં થઈ જતાં હતાં. જેલના જ ભયથી તો તેણે આ જુબાની આપવાનો સ્વીકાર કર્યો હતો. એમ છતાં આ બધાને પણ તેને કમમાવવા લાગ્યો. ઉપ્પુરી ભાવવિજ્ઞાનના જાણકાર હતા. રમાનાથનો ભાવ તે પામી ગયા. તે બોલ્યા "ત્યાં કંઈ હસવા પુરતી નહિ મળે પુળમાં મળેલા લોટની રોટલી; મોભીનાં સડેલાં પાતરાંનો રસો, અને ઝાડની છાજતું પાણી આવા મળશે ખાણી કોટડીમાં ચાર મહિના જતુ પડશું તો ખબર, તમે જમી નહિ શકો. ત્યાંજ મરી જશો. જરા જરામાં વોરંટ આણ રોગ, ભૂતાથી પીડશે તમે સમજો છો કે?"

રમાનાથનો ચહેરો ફીક્કો પડી ગયો. પ્રતિક્ષણે તેનું મોંદી મુખ ભય દોષ એમ માલમ પડતુ હતું. પોતાની દુર્બળતા ઉપર તેને ઝેરની બધી જ્વાલા થઈ રહી પડશે. કપાળે તે બોલ્યો "આપ લોકોની જેવી ઈચ્છા હોય તો અમે એમ માનું! મોકલી દો જેલમાં; મરીજ જવાદો! પછી તો તમારા લોકોના હાથમાંથી મારું જીવન છૂટી જશે. જો તમે ઝેરથી ડરી મુંઝાઈ ને દેવાન કરવા માગો છો તો કું પણ

સ્નેહના વધામણાં

["આવ્યો અષાઢ માટે આવતાં છવાયાં"—એ ઢાળ]

આવ્યો વસન્ત ખીલ્યાં ફુલડાં રસાળા
દેવાનાં દેવને લઇજાતા વસન્તરાજ,
લાવ્યા પ્રીતમ! આજ સ્નેહના વધામણાં.

કોકિલા સુલાવે માન માકડા સુયોગનાં
અદ્‌ભુત સુરથી ભરેલાં વસન્તરાજ,
લાવ્યા પ્રીતમ! આજ સ્નેહના વધામણાં.

રાજના પરાગ આ વિશ્વને સુવાસતા,
નયનોના નેહથી નવાજતા વસન્તરાજ,
લાવ્યા પ્રીતમ! આજ સ્નેહના વધામણાં.

વન વન રહ્યો વાસે વિરહની
સુતેલા સ્નેહને જગાવતી, વસન્તરાજ,
લાવ્યા પ્રીતમ! આજ સ્નેહના વધામણાં.

સુન્દરીના હરતાં સ્વપ્ન ના સમાતા
રોમાંચે ચિત્તડાં ભરેલાં વસન્તરાજ,
લાવ્યા પ્રીતમ! આજ સ્નેહના વધામણાં.

એવો પ્રીતમ એજ કામે ચિન્તવતા,
આવ્યાને આજે વધાર્યા વસન્તરાજ,
લાવ્યા પ્રીતમ! આજ સ્નેહના વધામણાં.

અ.પેરી, ૮-૨-૩૨ પુષ્પા ૨ વકીલ

મરવા તૈયાર છું. જે કાંઇ થવાનું હોય તે થાય. "

તેનું મન દુર્બળતાની એ દશાએ પહોંચ્યું જણ હતું કે જરા સરખી સહાનુભૂતિ, જરા સરખી સહૃદયતા હજારો ધમકીઓથી વધુ કારગત નીવડે ઇન્સ્પેક્ટર માહેબે તક સાધી લીધી. રમાનાથ તેનો પક્ષ લઇને તેમણે ડેપ્યુટીને કહ્યું: " સાચુ કહું છું, તમે લોકો માણસને ઓળખતા જ નથી, અને રોબ જમાવવા મંડી પડો છો. આવી રીતે જુબાની આપવાનું કોઇ પણ સમજદાર માણસને ખરાબ લાગશે, એ કુદરતીજ વાત છે. જેને આબરૂનો જરા પણ ખ્યાલ હોય, તે પોલીસના હાથમાં રમકડું બનવાનું પસન્દ નહિ કરે. બાબુ સાહેબની જગાએ હું હોત તો હું પણ એમજ કરત પરંતુ એનો અર્થ એ નથી કે તેઓ આપણી વિરૂદ્ધ જુબાની આપશે. તમે લોકો તમારું કામ કરો; બાબુ સાહેબ તરફથી તમે બેફિકર રહો; હું સાચું જ કહું છું. "

તેણે રમાનાથનો હાથ પકડી લીધો અને કહ્યું: " તમે મારી સાથે ચાલો, બાબુજી ! તમને સારી સારી રેકોર્ડ સંભળાવું. "

ચીડાયલાં બાળકની જેમ હાથ છોડાવીને રમાનાથે કહ્યું: "મને હેરાન નહિ કરો, ઇન્સ્પેક્ટર સાહેબ ! હવે તો મારે જેલમાં જ મરવાનું છે. "

ઇન્સ્પેક્ટરે તેના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું: " તમે આવી વાત કેમ મોઢામાંથી કાઢો છો, સાહેબ ! જેલખાનામાં મરે આપના દુશ્મન ! "

ડેપ્યુટીએ ધમકી આપવાનું બાકી ન રાખ્યું. જાણે રમાનાથનો કાંઇ પરિચય ન હોય તેમ પણ કઠોર સ્વરે તેમણે કહ્યું: "સાહેબ, અમે બાબુસાહેબ સાથે દરેક રીતની સગવડ કરવા તૈયાર છીએ; પરંતુ જ્યારે તેઓ જ અમારી વિરૂદ્ધ જુબાની દેશે, અમારો જડ ખોદશે, ત્યારે અમે અમારું કામ કરીશું, જરૂર કરીશું; કદિ નહિ છોડી શકીએ. "

એ વખતે સરકારી એડવોકેટ અને બેરીસ્ટર મોટરમાંથી ઉતર્યા.

૬૫

રતન પત્રોમાં તો જાલપાને આશ્વાસન આપતી હતી પરંતુ પોતાના સંબંધમાં કાંઇ લખતી ન હતી જે પોતે જ વ્યથિત થઇ રહી હોય તેને પોતાની વ્યથાઓની કથા શું સંભળાવે ? એ રતન જેને રૂપીયાની કદિ આપદા પડી ન હતી તેને આ એક મહિનામાં તો રોટલીના પણ વાંધા પડવા માંડ્યા. તેનું વૈવાહિક જીવન બહુ સુખી ન હોય; પરંતુ તેને કોઇ વાતનો અભાવ ન હતો. જે સ્ત્રીને સારી હોય, નોકર ચાકર, રૂપીઆ પૈસા અને ભોજન વગેરેની સામગ્રી સાથે હોય તો મુડદાલ ઘોડા ઉપર સવાર થઇને પણ યાત્રા પૂરી કરી શકાય છે. ઘોડો પાણીદાર હોય તો તો પૂછવું જ શું ! રતનની દશા એવા સવારના જેવી હતી. એવા સવારની માફક તે મંદગતીથી પોતાની જીવનયાત્રા કરી રહી હતી. કદિ કદિ એ ઘોડા ઉપર તે ચીડાતી હશે; બીજા સવારોને ઉડી જતા જોઇને, તેને પણ એવી ઇચ્છા થતી હશે કે હું પણ એ રીતે ઉડું, પરંતુ તે દુઃખી ન હતી, પોતાના નસીબને રડતી ન હતી એક પાતળી સરખી, પગે બાંધેલી, પોતાની નાંદમાં મુકું ધાસ આવ્યા મગ્ન રહેતી, ગાયના જેવી તેની દશા હતી સામે લીલાં લીલા મેદાન છે, તેમાં મુક્તપણ ધાસ લહેરાઇ રહ્યું છે. પરંતુ પગનું બંધન તોડી ને તે કદિ ત્યાં નથી જતી તેને માટે પણે પવિત્ર દોરડું અને ગોખલાની ભીંતમાં

કોઈ અન્તર નથી યૌવનને આત્મપ્રદર્શનની જેટલી ક્ષુધા હોય છે તેટલી પ્રેમની નથી હોતી. પ્રેમની ક્ષુધા પાછળથી આવે છે રતનને આત્મપ્રદર્શનનાં બધાં સાધનો મળ્યાં હતાં. તેનો યુવતી આત્મા પોતાનાં શૃંગાર પ્રદર્શનમાં મગ્ન હતો. સામાન્ય રીતે બધા માણસોનું હોય છે તેમ હાસ્યવિનોદ, મહેલ મકાનો, ખાવું પીવું એજ તેનું જીવન હતું; જેથી ઉડા પાણીમાં જવાની તેને ઇચ્છા ન હતી, તેમ કારણ પણ ન હતું સમ્પત્તિના બધા માનસિક દુ:ખોને શાન્ત કરે છે. પોતાનું દુ:ખ ભૂલવા માટે તેની પાસે કેટલા કેટલા ઢંગ છે સીનેમા છે, થીએટર છે, રેસકલબ છે, પાર્ટી છે, પાળેલાં જનાવરો છે, સંગીત છે, પરન્તુ વિપત્તિને ભૂલાવવા માટે મનુષ્ય પાસે કોઈ સાધન નથી. નિરાશ જે તે રડે, પોતાના ભાગ્યને દોષ દે, કે સંસારથી વિરકત થઈને આત્મહત્યા કરી દે. રતનના તારીરે પણ્યો બાંધો હતો. સુખનું સ્વપ્ન ભાંગી ગયું હતું અને વિપત્તિનું કારાગિર હવે તેની સામે ઉભો રહ્યો હતું.

અને એ સર્વ થયું પોતાનાજ દોષોથી! પંડિતજી એવા પ્રાણીઓમાં હતા, જેમને મોતની ચિંતા ન હતી. કોઈ પણ રીતે તેમને જોતાં ભય થઈ આવે હતો કે, દુનિયાં સ્વાર્થપરાયણ મનુષ્ય જો પથ્થર અને વિચારથી રહે તો બધા દિલમાં ધ્રુજી ઉઠે છે તેનો પથ્થર અને વિષ રથી કરી બહાર ન જતાં. પાકી મોત માટે તેમને કમ ઉતાવળ હતી કે તેમની પાકળ બાજ પીને મરી રહે! ત્યારે તેમનો મરણ સમીપે આવ્યો ત્યારે વસીવતનામું લખી નાખવાનો વિચાર તેમને આવ્યો પરન્તુ રતન વસીવતનામાંનું નામ - આબાદીનેજ જોવાની ગોગાદુર, જોવાની અપેક્ષા રાખે કે પંડિતજીએ એ બધને વાત પાકી મૂરબ્બી જ ઉચિત સમજ્યું તે પછી તેમને બેટલું માન ન આપ્યું કે વસીયત લખાવી શકે.

પંડિતજીનાં દેહાવસાન પછી રતનનું મન બેચેન બધુ વિરકત થઈ ગયું કે તેને કોઈ વાતનું ભાન રહ્યું નહિ એ જેવો પ્રસંગ હતો કે જ્યારે તેણે વિશેષરૂપે સાવધાન રહેવું જોઈતું હતું. દુશ્મનોએ તેને પેરો રાખી ન હોય, એવી રીતે તેણે સતર્ક રહેવું જોઈતું હતું. પરન્તુ તેણે બધુ મનિબૂરણ ઉપર છોડી દીધું અને એજ મનિબૂરણે ધીમે ધીમે તેની બધી સમ્પત્તિનું અપહરણ કરી લીધું તેણે એવાં એવાં કાવતરાં રચ્યાં કે સરલ હૃદયની રતનને તેના કપટ અત્યાચારનો આભાસ સુદ્ધા ન થયો. જ્યારે બધા બરાબર પ્રસરી ગયા ત્યારે તેણે એક દિવસે આવીને કહ્યું. " આજે ત્રણસો આવી કરવો પડશે. મે એ વેચી દીધો છે "

રતન જરા તપી જઈને બોલી " મે તો તમને કહ્યું હતું કે તું હાલમા જંત્રણો વેચીશ નહિ. "

મનિબૂરણે વિનયનું આવરણ ઉતારી ફેંકી દીધું અને આંખો ચઢાવીને કહ્યું " વાતો ભૂલી જવાની તમારામાં બરાબ આદત છે આ જ ઓરડામાં મે આપની માફી માગી હતી અને આપે દા પાડી હતી. ત્યારે મે વેચી દીધો ત્યારે હવે તમે સ્વાંગ ભરો કરો જો ત્રણસો આજે આવી કરવો પડશે અને આપે મારી સાથે આવવું પડશે "

" તું હાલમાં અહીંજ રહેવા આવ્યું. "

" હું આને અહીં ન રહેવા દઉં. "

" તું તમારી કોણ નથી "

" તમારી રક્ષાનો ભાર માથે છે. મારાં કુલની મર્યાદા માટે હું તમને મારી શકું બધુ "

રતને ત્રાડ પાડીને કહ્યું " મારી બહાર

દાની રક્ષા હુ મારી મેળે કરી શકું એમ છું. તમારી મદદની કાંઈ જરૂર નથી. મારી મરજી વિના તમે અહીંથી એક ચીજ પણ વેચી નહિ શકો. "

મણિભૂષણે જાણે વજ્ર જેવો પ્રહાર કર્યો. " આ ઘર પર કે કાકાની સંપત્તિ પર આપનો કોઇ અધિકાર નથી. એ મારી સંપત્તિ છે. તમે મારી પાસેથી માત્ર ભરણપોષણ માંગી શકો એમ છો. "


રતને ત્રિસ્મિત થઇને કહ્યું: " તમે કાંઇ ભાંગભાંગ તો નથી ખાધીને ? "

મણિભૂષણે કઠોર સ્વરે કહ્યું. " મેં કાંઇ એટલી ભાંગ નથી ખાધી કે માથા કે પગ વિનાની વાત કરવા માંડું. તમે તો ભણેલાં ગણેલાં છો; એક મોટા વકીલનાં પત્ની છો: કાયદાની ઘણી ખરી વાતો જાણતાં હશો. એકત્ર કુટુંબમાં વિધવાને પોતાના પતિની સંપત્તિ પર કોઇ અધિકાર નથી હોતો. કાકાજી અને મારા પિતાજી કદિ છૂટા પડયા નથી. કાકાજી અહીં હતા, અમે સોક ધન્દોર હતાં પરંતુ એથી એટલું સિદ્ધ નથી થતું કે, અમે જુદા હતા. જો કાકા પોતાની સંપત્તિ તમને આપવા ચાહતા હોત તો કોઇ વસિયત જરૂર લખી જાત અને જો કે કાયદા પ્રમાણે એ વસિયતની કંઇ કિંમત નહોત. છતાં, મેં એને માન આપ્યું હોત. તેમણે કોઇ વસિયત કર્યું નથી તે ઉપરથી સિદ્ધ થાય છે કે, કાનૂનના સાધારણ વ્યવહારમાં તેઓ કાંઇ વધારે નાખવા માગતા ન હતા. આજે આપને જંગલો ખાલી કરવો પડશે; મોટર અને બીજી વસ્તુઓનું પણ લીલામ કરી દેવામાં આવશે. આપની ઇચ્છા હોય તો મારી સાથે ચાલો, વા જોઇએ તો અહીં રહો. અહીં રહેવા માટે આપને માટે દસ હજાર રૂપીઆનું મકાન પૂરતું થશે. ભરણપોષણ માટે માસિક * પચાસ રૂપીયાની ગોઠવણ મેં કરી દીધી છે. લેવું-દેવું ચૂકવી લીધા પછી, એથી વધારે આપવાની ગુંજાશ નથી "

રતને કાંઇ જવાબ ન આપ્યો. થોડીવાર સુધી હતબુદ્ધિની જેમ તે બેસી રહી; પછી મોટર મગાવી અને આખો દિવસ વકીલોની પાસે દોડતી ફરી. પંડિતજીના કેટલાય વકીલ મિત્રો હતા. સર્વેએ તેનો વૃત્તાંત સાંભળીને બેદ પ્રકટ કર્યો અને વકીલ સાહેબ વસિયત લખી ન ગયા તેની ફરિયાદ કર્યા કરી. હવે તેને માટે એકજ ઉપાય હતો. વકીલ સાહેબ અને તેમના ભાઇ જુદા પડી ગયા હતા એમ તે સિદ્ધ કરી દેવાનો પ્રયત્ન કરે. જો એ સિદ્ધ થઇ જાય, અને એ સિદ્ધ કરવાનું બહુ સહેલું હતું, તો રતન એ સંપત્તિની સ્વામિની થઇ જાય. જો તે એમ સિદ્ધ ન કરી શકે તો તેને માટે કોઇ ઉપાય નહતો.

અભાગિની રતન પાછી આવી તેણે નિશ્ચય કર્યો કે જે કાંઇ મારું નથી, તે લેવા માટે ખુશામતનો આશ્રય નહિ લઉં કોઇ રીતે નહિ; પરંતુ એવો કાનૂન ઘડયો કોણે ? શું સ્ત્રી એટલી નીચ, એટલી તુચ્છ, એટલી નગણ્ય છે ? શા માટે ?


દિવસભર રતન ચિંતામાં ડૂબેલી, મૂંગી બેસી રહી. આટલા દિવસો સુધી તે પોતાને આ ઘરની સ્વામિની સમજતી હતી, એ કેટલી મોટી ભૂલ હતી ? પતિના જીવનમાં જે લોકો તેનું મુખ તાકતા હતા, તે આજે તેના ભાગ્યના વિધાતા થઇ ગયા ! રતન જેવી સ્વમાની સ્ત્રી માટે આ ઘોર અપમાન અસહ્ય હતું. માનો કે કમાઇ પંડિતજીની હતી, પરંતુ આ નામ તો તેણે ખરીદ્યું હતું, એમાંના કેટલાક મકાન તો તેની નજર આગળ બંધાયા હતા એક ક્ષણ માટે પણ તેને એવો વિચાર આવ્યો ન હતો કે, એક દિવસ આ જાયદાદ મારી જીવિકાનો આધાર



કુ ઠમલિની　　કુ સરોજ

દેવોત્થાપ સ્નાનના ઉત્સવમાં શ્રી રાધા-કૃષ્ણ

શ્રી ભદ્રંચ સ્ત્રી-મંડલ



વાર્ષિક ઉત્સવમાં ભાગ લેનાર બ્હેનો અને બાલિકાઓ

થશે. આટલી ભવિષ્ય ચિન્તા તે કરી જ શકતી ન હતી. એ મિલકત ખરીદવામાં, તેને સમારવા કે સજાવવામાં, રતનને માતાને પોતાનાં સન્તાનને ખેલતુ કૂદતુ જોઇને થાય તેવા પ્રકારનો આનંદ થતો હતો. એમાં રવાર્થનો ભાવ નહતો. માત્ર પોતાનાંપણાનો મર્મ હતો, તે મમતા હતી. પરતુ પતિની આંખો બધ થવાની સાથે જ તેનુ પાળેલુ અને ગોદમાં રમાડેલુ બાળક પણ તેની ગોદમાંથી ખેચી લેવામાં આવે છે તેનો તેના ઉપર કોઇ અધિકાર નહિ ! જો તેને ખબર હોત કે એક દિવસ તેની સમક્ષ આ કઠિન સમસ્યા આવશે તો તે ચાહે તો રૂપીયા ખૂટાડી દેત, યા દાન કરી દેત, પરતુ સપત્તિનો કાંટો છાતી ઉપર ન નાખત. પડિતજીની એવી કઇ મોટી આમદાની હતી ! મરીબમાં શું તે સીમલા ન જઇ શકત ! શું બે ચાર બીજા નોકરો ન રાખી શકાત ! જો તે ધરેણાં બનાવરાવત તો એક એક મકાનની કિંમતનું એક એક ધરેણું બનાવરાવી શકે એમ હતુ. પરતુ એ વાતોને તેણે કદિ પણ ઉચિત સીમાથી આગળ જવા દીધી નહતી. માત્ર આ સ્વપ્ન જોવાને માટે ! આ સ્વપ્ન ! એના સિવાય બીજુ હતુ જ શુ ! જે ગઇ કાલે તેનુ હતુ તેના તરફ તે આજે ઉઠીને જોઇ પણ નહિ શકે ! કેટલુ મોધુ હતુ એ સ્વપ્ન ! હા હવે તે અનાથિની હતી. ગઇ કાલ સુધી તે બીજાઓને ભીખ આપતી હતી, આજે મુઠ તેને ભીખ માંગવી પડી બીજો કોઇ ઉપાય નથી પહેલાં પણ તે અનાથિની હતી, માત્ર ભ્રમ વશ થઇને તે પોતાને સ્વામિની માની રહી હતી હવે તો એ ભ્રમનો સહારો પણ નથી રહ્યો

મહમ્મદ એના વિચારોમાંજ પલટો આવ્યો હુ મને શા માટે અનાથિની સમજી રહી છુ ! બીજાનાં દ્વાર ઉપર હુ શા માટે ભીખ માંગુ ! દુનિયામાં લાખો કરોડો મહેનત મજુરી કરીને પોતાનાં જીવનનો નિર્વાહ કરે છે શુ હું કોઇ કામ નહિ કરી શકુ ! શું હું કપડાં સીવી નહિ શકુ ! કોઇ ચીજની નાની મોટી દુકાન ન રાખી શકું ! છોકરાં પણ ભણાવી શકું એમ છું. લોકો હસશે એટલુ જ ને ! પરતુ એ હાંસીની મને શી પરવા ! એ મારી હાંસી નથી, આપણા સમાજની હાંસી છે.

સાજના બારણે કેટલાક પાટીવાળા આવી પહોચ્યા મણિભૂષણે આવીને કહ્યું " કાકી, તમે જે જે ચિજો કહો તે મોકલાવી દઉં મે એક મકાન રાખી લીધુ છે."

રતને કહ્યું: " મને કોઇ ચીજની જરૂર નથી. તેમ તમારે મારે માટે મકાન પણ રાખવાનું નથી જે ચીજપર મારો કોઇ અધિકાર નથી તેને હુ હાથ પણ અડકાડી શકું નહિ. મારે ઘેરથી હુ કોઇ વસ્તુને આવી નૂ હતી. એવી જ રીતે હુ ચાલી જઇશ. "

મણિભૂષણે લજ્જિત થઇને કહ્યું " બધુ તમારૂંજ છે; તમારો કોઇ અધિકાર નથી, એમ તમે કેમ કહો છો ! તમે મકાન જોઇ લેજો પંદર રૂપીઆ ભાડું છે. મને તો લાગે છે કે તમને કોઇ કષ્ટ નહિ પડે. જે જે ચીજો આપ કહેશો તે તે ત્યાં પહોચાડી દઇશ "

રતને ક્ષમતાભરી આંખોથી જોઇને કહ્યું " તમે પદર રૂપીયાનુ મકાન મારે માટે નકામુ લીધું એટલુ મોટું મકાન લઇને હુ શું કરીશ ! મારે માટે તો એક ઓરડી પૂરતી થશે, અને બે રૂપીયાના ભાડામાં તે મળી જશે સુવા માટે તો જમીન છેજ; દયાનો ભાર માથા ઉપર જેટલો ઓછો હોય તેટલુ સારૂ "

મણિભૂષણે ઘણા વિનય ભાવથી કહ્યું·

" આખરે આપ ઇચ્છો છો શુ ? તે તો કહો ! "

રતને ઉત્તેજિત થઇને કહ્યું: " મારે કાંઇ નથી જોઇતું. હું આ ઘરનું એક તણખલું પણ મારી સાથે લઇ જઇશ નહિ. જે ચીજ ઉપર મારો અધિકાર નથી, તે મારે માટે તે કોઇ પારકાની ચીજ હોય તેવી જ છે. હું દયાની ભિખારીણી નહિ બનું. તમે એ ચીજોના અધિકારી છો તે લઇ લ્યો. મને જરાપણ ખોટું લાગતું નથી. દયાની ચીજ નથી જબરદસ્તીથી લઇ શકાતી કે નથી જબરદસ્તીથી આપી શકાતી. દુનિયામાં એવી હજારો વિધવાઓ છે, જે મહેનત મજુરી કરીને પોતાનો જીવનનિર્વાહ કરી શકે છે, હું પણ એવીજ છું. હું પણ એવીજ રીતે મજુરી કરીશ અને નહિ કરી શકું તો કોઇ ખાડામાં ડૂબી મરીશ. જે પોતાનું પેટ ન ભરી શકે, તેને જીવતા રહેવાનો, બીજાઓ પર ભારરૂપ બનવાનો, કાંઇ અધિકાર નથી. "

એમ કહેતાં કહેતાં રતન ઘરમાંથી નીકળી ઝારતરફ ચાલવા લાગી. મણિભૂષણે તેનો રસ્તો રોકી કહ્યું: "જો તમારી ઇચ્છા ન હોય તો હું બજારનો હમણાં નહિ વેચુ. "

રતને ભણુકતી આંખોએ તેની તરફ જોયું. તેનો ચહેરો લાલલાલ થઇ ગયો હતો. આંસુઓનાં વહતા જતા વેગને રોકીને તે બોલી: " મેં કદી દીધું કે આ ઘરની કોઇ ચીજ સાથે મારે સબંધ નથી હું તો ભાડાની લોંઢી હતી લોંઢીનો ઘર સાથે શો સંબંધ ? કોણ જાણે કયા પાપીએ આ કાનૂન બનાવ્યો હતો. જો ઇશ્વર હોય, અને તેને ત્યાં કાંઇ ન્યાય હોય તો તેની સબજા એક દિવસ એ પાપીને પૂછીશ કે શું તારા ઘરમાં મા બહેન ન હતી ? તને એનું અપમાન કરતાં શરમ ન આવી ? જો મારી જબાનમાં એટલી તાકાત હોત તો આખા દેશમાં એનો અવાજ પહોંચાડત. તો હું બધી બીજોને કહેત " બહેનો, કોઇપણ સંયુકત કુટુંબમાં લગ્ન ન કરશો. અને કરો તો જ્યાં સુધી તમારું ઘર જુદું ન પડી જાય ત્યાં સુધી સુખે નિદ્રા ન લેશો. એમ ન સમજશો કે તમારા પતિની પાઇપળ એ ઘરમાં તમારું માનસહિત પાલન થશે. જો તમારા પતિ કાંઇ મૂર્ખ ન ગયા હોય તો તમે એકલાં રહો, યા કુટુંબમાં રહો એ એકજ વાત છે. પણ તમે અપમાન અને મજુરીમાંથી બચી શકશો નહિ. જો તમારા પતિ કાંઇ મૂર્ખ ગયા હોય તો એકલા રહીને તમે તેનો ભોગ કરી શકો છો; કુટુંબમાં રહીને તો તમારે એનાથી હાથ ધોઇ નાખવો પડશે. કુટુંબ તમારે માટે કૂવાની પથારી નથી; કાંટાની શય્યા છે; તમને પાર ઉતારનારો નૌકા નહિ, તમને ખાઇ જનાર જન્તુ છે. "

સાંજ પડી ગઇ હતી. ધૂળથી ભરેલો કાગણનો વાયુ ચાલવાવાળાઓની આંખોમાં ધૂળ નાંખી રહ્યો હતો રતન ચાદર સંભાળતી સડક ઉપર ચાલી જતી હતી. રસ્તામાં કેટલીક પરિચિત બીબીઓએ તેને જોઇ; કેટલીક બીબીઓએ પોતાની મોટર અટકાવી તેને બેસવા માટે કહ્યું, પરંતુ રતનને તેમની મહત્વતા અત્યારે બાજુના જેમ લાગી રહી હતી. તે ઉતાવળે પગલાં ભરતી જલપાને ઘરે જઇ રહી હતી. આજે તેનાં વાસ્તવિક જીવનનો આરંભ થયો હતો.

(અપૂર્ણ).

શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી

હિન્દી સ્ત્રીઓની યુનિવર્સીટી

લેખક : શ્રી. 'એમ'

[ગુજરાત સમાજ સુધારા મંડળ તરફથી અમને નીચેનો લેખ છાપવાની વિનતિ થઈ છે]

કેટલાંય સામયિકો અને વર્તમાનપત્રોમાં અખિલ હિન્દ સ્ત્રીઓની યુનિવર્સીટીના સ્થાપક પ્રો. ડી કે કર્વેએ પોતાના સમય ઉપર કંઈ મદદ કરવી લાગી વિનતિ આપણને બધાયને બરાબર યાદ છે તે વખતે સ્ત્રીઓની યુનિવર્સીટીના ગુજે-શ્વરજી નહિ પણ બહેર પ્રત્ન સુધા સ્વ સર વિઠ્ઠલદાસે યુનિવર્સીટીને કરેલી રા ૧૫,૦૦,૦૦૦ ની બાદશાહી સખાવતના બ્યાજ જેટલી રૂ ૫૨૫૦૦ ની વાર્ષિક મદદ આપવાની સ્વ સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીના હાલના ટ્રસ્ટીઓએ કેમ ના પાડી તે વિષે આશ્ચર્ય પામી ગયા હતી આવી પડ્યે વર્ષે જ્યારે તેમને આરામ લેવાનો સમય છે ત્યારે પ્રો. કર્વેને આવી જબ્બર પ્રકારની અગવડમાં મૂકાવું પડે તે પ્રત્યે આખી બહેર પ્રજાએ સહાનુભૂતિ દર્શાવી હતી

આ અખિલ માત્ર વર્તમાનપત્રોમા કે સામયિ-કોમાંજ કેલાવવામા આવી ન હતી; પરંતુ સ્ત્રીઓની યુનિવર્સીટીના વ્યક્તિ-ગત મતદારો, તેમજ

પ્રો કર્વેનું પ્રયા-સ્થાન

મુબઇ યુનિવર્સીટીના રજીસ્ટર્ડ ગ્રેજ્યુએટોને પણ મોકલવામાં આવી હતી આ ઉપરથી કોઇને પણ લાગે કે ટ્રસ્ટીઓ બરે કે યુનિવર્સીટી ખોટે માંગ બબ્બર વામેા વધ્યો છે પરંતુ અપીલના શબ્દો જોતાં તેમજ એનાં પ્રકાશન માટે યોગ્યવસી રીતી જોતાં એ વ્યવસ્થિત પ્રયાસમાં હતુ એમ લાગી આવતુ હતુ કારણ યુનિવર્સીટીના કાર્યકરો જ્યારે આખી સંસ્થાને સબળ પાયા ઉપર મૂકવા ધારતા હતા, ત્યારે ટ્રસ્ટીઓએ કોઈ પણ પ્રકારનાં મદદ કારણ વિના, વાર્ષિક મદદ આપવાનુ બંધ કર્યું છે એવો મત ઉત્પન્ન થાય, એવી એની શબ્દરચના હતી ટ્રસ્ટીઓ તરફથી આ બાબતમા કાંઇ પ્રકાશ મળે એવી બહેરપ્રજા આતુરતાથી રાહ જોતી હતી પરંતુ આ પ્રશ્ન ઉપર તેમણે સંપૂર્ણ શાન્તિ સેવવાનું વધુ ઉચિત ધાર્યું હોય એમ લાગે છે કાર્ય ટ્રસ્ટીઓને તેમની ઉપર કરવામા આવેલા આક્ષેપનો બચાવ કરવાનું પોતાના દરજ્જાથી ઉતરતું લાગ્યું હોય. જે પણે એ આક્ષેપ કર્યો તે પક્ષજ કાંઇ એવુ સત્ય પૂરવાર કરી શકે સ્ત્રીકેળવણી માટે પ્રો કર્વેનો પ્રેમ સાચો છે અને તેમનાં ચારિત્ર્ય સામે કોઇ વાંધો લઈ શકાય એમ નથી પરંતુ તેમની અપીલમા (અથવા પત્રમાં) કહેવાતાં ટ્રસ્ટીઓના ઉપરના ખરડામાં રજુ થયેલી કેટલાંક ગંભીર ગેરસમજો દૂર કરવા કોઈ પ્રયત્ન કરે તો તેમાં બહુ તેને નિષ્ફળતા મળે.

૧૯૧૫ માં મુબઇમા મળેલી અખિલ હિન્દ સમાજ સુધારા પરિષ-દમાં પ્રો કર્વે પ્રમુખ હતા. ત્યા તેમણે સ્ત્રી કેળવણીનો પ્રશ્ન રજુ કર્યો અને અખિલ હિન્દ સ્ત્રીઓની યુનિવર્સીટી સર કરવા ઠરાવ કર્યું તેજ વખતે મોટી રકમ એકઠી થઇ અને પ્રો કર્વે પાસે હિન્દુ અનાથ બાલિકાશ્રમમાં કામ કરતા શિક્ષકો હતા આ શિક્ષ-કોથી (અલબત્ત કેટલા સમય માટે કામ કરનારાઓ વગેરે) અને દરમ્યાન બે વિદ્યાર્થીનીઓથી અખિલ હિન્દ સ્ત્રીઓની યુનિવર્સીટીનાં નામથી એક, સંસ્થાની સ્થાપના કરી મોટો બનાવ બની, પ્રો કર્વે સ્વ સર વિઠ્ઠલદાસ, એઓ અપાનથી તરતજ પાછા ફર્યા હતા, ને મળ્યા અને તેમને વાત કરી, અને સર વિઠ્ઠલદાસ પ્રો કર્વેની આશ્ચર્ય પોષ-નાથી ખેંચાઇ તેટલા તો બધા મુગ્ધ થઈ ગયા કે, તેમણે

ને " આખા હિન્દ માટે અથવા મુંબઇ ઇલાકા માટે આર્થિક રીતે સ્વતંત્ર હોય એવી યુનિવર્સીટી, —જે એવાજ ધોરણે શાળાઓ અને કોલેજો સ્થાપવાનું માથે લે-સ્થાપવાનો પ્રયત્ન કરવામા આવે " તો રૂ. ૧૫ લાખની રકમ આપવાની ઇચ્છા દર્શાવી (એવાંજ ધોરણે એટલે, જપાની સ્ત્રીઓની યુનિવર્સીટીનાં જેવાંજ ધોરણે,) સર વિઠ્ઠલદાસે જે ચરતો પણાવાનો આગ્રહ રાખ્યો હતો તે પ્રો. ડી. કે કર્વે ઉપરના તેમના પત્રોમાં જણાવી છે. તેમાંથી ચોટદાર ભાગ નીચે આપ્યો છે:

" યુનિવર્સીટીનું મથક પાછળથી બની શકે તો મુંબઇમા રાખવુ "

" મુંબઇમાં સંપૂર્ણ કોલેજની બીલ્ડીંગો થતાંની સાથેજ યુનિવર્સીટીનાં મુખ્ય મથકો મુંબઈ બદલવા અને યુનિવર્સીટી માટે જરૂરના મકાનો બાંધવાં. "

" ખરી રીતે, જો પુના સ્કુલ અને કોલેજ સ્થાપવા તૈયાર ન હોત તો મારી માતાનાં નામે મુંબઈમાં હાઈસ્કુલ અને કોલેજ પ્રથમ સ્થાપવા મેં આગ્રહ રાખ્યો હોત; અને ફંડનો વહીવટ કરતાં, સેનેટ આ બાબત તરફ આંખ આડા કાન કરવા નાહ. કૃપા કરી બીજતોમા આ પ્રમાણે સુધારો કરશો. "

" આવી યુનિવર્સીટી તરત સ્થપાય તે માટે હું બિન્ન રીતે સ્થપાયલી સંસ્થાને રૂ. ૧૫,૦૦,૦૦૦ ની કીંમતની સરકારે પ્રોમીસરી નોટો કે રૂ ૫૨,૫૦૦ ની વાર્ષીક આવક વાળી બીજી જમીનગીરીઓ આપવા તૈયાર છું પરંતુ તે પહેલા, સ્વયંસ્થપાયલી યુનીવર્સીટીને સરકાર તરફથી જરૂરી ચાર્ટર મળવો જોઇશે; અથવા તેને બદલે સરકાર તરફથી બીજા કોઈ પ્રકારની સ્વીકૃતી મળવી જોઇએ કે જેથી, યુનિવર્સીટીના કાયમીપણાની ખાત્રી મળે અને બીજા બાબુઓ પ્રજાને પણ એવી ખાત્રી થાય કે, યુનિવર્સીટી સાચા સિદ્ધાંતો પર સ્થપાવાશે અને બીજા કોઇ યુનિવર્સીટીના જેવી રીતે તેના મેમ્બુએટોનો પત્ર દરજ્જો સ્વીકારાશે.

" ઉપર દર્શાવ્યા પ્રમાણે સરકારી ચાર્ટર કે સ્વીકૃતિ મેળવવાની જો કાંઈ મુશ્કેલી હોય તો પ્રાપ્ત સમય માટે મારી સ્થાવતની આસરે બરાબરી કરે જોતવી આવક થતાં અને પછી જો યુનિવર્સીટી ઘણી લોકપ્રિય અને પ્રજાને ઉપયોગી પૂરવાર થાય તો સરકારી ચાર્ટર, અને સ્વીકૃતિની ચરત મારે અને મારા પછી મારા ત્રસ્ટીઓએ, ઉપલા મુદ્દાઓ પર જો સંતોષ થાય તો, જપા દેવી. "

મુંબઇ મથક બનવું જોઇએ

સ્વ. સર વિઠ્ઠલદાસે સ્પષ્ટ જોયું કે હિન્દી સ્ત્રીઓની યુનિવર્સીટીનું મથક મુંબઇ બની શકે, પુના નહીં; અને તેથી, જણી શુદ્ધીને એક એવી ચરત મુકી કે, મુંબઇમાં પુરેપુરા વગોવાણી કોલેજ સ્થપાય કે તરતજ યુનિવર્સીટીનુ મથક પુનાથી મુંબઇ બદલવું. કેટલાય વર્ષો પસાર થઇ ગયાં છે છતાં હજી પુનાના સત્તાવાળાઓને મધ્યસ્થ કચેરી મુંબઇ બદલવાની સમજણ મળી નથી અને તેઓ તરફથી રજુ થતાં બહાનાઓની પાર જઇ ખરું કારણ એમ કરવાની તેમની ના મરજી છે એ જણાઇ આવ્યા વિના રહેતું નથી

વિધવાશ્રમનો લાભ પહેલો.

શરૂઆતથીજ યુનિવર્સીટી માટે એ કમભાગ્ય હતુ કે હિન્દુ વિધવાશ્રમના શિક્ષકોને યુનિવર્સીટીના અધ્યાપકો તરીકે કામ કરવા દેવામાં આવ્યુ. એક સામાન્ય વિધવાશ્રમ એ સ્ત્રીઓની યુનિવર્સીટી કરતાં જુદાજ પ્રકારની સંસ્થા છે અને વિધવાશ્રમમાં વિધવાઓ માટે યોગ્ય ગૃહ અને રાહતનું વાતાવરણ ઉપજાવવામાં આવે એ કુદરતી છે. વિધવાશ્રમ માટે એ આશીર્વાદ રૂપ છે પરંતુ સ્ત્રીઓની યુનિવર્સીટી જેવી સંસ્થા માટે તો એ એક ગંભીર મુશ્કેલી રૂપ છે અને આ ૧૬ વર્ષના બનાવોએ આ પુરવાર કર્યું છે શિક્ષકોના હૃદયમાં વિધવાશ્રમ પ્રત્યે વાંકદારીની તીવ્ર ભાવના હોય, તેઓને યુનિવર્સીટીમાંથી પગાર મળતો હોવા છતાં, યુનિવર્સીટીના કામને 'અયંકર રીતે સહન કરવું પડયું છે. વધી, સત્તાવાળાઓ સંસ્થાનુ કેન્દ્ર મુંબઇ બદલવામા નાપ્રજ્ઞ થયા છે તેનું કારણ એજ છે કે યુનિવર્સીટીનુ કેન્દ્ર મુંબઇ બદલવાનો વિચાર કરતી વેળા તેમને ડોયે વિધવાશ્રમના હોદ્દેદારોનો વધુ વિચાર આવતો હતો, એમ સહેલાઇથી કહી શકાય એમ છે કોલેજના કેટલાક અધ્યાપકોને આવાસીયાના અદ્યાર કલાકના કામ માટે યુનિવર્સીટી તરફથી

પુરતો પગાર મળે છે, અને બાકી રહેલા સમય અને શક્તિ તેઓ વિધવાશ્રમના કામમાં આપે છે. વળી લાંબા સમયથી ચાલતી આવેલી પ્રથા પ્રમાણે સત્તાવાળા પણ એક કાર્યકર યુનિવર્સીટીને તેમજ વિધવાશ્રમને બન્નેને ઉપયોગી થાય એમ ઇચ્છતા હોવાથી, હિંદી સ્ત્રીઓની યુનીવર્સીટી આખા હિંદમાં સન્માન પામેલા વિદ્વાનો અને શિક્ષણ-શાસ્ત્રીઓને આકર્ષવામાં નીષ્ફળ જાય એ કુદરતીજ છે, અને અત્યાર સુધીમાં બીજા કોઇ નહિ પણ વિધવાશ્રમનો સ્થાપક યુનીવર્સીટીની સંસ્થામાં પ્રવેશી શકયો છે. સેનેટમા વિધવાશ્રમના જે સભ્યો છે, તેઓએ જો આ વિચારણાને બાજુએ રાખી હોત તો યુનીવર્સીટી લાંબા સમયની મુલાકાત બદલી શકાઇ હોત અને ત્યાં એ એક જીવંત સંસ્થા તરીકે વિકાસ પામી હોત

> જે સંસ્થાઓ વચ્ચે પોતાની વફાદારી વહેંચાયેલી રહે એવી આવી પરિસ્થિતિ બીજા બધાંય અનિષ્ટોનું મૂળ

> અનિષ્ટોના ભોગ બનાવનાર છે મુલાકાતમાં કોલિજ શરૂ કરવાની પરિસ્થિતિનો સત્તાવાળાઓએ કદીપણ ગંભીરતાથી વિચાર કર્યો નથી. જ્યારે સીન્ડીકેટ સમક્ષ એવી કોઇ દરખાસ્ત મુકવામા આવે છે ત્યારે આર્થીક મુશ્કેલીનું મોટામાં મોટું બહાનું કાઢવામાં આવે છે અને એ બાબત એમ બાજુએ કાઢી મુકવામા આવે છે. પરંતુ બીજા કોઇના કરતા પણ સત્તાવાળાઓએ પોતાની ઇચ્છા અને શરતોનું વધારે ધ્યાન રાખવું જોઇતું હતું અને આર્થીક તંગીમાંથી કોઇ માર્ગ કાઢવો જોઇતો હતો. અને તે તેઓનાજ લાભમા હતું. કારણ કે પોતાની શરતોમાંની એક એવી હતી કે જો સરકારી ગ્રાંટ મેળવવામાં સત્તાવાળાઓને મુશ્કેલી પડે તો 'યોગ્ય સમય દરમ્યાન કરવામા આવેલી સભ્યપદની જોડણી આપવા' તેઓએ બતાવવી જોઇએ. આ રીતે તેઓ વદન નિષ્ફળ ગયા છે સત્તાવાળાઓ તરફથી પ્રકટ થયેલા ઢોંગ અને હીણપ તરફ જોતાં સહેજાર્થથી જણાઇ આવે છે કે ૧૯ વર્ષ જેટલા લાંબા ગાળમા પોતાની ઇચ્છા દર્શાવ્યા પ્રમાણે યુનિવર્સીટી બહેર કોલેજ મેળવી શકી નથી. અને નજીકના ભવિષ્યમાં આ શરત પુરી પડે એવો સંભવ પણ જણાતો નથી

બેપારી મંદી કે દુનીયામા પ્રવર્તી રહેલી મંદીનું બ્હાનું કાઢીને આ વાત પડતી મુકી શકાય એમ નથી કારણ કે યુદ્ધ પુરૂ થયા બાદ પરિસ્થિતિ ઘણી સારી હતી અને .પ્રજાએ શિક્ષણની સંસ્થાઓને મુકત હાથો આપ્યો છે સત્ય વાત એ છે કે, બધાની યુનીવર્સીટીના ધોરણની મૂળ ખોજનાનો કોઇ પણ ખ્યાલ પુરો કરવામાં સ્ત્રીઓની યુનીવર્સીટી નિષ્ફળ ગઇ છે ૧૬ વર્ષ જેટલા લાંબા ગાળા પછી યુનીવર્સીટીએ માત્ર ૩૬ સ્નાતિકાઓ ઉપજાવી એજ (હાલના શબ્દોમા કહીએ તો) ' પ્રજાને ઘણી ઉપયોગી અને લોકપ્રીય ' બનવામાં યુનીવર્સીટી નીષ્ફળ ગઇ છે એવી ચોકકસ ખાત્રી કરાવી આપે છે અને તેના કાર્ય પર સખ્ત ટીકા રૂપ છે સાર્વદેશીય શાંતિ અને પ્રગતી જેમા સ્ત્રીઓ પણ પોતાનો હાથો આપી રહી છે. તેનો વિચાર કરતાં આ દરિદ્રતા વધારે ખાત્રી આપવે જો યુનીવર્સીટી ' ઘણી લોકપ્રીય ' હોત; જો તે દેશને ' ઘણી ઉપયોગી ' પૂરવાર થઇ હોત તો હજારો સ્ત્રીઓ એ સંસ્થામા જોડાઇ ગઇ હોત. અપૂર્ણ જગ્યાના સમય દરમ્યાન સત્તાવાળાઓ આખા દેશને પોતાની સંસ્થાઓને હજરાજી રાખવા હોત પરંતુ એ ઘણી ઉંડાની વાત છે કે સત્તાવાળાઓ ગુજરાતમા પણ નવી સંસ્થા સ્થાપી શકયા નથી. અમદાવાદની મહિલા પાઠશાળા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પ્રયત્નોને આભારી છે અને તેનું સંચાલન અમદાવાદના પાંચ કે નિરક્ષરાર્થી કાર્યકરો અને આગેવાન બહેનોઓની દેખરેખ હેઠળ થાય છે વડોદરાની સંસ્થા પણ દાનીજ અને એનું અસ્તિત્વ મુખ્યત્વે વડોદરાનાં નામ મહારાણીની સદ્ભાવનાભૂતિને આભારી છે વળી વડોદરા રાજ્યની મદદથીજ એ ચાલે છે. સુરતની સંસ્થા પણ સ્ત્રી કેળવણીના પ્રશ્નને ઉત્સાહભેર ઉપાડી લેનારા કેટલાક સ્થાનિક સામાન્ય કાર્યકરોના બળનેજ આભારી છે આ બધાં છતાં યુનિવર્સીટી ૭૦ થી ૭૫ હજાર રૂપીયા દર વર્ષે ખર્ચે છે અને વર્ષમાં માત્ર ૪૭૫ માત્ર સ્નાતિકાઓ ઉભી કરવા માટે ! મુલાકાત યુનિવર્સીટીની હિન્દુ સ્નાતિકાઓની સંખ્યા સાથે પોતાની સંખ્યા સરખાવવાની કુશળ પદ્ધતિ માટે સત્તાવાળાઓએ તેઓને પોતાને અભીનંદન આપવાનું છે. હિન્દુ વિધવાશ્રમનાં પરિણામ સાથે આવી સરખામણી કરવામા આવી હોત તો તેથી

કોઇને આશ્ચર્ય થાત નહિ. પરંતુ સ્ત્રીઓની યુનિવર્સીટી માટે આ સરખામણી, તેમાની નહિ તો મણીજ ખોટે માર્ગે દોરવનારી તો જરૂર છે; કારણ કે સ્ત્રીઓની યુનિવર્સીટીની શરૂઆત અખિલ હિન્દની સંસ્થાના ધોરણે થઇ હતી; નહીં કે કોમી સંસ્થા તરીકે એટલે એની સરખામણી હિન્દની બધી યુનિવર્સીટીઓએ ઉપલવેથી સ્નાતિકાઓની સંખ્યા સાથે થવી ઘટે આવી સરખામણી તરફ અમે ખાસ બાર મુખીએ છીએ કારણ કે બંગાળ, સંયુક્તપ્રાંત, હૈદરાબાદ, (બન્ને); વરાડ, રજપુતાના અને પન્જાબના આંકડાઓ કુલ સંખ્યામાં બતાવાયા છે.

યુનિવર્સીટીનું નિર્જીવ કાર્ય

સ્વ. સર વિઠ્ઠલદાસે સરકાર તરફથી ચાર્ટર મેળવવાની શરત એ કારણે રાખી હતી કે યુનિવર્સીટીના કુશળ કામકાજનું ધોરણ ઉંચુ રહે કે જેથી સરકાર તેમજ પ્રજા બન્ને તરફથી તેની સ્નાતિકાઓનો યોગ્ય રીતે સ્વીકાર થવાની ખાત્રી મળે પરંતુ યુનિવર્સીટીનુ કાર્ય નિર્જીવ રહ્યુ છે અને યુનિવર્સીટી તરફથી અપાતી પદવીઓનો સ્વીકાર કરવા જેવુ પણ કાંઈ હિન્દી સરકારને લાગ્યું નથી. જ્યારે એના પછી સ્થપાયલી બીજી કેટલીય યુનિવર્સીટીઓ સરકાર તરફથી યોગ્ય રીતે સ્વીકારાઇ ચુકી છે.

સ્વીકૃતિ; વિષે ખોટો ખુલાસો

આ યુનિવર્સીટીની કેટલીક સ્નાતિકાઓને કેટલીક વિદેશી સંસ્થાઓમા પ્રવેશ મળ્યો છે તેને સત્તાવાળાઓ સ્વીકૃતિ તરીકે લેખે છે આવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવો એ કાંઈ ખાસ યોગ્યતા નથી કારણકે બીજા નબળા દરજ્જાના અભ્યાસક્રમો પસાર કરનારને પણ એવા પ્રવેશ મળી શકયા છે હિન્દની વધતા ઓછા અજ્ઞાન એવા વિદેશોની સંસ્થાઓ તરફથી આ કદેવની સ્વીકૃતિ અર્થ વિનાની અને મહત્વ વિનાની છે આમાંની કેટલીક વિદેશી સંસ્થાઓમા પ્રવેશ મેળવવા માટે યુનિવર્સીટીની કોઇ પણ પ્રકારની યોગ્યતાની જરૂર હોતી નથી એટલે સ્વીકૃતિનો પ્રશ્ન ચર્ચતાં યુનિવર્સીટી સત્તાવાળાઓ આ મુદ્દા તરફ ધ્યાન આપે છે એ ખરેખર આશ્ચર્ય છે

સરતોના પાલનમાં નિષ્ફળતા

સ્વ સર વિઠ્ઠલદાસ પૂરતા હોશિયાર હતા અને તેઓ જોઇ શકયા હતા કે રાષ્ટ્રીય જાગૃતિના દીવસોમા સરકાર તરફથી જોઇતા ચાર્ટર મેળવવામા મુશ્કેલી પડશે અને તેથી તેમણે સ્વીકૃતિનુ નવુ ધોરણ પ્રજા તરફનુ પણ મુકયુ પ્રજાની સ્વીકૃતિ તેના તરફથી મળતી મોટી સખાવતોના રૂપમાં મુકરતી રીતેજ જણાઇ આવે પરંતુ દાતાએ તેમના પત્રોમાં રજુ કરેલી શરતોમાંની કોઇ પણ પાળવામા યુનિવર્સીટી નિષ્ફળ ગઈ છે.

સ્વ સર વિઠ્ઠલદાસે એક ચોકકસ શરત મૂકી હતી કે—

સેનેટમાં પ્રતિનિધિત્વ

" સેનેટના બંધારણમા પ્રજાના બધા વર્ગોનું ખાસ કરીને ગુજરાતીઓ અને દક્ષણીઓનું યોગ્ય પ્રતિનિધિત્વ હોવું જોઇએ અને તેનાં દાતાના પ્રતિનિધિઓની ચોકકસ સંખ્યા રહેવી જોઇએ " સખાવતના દસ્તાવેજની બધીય શરતો તપાસતી વેળા આનો પણ વિચાર કરવો જોઇએ અને જંદા પ્રતિકવાદ માટે કોઇ લોકો જોતેજ એનાથી ભરેલા હોય છે તેઓ તરફથી આક્ષેપ થવાના ભયને લીધે એની ચર્ચા કરવાની જવાબદારીમાથી જરાપણ છટકવું જોઇએ નહિ. મુંબઇ અને ગુજરાતમાથી જણાવવામાં આવે છે કે સેનેટમાં દાતાની ઇચ્છા પ્રમાણે ગુજરાતીઓનુ પ્રતિનિધિત્વ નથી તે ચોકકસ વાત છે ઘણી વાર અનેકાર મંડળો દ્વારા ગુજરાતી સાક્ષરોની પૂરતી સંખ્યા ચુંટવામા નહિ આવે એવું વારંવાર બન્યુ છે. એવી પરિસ્થિતિમાં યુનિવર્સીટીએ સ્વીકારેલી દાતાની શરતોનાં પરિપાલન માટે ગુજરાતીઓની પૂરતી સંખ્યા નીમવાની સેનેટને સત્તાવાળાઓ સલાહ આપે તો તે તેઓ માટે બધુ ન્યાયકર્તા લેખાત પરંતુ આવી પરિસ્થિતિ જોતાં એમ માલમ પડે છે કે ગુજરાતીઓ અને દક્ષણીઓના સારા પ્રતિનિધિત્વની શરત યોગ્ય પરિપાલન માટે સેનેટ સમક્ષ લાવવા માજ નથી આવી

સત્તાધારી ઓફરકારી

આ ઉપરાંત, ૧૯૩૭ની યુનિવર્સીટીના સત્તાધાર રૂપે પ્રકટ થએલાં કેલેન્ડર-માની બીનસત્તાવાર નોધમા કેટલાક પેરાઓ ઉપરથી સત્તાવાળાઓ તરફથી દર્શાવાતી ગંભીર બેદરકારી જણાઇ આવે છે. રજીઆર અને આને માટે જવાબદાર હોય તેઓ સત્તાધાર કેલેન્ડરમા પ્રકટ થએલાં પાનાઓ સંભાળપૂર્વક જોવાની પોતાની ફરજમા નીષ્ફળ નીવડયા છે દા. ત. પ્રકરણ ૪ થામા કેટલીક એવી બાબતો છે કે જેને માટે સબધ ધરાવતા પક્ષો તરફથી યોગ્ય મજુરી કદી પણ મળી નથી. આમ એ કેલેન્ડર સસ્થાનો ઇતિહાસ પ્રશ્નને ખોટી રીતે જણાવે છે. અમારી જાણમાં છે તે પ્રમાણે, સ્વ સર વિઠ્ઠલદાસ ઠા ઠાકરસીની સખાવતની જે શરતો કેલેન્ડરમાં પ્રકટ થઇ છે તે ગેરવાજબી છે અને આ શરતોની ભાષા અને શબ્દ રચના મૂળ પત્રોમા છે તેના જેવી નથી

પ્રકાશકોને ત્યાંય ન મળે એવાં પાઠય-પુસ્તકો

આ બધાંય ૧૬ વર્ષોનાં યુનિવર્સીટીનાં કાર્યમાં અગવડતાનો અભાવ છે પ્રશ્નએ એને એક નવી સસ્થા—જે નવી દીશામા માત્ર એક પ્રયોગરૂપ છે—ની બીજવણીમાં એક માત્ર પ્રકાર થતાં મોળા રૂપેજ રોપી છે પરતુ યુનિવર્સીટીનાં સ્થાપનમા રહેલી જવાબદારીઓ સત્તાવાળાઓ સમજ્યાજ નથી અત્યાર સુધીમાં તો યુનિવર્સીટી માત્ર નામનીજ નહિ પણ સાચી રીતે અખિલ હિન્દની બની જવી જોઇતી હતી સત્તાવાળાઓએ પોતે જ અત્યાર સુધીમાં પ્રાંતીય ભાષાઓ દ્વારા શિક્ષણ આપવાનુ સ્વીકારેલું હતુ પરતુ અત્યાર સુધીમા યુનિવર્સીટી તેને માટે પાઠય પુસ્તકો પણ તૈયાર કરાવી શકી નથી અને તેની ગેરહાજરીમાં અભ્યાસ મડળ (જે બાબતજ યોગ્ય રીતે નકી થાય છે) એવા વિચિત્ર પાઠયપુસ્તકો નકી કરે છે કે જે કેટલીક વાર તો હિન્દમાં મળતાજ નથી એટલુ જ નહિ પણ તે પ્રકાશન કરનારાઓને ત્યાં પણ નકલ શીલકમાં હોતી નથી ઉપરાંત, મહીનાવાર પરીક્ષાનુ મડળ પણ જુદી જુદી પ્રાંતીય ભાષાઓના વિદ્યાર્થીઓને ન્યાય કરે એવી રીતનુ ઘડાયું નથી હોતું એજ પ્રશ્નપત્ર ઘણી વાર જુદી જુદી ભાષાઓમા ભાષાન્તરાય છે અને તે માત્ર શબ્દાર્થમાજ નહિ પણ અર્થમાં પણ ખોટી રીતે ભાષાન્તરાયાં હોય છે ભાષાનુ જ્ઞાન ધરાવતા પરીક્ષકો અને ભાષાન્તરકારોની યોગ્ય વ્યવસ્થા થઈ નથી અને સીધીમાં સુધારવા ઉત્તર પત્રો સીધી અક્ષર પણ પાડી ન શકનારને હાથે તપાસાય છે અલબત્ત, તે સીધી જાણતા મિત્ર કે મિત્રોની મદદ લે છે એમ ધારી લેવામાં આવે છે એ બધાં છતાં આવી ક્ષતિઓવાળી સસ્થા આપે જ આપ્યા હિન્દની સસ્થાનાં નામને યોગ્ય કહી શકાય

આ લેખનો ઉદ્દેશ શો ?

ત્રસ્ટની શરતો અને યુનિવર્સીટીના વહીવટ સંબધમાં અમે જે કાંઇ જાણીએ છીએ તે ઉપરથી અમે આ લખ્યુ છે એનો ઉદ્દેશ હિન્દી સ્ત્રીઓની યુનિવર્સીટીમાં પ્રાણ વધુ રસ લઇ શકે અને એને વધુ ઉત્સાહી સસ્થા બનાવવા માટે સત્તાવાળાઓને ફરજ પાડી શકે તે માટે પ્રશ્નનું ધ્યાન ખેચવાનો છે અને જો સત્તાવાળાઓ વધુ સારા માટે યોગ્ય ફેરફારો કરવાની ના પાડે તો પ્રજા નવેસરથી શરૂઆત કરે અને એક સાચી સ્વતત્ર સસ્થા સ્થાપે કે જે આખાં હિન્દની સસ્થા બની રહે યા મુંબઇ કલકત્તાનીજ બોડી બની રહે પણ માત્ર નામની નહિ, સાચેસાચી સસ્થા બની રહે આવા પ્રકારના સાહસ માટે આ સસ્થા પ્રત્યે ભક્તિમાન રહેલા યોગ્ય અને સાચા નિઃસ્વાર્થ કાર્યકરોની ઉત્સાહી સેનાઓ આપણને જોઇએ અને અમને ખાત્રી છે કે આવી સસ્થાને ઘણાં મદદ આપવામા અને આ રીતે સર વિઠ્ઠલદાસ ઠાકરસીની ઇચ્છાઓ પૂરેપૂરા અર્થે પૂરી પાડવામાં ત્રસ્ટીઓ પણ વિલબ નહિ કરે.

ઈનામી પ્રશ્ન

સંપાદક : કુ. યશસ્વિની

સુશીલાએ સરોજને પૂછ્યું : " કેટલા વાગ્યા, બહેન ? "

સરોજે સીધો જવાબ આપવાને બદલે, કહ્યું : " મારાં ઘડીઆળનો કલાકનો કાંટો ૧૨ વાગ્યા પછી બરાબર ૧૮૨ મીનીટ આંગળ છે. હવે તું જ કહે કે કેટલા વાગ્યા ! "

તમે કહેશો, કેટલા વાગ્યા !

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમા માસિકના દરેક ગ્રાહક તેમજ જે બ્હેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. ગ્રાહકોના કુટુંબની બ્રીઓ પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે. (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવો. ગ્રાહક નંબર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના **બીજા મહિનાની આખર તારીખ સુધીમાં** અમને મળે એવી રીતે મોકલી આપવો. (૪) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બ્યાજબી–ગેરબ્યાજબીપણા વિષે વાંધો લઇ શકાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે. (૬) હરિફાઇના જવાબ સાથે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો.

૪	૭	૩	૧	૯	૨	૬
૬	૧	૭	૫	૨	૮	૩
૨	૪	૮	૯	૧	૩	૫
૩	૬	૧	૨	૫	૭	૮
૧	૯	૫	૮	૩	૬	૪
૯	૩	૨	૪	૮	૫	૧
૭	૨	૬	૩	૪	૧	૯

ઈસ્વેમ્બરના પ્રશ્નનું પરિણામ

સાચો જવાબ બાજુમાં આપ્યા પ્રમાણે છે.


આ પ્રશ્નના ત્રણ જવાબ આવ્યા હતા તેમાંથી **શ્રીમતી ચપલલક્ષ્મી છોટાલાલ ગાંધા** એ એકજ બહેનનો જવાબ સાચો છે. તેમને ઇનામનું પુસ્તક "સોળ સુંદર વાર્તાઓ ભાગ ૨." આપવામાં આવે છે જે તેમણે અહીં આનાની ટીકીટો મોકલી મંગાવી લેવું. રજીસ્ટર્ડથી જોઇતું હોય તો ત્રણ આનાની ટીકીટ વધુ મોકલવી.

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય, તેવા કોઇ બ્હેનો ઉખાણાની હરિફાઇમા ભાગ લેવા ઇચ્છતા હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો મોકલી. કુપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, " ગુણસુન્દરી "

શ્રી કૃષ્ણ-લીલા



મુખાકૃતિ ફ્રેલોગ્રીપ રમુલની ત્રણ વર્ષથી બાર વર્ષ સુધીની વયની બાલિકાઓનું અભિનય-નૃત્ય



	૨	૪				
૩	૬	૧	૨			
૧	૯	૫	૮	૩	૬	+
૯	૪	૨	૪	૮	૫	૧
૭	૨	૬	૩	૪	૧	૯

આપવામાં આનાની ટીકીટો મોકલવી. રજીસ્ટરડથી લેખવું હોય તો ત્રણ આનાની ટીકીટ વધુ મોકલવી.

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય તેવા કોઇ બ્હેનો કુમારા-ની તરિકામા ખાત્ર મેવા ઇચ્છતાં હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો મોકલવી. કુપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, " ગુણસુન્દરી "

'ધારવી કુંભારવાડા અગ્નિ પ્રલય સંકટ નિવારણ ફંડ'

મુંબઇની સોશિઅલ સર્વિસ લીગ, તરફથી ઉપરોક્ત ફંડ માટે સ્થપાયેલી સમિતિના પ્રમુખ દિ બ. કુંવરજી મોહનલાલ ઝવેરી, ઉપપ્રમુખો, મંત્રીઓ શ્રી. ભવાનીદાસ મોતીવાળા અને શ્રી જી. એન. સહસ્રબુધ્ધે તેમજ બીજાઓની વતી સાથે મુંબઇની પ્રજાને નીચેની અપીલ પ્રગટ થઈ છે:

ભાવનગર પાસે ધારવી ખાતે રહેતા કુંભારોના લગભગ સો ઝુંપડાઓ આગથી બળી ગયા છે અને તેથી ગરીબ કુંભારોને મોટું નુકસાન થયું છે આ આગથી લગભગ સો ઝુંપડાઓ બળી ગયાથી તેમાં રહેતા સ્ત્રીપુરુષો તથા બાળકોને અત્યંત અગવડ પડયું છે રૂપિઆ દશ હજાર જેટલી માલ મિલકત આગથી તદ્દન નાશ પામી છે, અને રૂપિયા પાંચ હજારનું નુકસાન ઝાવળીના ઝુંપડાઓ બળી જવાથી તેઓને પુગ્યું છે બળી ગયેલી માલમિલકતમા કુંભારોની રોજના હથિયારો પણ સદંતર નાશ પામ્યા છે. આ બનાવ જોનારતનો અહેવાલ વાંચતાજ મરહુમ સર રોબર્ટ ગ્રાંટની ઇસ્ટેટના ટ્રસ્ટીઓએ સોશિઅલ સર્વિસ લીગના આગેવાનોને પોતાની રૂપીયા પાંચ હજારની, પડતે ઠેકાણે અને માફી રીતે મદદ આપવા, લીગને લેટર આપી. મુંબઇના સખી નરનારીઓએ પણ આ દુઃખી લોકોને પૂરતું અનાજ તથા પૂરતાં કપડાં આપી સહાયતા આપી છે, અત્યાર સુધી, એટલે આગ લાગ્યા પછી લગભગ બેજ મહિનો સુધી, આ દુઃખી લોકોને બેસતા ઉઠારાઓ સાથે ઘરોજ ઉપાડામાં મુંબઇ પડયું છે, અને આખું પરિણામ એ આવ્યું છે કે આ લોકોમાંથી ઘણાજ માંદા થઇ ગયા છે કાચા ઝાવળીના ઝુંપડાઓ જે વખતે દરેક કુટુંબને રહેવાને મોટા વિસ્તારવાળી જગ્યા મળતી હતી; પણ હવે મુંબઇની મ્યુનીસીપાલીટીના તંદુરસ્તી વિભાગવાળા અમલદારો ફરીથી ઝાવળીના કાચા ઝુંપડાઓ બાંધવા પરવાનગી આપતા નથી, એટલે આ લોકો ફરી પાછા પડે કેમ લાગી બધ તે સબંધી કેમ કામ કરવું તે માટે લીગ તરફથી નિમાયેલી સબ કમિટીને આજે મુંજવણ ઉભી થઇ છે, કારણ કે કાચા ઝાવળીના ઝુંપડાઓ ફરી બાંધી

આપ્યાથી રૂપિયા ૫૦૦૭) માં જે કામ પતી જવાની આશા હતી તે મ્યુનીસીપાલીટીની વલણ જોતાં નથ થઇ છે આ સઘળાઓમાં પતરાના પાકા ઝુંપડાઓ બાંધી આપી આ દુઃખી લોકોને રાહત આપવાનો વિચાર અમોએ કર્યો છે દરેક ઝુંપડા સારૂ જે જગ્યા આશરે દરેક કુટુંબ વાપરવા ઉંચું તેવીજ વિસ્તારવાળી જગ્યા સાથના પાકા સો ઝુંપડાઓ બાંધવાજ રૂપિયા ૪૦૦૦૭) નો ખર્ચ થવા જાય છે આ જોતાં બીજી જગ્યા ખરીદ કરી ૨૨×૧૫ ના વિસ્તારવાળા પતરાના પાકા ૧૦૦ ઝુંપડાઓ રૂપિયા ૫૦૦૦૭) ને ખર્ચે બાંધવા અમોએ નિર્ણય કર્યો છે આનો અમલ થયેથી અમે માત્ર જે કુટુંબોના ઝુંપડાઓ બળી ગયા છે તેઓનેજ રાહત આપી શકીશું. બારી રીતે જોતાં જે ૨૦ ઝુંપડાઓ બળી ગયા નથી તેમાં રહેતાં કુટુંબોને પણ રાહત આપવાની જરૂર છે; અને અમને ખાત્રી છે કે મ્યુનીસીપાલીટી આ ઝુંપડાઓ પણ પાકી બંધાવી નવા બાંધવાની ફરજ પાડશે. જો આ કુટુંબોને વાસ્તે પણ પાકા પતરાના ઝુંપડાઓ બાંધવાનો વિચાર અમલમા મુકીયે તો રૂપિયા ૫૦૦૭) નો બીજો ખર્ચ થાય એમ છે, વળી મ્યુનીસીપાલીટી મુતરડીઓ, સંડાસો, વિગેરે સુધારવા જણાવતા મ્યુનિસીપલ ખાતાના મુનશી અમારી સાથે કામ છે, ને છટકાટ ન મૂકે, તો રૂપિયા ૪૦૦૭) નો વધુ ખર્ચ અમને કરવો પડશે એમ અમને અત્યારે લાગે છે એટલે જો મુંબઇની પ્રજા આ ગરીબ કુંભાર વર્ગના દુઃખી લોકોને ઝુંપડાઓ નવા તથા પાકા બંધાવી આપવાનું જો માથે લે તો ઓછામાં ઓછા રૂપિયા ૪૦૦૦૭) ખર્ચના પડશે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે

કુંભારોના નાશ પામેલા હથીયારો નવા

બનાવવા મુંબઇના ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળે રૂપિયા ૫૦૦) ની ભેટ આપી છે તેથી આ માટે બધુ રકમની જરૂર નથી કપડા અને અનાજ સબંધી પણ આસ મદદની જરૂર નથી.

અત્યાર સુધી અમારી પાસે રોકડ ભેટની રકમ રૂ ૮૪૩૩-૬-૦ ની છે; અને રૂ. ૫૬૨૬ ની મદદ આપવાના વચનો મળ્યા છે. કુલ્લે રૂ. ૧૪૧૦૦ ની રકમ લેતા રૂ ૩૦૦૦૦ ખરચવાનુ સાહસ કરીએ એ વધારે પડતુ લેખાય; પણ મુબઇની કદરદાન પ્રજા દરદમેય અરી વસ્તુસ્થિતિથી વાકેફ થતાં, પૂરતી મદદ આપવા કદી પણ પછાત પડી નથી એ વિના લક્ષમા લેતાં, તથા જે સબુરીથી ગરીબ કુટુબોએ તથા તેમના બાળબચ્ચા તથા બેરાઓએ મોટુ દુઃખ ખમ્યું છે તે વિચારતાં હવે જરા પણ બધુ વિલબ કરવો એ ગુન્હો છે એમ અમે માનીએ છીએ. અમે આ નવા પતરાના પાકા ઝુંપડાઓ બંધાવવાનુ કામ શરૂ કરી દીધુ છે ભેટની રકમો નીચે જણાવેલા સ્થળે મોકલવીઃ

(૧) સોશિઅલ સર્વિસ લીગ, સર્વન્ટસ ઑફ ઇન્ડીયા સોસાયટીઝ હોલ, સેન્ડહર્સ્ટ રોડ

(૨) ધી વર્કીંગમેન્સ ઈન્સ્ટીટ્યુટ, કામોઠર કાકરસી હૉલ, પરેલ.

(૩) ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, ગીરગામ બેકરોડ, પોસ્ટ ઓફીસ ઉપર.

(૪) ધી બોમ્બે પ્રોવીન્શીયલ કો-ઓપરેટીવ બેન્ક, એપોલો સ્ટ્રીટ-ફોર્ટ.

(૫) શેઠ વેલજી લખમસી નપ્પુ, દાણા બંદર.

ફંડની સાચવણી સારૂ બે બજનગીઓની નિમણૂંક કરવામાં આવી છે. રોકડ રકમ મળેથી પાકી રસીદો ભેટ આપનાર બાઇ બ્હેનોને આપવામાં આવે છે મળેલી બધી રકમોની સારે સારે છાપાઓમા વારી પ્રગટ કરવા માટે મોકલવામાં આવે છે.

—o—

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ, મુંબઈ.

૧. સ્વ જયાવતી દુલેરાય લેખી નિબન્ધની હરિફાઇનું પરિણામઃ સ્વ. જયાવતી દુલેરાય સ્મારક લેખી નિબન્ધની હરિફાઇ માટે "દેશને બધુ લાભ કોણ કરી શકે-ધનવાન કે વિદ્વાન ?" એ વિષય બહેર કરવામાં આવ્યો હતો હરિફાઇમાં ઉતરેલાં બહેનોના પ્રયત્ન ખરેખર વખાણપાત્ર હતા નીચેના ત્રણ બ્હેનોના નિબન્ધો અનુક્રમે ઇનામપાત્ર ગણવામા આવ્યા છે.—

૧. શ્રી શાન્તા હાનાભાઇ વ્યાસ
પહેલું ઇનામ રૂા ૩૦-૦-૦

૨. કુ. સુરિમતા નંદસુખરાય ત્રેહતા
બીજુ ઇનામ રૂા ૨૦-૦-૦

૩ શ્રી લીલાવતી નેણશી ખોના
ત્રીજુ ઇનામ રૂા ૧૦-૦-૦


૨. ગુજરાતી ફર્સ્ટ એડનો વર્ગ· ધી બોમ્બે સીટી એમ્બુલન્સ કોરના સહકારથી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળના મકાનમાં ગુજરાતી બ્હેનો માટે ફર્સ્ટ એડનો વર્ગ તા. ૧૮મી ફેબ્રુઆરીથી ખોલવામાં આવ્યો છે દર શનિવારે બપોરે ૨ થી ૩ (સ્ટે. ટા) એ વર્ગ ચલાવવામાં આવશે કે તિમબિન્દેન ઝવેરી (સાર્જન્ટ ઝવેરી) એ વર્ગ ચલાવશે. આ વર્ગમાં દાખલ થવા ઇચ્છતા બ્હેનોને મડળના મંત્રીઓને મળી વિશેષ માહિતી મેળવવા વિનતિ કરવામાં આવે છે.

૩ ઇનામી નિબન્ધની લેખી પરીક્ષાઃ મજકુર મડળ તરફથી મંડળના સભાસદોને તેમજ અન્ય ગુજરાતી હિંદુ સ્ત્રીઓને સવિનય જણાવવામાં આવે છે કે "સુધરી સ્ત્રી પુરૂષો સમાજની શી શી સેવા કરી શકે ?" એ વિષય ઉપર નિબન્ધ લખવાની હરીફાઇમા જેમને ઉતરવું હોય તેમણે પોતાના નામ ઠેકાણા સારૂ મડળના મત્રીઓને તા ૧૦મી એપ્રિલ ૧૯૩૩ સુધીમાં મોકલી આપવા.

મજકુર નિબન્ધ લખવાની હરિફાઇ તા. ૨૦-૪-૩૩ ગુરૂવારે બપોરે બે વાગ્યે (સ્ટે. ટા.) મંડળના હૉલમાં શરૂ થશે. નિબન્ધનું લખાણ ફુલસ્કેપ કાગળ ઉપર એક બાજુ લખ્યુ પાંચ છ પાના જેટલું હોવું જોઇશે નિબન્ધ લખવા માટે કાગળો મડળમાંથી અપાશે.

આ હરિફાઇમાં પહેલા ત્રણ નંબરે આવનાર બ્હેનોને અનુક્રમે રૂા ૨૫-૦-૦ પચીસ, રૂા ૧૫-૦-૦ પંદર અને રૂા. ૧૦-૦-૦ દશના ત્રણ ઇનામો સ્વ. પાર્વતીબાઇ દ્વારકાદાસ ત્રિકમદાસ સ્મારક ફંડમાંથી અપાશે

—o—



સ્વદેશ

લખનૌ પરિષદનાં સંભરણો. અખિલ ભારતીય મહિલા પરિષદની લખનૌ ખાતે મળી ગએલી સાતમી બેઠકનાં કામકાજથી મુબઈની મહિલાઓને માહિતગાર કરવા માટે પરિષદની મુબઇની સમિતિ તરફથી શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળના હોલમાં એક સભા ગયા માસમા ભરાઇ હતી લેડી કાવસજી જહાંગીર પ્રમુખસ્થાને હતાં. મીસ બહાદુરજીએ પરિષદના સંસ્મરણો કહ્યા હતાં શ્રીમતી નલિનીબાઇ દલવીએ મરાઠીમા ભાષણ કર્યું હતું શ્રીમતી તારાબહેને પરિષદનો અહેવાલ વાચ્યો હતો પ્રમુખ લેડી મવસજી જહાંગીરે જણાવ્યુ હતુ કે સામાજીક જીવનના દોરદામણી હિન્દી સ્ત્રીઓ માહિતગાર છે એ પરિષદે બતાવી આપ્યુ છે તેમના તરફ જે અપમાન દર્શાવાય છે તેનો પણ તેઓને ખ્યાલ છે મુંબઇની સ્ત્રીઓએ વિશાળ મર્યદામ હાથ ધરવા કરતા અમુક મર્યાદ હાથ ધરવુ જોઇએ. કેળવણીથી જ સામાજીક બદીઓ સમુળગી દુર થઇ શકે

ગુજરાતી સ્ત્રી સહકારી મંડળ મુબઇ, ના સ્વદેશી બજારને અંગેનુ વાર્ષિક પ્રદર્શન ગઇ તા ૧૧-૧૨ મીના દિવસોએ મારવાડી વિદ્યાલય હોલમાં બપોરના ત્રણ વાગ્યાથી સાજના ૭ વાગ્યા સુધી ભરવામાં આવ્યુ હતુ તેમા જાતી જાતની ખાદી, ખાદી ઉપર સુંદર ભાતમા છાપેલી સાડીઓ, રેશમી ખાદી, સુંદર ભીલકામપટ, તેમજ બીજી મરમ્યુ ઉપયોગની મરચુરણ વસ્તુઓ મુકવામાં આવી હતી.

પહેલા લેડીવોકેટ બહેનનુ મુબઇની વડી અદાલત તરફથી જાન્યુઆરી માસમાં લેવાયલી બેરીસ્ટરની પરીક્ષામા મીસીસ કેની નોશીરવાન ઝભવાળા નામના પારસી બહેન ફાતેહમદ નીવડવા છે આ પરીક્ષા પસાર કરનાર તેઓ પહેલાંજ બહેન છે

ભગિની સમાજ મુબઇ, તરફથી શ્રીમતી હંસાબહેન મહેતાનાં પ્રમુખપદે ગોખલે જયતિ ઉજવાઇ હતી તે વખતે શ્રી જયમુખલાલ મહેતાએ સ્વ ગોખલેનાં જીવન અને તેમાથી મળતા બોધ વિષે વિવેચન કર્યું હતુ

સ્ટવ-સળગીના બોગ. (૧) મુબઇમાં ભાત બજાર ખાતે શ્રી મણિબાઇ હીરાલાલ નામના ૩૦ વર્ષનાં બહેન સ્ટવ સળગાવવા જતા સાડી સળગી જવાથી દાઝી મરણ પામ્યાં (૨) મલબારહીલ રોડ ઉપર રેવકરણ મેન્શનમા રહેતી શ્રીમતી મણિબહેન બાલુભાઇ નામના ૨૦ વર્ષનાં બહેન દાઝી મરણ પામ્યાં (૩) મસ્જીદબંદરમાં રહેતાં શાન્તાબાઇ વલ્લભદાસ નામનાં ૨૪ વર્ષનાં બહેન સ્ટવ સળગાવવા જતાં દાઝી મરણ પામ્યા. (૪) ભુલેશ્વરમા કેથેડ્રલ સ્ટ્રીટ ખાતે રહેતી શ્રી નર્મદાબાઇ જમનાદાસ વેદરી નામની બહેન સ્ટવ સળગાવવા જતા દાઝી મરણ પામી (૫) મદનપુરામાં રહેતી મુમતાજ મહમદ નામની ૨૦ વર્ષની મુસ્લીમ સ્ત્રી સગડી પર ખાણુ પકાવતાં દાઝી જવાથી મરણ પામી.

અસહાય હિન્દુ પત્ની એક પત્ની જીવતી હોવા છતા બીજીવાર પરણવા તૈયાર થએલા પતિને અટકાવવા માટે શ્રીમતી કલાવતી નામની વધિક પત્નીએ મનાઈ હુકમ માંગતો દાવો માંડયો હતો. પરતુ અમદાવાદના જીલ્લા જજે કામ ચલાવ ઇન્જકશન આપવાની ના પાડવાં જણાવ્યું હતું કે " વાદી પોતાના પતિને, હિન્દુ કાયદા પ્રમાણે તે જે કરવા હકદાર છે તે કરતો અટકાવવા માગે છે. વાદી એના ઉપર પ્રતિવાદી બીજી પત્ની કરવા માગે છે તેના તરફ જે સહાનુભુતિ દર્શાવે છે,

પરંતુ કાયદા પ્રમાણે તે એમ કરી શકતો હોવાથી. વાદી અદાલત તરફથી કાંઇ મદદ મેળવી શકે એમ નથી.”

મનગમતો પતિ જોઇએઃ અમદાવાદમા રતનપોળમાં લીમુપોળમા રહેતા અમથાલાલ વણીક કંદોઇ મોહનભાઇની ૧૭ વર્ષની વયની પુત્રી ચારદાનુ લગ્ન તેજ જ્ઞાતિના યુવક સાથે થયુ, તા ૧૯ મી એ થવાનું હતુ. કહે છે કે ચારદા આ યુવક સાથે લગ્ન કરવા ઇચ્છતી ન હતી, પરંતુ પોતાનીજ જ્ઞાતિના, પણ જ્ઞાતિબહાર ગણાતા એક બીજા યુવક સાથે પરણવાની તેની ઇચ્છા હતી. લગ્નની બધી તૈયારી થઇ ગઇ હતી. લગ્નના હરબ્યાન તા. ૧૮મીએ પહેલા વર્ષના મેજીસ્ટ્રેટની કોર્ટમા તેને રજુ કરવાની અરજ થતા ચારદાએ કોર્ટમા જણાવ્યું હતું કે તે માતા પિતાના કબજામા રહેવા માગતી નથી અને માતાપિતાએ નક્કી કરેલા યુવક સાથે પરણવા માગતી નથી, આથી લગ્ન અટક્યાં હતાં.

લગ્ન સામે મનાઇ હુકમોઃ (૧) અમદાવાદના સદાર સુધારા સમાજ તરફથી તેના મંત્રી શ્રી. ચતુરભાઇએ બરવાળાની સત્રીરબાળા સુરજબા અયોધ્ય લગ્ન થતું અટકાવવા ઇચ્છતા જજ પાસેથી મનાઇ હુકમ મેળવ્યો છે. આજ બાળાના લગ્ન માટે વટવાનુ યુવક સંઘ પણ કાઠીયાવાડના સીહોર સબજજની કોર્ટમા મનાઇ હુકમ મેળવ્યો છે. (૨) ઉપરોક્ત મંડળના મંત્રી શ્રી ચતુરભાઇની વિનતિ પરથી, નડિયાદના ઇચ્છતા જજે સાત વર્ષની બાલમુ બાળાનું પ૪ વર્ષની ઉમરના વૃદ્ધ સાથે થતું લગ્ન અટકાવ્યુ હતુ. (૩) ઉપરોક્ત મંડળ તરફથી કડાશ્રીમાળી જ્ઞાતિના વાઘીભાઇ નામના ૧૪ વર્ષના મૂળે અને ભીખ માંગીને જીવન નિભાવતા છોકરાનું ૧૪ વર્ષની છોકરી સાથે લગ્ન થતું અટકાવવા ઇચ્છતા જજ પાસે મનાઇ હુકમ મેળવ્યો હતો. (૪) ઘોળકા નજીક આમોદા ખાતે ૧૦ અને ૭ વર્ષની બે સગીર પાટીદાર બાળાઓના લગ્ન સામે અમદાવાદના ઇચ્છતા મેજીસ્ટ્રેટે મનાઇહુકમ આપ્યું હતુ (૫) પ્રાંતિજમાં રહેતી ૭ વર્ષની બ્રાહ્મણબાળા ચંદાના વિજાપુરમા રહેતા ગોર મગનલાલના ૧૩ વર્ષના પૌત્ર સાથે થતાં લગ્ન સામે મનાઇ હુકમ મેળવાયો હતો.

કરાંચી મ્યુનિસિપાલીટીમાં સ્ત્રીસભ્યોઃ કરાંચીની મ્યુનિસિપાલીટીએ નવું સ્ત્રી સભ્યોને ચુંટવાની કરાંચી કોરપોરેશનને સત્તા આપવા સરકારને વિનતિ કરતો ઠરાવ કર્યો છે

કેદી સ્ત્રી પર બળાત્કારઃ નડિયાદના પોલીસ થાણામાં રંજી નામની તપાસ હેઠળની કેદી સ્ત્રી પર બળાત્કાર કરવા માટે પોલીસહેડ કોન્સ્ટેબલ શેખ હુસેન શેખ યાસીનને નાશિકના સેસન્સ જજે ૪ વર્ષ સખ્ત કેદની સજા કરી છે

શારદા કાયદા પરિષદઃ બાલ લગ્ન પ્રતિબંધક શારદા કાયદાનો ભંગ કરીને ઘણાં લગ્નો થાય છે તેથી એવાં લગ્નો અટકાવવાનો કાયદામાં સુધારો કરવાની સરકારને વિનતિ કરતો ઠરાવ, ઘ ન. હરવિલાસ સરદાના પ્રમુખપદે જાન્યુઆરીની આખરે મળેલી શારદા કાયદા પરિષદમા થયો હતો. ઠરાવમા વધુમાં દેશ એ કાયદાનો પૂરતો લાભ લઇ શકે તે માટે, કાયદાની કલમોનો ભંગ કરી કોઇ એવુ લગ્ન થતું અટકાવવા માટે મનાઇહુકમ કાઢવાની ઇચ્છા મેજીસ્ટ્રેટને સત્તા આપતો સુધારો કરવાની માંગણી થઇ હતી શ્રી. સરદાએ જણાવ્યુ કે બાલ લગ્ન પ્રતિબંધક કાયદો એ કાંઇ સમાજ સુધારો નથી, પરંતુ બાલલગ્નો રોકે પરિણામે

આવતા અંકે

‘ વૈદકની દૃષ્ટિએ ગૃહશિક્ષણ ’

એ શીર્ષક હેઠળ, અત્યંત ઉપયોગી લેખમાળા ‘ગુણસુન્દરી’ના પરમ શુભેચ્છક ડૉ. અમૃતલાલ હ પટેલ, હેલ્થ ઓફિસર, સુરત, રજુ કરનાર છે. ‘ગુણસુન્દરી’ની બીજી ભેટ ‘બાળકઉછેર’ના કર્તા તરીકે તેમજ બીજા ઉપયોગી લેખોના લખનાર તરીકે ડૉ. પટેલને વાચકો સારી રીતે પીછાને છે. તેમની આ લેખમાળામાં ‘શરીર વિજ્ઞાન તથા અંગત સ્વાસ્થ્યનું જ્ઞાન’, ‘માંદાની માવજત અને સકટ સમયે તાત્કાલીક મદદ’, ‘તંદુરસ્તી અને વૈદકની દૃષ્ટિએ રાંધણકળાનુ જ્ઞાન’ એ વિષયોની, અસલ સાદી અને સરળ ભાષામાં બહેનોને ઉપયોગી થઇ પડે એવી રીતે છણવટ થઇ છે.

પુરાન ઉતારીને વિધવા અને છે એવા અનિષ્ટ પર અંકુશ મૂકવાનો એનો ઇરાદો છે આવી બાલ હત્યા પર કાયદો અંકુશ મૂકતો નથી તેમાં સુધારો થવાની જરૂર છે સ્ત્રીઓને બાલ હત્યામાં ભાગ ન લેવાની તેમણે વિનંતિ કરી હતી મીલવી મહંમદ હકે ઇરાદને ટેકો આપતા જણાવ્યું હતું કે પુખ્ત વય પહેલાનું લગ્ન ગેરકાયદેસર છે માસીસ ગરોડીયાએ કાયદાનો ભંગ કરીને થતાં લગ્નો રોકવા માટે કુપી પોલીસ જેવી સંસ્થા સરકારે નીમવી જોઇએ એમ જણાવ્યું હતું..

હિન્દુ લગ્નના છૂટા છેડા કરવાને લગતો ખરડો સીલેક્ટ સમિતિને સોંપવાની દરખાસ્ત વડી ધારાસભામાં સર એચ. એસ ગૌરે મૂકી હતી. તેમણે જણાવ્યું હતું કે બની જરૂરનો કાયદાનો સુધારો આ ખરડો પૂરો પાડે છે. વિરોધીઓ દલીલ કરે છે કે લગ્ન એ પવિત્ર કરાર છે; પરંતુ તે બન્ને બાજુએ હોવો જોઇએ આજે તો હિન્દુ સમાજમાં સ્ત્રીનો ભોગ અપાય છે પુરુષ તેના વિરોધ છતાં ગમે તેટલી વાર પરણી શકે છે શ્રી સીતારામ રાજુએ ખરડો સીલેક્ટ સમિતિને સોંપવાની દરખાસ્તનો વિરોધ કર્યો હતો પરંતુ ખરડો ફરીથી પ્રજા મત માટે મોકલવાની તરફેણ કરી હતી સરકાર અને મુસ્લીમો તટસ્થ રહ્યા હતા. બાદ પરમાનંદે ખરડાનો વિરોધ કર્યો હતો. છેવટે સર હરિસિંહ ગૌરની દરખાસ્ત ૧૨ વિ. ૧૧ મતે પસાર થઇ હતી

સ્ત્રીઓ મેજીસ્ટ્રેટ તરીકે

કલકત્તાની બાલકો માટેની મધ્યસ્થ અદાલતમા પગારદાર બહારના મેજીસ્ટ્રેટો સાથે બેસવાની સત્તાવાળા બહારના મેજીસ્ટ્રેટો તરીકે બંગાલ સરકારે ૧૭ સ્ત્રીઓની નીમણુંક કરી છે આવી બંનની નીમણુંક પ્રાંતમાં પહેલીજ વાર થઇ છે ૧૭ સ્ત્રીઓમા ૧૦ બંગાલી બહેનો છે, બે મુસ્લીમ, ૪ યુરોપીયન અને એક પારસી બહેન છે.

વિદેશ

ભારિ અંધારણમાં હિન્દી સ્ત્રીઓ

લંડનના 'ટાઇમ્સ' માં એક પત્ર લખીને બેરમ થાદ નવાબે જણાવ્યું છે કે હિન્દી સ્ત્રીઓ,, મતાધિકાર સમિતિએ બહારપણ કરેલી સંખ્યા કરતા સ્ત્રીમતદારોની સંખ્યા ઓછી નહિ હોય એ જોવા આતુર છે સ્ત્રીઓ માટે સીધાં પ્રતિનિધિત્વની હિમાયત કરી તેમણે જણાવ્યું છે કે વધતી ધારા સભામાં પણ તેમનું પ્રતિનિધિત્વ હોવું જોઇએ સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતાનો મૂળભૂત હક બીનશરતે સ્વીકારાવો જોઇએ અને આગની સભાની સભ્ય સ્ત્રીઓને સંયુક્ત પાર્લમેન્ટની સમિતિમાં સ્થાન મળવું જોઇએ મતાધિકાર સમિતિએ બહારપણ કર્યા પ્રમાણેની સંખ્યામાં સ્ત્રીઓને મતાધિકાર આપવા માટે કાંઇ નહિ તો સ્ત્રીઓ માટે જુદી જુદી લાયકાતો કરાવાય, તે અયોગ્ય છે.

વિવિધ સ્ત્રીઓની નવ આગેવાન સંસ્થાઓએ 'ટાઇમ્સ' માં પત્ર લખતા સંયુક્ત સમિતિમાં એક કે વધુ સ્ત્રી પ્રતિનિધિઓને નીમવાની વિનંતી કરી છે તેમણે એવી દલીલ કરી છે કે હિન્દમાં સ્ત્રીઓનાં પ્રતિનિધિત્વના પ્રશ્નની ક્યારે ચર્ચા થાય ત્યારે સંસ્થાની સ્ત્રીઓની પ્રવૃત્તિના અનુભવ વાળી અને હિન્દી પ્રશ્નની માહિતગાર સ્ત્રીઓ રજુ કરવામા આવતી મુશ્કેલીઓ અને ગેરસમજો જણાવા માટે રહે એ ઘણું જરૂરનું છે

નવાં બેરીસ્ટર બહેનો

ઉલ્સી બેરીસ્ટરની પદવી ખાતે લેવાયલી પરીક્ષામા ૧ સ્ત્રીઓ પસાર થઇ છે તેમાં બે સર અતુલ ચેટરજીના પત્ની

છ માસનું સરવાયું

'ગુજરાતી'એ
ગયા છ માસમાં શું આપ્યું ?

૧૪ ફોટા–ચિત્રો
૧૩ વાર્તા–રેખ–ના નાટક
૪૦ બી ઉપયોગી લેખો
૩૦ રાસ ગાર્યો

—ઉપરાંત—

શ્રી પ્રેમસુન્દરજીની ચાલુ વાર્તા 'ઝરીબની મૃદુલક્ષ્મી'નો ઉત્તરાર્ધ, મુક્તિસ્નાનમાં ભારતીય મહિલાઓની ચાલુ લેખમાળા, જૂનતસરની સ્ત્રી–પ્રવૃત્તિના સમાચાર, ઘનાત્મી કથાનક, ઉપરાંત 'બાલવિભાગ' નું વાચન: ગાંધી જયન્તિ અંક, દીપોત્સવી અંક અને મહિલા પરિષદ અંક

એ ગ્રન્થ વિશિષ્ટ અંકો.

લેડી ચેટરજી છે. અને બીજા મીસીસ ફ્લારેન્સ કોક્ષન નામના ૭૦ વર્ષનાં વૃદ્ધ સ્ત્રી છે. મીસ પીરોજા બહાદુરજી નામના એક પારસી બહેન પણ બેરીસ્ટર બન્યા છે

ભણીતી સ્ત્રી વિમાની: મીસ વીનીફ્રેડ સ્પુનર ૩૨ વર્ષની વયે અવસાન પામી છે વેપારી પાયલોટ તરીકેની યોગ્યતા ધરાવનારી પણ થોડી સ્ત્રીઓમા એક મીસ સ્પુનર છે આંતર રાષ્ટ્રીય હરિફાઈમા તે ભણીતા હતા

બેલ્જીયમની ધારાસભામાં: બેલ્જીયમની પ્રાતિક સભા કે પાર્લામેન્ટમા સ્ત્રીઓ મત આપી શકતી નથી છતાં સ્ત્રીઓ ચુંટણી માટે યોગ્ય છે. છેલ્લી ચુંટણીમા મેગ્બરમા મેડમ દ્લારડીન ફરી ચુંટાયા છે સેનેટમાં મેડમ સ્વીક ફરી ચુંટાયા છે. પ્રાતિક ધારાસભામા એકલા બાનુ સભ્ય મેડમ બ્રેન્ચાર્ટ છે

અનીતિ માટે સ્ત્રીઓ અને બાલકોનો વેપાર. પૂર્વમાં થતા સ્ત્રીઓ અને બાળકોના અનીતિ માટેના વેપારની તપાસ કરવા માટે પ્રન્ન સંઘે તપાસ કમીશન નીમ્યુ હતુ તેણે ૧૮ માસ સુધી તપાસ કરી પોતાનો હેવાલ તૈયાર કરી પ્રન્ન સંઘની સભામા રજુ કર્યો છે. દરેક દેશમા સત્તાવાર અંકુશ મૂકી શકાય એવી ગોઠવણ કરી આ અનિષ્ટનો સામનો કરવા આંતર રાષ્ટ્રીય સહકાર માટે હેવાલમા સલાહ આપી છે. કમીશનના અભિપ્રાય પ્રમાણે, અનીતિનો વેપાર કરનારાઓ માટે, પરવાના આપી વેરવા જુદો મુખ્ય અડચણ રૂપ છે સ્ત્રીઓ અને બાળકોનો અનીતિ માટેનો વેપાર જડમૂળથી નાબુદ કરવાનુ અનીતિના ધામો નાબુદ કરવાથી સંભવિત બનશે દૂર દૂર પૂર્વમા દેશાપાર થએલી રશીયન સ્ત્રીઓ નિરાધારીને અંગે શરમ જનક જીવન ગુજારી રહી છે અને ચિનાઈ સ્ત્રીઓ પણ બાનો ભોગ બનેલી છે એનો હેવાલમાં ઉલ્લેખ થએલો છે. દક્ષિણ ચિન, મધ્યપૂર્વ હજારજ હિન્દ સુધી આ અનિષ્ટ પ્રસરેલુ છે ચિનમા જાપાની સ્ત્રીઓના અનીતિ માટે થતા વેપારની હેવાલમાં વિસ્તારથી ચર્ચા થઇ હતી. મલયમા સીઆમી ચલવળનો પણ ઉલ્લેખ કર્યો છે. મલયમા સ્ત્રીઓનો અનીતિ માટેનો વેપાર નહિવત્ છે અને ઘણી થોડી હિન્દુ, ઇરાની, આરબ અને યહુદી સ્ત્રીઓ આ વેપારનો ભોગ બને છે.

બાળકો અને હાલરડાં: હોસ્પીટલોમાં સંગીત ગાવાની મનાઇ અને બાલની માતાઓની હાલરડાં ગાવાની અશક્તિ એને કારણે સંગીતનો અભાવ, એ બાળકોના ઘણા ખરા રોગો માટે કારણભૂત છે એમ વીએનાની યુનિવર્સીટીનાં બાલકો માટેનાં કલીનીકના વડા પ્રો. ફ્રાન્ઝ હેમ્બર્ગર જણાવે છે બાલકોની તંદુરસ્તી સંબંધની વીએનીઝ સોસાયટીની સભામાં બાંહેધરીના ઘણા કેસો ઉપર ચર્ચા થઈ હતી. તેમાં એક એવો પણ કેસ હતો કે જેમાં બાળકોએ પોતા બાંધ્યા વિના બાલક ખોરાક ખાવા જ ન શકતુ પ્રો. હેમ્બર્ગરે કહ્યું કે જો બાળકને સંગીત સાંભળવાની તક આપવામા આવે તો, આ ખામી વર્તાવમાથી તેને બચાવી શકાય પ્રો. મોરો બાળકના કાન સંગીત તરફ કુદરતી રીતે વળેલા છે, એમ નક્કી કરી પ્રો હેમ્બર્ગરને ટેકો આપ્યો હોસ્પીટલોમાં બધી સગવડ હોવા છતા, બાલકોની સૌથી વધુ કુદરતી માંગરૂપ માતાનાં સંગીતનો અભાવ એ બાલકોની તંદુરસ્તીના અભાવનુ મુખ્ય કારણ હોવાનું પ્રો. મોરો માને છે.

અમેરિકામાં સ્ત્રી પ્રધાન: યુનાઇટેડ સ્ટેટ્સના નવા પ્રધાન મંડળની નીમણુંકમાં મજુરખાતાનાં પ્રધાન તરીકે મીસ ફ્રાન્સીસ પરકીન્સ ની નીમણુંક થવાની વકી છે મીસ પરકીન્સ ન્યુ યોર્કના ઔદ્યોગિક કમીશનર છે અને ઔદ્યોગિક પ્રશ્નો માટે અમેરિકામા ઘણા સત્તાવાર માહિતિ પ્રવિનાશ મનાયે છે યુનાઇટેડ સ્ટેટ્સના પ્રધાન મંડળમા તેઓ સૌથી પહેલાં સ્ત્રી સભ્ય બનશે

ઉરૂગ્વેમાં સ્ત્રીઓનો વિજય: સ્ત્રીઓને સંપૂર્ણ મતાધિકાર આપતો કાયદો ઉરૂગ્વેમા તા. ૧૪ મી ડીસેમ્બરે પસાર થયો હતો ઉરૂગ્વે સર્વેજ સમાજના પ્રમુખ ડૉ પોલીના લુપસી તરફથી હવે જણાવાય છે કે એ કાયદાનો છેવટનો સ્વીકાર થઇ ગયો છે ૧૯૩૩ ના નવેમ્બરમા યોજાનારી ચુંટણીમા સ્ત્રીઓ લાભ લેશે આ કિસ્સામા ડૉ પોલીના લુપસી અને તેમની સંસ્થાની સેવાઓ ઉલ્લેખવા યોગ્ય છે.

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

મુખબંધ:

શ્રીમતી લીલાવતી મુનશી યેરવડા જેલમાં પોતાની સજાની મુદત પૂરી કરી પાછા છૂટી આવ્યાં છે તેમના મુખ ઉપર જેલ નિવાસનાં ચિહ્નો સ્પષ્ટ જણાતાં હતાં

૨ જાન્યુઆરી ઉપર ચોરી કરવા માટે જાન્યુઆરી માસની આખરે પકડાયલાં રેશમે વિદ્યા કુમારી તારાબાઇને ૬ માસ સખ્ત કેદ ૨ પ૦ દંડની સજા થઇ છે એજ કારણસર બીજી બેરેકમેંવિદ્યા શ્રીમતી અનસૂયા અને શ્રીમતી રામદીપા નામકને ૪ માસ સખ્ત કેદની સજા થઇ છે એજ કારણસર શ્રીમતી બેનાબાઇ રામરાવ પુરધર અને શ્રીમતી શાન્તાબાઇ જાણુરાવ પાટકરને ૬ માસ સખ્ત કેદ ૬ ૪૦ દંડની સજા થઇ છે

આપણા સેવાસેના તરફથી શ્રીમતી મણિબહેન 'છગીલદાસના પ્રમુખપદે બીજાની બહેર સભા સમક્ષ ગુજરાત વિદ્યાપીઠના મદદામાત્ર શ્રી નરહરિ પરીખે 'હિન્દુ ધર્મનું સત્ય સ્વરૂપ' એ વિષય ઉપર પ્રવચન કર્યું હતું.

બાહર પ્રવેશ બીજને ભગિનિસમાજનો ટેકો

અગ્નિની સમાજના પ્રમુખ શ્રીમતી જયશ્રી રાવજીએ બી. ૬'ંગા આયર ઉપર એક પત્ર લખીને જણાવ્યુ છે કે, મુબઇની અગ્નિની સમાજે પસાર કરેલો ઠરાવ આ સાથે મોકલું છ. સામાન્ય રીતે હિંદુ કોમનો મત બદલાયો છે તે બીના અને ઘણા આ રીવાજ કે જેને બદલતો બહુ બરેલા બ્યાલથી નીભાવી રાખે છે તેનું નાબોદી કરેલું સ્વરૂપ ધ્યાનમાં લઇને આ સમાજ બહોળો રાખે છે અને પ્રાર્થના કરે છે કે, તમને તમારૂં બીલ ધારાસભામાં બહુમતી પસાર કરાવવાના કામમાં દરેક જાતની મદદ અને સગવડ મળશે કે જેથી એ બીલ જલદી કાયદારૂપ રૂપ પામે મે આ પત્ર અને ઠરાવની નકલ ધારાસભાના તમારા વધા કાઉન્સીલ એરિયા રટેનના હમદરદીને સમાજ તરફની એવીજ બત કરવાની પ્રાર્થના સાથે મોકલી આપ્યાં છે

ઠરાવ

કાલ ઠરાવ નામે મુબજ છે —

મુબઇની અગ્નિની સમાજ બી ૬'ંગા આયર તરફથી થયી ધારાસભામાં રજુ થનારા' મંદીર પ્રવેશ બીલના સિદ્ધાંત અને હેતુને દીલોજાનથી અમો ટેકો આપવાનો ઠરાવ કરે છે અને આ પ્રાચીન કાલ કુરૂઢ કરવાનો હિંદુ કોમનો ઠરાવ ધ્યાનમાં લઇને તેમને દરેક સમજણ કરી આપવામાં આવશે અને એ બીલ થવુ બેકાર કાયદાન પસાર કરવાને ત્યારથી કામ કરવાશે કે જેથી એ બીલ જલદી કાયદારૂપ રૂપ પામી શકે

વીરમગામમાં સ્વરાજ્ય દિનને અંગે રાષ્ટ્ર ધ્વજ વંદન કરાવતાં શ્રીમતી મદદાગાનહેન પરેખ, શ્રીમતી રમાબહેન પરેખ, અને શ્રીમતી મોરીબહેન પરેખ ગિરફતાર થયા હતાં.

અમદાવાદમાં તા. ૨૬ મી જાન્યુઆરીએ સ્વરાજ્ય દિન ઉજવતાં રાષ્ટ્રધ્વજ વંદન થયુ હતું તે પ્રસંગે પાંચ બહેનો ગિરફતાર થયાં હતાં.

અમદાવાદની જાણીતા કાર્યકર કુમારી મૃદુલા અબાબાઇ સારાભાઇને મુબઇ સરકારના આમ સત્તા આપતા મરદા પ્રમાણે ગિરફતાર કરી તા. ૬ ઠી માર્ચ સુધી સાબરમતી જેલમાં રાખવા હુકમ થયો છે.

બોરસદ તાલુકામાં ગયા લડતની યાદ તાજી રાખવાના હેતુથી 'ઓ સીતમદીન' ઉજવવા ઓ સીતમ પરિષદ જાન્યુઆરી માસમા ભરવાનુ નક્કી થયું હતુ. તેને અંગે બહાર ગામથી અનેક બહેનો પરિષદમાં આવ્યાં હતાં તા. ૨૧ મી જાન્યુઆરીએ આ દિન ઉજવાતાં પરોઢમા પ૭ બહેનોનું સરઘસ નીકળ્યું. બહેનોને પોલીસે અટકાવતાં બહેનો એ ત્યાજ બેસી ઠરાવો વગેરે પસાર કરવાનું કામ કરી લીધુ બધી બહેનોને પકડાવલી જાહેર કરી, પરંતુ તેમાથી માત્ર નીચેનાં ૧૩ બહેનોને ૬ માસ કેદ ૩. ૧૦૦ દંડની સજા થઇ છે. એ બહેનો નીચે પ્રમાણે છેઃ શ્રીમતી બહેનો માણેકબહેન, સાકરબહેન, ગંગાબહેન વેરીભાઇ, કાશીબહેન શીવાભાઇ, રામબા.ઇ, દીવાળીબહેન, અવેરબેન, કંકુબહેન, વિદ્યાબહેન, રઢબા, લાડુબહેન, ગંગાબહેન નાગજીભાઇ, કાશીબેન જીવાભાઇ.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં નિર્મળ બલિદાનો

૨૯૪૦	શ્રીમતી તારાબાઇ	મુંબઇ	૬ માસ સખ્ત, રૂા. ૫૦ દંડ	
૨૯૪૧	,, અનસુયેબાઇ શર્મા	,,	૪ માસ સખ્ત	
૨૯૪૨	,, શ્યામલીયા નાયક	,,	,,	
૨૯૪૩	,, ગોબીબાઇ પુરંધર	,,	૬ માસ સખ્ત, રૂા. ૪૦ દંડ	
૨૯૪૪	,, શાન્તાબાઇ પારેખ	,,	,,	
૨૯૪૫-૪૬	,, પાંચ બહેનો	અમદાવાદ	—	
૨૯૫૦	,, મૃદુલા	,,	—	
૨૯૫૧	,, ચંદ્રકલાબહેન પટેલ	વિરમગામ	—	
૨૯૫૨	,, ગૌરીબહેન પટેલ	,,	—	
૨૯૫૩	,, મનોરમાબહેન પટેલ	,,	—	
૨૯૫૪	,, માણેકબહેન	બોરસદ	૬ માસ કેદ, રૂા. ૧૦૦ દંડ	
૨૯૫૫	,, સાકરબહેન	,,	,,	
૨૯૫૬	,, ગંગાબહેન વેરીભાઇ	,,	,,	
૨૯૫૭	,, કાશીબહેન શીવાભાઇ	,,	,,	
૨૯૫૮	,, રામબાઇ મંગળભાઇ	,,	,,	
૨૯૫૯	,, દીવાળીબહેન	,,	,,	
૨૯૬૦	,, અવેરબહેન	,,	,,	
૨૯૬૧	,, કંકુબહેન	,,	,,	
૨૯૬૨	,, વિદ્યાબહેન	,,	,,	
૨૯૬૩	,, રઢબા	,,	,,	
૨૯૬૪	,, લાડુબહેન	,,	,,	
૨૯૬૫	,, ગંગાબહેન નાગજીભાઇ	,,	,,	
૨૯૬૬	,, કાશીબહેન જીવાભાઇ	,,	,,	
૨૯૬૭	,, નર્મદાબહેન પટેલ	,,	એક વર્ષ; રૂા. ૨૦૦ દંડ	
૨૯૬૮	,, માણેકબહેન પટેલ	,,	,,	
૨૯૬૯	,, મણીકાન્તા પટેલ	,,	,,	
૨૯૭૦	,, સાકરબહેન ડાહોર	,,	—	
૨૯૭૧	પૂ. કસ્તુરબા	,,	૬ માસ કેદ, રૂા. ૫૦૦ દંડ	

આ ઉપરાંત પરિષદના પ્રમુખ શ્રીમતી નર્મદા બહેન પટેલ, સ્વાગત પ્રમુખ શ્રીમતી કાશીબહેન પટેલ અને મંત્રી શ્રીમતી મણીકાંતા પટેલને એક વર્ષ સખ્ત કેદ રૂ. ૨૦૦ દંડની સજા થઇ છે

બોરસદ તાલુકામાં તા. ૨૬ મી જાન્યુઆરી એ સ્વાતંત્ર્ય દિન ઉજવાતાં શ્રીમતી સાકરબહેન ડાહોરભાઇ વળજમાં ગિરફતાર થયાં હતાં.

ગયા તા. ૪ થીએ બોરસદ તાલુકાના વાસ ગામમાં પૂ. કસ્તુરબા અને બીજા ૬ બહેનોએ સરમુખત્યારોની પરિષદ ભરવાનો પ્રયત્ન કરતાં, પૂ. કસ્તુરબા અને શ્રીમતી કાશીબહેન આશાભાઇ પટેલ, શ્રીમતી કાશી-

બહેન રાવજીભાઇ પટેલ, શ્રીમતી શાંતાબહેન કાકર પટેલ, શ્રી. મણિબહેન ન્યાયાભાઇ પટેલ, શ્રી. સવિતાબહેન નાથાભાઇ પટેલ અને શ્રી. ઠાકોરીબહેન ગોવિંદભાઇ પટેલ

૨૧૭૨	શ્રીમતી ડાહીબહેન આત્યાભાઇ પટેલ	બારસદ	૧૮ માસ કે., રૂ. ૨૦૦ દંડ
૨૧૭૩	,, ડાહીબહેન રાવજીભાઇ પટેલ	,,	,,
૨૧૭૪	,, શાન્તાબહેન પટેલ	,,	,,
૨૧૭૫	,, મણિબહેન પટેલ	,,	,,
૨૧૭૬	,, સવિતાબહેન પટેલ	,,	,,
૨૧૭૭	,, ઠાકોરીબહેન પટેલ	,,	,,
૨૧૭૮	,, હરિબહેન	આણંદ	એક વર્ષ યા રૂ. ૧૦૦૦ નો જમીન
૨૧૭૯	,, દીવાળીબહેન પટેલ	,,	—
૨૧૮૦	,, આનંદકોરી વાજિક	મહેમદાવાદ	૬ માસ સખ્ત
૨૧૮૧	,, શાન્તાબહેન	,,	૪ માસ સખ્ત
૨૧૮૨	,, ચંચળબહેન	,,	—
૨૧૮૩	,, દીવાળીબહેન	,,	—
૨૧૮૪	,, ધનલક્ષ્મીબહેન	કાઠોદ	૬ માસ કે., રૂ. ૨૦ દંડ
૨૧૮૫	,, અંબેરબહેન	બારેજ	૪ માસ સખ્તકે
૨૧૮૬	,, ઠાકોરબહેન	,,	,,
૨૧૮૭	,, ઇચ્છાબહેન	,,	,,
૨૧૮૮	,, નર્મદાબહેન	,,	૬ માસ; રૂ. ૧૦૦ દંડ
૨૧૮૯	,, મણિબહેન બક્ત	બારેજી	—
૨૧૯૦	,, સવિતા કેસ.૪	,,	—
૨૧૯૧	,, કુસુમબહેન વસી	,,	—
૨૧૯૨	,, ચંચળબહેન	,,	—
૨૧૯૩	,, કસ્તુરબહેન	,,	—
૨૧૯૪	,, પુતળીબહેન	,,	—
૨૧૯૫	,, એક બહેન	કોચી	—
૨૧૯૬	,, નલિની પ્રભાદેવી	કલકત્તા	૬ આઠવાડિયાં
૨૧૯૭	,, રોહણાબાદેવી	,,	,,
૨૧૯૮	,, નવનીતકમળા સિંહ	,,	ત્રણ માસ કે.
૨૧૯૯	,, કૈલાસીદેવી	,,	,,
૨૭૦૦	,, બસુકમા દત્ત	,,	—
૨૭૦૧-૦૨	,, બે બહેનો	,,	—
૨૭૦૩	,, દેવન બાલ	,,	—

ડાહીબહેન આત્યાભાઇ પટેલ એ ૭ બહેનો ગિરફતાર થયાં હતાં પૂ. કસ્તુરબાને ૬ માસ કે., રૂ. ૫૦૦ ના દંડની સજા કરી હતી બાકીનાં ૭ બહેનોને ૧૮ માસ કે., રૂ. ૨૦૦ દંડની સજા કરી હતી

સ્વાતંત્ર્ય દિનને અંગે આણંદમાં શ્રી. હરિબહેન ગનાભાઇને એક વર્ષ કે. યા ૧૦૦૦ ના જમીન આપવાની સજા થઇ છે. ગઇ તા. ૪ થીએ કેદી દિન ઉજવતાં શ્રીમતી દીવાળીબહેન પટેલ ખેંચવંદન કરાવતાં પકડાયાં હતાં.

મહેમદાવાદ તાલુકાના ૨૦ માં સરમુખત્યાર શ્રીમતી આનંદકોરી વાજિક અને શ્રીમતી શાન્તાબહેન ભાયલાલને અનુક્રમે ૬ માસ સખ્ત કે. અને ત્રણ માસ સખ્ત કેદની સજા થઇ છે બદિઝાર દિનની પત્રિકાઓ વહેચવા માટે સરસ વળી નીકાવણી મળી મહેમદાવાદ તાલુકાના ૩૦ મા સરમુખત્યાર શ્રીમતી ચંચળ બહેન પટેલ અને શ્રીમતી દીવાળીબહેન પટેલને ગિરફતાર કર્યાં છે.

કાઠોદના સરમુખત્યાર શ્રીમતી ધનલક્ષ્મી બહેનને ૬ માસ કે. રૂ. ૨૦ દંડની સજા થઇ છે.

બારેજમાં શ્રીમતી અંબેર બહેન, શ્રીમતી ઠાકોરી બહેન અને શ્રીમતી ઇચ્છા બહેનને અગાઉ સજા થઇ ગએલી હોવાથી ૬ માસ સખ્ત કે. ૧૦૦ દંડની સજા થઇ છે

સ્વાતંત્ર્ય દિનને અંગે બારેજની તાલુકાના ગીરવ ગામે પરિષદ ભરવામાં આવતાં શ્રીમતી

મણિબહેન ભક્ત, શ્રીમતી સવિતા દેસાઇ, શ્રીમતી કુસુમબહેન વસી, શ્રીમતી ગજરાબહેન, શ્રીમતી કસ્તૂરબેન પટેલ, અને શ્રીમતી ભુલીબહેન એ ૭ બહેનો ગિરફતાર થયાં હતાં.

મુંબઇ હલાદેા:

સ્વાતંત્ર્ય દિનને અંગે કરાચીમાં રાષ્ટ્રધ્વજ વંદન કરાવતાં એક બહેન પકડાયાં.

બંગાલ:

કલકત્તામાં સ્વાતંત્ર્ય દિન ઉજવવા માટે ૫૦ બહેનો સાથે મોટું સરઘસ નીકળ્યું હતું. એ બધાં બહેનોને ગિરફતાર કરવામાં આવ્યાં હતાં પરંતુ તેમને પાછળથી છોડી મૂકવામાં આવ્યાં હતા.

૨૭૦૪	શ્રીમતી સરોજિની દે	મુનશીગંજ	૭ માસ કેદ
૨૭૦૫-૦૮	પાંચ બહેનો	,,	,,
૨૭૦૯	,, એક બહેન	,,	ત્રણ માસ કેદ
૨૭૧૦-૧૩	,, ચાર બહેનો	,,	કોર્ટ ઉઠતાં સુધી
૨૭૧૪	,, મૃદુભાષિણી	બાગલપુર	—
૨૭૧૫	,, પ્રથા તિવેદી	,,	—
૨૭૧૬-૨૦	,, પાંચ બહેનો	,,	—
૨૭૨૧	,, મૃણાલિનીદેવી	નાતોર	કોર્ટ ઉઠતાં સુધી
૨૭૨૨-૨૩	,, બે બહેનો	,,	,,
૨૭૨૪	,, શાન્તિદેવી	મોધીર	૧૧ માસ કેદ; રૂા. ૧૫ દંડ
૨૭૨૫	,, જ્યોતાદેવી	,,	,,
૨૭૨૬-૨૭	,, બે બહેનો	,,	,,
૨૭૨૮-૪૧	,, ૧૪ બહેનો	અલાહાબાદ	—
૨૭૪૨-૫૪	,, ૧૩ બહેનો	,,	૬ માસ સખ્ત
૨૭૫૫-૬૨	,, ૮ બહેનો	બનારસ	—
૨૭૬૩	,, પરમેશ્વરીદેવી	મીરઠ	—
૨૭૬૪	,, વિદ્યાદેવી	મથુરા	—
૨૭૬૫-૬૬	,, બે બહેનો	દિલ્હી	ત્રણ માસ, રૂા. ૧૦૦ દંડ
૨૭૬૭	,, લક્ષ્મીબાઇ ચાંદીવાળા	,,	ત્રણ માસ; રૂા. ૫૦ દંડ
૨૭૬૮	,, ચન્દ્રાવતીદેવી	પટના	૧૫ માસ સખ્ત
૨૭૬૯	,, સત્યવાભાદેવી	,,	૪ માસ કેદ
૨૭૭૦	,, ભાનુનાદેવી	,,	,,
૨૭૭૧-૭૪	,, ૪ બહેનો	ગયા	ત્રણ માસ સખ્ત
૨૭૭૫-૭૮	,, ૪ બહેનો	મદ્રાસ	—

મુનશીગંજ શ્રીમતી હેલનબાલ નામની ક્રિશ્ચિયાને ગિરફતાર કરી છે.

સ્વતંત્રતા દિનને અંગે સરઘસ કાઢવા માટે મુનશીગંજના શ્રીમતી સરોજિની દેવી અને બીજાં ૧૧ બહેનોને ગિરફતાર કર્યાં હતાં. તેમાંથી ૭ બહેનોને ૭ માસ સખ્ત કેદ, એકને ત્રણ માસ કેદ અને પાંચને કોર્ટ ઉઠતાં સુધીની કેદની સજા થઇ હતી.

મુનશીગંજની કોર્ટના ઉત્સવના પાઠમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે શ્રીમતી નલિની પ્રભાદેવી અને શ્રીમતી રોસનઆરાદેવીને ૬ મહિનાની સજા થઇ છે. સ્વતંત્રતા દિનને અંગે ગિરફતાર થએલાં અમદાવાદ આશ્રમનાં કન્યા-શિક્ષણસંસ્થાના આચાર્ય પ્રિન્સિપાલ કુમારી નવનીત-કમળા સિંહા બી. એ અને શ્રીમતી કૈલાસી દેવીને ત્રણ માસ સખ્ત કેદની સજા થઇ છે.

૧૪ તા. ૧૭ મીએ કલકત્તામાં જુદાં જુદાં સ્થળોએ દરોડા પાડીને પોલીસે શ્રીમતી બકુલ પ્રભાદત્ત અને બીજાં બે બહેનોને ગિરફતાર કર્યાં છે. તા. ૧૮ મીએ બારાનગર વિદેશી કાપડની દુકાન પર ચોકી કરવા માટે બાગલપુરમાં શ્રીમતી મૃદુભાષિણી અને શ્રીમતી પદ્મંતિ દેવી મહિલા સાત બહેનોને ગિરફતાર કરી છે.

સ્વાતંત્ર્ય દિનને અંગે નાતોરમાં શ્રીમતી

મૃણાલિની દેવી અને બે બહેનોને ;કોર્ટ ઉઠતાં સુધીની સજા થઈ હતી

મોધીરમાં સ્વાતંત્ર્ય દિનને અંગે ગિરફ્તાર થએલા શ્રીમતી શાન્તાદેવી અને શ્રીમતી જશોદાદેવી અને બીજાં બે બહેનને દોઢ માસ કેદ રૂ. ૧૫ દંડની સજા થઈ છે

સંયુક્તપ્રાંત-દિલ્હી

અલાહાબાદમાં સરમુખત્યારોની એક ગુપ્ત સભામાંથી ૧૪ બહેનોને ગિરફ્તાર કરવામાં આવ્યાં હતી. સ્વતંત્રતા દિનને અંગે ગિરફ્તાર થએલાં ૧૩ બહેનોને ૬ માસ સખ્ત કેદની સજા થઈ છે.

બનારસમાં સ્વાતંત્ર્ય દિનને અંગે ૮ બહેનો ગિરફ્તાર થયાં હતાં બનારસની બીજાની જેલમાં રાજકીય કેદી બહેન શ્રીમતી રાધીરાણી સેને કપાળે ચાંદલો ન કરવા દેવા સામે વિરોધ દર્શાવી ૨૫ દિવસ ઉપવાસ કર્યા હતાં. સરકારે એવી પરવાનગી આપી હતી.

મીરતમાં વાંધા ભર્યાં ખુલાસાનો વહેચવા માટે શ્રીમતી પરમેશ્વરી દેવી ગિરફ્તાર થયાં છે

મથુરામાં શ્રીમતી વિદ્યાદેવી નામની સ્વયંસેવિકાને ૬ માસ સખ્ત કેદની સજા થઈ છે

દિલ્હીમાં સ્વાતંત્ર્ય દિનને અંગે ગિરફ્તાર થએલાં બે બહેનોને ત્રણ માસ કેદ રૂ ૧૦૦ દંડની સજા થઈ છે શ્રીમતી લક્ષ્મીબાઈ ચાંદીવાલાને ત્રણ માસ કેદ રૂ ૫૦ દંડની સજા થઈ છે.

બિહાર

પટનામાં સ્વાતંત્ર્ય દિનને અંગે બાબુ રાજેન્દ્ર પ્રસાદનાં પત્ની તથા બહેન સહિત પાંચ બહેનને ગિરફ્તાર થયા હતાં. પાછળથી બાબુ રાજેન્દ્ર પ્રસાદના પત્ની અને બહેનને છોડી મુકયાં હતાં જ્યારે પટના જીલ્લાના સરમુખત્યાર શ્રીમતી ચન્દ્રાવતી દેવીને ૧૫ માસ કેદની અને બીજાં બે બહેનો શ્રીમતી સત્યવાણી દેવી અને શ્રીમતી બાબુના દેવીને ૪ માસ સખ્ત કેદની સજા થઈ છે.

ગયામાં મહાસભા ચળવળ ચલાવવા માટે ચાર બહેનોને ત્રણ માસ સખ્ત કેદની સજા થઈ,

મદ્રાસ-પંજાબ.

મદ્રાસમાં સ્વાતંત્ર્ય દિનને અંગે ૪ બહેનો ગિરફ્તાર થયાં

પેશાવરનાં આગેવાન મહાસભાવાદી શ્રીમતી નિશાદેવી બહાર આવતાં તેમને ૨૪ કલાકમાં પંજાબની સરહદ છોડી જવા હુકમ થયો હતો. [૨૬-૨-૩૨

જેને માટે બૃહદ ગુજરાત રાહ જોતું હતું

—: આ રહ્યું તે પુસ્તક :—

" સંતતિ નિયમન "

હિંદુ સમાજના સળગતા પ્રશ્નોઃ—

માતૃત્વ—આકસ્મિક કે ઐચ્છિક ?

મર્યાદિત સંખ્યામાં બળવાન, ચારિત્ર્યવાન બાળકો કેવી રીતે ઉત્પન્ન કરવાં ? આ પ્રશ્નોનું દરેક દ્રષ્ટિએ અવલોકન કરતું અને તેને માટે વિશ્વાસપાત્ર અને નિર્દોષ ઉપાયો બતાવનારૂં પુસ્તક.

લેખક : ડૉ. અમૃતલાલ હ પટેલ, ડી પી. એચ, ડી. ટી એમ, એમ. બી બી એસ. (મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, બરો મ્યુનિસિપાલિટી, સુરત.)

૧૬ ચિત્રો : : : : ઉપ પ્રકરણ : : : સોનેરી પુંઠું

કીંમત રૂ ૧-૮-૦ : પોસ્ટેજ જુદું.

મળવાના ઠેકાણાંઃ ધર્મ વિજય પ્રેસ, પાયધુની, ગોડીજીના ટેરા પાસે, મુંબઇ, ૩ " શુભસુન્દરી " કાર્યાલય, અને બાબુલાલ બુકસેલરો.

સ્વ. કવિ બોટાદકરે રચેલાં કાવ્યોનાં ચાર સુંદર સંગ્રહ

૧ કલ્લોલિની . મુલ્ય : ૦-૧૨-૦ પોસ્ટેજ : ૦-૧-૬

૨ નિર્ઝરિણી : ,, ,,

૩ સ્રોતસ્વિની : ,, ,,

૪ શૈવલિની : મુલ્ય : ૧-૦-૦ પોસ્ટેજ. ૦-૨-૦

ચારે પુસ્તકો સાથે લેનારને રૂ. ૩-૦-૦માં ઘેર મોકલાશે.

વ્યવસ્થાપક "શુભસુંદરી" ૧૧૪, ઝીરત્રામ મેક શેઠ, મુંબાઇ, ૪

Crown Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમીનીઅમના વાસણો.

પ્રમાણભુત શોધ્યા એલ્યુમીનીઅમમાથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે.



કેટલાક કહેવાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ ગપગોળા હાકે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે "

પરંતુ

હિંદના મહાન રસાયણ શાસ્ત્રી—
આચાર્ય પ્રફુલ્લચંદ્રરાય શુ કહે છે ?

'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય મારી મારા પરચુરણ કામમાં હુ એલ્યુમીનીઅમના વાસણો વાપરૂ છુ રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી. ઉલ્ટુ મારી વાત એ છે કે ત્રાંબા પિતળના વાસણો કરતાં આ વાસણો વધુ સગવડ ભર્યા છે.

- પી. સી રાય.

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

કારખાના તથા શાખા
હેડ ઑફીસ ૧૧ કલાઈવ સ્ટ્રીટ, કલકત્તા. કલકત્તા, મુબાઇ, મદ્રાસ, રંગુન



—કેસોટીપ રૂપ તરીકે ભજવાયેલ "કૃષ્ણ-લીલા"માં
રાધા-કૃષ્ણ.
ફોટો : મેજેસ્ટીક સ્ટુડીયોઝ, મુંબઈ. ૨.



ગુણસુંદરી

અને સ્ત્રીહિતોપદેશ

પુસ્તક ૨૦ મું] એપ્રિલ ૧૯૩૩ [અંક ૨ જો

આનન્દજ્યોતિ

(કેવી દર્શન ઘોને કયાળી, જ્યત જોગમાયા રે—એ ઢાળ)

અમે જ્યાંતાં સરોવર તીરે, આનન્દજ્યોત ઝરતા રે,
પદ્મપુષ્પોના પુંજ બધે કહેરે, આનન્દજ્યોત ઝરતા રે;
કૃષ્ણપ્રેમ કી રસની ચકુટી, આનન્દજ્યોત ઝરતા રે,
અમ અંતરેથી મોહગાંઠ તૂટી, આનન્દજ્યોત ઝરતા રે.

અમે જ્યાંતાં સાયરની પાળે, આનન્દજ્યોત ઝરતા રે,
નીર મોતીડાં ઘણેરાં ઉછાળે, આનન્દજ્યોત ઝરતા રે;
અમે નાંખી નજર ચોફી પારે, આનન્દજ્યોત ઝરતા રે,
આજ વરસે જ્યાં અમૃતકુવારે, આનન્દજ્યોત ઝરતા રે

અમે જ્યાંતાં સરિતાના ઘાટે, આનન્દજ્યોત ઝરતા રે,
મળ્યો જોગીડો એક વનવાટે, આનન્દજ્યોત ઝરતા રે;
ધ્યાન ધારીને ગગન એણે કુ કર્યો, આનન્દજ્યોત ઝરતા રે,
વિશ્વપ્રેમ અમ અંતરે ઝબુકયો, આનન્દજ્યોત ઝરતા રે.

અમે જ્યાંતાં બ્રહ્માણ્ડના આરે, આનન્દજ્યોત ઝરતા રે,
મહાજ્યોતિના તેજના કિનારે, આનન્દજ્યોત ઝરતા રે;
અમે પ્યાલાં ભરીને રસ પીધા, આનન્દજ્યોત ઝરતા રે,
પુનિત પ્રેમનો અખંડ ઘોધ લીધા, આનન્દજ્યોત ઝરતા રે.

રતિલાલ શુકલ

બ્રહ્મનમાને

હાંરે કોળ્યાં કોળ્યા કુસુમથી કુળ હથારા
સંજીવની સલિલે સિંચો એને બ્રહ્મન !
હાંરે મ્હોર્યાં મ્હોર્યાં મંજુલ હરિયાળા
એ હાસ હવે આંતે ખિલાવોને બ્રહ્મન !

નિર્ભયતાની ગળથૂથી નેઠ ન્યાયનાં પાન
હાલરડે બજરંગનાં બ્રહ્મચર્યના ગાન

હાંરે ગાવા ગાવા એ ગાન રઢીયાળા
ગેબી એ પંથ ન્યારા દેખાડવાને બ્રહ્મન !
હાંરે પાવા પાવા ધુંટી પ્રકાશ પ્યાલા
એ તેજના, વસંતે ફાલો જોવા બ્રહ્મન !


ઉજવળ આતમ દૂખશાં રોપો હૈડે કોડ
ખોળે ખેલઘુહારના જોવા ખેલ અજોડ

હાંરે ગાળે ગાળે એ આભ-ગાભ હાકે
ધીંગાણે ધરા ધાકે મુજવે એ બ્રહ્મન !
હાંરે ભાગે ભાગે દેવી ત્યાં જ્યોત, ભાગે
અંધાર એની આગે ઉભો રહે ન બ્રહ્મન !

વદને દેવ રમી રહ્યા નયને સૂર્યપ્રકાશ
ગન ગીઠ્ઠા મસ્તાન એ માનવ કુળની આશ

હાંરે આવો આવો ચારિત્ર્યને ખિલાવો
લેવા અમૂલ લહાવો બાલુડાનાં બ્રહ્મન !
હાંરે જાગો જાગો જગકુંજને જગાવો
સંસારમાં સુજાવો સ્નેહાગિ સ્વર્ગ બ્રહ્મન !

પ્રાણશંકર જગજીવનદાસ બધેકા



લેખક ડૉ. અમૃતલાલ હ પટેલ, ડ પી. એચ,
મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, સુરત મ્યુનીસીપાલીટી.

(લેખાંક: ૧)

હુલ્લમાં ઓકેળવણીનો પ્રશ્ન આ રેહમાં દરેક દ્રષ્ટિએ ચર્ચાઈ રહ્યો છે અને ઓકેળવણીનો આદર્શ પ્રાપ્ત કરવા માટે જુદી જુદી સંસ્થાઓ પોતપોતાને યોગ્ય લાગે તે રીતે બીજાને કેળવણી આપવા યત્ન કરી રહી છે

ઓકેળવણીમાં, સામાન્ય જ્ઞાન ઉપરાંત જુદા જુદા વૃદ્ધવોગનું પોષક પણ વિશેષ આપવાનો પ્રયત્ન પણ કોઈ કોઈ સંસ્થાઓમાં થાય છે પરંતુ ઓકેળવણી આપની આપણી દરેક સંસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કરીએ તો આપણને મોટું ખોડખાંપણ જણાશે કે આપણી કન્યાકાળાઓમાં શારીરિક ઉન્નતિ અને તંદુરસ્તીનું સામાન્ય જ્ઞાન આપવાની પૂરતી કાળજી નથી આ બાબતનું પરિણામ એ આવ્યું છે કે આપણા જીવનને પોતાની તથા પોતાના બાળકોની તંદુરસ્તી સાચવતાં આવડતી નથી અને આપણી પ્રજાની શારીરિક સ્થિતિ આ કારણને લીધે બહુ ખરાબ થઈ ગઈ છે હવે કેળવણી પામેલી કન્યાઓ સામાન્ય રીતે કમજોર અને રોગગ્રસ્ત હોય છે અને તેમને દરરોજ દવાઓના ડોક્ટરો પાસે જવા વગર ચાલતું નથી.

પુરાણના રોગોમાં બીજો સામાન્ય રીતે મજબુત અને તંદુરસ્ત હોય છે અને તે કારણથી આવી બીજા પરણ્યા પછી પોતાના પતિને અનેક રીતે મદદગાર થઈ પડે છે તેઓ ધારે તો નોકરી કરવાને શક્તિમાન હોય છે અથવા પોતાનું ઘર ચલાવવા ઉપરાંત પોતાના પતિને વ્યાપાર ધંધાદિ કાર્યમાં પણ તેઓ મદદગાર થઈ શકે છે અત્યારે આપણા રેહમાં કેળવાયલી બીજો ઘણું ખરું તેમના પતિને બોજારૂપ થઈ પડે છે. ઉપરી કેળવણી પામેલી દિકરી બી એ કે એમ બી અને અન્ય ઉદ્ગારો કરતાં ચરમાવે છે. શરીરે તંદુરસ્ત નહિ હોવાથી અથવા બળવાનું અગ્નિમાન હોવાથી તેનાથી વ્યાપાર કે નોકરી થઈ શકતી નથી અને તેઓ પણ વખત પતિને ઘરમાં બોજા રૂપી સમાન થઈ પડે છે બીજા વિદ્વાન અને રેહબરો જમાનો ખૂદરંગે આ કારણસર ઉચ્ચ કેળવણી પામેલી દિકરી પુરણીઓને, " મેળવવાને બોજારનાર પત્નીઓ " ની ઉપમા આપી હતી બોજ અર્થની પરંતુ ગૂઢાર્થમાં પુરણ કરી, પતિની કાળજી હોય તો એક અર્થ મૂકિએ નહી હો કે વખતે બીજો બોજાને ઉપાડવું પડતું નથી,

તેમને બાળકો ઉછેરવા માટે આયા રાખવાની જરૂરત પડે છે. પોતાના બાળકને ધવરાવવામાં પણ તેઓ હિણપત સમજે છે અને તેમની એકંદર વર્તણુક જાણે પોતે પતિ ઉપર અને તેના કુટુંબ પર ઉપકાર કરવાજ જન્મેલી હોય તેવી હોય છે.

ઉચ્ચ કેળવણી પામેલી સ્ત્રીઓને ઉતારી પાડવાનો લેખકનો ઇરાદો નથી. સ્ત્રીઓને ઉચ્ચ કેળવણી પણ યોગ્ય રીતે આપવી જોઇએ તેમ લેખકની દૃઢ માન્યતા છે અને કેટલીક ઉચ્ચ કેળવણી પામેલી સ્ત્રીઓએ આ દેશની અનુપમ સેવા પણ બજાવી છે પરંતુ ઉપર જણાવેલી વસ્તુસ્થિતિ આપણે અત્યારે આ દેશમાં મધ્યમ તેમજ તવંગર વર્ગમાં સાધારણ રીતે જોઇએ છીયે તે આપણે દીલગીરી સાથે કબૂલ કરવું પડશે. આ વસ્તુસ્થિતિનું ખરું કારણ આપણી કન્યાઓને અત્યારે અપાતી ખામી ભરેલી કેળવણી જ છે. આપણી બાળાઓને ઉચ્ચ કેળવણીની સાથે " મહેનત કરવાની મહત્તા " (Dignity of Labour) અને " ગૃહ સજાવવાની કળા " (Art of House–Keeping) શીખવવામાં આવતાં નથી. કન્યા કેળવણીની હાલની પદ્ધત્તિ આપણી આર્થિક અને સામાજીક સ્થિતિ તેમજ આપણા ધર્મને અનુકુળ નથી એમ કહીયે તો તે વધારે પડતું નથી. થોડુ ભણેલી સ્ત્રી પોતાને મળેલા થોડા જ્ઞાનમાં પરણ્યા પછી વધારો કરી શકતી નથી અને પોતાને મળેલા થોડા ઘણાં જ્ઞાનનો સદ્‌ઉપયોગ પણ તે કરવા શક્તિમાન નથી. વધારે ભણેલી સ્ત્રીઓનો આદર્શ સાધારણ રીતે પુરૂષોની બરાબરી કરવા પુરતો જ હોય છે અને તેઓ પોતાને યોગ્ય અને અનુકુલ ક્ષેત્રમાં કાર્ય ન કરતાં–જ્યાં તેમના જેટલી અથવા તેમનાથી વધારે માનસિક શક્તિવાળા સેંકડો પુરૂષો પડયા હોય–તેવા ક્ષેત્રમાં તે કાર્ય કરવા મથે છે અને તેમાં તેમને સાધારણ રીતે નિષ્ફળતા મળે છે. અને તેથી તેમને મળેલી ઉચ્ચ કેળવણીનો સદ્‌ઉપયોગ થતો નથી

સ્ત્રીઓનો શારીરિક બાંધો પુરૂષો કરતાં નાજુક હોય છે. સ્ત્રીઓના કમનસીબે આ દેશમાં છોકરાની, બચપણમાં જેટલી સંભાળ લેવાય છે તેટલી સંભાળ છોકરીઓની લેવામાં આવતી નથી છેલ્લાં પચીસ વર્ષમા હિંદુ સમાજની આ મનોદશામાં થોડો ઘણો સુધારો થયો છે પરંતુ આ દેશની લગભગ ૯૫ ટકા જેટલી બાળાઓને યોગ્ય ન્યાય નથી મળતો અને તેમના કુદરતી હક સ્વીકારવામા નથી આવતા તે વાત આપણે મને કમને પણ કબૂલ કરવી પડશે. આ બધાં કારણોને લીધે આપણી સ્ત્રીઓનો શારીરિક તેમજ માનસિક વિકાસ જોઇએ તેટલો થતો નથી. વધારામાં તેમને ૧૩ થી ૧૮ વર્ષની કુમળી વયમાં માતા બનવાની ફરજ પાડવામાં આવે છે. સોળ વરસની બાળાને " સુંદરી " માનવાની બેહુદી માન્યતા આ દેશમા કેમ જડ ઘાલી બેઠી હશે તેની લેખકને સમજ પડતી નથી.

વૈદક અને તંદુરસ્તીની દૃષ્ટિએ જો કેળવણીનો ક્રમ ગોઠવવામાં આવે અને તેને અનુસરીને આ દેશમાં બાળાઓને કેળવવામાં આવે અને ઓછામાં ઓછી ૨૦ વર્ષની ઉમર પછી જ જો છોકરીઓનાં લગ્ન કરવામાં આવે તો આપણા હિંદી સંસારનું ચિત્ર નજીકના ભવિષ્યમાં વધારે ઉજળું બનશે.

વૈદક દૃષ્ટિએ ગૃહશિક્ષણ આપવાનો વિષય ઉપલક દૃષ્ટિએ આપણને કદાચ શુષ્ક લાગશે પરંતુ જો આપણે આ બાબત ગંભીરતાથી વિચાર કરીશું તો આપણને આપણી પ્રજાની શારીરિક અધોગતિને સુધા-

રવા ખરો ઉપાય આની અપરંપાર મણી આવશે.

અત્યારના કન્યાઓના શિક્ષણક્રમમાં કેવલ માનસિક કેળવણીને જ અગત્યનું સ્થાન મળેલું છે આપણા કેળવણીકારોએ જાણવું જોઇએ કે આ દેહની સેંકડે ૯૦ ટકા ઓઓના કરમતમાં ગૃહકાર્ય કરવાનું જ લખાયલું હોય છે અને તેમની જીંદગીનો મોટો ભાગ રસોઇ કરવામાં, અન્ય ગૃહકાર્ય અને બાળકોને ઉછેરવામાં જ પસાર થવાનો છે છતાં તેમને આ બધા ઉપયોગી વિષયોનું જ્ઞાન તો આપવામાં આવતું જ નથી. આપણી બધી ખરી કન્યા શાળાઓનો શિક્ષણ ક્રમ, વાંચવું, લખવું, ગૂંથવું ભરતકામ અને સંગીતમાંજ સમાપ્ત થાય છે નિશાળોમાં ભણવું આ સાર પાંચ વિષયનું આ જ્ઞાન આપણી કન્યાઓને આપ

શું ગૃહિણી બનાવી શકશે કે કેમ તે બાબત આપણે ગંભીરપણે વિચાર નથી કર્યો. કેવો વિષાદ આ વિષયમાં ઉદ્ભવ સંગીન થવા કર્યો છે પરંતુ તે પણ પૂરતો અને સંતોષ કારક તો નથી જ.

વૈદક દૃષ્ટિએ ગૃહશિક્ષણના પ્રશ્નમાં નીચે જણાવેલ વિષયો અત્યંત ઉપયોગી છે:

(૧) શરીર વિજ્ઞાન તથા અંગત સ્વાસ્થ્યનું જ્ઞાન

(૨) સામાન્ય વૈદક જ્ઞાન, બાળકની માવજત અને સહજ સંભવે તાત્કાલીક મદદ

(૩) તંદુરસ્તી અને વૈદકની દૃષ્ટિએ રાંધણ કળાનું જ્ઞાન

ઉપરના બધા વિષયોનું જ્ઞાન આપણા જીવનને કેવી રીતે અને કેટલું બધું ઉપયોગી થઇ પડે તેનું વર્ણન હવે પછીના પેરેગ્રાફમાં આપવામાં આવશે.

નારીને સંબોધન

સેવા· કવિવર રવી-દ્રનાથ ઠાકોર

ભાવનગર થી. રાજનુ વેણ

કે નારી ! તું કેવળ કામનાની જ નહિ પણ મનુષ્યત્વની કૃતિ છે; મનુષ્યે તને તેનાં કાવ્યનું સૌંદર્ય અર્પણ કરે છે

કવિનો તારે અર્થે કલ્પનાના સોનેરી તારથી ગાન ગૂંથે છે; ભાવુકો તારી મહાને ઉદાર નૂતન અર્થાત્ આપી રહ્યા છે

તને અધિક સૌંદર્યથી અલંકરવા સમુદ્ર અનુકૂલ પ્રીતી, અમાપ ઉંડી અનેક પ્રેરણ અને સૌમ્ય-ઉદારતા પરિપૂર્ણ ખોળતા પુરુષો તારે બારણે ધરે છે

પુરાણોનાં હરણની તુચ્છ તમો મોહનને અહોનિશ ક્રાંતિ કામણે છે·

તું અર્થ સૌ છે· અર્થ અન્ય છે·

સાહિત્યકલ્પિત સ્ત્રી*

[મીરાંથી દયારામ સુધી]

લેખક:
શ્રી સુરેશ દીક્ષિત,
એમ. એ., એમ એસસી

ગુજરાતી ભાષા ગમે તેટલી જુની હોય પણ તેનું સાહિત્ય એટલુ જુનું નથી કે એના પ્રાચિન અને અર્વાચિન એવા વિભાગ પાડવા યોગ્ય ગણાય. ગુજરાતનું પ્રાચિન સાહિત્ય એટલે સસ્કૃત સાહિત્ય કહેવુ યોગ્ય છે. ઇ. સ. ૧૪૦૦ની સાલથી લગભગ લિખિત બોલક ગુજરાતી સાહિત્યની શરૂઆત થાય છે. પરંતુ તે પહેલાં પણ જ્યારે સસ્કૃત એ રાજ્ય, ધર્મ અને સાહિત્યની ભાષા હતી ત્યારે પણ સામાન્ય વર્ગમાં સસ્કૃત કરતાં પ્રાકૃતજ બોલાતુ. જુના શિલાલેખો અને સંસ્કૃત નાટકો બધું પ્રાકૃત ભણી ગયું છે. સંસ્કૃત ભાષા સર્વ લોકની ભાષા હતી એ કહેવું વાસ્તવિક નથી છતાંય રાજ્ય, ધર્મ અને સાહિત્યની ભાષા સંસ્કૃત હોવાથી આજે ગુજરાતી સાહિત્યની નસેનસમાં તેના પ્રબળ પ્રવાહ વહી રહ્યા છે ભાષા કરતાય શરૂઆ-તનાં ગુજરાતી સાહિત્યના વિચાર વાતાવરણ સસ્કૃત સાહિત્યને વધારે સામ્ય છે. ગુજરાતી સાહિત્ય સંસ્કૃતની ઝાંખી નકલ હતી. આજનું ગુજરાતી સાહિત્ય તેવુ નથી. એથીજ આપ-ણને અર્વાચિન અને પ્રાચિન જેવુ સાહિત્યમા નથી છતાંય ભેદ પાડવા તરફ સૂચન થાય છે. ચોડી સદી પછી આજનું સાહિત્ય પણ પ્રાચિન બનશે.

આજે આપણે ધર્મ અને સાહિત્યને અનોખાં અને અસબધ ગણીએ છીએ. આજની પાચસો વર્ષ પહેલાં ધર્મ અને સાહિત્યનો ભેદ કપાસ અને સુતર જેવો ગણાતો. ધર્મપુસ્તક સાહિત્યમાં ન ગણાતાં પણ સાહિત્ય ધાર્મિક ગણાતું. ધર્મનો અર્થ વિસ્તૃત કરવાને સાહિત્યનો ઉપયોગ થતો. આથીજ આપણા ઘણાખરા સાહિત્યકારો ભક્ત, ભાટ, કે કથાકાર છે. કેટલાક તો ધર્મ-રના અંશ રૂપે પૂજાય છે.

સાહિત્યમાં કલ્પાયલા પાત્રો મુખ્યાગે પૂરાણ, રામાયણ કે મહાભારતમાંથી લેવાયતાં છે. આ ધાર્મિક પાત્રો ઉપર વ્યક્તિગત લખાયલુ સાહિત્ય એકઠું કરીએ તો બીજુ મહાભારત, બીજુ રામાયણ અને બીજા પૂરાણ જેવલું વધી જાય. આનો સ્પષ્ટ અર્થ એટલોજ થાય કે લેખક નવનવા થાય, તેની કલ્પના કવચિત નવી હોયવે પરતુ તેમનાં માણસો, દેશ અને કાળ એનાં એજ રહે. એ હિસાબે આજ આપણે કુમુદ કે મંજરી ઉપર બીજી નવલકથા જોડી શકીએ.

પ્રજાની સંસ્કૃતિનો તોલ જીને અપાતા સન્માન-ઉપરથી કરી શકાય. કાયદા કે ધર્મના પુસ્તકમાં લખાયેલો દરજ્જો એક વાત છે અને દરરોજ જીંદગીમાં તેના વર્ત-નની વાત જુદી છે ધર્મ અને કાયદામાં જીને દેવી ગણવાનુ લખ્યું હોય-તે શક્તિરૂપે પૂજાતી હોય-પણ નિત્ય આચારમાં તેના તરફ નિર્દયતા બતાવાતી હોય એ ઉપરાંત વ્યક્તિના અનુભવ પ્રમાણે કોઇ જીને માન આપે તો કોઇ ધિક્કારે આ પ્રત્યેના અનુભવોની પર્પ-રાને લક્ષને આ સાહિત્યનું સદાય બીજાના

* શ્રી ગુજરાતી હિન્દુ ની મંડળ સમક્ષ તા. ૬-૩-૩૪ ને રોજ વાંચેલો નિબંધ.

પુરુષ જેવું પાત્ર બની રહી છે. આ દેશમાં દીવસે દીવસે સ્ત્રીઓની ગ્રામાજીક સ્થિતિ બદલાતી ગઇ તેમ પ્રાચિન સ્વતંત્ર અને ઉચ્ચ વાતાવરણ ટકવાને પણ સાહિત્યને અનિવાર્ય હતું. સાહિત્યમાં સ્ત્રી લોહચુંબક જેવી છે. મુખ્યાંશે સ્ત્રી પાત્ર ઉપરજ નવાની વાતથી માંડી મોટાં પૂરાણ ગુથાયલાં છે મોટી લડાઈ પણ તેઓને ખાતર ઉભી થતી કોઇપણ પ્રકારે સ્ત્રીનો આવાસ સુખ કે દુઃખનું કેન્દ્ર બની જાય છે સાહિત્યમાં પડતું સ્ત્રીનું પ્રતિબિંબ સમાજનું સ્થિતિદર્શક હોય.

ગુજરાતી સાહિત્યનો મુખપ્રવેશ મીરાંબાઇએ સાંભળ્યો છે મીરાંએ એક પણ નવું પાત્ર સરજ્યું નથી. તેની કવિતા અંતરના કોમળ હસ્તાક્ષર જેવી છે તેણે સંસારમાં મુંઝાતા હૃદયના ઉભરા કૃષ્ણ નિમિત્તે કહાડ્યા છે. કંઇક ઉડી ઝંખના પાછળ ભરમ થવાનું જેમ સ્ત્રીઓમાં છે એ મીરાંએ સ્પષ્ટ કર્યું છે—પછી તે ઝંખના પ્રેમની હોય, ઇશ્વરની હોય કે બાળકની હોય

" સસરો અમારો અગ્નિનો ભડકો,
સાસુ સદાની સૂણી રે,
એની પ્રત્યે મારું કાંઇ ના ચાલે રે,
એને આસુડીએ નાંખ્યુ પૂણી રે "

સંસારના દુઃખમાં દબાતી સ્ત્રીનો આ બળાપો છે. સાસું સસરાને અગ્નિ કહ્યા નથી ! મીરાંની કવિતા આત્મચરિત્ર જેવી છે તે કરતાંય આત્મહૃદય જેવી વધારે છે. પ્રેમ પાછળ રહેલો ત્યાગ ભભૂકી ઉઠે છે

નરસિંહ મહેતાનું સાહિત્ય એટલું શૃંગારીક નથી જેનો શૃંગાર " ભક્તિ "માં સમાવી દીધો હોવાથી તેનું સ્વરૂપ રચ્યું કાયાને લગાડવું ઘટીત નથી નરસિંહ મહેતાએ સ્ત્રીરૂપે કૃષ્ણગાન ગાયાં છે. તે રસ અને રંગમાં તરબોળ છે "ચાતુરી ચોડશી"માં સ્ત્રીના સોળ શણગાર વર્ણવતો જોઇએ

"હરખ મનમા ધર્યો ઘણો, મંજન કર્યું તેણીવાર;
ચુવા ચંદન અંગે કેસર, સુગંધ લઇ અપાર
ચીર ચંપક સાડી પટોળી, ઓપતાં તે પહેર્યાં અંગ;
મુખડામાં મધુરું હસની, નારી જેમ કુરંગ
શીશ ફુલી રાખડી, જોયે તે બાજળ રેખ,
લીલવટ સોહે ચાંદલો, વેણીએ તે વળગ્યો શેષ
નિરમલ મોતી નાકમા, અવણે પહેરી બાલ,
અધર અરુણ ઓપતા, વાનવુ રોગે બાલ.
મોતીઆળી ગરમર કંઠે, ઉર ઓલાવળ હાર,
ચોળી પહેરી કસાકસી, કર કંકણનો ઝબુકાર
ચુડિલો હાથે સોહામણો, બીડી મુખમાં બણ;
કાંબળુ સર્વે સોહામણાં, સાંચાં કર વિખાણ
ચરણે નેપુર ઝુમરી, વીછીઆ તે અણવટ સોહે,
નખ શિખ વર્તા સુંદર, મુનિ જનનાં મન મોહે
હસ્તમની ગજગતિ, કટી કેસરનો લક;
ઉર અંબુજ બે ઓપતા, મુખડું તે જાણે મયક
મુખડે તે મધુર બોલની, હસવે શું મોડે અંગ,
(૫૬ ૫)

તેની સ્ત્રીઓ દીલ તને ડોલાવે છે. પ્રેમ-રસ એમની પાષકન્દવાલા છે. શરીરશણગાર એમનો બન્દરો છે. આજે આપણને જેવું ઓઢવા પહેરવાનું ગમે તેવું તે કાળના લોકને પણ થતું

ગરબા અને રાસ ગુજરાતમાં રહ્યાં છે. રાસનો ઇતિહાસ કૃષ્ણના રાસ તરફ રવાભાવિક જેવી જ્યાં નરસિંહ મહેતાએ રાસનું વર્ણન કરતાં સ્ત્રીના ચિત્ર દોર્યાં છે·

"કામની સર્વ ગોળે મળી, માંડ્યો વૃંદાવન રાસ;
બાવના ચંદન છાંટણાં, રમે માધવ પાસ
રાસક્રીડા રમે માનની, ગુણ ગાએ ગોવિંદ;
કોકીલા કંઠે સ્વર કરે, સ્થિર થઈ રહ્યો ચંદ
મળ વાલ્યા સર્વ કામની, સોહે સકળ શણગાર;
હાર હેયાના હલકતાં, ઝાંઝરના ઝમકાર
પહરવાળી પટોલડી, ગોરી શ્યામળી નારી,
કુડનાકાર કરી રહી, મધ્યે આદ્યા મોરારી
ત્રિભુવન મોહે વાજતાં, થાય દ્રમદ્રમકાર,
પગતણા પ્રહાર વાજ રહ્યા, કોય ન લહે પાર
રાગ કોય કેના ગુણે નહિં, જોયે જુજવી વાણી

આથી આગળ વધીને " શૃંગારમાળા "

અને "સુરતસંગ્રામ" વાંચતાં આપણા મનમાં ઝી અને શૃંગારને સાથે મૂકી દેવાનું મન થાય છે "આખ્યાન" ની તેજછાયામાં તેણે ઝીસ્વરૂપ ચિતર્યું છે.

નરસિંહ મહેતાથી પ્રેમાનંદ એ જરા લાંબી કાળ છે. પરંતુ પ્રેમાનંદ એ નરસિંહ મહેતાનો ભક્ત અને ચરિત્રલેખક હતો. નરસિંહ મહેતાની 'ભક્તિ"ની એનામા ઓટ છે. ભક્તિના પુલપાનમાં એના શબ્દ નથી વિંટાયા. તે સારો કથાકાર છે. પુરાણની બહાર તે પોતાના પાત્રો શોધવા નથી ગયો. ઓખા, રાધા, દમયંતી જેવા પાત્રોને પોતાને યોગ્ય લાગે એમ ગોઠવે છે તેનાં ઘણાં સારાં આખ્યાનોમાં ઓખાની હદમળ્યા, દેવદૃષ્ટ કે દૈવાના હેલ ચિતરવામાં આવ્યા છે પરણવાના કોડ કરતી ઓખા કે નળના પ્રેમમાં બધા બોલતી દમયંતી એજ એનાં અનુપમ ચિત્રો કરી કહાણ પરણવા પહેલાં અને પરણવા પછી ઓખાને ટોઠે કરી એના જેજ શબ્દો આવે છે

"સ્વામી કેરો સંગ નહીં નારીને,
જેથી જીવ્યું નરજન્મ;
વને આવ્યા થી પરણવા તણી,
મારું જોબન બધે જાવું રે"

× × ×

"જલ વિન જેવું માનસરોવર,
ચંદ્ર વિના નિશા જેવીછા
એમ કંથ વિનાની કામિનિ,
કું બજારવી જેવી રે."

પરણીને આવ્યા પછી ઓખાને જે ઉપદેશ આપ્યો છે તે આજેય બહુમિ માનવા જેવો લાગે:

"પતિ બૂરી વાત સાંભળિ કે ય, કોય અક્ષર નવ કહિયેરે;
કય કા કેહ ન મૂકિયે, બહુ કંઈ વચ્ચ ન પડેરીએ
કામ પરનાં બત બ્યાં કરિયે, ન કરિયે કાંધ આંધાં;
પૂછ્યા જો મુખ આગે, તો કહિયે બધને બાં.
પાય બધે નવ જોઇયે, ક્ષમા રાખીયે નહ કારે;
બહુ બોલી કહિયે, કંઈએ કરિ મનિયારે
સંતાપ સાસરે ન કીજીએ, પિયરને તુ બખાણિયે;
લક્ષ દુઃખ હોય સાસરે, પણ સ્વામીને ન બોલાવિયે.
દાસી માનુસનો સંગ ન કીજે, નીચને ભલે માઠું સહી.
સાસુ રીસ કરે ઘણી, પણ સામો બોલ કરિયે નહિ
સાસુ નણંદને જેઠાણીની, સેવા શક્તિ કરને ઘણી;
પર ઘેર નિત્ય જઇએ નહીં, જયે હકલાઇ ગયે આપણી
મોટે સ્વરે હસીએ નહીં, કોઇ સાથે તાળી નવ દીજીએ;
દ્વાર ઘણી ઉભા રહિયે માંહે, પુત્રી પાણી ન પીજીએ
બરબાર પડેલું જમી ખેનહીં, બાઇ ઉચ્છિષ્ટ જમીએ નાથનું;
તું મારીએ નહીં સેવક આદે, મન રાખીએ સર્વ સાથનું
માત પિતાને ભ્રાત ભગિની, પિયર મુખ ન સંભારીએ;
આવા જેસો જીવ કરીને, કુલની લાજ વધારીએ.
સહુને ગમતું બોલીએ, બાઇ અહંકાર કરીએ નહીં;
હસવું વદન નિત્ય રાખીએ, સુખ દુઃખ સજ્જન
ભણીએ સહી."

પ્રેમાનંદે દાણલીલામાં દોરેલું ઓનું ચિત્ર નરસિંહ મહેતાની "ચોરણી" જેવું જ છે.

"પંચરંગી ચોટલી માથે રે,
બાલુબંબ ચૂડલા હાથે રે
વાંકી અંજલી કંકણ ચૂડ રે,
નેતાં અબલા દીસે બહુ કૂડ રે.
શીષફૂલ રાખીને ત્રોડી રે,
બલે દિનકર પ્રકાશ કોડી રે.
નાકે વેસર બાલે ઝીલી રે,
ચોળે આંખ આંજી છે રસીલી રે.
મદબંધ ગોપીનો ભાળ રે,
ચોળે દંત રંગ્યા છે લાલ રે
ઝબો ઝબો કંચન કેડી રે,
બલે ઘુઘ્મ ઘઘ ઘેમકેડી રે.
કેસર ચંદન ને કસ્તૂરી રે,
નવયૌવન વાસ અપૂરો રે
પેરણ ચીર ઝરણાં ને ચોળી રે,
તાંબી કોબણી સઘળી પટોળી રે.
કેડે પવની બિન ચોરી રે,
કેડ કામણી કેડ જોરી રે
(દાણલીલા)

× × ×

"બાજે નેપુર કેરા ઝણા,
અંબુજ અમૃતનો ઝળો,
અંબુદિયે ચંદ્રનો રણો,
એ કે અપુર ઝાંકરિયો ઝળો."
(નરસિંહ પ ૧૦)

એથીયે આગળ વધીને તે શરીરના માત્રનું પણ વર્ણન કરવા ચૂકયો નથી

'દૂધમોચની મૃગલોચની,
છે લલિત લક્ષણવતિ એ,
નિજ મન હલાસી, વેણુ વાસી,
અલક લટ વિલસતિ એ.
ચુમ ગાલ ઝળકિત, રત્ન ઝળકિત,
અપનાં મન લોભિવાં
મુખ સુવાસિકુ, અધરબિંદુ,
ભ્રુકુટિ ભમર બે ચુન્ન છે,
બે નેત્ર નિર્મળ, દિસે છે કમળ,
કૂલ ફૂલ્યા કુન્ન છે.
આજેલ બાહુ, અપલ ખાહુ,
ક્ષીન મૂખ બે હરિયા"

"ધડિ દમયંતી ને ભુજ બંધેયો, તેના તો તારા હવા," એવી અલૌકીક કંપ તેની સ્ત્રીસૌન્દર્યની કલ્પના છે સ્ત્રીની કલ્પના સાથે રંગ, સુગંધ, રાગ અને શોભા ચિતરી તેને ચિત્તાકર્ષક બનાવવામાં આવ્યુ છે.

ઉપરની સર્વ કલ્પનાને બાજુએ રાખી કવિ નવાં ચિત્ર ઉભેરતો શામળભટ છે. એની કલ્પેલી સ્ત્રી ચાલાક, વિદ્વાન અને કામેલ છે તેઓ સ્વર્ગીય સ્વપ્ન કરતાં પૃથ્વિનાં સુખદુઃખ જોઇ શકે છે અત્યાર સુધી પરણવુ એ સ્ત્રીનો ધર્મ ગણાતો પરંતુ શામળનું સ્ત્રી પાત્ર કુંવારા રહેવામાં લ્હાવો માને છે. પોતાની પરીક્ષામાં પાસ થાય એવા વરને પરણવા એની ચાલાક સ્ત્રીઓ જંત્ર લઇ બેશે છે આ છોકરીઓ પુરૂષ સાથે સરસાઇમાં ઉતરે છે. કુમુમને ધારતાં ગોવર્ધનરામને શામળની એકાદ સ્ત્રી પોતાનું સ્વપ્ન આવ્યુ હશે ! તેની સ્ત્રીઓ પ્રણાલિકા ભંગ કરે છે. ખરેખર એમનો તકાવત તેમના માનસ અને વર્તનમાં છે. સ્ત્રીસૌન્દર્યનાં વખાણ કરતાં શામળની કલ્પના કવિત્વપૂર્ણ બને છે

"ચંદ્રવદની મૃગલોચની, ગજગામિની, ગારૂડ કે ગોલે ગમિની;
જેવી પુષ્પ વનની વેલ, જેવી વાડીમાની કેળ.
જેવી ચંપાકેરી કળી, જેવી વીજળી ઝબકે બલી;
જેવી રત્નાકર કુંવરી, જેવી શોભે સુરસુંદરી
જેવી કોક કીર્તે નામણી, નહિ શામા એની સામણી,
જેવી રત્ન કમળ દીવડી, જેવી કારમીરી પુતળી"

શામળે સ્ત્રીના ગુણદોષ ત્રાજવે તોળ્યા છે સ્ત્રીને તે અક્કલના ભંડાર કરતાં શોભાનું પુતળું વધારે માને છે શામળથી સ્ત્રી ઉપર આક્ષેપોની શરૂઆત થાય છે

"સ્ત્રીને તો પગે લાગીએ, મુંડ માને દૂરથી ત્યાગિયે,
સ્ત્રીતે આદ્યશક્તિ કહેવાય, અજિત એ જિતિ નવ જાય.
× × ×
સ્ત્રીવશ સઘળા સુષિ, છેક મોટા ને-ઝોટા;
વશ વરતે નર સર્વ તે તણે, ભુવની બધારે ધણી
× × ×
સ્ત્રીના વાંક હજાર, તોય તેને નવ હણવી;
કદાપણ દેશે હજાર, તોય મારખાં ત્રણવી.
× × ×
મૂરખ કરા જે મહિપતી, સ્ત્રી શું વાત કરે ભાનિયે;
શામળ કહે સ્ત્રી ઠોક સાધવી, પણ સુબુધિ પણ પાનિયે.
× × ×
સ્ત્રીના પેટમાં વાત, રહે ન ઘડી કે બે ઘડી;
સ્ત્રીયે જાણે જો વાત, પેટમાં વાગે દુઃખી.
× × ×
નારીને વશ નાથ, બુદ્ધિ તેની તો ભાળો;
નારીને વશ નાથ, કર્મમાં અક્ષર કાળો"

સ્ત્રીનાં વખાણ:—

જે ઘરમાં ઘરનાર, રામ હજારે દેશે,
જે ઘરમાં ઘરનાર, ચિંત પીત્રી પણ હેશે
× × ×
નાર વિના નર રંક, સદન રાખે નહિ કોય,
નાર વિના નર ચોર, જોર જર જેસે ખોય
× × ×
નારી નરનુ અંગ, સુખ દેવણ કરસેવા,
ભલે પુન્યમાં ભાગ, લાભ જશ લાખો લેવા"

અત્યાર સુધી આપણે જોયુ કે એકએક સાહિત્યકાર સ્ત્રીને યુવાન અને રસિક કલ્પે છે ઘણી ખરી વાર્તા કે નવલકથાનો આપણા જમાનામાં અંત લગ્ન પછી આવે છે. પહેલાંની કવિતામાં આખ્યાનના સ્ત્રીને પુત્ર જન્મ પછી આખ્યાનનો કે વાર્તાનો અંત આવતો કોઇના ચિત્ર સાહિત્યમાં આવ્યાં નથી. શામળે આવુ એક ચિત્ર દોર્યું છે.

" રમઝમ ઝરતી રંભ, રહે પાણી ને પોષી;
થયા શિથિલ ગુણગાત્ર, દેયજન કહેરો દોષી.
હતું ભોજનનું ભોર, નર ગુણ તેના ગાતા;
પડી ગયા પછી દંત, મોટપદ કહે સહુ માતા;
વાંકા અંબોડા વાળતી, ગુણ ગણગાર ધરે સહુ;
ધોળે કેરો કર લાકડી, બુદ્ધી થઇ દીઠી બહુ
ધોળા થાશે કેશ, ડાઢિ કહેવાશે ડોશી
વિપરિત થાશે વેષ, તનૂ પાનીને પોષી;
થરથર ધ્રુજશે ઘૂળ, નમી જરો બે નેણ;
પરે દેહમાં નેહ, વદાશે વિપરિત વેણાં "

નક્ષત્ર જેવી શામળની નારી મૂકી આપણે જરા આગળ વધીએ અીએ સતી હોય તો આદર્શ ગણવાનું હિંદુ સંસ્કૃતિએ સ્વિકાર્યું છે સતી એટલે પતિવ્રતમાં દેહ હોમનાર એવી કલ્પના છે. લાંબે કાળે આનો અર્થ મૃત પતિના દેહ સાથે ચિતાપ્રવેશ કરનાર થયો. છતાંય સતી એટલે આપણા મનમાં સદ્‌વર્તન એમજ રમી રહે છે મુક્તાનંદ નામના એક સંન્યાસીએ " સતી ગીતા " (કા. દો. ભા. ૨)માં સતી શુ ન કરે એ લખ્યું છે

'ન ઘાલે પરપુરુષ સંગે, પતિવ્રતા જગજોઇ,
સતિ–વણીક–વૃદ્ધ–વૈદ્ય સાથે, ઘાલે અવશ્ય હોય તેહ
નાળી કોધને નવ દેખાડે, પડેરે તે ધુંધી પર્વત;
સ્તન ઉઘાડાં નવ કરે, ન હસે દેખાડી દંત.
પતિને પતિના સબંધીનો, ન કરે દ્વેષ લગાર;
કુતિ–ખૂતારી–વેશ્યા સંગે, લેય ન રાખે પ્યાર
નખરા ભારતી નારી, જોવણ વિનતા જે હોય,
શીતળ રહી તજે કપટ મૂર્તિ, સમતિ જોગ ન સોય
× × ×
જનસમાજ કે ઉચ્છવ જોયા, સતિ ન જાય બુદ્ધિવંત,
તિરથ જાય ન એકલી, ઘર રહી ભજે ભગવંત "

આશ્ચર્ય થવા જેવું તો એ છે કે પતિ પાછળ ચિતા ઉપર બળી મરવું એને મુક્તાનંદ આત્મઘાત ગણે છે

" પુરુષની પેઠે માનનીને, આત્મઘાતનો દોષ;
અલ્પમતિ અબળાઓની, તેને બળે થાય સંતોષ.
સ્વર્ગ સુખ અતિ તુચ્છ જે, તે ધારે મનમાં આય;
આત્મઘાત તનુ પાપ ન ગણે, પડયામા કરે વાસ. "

એજ મુક્તાનંદે વિધવાનું વર્તન બતાવતા રામ, રંગ અને ચમત્કાર તાદૃશ્ય કર્યા છે

" લેય ન તન શણગાર રાખે, જો રાખે શિર કેશ;
જટા જેવા વળીને રાખે, શોભાવે ન નિજ વેશ.
તેલ ન ઘાલે કેશમાં, નવ ઓળાવે સતિ જેહ;
શુભ તીરથ શુભ પર્વણીમાં, મુંડી નંખાવે તેહ.
આપત્તિ કાળ ન હોય તો, વિધવા જેમ એક વાર;
રોગાદિક ઉપદ્રવ થયે, નવ રાખે એ નિરધાર.
ધર્મહીન જે કામની, તેનો સતિ ન રાખે સંગ;
પલંગપર વિધવા ન પોઢે, જો ન હોય રોગી અંગ.
નગ્ન થઈ નવ નહાય સાધવી, ક્રોધને કરે દૂર;
રોગાદિક વિના તેલ તનમાં, સતિ ન ચોળે જરૂર
વિધવા નાર ન જોગવે, સુગંધી વસ્તુ લગાર,
સુગંધી સુંઘ્યા થકી, થાય હરમાં અનંત વિકાર.
× × ×
કાળુવસ્ત્ર કસુંબીયું, નવ પહેરે વિધવા નાર;
ચંદન પુષ્પનો હાર, ચુડી, સતિ ન ધરે લગાર
ન સારે કાજળ નયનમા સેંથે ન કરે સિંદૂર;
ધાતુ સોનુ વસ્ત્ર ન પહેરે, ન પહેરે ઘરેણાં જરૂર
ઝીણાં વસ્ત્ર ન પહેરે વિધવા, જેમાં નીતમ ભાત;
એવા વસ્ત્ર ન પહેરવાં, જેણે કહી જણાયે જાત.
વિધવા નાર ન પહેરે ઝવલી, ન રંગે કર–નખ–દાંત;
પત્ર ન રંગે ફુલ ન ગુંથે, સતિ રહે ઘણી શાંત.
સતિ ન ગાઇડે ચાંદલો, નવ સ્વાસણુ સરખી થાય;"

આવીજ દશનું પુરુષોત્તમ નામના કવિએ ૧૦૦૦ છાપાનો " નારીબોધ " લખ્યો છે. તેણે પણ સ્ત્રીચારિત્રનું વર્ણન શોભાસ્પદ તો નથીજ કર્યું. "ગુજરાતી સાહિત્યના આ વચગાળામાં સ્ત્રી પાત્રોના સર્જન કરતાં સ્ત્રીઓને સુધારવી, તેમને બોધ દેવો, તેમની બોડખાંપણ જણાવવી વિગેરે કવિતાનાં અંગ થયાં હતાં. આ જાતનો રિવાજ કે આવશ્યકતા દલપતરામ અને નર્મદાથી પણ ચાલ્યાં આવેલાં આથી આટલું તો માનવાને કારણ છે કે ગુજરાતમાં સામાજીક લાંછન વધતુ ઓછે અંશે તો આખ્યાન. વાર્તા કે ભજન છોડી સાહિત્યના અંગ બોધ–ઉપદેશ થયાં હશે. સ્ત્રીઓ આગળ વધી કવચિત્ દુનિઆથી પર થયેલા સાધુ સન્યાસી સાહિત્યદ્વારા સમાજનો મેલ ધોતા હોય ! છતાંય ચોક્કસ તો છે કે બી તરફ ચમકદ્રષ્ટિ ઉત્પન

થયા હતી કલિયુગના ભણકાર વાગી રહ્યા હતા ગોવિંદરામ નામનો એક કવિ કલિયુ ગનો ધર્મ બતાવતા કહે છે:—

"ધણીને બહુએ ધોકે મારશે, પરનર દેખી રાજી રે,
નારી પતિને શીખામણ દેશે, તેને કહેશે પાજી રે
× × ×
ધણીઆણીનાં ઘરમાં વઢ, હાથે રાંધશે હાંડી રે,
સિત્ત ભત્તેની આણું ન દેખે, પરણી લેશે સાળી રે."

આ સર્વથી વિમુખ પડી હરો પાછો ભક્તિ જોવા રસિક સૂર કહાડનાર દયારામ છે ભલાંય સ્વાનુભવે કે પરાનુભવે આ પ્રત્યે ચકિત હૃદય તો એનું પણ છે.

"સજણારી તલવાર ઉપર સારી, અંતર રહે કયારી રે;
તેમ સુંદર શ્રી મોહન વયની બાળબાંહી કટારી રે
× × ×
જડ ચેતન નિરખે ભોળી ને, નવી ભાત રમનારી રે,
સાહસ કરતી નિત્ય ઘડીની, સદાકાળ સહુ નારી રે"

રસાળ દયારામ શ્રી માટે આવા ઉદ્ગાર કહાડે એ એક ક્ષણ ન મનાય એમ છે સાહિત્યકારના વ્યક્તિગત ઉચ્ચાર અને પાત્રોના રાજ્યમાં તફાવત હોય છે દયારામે રાધાને નિત્ય ચિતરી નથી. શ્રી સંબંધી તેના આ વિચાર નિર્બંધ છે, એકતરફી છે આપણી આંખે તે નાનો દેખાતા મહિ છે પુષ્ટિમાર્ગીઓ દયારામને અકબર માને છે ઈશ્વરામના દેવતુ મારને ધર્મને નામે નવાજ કરેલો મહિત છે દયારામકૃત રહસ્ય સમજવા વૈષ્ણવધર્મ પ્રત્યે જરા નજર કરવી પડશે મધ્યકાલિ આસના સમયથી કૃષ્ણને અવતાર તરીકે માનવામાં આવતો વૈષ્ણવધર્મ એટલો પ્રાચિન હતો. પરંતુ ધીરે ધીરે એ અદ્વૈતવાદને છેવટના આશ્રમાં પુષ્ટિમાર્ગ બની ગયો. વૈષ્ણવમાર્ગ ઓછાને મુક્તિમાર્ગ સરખો બન્યો હતો. ઓછાના મુખ ઉપરથી હોલ્લાસ પડતો એટલી સીધો હતો. મંદીરે દર્શન જતાં રાજમાર્ગ તેમને મારે મોકળા થયા હતા. કૃષ્ણની મૂર્તિ પાછળ તેમનું જીવન રસાળ બન્યું હતું. ચંદનયાત્રાયો માડી ભોજન અને આરતિ સુધી દેવને ચોબ્બ સુખનો આભાસ તેમને થતો. આવા સદવાસે ઓના નાજુક ભાવ, નેત્ર અને હાથ ઉઘડ્યાં હતાં

દયારામ શ્રી હૃદયનો અભ્યાસી છે. તેની મરમી ધણાજ સૂક્ષ્મ નિરોક્ષણથી સર્જાય છે. હાસ્યના પ્રવાહે ત્યાં માજા મૂકી છે. રૂઆરની હદ આવી ગઇ છે. દયારામે ઓની કલ્પનામાં હૃદયના ભાવ ઉમેર્યા છે આથી તેના ચણગાર અને સૌન્દર્યરેખા નરસિંહમહેતા જેટલાજ ખૂનાં છે. તેણે નવનવા ભાવ રોપ્યા કે કલ્પ્યા હશે પણ નવી ઓ તો નથ જ સરજી

સાહિત્યે કલ્પેલ માંહલી, કરણી કે વૃદ્ધ આને આલેખવાનો પ્રયોગ નથી કર્યો સાહિત્ય ઓના મર્યાદિત પણ માર્મિક દુઃખ જીવનનો ઉલ્લેખ કરે છે. તેને તેના મન અને હૃદય-સ્થિતિ અને સ્વરૂપ સાથે સબંધ છે. તેનુ આગ જીવન આંતરિક જીવનનો પડ્યો છે સમાજમાં ઓનો દરજ્જો શું છે એ પણ સાહિત્ય નથી જોતુ બારેથી જડતું પણ સાહિત્ય સપડે છે. ઓના કટુ ન જીવન પ્રત્યે સાહિત્યને અદ્ધ લક્ષ નથી. સૌન્દર્ય બાબત લક્ષિમ, રાધ, સુભદ્રરામ, અને ગોમતના તેના અનુગામી બનાવ્યાં છે અકબર કવિઓમાં તો સૌન્દર્ય અને ચણગારના ફરીસ્તાજ પડી ગયા હતા.

આપણા સાહિત્યમાં મીરાંબી બાંધી દયારામ સુધી અદ્ધપાદ સે કલ્પેલા નીતિ અને સૌન્દર્ય અનુસાર ઓ કલ્પાયલા છે નીતિનો કલ્પેલો અંત આવતા તેઓને પણી વખત દુઃખ ભમતી કરી છે અનીતિ અને કલ્પી ઓ બનાવવા રાક્ષસી પણ કલ્પિ છે. પરંતુ તે તો પોતાના પડતા ઉપર આગા ભાંધા જેવો બનાવવા. નીતિનો વિજય એ ઓનો વિજય બનુ પોતા છે અને એ રીતે ઓ કલ્પનામાં સાહિત્ય ધર્મ સાથે સકારાત્મક છે.

ચોરાયેલું નોટપેપર

લેખક :
શ્રી. નર્મદાશંકર વ. દ્વિવેદી

વસંત ઋતુના આછા ચિન્હો કુદરતમાં દેખાતાં હતાં અને ચોપાટી ઉપરના પવનમાં શરીરને થથરાવી નાંખે એવી ઠંડીનું જોર ઓછું થતું હતું. બપોરના સમયમાં તો જરા તાપ લાગવા માંડયો હતો અને સાંજના સમુદ્ર ઉપર થઈને આવતી પવનની ઠંડી લહેરો મીઠી લાગવા માંડી હતી

અમે બન્ને બપોરની ચા પી પાન ચાવતા બેઠા હતા; એટલામાં ઓફીસનો સિપાઇ એક વીઝીટીંગ કાર્ડ લઈને અંદર દાખલ થયો અને તે રઘુમલના હાથમાં મૂકયું.

રઘુમલે વીઝીટીંગ કાર્ડ તરફ નજર કરી મારી સામે જોયું અને બોલ્યો, " સર જીવણજી મળવા માંગે છે. " વીઝીટીંગ કાર્ડ મેજ ઉપર મૂકી તેણે સિપાઇને કહ્યું, " જા, તેમને જલ્દી અંદર લાવ "

સર જીવણજીનું નામ સાભળી હું અજાયબીમાં ગરકાવ થઇ ગયો. મુંબઇમાંના આખા ઇલાકામાં સર જીવણજીનું નામ લાખો પતિ તરીકે અને મીલમાલેક તરીકે મશહુર હતું. કેટલાક એને કરોડપતિ પણ ધારતા હતા. મુંબઇમાં બે મીલો તેમની માલેકીની હતી. અમદાવાદ અને શોલાપુરની મીલોમાં તેમનો ભાગ હતો. એક બે બીજી કંપનીના ડાયરેક્ટર હતા. કોરપોરેશનના પ્રમુખ હતા અને અસહકારના સમયમાં ધારાસભામાં પણ જઇ આવ્યા હતા. ચૈર અન્દરમાં તેમની ખ્યાતિ સારી હતી. તેમની મીલોના શેરના ભાવો ભાગ્યેજ ઘટતા.

સર જીવણજી ગરીબીમાંથી ઉંચે આવ્યા હતા. સ્વભાવે દેખી અને પૈસાના લાલચુ હતા. એટલે આટલી બધી સંપત્તિના પ્રમાણમાં પોતાનો અંગત ખર્ચ બહુજ ઓછો રાખતા અને સખાવતને નામે તો મીંડું જ હતું. સરકારી અમલદારોની ખુશામતથી તેમને લાયકાત ન હોવા છતાં સરનો ઇલ્કાબ મળ્યો હતો.

સર જીવણજી શા કામ માટે આવ્યા હશે, તેની કલ્પના કરતો હું બેઠો. એટલામાં તે અંદર દાખલ થયા અને રઘુમલની સામેની ખુરશી પર ગોઠવાયા.

આવતાંની સાથેજ તેમણે મારા તરફ શંકા ભરેલી દૃષ્ટિ ફરી રઘુમલ તરફ જોયું, એટલે રઘુમલે ખુલાસો કર્યોઃ " એ કોઈ બીજો માણસ નથી. મારા ભાગીદાર છે. એમનું નામ દાસભાઇ. "

સર જીવણજીની શંકા દૂર થઇ. તે સ્વસ્થ થયા અને આંખ ઉપરનાં ચશ્માં ઠીકઠાક કરતાં રઘુમલને ઉદ્દેશીને કહેવા લાગ્યાઃ " હું ધારૂ છું કે આપણા વચ્ચે જે વાતચીત થશે તે તદ્દન ખાનગીજ રહેશે. "

" જરૂર ! " રઘુમલે જવાબ આપ્યો. " જો અમે અમારા ગ્રાહકોની ખાનગી

વાત બહાર પાડીએ તો અમારો ધંધો બીજે જ દહાડે બંધ કરવો પડે." મેં પણ ટાપસી પૂરી.

"વાહ. એક ખાસ કામ માટે તમારી પાસે મારે આવવું થયું છે. અમે તો કોલાબા ઉપરના મારા રહેવાના મકાનમાંથી અમરતો ચર્ચગેટ સ્ટ્રીટમાં આવેલી મારી ઓફીસમાંથી એક ચોરી થઇ છે એક અત્યંત અાનગી અને છુપી રાખવા જેવી માહિતી બહાર આવી છે અને એ માહિતી જે પ્રથમ મેળવી લીધી છે તેને સારો તડાકો પડયો છે આ બાબત ઉપર તમારી સલાહ લેવા આવ્યો છું."

"ખુશીથી, ફરમાવો" રઘુભલે કહ્યું

"મારી બહીની બે મીલોનો વહીવટ પાંચ ડીરેક્ટરો તરફથી થાય છે. એક કુ અને ચાર બીજા. થોડા વખત પહેલાં અમે બહીની એક મીલ ખરીદી લેવાનો નિર્ણય કર્યો હતો કારણકે એ મીલની હરિફાઇ અમને આડી આવતી હતી. બહવાડિયા પહેલાં અમે મુખ્ય ત્રણ ડીરેક્ટરોની અાનગી સભા ચર્ચગેટ સ્ટ્રીટમાં આવેલી અમારી ઓફીસમાં મળી હતી અને ત્યારે રટાર મીલ્સ ખરીદી લેવાનો નિર્ણય થયો હતો. એ નિર્ણયને લગતી હકીકત મેં એક નોટ પેપર ઉપર નોધી હતી આ નિર્ણયને રીતસરની મંજુરી મેળવવા અમે ડીરેક્ટરોની રીતસરની બેઠક બોલાવવાના હતા, એટલામાં મેં અાનગી બેઠકમાં જે નોંધ કરી હતી તેની કોઇએ નકલ કરી લીધી હતી અને તે મારી પાસેથી ગૂમ થઇ હતી."

"માત્ર માહિતીજ નહિ, પણ એ નોંધ વાળુ નોટપેપર સુદ્ધાં ?" રઘુભલે પ્રશ્ન કર્યો.

"હા. એ અસલ નોટપેપર ચોરાઇ ગયું છે અને તેની નકલ તેની જગાએ મૂકવામાં આવી છે." સર જીવણજીએ જવાબ આપ્યો

"પણ ચોર અસલ નકલ શા માટે લઇ જાય ? નકલ લઇ જાય તો પણ ચાલે" રઘુભલે સવાલ કર્યો

"તમારો પ્રશ્ન વાજબી છે." સર જીવણજીએ કહ્યું. "મને પણ એજ થંકા થાય છે પણ એમ પણ બને કે કદાચ નકલ અને અસલ વચ્ચે તફાવત ન લાગતાં તે ઉતાવળમાં અગર ગફલતથી નકલ લેવાને બદલે અસલ નોટપેપર ઉપાડી ગયો હોય. પણ નકલ અને અસલ વચ્ચેનો ભેદ મારાથી તો છાનો કેમજ રહે ?"

"અને એ મીલના શેરોના ભાવમા જે વધારો થયો છે તે આ માહિતીને આભારી છે એમ તમે ધારો છો ખરા ?" રઘુભલે પ્રશ્ન પૂછયો.

"એમાં તો જરા પણ શક નથી. જાપાનની હરિફાઇને લીધે બહીની મીલોનો માલ બહુ મોટા પ્રમાણમાં ઉપડતો નથી. એટલે સામાન્ય રીતે મીલશેરોના ભાવોમાં મંદી રહે છે, ખાસ કરીને મુંબઇની મીલોના શેરના ભાવો મંદજ રહ્યા કરે છે, કારણ કે બહીની મીલો અમદાવાદના પ્રમાણમાં સારો નફો નથી કરતી માત્ર એ એક જ મીલના શેર વધ્યા છે બીજી કોઇ પણ મીલના નથી વધ્યા, તે બતાવી આપે છે કે એ અમારો નિર્ણય બહાર પડી ગયો તેનુ જ પરિણામ છે."

'શેરના ભાવો વધે એમાં તમને શું નુકસાન ?". સર જીવણજી જરા નારાજ દેખાયા

"અમારે બજાર ભાવે એ મીલના શેરોની ખરીદી કરવાની હતી, અને બજાર ભાવ વધારે હોય તેટલુ અમોને નુકસાન થાય અને અમુક શેરો તો અમે અમારા નામ ઉપર જ લેવા ધારતા હતા"

"હવે હુ એકજ વધુ સવાલ પૂછવા માગુ છુ. તમે જે મીલ ખરીદવા માગતા

હતા તે મીલ તમારી શરતો કબૂલ રાખશે તેની તમને અગાઉથી ખાત્રી મળી હતી ?" રઘુમલે છેલ્લો પ્રશ્ન પૂછી લીધો.

"શરતો એમાં તો કાંઇ શંકાજ ન હોતી." સર જીવણજીએ ત્વરાથી ઉત્તર આપ્યો "એ મીલના વહીવટમાં અમારા પાંચેય ડીરેકટરોનો મળીને વધુ મત છે, એટલે એ સંબંધી તો કશી જ મુશ્કેલી નથી"

રઘુમલ ક્ષણભર વિચારમાં પડી ગયો.

"પણ મારો કે" રઘુમલે વળી પ્રશ્ન કર્યો "આ ચોરી સામાન્ય પ્રકારની હોય અને તમારી ઓફીસમાંથી જ કોઇએ એ નોટપેપર ચોર્યું હોય, તો પણ હવે તેની શોધ કરવાથી શો લાભ છે ? કારણ કે એ બનાવથી હકીકત બહાર પડવાને અંગે શેરોના ભાવ તો વધી જ ગયા છે, એટલે તમને નુકસાન તો થઇ ચૂકયુ છે ?"

"તમારી શંકા અને પ્રશ્ન તદ્દન વ્યાજબી છે. પણ તમે કહો છો તે સિવાય બીજો પણ વિચાર કરવાનો છે. ચોર કોણ છે તે જાણવામાં આવે તો હું સીધી કે આડકતરી રીતે તેને પાયમાલ કરી શકું. વધારામાં તેણે હજી અસલ નોટપેપર કોઇને બતાવ્યુ નથી નહિતર શેરના ભાવમાં આથી પણ વધારો થયો હોત અને ડીરેકટરોની સભા મળે તે પહેલા એ નોટપેપર મારા હાથમાં આવે તો અમોને ઓછું નુકસાન થાય: સમજ્યા, મી રઘુમલ !" સર જીવણજીએ ઉત્તર આપ્યો.

"વારુ હવે તમે મને આ ચોરીને લગતી વિગતો જણાવો." રઘુમલે પૂછયુ. "જ્યારે તમે નોટપેપર ઉપર પેન્સીલથી નોંધ લખી ત્યારે કેટલા ડીરેકટરો હાજર હતા ?"

"અમે ત્રણ જ. અમારા ત્રણનો નિર્ણય બાકીના બધાએ કબૂલ રાખે છે. અમે ત્રણ જણા ચર્ચગેટ સ્ટ્રીટમાં આવેલી અમારી ઓફીસમાં ગુરવારે સાંજના ભેગા હતા. કંપનીના સેક્રેટરી મી. દલાલ અને હિસાબ તપાસનાર મી. દારૂવાલા પણ હાજર હતા. જે કંપની અમે ખરીદવા ગયા હતા, તેની અમે થોડા વખત સુધી વાતચીત કરી હતી તે પછી મે તેને લગતી શરતોની નોંધ નોટપેપર ઉપર કરી હતી. અને એ નોટપેપર બીજા બે ડીરેકટરોને જોવા આપ્યું હતુ. મી. દારૂવાલાએ પણ તે તપાસ્યુ હતુ. મી. દલાલ તે વખતે કામસર બહાર ગયા હતા; એટલે એ નોટપેપર તેમને બતાવવામાં આવ્યું નહોતુ. એ વિશે કશી ચર્ચા થઇ જ ન હોતી; પણ બધા સંમત હતા અને સભા પૂરી થઇ હતી. તે પછી એ નોટપેપર મેં મારી પોકેટબુકમાં મૂકયું હતું. ઘેર ગયો ત્યારે તે મારી સાથેજ લઇ ગયો હતો અને મારા ટેબલના ખાનામાં મૂકી તેને ચાવી દીધી હતી સવારમાં ઓફીસે જતી વખતે મેં તે બહાર કાઢયુ હતું અને ઓફીસમાં જઇ મારા ટેબલના ખાનામાં સાચવીને મૂકયુ હતું તે પછી બરાબર ચોપીસ કલાકે શેરોના ભાવ વધવા લાગ્યા. મેં ખાતું ઉઘાડી જોયું તો નોટપેપર એમનું એમ પડયુ હતુ, પણ તે એજ હતુ કે કેમ એ વિશે મને શંકા થઇ આવી બારીકાઇથી તપાસ કરતાં મારી એ શંકા સાચી ઠરી. નોટપેપર અસલ હતું તે ગૂમ થઇ ગયું હતુ. અને તેની ફુલસ્કેપ નકલ તેને ઠેકાણે મૂકવામાં આવી હતી."

"હવે તમને વધારે પ્રશ્નો પૂછી કંટાળો આપવાનો મારો વિચાર નથી તો પણ એક વાત જાણી લઉ. તમારા ઘરના ટેબલના ખાનામાંથી અગર ઓફીસના ટેબલના ખાનામાંથી એ નોટપેપર કોઇ ઉઘાડી જાય એની તમને શંકા છે ? એ પ્રકારની ચાવી બીજા કોઇની પાસે છે અગર તમારી ચાવીનો બીજો કોઇ ઉપયોગ કરે એમ તમને લાગે છે ?"

" મારા ટેબલના ખાનાની ચાવી હમેશાં મારી પાસે જ રહે છે, બીજા કોઇના હાથમાં તે જતી જ નથી અને એ પ્રકારની ચાવી બીજા કોઈની પાસે નથી "

" આ આખીયે ઘટના અમામાન્ય લાગે છે. કેમ ખરું કે નહિ ? આ ચોરીનો પત્તો મેળવવામાં મામાન્ય ઉપાય કામ નહિ લાગે અમાધારણ, કોઇક નવીજ પદ્ધતિ અખત્યાર કરવી પડશે. "

રણમલે સર જીવણજીની સામે જોઇને કહ્યું " જાણે તમને ઠીક લાગે તે પદ્ધતિથી કામ લો પણ આપણી વખતની કિમ્મત છે તે યાદ રાખજો. આ કામ માટે તમને તમારી ચાલુ ફી ઉપરાંત મારા તરફથી રૂ ૧૦૦૦ જૂદા મળશે, અને ચોરી કરનારનો પત્તો મેળવશો તો મારી કંપની તરફથી રૂા ૧૦૦૦ મળશે તે તો જૂદા. "

" તમારી ફી પણ આ કિસ્સા જેટલી જ અમાધારણ છે તમે ચોકકમ માનજો કે અમે આ ચોરી કરનારનો પત્તો મેળવવામાં કોઇ પણ પ્રયત્ન કરવો બાકી રાખશું નહિ " રણમલે જવાબ આપ્યો અને સર જીવણજી રણમલ સાથે હાથ મિલાવી ત્યાંથી ચાલતા થયા

ઘરમાં જે પૂછયું " કેમ, રણમલ કુંવારો છે ? "

" કોઇ નહિ " રણમલે સીગારેટ મગાવતાં કહ્યું " અત્યારથી કરો પણ વિચાર કુ બાંધવા માગતો નથી. હમણાં તો આજુ બાજુના સગાંઓની તેમજ સર જીવણજીની આખી દીકરી મેળવવાનો પ્રયાસ કરું "

અને રણમલ ફોરીવાર ચુપ થઈ ગયો વિચારમાં પડી ગયો.

બારેક વાગ્યા પછી બન્ને જણા જવા તૈયાર થયા ત્યારે રણમલે મને એકાએક પ્રશ્ન કર્યો

" ઘાસબાઇ, કોઇ ચોર દલાલ ને ઓળખો છો કે ? "

" ધણાને ઓળખું છું કેટલાક તો મારા મિત્રો પણ છે કેમ, તેમનું શું કામ પડયું ? "

" એ તો ઘણું જ સરસ તમારી આ ઓળખાણ આપણને ઠીક કામ લાગશે લો, આ રૂ. ૧૦૦૦ નો ચેક તમારા નામનો છે." આમ કહી રણમલે ચેક બુકમાંથી રૂ. ૧૦૦૦ નો ચેક કાઢી મારા હાથમાં મૂકયો અને કહ્યું " પૈસાની કશાય તમને જરૂર પડશે. ને જે દલાલો તમારે માટે ઘણા પૈસે ખરીદી ખરા, છતાં પૈસા સાથે રાખવા સારા. તમારે જની કઇ તેટલા દીરદલાલોને મળવું અને રૂપાર મીસ્મના થોડા થોડા ગોરા જમા પાસેથી માગવા અને મળે તો ખરીદવા. "

" એમાં શી મોટી વાત છે ? એ તો સાવ સહેલું છે " મેં હકોર કરી. " પણ ખર્ચ કરવું પડશે, કારણ કે એ ગોરાના ભાગમાં હાલમાં જરા ઉછાળો આવેલો છે "

" થોડો ખર્ચ તો થશેજ, એમાં તો શક નથી " રણમલે સમ્મતિ આપી " પણ પાછળથી એ ગોરા આપણને વેચા નાખવા કયાં નથી આવવાના ? બાર વખતે તો આપણને નફો થશે, અને કદાચ તેમ બહુ ખોટ નહિ આવે. અને કદાચ તેમ. પત્તો લાગી જાય તો રૂ. ૨૦૦૦ આપવે મારે તૈયાર છે આવતી કાલે સવર જની લો તો અત્યારે શેર બજારમાં જઈ પુછપરછ કરી જુઓ અને પછી કાલે સવારના બે વાગ્યે પાછા મને ઓફીસમાંજ મળજો "

"ચોરીનો પત્તો આમ થી રીતે મળશે ?" મેં હસીને જણાવ્યું "

"તમે આટલું કરો તો ખરા, પછી તમને જણાવીશ. આ બાબતમાં આવી જ યુક્તિ કામે લગાડવાની જરૂર છે, છતાં પત્તો લાગશેજ એમ કાંઇ ચોક્કસ નથી." રણમલે હસતાં હસતાં ઉત્તર આપ્યો.

અને રૂ. ૧૦૦૦ નો ચેક ગજવામાં મુકી હું ત્યાંથી શેરબજાર તરફ જવા રવાના થયો.

વળતે દિવસે બપોરના ૩ વાગ્યે હું ઓફીસમાં ગયો. ત્યારે રણમલ આતુરતાથી મારી રાહ જોઇ રહ્યો હતો. તેણે મને તુર્તજ પ્રશ્ન પુછ્યોઃ

"કેમ, દાસભાઇ, શું કરી આવ્યા ?"

"તમારી સૂચના પ્રમાણે મેં કામ લીધું છે અને લગભગ રૂ ૧૦૦૦ થી વધુ રકમના શેર ખરીદ્યા છે. મારી ખરીદી પછી ભાવમાં જરા વધારો થયો છે, એટલે થોડો નફો તો જરૂર થશે." મેં પ્રસન્નતાથી ઉત્તર આપ્યો.

"પણ એ કાંઇ મહત્વની બાબત નથી. આપણે નફો ખાવાની દૃષ્ટિથી આ કામ કર્યું નથી."

"શેર વેચનાર મૂળ માણસ કોણ છે તેની મે બરાબર પુછપરછ કરી હતી કેટલાક દલાલો ને તો એ વાતની ચોક્કસ ખબરજ નહોતી તેઓ કોઈ મોટા દલાલની વતી જ દલાલી કરતા હતા. કેટલાકોએ તે વાત જણાવવાની ના પાડી પણ બારીક તપાસ કરતાં મૂળ વેચનાર અબર તો મુખ્ય વેચનાર કોણ છે તે જણાઈ આવ્યું."

રણમલની આંખો ક્ષણ ભર પ્રકાશી રહી.

"તેનું નામ શું છે ?" તેણે પુછ્યું.

"વી. પી. મહેતા એન્ડ કંપની વાળા મી. વિનાયક, તેમની ઓફીસ શેર બજારના નવા મકાનમાં પહેલે માળે આવી છે તે"

રણમલને આ માહિતીમા કાંઇક વધુ રસ પડયો હોય એમ તે થોડીવાર વિચારમગ્ન રહ્યા પછી બોલ્યોઃ

"દાસભાઇ, આવો કેસ-આવો ન સમજી શકાય એવો કેસ કદિ આપણા હાથમાં આવ્યો નથી. તમે ડીરેક્ટરો સિવાય સભામાં કોઇ હાજર નહોતું અને એ નોટપેપર સર જીવણલાલની પાસેજ રહ્યું હતુ. તેનાં ખાતામાંથી એ નોટપેપર કાઢી તેની નકલ કરી ને પાછું મૂકી શકે એટલો સમય મળી શકે એમ નહોતું. આવા સ્પષ્ટ સંયોગોમાં નોટપેપર ગૂમ થાય એ નવાઇની વાત છે. આ બેહનો કશોજ ઉકેલ મળી શકતો નથી."

"છે તો એમજ. અને એ વાત બહાર પડી છે એ તો ચોક્કસજ છે. પછી નોટપેપર ગમે તેણે ચોરીને નકલ કરી હોય. એ ચોર કોણ હોઇ શકે ? હું પણ એનોજ વિચાર કરી રહ્યો છું, પણ કાંઇ ઉકેલ નીકળતો નથી." મેં જવાબ આપ્યો.

"દાસભાઇ, તમે એક કામ કરો મી. વિનાયક મહેતાને તેની ઓફીસમાં જઇ મળો પણ તમે ડિટેક્ટીવ છો અગરતો કાંઇ બાતમી મેળવવાના ઈરાદાથી ત્યાં ગયા છો, એવું તેને લાગે એમ ના કરતા. તમારે કોઇ શેરદલાલની પેઢીના માણસ તરીકે ઓળખાણ પાડવી અને તેની પાસે સ્ટાર મીલના શેરોની માગણી કરવી. તે વધુમાં વધુ કેટલા શેરો આપી શકશે તે પૂછવુ અને લગભગ સોદો નક્કી કરવો. સમજ્યા."

"વારૂ," કહી હું તુર્તજ ટેક્ષીમાં બેસી શેર બજારમાં ગયો

શેર બજારના નવા મકાનમા પહેલેજ માળે જમણી બાજુએ મી વી. પી મહેતા એન્ડ કુંપનીનુ પાટીયું મારેલું મેં જોયું. હું તુર્તજ અંદર ગયો અને મી વિનાયકની સામે જઇ બેઠો. ઓફીસમાં એક કારકુન અને એક મિપાઇ સિવાય બીજું કોઇ નહોતુ. હું દાખલ થયો ત્યારે કારકુન પણ કાંઇ કામ નિમિત્તે બહાર નીકળ્યો. એટલે

ઓરીસમાં અમે બન્ને જણા એકલા રહ્યા. વાત કરવાની આમ અનાયાસે અનુકૂળતા મળતાં હું મનમાં ખુશી થયો.

નવા આવનારને કર્કશ કંઠાની દૃષ્ટિએ જોઈ વિનાયક બોલ્યો "કેમ શું કામ છે?"

"હું એક શેર દલાલની પેઢીનો માણસ છું. મારી પેઢીવાળાઓએ સાંભળ્યું છે કે મર જીવણજીની કંપની રટાર મીલ્સનો વહીવટ પોતાના હસ્તક લેવા માગે છે અને તમારી પાસે રટાર મીલના શેરો મોટા પ્રમાણમાં છે—"

"પણ તમે કયાંથી જાણ્યું કે મર જીવણજીની કંપની રટાર મીલ્સનો વહીવટ સંભ લેવાની છે?" વિનાયકે અધિરાઈથી પૂછયું.

"એ તો જગજાહેર વાત છે. એમાં છાનું શું છે? મને તેમ પણ તમારી પાસે રટાર મીલ્સના શેરો સારા પ્રમાણમાં છે. બોલો, તમે વેચવા માગો છો?"

"તમારી પેઢીનું નામ જાણવાની જરૂર છે." વિનાયકે સીધો જવાબ આપ્યો.

"નામ અત્યારે નહીં આપી શકું. સાદું થયા પછી તમે નામ જાણી શકશો. ને તમે તમારી પાસેના બધા શેરો અમને આપી દેશો તો તેમાં મને લાભ છે. આવતી કાલે અમીધાર વાગે તમારે શેરોની કોમીરવી આપવી અને અમે તમને તુર્તજ તે જગ્યા ચેક આપીશું. પછી એ રકમ હુન્દર રા. ની હોય કે લાખ રૂપીયાની."

મી. વિનાયકે ટેબલના ખાનામાંથી ચેક ડાયરી બહાર કાઢી; તેમાં જોઈ કહ્યું, "માફી પાસે રૂ. બારી લાખનો ડિમ્મતના શેર છે."

"બજારની વાત શું કરો છો? એક માણસને મારે આ બધુ ચોરી રકમ કરેરાક, બરાં કે નહિ?" મેં જરા વિરમી પામીને કહ્યું.

"એ મીલનું સર જીવણજીની કંપનીમાં જોડાણ થશે એમ ધારીને મે તેના શેરો એકઠા કર્યા છે." વિનાયક ખુલાસો કર્યો. "તમારે સાચે જ શેરો જોઈએજ? એમ કહેને!"

"હારતો." મેં ખાત્રી આપી.

વિનાયક વીડીવારમાં વિચારમાં પડી ગયો. તેણે ડ્રોઈંગ ડાયરી બહાર કાઢી અને તેમાં નજર ફેરવી; પછી મારી સામે જોઈ બોલ્યો. "મારો વિચાર તો આ શેરો વેચી વધુ વખત રાખવાનો હતો પણ તમે બધા જ ખરીદવા માગો છો. એટલે આપી દઉં. પણ બાત્રી રાખજો કે આવતી કાલે સવારે બજાર ખુલશે ત્યારે ભાવ ચડી ગયો હશે."

"સાહેબજી, આવતી કાલે અમીધાર વાગ્યે હું આવીશ." કહી હું ત્યાંથી માફી માંગ્યો.

બાજુની નાની સરખી ઓરીસમાં બેસી આ માણસ લાખોના શેરોનો ધંધો કરતો હતો તેથી મને નવાઈ લાગી. તોપણ રહસ્યની ગુત્થિ હું સમજી શકયો નહિ.

સીધો ઓરીસમાં ગયો, પણ રહસ્ય ત્યાં નહોતો. મારા જવા પછી તે પણ ત્યાંથી નીકળી ગયો હતો.

બીજે દહાડે સવારમાં ઓરીસમાં અમે બન્ને મળ્યા ત્યારે રહસ્યએ પ્રથમ મી. વિનાયક વિશે જ સવાલ પૂછયો.

"મી. વિનાયકને મળ્યા કે? શું એ બોરૂ છે કે વેચે છે?"

"વેચે તો" મે જવાબ આપ્યો અને ઉમેર્યું: "તેની પાસે બારી લાખના શેર છે"

"એમ!" રહસ્ય હતાશામાં બોલીને બોલ્યો. "ત્યારે તો આપણને ૨ ૨૦૦૦ મળી જશે."

" કેવી રીતે ? " મેં પૂછ્યું.

" હમણાંજ તમારા જાણવામાં આવશે. સર જીવણજી પા કલાકમા આવવા જોઇએ. એટલી ધીરજ રાખો. "

દશ મિનીટમાં તો સર જીવણજી ચિંતાતુર ચહેરે ઓફીસમાં દાખલ થયા અને રણમલની સામે ખુરશી પર બેસતાં બોલ્યા: " કેમ કાંઈ પત્તો લાગ્યો કે નહિ, મારે રાહ કયાં સુધી જોવી પડશે. "

" હું નથી ધારતો કે તમારે બહુ રાહ જોવી પડે આપણી મુરકેલીનો તોડ આવે એટલે દરમ્યાન અમે પહોંચ્યા હોઈએ. " રણમલે તુર્તજ જવાબ આપ્યો.

સર જીવણજી એકાએક ઉત્સાહમાં આવી ગયા. તેમની આંખમાં અજબ પ્રકારનો ચમકારો દેખાયો.

" ત્યારે શું એ નોટપેપર મારી પાસેથી અગર મારા ટેબલનાં ખાનાંમાંથી કેવી રીતે ચોરાયું અને તેમાંની માહિતી બહાર કેવી રીતે પડી તે તમે મને જણાવી શકો એમ છો ? "

" હું એમ માનું છું. "

" તો પછી જલ્દી તેનો ખુલાસો કરો. "

" વાત તો જરા લાંબી છે, પણ તમારી ઇચ્છા છે તો હું તેનો ટુંકામાંજ ઉલ્લેખ કરીશ. મે સામાન્ય રીતને બદલે જૂદી જ રીતે કામ લીધું છે. સ્ટાર મીલના શેરોનું મૂળ વેચાણ અગર તો ખરીદી કયાંથી થાય છે તેની મેં તપાસ કરાવી અને મને જણાયું કે સ્ટારમીલ તમે ખરીદી લેવાના છો એ વાતની જાણ થતાં જબ્બર પ્રજા શેરો ખરીદતી હતી, પણ માત્ર એકજ પેઢી તે વેચતી હતી અને તે પેઢી તે બી. બી. પી. મહેતા એન્ડ કો. "

" એ વળી કઇ પેઢી ? "

સર જીવણજી બોલી ઉઠયા.

" બી. વિનાયક મહેતા ચારેક વર્ષથી આ ધંધામાં પડયા છે. એક વખત તે તમારી નોકરીમાં હતા. એ કદાચ તમને યાદ હશે. "

" હા. મને હવે યાદ આવે છે. પણ એ જ માણસ મોટી સંખ્યામાં શેર વેચે છે એમ તમે શા ઉપરથી કહો છો ? પણ એ કરતાં વધુ મહત્વનો મુદ્દો એ છે કે મારા ગજવામાંથી અગર ખાનામાંથી નોટ પેપર કોણે તફડાવી લીધું ? "

" એ વાતનો પણ ખુલાસો આવે છે. સ્ટાર મીલ્સની ખરીદીનો વિચાર તમારા મનમાં બધા સમયથી હોવો જોઇએ. " બી વિનાયક મહેતાને પણ આ વાતની ગંધ આવી ગઇ હોય એમ લાગે છે. છેલ્લા અઢાર મહીનાથી તે સ્ટાર મીલના શેરો ખરીદ્યા કરે છે. ચોક્કસ સમય અત્રાહ તેની પાસે મોટી રકમના શેરો હતા. સ્ટાર મીલ તમે ખરીદો અને શેરના ભાવ તમારી અપેક્ષા પ્રમાણે રહે તો તેને લગભગ ૨૦ થી ૨૫ હજારનો નફો થાય એમ હતું.

સર જીવણનો ચહેરો કડક બનતો જતો હતો.

" એકાદ મહીના પહેલાં તમને ગુપ્ત બાતમી મળવાથી તમે સ્ટાર મીલની આર્થિક સ્થિતિની બરાબર તપાસ કરી અને તમને જણાયું કે તેની પાસે જે માલનો જથ્થો હતો તે લગભગ રહી અને કચરાપટી જેવો જ હતો. સાચા કામ પણ બહુંજ ખરાબ સ્થિતિમાં હતુ. એટલે તમે એ મીલ ખરીદી લેવાનું માંડી વાળ્યું. પણ મીલ ખરીદી લેવાની આશામાં બી. વિનાયકની પાસે અગર ચારથી ૫ લાખની કિમ્મતના એ મીલના શેર

આવી પડયા હતા અને મી. વિનાયક અને સર જીવણજીના આર્થિક સામે સરજાસ સમાન જ હતા."

સર જીવણજી એક પણ શબ્દ ઉચ્ચારવા અશક્ત હતા, તે ફક્ત દૃષ્ટિથી બધું સાંભળી રહ્યા હતા. તેના મુખ ઉપરની કરકાશ ઓછી થતી હતી.

"એટલે તમારી પાસે આવ્યા પછી એ હીરા વેચાઈ ગયા ત્યાંસુધી તમે બીજા ઝવેરીઓને રૂપિયા મોકલી આવી સ્થિતિ ન જણાવવાનું નક્કી કર્યું અને દરમ્યાન તમે કરેલી નોટની નકલ કરી તમારી પાસે રાખી અને અસલ મી. વિનાયકને આપી અને તેનો યોગ્ય ઉપયોગ કરવાનું કહ્યું પછી તો સમજી શકાય એમ છે તમારી કંપની રૂપિયા મોકલે છે એની વાત મી. વિનાયકે અદાલત પાડી અને રૂપિયા મોકલનાર હીરાઓના ભાવ વધી પડયા એટલે મી. વિનાયકે તે વેચવા મોકલ્યા. હવે આવતે અઠવાડિયે ઝવેરીઓની સભામાં તમે રૂપિયા મોકલવાની મરીઘોનો વિરોધ કરશો અને બીજા ઝવેરીઓ તેમાં સમ્મતિ આપશે અને એ વાત જ્યારે અદાલત આગળ ત્યારે આખો ગૌર જગતમાં અને ગૌર બેનારાઓમાં ખળભળાટ મચી રહેશે."

"કેમ પકડું?" સર જીવણજી ના અવાજમાં કંપવાની બાજુએ સાથે રોષ હતો.

"હા"

"પણ, મી. વિનાયકનો પત્તો તમને કયાંથી લાગ્યો?"

"જુઓ, મી. વિનાયકની કંપનીએ બીજાના હીરા વેચતી હતી. એટલે જરૂર તેને અત્તર હોવી જોઈએ મે મી વિનાયકની આખરી પાછલી હકીકત મેળવી તો તે ઉપરથી જણાયું કે તેને તમે નોકરીમાંથી કાઢી હતી નોટીસ આપી રજા આપી હતી તેના અરાજ વર્તનનો તમારી પાસે પુરાવો હતો. એટલે બનતે જ ઉદારે તેણે મોટી રકમ સામે પોતાના નામથી આ ધંધો શરૂ કર્યો અને તે તમારા વતી જ થઇ કર્યો હતો એમ માનવામાં કશોજ વાંધો નથી. તમારા એક નોકરને હજી પણ યાદ છે કે જે દહાડે તમે તેને રજા આપી તેજ દહાડે અપરાતે તે તમારી પાસે આવ્યો હતો અને લાંબા વખત સુધી વાતચીત કરી ગયો હતો.

"ઠીક ઠીક" સર જીવણજી એ પાછા ટમાંથી ચેક બુક કાઢી ચેક કાઢી આપતાં કહ્યું: "મે માનું છતું કે તું તમારા જેવા ડિટેકટીવોને બનતી બક્ષિસ, પણ આપને જોયો તો હું જ બાર, પણ હું માની તજ છું કે તમે આ બાબત તદ્દન છાની રાખશો."

ચેક ઉપર નજર કરતા રેખુમલ બોલ્યો "ના પણ માણસની અને આમ કરીને અમારા ધંધાની છાની વાત ઉઘાડી ન પાડવાનો અમારો સખ્ત નિયમ છે"

કેટલીક વાનીઓ

સંપાદિકા સૌ. કપિલા મટુભાઇ કાંટાવાળા

શીંગોડાના પુડા (૫૧)

૧ શેર શીંગોડા
૦॥ શેર દહીં
નવટાંક લીલાં મરચાં
જરા આદુ
મીઠું અપ મુજબ
તેલ અપ મુજબ

એકશેર શીંગોડા આખા લઇ તેને સારા કપડાથી લુંછી નાખવા. ખાયણીમાં શીંગોડાં ખાંડવાં. ખાંડયા પછી દળવાં. તેના લોટમાં અડધો શેર દહીં નાંખીને લોટ બાંધવો. દહીં મોળું હોય તો વધારે જોઇએ; ખાટું હોય તો થોડું. પાણી નાખીને લોટ બાંધવો. લોટમાં આદુ, લીલાં મરચાં, પીસીને નાંખવા. લોટ ખીરા જેવો ઢીલો રાખવો. સગડી અથવા ચુલો હોય તેના ઉપર લોઢી મુકીને તૈયાર કરેલુ ખીરું લોઢીમાં વાડકીથી થોડું થોડું રેડવું, ને હાથ વતી પુડા સરખા કરવા. આસપાસ તેલ નાખવું, ને ઉપ્રેડી ફેરવવા. પુડા જો જાડા વધુ થતા હોય તો ખીરામાં પાણી તથા દહીં નાખવુ. આ પુડા ફરાળમાં ચાલે છે ને સ્વાદવાળા થાય છે.

અંગ્રેજી બરફી (૫૨)

૧ શેર દૂધ
૦॥ શેર સાકર
દોઢ નવટાંક માંખણ
અરધેર બદામ
પાવશીભાર કેસર
કેવડાનો અર્ક પાંચ ટીપાં

બદામને પલાળી છોડા કાઢી નીસાળ ઉપર સારી ઝીણી પીસવી દૂધમાં ખાંડ ભેળવી હલાશવાળા તપેલામાં ચુલા ઉપર મુકવું. દૂધને હલાવતાં રહેવું. થોડીવાર પછી અંદર પીસેલી બદામ નાખવી હલાવતાં, હલાવતાં ખૂબ જાડું થાય ત્યારે કેવડાનો અર્ક મહીં નાખવો. પછી રંગને માટે કેસર કાલવીને નાંખવું. રંગને માટે 'વિલાયતમાં જૂદા જૂદા રંગનું 'કોચનીલ' નાંખે છે, પણ તે રંગ જીવડાનાં બને છે, એટલે આપણે માટે કેસર સારું. પછી દૂધમાં માંખણ નાખી દેવું. હલાવ્યા બાદ જ્યમે તેવુ લાગે ત્યારે એક થાળીમાં માખણ ચોપડી એમાં દૂધ રેડી દેવું. પછી ઠરી જાય ત્યારે બરફીની માફક નાનાં ચકતાં પાડવાં માખણ દહીં-માંથી બનાવેલું નહીં પણ સંચાનું વાપરવુ.

આને અંગ્રેજીમાં 'ટોફી' કહે છે. બદામની માફક પીસ્તાં, બોમસીંગ, અખરોડ, કોપરૂં લીલું વગેરેની બરફી આ રીતે બનાવી શકાશે.

મોરીયાના વડાં (૫૩)

૧॥ શેર મોરીયો
૦॥ શેર શીંગોડાનો લોટ
મીઠું જરાક. (મીઠું ના ખાવું હોય તો સીંધવ નાખવો).
મરચું જરા.
તેલ અથવા ઘી અપ મુજબ
લીલાં મરચાં જરા. (સુકાને બદલે)
આદુ જરાક.

બાતની માફક આખણ મૂળીને મોરીયો કરવો. મોરાયો ચડે ત્યારે ઓસાવી નાખવો. ને શીજે ત્યારે એક થાળીમાં કાઢી નાખવો ઠંડો પડે ત્યારે હાથવતી ખૂબ મસળવો પછી અંદર મીઠું, મરચું, શીંગોડાનો લોટ નાંખી દેવો. સુકા મરચાને બદલે લીલા નાખવા હોય તો પણ નખાશે. સુકા કરતાં લીલા વધારે સારાં પડશે. લોટ બાંધ્યા પછી બાતના વડાં કરો છો તેવી રીતે આ વડાં કરવાં. બાતનાં વડાં કરતાં આ વડાં ઘણા પોચાને મમરા જેવા થાય છે હલકાં પણ બહુ છે. લોટ બાંધ્યા પછી એક આડણી ઉપર એક કપડાનો કકડો લઇ નાનાં વડાં કરી કટકામા એક એક મુકવું. કેમકે બે ત્રણ વડાં સાથે થશે નહિ. ફરાળ માટે આ વાની ચાલે.

મૃત્યુદૂતો અને તેમના રાજમાર્ગો

લેખક : શ્રી શિવકુમાર ત્રિવેદી

યમરાજ અને મૃત્યુદૂતોને આપણા પુરાણોમાં શબ્દચીત્રે વર્ણવ્યા છે, વળી કોઇ ચીત્રકારોએ તેમની પ્રતિમાઓ ઘડી કઢાડી છે; અને આવી રીતે માનવો ચર્મ-ચક્ષુથી આ દૈવી વિભુતીઓને નિહાળી ના શકયા ત્યારે તેમને શબ્દચીત્રાલેખનદ્વારા કે પ્રતિમા દ્વારા નિહાળી દૂર રહ્યા રહ્યા તેમની ભવિતવ્યતાને નમસ્કાર કરી ચાલતા રહે છે પણ મૃત્યુદૂતો તો ચર્મચક્ષુથી નિહાળી શકાય તેવી સાક્ષાત્ જીવતીજાગતી જીવંત વ્યક્તિયો છે, તેઓ માનવોની સાથમાં રહે એવા સરળ છે અને વારે ઘડીયે તેમને ઠગી કઢાડયા છતાં માનવોની સાથેજ રહેવા આવે એવા નફફટ અને ઢીલા છે. આ મૃત્યુદૂતો તે આપણા ઘરની માંખો, ગુણ જેવી ચચિોચાળા મચ્છરો, લોહીથી લાલમલાલ થયેલા માંકણો અને મ્હોટી મૂછોવાળા વંદા, મંકોડા અને કીડી વિગેરે છે

નિર્દોષ દેખાતી માંખો, એક ચપટીમાં મચડી કઢાકાય તેવા મચ્છરો, નાનકડા માંકણો વિગેરેને મૃત્યુદૂતો લેખવા અને તેમના પર આવું ભયંકર આળ મુકવું એ અતિશયોક્તિ પૂર્ણ લાગે તેમ છે, પણ તેમણે જે સત્યાનાશ વાળ્યુ છે તેનો ખ્યાલ કરતાં તેમની મહાનતા સ્પષ્ટ તરી આવે છે અમેરિકામા પનામાની કેનાલના બાંધકામ વખતે કુલ ૨૦ હજાર માનવદેહોનો ભક્ષ કરનાર ચપટીમાં મચડી કઢાકાય તેવા મચ્છરો જ હતા ! અને આવા નાનકડા મચ્છરોના નાશાર્થે અમેરિકનોએ કુલ ૬ કરોડ રૂપીયા જ ખર્ચ્યા હતા ! ગત મહાન જર્મન લડાઇ દરમ્યાન સાઇબીરીયાના પ્રદેશમાં એક લાખ માણસો એક પ્રકારની માખીના ઉપદ્રવથી મરણ પામ્યા હતા, અને ૧૦૫ ડોકટરો જેઓ મૃત્યુદૂતોના સામે લડવા ગયેલા તેમનો પણ ભક્ષ લીધો હતો.

ક્રમશ આ મૃત્યુદૂતોની ભવિતવ્યતા, ગહનતા અને તેમની જીદગી નિહાળીયે

સાધારણ માખી

બધા મૃત્યુદૂતોમાં માખી બહુજ સરળ અને મળતાવડી લાગે છે તેવી જ રીતે તેટલી ભયંકર અને ગહન છે. આપણી સાથે સૂતાં બેસતાં ઉઠતાં કે જમતાં ને દરેક કાર્યમાં તે આપણો સાથ શોધશે. માખીનુ ઉત્પત્તિ અને ઉછેર સ્થાન ગંદવાડો છે માખો લોહી ચૂસક કે ડખ દેનાર જંતુ નથી તેથી આપણે તેને નિર્દોષ લેખીયે છીયે, પણ તેમના જેવુ ચેપી અને ભયંકર દર્દો ફેલાવનાર અને લાવનાર બીજુ જંતુ નથી જેમ કોઇ એક સુગંધીદાર ફૂળ પોતાની ફોજદારીથી સર્વત્ર કેરમ પ્રસરાવે છે તેમ જ્યાં જ્યાં માખી જાય છે ત્યાં ત્યાં ગંદવાડો અને દરદો ફેલાવે છે. મળમુત્ર, કચરા કે ગટરમાં ભમી ચાલી તરત જ આપણા આવાના પદાર્થો પર બેસવા આવનાર તે અવિવેકી કે

લુચ્ચી માખ ક્ષય અલસાર, સંગ્રહણી, ઝાડા, અને ટાઈફોઈડ તાવ વિગેરેના જંતુઓ આપણા શરીરમાં લાવનાર યમદૂત સમાન છે. આ મૃત્યુદૂતો સીધો છાપો મારનાર નથી પણ આડકતરી રીતે હુમલો કરનાર અને વિશ્વાસ ઘાત કરી ચોકીદાર અને સાવધ માનવ દેહધારીઓને પોતાની નિર્દોષતા દર્શાવી છેતરનાર શત્રુઓ છે. ક્ષયના દર્દીના ગળફા પરથી ઊડી આવનાર કે સંગ્રહણી અતિસાર કે ભયંકર દર્દથી પીડાતા દર્દીના મળમૂત્ર પરથી ઉડી આવનાર, ગટર, ઉકરડા કે ગંદી જગ્યાઓથી ભમતી ભમતી આવનાર માખોને જો આપણે દૂરથી જ મ્હોના આપીયે તો કેટલાંક ભયંકર દર્દોના પ્રમાણ ઘટી જતાં વાર ના લાગે. માખી નિર્દોષ નથી પણ ભયંકરમાં ભયંકર દર્દો ફેલાવનાર નાનકડી વ્યક્તિઓ છે, તથા તેઓ નિર્દોષ નથી પણ ' મરીબહરામ ' છે; ને આ દૃષ્ટિથી બહેનો માખોને ભયંકર પ્રાણી તરીકે જુએ અને પછી રસોડામાં કે ખાવાના કોઇ પદાર્થ પર માખોને બેસવા ના દે અગર તો તેવી જગ્યાએ આવવા ના દે તો કંઇક અંશે માખોનુ ભયંકર પ્રચારકાર્ય નરમ પડી જશે ચોમાસાની ઋતુમાં યમદેવ રૂદ્રરૂપ ધારણ કરે છે, તે વખતે રોગના તત્વો પૃથ્વી પર ભયંકર અને ચેપી દરદોના જંતુ રૂપે પથરાય છે. આ વખતે માખો (મૃત્યુ દૂતો) પોતાના દેવને ખુશ કરવા કેસરીયાં કરી માનવ દેહના સધળા ઠારભારમાં મરણીયા થઇ ઘૂસે છે. અલબત્ત નિર્દોષ માંખો આ ઋતુમાં ઉદાર માનવોના ક્રોધ અને તિરસ્કારને પાત્રો થઇજ પડે છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમા દરેક રીતે માખોથી દૂર રહેવાય અને સદાને વાસ્તે પાકાચાયો રસોડામાં માખોને ખાદ્ય પદાર્થોપર આવવા ના દે, તો જરૂરથી આપણે તે મૃત્યુ દૂત પર કંઇક અંશે વિજય-મેળવ્યો ગણાશે.

મચ્છર

મચ્છર કરડતા રહ્યા એટલે આપણા તિરસ્કાર અને ક્રોધને પાત્ર થઇ પડયા છે. છતાંયે આપણે તેમના સંપૂર્ણ નાશ માટે દિલપૂર્વક કર્યા પ્રયત્ન કરીયે છીએ ? રસોડાનો કચરો પાણી ભોરીવાટે બાળકુંડીમાં કે રસ્તામાં પથરાઇ સુંદર સાથીયા પુરી રહે છે, આવી જગ્યાએ, તથા શરીરના મળમુત્રને ગંદીવસ્તુ ઓના સંગ્રહમાં મચ્છરોનું ઉત્પત્તિ સ્થાન, ઉછેરસ્થાન અને નિવાસસ્થાન છે. સફેદ અને કાળા રંગનું તે નહાનું પ્રાણી રાતના ઠાર આગળ આવી ગણગણાટ કરી મુકનાર મચ્છર લોહી ચૂસવામાં બહુ હોંશીયાર અને તીવ્ર છે. લોહી ચૂસનાર મચ્છરોજ દરદો ફેલાવનાર હોય છે. મચ્છરો આપણુ લોહી ચૂસતીવખતે જંતુ ઉત્પાદક પ્રવાહી આપણા લોહીમાં રેડે છે, આથી આપણને ડંખની જગ્યાએ ચુંટ આવે છે તથા ત્યાં ઢીમણાં ઉડી આવે છે. મચ્છરો મેલેરીયા તાવના જંતુઓ આણનાર કહેવાય છે મચ્છરો દૂર કરવા ઠરકોઇ પ્રયત્ન તો કરે છેજ. કારણ કે તેમનું પ્રચારકાર્ય મસ્તિખોર છે; પણ માનવોને તેમનો નાશ કરવાનો વિચાર મચ્છરોના પૂર્ણ પ્રચારકાર્ય પછીજ થાય છે. આ તો કોઇ શત્રુરાજાના હુમલા અને વિજય પછી કોઇ વૈભવી પરાજીત રાજાને પોતાની કફોડી સ્થિતિનું ભાન થાય તેવી વાત છે દિવસના મચ્છરો ઘરના ખૂણેખાંચરે, નીકના ગંદવાડમાં કહેવાતી જગ્યામાં, પાણીના ખાબોચીયામાં વિગેરે સ્થળોએ ભરાઈ રહે છે. આવી જગ્યાઓ ફીનાઇલ, કેરોશીનતેલ, કે પછી જંતુ વિનાશક દ્રવ્ય રેડવાથી મચ્છરો અને તેમના ઈંડાં મરી જશે ઘરમા ખૂણેખાંચરેથી સાફસુફ કરવામાં આવે તો ઘરમાંયે પણ તેમને માટે સ્થાન ના રહે. સુવાનો ઓરડો કપડાં તથા સામાનથી બીચ ના હોય તથા ચોકખી

તેમની હયાતી તરત માલમ પડી આવતાં વાર લાગે છે. આવી રીતે કેટલાક જાતના દરદોના જંતુઓ ખોરાક સાથે પેટમાં આવતાં વાર ના લાગે. આના ઉપાય તરીકે પાકાયાર્યો અને ગૃહપતિઓ ખાવા ઢાંકવા વાસ્તે ઝીણી જાળવાળું પીંજરૂં બનાવી લેવડાવે એ ઇચ્છવા લાયક છે.

મૃત્યુદૂતો જેવી દૈવી સંપત્તિવાળી વ્યક્તિઓનો રાજમાર્ગ કેવળ ગંદવાડ અને કોહાણથી ભરપુર વસ્તુઓથી પથરાયેલો છે.

ઘણી બહેનો વાસણ ઉટકવામાં માટીને બદલે ધૂળ ઉપયોગમાં લે છે. રસ્તા પરની ધૂળનો ઇતિહાસ જોઇએ. રસ્તાની ધૂળ ક્ષય, દમ કે કંઠમાળના દરદીના ગળફા થુંકયા સાટોવાયેલી હોય છે, મળમૂત્ર કે ગંદવાડથી પવિત્ર બનેલી હોય છે, વટેરૂઓના પગ તળે કચરાયેલી હોય છે, અને કહેવાતી વસ્તુઓથી તે લદબદ થયેલી હોય છે અને આવી ધૂળ વાસણ સાફ કરવામાં વપરાય ! આતો હોયે કરી દરદો વધારવાની વાત થાય છે. ધૂળ અશ્રમ વસ્તુ છે તે વાત જો બહેનોના મનમાં ઠસી જાય તો ઘણા ઘરોના વાસણો ધૂળથી સાફ ના થાય અને કેટલાક અંશે ઘણાં દર્દોનું મોટું પ્રમાણ ઘટી જાય.

મૃત્યુદૂતોના મુખ તરફ કેટલીયે વ્યક્તિઓ ધસડાતી જાય છે તેનો ખ્યાલ કંટોષ કે ચવાણું વેચનારની દુકાને ઉભા રહેનાર ને થાય. ચવાણા ઉપર હજારો માખો ઉડાઉડ કરી રહી હોય છે, મંડોડા પ્રદક્ષિણા કરી રહ્યા હોય છે, રસ્તાની ધૂળ પવનથી કે અવર નવરથી તેમાં આવી મળે છે, આવી ગંદી અને દરદોના ઘરવાળી ચીજોનો ઘણીયે વ્યક્તિઓ ઉપભોગ કરે છે. આ રીત હોયે કરી કાળના મ્હોં ભણી ધસડાવવા જેવી નથી લાગતી !


નાનાં બુલકાંને ખુશ કરવા કે રડતાં બચાવવા ઘણા માતાપિતાઓ ચવાણું ખવડાવવાની ટેવ પાડે છે. આમાં ઘણા બાળકો નાનપણમાંજ કાળનો ભોગ થઇ પડે છે, અને જે બાળકો મોટા થાય છે તેઓ મોટી વયે નાનપણની જંતુવાળી અને ગંદી વસ્તુઓ ખાવાની સ્મૃતિ અને દઢ થયેલી ટેવને વધુને વધુ દઢ કરતા જાય છે, - કાળના મ્હોં ભણી જરા પણ અમચાયા વિના દોડયા જાય છે

આના ઉપાય તરીકે માતાઓ નાના બુલકાંઓને બજાર ખાવ પદાર્થો ખાવાની ટેવ ના પાડે તે ઇચ્છવા જોગ છે.

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ

૧. ભેટ : સૌ. કાન્તાબ્હેન વરજીવનદાસ સરૈયા તરફથી તેમના સ્વ. પુત્રી બ્હેન રમાવતીના સ્મરણાર્થ મંડળના હુન્નર-ઉદ્યોગ ખાતામાં એક સીવવાનો સંચો અને એક સ્ટેન્ડ કુલ રૂ ૧૫૯)ના ભેટ મળ્યા છે. આ મદદ માટે મંડળ તેમનો ઘણો આભાર માને છે.

૨. લાઇફ મેમ્બર : સૌ. કાન્તાબ્હેન સુંદરલાલ ખીમચંદ રૂ. ૧૫૦) ભરી મંડળના લાઇફ મેમ્બર થયાં છે.



કોણ જીત્યું ?

લેખક : શ્રી શારદાપ્રસાદ વર્મા

દુનિયા પારના દેશની વાત છે, ૬૪૬ વર્ષો પહેલાની, એ તલવારના જમાનાની. ત્યારે વીરતા માનવો જીતવા ને મારવામાં મનાતી. પાડોશના રાજ્યને જીતી, તેનાં માથે ધૂંટી, તેની પ્રજાને જે વધુ રંજાડે તે પ્રજાલ ને પરાક્રમી મનાતો. એક બીજાને પરતંત્ર કરવાની હરીફાઈઓ જાણે રમાતી. એ માટે યુદ્ધખેલન વખતોવખત થતાં કેટલાક જવાંમર્દોને એ વિના ચેન જ ન પડતુ એ યુગની આ વાત છે વર્ષો પહેલાંની ૬૪ નહી તો પાંચમો વર્ષના વ્હાણાં વાયાં

એ ડ્યુક પ્રજાજનને પરાક્રમી મનાતો. જેવો પરાક્રમી તેવો પ્રતાપી મનાતો જેવો પ્રતાપી તેવો ક્રોધી હતો જેવો ક્રોધી તેવો ક્રૂર ને દયાહીન.

દેશોદેશ જીતવાનો જાણે એનો સંકલ્પ. એક દેશ જીતે ને તૂટે અને બીજા પર આક્રમણ કરે લોક તો એનું નામ સાંભળે અને ધ્રુજે, બાળકો તો રડતાં યે રહી જાય. એવો તો એના નામનો જ ત્રાસ

ઇ. સ ૧૪૭૬માં એણે નાન્સી નગરને ઘેરો ઘાલ્યો નાન્સીનો નૃપતિ સો સો સમરાંગણમાં ઘૂમેલો, વીરતાની મૂર્તિ સમો હતો એની જુવાનીમાં એ સાવજરો ત્રાડતો. પણ આજે એ વૃદ્ધ થયો હતો. જીવનને આરે આવી રહ્યો હતો રાજકુટુંબમાં યે કોઈ હતું જ નહી, સિવાય એની એક માત્ર પુત્રી પણ એ પુરષોને શરમાવે એવી વીરાંગના હતી એનું રાજ જાનું હતુ પણ સ્વાધીન હતુ. રાજ્યમાં વસ્તી થોડી હતી પણ સૌ સ્વતંત્ર હતા ને સ્વતંત્રતા માટે મરી ફીટવા તૈયાર હતા

એ ડ્યુકે ઘેરો ઘાલ્યો. નાન્સીનું મહાજન અને રાજપુરુષો રાજમહાલયે મંત્રણાએ મળ્યા ને નિશ્ચય કરી લીધો નાન્સીના સમરત જનસમૂહે ડ્યૂકનો સામનો કર્યો એ વૃદ્ધ નૃપતિના હાથમાં તલવાર આવતાં જુવાનનું જોર કરવા મંડયુ એણે સરદારી લીધી ને કોટને ફરતે ફરતે ઘૂમવા લાગ્યો.

એની વીરાંગના પુત્રીએ ઓરતાનું સંગઠન કર્યું. સશક્ત ઓરતોને કોટની મરામતમાં, હથિયાર પહોંચાડવામાં, ઘસ્રો સજ્જ કરવામાં કામે લગાડી દીધી. વૃદ્ધાઓને પણ આજે પોતાનું નગર સ્વતંત્ર રાખવું હતું. એ પણ કામે લાગી ગઈ-બચાવેલાઓની સારવારમાં.

આમ સૌ કોઈ આબાલવૃદ્ધ-પોતપોતાનું નિત્યનૈમિત્તિક કાર્ય છોડી. એ કામે લાગી ગયા-સ્વદેશને સ્વતંત્ર રાખવાને. વેપારીઓએ વેપાર છોડયા, વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડયો, સુંદરીઓએ વિલાસ તજ્યા. બસ, મોને એકજ તમન્ના છાતી રહી હતી, સ્વદેશને પરતંત્ર થવા ન દેવાની

શત્રુ પક્ષે કશી આશા નહોતી રાખી. એણે તો મહીના છ્યા બાદમાં નાન્સી સર કરવું ધાર્યું હતુ. પણ આ તો ડોકાના ઝાવા પડયા. એની બૂદરચનાઓ એક પછી એક નિષ્ફળ જવા લાગી. એના રણજાંકુરા ચોદ્ધાઓ પડવા લાગ્યા. ને જ્યાં જ્યાં ત્યાં જીત મેળવનાર ડ્યૂકને સંધીનુ કહેણ કહાવવુ પડયું.

આ ગર્વીલો ડ્યૂક, જે રાજ્ય જીતતાં, લૂંટમાં જ આનંદ માનતો, શત્રુના સૈનિક અસૈનિક સૌને ક્રૂર દંડ દેવામાંજ વિજયની સાર્થકતા જાણતો અને પોતાની

પછાડી ભય, ત્રાસ અને શત્રુના નામ નિશાનનોયે નાશ મેલી જતો તે ડ્યૂકે કહ્યું કે " સધિ કરવામાં આવશે તો કોઇનો વાળ વાંકો નહીં થશે. સમગ્ર પ્રજાજનો સાથ નિર્વેર વર્તન રાખવામાં આવશે. "

નાન્સીનાં નગરજનો આશ્ચર્ય પામ્યા. શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા. નગરચોકમાં નૃપતિએ પોતપોતાના અભિપ્રાય જણાવવા મહાજનોની સભા મેળવી.

પણ નાન્સીનો નૃપતિ જેવો બહાદુર હતો તેવો કરેલ મુત્સદ્દી પણ હતો એણે જોયું કે શત્રુ અત્યારે નબળો થયેલો છે. એને પરાસ્ત પમાડ્યા વિના જવા દેવો એ એને ફરીથી ન્હોતરવા જેવું છે. અને જો ફરીથી એ હલ્લો લાવે તો નાન્સી ટકી નહીં શકે એમ એણે વિચાર્યું ને ભરસભામાં ઉચ્ચાર્યું " મ્હને સૈનિકો જીવતો દફનાવી દેશે તોયે આ સધિ કબૂલ કરનાર નથી. અત્યારે સધિ કોઇ શકેજ નહીં "

નગરજનોને આ વેણ બાણ જેવા લાગ્યા. બેવડા ઉત્સાહથી મોરચા માંડવાની તૈયારી કરવામાં ગૂથાયા. અત્યાર સુધી અજેય ગણાતા ડ્યૂક ઓફ બર્ગંડીનું સધિપ્રસ્તાવ પાછું વાળ્યું.

સધિપ્રસ્તાવ પાછો ફર્યો ને ડ્યૂક લાલચોળ થઇ ગયો કદી કોઇ ડ્યૂકનો વેણ ઉઠાપી શકતુજ નહીં, શું શત્રુ કે મિત્રઃ બૌ કોઇ પડયો બોલ ઝીલતા ને આ ન્હાનું શું નગર ! ને આ એનો બુઢ્ઢો બખ ઠાકોર ! શું એનુ સન્નિકહેય પાછુ ઠેલે ? એનો ક્રોધાગ્નિ પ્રજ્વળી ઉઠયો. એની આંખોમાંથી અંગારા ઝરવા લાગ્યા એણે નિશ્ચય કર્યો નગર તારાજ કરીનેજ પાછા વળવાનો એની વિપૂલ સેનાએ હલ્લા પર હલ્લા કરવા માંડયા. ડ્યૂકે નવુ સૈન્ય, નવાં શસ્ત્રાસ્ત્રો બર્ગંડીથી મંગાવ્યા. આ નવી યતી જતી ભરતી રહ્યામુ ઘેરાયલા નાન્સી જનો કયાં સુધી ટકી શકે ? બાધા ખોરાકી ખૂટી, કોટ તૂટયો. દુર્જય યોદ્ધાઓ એક પછી એક મરવા લાગ્યા. નાન્સી પડયું. ડ્યૂક અપમાનનો બદલો વ્યાજ સાથ લેવા નગરમાં પેઠો. ચારેકોર એ વૃદ્ધ ઠાકોરની શોધમાં ફર્યો. મહેલ, ઝોપ્રો અને કોટ ફુદી વળ્યો. એ ધુંવા-પુવા થતો નગરના ખૂણે ખૂણે ભમી વળ્યો પણ એનો પત્તો જ ન લાગ્યો. ડ્યૂકે હવે નગરનો ફરમાં ફૂર રીતે નાશ કરવાનું નકકી કર્યું.

ડ્યૂકે નગરજનોની સભા બોલાવી જાહેર કર્યું કે જે નાન્સીના ઠાકોરને પકડી આપશે તેને મ્હોં માગ્યું ઇનામ આપવામા આવશે, પણ જો એનો પત્તો કોઇ નહીં આપે તો આખું નગર ને નગર તારાજ કરવામાં આવશે, ન રહેશે એનુ નામ કે નિશાન પણ એ પ્રજાજનમાંથી ન કોઇ હાલ્યું કે ચાલ્યું. ડ્યૂકની મુખમુદ્રા પર ક્રોધની રેખાઓ તરવરવા લાગી ત્યાં એક વૃદ્ધ આગળ આવ્યો ને બોલ્યો, " ડ્યૂક સાહેબ, આપ ખાત્રી આપશો કે નગરજનમાંથી કોઇને કશી આંચ નહીં આવે તો નાન્સીના મહારાજનો પત્તો મેળવી આપવા હું તૈયાર છું. "

આ વૃદ્ધ નાગરિક નાન્સીનો નૃપતિજ હતો. નગરનો નાશ અટકાવવાને એ પ્રજાજનો સાથ ભળી ગયો હતો ને પ્રજાજનો પણ જીવતાં જીવ હોય ત્યાં સુધી એનો વાંકો વાળ થવા દેવા તૈયાર જ હોતા. ચતુર રાજા ચેતી ગયો. આ તક છે એમ એણે જોયું અને આત્મ સમર્પણથી નગર બચાવવા ખાત્રી મળે તો પોતે જતો થવા તૈયાર થઇ ઉભો.

ડ્યૂક એવુ કામ કરવા તૈયાર નહતો. એને તો આખા નગરનો ફૂરમાં ફૂર રીતે નાશ કરી દાખલો બેસાડવો હતો. એને બી, પુરૂષ, બાળક, વૃદ્ધ સૌને એકઠા કર્યા ને હારદોર ઉભા રાખ્યા. એ હારમાંથી દરેક દશમા જનને દેહાંત કરવાનો હુકમ ફરમાવી એ શિબીરમાં ચાલ્યો ગયો

એક કતારમાં નગરના સૌ પરિજનો ઉભા. સ્ત્રીપુરૂષ, પિતા-માતા-પુત્ર, ભાઇબ્હેન, નવવધુઓ ને રહેનાં કોડીલા કંથઃ સૌ કોઇ

મોતને ભેટવા તૈયાર થઇ રહ્યો. કોણ જાણે કોણ છે એજ જોવાનું રહ્યું.

મોથી મોખરે પહેલેથી ચણતા દયમો ડ્યૂક જ આવી રહેતો હતો. એની જોડે જ એની પુત્રી ઉભી હતી. એને એ ક્યાં ઉભો હતો એનું ભાન જ નહોતું. એની આંખો આખને જોતી ઉડી ઉડી ઉતરતી હતી. એના ભર્યા સંસારમાંથી હતાં કોઈ પણ ઉપાયે પ્રજાને બચાવી લેવાય એની ચિંતાજ એને થતી હતી પણ એની પુત્રીએ આ જોયું. એનું પિતા વત્સલ હૃદય પિતાને બચાવી લેવા તરફડયું. એની બુદ્ધિને લાગ્યું કે જ્યાં સુધી ઠાકોર જીવે છે ત્યાં સુધી કદાચ પ્રજાજનોનું રક્ષણ થઈ શકે દુશ્મનો માણસ તણખલું ગાંસે તેમ અફસરની આંખ ચૂકાવી પિતાને ખસેડી, રહેને સ્થાને ઉભી. પિતાને જરા ભાન આવ્યું અને પોતાનાં વચન સરખાનો પણ તુરત અમલ કરવાને ટેવાયેલા મહારાજાએ પુત્રીને તુરત પોતાની જગ્યાએ જવા ફરમાવ્યું. પણ પુત્રી ન ખસી તુરત એણે પુત્રીને પકડી ખસેડવા પ્રયત્ન કર્યો. દડ દેવાની તૈયારી કરતા અફસરે આ જોયું. અને નિયમન Order જાળવવા પિતા પુત્રી પાસે આવ્યો. પુત્રીએ કહ્યું. " હું અહીં છું, મ્હારીજ આ દયમી જગ્યા છે. " આ સાંભળી પિતાને સહસા ભાન થયું, એ પરિસ્થિતિને સમજી ગયો. એણે કહ્યું, " એ છોકરી-એજ મ્હને ખસેડયો છે, હું જ દયમો છું."

આ વાત એવી રીતે બની, આ રક્તજ એવી ચાદી-અવિચલ પ્રસાદ પિતૃભક્તિ અને મુદ્દઢ અપત્ય સ્નેહ-એ બે મૂર્તિમંત ભાવો વચ્ચે જાણે હરિફાઇ ન હોય ! ડ્યૂકનો કર્મચારી પણ આ જોઈ મૂઝાયો. એનાથી નિર્ણય ન થઇ શકયો કે આ બેમાંથી દયમુ કોણ ? આ બેમાંથી કોને પહેલાં દેહાંત દેવો ? આ નિર્ણય વિના એનાથી હુકમનો અમલ પણ કેવી રીતે થઇ શકે ? આથી એ બન્નેને એ ડ્યૂક પાસે લઇ ગયો, ને હકીકત રજુ કરી એ કર્મચારી પોતાની હકીકત રજુ કરતો હતો ત્યારે કે ત્યાર પછી ડ્યૂક પાસે કેફીયત રજુ કરતા બન્ને જણા એક સાથે કહેવા મંડી પડયાં. કોઇ એક સાધારણ નગરજનની જેમ આ વાતનો ફેંસલો પોતાની તરફેણમાં લાવવા મુલ્લક પ્રયત્ન કરવા લાગ્યા એ નૃપતિ કે રાજકુવરી આજ રાજપ્રતિષ્ઠા ભૂલી ગયા હતા-સર્વ સાધારણ વાત્સલ્ય ભાવમાં

અને એ ક્રૂર નિર્દયી ડ્યૂક પણ નિર્ણય ન કરી શકયો. એનો અત્યાચારી આત્મા, આ આત્મત્યાગ માટેનો ઝગડો જોઇ પીગળવા મંડયો, એનું મન મીણની જેમ પીગળતું ગયું, એની આંખમાં એ રસ ઉભરાઇને અત્રતો દેખાયો સહસા એ ઉઠી. શીરિરના અંદરના ભાગમાં ચાલ્યો ગયો. એને થયું સદૈવ રાજખટપટ અને મુત્સદ્દીગીરી અને યુદ્ધ ખેલનમાં જીવનનું સાર્થક કરતા રાજકુટુંબમાં યે આટલો સ્નેહ, આટલું સ્વાપર્ણ, હોય તો, સાધારણ પ્રજાજન કેવા હશે !

જે યુદ્ધથી ન થયું, વીરોના શોણીત વહેવડાવ્યે, એક એકના ગળા કાપ્યે ન થયું, તે હૃદયપલટો આત્મસમર્પણ ને સ્નેહની સૌરભે થયો એણે સુસ્નેહ ને સમાધાનીનો પડો વજડાવ્યો. પ્રજાજનોને સ્વસ્થાને જવા દેવા અને નગરમાં કશો અત્યાચાર ન થાય એ માટે અમલદારો પર હુકમ છોડવા મિત્રતાના કોલકરાર થયા, ને યથોચિત સમયે ડ્યૂક નાન્સી નગર છોડી ચાલ્યો ગયો.

એ ડ્યૂક પાછો ફર્યો વિજય કરીને ? નાન્સી પરતંત્ર થયું નહી છતાં સધિ અને વિગ્રહમાં ડ્યૂકને સાથ આપવા, ડ્યૂકનું કહેલું આવતા સ્વીકારવા તો તૈયાર થયું હતું છતાં એનો વિજય થયો ?

એ તો આવ્યો હતો એની નાન્સી જીતવા, એનાં ધનધાન્યને સમૃદ્ધિ લૂટી જવા -એ લૂટી પણ જઈ શકયો હોત, મનમાનતો અત્યાચાર પણ કરી શકયો હોત, પણ એ પ્રબલ આત્મબલિદાન સમક્ષ એની નિર્દયતા અવનત મસ્તક થઇ પડી. પહેલીવાર એ આ રીતે પાછો ફર્યો.

ત્યારે કોણ જીત્યું ?

દેશને વધુ લાભ કોણ કરી શકે ?

ધનવાન કે વિદ્વાન ?*

લેખિકા : શ્રીમતી શાન્તા હરિલાલભાઇ વ્યાસ

દેશને ધનવાન્ અને વિદ્વાન્ ઉભયમાંથી વધુ લાભકારક કોણ છે એ નિર્ણય ઉપર આવતા પહેલાં બંને શબ્દોના અર્થ જાણવાની જરૂર છે. ધનવાન એટલે પૈસાવાળો અમર મુડીવાદી. અને વિદ્વાન્ એટલે જાણકાર, નહિ કે વિશ્વવિદ્યાલયની લાંબી પદવીઓ ધારણ કરનાર; દેશનો કટોકટીનો સમય સમજી સમયસૂચકતા વાપરી દેશને તારનાર, તે વિદ્વાન્

બેશક બેમાંથી એક સિવાય દેશને ચાલી શકે એમ કહેવું ભૂલ ભરેલું છે. છતાં વધુ આવશ્યકતા વિદ્વાનની છે એ વાત નિર્વિવાદ છે. ઇતિહાસનાં પાનાં ઉકેલશું તો ધનવૈભવને દેશની ખાતર ફના કરનાર વ્યક્તિઓ ઘણી થોડી જણાશે તેમજ આજની દૃષ્ટિથી વિચાર કરતાં એ લોકો જોડે સરખાવી શકાય એવો દેશનો ઉદ્ધારક ધનિક કોઇ નથી. આજના ધનિકો પૈસાના મદમાં ગરીબો પર પ્રભુતા મેળવવાનો અને મોજમજાહ અને એશઆરામમાં જીવન ગાળવાનો પ્રભુના ઘરનો તેમનો એક દ્રવ્યુ હક્ક (Monopoly) છે, એમ માને છે. દેશનાં દુઃખોની અને ટળવળતા ગરીબ દેશીઓની એમને કશી પડી નથી; જેમનું ગૌરવ દેશીઓનેજ રેંસનાર પ્રજાની ખુશામત કરવામાં સમાયલું છે, એવા આધુનિક યુગના ધનિકો તો કેવળ દેશને નિરૂપયોગી છે.

ક્ષત્રિયકુળનું ગૌરવ હૃદયમાં ધારણ કરી, મહાન, મોગલ સમ્રાટ અકબરને શરણે નહિ થનાર વીર પ્રતાપને અને ચિતોડની ભૂમિને યવનોના હાથમાંથી કાયમને માટે મુક્ત કરવાને પોતાની અઢળક લક્ષ્મી પ્રતાપને ચરણે ધરનાર ભામાશા જેવા ધનિકો દેશનો ઉદ્ધાર કરી શકે. દેશને આવા ધનિકોની પળે પળે જરૂર છે.

રશિયાની પ્રજાનો ભૂખમરો જોઇ મહાત્મા ટોલ્સ્ટોય પોતાની અમીરીને ઠોકર મારી સ્વેચ્છાથી ભીખારી બન્યો હતો આજના શ્રીમંતોના માનસમાં આવા પુરૂષોને સ્થાન નથી. પરોપકાર પણ કેવળ મોટાઇને ખાતર કરનાર આજનો ધનિકો ગરીબોને જીવનમાં દાન દેતા મહર્ષિ ટોલ્સ્ટોયના આત્મભોગમાં રહેલા આનંદને કલ્પી પણ નહિ શકે, તો અનુભવી કયાંથીજ શકે ? ઉંડો ઉતરી વિચાર કરતાં માલમ પડે છે કે એણે આખા જગતનો આત્મા જાગૃત કર્યો દુનિયાની ઇષ્ટ અને અનિષ્ટ મોજ મજાહમાં અહોનિશ આળોટનાર શ્રીમંતોને હજારોના ભૂખમરાનું અને તેની પાછળ રહેલા અન્યાયોનું ભાન કરાવ્યું. દેશને ખાતર ફકીરી ધારણ કરનાર આવો કોઇ ધનિક દેશનો ઉદ્ધારક થઇ શકે. ભૂખે મરતાં અને મરીબીનાં અસહ્ય દુઃખોથી લુંટાયેલાઓને જોવા માત્રમાં પણ જેઓ પાપ

---

* શ્રી ગુજરાતી હિન્દુ ઓ મંડળ તરફથી સ્વ જયાબહેન દુર્લભરાય સ્મારક લેખો નિબન્ધની હરિફાઇમાં રૂા. ૩૦૦ નું પહેલું ઇનામ મેળવનારો નિબંધ

માને છે, જેમને સમાજને બોજારૂપ ગણવામાં પોતે અમમત્વ ભાગ ભજવે છે, એવા ધનિકો દેશને ખાતર શું કરી શકે ?

ઉપરોક્ત ઉભય પુરુષો ભૂતકાળમાં થઈ ગયા છે જ્યારે આજના જમાનામાં એવા કોઇ પણ ધનિકનો વિચાર કરીએ તો તે ભારતનું જીવંત જવાહીર સ્વર્ગસ્થ મોતી લાલજીના એકના એક પુત્ર પંડિત જવાહીરલાલ નહેરુ છે રાજકુવરોને પણ ઇર્ષા આવે એવા વૈભવને ઠોકર મારી પોતાની સંપત્તિનું દેશહિતની વેદી ઉપર બલિદાન દેનાર એ ભારતના ગુલેન્જીક ધનિકને હજારો ધન્યવાદ છે પોતાના ઘરજનોને સદંતર ભૂલી જઈ સ્વેચ્છાથી કારાવાસના ત્રીજા વર્ગમાં વાસ કરી જગતને સમાનતાનો પાઠ પઢાવનાર એ અમીર ખરેખર દેશનો સાચો ઉદ્ધારક છે નેતા તરીકેનો પોતાનો ઘવો છોડી એક સાધારણ કેદીની માફક પોતાને ગણનાર એ લક્ષ્મીની અનેરી લીલાને અપવાદરૂપ માત્ર એજ એક વીર આજે ધનિક ઉદ્ધારક તરીકે દેશને આંગળી પર ગણવાલાયક છે.

ઉપરોક્ત ધનિકો સિવાય આજના દેશી રાજ્યોથી કહેવાતા મુડીવાદીઓ સુધી દેશના દુ:ખે કોઇ દાઝતુ નથી અમલદારો નોકરખાનાંના મેળાવડા કરી, નાચ ગાનના જલસા કરી, અમર ગવર્નર કે વાઇસરોય સાહેબ અને તેમનાં ધર્મપત્ની જોડે હસ્તધૂનન કરી ખુશામત અને પૈસાને જોરે માન અકરામની નોધમાં પોતાનું નામ લાવવુ એજ એમના જીવનનો મુદ્રાલેખ છે અને એમની મણત્રીમા એ ગોરી લક્ષ્મીને ખાતર રૂપીયા પીસ્તાળીસ લાખનુ પાણી કરનાર હરીસીંગ જેવા ધનિકો તરફથી દેશોદ્ધારની આશા રાખવી એ આકાશ કુસુમવત્ છે જે લક્ષ્મીનો વ્યય અસ્પૃશ્યોને થાય છે તે લક્ષ્મીજ નથી. અને એવો વ્યય કરનાર પોતે ભલે ગર્વ માને છતા તે કંગાળનો કંગાળ છે, પછી દેશોદ્ધારની તેના તરફથી આશા શી રીતે હોય ?

ધનનો સદુપયોગ કરાવનાર વિદ્વાનોજ છે. ગમે તેટલી સત્તા અને લક્ષ્મી છતાં ગમે તેવા મહીપતિને પણ વિદ્વાન મુલાકાતકારની જરૂર પડે છે જગતમાં લક્ષ્મીને અંગે જે કંઇ અનર્થ થયા છે, તેનું મુખ્ય કારણ એજ છે કે તે અજ્ઞાની માણસોના હાથમા છે જ્યારે દેશની લગામ કોઇ અમુકજ દિશા તરફ વહી જતી હોય ત્યારે તેને લક્ષ્મીની લાલચ ને અસર નથી કરતી તે કોઇ વિદ્વાન કબીરનું જીવન વૃત્તાંત ખડું કરતાં સહેજમાં થઇ જાય છે

હવે દેશહિતમા વિદ્વાનોએ શું ભાગ ભજવ્યો અને ભજવે છે એનો ઐતિહાસિક દૃષ્ટિથી વિચાર કરીએ પ્રથમ તો આપણે ભૂતકાળનો સમય જોતાં જ્યારે વર્તમાન પર નજર નાખીએ છીએ, ત્યારે સ્પષ્ટ દેખાય છે, કે અર્વાચીન જગત જે દેખાય છે તે સ્વરૂપમા એને લાવનાર, અને પ્રાચીન અને અર્વાચીનમાં જે ભેદ નજરે પડે છે, તે ઉપસ્થિત કરનાર કેવળ વિદ્વાનોજ છે. વિદ્વાનોની વિચારશક્તિ અને કલમથી જગતને જે લાભો થયા છે, તે આખા જગતની લક્ષ્મીથી પણ થવા દુર્લભ છે દેશના ઉપર ઘરેક પ્રકારની આફતો આવે છે જે ધાર્મિક આર્થિક પરતંત્રતા, વિગેરે આ બધામાથી દેશને વિદ્વાનોએજ તાર્યો છે, એ વાતની ઇતિહાસ સાક્ષી પૂરે છે

ધાર્મિક આફતનુ દૃષ્ટાંત લેશું તો માલમ પડશે કે જ્યારે યુરોપમાં પોતાની સમર્થ સત્તા હતી, લોકો પુરા કેળવાયલા પણ ન હતા, ત્યારે આઠમાર્ગે તેમને દોરી જઇ, મુક્તિપત્ર જેવા બનાવટી સાધનોથી ધર્મને નામે લોકોની લક્ષ્મીને પોતે દિવસે લૂટનાર, એ પોતાની સામે થનાર યુરોપમાં એકજ નર હતો. તે

હતો માત્ર જર્મનીનો વિદ્વાન માર્ટીન લ્યૂથર, જેણે પોપની ગાદી ડુંગેરા હઠાવી, યુરોપભરમાં ક્રાન્તિ કરી અને અનેક ધાર્મિક સુધારા કરી, પોતાની સર્વોપરી સત્તાને જમીન દોસ્ત કરી, પ્રજાની ધર્મને નામે લૂંટાતી લક્ષ્મીને બચાવી. એ ક્રાન્તિ સાધારણ ન હતી. એ ધાર્મિક પરિવર્તનથી (Reformation) યુરોપના ઇતિહાસમાં ધાર્મિક સ્વાતંત્ર્યનો નવીન યુગ પ્રવર્ત્યો તે ઇતિહાસને પાને મોજુદ છે

મોગલ સમ્રાટ ઔરંગઝેબના ધર્માંધપણાના પરિણામે જ્યારે સત્તરમીસદીમાં પૃથ્વીના પટ પરથી હિંદુ ધર્મ નાબુદ થવાનો સમય આવ્યો હતો ત્યારે એ આફતમાંથી દેશની મુક્તિ ધનથી ન થઇ. બેશક એ આફતમાંથી દેશને ઉગારનાર હિંદુધર્મનો રક્ષક હિરસ્તારૂપ શિવાજી હતો છતાં શિવાજીમાં એ સંસ્કાર પાડનાર અને મરાઠા જેવી પ્રજામાં ચૈતન્ય રેડી તેમને શિવાજીને પડખે ઉભા રાખનાર એ વિદ્વાન તુકારામ અને રામદાસ સ્વામી હતા. બ્રાહ્મણ પ્રત્યેનો તિરસ્કાર શિવાજી અને અન્ય મરાઠાઓમાં આટલે દરજ્જે જાત કે કેમ તે પ્રશ્ન છે. અને સમય જતાં અમો વર્ષથી જડ ઘાલી જમલી મુસલ સલ્તનત રૂપ ઇમારતના પાયા એણે કપાવીને ઢીલા કરી નાંખ્યા. વિદ્વાનો જમે તે મંત્રોચ્ચારોમાં અન્યને ઇચ્છિત માર્ગે પોતાની વાણી અને લેખિનીદ્વારા દોરી જાય છે. અને તેથીજ સીધી અગર આડકતરી રીતે જગતમા જે જે આવકાર લાયક ક્રાન્તિ થઇ છે, તે વિદ્વાનોને આભારી છે.

ઇગ્લાંડના ઇતિહાસમાં દક્ષિણ મહાસાગરના પરપોટાયો (The Southsea Bubble Company) દેશ પર ભયંકર આર્થિક આફત આની પડી. આ આફતમાં શ્રીમંતો પોતાના પૈસાની થી રીતે વ્યવસ્થા કરવી એજ વિચારમાં હતા. ખૂદ ઇગ્લાંડની સરકાર પણ દેશની થતી પાયમાલી જોઇ ગભરાઇ, એ વખતે એક સાધારણ જમીનદાર છતાં મહાન્ અર્થશાસ્ત્રી રોબર્ટ વોલપોલ દેશની વારે ધાયો. વડો પ્રધાન બની પોતાના મધળા પ્રયાસથી તેણે દેશને કેટલેક અંશે , તત્કાળ મુક્ત કર્યો એટલુંજ નહિ પણ એકવીસ વરસના પોતાના ઓહદા દરમ્યાન કાયમને માટે દેશને સારી આર્થિક સ્થિતિમાં મૂકયો.

ઝારશાહી અને મુડીવાદના સંયુક્ત જોખ્મ નીચે કચરાતો રશિયા, આજના રશિયા કરતાં જુદોજ હતો અને એને આજની પરિસ્થિતિમાં લાવનાર પહેલ તેથી એ આગળ વધાવનાર શું કોઇ ધનિક હતો ? નહિ એ હતો મહાત્મા લેનીન (Lenin) જેણે પોતાની વિદ્વત્તાથી દેશમાં ક્રાન્તિ કરી અને કચરાયલી પ્રજાના હૃદયમાં સ્વમાનના અંકુરો ફોડયા. લેનીન ગયો છતાં લેનીનવાદ હજી એના અસ્તિત્વના અને વિદ્વત્તાના કીર્તિસ્તંભ રૂપે આજે પણ રશિયામાં જીવંત છે; અને તેનાથી યુરોપની કોઇ પણ પ્રજા આજે પણ ડરે છે.

અને સીનફીનથી આયર્લેન્ડનો ઉદ્ધાર કરવાનું શરૂ કરી આજે પણ બ્રિટિશ સલ્તનત સામે મોખરે છાતીથી આયર્લેન્ડની પ્રજાના હકોનું રક્ષણ કરવા અને ઉદ્ધાર કરવા અહોનિશ તત્પર રહેનાર એ ડી'વેલેરા; રશિયામાં જે ચૈતન્ય લેનીને પ્રગટાવ્યું તેજ આયર્લેન્ડમાં ડી'વેલેરાએ પ્રગટાવ્યું.

ઉપરાંત રાજ્યના અમલ્ય જુલ્મોથી ત્રાહિ ત્રાહિ કરતી ફ્રાન્સની પ્રજાને ઉગારનાર ન હતો કોઇ ધનવાન, પરંતુ મહાન જાગૃતી જગાડી ફ્રાન્સની રાજ્યક્રાન્તિથી પ્રજાને જુલ્મથી મુક્ત કરનાર એ વિદ્વાન લેખકોની લેખિની હતી. જેના લખાણના પ્રતાપથી ફ્રાન્સની

પ્રજાને પ્રોત્સાહન મળ્યું, અને રાજ્ય સામે બળવો કરી જુલ્મોથી મુક્તિ મેળવી. આ હૃદયપલટાઓ કદી લક્ષ્મીથી થતા નથી એને માટે વિદ્વાનોનીજ જરૂર છે

આજના દિવસ પર નજર કરીશું, તો પરદેશી પ્રજાના અમલમાં પરતંત્રતાની બેડીથી ૧૫૦ વરસથી જકડાયલી હિંદી પ્રજાનો ઉદ્ધાર કરવાનું કોઇ ધનવાને ન આદર્યું. માત્ર એ ચૈતન્ય આજે પ્રગટાવી, તેત્રીસ કરોડની પ્રજાનાં હૃદય પલટાવી પ્રજાને દોરવ કરનાર ભારતી માતાનો પનોતો પુત્ર એક એક મહાન યોગી, પરોઢાના જાગવાસની દિવાસો વચ્ચે જિરાજેલો તેત્રિમ કરોડ હિન્દીઓના પ્રાણરૂપ એ કોણ ? મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી વિદ્વાન માણસ, રાજદ્વારી, સામાજીક અને આધ્યાત્મિક જીવનમા જે આદર્શ પથ દર્શક થઇ છે, તે એ મહાત્માએ દુનિયાની દૃષ્ટિ સામે મૂકયો જે જ્યોત પ્રગટાવવાને સેકડો વરસો લાગે તે ટુંક સમયમાં એણે પ્રગટાવી

જગતને અહિંસાનો પાઠ પઢાવી સત્ય બળથી ગમે તેને પળમાં વશ કરનાર નોકરશાહીના હાથ એણે હેઠા પાડયા છે જગતના તમામ પુરૂષો આજે એનું અપ્રતિમ વ્યકિતત્વ એક મતે કબૂલ કરે છે સાધારણ કટિવસ્ત્ર અજપર વીંટી ગ્રહેનશાહ જેવાની સામે એને બેસતાં જોઈ કયા હિંદીનું હૃદય ન ફુલાય ? અને **વિદ્વાન સર્વત્ર પૂજ્યતે** એ કથનનો સાક્ષાત્કાર સંપૂર્ણપણે અહિ થાય છે

એ પણ ચોકખુ જોઇ શકાય છે, કે જ્યારે સલાહનો કોઇ પણ પ્રસંગ આવે ત્યારે કોઇ ધનિક કામ આવતો નથી. અને છેવટ એ ભારતના ઉદ્ધારક વિના નોકરશાહીના સઘળા પ્રયત્નો નિષ્ફળ જાય છે કારણ કે ધનવાનને દોરનાર વિદ્વાનજ હોય, અને ધનિક જો વિદ્વાનની ઇચ્છા મુજબ દોરાય તો કર્મ નવિન જ કરી શકે છતાં લક્ષ્મી અને સરસ્વતીનાં સ્થાન હંમેશાં જુદાં હોય છે. એટલે ઉભયનો પરસ્પર સુમેલ મુશ્કેલ હોય છે, કેમકે ધનવાન લક્ષ્મીના મદમાં મસ્ત રહે છે, જ્યારે વિદ્વાન વિદ્યાની નમ્રતામા મગ્ન રહે છે

હવે, શાસ્ત્રોનો આશરો લઇએ આપણા ગ્રંથોમાં વિદ્વત્પ્રશંસાના અસંખ્યાત દાખલા ઓ છે, ધનવાન, પ્રશંસાના નથી. જેમકે **विद्या राजसु पूजिता न तु धनम्** ॥ ગમે તેવા શ્રીમંતોને પણ વિદ્વાનના ચરણમાં ઝૂકી પડવુ પડે છે વિદ્યાની મોહની અજબ છે લક્ષ્મીથી પણ જે ધનવાનોને અસાધ્ય છે, તે વિદ્વાનોને પળવારમાં વાણીથી સાધ્ય થઇ પડે છે શ્રીમંતોના ટોળામાં એકજ વિદ્વાન હોય તો હંસ અને બગલાની જેમ તરતજ નજરે દેખાઇ આવે છે લક્ષ્મીને લઇ બાહ્યાડંબરથી પોતાની અધમતા છુપાવવાના શ્રીમંતોના પ્રયાસ તરતજ દેખાઈ આવે છે. જ્યારે **वागू भूषणम् भूषणम्** જોને છે એ વિદ્વાન દરિદ્રિ હોય છતાં એજ ધનિકોને લોહચુમ્બક લોહને આકર્ષે છે, તેમ આકર્ષી લે છે તેથીજ ભર્તૃહરીએ વિદ્વાનોની બાબતમાં કહ્યું છે કે **तान् प्रतिमान मुज्झत नृपा कस्तै सह स्पर्धते** । અને જ્યાં વિદ્વાનો દુઃખી હોય ત્યાંના શ્રીમંતો કેટલા વિદ્વાન હોય એ સ્પષ્ટ દેખાય છે કેમકે વિદ્વાનોની દરિદ્રતા એ શ્રીમંતોનાં અજ્ઞાનપણાની સ્પષ્ટ જાહેર બબર છે

સામાજીક દૃષ્ટિથી વિચાર કરીશું તો સમાજ જીવન હંમેશાં પરસ્પરને ઉપયોગી થઇ પરસ્પર આત્મભોગ આપવાનાં ધોરણ ઉપર રચાયલુ છે. અને એ રીતે ધનવાન અને વિદ્વાન ઉભયમાંથી જે સમાજને વધુ ઉપયોગી થઇ પડે તેજ દેશને વધુ ઉપયોગી છે.

પરસ્પરને ઉપયોગી થવામાંજ સમાજનુ અધારણ મચવાય છે જ્યારે એકજ દેશનો

ગરીબ કે મધ્યમ વર્ગ દુઃખમાં ડુબી ગયો હોય છે, ત્યારે શ્રીમંત વર્ગ લક્ષ્મીના મદમાં તેમના તરફ બેદરકાર રહે છે. (જે સ્થિતિ આજે નજરે દેખાય છે) તેઓ સમાજનું શું ભલું કરી શકે ? અને તેમના તરફથી દેશોદ્ધારની આશા પણ કયાંથી રખાય ? લક્ષ્મીને માથે એ વરદાન છે. સમાજને સાધારણ સ્થિતિમાં ઉપયોગી થઇ પડનાર માણસ ભાગ્યબળે લક્ષ્મી મેળવે તો તરતજ **अन्यः क्षपेन मघवति, विचित्रमेतत्** તરતજ ઉપરોકત ધનિકોના વર્ગમાં જઇ બેસે છે. ધનવાનને ગરીબો જોડે બળી, તેમનાં દુઃખો ફેડતાં તો શું, પણ જાણતાં પણ શરમ આવે છે; અને આ વૃત્તિથી તેઓ દેશહિતનું કશું કાર્ય કરી શકતા નથી. કોઇ માણસને, તે દેશબંધુ હોય છતાં, એ સાત છોકરા ખવરાવી મુલાકાત આપવામાંજ પોતે મોટાઈ માને છે. સામા માણસની પરિસ્થિતિનો એને ખ્યાલ સરખો પણ હોતો નથી. સાચો સમાજસેવક જ સાચો દેશસેવક હોય એવા શ્રીમંતો પણ છે, કે લક્ષ્મીની ઘેલછામા પોતાનો પુત્ર કયે માર્ગે જાય તેની જોને. પીકર. નથી., તો. દેશની. વાતજ કયાં. રહી ?

અને વિદ્વાનને **विद्या ददाति विनयं** ગમે તેટલો વિદ્વાન હોવા છતાં તે પોતાને પોતાના અજ્ઞાનબંધુઓનો સેવક માને છે. તેનામાં એવી સચોટ માન્યતા હોય છે, કે મારા અમુક બંધુઓ કરતાં કુદરતે મને વધુ વિદ્વાન્ બનાવ્યો એ નહિ કે મિથ્યા અહંવાદ, અગર ગર્વ કરવાને માટે, પણ મારાજ પતિત બંધુઓનો ઉદ્ધાર કરવાને માટે. એ વિનય તથા વિવેકબુદ્ધિની મૂર્તિઓને નથી હોતો ગર્વ કે નથી હોતી જગતની ખોટી શરમ. લક્ષ્મી । લાડકવાયાને અને લક્ષ્મીના શત્રુને એ એકજ નજરે જોશે ગરીબ ભિખારી જોડે વાત કરતાં એને શરમ ન આવે, તેતો તેમનાં દુઃખો જાણી ગમે તે પ્રકારે તે દૂર કરવા પ્રયાસ કરશે. તેના જીવનનુ ધ્યેય પળે પળે એજ હોય છે, કે મારા જીવનને હું કેટલે દરજ્જે લોકોપયોગી બનાવી શકું. ગમે તેવા શાન્તિ અગર ક્રાન્તિના સમયમાં તે હમેશાં પરહિતના કાર્યને માટેજ કટિબદ્ધ હોય છે પણ આ બધુ સાચા એટલે વિષયની શરૂઆતમાં જણાવેલા વિદ્વાનજ કરી શકે છે. અને નહિ કે આજે સમાજમાં પદવીધર મનાતા વિશ્વવિદ્યાલયના મહાશયો; જેમાંના ઘણા સાધારણ ઢબના અને સાધારણ જ્ઞાનના પોતાના બંધુઓ જોડે વાત કરવામાં પણ શરમ સમજે છે !

ધનિકો કરતાં વિદ્વાનોનું સ્થાન ઘણા ઉચ્ચ પ્રકારનું છે. સર્વ રીતે વિચાર કરતાં સ્પષ્ટ દેખાય છે કે ધનિકે દેશમાં કંઇ પણ હિતના કામો કર્યા નથી. જો કંઇ કરી શકયા હોય તો તે અપવાદરૂપ જાણવું જોઇએ વિદ્વાનો જીવન પર્યંત પોતાનું સર્વસ્વ દેશને હોમી ગયા છે. અને આજે પણ હોમી. રહ્યા. છે એજ વિદ્વાનો. દેશને ઉદ્ધારી શકે છે. પ્રજાને સમાનતાના પાઠો શીખવી પરસ્પરને ઉપયોગી થતા શીખવે છે. અને તે પ્રજા કાયમને માટે સુખી થાય છે દેશને દોરનાર વિદ્વાન વિના ત્યાંથી શકે તેમ નથી; ભલે ગમે તેટલી સંપત્તિ હોય પણ તે નકામી છે વિદ્વાનની વિદ્યાનું બળ, લક્ષ્મીના બળ કરતા હજારો બલકે લાખો દરજ્જે વધારે છે. લાખોની દોલતથી જે ન થાય તે વિદ્વાનોની કલમ કરી શકે છે, અને સમય આવે મહાન્ સલ્તનતને પણ હતી ન હતી કરી નાખવાની તે શકિત ધરાવે છે

જગતમાં વસ્તુ માત્રને બે બાજુ હોય છે. તે મુજબ ધનિક વર્ગનો બચાવ કરનારાઓ

એવી પણ દલીલો રજુ કરે છે, કે વિદ્વાનોને તમામ પ્રયાસને અંતે લક્ષ્મીની જરૂર પડે છે. આ સત્ય છે. હિંદુ સમાજ કે દેવ હિતનાં કાર્યને માટે અહોનિશ પ્રયાસ કરનાર એક વિદ્વાનને લક્ષ્મીનો સદુપયોગ તેમને કદી સુઝતો નથી, તે તેમને સુઝાડનાર વિદ્વાનોજ છે અને એવાં કોક કાર્યમાં વપરાવવાથી જગતમાં આજે લક્ષ્મીની કંઇ કિંમત હોય તો તે વિદ્વાનોને જ આભારી છે. છતાં ધનિકો ગુઢ દીલથી એવા કોક પણ પ્રયાસને ઉત્તેજન આપે છે એમ માનવુ કેવળ ભૂલભરેલુ છે આજે હિંદુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી જે ક્રાન્તિ કેલાઇ રહી છે, અને જેને અંગે કાર્યકર્તાઓને લાખો રૂપીયાની જરૂર પડી, અને પડે છે, તેમાં પણ મધ્યમ વર્ગના માણસોનો જે હાળો છે તે શ્રીમંતોનો નથી. ઉપરાંત ગરીબ અને મધ્યમ વર્ગનાં માણસો શુદ્ધ અંતઃકરણથી મદદ કરે છે ત્યારે ધનિકો મોટાઇને ખાતર મદદ કરે છે મહા-કષ્ટે બચાવેલાં મર્યાદિત ધનથી સમસ્ત મુલ્કનું આબાદપણું અંગ પરથી ઉતારી આપનાર એક ગરીબ કે મધ્યમ વર્ગના માણસના હૃદયમાં જે રાષ્ટ્ર અને સમાજ હિતની ધગશ હોય છે; તે ધનિકોમાં નથી હોતી અને એવી મદદથી રાષ્ટ્રહિતનાં કાર્ય પાર પડતાં નથી માટે ઉપરોકત દલીલનું અહિં ખંડન થાય છે

લક્ષ્મીથી પણાએ અનર્થો આદિકાળથી થતા આવ્યા છે. સત્તાના લોભીઓ એનો લાંચરૂશ્વતમાં ઉપયોગ કરી પોતાની સત્તા મજબુત બનાવી, પોતાના પ્રતિસ્પર્ધિઓને રબડવામાં અભિમાન લે છે. મોટાઇને ખાતર અથવા ધાર્મિક દંભ બતાવવાને ખાતર સ્થાન કે અસ્થાનનો વિચાર કર્યા સિવાય કષ્ટ જેવા દાનેશ્વરી હોવાનો ડોંગ કરનાર શ્રીમંતો એ દંભ અને મોટાઇમા કોક એવા અમુક બદમાસ વર્ગને ઉત્તેજન આપે છે કે જેથી ધર્મમાં ભેદ સડો પેસી જવા ઉપરાંત કેટલાક ચારિત્યશીલ અને સ્વધર્મ-પ્રેમી નિર્દોષ સ્ત્રી પુરૂષોના નિષ્કલંક ચારિત્યના એ દંભ અને બદમાશીની વેદીઓ ઉપર બલિ-દાન દેવાઇ જાય છે, અને ચારિત્યનો પાયો ડગમગે છે, આમાં અતિશયોકિત જેવુ કશું નથી અને જ્યારે, આવા સગાઓ વધી જાય છે, ત્યારે એ ધર્મપ્રિય નરનારીઓનો ઉદ્ધાર કરવા ખાતર વિદ્વાનો જ, એ ઉદ્ધાર ખાનાર બદમાશોના શત્રુ થઈ તેમની વારે ધાય છે ધનિકોનાં ધનથી ધર્મને નામે ધતીંગ માંડી ધર્મગુરૂઓનાં સ્વાંગ લઇ ચારિત્યહિન ગુરૂઓ શું કરતા ? જેનો એક તાજો દાખલો હાલ મોજુદ છે ભારતનું આ અધઃપતન આ માર્ગમાં થતાં લક્ષ્મીના બળને અને તેનાથી ઐશઆરામ કરતા આવા ગુરૂઓનેજ આભારી છે આવી રીતે લક્ષ્મીનો વ્યય થતો અટકે તો આવા લોભાગુ ગુરૂઓની રોજી જતાં તેઓ જીવનને સાચે પંથે વળે અને સમાજહિત સધવાય.

ઉપરોકત કોટિના જે વિદ્વાનો છે જેમનાં હૃદય ભાવભીનાં હોય છે પારકાનુ દુઃખ પોતાનું જ સમજી તેને મુકત કરવાને સબળા પ્રયાસો તેઓ કરે છે જ્યારે ધનવાનો મોટે ભાગે હૃદયહીન હોય છે. વિદ્વાનો વિદ્યાના બળથી સમાજની ત્રુટીઓ દુર કરે છે અને સમાજનું ચારિત્ય ઘડે છે, જ્યારે ધનિકો અનર્થની વૃદ્ધિ કરે છે વિદ્વાનો નિઃસ્પૃહ હોઇ ગમે તે સમયે ગમે તે કાર્યને માટે તત્પર જ હોય છે, જ્યારે ધનિકો લક્ષ્મીના મોહ પાસમાં જખોબળ હોઇ અન્યના હિતનું કશું કાર્ય કરવાને કોઇ પણ જાતનો ભોગ આપી શકતા નથી એટલે દેશને ઉપયોગી શી રીતે હોઇ શકે ?

છેવટે સમજી જાનતો બાજુ પર મૂકી


ફકત ૧૫ વરસનો ભારતનો ઇતિહાસ આ લેખતાં અત્યારે જે પરિવર્તન નજરે પડે છે, તેનો 'નિષ્પક્ષપાતપણાથી વિચાર કરીશું તો હ્રાસમાંથી દેશને ઘણુ કાંઇ ઉપયોગી છે, તે સ્પષ્ટ દેખાઇ આવશે.

યુગોને અંતે જે પરિવર્તન થાય, એ આવા ટુંક સમયમાં આપણે નેહાળે છીએ. અને ભારતનાં બાળ, યુવાન કે વૃદ્ધોનાં ગુલાબીમાંજ આનંદ માનતા હૃદયોમાં એ નવજીવન રેડનાર કોણ ? કોઈ પણ ધનિક નહિ પરંતુ વિદ્વાનો.

વિદ્વાનો મરતાં પણ પોતાના જ્ઞાનનો અને અનુભવનો વારસો પોતાનાં દેશી બન્ધુઓને આપી જાય છે. સૈકાઓ સુધી એમના આદર્શમય જીવન કંઈના જીવનના અંધકારમાં તેજ પ્રગટાવે છે જેમની જીવનની નૌકા ખરાબે ચઢી ગઇ હોય એવા કંઈ માનવોના એ સુકાની થઇ પડે છે અને જે કાર્ય ક્ષેત્રમાં પોતાના જીવન અર્પણ કરી ગયા હોય, તે પ્રસંગ ઉદ્ભવતાં દેશીઓનાં ગમે તેવા જડ હૃદયમાં પણ અન્ય સોકમાથી ચૈતન્ય પ્રગટાવી તેઓ કાયમને માટે અમરજ રહે છે. અને એ નિર્વિવાદ છે કે એ ઉચ્ચકોટિના વિદ્વાનો દેશને ધનવાન્ કરતાં હજાર દરજ્જે વધુ ઉપયોગી છે.

સ્વીકાર અને પહોંચ

(૧) પૂર્ણિમા, અંક ૧ થી ૫, તંત્રી શ્રી. ચન્દુલાલ ન્યાસ (મધુપ) કણપીઠ, સુરત (૨) કલામન્દિર અંક ૨૦, ૨૧; તંત્રી શ્રી ભાનુપ્રસાદ વ્યાસ, મુંબઇ (૩) સમાજસેવક અંક ૧; તંત્રી શ્રી રણછોડલાલ ધ નની, ધ્રાંગધ્રા. (૪) યુવકઃ માર્ચઃ તંત્રીઃ શ્રી ચુનીલાલ પુ. શાહ કરજણ. (૫) વિચારક અંક ૨, તંત્રીઃ મણિલાલ ન્ર મોદી, વડોદરા. (૬) કમરઃ માર્ચ. તંત્રીઃ મહમ્મદ ઉસમાન સુરતવાળા, સુરત; (૭) શ્રી કચ્છી દશા ઓશવાળ મંડળઃ અંક ૭, તંત્રી પદમશી, દામજી, ખોના, મુંબઇ. (૮) ઔદિચ્ય જ્યોતિ અંક ૫, તંત્રીઃ શ્રી હરગોવિંદ રેવાશંકર મહેતા, વડોદરા. (૯) કચ્છ સમાચાર અંક ૮-૯, તંત્રી લીલાધર ઘા શાહ, મુંબઇ. (૧૦) હિન્દીસન્દેશ અંક ૨-૩. સંપાદક ભીમસેન વિદ્યાલંકાર. બાદોર.



૧૬

બરાબર દસ વાગ્યે જલપા અને દેવીદીન કચેરીએ પહોંચી ગયા. પ્રેક્ષકોની ભીડ થઈ હતી. ઉપરની બેસેરી પણ પ્રેક્ષકોથી ભરાઈ ગઈ હતી. દેવદાહ મેદાન પરસાળમાં અને સામેનાં મેદાનમાં ઉભા હતા. જલપા ઉપર બેસેરીમાં જઈને બેઠી. દેવીદીન પરસાળમાં ઉભો રહ્યો.

ન્યાયાસનમાં જજ સાહેબની બે તરફ બિરસ્તેદાર હતો, અને બીજી બાજુ પોલીસના અમલદારો બેઠા હતા. સામે કોરાની જજર, બન્ને પક્ષના વકીલો ઉભા-રહીને મુકદમો રજુ થવાની રાહ જોઈ રહ્યા હતા. આરોપીઓ-ની બેઠક પાકારથી ઓછી ન હતી. બધા કોરાની બાજુએ જમીન ઉપર બેઠા હતા. મર્દોના હાથમાં હાથકડીઓ હતી, પગમાં બેડીઓ હતી. બેઉ જણા હતા. બેઉ ચૂપ હતા: બેઉ પરસ્પર વાત કરી રહ્યા હતા. બે જણ પણ બાકી રહ્યા હતા. એમાં બેઉ વિષય ઉપર હથાપી થઈ રહી હતી. સર્વ પ્રસન્નચિત્ત હતા. જગરાજ, નિરાશ કે શોકનું ચિહ્ન બેઉના ચહેરા ઉપર ચિન્હ પણ ન હતું.

બરિષ્ટર વાલ્ટર મુકદમો શરૂ થયેલ પહેલાં કાનૂની વાત થઈ; પછી બેઉ જે પોલીસની જુબાનીઓ લેવાઈ. છેવટે લગભગ બપોરવાગ્યે રમાનાથને સાક્ષીઓનાં પાંજરામાં સાક્ષીમાં આવ્યો. પ્રેક્ષકોમાં જલપે મનમનાવી કેવાક્ષ થઈ જોઈ તપાસીની દુકાનપરથી પાન ખાવા ખાતો આવ્યો. બેઉએ વર્તમાનપત્ર વાળીને ખિસ્સામાં રાખ્યું અને સર્વ ન્યાયાસનના ઉમરામાં ઓડા થઈ ગયા.

જલપા પણ સભાગૃહને ઉભી થઈ ગઈ બે વાર રમાનાથની આંખ ઉંચી થઈ અને તે રમાનાથને જુએ એમ જલપા ઇચ્છતી હતી. પરંતુ રમાનાથ આંખ નીચી રાખી રહ્યો હતો જેમ જલપે આમનેપ જોવા કરી રહ્યો ન હોય! તેના ચહેરાનો રંગ ઉડી ગયો હતો, કાંતિ શરમાઈ ગઈ, કાંતિ ઝંખવાઈ ગઈ તે જોતા લોકો હતા કે જલપે બેઉએ તેને ભાંખી રાખ્યો હોય. અને તે ભાંખી જવાની રાહ જોઈ રહ્યો હોય' જલપાનું કલેજું ધક ધક થઈ રહ્યું હતું, જેમ જલપે તેનો આત્મા નિર્બળ થઈ રહ્યો ન હોય!

રમાનાથની જુબાની જ્યારે થઈ પહેલો ઇન્દ્ર સાક્ષાતજિ જલપા જોઈ રહી બીજી વાકયે તેની આંખો ભરે કરી દીધી. ત્રીજા વાકયે તેના ચહેરાનો રંગ ફિક્કો કર દીધો અને ચોથું વાકય ઉચ્ચારતાંજ આખેઆખ તે જોર બાજે એમ આખને પાકળ રાખેલી

ખુરશી ઉપર પડી ગઇ. પરંતુ ફરી તેનું દિલ ન માન્યું. કઠેરા ઉપર નમીને તેણે ફરી તે તરફ કાન ધર્યા. પોલીસે શિખવેલી એજ જુબાની હતી, જેનો આશય તે દેવીદીનને મોઢેથી સાંભળી ચૂકી હતી. અદાલતમાં શાન્તિ જવાબ ગઇ હતી જલપાએ કેટલીક વાર ખુંખારો કર્યો; કદાચ રમાનાથની આંખો ઉપર ઉંચી જાય; પરંતુ રમાનાથનું માથું તો વધુ નીચું નમી ગયું. તેણે જલપાના ખુંખારાનો અવાજ ઓળખ્યો કે આત્મ ગ્લાનિનો ભાવ હૃદય પામ્યો તેની ખબર નથી. તેનો સ્વર પણ કાંઇક ધીમો થઇ ગયો.

જલપાની પાસે બેઠેલી એક સ્ત્રીએ નાક મચકોડી કહ્યું: " મનમાં થાય છે કે આ દુષ્ટને કોઇ ગોળી લગાવી દે આવા આવા સ્વાર્થી પણ આ અભાગી દેશમાં પડયા છે કે જે નોકરી યા થોડાં સરખાં ધનના લોભમાં નિરપરાધીઓના ગળાપર છૂરી ફેરવતાં પણ અચકાતા નથી. "

જલપાએ કાંઇ જવાબ ન આપ્યો.

એક બીજી સ્ત્રી, જેણે આગે ચરમા પહેર્યા હતા, તેણે નિરાશાના ભાવથી કહ્યું; " આ અભાગિયા દેશનો માલેક એક પરમેશ્વર છે. ગવર્નર પદ તો લાલાને મળવાનું નથીને ! બહુ બહુ તો કપાક કારકુન બની જશે. તેને ખાતર પોતાના આત્માની હત્યા કરી રહ્યા છે કોઇ બાહોશ, નીચ માણસ હોય એમ લાગે છે. પહેલા નંબરનો છીછરો અને નીચ લાગે છે. "

ત્રીજી સ્ત્રીએ ચશ્માવાળીને હસીને પૂછ્યું: " માણસ કેશનેબલ છે, અને ભણેલો ગણેલો લાગે છે. બસી, તમને એ સોંપવામાં આવે તો શું કરો ?

ચશ્માવાળી સ્ત્રીએ ઉદ્વડતાથી કહ્યું: " નાક કાપી લઉં, બસ્તનકટો કરીને છોડી દઉં. "

" અને જાણો છો, હું શું કરું ? "

" નહિ ! કદાચ ગોળી મારી દો ! "

" ના ! ગોળી નહિ મારું. બજારમા ખડો કરીને પાંચસો જૂતા મરાઉ. "

" ચટ્ટો પણ લજવાઇ જાય "

" એના ઉપર તને જરા પણ દયા ન આવે ? "

" આ કાંઇ ઓછી દયા છે ? એની પૂરી સજા તો એ છે કે કોઇ ઉંચી પહાડી ઉપરથી તેને નીચે ધકેલી દેવામાં આવે; અને એ મહાશય જો અમેરિકામાં હોત તો એને જીવતો સળગાવી મૂકયો હોત. "

એક વૃદ્ધાએ બીજી યુવતીઓનો તિરસ્કાર કરીને કહ્યું: " નકામી બોલું શું કામ બગાડી રહી છો ? એ ઘૃણાને યોગ્ય નથી, દયાને યોગ્ય છે જોતી નથી ? એનો ચહેરો કેટલો પીળો પડી ગયો છે ? કેમ જાણે કોઇએ એનું ગળુ દબાવી દીધું ન હોય ! પોતાની મા કે બહેનને જુએ તો જરૂર રડી પડે. માણસ દિલનો બુરો નથી પોલીસે ધમકાવીને સિધો કર્યો છે એક એક શબ્દ તેનું હૃદય ચીરી ચીરીને નિકળી રહ્યો છે, તેની ખબર પડે છે ? "

ચશ્માવાળી સ્ત્રીએ વ્યંગ કર્યો: " જ્યારે પગમાં કાંટા વાગે છે ત્યારે આહ નીકળે છે... "

જલપા હવે ત્યાં રોકાઇ ન શકી. એક એક વાત ચીનગારીની માફક તેના દીલ ઉપર ફેંકાતા પાડી રહી હતી. તેના મનમાં એમ થતું હતું કે આજ વખતે ઉઠીને કહી દે કે આ મહાશય તદ્દન જુઠુ બોલી રહ્યા છે તદ્દન જુઠું; અને એજ વખતે એની સાખીતી પણ આપી દે. એ આવેશને તે પૂરેપૂરાં બળથી દબાવી રહી હતી. તેનું મન પોતાની કાયરતા ઉપર તેને ધીક્કારી રહ્યું હતું, આ વખતે બધોય વૃત્તાન્ત તે કેમ કહી ન સંભળાવે ? પોલીસ તેની દુશ્મન બની

જાય ? ભલે થાય. અદાલતને પણ કંઈક તો ખ્યાલ આવશે ! કોણ જાણે, આ ગરીબોના જીવન જેવી પણ જાય ! જનતાને તો માતમ પડી જાય કે આ જુલ્મી જુલ્માની છે. તેના મોઢામાંથી એકવાર અવાજ નીકળતો નીકળતો રહી ગયો. પરિણામના ભયે તેની જબાન પકડી લીધી.

છેવટે, તેણે ત્યાંથી ઊઠીને ચાલી જવા-માંજ કુશળતા સમજી

તેને ઊભરતી જોઈને દેવીદીન પરસાળમાં ચાલ્યો આવ્યો અને દયાથી ભરેલા સ્વરે બોલ્યો " કેમ ખરે જબુ છે વહુજી ! "

જાલપાએ આંસુઓનો વેગ રોકીને કહ્યું " ના; અહીં હવે નહિ જેવી મહાવ. "

દરવાજામાંથી બહાર નીકળીને જાલપાને ચાન્ત્વના આપવાના ઇરાદાથી દેવીદીને કહ્યું " પોલીસે જેને એકવાર મુઠ્ઠી મુબાડી દીધી, તેના ઉપર બીજા કોઇ ચીજની અસર થતી નથી "

જાલપાએ પૃચ્છા-ભાવથી કહ્યું: " એ શબ્દ બાપલાઓ મારે બે. "

થોડી વાર સુધી બન્ને ચૂપચાપ ચાલતા રહ્યા. પછી જાલપાએ કહ્યું " કુ દાદા, હવે બીજે ક્યાંય અપીલ નહિ થાય ? કોરીઓનો અહીં જ ફેસલો થઈ જશે ! "

દેવીદીન આ પ્રશ્નનો આશય સમજી ગયો તે બોલ્યો " નહિ, હાઇકોર્ટમાં અપીલ થઈ શકે છે. "

પછી, વળી થોડી વાર સુધી બન્ને મૂક ચાપ ચાલતા રહ્યા. જાલપા ઊંડા વિચારની ભાવામાં ડુબી રહી ગઈ અને બોલી " દાદા, મારા મનમા થાય છે કે આજે જજ સાહેબને મળીને બધીય વાતચીત કરી લઉ. આ-ખાતરી જે બન્યું છે તે બધું કહી સંભળાવું કુ માની તો આપી દઈએ, ત્યારે તો માનશે'

દેવીદીને આંખો કાઢીને કહ્યું ' જજ સાહેબને ? "

જાલપાએ તેની આંખોમાં આંખો મિલા વીને કહ્યું " હા ! "

દેવીદીને વિચારમાં પડી જઈ કહ્યું " એ સંબંધમાં કુ કંઈ નહિ કહી શકું, વહુજી ! અમલદારોનું કામ, કોણ જાણે પાસો અવળો પડે કે સવળો ! "

જાલપા બોલી " કુ તે પોલીસને એમ નહિ કહી શકે કે તમારી જુબાની બનાવટી કરેલી છે, જુઠ્ઠી છે ! "

" કહી તો શકે છે. "

" જો આજ કું તેમને મળું ! તે ખરા તો શકે ને ! "

" ચાલો, પ્રયત્ન કરીએ પરતુ આમ-આમાં જોખમ છે "

' કુ જોખમ, કહો જોઉ ! "

" બાજ ઉપર કંઈ જુની સાટી આપ વાનો આરોપ મુકીને મામલ કરી રે તો ! "

" તો કંઈ નહિ. જે જેવું કરે તે તેવુ પામે "

દેવીદીન તો જાલપાની આ નિર્ભયતા પર ચકિત થઈ ગયો અને તેણે કહ્યું: " એક બીજો વળિ છે મોટો વધુ કર તેનો છે "

જાલપાએ ઉદ્વેગ બતાવી પૂછ્યું " તે શો ! "

દેવીદીન: " પોલીસવાળા બધા કાર દોષ છે કોઈનું પણ અપમાન કરી નાખવુ એ તેમને મન સહજ વાત છે જજ સાહેબ, પોલીસ કમીશનરને ખોટાદોને આ અપીલ બીના ખબર કહેશે કમીશનરને લાગશે કે આ બધી એક બનાવટી રચી છે એને સિર-કાર કરી મેલ જજ અપીલ દોષ તો નિર્દોષ બધને પોલીસનો સામનો કરે, પરતુ આપણા બાજુમા તો આપ, મુકદમામાં કુ કરતાં પણ કરે છે કે અમારા ઉપર કેવાક જાજ-

કતાનો આરોપ મૂકવામાં નહિ આવે ! આમ વાત છે જજ સાહેબ પોલીસ કમીશ્નરને જરૂર કહી સંભળાવશે. પછી કોઈ મુકદમો ખેંચી લેવામાં આવે એમ તો નહિ થઇ શકે. એટલુ બનશે કે બેદ ન ખુલવા પામે કોણ જાણે તને ગિરફતાર કરી લે. જ્યારે કોઇ જુબાની બદલાવા માંડે છે, આ બેદ બોલવા તૈયાર થઇ જાય છે ત્યારે પોલીસવાળા તેના ઘરવાળાને દબાવે છે. એની માયા અપરમ્પાર છે. "

જલપા કંપી ઉઠી. પોતાની ગિરફતારીનો તેને કોઇ ભય ન હતો. પરતુ પોલીસવાળા રમાનાથ ઉપર કોઈ અત્યાચાર તો ન કરે ! એ ભયે તેને કાયર બનાવી દીધી. તેજ સમયે તેને એટલો બધો થાક લાગ્યો કે જાણે કેમ સેકડો ગાઉની મુસાફરી કરીને આવી ન હોય ! તેનુ બધુંય સત્સાહસ, બરફની જેમ પીગળી ગયુ.

થોડે વધુ દૂર ચાલ્યા બાદ, તેણે દેવીદીનને પૂછ્યું: " હવે એમની મુલાકાત નહિ થઇ શકે ? "

દેવીદીને પૂછ્યુ: " ભાઇની ! "

" હા ! "

" કોઇ રીતે નહિ પહેરો વધુ સખ્ત કરી દીધો હશે. કદાચ એ બગલો પણ છોડી દીધો હશે. અને હવે તેમની મુલાકાત થઇ જાય તો પણ શો ફાયદો ? હવે તે કોઇ રીતે પોતાનુ જ્ઞાન નહિ બદલી શકે પોલીસની ચુડમાં ફસાઇ જશે "

થોડે વધુ દૂર જઇને જલપાએ કહ્યું. " ઘરે ચાલી જાઉ, એમ વિચાર કરૂ છુ. હવે અહીં રહીને પણ શુ કરીશ ? "

દેવીદીને કરૂણાભરેલી આંખોએ જોઇને કહ્યું " નહિ, બહૂ ! હવે હું નહિ જવા દઉ તારા વિના હવે અમારો જીવ અહીં એક પળભર પણ નહિ લાગે બુરી તો રહી રહીને પ્રાણજ આપી દેશે. હાલમાં અહીં રહે. જો તો ખરી, શો ફેંસલો આવે છે ! ભાઇને હું આટલાં બધાં કાર્યા દિલનો માણસ સમજતો ન હતો. તમારા લોકોમાં બધા નોકરીને ખાતર જન આપવા તૈયાર થઇ જાય છે. મને કોઇ સો રૂપીયા આપે તો પણ હુ નોકરી નહિ કરૂ. પોતાના રોજગારની તો વાતજ જુદી છે. એમાં માણસ કદિ થાકતો નથી નોકરીમાં જ્યા પાંચથો છ વાગ્યા કે દેહ તૂટવા લાગે છે, બગાસાં આવવા લાગે છે "

રસ્તામા બીજી કોઇ વાતચીત ન થઈ જલપાનું મન પોતાની હાર માનવા માટે કોઇપણ રીતે રાજી થતુ ન હતું. તે પરાસ્ત થઇને પણ પ્રેક્ષકની જેમ એ અભિનય જોઇને સંતુષ્ટ થઇ શકતી ન હતી. તે એ અભિનયમાં સમ્મિલિત થવા અને પોતાનો ભાગ ભજવવા માટે વિકળ થઇ રહી હતી. શુ એકવાર ફરી રમાનાથની મુલાકાત નહિ થાય ? તેના હૃદયમાં એ સાગતા શબ્દોનો એક સાગર ઉભરાઇ રહ્યો હતો; જે તે રમાનાથ ને કહેવા ઇચ્છતી હતી. તેને રમાનાથ ઉપર જરા પણ દયા આવતી ન હતી. તેના તરફ એક રતિભાર પણ સહાનુભૂતિ થતી ન હતી તે રમાનાથને કહેવા ઇચ્છતી હતી કે " તમારૂ ધન અને વૈભવ તમને મુબારક હો ! જલપા એને પગથી ઠોકર મારે છે. તમારા ખૂનથી રંગાયેલા હાથોના સ્પર્શથી મારા દેહમાં છાલાં પડી જશે. જેણે ધન અને પદને ખાતર પોતાનો આત્મા વેચી દીધો, તેને હું મનુષ્ય નથી સમજતી. તમે મનુષ્ય નથી, તમે પશુ પણ નથી, તમે કાયર છો, કાયર ! "

જલપાનું મુખ મડળ તેજમય થઇ ગયું. ગર્વથી તેની ગર્દન ઝુકી ગઇ. તે કદાચ એમ સમજતા હશે કે, જલપા જે

વાળાના અવાજ તરફ કાન લગાવી બેઠી હતી. કેમ જાણે આજે તેનું ભાગ્ય નિર્માણ થવાનો દિવસ ન હોય ! એટલામા દેવીદીને પત્ર લાવીને સામે મૂકી દીધુ. જલપા પત્ર ઉપર તૂટી પડી; અને ચુકાદો વાંચવા લાગી ફેંસલો શો હતો ? એક કલ્પિત કહાણી હતી:. જેનો મુખ્ય નાયક રમાનાથ હતો. જજે વારંવાર તેની પ્રશંસા કરી હતી, સારોય અભિયોગ તેનાજ ધ્યાન ઉપર અવલંબિત હતો

દેવીદીને પૂછયુ 'ફેંસલો છપાયો છે ?"

જલપાએ પત્ર વાંચતાં કહ્યુ: " હા, છપાયો તો છે ! "

" કોને સજા થઇ ? "

" કોઇ નહિ છૂટયુ ! એકને તો ફાસીની સજા થઇ. બાકીને દશ દશ વર્ષ, અને આઠને પાંચ પાંચ વર્ષ. બેલા દિનેશને ફાંસીની સજા થઇ "

એટલું કહીને તેણે સમાચારપત્ર મૂકી દીધુ અને એક લાંબો નિ:સાસો નાખીને તે બોલી: " એ બિચારાઓના બાલબચ્ચાંના કોણ જાણે શા હાલ થશે ! "

દેવીદીને તત્પરતાથી કહ્યુ: " તેં જે દિવસે મને કહ્યુ હતુ તેજ દિવસથી હું એ સર્વનો પત્તો મેળવી રહ્યો છું. આઠ જણના તો હજી સુધી લગ્નજ થયાં નથી; અને તેમના ઘરવાળા બધા મજામાં છે તેમને કોઈ વાતની તકલીફ નથી પાંચ જણના લગ્ન થઇ ગયાં છે; પરંતુ ઘરના ઠીક છે. કોઇને ઘેર ઘરનો ધંધો છે, કોઇ જમીનદાર છે કે બાપ કાકા નોકર છે. મે કેટલાય માણસોને પૂછયુ. અહીં કોઇક દંડ પણ એકઠું કરવામાં આવ્યું છે. જો તેઓના ઘરવાળા લેવા ઇચ્છશે તો આપવામાં આવશે માત્ર દિનેશ દુ:ખી છે. તેને બે નાના નાનાં બચ્ચાં છે, બુઢ્ઢી મા છે, અને પત્ની છે. અહીં કોઇક શાળામાં શિક્ષક હતો. એક મકાન આડે લઇને રહેતો હતો. તેની બરાબરી છે. "

જલપાએ પૂછયું: " તેના ઘરનો કાંઇ પત્તો લગાવી શકો એમ છો ? "

" હા, એનો પત્તો લગાવવામાં શી મુશ્કેલી છે ! "

જલપાએ યાચનાભાવથી કહ્યું: " તો કયારે જશો ? હું પણ તમારી સાથે આવીશ. હજી તો વખત છે. ચાલો, જરા જોઇએ. "

દેવીદીને કહ્યું: " પહેલાં હું તો જોઉ ? આ રીતે મારી સાથે આમ તેમ કયાં દોડતી ફરશે ? "

જલપાએ મનને દબાવી લાચારીથી માથું નીચુ નમાવી લીધું. તે કાંઇપણ ન બોલી.

દેવીદીન ચાલ્યો ગયો. જલપા ફરી વર્તમાનપત્ર જોવા લાગી, પરંતુ તેનું ધ્યાન દિનેશ તરફ લાગી રહ્યું હતું. બિચારાને ફાંસી મળશે ! જે વખતે તેણે ફાંસીનો હુકમ સાંભળ્યો હશે, તે વખતે બિચારાની શી દશા થઇ હશે ? તેની બુઢ્ઢી મા અને બી એ બબ્બર સાંભળીને છાતી પીટવા લાગી હશે; બિચારો હતો પણ શિક્ષક, મુશ્કેલીથી ગુજરાન ચાલતું હશે. બીજો શો સહારો હશે ! તેની વિપત્તિની કલ્પના કરતાં તેને રમાનાથ પ્રત્યે એવી ઉત્તેજના—પૂર્ણ ઘૃણા થઇ કે તે ઉદાસીન ન રહી શકી તેના મનમાં એવો ઉદ્વેગ થયો કે જો આ વખતે રમાનાથ આવી જાય તો તેને એવો ધિક્કાર કે તે પણ યાદ કરે, તમે મનુષ્ય છો ? કહિ નહિ તમે મનુષ્યના રૂપમાં રાક્ષસ છો, રાક્ષસ ! તમે એટલા નીચ છો કે તે પ્રકટ કરવાને માટે કોઇ શબ્દ નથી તમે એટલા નીચા છો કે આજે હલકામાં હલકો માણસ પણ તમારા ઉપર થૂકી રહ્યો છે. તમને કોઇએ પહેલાંજ કેમ મારી ન નાખ્યા ! આ માણસોના

જાત તો જતે જ: પણ તમારા મુખ ઉપર તો કલંક ન લાગત ! તમારૂં આટલું પતન થયું કેવી રીતે ! જેનો પિતા આટલો સાચ્ચો આટલો પ્રમાનદાર હોય, તે આટલો લોભી, આટલો ડાઘર !

સાંજ પડી ગઇ પણ દેવીદીન આવ્યો નહિ. જલપા વારંવાર બારી આગળ ઉભી રહી આમ તેમ જોતી હતી, પરંતુ દેવીદીનનો કંઇ પત્તો લાગતો ન હતો ધીરે ધીરે આઠ વાગી ગયા પણ દેવીદીન પાછો ન ફર્યો. એટલામાં એક મોટર બારણા પર આવીને થોભી અને રમાનાથે ઉતરી જગ્ગોને પૂછયું " બધા ખુશી આનદમાં છો ને દાદી ! દાદા, કયા ગયા છે ! "

જગ્ગોએ એકવાર તેના તરફ જોયું અને મોઢું ફેરવી લીધુ. તે માત્ર એટલુજ બોલી " કર્યાક ગયા હશે, હું નથી જાણતી. "

રમાનાથે સોનાની ચાર ચુડીઓ ખિસ્સામાંથી કાઢીને જગ્ગોના પગ આગળ મૂકી દીધી અને તે બોલ્યો: " આ તમારે માટે લાવ્યો છું, દાદી ! પહેરો, મારી તો નથી ને ! જગ્ગોએ ચુડીઓ ઉઠાવીને જમીન પર પટકી દીધી અને આંખો કાઢીને બોલી " જ્યાં આટલુ પાપ સમાઇ શકે છે, ત્યાં ચાર ચુડીની જગા નથી ! ભગવાનની દયાથી ઘણી ચુડીઓ પહેરી ચૂકી અને અત્યારે પણ શેર બશેર સોનું પડયુ હશે પરતુ જે આવ્યું, પહેર્યું, તે પોતાની મહેનતની કમાઇથી કોઇનું ઝૂંટી નથી લાવ્યું. પાપની પોટલી માથા ઉપર નથી લાદી, ખાનત નથી ભગાડી તારા જેવા કપૂતને જન્મ આપનારી કૂખમાં આગ લાગે ! આ પાપની કમાઇ લઇને તુ વહુને આપવા આવ્યો હશે ! તુ સમજતો હશે કે તારા રૂપીયાની થેલી જોઇને વેવ ઘટ્ટ બની જશે. આટલા દિવસ તેની સાથે રહીને પણ તારી લોભી આંખ તેને ન ઓળખી ચકી. તારા જેવો રાક્ષસ એ દેવીને લાયક ન હતો જો તારી કુશળતા ઇચ્છતો હોય તો જ્યાંથી આવ્યો ત્યાં પાછો ચાલ્યો જા તેની સામે જઇને શા માટે તારૂં પાણી ઉતરાવે ! તુ આજે પોલીસને હાથે જખમી થઇને, માર ખાઇને આવ્યો હોત, તને સજા થઇ ગઇ હોત, તને જેલમાં નાખવામાં આવ્યો હોત, તો વહુ તારી પૂજા કરત, તારા ચરણ ધોઇ ધોઇને પીત તે એવી ઔલાદમાની છે, જે ચાહે મજુરી કરે, ઉપવાસ કરે, ફાટેલાં ચીથરાં પહેરે, પરતુ કોઇની બુરાઇ થાય તે નહિ જોઇ શકે જો તુ મારો પુત્ર હોત તો હુ તને ઝેર દઇ દેત. શા માટે ઉભો રહીને મને બાળી રહ્યો છે ! ચાલ્યો કેમ નથી જતો ! મે તારી પાસે ' કાંઇ લઇ તો નથી લીધુ ને ! "

રમાનાથ માથુ નીચુ રાખીને ચૂપચાપ સાંભળી રહ્યો પછી, આહત સ્વરે તે બોલ્યો " દાદી, મે બુરાઇ કરી છે અને તેને માટે મરતાં સુધી લજ્જિત રહીશ પરતુ તમે મને જેટલો નીચ સમજી રહ્યાં છો તેટલો નીચ હુ નથી જો તમને ખબર હોત કે પોલીસે મારી સાથે કેવી કેવી સખ્તાઇ કરી છે, મને કેવી કેવી ધમકીઓ આપી છે, તો તમે મને રાક્ષસ નહિ કહી શકત "

જલપાના કાનોમાં આ અવાજનો પડઘો પડયો. તેણે માથુ ઉપરથી નમાવીને જોયુ. રમાનાથ ઉભો હતો માથા ઉપર જનારસી રેશમી સાફો હતો; રેશમી કોટ પહેર્યો હતો, આંખો ઉપર સોનેરી ફ્રેમવાળા ચશ્મા હતા. આ બેજ મહિનામાં તેનુ શરીર ઉભરાઇ ગયું થઇ ગયું હતું, રંગ પણ જરા વધુ ગોરો થયો હતો. આવી કાન્તિ તેના ચહેરા ઉપર કદિ દેખાઇ ન હતી તેના અંતિમ શબ્દો જલપાને કાને પડી ગયા; એટલે બાજની માફક તૂટી પડીને ધમધમ કરતી તે નીચે

આવી અને કાતિલ નેત્રબાણોનો તેના ઉપર પ્રહાર કરતી બોલી: " જો તમે સખ્તાઇ અને ધમકીઓથી આટલા દબાઇ શકતા હો તો તમે કાયર છો. તમને પોતાને મનુષ્ય કહેવાનો કાંઇ અધિકાર નથી શી સખ્તાઇઓ કરી હતી ? જરા સાભળું તો ખરી ! લોકોએ તો હસતાં હસતાં માથાં કપાવ્યાં છે; પોતાના બેટાઓને મરતા જોયા છે, કાલુમાં પિલાઇ જવાનું મંજુર કર્યું છે પરંતુ સચ્ચાઇથી એક પળભાર પણ તેઓ હટયા નથી. તમે પણ માણસ છો; તમે કેમ ધમકીઓમાં સપડાઇ ગયા ! છાતી બોલીને કેમ ખડા નહિ થઇ ગયા કે આને ગોળીનું નિશાન બનાવી લો, પરંતુ હું જુઠું નહિ બોલુ. માથું કેમ ઝુકાવી ન દીધું ? દેહની અંદર આત્મા એટલા ખાતર રાખ્યો છે કે દેહ તેની રક્ષા કરે. એટલા ખાતર નહિ કે તેનો સર્વનાશ કરી દે એ પાપનો શો પુરસ્કાર મળશે ! જરા કહો તો ખરા !"

રમાનાથે દબાયલા અવાજે કહ્યું " હજી તો કાંઇ નથી મળ્યું "

જલપાએ સર્પિણીની માફક ફુંફાડો મારીને કહ્યું: " એ સાભળીને મને ઘણી ખુશી થઇ. ઇશ્વર કરે ને, તમને મોટે કલંક વહોર્યા છતાં પણ કાંઇ ન મળે મારી આ સચ્ચાં દિલની પ્રાર્થના છે; પરંતુ નહિ, તમારા જેવા મોભાનાં પૂતળાને પોલીસ કદિ નારાજ નથી કરવાની. તમને કાંઇ જગા મળશે, અને કદાચ સારી જગા મળશે, પરતુ જે જાળમાં તમે ફસાયા છો, તેમાંથી તમે નહિ નીકળો સોંસા તમારા ભાગ્યમા જૂઠી જુબાની આપવાનુ, જુઠો મુકદમો બનાવવાનું અને પાપનો વ્યાપાર કરવાનુ જ લખ્યુ છે જાઓ. શોખથી જીંદગીનુ સુખ લૂંટો મે તમને પહેલાં કહી દીધુ હતુ અને આજે ફરી કહું છું કે મારે તમારી સાથે કાંઇ સંબંધ નથી. મેં સમજી લીધુ છે કે તમે મરી ગયા; તમે પણ સમજી લો કે હું મરી ગઇ. બસ જાઓ; હું બી છું; છતાં જો કોઇ ધમકાવીને મારી પાસે પાપ કરાવવા ચાહે તો, કદાચ, તેને મારી ન શકું, પણ મારી પોતાની ગર્દન પર છરી ચલાવી દઉ. શું તમારામાં એટલી પણ હિંમત નથી ?"

રમાનાથે, ભિક્ષુકની માફક ગળગળા થઇ જઇને કહ્યું: " તું મારૂ કાંઇ કહેવું નહિ સાભળે ? "

જલપાએ અભિમાનથી કહ્યું: " નહિ !"

" તો હું મોઢું કાળું કરી કયાંક ચાલી જાઉં ? "

" તમારી ખુશી ! "

" તું મને ક્ષમા નહિ આપે ! "

" કદિ નહિ; કોઇ રીતે નહિ. " ..

રમાનાથ એક ક્ષણ માથું ઝુકાવી ઉભો રહ્યો પછી ધીમે ધીમે નીચે જઇને જગ્ગોને કહ્યું. " દાદી, દાદા આવે તો કહી દેજો કે મને થોડી વાર રહીને મળે. જયાં કહેશો ત્યાં આવી જાઉં ? "

જગ્ગોએ કોંધિકે પિત્રળીને કહ્યું: " કામે અહીં આવજો. "

રમાનાથે મોટરમાં બેસતાં બેસતાં કહ્યું " અહીં હવે નહિ આવુ, દાદી ! "

મોટર ચાલી ગઇ, એટલે જલપાએ કુત્સિત ભાવથી કહ્યું: " મોટર દેખાડવાને આવ્યા હતા ! કેમ જાણે ખરીદી લાવ્યા ન હોય ! "

જગ્ગોએ ભર્ત્સના કરી. " તારે આટલા બેલગામ થવું જોઇતું ન હતું, બહૂ ! દિલ ઉપર ચોટ લાગે છે ત્યારે માણસને કાંઇ સૂઝતુ નથી. "

જલપાએ નિષ્ઠુરતાથી કહ્યું: " જેવા

હૈયાંવાળા નથી હાદી ! એજ સુખને લીધે તો આત્મા વેચ્યો તેનાથી એ સુખ કેમ ઊડ્યુ જશે ! પૂછ્યું નહિ, દાદાને મળીને શુ કરશે ? તે હોત તો એવો દટકાર મલ્હારવતે કે છઠ્ઠીનું દૂધ પણ યાદ આવી જાત "

જગ્ગોએ તિરસ્કારથી કહ્યુ. " તારી જગાએ હું હોત, વહુ, તો મારા મુખમાંથી એવી વાતો ન નિકળત. તારૂ હૈયું ઘણું કઠોર છે. બીજો ભઈ હોત તો આવી રીતે ચૂપચાપ સાંભળત ? હું તો થરથર કંપી રહી હતી કે કયારે તારા ઉપર હાથ ન ચલાવી દે. પણ છે તો પણો ગમખોર ! "

જલપાએ ઓટલીજ નિષ્ઠુરતાથી કહ્યુ " એને ગમખોરી નહિ કહેવાય હાદી, એ તો હૃદયહીનતા છે. "

દેવીદીને આવીને કહ્યું: " શુ અહી ભાઇ આવ્યો હતો ? મેં બોટરમાં રસ્તામાં જોયો. "

જગ્ગોએ કહ્યું: " હા, આવ્યો તો હતો. કહી ગયો છે કે દાદા મને જરા મળી લે "

દેવીદીને ઉદાસીન થઇને કહ્યું " મળી લઇશ. અહી કંઇ વાતચીત થઇ ? "

જગ્ગોએ પસ્તાતા કહ્યુ, " વાતચીત શું થઇ ? પહેલા મે ખૂબ કરી, હું ચૂપ થઇ એટલે વહુએ સારી રીતે કુલભાગા વહાવી ! "

જલપાએ મ્હ નીચુ કરીને કહ્યું: " માણસ જેવું કરશે એવુ ભોગવશે. "

જગ્ગો " પોતાનાં સમજીને તો મળવા આવ્યો હતો "

જલપા " કોઇ બોલાવવા તો ન હતું ગયુ ! દિનેશનો કાંઇ પત્તો લાગ્યો, દાદા ? "

દેવીદીન " હા, બધું પૂછી આવ્યો. દાવરામાં ઘર છે; પત્તો-ઠેકાણું બધી ખબર પડી ગઇ. "

જલપાએ ડરતાં ડરતાં કહ્યુ " આ વખતે જઇશું કે કાલ કોઇ વખતે ? "

દેવીદીન " જેવી તારી મરજી મરજી હોય તો અત્યારે ચાલ: હું તૈયાર છુ "

જલપા: " થાકી ગયા હશો ! "

દેવીદીન. " આવાં કામોમાં થાક નથી લાગતો, બેટી ! "

આઠ વાગી ગયા હતા, સડકપર મોટરો ની હાર બડકાઇ ગઇ હતી. સડકની બન્ને બાજુએ હજારો સ્ત્રી પુરૂષ બની ઠની ને હસતા બોલતા ચાલ્યા જતાં હતાં. જલપાને લાગ્યુ કે દુનીયા કેવી પોતાના રાગરંગમાં મસ્ત છે ! તેને માટે જેને મરવું હોય તે મરે. તે પોતાની ટેવ નહિ છોડે. દરેક જણ પોતાનાં નાનાં મરખાં માટીનાં ઘર બનાવીને બેઠા છે કોઇ વધી જાય, તેની તેમને પરવા નથી. તેનુ ઘર બચેલું રહે ! તેમના સ્વાર્થમાં હરકત ન પડે તેનુ ભોળુ ભાલુ હૃદય, અન્દર બધ હોત તો, બધા માણસો શીકથી માપુ નમાવી આંખોથી ઉન્મત્ત જેવા નજરે પડત તો, બધાના ચહેરા અંતરમાં સળગી રહેલી જ્વાળાથી લાલ હોત તો, તે જોઇ ખુશી થાત. તે જાણતી ન હતી કે આ જનસાગરમાં આવી નાની નાની કાંકરીઓ ભરી પડવાથી કોઇ હલકારો મરખો થતો નથી, અવાજ સરખો પણ આવતો નથી. (અપૂર્ણ)



સૌ. લેડી ધનવંતા મહેતા

વડોદરામાં શ્રી ચીમનાબાઇ

સમાજને પોતાની માલકીનું મકાન ન હોવાથી જાહેર પ્રવૃત્તિમાં હરહંમેશ નડતી મુશીબત ધ્યાનમાં લઇ પોતાનું એક મકાન વસાવવાના ઇરાદાથી મકાન ફંડ શરૂ કરી તેના લાભાર્થે ફેબ્રુઆરીની ૨૬ મી તારીખે જાહેર પ્રજા માટે તથા ૩ જી માર્ચે શ્રીમંત રાજ્યકુટુંબ અને આમંત્રિત ખાસ મંડળી માટે કોન્સર્ટનો કાર્યક્રમ ધી લક્ષ્મી પ્રતાપ થીએટરમાં શ્રી ચીમનાબાઇ સ્ત્રી સમાજ તરફથી રાખવામાં આવ્યો હતો. તા. ૨૬મીની આવકમાંથી બન્ને વખતનું ખર્ચ જતાં રૂ. ૧૯૦૦) નો વધારો રહી શકયો છે. આ સમાજનાં સ્થાપકો અને શુભેચ્છકો શ્રી. સૌ ધનવંતાબહેન મનુભાઇ મહેતાએ ખાસ બીકાનેરથી અને શ્રી. સૌ. ચારદાબહેન સુમંત મહેતાએ ખાસ અમદાવાદથી આવીને સહાનુભૂતિ બતાવી, સમાજને પ્રોત્સાહન આપ્યું હતું.

કોન્સર્ટમાં સુશીક્ષિત ગુજરાતી અને પારસી બહેનો તેમજ કુ. હમીદા તૈયબજી અને મીસીસ ઘોરાટે ખૂબ સુંદર કામ કર્યું હતું.

મુરીવાદીઓના હાથે હડધુત થતા મજુરો અને બીખારણોનાં ૭ દશ્યો પ્રેક્ષકને બે ઘડી ગમગીન બનાવી આંખમાંથી આંસુ પડાવે તેવાં હતાં આ દશ્યની કરુણ તેના લેખક કોલેજના વિદ્યાર્થી શ્રી હર્ષદરાય મહેતા અને કુ વિદ્યુલત્તા મહેતાનાં અદભુત અને આત્મા અભિનયને આભારી હતી. કુ વત્સલા જુચની ચટણી અને ચોટલીએ હાસ્યરસથી થીએટરમાં આનંદ અને કીલકીલાટ રેલાવી મૂક્યો હતો. આ ઉપરાંત સ્થીવહન કામદહન અને હોરી ખેલનનાં મૂક દશ્યો એ આખા કોન્સર્ટનો આકર્ષક કાર્યક્રમ હતો મીસીસ વખારીઆના કરુણભંદ જળતરંગથી આકર્ષાઇને શ્રી૦ મહારાજા સાહેબે તાલીમ કયાં લીધી હતી તેની જીજ્ઞાસાપૂર્વક પૂછપરછ કરી હતી. સંગીતમાં કુ. હેમલતા, કુ. વિદ્યુલતા અને કુ પરવીઝ કોન્ડ્રાકટરનાં છુટાં સંગીત અને બે ગરબા અતિ સુંદર હતા. એકદરે આ કાર્યક્રમ ઘણી કરુણભંદીથી પાર પડયો હતો

સમાજનાં પ્રમુખ સૌ. સમજુબા ગોવિંદભાઇ દેસાઇએ સમાજની સ્થાપના, મકાનની જરૂર, રૌપ્ય મહોત્સવ પ્રસંગે મકાન માટે ફંડ શરૂ થાય તો મદદ કરવાની શ્રીમંત મહારાજા સાહેબે આપેલા વચનની યાદ વગેરે હકીકત કહી મીનું સ્વાગત કર્યું હતું અને સેક્રેટરી સૌ. અનંતિબાબહેન રવીશંકર આચાર્યે રમત ગમતો, ક્રિકેટવર્ગો,

સ્ત્રીસમાજ તરફથી કોન્સર્ટ



શ્રી સૌ માનુથી મહારાણી ચીમનાબાઇ

ઓ ઉપયોગી વિષયોમાં કરેલી અને કરવા ધારેની પ્રવૃત્તિઓ વગેરેનો ખ્યાલ આપનારૂ નિવેદન રજુ કર્યું હતું.

શ્રીમંત સૌ. મહારાણી સાહેબાએ શ્રીમંત મહારાજા સાહેબે ૧૯૦૪ માં સ્ત્રીઓને બહાર પડવાની હાકલ કરેલી તેની યાદ આપી હવે સ્ત્રીઓ બહાર પડી, જાહેર કાર્યો કરે છે કલબો સ્થાપી સામાજિક પ્રવૃત્તિઓ ઉપાડે છે વગેરે માટે સંતોષ બતાવી સમાજને મદદ કરવા શ્રીમંત મહારાજા સાહેબને વિનતી કરતાં વિશેષમાં જણાવ્યું કે વડોદરામા પુરૂષો માટે ભવ્ય સયાજી વિહાર કલબ છે તેને માટે સુંદર મકાન અને લખચુટ સાધનો છે, તો સ્ત્રીઓને કેમ નહીં ?

આ પ્રમાણે સૌ વર્માનો આભાર કેસ શ્રીમંત સૌ મહારાણી સાહેબ તરફથી રજુ થયા પછી શ્રીમંત મહારાજા સાહેબે કોન્સર્ટના કાર્યક્રમમાં અભિનય, વસ્તુ રજુ કરવાની કળા અને સ્ટેજ ઉપર વગર સંકોચે બહાર પડવાની હીંમત માટે સંતોષ બતાવી આનંદ પ્રદર્શિત કર્યો હતો અને આ કોન્સર્ટમાં દક્ષણી બહેનોએ પૂરતો લાભ લીધેલો ન હોવાથી તે માટે બધારો કરી બેદમાર ન રાખવા મનને જણાવીને બેવટ મકાન માટે સારી મદદ કરવાનુ આશ્વાસન આપ્યુ હતુ.

સૌ. જયવતી બહેન નરદરીલાલ દેસાઇએ સર્વનો આભાર માની ૧૮ વર્ષની પુખ્ત ઉમરે પહોંચેલી સમાજ હવે ઘરવાળી થયે જેવી આશા પ્રદર્શીત કરી હતી.

બેવટ સૌ શારદાબહેન મહેતાએ શ્રીમંત મહારાજા સાહેબ અને શ્રીમંત સૌ મહારાણી સાહેબનો આભાર માની, સ્ત્રીઓની પ્રવૃત્તિને ઉત્તેજન આપીને ઉત્સાહ રેડવા શ્રીમંતને વિનતી કરી હતી

ઇનામી નિબંધ

(૧) "વિધુર સાથે કન્યા પરણવા ઇચ્છે ?, (૨) ગોકુમ ઉપર કન્યા પરણવા ઇચ્છે ?" એ નામથી અમે તે વિષય ઉપર લખનાર કોઇ પણ ધર્મની ને કોઇ પણ નાતની બેનને દરેક વિષય માટે યોગ્યતાને અનુક્રમે રૂા. ૫, રૂા ૩ અને રૂા. ૨નું ઇનામ આપવામા આવશે. નિબંધ આ માસ આખર સુધીમાં આવવા જોઇએ;

'પાળીદાર' મંદિર
આણંદ

• વિમળાબહેન
મંત્રી, પાળીદાર સ્ત્રિની સમાજ.

ઈનામી પ્રશ્નો

સંપાદક : કુ. યશસ્વિની

નીચેના ત્રણ પ્રશ્નોના જવાબ આપશો !

(૧) નોબેલ ઇનામ મેળવનારી સ્ત્રીલીંગ લેખિકા કોણ ?

(૨) એમી મોલીસન વિષે શું જાણો છો ?

(૩) નવલિકાઓ લખવા માટે રૂા. ૫૦૦ નું ઇનામ મેળવનાર હિન્દી લેખિકા કોણ ?

આ પ્રશ્નોના ઉત્તરો શોધવા માટે કેસુઅારીનું ' ઓ જમત્ ' જોશો. તેમાંથી જ એ ઉત્તરો શોધી ટુંકામાં મુદ્દાસર જવાબ આપવો.

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમા માસિકનાં દરેક ગ્રાહક તેમજ જે બહેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. ગ્રાહકોના કુટુંબની બીજો પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે. (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવો. ગ્રાહક નંબર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના **બીજા મહિનાની આખર તારીખ સુધીમાં** અમને મળે એવી રીતે મોકલી આપવો. (૪) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. કોઈ પણ પ્રવાસ જવાબ કે પરિણામના વ્યાજબી–ગેરવ્યાજબીપણા વિષે વધુ લખી શકાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે. (૬) હરિફાઇના જવાબ માટે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો

જાન્યુઆરી માસનું પરિણામ

ટેબલ	નગ ૨	રૂા ૩૨
ખુરશી	૧૨	૨૭
આરામ ખુરશી	૬	૧૮
ટીપોઇ	૬	૨૪
હોટા મોટા	૧૨	૩૦
હોટા નાના	૧૨	૧૫
મેટરસેારીનું બાકું		૪
	નગ ૫૦	૧૫૦

આ ઉપરાંત બીજી બે રીતે પણ આનો જવાબ સાચો આવે છે અને તે બરા આવ્યા છે.

આ પ્રશ્નના કુલ ૨૭ જવાબો આવ્યા હતા. તેમાંથી ૨૨ ના બરા, અને ૪ ના બોટા છે. એકનો જવાબ પહેલી શરતનો ભંગ કરતો હોવાથી તપાસ્યો નથી. સાચા જવાબો આપનાર બહેનોમાંથી **શ્રીમતી લલિતાગૌરી વાંઢીઆને** ઇનામનું પુસ્તક ' સોળ સુંદર વાર્તાઓ ભાગ ૨ ' આપવામાં આવે છે જે તેમણે અહી આનાની ટીકીટ મોકલી મંગાવી લેવું રજીસ્ટર્ડથી જોઇતું હોય તો તેણે આનાની ટીકીટ વધુ મોકલવી.


બરા જવાબ આપનાર બહેનોનાં નામ

શ્રીમતી બહેનો (૧) લલિતાગૌરી વાંઢીઆ, (૨) હીરાગૌરી નરોત્તમ, (૩) વેનહેવી મુનસઃ, (૪) પુલી, (૫) કાશીબાઇ ગોરધનદાસ, (૬) કાન્તાલક્ષ્મી રામાણી, (૭) રમા રણછોડલાલ, (૮) શાન્તાલક્ષ્મી બારૂ, (૯) નાનુબાઇ બાસર, (૧૦) જયવતી, (૧૧) લલિતાગૌરી, (૧૨) લલિતાબહેન ગલજર, (૧૩) આનન્દલક્ષ્મી ગોકળીયર, (૧૪) કમળાબહેન, (૧૫) વિદ્યાલક્ષ્મી પરીખ, (૧૬) પ્રેમકુંવર સંપટ, (૧૭) કાન્તુમતિ, (૧૮) કાન્તાલક્ષ્મી, (૧૯) ચૈતન્યબાળા, (૨૦) સરલા, (૨૧) રમ્યમણી ચાહ, અને (૨૨) વિલાસવતી પટની

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય તેવાં કોઇ બહેનો ઉખાણા-ની હરિફાઇમા ભાગ લેવા ઇચ્છતાં હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો મોકલી. કુપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, " ગુણસુન્દરી "



સમાલોચના

કોકિલા લેખક શ્રી રમણલાલ વસન્તલાલ દેસાઇ, એમ એ પ્રકાશક: શ્રી મૂળશંકર સોમનાથ ભટ્ટ, નંદબુવન, રાવપુરા, વડોદરા. કિમત: રૂા ૨-૮-૦.

શ્રી રમણલાલ દેસાઇની નવલકથાઓમા અમને આ નવલકથા સર્વોત્તમ લાગી છે અને એમ લાગવાનાં અનેક કારણો છે નવલકથાનાં મુખ્ય પાત્ર કોકિલા અને જગદીશની આસપાસ નવલકથાનું વસ્તુ સારી રીતે ગુંથવામા આવ્યુ છે અને એકમેકના પૂરક દંપતી તરીકે જગદીશ-કોકિલાનાં દાંપત્યજીવનનુ એમા સુરેખ આલેખન થયું છે તે સાથે, લાલજી શેઠ અને વિજયાના અણમોલ લગ્નનો ચિતાર પણ આબેહુબ આપ્યો છે જે આજના સામાન્ય જીવનમા સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે રાધા અને વચ્છરાજમા ગ્રામ્ય દંપતીનાં જીવનનુ આલેખન થયુ છે જુમ્મનકિશોરનાં ત્રણ સ્વરૂપો વાચકોને ગુચવાડામા નાખી દે એવાં છે સર વિહારીલાલ, કુસુમ વગેરે પણ નવલકથાના વિકાસમાં યોગ્ય હિસ્સો આપે છે. આ બીજી આવૃત્તિ રૂપરંગમા સારી નીકળી છે તે માટે પ્રકાશકને ધન્યવાદ ઘટે છે શ્રી દેસાઇની નવલકથાઓ ગુજરાતમાં સારી રીતે સત્કારાયે એમા અમને જરાય શંકા નથી.

વૈરની વસુલાત: લેખક: શ્રી કનૈયાલાલ મા મુનશી બીજી આવૃત્તિ મૂલ્ય રૂ. ૩-૦-૦.

શ્રી. મુનશીની આ " પ્રથમ લાબી વાર્તા "-નવલકથા વર્ષો પહેલા અમે ભૂલતા ન હોઇએ તો ૧૯૧૬-૧૭ માં-" ગુજરાતી "મા ચાલુ વાર્તા સ્વરૂપે પ્રથમ પ્રકટ થઇ હતી તે પછી તેની પહેલી આવૃત્તિ પુસ્તકાકારે ૧૯૧૯ માં પ્રકટ થઇ હતી ત્યાર પછી લગભગ ૧૨ વર્ષને ગાળે-૧૯૩૧ મા આ બીજી આવૃત્તિ પ્રકટ થઇ છે-તે કે અમને તો તે હમણાંજ મળી છે. આટલે લાંબે સમયે બીજી આવૃત્તિ આવા પુસ્તકની પ્રકટ થાય એ માટે ગુજરાતી વાચક રસવૃત્તિને દોષ દેવો કે શ્રી મુનશીના ગાળસને તે અમને સમજાતું નથી. બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં તેમણે જણાવ્યું છે કે " ઘણા વખતથી એ બનારમાં નહોતી મળતી એટલે એના તરફ લોકોનો સદભાવ કેવો છે તે જાણવાની મને ઘણી તક મળી હતી " આ ઉપરથી ખાત્રી થાય છે કે બીજી આવૃત્તિ મોડી પ્રકટ થઇ તેમા દોષ શ્રી મુનશીનો વધારે છે. અમને પોતાને તો લાગે છે કે આવા પુસ્તકની ક્રમમાં ક્રમ બાર આવૃત્તિ અત્યાર સુધીમાં થવી જોઇતી હતી. પ્રથમ નવલકથા હોવા છતાં શ્રી. મુનશીના નામને જોમ આપે એવી આ વાર્તા છે આજે શ્રી મુનશી ગુજરાતના શ્રેષ્ઠ નવલકથાકાર છે તેમને એ પદ આપનાર કલાતત્વોની ચાખી આ પુસ્તકમાં વાચકને જરૂર થાય છે. એજ વસ્તુની સુંદર અને રસભરી જમાવટ, એજ સમર્થ પાત્રાલેખન " પાટણની પ્રભુતા " કે " ગુજરાતનો નાથ "ની જેમ આમા પણ દેખાય છે. અને એ બધુ છતાં એમની સાદી સરળ ભાષા અને આકર્ષક શૈલિ આપણને મુગ્ધ કરે છે. શ્રી. મુનશીની નવલકથા એટલે હાળાં વધુનોથી કંટાળ્યા વિના વાર્તાના વહેણમાં આગળ ધપ્યેજ જાઓ અને પૂરી થાય ત્યારેજ છોડો. એમની મુત્સદીગીરી અને મેધાના ચમકારા તેમજ શાંત હાસ્યરસ તમને પાને પાને મળવાના કરે

(૧) પૌરાણિક નાટકો; (૨) સામાજીક નાટકો. લેખક ઉપર પ્રમાણે પ્રકાશક: શ્રી જેમ. સી. કોઠારી વડોદરા મૂલ્ય. દરેકનુ રૂ. ૧-૧૨-૦

જેમ નવલકથામા તેમ નાટકોમાં શ્રી મુનશીએ નવી જ ભાત પાડી છે ખાસ કરીને એમના પૌરાણિક નાટકોએ. પ્રથમ પુસ્તકમા એવાં ચાર (૧) પુરંદર પરાજય (૨) અવિભક્ત આત્મા; (૩) પુત્ર સમોવડી; અને (૪) તર્પણ-નાટકો છે " પુરંદર પરાજય " કહેવાતા નીતિના ઉલ્લંઘનોમાં મચાવેલો ખળભળાટ સૌની જાણમાં છે તે પછી બીજા વેદના ચારાના નાટકો લખાયા અને

મને કમને એ સૌએ તે સત્કાર્યો સામાન્ય વાચક વર્ગ તો એ બળબળાટ છતા પ્રથમથી જ એ નાટકોને વધાવ્યા હતા. એમાંથી તેમને નવી દૃષ્ટિ સાંપડી. આપણી એ પ્રાચીન વ્યક્તિઓને તેમના સાચા સ્વરૂપમાં ઓળખવાની બીજી પુસ્તકમાં શ્રી. મુનશીનાં ત્રણ-(૧) વાવાઝોડું સ્વાતંત્ર્ય (૨) બે જરાસન્ધ અને (૩) આશ્રાકિત. એ નાટકો છે એ ત્રણે નાટકો ઉપર પણ " નીતિમાનો "એ સારી પસ્તાળ પાડી હતી છતા આમ વર્ગ તો તેમનો ઉમળકાથી સત્કાર કર્યો એ નાટકોમાં નવલકથાની જેમ વસ્તુની મુકરર જમાવટ અને સમર્થ પાત્રાલેખન સાથે હાસ્યરસની ગૌણ સરણ અને આકર્ષક ભાષા-શૈલિમા શ્રી. મુનશીએ યમાડી છે પુસ્તકાકારે એ સર્વને અમે આવકારીને આવકાર દઇએ છીએ.

સહકાર મીમાંસા લેખક શ્રી કેશવલાલ અં. ઠક્કર, બી એ, એલએલ. બી શ્રી સવાઇ સાહિત્યમાળા, પુષ્પ ૨૦૭ મૂલ્ય. ૦-૧૩-૦

આ પુસ્તકના લેખક શ્રી કેશવલાલ ઠક્કર વડોદરા રાજ્યના સહકારી ખાતામાં આજ વર્ષો થયાં કામ કરી રહ્યા છે એમના એ લાંબા અનુભવનુ દોહન આ ઉપયોગી પુસ્તકમાંથી મળી રહે છે ગ્રામજીવનમાં-ખાસ કરીને ' જગતના તાત ' ખેડુતના જીવનમાં સહકારી પદ્ધતિ અજબ પલટો લાવી શકે છે એ કરે તો અનુભવસિદ્ધ વાત છે. એ પદ્ધતિને પરિણામે સાહુકારનો દેવાદાર અને દુઃખી ખેડુત સુખી અને સંતોષી બની શકે છે ગ્રામજીવનમાં સુધારણા કરવા ઇચ્છનાર સમાજ સેવકો અને સંસ્થાઓ માટે આ પુસ્તક એક સારા ભોમીયાની ગરજ સારશે

અમેરિકાના સંયુક્ત રાજ્યોના લેખક, શ્રી. ચીમનલાલ મગનલાલ ડોક્ટર, એમ. એ, એલએલ બી ઉપરોક્તમાળાનુ પુષ્પ ૨૦૮ મૂલ્ય: ૧-૮-૦

અમેરિકાના સંયુક્ત પ્રજાસત્તાક રાજ્યો, જેમને આપણે 'યુનાઇટેડ સ્ટેટસ'ના નામે ઓળખીએ છીએ, તેમના સંબંધી ઉપયોગી ઐતિહાસિક માહીતિ અને ચિત્રો-ખાસ કરીને હિંદીઓની દૃષ્ટિએ ઉપયોગી થાય એવા-આ પુસ્તકમા મળે છે શ્રી ડોક્ટર પોતે ઇતિહાસના સારા અભ્યાસી છે અને તેમણે પાશ્ચાત્યોની રચ લાલાજીના સુપ્રસિદ્ધ પુસ્તક " યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકા "ને આધારે આ પુસ્તક રચ્યુ છે. જ્યારા

નબીતા પ્રોફેસર ડો. સુધીન્દ્ર બોઝના બે પુસ્તકોનો પણ એ માટે ઉપયોગ કર્યો છે ગુજરાતી જ નહિ પણ વાચકો માટે આ પુસ્તક ઘણુ ઉપયોગી થશે

કુદરતનું અવલોકન: લેખક શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા, બી એસ્સ ઉપરોક્તમાળાનુ પુષ્પ ૨૦૬, મૂલ્ય. ૧-૦-૦

ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાનના પુસ્તકોની જે ખોટ છે, તે પૂરવામા આ પુસ્તક સારો ફાળો આપે છે વનસ્પતિ અને પ્રકૃતિ-એ બે બાબતો ઉપર કુદરતનુ અવલોકન કરીને તેમજ બીજાં ઘણા પુસ્તકોનો આધાર લઇને લેખકે આ પુસ્તક તૈયાર કર્યું છે સામાન્ય વાચકો તો નવલકથા ને નવલિકાના રસિયા હોઇ કદાચ આ પુસ્તક નહિ સત્કારે પરંતુ અભ્યાસીઓને તે સારી રીતે માર્ગદર્શક થશે

મનુષ્ય ઉદ્ભવ: લેખક શ્રી મધુકુમાર દિ. દેસાઇ, એમ. એ, એસ ટી. સી ડી ઉપરોક્ત માળાનુ પુષ્પ ૨૧૦ મૂલ્ય ૦-૧૨-૦

અંગ્રેજી ભાષાના શ્રી એ સી. હેડન કૃત Wanderings of the Peoples નામે પુસ્તક ઉપરથી આ પુસ્તક તૈયાર થયુ છે પૃથ્વીના જુદા જુદા ખંડની વિવિધ પ્રજાઓ-પ્રજાકીય ટોળીઓ કયાંથી અને કેવી રીતે ઉદ્ભવ કરતી આવી છે અને અત્યારના પોતાના સ્થાને સ્થાયી થઇ છે, તેનું આ પુસ્તકમાં ઐતિહાસિક દૃષ્ટિએ નિરૂપણ થયુ છે આ પુસ્તક પણ અભ્યાસીઓને ખાસ આવકારશે.

૧ વીર અભિમન્યુ, ૨ મિથ્યાભિમાન: શ્રી ચન્દ્રશંકર ભટ્ટ, પ્રકાશક શ્રી પુસ્તકાલય તથા સહકારી મંડલ લીમીટેડ, વડોદરા મુલ્ય ૦-૪ ૦-૦

" ગુણસુન્દરી "ના " બાલવિલાસ " ભા ૧ લો અને બાલસાહિત્યના અનેક પુસ્તકોના લેખક શ્રી બાલ ચન્દ્રશંકરની કલમે આ પુસ્તકો લખાયા છે. પ્રથમ પુસ્તકની બાળ બાલકોને સ્ફોટક જેવા બળ અને સુબલક જેવી સરલ છે પરંતુ એમાંની ઘટનાઓ વિષે કાંઇક પૂછવાનું મન થાય છે. બળરામની પુત્રી સુરેખા કેટલાક વત્સલતા પણ કદે છે ને ભદ્ર અભિમન્યુ સાથે પ્રેમ કરતો પરંતુ પાંડવો [illegible] બળરામે એ વિવાહ તોડી દુર્યોધનના પુત્ર લક્ષ્મણ સાથે કર્યો [illegible] મહાભારતની મદદથી એ કથાનું [illegible]

[illegible] પ્રસિદ્ધ થયેલા [illegible] ૨૧, (૨) [illegible] સ્વીકારમાં [illegible] ૨૧ થી ૨૨ [illegible]

પ્રસંગે એમની આંખો દુખવા આવ્યા વિષે છે. ભગ્ન પછી ઉત્તરા ઇન્દ્રપ્રસ્થ જાય છે કે વિરાટનગરમાં જ રહે છે તે વિષે આ પુસ્તકમાં ઉલ્લેખ નથી. અભિમન્યુ ચક્રવ્યૂહ ભેદવા માટે તૈયાર થતા ઉત્તરાને રાતોરાત બોલાવી મંગાવાય છે આ રીતે પરિક્ષીતના જન્મની બાબત ભ્રમમાં પડે છે આવી બાબતોનો સ્પષ્ટ અને સાચો ઉલ્લેખ થવો જોઇએ કે ભ્રમમાં રહેવી જોઇએ તે બાલમાનસના અભ્યાસીઓજ કહી શકે. બીજું પુસ્તક કવિ દલપતરામના જાણીતા નાટક " મિથ્યાભિમાન અથવા છબરામ ભટ્ટની ફજેતી " ઉપરથી બાળકો માટે વાર્તા રૂપે સરલ ભાષામાં લખાયું છે આ પુસ્તક પણ બાળકોને રહેલે ગમી જશે.

મોન્ટીસોરી પ્રવેશિકાઃ લેખક શ્રી તારા બેન મોદક પ્રકાશક. શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર, મૂલ્યઃ બાર આના

બાલ સાહિત્યમા રસ લેનારા શ્રી તારાબેનને ન ઓળખે એ અસંભવિત છે અમે તેમને જન્મે દક્ષિણી હોવા છતાં ગુજરાતના "ડો મોન્ટીસોરી" જ ગણીએ છીએ ડો મોન્ટીસોરીની શિક્ષણ પદ્ધતિનો એમનો અભ્યાસ ઘણો ઉંડો છે અને એ અભ્યાસના અનેક ફળ આપણને અત્યાર પહેલાં મળ્યા છે. આ પુસ્તક તેમણે ડો મોન્ટીસોરીની " Own Handbook, " ઉપરથી ગુજરાતીમાં ઉતાર્યું છે અને નામ પ્રમાણે સાચે જ એ શિક્ષણ પદ્ધતિની ' પ્રવેશિકા 'ની ગરજ સારે છે. એ શિક્ષણ પદ્ધતિ કેવા પ્રકારના સિદ્ધાંતો ઉપર રચાઇ [illegible] ને આખી જીજ્ઞાસુઓ આ પુસ્તક[illegible] પ્રકાશક [illegible] પ્રકરણે એ પધ્ધતિ સરળતાથી સમજાય નવલકથાએ[illegible]ખ્યા બ ચિત્રો પણ આપ્યા છે. એમાં અ[illegible]

[illegible]ના પરાક્રમો. લેખકઃ શ્રી રમેશભાઇ [illegible] શ્રી સોમાભાઇ શાહ, પ્રકાશક ઉપર [illegible]મા [illegible] મૂલ્યઃ ત્રણ આના

[illegible]ઇટેરાની 'કરેન' નામની કૃતિમા પ્રચલિત [illegible]કથા-કંથકથા આ નાનકડા પુસ્તકમાં શ્રી રમેશ [illegible]રેખાને આલેખી છે ગુજરાતી સાહિત્યમા [illegible] અદ્ભુત "નું પાત્ર જાણીતું છે. [illegible]ળી ૯૪ પાત્ર [illegible]યમા " સાકે "નું છે શ્રી [illegible]પ્રમાને આ [illegible]બાલકોને ગમી જાય એવી રસમરી અને આ બોધકમા લખી છે

[illegible]ો તે ઉમાશંકરભાઇને બીજી વાતોઃ લેખક સમ[illegible] બીજી આવૃત્તિ [illegible]ચિત્રકાર અને પ્રકા[illegible]ઇ થાય [illegible] માટે ગુજરાતી રસ ઓછાવત્તાંશે [illegible]ષિ દેવો કે [illegible]

શ્રી કપિલાબેન " ગુણસુન્દરી"ના બાલ વાચકોને સારી રીતે પરિચિત છે એમની વાર્તાઓ બાલકો હોંસે હોંસે વાંચે છે. આ પુસ્તકમાનાં બે વિભાગ–" દાદાજીની ડેલીએ અથવા પરિનગરમા " જુદા જુદા માસિકોમાં અત્યાર અગાઉ પ્રકટ થઇ ગયા છે પહેલો વિભાગ " સ્વરાજ ભિક્ષુક " એ ગાંધીજીની વિલાયત–યાત્રાના સમયના પ્રસંગોની વાતોથી ભરેલો છે અને આ પુસ્તકમાજ પહેલીવાર પ્રકટ થાય છે. અમને ખાત્રી છે કે આ પુસ્તક બાલકોને પણ જ ગમી જશે

બાલ સાહિત્ય ગુચ્છઃ નંબર ૧૪ થી ૧૮; ચિત્રકાર અને પ્રકાશક ઉપર પ્રમાણે મૂલ્ય દરેકનું દોઢ આનો નં. ૧૪. હેમુભાઇના પાઠોઃ લેખકઃ શ્રી. હેમુભાઇ. આમાં ચાર વાતો છે (૧) ખાઇ બેન, (૨) સુખી કુટુંબ, (૩) મારૂ ગુલબુલ અને (૪) કાબરબેન નં ૧૫. જીવ જંતુ લેખકઃ શ્રી. ત્રિભુવનદાસ આમા જુદા જુદા દસ જીવજંતુની બાબતો બાળકોને સમજાય એવી રીતે આલેખી છે નં. ૧૬ ઠેકઠેકાઃ લેખકઃ શ્રી તારાબેન બાળકોની રમત ગમતોને વાતો રૂપે ચિતાર આમાં આપ્યો છે નં ૧૭ ટેક. લેખકઃ શ્રી ત્રિભુવનદાસ આમા ત્રણ વાતો છેઃ (૧) ટેક, (૨) ભલો અને ભુ ડો, અને (૩) તેજમલ ઠાકોર નં. ૨૮. મેડિયો લેખકઃ શ્રી. ત્રિભુવનદાસ આમા ચાર વાતો છે (૧) મેંડાયો (ભંગી), (૨) જીવા મહારાજ અને મલિયદેવ, (૩) ખીમો ચોકીદાર, અને (૪) નાનકો સુરદાસ ગુચ્છના આગલા પુસ્તકોની જેમ આ બધાની ભાષા–શૈલિ સાદી અને સરલ હોઇ બાળકો હોંસથી સત્કારે એવી છે

રસમય વાનીઓઃ લેખિકા સૌ. તારામતી જે. શેરઝા, આનંદબિલ્ડીંગ, મુમ્બઇ-૨૦૪, મહાડ, કિંમત એક રૂપિયો.

ગુજરાતી સાહિત્યનાં એક અનન્ય સેવક સ્વ. રા બ હરગોવિંદદાસ કાંટાવાળાના વિદુષી પુત્રી સૌ તારામતીબેનની આ કૃતિમાં કાઠિયાવાડી, મહારાષ્ટ્રી, દક્ષણિ, અંગ્રેજી, મારવાડી અને વિવિધ પ્રકારની વાનીઓ કેમ બનાવી શકાય તેને લગતી પ્રમાણસહિત ઉપયોગી માહિતીઓ આપવામા આવેલી છે. ગુજરાતણો પાકશાસ્ત્રમા પ્રવીણ ગણાય છે; તેમને આવી નવી નવી વાનીઓ શિખવામા, બનાવવામાં રસ પડશે એવી આશા છે. શ્રી કેશવ હ. શેઠે એનો પરિચય રસિક રીતે કરાવ્યો છે; અને આ

વાનીઓ બનાવવાની રીત વાંચતા વાચકોના મોઢામાં પાણી છૂટયા વિના નહિ રહે, એની અમને ખાત્રી છે મુબારકબેન આમાંની વાનીઓ શીખી, તેનો સારો ઉપયોગ કરી શકશે

સ્વૈરસંચાર (મરાઠી) લેખક શ્રી બાબૂરાવ વિઠ્ઠલ વરેરકર; પ્રકાશક ઓમ્બે બુક ડેપો, મુબઇ, ૪ કિમત રૂપિયા બે

શ્રી વરેરકર મરાઠી રંગભૂમિના સફળ નહિ પણ પ્રથમ પંક્તિના નાટયકાર છે, અને માત્ર નાટકો લખવા પૂરતું જ તેમનું સાહિત્યક્ષેત્ર નથી તેઓ સફળ નવલકથા લેખક તેમજ નવલિકા લેખક પણ છે પ્રસ્તુત સંગ્રહમા ૧૯૨૦થી ૧૯૩૨ સુધીના બાર વર્ષોમાં તેમણે લખેલી ૨૩ નવલિકાઓ પ્રગટ કરવામા આવી છે અને એક એક નવલિકામાં હિન્દુસમાજનો કોઇને કોઇ અળતો પ્રશ્ન ચર્ચવાનો સફળ પ્રયત્ન થયો છે સ્ત્રીસ્વાતંત્ર્ય પતિતોદ્ધાર, સમાજવાદ જેવા અનેક વિષયો હોવ, એમ આખાની નવલિકાઓ ઉપરથી માપી શકાય છે. એમાની એક નવલિકા **ચિટકેલી ગાય** ' વિશ્વરૂપી ગાય 'ને નામે ' ગુણસુન્દરી 'ના વાચકો સમક્ષ રજુ થઇ ગઇ છે

(૧) **સમર યાત્રા** ઔર અન્ય કહાનિયાં (૨) **પ્રેરણા** ઔર અન્ય કહાનિયાં (હિન્દી) લેખક શ્રી પ્રેમચન્દ, પ્રકાશક સરસ્વતી પ્રેસ, બનારસ સીટી, મૂલ્ય (૧) રૂા ૧૫ (૨) રૂા ૧૫

' ગરીબની રહસ્યકથા 'ના મૂળ લેખક શ્રી. પ્રેમચન્દજી અનુભવી નવલિકા લેખક છે અને તેમની ઘણી નવલિકાઓ ગુજરાતીમા ઉતરી ચુકાઇ તેમજ સંગ્રહ રૂપે પ્રગટ થઇ ગઇ છે પ્રસ્તુત બે સંગ્રહો શ્રી પ્રેમચન્દજીની નવી નવલિકાઓના છે અને પહેલામા સ્વાતંત્ર્ય સંગ્રામમાંથી પ્રેરણા લઇને લખાયેલી નવલિકાઓ છે એમાની સમરયાત્રા, નુમુસ, આહુતિ, જેલ, પત્નીરોપતિ, જે વધારે સંગ્રહમાં નવલિકાઓ છે નવલિકાઓની લખાવટ ઘણીજ સારી છે બીજા સંગ્રહમાની નવલિકાઓ સામાજીક હોવ, તેમા સમાજીક પ્રશ્નો ચર્ચવામા આવેલા છે પ્રેરણા, ઇર્ષારસ, અભિલાષા, મૃતાત્મા, દોરંગા, તમાશા, વગેરે ઉત્તમ નવલિકાઓ છે હિન્દી ભણતા ગુજરાતીઓના નવલિકાઓ વાચવાલાયક છે

ગરમ તલવાર. મૂળ લેખક શ્રી ચાપશી વિઠ્ઠલદાસ વરેરા, અનુવાદક દ્વય શ્રી પ્રવાસીલાલ વર્મા, માલવીય; કુમારી શ્રી શાન્તા વર્મા, માલવીય; સરસ્વતી પ્રેસ કાશી, મૂલ્ય ૧।

' નવચેતન ' ના તંત્રી અને ' જન્મટીપ ' ના લેખક શ્રી ચાંપશી વરૈયા ગુજરાતી સાહિત્ય રસિકોથી અજ્ઞાત નથી તેમની તાજી તલવાર નવલકથાનો આ હિન્દી અનુવાદ વાંચતા કોઇપણ ગુજરાતીને આનંદ થશે ગુજરાતી સાહિત્યકૃતિઓ આવી રીતે હિન્દીમાં ઉતારવા માટે એ ગુજરાતી સાહિત્યમાટે શુભ ચિહ્ન છે અને શ્રી પ્રવાસીલાલ માલવીયાને અમે એ પદ્ધતિ ચાલુ રાખી, ગુજરાતની ઉત્તમ કૃતિઓ હિન્દીમાં ઉતારવા આગ્રહભરી વિનંતિ કરીએ છીએ


નારી-હૃદય (હિન્દી) લેખિકા શ્રીમતી શિવરાની દેવી પ્રકાશક સરસ્વતી પ્રેસ, બનારસ સીટી, મૂલ્ય બે રૂપિયા

શ્રી પ્રેમચન્દજીના પત્ની શ્રીમતી શિવરાણી દેવી પણ એક સારા લેખિકા છે અને તેમની એક વાર્તા ' (૬) વર્ષની કેદી ' ને નામે ' ગુણસુન્દરી ' ના વાચકો સમક્ષ અમે રજુ કરી ગયા છીએ. શ્રીમતી શિવરાણી દેવી પોતે સ્ત્રી હોઇ, સ્ત્રીત્વના અનુભવો વધુ સારી રીતે સમજી તેમજ આલેખી શકે એ સ્વાભાવિક છે એમની નવલિકાઓમાં સ્ત્રીજીવનના વિવિધ પ્રસંગોને પણ સારી રીતે આલેખેલા છે આંસુ, કુરબાની સૌત, માતા, ત્રિયાચરિત્ર એ આ સંગ્રહની સુંદર કહાનીઓ છે.

પરલોક (હિન્દી) લેખક શ્રી જગદીશ ચન્દ્રદેવ પ્રકાશક સરસ્વતી પ્રેસ, બનારસ સીટી; મૂલ્ય આઠ આના

સંસારના પ્રેમી વર્ગની પાંચ નવલિકાઓનો આ સંગ્રહને ' પંચપ્રેમ ' નું નામ આપવામા આવ્યું છે આમા ' ઉદ્ધાર ' અને ' પ્રેમ ને મરમ ' અમને ખૂબ ગમી છે. ' ઉદ્ધાર 'માં કેળી ધર્મગુરુઓની લીલાનો ચિતાર સારી રીતે આપ્યો છે અને છેવટે એ ધર્મગુરુની ભલામા સપડાયેલી નિર્દોષ બાલાનો તેના પિતા પાસે સ્વીકાર કરાવી, તેના ઉદ્ધારક સાથે તેનું લગ્ન કરવાનો અંત લાવવામા લેખકે ઉચિત કર્યું છે ' અંત ભલે બધિ બતા દે ' પણ ઠીક છે બાકીની બે અત્યંત સામાન્ય છે

સ્વીકાર (૧) હકામંદિર અંક ૨૭; (૨) સુપ્રભાકાશ અને રંગરેશ અંક ૨૬ થી ૩૧



સ્વદેશ

શ્રી પાયધોણઃ મુંબઇના મીસીસ એન. એમ. મહેતાને કરાચી એરોપ્લેનનું પાયધોણનું 'એ' લાઇસન્સ મળ્યું છે. કરાંચી એરોપ્લેન તરફથી આ લાયસન્સ મેળવનાર આ પહેલાંજ બહેન છે

સ્ટ્રેચ-સાઝડીના ભોગ (૧) મુંબઇમાં દાણાબંદર ઉપર શ્રીમતી ગોધીબાઇ નામની ૨૧ વર્ષની સ્ત્રી પ્રાયમસ પર ચા કરતાં સાડી સળગી જવાથી દાઝી મરણ પામી. (૨) હમીદાબાઇ નામની ૨૭ વર્ષની મુસ્લીમબહેન સગડીથી દાઝી મરણ પામી.

સાકાશથી લગ્નઃ વલસાડ તાલુકામાં અબ્રામા ગામે ભુલાભાઇ રણછોડજી નામના દલિતભાઇએ પોતાની પુત્રી જમનાબહેનનું લગ્ન શ્રી નાણુભાઇ જના સાથે કેણુઆરીમાં સાદી રીતે કર્યું હતું લગ્નમાં રહીને અંગેના ખોટા ખર્ચો કરવામા આવ્યા ન હતા અને માંસ, દારૂ, તાડી વિનાનુ સાત્વિક ભોજન અપાયું હતું. ભુલાભાઇએ પોતાની પુત્રીને નિશાળે બેસાડી શિક્ષણ આપ્યું છે અને મરણ આદિમાં તેણે ઇનામ પણ મેળવ્યાં છે. લગ્નને અને વરવધુને 'સ્ત્રીશક્તિ'ના તંત્રી શ્રીમતી સુવર્ણલક્ષ્મી ડૉક્ટર વજેરેએ આશીર્વાદ આપ્યા હતા.

આંતરલગ્ન સામે પ્રતિબંધ (૧) બારેજાના શ્રી ભુખાભાઇ નામના ૧૨ વર્ષના ઊકરાદુ એટલીજ વયની ઊકરી સાથેનુ લગ્ન અમદાવાદના સેસન્સ જજે અટકાવ્યું હતું. (૨) મીરતના ટ્રસ્ટ ન્યાયાધીશે, ૧૧ વર્ષની એક બાલાનાં ૫૬ વર્ષનાં બુઢ્ઢા સાથે થયાં લગ્ન સામે ઇન્જંક્શન આપ્યું હતું.

મીસ જેનોબ્યા બાઝોટ, પેરીસની યુનિવર્સીટીનો ડોકટરેટ મેળવનાર પહેલાંજ પારસી મહિલા છે મીસ બાઝોટ અંગ્રેજી અને ફ્રેન્ચને ઐચ્છિક વિષયો તરીકે લઇને મુંબઈ યુનિવર્સીટીના ગ્રેજ્યુએટ થયાં હતાં તે બાદ, તેઓ ઓક્સફર્ડના હાઇસ્કુલમા અંગ્રેજી અને ફ્રેન્ચના શિક્ષિકા નીમાયા હતા. ફ્રેન્ચ ભાષા ઉપર તેમનો કાબુ ઘણો સારો હોઇ, સર રતન તાતા ચેરીટીજ, વાડીયા ચેરીટીજ, અને કેરાવાળા ટ્રસ્ટ જેવાં સખાવતી ખાતાંઓની મદદથી ૧૯૩૨ મા પેરીસ યુનિવર્સીટીની આ પદવી મેળવવા તેઓ ગયાં હતા ત્યાં તેમણે 'લેવાયેલુ ફ્રાસે ઓફન્ડ' ઉપર ફ્રેન્ચ ભાષામા 'મેસીસ' લખ્યો કે યુનિવર્સીટીના અધ્યાપકોને ઘણોજ પસંદ પડયો. ત્રણ કલાક સુધી તેમની મૌખિક પરીક્ષા લઇ તેમને ઓનર્સ સહિત ડોકટોરેટની પદવી એનાયત કરવામાં આવી છે મીસ બોઝોટ હાલ ઇગ્લાંડમાં છે અને લંડનની જુદી જુદી આગેવાન સ્ત્રીસભા અને શિક્ષણ સંસ્થાઓની મુલાકાત લઇ તેનું અવલોકન કરે છે. મે માસની આખરે તેઓ મુંબઇ આવનાર છે.

આંતર-જ્ઞાતીય લગ્નોઃ (૧) ખડવા જાતે દયાલાઇ વણીક જ્ઞાતિનાં શ્રીમતી કુમારી સુશીલાબેની ગુપ્તાનું લગ્ન, દયા પોરવાડ વણીક કોમના શ્રી ભોગીલાલ પરીખ સાથે થયાં. (૨) મ. ગાંધીજીનાં દત્તક દરિદ્રનારાયણ પુત્રી લક્ષ્મીબાઇના લગ્ન મદ્રાસી બ્રાહ્મણ શ્રી આરતીદાસ સાથે મ. ગાંધીજીની સંમતિથી થયાં (૩) બારીસમાં ડૉ. સેથી (બ્રાહ્મણ)ના લગ્ન મીસ શકુન્તલા દીક્ષિત (પ્રભુ) સાથે થયા.

શ્રી ઉમેદવારને અન્યાયઃ પંજાબ પ્રાંત સભામાં કુમાર અમરસિંહ ગોહાણાના પ્રશ્નના જવાબમા સર સિકંદર હયતખાને જણાવ્યું હતું કે, ધ્યાન દિયાનાં સહેજ બાદની ચેતવણીઓ બીમતી લેખાવતીનો ઉમેદવારીનું પત્રક જો ઉમે-

કરવાને હોદ્દેદારી કરવાનો હક્ક નથી એમ જણાવીને રદ કરવામાં આવ્યુ હતુ. પ્રબળ સરકારે હોદ્દેદારોના . અતિરેકને અંગેની અયોગ્યતા દૂર કરેલી છે હોદ્દેદારનાં જ્ઞાનને લીધે શ્રીમતી લેખાવતીને ચલેલો અન્યાય દૂર કરવા માટે સરકાર શુ કરવા ધારે છે, એવા બીજા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયુ હતુ કે તપાસ કરીને યોગ્ય પગલા લેવામાં આવશે.

ડૉ. મીસ લક્ષ્મીબેન દામોદર' ગયે વર્ષે આ પ્રબળી હિન્દુ મહિલાએ પેરીસ યુનિવર્સીટીની ડોક્ટર ઓફ આર્ટસની ડીગ્રી મેળવી હતી અત્યારે તેઓ પ્રબળી સાહિત્યના ઇતિહાસ સબધમા હાલમાં સશોધન કાર્ય કરે છે પ્રબળી લેખો અને પ્રબળી ભાષામા તેઓના ગ્રથો સબંધમા માહિતી મેળવવા તેઓ હિન્દુસ્તાનમાં પ્રબળની મુલાકાત લેશે ' સિખો ' વિષેનો તેમનો અગ્રેજી થેસીસ થોડા વખતમા પ્રગટ થનાર છે તેમાં ગુરૂ નાનકથી માંડીને વીસમી સદી સુધીના સિખોના ઇતિહાસ અને ધર્મનુ તેમણે અવલોકન કર્યુ છે.

અખિલ ભારત મુસ્લીમ મહિલા પરિષદ ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામા આગામા મળી હતી તેને અગે કલા પ્રદર્શન પણ ભરાયુ હતુ લગભગ ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કેટલીક હિન્દુબહેનોએ પણ હાજરી આપી હતી બેગમ રહમાન પ્રમુખ સ્થાને હતા. મત્રી શ્રીમતી બીરબલ દુલ્હને વાર્ષિક હેવાલ વાચતાં આગામી રાષ્ટ્રીય કામ વર્ણવ્યુ હતુ બેગમ રહમાને પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં જણાવ્યુ હતુ કે, હિન્દની સ્ત્રીઓએ આ દેશનુ ભાવિ ઘડવામા મોટો ભાગ લેવાનો છે; માત્ર ભાષણો કરવાનો કાંઈ અર્થ નથી સ્ત્રી કેળવણી માટે બોલતા તેમણે જણાવ્યુ હતુ કે આ દિશામા ઘણુ થયુ છે છતાં બીજા દેશોની સ્ત્રીઓની સરખામણીમાં આવવા માટે હિન્દી સ્ત્રીઓએ હજી ઘણુ કરવાનુ છે.

શિક્ષણનાં ક્ષેત્રમાં મીસ નુરબહા ખાતુન બેનીશીબા હુસેન, બી એ બી ટી, રાણીના શિક્ષણમા રેપ્યુટી ડાયરેક્ટર્સ નીમાયા છે. લંડન યુનિવર્સીટીની શિક્ષકની ડીગ્રી મેળવનારા તેઓ બિહારનાં પહેલાંજ મુસ્લીમ બહેન છે

સ્ત્રીઓ અને મતાધિકાર અંગાળ ધારા સભાએ હિન્દી વગીર ઉપર નીચેનો સદેશ મોકલ્યો છે ' પુખ્ત વયના સર્વેને મતાધિકાર આપવાના બ્રીટીશ સરકારના નિર્ણયથી અમને મતાધિકાર પરત્વે પ્રમાણમા ખૂબ નહિ ત્યાસુધી, સીધારણ કમીટી એ જણાવ્યુ કર્યા મુજબના ૧૫૦૦૦૦ મતદારોથી જરાય ઓછું પ્રમાણ, હિન્દની સ્ત્રીઓ સ્વીકારશે નહિ "

શ્રીમતી નરગેસ કેપ્ટન કુબાડોનમમાં તા ૨૫ મી ફેબ્રુઆરીને રોજ કુબાડોનમ ખાતે અખિલભારત સ્વદેશી પ્રદર્શન, સ્વ. મહર્ષિ ગોખલે નરશેટ્ટના પૌત્રી શ્રીમતી નરગેસ બહેન કેપ્ટને ખુલ્લુ મૂકતા હરિજનોનો મંદિરપ્રવેશ અને બહેર પ્રશ્નોમાં સ્ત્રીનો મોટા પ્રમાણમા ભાગ લે એવી વિનતી કરી હતી મદ્રાસમા પણ તેમણે ભાષણ કર્યા હતા

શ્રીમતી નરગેસ બહેનના માનમા કુંબાકોનમમાં વસતા ગુજરાતીઓએ મેસર્સ એન મોપાળદાસની કંપનીમાં ચ્હાપાર્ટીનો મેળાવડો કરી તેમનો સત્કાર કર્યો હતો

કુબાકોનમના કુભમેળો બારવર્ષે ભરાય છે આ વર્ષે તા ૧લીથી તા ૧૦મી માર્ચ સુધી એ મેળો ભરાયો તેમા લગભગ આઠ લાખ માણસોએ લાભ લીધો હતો તેથી માનવમેદનીની વ્યવસ્થા જાળવવા અને બીમારની સારવાર તેમજ ખોવાયેલાં બાળકોની સભાળ લેવા બાબતમા શ્રી ભારત સ્વસ્તિક મડળે સારી સેવા કરી હતી મડળનો એક કેમ્પ એક ગુજરાતી બહેન શ્રીમતી ઇન્દુમતી નેમીકુમાર શેઠે ખુલ્લો મુકતાં સ્વયં સેવકોને ઉદ્દેશી હિન્દીમાં ચોગ્ય શબ્દોમાં વિવેચન કર્યુ હતુ.

આપઘાત (૧) મદ્રાસની કવીન મેરી કોલેજ હોસ્ટેલમાં બોનર્સ વર્ગની વિદ્યાર્થીની સીતામ્મા (વર્ષ ૨૦) એ ઝેરથી આપઘાત કર્યો (૨) પતિને ત્રાસનો રોગ હોવાથી, સસરા મુખ જોવાની ના થકવાને કારણે વણજર ગામ ઉપર પત્નેરી અપેરાબાઈ નામની ૧૬ વર્ષની મુસ્લીમ છોકરીએ મુબઇમાં આપઘાત કર્યો (૩)

અપીલ (૧) લંડનના બારાસભામા અનિતિ માટે ચર્ચો ચેપારા હાજી દેવાના મી. જે એમ. જમુના બારા ઉપર સીડોશ સમિતિનો હેવાલ વાચો છે તેમાં એ રેપારને ફ્રેન્ચાઈજ આપનારા મુદ્દાઓને ટેકાની સબ કરવાની જણાવેલ વાત છે (૨) વાહોરમાં સ્ત્રીઓ માટેની પેરી વિલ્સી ગ્રાન હોસ્પીટલ પેરી વિલ્સી ગ્રાનને , હાલે ખુલ્લી મૂકાઈ,

(૩) હાતિયા સ્ટેટમા છોકરીઓ માટે હાઇસ્કુલનો પાયો ના હેડી વિલીંગ્ડનને હાથે નંખાયો (૪) દિલ્હીમા સ્ત્રીઓ માટે ના. વાઇસરોયને હાથે હેડી ઇરવીન કોલેજ ખુલ્લી મૂકાઇ

ગુજરાતી સ્ત્રીઓ અને સ્ટવ

સ્ટવના અકસ્માતો દિનપ્રતિદિન વધતા જતા હોવાથી અને આ અકસ્માતોમાં જુવાન ગુજરાતી સ્ત્રીઓ ભોગ બનતી હોવાથી ગુજરાતીઓને સંબોધીને મુંબઇના કોરોનર તરફથી નીચેની બીજી અપીલ બહાર પાડવામાં આવી છેઃ

ભાઇઓ,

થોડા વખત ઉપર મેં બહાર પાડેલી અપીલ ઉપર ધ્યાન અપાયેલ નહિ હોવાથી મારે બીજી અપીલ બહાર પાડવાની ફરજ પડે છે.

તમારી કોમમાં સ્ટવથી દાઝી જઇ જુવાન પરણેતરોના જે ઉપરાઉપરી બનાવો બનતા રહ્યા છે તેણે લાબા વખત પહેલા તમને તમારી ફરજનું ભાન કરાવ્યું હોવું જોઇતું હતું. આ દીલ પીગળાવનારા દાઝી જવાના બનાવો તમારી કોમની ચોક્કસ રીતભાતને લઇને બનતા હોવાથી સ્ટવનો ઉપયોગ બંધ કરાવવાને મે મારાથી બનતુ આજ સુધીમા કર્યું છે તમારી કોમના રીવાજ અને રીતભાતને લઇને તમારી કોમની સ્ત્રીઓ પાતળી અને ફરકતી સાડીઓ પહેરે છે કે જે સાડી સહેલાઇથી સળગી ઉઠે છે વળી તમારી રીતભાત મુજબ તમો પ્લેટફોર્મ ઉપર સ્ટવ મુકી શકતાં નથી તમોએ મને એમ ધારવાનું કારણ આપ્યું છે કે તમો અજરાઇ કે જેની ઉપર ચા, ખાડ, મરીમસાલો વીગેરે રાખો છો તેની નીચે જ સ્ટવ રાખો છો તમારી આ રૂઢી એક દીવાનાના જેવી છે કેમકે સ્ટવ સળગાવી અજરાઇ ઉપરની ચીજ લેવાં બાર વળી થતા સાડી સીધી બળતાના સમાગમમાં આવે છે

વળી તમારા ઘરમાં ભરદો હોય ત્યારે લાજ કાઢવાનો રીવાજ હોય છે આ લાજ જો જરા લાબી ખેંચવામાં આવી હોય તો ઘણાજ આબળાં જેવા બની જાય છે અને તેથી સ્ટવ આગળ બેસવા જતા સહેલાઇથી કપડા સળગી જાય છે.

સ્ટવ સળગાવવામાં ખાસ જરૂરી સ્પીરીટનો ઉપયોગ કરવાની તમારા ધર્મમાં મનાઇ નથી એમ હું ધારૂં છું. તમારી કોમના ઘણા મરદોએ સ્ટવ સળગાવવાની રીત વિષે એવુ જણાવ્યુ છે કે સ્ટવને ૫૫ ડ્રી નીપલમાથી સ્પાસલેટ ઝરતાં કાડી સળગાવી મુકવી. આ રીત ઘણીજ મૂર્ખાઇ ભરેલી છે.

બિરેરા પ્રગતિમાન સ્ત્રીઓ ઇગ્લાંડમા લગભગ ૩૦૦ જેટલી સ્ત્રીઓ કંપનીની ડાયરેક્ટરો છેઃ ૭૦ ઉપર સ્ત્રીઓ સેક્રેટરીઓ ની આર્ટ ઇન્સ્ટીટ્યુટની સભ્યા છે; ૬૦ ઉપર સ્ત્રીઓ નિષ્ણાત હિસા બની સો છે; ઘણી સ્ત્રીઓ આકાઓની ગણત્રીમા નિષ્ણાત છે ૨૦૦ થી ૨૫૦ સ્ત્રીઓ ઇલેક્ટ્રીકલ, સીવીલ અને મશીનના ઇજનેરો તરીકેની લાયકાત ધરાવે છે

પેરીસમાં સ્ત્રી પોલીસઃ પેરીસની મ્યુનિસિપલ કોન્સિલના એક કમીસન સમક્ષ શ્રી પોતીચાર્ડ દળ યોજવાની દરખાસ્ત મુકવામા આવી છે પોલીસની જગા માટે હજાર ઉપર અરજીઓ આવી છે આ પદ માટે લાયક ગણાનાર સ્ત્રીએ પુખવયની હશે; અને તેણે સામાન્ય શિક્ષણ લીધેલ હોવું જોઇશે, અને 'સુવેહના સંરક્ષણ' માટે હોવી જોઇતી યુક્તિ તેનામાં હોવી જોઇએ. સ્ત્રી પોલીસ માટે સંતોષકારક પોશાકની યોજના માટે નિષ્ણાત દરજીઓને આમંત્રણ અપાયાં છે.

બર્લિનમાં સ્ત્રીઓનું પ્રદર્શનઃ જે સમયમા ભરાનાર છે તે સંસ્કૃતિની દ્રષ્ટિએ ઘણું મહત્વનુ છે જર્મનીની જુની જુની મહિલા સંસ્થાઓ-જેના સભ્યોની કુલ સંખ્યા ૩૦ લાખ જેટલી થવા જાય છે, તેઓ જુદા જુદા ખાતાઓ સભાળશે ગૃહ ધર્મો, બાલોદ્યન, વગેરેમાં સ્ત્રીઓના કર્યનું પ્રદર્શન કરવામાં આવશે. અને જે બધા ખાતાઓ સ્ત્રીઓને જ હસ્તક રહેશે પુરૂષોએ માત્ર પ્રદર્શનની મુલાકાત લઇ સ્ત્રીઓને અભિનંદન આપવાનું છે

આફ્રિકાની રાજનીતિજ્ઞ શ્રી ત્રેમા સોરાએ લડતમા ઘોડાક સમય ઉપર ભાગ લીધો છે ઉમરાવ તુર્કી કુટુંબની આ સુંદર યુવતી ૧૬ વર્ષની વયે, ૧૯૧૦ માં સ્મર્નામાં ગ્રીસના

> લાંબા વખતથી ઘર બાંધી બેઠેલી આ રઢીઓ તમો નાબુદ કરી શકો નહિ પરંતુ સ્ટવના બાદુ ઉપયોગથી તમારી કોમની કેટલીક જુવાન પરણેલવરોના કીંમતી જીવો આ રીતભાતથી ગયા છે તેનો ખ્યાલ કરવો ઘટે છે માટે કાંતો આ રઢીને નાબુદ કરો અગર સ્ટવનો ઉપયોગ અટકાવો આ પ્રાણઘાતક આંકમાતોમાંના ૧૦ ટકા જેટલા આ તમારી રઢીને આભારી છે આમાના કેટલાક બનાવો બિલકુલ આપઘાતના બનાવો છે વળી મને એમ પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક બનાવો તો અગાઉ બોલવામાં આવેલા વરઘટના બનાવો છે મને જે કહેવામા આવ્યુ છે તે નહિ માનવાને હું તૈયાર નથી
>
> હવે હું તમને ચમત્કારપણે પૂછું છું કે તમારી કોમની જુવાન સ્ત્રીઓની જીંદગીની શું તમને કીંમત નથી ? આવા બનાવો તમારી કોમમાંજ શા માટે બને છે ? શા માટે ૧૫ થી ૨૦ વર્ષની ઉમરની છોકરીઓજ ભોગ થઇ પડે છે ? સ્ટવથી દાઝી જઇ મરણ પામતી ગુજરાતી સ્ત્રીઓ માટે હું શા માટે આટલો બધો ઘોઘાટ કરૂં છું એમ મને કેટલાક તરફથી પૂછાય છે તો મારા હૃદય પત્થરનુ હતે તો હું આવો ઘોઘાટ નહિ કરી શકતે
>
> આથી ગુજરાતી કોમના આગેવાનોને મારી એવી અરજ છે કે તેઓએ એવી એક પાર્ટી સ્થાપવી કે જેઓ ઘેર ઘેર ફરીને જ્યાં જ્યાં સ્ટવ જોવામા આવે તે બેમા કરી મારી કોર્ટમા મોકલી આપવા જ્યા સુધી ગુજરાતી સ્ત્રીઓ સ્ટવનો ઉપયોગ કરતા થીએ ત્યાં સુધી તે મારી કોરટમા રાખવામા આવશે. જેઓ સ્ટવ આપવા ના પાડે તેઓને ન્યાત બહાર મુકવાની મહાજને ધમકી આપી પ્રીટેક્ટર મારીવાને કહેવુ. જો આ અપીલ નીષ્ફળ નીવડશે તો સખત પગલાં ભરનારો કાયદો ઘડવા માટે મારે ઇલાજ કરવુ પડશે
>
> જો કે ઘણી મારી સ્ત્રીઓ આગથી કાંઇ મરવાનુ દારૂણ દુ ખ રાજખુશીથી સહન કરતી હતી છતા બીજીય સહજરે સતી થવાની રૂઢી નાબુદ કરી છે પણ સ્ટવથી દાઝી મરવાના બનાવોમાં સ્ત્રીઓ રાજખુશીથી દાઝી મરવાનુ દુ ખ સહન કરતી નથી

ઇશિયાની શિક્ષણપ્રચારક સ્ત્રીઓ

રાષ્ટ્રોત્તર સ્ત્રી દિનના ૨૦ મા વાર્ષિકોત્સવ પ્રસંગે સોવીએટ સરકારે સ્ત્રી બેહુતો વચ્ચે સમ્યવાદી શિક્ષણના ક્ષેત્રમા અસાધારણ આત્મભોગ આપી કામ કરનાર ૧૨ સ્ત્રીઓને ' ઓર્ડર ઓફ લેબર રેડ બેનર 'નો ખિતાબ આપ્યો હતો ખેતીવાડીને લગતા કારખાનાંઓમાં ઉત્તમ કામ કરનારી સ્ત્રીઓને ' ઓર્ડર ઓફ લેબર રેડ બેનર 'નો ખિતાબ આપ્યો છે. ' પ્રાવડા ' પત્ર જણાવે છે કે, કેળવણી અને સામાજીક સંસ્થાઓ આપણા દેશમાં બોલાવાથી, સ્ત્રીઓ પરત્વે કંઇલા વરેલ કામે ઉપાડી, સોવીએટના મજુરી અને બીજાં ક્ષેત્રોમા સહીષ્ણ કામ કરતી બની છે.

અમેરિકાના મધ્યાનપદે. યુનાઇટેડ સ્ટેટસનાં નવા પ્રધાન મંડળમાં મારીસ પરકીન્સ મજુરખાતાંના પ્રધાન નીમાયા છે કાર્યક્ષેત્રને લગતી બાબતોમાં મીસીસ પરકીન્સ સત્તાવારવર્તાવ છે યુનાઇટેડ સ્ટેટસનાં પ્રધાનમંડળમા સ્થાન ધરાવનાર તેઓ પહેલા જ સ્ત્રી છે

વર્ષ ઉપરથી ઉપરતી સ્ત્રી ધણીનોધ (અમેરિકા) ખાતે ઓકપાર્કમા પેટીસીઆ મેકગુઅર નામની ૨૭ વર્ષની એક ક્લરતબાજ સ્ત્રી એક વર્ષ અને બે અઠવાડિયાંથી હવી રહી છે. તેને જગાદ-

વાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે ૧૯૩૨ ના ફેબ્રુઆરીમાં તેની માતાએ ડાક્તરને ટેલીફોનથી જણાવ્યું હતુ કે, બેએક દિવસથી તેની પુત્રી ઉંઘે ઘસાયલી રહી; તે હવે એટલી ઘાટ નિદ્રામાં પડી ગઇ છે કે જેમાથી તેને જગાડી શકાતી નથી ડાક્તરે ત્યા જઇ તપાસી નિદ્રાને લગતી માહગી હોવાનુ જણાવ્યું હતુ તે બાદ એ છોકરીને સારી કરવા હજારો સૂચના કરવામા આવી. વિજ્ઞાનને લગતા ઉત્તા પ્રયોગો થયા, પરતુ હજી તે જાગી નથી

વિદેશમાં પ્રગતીઃ (૧) બ્રિટનની જનરલ મેડીકલ કૌન્સિલમા સ્ત્રીઓને દાખલ કરવાની બે સ્ત્રી ડાક્તરોએ સૂચના કરી છે (૨) ઉત્તર આયર્લેન્ડમા પ્રવેશવાના પ્રતિબંધનો ભંગ કરવા માટે મીસીસ શીહી સ્ટેર્લીંગ્સને એક માસની સજા થઇ છે તેમના પતિને ૧૯૧૬ ના બળવા વખતે ગોળીબારથી મારી નાખવામા આવ્યા હતા (૩) માનસિક રોગોને અંગે ગુન્હેગારોના કૃત્યને લગતુ તેમજ એને લગતા બીલ સશોધન કાર્ય માટે મીસીસ આર જી બર્ડન નામની વિધવાએ પૌ. ૧૦૦૦૦ બક્ષીસ કર્યા છે.

તુર્કી સ્ત્રીઓની પ્રગતિ અને સ્થિતિઃ દિલ્હી સ્ત્રી સઘના આશ્રયે દિલ્હીના સરસ્વતી ભવનમા, મીસીસ રૂસ્તમજી દરીડુનજીનાં પ્રમુખપદે, 'તુર્કી સ્ત્રીઓની પ્રગતિ અને સ્થિતિ' એ વિષય ઉપર તુર્કીના માજી વડાપ્રધાન રફકબેએ ભાષણ કર્યું હતુ. તુર્કસ્તાનની સ્ત્રી સ્વાતત્ર્યની ચળવળની પ્રગતિની રૂપરેખા દોરતા તેમણે જણાવ્યું કે, સુલતાન સલીમના રાજ્યકાળમા સ્ત્રીઓ માટે સૌથી પ્રથમ સુધારાઓ દાખલ થયા. પરંતુ તેમણે દૈન્ય ઘોરણે પોતાની ચળવળનું સ્વરૂપ લીધાથી' એ આદર્શો સિદ્ધ થઇ શકયા નહિ. ૧૮ મી સદીના પહેલા ભાગમા સુલતાન મહમદે સાહિત્યદ્વારા પ્રજામત કેળવવા માડયો તે વખતના સાહિત્ય ધુરધરોએ તેમને સહાય કરી તેમણે પ્રજાના મત ઉપર એવી છાપ પાડી કે, જ્યા સુધી રાષ્ટ્રીયજીવનમા સ્ત્રીઓને તેઓનુ કાયદેસર સ્થાન આપવામાં નહિ આવે ત્યાસુધી સામાજીક પ્રગતિ અને રાષ્ટ્રીય સમાપ્તી અશક્ય છે ૧૯ મી સદીના અધવચના ભાગમા, ઉચ્ચ વર્ગની સ્ત્રીઓએ વિદેશી ભાષાઓ શીખવા માડી અને પશ્ચિમના વિચારો ગ્રહણ કરવા માડયા આથી ચળવળને નવુ ચેતન મળ્યું. દેશમા બંધારણને લગતી રાજ્યસત્તા ઘડાઇ ગયા બાદ પહેલી સ્ત્રીઓની કલબ ખુલ્લી મૂકાઇ પણ તેનો સખ્ત વિરોધ થયો તુર્કી સ્ત્રીઓમાંથી રૂઢી દૂર કરવાની બાકી હતી બાલ્કન અને મહાયુદ્ધોએ તે માટે ની તક પૂરી પાડી. તે દરમ્યાન દેશની સ્ત્રીઓ ઘણી ઉપયોગી થઇ પડી કેટલીક બાબતોમા તેઓ પુરૂષો કરતાં ચઢતી છે એમ તેમણે પૂરવાર પણ આપ્યું. ૧૯૨૬મા સ્ત્રીઓએ યુનિવર્સીટીઓ અને સહશિક્ષણ આપતી શાળાઓ કોલેજોમા પ્રવેશ કરવા માડયો ૧૯૩૦ માં મ્યુનિસિપલ ચુંટણીઓમા મત આપવાનો તેઓનો અધિકાર સ્વીકારાયો હતો એટલે રાજકીય હકકો માટે તેઓને લડવુ ન પડયુ એક બે વર્ષોમા તેઓને પાર્લામેન્ટની ચુંટણીમા મતાધિકાર મળી જશે એવી પુરૂષોને સમાન તક મળવી જોઇએ એવી તેમણે હિમાયત કરી હતી સ્ત્રીઓને પોતાનો ધર્મ પસંદ કરવા દેવામાં શા માટે ન આવે તે તેમણે જણાવ્યુ હતુ. તુર્કીમાં અનેક પત્ની કે એકપત્ની રાખવાની કાયદેસર બધી છે

સ્ત્રીની ઉન્નતિ

સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ નથી. માતા અજ્ઞાન હશે તો તેનાં સંતાનો શી ઉન્નતિ સાધશે ? તમે સ્ત્રીઓને તક આપો, અને જુઓ, તે પુરૂષની પાછળ નહિ રહે, બેાખરે થશે.

વિજયાલક્ષ્મી પડિત

('માનવધર્મ' વિષેના ભાષણમા)

ગુજરાતી સ્ત્રીઓ માટે શારદાપીઠ

મુબઇમા શ્રી ગુજરાતી હિન્દુ ઑમ્બળના આશ્રયે, તા ૨૫-૩-૩૩ને રોજ સાંજે સાડાચાર વાગ્યે, ગિરગામ એક રોટ ઉપરના મંડળના હૉલમા 'ગુજરાતી સ્ત્રી યુનિવર્સીટીની આવશ્યકતા' એ વિષય ઉપર શ્રી મનહરરામ મહેતા, શ્રી મનહરનાથ મા ચારેખાન, શ્રી રામપ્રસાદ પી બક્ષી શ્રી ત્રીભોવનચન્દ્ર પાઠક્ષ, શ્રીમતી કપિલા ખાડીવાલા અને શ્રી હિંમતલાલ ચકોરબક્ષ ત્રનતરિયાએ વ્યાખ્યાનો કર્યાં હતાં. કિ બ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી પ્રમુખસ્થાને હતા. બહેનો તથા ભાઇઓની ઠીક ઠીક સંખ્યા હાજર હતી.

સભ્યાતમા પ્રમુખસ્થાને કી બ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીની નીમણુક થવા તેમણે સર હરકુમાઇનો પત્ર વાંચ્યો હતો અને તે બાદ બે ત્રણ બાબતો તરફ વક્તાઓનું ધ્યાન ખેચ્યું હતુ તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતી સ્ત્રી યુનિવર્સીટીની આવશ્યકતા છે તેની કોઇને ના નહિ કહી સકાય કારણ કે એ શુભ પગલુ છે પરતુ પુરૂષોને હજતી જુદી યુનિવર્સીટી ગુજરાતથા નથી તો સ્ત્રીઓને હજતી યુનિવર્સીટીની આવશ્યકતા કયાથી એમ કેટલાને પ્રશ્ન થશે. પહેલાં પુરૂષોને હજતી યુનિવર્સીટીની આવશ્યકતા છે પછી સ્ત્રીને હજતી

યુનિવર્સીટી એટલે હજી હમણાં પહોચેલી કેળવણી ગુજરાતનાં ગામડાંઓમાં નીરક્ષરતા ઘણી છે એટલે કોઇ કહેશે કે પહેલાં પાયો મજબુત કરવો જોઇએ અને તેનુ મુખ્ય પગલુ સ્ત્રીઓમાથી નિરક્ષરતા દુર કરવાના પગલાં લેવા તે છે ત્રીજી વાત નાણાંને હજતી છે આ કામ માટે લાખોનો સવાલ છે એટલી મોટી રકમ મળે નહિ તો આપણે સફળતાથી કામ પાર પાડી શકીએ નહિ નાણા સાથે એટલીજ બલકે તેથી પણ વધુ જરૂર કાર્યકર્તાઓની છે અને એ બધા સાધનોનો પણ વિચાર કરવાની જરૂર છે આ સામગ્રી સાધનો કેવી રીતે તૈયાર કરવાં તે હવે પછીના વક્તા

કહેશે બાદ તેમણે શ્રી મનહરરામને પોતાનુ ભાષણ કરવા જણાવ્યુ હતુ

શ્રી મનહરરામે ઘણાં વર્ષો ઉપર આવેલાં સ્વપ્નની અત્યંત ટીમતે યાદ આપી ને, ગુજરાતમાં ઘેર ઘેર પાર્વતિ અને કાર્તીકેય ઉત્પન્ન કરવાની પ્રેરણા કેમ થઇ તેનુ ભાણુ વર્ણન કર્યું હતુ ગુજરાતી મહિલાઓ સારૂ શારદાપીઠ સ્થાપવાનુ સ્વપ્ન સીધ્ધ કરવાની યોજના પહેલા તેમણે કેટલાક પ્રશ્નોનું સમાધાન કર્યું હતુ

"કયે યુનિવર્સીટી ગુજરાતીઓ તરફ અક્ષમ્ય બેદરકારી બતાવી છે વગેરે બાબતને હજતી થઇ કરી તેમણે જણાવ્યુ હતુ કે પ્રથમ તો એ All India Women University છતા એના સભ્ય કોમા પ્રત્યેક પ્રાંતના પ્રતિનિધિ એક પણ અખિલ ભારત માન્ય વ્યક્તિ જોવામાં નથી આવતા આને લીધે એનુ ગૌરવ અને પ્રતિષ્ઠા અલ્પ છે એનુ સ્થાનક પુનામાં હોવાથી એ એક પ્રાંતિક સસ્થા થઇ પડી છે એટલુજ નહીં પણ હિંદુ અને તેમા પણ વળી દક્ષિણી બાળાઓ સિવાય બીજી બાળાઓને માટે એ સસ્થાનો લાભ લેવાનુ હજમમ અશક્ય થઇ પડયુ છે મરાઠી સિવાય બીજી ભાષાઓમાં શિક્ષણ આપવાની વ્યવસ્થા નથી વળી પાઠય પુસ્તકોનો અભાવ છે અને તેને લઇને અમેજ પુસ્તકોદ્વારાજ શિક્ષણ અપાય છે ઉપરાત અખિલભરીઓ પરીક્ષાઓ અને ઉપાધિઓના નામની બાબતમા પરદેશી યુનિવર્સિટીઓનુ અધ અનુકરણજ કરવામાં આવ્યુ છે અને મુબઇની અજ્ઞ સકમમાં કોઇપણ પ્રકારની વિશિષ્ટતા જોવામા આવતી નથી પરિણામે એક મહાન આદર્શથી પ્રેરાઇને અખિલ ભારતની બાત તો જવા દઇએ પરતુ અખિલ મહારષ્ટ્રની ઓ કેળવણી પર હકુમત ધરાવી તેને દોરવનારી એક મહાન વિદ્યાપીઠ થવાને બદલે એ સસ્થા પાંચ પચાસ નોકરી ચોધની ચોકી ચેલ્યુટ્સ ઓ ઉત્પન્ન કરતી એક નાની સરખી કોલેજ થઇ પડી

છે. આમ હોવાથી આપણા આદર્શની સિદ્ધિને અર્થે આ સંસ્થામાંથી કોઇ પણ પ્રકારનો કસ કાઢવો એ રેતીમાંથી તેલ કાઢવા જેવું છે.

બીજો પ્રશ્ન મને એ પૂછવામા આવે છે કે મુંબાઇ યુનિવર્સિટી છોડી તમારે ત્યાં ભણવા કોણ આવશે ? તેના ઉત્તરમાં હું કહું છું કે સર્વ કોઇ આવશે. હાલમાં જે છોકરીઓ ભણે છે તેમાંની ઘણી ખરી તો કોઇ વિશેષ આકર્ષણ વગર જ ભણે છે. માત્ર ભણવું એટલે ભણે છે હવે સ્ત્રીઓને જો ધંધા કરવા હોય તો તેઓને માટે બે ધંધા છે એક ડાકતરનો અને બીજો શિક્ષકનો આ બન્ને ધંધાને સારૂ શિક્ષણ આપવાની યોજના આપણી પીઠમાં કરવાની યોજના છે, એ અગાડી ઉપર જણાવવામા આવશે છતા પણ જેઓને પુરુષોની સાથે હરીફાઇમાં ઉતરવું હોય અને મુંબઇ યુનિવર્સિટી સેવવી હોય કે લંડન કે અમેરિકા જવું હોય તે ભલે તેમ કરે હું તેમને અભિનંદન આપીશ. આપણો ધ્યેય તો જુદોજ છે. આપણે સર્વ ગુજરાતી કન્યાઓની કેળવણી હસ્તગત કરી સમસ્ત પ્રજાને તૈયાર કરવાની છે. ગુજરાતની પચ્ચીસ લાખ કન્યાઓમાંથી પાંચ પચાસ હજાર પ્રકારની કેળવણી લે તેથી આપણને ઘણી આંચ આવે એમ નથી વહુ આપણો દૃષ્ટિ પ્રદેશ એથી કંઇક વિશાળ થવાનો સંભવ છે.

સ્થળ તો મુંબઇ જ રહેશે. અહીંનો ઉત્સાહ, અહીંનું પ્રેરકબળ, અહીંનું વાતાવરણ અહીંની વિદ્વત્તા અહીંનો પૈસો અને સર્વથી વધારે હિંદુ, જૈન, પારસી, મુસલમાન, બોલા, કોરા ખ્રીસ્તી વગેરે સર્વ ગુજરાતી બોલતી કોમોનો સપ્રમાણ સમુદાય ગુજરાતના કોઇ પણ સ્થળમાં દુષ્પ્રાપ્ય છે

આ યોજના પાંચ પચાસ છોકરીઓને ગ્રેજ્યુએટ બનાવવા કે નોકરી શોધતી કરવા નહીં પણ સમસ્ત ગુજરાતની કેળવણી હસ્તગત કરી, ઘડેરે ઘડેર અને ગામડે ગામડે અભ્યાસ કરતી પ્રત્યેક બાળાને આપણો સંદેશો પહોંચાડવા કે જેથી કરીને મે ઉપર જણાવ્યું તે પ્રમાણે ગુજરાતી પ્રજા ભવિષ્યમાં દુનિઆની મહાન પ્રજાઓમાં અનન્ય સ્થાન ભોગવે.

આ પ્રસંગે ઉપલી યોજનાને અંગે ઉપજતા બે પ્રશ્નોનો હું એકજ વાક્યમાં નીકાલ કરી દઉં પુરુષો અને સ્ત્રીઓને માટે એક સંયુક્ત યુનિવર્સિટી કરવાને બદલે ખાસ સ્ત્રીઓને માટે એક અલગ યુનિવર્સિટી કરવાનું કારણ શું ? એના ઉત્તરમાં કહેવાનું કે એ પ્રકારની સંયુક્ત યુનિવર્સિટી કાઢવાને માટે હાલનો સમય પ્રત્યેક રીતે પ્રતિકૂલ છે અને સ્ત્રીઓ કેળવાતાં પુરુષોને લગતો પ્રશ્ન તો આપોઆપ ઉકેલાઈ જશે

સમસ્ત ભરતખંડનું એક્ય સાધવા જ્યારે પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે ગુજરાતને જોખું પાડવાની આવશ્યકતા શી ? એના ઉત્તરમા કહેવાનું કે જેમ એક ગુણી પુત્ર આખા કુટુંબને તારે છે તેમ તૈયાર થયેલુ ગુજરાત આખા ભારતખંડને તારશે.

સમસ્ત ગુજરાતની કન્યાકેળવણી હસ્તગત થાય અને આપણું અંતિમ ધ્યેય સિદ્ધ થાય એટલા સારૂ એનો અભ્યાસક્રમ જેવો વ્યાપક અને એનું બંધારણ જેવું તેવું પ્રતિજ્ઞાપાત્ર કરવાનું યોજવામાં આવ્યું છે કે જેથી કરીને બન્ને સર્વમાન્ય થાય.

આપણી સંસ્થામાં ધાર્મિક અને નીતિની બાબતપર ખાસ લક્ષ આપવાનો, માતૃભાષાદ્વારાજ શિક્ષણ આપવાની અને પરીક્ષાઓ ઉપાધિઓ અને અધિકારીઓની સંજ્ઞા વગેરેની બાબતમાં ઘણા સ્વદેશી નિયમનું પાલન કરવાની યોજના કરવામાં આવી છે

ગુજરાત દરસાલ છોકરીઓ પાછવાડી કેટલો ખર્ચ કરે છે ? ગુજરાતની વસ્તી અત્યારે એક કરોડ પચ્ચીસ લાખની છે. તેમાં ઓછામાં ઓછી પચ્ચીસ લાખ છોકરીઓ તો હોવીજ જોઇએ દરેક છોકરી પછાડીનો વાર્ષિક ખર્ચ ઓછામાં ઓછો રૂ. ૨૦નો ગણીએ (આ રકમ સાંભળીને આપને હસવું આવે તો પણ મે ઘણી જોઇને જ ગણવી રાખી છે) તો ગુજરાત પોતાની છોકરીઓ પછાડી દર વર્ષે ઓછામાં ઓછા ૫ કરોડ ખરચી રહ્યું છે. ગુજરાતે પરપ્રાંતોના ખોબલા ભરી ભરી પૈસા ટાંચ્યા છે તો શું આપણને એક વર્ષને માટે ૨. ૫૦ લાખ નહિ આપે ? અને તે પણ કોને માટે ? પોતાની છોકરીઓ માટે ? ”

તે બાદ એડવોકેટ શ્રી. મનહરલાલ ચોકસીએ વિદ્યાપીઠનાં બંધારણને લગતું વિવેચન કરતા એમાં ચાન્સેલર, વાઇસ ચાન્સેલર વગેરેને લગતી કેટલી કેટલી યોજના થશે, નીચામાં નીચા કેટલા વર્ષોએ વગેરેને લગતી સવિસ્તર વિગતવાર આપી હતી

વિદ્યાપીઠની 'સેનેટ'નાં બંધારણ સંબંધમાં બોલવા આપવા જણાવ્યું હતું કે

સેનેટમાં કોણ કોણ હશે અને કેવી રીતે ? અર્થાત્, તેનું બંધારણ શું ? ચાન્સેલર, પ્રો. ચાન્સેલર, વાઇસ ચાન્સેલર, પ્રો વાઇસ ચાન્સેલર, રેક્ટર, પ્રોક્ટર, વિગેરે અધિકારી પોતાના હોદ્દાની રૂએ તે સભાના સભ્યો બનાયે તે ઉપરાંત આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે ચાન્સેલરો અંતે હાજર રહી શકે નહિ તેથી તેમને બેઠક બેઠક પ્રતિનિધિ નીમવા અધિકાર આપવા યોજના કરવામાં આવી છે તેમ પ્રમાણે પોતાની બધી વિદ્યા સંસ્થાઓના મુખ્યાધિકારીઓ પણ પોતાના હોદ્દાની રૂએ સેનેટના સભ્યો બનાયે કારણ આપ સર્વે સમજી શકશો જ વિદ્યા-પ્રચારના પોતામાં તેના મુખ્યાધિકારીઓ જો સભ્યો ન હોય તો કેમ ચાલે ? ત્યાર પછી, પોતાની પ્રત્યેક શાખામાંથી બેઠક સભ્ય ચુંટાયેલ જે બીજા ૧૫ મુનીવર્સીટી આપણી સાથે સહકાર કરે તો તેમને બેઠક આપવા બે પ્રતિનિધિ ચુંટવાનો અધિકાર આપવા વિચાર છે કેટલીક ઓલ્ડ સંસ્થાઓને મતાધિકાર આપવો કે કેમ તે વિચારવું છે આ વિષય પ્રવર્તમાન પ્રથાની બહાર નથી. તે સંબંધમાં મારે જણાવવું જોઇએ કે અત્યારે કેટલાકનો મત એવો છે કે સંસ્થામાં બોજામા બોજ બેઠક (ઓ) સભ્યો હોય તેને જ મતાધિકાર આપવો ગુજરાત પ્રદેશમાં (ગુજરાત એટલે સુરત, ગુજરાત, કચ્છ અને કાઠીયાવાડ) જેટલી મ્યુનીસીપાલીટીઓ હોય તે મ્યુનીસીપાલીટીની વસ્તી પ્રમાણેના પ્રમાણમાં અમુક પ્રતિનિધિઓ મોકલી આપે તેમ પ્રમાણે, દેશી રાજ્યોના વિદ્યાધિકારીઓ અમુક સભ્યો ચુંટી કાઢે. હવે કેળવણી મંડળના સભ્યોનો વિચાર કરવાનો રહ્યો. મોટી રકમના દેવાના પ્રતિનિધીઓ તો 'ગોડ ઓફ મશનર' માં હોય અને તે ઘેર પોતાના હોદ્દાની રૂએ સેનેટના સભ્યો રહેશે એટલે પ્રશ્ન તો નાની રકમના દાતાર માટે જ રહ્યો તેમને માટે એમ વિચાર છે કે ૨૦ સન્નારીઓ અથવા બહરવો (રૂ ૧૦૦૦) અથવા વધુ આપે તે બોલા બે સભ્યો ચુંટી મોકલે તેમ પ્રમાણે (૫૦૦) અથવા વધુ આપે તે પણ બે સભ્યો ચુંટી મોકલે. મુળજ મુનીવર્સીટીના સ્થાપકો આ પીઠના પણ રજીસ્ટર્ડ ' પુજન ' (patron) થઇ શકે અને તેવા ' પુજન ' અમુક સભ્યો ચુંટી કાઢે હવે કુન્યા-કળોલ સંસ્થાઓના પ્રતિનિધિઓની વાત રહી. તેમને પણ અમુક સભ્યો ચુંટવાને અધિકાર આપવાની યોજના છે. દાખલામાં ' કો ઓપરેશન'ને અધિકાર આપવા વિચાર છે અને તેને માટે પણ યોજના છે ૨૦ સભ્યોનું કોમ બનશે. બધામાં એમ કહેવામાં આવશે કે દરેક સભ્યે આ પીઠ માટે બજારોના સોદામાં જેવા પડતી કારણ સમજવાની જરૂર પડે એમ નથી આવી રીતે મુકામેથી ' સેનેટને સર્વ કોઇ સ્વાધીન રહેશે.

આ પીઠ, મુખ્યત્વે કરીને, શિક્ષણ આપવાની યોજના કરે. તેમાં સાહિત્ય, કળા-કારીગરી-હુન્નર અને ઉદ્યોગ, વિજ્ઞાન, શિક્ષણ, ધર્મશિક્ષણ, વેદાંત, ધર્મ વિગેરે વિષયો ઉપર ઉચ્ચકોટિ શીક્ષણ આપવા ગોઠવણ કરી. અને તેને અંગે જે કંઈ કરવું પડે તે સર્વ કરી નિવાસ-ગૃહો બનાવવાં, વ્યાયામશાળા અને રમતગમત રાખવી તેને માટે એક અમલદારી નીમવી અને તેને ' પ્રોક્ટર ' હોદ્દામાં આપવી. વિદ્યાર્થીઓના નિવાસ-ગૃહો બધે તેની તેને માટે મજબુત બાંધણીના બનાવવાં.

ઘોલાકુવાની અનાથાશ્રમ પોતાના સ્થાપકના પ્રોત્સાહથી શ્રી રામકૃષ્ણ આશ્રમે પોતાના અનાથાશ્રમની કચેરીમાં હોતી હતી. શિક્ષણકાર્યમાં વિશિષ્ટ રસ ધરાવતાં બેનને, તેને લગતું વિવેચન કરવું હતું. વિદ્યાપીઠને. શિક્ષણ કામ ગુજરાતની પ્રજાને ઉપયોગિતે આવવું હોય અને અનાથ અને અનાથાને મુખ્ય પ્રેમ બને તેને. રાજવાળી કેળવણી કેવી હોવી જોઇએ તે અનાથાશ્રમના વર્ષ વિષયો, જે બંને વિષયોમાં ઘણાંજ ઊંડા વિષે

અને તેને લગતી સમજુતી તેમણે આપી હતી. શિક્ષણક્રમમાં ગુજરાતી ભાષા, બીજી ભાષા તરીકે અંગ્રેજી, ગણિત, ઇતિહાસ, ભુગોળ, શરીર શાસ્ત્ર, ગૃહ વીજ્ઞાન, ગૃહ વ્યવસ્થા, ગ્રીક હેન્ડ, ટાઇપ રાઇટીંગ વગેરે ફરજીયાત તેમજ ઐચ્છિક તરીકે રખાયા છે.

શ્રી વ્યોમેશચંદ્ર બનાર્જીન પાઠકજીએ વ્યવહાર દૃષ્ટિથી વિચાર કરી, નાણાંની આવશ્યકતા વીષે વિવેચન કર્યું હતું

તે બાદ, અમેરીકામાં લગભગ અઢી વર્ષ અભ્યાસ કરી આવેલાં કુમારી કપિલા ખાંડવાળા સહશિક્ષણમાં માનનારા હોવાથી, તેઓ એકલી સ્ત્રીઓ માટેની યુનીવર્સીટીને કેમ ટેકા આપી રહે એવી શંકા કરી, તેનું સમાધાન કરતાં જણાવ્યું હતું કે આપણે ત્યાં સ્ત્રીઓના શિક્ષણનો અભાવ છે, સારી સ્ત્રીશિક્ષણ સંસ્થાઓનો અભાવ છે એટલે કોઈપણ શિક્ષણની સંસ્થા ને આપણે વધાવી લેવી જોઇએ. શિક્ષણ વગર આપણે આગળ વધી શકીએ એમ નથી એ કારણે આ યોજનાને હું વધાવી લઉં છું સહ શિક્ષણની જરૂરીઆત વિષે તેમણે વાર મુકી, પશ્ચિમના દેશોમાં અપાતાં સહ શિક્ષણથીજ ઉદ્ધાર થયો એમ જણાવ્યું હતું તે બાદ તેમણે અમેરિકામાં બાલકોને શિક્ષણ કેવી રીતે અપાય છે તેની સમજણ આપી હતી છેક અઢી વર્ષના બાળકોથી માંડીને શિક્ષણની શરૂઆત થાય છે કીન્ડરગાર્ટન, મોન્ટીસોરી, નર્સરી ગ્રેડ વગેરે દ્વારા અપાતી શિક્ષણ પદ્ધતિ, ડોલ્ટન યોજના, ડાયરેક્ટ મેથડ વગેરે ઉપર તેમણે વિવેચન કરી, આપણે ત્યાં અપાતી કેળવણીની પદ્ધતિ સાથે તેની સરખામણી કરતાં જણાવ્યું હતું કે, અમેરીકાની પદ્ધતી બાલકોની શક્તિને વિકસાવનારી છે તેમજ આપણે ત્યાની વિદ્યાર્થીઓને કચરી નાખનારી છે ત્યાંની પરીક્ષાની પ્રથાનો પણ તેમણે ચીતાર આપી આપણે ત્યાની પરીક્ષાની પ્રથા ઉપર ટીકા કરી હતી.

જાણીતા શીક્ષણકારશ્રી **શ્રી હિંમતલાલ** ગણેશજી અંજારીયાએ ચારદાપીની યોજનાને વધાવી લેતાં, મુંબઈનુ શ્રી ગુજરાતી હિન્દુ બી વિદ્યાલય કાઢીને આ કાર્ય કરી રહ્યું હોવાનું જણાવ્યુ હતુ. તેમણે કહ્યું હતું કે ત્રણ વર્ષ આ વિદ્યાલયે પુરાં કર્યાં છે અને ચોથુ વર્ષ શરૂ થયું છે યોજનામાં જણાવ્યા પ્રમાણેનો એમા શિક્ષણક્રમ છે અને પદવીઓ પણ છે. હવે મંડળની પ્રવૃત્તિને વિશાળ રૂપ આપીને તેને જનતાદેર કરવાનો સમય આવ્યો છે તે બાદ તેમણે સ્ત્રીઓની યુનીવર્સીટીની આવશ્યકતા, ગ્રહેરોની છોકરીઓના સંસ્કાર ખીલવવા માટે હોવાનું, જણાવ્યું હતુ અને એમાયો શિક્ષિત થએલી બહેનો ધારશે તો ગામડાંઓની બહેનોની નીરક્ષરતા દુર કરશે એમ જણાવ્યુ હતું.

છેવટે દી.. બા. કૃષ્ણલાલ ઝવેરીએ આ યોજનાને મદદ આપવા માટે વ્યવહારૂ યોજના તૈયાર કરી, માર્ગમાં નડતી મુશ્કેલીઓના નીવારણ માટે કાર્યકર્તાઓ પગલા લે એવી આશા દર્શાવી હતી

આભારદર્શન બાદ સભા વીસર્જન થઇ હતી.

અસ્પૃશ્યતા ક્યાં છે ?

આખીય પૃથ્વીમા આ દેશ સિવાય બીજે ક્યાંય અસ્પૃશ્યતા નથી વેદ-સ્મૃતિમાં ક્યાંયે અસ્પૃશ્યતા નથી. ઇશ્વરની દૃષ્ટિમાં બધા માનવી સરખા છે પણ આપણે તો જેની સેવાથી આરામ ભોગવીએ છીએ તેનેજ અસ્પૃશ્ય બનાવી દીધા છે અને આશ્ચર્યની વાત છે કે જે સમાજને ભય સમાન છે એવાનુ તો કોઇ નામેય નથી લેતું.

['માનવધર્મ' વિષે ભાષણમાં]

વિદ્યાલક્ષ્મી પંડિત

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

હિન્દને કેવાં પ્રધાનું નવું રાજબંધારણ આપવું તેની ચર્ચા કરવા માટે લંડનમાં જે ગોળમેજી પરિષદો ભરવામાં આવી હતી. અને એ ત્રણ ગોળમેજી પરિષદોને પરિણામે હિન્દને હવે કેવી રીતનું બંધારણ આપવું, તેને લગતી ચર્ચા કરવા માટે, બ્રિટિશ સરકારે, પોતાની દરખાસ્તો ધરી કાઢી છે દરખાસ્તોને 'વ્હાઇટ પેપર' નું નામ આપ્યું છે મળ્યા તા. ૧૪ મી માર્ચે બરીને પ્રકટ થયો છે અને તે સામે આખા હિન્દમાં રોષની લાગણી ફરી વળી છે. વ્હાઇટ પેપરમાં સરકાર જે દરખાસ્તો મૂકી છે તે દરખાસ્તો પ્રમાણે, ના. વાઇસરૉય જનરલ અને ના. ગવર્નરોને અસાધારણ સત્તાઓ આપવામાં આવી છે અને રેલ્વે પ્રધાનો માત્ર નામના પૂતળાં રૂપજ રહે છે. જેમાં લોકોના મતાધિકારને લગતી જે લગતા રખાય છે તે પણ બધી પોકળકારભારી છે. સંયોજન સમિતિએ કરેલી અને સાયમન કમીશને કરેલી અસામણો, જે હિન્દીઓએ બંધારણને પણીજ અનુકૂળ લાગી હતી, કરતાં પણ આ દરખાસ્તો હલકરની ગોળમેજી પરિષદમાં ગએલા બે પ્રતિનિ લઈનો, શ્રીમતી નેયમ સાહનવાજ શ્રીમતી સુભારાવને જેનો વિરોધ કર્યો

સ્વાતંત્र્य સમામમાં નિર્ભળ બલિદાનો

૧૭૩૬	શ્રીમતી મૃદુલા	અમદાવાદ	—	
૧૭૮૦	,, એ. બહેન	,,	—	
૧૭૮૧	,, અંબાબહેન	મહેમદાવાદ	૭ માસ	
૧૭૮૨	,, દીવાળીબહેન	,,	,,	
૧૭૮૩	,, પનકમીબહેન	દાહોદ	,,	
૧૭૮૪	,, જમનીબહેન	પોપરા	—	
૧૭૮૫	,, હમીદાબહેન	,,	—	
૧૭૮૬	,, રોહિણીબહેન	,,	—	
૧૭૮૭	,, સખ્યાબાબી સેન	કલકત્તા	—	
૧૭૮૮	,, સુનીતિ દાસ ગુપ્તા	,,	ત્રણ માસ સજા	
૧૭૮૯	,, સુરાજબાદેવી	,,	—	
૧૭૯૦	,, મનીબાબાદેવી	,,	—	
૧૭૯૧	,, હેમાંગિની પોદ્દાર	,,	—	
૧૭૯૨	,, સુધાર મિત્ર	,,	—	
૧૭૯૩-૯૭	,, પાચબહેનો	આસો	—	
૧૭૯૮	,, પારેખરીદેવી	મીરા	૧ માસ સજા ૩૪ ,,૨૮ ૫૦ ૬૪	
૧૭૯૯-૧૮૦૧	શ્રીમતી ચાર બહેનો	પુરીયા	—	
૧૮૦૨	શ્રીમતી ગજુબાઇ	વર્ધા	૨૦ ૧૦૦ ઈંડ	
૧૮૦૪-૦૫	,, બે બહેનો	અમ્બેર	ત્રણ માસ સજા	
૧૮૦૬	,, વિદ્યાદેવી વર્મા	મુંબઇ	૧૮ માસ સજા, ૨૦ ૧૦૦ ૬૪	

અને ૧૪૩ હની નેતા ડૉક્ટર કિચલુ ગાંધીજી, નેહરુ, સરોજિની નાયડુ, મૌલાના શૌકત અલી, ડૉક્ટર અન્સારી, સી. રાજગોપાલાચારી, ડૉક્ટર મુંજે, ડૉક્ટર પરાંજપે, ડૉક્ટર કેલકર, ડૉક્ટર હર્ડીકર, ડૉક્ટર સુબ્બરાયન, શ્રી જયકર, શ્રી શ્રીનિવાસ શાસ્ત્રી, શ્રી સપ્રુ, શ્રી કુંજરુ, શ્રી ચિંતામણ, શ્રી કાળેલકર, શ્રી અણે, શ્રી જોશી, શ્રી ભોપટકર, શ્રી ભોપટકર, શ્રી ભોપટકર

મુંબાઇ :

મુંબાઇની વિધાનસભાનાં ૬૨મા પ્રમુખ શ્રીમતી ચિત્રાદેવી ચર્મા ને ગેરકાયદેસર સંસ્થાના સભ્ય હોવા માટે ૧૮ માસ સખ્ત કેદ, રૂા. ૨૦૦ દંડની સજા થઇ છે.

ગુજરાત-કાઠિયાવાડ:

માર્ચની તા. ૨૦ મી ને રોજ અમદાવાદમા કુમારી મૃદુલા અંબાલાલ સારાભાઇને ગિરફતાર કરવામાં આવ્યાં હતાં, તેમને બેલગામ જેલમાં પાછળથી લઇ જઇ તા. ૨૩ મીએ છોડયા છે અને બેલગામની મ્યુનિસિપલ હદ ન છોડવા હુકમ થયો છે.

અમદાવાદમાં મોમતીપુરમા આવેલી એક ચાલીમાં પોલીસે જડતી લેતાં બે રીવોલ્વરો મળી આવી હતી અને તેને અંગે એક બહેનની ધરપકડ કરી હતી

અમદાવાદ શહેર અસ્પૃશ્યતા નિવારણ સંઘની સભાએ અત્યજ ભાતાઓના લાભાર્થે રૂા. ૧૫૦૦ મંજુર કર્યા છે.

મહેમદાવાદ તાલુકામાં અધિકાર દિનને અંગે પકડાયલી શ્રીમતી ચંચળબહેન તથા શ્રીમતી દીવાળીબહેનને ૬ માસની સજા કરવામાં આવી છે દાહોદના પહેલા સરમુખત્યાર શ્રીમતી ધનલક્ષ્મી બહેનને ૭ માસની કેદની સજા થઇ છે. ગોધરામાં દારૂ તાડીની દુકાનોની હરરાજીને અંગે પહેલાના ૬૨ મા સરમુખત્યાર શ્રીમતી જયમતીબહેન દેસાઇ, કુમારી હમીદા બહેન અને કુમારી રોહિણીબહેનને ગિરફતાર કરવામાં આવ્યાં હતાં.

સ્વ. પંડિત મોતીલાલ નેહરૂનાં પુત્રી વિજયાલક્ષ્મી પંડિત અસ્પૃશ્યતા નિવારણને અંગે કાઠિયાવાડમાં પ્રચારકાર્ય અર્થે નીકળ્યાં હતાં. તેમણે અમરેલીમાં કાઠિયાવાડ સેવક સમાજના નેહરૂ આશ્રમનો પાયો નાખ્યો હતો. લીંબડી, રાજકોટ, ભાવનગર વગેરે સ્થળોની તેમણે મુલાકાત લીધી હતી

મુંબાઇ ઇલાકો :

શ્રીમતી કમળાદેવી ચટોપાધ્યાયને બીમારીને અંગે સજા પૂરી થતાં પહેલાં છોડી મુકવામાં આવ્યાં છે, તેઓ હાલ મદ્રાસમાં છે.

બંગાળ :

ટીપેરા જીલ્લામાં અત્યાચારી કાર્યમાં કાવતરૂં કરવાના આરોપસર ઉત્તર કલકત્તામાં કુમારી સુધારાણી સેનને ગિરફતાર કર્યાં છે. બંગાળ પ્રાંતિક મહાસભા સમિતિના કહેવાતાં સરમુખત્યાર શ્રીયુક્તા સુનીતિદાસ ગુપ્તા ને ૨૪ પરગણાના સોદપુર ખાતે પકડી ત્રણ માસ સખ્ત કેદની સજા કરી છે

કલકત્તામાં બોમ્બને લગતાં સાધને મળી આવવા સંબંધમાં શ્રીમતી સુશીલાદેવી અને તેમની પુત્રી શ્રીમતી મનીલાલા ઉર્ફે માયાદેવીને ગિરફતાર કર્યાં છે. એક ક્રાન્તિકારી શ્રી. સંતોષકુમાર ઘોષને આશ્રય આપવા માટે શ્રીમતી હેમાંગિની ઘોષ અને શ્રીમતી સુચારૂ મિત્રને ગિરફતાર કર્યા છે. બંગાળની જેલોના ઇન્સ્પેકટર જનરલ મી. રહીમસનનું ખૂન કરવા સંબંધમાં ગિરફતાર થએલ બિમલા શ્રીમતી હેમનલીનીને છોડી મૂકયાં છે

સંયુકત પ્રાંત :

શ્રીમતી કમળા નેહરૂની તબીયત હવે સંપૂર્ણ સુધરી ગઇ છે

ફેબ્રુઆરીની આખરે આગ્રામાં પાંચ બહેનો ગિરફતાર થયાં હતાં.

નાદુરસ્તીને કારણે અનારકલીની સેન્ટ્રલ જેલમાથી શ્રીમતી શાન્તિદેવીને છોડી મૂકયા છે.

મીરઠમાં સ્વાતંત્ર્ય દિનને અંગે ગિરફતાર થયેલા શ્રીમતી પરમેશ્વરી દેવીને ૬ માસ સખ્ત કેદ રૂ. ૫૦ દંડની સજા થઇ છે.

પ્રતીબંધ :

મુલીયામાં સરઘસ કાઢવા માટે ૪ બહેનો ગિરફતાર થયાં.

જંગલ કાયદાનો ભંગ કરવા માટે વર્ધાના સરમુખ્યાર શ્રીમતી ગંગતાબને રૂા. ૧૦૧ દંડની સજા થઇ છે.

અજમેરમાં બહિષ્કાર દિનને અંગે બે કાર્યકર્તા બહેનોને ત્રણમાસની સજા થઇ છે.

દિલ્હીની કન્યા શાળાનાં શિક્ષિકા શ્રીમતી સરસ્વતીદેવીને ૨૪ કલાકમાં દિલ્હી છોડી જવાની નોટીસ અપાઇ છે

કેનેડાની જેલમાં ૧૩ માસની સજા ભોગવી શ્રીમતી જયન્તી સુરમ્મા હાલમાંજ છૂટ્યાં તેમણે જણાવ્યું કે સજા થતાં તેમનાં બે બાળકો અને બીજાં ઘરેણાં જેલ સત્તાવાળાઓને રાખવા આપ્યાં હતા. તે છૂટકારા બાદ તેમને પાછાં આપવામાં આવ્યા નથી સવારે ૭ વાગ્યે તેમને છોડયા બાદ, બપોરના બે વાગ્યા સુધી તેમને જેલને દ્વાર બહાર રોકી રાખ્યાં હતાં. તે દરમ્યાન જેલ સત્તા વાળાઓએ તેમના ઘરેણાં શોધતાં છતાં પણ તે મળ્યાં નહિ. વળી આ ઘરેણાં ચોપડામાં નોંધવામાં આવ્યાં છે. છતાં તે મળ્યાં નથી એટલે તેમને ઘરેણાં લીધા વિના જેલ માંથી પાછાં આવવું પડયું છે

[તા. ૨૮-૩-૩૩

સાચી સેવા

માત્ર સરકારના કુકર્મોથી અસ્પૃશ્યતા દૂર નથી થતી. દરેક બી પુરૂષ પોતાના દિલથી અસ્પૃશ્યતા દૂર કરે ત્યારેજ તે દૂર થાય. સાચો મનુષ્યધર્મ શું છે ? કુ કહું છું કે સેવા જેણે સેવાને ધર્મ નહિ માન્યો હોય, તેની જીંદગી વ્યર્થ છે. સેવા તો અનેક રીતે થઇ શકે છે, પણ જેની જરૂરત સૌથી વધારે તે સેવા પ્રથમ થવી જોઇએ. એમ થાય તોજ સામાજીક ઉન્નતિ થાય.

[' માનવધર્મ ' વિષે ભાષણમાં] વિજ્યાલક્ષ્મી પંડિત



નાંધ

૧૯૭૨ ના જુનમાસમાં શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી હિન્દી ગુજરાતી સ્ત્રીઓની યુનિવર્સીટી ઉર્ફે કર્વે વિદ્યાપીઠના એકપક્ષી વહીવટ સંબધમાં અમે ચર્ચા શરૂ કરી હતી, તે પ્રસંગે ગુજરાતી સ્ત્રીઓ માટે ગુજરાત યુનિવર્સીટીનું સ્વપ્ન ખરું પાડવાના પ્રયત્નો આરંભવાની અમે વિનતિ કરી હતી એ પ્રયત્નોના આરંભનું ચિહ્ન ગયા તા. ૨૫ મીએ શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના આશ્રયે 'ગુજરાતી સ્ત્રીયુનિવર્સીટીની આવશ્યકતા' એ વિષય ઉપર થએલાં વ્યાખ્યાનો પ્રસંગે, અમને જણાયું છે. આ વ્યાખ્યાનોને લગતો વિસ્તૃત હેવાલ અન્યત્ર આપવામા આવ્યો છે, તે તરફ અમારા વાચકોનું તેમજ ગુજરાતી સ્ત્રીઓના સંસ્કાર અને શિક્ષણમા રસ લેતા સર્વનું અમે ધ્યાન ખેચીએ છીએ ગુજરાતી સ્ત્રીઓ માટે સારદાપીઠની આવશ્યકતા છે, એની ના કોઇથી પાડી શકાય એમ નથી એટલે શ્રી મનહરરામ મહેતાએ રજુ કરેલી 'ગુજરાતી સારદાપીઠ'ની યોજનાને, બની શકે તેટલી વ્યવહારૂ બનાવી, તે અમલમાં મુકી શકાય તે માટે સતત અને અવિરત પ્રયાસ થવાની જરૂર છે.

શ્રી. મનહરરામે રજુ કરેલી યોજના, એમનાં ભાષણ ઉપરથી લાગે છે તે પ્રમાણે, અત્યંત આકર્ષક છે; અને એવી રીતની સારદાપીઠ સ્થાપવા માટે હજી આપણને વર્ષો જોઇશે હા, એથી કાંઈ એ વિષે પ્રચારકાર્ય, સ્ત્રીનરૂપમાં, કરવાની જરૂરીઆત ઓછી થઈ શકતી નથી સૌથી પ્રથમ તો 'ગુજરાતી સારદાપીઠ'ની યોજના, ગુજરાતીઓ સમજી શકે, તે ઉપર વિચાર કરી શકે, તેને વ્યવહારૂ બનાવવાના પ્રયાસો થઇ શકે, એવાં સ્વરૂપમાં પ્રકટ થવી જોઇએ યોજનાની વિગતોમાં અત્યારે બહુ ઉંડા ઉતરવાની જરૂર નથી. ગુજરાતી સ્ત્રીઓ માટે, ગુજરાતીબાળાઓ માટે, ભાવિ સંસ્કાર સ્વામિનીઓ તરીકે, કેવાં અને કેટલાં પ્રકારનાં શિક્ષણની આવશ્યકતા છે, તેનો વિચાર કરી, તેની રૂપરેખા આપતી એક યોજના, સત્વર તૈયાર કરી, તે વિષે ગુજરાતના, અને ગુજરાત બહારના જાણીતા કેળવણીકારોના, ખાસ કરીને સ્ત્રીશિક્ષણના, વ્યવહાર ક્ષેત્રમાં રસ લેતા વિદ્વાનોના અભિપ્રાયો લેવાવા જોઇએ, અને તે પછી, તેઓના તરફથી થતી સૂચનાઓ વગેરેનો તેમા યોગ્ય તેટલે અંશે સમાવેશ કરી, એ યોજનાને અમલમાં મૂકવાના પ્રયત્નો આરંભવા જોઇશે આ કામ બોલવું આપવા જેવું કે આ લેખ લખવા જેટલું સહેલું નથી; એ કામ અત્યંત મુશ્કેલ છે. સૌથી પહેલી મુશ્કેલી નાણાંની અને તેથીય વધુ મોટી મુશ્કેલી સારા કાર્યકર્તાઓની છે. અમે તો એટલે સુધી માનીએ છીએ કે જો અત્યારે શુભ કાર્ય માટે, પ્રજાકલ્યાણના માર્ગ માટે, આજીવન કાર્ય કરનારા બેઠાક કાર્યકરો મળી આવે તો ગુજરાતમાંથી જોઇતાં કાર્યને માટે નાણાં મળી રહેશે.

સારા કાર્યકરોને પરિણામે આજે ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ, દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન, જેવી સંસ્થાઓ ઉભી થઇ શકી છે અને તેને નાણાની પણ સારી સહાય મળી છે, એટલે ગુજરાતી સારદાપીઠ માટે સૌથી પહેલી આવશ્યકતા, સંજીવન કાર્ય કરનારા બાહોશ કાર્યકરોની છે, છેલ્લા દશકામાં ગુજરાતી પ્રજામા જે વિકાસ થઈ રહ્યો છે તે ઉપરથી આવા કાર્યકરો મળતા પણ બહુ સમય નહિ લાગે એવી અમારી ધારણા છે

વ્યાખ્યાનોમા રજુ થએલી યોજના, તેનું બંધારણ, અભ્યાસક્રમ, વગેરે હજી પ્રાથમિક સ્વ-

રૂપમાં છે, માત્ર વિચાર પૂરતા છે એ યોજના કે અંધારણ કે અભ્યાસક્રમ છેવટનાં સ્વરૂપમાં હજુ થયા નથી. એટલે એ બાબત ઉપર અમે અત્યારે કશું કહ્યાં કરવા માંગતા નથી. અમે અત્રે એ સંબંધમાં પોતાના મહત્વની સૂચનાઓ કરીશું સારદાપીઠમાં અભ્યાસ કરી, નિષ્ણાત થએલી વિદ્યાર્થીનીઓ, શ્રી મનહરરામે જણાવ્યું છે તેમ, "ન નોકરી શોધતી મિલ્યુએટ ઓ" નહિ થાય, એની સાવચેતી તો અવશ્ય રાખવી પડશે ગુજરાતની અસ્મિતાને અળગે, ગુજરાતની સંસ્કાર-સમૃદ્ધિને દીપાવે, અને બીજાઓ માટે અનુકરણરૂપ જીવન જીવે, એની રીતે સારદાપીઠની વિદ્યાર્થીનીઓને શિક્ષણ અપાતું જોઈશે. તે સાથે; આજે ગુજરાતણ ઘરબાર'નો આદર્શ સેવતી થઈ, પોતાનાજ પગ ઉપર નિર્ભર થઈ રહેવા આવતી હોય, તો તે પ્રમાણમાંપણે અને નિખાલસ રીતે, પોતાનાં જીવનને નિખારી શકે, એવી પણ પીઠના અભ્યાસક્રમમાં યોજના થવી જોઈશે અને સૌથી મહત્વની વસ્તુ, જેના ઉપર શ્રીમતી રમણિકાબહેને ભાર મુક્યો હતો, તે અમુક વિષયોજ ઊંડાણ રાખી શકે, અમુક વિષયો તો ઉપરઝોનેજ ગમતા. એવા વિચારને તિલાંજલિ આપી વિદ્યાર્થીનીની રુચિમાં આવે તે વિષય, તેને તેમાં રસ હોય તો, તે શીખી શકે એવી યોજના પણ થવાનો આગ્રહરાખે છે. અને ગુજરાતણ પોતાનાં સંતાનોને, જગત સમસ્તની સમજણ, મોજ-શોખ હશે રહેતાં જોવાને સહજાત આતુર રહેતી આવશે, પોતાનાં સંતાનોને જેવાં બનાવવાનો યોગ્યતા પણ આજે ગુજરાતણને મળતી જોઈશે, આ બાબતનો પણ પીઠની યોજનામાં ખ્યાલ રાખવાની જરૂર છે આ અને આવા આવા અનેક પ્રશ્નો આ પ્રવૃત્તિની સ્થાપિ અને ઉકેલ કરશે, અને તેના ઉપર યોજનાના સંચાલકોને સતત વિચાર કર્યે રાખવાનો છે. અત્યારે તો અમે, આ વિષયમાં વધુ ચર્ચા કરતા નથી, જ્યારે 'ગુજરાતી સારદાપીઠ' ની યોજના મોજૂદ સ્વરૂપમાં આવ પડશે, ત્યારે તે ઉપર વિવેચને કરીને ચર્ચા કરીશું અત્યારે તો આ યોજના વિષેનો આપ એક વિચારજ રજુ થયો છે એ વિચારને ગુજરાત વધાવી લે, તેવી આશ્રહભરી વિનંતિ કરવાની સાથે, અમે યોજનાના સંચાલકોને એક વિનંતિ કરીશું કે યોજનાને સત્વર અમલદાર રૂપમાં તૈયાર કરો, અને સૌથી પ્રથમ, ગુજરાતની શૈક્ષિણક સંસ્થાઓ પાસેથી એના ઉપર વિચારો મંગાવો જોઈએ, એ સંસ્થાઓ, શૈક્ષિણકનાં કાર્યમાં પડેલી હોવાથી, તેઓને એનો સ્વાનુભવ છે. તેમનો સ્વાનુભવ આ દિશામાં ઉપયોગી થયા વિના નહિ રહે અમારું સ્વપ્ન ખરે પાડવાની આ યોજનાને અમે અમારો હાર્દિક ટેકો આપીએ છીએ

પ્રાચમલ સ્વરથી દાઝીને બળી મરવાના
બનાવો મુંબઇમાં વસતી
છવસેવ સ્વરૂપ ગુજરાતી બહેનોમા વધુને
વધુ પ્રમાણમાં બનતા જોઇને

અમને પત્રોજ ઘેા થાય છે સ્વરના વપરાશને જરૂરતા હેઠેા આપીને, એના વપરાશ માટે જોઇએ તેટલી કાળજી રાખવાની વારંવાર સૂચનાઓ કરીને અને તે છતાં પણ ને, એવી સાવચેતી રાખવામાં જો એમ ન હોય તો સ્વરનેા વપરાશ બંધ કરવાનુ જણાવીને અમે વારવાર આ આકરમાતેા, ગુજરાતી બહેનોનાં કરુણ અવસાનેા અટકાવવા વિનંતિ કરી રહ્યા છીએ છતા અકસ્માતેા તો થયે જ જાય છે 'જીવનમાં' નાં પાનાંમાં 'સ્વર-સગડીના ઉપયોગ' ને લગતેા બાર અમારે કાંઇ અંકમા ન આપવેા પડયેા હોય એવુ બન્યુ નથી જોઇએ તે, એવા અકસ્માતેા વિનાનેા એક મહિનેા પણ મુંબઇમાં ગયેા નથી આ વસ્તુ મુંબઇમાં વસતા ગુજરાતીઓ માટે ખરેખર શરમ ભરેલી છે

મુંબઇના કારોબાર, આખી, મુંબઇના ગુજરાતીઓ ઉપર મીટમાંડ, તેમને માટે અનુકરણરૂપ થવા પ્રયત્ન સેવતા હોય અંશે કારોબાર જવાબદાર છે આ અકસ્માતો મુંબઇના 'ગુજરાતીઓને કારોબારે કરેલી ભીંત અપીલ અમે પ્રગટ કરી છે, અખબાર પણ એમને એ એવી અપીલ કરી હતી; અને તે પણ અમે પ્રગટ કરી હતી ભીંત અપીલમા કારોબારે, કેટલાક બનાવો વર્ણવ્યા કે આપઘાત ના કોચાનો ખ્યાલ કર્યો છે અમે વારંવાર એ બાબત તરફ ધ્યાન દોરેલું છે કે, સ્વરના અકસ્માતો કરતા કેટલા બનાવો આપઘાતોએ વધુ કોચાનેા સુલભ છે બને, એ બનાવો આપઘાતે કેમ તો તે બાબ ગુજરાતીઓને ખોપરુ સરખુંય નથી. આ વસ્તુ

સ્થિતિ નિવારવા માટે બનતાં પગલાં લેવાવાની જરૂર છે.

શ્રી ગોરેગાવની આગેવાની હેઠળ, સેક્રેટરીશ્રી એસોસીએશનની મુંબઇની શાખા તરફથી ગઇ તા ૨૪ મીએ એક પ્રતિનિધિમંડળ મુંબઇના મેયર અને મ્યુનિસિપલ કમીશનરને મળ્યું હતું. અને તેણે. સ્ટવના દુરૂપયોગથી સર્જાતી રહેલી બાબત તરફ ખાસ ધ્યાન ખેંચી ગુજરાતી બહેનોમા થતાં આવા કરૂણ મૃત્યુઓ અટકાવવા વિનંતિ કરી હતી મેયર અને મ્યુ કમીશનરે મુબઇના જુદા જુદા સામાજીક સુધારકોને સેક્રેટરીશ્રી એસોસીએશન સાથે મેળની આપવાનુ વચન આપ્યુ છે અને તે પ્રસંગે, સ્ટવનો ઉપયોગ કેવી રીતે કરવો, તે શીખવવા માટે તેમજ અકસ્માતો અટકાવવા માટે શાં પગલાં લેવાં તેની ચર્ચા કરવાનું જણાવ્યું હતું

આ પ્રયત્ન કરવા જેવો છે એની ના કહી શકાય એમ નથી. પણ મુખ્યત્વે ગુજરાતી બહેનોમાંજ આવા અકસ્માતો થતા હોવાથી, ગુજરાતી બહેનોને સ્ટવના વપરાશ સંબંધમાં વિશેષ જ્ઞાન આપવાની જરૂર છે ગુજરાતીભાષામા શ્રીમતી દીવાળીબહેન રાઠોડે સ્ટવના વપરાશને લગતી પુસ્તિકા લખેલી છે અને તે સચિત્ર રૂપે પ્રકટ થઈ છે એનો પ્રચાર જેમ બને તેમ મોટા પ્રમાણમાં થાય એવુ કરવાની જરૂર છે બીજી જરૂર ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ જેવી સંસ્થાઓએ સ્ટવના વપરાશ સબંધમાં પ્રયોગસહિત વ્યાખ્યાનો ગોઠવવાની, જરૂર છે ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળનાં મંત્રીઓને અમારે વિનંતિ છે કે તેઓ બાર નહિ તો મહિનામાં એકાદ દિવસ માટે પણ આવા સપ્રયોગ વ્યાખ્યાનની યોજના કરે સ્ટવના કટા કયાં સાધનો, કયા પ્રકારનો સ્ટવ, વાપરવામા સારો, સ્ટવ રાખવાની યોજના કેવી હોવી જોઇએ, વગેરે બાબતો, વારવાર આપણી ગુજરાતી બહેનોના મન પર ઠસાવવાની જરૂર છે અને માત્ર મંડળના હોલમાંજ આ વ્યાખ્યાનોની યોજના કરી બેસી ન રહેતાં, ગુજરાતી બહેનોની વસતી વાળા વિસ્તારોમા કે વાડીઓમા, આને લગત શિક્ષણ આપવાની યોજના મંડળે કરવાની જરૂર છે મંડળે આ પ્રવૃત્તિ સત્વર હાથ ધરી લેવી જોઇએ એવી અમારી માન્યતા છે.

તિરસ્કારો નહિ

હું હિન્દુધર્મની અભ્યાસી નથી. પણ હું જાણું છું ત્યાં સુધી હિન્દુધર્મે સૌ કોઇને અપનાવ્યા છે–તેમાં સર્વ વિચારનાને સ્થાન છે. પણ આજે તો હિન્દુધર્મ એવો સાંકડો બની ગયો છે કે એના અનુયાયીને જ પરધર્મનો આશરો શોધવો પડે છે. આ સ્થિતિ ચાલુ રહે તો ભાવિ તો એવુ દેખાય છે કે હિન્દુધર્મનો કોઇ અનુયાયી નહિ રહે રહેશે માત્ર આપણી મૂર્ખતાની કથા. હું તમને પૂછું છું કે તમે પશુને, કુતરાને પાળો છો, તેને પ્રેમ કરો છો, તો પછી માત્ર બગી આપણને જોઇ કે તે આપણે ત્યાં આવે તેમાં અભડાઇ જાઓ છો ? હું નથી કહેતી કે તમે તેની સાથે ખાઓ. માત્ર તમે તેને તિરસ્કારો નહિ. તમારી સેવા કરનારા એ બાંધવ બહેનોને પશુથી નીચાં ન માનો.

['માનવધર્મ' વિષેના ભાષણમાં] વિદ્યાલક્ષ્મી પંડિત

Crown Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમીનીઅમના વાસણો.

પ્રમાણભુત ચોખ્ખા એલ્યુમીનીઅમમાથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે.



કેટલાક કહેવાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ ગપગોળા હાકે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
"એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે"

પરંતુ

હિંદના મહાન રસાયણ શાસ્ત્રી—
આચાર્ય પ્રફુલ્લચંદ્રરાય શુ કહે છે ?
'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયા મારા ઘરમાં કામમાં તુ એલ્યુમીનીયમના વાસણો વાપરુ છુ રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી. ઉલ્ટુ મારી વાત એ છે કે તાંબા પિતળના વાસણો કરતાં આ વાસણો વધુ સગવડ ભર્યા છે
પી સી. રાય

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

કારખાના તથા શાખા
હેડ ઑફીસ ૧૧ કલાઈવ સ્ટ્રીટ કલકત્તા. કલકત્તા, મુબાઇ, મદ્રાસ, રંગુન



ચિત્રકાર '] મારવાડની મહિલા [રા. બ. ધુરંધર

" શારદા "ના સૌજન્યથી



ગુણસુંદરી
અને સ્ત્રીહિતોપદેશ

પુસ્તક ૨૦ મું] મે ૧૯૩૩ [અંક ૩ જો

ચિતોડની વીરાંગના

જેહી અગાસીએ આજે અપ્સરાગણ જોડિની
વીરતાની પ્રતિમા એ મહારાણી ચિતોડની

વ્હાલા જતાં રણમહીં સુકુમારવામા
ગર્વેથી ગુંજી ગુથતી મૃદુ પુષ્પમાળા;
ત્યા સાંભળ્યું પ્રિય પતિ પકડાઇ જાયે
મેવાડી સૈન્ય સરદાર હિણું હણાયે.

હાયકારા, અરેરાટી અને આસુ પડ્યા નહીં
દૃઢ ચિત્તે લીધું ધારી ઝુકાવા જંગની મહીં

"મરવુ કે મારવું ટેક એ મર્દની
હાય ! હે ઉદયસિંહ ! તેં શુમાવી
પત્ની કાયર તણી સમરમા જેલીને
સમ પાતાળ હ્રદ ખળભળાવી."

અબળા બોલતી એવું, ક્રોધમાં કેશ છોડીને
રૂદ્રચંડા થઇ રાણી, તાતી ધારી ભવાનીને.

તેજ તોખાર જોનો હણહણી ઉછળે પેખતા ચંડિકાને
કલ્લોલદ્યી કાળીદેવી શિર ચડી શુકનો અર્પતી કાલિકાને
સૃષ્ટિની શક્તિદેવી સુરગણ નિરખે પુષ્પની વૃષ્ટિ થાય
આર્યાની વીરતાએ અમર તપી રહો આર્ય ભોમે સદાય.

પડઘીઓ વાગતા ધરતીએ ધમધમે
રગરગે જોમ મારે ઉછાળા
પુરપાટે પ્રલયકાળ દેવી ધસે
પેખી શરમાય મર્દો મુછાળા.


નયનમાં શરમના શેરડા ફુટતા
છુટતા શૌર્યના ત્યા ફુવારા
રોમરોમેથી અંગાર તણખા છુટે
ગર્જી વર્ષાવતી વજ્રધારા.

" બાયલા સૈનિકો યુદ્ધથી શું ફરો ?
શું ડરો ? માતની કુખ લાજે,
કરી યાહોમ બસ ઝુક પડો જંગમાં
પ્રાણ કુરબાન છે માત કાજે. "

હસતા સૈન્યમાં વીરતાનું નવું જોમ વીરાંગનાએ પ્રકટાવ્યું
ખેલ ખાંડાના ખેલાય તમંચા ને તોપથી ઘોર ધીંગાણ જમાવ્યું.
પોણારા દે ચાલી સૈન્ય પેખી મહિષાસુર મર્દિનિનો મદ ત્યાજે
વિજય ઘોષણાના જો દુદુંભિ દશે દિશ આજ "વીરા"ના જો ગાજે.

માતૃભૂમિ માટે મરણને મુઠ્ઠીમા રાખી
લુંટાતી લાજ માની વીરરમણિએ જુઓ રાખી
નથી " વીરા " હવે રહોયે હજુએ જીવતી ભાસે
સુવર્ણાંકિત તેનું નામ શોભે આજ ઇતિહાસે

—પ્રાણશંકર જગજીવન બધેકા



કહેનાર: શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક

આપણે ઘણાને બોલતા સાંભળીએ છીએ કે ચાલુ જમાનો સ્ત્રીઓનો છે, હાલ સ્ત્રીઓનો યુગ ચાલે છે, વગેરે. અવા વાક્યો માત્ર સ્ત્રીઓ સબંધીજ બોલાતાં નથી. ચાલુ જમાનાને આજ રીતે પ્રસંગોપાત્ત ઘણા જુવાનોનો યુગ અને કેટલાક બાળકોનો યુગ પણ કહે છે. આવાં અતિ પ્રચલિત વાક્યો, સામાન્ય બોલવાચાલ કે કહેવતોની પેઠે, બારીકીજ વિચાર્યા વિના ગ્રહણ કરવા યોગ્ય હોય છે, પણ તે સાથે કહેવતો કે બોલવાચાલની પેઠે તેમાં સત્ય પણ ઘણે ભાગે હોય જ છે.

ખરા રીતે સમય ઉપર કોઇની માલીકી કે સત્તા હોતી નથી. કાલ કોઇનો નથી. આ વાક્યો બોલાય છે તે જુદા અર્થમાં. આપ જુમાં સામાન્ય કહેવત પ્રચલિત છે કે ' પાળે એનો ધરમ ને મારે એની તલવાર ' તેમ આપણે કહી શકીએ કે કામ કરે એનો સમય છે. એને. અર્થ એવો નથી કે આજ સુધી સ્ત્રીઓએ કામ કર્યું જ નથી, અને અર્વાચીન સમયમાં જ તેમને કામ કરવાનું મળ્યું છે સ્ત્રીઓએ હંમેશાં કામ કર્યું છે સમાજજીવનમાં પણ અગત્યનું કામ કર્યું છે. માત્ર હવે તેમને કામ કરવાને નવાં ક્ષેત્રો મળ્યાં છે, નવી દિશાઓ મળી છે અને એ તરફ તેઓ કામ કરે છે અથવા તેવી એ દૃષ્ટિથી આ જમાનો સ્ત્રીઓનો છે એમ કહી શકાય. આ વસ્તુ આપણે જરા વિસ્તારથી વિચારીએ

પ્રાચીન કાળમાં સ્ત્રીઓ ઘણે ભાગે ઘરનું કામકાજ કરતી અને બાળકોને ઉછેરતી બહોર જીવનનો કોઇ કોઇ અપવાદો બાદ કરતાં તેને કશો ભાગ ન મળતો. બહોરજીવનમાં માત્ર પુરુષોજ રહેતા, તેમાં સ્ત્રીની સલામતી નહોતી અને એ વખતે સ્ત્રીપુરુષોનો સબંધ એટલો સંસ્કારી નહોતો. આ સ્થિતિ સ્ત્રીઓને બાબ અન્યાયી હતી એમ કહેવાનો અર્થ નથી. જો કે અત્યારે એ સ્થિતિના અવશેષો નથી દેખાતા છે, ત્યાં સ્ત્રીઓને અન્યાય થાય છે તેમાં શંકા નથી બાબ, અન્યાય માણસના સામાન્ય વિકાસના પોરણેજ બાપી શકાય એ સમયમાં સ્વાર્થમાં પકડાયેલી સ્ત્રીઓના વિજેતાઓ સ્વામી બનતા, તો પકડાયેલા પુરુષો ઘણે ભાગે કતલ થતા અને બચતા તેને ગુલામો કરી વેચતા, એટલે એ સમયનાં નીતિના પોરણો જ એવાં હતાં.

પણ એ સમયમાં પણ સ્ત્રીઓ સમાજમાં પણું અગત્યનું કામ કરતી, ઘરનાં કોરકીસરનું કામકાજ રાંધણીયાની દેખરેખ, કાણોપાણી, રાંધણ-દીધણ અને સોગી મહત્વનું તો બાળકોઢેર એ કામો સ્ત્રીઓ કરતી. તેમનું જીવન સર્વદા બધું અને ઉલ્લાસમય હતું. કેટલીક સ્વાધીન સ્ત્રીઓમાં તો પુરુષ સમાજ સિવાયના પ્રસંગે બાળકો જેવી રહેતી અને એ જ પ્રકારે કામકાજ કરતી

* શ્રી ગુજરાતી હિંદુ સ્ત્રીઓની સભાસદ બહેનોને કહેવાને બનાવેલ. લેખ

જમાનો બદલાતાં આ બધાં કામકાજ ધીમે ધીમે વધતાં ગયાં, મોટાં શહેરો થતાં ગયાં, મોટાં શહેરો થતાં ઢોરઢાંખરનું કામ જરૂ રહ્યું સંચા થતાં કાતવાનું કામ ગયું. દળવાનું, છડવાનું પણ બધ થયું. અને આ બધાને બદલે તેને કશુ જ બીજું કામ મળ્યું નહિ.

પણ એથી એ વધારે મહત્વનો ફેરફાર તો બીજી રીતે થયો અને થાય છે બહુ પ્રજત્વ સમાજવિરોધી ગણાયું, એટલે પ્રજનન અને પ્રજાસવર્ધન જે એનો ઘણો વખત લેતું હતું તે પણ ધીમે ધીમે ઓછું થવા લાગ્યું, ઇંગ્લંડ અને ફ્રાન્સ વગેરે દેશોમાં આ સ્થિતિ પહેલી આવી આપણે હિંદમા આ સ્થિતિ હજી નથી આવી. પણ આ વિષેના વિચારો અત્યારે એટલા પ્રચલિત થયા છે, કે એ સ્થિતિ આપણે ત્યાં આવશે એમાં પ્રશ્ન નથી. કેવી રીતે આવશે એટલો પ્રશ્ન છે. બીજી તરફથી સ્ત્રીઓ જીવન પર્યંત કુમારિકા રહી શકે એ સ્વીકારાવા લાગ્યુ. એ રીતે સમાજમાં સ્ત્રીઓના કામમાં, તેની સ્થિતિમાં, અને તેના તરફની દૃષ્ટિમાં ઘણા મોટા ફેરફારો થયા, અને તે સાથે સ્ત્રીઓના હકોનો પ્રશ્ન આગળ આવ્યો.

આ ઉપરથી જણાશે કે સ્ત્રીઓએ જાહેર જીવનમાં પ્રવેશ કરવાનો પ્રશ્ન તેનાં પહેલાંનાં કામો ઘટી જવા સાથે સબધ ધરાવે છે. આપણામાં કોઈ સુધારાનો ઘણીવાર એવો અર્થ થતો કે પુરુષો જે જે કામો કરે તે તે કરવાનો તેને હક્ક હોવો જોઇએ, અને તેમાં પણ હકનો અર્થ, સ્પષ્ટ રીતે નહિ તો અસ્પષ્ટ રીતે, ભોગવિલાસો ભોગવવાને હક્ક એવો થતો. પુરુષો બજાર કરે છે, ટેનિસ રમે છે. નાટક જોવા જાય છે, મિત્રોમાં ભળે છે, તો સ્ત્રીઓને એ હકક શા માટે નહિ ? હકની દૃષ્ટિથી વિચાર કરનારો દોષ તો હકની ના પડાય તેમ નથી. એ હકની હા પાડવામાં કયવાવું પણ ન જોઇએ. પણ વક્તવ્ય એ છે કે ભોગવિલાસનો હકક એ જીવનમાં ખરું રહસ્ય નથી પણ કામ કરવાનો અવકાશ અને કામ કરવાની અનુકૂળતા એ મુખ્ય વસ્તુ છે. જીવનમાં વધારે સમય ટકી રહે ને ઓસરે નહિ એવો રસ કામ જ પૂરી શકે છે, ભોગવિલાસ નહિ, ને કે ભોગવિલાસ માણસ જાતને હમેશાં મોહક અને આકર્ષક રહ્યા છે.

કામ કરવાની ઇચ્છા વ્યક્તિ ઉપર આધાર રાખે છે પણ કામ કરવાનો અવકાશ મળવો અને તેની અનુકૂળતા અને અવકાશ મેળવતાં સમાજની બાહ્ય સ્થૂળ રચના અને તેની આંતર વિચારસૃષ્ટિ બન્નેને જુદી રીતે ગોઠવવાં પડે છે. માણસ જાતમાં વ્યક્તિને અને તે કરતાં વિશેષ સમાજને, નવી ગોઠવણનો ઘણો જ કંટાળો છે, એટલી તેના સ્વભાવમાં કોઇક જડતા રહેલી છે, અને તે જડ વસ્તુની પેઠે જ નવાં બળો સામે વિરોધ કરે છે. આ જડતા સામે માત્ર તપોબલ અને તિતિક્ષા જ કામ કરી શકે છે. તપથી અને તિતિક્ષાથી જડ સમાજ જાગૃત થઇ નવી વ્યવસ્થાને અભિમુખ થાય છે અને ધીમે ધીમે પછી નવી વ્યવસ્થા કરે છે.

ઇંગ્લંડનો સ્ત્રીવાતંત્ર્યનો ઇતિહાસ જોઇશું તો આ બાબત સ્પષ્ટ થશે આ ઇતિહાસ વીસમીસદીનો જ છે + ઇંગ્લંડમા ૧૯૦૩ માં સ્ત્રીઓનો સામાજિક અને રાજ્ય-પ્રકરણી સમાજ (Women's Social and Political Union) સ્થપાયો અને પછીનાં થોડાં વરસોમાં જ મિસીઝ પૅંકહર્સ્ટની

+ આ ઇતિહાસનો બાગ એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા વૉલ્યુમ ૨૭ પૃ. ૭૧૦-૭૧૧ ઉપરથી આપેલો છે.

આગેવાની નીચે સશસ્ત્રની બ્યૂહરચનાનો વિકાસ થયો.

તેનો ખરો વિકાસ ૧૯૦૬ માં લિબરલ પક્ષ સત્તામાં આવ્યો ત્યારે થયો આ સમાજે જોયું કે સરકાર પોતે પ્રજાનું સેવક છે તેમની હીલચાલનો આધાર છે એક સભામાં ચિટાગેલ પૅકહર્સ્ટે અને જૂની કેનેડીએ નવી સરકારને પૂછયું કે અમારા ધ્યેય બાબત તમારો શો અભિપ્રાય છે એમના તરફ વાજબી પ્રશ્નનો જવાબ આપવાને બદલે તે બન્ને છોકરીઓને પકડાવીને બહાર રસ્તા ઉપર કઢાવી દેવરાવી. અને જ્યારે તેમણે તિરસ્કાર દર્શાવવા સભા ભરી ત્યારે રસ્તામાં હરકત કરવાને માટે તેમને ગિરફતાર કરી અને દંડ અથવા કેદની સજા કરી બન્નેએ કેદ ભોગવવી પસંદ કરી. આ ઉપરથી લોકોમાં ઉહાપોહ ચાલ્યો તેથી બીજાના પ્રશ્નને સારી બદ્ધેરાત મળી તે પછી 'સશસ્ત્ર બીજાએ' પ્રધાનોને હેરાન કરવાની અરજી કરવા પાર્લામેન્ટ ઉપર કૂચ કરવાની અને મંડળો દ્વારા રજુઆતો કરવાની પદ્ધતિ અખત્યાર કરી અને તેથી સમાજમાં સંક્ષોભો અને ગિરફતારીઓ થઈ. આવા પ્રસંગે પ્રસંગે તેમના સમાજનું જોર વધતું ગયું.

૧૯૦૬ પછી આ હીલચાલ વધારે જોમ મેળવતી ચાલી. વરસતે વરસાદે ૩૦૦૦ બીજાએ 'કાઉન્સિલ' કરી. આ પક્ષના નેતાઓએ બધી કુનેહથી પોતાની બદ્ધેરાત કરવાનું ચાલુ રાખ્યું. તેમણે જમીન ઉપર ચાકથી લખ્યું કે આજુ બાજુ પાદરિયાની બદ્ધેરાતો સદા સરખસો કાઢવા. શેરીઓમાં પોતાનાં વર્તમાનપત્રો વેચ્યાં, ક્રિયાને આમંત્રણ પિોસ્ટિંગ કર્યું અને શેરીઓમાં બદ્ધેરાતોનો વરસાદ વરસાવ્યો.

આ બધી હીલચાલ સરકારને વશમી પડી. વડો પ્રધાન ઑસ્કિવથ તેમની વિરુદ્ધ હતો, તેણે નમતું ન આપવાનો નિશ્ચય કર્યો. 'સશસ્ત્ર બીજાએ' જેમ માર્ગ લીધો, અને જેલમાં જઈને પણ પોતાનો વિરોધ બતાવવો જારી રાખ્યો. તેમણે આહાર તજ્યો, અને બળાત્કારે ખોરાક આપવાના કુ ખરાબ પ્રયત્નો પછી સત્તાધારીઓને તેમને છોડી મૂકવાની ફરજ પડી, છતાં સ્થિતિ સુધરી નહિ. બીજાને મતનો હક્ક આપવાના બાબતી બિલો પેશ થયાં પણ અનેક પ્રયત્નો છતાં લિબરલ સરકારે પકડેલી હઠ છોડી નહિ. પછી 'સશસ્ત્ર બીજાએ' બળજબરીનાં અને મિલકત નાશ કરવાનાં તોફાનો શરૂ કર્યાં લિબરલ સરકારે તેને દાબી દેવાને દમનના સખ્ત ઉપાયો યોજ્યા. તેણે કેદીઓ સંબંધી નવો કાયદો કર્યો જે મરકરીની બાબામાં 'ઉંદર બિલાડી'નો કાયદો કહેવાતો. આ કાયદાથી બતાદારને લીધે જે કેદીને છોડી મૂકવો પડયો હોય તે બહાર નીકળીને સામે થતાં તેને પાછો પકડીને જેલમાં મૂકી શકાતો. આ કાયદા પ્રમાણે મિસિસ પૅકહર્સ્ટ જેને ૧૯૧૩ માં બબ્બે માસની સજા થઈ હતી, તેને આઠ વાર કેદમાં પૂરી હતી, જે કે તેમ છતાં તે પહેલું વરસ માત્ર ૩૯ દિવસ કેદમાં રહી હતી.

આ તોફાનો કરવાની પદ્ધતિ આપણે વખાણી શકતા નથી. બલબત બીજાએ સહન બહુ કર્યું અને તેથી તેમનો પોતાનો પક્ષ મજબુત થયો પણ આ તોફાનોથી બદ્ધેરાતના સદ્વિષય કાયદાથી કંઈ વિરોધ બચ્યું ન હોતું. તેમને મતનો હક્ક મળ્યો તે બીજી જ રીતે અને તેમાં જ વિજયનું ખરું રહસ્ય રહેલું છે.

૧૯૧૪ માં યુરોપનો મહાન વિગ્રહ શરૂ થયો. આથી બીજાની લડાઈ અમુક

વખત બધ રહી. પણ એ બંધ રહી એ દરમિયાન જ તેમના પક્ષનો ખરો વિજય થયો. સ્ત્રી-હકના પક્ષકારોએ લડાઇ છોડીને દેશને તેના અટોકટીના સમયમાં મદદ કરવાનું હાથમાં લીધું. મિસિઝ ફૉસેટે પોતાની અનુયાયીઓને સંદેશો મોકલ્યોઃ "આપણા હકનો સ્વીકાર થાય કે ન થાય, પણ આપણે નાગરિકતાના હકને લાયક છીએ એમ એકવાર સાબીત કરી આપવા દો." સ્ત્રીહકનાં પક્ષકાર કેટીઓને મારી મળી અને સ્ત્રીઓનો સામાજિક અને રાજ્યપ્રકરણી સંઘ બધ પડ્યો. તેમના પ્રજાકીય સંઘે અનેક પ્રકારનાં સેવાનાં કામો એક વ્યવસ્થિત મંડળ તરીકે હાથમાં લીધાં.

થોડો સમય એમ લાગ્યું કે જાણે સ્ત્રીઓનો પ્રશ્ન વીસરાઇ ગયો છે. પણ સ્ત્રીઓએ લડાઇના કામમાં જે મદદ કરી તેમાં સ્ત્રીઓની અણધારેલી એટલી બધી શક્તિ બહાર આવી કે જાહેર પ્રજામત તેમના લાભનો થઇ ગયો. ૧૯૧૬માં પ્રસંગ આવતાં સ્ત્રીઓએ પોતાના મત આપવાના હકની માગણી કરી અને એજ ઍસ્કિવથે તેમને માટે કાયદો પસાર કરવામાં અનુકૂળતા કરી આપી. ૧૯૧૮માં સ્ત્રીઓને મત આપવાના હકનો કાયદો બન્ને હાઉસમાંથી પસાર થઇ ગયો.

હિન્દુસ્તાનમાં સ્ત્રીઓએ આવા કોઇ મહાન વિગ્રહની રાહ જોવી પડે એમ નથી. હિન્દુસ્તાનમાં કામ કરવાનાં એટલાં બધાં છે કે જરા પ્રયત્ન કરતા તે હાથમા આવી જશે. ભૂતકાળમાં 'અમે તે હતી પણ અત્યારના સમયને અંગે જરૂર કહી શકીએ કે અત્યારે સ્ત્રીઓને કામ મેળવવામા બહુ મુશ્કેલી પડે એવું નથી. અત્યારે જાહેર કામ માથે લેવામાં સમાજના વિરોધની મુશ્કેલી કરતા પોતે તૈયારી કરવી એ મોટી મુશ્કેલી છે. અલબત અંત્યજ ઉદ્ધાર જેવા કામમાં સમાજનો પણ પુષ્કળ વિરોધ છે. પણ તે કામ તરફનો વિરોધ છે, અને સ્ત્રી અને પુરુષ બન્ને તરફ સરખો છે.

એક બીજી બાબત તરફ પણ ટૂંકમાં ધ્યાન ખેચું છું. સ્ત્રીઓના હકો સબધી ચર્ચામાંથી એવું કોઇ કોઇ વાર દેખાય છે કે જાણે આખો પ્રશ્ન 'સ્ત્રીઓ વિરુદ્ધ પુરુષો' નો હોય પણ એમ છે નહિ. સ્ત્રીઓની સ્થિતિનો પ્રશ્ન એ આખા સમાજનો પ્રશ્ન છે. સ્ત્રીઓને સ્વતંત્રતા મળવામાં જેટલો પુરુષોનો વિરોધ છે તેટલો જ સ્ત્રીઓનો પણ મેં જોયો છે. વિધવાવિવાહ સામે કે પરનાતમાં લગ્નની સામે જેટલા પુરુષો વિરોધ કરે છે તેટલો જ સ્ત્રીઓ પણ કરે છે. ઉપર જણાવી ગયો તેમ પહેલાં પણ એ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેનો અતભેદ નહોતો. આખા સમાજનો પ્રશ્ન હતો, અને અત્યારે પણ તેમજ છે. દરેક પ્રશ્નની ચર્ચા સમાજના દૃષ્ટિબિન્દુથી થતી જોઇએ. નહિ કે માત્ર પુરુષના કે માત્ર સ્ત્રીના અને ઉપર મેં જણાવ્યું તેમ સમગ્ર સમાજની પ્રગતિમાં જેટલે અંશે સ્ત્રી પોતાનો ફાળો આપશે એટલે અંશે તેની સમાજમાં સ્થિતિ નક્કી થશે.



સંસાર ! તારે ખાતર !

કમનાર શ્રી ' કાંત કાળો '

વ્યાધિનું જોર વધ્યે જતું હતું. કમળાના શરીરે જરાયે ચેન ન હતું. અંગમાં શક્તિનો અંશ ન હતો. યુવાવસ્થાનો મદ નીતરતાં ત્રેવીસમા વર્ષમાં કમળાના દેહ પર પ્રફુલ્લતા અને તેજોમયતાને સ્થે કરતા અને ચેતનહીનતાનાં શ્યામ વાદળ ફરી વળ્યાં હતાં. અનેક નિપુણ ડાક્ટરોનાં ઔષધોનાં સેવન છતાં યે વ્યાધિનું પ્રાબલ્ય તો પ્રતિદિન ભળવત્તર થતું હતું, અને બિચારો પ્રમોદરાય સારા ભાવિની અમર આશાએ તબાતો તબાતો પોતાની પ્રિયતમાની યથા શક્તિ સેવા ખરાસ હાજરી રહ્યો હતો.

" બા, બા, જો, પેલો ભમ્મુ મને મારે છે..."

નાના છોકરાનો કપાની પંડતી જેવો સ્વર સાંભળી કમળા અને તેની શય્યાની બાજુએ ચિંતાતુર મુખે બેઠેલા પ્રમોદરાયના કમ્મુ પર અથડાયો અને નિમિષ માત્રમાં તો છોકરા કમળાની શય્યા પર ચઢી તેના મુખ પર પોતાનું નાનકડું બાળવદન ધરી પોતાની ફરિયાદ કહેવા લાગ્યો.

" છોકરા તારી બાને આમ મા પજવીશ, " એમ કહી પ્રમોદરાયે છોકરાને પોતાના અંકમાં બેસી લીધો અને વાત્સલ્યભરતુ એક મીઠું ચુમન તેના મુખેન્દુ પર લીધું.

પણ કમળાની ઉઠી બેસી થયેલી આંખોમાંથી અવિરત અશ્રુધાર વહી જતી હતી. હૃદયના ભારે વેગવાળા ધબકારાથી તેની છાતી હાય હાય ઉછળતી હતી. અલ્પ ક્ષણ વીત્યે તેણે પોતાનો કલિષ્ટ કર ઈંડુ તરફ લંબાવ્યો. પ્રમોદરાયે ઈંડુને પુનઃ કમળાની ગોદમાં મૂક્યો અને કમળાએ તેને શિથિલ ભુજાઓ વડે છાતી સરસો ચાંપ્યો. ભલે જગત માતાઓ સઘરેલો કો માતાનું અનાયાસે પ્રાપ્ત થયેલા કો શિશુઓને કેટલું વંદન કરતો હોયની !

અને બન્યું પણ એમ જ. કમળા અલ્પ કાળમાં હતી ન હતી થઈ ગઈ તેનો પ્રાણવાયુ ક્ષણ ભંગુર દેહને ત્યજી પરલોક પ્રવાસે ઉડી ચાલ્યો પરંતુ પ્રમોદરાય અને ઈંડુ પર કમળાની અતિશય મમતા અને વ્હાલ હતાં. અને તેનો ઉડી જતો આત્માએ પ્રમોદરાયમાં મુંઝાઈ, ભરાઈ ગયો હોય તેમ " વ્હાલા, મ્હારાં વેણુને અક્ષરશ પાળજો ઈંડુને અળખામણો ન કરશો " એ શબ્દો પ્રમોદરાયના કમ્મુમાં ગુંજી રહ્યા

(૨)

કાળ રાત્રિના પાછલા પહોરના બે વાગી ગયા હતા એક બાની શી ઝોરડીમાં મંદ મંદ બળતો દીવો ઝોરડીને અજવાળી રહ્યો હતો. એક બાના રેનબ પર માથું નાખી

પ્રમોદરાય અર્ધનિદ્રિત અવસ્થામાં એક ખુરશી પર બેસી રહ્યો હતો ત્યારે તેનું ચિત્ત ચકડોળે ચઢ્યું હતું. એક ગમત્યના વિષયમાં તેની સર્વ વિચારશક્તિ કેન્દ્રિત થઈ હતી અને તે વિષય પરત્વે તેનો અંતિમ નિર્ણય જણાવવા માત્ર થોડા કલાક બાકી રહ્યા હતા. કેટલીક ક્ષણ બાદ તે સફાળો ખુરશી પરથી ઊભો થઇ ગયો, અને ઓરડીના એક ખૂણેથી બીજે ખૂણે એમ ત્વરાભેર આંટા મારવા લાગ્યો. તેની આંખોમાં નવલું તેજ ચમકયું. તેના અંગે અંગે પ્રસરેલી શૈથિલ્યભૂત શિથિલતા કયાંયે અદૃશ્ય થઇ ગઇ. અને કોઇ અનેરો સુખાશાનો બળે તેના રોમે રોમે આનંદ અને ઉલ્લાસના પુવારા પુટવા લાગ્યા.

ઓરડીની એક બાજુએ નહાના ઉંદરનો પલંગ હતો. પ્રમોદરાયની દૃષ્ટિ અચાનક તેના નિદ્રાવશ થયેલા અંગ પર પડી.

આહ ! આ શો ચમત્કાર ! પ્રમોદરાયનાં ચળકતાં નેત્રમાંથી અશ્રુપ્રવાહ વહી ચાલ્યો. તે પોટલું બની જમીન પર ઢળી પડયો !

પાંચ દશ મિનીટે તેનું ચિત્ત સ્વસ્થ થયું. અને કોઇ ભીષણ દર્શન રાક્ષસ સ્હામે બળાત્કારે જવો હોય તેમ ધીમે, ડરતે પગલે નેત્ર વદને તે ઉંદર સમીપ ગયો. ત્યાં જતાં વેંત જ તેના મસ્તિષ્કના વિચારોની દોડાદોડ થવા લાગી અને અંતે હતાશ બની તે પલંગ પર બેસી પડયો; અને ગણગણવા લાગ્યો.

" ત્યારે શું મારે ફરીથી નજ પરણવું ? અને તે આ બાળકના સુખને અર્થે ?..."

જાણે નિર્લજ્જ મદનરાજે જાણે ક્ષણે લક્ષ્ય સાધી પ્રમોદરાયના હૃદયને બાણ વડે વેધી નાંખ્યું હોય, અને જાણે કામજ્વરની પીડા અસહ્ય લાગતી હોય તેમ પ્રમોદરાય પલંગ પરથી ઉઠી સ્હામેની ખુરશી પર જઇ બેઠો અને પુનઃ નિશ્ચયાત્મક સ્વરે સ્વગત કહેવા લાગ્યો.

" ના, ના. લક્ષ્મી ચાલ્લો કરવા આવે ત્યારે હું ન્હોં સાફ કરવા કેમ જાઉં ? ઘેર બેઠા વણ માગી કન્યા મળે તો હું શાને ન પરણું ? આ સંસાર માત્ર સ્ત્રીપુરૂષની જોડલી માટે છે. અને હજી તો મ્હારા આયુષ્યની અડધી અવધ બાકી છે...'

પ્રમોદરાય પુનઃ વિચારમાં પડયો પરંતુ એ વિચારોમાં શાંતિ હતી. પ્રમોદરાયનું દિલ પ્રફુલ્લ થતું હતું. અને એ વિચારોના હિંડોળાએ ઝૂલતો પ્રમોદરાય રવિદેવનાં નિમંત્રણની રાહ જોતાં નિદ્રાદેવીના શરણે જઇ પડયો.

(૩)

સુરબાળાના ગૃહતંત્રમાં નવું કશું ન હતું. આજકાલ ચાર વર્ષથી પ્રમોદરાય તેના પ્રેમપાશમાં જકડાઇ ગયો હતો. સુરબાળામાં તે અદ્‌ભુત દિવ્ય શક્તિ નિહાળી રહ્યો હતો. અને સુરબાળા એનું જીવન, એનો પ્રાણ, એનો ઇષ્ટદેવ બની રહી હતી. પરિણામે પ્રમોદરાય સુરબાળાની ટચલી આંગળીએ નાચતો, અને તેની સેનામાં હજુરીઆ જેમ નિરંતર ખડો રહેતો.

ઉંદરનો બાળ સ્વભાવ સુરબાળા સિવાય સહુ કોઇને રૂચતો પ્રમોદરાયની તો એ આનંદ મૂર્તિ હતી. પાડોશીઓએ તેના પર અતિશય વ્હાલ દર્શાવતાં. પરંતુ સુરબાળાને એ શળરૂપ હતો. સુખભોગ વિલાસની તેની તીવ્ર લાલસાને તે બાધરૂપ હતો. અપર માતાઓનાં વાત્સલ્ય શું સ્વાભાવિક રીતે જ એવા હોય છે ?

આ જ વર્ષમાં સુરબાળાને ગર્ભ રહ્યો, અને પુત્ર પ્રસવની આશામાં તે હર્ષ ઘેલી થઇ જતી નવ માસ પૂરા થયા, અને તેની આશા ફળીભૂત થઇ. પ્રમોદરાયને આનંદ

થયો. પાડોશીઓ અને સગાંસંબંધીઓમાં તેઓ સારા વહેવારી પરંતુ ઈંદુ પ્રત્યેના સ્નેહમાં તેઓ જરાયે ન્યૂનતા ન આણી. તેને મન તો ઉભય બાળકો સમાન સ્નેહના ભાગીદાર હતાં.

પુત્ર દિન પ્રતિદિન મોટો થતો ગયો, તેમ તેમ સુરબાળા ઈંદુ પ્રત્યે અધિકાધિક ઈર્ષાળુ બની. ઈંદુને જોતાં તેના નેત્રમાંથી અગ્નિના કણ ઝરતા રમણ અને ઈંદુ વચ્ચે ઘણીવાર નજીવા કજીયા થતા અને તેમનો નિર્દોષ સુરબાળાના જ હરને થતો. પરિણામે, સુરબાળાના પગવાર માં રજનું ગજ કરીને, ઈંદુનો વાંક આગળ તરી આવતો, અને ઘણીવાર તો પ્રમોદરાયની હાજરીમાંયે ઈંદુને અપરમાતાના મુષ્ટિ પ્રહાર અને લાતિ પ્રહાર સહનભાવે સહેવા પડતાં.

રજની

(લાવો હરિ! મારો હારડો, પહેરી મંદિર જઉ)

દિનભર ઓ અમી મીઠડી ! કહે કયાં સંતાણી ?
નજરે પડી પલવાર ના, ઓ રાતની રાણી !
સંધ્યા ખીલે, રવિ આથમે, આવે પાવન પગલે;
લાવે વળી સંગાથમાં, શશિ રોહર ઝગલે
તારલાના ઝુમખા ધર્યા, આલે સંગમાં લાવે;
તું રસીલી જગ આંખડે, રાસ રમવાને આવે
કોઇ સમે જગચોકમાં, રહે ચાંદની વેરી,
કોઈ સમે અંધારથી, રહે જગતિને ઘેરી
સામ્રાજ્ઞી શી રહેત તું, વળી કાજળ કાળી;
ઝાળી ભલે પણ ઉરથી, નિત ઓ ઉજમાળી
અમૃત તારી આભમાં, વરસું મોદક મીઠું;
તારા હૈયાના હેતને, બીજે કયાંયે ન દીઠું
બોલકે મુલકાં ચરમરે, રીઝી દેરમ ફોરે;
આવતાં તુ આનંદની, કુલમાજરી ઝકોરે
રાજ રહે બાળ બાળુડાં, જન નાનાં ને મોટાં;
એક અલેખું તું જગતમાં, જડે તારા ન જોટા.
કાળજે કુળપ કેળવી, બાલે સહુને ભીંજવતી;
આભમને સંસારીનાં, તન મનને રીઝવતી
ખોળે ખેલાવતી અતથી. કરે નિદાની દહાણી;
સ્વાગત સહુનાં કીરતી રજની રસરાણી !

ચંદ્રકાન્ત મગળજી ઝોબા

છે પ્રમોદરાયને એવોજ અનુભવ થયો. સુરબાળાની ઉદાસીન વૃત્તિ તેનાથી છૂપી ન રહી. અને તેણે તેની પરવાયે ન કરી. ઈંદુ પ્રત્યે સુરબાળાનું ઉદાસીન, નિષ્ઠુર વર્તન પ્રમોદરાયને પળે પળે વ્યથા આપતું. સુરબાળા જ્યારે પિતા ચિત્તનું રૂપ પામી ઈંદુને મારતી, તેના મુંવાળા કેશ પકડી જમીન અથડાવી વિનાશ સાધે તેનું ચિર પજાવતી, ત્યારે પ્રમોદરાયનું હાર્દ કકળી ઉઠતું. તેમાં કટકટમી મારી, અસહ્ય વેદના ઉદ્ભવતી, નેત્રમાંથી ચોમાર આંધ પડી રહેતાં પરંતુ પ્રમોદરાય સુરબાળા સ્વામે એક અક્ષર ઉચ્ચારી શકતો નહિ. એટલી હદ પર્યંત તે તેનો વશીભૂત હતો.

(૪)

દશેરાનું પર્વ હતું. વસ્તીમાં સર્વત્ર આનંદના ઓપ ઝળકી રહ્યા હતા. કેટલેક

રથને ગાયનવાદનના રણકાર સંભળાતા હતા.

ઇંદુને રમવા કાજે પ્રમોદરાયે ચોટામાંથી રમકડાં આણ્યાં. બહાના રમણ માટે પણ તે કેટલાંક લાવ્યો.

રમણ સ્વભાવે ઢીલોપોલો હતો. સુરબાળા તેના પ્રત્યેક કોડ પૂરા કરતી. અને પાણીને સટે દૂધ ધારી તેનું દિલ રીઝવી પોતે પ્રસન્ન થતી રમણને ઇંદુનાં રમકડાં વિશેષ સારાં લાગ્યાં, અને તેણે ઇંદુ પાસે તેમની માગણી કરી ઇંદુ પોતાનાં રમકડાં લઈ મેડી પર દોડી ગયો બદાનો રમણ રડવા લાગ્યો એ જોઈ સુરબાળાના ક્રોધની સીમા ન રહી અને મેડી પર જઈ ઇંદુને જરદનથી પકડી દાદર પરથી નીચે ફેંકયો. રમણ એ જોઈ ચૂપ થઈ ગયો

એવામાં પ્રમોદરાય ઘરમાં આવ્યો. ઇંદુને સખ્ત ઈજા થઈ હતી. દહેનો એક હાથ ઉતરી ગયો હતો. અને માથામાંથી લોહીની નદી વહેતી હતી. પ્રમોદરાયે એ જોઇ સુરબાળાને નમ્ર સ્વરે પૂછયું.

" ઇંદુ શાથી પડી ગયો ? "

એ સાંભળી સુરબાળાનાં ચક્ષુ ધૂમ્રવર્ણ-માન થવા લાગ્યાં. ક્રોધના આવેશમાં ઉછળતે મરદની જેમ ટટાર ઉભી રહી. અને પ્રમોદરાયના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં તુચ્છ ભાવે ગાજવા લાગી

" શું મ્હારા રમણને તમે બળખામણો ગણ્યો ? ઇંદુના માટે સાગ રમકડાં અને રમણ માટે કાસકુસ ? આવો ભેદ ભિન્ન ભાવ તમે કયારથી રાખતા શીખ્યા ? તમે મ્હાંય તેટલો પક્ષપાત કરો, તેથી હું કયાં ડગી જવ તેમ છું ? જ્યાં સુધી હું દયાત છું, ત્યાં સુધી મ્હારા રમણને જરાયે ઝાંય અથવા ઉણપ નહિ આવવા દઉં !..."

" પણ હું એવો ભિન્ન ભાવ જરાયે નથી રાખતો. " પ્રમોદરાય વચમાંજ બોલી ઉઠયો " અને જો મ્હને ઇંદુ રમણ કરતાં વિશેષ વહાલો હોત તો હું આજ પર્યંત તમારો મદ, ક્રોધ, અને ઇંદુ પ્રત્યે તમારું અમાનુષી વર્તન જરાયે સહન ન કરત ! " પ્રમોદરાયે ઘણાં વર્ષે સુરબાળા સ્હામે ઝાઝ ઉપાડી પોતાના સ્વતંત્ર સ્વભાવનું આછું દિગ્દર્શન કરાવ્યું.

" અમાનુષી વર્તન ! તમારા દીકરાને મ્હેં શા ડામ દીધા, કે શું ઓછું બગરાવ્યું, કે તમે આવાં મેણાં મારો છો ? તમારા બોલ સાંભળવા હું નથી આવી, રહેમનજરાને ? મ્હારો મદ ! તમને અસહ્ય લાગતો હતો ત્યારે શું કામ પરણ્યા હતા ? હવે તો આ ઘરનો કાર્યભાર જ્યાંસુધી મ્હારે શિર છે, ત્યાંસુધી તમારે એક અક્ષર બોલવાનો નથી. મ્હારું ધાર્યું હું અવશ્ય કરીશ. તેમાં આડે આવવાનો તમને જરાયે હક્ક નથી. " નખથી શિખ સુધી વ્યાપી રહેલા ક્રોધાગ્નિની જ્વાળામાં બળતી સુરબાળા પ્રચંડ સ્વરે પ્રમોદરાયને ધમકાવવા લાગી.

અને પ્રમોદરાય ખરે જ ડરી ગયો. સુરબાળાએ તેનાં ચક્ષુપર અભેદ્ય મોહબન્ધ બાંધ્યા હતા.

સુરબાળાનાં વચન નીચું વદન રાખી અક્ષરશઃ સાંભળી લઇ પ્રમોદરાય ઇંદુની સારવાર કરવા લાગ્યો. તેનું હૃદય કોમળ-ભાવોથી છલકાતું હતું. અને આજના બનાવથી ઇંદુ પ્રત્યે તેનો સ્નેહ શતગુ. વધી ગયો.

સુરબાળાને એનાથી સંતોષ ન વળ્યો. તેના હૃદયના અંતર્પટમાં વૈરની જ્વાળા પ્રદિપ્ત બની અને એ વૈર-કુતાશન શાંત કરવા યોગ્ય અવસરની રાહમાં તે નિરંતર રહેવા લાગી.

(૫)

દિવસના અગિયાર વાગ્યાનો સમય હતો. મંદુને નિશાળે જવાનું હોવાથી તે અપરમાતાની પરવાનગીથી જમવા બેઠો.

આજે તેનું વય ચૌદ વર્ષનું હતું. અને રમણ છ વર્ષનો હતો

પ્રમોદરાય કે વ્યાપાર કારણવશાત છેલ્લા ચાર દિવસથી બહાર ગામ ગયો હતો. એકાદ કલાકમાં તે પાછો ઘેર આવવાનો હતો.

સુરબાળાના કારમા વદન પર આજે ગૂઢ આનંદની રેખા ફરી વળી હતી. તેના ઓષ્ઠદલ પર આછું પણ છૂપું સ્મિત રમી રહ્યું હતું. તેના વિશાળ નયનમાં અજબ મસ્તી હતી તેના સર્વાંગમાં અણદીઠ સ્ફૂર્તિ હતી

મંદુને તે આજે ભાવ અને કામળ સ્નેહવડે પીરસતી હતી. મંદુનેય આજે સુરબાળા પ્રત્યે સ્નેહની અપૂર્વ લાગણી થઈ આવી. જમીને તે પુસ્તકો લેવા ઉપર ચઢવાનો

પાંચ મિનીટ થઈ, પા કલાક થયો, પરંતુ મંદુ નીચે ન જ આવ્યો. સુરબાળા હસતે મુખડે ઉપર ગઈ. અને મંદુને પલંગમાં સૂતેલો જોયો. તેના ચક્ષુ હજી બંધ હતાં. મુખ પર પીળુ પાડવું હતું. સુરબાળાએ તે જોઈ કરી નાખ્યું. અને ઠંડે કલેજે એક કામળી તેના શરીર પર ઓઢાડી મસકને મુખડે નીચે ચાલી ગઈ

બપોરે પોણા કલાકે પ્રમોદરાવ ઘેર આવ્યો. અને સ્નાન કરી જમવા બેઠો. સુરબાળાએ થાળી પીરસી. અને અવનવું બ્હાનું કાઢીને પ્રમોદરાય સમક્ષ મૂકી. અને પીરસેલા અન્નને બ્હાને બાપના મધુરો નેત્ર મંડન કર્યો પ્રમોદરાયના આત્માને આજે જ માયો હોય મળ્યો. તે ગોકુળે જમ્યો કરી, તેવામાં સુરબાળા મુખપર વિષાદની કૃત્રિમ છાયા ઉતારી ઉતરેલે ચહેરે કહેવા લાગી

" તમારા ગયા બાદ બીજા દિવસથી મંદુને તાવ આવે છે હજીયે તે ઉતરતો નથી. આજે તો તે જમવાનેય નીચે આવ્યો નથી. દુ એક બે વાર ઉપર જઈ આવી, ત્યારેયે તેના શરીરમાં વિષમ જ્વર હતો દુ એને આપણી તાવની દવા નિયમસર પીવડાવતી, પણ જરાયે ફેર પડયો હોય તેમ જણાતું નથી. જમીને ઉપર જઈ તપાસ કરજો. અને સારું લાગે તો જમવા તેડી લાવજો " એટલું કહી સુરબાળા ઢાંકયું મુખ રાખી શોક ભર્યા ભાવ પ્રદર્શિત કરવા લાગી

" એને વળી તાવે કયાં ઝડપ્યો ! કોઈ દિવસ એને દર્દ નહિ, અને તાવે કયાં ઘર ઘાલ્યું ! હશે જમીને હમણાં જઈશ, અને જોઈશ "

પ્રમોદરાયે જમી લીધું. અને મુખવાસ કરી બેઠીઓ થયો.

ઈંડાના બ્રશ પરથી તેણે કામળી ઉપાડી, અને તેની છાતી પર હાથ મૂકયો. બળતરા થતી જણા હતા. નાડીઓ જોર પકડી જણાઈ પ્રમોદરાય સગનહૃદયે પાછો પડયો, અને

" હાય ! મારા મન્દુ ! "

એટલા શબ્દોના ચીત્કાર ધ્વનિ સાથે ગોદમાં મુખ સમાવી તે નીચે બેસી ગયો

સુરબાળા ઉપર દોડી આવી. અને મંદુના અંગ પર હાથ ફેરવી. તેને મૂર્છારજ થયેલો જણી કલ્પાંત કરતી હોય તેમ અંચળામાં મ્હોડું છુપાવી રડવા લાગી

દેવાપાટ રહન સહનથી પોરાણીઓ ઘરમાં દોડી આવ્યાં. અને મન્દુને ગામ મરકણા મત્સ્ય પામેલો નીમ હકીમ વૈદ્યનાથ વર્યા.

પારોશીઓના આશ્વાસનથી સુરબાળાએ શાંત થવાનો ઢોંગ કર્યો. અને સહુને છંદુના અવસાનનું કારણ સમજાવા લાગી.

પણ જગતમાં સર્વ કોઈ મૂર્ખ હોતુ નથી ! એક માણસે ખન્દુના મૃતદેહની બારિક ચિકિત્સા કરી. અને કોઈ બેદ પામ્યો હોય તેમ તે પ્રમોદરાય સમીપ જઈ બેઠો. પ્રમોદરાયને શાંત પાડી તે માણસ વહેને ઝોરડી બ્હાર દોરી ગયો. અને છંદુના શબની પરીક્ષા અર્થે ડાક્ટરને બોલાવવાની સલાહ આપી. તેમજ વહેમે પોતાની શંકા પ્રદર્શિત કરી.

તદનુસાર ડાક્ટર આવ્યો, અને કેટલીક મિનીટ સુધી વહેમે છંદુની જીભ, દાંત, છાતી, નાડી ઇત્યાદિની બારિક પરીક્ષા કરી. ત્યાર બાદ પ્રમોદરાયને વહેમે નીચે જઈને જણાવ્યું.

" શેઠ, બોટું ન લગાડશો. આપના પુત્રને કોઇએ વિષમિશ્રિત અન્ન અવ. રાવ્યું છે "

" હે !," એટલું બોલતામાં પ્રમોદ-રાય ધરણી તલે ઢળી પડયો. ઝંઝાવાતના આઘાતથી કો મેઘાવૃક્ષ ધરાશાયી બને તેમ ! ડાક્ટરે પ્રમોદરાયની સારવાર કરી, અને સ્વસ્થ થયે વહેને સાંત્વન આપ્યું.

(૬)

ઉજ્જડ સ્મશાન ભૂમિમાં ખન્દુનો મૃત દેહ બળી ખાખ થઈ રહ્યો છે. પ્રમોદરાયનો આત્મા એજ ક્ષણે એજ સ્મશાનભૂમિમાં દુઃખ-શોકના દાવાનળમાં ભસ્મીભૂત થાય છે. વહેના શરીરે સ્વાસ્થ્ય નથી આજે વહેના કંપટને બેદ છે.

" બ્હાલા, મ્હારાં વેણને અક્ષરશઃ પાળજો ખન્દુને બળખામણો ન કરશો. "


સ્મશાન ભૂમિ પર, પથરાયલી બાબને ધોતી નદીના તટે બેસી પ્રમોદરાયનો આત્મા આજે કેવું આર્તનાદ કરી રહ્યો છે.

" અરે રે ! મ્હેં કમળાના વચન ઉથાપ્યાં ! મ્હારો ક્ષુદ્ર સંસાર નિભાવવા બાતાર. મ્હેં કરીયો લગ્ન કર્યું અને અંતે આ પરિ-ણામ ! મ્હારી દેવી સમોવડ મૃત પત્નીની મીઠી માદ આપતું આ એક પ્રભુબાળ–મ્હારો ખન્દુ–નું ઉન્મૂલન ! અપરમાતાના હસ્તે બાળહત્યા ! પ્રભો ! પ્રભો...! "

"કમળા ! બ્હાલી ! મ્હેં ખન્દુને બળખામણો કર્યો ! હા, જીના મોહપાશને વશ થઈ વહેને સુરબાળાની નિર્દયતા પર છોડી મૂક્યો હતો ! વહેમે ઘણું ઘણું સહ્યું. મ્હેં જીની વેદનામાં જરાયે., ભાગ ન લીધો. બ્હાલી ! તું કોપાન્વિત થઈશ ?... પરંતુ, ના. હજીયે રૂપે ભરાવાનું વ્હારે પ્રયોજન નથી. એક ઉપાય અવશિષ્ટ છે. અને હું વહેનુ અવલંબન કરી ખન્દુને પુનઃ પ્રાણસરસો રાખીશ વ્હારી કૃપાદૃષ્ટિ પામીશ ? "

એટલું કહી તે નદીના જળ પ્રવાહમાં ઉછળી પડયો. જળદેવતાઓએ વહેના ઉકળતા આત્માને શરણ આપી શાંત પાડયો.

ખન્દુના દેહની દહનક્રિયા અર્થે આવેલા ઘણા માણસો નદીતટે પ્રમોદરાયની શોધમાં દોડયા, પરંતુ તે અગાઉ પ્રમોદરાયનો આત્મા કમળા અને ખન્દુના આત્મા સાથે આદૃષ્ટમાં રમણગેલન કરતો થઈ ગયો !



લેખક ડૉ. અમૃતલાલ હ. પરીખ, એ. પી. એચ.,
મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, સુરત મ્યુનીસીપાલીટી

(લેખાંક : ૨)

શરીર વિજ્ઞાન તથા અંગત સ્વાસ્થ્યનું જ્ઞાન

કુન્યાઓના શિક્ષણક્રમમાં શરીરવિજ્ઞાનનો વિષય અત્યંત ઉપયોગી છે. આપણી શાળાઓમાં રસાયણ, ભૂમિતિ, બીજગણિત ઇત્યાદી અનેક વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે પરંતુ મનુષ્યના શરીર સંબંધી જોઇએ તેટલું જ્ઞાન આપવામાં આવતું નથી. દસમા ધોરણ પર્યંત શરીર વિજ્ઞાનનું પ્રાથમિક જ્ઞાન ડૉક્ટરો દ્વારા નહિ આપતાં ગમે તેવા શિક્ષક દ્વારા આપવામાં આવે છે કેટલીક શાળાઓમાં તો કોઇ શિક્ષક કે જેણે બી. એ. વર્ગ ગૌણરૂપે બીજગણિત કે રસાયણ લેવા શિક્ષકને આ વિષયમાં નિષ્ણાત માની તેને શરીર વિજ્ઞાન શીખવવાનું સોંપવામાં આવે છે આ શિક્ષણ આપવા માટે મુખ્ય આધાર આ વિષયના પ્રાથમિક પુસ્તકોમાં આપેલા અપૂર્ણ અને બીનજરૂરી ચિત્રો ઉપર રાખવામાં આવે છે શરીરના જુદા જુદા અવયવોના કૃત્રીમ નમૂના મીણમાં બનાવ્યા મરી ગયેલા મનુષ્યના શરીરના સાચવી રાખેલા અવયવો મીણમાં આવું જ્ઞાન આપવું બહુ અઘરું છે. છતાં આ રીતમાં આપણી કન્યાઓ પ્રગતિ કરી જાણતી નથી. મોટી ઉમરની કન્યાઓને બહેનોની જનનેન્દ્રિયો સંબંધી જ્ઞાન. જ્ઞાન આપવાની ખાસ જરૂરત છે. આજની કન્યા, તે ભવિષ્યની માતા બનવાની છે. બેદરકાર, બેજવાબદાર અથવા અજ્ઞાનતા ભરેલા ભોટા ભરથી આપણા દેશની બહેનોને તેમના શરીરના ઉપયોગી અવયવોની કુદરતી ક્રિયા અને આ અવયવોને રોગ રહીત રાખવા માટેનું જરૂરીયાત જોઇએ સમયે નહિ મળવાથી આ દેશની બહેનોને અનેક શારીરિક બિમારીઓ સહન કરવી પડે છે દરદીના બહેનોને તોડી નાખી અને બીજી શિક્ષાયારને બાજુએ મૂકી બી બીજાને જનનેન્દ્રિયો સંબંધી સંપૂર્ણ જ્ઞાન યોગ્ય બોધિકાદ્વારા આપવું તે બીજાતિનો કુદરતી હક છે અને તેની આડે પુરાણોએ આવવું નહિ જોઇએ

અંગત સ્વાસ્થ્ય કે જેને અંગ્રેજીમાં Personal Hygiene કહે છે તે સંબંધી જ્ઞાન પણ આપણી કન્યાઓને અપાતું નથી. પોતાની તંદુરસ્તી કેવી રીતે સાચવવી, તથા બીજાને સાધારણ રીતે થતા રોગોથી કેવી રીતે બચવું તે કન્યાઓને શાળામાંજ શીખવવું જરૂરી છે. શરીરની મુલવણ કેમ જાળવી રાખવી તે વિષય પણ અંગત સ્વાસ્થ્યના વિષયનું એક અગત્યનું અંગ છે


અને આજના પ્રગતિના જમાનામાં આ વિષયનું જરૂરી જ્ઞાન બીજાઓને આપવું જોઈએ. દલદી જાતના સાબુથી ન્હાવાથી શરીરના અને ખાસ કરીને મોઢાની ચામડી બરછટ અને બરછટથી થપ્પ જાય છે અને તેના પર બારીક કરચલીઓ પડે છે તે વાતની ખબર આપણી કન્યાઓને હોતી નથી અને તેને લીધે તેઓ ગમે તે જાતના સાબુનો ઉપયોગ વધારે પડતો કરી પોતાના સુંદર ચહેરાની કોમલ ચામડીને હરાવે છે. માથાના વાળમાં જલદરમાં મળતા મહેંદ ખાસતેલમાથી બનાવેલા હેર બ્રોશલ નાંખવાથી વાળા બરછટ અને સહેંદ બની જાય છે તેનું જ્ઞાન આપણી કન્યાઓને આપવામાં આવતું નથી. ચાલુ કબજીયાત રહેવાથી અને અતિશય તેલ, મરચું, બગાણું ખાવાથી તંદુરસ્તી બગડે છે અને તેથી આડકતરા પરિણામ રૂપે અનેક જાતના ચામડીના રોગો ઉત્પન્ન થાય છે તે વાતનું અગત્ય આપણી બાળાઓને સમજાવવામાં આવતી નથી. દાંતની સ્વચ્છતા ઉપર શરીરની તંદુરસ્તીનો આધાર છે તે વાતની આપણી કન્યાઓને ભાગ્યેજ ખબર હશે. દાતણ કર્યા જાતનું કેવી રીતે અને કેટલો વખત કરવુ તથા પીંછી કઇ જાતની વાપરવી અને દંત મંજન કયા પ્રકારનું અને કેટલા પ્રમાણમાં વાપરવું તે વાતો આપણને ઉપર ઉપરથી બહુ નજીવી લાગશે પરંતુ અમેરિકા દેશમાં તો આવી નાની વાતો માટે ખાસ પુસ્તિકાઓ લખાય છે અને તે વિષયના બહુજ કાનસ અને મીનેમાના ચિત્રો બાળાઓમાં બતાવવામાં આવે છે.

અંગત સ્વાસ્થ્યના જ્ઞાન ઉપર તો અંગ્રેજી ભાષામાં મોટાં મોટાં પુસ્તકો લખાયાં છે આ વિષય ઉપર લખવા બેસાય તો પાનાના પાના ભરાય. આ લેખમાં તો આ વિષયની અગત્યની બાબતોની આછી રૂપરેખાઓજ ચિતરવામાં આવી છે.

બીજાએ કઇ જાતના કપડાં પહેરવાં, કઇ જાતનો પહેરવેશ શરીરને વધારે આરામ આપે છે અને કઇ જાતના પહેરવેશથી તંદુરસ્તી બુધરે છે તેનું જ્ઞાન આપણી કન્યાઓને આપવામાં આવતું નથી શરીરને કસકસતા બેસી રહે તેવાં કપડાં શ્વાસોચ્છવાસને રૂંધે છે અને પેટની અંદરના આંતરડાની ક્રીયાને મંદ કરે છે તે વાતની અગત્ય આપણી કન્યાઓને સમજાવવાની જરૂરત છે. આવેચના સદ્‌ભાગ્યે આપણા સ્ત્રીવર્ગે હવી બોડીના બુટ અને મોજાનો ત્યાગ છેલ્લા એક દશકાથી કર્યો છે તે બહુ ખુશી થવા જેવી વાત છે. આ દેશના હવાપાણીને અનુકુળ સ્ત્રીઓનો પહેરવેશ કેવો હોવો જોઇએ અને વૈદક તથા દેશની આર્થિક દ્રષ્ટિએ તે પહેરવેશ કેવી રીતે બનાવી શકાય તે દરેક કન્યાને શીખવવાની જરૂર છે.

કપડાં રંગવા માટે વપરાતા રંગ હમેશા નિર્દોષ નથી હોતા, ઘણી વખત હલકી જાતના રંગો ઝેરી હોય છે. કેટલાક રંગો ચામડીના રોગ પેદા કરે છે અથવા ચામડીના સાધારણ રોગોને બહુ ગંભીર બનાવે છે તે કન્યાઓને સમજાવવું જરૂરી છે.

પુરૂષો કરતાં સ્ત્રીઓને શરીરવિજ્ઞાન અને અંગત સ્વાસ્થ્યનું જ્ઞાન વધારે જરૂરી અને ઉપયોગી છે કારણ કે પુરૂષો કરતાં સ્ત્રીઓના શરીરની રચના નાજુક અને અટપટી છે. વધારામાં સ્ત્રીઓને પ્રસૂતિ વખતે શરીરની અંદર ઘણી જાતના અગત્યના ફેરફારો થાય છે ગર્ભાવસ્થામાં સ્ત્રીઓની તંદુરસ્તી વધારે નાજુક બને છે અને તેની સંભાળ, વધારે કાળજીથી અને ચોકસાઇથી રાખવી પડે છે વળી ગર્ભાવસ્થા દરમ્યાન જો ચોકી ઘણી પણ બેદરકારી, તંદુરસ્તી સાચવવામાં રાખવામાં આવે તો તેના ગંભીર પરિણામ આવે છે અને સ્ત્રીઓને તેનાથી બહુ સહન કરવું પડે છે. આ બધા કારણોને લક્ષમાં આ બન્ને વિષયો સંબંધી યોગ્યજ્ઞાન આપવા માટે કન્યાઓના અભ્યાસક્રમમાં ખાસ જોગવણ થવી જોઇએ.



માતાઓની ગાળો

લેખિકા: શ્રીમતી રમાબહેન વીરમુલ મહેતા

આપણે ત્યાં માબાપોને બાળ કેળવણીનું જ્ઞાન નહિ હોવાથી તેઓ બાળકોને અનેક રીતે નુકશાન કરે છે, મારે છે, માળો કે છે, વઢે છે, અને એવી બીજી અનેક રીતે એના કોમળ મન તથા શરીરને વિકમતા અટકાવે છે. અહીં આપણે માતાઓ બાળકોને ગાળો શા માટે કે છે, કેવી ગાળો આપે છે અને તે કેમ બંધ થાય તેનો ટુંકમાં વિચાર કરવાનો છે આપણી માતાઓ બાળકોને ગાળો આપે છે, એવા પ્રસંગો લેખકનું તો જણાશે કે તેની પાછળ બાળકની સાચી વૃત્તી બીજાજ કાંઈ હોય જે તેના પ્રસંગો લેખકે.

મનુને એની રેત કે ચારીનો બનાવો કેમ્યો કે ઉપાડયોજ છે. પછી તેની સાથે રમતાં એ રોગાર બળ એ રવભાવિક છે એક દિવસ બાપાએ પોતાના કેરક ઉપર પોપડીઓની પાછળ બનાવેલ મનાવીને મૂકયો હતો તો પણ મનુએ એ શીખી કારણ અને કોબ્યો. પાસ ચાહીવાળા દિવસ કરી બાને બતાવવા લાગ્યો મનુની બા સામાન્ય રીતે બહુ કોપી ન હતાં. તોપણ આજે તેનાથી ન રહેવાયું અને બરાડી ઉઠ્યાં કે " બાળ રોયા ' બનીએ તારું શું બાયું છે ' તે બનીવાની પાછળ પડયો છે ! " આમ કહી બાવડું બલી મનુને પોતાની પાસે તેની બા હાથ ખેંચવા લાગ્યા

હવે બરી રીતે જોતાં બાબાં મનુનો બરા પણ દોષ ન હતો કારણકે જોકરી મનુને બનીવા સાથે રમવાની કેવ હતી તેથી વધારે તેના બાપાપને રોજે એની બબાઓ બનીવો રાખવાની કેવ હતી. આ ઉપરાંત મનુનું બનીઓ કોળવાનું કારણ તો તેને કોઈ પણ શિખા જોઈતી હતી. તેને ઘાટી વાળા હાથ કરતા ગમતા હતા તથા રમનો આનંદ લેવો ગમતો હતો. જો બાપાએ તેને બલત બલતા રંગો વાળા પાણીથી ભરેલી પીચકારીઓ આપી હોત તો મનુ પોતાનો રમનો શોખ અને શિખાનો આનંદ બન્ને તેમાંથી લઈ શકત પરંતુ આ બાપ તો એમજ માનતાં કે મનુને કશું કરવાની કેવ નથી.

૨

મૂકને એવી કેવ કે તેની બા કોઈ કરે અને મૂકે તરતજ પૂછે " બા બા શું લો બા શું કામ કરે છે ? બાનુ શું કરવું છે ? " આમ બનીએ બનીએ પ્રશ્ન પરબ કર્યાજ કરે તો તો મૂકોની બા જોરામ મુરારી થો અને બાળો કેવા મરે " બાળ પીટવાને બબર પડે નહિ અને પુબાપુબ કરે ? બરને રોયા બાપો બાકી શું લાટવું છે નાચા બાબનુ " એમ કહી જોર તમાચો પણ ચોડી દીએ અને બાપે બજ પનાડે પણ બરી તેમાં એ નવેની બબરથી કે મૂકો બારે બનીને શા માટે પડે છે ? એ કેમ બબરવા સિવા તેની બા બગાસાને લીધે મૂકોના

કોમળ શરીર અને મન ઉપર કેટલુ એ નુકશાન કરતી. તે નહોતી જાણતી કે બાળક એટલે શુ, તેતો એમજ સમજતી કે બાળક એટલે આપણને રમવા માટેનું રમકડું.

મુકુંદને તેની બા આમ માર મારી આંધે પછાડી આવી તેથી એ તો રડીને બેસી રહ્યો તે બીજું શું કરે ? વારંવાર પુછવામાં મુકુંદને કંઈક તેમાંથી જાણવું હતું પણ તેને તેની માતાના અજ્ઞાનને લીધે માત્ર માર ખાઈને બેસી રહેવું પડયું પુછવાનું કારણ શુ હતું તેમાં મુકુંદ શુ શોધી રહ્યો હતો તેનું તેની માતાને કયું ભાનજ ન હતુ. તેથી તે મુકુંદને આંધે મુકી આવી અને મુકુંદની જાણવાની ઈચ્છા પાર પાડવા દીધી નહિ.

૩

ચંપા દોડા દોડ કુદા કુદ અને દાદરો ચઢ ઉતર કરતી હતી અને તેની બા કંઈક કામ કરી રહી હતી થોડી વાર પછી કંઈક ધડાકો થયો. જોયું તો ચંપા નીચે ચોથે પગથીઆંથી પડી હતી. તેની બા ઉભી થઈ ચંપાને લઈ લીધી પણ તેની તબિયત ઠેકાણે રહી નહિ અને આપણામાં કહેવત છે કે દાદમા ઉપર ડામ એવી ચંપાની હાલત થઈ એક તો બીચારી પડી ગઈ અને બીજી તરફથી તેની બા ગાળો આપવા મંડી રાંડ, વાપરણ ! અક્કમ વગરની ! લંગડીની ! ચાલતા તો પુરૂ આવડે નહિ અને વળી પાછી દોડવા જાય અને દાદરા ચડવાં ઉતરવા ! બેસ છાનમાની " એમ કહીને તેની બાએ તો સુવરાવી દીધી અને ચંપા પણ રડતી રડતી સુઈ ગઈ. તેની બાને છે કંઈ ખબર કે આ શા માટે ચઢે છે ને ઉતરે છે ! તેનો તો એને સદ્ધરજ ખ્યાલ પણ નહોતો.

વસ્તુતઃ ચંપાને તો પ્રવૃત્તિ જોઈતી હતી કસરત જોઈતી હતી. તેની બાએ સમજવું જોઈતું હતું કે હવે આને પ્રવૃત્તિ કસરત થાય એવુ કંઈક બતાવવું જોઈએ એ તો સમજવું ઘેર ગયું અને ઉલટો માર આપવો એ તે કયા ધરનો ન્યાય ?

૪

કોઈ એક બાળક કોઈની જાનમાં ગયું. જાનમા તો માસી હોય કોઈ હોય, બીજા ઘણાએ હોય ત્યાં કોઈ માણસ અમુક રીતે ચાલતું હોય અથવા મારી બાનું અમુક રીતે મોઢું વાંકુ હોય તો બાળક તેનું અનુકરવા માંડે. આ જોઈ બધાં સમુહનાં માણસો તેને વારવાર કહ્યા કરે " અલ્યા લાજુ ! કેવાણ કેમ બોલે ? અથવા તારી માસી બાનું મોઢું કેમ થાય ? અથવા કદેશે કે તારી કોઈ કેવુ બોલે. બધા કહે તેથી તે વખતે તો લાજુ બધાનું અનુકરણ કરી બતાવે અને પેલા બધા હસે, ગમ્મત કરે, પણ તે ઘેર જાય પણ બા અથવા બાપાની પાસે કરે ત્યારે બા તો તેને ગાળજ આપે કે બેસ, બેસ, હવે ! બહુ ચાવળો થાય છે તે ! એમ તે કોઈના ચાળા પડાતા હશે ! ના પાડવાથી બાળક વધારે ચાળા પાડે એટલે બીજી બાળ અથવા માર પડે " હવે...રે...રે સમજ્યો નથી બાયતો " નખોદીયા ! " એમ કરીને જે બાળકનામાં અનુકરણ કરવાની શક્તિ છે તે માબાપ બીવવા દેતા નથી તે ઉપરાંત બાળકને તો અક્કર ન હોય કે ચાળા એટલે શુ પણ માબાપ એને શીખવે છે કે આનું નામ ચાળા હોય !

લાજુને તો અનુકરણશક્તિ કળવવી હતી તે તેની બા તથા બાપા વિકસવા નથી દેતા અને ઉલટા તેને ખંદ પાડી દે છે. આવી રીતે કેટલાં માબાપ અજ્ઞાનમાં બાળકનો વિકાસ અટકાવતાં હશે !

૫

બાળકને કંઈક શોખ થયો હોય જેમકે

પેટમાં દુખે તાવ આવે અથવા તો આંખમાં કારણ કે તેને તો કંઈક દરદ
ખડકો થાય મને એવા બીજા દરદો થવાથી થાય છે માટે તે રડે છે. તેની
બાળક રડે ત્યારે મા- તાઓ તેને એમ કહે છે કે " તેને આ રાંક કમબાગા ! " અથવા બીજી એવી ઘણી ગાળો દીએ છે અને આડોશી પાડોશી ને કહે છે કે ' આજ તો મારી બાનુ રઘવાજ કરે છે કોણ જાણે શું એને થતું હશે " અથવા તો એમ કહે કે "કજીએ ચઢી છે" પણ ખરૂ કારણ તે તો તે સમજી શકતી નથી અને ઉલટી ગાળો આપે છે તેને બદલે મોડી આપે છે અથવા સુવાડી દીએ છે પણ બાળકને ઉપાયો કર્યાથી જ અને ! બાળકની કંઈ માગણી ન રાખે વારંવાર કરે તથા ગાળો દીધા કરે એટલું

સૌંદર્ય

પિતા !

વિશ્વવિહાર પ્રિય કુદરત ખીલતી હતી રસિકજનની રસવૃત્તિ ઉત્તેજતી કોકિલા મંજુલ કૂજન કરતી હતી કલાપ્રિયને કલા પ્રેરતો કલાપિ કેકા કરતો હતો.

કેવીછબન દર્શાવી કઇ છબનને પ્રેરક રસ પાતું ચકવાક યુગલ ગેલ કરતું હતું પ્રેમભીનુ સારસ સારસી યુગ્મપ્રેમનો સત્ય વિપાક બતાવતું હતું. સ્નેહપેલી સરિતા અખિલ તરફ દોડી અપૂર્વ સ્નેહ દર્શાવતી હતી

વિભુ !

આવાં રસચરિત દર્શનોએ કંઈક મહાન તથા અલૌકિક છવોને ઉન્મારી બનાવ્યાં અને કઇ ભાગ્યપ્રબળ આત્માને અમૃત પાયાં

કૈવલ્યાનંદ !

અનેક વિલાસી લાલચુ વૈભવ તજી સાધુ બનેલા ચક્રવર્તિ પાંડુના તપસ્વી રહેને પણ આજ વિલાસી દર્શને હતપ્રાણ બનાવ્યો હાય ! છબનને અમીલા બાલચન્દ્રમે રંગી શાંત બનેલા રાજવીને પણ દુખી ઘડીએ દુઃખકર દર્શને મૂકાવ્યો.

પરાશર જેવા પ્રખર ઋષિ પણ આવા મોહક દર્શનમાં એક અયંકર સમયે મળી પડયા

પ્રશ્નસ્વરૂપ સહાશિષ પણ આ સૌંદર્ય સર્જિતમાં તણાયા અરેખર સૌંદર્ય આત્મવિનાશક છે કે શું ? શું ! સૌંદર્ય આત્મવિનાશક ? હા ! આત્મવિનાશકે છે અને આત્મપ્રકાશકે છે

* * *

સૌંદર્ય પાછળ અનેક મનુષ્યજીવન નષ્ટ થાય છે. તથા કઇ જીવન ઉચ્ચ કોટી પામે છે.

મનોરમા મગળજી શાસ્ત્રી

બધું અજ્ઞાન હજી આપણી માતાઓમા છે.

૬

ઘણાં બાળકોને એવી ટેવ હોય છે કે બજારે જાય તો કંઇકને કંઇક આવાનું માગ્યાજ કરે પણ માબાપ તેને અપાવતાં નથી. બાળક માગે છે તેમાં બે કારણો હોઇ શકે. એક તો એ કે બાળકને ભૂખ ન હોય તો પણ અમસ્તુ રમત ખાતર માગ્યા કરે અને બીજું બાળક બેર ધરાતું ન હોય તો પણ માગે આથી આ બે કારણોમાંથી મા બાપે જાણવુ જોઇએ કે બાળક ભૂખ્યું છે કે અમસ્તુજ માગ્યા કરે છે! ભૂખ્યું હોય અને ઘરમાં આવા ન અપાતું હોય તો એની સગવડ કરવી જોઇએ અને પેટ ભરાઇ જવાથી બા તેને આવાની ના પાડે છે તે સ્વાભાવિક છે, પણ ચીડાઇ જવું અને મોંદામાં ગાળો ભરી હોય તે દઇ લઇ કંઇ કારણ વગર આપવી તેમાં માતાનો જ દોષ અને દોષ છે, જો કે સહન કરવું પડે છે બાળકને.

"મારા રોયા! તારી કાણ કરું! વાંદરીના! ભૂખારીના!" એવી એવી ગાળો માતા બાળકને જમતી વખતે આપી બાળકને ઉઠાડી મૂકે છે અને તેથી બાળકને અસંતોષ જ રહે છે. એટલે આવા બાળક થકી આવાનુ માગે છે તે તપાસી તેનો ઉપાય કરવો જોઇએ

૭

ઘણાં બાળકને એવી ટેવ હોય છે કે અમુક ચીજ જ માગ્યા કરે તેમાં એક બાળકનો મને અનુભવ છે. તે કાનમ, ઘડીઆળ અથવા અમુક કાચની વસ્તુઓ માગ્યા કરતું. તેમાં ખાસ કરીને કાનસ તો બહુ જ માગતું. તેને માટે તેના પિતાએ નાનું કાનસ લીધેલુ. તેનાથી તે રમતું પણ ખરું. રમતાં રમતાં કાનસું. ચાર પાંચ વખત તો ઘસ્યુ હશે તો પણ તે કાનસને જોતે તે ઘડે એટલે તરતજ તેની બા તેને વઢે. તે વખતે મને ખબર પડતી નહિ. પણ અહીં આવ્યા પછી મને એમ લાગે છે કે એને કાનસનો શોખ હતો તે પુરો પાડવો જોઇતો હતો. જો કે એને શા કારણથી કાનસ ગમતુ હતુ અને એમાં એનો શો હેતુ હતો તે હજી મને સમજાતું નથી. પણ અત્યારે વિચાર કરતા એમ લાગે છે કે તેને કદાચ અંધારું નહિ ગમતુ હોય. અથવા તો કાનસજ બહુ ગમતુ હશે. આવુ કંઇ બાળકોની માતાઓ નથી સમજતી. અને બાળકોને પ્રવૃત્તિ અને વિકસવાનાં સાધનો આપવાં જોઇએ એ અજ્ઞાની માતાઓ નથી આપતી તેથી બાળકને ઘણું ચોવું પડે છે. માતાઓએ આમ એ જાણવાની જરૂર છે કે બાળક કેમ સારૂ થાય, કેમ વધારે વિકસે, અને બધી રીતે તેને સ્વતંત્ર કેળવણી કેમ મળે. આ બધું માતાએ સમજવું જોઇએ અને બાળકોને વિકસવાનાં સાધનોનો અભ્યાસ કરવો જોઇએ. તેને બદલે આજે તો હિંદુસ્તાનમાં બાળકોની માતાઓ બાળકોને ગાળો દે છે, મારે છે, અને કંઇક મહેજ સમજતી હોય તો પણ વઢયા વિના તો રહેતીજ નથી. સ્વરાજ્યમાં આપણે એવો કાયદો કરવો જોઇએ કે જેને માતા થવુ હોય તે કદિ બાળકોને ગાળો ન આપે, બાળકોને મારે નહિ તેમજ બાળકોને વઢે નહિ. બાળકોને આગળ વધારવાં હોય તો માતાં થતાં પહેલાં એ કેમ થાય એ શીખવવાની જરૂર છે. શહેરની માતાઓ તો ઘણી ખરી અસંસ્કારી હોય છે પણ ગામડામાં તો અસંસ્કારી માતાઓ ઓછી હોય છે અને બાળકોને ગાળો બોડી બોડીને જ તેનો આગળ વધવાનો માર્ગ બંધ કરે છે. માતાઓ સમજે છે કે બાળકોને વિકસવા માટે આપણે શું કરવું જોઇએ. બાળકોમાં સંસ્કારના બી વાવવા હોય તો માતાએ સારા સંસ્કાર મેળવવા જોઇએ અને જન્મ આપ્યા પછી તેની કેળવણી માટે હર હમેશ જાગૃત રહેવું જોઇએ.



અનુવાદક : શ્રી જનાર્દન હરિભાઈ મહાસ્કર

કુટુંબોએ કલ્પના કરે કે વેદકાળના ભારતની સ્ત્રીઓ બહુ અજ્ઞાન હતી, પરન્તુ જો એ વિષયપર અભ્યાસપૂર્ણ દૃષ્ટિપાત કરવામાં આવે તો રહેણે સ્વમન્તવ્યો કે તેઓ માત્ર વિનયી અને સરકારી જ હતી પરન્તુ વર્તમાન સમયની નૈષ્ઠિક સ્ત્રીઓ કરતાં વિશેષ ઉદાર હતી આજની કેટલીક સ્ત્રીઓ કરતાં પણ સ્વતન્ત્ર હોવાનું અભિમાન ધરાવતી. તેમનું જીવન સુખી હતું, તેમના જીવનમાં તેમણે પિતાને અનુભવી હતી અને તેમની પ્રવૃત્તિઓને લાભી દેનાર કતિપયાર્મિક નિયમોનું ત્યારે અસ્તિત્વ નહોતું. તેઓ પ્રજ્ઞાન્વિત હતી કારણ કે તેઓ વેદના પતિની ઉપયોગી માર્યો અને સંસારવ્યવહાર નહોતી પણ કેટલીક તો ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન ધરાવતી અને અતિ જટિલ ધાર્મિકવાદોની વ્યાખ્યા આપી શકતી

તેના જીવનની આર્યા પરિવાર વર્ગમાં મુખ્ય ગણાતી, અને સંપૂર્ણ સ્વાતન્ત્ર્ય ભોગવતી. ત્યાગ સમ્બન્ધી પ્રથા પ્રચલિત નહોતી અને સ્ત્રીઓ પતિની પસંદગી કરતી મૃહના પરિક્ષણી પ્રાર્થના પણ સ્વયંવરની વિદ્યામાં થતી. "હે સવિતા ! એના સારેય પતિને અને એને અન્યોન્યપ્રતિ દોરજો." અર્વાચીન સમય પ્રમાણે માબાપોને તેમની પુત્રીના પતિની શોધ કરવની હતી નહિ, અને જ્યારે પુત્રીજ પાણિગ્રહણ કરવા આનનારની પસંદગી કરતી. પણ જો કોઇ પતિ તેની સાથે લગ્ન કરવાને તૈયાર નહોય તો પતિ-પ્રાપ્તિ માટે દેવોનું આવ્હન કરવામાં આવતું અને દેવવાણીપર પૂર્ણ આસ્થા રાખી મુનિ પુત્રને વેરે લગ્ન કરવામાં આવતુ

પુત્રી જો સયોગ્યવરાત્ વિવાહવિહીન રહેતી તો, તે પિતાને ત્યાં અક્ષય સૌભાગ્યવન પામતી અને પિતાની મિલકતમાં ભાગીદાર ગણાતી. તે કારણે આવેજ પતિપત્નીના સમ્બન્ધ સિવાય અનાતિમય સ્નેહને સ્થાન હતુ મહાકાવ્યોમાં વર્ણવેલા સ્વયંવરની પેરે પુરુષો સ્ત્રીઓને માટે રમતાં કરતા.

પડદાની પ્રથા :

પડદાની પ્રથા તે વખતે અયોગ્ય ગણાતા રહ્યુ હતી. પરંતુ સ્વામિત્વની પ્રથા મોટે ભાગે અદૃશ્ય હતી. પરંતુ બહુ પત્નીત્વની પ્રથા વિવાહ પાયપર આધારાતી. પ્રત્યેક પત્ની ગૌરવપર ઇર્ષ્યા રાખતી અને દેવોની પ્રાર્થના કરતી કે, "હે દેવ ! મારી શોક્યનો નાશ કર અને મારા પતિ મને એકનિષ્ઠ જ સ્નેહાધીન કર."

પત્નીનું સ્થાનદે રાજ્ઞાન ગણવામાં આવતુ. તેની અનેક રીતે માનની મુ

બાપ પુત્રીને સાસરે વળાવતાં કહેતા કે, 'તારા પિતાના બા બાપ પર સત્તા ધરાવજે, તારા પતિનાં બાઈ બ્હેનોની શાસ્તા રાખજે !' આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે વેદના સમયની યુવાન પત્નીનું, સંપ્રતિ સમયનાં કેટલાંક કુટુમ્બોમાં સ્થાન ધરાવે છે તેવા પ્રકારનું સાસુ અને અન્ય સાસરવાસીઓના ત્રાસથી ચગદાયલું જીવન બ્હોતું જ. પતિ હંમેશાં પત્નીનો બહુધા સ્નેહી હતો. 'સુખાર્થે હું તને મારા દક્ષિણ હાથથી ગ્રહણ કરું છું, તું મારી સાથે દીર્ઘાયુ થા; અર્યમને આપણે સાથે જ કુટુમ્બમાં ઉચ્ચાધિકારી બનીએ એટલા માટે જ આપણને લગ્નગ્રન્થીથી જોડ્યા છે.' વગેરે શબ્દોથી પતિ પત્નીની વારંવાર અપેક્ષા કરતો.

બાળકોનો પૂજ્યભાવ પિતા કરતાં માતા પ્રત્યે વિશેષ હતો. વર્તમાન સમયની સંકલિત કુટુંબની પ્રથા તે સમયે હયાત હતી. અને હાલનાં મોટાં કુટુંબોમાં જોઇએ છિયે તેમ કુટુંબોમાં વારવાર મતભેદો ઉપસ્થિત થતા. પરન્તુ તેમા પણ કન્યાને આશીર્વાદ સમાન થઈ પડે એવું કથક હતું. આના સમર્થનમાં એક અવતરણ ટાંકીશું.

'પત્ની જાત સ્વભાવની અને નમ્ર થાય, તે તેના પ્રભુને મધુમીઠા શબ્દોથી સંબોધે, ભાઇ ભાઇ વચ્ચે વિકારની લાગણી ન જન્મે, બ્હેન ભાવાળુ બને, ઐકયની ભાવના પ્રદીપ્ત થાય, અને મિત્રભાવથી સર્વ પ્રત્યે ઉચ્ચારણ કરે.'

જોકે પત્નીનું સ્થાન પતિ કરતાં ગૌણ મનાતું પરન્તુ કેટલાક સામાજિક અને ધાર્મિક રીતિરિવાજોમાં પતિ પત્નીની સ્પર્ધા કરી શકતો નહિ. યાગ અને તેના કર્મકાંડમાં પત્ની પતિની પ્રબલ હરીફ ગણાતી. પતિના અવસાન કે પતિનો મિલકતમાં તેના પુત્રોની સાથે સમાન ભાગીદાર, તે સમયના ધારાનુસાર ગણાતી. આ મુદ્દાના સમર્થનમાં મહાન્ યાજ્ઞવલ્કયે કહ્યું છે, 'પિતાના પછી પુત્રોએ પિતાની મિલકતમાં માતાને સમાન હિસ્સો આપવો.'

પત્નીના ગૃહધર્મને અનુસરવુ એ ગાનપ્રદ છે. વેદના સમયની પત્નીનું મુખ્ય આચરણ ગૃહધર્મ હતુ અને ગૃહની સુવ્યવસ્થા તરફ તે આસકત રહેતી ધનવાન કુટુંબો રસોઇઆઓ અને દાસીઓ રાખતાં ત્યારે પતિ પોતાના કામેથી ઘેરે આવતો ત્યારે પત્ની તેની આગતા-સ્વાગતા કરતાં કહેતી 'તમને શું આપુ-દહીં કે દૂધની કાંજી કે યવાગૂ !' તે હંમેશાં પોતાનો પતિ ભોજન કરે પછીજ ભોજન કરતી.

તે પોતાનુ દૈનિક કર્મ, રહવારે વાળીઝાડીને તથા ગોમયથી આખું ઘર સારવીને, ભાતભાતના સુન્દર સાથીઆ પૂરીને શરુ કરતી. પછી યજ્ઞની સામગ્રી તૈયાર કરી યજ્ઞકાર્યમાં પોતાના સ્વામીસાથે ભાગ લેતી.

આર્થિક ભાર

તે કુટુમ્બમાં વેતનાધ્યક્ષ ગણાતી. અને પતિની આર્થિક મૂંજીપર તેની સત્તા રહેતી. ખરેખર તે બહુ આશ્ચર્યજનક પ્રજ્ઞેતા, વૃદ્ધિશીલ, બુદ્ધિમતી અને શક્તિવતી હતી. ઘરમાંની દરેક વસ્તુપર તે સારૂં ધ્યાન રાખતી અને કોઈ પણ વસ્તુ ન બગડે એટલા માટે યોગ્ય કાળજી રાખતી કેટલીક વખતે ફાટેલાં કપડાની દીવાની વાટ બનાવતી અથવા તો ભીખારીને આપી દેતી. આથી એટલું તો ચોક્કસજ છે કે વૈદિક સ્ત્રી એક નિપુણ ગૃહિણી હતી.

ગૃહકર્મ એ વૈદિક સ્ત્રીનું પણ નિત્યકર્મ હતું. પણ આથી તે કંઇ ગૃહપીંજરમાં પૂરાયલાં પક્ષિણી જ્હોતી. પોતાના પતિની સાહસપૂર્ણ પ્રવૃત્તિઓમાં તે સ્વેચ્છાયે

ભાગ લેતી અને તેને મદદગાર થઈ પડતી મુગ્દલાની નામની સ્ત્રીએ તેના પતિ સાથે લૂટારાઓની પૂઠ પકડી હતી અને વિશ્પાલા નામની સ્ત્રીએ લડાઈમાં પોતાનો એક પગ ગુમાવ્યો હતો, તેથી અશ્વિને વિશ્પાલાને લોખંડનો પગ બેસાડી આપ્યો હતો. ઉપર્યુક્ત બે દૃષ્ટાન્તો વૈદિક સ્ત્રીઓની વીરતાના જીવંત પુરાવા છે

વીરને

જા ! જા ! તુ વીર મારા જુદ્ધે ચડી જા
જુદ્ધે ચડી જા, જુવાન !... વીર૦

કેસરિયા વાયા વીર ! અંગે ધરી જા
માથે ધરી લે તું પાઘ .. વીર૦

દાદાજીની વીર ! આશિષ લેતો જા
ખંજે બાંધી લે તું ઢાલ .. વીર૦

માતાજીની વીર ! રક્ષા લેતો જા
છાતી બાંધે લે કટાર વીર૦

બાપાજી તીનું વીર ! હૈયું લેતો જા
કરમર બાંધી લે તલવાર . વીર૦

નાની બહેનીની વીર ! ખમ્મા લેતો જા
સો સો છાતી લે મેદાન .. વીર૦

રમણલાલ સોની

વિધવા વિવાહ

વૈદિક સમયમાં વિધવા વિવાહને પાતક ગણવામાં આવતુ નહિ.' સતી 'નો રિવાજ જ્યે કે પુરાણો હતો છતાં વૈદિક આર્યોમા ઘણું કરીને પાળવામાં આવતો નહિ દહન સમયે ધર્મગુરૂ વિધવા સ્ત્રીને કહેતો —

' હે સ્ત્રી ' જીવનના જગતમાં બેઠી થા, તુ જેને ચાહતી તેનો શ્વાસ મહાનો બન્ધ પડયો છે. તેણે એક વખત તારો હાથ પકડયો, અને તને પત્ની તરીકે સ્વીકારી, પરન્તુ લગ્નગ્રન્થી આજ તૂટી ગઇ.' અથવા ' હે સ્ત્રી ! બેઠી થા, તું નિશ્ચેત પતિની સાથે સૂતી છે તને પરણવાને ઇચ્છનાર જો તારો હાથ ધરે તો જેવાલક તેની પત્ની થા."

ઉપર્યુક્ત શબ્દોથી આપણે જાણી શકીયે કે, વિધવાઓનો આત્મનાશ કદિ રિવાજ ન હોઇ શકે, અને છેલ્લા અવતરણ પરથી સાબીત થાય છે કે વિધવાવિવાહની પ્રથા સામાન્ય હોવી જોઇએ

બીજી આનન્દદાયક અને રમુજી વાત એ હતી કે તે સમયે વિધવાઓને વિરૂપ બનાવવામાં આવતી નહોતી અને આભૂષણ પરિધાનથી વિમુખ રાખવામાં આવતી નહોતી એક અવતરણ લઇયુ, ' ભલે, આ વિધવા સ્ત્રીઓ વૈધવ્યના કારમા સંકટોથી દુખી થતી અટકી, આ દુખી સ્ત્રીઓની અશ્રુધારા વહેતી બન્ધ પડી, તેમના શોકનુ ખંડન થાઓ અને મૂલ્યવાન આભૂષણોથી વિભૂષિત બની ગૃહસંસારમાં વિરાજે ! '

પહેરવેશ

વૈદિક સ્ત્રીઓનો પહેરવેશ કેવો હતો તેનુ જ્ઞાન બહુ રમુજી થઇ પડશે હિન્દમાં પહેલવહેલી આવનાર આર્યસ્ત્રીઓ બહુ જ સુન્દર હતી એમ લાગે છે કારણ કે તેમને વિશે આપણે સાંભળીયે છીયે કે, ' તે

આર્યાઓના હાથ અને કાંડા મનોહર હતા અને તેઓ માથાને વિશાળ સુન્દર વેણીથી અલંકૃત કરતી.' એક ઉદાહરણમાં એવું કહેવામાં આવ્યું છે કે એક આર્યા ચાર કરતાં ઓછી વેણી રાખતી નહીં. તે પોતાના વાળની સુન્દર લટોની બહુજ સંભાળ રાખતી અને તેની કાંસકી લગભગ એકએ દાંતાની હતી. કોઈક વેળા જ્યારે તેના વાળ અમુક કારણોથી ઓછા થતા ત્યારે તેની વૃદ્ધિ માટે જાદુ મંત્રનો આસરો લેતી. તે પુષ્પોની માળા, સોનાની સાંકળી, બંગડીઓ, રત્નમાળા, પગમાં સાંકળા અને કાનમાં એરીંગ પહેરતી.

માયુ ઢાંકવુ એ પણ કદાચ પુરાણી પ્રથા હોય કારણકે વસુપ્રાર્થનામાં એકજ જગ્યાએ કહ્યું છે કે, 'ઓના માથા પર ઓઢવાના વસ્ત્રને સુન્દર કિનાર ભરી વધારે સુશોભિત કરો.' તેના વસ્ત્રો સુતર કે ઊનના બનાવવામાં આવતાં કારણકે તે સમયે રેશમ ગૂઢ વસ્તુ હતી. તેના વસ્ત્રોપર કિમતી ભરત અને ગૂથણકામ નજરે પડતું. સુગન્ધી પદાર્થો–અત્તર વગેરેનો તેને શોખ હતો અને ચક્ષુસેપનો ઉપયોગ કરતા. તે કાળમાં અરીસાની શોધ થઇ નહોતી તેથી આર્યા શી વસ્તુની મદદથી પોતાના રૂપશૃંગાર સજતી એ એક વિચારવા જેવો પ્રશ્ન છે.


ધનવાન કુટુમ્બોમા સ્ત્રીઓને માટે ખાસ લતામંડપ રચવામાં આવતો. એ લતામંડપમાં બેસી તેઓ ભરતગૂથણ કામ કરતી. વૈદિક સ્ત્રીઓ સુન્દર ગાન ગાતી, નૃત્ય કરતી અને વીણા વગાડવામાં નિષ્ણાત હતી. પરંતુ બહુ જ વહેમી હતી અને જાદુમંત્ર વિષેની તેની માન્યતાઓ અતિ પ્રબલ હતી. સમયે થયાં ચાલી આવતી પુરાણ-કથા તે સમયે બહુ વિખ્યાત હતી અને લોકોની વહેમની માન્યતાઓમાં તે અવશ્ય વૃદ્ધિ કરતી

આ ટૂંકી નિરીક્ષા પરથી આપણે જાણી શકીયે કે તેઓ પરાંગમુખ, તેઓ ચંચલા યક્ષી જાતિ ન હોતી મૂળ એકોલીઓટે કહ્યું છે કે, "India of the Vedas entertained a respect for women amounting to warship, a fact which we seem little to suspect in Europe when we accuse the extreme East of having denied the dignity of woman and of having only made of her an instrument of pleasure and of passive obedience. Here is a civilization, which you cannot deny to be older than your own which places the woman on the level with man and gives her an equal place in the family and the Society."

સમયના વહન સાથે એમ છતાં, મૂળ ધાર્મિક તત્વોના અન્યથાર્થને લીધે, તેમજ ધાર્મિક અને જાતિબન્ધનોની જૂલ્મગારીને લીધે અને અનવ રાજકીય ફેરફારોને લીધે ભારતની સ્ત્રીઓનું સ્થાન ધીમેધીમે અધોગતિને પ્રાપ્ત થયું. અને આપેહના મેઘ સમાન વહેમનું ઘર બની ગયેલી બહેનો આપણી સુન્દર ભારત ભૂમિપર એટલા બધા પ્રમાણમાં વધી ગઇ છે કે તેને મદદ દાની દેવાનું ભગીરથ કામ આજના સુધારકોને શિરે આવી પડયું છે.

પરંતુ સમય બદલાયા કરે છે અને કૃત્રિમ રીતિરિવાજોને સ્થાને સામાન્ય બુદ્ધિને સ્થાન આપવામાં આવે છે, અને થોડાજ વર્ષમાં આપણા ભારતવર્ષની આર્યાઓ માત્ર વૈદિક સમયની સ્ત્રીઓ પ્રમાણે સ્વાતંત્ર્ય ભોગવશે એટલું જ નહિ પણ કદાચ તેથીય વધુ મહત્તાને પ્રાપ્ત કરશે. કારણકે પ્રજા અને સત્યની શોધ કરવામાં તેઓ નેથીઓ બનશે કે જે પ્રશ્ને સમસ્ત જગતને બળબળાવી મૂકયું છે +

+ 'ચાઇલ્ડ ઓફ ઇન્ડિયા' ઉપરથી



સ્વદેશોન્નતિમાં સ્ત્રીઓનું સ્થાન

મૂળ લેખકઃ શ્રી રામનારાયણ મિશ્ર, બી. એ
અનુવાદકઃ શ્રી મૂળશંકર ન. ત્રિવેદી

અમેરિકાના ડાક્ટર સન્ડરલેન્ડને ભારત પર બહુ પ્રેમ છે તેમણે ભારત વિષે ઘણા પુસ્તકો લખ્યાં છે. એ સૌમાં 'India in Bondage' એ જાણીતુ પુસ્તક છે. આપણી હિંદી મહાસભાના જે વિચારો છે તેવાજ વિચારો તેમના છે તેઓ જ્યારે ભારતયાત્રાએ આવ્યા હતા, ત્યારે કાશીમાં પધાર્યા હતા મરમાઇકલ વાચનાલયમાં વ્યાખ્યાન આપતાં તેમણે કહ્યું કે "હું જગ્યાઓમાં ફર્યો, રેલ્વેનો પર ફર્યો, પણ મે ક્યાંય સ્ત્રીઓને જોઇ નહિ. મોટાં મોટાં ઐતિહાસિક સ્થળો જોયાં, બ્રહ્મ જગ્યામાં મહેલ કરી, ઘણાં સ્થળોમાં વ્યાખ્યાનો આપ્યાં, પણ દરેક જગ્યાએ મારે જોજ પૂછવું પડ્યું:

"ભારતની સ્ત્રીઓ ક્યાં છે?"

ભારતવર્ષમાં ફેરફાર થઇ રહ્યા છે જે વખતે ડાક્ટર માહેન અહી આવ્યા હતા, તે સમય કરતાં અત્યારે હિંદમાં સ્ત્રી-શિક્ષણ અધિક થયુ છે જાહેરસભા કે સમાજમાં સ્ત્રીઓ ભાગ લેવા લાગી છે કેટલેક ઠેકાણે સ્ત્રીઓ વકીલાત કરી રહી છે ડાક્ટર સન્ડરલેન્ડનો પ્રશ્ન હજુ પણ પૂછી શકાય છે:

"ભારતની સ્ત્રીઓ ક્યાં છે?"

અત્યારે પણ સ્ત્રી ઉપયોગી સંસ્થાઓમાં પુરૂષો કામ કરી રહ્યા છે પ્રો. કર્વે ન હોય તો મહિલા વિશ્વ વિદ્યાલય ન ચાલે, લાલા દેવરાજ ન હોય તો કન્યા મહાવિદ્યાલય તૂર્ત જ બંધ અંજળીને વેદે મણી શકાય એટલી થોડી સ્ત્રીઓ-નાના મોટા સાર્વજનિક કાર્યમાં ભાગ લઇ રહી છે એમાથી કેટલક મહિલા રત્નોએ અદ્ભુત ઉત્સાહ અને આત્મ સમર્પણનો પરિચય કરાવ્યો છે. કોંગ્રેસના-મહાસભાના પ્રમુખ પદે- એ ઉચ્ચાસને એક ભારતીય મહિલા બેસી ચુકી છે ભારત જેવા દેશમા દેશ સેવા કરનારાઓની સંખ્યા ઓછી છે ને તેમાંય સ્ત્રીઓ તો માંડ દસહજારે એકાદ હરી. ઉન્નત દેશોની સ્થિતિ આથી ઉલ્ટી છે. ત્યાં હજારો સ્ત્રીઓ શિક્ષણ, ચિકિત્સા, ધર્મ વગેરે ક્ષેત્રોમાં કામ કરતી માલમ પડે છે. તે એક એક સ્ત્રીએ એવુ કાર્ય કર્યું છે કે હજારો પુરૂષોનુ તેઓ પોતા તરફ લક્ષ ખેચી શકી છે આજે ડાક્ટર મેન્ટીસોરીનુ જે સ્થાન છે ને કોઇ પુરૂષ લઇ શકે તેમ નથી.

પણ એ દેશો અને ભારત વચ્ચે એક મહત્વનુ અંતર છે અહીની સ્ત્રીઓમાં એક છુપાઇ રહેલી શક્તિ છે. ઘર એ તેમનો કિલ્લો છે, કુટુમ્બ તેનુ સામ્રાજ્ય છે. તે ગૃહ લક્ષ્મી છે તે ભારતના સામાજિક અને

આધ્યાત્મિક ગુણોનું દૃઢગમ છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ગુરુદાસ બન્દોપાધ્યાય એવી માતા ઓને લીધે આદર્શ પુરુષો થયા છે. જે લોકો એમ માને છે કે ભારતની સ્ત્રીયો આળસુ અને મૂર્ખ છે, તેમને ભારતનુ યથાર્થ જ્ઞાન નથી. તેઓ સદાચારી, કાર્યદક્ષ અને બુદ્ધિમાન છે એમાં સંદેહ નથી તેઓમા માત્ર સાર્વજનિક જીવન સાથેની સહાનુભૂતિ અને સાક્ષરતા ઓછી છે

નિરક્ષરતાને લીધે તેઓમાં મિથ્યા વિશ્વાસ નો પ્રચાર થયો અને સાર્વજનિકતાના ફળરૂપ કૂપ-મન્ડુકત્વ અને પડદા આદિ રહ્યાં છે અંધારામાં ડર લાગવો, સાધુ ફકીરના પ્રસાદમાં શ્રદ્ધા રાખવી એ બહુ સાધારણ વાત છે. ભલે ઘરની સ્ત્રી પોતાની જરૂરીઆતો બજારમાં ન ખરીદી શકે કે સ્ટેશન પરથી જાતે ટીકીટ લઈને મુસાફરી ન કરી શકે; પણ એજ સ્ત્રીઓનુ ઘરનુ જીવન ઉંજાગવળ છે સીવવુ, પરોવવુ, ભોજન તૈયાર કરવુ વગેરે ગૃહસ્થી કામો તે કરી શકે છે પોતાનાં બાળકોનુ કાળજીપૂર્વક પોષણ કરી હૃષ્ટ-પુષ્ટ બનાવી શકે છે એને સો-પચાસ ઘરગથ્થુ દવાઓની જાણ છે અને તેનો વ્યવહારમાં ઉપયોગી કરી લે છે ને નાની નાની વાતોમાં ડાક્ટર-વૈદની પાસે દોડી જતી નથી.

ભારતના નવા સ્ત્રી સન્તાનો બન્દરોકની પરીની નકલ કરે છે. ને પ્રકૃતિ દેવીથી દૂર નાસતી ફરે છે. એને ભઠાર જવા માટે લોકો જોઇએ છે, વરસાદ સામે રક્ષણ માટે છત્રીની જરૂર પડે છે. યુરોપની-ખાસ કરીને જર્મનીની-સ્ત્રીઓ પગેથી મુસાફરી કરે છે, ખુલ્લામાં સ્નાન કરે છે, વર્ષામા સ્નાન કરે છે અને કઠોર કસરતોનો અભ્યાસ કરે છે. જર્મનીમાં એક સમય છે. જેને " વાંડર વોગલ " રખડુ પક્ષીઓ કહેવામાં આવે છે. આમાં શાળાનાં બાલ-બાલિકાઓ દાખલ થાય છે. બાલકો સુધા પગેથી પર્યટન કરે છે ઝાડની છાયા તળે ભોજન બનાવે છે. વર્ષે છ સપ્તાહ તેમને આ પ્રમાણે ગાળવાનાં હોય છે. એને જોઇને તેને 'અબલા' કહેવાની હિંમત નહિ થાય. તેમને સંપૂર્ણ શિક્ષણ આપવામાં આવે છે. તે ગૃહસ્થાશ્રમમાં પોતાનું ભોજન બનાવી લે છે ને જાતેજ વાસણો માંજી શકે છે બજાર ખરીદી જાતેજ કરી શકે છે. પોતાનાં કપડાં પણ જાતેજ ધોઇ શકે છે. તેમને પ્રારમ્ભિક ચિકિત્સાનું જ્ઞાન હોય છે, સાધારણ ઘા કે ચોટ લાગી હોય તો તુરત જ ડાક્ટર પાસે દોડ દોડા કરવી પડતી નથી, આટલુ છતાંય તે એક શિક્ષિતા હોય છે. સંસારના ભૂગોળ અને ઇતિહાસ સાથે તેને પરિચય હોય છે. ધર્મગ્રન્થોનું પણ તેણે અધ્યયન કરેલું હોય છે. યુરોપના લોકો સ્ત્રીઓને BotterHalf કહે છે. આપણે તેમને 'અર્ધાંગિની' કહીએ છીએ અને તેજ વધારે ખરું છે સંસાર યુદ્ધમા કોઈ મોટું નાનું નથી. સ્ત્રી અને પુરુષ બન્ને મળીને એક સમાન કાર્યમાં પરિણત થાય તોજ જીત થવાની સમ્ભાવના રહી શકે છે.

બન્ને સમાન શિક્ષિત હોય; પણ શિક્ષા તો ગુણ, કર્મ અને સ્વભાવ અનુસાર હોય છે. પ્રાથમિક-શિક્ષણ સુધીમાં ભાઇ અને બહેનની જેમ એક સાથેજ ભણવુ જોઇએ. જેમ પરિવારમાં એક સાથેજ રહે છે, જેમ મન્દિરોમાં એક સાથે જ દર્શન માટે જાય છે. એજ પ્રમાણે વિદ્યાની ઉપાસના માટે ગુરુઘરોમાં એક સાથેજ બેસવું જોઇએ. આપણા દેશના લોકોએ આ બાબત પર (સહ-શિક્ષણ) બહુ થોડો વિચાર કર્યો છે. આધીજ દેશનું મહાકલ્યાણ થશે. પાંચથી છ વર્ષની અવસ્થાથી માંડીને અગિયાર, બાર વર્ષની અવસ્થા સુધી સાથે ભણવાથી ખર્ચ ઓછુ લાગે છે, શિક્ષણ માઠું મળે છે. તે

જીવનના આરંભથી સ્ત્રી-પુરૂષ સમ્બન્ધી વિશુદ્ધ વિચાર ઉત્પન્ન થશે.

એ ખરૂં છે કે આપણા નેતાઓ ગામડાંઓમાં જાગૃતિ લાવવા તરફ ઓછું ધ્યાન આપે છે બારતનાં શહેરો જોઈને એમજ લાગે છે કે બારતની દશા ખૂબ ઉન્નત છે, પણ બારતનાં નવ લાખ ગામડાંઓની સામાજિક દુર્દશા જોઈ ખૂબ દુઃખ થાય છે. તેની સુધારણા માટે એટલું જરૂરનું છે કે લોકલ બોર્ડની શાળાઓમાં સહશિક્ષણની વ્યવસ્થા થાય; પ્રાથમિક કક્ષાઓમાં એક સમાન ભાષા, ગણિત ભૂગોળ આદિની શિક્ષા આપવાની પ્રથા પડે

ઘણી શાળાઓમાં-રસોઇ ગ-બાલચમૂનું શિક્ષણ આપવામાં આવે છે. જેનો બાલિકાના ચારિત્ર્ય પર બહુ પ્રભાવ પડે છે. આજ રીતે કન્યાઓને (Girl-Guide) પણ શિક્ષણ આપવાની જરૂર છે. આપણે ત્યાં સ્ત્રીઓ દિવસભર કામ કરે છે; પણ તેમને કોઇ જાતનો વ્યાયામ બતાવવામાં આવતો નથી યુરોપમાં નાચના નામ હેઠળ ખૂબજ વ્યાયામ કરાવવામાં આવે છે, જેથી તેમનું સ્વાસ્થ્ય ખૂબ સરસ થાય છે.

આપણા દેશમાં-અગાળ સિવાય-કન્યાઓ ને તરતાં શીખવવું એ કુરૂં સમજવામાં આવે છે. આ માટે જ્યારે જ્યારે કન્યા પાઠશાળાઓ તરફથી નદીઓ પર પ્રબંધ કરવામાં આવ્યો ત્યારે ત્યારે બહુમતીઓએ ટંટો કરવાની કોશિશ કરી યુરોપમાં તરતાં શિખવા પર ખૂબ જોર આપવામાં આવે છે. દસ વરસની એક છોકરી એવી નથી હોતી કે જેને તરતાં ન આવડતું હોય.

ભાવી સ્ત્રી સન્તાનને માટે આ આવશ્યક છે તે પોતાનાં સ્વાસ્થ્ય પર વધારે નજર રાખે તેથી ગૃહકાર્યમાં હાથેજ ચૂલો, ધંટી, વગેરે કરી શકે. પડદા-લાજનો ત્યાગ કરી ઉચિત લજ્જા, શીલ અને સ્નેહનું પાલન કરી શિષ્ટ સ્વાતન્ત્ર્યને અપનાવે આ સમયે આસ કરીને પંજાબમાં આ સમ્બન્ધમાં સારી અસર પડી નથી. એ શિક્ષણ શા કામનું કે જે જીવનને નકલી બનાવી દે ? શિક્ષણ દ્વારા સ્વાભાવિક ગુણોનો પ્રાદુર્ભાવ થવો જોઇએ સ્વદેશોન્નતિ માટે એ જરૂરનું છે કે આપણા જાતીય ગુણોનો લોપ ન થાય અને પ્રાચીન સંસ્કૃતિ ન બની રહે; પણ સાથેજ આધુનિક સ્ફુર્તિ ઉત્સાહનો દૃષ્ટિકોણ પેદા થાય. *

* 'હંસ' ના 'સ્વદેશોન્નતિ' માંથી.

વનિતા વિશ્રામ ટ્રેનિંગ કૉલેજ, મુંબઇ

આ કૉલેજ ઉનાળાની રજા પછી સોમવાર તા ૧૨મી જુને ઉઘડશે. નવા દાખલ થવા ઇચ્છતાં બાઇઓએ રજા દરમ્યાન અરજી કૉલેજનાં પ્રિન્સીપાલ પર લખી મોકલવી જેમણે મરાઠી વ કા. ની પરીક્ષા અથવા અંગ્રેજી પો પ માની પરીક્ષા પાસ કરી હશે અને ઉમર વર્ષ ૧૬ પુરાં હશે તેમને દાખલ કરી શકાશે.

ભારતવિખ્યાત ઉપન્યાસસમ્રાટ શ્રી પ્રેમચંદજીનાં ગબનનો અનુવાદ

ગરીબની ગૃહલક્ષ્મી

અનુવાદક
પીયૂષ

૬૮

રમાનાથ મોટરમાં ગયો પણ તેને કાંઇ સૂઝતું ન હતું. તે ક્યાં જઇ રહ્યો છે તે તેની સમજમાં આવતું ન હતું જાણીતા રસ્તા પણ તેને માટે અજાણ્યા બની ગયા હતા તેને જલપા ઉપર ક્રોધ ન હતો, જરા પણ નહિ; જગ્ગો ઉપર પણ તેને ક્રોધ ન હતો ક્રોધ હતો પોતાની દુર્બળતા ઉપર; પોતાની સ્વાર્થ લોલુપતાપર, પોતાની કાયરતા પર. પોલીસના વાતાવરણમાં તેનું ઔચિત્ય-જ્ઞાન ભ્રષ્ટ થઇ ગયું હતું તે કેટલો મોટો અન્યાય કરવા જઇ રહ્યો છે તેનો ખ્યાલ તેને જલપાએ જે દિવસે સમજાવ્યું તેજ દિવસે આવ્યો હતો ફરી એ શંકા તેના મનમાં ઉઠી નહિ અમલદારોએ મોટી મોટી આશાઓ બંધાવીને તેને બહલાવી રાખ્યો. તેઓ કહેતા, અરે બીબીની કાંઇ ચિંતા ન કરો. જે વખતે તમે રત્નજડીત હાર લઇને પહોંચશો અને કપિયાની એક ઐસી નજર કરી દેશો ને વખતે ખેતમ સાહેબનો બધોય ગુસ્સો ભાગી જશે. તમારા ઇન્સામાં કોઇ મોટી મરણી રકમ એ પહોંચી જશે તો આનંદથી ઉછળી પડશે ગુસ્સો કેવો ! આવી આવી તો કેટલીયે આશાઓ આપવામાં આવી. રમાનાથ ચોકમાં આવી ગયો. ફરી તેને જલપાને મળવાનો અવસર ન મળ્યો ચોલીસનો રંગ જામતો ગયો આજે તે રત્ન જડીત હાર ખિસ્સામાં રાખીને જલપાને પોતાના વિજયની ખુશખબર આપવા ગયો હતો તે જાણતો હતો કે જલપા પહેલાં તો નાક ભોંકું મચકોડશે પરંતુ તે સાથે એ પણ જાણતો હતો કે આ હાર જોઇને તે જરૂર ખુશ થઇ જશે. કાલે જ સંયુક્ત પ્રાંતના હોમ-સેક્રેટરી ઉપર પોલીસ કમીશ્નરનો પત્ર તેને મળી જશે બે ચાર દિવસ અહીં ખૂબ સહેલ કરીને સીધો ઘરનો રાહ લઇશ. દેવીદીન અને જગ્ગોને પણ તે સાથે જ લઇ જવા ચાહતો હતો તેમનો એહસાન તે કેવી રીતે ભૂલી શકે ! જાણે કોઇ ભક્ત ફૂલ અને નૈવેદ્ય લઇને દેવતાની ઉપાસના કરવા જાય, એવો જ મનસૂબો બાંધીને તે જલપાની પાસે ગયો હતો; પરંતુ દેવતાએ વરદાન આપવાને બદલે તેના થાળને ઠોકર મારી દીધી, તેના નૈવેદ્યને પગ નીચે કચડી નાખ્યો ! તેને કાંઇ કહેવાનો અવસર પણ ન મળ્યો ચોમાસાના વિષારી વાતાવરણમાંથી નીકળીને તેણે આજે જ સ્વચ્છ વાયુ મેળવ્યો હતો. અને તેની સુબુદ્ધિ સચેત થઇ ગઇ હતી. હવે તેને પોતાની પશુતા તેનાં યથાર્થ સ્વરૂપમાં નજરે પડી કેટલી વિકરાળ, કેટલી દાનવી મૂર્તિ હતી ! તે પોતે તેની સામે

તાકવાનું સાહસ કરી શકતો ન હતો તેને વિચાર આવ્યો, કે આજ વખતે જજની પાસે જઉ અને બધી કથા કહી સંભળાવું. ભલે પોલીસ મારી દુરમન થઇ જાય મને જેલમાં સડાવી મારે, મને કાંઇ પરવા નથી. બધોય ભેદ ખોલી દઇશ શું જજ પોતાનો ચુકાદો નહિ બદલી શકે ? હજી તો બધાય આરોપીઓ પોલીસના હવાલામાં જ છે. પોલીસવાળા ખૂબ દાંત પીસશે, ખૂબ નાચશે કૂદશે, કદાચ મને કાચોને કાચો ખાઇ જશે ! ભલે ખાઇ જાય ! એ દુર્બળતા એજ તો મારા મુખ ઉપર આ કલંક લગાડયું છે

જાપાની એ કોમેડિયન્ની મૂર્તિ તેની આંખો સામેથી પસાર થઇ ગઇ. ઓહ ! કેટલી ગુસ્તાખી હતી ! અને ખબર હોત કે તે આટલી બધી ચીડશે તો ચાહે, દુનીઆ આખીથી તેમની કેમ ન થઇ જાય, ગાઢ બ્યાન બદલી નાખત આ પોલીસવાળાઓએ ઘણો ભરમાવી દીધો, અસર જજે કઈ નહિ સાંભળ્યુ અને આરોપીઓને માફી નહિ આપી તો બદલા મારૂ મુખ પણ નહિ જોશે હુ તેની પાસે શુ મોઢુ લઇને જઇશ ? ફરી જીવનો રહીને પણ શુ કરીશ ? કોને માટે ?

તેણે મોટર બોબાની અને તે આમ તેમ જોવા લાગ્યો. કયાં આવી પહોંચ્યો તે પણ કાંઇ સમજાતું નથી. એટલામાં એક ચોકીદાર દૂર નજરે પડયો તેને તેણે જજ સાહેબના બંગલાનો પત્તો પૂછયો ચોકીદાર હસીને બોલ્યો, હજુર તો ઘણા દૂર નીકળી આવ્યા અહીંથી તો છ સાત માઇલથી ઓછુ નહિ હોય તેઓ તો પડોશે ચૌરથી તરફ રહે છે.

રમાનાથ ચૌરથીનો રસ્તો પૂછીને પાછો વાળ્યો નવ વાગી ગયા હતા જજ સાહેબ સાથે મુલાકાત નહિ થાય તો મારો જેલ બગડી જશે એમ તેને લાગ્યુ. મળ્યા વિના છૂટકો જ નહિ. જો તેમણે સાંભળી લીધુ તો ઠીક જે નહિ તો કાલે કઇકોર્ટના જજોને કહીશ કોઇક તો સાંભળશે. બધો વૃત્તાન્ત સમાચાર પત્રોમાં છપાવી દઇશ. ત્યારે તો બધાની આંખો ખુલશે

મોટર ત્રીસ માઇલની ઝડપથી ચાલી રહી હતી દસ મીનીટમાં ચૌરથી આવી પહોંચી. અહીં હજી ઓવીજ અવરજવર હતી પરંતુ રમાનાથ જે ભીડમાંથી પણ મોટર લઇ જતો હતો એટલામાં એક પોલીસે લાલ બત્તી દેખાડી તે બોબી ગયો અને માથુ બહાર કાઢીને જોયુ તો એ હતા દારોગાજી !

દારોગાએ પૂછયુ- "શું હજી સુધી બંગલા ઉપર નથી ગયા ? આટલી ઝડપે મોટર ચલાવ્યા ન કરશો. કયાંક અકસ્માત થઇ જશે. કહો, બેરીસ્ટરના સાથે મુલાકાત થઇ ?

'ગરીબની ગૃહલક્ષ્મી'
માટે
'હંસ' શું કહે છે ?

"પ્રસ્તુત પુસ્તક શ્રીમાન પ્રેમચન્દજી કે 'ગબન' કા ગુજરાતી અનુવાદ હૈ। પ્રસન્નતા કી બાત હૈ કિ 'ગબન' કો ગતની જલ્દી યહ સૌભાગ્ય પ્રાપ્ત હુઆ। પુસ્તક કે વિષય મે ઔર કયા કહા જાય। હા, અનુવાદક ને મૂલ પુસ્તક કે ભાવો કી રક્ષા કરતે હુએ ગતના સરલ અનુવાદ કિયા હૈ કિ તબીયત ખુશ હો જાતી હૈ। અનુવાદ કી ભાષા પર ભી જૈસે શ્રી પ્રેમચન્દજી કી ભાષા કી છાપ લગ ગઇ હૈ। અનુવાદક મહાશય કો હમ ઇસ સફલતા કે લિએ બધાઇ દેતે હૈ।"

[શ્રી પ્રેમચન્દજી શ પાદિત 'હંસ' માર્ચ ૧૯૩૩]

હું તો સમજ્યો હતો કે તેઓ પણ આપની સાથેજ હશે, ખુશ તો ખુબ થઇ હશે ? "

રમાનાથને એવો ક્રોધ આવ્યો કે જાણે એની મુછ ઉખાડી લઉં પરંતુ વાત બનાવીને બોલ્યોઃ " જી હાં, બહુજ ખુશ થઇ, બેહદ ! "

" મેં કહ્યું હતું ને કે ઔરતોની નારાજીની એજ દવા છે, આપ બ્હીધા કરતા હતા ! "

" મારી ભૂલ હતી. "

" ચાલોઃ હું પણ તમારી સાથે આવું છું. એક બાજી પાર્ટી બેલીએ એટલે જરા લહેર પડે ડેપ્યુટી સાહેબ અને ઇન્સ્પેક્ટર સાહેબ આવશે. જોહરને બોલાવી લેશે. બે ઘડી બહાર રહેશે. હવે આપ મીસીસ રમાનાથને બંગલા ઉપર જ કેમ બોલાવી નથી લેતા ? ત્યાં પેલા બટિકને ઘરે પડી રહી છે. "

રમાનાથે કહ્યુંઃ " હજી તો મારે એક જરૂરનાં કામ માટે બીજી તરફ જવુ છે. આપ મોટર લઈ જાવ, હું પગે ચાલતો ચાલતો આવીશ. "

દારોગાએ મોટરની અંદર જતાં જતાં કહ્યુંઃ " નહિ, સાહેબ મને કાંઇ હતાવળ નથી, આપને જ્યાં જવુ હોય ત્યાં ચાલો હું જરા પણ હેરાન નહિ થાઉં. "

રમાનાથ ચીઢાઇને બોલ્યો " પરતુ હું હોલમાં બગલા ઉપર નથી જતો. "

દારોગાએ હસીને કહ્યું, " હું સમજી ગયો છું. પરંતુ હું જરાપણ હેરાન નહિ થાઉં. એજ બેમમ સાહેબા..."

રમાનાથે વાત કાપીને કહ્યું. " જી નહિ; મારે ત્યાં જવું નથી. "

દારોગોઃ " તો શું બીજો શિકાર છે ? બગલા ઉપર પણ આજે કાંઇ ઓછી બહાર નહિ હોય. ત્યાં પણ આપનું દિલ બહલાવવા માટે કાંઇક સામાન તૈયાર થઇ જશે. "

રમાનાથે એકસામટી આંખો લાલ કરીને કહ્યું, " શું તમે મને લપટ સમજો છો ? હું એટલો તુચ્છ નથી. "

દારોગાએ કાંઇક લજ્જિત થઇને કહ્યુંઃ " ઠીક સાહેબ, ગુન્હો કર્યોઃ માફ કરજો. હવે કદિ એવી મસ્કરી નહિ કરું. પરતુ હજી આપ આપને શકાની બહાર ન સમજશો. હું તમને એવી કોઇ જગાએ નહિ જવા દઉં કે જ્યાનો મને પૂરેપૂરો વિશ્વાસ ન હોય. આપને ખબર નથી કે આપના કેટલા દુશ્મન છે. હું આપનાજ લાભના વિચારથી કહું છું. "

રમાનાથે હોઠ દબાવીને કહ્યુંઃ " બહેતર છે કે આપ મારા ફાયદાનો આટલો બધો વિચાર ન કરો. આપ સેકાઓએ મને જીવતો તો મારી નાખ્યો છે, છતા હજી મારૂ ગળું નથી છોડતાં. હવે મને મારી રીતે મરવા દો. હું આ ગુલામીથી હવે તોબા પોકારી ગયો છું. હું હવે માની પાછળ પાછળ ચાલવાવાળો છોકરો બનવા નથી માંગતો. આપ આપની મોટર ઇચ્છતા હો તો ખુશીથી લઇ જાવ. મોટરની સવારી અને બંગલામા રહેવાને માટે પંદર માણસોને કુરબાન કરવા પડયા છે. કોઈ જગાએ આવી જાઉ તો પદરસો માણસોને કુરબાને કરવા પડે મારો છાતી એટલી મજબૂત નથી. આપ આપની મોટર લઇ જાવ.

એટલું કહીને તે મોટરમાંથી ઉતરી પડ્યો અને હતાવળે આગળ ચાલી ગયો. દારોગાએ કેટલીયવાર બૂમ મારી, જરા સાંભળો, વાત તો સાંભળોઃ પરંતુ તેણે પાછળ ફરીને જોયું સુદ્ધાં નહિ. થોડે વધુ આગળ જઇને તે એક

ગલીમાં ગેરી ગયો. એજ સડક ઉપર જજનો બંગલો હતો. સડક ઉપર કોઇ માણસ ન મળ્યો. રમાનાથ કહિ આ બાજુ પર તો કહિ પેલી બાજુ પર જઇ જઇને બંગલાના નંબર વાંચતો વાંચતો ચાલી જતો હતો એટલામાં એક નંબર વાંચીને તે થોભી ગયો. એક મીનીટ સુધી ઉભો ઉભો જોઇ રહ્યો કે કોઇ માણસ બહાર નીકળે તો પૂછું કે સાહેબ છે કે નહિ અંદર જવાને તેની હિંમત ચાલતી ન હતી તેને વિચાર આવ્યો કે જજ એમ પુછશે કે તમે જુઠી જુબાની કેમ આપી તો શું જવાબ આપીશ? પોલીસે મારી પાસે જબરદસ્તીથી જુબાની અપાવરાવી, પ્રલોભન આપ્યુ, મારવાની ધમકી આપી એમ કહેવુ કે તો લજ્જાસ્પદ વાત છે. કદાચ તેઓ પુછે કે, તમે માત્ર બે ત્રણ સાક્ષની મનાથી બચવાને માટે આટલુ મોટુ કલંક માથે લીધું, આટલા બધા માણસોના જાન લેવા માટે તૈયાર થઇ

રસિયો રીસામણે

(મેંદી તે વાવી માળવે... ...એ ઢાળ)

– રાસ –

ચન્દા ! તું ચાર ઘડી થોભજે ને,
અલિ ! સુણજે વીતકની વાત રે:
રસિયો રીસામણે રે.

દિવસ વીતે છે રોદ્યતા ને,
બ્હેન ! જાતી ન જેરવ્યુ રાત રે:
રસિયો રીસામણે રે

નવલા દહાડા નવ રાતના રે,
રાસ રચિયો રોરી ને ચોક રે
રસિયો રીસામણે રે

સરખી સાહેલી સૂર ઝીલતી રે,
દેવ નિરખે ગગનને ગોખ રે:
રસિયો રીસામણે રે

તાળીથી ત્રણ ફોક આજતાં રે,
મારાં સૂનાં હૈયાનાં હાટ રે
રસિયો રીસામણે રે

તુ થૈ અવનિને ઉજાળતી રે,
સખિ ! સૂની દીસે સુખવાટ રે
રસિયો રીસામણે રે

હુ થૈ આભલીયે ઉગતી રે,
આજ તૂટી એ પ્રેમલ પાંખ રે
રસિયો રીસામણે રે.

નિત્યે નિર્ઝરતી નેહને રે,
આંસુ ખારે અભાગી આંખ રે.
રસિયો રીસામણે રે.

નાનાલાલ દલપતરામ પટેલ

યા તે વખતે તમારી બુદ્ધિ કયાં ગૂમ હતી? તો તેનો મારી પાસે શો જવાબ છે? ખરેખર લજ્જિત થવુ પડશે, બેવકુફ બની જઇશ તે પાછો ફર્યો. એ લજ્જાનો સામનો કરવાનુ તેનામાં સામર્થ્ય ન હતું લજ્જાએ સહેજ વારમાં પરાસ્ત કર્યો છે. જેઓ કાળાથી પણ નથી ડરતા, તેઓ લજ્જાની સામે ઉભા રહેવાની પણ હિંમત નથી કરી શકતા. એનાં કરતાં આગમાં ઝૂકી પડવું તલવારની સામે ખડા થઈ જવુ સહજ છે લાજની રક્ષાને માટે જ તો મોટાં મોટાં રાજ્યો મટી ગયાં છે રક્તની નદીઓ વહી ગઈ છે, પ્રાણોની હોળી ખેલી નાખી છે એજ લાજે આજ રમાનાથના પગ પણ પાછળ હઠાવી દીધા, કદાચ જેલની મજાથી પણ તે એટલો ભયભીત ન થાત.

૧૯

અર્ધીરાત વીતવા આવી ત્યારે રમાનાથ સૂઈ ગયો તે સવારે ૯ વાગ્યા સુધી તેની આંખ ન ખુલી તે સ્વપ્નાં જોઈ રહ્યો હતો. હિમેશને

ફાંસી દેવાઈ રહી છે એટલામાં એક સ્ત્રી તલવાર લઇને ફાંસીની બાજુએ દોડી આવી અને ફાંસીની દોરી કાપી નાખી ચારે બાજુએ ઊહાપોહ મચી ગઈ. એ સ્ત્રી જલપા હતી. જલપાને જોઇને ઘેરી લઇને પકડવા ઇચ્છતા હતા; પરંતુ તે પકડાતી ન હતી. કોઇ તેની સામે જવાનું સાહસ કરી શકતુ ન હતુ. પછી તેણે એક છલાંગ મારીને રમાનાથ ઉપર તલવાર ચલાવી. રમાનાથ ચમકારાથને ઉઠી બેઠો. જોયું તો દારોગા અને ઇન્સ્પેક્ટર ઓરડામાં ઉભા હતા અને ડેપ્યુટી સાહેબ આરામ ખુરસી પર સૂતાં સૂતા સીગાર પી રહ્યા હતા.

દારોગાએ કહ્યું "આજે તો આપ ખૂબ ઉઘ્યા બાબુ સાહેબ ! કાલ કયારે પાછા ફર્યા હતા ?"

રમાનાથે એક ખુરસી પર બેસીને કહ્યુંઃ "જરા વારમાં પાછો આવ્યો હતો આ મુકદમાની અપીલ તો હાઈ કોર્ટમાં થશે ને ?"

ઇન્સ્પેક્ટર "અપીલ શું થશે, જાપતાની જોઇવણ થશે. આપે મુકદમાને એટલો મજબૂત કરી દીધો છે કે હવે કોઇનો છુટ્યો છુટી શકેનાર નથી સોગંદ પૂર્વક કહું છુ, આપે કમાલ કરી દીધી. હવે આપ અહીંથી બેફિકર થઈ જાઓ હા, હજી જ્યાંસુધી ફેંસલો થઈ ન જાય ત્યાંસુધી આપની સલામતીનો ખ્યાલ રાખવામાં આવે એજ મુનાસિબ થશે. તેથી તો ફરીથી પહેરાની જોહવણ કરી દેવામાં આવી છે. અહીં હાઇકોર્ટમાં ચુકાદો થયો અને તહીં આપને જગા મળશે."

ડેપ્યુટીએ સિગારનો ધુમાડો કાઢતાં કહ્યુંઃ "આ ડી. ઓ. કમીશનર સાહેબે આપને આપ્યુ છે, કે જેથી આપને કોઈ પ્રકારની શંકા ન રહી જાય જુઓ યુ. પી ના હોમ સેક્રેટરીનાં નામ ઉપર છે આપ જ્યાં આ બતાવશો ત્યાં આપને કોઇ બહુજ સારી જગા મળી જશે."

ઇન્સ્પેક્ટર "કમીશનર સાહેબ આપનાથી ખૂબ ખુશ થયા છે; સોગંદપૂર્વક કહું છુ."

—ડેપ્યુટી ' બહુજ ખુશ છે. તેઓ યુ પી. ને જુદો સીધો પત્ર પણ લખશે. તમારું ભાગ્ય પણ ખુલી જશે "

એટલું કહીને તેમણે ડી ઓ રમાનાથ તરફ આપી દીધો રમાનાથે લિફાફો ખોલીને જોયું અને એકાએક તેને ફાડીને કટકે કટકા કરી નાખ્યા. ત્રણે માણસો આશ્ચર્યથી તેનું મોઢું તાકવા લાગ્યા.

દારોગાએ કહ્યું ' શુ રાત્રે બહુ પી ગયા હતા ? આપને માટે એ સારૂ નહિ કહેવાય. "

ઇન્સ્પેક્ટરઃ " સોગંદપૂર્વક કહું છુ, કમીશનર સાહેબને ખબર પડી જશે તો બહુજ નારાજ થશે. "

ડેપ્યુટી ' આની કોઇ મતલબ અમારી સમજણમાં નથી આવી એની શી મતલબ છે ? "

" એની મતલબ એ છે કે, મને ડી. ઓ ની જરૂરત નથી અને મારે નોકરી પણ જોઇતી નથી હુ આજેજ અહીંથી ચાલ્યો જાઉ. "

ડેપ્યુટી " જ્યાંસુધી હાઇકોર્ટમાં ચુકાદો ન આવી જાય ત્યાંસુધી આપ કર્યાય પણ નહિ જઇ શકો "

રમાનાથ " કેમ ? "

ડેપ્યુટી " કમીશ્નર સાહેબનો એવો હુકમ છે. "

રમાનાથ. " હું કોઇનો ગુલામ નથી "

ઇન્સ્પેક્ટર. " બાબુ રમાનાથ, આપ શા માટે બધો બનાવેલો ખેલ બગાડી રહ્યા છો ? જે કાંઇ થવાનું હતુ તે થઇ ગયુ દસ પાંચ દિવસમાં હાઇકોર્ટમાંથી કેંસલને મંજુરી મળી જશે હવે જે મળી રહ્યું છે તે ખુશીથી લઇ લો અને આરામથી જીંદગીના દિવસો વીતાવો એમાંજ આપની શોભા છે ખુદાની ઇચ્છા હશે તો એક દિવસ આપ પણ કોઇ ઉચા હોદા ઉપર પહોંચી જશો. અફસરોને નારાજ કરો અને કેદની મુશીબતો વેઠો એમાં શો ફાયદો ? સોગંદપૂર્વક કહું છું કે અમલદારોની જરા સરખી નજર બદલાઇ જશે તો આપનો કયાંય પત્તો નહિ લાગે. સોગંદપૂર્વક કહુ છું કે ખુસારા માત્રમાં આપને દસ વર્ષની સજા થઇ જાય આપ છો કયા વિચારમાં ? અમે તમારી સાથે દુષ્ટતા કરવા નથી માંગતા હા, જો આપ અમને સખતાઇ કરવાની ફરજ પાડશો તો અમારે સખતાઇ કરવી પડશે. જેલને સહેલી ન સમજશો. ખુદા, દોજખમાં લઇ જાય, પણ જેલની સજા ન આપે મારફાડ, ગાલ-મલીચ, એ તો ત્યાંની મામુલી સજા છે. ચક્કીમાં જોડી દીધા તો નોતજ આવ્યુ સમજજો. સોગંદપૂર્વક કહુ છું જેલ કરતાં દોજખ બહેતર છે.

દારોગો " એ બીચારા પોતાની જોખમ માહેલ આગળ લાચાર છે તે કદાચ એના જનની માફક થઇ રહી છે તેથી એની દોર દબાવે છે "

ઇન્સ્પેક્ટર " શુ થયુ ? કાલે તો પેલો હાર આપ્યો હતો ને ? છતાં પણ રાજી નહિ થઇ ? "

રમાનાથે કોટના ખિસ્સામાંથી હાર કાઢીને મેજ ઉપર મૂકી દીધો અને બોલ્યો. " એ હાર અહીં મૂકયો છે. "

ઇન્સ્પેક્ટર. " ઠીક, એ તેણે નહિ સ્વીકાર્યો "

ડેપ્યુટી " કોઇ મમરર બી છે "

ઇન્સ્પેક્ટર " કદાચ તેનો મિજાજ પણ ઠેકાણે કરવાની જરૂરત પડશે ! "

દારોગો " એ તો બાબુ સાહેબના રંગ ઢંગ અને મિજાસ ઉપર મુનાસબ છે જો આપ અમને જરાતરા પણ હેરાન નહિ કરો તો અમે આપની પાછળ નહિ પડીએ. "

ડેપ્યુટી. " પેલા બટિક પાસે પણ જમીન લેવા જોઇએ "

રમાનાથની સામે બીજી જ સમસ્યા આવી ખડી થઇ; પહેલાં કરતાં કાંઇક જટિલ, કાંઇક ભીષણ, સંભવ હતો કે પોતે કર્તવ્યની વેદી ઉપર પોતાનુ બલિદાન આપી દે, બે ચાર વર્ષની સજાને માટે પોતાને તૈયાર કરી લે કદાચ, આ સમય તો તેણે પોતાનાં આત્મ સમર્પણનો નિશ્ચય કરી લીધો હતો પરંતુ પોતાની સાથે જલપાને પણ સંકટમાં નાંખવાનુ સાહસ તે કોઈ પણ ભોગે કરી શકતો ન હતો તે પોલીસના પંજામાં કાંઇક એવી રીતે ફસાઇ ગયો હતો કે હવે એમાંથી સલામત નીકળી જવાનો તેને કોઇ માર્ગ સુઝતો ન હતો. તેણે જોયું કે આ લડાઇમાં તે વિજય નહિ મેળવી શકે પોલીસ સર્વ શક્તિમાન છે, તે મને જે રીતે ચાહે તે રીતે ફસાવી શકે છે તેના મિજાજની તેજી ઠંડી પડી ગઇ તે વિવશ થઇને બોલ્યો " આખરે આપ લોકો મારી પાસેથી શુ ઇચ્છો છો ? "

ઇન્સ્પેક્ટરે દારોગાની તરફ જોઇને આંખ

મારી; કેમ જાણે કહી રહ્યા ન હોય કે, "આવી ગયો પન્જમાં" અને બોલ્યોઃ "બસ એટલુજ કે આપ અમારા મહેમાન બની રહો, અને મુકદ્દમો હાઈકોર્ટમા નીકળી ગયા બાદ અહીંથી રજા લઈ જાવ. કારણ કે તે બાદ અમે આપની સલામતીના જિમ્મેદાર નહિ રહીએ. અગર આપને કોઈ સર્ટીફીકેટ જોઈતું હશે તો તે આપને આપવામાં આવશેજ, પરંતુ તે લેવું ન લેવું તેનો પૂરો અખત્યાર આપને છે. જો આપ હોશીયાર હશો તો તે લઈને ફાયદો મેળવશો; નહિ તો આમ તેમ ધક્કા ખાશો. આના સિવાય અમે આપની પાસે બીજું કાંઈ ઇચ્છતા નથી. સોગંદપૂર્વક કહું છું, હરેક ચીજ જેની આપને જરૂર હોય તે અહીં હાજર કરી દેવામાં આવશે, પરંતુ જ્યાંસુધી મુકદ્દમો પુરો ન થઈ જાય, ત્યાંસુધી આપ સ્વતંત્ર નહિ થઈ શકો."

રમાનાથે દીનતાના ભાવે પૂછ્યું "સહેલ કરવા તો જઈ શકીશ કે તે પણ નહિ?"

ઇન્સ્પેક્ટરે સૂત્રની માફક ઉચ્ચાર્યું. "જી નહિ!"

દારોગાએ એ સૂત્ર ઉપર વ્યાખ્યા કરીઃ "આપને એ આઝાદી આપવામાં આવી હતી પરંતુ આપે એનો દુરૂપયોગ કરી દીધો. હવે જ્યાંસુધી ખાત્રી ન થઈ જાય કે આપ એનો યોગ્ય ઉપયોગ કરી શકો એમ છો ત્યાંસુધી આપ એ હકથી વંચિત રહેશો."

દારોગાએ ઇન્સ્પેક્ટરની તરફ જોઈને જાણે એ વ્યાખ્યામા સમતિ માંગી, જે તેમને સહર્ષ મળી ગઈ.

ત્રણે અમલદારો રજા લઈ ગયા અને રમાનાથ એક સિગાર સળગાવીને આ વિકટ પરિસ્થિતિ પર વિચાર કરવા લાગ્યો.

(અપૂર્ણ)

સ્વીકાર

(૧) પુસ્તકઃ એપ્રિલઃ તંત્રીઃ ચુનીલાલ પુ. શાહ, કરજણ; (૨) વિચારક માર્ચઃ તંત્રીઃ માણેકલાલ જગજીવનદાસ ચોકસી, વડોદરા, (૩) શ્રી કચ્છી દશા ઓશવાળ પ્રકાશ અંક ૮-૯; તંત્રીઃ પદમસી હાસમ ખોજા, મુંબઈ ૩; (૪) તરૂણ અંક ૯ તંત્રી ડૉ. પ્રાણલાલ જે. મહેતા, કરાચી; (૫) સત્યપ્રકાશ અને સ્વરાજ્યઃ અંક ૩૨ થી ૩૫ તંત્રીઃ કુવરજી કેશવજી શાહ, મુંબઈ; (૬) શ્રી કચ્છ લોહાણા સ્વયંસેવક મંડળનો ૭ મો અહેવાલ અને હિસાબ; (૭) તિલકગાઈડઃ અંક ૨ઃ તંત્રીઃ બાપુલાલ હિરાલાલ શુક્લ, મુંબઈ; (૮) ગાભડાછેટનું દિગ્દર્શન, સમસ્ત ગુજરાત અન્યૂરવતા નિવારણ સંઘ, અમદાવાદ તરફથી આ પુસ્તિકા પ્રકટ થઈ છે તેમા અન્યૂરવતા નિવારણને અંગે શ્રી ત્રિભુવનદાસે લખેલાં પ્રચારપત્રો એકત્ર રીતે છપાવ્યાં છે આ બધાંય પત્રો 'ગુણસુન્દરી'માં જુદે જુદે સ્થળે છપાઈ ગયા છે એની લખાવટ અસરકારક છે. એક પૈસાની કિમતે એ મળે છે.

સ્ત્રીઓ અવકાશના વખતનો સદુપયોગ શી રીતે કરી શકે?*

લેખક શ્રી નારાયણ પોપટલાલ અડાલજા

સ્ત્રીઓ પોતાની નવરાશના વખતનો સદુપયોગ કરી શકે એવા કયા ધંધાઓ તેમને અનુકૂળ આવે તે બાબતનો નિર્ણય કરતાં પહેલાં રાજ્યમાં જ્યાં જ્યાં સ્ત્રી ઉદ્યોગાલયો હોય ત્યાંની કાર્યપદ્ધતિ જાણવાથી ઘણું સરળતા થશે એમ માનીને તે બાબતની મેળવવામાં આવી હતી એ બાબતની તપાસતાં વસ્તુસ્થિતિ નીચે મુજબ જણાય છે

વડોદરા રાજ્યના ઉદ્યોગાલયો વિષે મળેલી માહિતી

મળેલી માહિતી અનુસાર આ રાજ્યમાં કુલ ૬ સ્ત્રી ઉદ્યોગાલયો છે, જે

સ્ત્રી ઉદ્યોગાલયોની સંખ્યા તથા સ્થળ

વડોદરા, નવસારી, પાટણ, સિદ્ધપુર, પેટલાદ અને અમરેલીમાં આવેલા છે

આ તમામ ઉદ્યોગાલયો હેતુ મધ્યમ વર્ગની સાધારણ સ્થિતિની તેમજ

ઉદ્યોગાલયોનો હેતુ.

ગરીબ વર્ગની સ્ત્રીઓને ચારિત્ર્યશીલતાને તેને થોડી પણ કમાણીનું સાધન પુરૂં પાડવાનો છે. કામની દૃષ્ટિએ કુનેહ રાખનાર કરતાં એ કામ કરવાથી પણ પૈસાની કમાણી (પ્રાપ્તિ) થશે એ વિચારથી કામ કરનારાની સંખ્યા વિશેષ હોય છે

હાજરી

એકંદર જોતાં વડોદરા હાજરી ૨૦ જેટલી દેખે છે જ્યારે વડોદરામાં ૩૦ થી ૫૦ જેટલી અને નવસારીમાં તેથી પણ વધુ જણાય છે.

કામકાજનો સમય

કામકાજનો સમય બધે જ બપોરના ૨ થી ૫ થાય છે સ્ત્રીઓને પુરૂષોનો વખત પણ બપોરના ૨ પછીનો હોય છે કોઈ ૨ થી ૫, તો કોઈ ઉદ્યોગાલય ૨ થી ૬ સુધી ચાલુ હોય છે

આ તમામ ઉદ્યોગાલયોનાં નિયંત્રણોનું નિરીક્ષણ કરતાં જણાય છે કે

ઉદ્યોગાલયોમાં સ્ત્રીઓને સોંપવામાં આવતું કામકાજ

સ્ત્રીઓને સીવણ કામ વધારે વધુ રૂચી હોય છે અને બધામાં વધુ કામ પણ સીવણનું જ થાય છે આમ થવાનાં બે કારણો છે:-

૧ ગરીબ કે શ્રીમંત બધે જ કુટુંબમાં સીવણ કામની ઓછા વધતા પ્રમાણમાં જરૂર હોય છે જ, એટલે ઉદ્યોગાલયમાં આવનાર સ્ત્રી પોતાના અને પોતાનાં કુટુંબીજનોના કપડાં તૈયાર કરીને એટલા અંશે સીવણનો અભાવ કરી શકે છે.

૨ સીવણકામ પુરતા પ્રમાણમાં મળી શકે અને બીજા કામો કરતાં સારા ભાવતાલ તેમાં વધુ કમાણી મેળવી શકાય

આમ હોવાથી દરેક ઉદ્યોગાલયમાં સીવણ કામ પ્રાધાન્ય ઉદ્યોગ બનેલો છે એટલે કે માત્ર સીવણકામમાટે ઉદ્યોગાલયોની પ્રવૃત્તિ પુરી થતી નથી. આ પરથી ઉપરાંત ચોક્કસ બતાવવાનું, અરજદારને શીખવવાનું, પુસ્તકો બતાવવાનું રોજી બનાવવાનું, ચાપડ, ઢરડા તૈયાર કરવાનું વિગેરે સ્ત્રીઓમાં આવે છે પરંતુ એમાં સ્ત્રીઓ બહુમે તેટલો રસ લેતી જણાતી નથી એમ જણાય છે આ તમામ ઉદ્યોગોમાં સીવણકામ જેટલી પ્રાપ્તિ થતી ન હોવાથી સ્ત્રીઓ તેના તરફ જોઈએ તેટલું લક્ષ આપતી નથી નવસારીમાં કુનેહ ઉપરાંત સંગીત અને ભરેલ શીખવવામાં આવે છે

ઉદ્યોગાલયોમાં સ્ત્રીઓને કામ આપવાના બે પ્રકાર છે:—

કાર્યપદ્ધતિ

૧ સ્ત્રીઓ પોતે પોતાનું કામ લાવીને કરતાં

---

* વડોદરા રાજ્યના ખાસ કરીને ઉદ્યોગ તથા કામકારખાનાં વગેરેની પ્રગતિ સંબંધે પ્રસિદ્ધિ પત્ર

સીવી જાય, અથવા તો બહારથી સીવણ-કામનો ઑર્ડર મેળવીને તે કામ ઉદ્યોગાલયમાં કરી જાય પોતે સીલાઇના લાભ મેળવે છે.

૨. ઉદ્યોગાલયમાં ઑર્ડર મળેલા હોય તે સીવણકામ કરીને સીલાઇના પૈસા મેળવે, અથવા તો ઑર્ડરના અભાવે ઉદ્યોગાલયના કાપડનાં કપડાં સીવે અને તે વેચાય ત્યારે કર્યા મુજબનો મજુરીનો લાભ તેને મળે

ઉદ્યોગાલયમાં હાજરી આપતી સ્ત્રીઓની નાત-જાત.

આ ઉદ્યોગાલયોમા મોટા ભાગે હિંદુ સ્ત્રીઓ આવે છે. આમા વધુ ભાગે મધ્યમ વર્ગની અને ગરીબ વર્ગની સ્ત્રીઓ જેમને કંઇ પણ કમાણીની અથવા બચતની આશા હોય તેવી સ્ત્રીઓ હોય છે વાણીયા, બ્રાહ્મણ, તેમજ કાછીઆ, ભાટીઆ, ખત્રી, સોની, ભાવસાર વિગેરે કોમની સ્ત્રીઓ અને દક્ષિણી સ્ત્રીઓ તેમજ નવસારી જેવામા પારસી, હિંદુ તેમજ મુસલમાન બધી કોમો ઉદ્યોગાલયનો લાભ લે છે. નવસારી સિવાય બીજા કોઇ સ્થળે મુસલમાન સ્ત્રીઓ લાભ લેતી હોય તેમ જણાતું નથી

નિભાવનાં સાધનો

કોઇ ઉદ્યોગાલયને કાયમી ફંડ હોય છે કોઇ બાનગી મૂદ્દસ્થની મદદથી ચાલે છે. કોઇને સરકાર મદદ મળે છે કોઇને શ્રીમંત મહારાણી સાહેબ સલાહ આપે છે, તો કોઇને મુંબઇ તરફથી વાર્ષિક અમુક રકમ મળે છે.

આ ઉદ્યોગાલયો વિષે ઉપર જણાવ્યા ઉપરાંત બીજી ખાસ જણવા જેવી માહિતી નથી, છતા આ રાજ્યના ઉદ્યોગાલયો વિષે એકદરી પત્રક જોડાયું છે તે ઉપરથી વિશેષ સ્પષ્ટીકરણ થશે

ઉદ્યોગાલયોના હાલમા ચાં ચાં કામો થાય છે તે ઉપરોક્ત ઉપર આપેલી છે હવે એકદરે સ્ત્રીઓ કરી શકે તેવા કામોની યાદી અને તે પૈકી શ્રીમંત વર્ગની સ્ત્રીઓને અને મધ્યમ તથા ગરીબ વર્ગની સ્ત્રીઓને કયાં કયા કામો અનુકૂળ આવે તે જોઇએ.

શ્રીમંત સ્ત્રીઓ ફુરસદના વખતમાં કરી શકે તેવાં કામોની યાદી તથા તેને લગતી હકીકત.

હિંદુસ્તાનમા ગરીબ વર્ગની સ્ત્રીઓ મોટે ભાગે મજુરી કરે છે એટલે ફાલ ગંદી મોસમ સિવાય તેઓ કામમાંજ રોકાયેલી હોય છે. મધ્યમ વર્ગની સ્ત્રીઓમાં પણ મોટા ભાગ સઘળું ઘરકામ હાથે કરતી હોવાથી તેમને ફુરસદનો વખત ઓછો મળે છે. તો પણ તેમાંની કેટલીક સ્ત્રીઓ ધારે તો બીજુ થોડુ ઘણું કામ કરી શકે. પરંતુ શ્રીમંતની સ્ત્રીઓ જેમને ઘરકામ હાથે કરવાનું હોતું નથી અને જેમને નવરાશનો પુષ્કળ વખત મળે છે તેમને કેટલીકવાર વખત કેવી રીતે ગાળવો એ પણ મોટો પ્રશ્ન થઇ પડે છે. આવી સ્ત્રીઓને તેઓ અતિશય તકલીફ વિના સરળતા પૂર્વક અને હોંશથી કામ કરે એવાં કામો બતાવવામાં કે શીખવવામાં આવે તો તેમની ફુરસદના વખતનો સદુપયોગ થઇને તેઓ ઉપયોગી કામો તૈયાર કરી શકે.

કામોની યાદી

૧. ભરત ગુંથણ, રેશમ, કીડીઆ કસબ ચિતરેલું હાથનું; તેમજ આરીકામનું કસબનું તથા રેશમી જરતકામ આવા પ્રકારના જરતકામથી બારીબારણાના પડદા, ટેબલ ક્લોથ, ગબલા, ચોળી, પોલકાં, સાડી, સાલ્લા, સાડીની કિનારો, હાથ રૂમાલ, છત્રી ઉપર ચઢાવવાનુ શોભાનું દાકણ (બાઉન્ટ) વિગેરે વસ્તુઓ તૈયાર કરી શકાય

૨ સીવણ કામ.

૩ નાની હલકી ચીજો ઉપર પડદા, ટેબલ ક્લાથ, બાજીઓ, રોનંજીઓ વિગેરે ભાતીલ કામ.

૪. ચિત્ર કળા.

૫ ચિત્રોને ચાકળા, ટીકી, ટીલી વિગેરે ચોટીને સણગારવાનુ કામ.

૬. ચિત્રો ઉપર કાપડ પહેરાવીને વસ્ત્રોથી શણગારવાનુ કામ.

૭. કાગળના અત્તર કપડાંના ફુલ, હાર ને તોરા બનાવવાનું કામ.

૮ રેશમી પવિત્રા, માળા, તેમજ કસબ

ઘાલવું જુવારને વખા ઢોર, ખાનુબધ, કમરપટા મુખ્ય વિગેરે બનાવવા

૯. રંગ જેરંગી દોરાથી બીજાઓને જેમની માફક ગૂંથવી.

૧૦. ચિત્રની જેમ તૈયાર કરી અગર તૈયાર જેમણી ચિત્રને ગૂંથવું.

૧૧ પુઠાં (કાર્ડબોર્ડ) ને કોરીને ચિત્રોને ટાંકવાના માટન્ટ બનાવવા

૧૨ કાર્ડબોર્ડ અગર બાકડા કાગળના બોક્સ વગ વિગેરે બનાવવા બેસવા ઉઠવા માટે તૈયાર કરવા.

૧૩. મોતી પરોવવાં, સળી વિગેરેનાં તોરણો, પડદાઓ, ઢાંકણ, કુમકમ અને બારણાંની બીજી ચીજો

૧૪. પુષ્પહાર, મેરીનું તોરણ, અને બીજા બીજા ફુલથી ફુલદાન તોરણો બનાવવાં

૧૫ ગાલીચા ગુંથવા વિગેરે

૧૬. ઘરના રોજના વપરાશની ચીજો, સોપ, પાપડ, મસાલા, ઘઉંકર, બાજુબંદ, મરચાં, ગરમ મસાલો વિગેરે

૧૭. પોતાનો સાબુ, અથાણાં, મુરબ્બા.

૧૮. ઘર ઉપયોગી દવાઓ; બાળ સોમડી, દરદ મંજન, બાજુની દાઢ, બારી સુંઠ, કમરેદી વરીયાળી, મુખવા, અત્તરો, વિગેરે; ઘીકાપડ, મુકરંજન, ત્રિફલા, વિગેરે ઘરમ્બુ દવાઓ

૧૯ કંકુની બનાવટ.

૨૦ મોમ, ગરપમ, વિગેરેની બનાવટ

૨૧ કાપડ રંગવા તથા કાપવાનું કામ.

૨૨ સ્ટેન્સીલ અને બોરોગ્રાફની મદદથી બારમા બીજીવાર રંગ ઘર કરવાનું કામ.

૨૩ બીજો માટે ઉપોગકામ ગોઠવી મદદ અને તેના ઉપર કેમેરેજ રાખી અને બધા પૈસાની મદદ કરવી.

ઉપરનાં કામો સારી સ્થિતિવાળા કુટુંબોની બીજો અને અગર નોકર પાસે કરાવીને પણ પોતાના વખતનો સદુપયોગ કરવા સારૂ પૈસાનો બચાવ કરી શકે અને કુટુંબના વપરાશ માટે સારામાં સારી વસ્તુઓ પોતાની મેળવી શકે

મધ્યમ વર્ગની બીજો કેવી રીતે લેવાં કામો.

ઉપરની કરતાં ઓછી સ્થિતિવાળી મધ્યમ વર્ગની બીજો માટે નીચે બતાવેલાં કામો ઉપયોગી થશે. સર્વે તેથી પ્રમાણિક કમાણીનું સાધન થાય અને પોતાના કુટુંબને મદદરૂપ થઈ શકે:—

૧ બટનો ગુંથવાં, સુતરનાં બટન બનાવવાં, ઉનની, કામળની કે કપડાંની વેણીઓ બનાવવી. (પારસી બહેનો " કસ્તી " પોતાના હાથે D)

૨. બાળના રાજકારની ચીજો-કામળના પુંઠા બનાવવાં, મોતીનાં તોરણ પડદા, બારી ઇત્યાદિ કરવાં, દોરાને ગુંથીને રમાડો, ઝોલકાઓ, રેમ્સ વિગેરે બનાવવાનું કામ.

૩. બદામ, પીસ્તા, ચારોળી, અખરોટ વિગેરે ફોડવાનું કામ, તેમજ મગજ, ચૌદકાણા વિગેરેનાં ઉપરનાં ઉતારીને સાફ કરવાનું કામ.

૪ કાચ વીણવાનું કામ, જુદા જુદા કોલની બરીઓ દોરા બનાવવાનું કામ.

૫ મુખ્યાઇન્ડીંગ-ચોપડીઓ બાંધવી, પોર્ટફોલીયો બનાવવા.

૬ ઉનની કપડાંને રંગ કરવા.

૭ સીવણકામ-બાસ કરીને બીજો અને બાળકોના (બીજો જે સારાં પાકવાના કપડાં સીવે તો બીજા બહેનો કાજને બદલે તેમને કામ આપવાનું ઘણું પસંદ કરે તૈયાર કપડાં બનાવીને વેચવા મુકે તો પણ તે ખપે).

૮. પારસણને કાજ કરવું

૯ સાબુ બનાવવો

૧૦. મીણમાં બનતા બનુસના ઘરેણાં બાવવા; તેમજ કુલદાન, બારણા, કામના વિગેરેના મુખાની બાજી ગુંથવી.

૧૧ બધા વસ્ત્રોની ચકરી જોઇ ત્યાં કાપવું રેશમ કિનારા ઉપર ઉપરણ તથા રેશમ કે સુતરના બોર્ડર કરવા.

૧૨ રંગવા તથા કાપવાનું કામ

૧૩ સોપ, પાપડ, બડી, બારણી, અથાણાં, મુરબ્બા, પુષ્પહાર, મલમ, બાજુબંદ મસાલા, ગરમ મસાલો, દવાર અને બીજી નિત્યના વપરાશની ચીજો બનાવીને વેચવી શરૂઆતની મહેનતમાં બધાશ બહેનો ચોક્કસ રકમ સાટવાર અને ઉંચા ભાવો બીજી બાબતથી બચી બીજોની બાજુ બાજા પ્રમાણમાં થાય, અને વેચવીઓને ત્યાં વેચવા જવાની જરૂર ન પડે. ઉપરાંત

આડોશી પાડોશી અને નજીકમા રહેનારા કુટુંબો આવી વસ્તુ ખુશીથી ખરીદશે અલબત્ત બનાવટ સારી અને ભાવ પરવડે તેવો હોવો જોઇએ

મહેનતુ અને ગરીબ વર્ગની સ્ત્રીઓ કરી શકે તેવાં કામો

જેમની પાસે પૈસાનુ સાધન ન હોય અને ફક્ત મજુરી લઇને કામ કરી શકે તેવી સ્થિતિવાળી હોય તેવી સ્ત્રીઓ માટે નીચેના કામો ઉપયોગી થાય —

૧ સુતર કાતીને તેમાથી દોરી, દોરડા પાગી તથા કાપડ બનાવવાનુ કામ
૨ નાડી, નાડા, કસ ગુથવાનું.
૩ ગાલીચા, આસનીયાં, શેતરંજી, ખુરશીનું કાપડ વિગેરે વણવાનુ.
૪ મોજા ગુંથવાનુ અને તેવીજ બીજી ગુથણી વસ્તુઓ બનાવવાનુ
૫ વાસ તથા સાડીઓના ટોપલા, ટોપલી, કંડીયા બનાવવાનુ કામ
૬ પગલુછણા (ડસ્ટર) બનાવવાનું.
૭ વાસણને કલાઇ કરવાનું
૮ રેણ દેવાનુ
૯ બાબરાના પાવલ (પત્રાળા) પડીયા બનાવવાનુ
૧૦ છડીયા દાળ બનાવવાનુ.
૧૧ પગ ઉપયોગી પરચુરણ સુથારી ચીજો બનાવવાનુ
૧૨ પુઠાના બાકસ બનાવવાનુ
૧૩ દીવાસળીના બોક્સ બનાવવા તથા લેબલો ચોડવા
૧૪ કાગળ તથા જુના કપડાની કોથળીઓ બનાવવી
૧૫ નેતર ભરવાનુ તેમજ મુડલા ખાટલા ભરવા, શીકા ગુથવા વિગેરે

નાનાં ગામડામાં રહેનાર સ્ત્રીઓ ભેગા હોલવાનુ, ગાભલી હોલવાનું, તમાકુ લસોટી છીંકણી બનાવવાનું, ગદાકુ બનાવવાનુ વગેરે કામો ઘર માટે તેમજ મજુરીથી કરે છે. પરંતુ આ કામ ફક્ત જે તે મોસમ પુરતુંજ હોય છે. મોસમ સિવાયના વખત માટે ઉપર જણાવેલા કામોમાથી કોઇ અનુકૂળ કામ તેમને મળે તો તેમને મદદ રૂપ થઇ પડે

સ્ત્રી ઉદ્યોગાલયો કામનું શિક્ષણ

સ્ત્રી ઉદ્યોગાલયો આવા કામો શીખવવા માટે સારી સંસ્થા થઇ પડે. આવી સંસ્થા તૈયાર થયા પછી શ્રીમંત સ્ત્રીઓને રસ લેતી કરવાના ઘણા માર્ગો છે નિશાળોમાં જો આ પદ્ધતિ દાખલ કરવામાં આવે તો બીજી પેઢીએ ઘણો સુધારો થાય.

ગરીબ સ્ત્રીઓ માટે તો ઉદ્યોગાલયથી પણ નાની ઠબની એટલે કે તેમને ઘેર પહોંચતું કામ આપે અને પાછું કામ લઇ આવે અને એ બાઇઓને મજુરી આપે એવી નાની સંસ્થાની જરૂર છે કાચો માલ પુરો પાડવાનુ અને પાકો માલ વેચવાનુ કામ એ સંસ્થાઓએ જ કરવુ જોઇએ

સ્ત્રી ઉદ્યોગાલયો વિષે.

રાજ્યમા વડોદરા, પાટણ, નવસારી, અમરેલી વિગેરે છ સાત સ્થળોએજ સ્ત્રીઓને હુન્નર ઉદ્યોગ શીખવનારી નાની મોટી સંસ્થાઓ છે. વડોદરામા તો શ્રી ચીમનાબાઇ સ્ત્રી ઉદ્યોગાલયની બીજી શાખા પણ છે આવી સંસ્થાઓ લગભગ દરેક સારા ગામમા હોય તોજ સ્ત્રીઓ હુન્નરકળામા રસ લઇને પોતાના જીવનને ઉદ્યમી બનાવી શકે શ્રીમંત સરકાર તરફથી જેમ પુસ્તકાલયો, શાળાઓ જેમને એવી બીજી જાહેર સંસ્થાઓ માટે પ્રજા કાંઇ તેટલાજ ખીજા નાણાની મદદ કરવામાં આવે છે તેવી રીતે સ્ત્રી ઉદ્યોગાલયોની યોજના માટે પણ જો એની મદદ સરકાર તરફથી આપવામાં જાહેર થાય તો એવા ઉદ્યોગાલયો સારી સંખ્યામા નીકળી શકે.

કવિતા અને સ્ત્રીહૃદય

પ્રયાગમાં મળેલ અખિલ ભારતવર્ષીય મહિલા કવિ સમ્મેલનના પ્રમુખસ્થાનેથી

આખ્યાતા : શ્રીમતી સુભદ્રાકુમારી ચૌહાણ

સાહિત્યમાં કવિનું સ્થાન ઘણું ઉચ્ચ છે તે દાર્શનિક, ઇતિહાસકાર, સમાજશાસ્ત્રી તથા ધર્માચાર્યના સિદ્ધાંતોને સુન્દર સચોટ ઢાળીને સાધારણ મનુષ્યના હૃદયમન્દિરમાં સ્થાપિત કરે છે, તેમના પ્રત્યે આપણી અધિક કૃતજ્ઞ કરે છે અને તે એટલે સુધી કે આપણે તેમને પૂજવા લાગીએ છીએ.

ઇતિહાસકારોમાં રામ અને કૃષ્ણનું વાસ્તવિક જીવન ચાહે તેવું રહ્યું હોય, આદર્શ કે અત્યંત સાધારણ; તેમના જીવન વિષે, તેમના અસ્તિત્વ સંબંધમાં પણ ઇતિહાસકાર સદૈવ કરી શકે છે; પરંતુ વાલ્મીકિ અને તુલસીદાસના રામ, વ્યાસ, સુરદાસ તથા મીરાંના કૃષ્ણ વાસ્તવિક છે; જેમનાં અસ્તિત્વનું રહસ્ય યુગોથી ભારતવર્ષમાં ઓપ્યુગો અને લાખો સુપીના સર્વને પ્રેરણા આપી રહ્યું છે.

જેવી રીતે જગતની ઉત્પત્તિ, અને વિનાશની જટિલ સમસ્યા, કારણ, કાર્ય અને પરિણામની અટપટ, પુનર્જન્મ કે વિનાશનો કુતર્ક પ્રશ્ન, તેવી જ રીતે પ્રકૃતિ અને માનવની વિરહ લગ્ન એ સર્વ કવિની જાદુ ભરી લેખિનીદ્વારા જોવામાં સરળ અને માત્ર મધુર લાગે છે કે આપણે તેને સ્વયં સિદ્ધ સમજવા લાગીએ છીએ કવિ સંસારને ચિરઋણ આપે છે. ઇતિહાસકારનું કૂર સત્ય યા ધર્માચાર્યનું ઉગ્ર દંડવિધાન કોઈને નહિ, પરંતુ તેનું મન જડવાદીને, હઠવાદીને અને મૂઢમતાપૂર્વક રાતદિને આંસુઓનો ઝરણો કરીને તે એમ નથી કહેતો કે આ કરો ને તે ન કરો. તે એક નાની સરખી કહાણી કહી દે છે અને આપણે સમજી જઈએ છીએ કે, આપણે શું કરવાનું છે. આજ કારણે તો સંસારના સમગ્ર ધર્મપ્રવર્તકોએ પોતાના નવીન સિદ્ધાંતોને, જનસાધારણના હૃદયમાં પ્રવિષ્ટ કરાવવાને માટે કવિની કલ્પનાનો આશ્રય લીધો છે અને નાની નાની કહાણીઓની સૃષ્ટિ કરી છે બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, ઇસ્લામધર્મ, ક્રિશ્ચિયન ધર્મ અને આધુનિક સમયના થિયોસોફી અને રામાયણે પણ એમજ કર્યું છે. માત્ર ધર્માચાર્યોએ જ નહિ પરંતુ ભારતવર્ષમાં તો સ્મૃતિકાર, નિરુક્તકાર, ઇતિહાસકાર, જ્યોતિષી, યોગી, દાર્શનિક સર્વેએ પોતપોતાના સિદ્ધાંતો અને વિધાનો પ્રચાર કરવાને માટે કવિતાનો આશ્રય લીધો છે અને તે એટલે સુધી કે, અભિનવગુપ્ત, જે આસન તોલા પા રત્તીની વાત કરે છે તેણે પણ Menstruation ને લીલાવતીનો શૃંગાર વર્ણવીને પાર્થિવ પદાર્થોનું આપનોદ કરે છે આજના અભિનવગુપ્તોએ પણ એ વાતનો સ્વીકાર કરે છે કે, લીલાવતીની ચોથી આજ્ઞાની જ્યોમેટ્રી (ભૂમિતિ) અને મંજરીની પદ્ધતિથી કંઈક વધારે મનોહર છે એમાં શુષ્કતા છે અને લીલાવતીમાં સરસતા છે.

આવી રીતે કવિ જુદી જુદી વિદ્યાઓનો શૃંગારવિહાર છે; જેના હાથમાં પડીને સર્વનું રૂપ લીધું છોડે છે. તે કેવળ શૃંગાર વિહારજ નથી. તે સર્વમાં નવી સ્ફૂર્તિ અને નવજીવનનો સંચાર પણ કરે છે, તે

સત્યને સુંદર અને પ્રિય બનાવી દે છે તેનું કહેવું એ છે કે **सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियं** ! (સત્ય બોલવું, પ્રિય બોલવુ પણ અપ્રિય સત્ય ન બોલવું) અને તે પોતાના આ સિદ્ધાંતનો માનવીય મસ્તકની પ્રત્યેક ક્રિયામાં અક્ષરશ: પાલન કરે છે.

સાહિત્યમાં જે રીતે કવિનુ સ્થાન ઉચું છે તેવીજ રીતે કવિઓમાં પણ, મને વિશ્વાસ છે કે, સ્ત્રી કવિઓનું સ્થાન પુરૂષ કવિઓની સરખામણીમાં ઉચુ રહેશે. કવિતા ઘણુ ખરૂ ભાવપ્રધાન રહે છે અને સ્ત્રીઓના જેવી ભાવુકતા પુરૂષોમાં મળી શકતી નથી.

નારી હૃદયની તુલના આપણે વાયુમાપક યંત્ર (બેરોમીટર) સાથે કરી શકીએ છીએ. જેમા નાનામાં નાનુ પરિવર્તન પણ દૃષ્ટિગોચર થઇ શકે છે. સ્ત્રીહૃદયની કોમળ વૃત્તિઓ અત્યધિક સજાગ અને સજીવ રહે છે. તેમની હૃદયતંત્રીઓનો પ્રત્યેક તાર એટલો બે ચેલો અને કસકસેલો રહે છે કે તે વાતાવરણના સૂક્ષ્માતિસૂક્ષ્મ આઘાતથી ગુંજી ઉઠે છે. શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના પંડિતોનુ કહેવું છે કે સ્ત્રીઓની શરીરરચના અને મન પુરૂષોનાં કરતાં કાંઇક વધારે પરિષ્કૃત છે

પ્રેમ અને બલિદાન મનુષ્યને પશુની કોટીમાંથી ઉઠાવીને દેવત્વના પદ ઉપર પહોંચાડે છે. પારસ તેજ છે કે જે લોઢાને પણ સોનું બનાવી દે. અને તે આપણને સ્ત્રીઓમાં મોટા પ્રમાણમાં મળી આવશે સ્ત્રીઓના જેવો પ્રેમ અને બલિદાન કોણે આપ્યાં છે ! ઇતિહાસ એનો સાક્ષી છે; ઇતિહાસ જ શુ પ્રત્યેક ઘરમાં તેમના પ્રેમ અને બલિદાનની કહાણી સંભાયલી છે તેમનુ બલિદાન આવેગજન્ય અથવા ક્ષણભરમાં સર્વસ્વ સ્વાહા કરી દેનારૂં નથી હોતું. પરંતુ તે દિવસ અને રાત પ્રત્યેક ઘડી, પળે પળ જીવનભર બલિદાન આપે છે; અને બલિદાન પણ હસતાં હસતાં આપે છે. દુનીયાના મોટા મોટા કર્મયોગી, યોદ્ધા વિદ્વાન અને કવિઓએ સ્ત્રીઓની સ્ફૂર્તિદાયિની શક્તિનો મુક્તકંઠે સ્વીકાર કર્યો છે વિશ્વવિજયી નેપોલિયન સદા પોતાની માતાનું ગુણગાન કરતો રહ્યો અમર કવિ દાન્તે, પોતાની પત્ની બીએટ્રીસ નો આભારી છેઃ તુલસીદાસની રામભક્તિની પ્રેરણા કરનાર તેની પત્ની હતી લંકાનો વિજય કરવાની કામના સીતાને લીધે રામચંદ્રજીના મનમાં પ્રબલ હતી. અને શ્રી કૃષ્ણને ગીતાનું તત્વ શિખવાડનાર એ રાધિકાનો નિષ્કામ પ્રેમ જ છે. સમસ્ત માનવ જાતિ સ્ત્રીઓની ગોદમાં પળાઇ છે અને તેની આંગળીને આશ્રયે જ ઉભી થતાં તેમજ ચાલતાં શીખી છે પુરૂષોએ જ એની ઘોષણા કર્યા કરી છે કે સ્ત્રીઓ ખરી રીતે દેવી છે, જેમણે આ મર્ત્યલોકને સ્વર્ગ બનાવી રાખ્યું છે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આટલુ છતાં, હજી સુધી પુરૂષોના જેટલી અધિક સંખ્યામાં અને ઉંચી કોટીની સ્ત્રી કવયિત્રીઓ કેમ નથી થઇ ? કારણ સ્પષ્ટ છે સ્ત્રીઓનું હજી સુધીનું કાર્યક્ષેત્ર બીજુ જ રહ્યું છે અને તેઓએ કવિતાના ક્ષેત્રમાં પગ પેસારો કર્યો ન હતો પરંતુ હવે ધીમે ધીમે તેઓ એ ક્ષેત્રમાં આવી રહી છે અને આ ક્ષેત્રમાં પુરૂષો તેમની સફળતા અને મહત્તાનો સ્વીકાર કરવા લાગ્યા છે તે માટે અમે તેઓના આભારી છીએ.

સાહિત્યના ક્ષેત્રમાં સ્ત્રીઓ આવે એ ઘણું આવશ્યક છે. સ્ત્રીઓના સહયોગ વિના માનવસાહિત્ય સંપૂર્ણ નહિ થઇ શકે. એક પુરૂષ કોઇ અન્ય પુરૂષની હૃદયાનુભૂતિને સફળતાથી પ્રકટ કરી શકે છે. પરંતુ જ્યારે તે સ્ત્રીઓની અનુ-

ભૂતિને પ્રકટ કરવા જાય છે ત્યારે તેને વિવશ થઈ જઈને કલ્પનાધીન ભાગ લેવું પડે છે. દાખલા તરીકે, સતિની મનોભાવના વધૂનો લક્ષ્મણ અને માતાના વાત્સલ્યના પુરુષો દ્વારા થએલા વર્ણનો બીજી કક્ષાનાં જ રહેશે કારણ કે પુરુષ એ ઉદાત્ત અવસ્થાનો અનુભવ નથી કરી શકતા

પ્રેમના ક્ષેત્રમાં સ્ત્રીઓનું સર્વસ્વ એથી પણ સિદ્ધ થાય છે કે પ્રેમના પૂજારી પુરુષ કવિઓએ અને ઘણાખરા ભક્તોએ પ્રેમના આનંદાતિ રેકમાં હૂબી જઈને પોતાને ઈષ્ટ દેવની પ્રેયસીના રૂપમાં જોયા છે. વલ્લભ સંપ્રદાયના કવિ, ભક્ત કવિ કપકળા, તથા બની ધ્રુવાદિ એનાં ઉદાહરણ છે

કાવ્યને ચાહકોએ રસાત્મક વચન કર્યું છે; કોઈ કોઈએ તેને કવ્ય-સંગીત પણ કહ્યું છે કાવ્યનો ધ્વની સંગીત સાથે પણ ઘનિષ્ટ સબંધ છે એ દૃષ્ટિએ જોઈએ તો કવિતાના ક્ષેત્રમા સ્ત્રીઓને એક સ્વાભાવિક સવડ મળી જાય છે જે પુરુષોને નથી મળતી સ્ત્રીઓના સ્વભાવની કોમળતા તેમનાં શબ્દ અને વાણીમા વ્યાપ્ત છે. કર્ણકટુ શબ્દોને મધુર તથા મરણ બનાવવાનું કામ અવશ્ય સ્ત્રીઓએ કર્યું હશે. સંસ્કૃત સાહિત્યમાં એનું મોટું પ્રમાણ છે શકુન્તલાને તેની સખી સઉ-દમા કહે છે, કર્ણય શ, ક, અને તેને સ્થાને સ, ઉ અને ક મૂકીને સઉ-દમાની મધુરિમા ઉત્પન્ન કરી દીધી. એજ રીતે કૃષ્ણ ને કન્હૈયો કહેવાવાળી પણ કોઈ વજ્રનાગાજ હશે મરાની અસરથી બોલચાલની ભાષામાં પણ પુરુષોનાં કરતાં સ્ત્રીઓની ભાષામા અધિક સરળતા અને કોમળતા રહે છે પુરુષોની ભાષામાં વધારે પડતું પાંડિત્ય જણાય છે અને સ્ત્રીઓની ભાષામાં સ્વાભાવિક સરળતા દેખાય છે એ અમારો પ્રતિદિનનો અનુભવ છે અને પુરુષ તથા સ્ત્રીઓની કવિતાઓની તુલના કરવાથી આજ વાત સ્પષ્ટ થાય છે.

તેથી હું તો કહીશ કે કોઈ નહિ તો ભાષાના વિષયમાં સ્ત્રી કવિઓએ પુરુષોનું અનુકરણ કરવું નહિ જોઈએ કવિતાનું જીવન જેટલું ભાવમા તેટલું જ ભાષામાં પણ રહે છે તેથી, સાહિત્ય મર્મજ્ઞોએ કવિતામાં પ્રસાદ ગુણ દોષો અત્યંત આવશ્યક માન્યો છે થોડા ચારખા શબ્દોમાં કોઈ ભાવ યા વસ્તુનું ચિત્ર ઉપલબ્ધ કરે એ પ્રસાદગુણ છે આ બાબતમાં ઉર્દુના કવિ પ્રશંસાપાત્ર છે થોડી સાદી ભાષામાં તે મર્મની ઊંડી વાત કહી જાય છે

કવિતા હૃદયની ભાષા છે તેને માટે પાંડિત્યની આવશ્યકતા નથી એ કહેવામાં મારું તાત્પર્ય એ નથી કે ભાષા કે શૈલી તરફ ધ્યાનજ આપવું નહિ. માત્ર કહેવાની મતલબ એ છે કે ભાષાને અસ્વાભાવિક બનાવી દેવી ન જોઈએ નહિ તો જન સાધારણની ભાષા અને સાહિત્યની ભાષા માં એટલુ વધારે અંતર પડી જશે કે સાધારણ જનસમાજ આપણા સાહિત્ય સમજી નહિ શકે જેમ, સંસ્કૃત અને વ્રજભાષાના સાહિત્ય મર્મજ્ઞોમાં જન્મ છે.

ભાષાને મનોહારિણી બનાવવા માટે અને પોતાની તરફ ખેંચવા માટે શબ્દોની હત્યા કરવી એ ઉચિત નથી.

સાધારણ પ્રસંગો પર શબ્દોને તોડી ફોડીને કંઈનો કંઈ કરી દેવા જેમ કે રાજલું રાત, રાડ, રડ્યા, રાવ ઇત્યાદિ એ પણ ઉચિત નથી. આ બાબતમાં હું આગળ ઉપર કહેવાનો જ છું.

હું કહું છું કે જૂનાં પ્રાચીન સાહિત્યમાં પણ ઉપેક્ષા ન કરવા જેવું

આધુનિક કાલના શ્રી મહાદેવી વર્મા, શ્રી તોરનદેવી લીલી અને શ્રી રામેશ્વરી દેવી ચકોરી ના ઉદયે એક નવો યુગ ચમકાવી દીધો છે અને તે બધોજ ઉત્સાહવળ અને આશાપૂર્ણ છે આ નામો મેં માત્ર ઉદાહરણ અર્થેજ આપ્યાં છે. તેમનાથી બીજી સાહિત્યસેવિકા ઓ છે જેનું કામ ઓછું ઉલ્લેખવા યોગ્ય નથી.

મને આશા છે કે આ કવિ સંમેલન લેખિકાઓમાં નવુ પ્રોત્સાહન આપશે અને હિન્દીના આ નિર્માણ યુગમાં સ્ત્રીઓની સૂતેલી પ્રતિભાને જાગૃત કરવામાં સહાયભૂત થશે.

મેટ્રિકની પરીક્ષામાં પાસ થતી કન્યાઓને ઇનામ

ચરોતર પ્રદેશની જે કન્યાઓ મુંબાઇ યુનિવર્સિટીની વા પૂનાની શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી હિંદ મહિલા વિદ્યાપીઠની મેટ્રિકની પરીક્ષા ચાલુ વરસે પસાર કરશે તેમને ચરોતર એજ્યુકેશન સોસાયટીને મળેલાં સ્ત્રીકેળવણી વિષયક ટ્રસ્ટફંડોમાંથી રૂા. ૧૫)નું ઇનામ આપવામાં આવશે. માટે એવી કન્યાઓએ પોતાનું ગામ ને તાલુકા, પોતાની હાઇસ્કૂલ, મેટ્રિકની પરીક્ષાનો નમ્બર, પરીક્ષામાં મેળવેલા ગુણ, પોતાને જોઇએ તેવાં પુસ્તકોની યાદી અને પોતે આગળ અભ્યાસ કરવા ઇચ્છે છે કે કેમ તે વગેરે જણાવી જુન માસની ૩૦મી તારીખ સુધીમાં પોતાના પૂરેપૂરા સરનામા સાથે અમને અરજી કરવી.

સ્ત્રીકેળવણીનાં ટ્રસ્ટફંડ માટે સોસાયટીની મદદ


ચરોતરમાં સ્ત્રીકેળવણીને ઉત્તેજન મળે તે હેતુથી સોસાયટીને ચાર પાંચ ટ્રસ્ટફંડ મળ્યાં છે. પણ સોસાયટીને થયેલા રૂ. ૫૦,૦૦૦ (પચાસ હજાર)ના દેવાનો જ્યાં સુધી નિકાલ થાય નહિ ત્યાં સુધી આ આર્થિક મંદીના યુગમાં જો સ્ત્રીકેળવણી માટે આશ જોઇએ તેટલી મદદ ન મળે તો નવીન પ્રવૃત્તિ હાથ ધરી શકાય એમ નથી. એટલે સ્ત્રીકેળવણી માટે મળેલાં ટ્રસ્ટફંડોના વ્યાજનો ઉપયોગ મેટ્રિક થતી ચરોતરની કન્યાઓને રૂ. ૧૫)નું ઇનામ આપવા ઉપરાંત નીચે પ્રમાણે કરવાનો તા. ૧૬-૩-૩૩ને રોજ મળેલી સોસાયટીની નિયામક સભાએ ઠરાવ કર્યો છેઃ

" ચરોતર પ્રદેશમાં સ્ત્રીકેળવણીની વૃદ્ધિ થાય તે માટે દરેક નાનાં મોટાં ગામમાં સ્ત્રીકેળવણીનાં વાસ કંઇક રચવા યોગ્ય છે. માટે જે કોઇ ગામ પોતાના ગામની સ્ત્રીકેળવણીને ઉત્તેજન આપવા ઓછામાં ઓછા રૂ. ૧૫૦) સોસાયટીને ટ્રસ્ટફંડ તરીકે સોંપવાનું સ્વીકારશે તો તેમાં સોસાયટી સ્ત્રીકેળવણીને માટે મળેલાં ટ્રસ્ટફંડોના વ્યાજમાંથી બીજા રૂ. ૧૦૦) ઉમેરશે અને તે કુલ રકમનું જે તે ગામનું સ્ત્રીકેળવણી ટ્રસ્ટફંડ જુદુંજ રાખશે અને તે ટ્રસ્ટફંડનું વ્યાજ જે તે ગામે ખર્ચવાની સોસાયટી વ્યવસ્થા કરશે "

ઉપરના ઠરાવ પ્રમાણે જે ગામ, વ્યક્તિ યા મંડળ પોતાના ગામની સ્ત્રીકેળવણી માટે ઓછામાં ઓછા રૂ. ૧૫૦) આપવા ઇચ્છા રાખતું હોય તેમણે તરત જ તે સંબંધી જણાવવું. આ પ્રમાણે મળેલા ટ્રસ્ટફંડને કોઇ પણ વ્યક્તિનું નામ આપવામાં આવશે નહિ

ચરોતર એજ્યુકેશન સોસાયટી,
આણંદ, તા. ૧૨-૪-૩૩

આશાભાઇ ન. પટેલ,
મંત્રી, ચ. એ. સોસાયટી.



સમાલોચના

આદર્શ કેળવણી: લેખિકા શ્રી ભાવંતીબાઈ આનંદજી, અનુવાદિકા: સૌ મોમતીબહેન મણારાળા, પ્રકાશક 'પ્રસ્થાન' કાર્યાલય, અમદાવાદ; આઠ આના

'પ્રસ્થાન' કાર્યાલય તરફથી પ્રગટ થતી સારસ્વતી ગ્રંથમાલાના ત્રીજા વર્ષના પુ ૩-૪ તરીકે આ પુસ્તક પ્રગટ થયું છે અને એક સેવાપરાયણ બહેનની બે દશન કહ્યો દોષ આપણી આત્મારામના વા દશન કરાના અલ્પ સાહિત્યમાં પણ સારો ફાળો કરે છે શ્રીમતી પાર્વતીબાઈ મહાદયપ્રેમ સમાનના એક સમાજ સેવિકા તરીકે ઘણાં વર્ષોથી છે તેમનો પરિચય આ રીતે પુસ્તકને કારણ માટે એક બીજા કેટલ સેવિકા સૌ મોમતીબહેન તૈયાર કર્યા એ નિકટ આનંદની વાત છે સૌ મોમતીબહેન તરફથી આવાં વધુ પુસ્તકો આપણને મળે એની આશા કરીને આ પુસ્તકને ગ્રીસમાન અને બધાની સેવા એ આશા રાખીએ છીએ.

છાપનનાં બળ સેવા સૌ કનુભાઈ ત્રાંપી, કમાસેક કટિક, કેપ કાયો ત્રિમલ પાંચ આના.

' અજબની ચીન 'ની ચૌદ કરિતામાં કૂવાબની કુમારકાના નરપુંગવ કવિઓ કનુભાઈ આકર્ષેની આ નાનકડી કથા કાન્યરસિકોને અવશ્ય આનંદ કપાવ અને નીકના રાજ પ્રેમનુ સેવા પ્રેરક ચિત્ર રજૂકરવામાં આવ્યું છે. 'સ્વાધ્યાયિ'માં શ્રી. કેશવલાલ પરમારે કવિ કુમારને ઉચિત રીતે આ કાવ્યોનો વિસ્તૃત પરિચય કાવ્યો છે શ્રી. કનુ કેશવનાં મુક્તોમનો નાની પુસ્તિકાને કાકરેક રસપ્રદ કરે છે.

પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ. લેખક: શ્રી. ચિનુભાઈ, પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, બાવનબર મૂલ્ય આઠ આના

શિક્ષકો માટે તિરસ્કારવાચક "પદ્ધત" શબ્દ ગુજરાતમાં અત્યંત પ્રચલિત છે. કે માણસ લીધું કામ માટે નાલાયક બનાવ તે શિક્ષક બની બેસે છે શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું કે એના જ્ઞાનનુ એને બાપ જ્ઞાન ન દોષ એવા માણસોને ઉદ્દેશી બનાવવામાં આવ્યો વિષય સૌથિય છે આ પરિસ્થિતિનુ કારણ એટલુ જ છે કે આપણે માની લીધુ છે કે બનાવવાનુ કામ વિષય કે બનાવવું એ બહુ મોટુ કામ નથી વસ્તુતઃ આપણી એ માન્યતા ખોટી છે બાળક અને બનાવતાં આવડવુ એમાં બહુ મોટો તફાવત છે શિક્ષણની કળા અને પદ્ધતિ બનાવનાર માણસમાં એ કામ કરી શકે. બાળકને માણસો બાબાના મકાન પર મોકલ્યા અને મૂકી તેને વિદ્યાકાર્યને બદલે કારીગર બનાવે એ પદ્ધતિઓ પ્રાથમિક શાળાને આજે રોગ પ્રમાણે દોષ કર્યો તે શ્રી ચિનુભાઈ આ પુસ્તકમાં બતાવે છે શ્રી ચિનુભાઈને બાલમનસનો અભ્યાસ અને શિક્ષણ પદ્ધતિઓનો પરિચય-બન્ને એમાં કારણ છે આ પુસ્તકમાંથી શિક્ષકોને તેમજ માબાપોને ઘણું નવું બાણવા મળશે.

સીતા લેખક શ્રી નટવરલાલ નંદલાલ મોદી પ્રકાશક શ્રી અબજીભાઈ ડિ કંપા ઉદ્યોગપ્રિંટિંગ પ્રેસ, વડોદરા. મૂલ્ય ૦-૧-૦.

શ્રી રામાયણ આદર્શ બાળકો માટે ઘણાં વર્ષો પ્રગટ થયું આ પુસ્તક રામાયણમાંથી સીતાજીના ચરિત્રને લગતો ભાગ બાળકોને લક્ષમાં રાખી અને રૂચિકર થાય એવી રીતે અને સારા ચિત્રોથી સમજાવે છે શ્રી. મોદીની ભાષા અને વાત

શ્રી ભગિની સમાજ, મુંબઇ

સત્તરમો વાર્ષિક વૃત્તાંત

ભગિની સમાજની સ્થાપના સ્વ. ગોખલેના સ્મારક તરીકે તા. ૧૧ મી ફેબ્રુઆરિ ૧૯૧૬ ના દિને તેમની પ્રથમ પુણ્ય તિથિએ થઇ.

સમાજનું ધ્યેય સ્ત્રી ઉન્નતિદ્વારા, રાષ્ટ્રોન્નતિ સાધવાનું છે. અને તે માટે હિંદમા વસનાર તમામ હિંદીઓ તરફ ભાતૃભાવ રાખનારૂં આ મંડળ છે. સમાજના સભ્યોએ સૌને તન, મન અને ધનથી મદદ કરવા પ્રયત્ન કર્યો છે. આરોગ્ય, ગૃહવ્યવસ્થા અને જ્ઞાન પ્રચાર માટે વર્ગોદ્વારા લેખો અને ભાષણોદ્વારા મુલાકાતો અને સંમેલનોદ્વારા અનેક વિધ પ્રયત્નો ઠેક ઠેકાણે કરેલા છે

સર્વ સમયે સહાયના નિયમને ભગિની સમાજ ધર્મ માને છે, અને એ ધર્મ અનુસાર દેશના જુદા જુદા ભાગમા જુદી જુદી વખતે સમાજે પોતાનો યત્કિંચિત ફાળો આપ્યો છે.

ગયા વર્ષની ૧૯ મી ફેબ્રુઆરિને દિને સ્વ ગોખલેજીની સંવત્સરી નિમિત્તે ડૉ. જીવરાજ મહેતાના પ્રમુખપણા નીચે રા. વૈકુંઠરાય મહેતાએ ગોખલેજીના જીવન વિષે બે બોલ કહ્યા હતા.

તા ૨૦ મી ઓગષ્ટ ૧૯૩૨ દિને વાર્ષિક સભા બોલાવી હતી જેમા નીચે પ્રમાણે કામકાજ થયું હતુ,

(૧) બે વર્ષનો હેવાલ રજુ થયો હતો. (૨) હિસાબ મંજુરી માટે મૂકાયો હતો. (૩) નવુ કારોબારી મંડળ નિમાયું હતુ.

રા. કરસનદાસની દરખાસ્તથી અને શ્રી. રસીક બ્હેનના ટેકાથી ૧૯૩૨ની સાલ માટે નીચેના બ્હેનોનુ કારોબારી મંડળ નિમાયું હતું.

પ્રમુખ સૌ જયશ્રી બ્હેન રાયચુરા; મંત્રી-શ્રી. લીલાવતી બ્હેન મેનકર; સહમંત્રી-સૌ. ચંચળ બ્હેન ધીઆ, ખજાનચી-સૌ. શારદા બ્હેન દેસાઇ, સભ્યો-સૌ. હંસા બ્હેન, સૌ. ઇંદિરા બ્હેન મજુમદાર, સૌ મોંઘી બ્હેન, સૌ. મુદ્રીકા બ્હેન શ્રી સાકરબ્હેન અને શ્રી. બચુબ્હેન ચોટવાળા

દરખાસ્ત રજુ કરતાં રા. કરસનદાસ બોલ્યા હતા કે બીજી સ્ત્રીઓનું કામ ઉપાડી લે અને પુરૂષોની જરૂર ન પડે એવું હુ કેટલાએ વર્ષોથી ઇચ્છતો હતો. આટલા વર્ષ ભગિની સમાજના કારોબારી મંડળ ઉપર બાઇઓ હતા. પણ આ વર્ષે બ્હેનોની જ કમિટી નિમાઇ તે જાણી મને બહુ હર્ષ થાય છે નવા કારોબારી મંડળને એમના કામમાં હું ફતેહ ઇચ્છું છું

સમાજ પાસે ચાલુ ખર્ચ માટે પૂરતી રકમ નહિ હોવાને લીધે ખર્ચમાં કાપકુપ કરવા માટે સોસાયટીના મકાનમાથી સમાજની ઓફીસ કાઢી નાખવી પડી. સોલાપુર ભગિની સમાજથી છુટું પાડવામાં આવ્યુ અને એ ફંડની રકમ રા. કરસનદાસને સોપવામા આવી

ગાધીજીની જયંતિ તા ૨૭ મી ઓક્ટોબરે ઉજવાઇ હતી તે વખતે પ્રમુખ સ્થાને હરકુંવર શેઠાણી હતા વક્તા સર લલ્લુભાઇ શામળદાસ હતા આ પ્રસંગે હરીજનના બાળકોએ સંવાદ તથા ગાયનોથી સભાસદોના મન રંજન કર્યો હતા. લેડી લક્ષ્મીબાઇ તરફથી રૂા ૫૦૦) ની રકમ મળેલી છે. જેના વ્યાજમાંથી ગરીબ બ્હેનો પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે તેમને સ્કોલ-

રશીપ આપની એમ નક્કી થયું છે તેને લેડી લક્ષ્મીબાઇ સ્કોલરશીપ એવું નામ આપવામા આવ્યું છે મટુ સાલમાં રૂ. ૧૫) ની માસીક સ્કોલરશીપ બનિતાવિશ્રામમાથી બંનેની સાળાની પરીક્ષામાં પાસ થએલાં બ્હેન તારા ઠક્કરને આપ વામાં આવી છે. તે બ્હેન હિંદીની લેડી ડરક્ટર ડોક્ટરમાં ગૃહવિજ્ઞાનના અભ્યાસ માટે જવા છે લેમજ માસિક રૂપિયા પાંચની બે શિષ્યવૃત્તિઓ બે અસહ્ય બ્હેનો—ગોરાબાઇ ગાયકવાડ તથા અનાબાઇ પિાલને કુચ્ચ પ્રાથમિક શિક્ષણનો લાભ મળે તે માટે આપવામાં આવી છે.

શ્રી. અમુબ્હેન પોદારના તરફથી રાજકોટ ગૂજરમાં બે ઓરડાઓ સમાજના ઉપયોગ માટે મળવાથી સમાજના હોદ્દેદા પર બહારનુ વધારે સારૂ બની શકયુ છે સમાજ એમની આ ઉદારતા માટે એમનો ઘણો આભાર માને છે આ નવી વ્યવસ્થા થતાં સમાજે પોતાની પ્રવૃત્તિઓ આરંભી છે. બારૂ વર્ષમા સાંપી સપ્તાહ નિમિત્તે સમાજના સભ્યોએ પોત પોતાની ફાવે તેવી રકમ (રૂ. ૩૦૦૦) સ્વયં ઉભરાવી આવી તેવી હતી ,આમ આ વર્ષથી સમાજમાં નવી જાગૃતિ આવી છે

ઉદ્યોગમંદીર

મધ્યમવર્ગના બ્હેનોને સાધનને અભાવે સમ- યનો સદુપયોગ કરવાની મુશ્કેલીઓ નડે છે નવરાશના વખતનો ઉપયોગ થાય અને સાથે સાથે કેટલી કમાણી પણ થઇ એવુ કામ કરનારી કેટલીક પારસી સ્ત્રિયો છે, જેવી કે મીઠુબ્હેન પોદારની બારીની સ્ત્રિયો અને ચમરેલીવાલા પારસી શ્રી ફરોઝગ્રહ

બગિનીસમાજ પારસે આપીલના હીરક મહોત્સવ પ્રસંગે એકઠુ કરેલુ રૂા ૮૩૦૦) આડત્રીસ બગીચાવાલા એક ઘર છે તેના ખાલ્લામાં અને એક ફરોઝગ્રહ એ બનાવ્યો મરોલાવી મંડળે કરાવ્યો છે. એ ઘરોમાંને પારપાડના મધ્યમવર્ગનો બ્હેનોને મહીનાના ભાડે મળે એવા ફરોઝોની સાલ્મત રાજ્ય માં આવી છે એમા રસોડાનુ, ઝરૂખાનુ, બારણા તથા બારીનુ પાણા કરવાના કામનો સમાવેશ થાય છે ઘરોના કામ માટે જોઇતી ૧૦ મી ઘણી વખત વેરા મહેનતાણા સમાજ તરફથી આપવામા આવે છે મધ્યમ વર્ગની પણ બ્હેનો આ ફરોઝગ્રહનો લાભ લે છે આશરે ૫ વરસથી ઘીમા બ્હેનોએ આનો લાભ લે છે સૌ. મયમલબ્હેન પીપા તરફથી ફરોઝગૃહ બનાવનાર બ્હેનને રૂા. ૧૨) માસિક આપવામા આવતા હોવાથી ફરોઝગ્રહના કામને બહુ મદદ મળી છે તેને અંગે વર્ષો પણ થયે છે. અને તે ઘરો મંગળવારે તથા શુક્રવારે ૨ થી ૫ વાગ્યા સુધી હોય છે. એ વર્ષોમા રહીયનુ, કાંઇક, મારૂ તથા ચિત્રકામ શીખવવામાં આવે છે સરે- રાશ ૧૦ બ્હેનોની હાજરી રહે છે પારસ સિવ પારસુ સીવે પણ બ્હેનો પરથી કરી હવે છે આ બ્હેનો સારા કુટુંબના હોવ આ સંસ્થાદ્વારા કામ કરવાનુ એમને બહુ સારૂ પડે છે. સૌ. મંગળાબ્હેન તથા સૌ રમિબાબ્હેન આ વર્ષોની બરાબર સાચવે છે

પુસ્તકાલય

આ કામના બ્હેનો માટે પુસ્તકાલય તથા વાચનાલય, રાખવામાં આવ્યાં છે વાચનાલય બ્હેનો માટે દરરોજ ૧ થી ૫ વાગ્યા સુધી ખુલ્લું હોય છે અને સમાસદ બ્હેનોને પુસ્તકો ઘરે લઇ જવાની રજા છે આ બનેનો લાભ પણ સારો લેવાય છે સૌ જમાબ્હેન મનુભા પુસ્તકાલયની બરાબર કરે છે.

શ્રી. અમુબ્હેન પોદારના તરફથી બનેલા મળી ઓરડો બધા સમાસદોને ગો ડમેલન તા ૧-૧૨ -૩૨ ને દિવસે કરવામા આવ્યું હતુ. ગોળમેજ પરિષદમા થયેલા જુદા જુદા વિષયો પર ડો ઇ. સ.ની એ. આજ્ઞાનમાળા રાજકર્મા આવી હતી આ આપણે મુબઇમા વસતાં અને બહુ બહ બ્હેનોએ એનો લાભ લીધો હતો

સર હરિસિંગ ગોલ્ડ મુબઇના બીજા વિસે સમાજના મકાને વિદાય મહાન્નો હતો. અને મકાનને આ બીજા સતે કારણ લાયકુ નથી એવો બહ દરખાસો પર આખરે હસ્તકર્મા આવ્યો હતો.

અંતમા મંદીર પ્રવેશને અંગે આપીલ અપરંચ અ કારણ' હતુ ને સમાચારને અંગે

મુંબઇની બધી સંસ્થાઓના આશરા હેઠળ ચલાવેલી બે સભાઓમા સમાજે સક્રિય ભાગ લીધો હતો. તેમજ ડો સુભાષચન્દ્રના મદીર પ્રવેશના બારણાને અનુમોદન આપનારો એક ઠરાવ તાર દ્વારા વાઇસરોય પર મોકલી આપવામાં આવ્યો હતો

સમાજની આકાક્ષાઓ ઘણી મોટી છે. સમાજને ખુલ્લી જગ્યા મળે તો બાળકોને રમત ગમત તથા તેની સાથે જ્ઞાન મળે તેવી યોજના થઈ શકે. સમાજના બ્હેનો વધોમ શીખી તેમાથી કમાણી કરી શકે તે માટે તા. ૧લી જુનથી રા પ્રાણજીવન નેણીને માસ્તર તરીકે રાખવાનું નક્કી કરવામા આવ્યુ છે આ ભાગ રેયમ તથા જરીનુ ભરતકામ, થાપડીઓ બાધવાનું કામ, ક્રેટવર્ક વગેરે ઘણી જાતનું કામ બતાવે છે

મુંબઇ જવા માટે મોટા શહેરમા બ્હેનો બહારગામથી કમાવા માટે આવી હોય તેવી બ્હેનો માટે રહેવા તથા ખાવાપીવાની સગવડવાળી એક મદદ હોવુ જોઇએ એમ સમાજને લાગે છે જો કોઇ ભાઇ અથવા બ્હેન આને માટે પૈસાની સંગીન મદદ કરી શકે તો સમાજ કામ ઉપાડી લેવા બહુ આતુર છે.

આભાર

સમાજને હિંદ સેવક સમાજના મકાનનો હોલ વાપરવાને માટે તથા બીજ બાબતોથી સમાજની ઓફીસ રાખવા માટે સભ્યોનો આભાર માનવામાં આવે છે. શ્રી. બચુભ્હેન હોટવાળાનો સમાજને ઓરડાઓ વાપરવા આપ્યા તે માટે જુદા જુદા વક્તાઓ પ્રો. જોશી રા વેકુંઠરાય મહેતા, પ્રો. શાહ રા. જયસુખલાલ મહેતા તથા બીજા જે જે ભાઇઓ તથા બ્હેનોએ ભાષણો આપ્યા તે માટે.

ઓડીટર—એક બી. બીલીમોરીઆએ કંઇ પણ મહેનતાણું લીધા વિના સમાજનો હિસાબ તપાસી આપ્યો તે માટે.

ભેટ આપનારનો આભાર

સૌ નિમળાબ્હેન સેતલવાડ તરફથી કબાટ માટે રૂા ૫૦) મળ્યા તે માટે.

સૌ. જયાબ્હેન કાનુગા તરફથી કબાટ માટે રૂા ૫૫) મળ્યા તે માટે;

શેઠ પ્રાગજી હરીઆણી તરફથી રૂા. ૧૦૦૦) મળ્યા તે માટે

સૌ હંસાબ્હેન મહેતા, શ્રી સાકરબ્હેન, સૌ. સારદાબ્હેન દેસાઇ, સૌ. નિમળાબ્હેન સેતલવાડ. સૌ ચચળબ્હેન ધીઆ. સૌ ગંગુબ્હેન રામદાસ વગેરેનો પુસ્તકો માટે રકમ મળી તે માટે.

સમાજ તરફથી તૈયાર કરવામા આવેલો માલ વેચવાને માટે સમાજની ઓફીસમાં તેમજ ગુજરાતી સ્ત્રી સહકારી મડળ તરફથી ચાલતા સ્ટોર પર રાખવામા આવે છે.

સૌ જયશ્રીબ્હેન રાવજી (પ્રમુખ)
શ્રી. લીલાવતીબ્હેન બેનકર (મત્રી)
સૌ ચંચળબ્હેન ધીઆ. (સહમત્રી)

ઈનામી પ્રશ્ન

સંપાદક : કુ. યશસ્વિની

(૧) મીરીસ ફ્રાન્સીસ પરમીન્સ વિષે શું જાણો છો ?

(૨) પલ્લવી સાહિત્યના પ્રતિહાસ મનધર્મા સશોધન કરતાં જૈન સબધમાં યોગ્ય માહિતી આપો.

આ બન્ને પ્રશ્નોના જવાબ એપ્રિલના ઓજસ્વતમાંથી મળશે.

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમા માસિકનાં દરેક સ્ત્રીગ્રાહક તેમજ જે બ્હેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. ગ્રાહકોના કુટુંબની બીજી પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે. (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નબર અવશ્ય જણાવવો ગ્રાહક નબર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના બીજા મહિનાની આખર તારીખ સુધીમાં અમને મળે એવી રીતે મોકલી આપવો. (૪) તત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બાજબી-ગેરબાજબીપણા વિષે વાંધો લઇ શકાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે. (૬) હરિફાઇના જવાબ માટે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો


ફેબ્રુઆરી માસનુ પરિણામ

શ	કે	મા	ર	સ	રો	જ	ની
મ	ન	ન		ક	ત	સ	
ન		જ	મ			મ	
ક		ન	ન		વ		
ક	નિ				સ	ધા	
	તા		ત	રી	ધા		
નિ		ન		પ્ર		ગ	
સ	ક્ષ	ના			જ્ઞ	વ	ન
ક	વ	વિ	ત્રી	સ	ન	વ	ન

આ પ્રશ્નના કુલ ૧૨ જવાબો આવ્યા હતા. તેમાં ત્રણ પાયમી ચરતનો ભગ કરતા હોવાથી તપાસ્યા નથી. પાંચ જવાબો ખોટા છે. ચાર જવાબો સાચા છે. તેમાથી (૧) મી રેવુ બહેન આ-જરજી ચાવડાને ઇનામનું પુસ્તક "સોળ સુંદર વાર્તાઓ, ભાગ ૨ " આપવામાં આવે છે જે તેમણે અહી આવ્યાની ટીકીટો મોકલી મગાવી લેવું. બાકીનાં ત્રણ બહેનોનાં નામ નીચે મુજબ છે. ઓમની બહેનો (૨) હીરાબહેન કે. મોદી, (૩) સરલા હીમતરામ (૪) પ્રભા-વતી ન. પરેખ.

ગ્રાહકો ગ્રાહક ન હોય—અર્થાત્ ગ્રાહક ન હોય તેવાં કોઇ બ્હેન આ હરિફાઇમા ભાગ લેવા ઇચ્છતાં હોય તો તેમણે પોતાના નામ સાથે જે ગ્રાહકની ટીકીટો મોકલી કુપન મોકલવાની જરૂર નથી

વાચો, " ગુજરાત-દર્શી "



સ્વદેશ

પતિદેવ! યદુ સાદુ નામના મહારને, પોતાની પત્ની અનીતિને માર્ગે ચડી જતાં ઉપરોધને તેનું ખૂન કરવા માટે મુંબઇની વડી અદાલતે જન્મટીપની સજા કરી છે

સ્વલ્પ-સંધડીના ભોગ (૧) મુંબઇમાં બાર વર્ષની એક છોકરી બાલાભાઇ મોતીરામ સગડીથી દાઝી મરણ પામી (૨) ક્ષમાબાઈ નામની મુંબઇમાં ક્ષમાટી પુરામાં રહેતી ૪૫ વર્ષની બાઇ દાઝી મરણ પામી. (૩) બાબીબાઇ મોતીરામ નામની એક સ્ત્રી સગડી પર રાંધતાં દાઝી મરણ પામી (૪) વાલીબાઇ નાથાભાઇ નામની ૧૫ વર્ષની છોકરી બત્તીથી સાડી સળગી જતાં દાઝી મરણ પામી. (૫) રમાબાઇ દાદાભાઇ નામની એક સુધારણ સાડીનો છેડો દીવાને લાગતાં તે સળગી જવાથી મરણ પામી (૬) મુંબઇમાં પોમારી મહોલ્લામાં રહેતી બીબીબાઇ ઇસ્માઇલ ચુલાપર રાંધતાં દાઝી મરણ પામી

ઓકપર બીજા: હરિપ્રસાદ નામનો ૧૬વર્ષનો છોકરો ત્રણ વર્ષની વયે પરણ્યો હતો તેની પત્ની અત્યારે આસરે ૧૫વર્ષની વયની હવતી છે છતાં હરીપ્રસાદનો બાપ રૂખી નામની ૧૪ વર્ષની છોકરી સાથે તેને ફરી પરણાવવા માગતો હતો. આથી છોકરી અને છોકરા બન્નેના બાપો સામે અમદાવાદમાં હેડી વિદ્યાચૌરી નીલકંઠે છલ્લા જજ પાસે ઇજકરાન સદ્ય લગ્ન અટકાવ્યુ હતું.

બાલ લગ્ન સામે પ્રતિબંધ: (૧) રેવારાજ્યની સરકારે છોકરા છોકરી અનુક્રમે ૧૮ અને ૧૨વર્ષના થાય તે પહેલાં તેમનાં લગ્ન કરે તો શિક્ષા કરવાનો કાયદો કર્યો છે (૨) શારદા કાયદાની વિરુદ્ધ લગ્ન કરવા માટે કરાંચીમાં ૪ જણને રૂા. ૫૦નો દંડ થયો

આપઘાત: (૧) ગુજરાતના જાણીતા કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીના પત્ની શ્રીમતી દમયંતીબહેને જતે શરીર,ઉપર રૂયાસતેલ છાંટી દીવાસળી સળગાવીને આપઘાત કર્યો છે શ્રી. મેઘાણી ઉપર આવી પડેલી આ આપત્તીમાં અમે તેમના વધુ દીલસોજી દાખવીએ છીએ. (૨) મુંબઇમાં દર્શનાબાઇ મહાવીરપ્રસાદ નામની પરદેશી સ્ત્રીએ સાસુના ત્રાસથી કંટાળી જઇ સાડી પર ચ્યાસતેલ છાંટી, તે સળગાવી મૂકી આપઘાત કર્યો હતો (૩) એક બહેને મુંબઇમાંજ પતિએ કપડા આપતાં પોતાના ઓરડાની બારીમાંથી નીચે નખાવી મૂકી આપઘાત કર્યો હતો. (૪) નાદુરસ્ત તબીયતને અંગે કંટાળી જઇ મુંબઇમા દીવાળીબાઇ નામની ૨૫વર્ષની સ્ત્રીએ કપડાં ઉપર ચ્યાસતેલ છાંટી તે સળગાવી મૂકી આપઘાત કર્યો હતો

પારસી બાનુ વકીલ: નાગપુર યુનિવર્સીટીની કાયદાની પરીક્ષામાં મીસ એ આર કામા (સર ફીરોજશાહ મહેતાના પૌત્રી) ફર્સ્ટક્લાસ નીવડ્યાં છે આ પ્રાંતમાં તેઓ પહેલાંજ બાનુ બારાયાત્રી છે.

પુનાની સ્ત્રીઓનો વિરોધ: પુનાનાં હિંદી સ્ત્રી મંડળના આશ્રયે મીસીસ સરલાબાઇ નાયકનાં પ્રમુખ પદે મળેલી સભામાં નવાં બંધારણમાં સ્ત્રીઓનાં સ્થાન વિષે ચર્ચા થઇ હતી મુંબઇમાં મળેલી ત્રણ પ્રમુખ સ્ત્રીસંસ્થાઓની પરિષદે કરેલ સલાહને સર્વાનુમતે મંજુર કરવામા આવી હતી. સભામાં વાર પૂર્વક જણાવવામા આવ્યું હતું કે કોમી એકતાના ભોગે સ્ત્રીઓને મળતા મતાધિકારના કરતા તેઓ મતાધિકાર નહિ લેવાનુ પસંદ કરશે બ્રીટીશ પેપરમાં કોમી ચુંટણી અને લાયક ઉપર રચાયલાં પ્રતિનિધિત્વ અને મતાધિકારની પદ્ધતિ જણાવાઇ છે તે બધી રીતે હિન્દી પ્રજાની પ્રગતિને અને ખાસ કરીને સ્ત્રીઓની પ્રગતિને હાનિકારક છે સભાએ વધુમા એમ પણ જાહેર કર્યું હતું કે સયુક્ત મતાધિકારની પદ્ધતિની તેમની માગણી માટે સ્ત્રીઓ એક સાથે સપીને ઉભેલી છે અને તેમણે કોમી મતાધિકારનો વિરોધ કર્યો છે, કારણ કે તેથી હિન્દમા સ્ત્રીઓની

કયુક્ત હરોળમા મેમીબાનું જોર કાયમ થવાનો ભય રહે છે."

બાર વર્ષની બાલા-માતા ! દિલ્હીની વિક્ટોરીયા જનાનાનાં નર્સીંગ સુપ્રીન્ટેન્ડન્ટ મીસીસ એ. કેરોલ ' નર્સીંગ જર્નલ 'માં નીચેનુ ટોટકા વર્ણવે છે " ગેલા વસત હપા બારવર્ષની એક બાળાએ પૂરેપૂરા નવ મહીનાના એક બાળકને જન્મ આપ્યો હતો. જન્મ વખતે બાલકનુ વજન ૪ રતલ જેટલુ હતું. બાળામાતા બાલકને હજી રહી છે બે માસ પછી બાલકનુ વજન ૬ રતલ જેટલું થયું હતું. દિલ્હીના હેલ્થ ઓફિસરે બાળાની નવ મ્યુનિસિપલ રજીસ્ટરમાં ખાત્રી કરી હતી. ડાકટરોનો બાપ પણ એ વખ બાબી હોવાનુ જણાવે છે.

દિલ્હીની સ્ત્રી સભાઃ દિલ્હી પ્રાતની સ્ત્રી-સભાની બહેનો વાર્ષિક સભા ગેરિલની તા. ૪ થી એ દિલ્હીમાં મેળી ગેાજવાનાં પ્રબુધ્ધો બાધી હતી. મેળી ગેાજવે સભાના સભ્યોની સખ્યા વધારવા વિનતિ કરી હતી. અને મેસ હાર્કોર્ટ કોલેજ, મેન્ડમસ કોલેજ, અને મેસ ધારીન કોલેજ એ ત્રણ સંસ્થાઓને ભણવા અનુસરવી કોન્સિલને મદદ કરવા જણાવ્યુ હતું. મીસ પીલ્ડએ કેરાલ વધુ કરી હતી. તે બાદ કેા મેસીસ પેનેરે બાકિ કાર્યક્રમ વિષે સૂચના કરી હતી

કુમારી પ્રકાશવતી સેનઃ દિલ્હી યુનિવર્સીટીની મેન્ટર મીડલ પરીક્ષામાં પ્રથમ આવવા માટે આ બહેનને સેાનાનેા ચાદ અને સરકારી સિષ્પત્તિ મળ્યાં છે,

બ્રાહ્મણી વિદ્યાની સ્ત્રીઃ વખત બાતેની બંગાળ ટેકનિકલ કલબનાં 'એ' ડિવિઝનની પરીક્ષામાં મીસ સુધા મુખરજી ૬૦ વખતમાં તેિર્ણ મેળવ્યો. તેમેા એ તારીખ કેનાર પહેલાંજ બ્રેજ્યુએટ બહેન છે. બાર તેમેા દુનીયાની મુસાફરીએ નીકળ્યા છે તેમના પ્રવાસની ચેાજના કરવા માટે સ્થાનિક સ્વરાજ્યસ્થાનાના પ્રધાન અને મંત્રિવર રાજેન્દ્રનાથ મુકરજીના ચેરમને એક સમિતિ સ્થાપી છે.

બંગાળમાં સ્ત્રી મેજીસ્ટ્રેટેાઃ કલકત્તામાં બાળકોની અદાલત માટે નીચમાં ૧૭ બહેનેા એનરરી સ્ત્રી મેજીસ્ટ્રેટેા નીમવામાં છેઃ (૧) મીસ એસ્ટન, (૨) મીસ રાયની મેરાજ, (૩) મીસ મીત્ર મેરાજ, (૪) મીસીસ કે એન. બોઝો, (૫) મીસીસ કે સી દત્ત, (૬) મીસ સાણી પેન: (૭) મીસીસ હાજ, (૮) મીસીસ કેન્ડ, (૯) મીસીસ એચ. મહેતા, (૧૦) મીસીસ એમ. એલ. મિત્ર, (૧૧) મીસીસ એસ સી. મિત્ર, (૧૨) મીસીસ એસ. સી. મુખરજી, (૧૩) મીસીસ એસ. એમ મુખરજી, (૧૪) મીસીસ ટી આર. નીવી, (૧૫) મીસીસ એ. એચ રસેલી, (૧૬) મીસીસ એમ. સી સેન, (૧૭) મીસ બોઝ.

જૂના સિક્કા માટે ઇનામ: બ્રસ્ટીશનના લગ્ન સેાનાની સાલગીરમાં બનાવ અને વપરાયેલા ચલણી નામના હિન્દુ રાજાના વખતનેા અસલનેા અને અલભ્ય સિક્કો સંગ્રહસ્થાનને ભેટ આપવા માટે મહારાજ (મહારાણ) સામની બીમની મુંબઇવાળા ભાઈને રા. પન્દ્રર ઇનામ આપવામા આવ્યુ છે

કુમારીનમમાં સ્ત્રીસભાસંઘની સ્થાપનાઃ કુમારીનમમાં અખિલ ભારત સ્ત્રીસંઘની નવમી વાર્ષિક પ્રતિની કરમી સભા બીમતી કનુમતી નેમીકુમાર દેવીને હાથે ખુલ્લી મૂકી હતી. તે પ્રસંગે તેમણે ભાષી અને મીસ કાપડની સાદાઈથી કરતાં ખાદીની બેિતા સમજણી હતી.

મકીજ્યું (૧) બહેરામ કન્યાશાળાનું નવું મકાન સાર્વજનીકના ના. સારેસાહેબે ખુલ્લું મૂકયું. (૨) મે બહેનમાં અમરેલીમાં બહેનેા માટે ભણવામ વર્ગોની ચેાજના થઈ તે વખત તાપ અને બાબુની તકીને અને મેાટરોકર માસ કરવા પુસ્તકો ચાલનામાં આવી છે (૩) વલ્લભ વિદ્યુનિવર્સિટીમાં સામની ગ્રેજ્યુએટની કોલેજ સ્થાપ નીમાયા છે. તેમેા ફેલ્લોશીપના પણ ગુંડાયા છે. (૪) બાલેજ ફંડ ભણવાનાર કરવા માટે મુંબઇમાં શ્રી. ભાંડારી મહેલ્ય ગાંધી નામના પારસી ગૃહસ્થે ગ્રન્થોદ્ધારને ૪ વર્ષ સુધી દરની સાલ ૨૪ છે (૫) બીમતી ભનશી-બાઈ બલવ અને બીમતી કેવાદેવી રામનારાયણ રૂઈયા દરેક વિદ્યાર્થીની ફીજ્યર કોલેજી માટે માસીકને રા. ૨૫૦) ની દરે આપે છે

વિદેશ

પ્રાદેશની સમાન તાઃ પેરિસમાં સીવીલ સર્વિસના નવા નિયમે પ્રમાણે સ્ત્રીઓને બ્રાં-ચમાં પુરૂષોની જેવાજ રીતે પ્રવેશની તા મળશે, સ્ત્રી અથવ બાળ અને રાજદારી સર્વિસ બાદ કે જેમા તેમને પ્રવેશ નહિ મળે એટલે કે અસલ ખાતામા કારણી મંત્રી જેવા હોદ્દાઓ દ્વારા બીજા સ્ત્રીઓ પેઠે કામ કરે છે કે કે. આ

વકીલની વર્ગ માટેની પરીક્ષામાં પણ ઓછા બહેનો પ્રવેશી શકે છે, કારણ 'લગ્નબંધન' નડે છે.

મીસીસ મોલીસન (મીસ એમી જોનસન) ને વ્યવહારની સગવડતાઓ વિષે સૌથી ચઢી જાય એવો દેખાવ કરવા માટે મીસીસ મોલીસનને સીવેલ મેમોરીયલ ટ્રોફી આપવામાં આવ્યું છે પહેલીજ વાર એક સ્ત્રીને આવું માન મળ્યું છે

ઓક્સફર્ડની વિદ્યાર્થીનીઓ ઓક્સફર્ડ યુનિવર્સીટીમાં વસતી વિદ્યાર્થીનીઓ માટે સ્ત્રીઓની કોલેજીસ સોસાયટી સ્થાપવાની ગોઠવણ થઇ છે પાંચ કોલેજની કોમેટીસ સોસ યટીઓના પ્રમુખોની સમિતિ બધારણ ઘડી રહી છે આવતી ટર્મથી સોસાયટીનુ કામ કોજ શરૂ થશે. યુનિવર્સીટીની બધી સ્ત્રીઓના પ્રતિનિધિઓનુ મંડળ હવે પુરૂષોની સમાજ સાથે તેમજ મુલાકાતે આવતી દુનીઓ સાથે ચર્ચા કરી શકશે.

વિમાની સાહસોમાં સ્ત્રીઓ (૧) મીસ જીન બેટન નામની ન્યુઝીલેન્ડની ૨૪ વર્ષની બાળા ઓસ્ટ્રેલીયા જવા માટે કીમ્બનીથી ઉપડેલ્યા છે તે પેરીસ, એથેન્સ અને બગદાદ જઇ કરાંચી આવતાં તેને માર્ગમાં વિમાનને નુકસાન થતાં પ્રવાસ પડતો મુકવો પડયો હતો તે કરાંચીથી ઇગ્લાંડ જવા ઉપડી ગઈ છે અને ઇંગ્લાંડ પહોંચ્યા બાદ રેકોર્ડ કરવા ફરીથી ઉપડનાર છે (૨) મેડમ મેરી હિલ્ટ નામની ફ્રેન્ચ સ્ત્રીવિમાની ટોકીઓ જવા માટે વિમાનમા ઉપડી છે તે પેરીસ, કરાંચીની મુસાફરી ચાર દિવસમા કરી કલકત્તા જવા ઉપડી ગઇ છે ત્યા પહોચી તે રંગુન જવા ઉપડેલ છે (૩) મીસીસ કેરીઓની નામની મહિલા ઇગ્લાંડ-ઓસ્ટ્રેલીયા જવાનો મીસીસ એમી જોલીસનનો રેકોર્ડ તોડવા ઉપડેલ છે તેને પણ માર્ગમાં અકસ્માત નડતાં તે આગ્રામા રંગુન આવી છે

આયર્લેન્ડની ડાયલમાં આયર્લેન્ડની પાર્લામેન્ટ ડાયલમાં નીચેનાં ત્રણ બહેનો ચુંટાયાં છે. મીસીસ કોનકેનોન, મીસ પીઅર્સ અને મીસીસ રેડમંડ; મીસીસ કોલીન્સ એ ડ્રીસ્કોલ નિષ્ફળ ગયાં છે

એકોનોમસની સખાવત હડસનની એકોનોમસ સીકે યે પી. ૭૫૦૦૦૦ ની સખાવત જાહેર કરી છે એમાં પી. ૨૫૭,૦૦૦ જર્મન રેડક્રોસને, પી. ૬૦૦૦૦, સીકોર્ષ સેનીટોરીયમને અને પી. ૩૦૦૦૦ રો. બર્નાડોનાં હોમને, આપ્યા છે

દારૂદારી નોકરીમાં પ્રવેશ કરવા માટે સ્પેનમાં લેવાયલી પરીક્ષામા ૨૭૦ ઉમેદવારો બેઠા હતા તેમા ૨૭ પાસ થયાં છે તેમા ૧૫મો નંબર માર્ગરીના સેલ્વાવેરીમા નામની સ્ત્રી લઇ જાય છે

મેયરપદે સ્પેનમાં ૭ સ્ત્રીઓ મેયરપદે ચુંટાઇ છે

મેડમ ડીપ્રેઝ: ફેન્કોઇઝ પોરલી સફેજ યુનીયનના સભ્ય મેડમ ડીપ્રેઝ કોનસીલ ડેસ ફુડહોન્સ ઓફ ફોરીએન્ડના પ્રમુખ સર્વાનુમતે ચુંટાયા છે. ફ્રાન્સમાં અત્યાર માત્ર એકજ બહેન આ હોદો ધરાવી ગઈ છે.

મીસ જેસી કેલ યુનાઇટેડ સ્ટેટસના નવા પ્રમુખ રૂઝવેલ્ટના કારોબારમાં સીવીલ સર્વિસ કમીશનના પ્રમુખ તરીકે મીસ જેસી કેલની નીમણુંક થઇ છે મીસ કેલ ચુસ્ત સ્ત્રી સ્વાતંત્ર્યવાદી છે મી રૂઝવેલ્ટનો પ્રધાન મંડળમાં પણ એક બહેનનો સમાવેશ થએલો છે.

જાપાનની જોન ઓફ આર્ક જાપાન વર્ષો હાલમાં જ ચાલે છે મંચુ રાજની દીકરી અને જાપાનીસ માતા પ્રીન્સેસ પોસીકો દુવાશીયા ૨૦૦૦ મંચુકોની ટુકડી સાથે ચીનાઇ સરકારની પૂંઠે પડી હતી. લીન્કોવ અને હુપીકોવ આગળ નાળા પડેલા સરકારી સઇ બહાદુરીપૂર્વક પરાક્રમો કર્યા હતા ચીનની દિવાલ ઉપર તેણે ધજા રોપ્યો હતો

ચીનમાં સ્ત્રી પોલીસ ચીનના દરેક મોટા શહેરમાં સ્ત્રીઓની પોલીસ ટુકડી બનાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે કેન્ટનના અધિકારીઓની માન્યતા એવી છે કે સ્ત્રી પોલીસ વધારે કાર્યદક્ષતાથી કામ બજાવશે. સ્ત્રી પોલીસ માટે નીચે મુજબની યોગ્યતા જાહેર કરવામાં આવી છે (૧) ૨૮ થી ઉપર અને ૨૦થી નીચેની વય હોવી જોઇએ (૨) અપરિણિત હોવી જોઇએ (૩) ઓછામા ઓછી ૪ ફુટ ૬ ઇચની ઉચાઇ જોઇએ (૪) એક વર્ષની વધારે મુદત કેદની સજા ભોગવી ન હોવી જોઇએ શ્રી પોલીસનો યુનિફોર્મ પુરૂષના જેવોજ આપવામાં આવશે કે જેથી આ સબધમા કાંઇ ગેર સમજુત નહિ થાય.

શ્રી એમ એ બતુલ્લા જણાવે છે કે યુનાઇટેડ સ્ટેટસની કોલમ્બીયા યુનિવર્સીટીમા એમ એ ની પરવી મેળવનાર મીસીસ ઇ જે મોરાઇ પહેલાંજ બત્ર (દક્ષિણ આફ્રિકા) સ્ત્રી છે તેઓ સ્વાઝીલેન્ડમાં થોડા કાળ રહેવા ધારે છે

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

સ્વાતંત્ર્યસંગ્રામમાં નિર્ભીક બલિદાનો

૨૮૦૭	શ્રીમતી	ચિન્તાબહેન પારેખ	મુબઇ	—
૨૮૦૮	,,	ચિન્તાલક્ષ્મી	,,	૬ માસ
૨૮૦૯	,,	ભાગીરથીબહેન	વીરમગામ	—
૨૮૧૦-૧૧	,,	બે બહેનો	,,	—
૨૮૧૨	,,	રેવાબહેન પટેલ	,,	—
૨૮૧૩	,,	મરીબહેન પરેલ	,,	—
૨૮૧૪	,,	હાદીબહેન	,,	—
૨૮૧૫	,,	મરીબહેન રતનબાઇ	,,	—
૨૮૧૬	,,	હરિબહેન	,,	—
૨૮૧૭	,,	જવાબહેન રેવાઇ	ચોરબર	રૂા. ૧૦૦૦ ના ખમીર, વા બે વર્ષ કેદ
૨૮૧૮	,,	દીવાળીબહેન	,,	—
૨૮૧૯	,,	મૂલબહેન	ભિલગામ	૧ માસ સાદી કેદ, રૂા. ૫૦૦ દંડ
૨૮૨૦-૨૨	,,	ત્રણ બહેનો	,,	—
૨૮૨૩	,,	સરસ્વતી ચોપડી	બલસાર	—
૨૮૨૪	,,	પાર્વતીબાઈ માતાર	પુરીયા	૧ માસ
૨૮૨૫	,,	સરસ્વતીબાઇ પાનેરા	,,	ત્રણ માસ
૨૮૨૬	,,	લક્ષ્મીબાઇ ઉપાધ્યાય	,,	,,
૨૮૨૭	,,	સારદાબહેન પટેલ	,,	,,
૨૮૨૮	,,	ગૌરબાઇ ગાવટ	પાલમર	—
૨૮૨૯	,,	લક્ષ્મીબાઇ પાટીલ	,,	—
૨૮૩૦-૩૧	,,	૭ બહેનો	ગોપીર	જુદી જુદી મુદતની સજા
૨૮૩૭	,,	હરમણીદેવી	કલના	—
૨૮૩૮-૪૧		ચાર બહેનો	,,	—
૨૮૪૨	,,	આચારેજી	,,	—
૨૮૪૩	,,	સુનીતિદેવી	કાનપુર	૯ માસ, રૂા. ૧૦૦ દંડ
૨૮૪૪	,,	અવધદીદેવી	પટના	ત્રણ માસ સજા
૨૮૪૫-૪૮	,,	ચાર બહેનો	,,	૬ માસ સજા
૨૮૪૯	,,	ત્રિવેણાદેવી	,,	ત્રણ માસ સજા
૨૮૫૦-૫૩	,,	ચાર બહેનો	,,	,,

મુક્તિસંગ્રામનો આ વખતનો અગત્યનો તેમજ મહત્વનો પ્રસંગ, કલકત્તામાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાની બેઠક ભરવાનો થયેલો પ્રયાસ છે ૪૧ મી મહાસભાની બેઠક હિન્દીમાં ભરાય કરતી તેનાં ઠરતાં આ વખતે બંગાળની પેલીસે ખૂબ લાપસો રાખ્યો હતો. બહેર નબીબાબેન તેમજ સભા ભરી શકાય એવાં સર્વ સ્થાનો ઉપર સખ્ત ચોકી પહેરો રાખવામાં આવ્યો હતો. ઉપરાંત મહાસભામાં પ્રતિનિધિ તરીકે જતા કાર્યકરોને રોકવને રોકવા કરવામાં આવ્યા હતા. મહાસભાના ચુંટાયેલા પ્રમુખ પંડિત મદનમોહન માલવીયાને નિરતાર કરી સેવામાં આવ્યા હતા. બંગાળના કાર્યકરોને મનાઇહુકમો આપવામાં આવ્યા હતા છતાં, મહાસભાની બેઠક વીસ મીનીટ સુધી ચલાવી હતી અને તેના ચુંટાયેલા પ્રમુખ નિરતાર થઇ જવાથી કામચલાઉ પ્રમુખપદ પર, બંગાળના જાણીતા આગેવાન શ્રીમતી નેલી સેનગુપ્તાએ લીધું હતું. શ્રીમતી નેલી સેનગુપ્તા પણ નિરતાર થઇ ગયાં હતાં. મહાસભાની બેઠકમાં ભાગ લેવા અહમદાબાદથી આવનાર શ્રીમતી સ્વરૂપરાણી નેહરૂને અમારા તરફથી રોકવને નિરતાર કરી હતાં કલકત્તામાં આને અંગે નિરતાર થયેલા જુદા જુદા બહેનોમાં, શ્રીમતી હેમપ્રભા મજુ-

મદાર, મીસ લીલાવતી કપૂર, શ્રીમતી ગંગા-દેવી, શ્રીમતી ઉર્મિલાદેવી, મીસીસ સજ્જન દેવી, મીસ કલ્યાણીદાસ, મીસ છાયા ચેટરજી, મીસીસ નીતિભાન, શ્રીમતી જમુના ઘોષ, કુ. જ્યોતીર્મયી ગંગુલી, વગેરે સર્વ મળી ૧૦૦ ઉપર બહેનો ગિરફતાર થયાં હતાં. તા ૫ મી એપ્રિલે એ સર્વ બહેનોને છોડી મુક-વામાં આવ્યાં હતાં. પટનાથી શ્રીમતી ભગ-વતીદેવી અને બીજા પાંચ બહેનોને માર્ગમાં પકડયાં હતાં, પુરીથી શ્રીમતી સુનામણીદેવીને ગિરફતાર કર્યાં હતાં.

મુંબઇ.

મુંબઇથી ૬ દેશસેવિકા બહેનો મીસીસ ગોસીબહેન કેપ્ટન, શ્રીમતી રતનબહેન મહેતા, શ્રીમતી રમાબહેન ધીરજરામ ભટ્ટ, શ્રીમતી માણેકબહેન જગીરદાર, શ્રીમતી કમળાબહેન દોશી, શ્રીમતી સમુખ બહેન રાંદેરીયાને બો-રીબંદર સ્ટેશને ગિરફતાર કર્યાં હતાં. તેમને પાછળથી છોડી મૂકયા હતા, મુળજી જેઠા માપડ માર્કેટમાં શ્રીમતી વિજયાબહેન પારે-ખને પણ ગિરફતાર કરવામાં આવ્યાં હતાં. તેમને આર્થરરોડ જેલમાં રાખેલાં છે.

ગાંધીદિનને અંગે સભા ભરવા માટે ૭૫ મી સમાજ સમિતિનાં પ્રમુખ શ્રીમતી વિજયા-લક્ષ્મી માણેકલાલને બે આરોપોસર ૬ માસ અને નવ માસની જેલની સજા કરી હતી.

ભારત કોકિલા શ્રીમતી સરોજિની નાયડુ ગયા તા ૧૨મીએ તેમની સજા પૂરી થતાં પહેલાં ૧૦ દિવસ વહેલાં છૂટયાં છે. તેઓ મુંબઇ આવી હૈદરાબાદ ગયાં છે. તેઓ આનંદી છે. બીજા દેશોને શ્રીમતી નાયડુએ નીચેનો સંદેશ આપ્યો છે.

" રાજકીય દમનનીતિનાં ઘણા પ્રયાસો પણ બીજાનાં હૃદયમાં બળતી રહેલી દેશ પ્રેમની જ્વાળાને સમાવી શકશે નહિ જેલની ઉભી દિવાલોની પાછળ એક વર્ષ ભર એકાંત ગાળીને હું હિન્દની સ્વતંત્રતાની મારી જ્વલંત ભાવના એટલીજ જ્વલંત અને પ્રબળ રાખીને હું પાછી આવી છું. હું માનું છું કે, હિન્દ પોતાનાં જીવનની અપૂર્વ દૃષ્ટિ અને પોતાની સામાજીક, રાજકીય, અને આધ્યા-ત્મિક જરૂરીઆતો પ્રમાણે, સ્વતંત્રતાનું પોતાનું દૃષ્ટિબિન્દુ માત્ર હિન્દ એકલુંજ સાધી શકશે. "

ગુજરાત:

વીરમગામમાં રાષ્ટ્રીયસપ્તાહને અંગે શ્રી-મતી ભાગીરથીબહેન અને બીજાં બે બહેનો ગિરફતાર થયાં છે.

માતરમાં બહિષ્કાર દિનને અંગે તાલુ-કાનાં ૨૮ માં સરમુખત્યાર શ્રીમતી રેવાબહેન રામભાઇ પટેલ, શ્રીમતી કાશીબહેન ભાઇ-લાલભાઇ પટેલને ગિરફતાર કર્યાં હતાં. સીંબાસીમા શ્રીમતી ડાહીબહેન મોતીભાઇ, શ્રીમતી કાશીબહેન ચનાભાઇ અને શ્રીમતી હરિબહેન પટેલને ગિરફતાર કર્યાં હતાં.

બોરસદના બજારમાં ચોકી કરતાં શ્રીમતી જયાબહેન દેસાઇ ગિરફતાર થયાં હતાં. તેમને રૂા. ૧૦૦૦) ના જામીન અગર એક વર્ષની કેદની સજા થઇ છે. ગાંધી દિનને અંગે શ્રીમતી દીવાળીબહેન ચુનીલાલ બારોટ ગિર-ફતાર થયાં હતાં.

મુંબઇ ધુલાકો.

બેલગામમાં ખાદી સપ્તાહને અંગે કુ મૃદુલાબહેન અને બીજાં બે બહેનો ગિરફતાર થયાં હતાં. કુ. મૃદુલા બહેનને ૭ માસ સાદી કેદ રૂા. ૫૦૦ દંડની સજા થઇ છે.

જલગાંવમાં સરઘસ કાઢવા માટે શ્રીમતી સરસ્વતી ચૌધરી ગિરફતાર થયાં હતાં.

ધુલીયામાં ગાંધી દિનને અંગે શ્રીમતી પાર્વતીબાઇ થાકરને ૭ માસ કેદ અને બીજાં ત્રણ બહેનો શ્રીમતી સરસ્વતીબાઇ માનેકર, શ્રીમતી લક્ષ્મીબાઇ ઉપાધ્યાય, અને શ્રીમતી

ગાંધારાવાડ પરેલને ત્રણ માસ કેદની સજા થઈ છે.

પાલઘરમાં માર્ચની આખરે શ્રીમતી કેશવાર્ય ગાવંડ અને શ્રીમતી લક્ષ્મીબાઈ પાટીલને કોમ્રેમ પત્રિકા વહેંચવા માટે પકડવામાં હતાં.

બંગાળ:

વડી ધારાસભામાં પૂછવામાં એક સવાલના જવાબમાં જણાવાયું હતું કે બંગાળમાં ૧૪ બહેનો નજરકેદી છે.

મેદીનીપુર જીલ્લામાં વિદેશી કાપડની દુકાનો પર ચોકી કરતાં ૭ બહેનો પકડાયાં. તેમને જુદી જુદી મુદતની સજા થઈ છે.

મ્યુનીમાં ગેરકાયદેસર મીઠું પકડવા માટે ઓગસ્ટ મહિનામાં આવતાં તેના આગેવાન શ્રીમતી હરમણીદેવી અને બીજા ૨૦ બહેનોને ગિરફતાર કર્યા હતાં. તેમાંથી માત્ર ચાર બહેનોને રાખી બાકીનાને છોડી મૂકયાં છે.

ઉત્તર કલકત્તામાં એક એરીજહાજમાંથી કાપડનેપાપટની લાકડીઓ મળી આવવાથી પોલીસ માણકદેવી હલદરને ગિરફતાર કર્યા છે

સયુકત પ્રાંત:

પોલીસ કોન્સ્ટેબલ ઉપર ખૂની હુમલો કરવાના આરોપી કાશીરામને આજન્મ આપવા માટે કાનપુરનાં શ્રીમતી સુનીતિદેવીને ૬ માસ કેદ રૂ. ૧૦૦ દંડની સજા થઈ છે

મીરતનાં શ્રીમતી દુર્ગેશનંદિનીને તાકુરસ્ત તબીયતને કારણે જેલમાંથી વહેલા છોડી મુકયા છે.

પંજાબ

પંજાબ પ્રાંતિક સમિતિના સર મુખ્તયાર શ્રીમતી એમ. આર જયકરને મોંટગોમરી કારણે બાન કરતે છોડી મુકયાં છે

બિહાર

મહાસભાના પ્રતિનિધિ તરીકે કલકત્તા જવા માટે શ્રીમતી જમનાદેવીને ત્રણ મહીની સખ્ત કેદની સજા થઈ છે ગેરકાયદેસર સર પસ કરવા માટે ૪ બહેનોને ૪ માસ સખ્ત કેદની સજા થઈ છે. શ્રીમતી વિદ્યાવાચસ્પતી અને બીજા ચાર બહેનોને કલકત્તા જવા માટે ના મનાઈ હુકમનો ભંગ કરવા માટે બે માસ કેદની સજા થઈ છે

[તા. ૨૬-૪-૩૩

ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ

ધનાશ્રી નિત્યોપયોગ પરિણામ

મંડળ તરફથી તા ૨૦ મી એપ્રિલ ૧૯૩૩ ને રોજ મંડળના હોલમાં નિત્યોપયોગી ધનાની પરીક્ષા લેવામાં આવી હતી. આ નિબંધો તપાસી તેનું પરિણામ શ્રીમતી સાકરબાઈ પી. ઝાલે નીચે પ્રમાણે જણાવ્યું છે.

૧ લું ઈનામ રૂા. ૨૫, કું. કુસુમબેન વેણીભાઈ મહેતા
૨ જું ઈનામ રૂા. ૧૫, કું. કાંતા મનોરામાઈ વ્યાસ
૩ જું ઈનામ રૂા. ૧૦, સૌ. રમણીકમોરી ગોરધનદાસ

ઉપરનાં ઈનામો સ્વ. ચાંપશીભાઈ હરકાંસ ત્રિભોવનદાસ રમાકર ફંડમાંથી અપાશે.

સૌ. સકુબાઈન વીરચંદ મેપજી રૂા. ૧૫૦) ની મંડળમાં આજીવન મેમ્બર થયાં છે.



નોંધ

હિન્દને સુધારાઓ આપવા માટે સાયમન કમીશન નીમવામા આવ્યું; ભાવિ બંધારણ અને તેઠ મીશનનો આખાં ભારત વર્ષે જેવી અસર કારક રીતે બહિષ્કાર કર્યો કે જેથી, બ્રિટિશ સરકારને, સુધારાઓ આપવા માટે સાયમન કમીશનની નિરર્થકતા સ્વીકારી લઇને ગોળમેજ પરિષદની શરૂઆત કરી; એ ગોળમેજ પરિષદની પ્રથમ, બેઠકમાં હિન્દની આખેખાન રાષ્ટ્રીય સસ્થા હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ સહકાર ન આપ્યો, બીજી પરિષદમાં ગાધી-ઇરવીન કરારને આગે, મહાસભાના પ્રતિનિધિ તરીકે ગ ગાંધીજી ગયા અને ત્રીજી પરિષદ સાથે ફરીથી મહાસભાએ અસહકાર આદર્યો. આ ત્રણ ગોળમેજ પરિષદનુ પરિણામ હિન્દની રાષ્ટ્રીય લાવનાને અલ્પ સ્વલ્પ અશે પણ ચોખે ચોખા જેવા સ્વરૂપમાં નથી આવ્યું જેનાથી હવે સર્વ નિર્દિષ્ટ થઇ ચૂક્યા છે એટલે તે વિષે ઝાઝી ચર્ચા અરે કરવાની જરૂર નથી.

સ્ત્રીઓના મતાધિકાર

ગોળમેજ પરિષદની પહેલી બેઠકની શરૂઆતથી જ હિન્દની આખેખાન મહિલા સસ્થાઓ, અખિલ ભારતીય મહિલા પરિષદ, નેશનલ કોન્સિલ ઓફ વીમેન ઇન ઇન્ડીયા વગેરેએ પુખ્તવયની સર્વ સ્ત્રીઓને મતાધિકાર આપવાની માગણી જાહેર કરી હતી, અને જેવો મતાધિકાર સ્ત્રીઓને આપવું ન હોય તેવું બંધારણ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. અને સૌથી મહત્વની વાત તો એ હતી કે હિન્દની જુદી જુદી કોમો કેમ જાણે કે ભાવિ બંધારણમાં તેઓ તાકૂકો બાધા વિના રહી જવાના હોય તેમ અનામત જગ્યાઓ માટે પડાપડી કરી રહી હતી ત્યારે, હિન્દની મહિલાઓએ, પોતાને એક પણ અનામત જગ્યા જોઇતી નથી, એમ ખાસ પૂર્વક જાહેર કર્યું હતું અને એવી રીતે અનામત જગ્યા રાખવા સામે પોતાનો રોષ પણ દર્શાવી દીધો હતો. આ છતાં ગોળમેજ પરિષદે નીમેલી મતાધિકાર સમિતિએ સ્ત્રીઓ માટે અમુક મર્યાદામાં મતાધિકાર અને જગ્યા અનામત રાખવાની સૂચના કરી હતી. એ સૂચનાઓને પણ, સમસ્ત ભારતવર્ષની મહિલાઓએ સખ્ત શબ્દોમાં વિરોધ જાહેર કર્યો હતો અને પુખ્તવયની સર્વ સ્ત્રીઓને મતાધિકાર આપવાની માંગણી કરી હતી આ છતાં, પણ ગોળમેજ પરિષદોમા થએલી ચર્ચાને અંતે સરકાર પોતે શું આપવા માંગે છે, તેને લગતું જે વ્હાઇટ પેપર પ્રકટ થયું છે તે હિન્દી પ્રજાની ઇચ્છા વિરુદ્ધનું બંધારણ હિન્દી પ્રજાને માથે ઠોકી બેસાડવા માંગે છે તેમાં, સ્ત્રીઓ માટે, હિન્દી સ્ત્રીઓની નામરજી છતા, અનામત જગ્યાઓ રાખવામાં આવી છે એટલું જ નહિ પણ અત્યાર સુધી સ્ત્રીઓમાં જે કોમી 'જોઇન્ટ' અસ્તિત્વ ન હતું તે અસ્તિત્વ લાવવાનો પણ પ્રયત્ન કરવામા આવ્યો છે અને મતાધિકારની બાબતમા તો, મતાધિકાર સમિતિએ કરેલી ભલામણથી પણ ઓછા અધિકાર આપવાની સૂચના થઇ છે આ વ્હાઇટ પેપર ઉપર હવે લડનમા મળનારી જોઇન્ટ સીલેક્ટ કમીટીની બેઠકમાં ચર્ચા થનાર છે. અને એ ચર્ચામાં ભાગ લેવા માટે બોલાવાયલાં હિન્દી પ્રતિનિધિ મંડળમાં બેગમ શાહ નવાઝ નામના એક બહેન છે જેઓ પોતાનાંજ પ્રતિનિધિરૂપ છે' હિન્દી સ્ત્રીઓનું લગભગ પ્રતિનિધિત્વ તેઓ ધરાવતાં નથી, એટલે તેઓ તરફથી એ સમિતિમાં હિન્દી મહિલાઓની અભિલાષા પોષાવા જોઇ

રીતની સૂચના સ્વીકારાવવા દબાણ થવાની કે તેની અસર થવાની જરાય સંભવના નથી

એક અગત્યની પરિષદ

હિન્દના ભાવિ બંધારણમાં સ્ત્રીઓનો મતાધિકાર અને દરજ્જા સંબંધમાં ચર્ચા કરવા માટે હિન્દની પણ, આખેરાન મહિલા સંસ્થાઓ (૧) અખિલ ભારતીય મહિલા પરિષદ, (૨) વીમેન્સ ઇન્ડિયન એસોસીએશન, (૩) ધ નેશનલ કાઉન્સિલ ઓફ વીમેન ઇન ઇન્ડિયા વગેરેની, માર્ચ માસની તા ૨૫-૨૬ મીને રોજ મુબઇમા અગત્યની અને મહત્વની પરિષદ મળી હતી તેમા ત્રણે સંસ્થાઓના નીચેના પ્રતિનિધિ બહેનો હાજર રહ્યા હતા (૧) રો મુથુલક્ષ્મી રેડી, રાણી લક્ષ્મીબાઇ રાજા ધરે, બેગમ શાહ નવાઝ, મીસીસ એમ. બી સુબ્બયનાર, મીસીસ દમા મહેતા; (૨) મીસીસ જી એમ. કેવીડ, મીસીસ કૃષ્ણા મેનન, મીસીસ હેનન એ જોસેફ, મીસીસ દમોદમલી, મીસીસ એચ આર તાતા; (૩) મીસીસ તારાબહેન માણેકલાલ પ્રેમચંદ, મીસીસ કી. એન સીરર, મીસીસ મોદી, મીસીસ નરસર, મીસીસ ખાદીવે, મીસ નવલાર, મીસીસ એસ નાયક, મીસીસ અસફ એ. ફૈજી, મીસીસ કે આર રોડકર અને મીસ ગીરાદ પરિષદના પ્રમુખસ્થાને રો મીસીસ મુથુ લક્ષ્મી રેડી હતાં એ પરિષદે નીચેની મતલબનો ઠરાવ કર્યો હતો " અમારા મત પ્રમાણે બ્લાઇટ પેપરમા સૂચવ્યા પ્રમાણે, કોમીમતદાર મંડળો અને લોકોના ધોરણે પ્રતિનિધિત્વ અને મતાધિકારની પ્રથા આપી હિન્દી પ્રજાની અને ખાસ કરીને સ્ત્રીઓની પ્રગતિને ઘણીજ નડતર રૂપ થશે અમે હિન્દના બધા પુરૂષોને આગ્રહપૂર્વક વિનતિ કરીએ છીએ કે જલદી સમાધાન કરો અને કોમી ઝઘડો બદલો કારણ કે જેથી અત્યારે જે સ્ત્રીઓ ક્ષેત્ર છે તેઓમાં કોમીવાદનું ઝેર દાખલ થશે " આ ઉપરાંત આ પરિષદે બીજા પણ કેટલાક ઠરાવો કર્યા હતા. પરિષદ સંબંધી એક વાંચી ચારી પ્રકટ થનાર છે. તે જોતાં જણાય છે તે દરમ્યાન પ્રકટ થઇ નથી

બ્લાઇટપેપરમા સ્ત્રીઓના મતાધિકારને લગતી કલમ

બ્લાઇટપેપરમા સ્ત્રીઓના મતાધિકારને લગતી જે દરખાસ્તો છે, તેથી માત્ર હિન્દમાજ અસંતોષ ફેલાયો છે એવુ નથી. **બ્રિટનમાં પણ વિરોધ** ઇગ્લાંડમાં પણ એ સામે વિરોધની લાગણી ફેલાઇ છે ઇગ્લાંડની ૧૧ આગેવાન મહિલા સંસ્થાઓની સભા હેડળ લંડનનાં 'ટાઇમ્સ' પત્રમાં આ વિરોધ દર્શાવતો વિસ્તૃત પત્ર છપાવ્યો હતો અને તેમાં, હિન્દની જે પ્રગતિ ખરેખર ઇચ્છતા હોતો સ્ત્રીઓને મતાધિકાર છૂટથી આપવાની માગણી કરવામાં આવી હતી. પાર્લામેન્ટના એક સભ્ય અને જોઇન્ટ સીલેક્ટ કમીટીમાં પણ જેઓ સભ્ય નીમાયાં છે તે મીસ મેરી પીકફર્ડ પણ આ દરખાસ્તો સામે વિરોધ દર્શાવ્યો છે પાર્લામેન્ટનાં એક બીજા બાનુ સભ્ય મીસ રથબોન રેથબોન પણ પોતાનો વિરોધ દર્શાવી ચૂક્યાં છે એ ઉપરાંત હોર્ડ હોલીયરને પણ એ દરખાસ્તોનો વિરોધ કરવા જણાવ્યુ હતુ કે, " હિન્દી મતદારોના પત્રકમાં સ્ત્રીઓનું પ્રમાણ પાંચ પુરૂષે એક સ્ત્રીનું આવે છે આજે સ્ત્રીઓનુ પ્રતિનિધિત્વ હિન્દ સિવાય બીજા કોઇપણ દેશમાં વધુ અગત્યનુ નથી પાચ પુરૂષે એક સ્ત્રી મતદારનુ પ્રમાણ ઘણુજ ઓછુ છે અને તે પણ જો રદ કરવામાં આવશે તો મતની કાંઇ કિંમતજ ન રહેશે અને હિન્દમાં ઘણા જરૂરી સમાજ સુધારાઓ કરવાનુ એક હથિયાર એ રીતે નાબુદ થશે " જોઇન્ટ સીલેક્ટ કમીટીમા બ્લાઇટ પેપરમા જે દરખાસ્તો કરવામાં આવી છે, તેમાં વધુ સુધારા વાય એવી અમને આશા લાગતી નથી એટલે સ્ત્રીઓના મતાધિકાર સબંધમા પણ કાંઇ વિશેષ વળે એવો સંભવ નથી. એટલે, આપણે આપણી શક્તિ પ્રમાણે એ નવા બંધારણનો વિરોધ કર્યે રાખવો જોઇશે, અને સ્ત્રીઓને સંપૂર્ણ મતાધિકાર ન મળે ત્યા સુધી મુક્તિ થવાજ્યે રાજની પડશે

સ્વ ગોપાળકૃષ્ણ ગોખલેના સ્મરણાર્થ સ્થપાયલી મુબાઇની સ્ત્રી જાગૃતિની સમાજનો ૧૭ મો વાર્ષિક મુબઇ

સ્વ ગોપાળકૃષ્ણ ગોખલેના સ્મરણાર્થ સ્થપાયલી મુબાઇની સ્ત્રી જાગૃતિની સમાજનો ૧૭ મો વાર્ષિક ઢેવાલ અન્યત્ર છપાયો છે તે ઉપરથી એની સંતોષ કારક પ્રવૃત્તિનો આપણને ખ્યાલ આવે છે

'ગુણસુન્દરી'ની વાચક બહેનો સમાજની પ્રવૃત્તિથી સારી રીતે માહિતગાર હોઈ તે વિષે અત્રે ઝાઝો ઉલ્લેખ કરવાની અમે જરૂર જોતા નથી સત્તરમાં વર્ષના અહેવાલમાં જોવા જેવી એક જ ખાસ બાબત છે અને તે એ કે, એ વર્ષથી ભગિની-સમાજનો કારોબાર બહેનોએ પોતે જ પોતાના હાથમાં લઇ લીધો છે. અત્યાર પહેલાં સમાજનાં કારોબારી મંડળમાં ભાઇઓ ચુંટાતા હતા. હવે એ પદ્ધતિ કાઢી નાખવામાં આવી છે અને બહેનોનું જ કારોબારી મંડળ સ્થપાયું છે. આ બીનાથી અમને ઘણોજ સંતોષ થયો છે. બહેનો પોતેજ પોતાનું કામ સંભાળી લે, એના જેવી બીજી કઇ શી વાત હોઇ શકે ? અને સમાજનાં કાર્યવાહક મંડળમાં જે બહેનોના નામ જોઇએ છે તે બહેનો સમાજની તો શું પરંતુ, આખાં મુબઇની અને સમસ્ત હિન્દની બહિના પ્રવૃત્તિ ચલાવી શકે એવા છે; અને સૌ. જયશ્રીબહેન, શ્રીમતી લીલાવતીબહેન જેવાર, વગેરે નામોજ એવાં છે કે, એ બહેનોને કારોબારી મંડળમાં શા માટે ભાઇઓની મદદ આપવા સમર્થ હોવી પડી તેજ અમે સમજી શકતા નથી અમે સમાજને તેની પ્રવૃત્તિઓ હજીય વિશાળ પાયા ઉપર ખીલવવા સદ્ભાગ્ય કરીએ છીએ અને તેને યશસ્વી કારકીર્દિ ઇચ્છીએ છીએ.

સ્ત્રીઓને ઉપયોગી ઉદ્યોગ

આપણી હાલની સમાજ રચના એવા પ્રકારની છે કે, મધ્યમ વર્ગનાં બહેનોને પણ, પોતાનો ઘર સંસાર સુખદ રીતે ચલાવવા માટે કોઇને કોઇ ઘર ગ્રહ ઉદ્યોગ સ્વીકારવાની ફરજ પડે છે આવી બહેનોને માર્ગ દર્શન થાય એવી એક સૂચિ અમે અન્યત્ર આપી છે વડોદરા રાજ્યના વ્યાપાર ઉદ્યોગ ખાતાં તરફથી શ્રી તારાચંદ્ર અડાલજાએ એ યાદી તૈયાર કરી છે અને એ યાદીમાં દર્શાવેલા ઉદ્યોગો બહેનોને તેમનાં જીવન નિર્વાહમાં ઘણી સારી રીતે મદદ રૂપ થઇ પડશે એ યાદી ગુજરાતની આગેવાન સ્ત્રી સંસ્થાઓને, તેમજ સ્ત્રીઓને માટે ચાલતા ઉદ્યોગવર્ગો માટે પણ ઉપયોગી છે એવી સંસ્થાઓનું ધ્યાન અમે એ યાદી તરફ ખેંચી એ છીએ.

પુરૂષ જાતિને સંબોધન

પ્રકૃતિ ઉત્પન્ન કરનાર તમે નથી, પણ અમે છીએ અને પ્રકૃતિના બધા માર્ગમાં અમારા પ્રોત્સાહક સહકાર સિવાય, તમારી પરિષદો અને સભાઓ નિરર્થક છે: સ્ત્રીઓને કેળવવા એટલે પ્રજા પોતાની સંભાળ પોતેજ કરી લેશે. થોડા માસ, આજ, એટલેજ નહિ, પણ મનુષ્ય જીવનના અંત સુધી એ વાત સત્ય છે કે જે હાથ પારણું હિંચોળે છે તેજ હાથમા જગત ઉપર સામ્રાજ્ય ભોગવવાની સત્તા છે.

મરોજિની નાયડુ


Crown Brand

સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમીનીઅમના વાસણો

પ્રમાણભુત ચોખ્ખા એલ્યુમીનીઅમમાથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે.



કેટલાક કહેવાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ ગપગોળા હાકે છે
અને અજ્ઞાન લોકો તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણો નુકશાનકારક છે "

૫૨૮

હિંદના મહાન રસાયણ શાસ્ત્રી—
આચાર્ય પ્રફુલ્લચદ્રરાય શુ કહે છે ?

'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયા મારા ઘરમથુ કામમાં હું એલ્યુમીનીયમના વાસણો વાપરુ છુ રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયોગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી. હકીકત સાચી વાત એ છે કે તાંબા પિતળના વાસણો કરતાં આ વાસણો વધુ સલવડ ભર્યા છે

પી સી. રાય

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

કારખાનાં તથા શાખા
હેડ ઑફીસ ૧૧ કલાઇવ સ્ટ્રીટ કલકત્તા. કલકત્તા, મુબાઇ, મદ્રાસ, રંગુન.

બાપુ



ધનઘોર વનની વાટને અજવાળતો બાપુ.
આવ્યો જાણે તુજ લોમિયો ભગવાન છે બાપુ !

મેઘાણી

[શ્રી. કનુ રેસાઇએ દોરેલા ચિત્ર ઉપરથી રેયામના દોરા વડે એક ઇલામિક ગુજરાતી બહેને તૈયાર કરેલું સુંદર ચિત્ર.]



પુસ્તક ૨૦ મું] જુન ૧૯૩૩ [અંક ૪ થો

આપણા તારણહારને

[" રઘવા રાતવટીમાં વ્યવે હરનાં નારણાં "–એ ઢાળ.]

આખી અવનિમાં આજ તુજ નામથી કોલાહલ ઝળહળ છે, ઓ વીર !
સહુને માન છે, ઓ વીર !
નવ નવ અંડ તણાં લોકને તુજ હાકની પિછાન છે, ઓ વીર !
એવો બળવાન છે, ઓ વીર !

સાખી

પૂર્વ તણા ચમકારના, ઓળા પશ્ચિમ માંય
આંધીનાં પરાક્રાન્ત તો, દિશે દશ અન્યાય

તવ જ્યોતિથી આજ ઝળતો ભારતનો પ્રાણ છે, ઓ વીર !
અરી રસકદાવ છે, ઓ વીર !
રૂંવાં રૂંવાંનો તુ રસભર્યા કહેવાયો નિદાન છે, ઓ વીર !
તુંથી અભિમાન છે, ઓ વીર !

સાખી.

સ્વરાજ લેવાં માગતાં, પુત્ર અમા દશ વીસ
દિલે આજ એ દૂરથી, મોહનને આશિષ.

સ્નેહ, સુખિતા, શાંતિ ને બળી ચારાઇ કેરી તું ભાવ છે, ઓ વીર !
ન દંભને સ્થાન છે, ઓ વીર !
ઠામે ઠામે સજ્યાં તુંયીજ પ્રચંડ તોફાન છે, ઓ વીર !
અરે તુજ આવું છે, ઓ વીર !

સાખીઃ

મેઘતણા ઘનઘોરમાં, જેમ પડે વીજપાટ,
મોહન એમજ ઝબકતો, ભારતમાં સાક્ષાત્.

હિંદી જનતાને અરે પાયાં તેં અમીપાન છે, ઓ વીર!
દીધું અજબ જ્ઞાન છે, ઓ વીર!
સ્વદેશભુક્તિ કેરી એ પ્રત્યક્ષ એંધાણ છે, ઓ વીર!
સ્વરાજનાં ગાન છે, ઓ વીર!

સાખી

પુણ્યભૂમિ આ ભારતે, ઋષિમુનિના વાસઃ
સુરલોકેથી આવિયો, ગાંધી યોગી ખાસ.

જનજન તુજ પૂજામાં થળથળ આજે ઐક્યતાન છે, ઓ વીર!
વળી એકધ્યાન છે, ઓ વીર!
ભગીરથ યત્નોથી તેં કર્યું અંત્યજ કલ્યાણ છે, ઓ વીર!
ચમત્કાર મહાન છે, ઓ વીર!

સાખીઃ

સેવાનો એ દાસ છે, સેવા એનું ધ્યેયઃ
સેવાધર્મ જ માનિયું, એણે નિજનું શ્રેય.

તુંથી ચઢતો બાજે દેશ પ્રગતિ ઉચ્ચાણ છે, ઓ વીર!
વિજયનિશાન છે, ઓ વીર!
દીધું જનહિત માટે તનમનધન તેં કુરબાન છે, ઓ વીર!
અરે ઉદયવાન છે, ઓ વીર!

સાખીઃ

સત, સૂફી ને ઓલિયા, બહુ થયા વળી પીર
મોહન આગળ ઝાંખતા, લાખો લાખ કબીર.

તુજ વેણુએ આજ વીંધ્યાં ઉર ઉરં ઉંડાણ છે, ઓ વીર!
જાગ્યું સ્વમાન છે, ઓ વીર!
બાધાં જીવન જણે તે તો પ્હાણે પ્હાણ છે, ઓ વીર!
એ તુજ નૂરસ્નાન છે, ઓ વીર!

જેહાંગીર મારેજી દેશાઇ

ચક્ષુનાં દાન*

લેખક :
શ્રી ભાવનગર મહિલા વિદ્યાલયના
શિક્ષકગણ

પ્રવેશ ૧ લો

(રાજમહેલમાં ગાદી ઉપર રાણી તિષ્યરક્ષિતા બેઠા છે સામે દાસી મીનાક્ષી બેઠી છે)

તિષ્ય૦—અરેરે ! મારા અધમ પાપો અવળા પડ્યા. મે કુણાલને દૂર દૂરના જંગલી પ્રદેશોમાં ખેલવી મૂક્યો હતો. એવી આશાથી કે એ વ્હેલો ચિંતાથી અને ઉજાગરાથી મરી જાય. તે મર્યો નહિ. તે માંદો તો પડતો નથી, ઉલટો તે તો હૃષ્ટપુષ્ટ થયો છે. વળી લોકો કહે છે કે તક્ષશીલાના માનતીઓ એને દેવની જેમ પૂજે છે. મીનાક્ષી ! તે તો મને અત્યારથી જ કહ્યું હતું કે કુણાલ પંજાબમાં સુખી થશે, પણ કાંઈ ચિંતા નહિ. બસ, એ મારી શોકયના પુત્રને કું સુખેથી જીવતા નહિ દઉં. કું કોઇક રીતે એનો જીવ લઇશ.

મીનાક્ષી—રાણીજી, મે તો તમને અગાઉથી જ કહ્યું હતું કે કુણાલ પંજાબમાં પૂજાશે.

તિષ્ય૦—મીનાક્ષી, હવે તું કાંઇ રસ્તો બતાવ કે આ કુણાલનુ કામળ સદાને માટે નીકળી જાય

મીનાક્ષી—રાણીજી, કું કહીશ. તે તમે નહિ કરી શકો. માટે મને પૂછવું રહેવા દો

તિષ્ય૦—મીનાક્ષી, આ વખતે તો તું જે ઉપાય બતાવીશ, તે કું કરીશ. એ મારી શોકય ચારવાડી આજે સવારે અટારી પાસપાસમાં બેસીને નીકળી હતી, એ વખતે તે મારા સામુ જોઇને ડોળા કાઢતી હતી. મને તો એવુ થયું કે એની આંખોજ ફોડી નાખું, બોલ મીનાક્ષી ! તું જે ઉપાય બતાવીશ તે હું કરીશ.

પ્રવેશ બીજો

કુણાલ—(ગીત ગાય છે)

ચંદ્રદીપે આકાશી સજની દર્શનથી મન ભાવે છે,
નિર્મળ આ શોભી રહી રજની ઉરમાં આનંદ લાવે છે

(સાખી)

ખીલ્યાં કુમુદ સરવરજળે, કરતાં મધુરું હાસ્ય,
ચન્દ્રકિરણ મૃદુ રૂપથી હરષે છે ઉલ્લાસ.

અનિલ મન્દ શીતલ સુખકારી,
પુષ્પ સુવાસ વહાવે છે...ચન્દ્ર.

(સાખી)

આમ્રવૃક્ષની ડાળીએ, કોકિલનો ટહુકાર
કરતી આ ઋતુરાજનો, હર્ષ થકી સત્કાર

પંચમ સ્વર એ જ્ઞાન સુણીને,
કાંઈ કોઇ રંગરેલો આવે છે-ચન્દ્ર.

ચક્રનુ સૌંદર્ય નીરખનાં બ્હારાં નયનો કદીપ બાકતાં નહોતાં, આજે એ નયનોમાં કાંઇપણ કા વર્તે ! બ્હારાં જમણું નેત્ર કેમ ફરકતુ હશે ! શું એ અમંગળ સૂચવતુ હશે !

(વિચારમાં મગ્ન થઈ જાય છે)

એ શું અમારા કો અધિકાર જાયાં ભાનવિના એ પડ્યા હશે ? બ્હારાં કેવું કાંઇ કાઢે ! નિરાશ્રિતોનો વત્સલ ખોળો બ્હારા જગના અંતરને આરામ નહિ આપે ?

(નિદ્રાધિન થાય છે સ્વપ્ન આવે છે
ભવી ભ્રમણા હરે છે ચીસ પાડે છે)

કુણાલ ! કુણાલ !

કુણાલ—શું છે ! શું થયુ દેવી ! આવી દયામય ચીસો કેમ પાડે છે ! મુંઝાય છે કેમ ?

---

* શ્રી ભાવનગર મહિલા-વિદ્યાલયના રજતમહોત્સવ પ્રસંગે ભજવાયેલી નાટિકા.

મૃણાલ! કુણાલ તારી પાસે જ છે. જો તો ખરી બેલી તુ કેવી બહાવરી બહાવરી લાગે છે.

મૃણાલ—કુમાર, કુમાર! મને બચાવો.

કુણાલ—તારા ઉપર આજે કાળાં વાદળાં ચેતના ઘેરાયાં છે? એવી તે તું શી વેદના અનુભવે છે? અને આમ ગાંડી શું બને છે? મૃણાલ! તારા આંસુનું એકએક ટીપું મારું હૃદય ચીરે છે.

મૃણાલ—કોઈ અસહ્ય તાપની જ્વાળ મને જાણે વીંટી વળી છે કુમાર! તારા સિવાય મને કોણ ઉગારશે એ જ્વાળમાંથી?

કુણાલ—દેવી? આમ ભાનભૂલી શું થાય છે? સ્વજનના સાન્નિધ્યમાં હૈયાના ધડકા હોલાતા નથી? કુંજની માંહી છવિમા એકાગ્રતાથી હમણાં જ તું ચદ્રપૂજા કરતી હતી, તે ભૂલી ગઇ? તારો કુણાલ તારી પાસે ઉભો છે, એ પણ વીસરી ગઇ?

મૃણાલ—(ધારી પરે છે) કુણાલ આજનું ભયકર સ્વપ્ન મને કયારનું સંતાપે છે. કેમ જાણે ચિત્તની શાંતિ હરાઈ જાય છે. મેં સ્વપ્નમાં શું જોયું? જાણે કોઇ મોટા સરવરને કાંઠે એકલી બેઠી બેઠી મોતી શા પાંચીકડા ધીમે ધીમે હું ફેંકતી હતી જલ-લહરીઓએ જાણે ઉલ્લાસમાં નાચતી હતી. ત્યાં શું થયું? નથી બોલાતું કુમાર! સંભારતાં એ કંપી ઉઠાય છે.

સરોવરની નીરવ શાંતિને બેદી નાંખતી એક કારમી ચીસ મારે કાને પડી અને મેં શું જોયું? સરોવરના જળમાં નિર્દોષ ક્રીડા કરતાં સારસ સારસીના યુગલમાંથી સારસની નાજુક અંખમાં મારી કાંકરી વાગી, અને એ અબ બની બેભાન થઇ, સારસીના પગ પાસે ધરણી પર ઢળી પડયો સારસવિદ્યોણી સારસીને મેં વિલાપ કરતી દીઠી.

પછી—પછી —ઓહ્! તે અગ્નિજ્વાળ મને વીંટાઇ વળી, મને જાણે ભસ્મસાત કરતી હતી. અગ્નિની જ્વાળમાં સપડાયલી મને ઉગારનાર ત્યાં કોઇ ન હતું અને એકદમ ચમકી કુણાલ કુણાલની ચીસોથી મેં સારું વાતાવરણ.....

કુણાલ—મૃણાલ! મૃણાલ! બધાંય સ્વપ્ના તે કદી સાચાં પડતાં હશે. અને સ્વપ્નાથી આટલી ભયભીત કેમ બને છે? સ્વપ્નામાં દીઠેલું અશુભ ઘણી વાર શુભ નથી બનતું? દેવી જેવી પવિત્ર તને અશુભ અડકે ખરું? જો તો ખરી આકાશમાં ચંદ્ર કેવો ખીલ્યો છે?

મૃણાલ—ના, ના, પણ સ્વપ્નનો શો ગૂઢ અર્થ હશે? આવું સ્વપ્ન મને કેમ! હજીએ મારું હૃદય ધડકયા કરે છે? ચિત્તની શાંતિ જાણે ચાલી ગઇ છે. હજુય હું જાગતી છતાં જાણે સ્વપ્નમાંજ હોઉં એમ લાગે છે. હમણાજ મને એ સ્વપ્નની જ્વાળ ભાળી મુકશે. કુમાર બચાવો!

(મૃણાલ બેભાન થઇ જાય છે. ને પડદો પડે છે)

પ્રવેશ ત્રીજો

(વસ્ત્રશીલા નગરીમા સામંતો કચેરીમાં બેઠા છે, કુમાર જે દ્વારપાલ સાથે પ્રવેશ કરે છે, બધા ઉભા થાય છે)

દ્વારપાળ—ધર્મવીર યુવરાજશ્રી કુણાલ કુમારનો જય હો!

(બધા ઉભા થાય છે, પછી સહુ બેસી જાય છે.)

કુણાલ—મંત્રીજી, તમે પાટલીપુત્ર જઇ આવ્યા, ત્યાંના શા સમાચાર છે? મહારાજ કુશળ છે?

મંત્રીજી—પાટલીપુત્રમાં સર્વ કુશળ છે. મહારાજ તથા મહારાણી આનંદમાં છે. હું માતુશ્રી પાસે ગયો હતો. તેમને મેં તમારા સબધી વિગતવાર સમાચાર આપ્યા હતા. બધા સમાચાર સાંભળીને તે બહુ ખુશ થયાં. આપ આ દિવાળીએ જરૂર માતુશ્રી પાસે જજો એમ.એમણે કહેવરાવ્યુ છે.

કુણાલ—માતા તિષ્યરક્ષિતા શું કરે છે ?

મંત્રીજી—દેવી તિષ્યરક્ષિતા આનંદમાં છે.

કુણાલ—તમે મહારાજને અહિના વિગતવાર સમાચાર આપ્યા ?

મંત્રીજી—હાજી, યુવરાજ. આ પ્રદેશમાં કેવી શાંતિ છે, લોકો કેવા સુખી અને સંતુષ્ટ છે, તે વિશે બધી વાત મહારાજને મેં કહી મહારાજ આ બધુ સાંભળીને બહુજ પ્રસન્ન થયા.

કુણાલ—તમારી વાત કરવાની રીત જ એવી છે કે, તમારી વાત સાંભળીને બધા પ્રસન્ન થાય.

મંત્રીજી—મહારાજ તમારી કામ કરવાની રીત એવી છે કે, બધા તે સાંભળીને પ્રસન્ન થાય છે. મેં મહારાજને આ પ્રદેશની સુખ, શાંતિ અને આબાદીની વાત કરી, ત્યારે મહારાજે અત્યંત આનંદ પ્રકટિત કર્યો મહારાજે કહ્યું કે " મને તો ખાત્રીજ હતી કે જ્યાં જ્યાં કુણાલ જશે, ત્યાં ત્યાં તે પ્રજાને મને પણ મનુષ્યોએ સલાહ આપી હતી, કે આપ કુણાલને પંજાબની જ બની જાતિઓ વચ્ચે ન મોકલશો. પણ મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે કુણાલને પગલે વિજય છે મને તો એની આંખમાંજ એવુ જાદુ લાગે છે કે તેને જોનાર બે ઘડી થંભી જાય, તેની આંખના જાદુને વશ થઇ જાય, અને તે કહે તે કરવા તૈયાર થઇ જાય. "

કુણાલ—મહારાજનો મારા ઉપર પક્ષપાત છે.

મંત્રીજી—પછી તો મહારાજે તમારા બાળપણનો એક પ્રસંગ કહ્યો. મહારાજ કહે, " કુણાલની ઉમર છ, સાત માસની હશે, તે સમયની આ વાત છે મારા રાજ્યાભિષેકનો દિવસ હતો. બહાર શરણાઇઓ વાગતી હતી અને જવાનો સમય થઇ જવા આવ્યો હતો. હું સજ્જ થઇને બહાર જવા નીકળ્યો તે વખતે કુણાલ તેની બાના ખોળામાં હસતો હસતો પડ્યો હતો.. મેં તેના સામું જોયું. અને જાણે મને કંઇક થયું હોય તેમ હું તો ત્યાં ઉભોજ રહ્યો-ઉભોજ રહ્યો. મારે જવાનો સમય થતો હતો છતાંય હું ત્યાંથી ખસી શકયો નહિ. બહાર શરણાઇઓ વાગતી હતી અર્ધા કલાક સુધી મારી દૃષ્ટિ તેની આંખ ઉપરથી હું ખસેડી જ શકયો નહિ એની આંખોમાં જ એવું જાદુ છે, કે મનુષ્યો તેને જોઇને તેને વશ બની જાય છે. પંજાબીઓ તેને પૂજતા હશે તેમાં મને કંઇ નવાઇ લાગતી નથી.

કુણાલ—જાદુ તો મહારાજનું, કે સહુ તેમને દેવપ્રિય કહે છે. (અમાત્ય પ્રત્યે જોઇને.) અમાત્યજી, મુલતાનના શા સમાચાર છે ?

અમાત્યજી—મુલતાનમાં તોરાની લોકોને આપણે જમીન ખેડવા આપી હતી હવે તેઓ સુખેથી તે જમીન ખેડી ખાય છે. રાતદિવસ ભજન કરે છે. અને ચોરી, લુટંફાટ આદિનું નામ પણ તે ભૂલી ગયા છે.

(એક દૂત પત્ર લઇને પ્રવેશ કરે છે)

દૂત—જય હો મહારાજનો !

(પ્રધાન તે પત્ર વાંચે છે. વાંચતા વાંચતા થળા બદલે છે પત્ર બીજાના હાથમાં આપે છે. બન્ને જણ દિગ્મૂઢ થઇ જાય છે.)

કુણાલ—પ્રધાનજી, કેમ આમ હેબતાઇ ગયા ! મહારાજે શી આજ્ઞા ફરમાવી છે ?

(પ્રધાનજી બોલતા નથી.)

કુણાલ—(ફરીથી) પ્રધાનજી, કેમ કંઇ બોલતા નથી ?

પ્રધાન—મહારાજ, એ પત્રમાં કંઇ નથી.

કુણાલ—પ્રધાનજી, લાવો જોઇએ પત્રને. (કુણાલ એ પત્ર લે છે અને મોટેથી વાંચે છે.)

" તક્ષશીલા નગરીના પ્રધાન રત્નાકરજી, આ પત્ર મળે કે વિના વિલમ્બે કુણાલની બન્ને આંખો ફોડી નાખજો, અને તેને અને તેની સ્ત્રીને વનમાં મૂકી આવજો.

લી. અશોક
સમ્રાટ, આર્યાવર્ત "

કુણાલ—પ્રધાનજી, આમાં શું મુંઝાઓ છો ? મહારાજની આજ્ઞા સત્વર પળાવી જ જોઇએ. જો હું તે નહિ પાળું તો બીજા કોણ પાળશે ? મહારાજનો હુકમ થયો એટલે તે તરત પળાવો જ જોઇએ તે વાસ્તે બોલાવો આપણા નોકરોને

પ્રધાનજી—મહારાજ આમાં કાંઇક ઠગો છે.

કુણાલ—ઠગો, ઠગો શેનો ?

પ્રધાનજી—અશોક મહારાજ આવો હુકમ કદી કરે નહિ

કુણાલ—ખુદ અશોક મહારાજનો નીચે સીલ છે. પછી તેમાં શંકા કરવા જેવું જ શું છે ?

પ્રધાન—મહારાજ, આ પત્ર સાચો છે કે નહિ, તેની આપણે ખાત્રી કરવી જોઇએ મહારાજ તરફ બેપીઓ મોકલીએ

કુણાલ—સીધ્ધો એજ ખાત્રી, બસ મહારાજનો હુકમ થયો એટલે તેમાં પૂછવા પણું હોય જ નહિ કયાં છે નોકરો ?

પ્રવેશ બીજો.

(કુણાલ ઓરડામા સાદા વસ્ત્રોમા બેઠો છે એક નોકર હાથમા સળીઓ લઇને પ્રવેશ કરે છે)

નોકર—મે આગલે ભવ શાં પાપ કર્યાં હશે, કે મારે આવાં કામ કરવાં પડે છે ! આ દેવ સરીખડા કુમારને અડતાં મારો જીવ ચાલતો નથી આ કમળ જેવી કોમળ આંખમાં મારાથી આ સળીઓ કેમ ભોંકાય !

(રોઇ પડે છે અને પાછા જતા રહે છે.)

કુણાલ—ઉતાવળ કર ભાઈ, તું તારો ધર્મ બજાવી લે

નોકર—મારાથી અન્નદાતા, આ નહિ બની શકે.

પ્રવેશ પાંચમો.

(સરદારો કચેરીના એક મંડપમાં ઉભા છે)

મંત્રીજી—આ કાર્ય મહારાજનુ હોય જ નહિ.

અમાત્યજી—મહારાજ આવો હુકમ કદી ન કરે.

સરદાર—મને તો આ ઓરમાન રાણીનાં કામ લાગે છે.

બીજો સરદાર—મને પણ લાગે છે કે આ તો પેલી તિષ્યરક્ષિતાનું જ કાર્ય હોવુ જોઇએ.

મંત્રીજી—પણ આપણે કાંઇક કરવું જોઇએ. અને આ અટકાવવુ જોઇએ.

અમાત્યજી—કુમારની આજ્ઞા આપણી આજીજી ફોકટ છે. મને કાંઇ ઉપાય સુજતો નથી.

મંત્રીજી—જુઓ કુમાર અને તેની પાછળ પેલો સળીઆવાળો જાય છે

અમાત્યજી—મારાથી આ સહન નથી થતુ.

કુણાલ—ભાઇ, હવે વિલંબ ન કર મહારાજની આજ્ઞા તું નહિ પાળે, તો બીજા કોની આજ્ઞા પાળશે ?

(નોકર ફરી સળીઓ ચોંટાડવા પ્રયત્ન કરે છે. પણ રોઇ પડે છે, અને ભરી જાય છે)

કુણાલ—લે આમાંજ તારી ખરી કસોટી છે

(નોકર ગભરાતા ગભરાતાં સળીઓ આંખમાં ચોટાડે છે.)

પ્રવેશ છઠ્ઠો.

(વનમા આંધળો કુણાલ અને દેવી મણીબિની બેઠાં છે)

કુમાર—દેવી, આપણે કયાં સુધી પહોંચ્યાં હોઇએ ? કયાંય ગામ દેખાય છે ?

મૃણાલ—કુમાર, પાટલીપુત્ર એકાદ ગાઉ દૂર હશે.

કુમાર—ત્યારે તો આપણે એકાદ બે કલાકમાં ત્યાં પહોંચી જઈશું. મને ભૂખ બહુ લાગી છે એટલે ચાલો આપણે હવે ઉતાવળે ઉતાવળે ચાલવા માંડીએ.

મૃણાલ—કુમાર, મને કાંટો વાગ્યો છે. એટલે મારાથી બરોબર ચલાતું પણ નથી. આપણે આગલે ભવ કેવાં કર્મ કર્યાં હશે કે આપણે આવીરીતે ગામ વગાડીને પેટ ભરવાનો વારો આવ્યો છે!

કુમાર—મૃણાલ, કર્યાં કર્મ કોઈ મિથ્યા થાય છે? તું નથી જાણતી કે હરિશ્ચંદ્રને ચાંડાલ ઘરે નોકરી કરવી પડી હતી, અને તારામતીને વેચાવું પડ્યું હતું? વળી રામ સીતા જેવાને રાજ્યપાટ છોડી વનમાં આથડવું પડ્યું હતું, અને પાંડવોને માથે કોણ જાણે કેટલાં વિતક વીત્યાં છે!

મૃણાલ—હું પણ નળ દમયંતી, રામ સીતા વગેરેને સંભારીને જ મારું મન વાળું છું. હવે આંબા પાકવા આવી છે, એટલે ચાલો આપણે હવે પાટલીપુત્ર તરફ ચાલવા માંડીએ

(બન્ને જાય છે)

પ્રવેશ ૭મો

(પાટલી પુત્રની કચેરી સામતો બેસી ગયા છે. અશોક મહારાજ પ્રવેશ કરે છે)

છડીદારો:—પ્રિયદર્શી દેવાનુપ્રિય અશોક મહારાજનો જય હો!

(બહુ વખા થાય છે. અશોક મહારાજ સિંહાસન ઉપર બેસે છે સર્વ બેસી જાય છે.)

અશોક—ગુપ્તસિંહજી, જુનાગઢ પાસે તળાવ બંધાવવાની જે મોજના આપણે કરી છે તે મોજના કેટલીક આગળ વધી?

ગુપ્તસિંહ:—મહારાજ, આજેજ સમાચાર આવ્યા છે કે તળાવ લગભગ પૂરૂ થઈ જવા આવ્યું છે. તળાવને એવી સરસ આવ થઈ છે કે, તળાવનું પાણી વરસાદ ન હોય તો સાત વર્ષ સુધી પણ ખૂટે એવું નથી.

[પડદા પાછળ ગીત સંભળાય છે]

અશોક:—આ કોનો મધુર સ્વર સંભળાય છે?

ગુપ્તસિંહ—મહારાજ, એક આંધળો પુરૂષ અને એક સ્ત્રી ભજન ગાય છે.

મહારાજ—એ પુરૂષની શું સુંદર કાંતિ છે! પણ ભગવાને એને કેમ આંધળો કર્યો હશે? પ્રભુના ઘેર તેજ ખૂટ્યાં હશે, કે એને આંખો ન આપી! મહારાજ, એ છે તો ભિખારીના વેશમાં છતાંય એ રાજકુમાર સરીખો સોહામણો લાગે છે. આપણે એને બોલાવીશું?

અશોક—હા, એમને બોલાવો,

ગુપ્તસિંહ—કોણ છે દ્વાર! એ બંધ ભિખારીને અહિં બોલાવો

પટ્ટાવાળો—જી. (પડદાળો જાય છે)

બીજોપટ્ટાવાળો—મહારાજ સાધુ ઉપગુપ્ત આવે છે

અશોક—કોણ, ગુરૂદેવ પધારે છે?

(ગુરૂદેવને જેવા જાય છે, ઉપગુપ્તને જમણા હાથ બાજી બેસારે છે કૃણાલ અને તેની સ્ત્રી પ્રવેશ કરે છે.)

અશોક—અહો, આ પુરૂષને જોઈ મને કેમ કૃણાલ યાદ આવે છે? એના કપાળની કરચલીઓ, એના વાળની લટો આબેહુબ કૃણાલને મળતી આવે છે.

ગુપ્તસિંહ—તમે એક ભજન માગ્યું જોઈએ.

(કૃણાલ અને તેની સ્ત્રી ભજન ગાય છે)

પેલા પેલા જુગમાં રાણી તુ હતી પોપટી
ને અમેરે પોપટ રાજા રામના,
ઓતરારે બડમાં આંબલો પાકયો ત્યારે,
કુહકે મારી રે મને ચાંચ; રાણી પીંખેળા.

ધરે પાપીડે મારા પ્રાણ જ હરીયાને,
તું એ ન આવી મોરી પાસ–રાણી પીંગળા.
દનડા સભારો ખમ્મા પૂરવ જનમના
સેવાસના ॥ ૧ ॥
બીજા બીજા જુગમાં રાણી તું હતી મૃગલીને,
ને અમે રે મૃગેશરાય રાજા રામના.
વનરા તે વનમાં સાથ્યો પારધીડે ધ્રાસકોને,
પડતાં છુટ્યાં મારા પ્રાણ–રાણી પીંગળા.
ધરે પાંપીડે મારા પ્રાણજ હરીયા ને,
તું એ ન આવી મોરી પાસ–રાણી. પીંગળા.
દનડા સભારો ખમ્મા પૂરવ જનમનાં
સેવાસનાં. ॥ ૨ ॥

અશોક—ભાઇ, તમે કોણ છો ?

કુણાલ—મહારાજ, હું તો એક ભજનિક છું. પ્રભુભજન કરૂં છું, અને જીવનનિર્વાહ કરૂં છું.

અશોક—તમને આ ધાપો ક્યાંથી આવ્યો? ભાઇ, તમે જન્મથીજ આંધળા છો ?

(કુણાલની સ્ત્રીની આખમાથી આંસુ પડે છે.)

કુણાલ—એ કથા હવે જુની થઇ છે, એ પૂછવામાં શો સાર છે,

અશોક—ભાઇ, તારે મન એ જૂની હશે, પણ અમારે મન તો એ નવીજ છે ને ?

કુણાલ—મહારાજ, તમારે મન પણ એ નવીન નથી.

અશોક—કેમ ? તારી વાતનો ભેદ કાંઇ સમજતો નથી. ભાઇ, મને ક્યાંથી એ વાતની ખબર હોય ! ભાઇ, જે હોય તે વાત કહી દે.

કુણાલ—મહારાજ, તમારો આગ્રહ છે, એટલે તમને કહું છું.

આજથી બેાઢાક માસ પહેલા તક્ષશીલા નગરીમાં મહારાજના સહી સીક્કાવાળો એક પત્ર આવ્યો હતો તેમાં મહારાજે લખ્યું હતું કે, આ પત્ર મળે કે તરત કુણાલની આંખો ફોડી નાખજો, અને તેને અને તેની સ્ત્રીને વનમાં મૂકી દેજો. મહારાજ, એજ હું તમારી આજ્ઞાનુસાર આંખો વિનાનો આયડતો કુણાલ.

અશોક—(દુઃખ અને આશ્ચર્યથી) શું, મેં મારા પ્રિય કુણાલની આંખો ફોડવાનો હુકમ કર્યો ?

(કુણાલને ભેટી પડે છે, અને એને પોતાની પાસે બેસાડે છે)

ગુપ્તસિંહ—કાંઇક દગો થયો હોય એમ લાગે છે એકવાર તમારો સીક્કો ચોરાયો હતો. અને અને...

અશોક—અને રાણી તિષ્યરક્ષિતા પાસેથી નીકળ્યો હતો બરાબર છે, હવે સમજાયું, રાણી તિષ્યરક્ષિતાએ મારા નામે ખોટો પત્ર લખ્યો હશે. બસ, એ દુષ્ટાનુંજ આ કાર્ય હશે. એણે જો આ કાર્ય કર્યું હોય તો, તેને યોગ્ય શિક્ષા મળવી જ જોઇએ.

પટાવાળા—બોલાવો રાણી તિષ્યરક્ષિતાને.

કુણાલ—મહારાજ ! મારી એક વિનતિ છે. સહુ સહુના કર્મ પ્રમાણે દુઃખ ભોગવે છે, એમાં રાણી તિષ્યરક્ષિતા તો નિમિત્ત માત્ર થયાં છે. મહારાજ ! મારી વિનંતિ છે કે, એમને માફ કરો.

અશોક—કુણાલ, તને તારી સ્ત્રીને આમ કપટથી રઝળતાં કરી મૂકયાં, એને કાંઇ શિક્ષા નહિ ?

કુણાલ—મહારાજ, એને પણ પસ્તાવો થતો હશે, એને માફ કરો.

ઉપગુપ્ત—મહારાજ ! આ કુણાલ બુદ્ધ ભગવાને સ્થાપેલો ધર્મ ફેલાવશે.

(ઉપા યશને કુણાલ પાસે લાવે છે)

બેટા, કુણાલ ! (આંખો ઉપર હાથ ફેરવે છે)

(કુણાલ આંખો ઉઘાડે છે અને એ બધાને વંદન કરે છે.)

સર્વ—શો ચમત્કાર !

શ્રી શક્તિ



શ્રી ચન્દ્રાબાઇ જવેરી અને શ્રી શાન્તાબાઇ તલવાર–બાલુમા

ડૉ. માલિની મુખર્યનકર



મુંબાઇની રહુલ્સ કમિટિના પ્રમુખ

ભાભી અને નણંદ

અરવિંદાઃ કેમ રમાબ્હેન, આજે વિદ્યાલયમાં શું શીખ્યાં ?

મનોરમાઃ આજે તો ભાભી, તારાબ્હેને બહુ સરસ સરસ શીખવ્યું ?

અરવિંદાઃ એમ ? શું શીખવ્યું ?

મનોરમાઃ જીંદગીના વીમા સંબંધી ખુબ ખુબ વાતો શીખવી. વીમો ઉતરાવવાથી લાભ શુ ? વીમો કેમ ઉતરાવવો ? વીમાના નાણા કેવી રીતે ભરવા ? વીમા કંપની પાસેથી વીમાની રકમ કેવી રીતે મેળવવી ? વગેરે બધું'ય કહી બતાવ્યું.


અરવિંદાઃ એ બધું તો ઠીક, પણ વીમો કયી કંપનીમા ઉતરાવવો, એ સંબંધી કંઈ કહ્યું ? હમણા હમણા એટલી બધી વીમા કંપની ઉભી થઈ છે કે કઇ સમજ જ નથી પડતી

મનોરમાઃ હા, એ પણ કહ્યું, એમણે કહ્યું કે આપણા દેશમાં અનેક પરદેશી તેમજ દેશી કંપનીઓ જીંદગીનો વીમો ઉતારવા માટે ઉભી થઈ છે, પણ આપણે તો દેશને માટે લાગણી રાખી સ્વદેશી કંપનીમા જ ઉતરાવવો વળી એ સ્વદેશી કંપનીઓમા કેટલીક ભરોસાલાયક છે અને કેટલીક ભરોસો કરવા લાયક નથી. કેટલીકની શરતો લાભદાયક છે અને કેટલીકનો નથી. એમણે એવી પાચ–સાત કંપનીઓની સરખામણી કરી બતાવી અને કહ્યું કે **મોડર્ન ઇન્સ્યુરન્સ કંપની** સૌથી સારી છે.

અરવિંદા. એ કંપની કાઈ ખાસ લાભ આપે છે ?

મનોરમાઃ એક તો એ કે એ કંપનીએ વીમો ઉતરાવનાર માટે જુદી જુદી જાતની સરસ સગવડો કરી છે. ખાસ કરીને છોકરાઓના શિક્ષણ અને લગ્નના ખરચ માટે વીમો ઉતરાવવાની સગવડ તો મને બહુજ ગમી. વળી નાણા આપતા એ કંપની બીજી કંપનીઓની જેમ ખોટી ઝપાઝપી પણ નથી કરતી.

મોડર્ન ઈન્સ્યુરન્સ કંપની લી. એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુબાઇ.



લેખક ડૉ. અમૃતલાલ પટેલ, ડી. પી. એચ.,
મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, સુરત મ્યુનીસીપાલીટી

(લેખાંક : ૩ જો)

વૈદકનું સામાન્ય જ્ઞાન આપવાની આવશ્યકતા

કન્યાઓના શિક્ષણક્રમમાં સામાન્ય વૈદકનું જ્ઞાન આપવાની ઘણી જરૂરત છે આવું જ્ઞાન આપવાની અગત્ય હજુ આપણને સમજાઇ નથી અને આપણી કન્યાઓની કેળવણીના પુસ્તકોમાં આ વિષય ઉપર કોઇ જાતનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. વૈદકનું સાધારણ જ્ઞાન આપણી કન્યાઓને આપવાથી, તેઓ પોતાની જાતને કેટલાક ગંભીર રોગોથી બચાવી શકે છે એટલું જ નહિ પરંતુ જ્યારે તેઓ માતા બને, ત્યારે પોતાના બાળકોને પણ તેનો લાભ આપી શકે છે. કોલસાથી પાણી ગરમ થાય તેની વરાળથી રેલગાડી ચાલે છે તે જાણવા કરતાં ઘર અને ઘરની આસપાસ ભરાઇ રહેવા અથવા ભરી રાખેલા સ્વચ્છ પાણીમાં ટાઢીઆ તાવનો ચેપ ફેલાવનારા એનોફીલીન જાતના મચ્છરો પેદા થાય છે તે જાણવું વધારે જરૂરી છે તે સર્વ કબુલ કરશે. આપણા કેળવણીના પુસ્તકોમાં દેડકાની બીજગીનું તેના જન્મથી તે મરણ પર્યંતનું વર્ણન આપવામાં આવે છે પરંતુ મનુષ્યને ક્ષયરોગ, ન્યુમોનીયા વગેરે ગંભીર રોગો કેવી રીતે લાગુ પડે છે અને તેનાથી બચવાને કેટલા સહેલા, બીનખર્ચાળ અને ઘરગથ્થુ ઉપાયો વૈદકશાસ્ત્રમાં છે તેનું વર્ણન આપવાની અગત્ય આપણા કેળવણીકારોને હજુ જણાઇ નથી

આપણી તંદુરસ્તીના ઇતિહાસમાં ઉંદર, મચ્છર, ચાંચડ અને માખીઓ શું ભાગ ભજવે છે તેની આપણને ખબર નથી. આપણી બાળાઓને બચપણથી જ જો શીખવવામાં આવે કે આવાની વસ્તુઓ પર માખીઓ બેસવાથી ઝાડા, મરડો, ટાઇફોઇડ વગેરે રોગો ફેલાય છે તો તેઓ મોટી ઉમરમાં પોતાના રસોડાની વધારે કાળજીથી સંભાળ લેય, નિશાળો પાસે ફેરીવાળો મારફત વેચાતી મળતી મીઠાઇ, બરફ, આઇસક્રીમ કે ફળો, શાળાવિદ્યાર્થીઓના અનેક રોગનું કારણ છે એ વાત જો આપણી માતાઓ જાણતી હોય તો તેઓ પોતાના બાળકોને નિશાળે ખાવાનું ખાવા માટે પાઇ કે પૈસો આપવાને, બદલે ઘરે બનાવેલી સસ્તી અને નિર્દોષ વસ્તુઓ તેમને પડીકું બાંધીને નિશાળે લઇ જવા આપે

ઓળખું, ચિતળા અને ખસ ઇત્યાદી રોગ વાળા બાળકો તદ્દન તંદુરસ્ત ન થાય તે અગાઉ જો નિશાળે જાય તો આ રોગોનો ફેલાવો તેઓ આખી નિશાળના બધા વિદ્યાર્થીઓમાં કરે છે તે વાતની અગત્ય જો આપણી માતાઓના મગજમાં ઠસાવવામાં આવે તો તેઓ પ્રજાની તંદુરસ્તીના ઇતિહાસમાં અમૂલ્યનો અને ઉપયોગી ભાગ ભજવી શકે.

આપણા દેશમાં હજારોની સંખ્યામાં આંધળા, કાણા, કદરૂપા બાળકો માલુમ પડવાનું કારણ તેમની માતાઓનું વૈદકના સાધારણ જ્ઞાન વિષેનું અજ્ઞાન છે. બાળકને જન્મ્યા પછી છઠ્ઠે મહિને અને પછી સાતમે વર્ષે જો કૃત્રીમ ચિતળા કાઢવામાં આવે તો બાળકને ચિતળાનો ભયંકર રોગ લાગુ પડતો નથી અને આવા બાળકો આંધળા, કાણા અને કદરૂપા બનતા બચે છે. આ વાત જો આપણી માતાઓના મગજમાં ઠસાવવામા આવે તો, તેઓ આ દેશની ભવિષ્યની પ્રજાની અમૂલ્ય સેવા બજાવી શકે.

ક્ષયરોગ જેવો ભયંકર વ્યાધિ આપણા દેશમાં આપણી અજ્ઞાનતાને લીધે દીનપ્રતિદિન વધારે ફેલાતો જાય છે. એ હિંદી કુટુંબોના નાના બાળકો, અન્ય ભાંડુઓના ક્ષયરોગના ચેપથી પોતે પણ આ ભયંકર રોગને પ્રાપ્ત કરે છે તેની આપણી કન્યાઓને ખબર નથી. ક્ષયરોગીના ઓઢ્યા વાસણ, તેનું બાંધેલું ખાવાનું અને તેનો શ્વાસ અને થુક, ક્ષયરોગના જંતુઓથી કુષિત થયલાં હોય છે અને તંદુરસ્ત બાળકને આ રોગ તેના રોગીષ્ટ ભાંડુઓ દ્વારા જ, ઉપરની વસ્તુઓ દ્વારા જ, લાગુ પડે છે તે ભયંકર સત્ય જો આપણી માતાઓને ખબર હોય તો તેઓ જરૂર પોતાના બીજા બાળકોને રોગીષ્ટ બાળકથી દૂર રાખે.

બાળકને, સરમ કર્યા, વગરનું દુધ પાવાથી તેના શરીરમા ગાય તથા ભેંસને થતા ક્ષય રોગના જંતુઓ દાખલ થાય છે અને તેને લીધે બાળકને આંતરડાનો ક્ષય રોગ અને કઠમાળનો રોગ થાય છે તે વાતની જો આપણી બાળાઓને ખબર હોય તો તેઓ જ્યારે ભવિષ્યમાં માતા બને ત્યારે પોતાના બાળકને કદાપિ ગરમ કર્યા વગરનું દુધ પાય નહિ.

મનુષ્યના પેટની અંદર પડતા વિવિધ જાતના કૃમી (કીડાઓ) ના બારીક ઈંડા, મળદ્વારા ધુળમાં મળી જાય છે અને આવી ધુળમાં જો બાળકો રમે તો તેમને પણ પેટકૃમી પડે છે અને આ કૃમીના પડવાથી બાળકને ઝાડા, ઓચકી, પાંડુરોગ ઇત્યાદી અનેક બીજા રોગ લાગુ પડે છે. આ વાતની જો આપણી બાળાને ખબર હોય તો તેઓ પોતાના નાના ભાઈબ્હેનોને ધુળમાં કદાપિ રમાડે નહિ અને ભવિષ્યમાં પોતાના બાળકોને પણ આ રોગથી બચાવવા પોતાના આ જ્ઞાનનો ઉપયોગ કરે.

જો માણસને વાળો નીકળ્યો હોય તે જો કુવો કે વાવમા નહાવા પડે તો વાળાના બારીક કીડાઓ પાણીમાં જાય અને તે પાણી જો કોઇ પીએ તો તેને પણ વાળાનો રોગ લાગુ પડે. ભવિષ્યની ગૃહિણીઓને આ બાબતનું જ્ઞાન કેટલું ઉપયોગી થઇ પડે તે સહજ સમજી શકાય તેવી વાત છે.

બાંધાની બાવજત વિષે જ્ઞાન આપવાની જરૂરીયાત

આ વિષયનું જ્ઞાન દરેક કન્યાને આપવુ જરૂરી છે આજની કન્યા તે ભવિષ્યની માતા છે અને તેને પોતાના બાળકોની તેમ કુટુંબના માણસોની માંદગી વખતે સારવાર કરવી પડે છે માંદાની બાવજતનો વિષય તે વૈદકશાસ્ત્રનો એક અગત્યનો ભાગ છે અને ડોકટર, અને નર્સ ઉપરાંત બીજા દરેક મનુ-

* * * ભૂલી પડી * * *

હું તો જાતી મહી વેચવાને કાજ રે,
મેની બજારમાં ભૂલી પડી.

મારે માથે તે ટોપલડિયાં ઝમકે,
મારે મોંયે મટુકીમાં મહીં છલકે,
મારે હૈયે વહાલીડાનાં વહાલ
ચમકે,
મેની બજારમાં ભૂલી પડી.

ચેલી આકારી આવી વાંદળિયું,
ચેલી ગયેાનુ ધક્કુ ગોકુળ પળિયું,
મેં તેા હૈયે બાંધ્યુ હેમખેમ
માદળિયું,
મેની બજારમાં ભૂલી પડી

ચેલી આકારો વાદળી ભૂલી પડી,
ગયેા મોરલીને રાગે તાને ચડી,
હુ તેા વહાલાને વહાલ અગડેાળ
આફ ચડી,
મેની બજારમાં ભૂલી પડી

ચેલી ભૂલેલી વાદળી વરસી ગઇ,
બધી માયેા ગોવાળની વાંસે ગઇ,
હુ તેા મોંમારી પ્રેમને બજાર
ભટકઈ,
મેની બજારમાં ભૂલી પડી

* * * * સુન્દરમ્ * * * *

આ ઉપરાંત આંચકી આવે ત્યારે બાળકને કેટલા ગરમ પાણીમાં બેસાડવું અને માથા પર કેવી રીતે ઠંડું પાણી નાંખવું, અતિશય તાવ હોય ત્યારે માંગે અને ઘરની આસપાસ બરફ કેવી રીતે મુકવેા વગેરે અનેક બાબતેાનું જ્ઞાન માતાઓને આપવુ જરૂરી છે.

વળી મંદાગ્નિ વખતે તાવ કેવી રીતે માપવેા, એનીમા કેવી રીતે આપવેા, પયારી બગાડયા વગર બાળકને બિછાનામાં જ ઝાડેા કેવી રીતે કરાવવેા અને સ્વચ્છતા કેમ રાખવી તે વિષેનું ઉપયેાગી જ્ઞાન માતાઓને આપવાની પણ જરૂરત છે.

માંદાની માવજત કરવાનુ જ્ઞાન ધરાવનારી માતા, ડેાકટરને ઘણી સહાયભુત થઇ પડે છે અને ગંભીર રેાગમાં પણ ડેાકટરની મહેનત અને ચિંતાને ઓછી કરી શકે છે ઉપરાંત ઘરગથ્થુ સારા થવામાં મદદગાર થઇ પડે છે

ખને બહુ ઉપયેાગી છે ન્યુમેાનીયાથી પીડાતા બાળકેાને અજ્ઞાન માતા બહુ ગેાદકું કે વજનદાર ધાબળેા ઓઢાડી, ઘરના બારણા બંધ કરી સુવાડે છે આમ કરવાથી બાળકને સ્વચ્છ હવા મળતી નથી આથી ઉલટુ એમ પણ બને છે કે સ્વચ્છ હવા આપવાના ધરાદવાળી અજ્ઞાન માતા ઘરની બારીઓ એવી રીતે ઉઘાડી મુકે છે કે બાળકને ઠરડી લાગુ પડે છે અને રેાગની ગંભીરતા વધે છે ન્યુમેાનીયાના રેાગમાં છાતી ઉપર પેાલ્ટીસ મુકવાની ઘણા ડેાકટરેા ભલામણ કરે છે. જો બાળકની માતાને આવા પેાલ્ટીસ કેવી રીતે મુકવા તેનુ જ્ઞાન ન હેાય તેા તે બાળકની છાતી, વજર ઠારણે વારવાર ઉઘાડી રાખી ફેફસાના રેાગમાં વધારેા કરે છે. ઘણી વખત છાતીનેા જે ભાગ કે જેની નીચે હૃદય આવેલું હેાય છે તેના પર પેાલ્ટીસ મુકી બાળકની ગભરામણમાં વધારેા કરે છે અને કેાઇ કેાઇ વખત અતિશય ગરમ પેાલ્ટીસ મુકી બાળકની કેામળ ચામડીને ફાલ્લેાળ બનાવી દેવ છે

વૈદકની દૃષ્ટિએ ગૃહશિક્ષણ

આ ઉપરાંત આંચકી આવે ત્યારે બાળકને કેટલા ગરમ પાણીમાં બેસાડવું અને માથા પર કેવી રીતે ઠંડું પાણી નાંખવું, અતિશય તાવ હોય ત્યારે માંગે અને ઘરની આસપાસ બરફ કેવી રીતે મુકવેા વગેરે અનેક બાબતેાનું જ્ઞાન માતાઓને આપવુ જરૂરી છે.

વળી મંદાગ્નિ વખતે તાવ કેવી રીતે માપવેા, એનીમા કેવી રીતે આપવેા, પયારી બગાડયા વગર બાળકને બિછાનામાં જ ઝાડેા કેવી રીતે કરાવવેા અને સ્વચ્છતા કેમ રાખવી તે વિષેનું ઉપયેાગી જ્ઞાન માતાઓને આપવાની પણ જરૂરત છે.

માંદાની માવજત કરવાનુ જ્ઞાન ધરાવનારી માતા, ડેાકટરને ઘણી સહાયભુત થઇ પડે છે અને ગંભીર રેાગમાં પણ ડેાકટરની મહેનત અને ચિંતાને ઓછી કરી શકે છે ઉપરાંત ઘરગથ્થુ સારા થવામાં મદદગાર થઇ પડે છે

સંકટ સમયે તાત્કાલીક મદદ આ વિષયનુ જ્ઞાન આપવા માટે મેાટા

શહેરમા આસ સંસ્થાઓ છે પરંતુ આવા અગત્યના વિષયનુ જ્ઞાન કન્યાઓના શિક્ષણ ક્રમમાં દરજ્જાત રાખવુ જરૂરી છે. સાપનુ કરડવુ, દાઝવુ, વિજળીનો આંચકો લાગવો, અને વાગવાથી લોહીનુ વહેવું આ ચાર બનાવો આપણા ઘરોમાં ઘણી વખત બને છે આપણા દેશમાં દાઝયા ઉપર પાણી કે ધૂળ નાંખવાના દાખલા સેકડે ૯૦ ટકા દાઝવાના કેસોમાં બને છે દાઝવા ઉપર પાણી રેડવાથી ચામડી પાકી જાય છે અને ધુળ નાંખવાથી ધનુર્વાનો રોગ અને પરૂ ઉત્પન્ન થાય છે દાઝવાના અકસ્માત વખતે સમય સુચકતા અને ધીરજ રાખી બળતા માણસને જમીન પર પાડી કેવી રીતે લોટાવવો જોયવા તેના પર જાડી શેતરંજી કે ધાબળો લપેટી દેવો તે વિધિપૂર્વક શીખવુ આપણી કન્યાઓ માટે બહુ ઉપયોગી છે.

વિજળીના આચકાથી બચાવવા માટે લાકડાની ચાખડી, રબરના જોડા અને પાટલો, ખુરશી વગેરે કેટલાં ઉપયોગી છે અને તે કેવી રીતે વાપરવાં અને વિજળીના આંચકામાંથી બીજાને બચાવવા જતાં પોતે કેવી સાવચેતી રાખવી તે જાણવું દરેક કન્યાને જરૂરી છે. ઘરની અંદર સાધારણ રીતે પુરૂષો આખા દીવસ રહેતા નથી અને સંકટ સમયે તાત્કાલીક મદદ કરવાની ફરજ સ્ત્રીઓ ઉપર જ આવી પડે છે છતાં તેમને આ વિષયનું જરૂરી જ્ઞાન આપવામાં આવતું નથી તે આપણે જાણીએ છીએ.


અકસ્માતથી બાળકને વાગે તો ડાકટર આવે તે અગાઉ પહેલું લોહી કેમ બંધ કરવુ, જખમને કેવી રીતે ધોઇ, તેના પર પાટો બાંધવો વગેરેના જ્ઞાનની દરેક માતાને ઘરમાં જરૂર પડે છે. આવા જ્ઞાનના અભાવે ઘણા બાળકોના જાન પણ ગયાં છે.

આ વિષયોનું સંપુર્ણ વર્ણન કરવાનો આ લેખમા અવકાશ નથી. આ લેખમાળામાં આ વિષયના કેટલાક અંગોની અગત્યની આછી રેખાઓ જ દોરવામાં આવી છે, તેની વાચકવર્ગે નોંધ લેવી.

જ્યારે પુરૂષો ગુલામ હોય ત્યારે ?

અમારા હક્કોની માંગણી કરતાં અમે અમારા પુરૂષોને વારવાર પ્રશ્ન કર્યો છે 'જ્યાં સ્ત્રીઓ ગુલામ હોય ત્યા પુરૂષો સ્વતંત્ર કેમ થઇ શકે ?' વ્હાઇટપેપર પર વિચાર કર્યા બાદ અમે એ પ્રશ્ન ઉલટાવવા લલચાયાં છીએ. 'જ્યાં પુરૂષો ગુલામો હોય, ત્યાં વર્ષોજુની રૂઢીઓની જંજીરોમાંથી સ્ત્રીઓ કેમ મુકત થઇ શકે ?' તુર્કી સ્ત્રીઓ તરફ જુઓ. તેઓએ કેટલી ઝડપે પ્રગતિ કરીને પોતાના હક્કો મેળવ્યા છે ? જ્યાં પડદો અને અનેકપત્નીત્વ પ્રચલિત હતાં ત્યાં સંપૂર્ણ સ્વતંત્રતા અને જાતીય સમાનતાએ સાધારણ રૂપ પકડયુ છે. એક વખતની અત્યંત પછાત ગણાતી ચીનાઇ સ્ત્રીઓએ પણ પોતાની સ્વતંત્રતા મેળવી લીધી છે, તેઓને વારસાનો હક્ક મેળવ્યો છે, લગ્ન વય પણ વધી છે અને અનેકપત્નીત્વનો કાયદાદ્વારા નિષેધ થયો છે. બે પત્ની રાખનાર પણ સન્માપાત્ર ઠર્યો છે અને સ્ત્રીઓ માટે જનાનો તો ભૂતકાળની વસ્તુ બની ગયો છે. આજે તો પોલીસ તેમજ લશ્કરમાં ચીનાઇ સ્ત્રીઓની પણ ભરતી કરવામાં આવે છે. જાપાની સ્ત્રીઓને મતાધિકાર નથી; છતા તેઓ બીજા કોઇપણ સ્વતંત્ર યુરોપીઅન દેશની સ્ત્રીઓ જેટલીજ સ્વતંત્ર છે તેથી અમને તો ખાત્રી થઇ છે કે, કોઇ વ્યકિત વા જાતિમાં જે સર્વોત્તમ દાખ્લ છે તે સ્વતંત્રતા અને જવાબદારીજ બક્ષાર લાવે છે અને સંપૂર્ણ જવાબદાર અને પ્રતિનિધિત્વ ધરાવતી હિન્દી સરકાર દરમ્યાનજ હિન્દની સ્ત્રી-પુરૂષો પોતાનું સંપૂર્ણ પુરૂષત્વ અને સ્ત્રીત્વ પ્રાપ્ત કરી શકશે

('સ્ત્રીધર્મ'માંથી)



કલાસુંદરી

હું તો ઉડું ઉષાને ખોળે, સૃષ્ટિના ચોક ઓપવા,
હું તો ઉડું સૂરજને ઘોડે, પ્રકાશના પુર ઢોળવા.

હું તો ઉતરૂ સંધ્યાને ટાણે, સંધ્યાના રંગ ઓપવા,
હું તો નિતરૂ ચંદ્રાને ચળકે, સુધાના પાન ઢોળવા.

હું તો વિલસુ કુંજ નિકુંજે, ફુલોમા રંગ ઓપવા,
હું તો ઝુલું સરોવર ઉરે, સમીર રસરેલ ઢોળવા.

હું તો ચમકું ચાતકને ચીતે, સ્નેહીના સ્નેહ ઓપવા,
હું તો ટહુકું કોયલને કંઠે, સુરીલાં ગીત ઢોળવા.

હું તો ઠમકું કલાપીને ઠમકે, કલામય નૃત્ય ઓપવા,
હું તો રાચુ ઢેલડને નયણે, પ્રણયનાં ઉર ઢોળવા.

હું તો ગાજું મૃદંગના નાદે, મધુરા તાલ ઓપવા,
હું તો ગુંજું વીણાને તારે, સંગીતનાં સુર ઢોળવા.

હું તો શોભુ રમણીના રાસે, અભિનય, અંગ ઓપવા,
હું તો રણકું નુપુરને રણકે, રસિક રસરાસ ઢોળવા.

હું તો વસુ સકળ વિશ્વ માહે, કલાના પ્રાણ ઓપવા,
હું તો વ્યાપુ ચેતનજડ પ્રાણે, ચૈતન્યના ઓઘ ઢોળવા.

હું તો નિત્યે કલ્લોલમાં રમતી, સૌન્દર્યે સૌ વિશ્વ ઓપતી.
હું તો એવી લલિત કલાસુંદરી, ચૈતન્યનાં પુર ઢોળતી.

જગુભાઇ મોહનલાલ રાવળ

આજના બાળકની અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ પરિસ્થિતિ

લેખક. શ્રી. ચન્દુલાલ સંપટ, બી એ,
પ્રીન્સીપાલ, મોન્ટીસોરી અને રેસીડન્સ્યલ સ્કૂલ ગારીયાધર

દ્યો બીનો કુતરો એટલે ન ઘરનો કે ન ઘાટનો. આજનું બાળક ન ઘરનું કે ન શાળાનું. તેને માટે ત્રિશંકુ જેવી જીંદગી ન પૃથ્વી પર ન સ્વર્ગમાં સ્થાન. બાળક માટે બે જીંદગાની, દહી અને દુધમાં બન્નેમાં પગ.

આજની ગૃહકેળવણી અને શાળાની કેળવણીમાં કેટલુંક ભિન્નત્વ છે. બન્નેનું વાતાવરણ એકમેકનું વિરોધી ઘરમાં પેસે ત્યારથી શાળામાં જાય તે તેની એક જીંદગી. શાળામાં જાય ને સાંજે છુટે તે તેની બીજી જીંદગી. ઘરમાં તે રાજા-શાળામાં તે બીચારૂં રંકડું પ્રાણી. ઘરમાં તે હસે, કૂદે, છૂટથી વાત ચીત કરે. શાળામાં તેને બધુ બંધ. તે હસે તો ઠંડાય, કૂદે તો માર ખાય અને વાતચિત કરે તો "માઇનસ," "ડમ્પોઝીશન" અથવા "ટારક્લાસ" ને પાત્ર બનાય. ઘરમાં પોતાની સ્વયંસ્ફુર્તિને અનુકૂળ પ્રવૃત્તિ કરી શકે. શાળામાં તે બન્ધીવાન, ઘરમાં તે પોતાની સૃષ્ટિ રચે, અનેક વસ્તુઓનો વિધાતા બને. શાસણથી દુબાય તો અનેકની લાગણી, સારવાર અને આશ્વાસનને પાત્ર થાય શાળામાં તે દુભાય, અને પદ્ધતિસર છુંદાય. અહિં તે મધ્યમાનો એક; તેને અભ્યાસ માટે પોતાના "વારા" ની રાહ જોવાની, શિક્ષકના શિક્ષણનો તેને અમૂકજ લાભ મળે. ત્યાં સુધી તેને "મુંગા" મરવાનું. તેનાથી હલાયચલાય નહિ. વાતચીત તો કેની જ થાય? કોઇ કરડાવાય નહિ, તો બીજાના કાનમાં તો વાત કેની જ થાય? તેને મળેલા કુદરતી મુજબ ચોપડીમાં "જોકુ" ધાલી બેસવું જ જોઇએ નહિ તો અધમમાં અધમ વિશેષણોનો પાત્ર બને, શિક્ષા સહે અથવા છેવટ "માઇનસ", "ડમ્પોઝીશન" અને "ટારકલાસ" તો ભોગવેજ.

આવી પરિસ્થિતિમાં બિચારા બાળકના હાલ હાલ! બન્ને જૂદી જીંદગીના પોતે એક ઉડતા હડા રૂપ અતો ભ્રષ્ટ-તતો ભ્રષ્ટ થયા વિના તે કેમ રહે?

અને બાળકને ગૃહકેળવણી કેવી મળે છે! તેને પહેલાં તો અનુકૂલ વાતાવરણજ ન હોય. છતે દીવસે ઘરમા અંધારૂં હોય તો તે અંધોજ ખુશેને! કવા ઉલ્લાસ ન હોય એટલે હોય તબીયતમાં માંદકાંગલુ. કાંતો હોય નિર્બળ, દૂબળું તથા અનેક રોગથી પીડાવ નહિ તો વાતાવરણને અંગે નિર્માલ્ય તો હોયજ.

કેટલાક માબાપોને પોતાનું બાળક કયા ઘોરણમાં ભણે છે તેની ખબર હોતી નથી. ત્યારે શાળાનાં પુસ્તકો, અભ્યાસક્રમ તથા દૈનિક પ્રગતિનો તો ખ્યાલ કયાંથી હોય! કેટલાંક માબાપો બાળક ઊઠે તે પહેલાં ધમધોકે નીકળી જાય અને બાળક સુતા પેર આવે. બપોરે જમવાની વેળા થયું હોય શાળામાં. એટલે બાળકની વાતચિત કરવાનોયે અવસર ન મળે તેની પ્રગતિમાં કાળો આપવાનું કે અભ્યાસની કાળજી કરવાનું તો કયાંથી

બને ? આવાં માબાપોને અઠવાડીયે બાળકના પ્રગતિપત્રકમાં સહી કરવાની હોય તે ફરજ પણ ન છૂટકે બજાવે છે આવાં માબાપો માટે સમાજે તો દયા જ ખાવી ઘટે આવાં માબાપો પોતાના બાળકને શાળામાં કાઢી મૂકી પોતાની ફરજ અદા થયેલી માને છે

કેટલાક બાળકો કુસંગતિમાં ચડી જાય છે. વ્યવસાયી બાપ આ જોઈ શકતો નથી. માતા કેટલીકવાર બાળક ઉપર રાજ્ય કરી શકતી નથી. અભણ માતા કેટલીકવાર અર્ધ-દગ્ધ બાળકનો ભક્ષ બની જાય છે આજનું બનાવટી ભણતર પામેલ બાળક પોતાના અભણ માતપિતાને મહેણાંથી ઊંઠાં ભણાવી શકે છે. બાળક ઘેરથી શાળામાં જવાનું કહી ગમે ત્યાં ફરી આવે ઘેર આવી પોતાની ઉચ્છૃંખલતા સહેલાઈથી છુપાવી શકે છે


આને બદલે ગમે તે ભોગે માબાપો– છેવટ માતાજ પોતાની ફરજ સમજી લે અને પોતાના ઉછરતાં બાળક પુરતી તાલીમ મેળવી લે તે વસ્તુસ્થિતિ ઘણીવાનેમ છે ઘરમાં બાનગી શિક્ષક બાળકને માટે રાખવા કરતાં માતાઓ થોડી તાલીમ બાનગી શિક્ષક દ્વારા મેળવી લે તો તે જરૂર ઉત્તમ કામ કરતી થઈ જાય. ભવિષ્યની બાળકાઓ માતા થાય ત્યારે આ હકીકત ઘર ઘાલે તે બાબતનો પણ વિચાર આજની માતાઓએ કરવાનો છે.

બાળકને જ્ઞાનપ્રાપ્તિથી જ મોન્ટીસોરી અથવા કીન્ડરગાર્ટન શાળાનો લાભ મળવો જોઈએ. આજનાં માબાપો લગભગ ૭ વર્ષ સુધી પોતાનાં બાળકોને ભણતાં કરતાં જ નથી તે ઘણીવાર ભૂલ છે. બાળક તો પોતાને માટે નવી સૃષ્ટિ શોધ્યા જ કરે છે અને વહેલામાં વહેલું તેને નવીન સૃષ્ટિ મળે તેવી વાત તો તે વધાવી જ લેશે. માત્ર માતપિતા-એ આ સમજવું ઘટે.

એક વસ્તુ તરફ ધ્યાન ખેંચવું જ જોઈએ કે આજની શાળાઓ તે વિષમય અને ઘાતક વાતાવરણની જ બનેલી છે કેટલીકવાર બાળકને પહેલીજવાર અને ૭ સાત વર્ષનું થતાં તેને, બારોબાર ઉપર કહ્યા પ્રમાણેની શાળાઓમાં દાખલ કરવામાં આવે છે, આવે સમયે તે પુષ્ટ કરમાય અને સુકાઈ જાય તો નવાઈ જેવું નથી.

આજની શાળાનો એક દાખલો લઈએ. મે તોફાની બાળકો હતાં. એકને મોન્ટીસોરી વર્ગમાં દાખલ કરવામાં આવ્યું. બીજાને આજની વિષમય શાળામાં. પહેલા બાળકે પોતાની પરિસરની ઇન્દ્રિયવિકાસની કેળવણી ત્રણ વર્ષે પૂરી કરી બીજાએ ૭ વર્ષે. પહેલું બાળક જ્યારે ૭ વર્ષનું થયું ત્યારે તે ઇન્દ્રિયવિકાસમાં પરિપૂર્ણ, શોખીન, સંગીતમય, સ્મૃતિવાળુ અને ઘડીને તૈયાર કરી–ખાતર પાણીથી ભરપૂર–ભેતરની બાજુ દાબીને ઉભાડી ધરમ પાક સમર્પવા તૈયાર બનેલું. બીજુ બાળક ગોખણીયુ, ચોપડીયુ, અને સંકુચિત મન વાળુ થયું, ગુલામી વૃત્તિવાળુ થયું. બન્નેની સરખામણીમાં આ સ્પષ્ટ ભેદ ઉપરથી સમજવું સહેલું છે કે બાલ કેળવણીનું પ્રથમ પગથીયું ત્રણ વર્ષની આસપાસ મોન્ટીસોરી પદ્ધતિદ્વારા શરૂ થવું જોઈએ.

કેટલીકવાર એવું બને છે કે આટલી નાની ઉમરનું બાળક એકાએક માતાથી જુદું નથી થતું તો માતાઓની એક સ્પષ્ટ ફરજ છે કે પોતે તંદી લઈ થોડાક દિવસ બાળકને તેડી જઈ મોન્ટીસોરી શાળા સાથે તેનો પરિચય બાંધવો જોઈએ ત્રણ ચાર દિવસમાં બાળક બીજાઓની સાથે હળતું મળતું થઈ જશે અને માતાને છુટી મૂકી દેશે.



મોહજાળ

લેખક : શ્રી રમણીકલાલ જયચંદભાઇ કલાલ,
બી. એ. એલએલ. બી

લોનાવલાના એકાંત સ્થાનમાં એક સવારે ખૂબ જ કોલાહલ મચી ગયો હતો. લક્ષ્મણદાસ મારવાડીનો બંગલો વહેમવાળો ગણાતો એટલે બનતા સુધી એ બાજીજ પડી રહેતો. એકા-એક આજ સવારે એના પહેલા માળ પર કોઇ ભાડૂત આવ્યાં હોય તેમ જણાયું. તમામ બારીબારણાં ખોલી નાંખવામાં આવ્યાં હતાં. એક ઘાટી અને એક ઘાટણ સાફસૂફ કરવા મંડી પડયા હતાં. કેટલોક સામાન આવી ચૂકયો હતો અને બીજી સવારીઓ આવતી જતી હતી. બંગલાના આગણામાં બધુંજ ખડકવામાં આવ્યું હતું. ભાડૂત શ્રીમંત હતા એમાં જરાય શંકા નહોતી.

પાડોશીઓ પણ નવીન વ્યકિતઓને જોવાની આતુરતા ખાળી શકયાં નહિ. કેટલીય વાર તેઓ બારીએ ઉભા ઉભા વાટ જોઇ રહ્યા પરંતુ દાસદાસીઓ સિવાય બીજુ કોઇ નજરે પડયું નહિ. છેવટે થાકીને તેઓ વિખ-રાવા માંડયા ત્યાં એક મોટરકાર બંગલાના દરવાજે આવી ઉભી. આજુબાજુ સામાન્ય ચાલી હતી એટલે સામાન્ય ભાડૂતો ગાડીના મુલ્ય માટે માત્ર કલ્પનાજ કરતાં પરંતુ ગાડી ને ડ્રાઇવરનો બનાવ જોઇ બધાં નયનો એ તરફ આકર્ષાયાં. થોડીક વારમાં ત્યાં એક નાનું મરઘું ટોળું ભેગું થઇ ગયું.

સુંદર ને મુલ્યવાન વસ્ત્રોમાં સોહતી બે મહિલાઓ બંગલાની મુલાકાત લઇ મોટર તરફ પાછી વળતી જણાઇ. બન્નેનો દેખાવ મોહક હતો બન્નેના કેશકલાપ લાંબા અને છેલ્લી ઢબે હોલેલા હતા. રેશમી વસ્ત્રો ઉપર જવાહીર ચમકતાં, એમનું નૈસર્ગિક સૌંદર્ય કોઇ અગમ્ય રીતે દીપી ઉઠતું. એક સાવ કોમળાંગી હતી જ્યારે બીજી પ્રૌઢા જણાતી. છતાંય એનું સૌંદર્ય ઉડી ગયું નહોતું. કમળમુખ પેઠે એમનું સૌંદર્ય ઓપી રહ્યું હતું. બન્નેય કુળવાન ને શ્રીમંત જણાતાં.

ઓ બેઠાં કે ગાડી ઉપડી. પેલો ઘાટી એમને વળાવવા આવ્યો હતો. તેને બધાં પાડોશીઓ વીંટાઇ વળ્યાં. અને પ્રશ્નો પર પ્રશ્નો પૂછી એને મૂંઝવી નાખ્યો. અનેક ભાષામાં પ્રશ્નોની ઝડતી ઝપડતી એટલે ઘડી ભર તો એ અવાક બની ગયો. દરેક એ શ્રીમંત મહિલાઓનો પરિચય પામવા આતુર બન્યું હતું. એ કયાંથી આવ્યાં ને બંગલામાં કેટલું રોકાવાનાં હતાં એ જાણવા દરેકને જીજ્ઞાસા હતી. વળી આ ભૂતાવળ એમને કેમ પસંદ પડયું એ પણ એક કોયડો જ હતો કેટલાક એમના કુટુંબીઓનો પરિચય મેળ-વવા મથી રહ્યાં

બિચારો ઘાટી એણે પોતાનાથી માહિતી આપવા પ્રયાસ કર્યો પણ કોઇનું મન માન્યું નહિ. એ બાઇ શ્રીમંત વિધવા હતી. પેલી યુવાન એની પુત્રી હતી કોઇ મરદ કુટુંબીઓ વિ

ઓ ધારીને કાંઇ ખાસ માહિતી નહોતી. દેશના એકાંત જીવનનો કંટાળો આવવાથી તેઓ શહેરમાં આવ્યા હતાં. એ બંગલો જ એમને કેમ પસંદ પડયો તે માટે ધારી કાંઇ બૂલાસો કરી શકે તેમ નહોતું. કેટલાક યુવાનોએ પેલી પ્રમદા પરણેલી હતી કે કુંવારી તે પણ પૂછી લીધું. એ કુમારિકા હતી. એટલે પ્રૌઢા એને માટે યોગ્ય યુવાન પસંદ કરવા પણ આવી હોય એમ કલ્પના દોડતી.

ધીમે ધીમે બધાંય વિખરાયાં. દરેક જણને નવાગંતુકની વાતમાં રસ પડયો હતો પરંતુ દિવસ ચઢતો હતો એટલે પોતાને કામે લાગવા સિવાય એમનો છૂટકો નહોતો એટલે બધાંય પોતપોતાના કામમાં ગૂંથાયા.

ઠંડો પહોર થયો ત્યારે બધાંને જરા ન વરાસ મળી. પાડોશમાં પણ નવી શ્રીમંતાઇની છાપ કરી વળી હોય તેમ લાગ્યું. દરેક વનિતાએ પોતાના વાળ જરા વધારે સંભાળથી ઓળેલા જણાયા બાલકોની વેણીમાં ફુલ પણ ગૂંથાયલા નજરે પડયાં. આજે વસ્ત્રો પણ નવાં જ કાઢવામાં આવ્યાં હતાં કેટલાકે ઘરણાં લાદી એમની શ્રીમંતાઇ સાથે હરિફાઇ કરવા પ્રયાસ કર્યો હતો. બંગલાનાં ભાડૂતો જેટલાં એ શ્રીમંત ન હોય છતાંય આજે તેઓ લક્ષ્મીની માયામાં ગૂંચવાઇ ગયાં હતાં.

યુવાનોમાં પણ એ શ્રીમંતાઇનો પવન વાયો હતો કામકાજથી પરવારી દરેક જણ લહેરમાં જ્યાતું. પરંતુ બધાંજ એટલામાં ને એટલામાંજ ઘરઘર કરી રહ્યાં હતાં. દરેકની નજર બંગલાની બારીઓ તરફ જ હતી પેલી લલનાને વર શોધી આપવા સહકાર કરવો પડે ને! દરેક જણ એજ વિચારમાળામાં ગૂંથાયલું લાગતું

* * * નારીનું સ્થાન * * *

[અંજનીગીત]

સંસ્કૃતિના ગૃહજીવનમાં,
ઉચ્ચ સંસ્કૃતિના ખીલનમાં,
સ્વતંત્રતાની ઉચ્ચ લહરમાં,
છે નારીનું સ્થાન.

રાષ્ટ્રયુદ્ધના રક્ત મેદાને,
નિજ રૂધીર અર્પંવા કરવાને,
સ્વાર્પંણના આ વિરલ પન્થે,
છે નારીનું સ્થાન

પ્રેમ દયાનાં સરલ સૂત્રોમાં,
તન, મન ને ધનનાં અર્પંણમાં,
સેવા કેરી સુભગ વેદીમાં,
છે નારીનું સ્થાન.

સમાજજીવનના ખીલનમાં,
વિપ્લવયુગનાં વીર તાંડવમાં
શૌર્ય અને હિંમતના પથમાં,
છે નારીનું સ્થાન

* ગિજુભાઇ મોહનલાલ ત્રિવેદી *

સાંજના મોટરે પાછી વળી. વધારે વસ્ત્રો પરિધાન કરી બન્નેય મહિલાઓ દર્શન દેવા હાજર થઇ હતી. જરાતરા પરિચયથી હવે તેમનું દિલ પ્રફુલ્લિત બન્યું હતું તેઓ ચોમેર અવલોકન કરી રહ્યાં હતાં. પેલી યુવાન લલના તો મધુર સ્મીતહાસ્ય પણ ફરકાવતી. પેલી પ્રૌઢાએ ટોળે વળેલાં છોકરાંમાંથી કેટલાકને બોલાવ્યાં પણ ખરાં એમની માતાઓ તો એ જોઇ હર્ષપુલકિત બની રહી. થોડી વાર આમ તેમ કરી તેઓ પાછાં વળ્યાં.

"બહુ મીલજી નથી હોં!" એક પાડોશણે કહ્યું

"એમ લાગે છે ખરું" બીજીએ હાજીઓ ભણ્યો, "મોટી ને બાલકો ગમતાં જણાય છે. મારી તનુને કેવી રમાડી. આખરે બાપ માણસ ને. છોકરાં તરફ આકર્ષાયા વિના રહે ?"

દરેક જણ નવાં પાડોશીઓના સદ્‌ગુણો પણ મોહી પડ્યા. બાલકોની માતાઓ તો એમના પરિચયમાં આવવા ઉત્તેજાર બની. યુવાનો પિછાનની પળ ઝંખી રહ્યાં. એક વાર ઓળખાણ થાય પછી તેમને શીખવાડવું પડે તેમ નહોતું. બે જમાનાના યુવાનો એવા પાઠો પઢી ચૂકેલા જ હોય છે. સંધ્યા ઘેરાતી ગઇ તેમ તેમ લત્તો સંગીતસ્વરથી ગાજી રહ્યો. કેટલાક પ્રણયગીતો પણ ગવાઇ રહ્યા. પરંતુ બંગલાનાં ભાડૂતોને એથી ખાસ અસર થઇ નહિ. પ્રૌઢા વહેલી વહેલી શયન-ખંડમાં ભરાઇ ગઇ બાલા પણ પોતાના ખંડમાં આવી પોતાની તરખટમાં પડી.

"કાલે તું એકલી નહિ જાય ?" માતાએ પુત્રી પાસે આવી પ્રશ્ન કર્યો.

"કેમ કાંઇ ?" બાલાએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો, "હજી આ સ્થળમાં ગોઠવા તો દે. અજાણ્યા સ્થાનમાં હું એકલવાયી કયા ભમું ? ભૂલી પડું તો !!!"

"ઠીક" માતાએ આગ્રહ ન કર્યો, "તારી મરજી આખી વખત સાથે ને સાથે જ ફરવું કેમ પાલવે ? એકલાં ભૂલી પડવાનો ડર લાગતો હોય તો દાસીને સાથે લઇ જજે. મને તો એકલી જવામાં બીલકુલ વાંધો નથી."

"ના, ના." પુત્રી વચમાં જ બોલી ઉઠી. "દાસી તો આધા જેવી છે. એને હું કયાં સાથે લઇ જાઉં એને કયાં સમજ પડે નહિ ને નાહક હું મુઝાઇ મરું."

"આ લોકો નવા ભાડૂતોને જોઇ ઝાંઝા જેવા જણાય છે" માતાએ વાત બદલી "એમના સંગીતથી મારા તો કાન બહેર મારી ગયા. બહુ થશે તો હું કોઇ સાથે લઇ પડીશ" બાલાએ ટેકો આપ્યો.

"આપણે લડવાનું કેમ પાલવે ?" માતાએ પુત્રીને વારી, "નાહક દુશ્મનો વધાર્યે શો લાભ ? છોને બિચારા ગાતા ને મોજ કરતા. આપણું શું જાય છે ? તું તારા કામે લાગ ને ? પાડોશમાં તો ભાઇચારો રાખવો સારો."

માતાએ રસોની તૈયારી કરી. દાસી પગચંપી કરવા લાગી. પુત્રી એક માસિકનાં પાના ઉથલાવતી વિરામાસન પર પડી.

આજુબાજુની ચાલની વસ્તી સામાન્ય કોટિની હતી. કોઇ કોઇની પર્વા કરે તેમ નહોતું. એટલે પહેલા થોડા દિવસ તો આ નવાં ભાડૂતોએ ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું. પરંતુ દિવસોના વહેવા સાથે પાડોશીઓનો મોહ પણ ઓસરતો ગયો. માત્ર એક અપવાદ રહ્યો. એ યુવાનનો ઉત્સાહ તો દિનપ્રતિદિન વધતો જ ગયો. એનું નામ મોહન. કેટલીક વાર તો એ છેક બારણે આવતો બની જતો. એ ગરીબ કારકુન હતો. પરંતુ એની તૃષ્ણાઓ અજબ હતી. ત્રીસેક વર્ષ થવા છતાં હજી તે પરણ્યો નહોતો. એને પોતાના દિલની પ્રતિમા જડતી નહોતી. આખરે એનું નસીબ બીવડ્યું જણાયું. લક્ષ્મણદાસની ભાડૂત લલના પર એની આંખ ઠરી. એને માટે ત્રાહિત મનુષ્યો ચાહે તે કલ્પના કરે; એ શ્રીમંત હતી એમાં તો શંકા જ નહોતી આપણા રસિક યુવાનને લક્ષ્મીની પરવા નહોતી. એના સૌંદર્યની તલવારનો જ એ ગુલામ બન્યો હતો. એને પોતાની કરવાના એણે અભિલાષ આખા એમ કરતાં દેહ પડે તોય શું !

પરંતુ અવનવા પ્રસંગો બન્યા વિના જ દિવસો પસાર થવા લાગ્યા એ શ્રીમંત ભાડૂતો પાડોશીઓ સાથે ખાસ હળા ભળ્યા નહિ. એ

બારીએ આવતાં કે છજામાં ઉભાં રહેતાં ત્યારે કેટલાક પાડોશીઓ પરિચય પાડવા મથતાં. પરંતુ આમ આવકાર ન મળવાથી એમનો ઉત્સાહ પણ ઓસરી જવા લાગ્યો. છતાંય એમના દુઃખ ઉત્તરો એટલા તો મધુર ને સભ્ય હતા કે કોઈ પણ પાડોશીને, માઠું લાગવાનો પ્રસંગ આવતો નહિ.

મોહને પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કર્યા પરંતુ પેલી મુગ્ધા સાથે એને પરિચયમાં આવવાની તક મળી જ નહિ. કેટલીય વાર સવાર-સાંજે એ શેરીને નાકે ઉભો રહેતો. એ પ્રમદા સવારસાંજ બહાર જતી. એની સેવામાં આવે તો એનું ધ્યાન ખેંચાય ને! પણ મોહનને એવો પ્રસંગ જ સાંપડ્યો નહિ કોઈ કથતાનના હાથમાં એ સુંદરી સપડાઈ નહિ કે મોહન એની વહારે ધાઈ વીરત્વ દર્શાવી શકે સપ્રસન્ન પગથારે એ બેસતી પણ પડી નહિ કે ઝડપથી નજીક દોડી જઈ તે ટેકો આપે. કોઈ બહેરમાત પણ એની ભક્તિ દર્શાવવા નડ્યો નહિ અવારનવાર તે મોહન તરફ નજર કરતી પરંતુ એમાં કોઈ અર્થ સમાયલો હતો જ નહિ.

પરંતુ મોહન એમ હારી જાય તેવો નહોતો. એ પ્રમદાને કોઈ પ્રભુથી મળી ચૂકયો હશે એમ તેણે કલ્પના દોડાવવા માંડી. તે વિના એ આમ અતડી અનડી કરી શકે ખરી! યૌવન એકલવાયું સંભવે જ નહિ એની વયે પ્રૌઢત્વ આવી જાય એ વાત જ મનાય નહિ. એટલે પેલા છૂપા પ્રભુથીને શોધી કાઢવા મોહન કટિબદ્ધ બન્યો. હરીફનો સામનો કર્યા વિના એને છૂટકો જ નહોતો એના અભિલાષમાં અંતરાય ન હતો કોઈ ત્યાંસુધી એનાથી જીવાય જ કેમ? હરીફને દૂર ન કરે તો શરમથી તેણે આપઘાત જ કરવો જોઈએ.

આંસુ ફૂલ કે બુંદ?

આંખડીઓની કયારી મહીં તે-
ઊપડ્યાં આંસુ-ફૂલ,
આંધ્રામીચમણાં કરતાં બીક્યાં-
ફૂલવાડીનાં શુલ

કોરમ ફૂટી ઉરથી ઉભરે-
પંખ વિનાનાં ફૂલ,
ઘડીક ઘડીકમાં કૃષ્ણ શાને?
ઉછળી આવે તુર્ત.

પ્રફુલ્લ પાંદડી પોયણ જેવાં-
ઉઘડે તારાં નૂર,
નયને નયને પ્રકટે ભતણે-
તારક રૂપા-ફૂલ.

પાંપણપાંખો ઝમઝમ ચૂટે-
બીક્યાં પુષ્પ અખૂટ,
ઓળો ધરીય જીલવાને ઊભે-
પલળે માકું ઉર.

ફૂલ નહિ પણ બુંદો વરસે!
મૂલાય મોંઘા મૂલ,
કોરમ તેની કુરકુર પૂછે-
આંસુ ફૂલ કે બુંદ?

ભગવત્ રામચન્દ્ર ભટ્ટ

પરંતુ મહિલાઓ પાસે કોઈ પણ મરદનો અવરજવર નહોતો એટલે મોહનને હરીફ શોધવાનું કાર્ય કપરું થઈ પડ્યું પેલી પ્રમદા સવાર સાંજ નિયમિત બહાર જતી એટલે એ પોતાના પ્રભુથીને જ મળવા જતી હશે એમ મોહને માની લીધું. હવે એને ભવિષ્યનો માર્ગ ખૂલ્લો થતો જણાયો એ બહાર નીકળે કે એનો પીછો પકડવો. ખર્ચ થાય તો પણ એની કોઈ દરકાર નહોતી. મોહનનું પોતાનું અસ્તિત્વ જોખમે ચઢયું હતું ત્યાં ખર્ચનો હિસાબ કર્યે કેમ પાલવે? એ પોતાના પ્રાણ પાથરવા પણ તૈયાર થઈ ગયો હતો

તહેવાર અકળ થયો. ઘરબહાર જવાની હવે એનામાં તાકાત રહી નહોતી. વિચારમૂઢ બની તે ઘરમાં જ બેસી રહ્યો વૈરની ભયંકર યોજનાઓ ઠાકવાળાં માન ભાન ભૂલી ગયો. એના મિત્રોએ એને બહાર લઇ જવા ઘણુંય કર્યું પરંતુ એ બોલ્યો જ નહિ. યાકીને તેઓ વિદાય થયા. તે દિવસથી એણે બનશા તરફ ખાસ નજર રાખવા માંડી. કોઇની દેન નહોતી કે એની નજર ચૂકાવી શકે.

સંધ્યાકાળે પેલી પ્રૌઢા પોતાની મોટરમાં બહાર ગઇ. એ એકલી જ ગઇ હતી એટલે પેલી યુવાન લલના ઘરમાં જ રહી હશે. શું થયું હશે ! મોહને કલ્પનાના ઘોડા છૂટા મૂકયા. આટલા દિવસ તેઓ બન્ને સાથે જ જતાં. આજે એક બીજાથી દૂર જ રહેવા પ્રયત્ન કરી રહ્યાં હતા. લડી પડયાં હશે ! છોકરી દરબહાર જતી હશે એટલે માતાએ ઠપકો આપ્યો હશે.

પરંતુ પ્રૌઢા કયાં ગઇ હતી એ મોહને જાણ્યું હોત તો એના આશ્ચર્યની અવધિ જ આવી રહેત.

મુંબાઇમાં ડૉકટર પટેલની પ્રેકટીસ બીકતો ગણાતી. અત્યારે એ દિવાનખાનામાં આરામથી બેઠા હતા. હાથમાંના પુસ્તકનાં પાનાં ઉથલાવતા. એમનો મુંદર કૂતરો એમના પગને પીંટાઇ ઓઢે ચઢયો હતો. ઘરમાં ડૉકટર એકલાજ હતા. બે પુત્રોઓ હતી પરંતુ વિદ્યાભ્યાસ માટે તેઓને વિદેશ મોકલી દેવામાં આવી હતી.

એકાએક દરવાને અંદર આવી એકની શાંતીનો ભંગ કર્યો "કોઇ કુલીન બાઇ આપને મળવા આવી છે. બાઇ ઉતાવળ છે." ડૉકટર આશ્ચર્યથી ઉભા થઇ ગયા. બાઇ ઘેર કયાંથી ? કંઇ મુશ્કેલીમાં આવી પડી હશે તેને અંદર મોકલવા તેમણે દરવાનને હુકમ કર્યો. બને પણ મુલાકાત માટે તૈયાર થઇ ગયા

બાઇ અંદર આવી ગાભરી ગાભરી બોલવા જ મંડી પડી. ડૉકટરે એને વિરામાસન પર બેસવા કહ્યું. જરા શાન્ત બનવા સૂચના કરી, પોતે પણ ખુરશી ખેંચી એની નજીક બેઠા. બાઇનું સૌંદર્ય ડોકટર સાહેબની લક્ષ બહાર રહ્યું નહિ એ બાઇ સોહામણી લાગતી એટલું જ નહિ પણ શ્રીમંત જણાતી. એણે અંગ પર ખૂબ જવાહીર લાદેલું હતું.

પરંતુ બાઇ ઉતાવળમાં હોય તેમ જણાયું. શાંતિની એને પરવા નહોતી એકદમ તે મૂળ વાત પર આવી. ડોકટર સાહેબ એની ઝડપથી અંજાઈ ગયા. પણ એમને થોડી ઘણી તો સમજ પડી જ. એ બાઇનો પતિ બિમાર હતો. ડોકટર પટેલને તે શારીરિક તપાસ માટે બોલાવવા આવી હતી.

"પણ એમને થયું છે શું ?" ડોકટરે પૂછયું.

"આજ કેટલાં ય વર્ષોથી તેઓ હેરાન થાય છે" બાઇએ ઉત્તર દીધો "હમણાં હમણાં એમના મગજ પર અસર થયેલી જણાય છે. એથી તો પીડા ખૂબ જ વધી ગઇ છે. મારે એક પુત્રી જ છે. અમારે અન્ય મરદ સગું નથી. એટલે દર્દીને કાબુમા રાખવો મુશ્કેલ છે."

"પરંતુ આજ સુધી તમે કોઇ બીજા ડોકટરની સલાહ પણ લીધી નથી." ડોકટર પટેલે આશ્ચર્ય દર્શાવ્યું.

"છ. ડોકટરો તો ઘણાય આવી ગયા." બાઇએ તુરત જવાબ વાળ્યો. "પરંતુ કેટલાક બિમાર મનુષ્યો બહુ જ જલદ હોય છે. તેમ ચાલાક પણ હોય છે બહારના મનુષ્યને જોતાં તે ડાહ્યા ડમરા જણી જાય છે એટલે દરેકને એમજ લાગે છે કે એમને સાંડા કરાવવા કંઇ ખટપટ કરી રહી છું."

" હા, એનું મને છે ખરૂં." ડોક્ટરે હા ભણી " બોલો ! હવે મને શી આજ્ઞા છે ? "

" આવતી કાલે સાંજે આપ મારે ઘેર પધારો. " તે બાઇએ વિનતિ કરી. "એમને બરાબર તપાસો, આપનો મોટો આભાર થશે આપ અનુભવી છો. એ આપને છેતરી શકશે નહિ. હવે એ મારા કાબુમાં રહી શકત નથી પરંતુ ડાક્તરી પ્રમાણપત્ર વિના હું તેમને મંડિની હોસ્પીટલમાં મોકલાવી શકતી નથી. આપ એક બે માણસોને પણ સાથે લેતા આવશો."

" કેમ ? કેમ ? " ડોક્ટરે પ્રશ્ન કર્યો. " એ તોફાન કરે છે કે ? "

" રોજ નહિ. " તે બાઇએ ખુલાસો કર્યો, " પરંતુ કેટલીક વખત એ એટલા તો આકળા બની જાય છે કે બમાબમ કરી મૂકે છે. ' મારા હીરા કયાં ગયા ? હું લુટાઇ ગયો પાયમાલ થઇ ગયો.' એની બુમો પાડયા કરે છે. આજ કેટલાંક વર્ષ પહેલાં એમનું ચોકકસ ઝવેરાત ચોરાઈ ગયેલું. એ વાત યાદ આવતાં એ ઘણી વખત મૂરઝની હાલિ મુખાની જેસે છે એ પરિસ્થિતિમા એમને સાચવવા મુશ્કેલ બની જાય છે એ લોકોને મારવા દોડી જાય છે. ગેરીમા રોકી જાય છે. હું આપને જોઇશ તે પ્રી આપીશ તમારા માણસોનું પણ મહેનતાણું મોકલીશ પણ આપ જરૂર પધારજો મારા જેવી નિરાધાર પર એટલી જરૂર કૃપા કરજો. "

" હું જરૂર આવીશ " ડોક્ટર પરખે હા ભણી, " એમાં કૃપા જાની ! કરજ છે "

બાઇ જરા ઉઠી ગઇ. " ઠીક " તેણે " કાલે આવતી કાલે સાંજે હું આપની વાટ જોઇશ. " પોતાની મેટરમાં બેસી પ્રસાર થઇ ડોક્ટર પોતાને કામે વળગ્યા.

બીજે દિવસે સાંજે મોહન ઓરીસેથી પાછો ફર્યો હતો. કયાં જાદવી રહ્યો કે ત્યારા આવ્યા મોટરનો અવાજ સંભળાયો. મોહન ખલ્લા તરફ દોડયો. નવાગંતુકને જોયા વિના ચાલે ! પરંતુ મોટરમાંથી પેલાં ગુજરાતી ઝવેરીને ઉતરતો જોઇ મોહન કામ ગયો. આનો અર્થ શો ! મંગળાની માતા પણ એના કારસ્તાનમાં સામેલ હશે ! એ પણ એવી નીચ હશે ! પૈસાની ખાતર એ શ્રીમંતને પુત્રી વેચવા તૈયાર થઇ હશે ! એમ હોય તો માનવતામાંથી સમૂળો વિશ્વાસ જ ઉડી જાય. એને શું કરવું તે સમજ પડી નહિ. એનો આખો દેહ કોપથી સળગી ઉઠયો.

ઝવેરી ઉપર ચઢયો કે હાસી જદાર આવી એને સન્માન પૂર્વક દિવાનખાનામાં લઈ ગઇ. ત્યા એ થોડી વાર એકલો જ બેઠો. તેણે આમ તેમ નજર ફેરવવા માંડી એક શ્રીમંત બાઇનુ એ નિવાસસ્થાન હતું જ. પરતુ એ શ્રીમતી કયાં ? એને મળવા તો એ ખાતે આટલે દુરથી આસ તરફી થઇ આવ્યો હતો. એકાદ માણસને બોલાવવા તોય કામ પડત. એમ ક્ષણે મંગળાએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો ઝવેરીને જરા નિરાંત વળી, મંગળાના વદન પર મોહક હાસ્ય રમી રહ્યું હતું. " આપને બોલાવી કયાં હોં ! " તેણે ફરમાન કરી, " હીરા લાવ્યા છો ? "

ઝવેરીએ પોતાના ખીસામાંથી એક લાંબુ પાકીટ જદાર કાઢયું. પેલી યુવતિ પ્રસન્ન મુખવત કહ્યું, " બોલાવ લાવ્યો હું. એ પસંદ નહિ પડે તો બીજા કાલે લેતો આવીશ. આપને મનપસંદ ચીજ આપી આપવી એ તો અમારો ધંધો જ છે. આપ દુકાને પધાર્યા હોત તો બહુજ ઠીક થાત. ત્યાં અનેક જાતનું ઝવેરાત મૂકેલું છે. કંઈ બપુક લઇને જવાર કરાય છે ? ".

વાનું યોગ્ય ધાર્યું નહિ. ઝવેરીને લઈ તુરતજ એમની મોટર પમાર થઈ ગઈ

ડોક્ટર પટેલને બગલામાં જતા જોઈ મોહન તો દિગ્મૂઢ બની ગયો હતો. એ ભેદી ઘરમાં શું બની રહ્યું હશે ? ડોક્ટર પટેલ જોવાને બોલાવવાનું શું પ્રયોજન હશે ? એટલું ગંભીર બિમાર કોણ હશે ? મંગળા માંદી પડી હશે ? અંદરની વિગત બહારથી જાણવાનું કશુંજ સાધન નહોતું. પેલો નોકર પણ અલોપ થઈ ગયો હતો.

એવામા મગળા, તેની માતા અને દાસીને આવતાં જોઈ મોહન આભોજ બની ગયો. આ શું ! એમના વદન પર આટલી મુંઝવણ શાની ! બરાબર તપાસ કરવા મોહન નીચે દોડ્યો.

એ નીચે પહોંચ્યો કે મગળાની મોટર બારણા ધમી આવી. બધા જ અંદર બેસી ગયા. આંખના પલકારમાં મોટર અલોપ થઈ ગઈ.

એક ક્ષણ પણ ગુમાવવા જેવી નહોતી મોહને ચોતરફ નજર કરી. પાસે જ એક સાયકલ પડેલી હતી જરા પણ વિચાર કર્યા વિના એ સાયકલ ઉપાડી મોટરની પાછળ પડ્યો. મોટર તો ખુબ જ બારણા વળી ગઇ હતી

આખી રાત મોહનની માતાએ ઉંચે જીવે જાગી. મોહન પાછો ફર્યો જ નહિ. બીજી સવારે ડોશી દીકરાની શોધમાં ઘેર ઘેર ફરી વળી. પરંતુ મોહનનો પત્તો બાપો નહિ બાપો દિવસ ડોશીએ રડ્યા જ કર્યું.

છેક સાંજે એ પોલીસને ખબર આપવા તૈયાર થઈ એવામાં મોહન પાછો ફર્યો આ એના ઢંગ ! એનાં કપડાં ચીંથરેહાલ બની ગયાં હતાં. ઠેકાણે ઠેકાણે લોહીના ડાઘ પડેલા હતા. એના માથા પર પાટો બાંધવામાં આવ્યો હતો.

એની માતા એની સામે દોડી. " આ શું ! બેટા ! આમ કેમ ! શું થયું ! " તેણે પ્રશ્નપરંપરા ચાલુ કરી દીધી, " આખી રાત તું ક્યાં ગયો હતો ! "

" બા ! તમને કહીને શો લાભ થશે !" મોહને નિશ્વાસ નાંખ્યો, " બનવાનું બની ગયું. હવે એ વાત પર છેવટનો પડદો જ પડવા દે. મારા બાપ ! કેવી બલા ! ! ! "

" કોણ ? કોણ ? બેટા ! " બૂઢાથી પૂછ્યા વિના ન રહેવાયું.

" પેલી બગલાવાલી " તેના દીકરાએ ઉત્તર દીધો, " એ વાત જ ન કરીએ ! હું જીવતો બચ્યો એટલું જ બસ છે. પણ હવે લોકોની કલ્પનાને વેગ આપવાની જરૂર નથી !"

બે દિવસ પછી એક ચોંકાવનારી બીના વર્તમાનપત્રોમાં પ્રગટ થઇ. મોટા મોટા અક્ષરે છાપ્યું હતું: " અજબ લૂંટ-બદમાસ ભાગ્યા"

બિચારા ઝવેરીની એ વાત હતી. બે દિવસ એને ગાંડાની હોસ્પીટલમાં પૂરી રાખવામાં આવ્યો હતો. મહા મુશ્કેલીએ એને છુટકારો મેળવ્યો. પોતાની શુદ્ધ બુદ્ધિ પૂરવાર કરવા એણે સાક્ષીઓ રજુ કર્યા. થયેલી લૂંટથી એને ભારે આઘાત થયો હતો લાખ રૂપિયાના એના હીરા તહકાની લેવાયા હતા.

તે દિવસથી મોહને પારકી પીડા જોડી દીધી *

* શ્રીમતી સીતારેવીની એ નામની વાર્તા ઉપરથી.

સુખી સ્ત્રી પુરૂષો સમાજની શી શી સેવા કરી શકે ?*

લેખિકા શ્રીમતી કુંદનબહેન વેલજી મહેતા

સુખી સ્ત્રી પુરૂષો સમાજની શી શી સેવા કરી શકે એ વિષે વિચાર કરવા પહેલાં, ખરું સુખ શેમાં રહેલું છે, કેવુ જીવન જીવતાં પુરૂષ કે સ્ત્રીને આપણે સુખી કહી શકીએ, એ પ્રશ્ન સમજવાની પહેલી જરૂર છે. આજે જગતમાં ચારે બાજુ અશાંતિ અને અસુખનો દાવાનળ સળગી રહ્યો છે, આધુનિક સભ્યતાના આટ આટલાં સાધનો તથા ઉપાયો હોવા છતાંય જગતની અશાંતિ કેમ મટતી નથી ? ધનકુબેર ગણાતા અમેરિકામાં યે સુખ નથી હજારો અને લાખોની સંખ્યામાં ત્યાંનાં લોકો બેકારી ભોગવે છે. વિદ્વતા, કાર્યકુશળતા અને રાજકારણીતિના અવતાર ગણાતા ઈંગ્લાંડ અને જર્મનીની કેવી દશા છે ? હજારથી Democratic અથવા પ્રજા-શાસનના નામે એક કેબીનેટનું રાજ્ય ચાલી રહ્યું છે. જર્મનીમાં નાઝીઓના અત્યાચાર હજુ તાજા જ છે. ઈટલીના સરમુખત્યારની કાંચ આખ ખૂણે ખૂણે ભય અને ચકચારી ઉપજાવે છે. સ્પેઇનમાં યીન અને ત્યાન એક બીજાના ગરીબ વીંધી નાખવા આતુર છે. આપણો દેશ આજે અગ્નીની જ્વાલા-માંથી પસાર થઇ રહ્યો છે. પ્રશ્ન ઉઠે છે કે જગત કયાં જઇ રહ્યું છે ?

આવી અશાંત સ્થિતિના વાતાવરણમાં આપણે કોને સુખી કહી શકીએ ? સામાન્ય રીતે જગતમાં સુખના સાધન રૂપ ગણાતી મુખ્ય બે વસ્તુઓ છે પૈસો અને સત્તા. લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે પૈસાદાર કે હોદ્દેદાર સુખી હોય છે. પરંતુ એ માન્યતા પાછળ માત્ર બોટી બ્યાખ્યા રહેલી છે. મોટરોમાં ફરવું ફરવું, અનેક જાતના દાંચીયો અને વિલાસના સાધનોમાં વીંટાઇ રહેવું, મોજમઝાડ ઉડાવી આનંદ કરવો, એ શું સાચુ સુખ છે ? એ સુખ એ લોકોને કેવું મીઠુ લાગે છે, તે તો એ લોકો કહે ત્યારે ખબર પડે. આવા સ્ત્રી પુરૂષોમાં સમાજ સેવાની વૃત્તિ કયાંથી હોય ? અને કદાચ એવી તેમની વૃત્તિ હોય તો પણ તેઓ એ દિશામાં કંઇ કરી શકે એવી તેમની સ્થિતિ નથી હોતી.

આવી ઉચ્ચ વૃત્તિવાળા સ્ત્રી પુરૂષો કે, જેમનો પૈસો " મોજ "ને માટે નહિં પણ " દાન "ને માટે હોય છે. જેમની વિદ્વતા " અહંતા "ને માટે નહિ પણ " જ્ઞાનપ્રચાર " ને માટે હોય છે. જેમની સત્તા બળવાન અને જબરાન હોય છે કે જેમની સત્તા કે બળ " પરપીડન "ને માટે નહિ પણ " રક્ષણ " ને માટે હોય છે. આવા સેવાભાવી સ્ત્રી પુરૂષો સમાજને ઘણે અંશે સેવાવૃત્તિમાં સક્રમ ને ત્યાર રહેતો હોય એવા સ્ત્રી પુરૂષોની સમાજને ઘણીયે જરૂર છે.

માત્ર પૈસે સુખી અથવા ધનવાન સ્ત્રી પુરૂષો જ માત્ર સમાજની સેવા કરી શકે એવું કંઇ નથી. હાજરિયા અને માનવિયા સુખવાળા સ્ત્રી પુરૂષો પણ સમાજની ઘણી સેવા કરી શકે. નિરોગી કે આનંદ ઉત્સાહવાળા સ્ત્રી પુરૂષો જે કરી શકે તે ધનવાન ન કરી શકે. આજ સ્ત્રી પુરૂષો સમાજ માટે શું શું કરી શકશે ?

---

* આજે ગુજરાતી હિન્દુ સ્ત્રીઓના તરફનો નિબંધ ગુજરાતી સેવકની પરીક્ષામાં રૂ. ૨૫ નું પહેલું ઇનામ મેળવનારો નિબંધ.

सेवाधर्मः परमगहनो योगीनामप्यगम्यः યોગીઓને પણ અગમ્ય એવો મહન સેવાધર્મ. આજે આપણો સમાજ એવા ઘણાય પ્રશ્નો સમાજસેવક પાસે પોતાની મેળે રજુ કરે છે.

પહેલો પ્રશ્ન તો હરિજનનો ઉદ્ધાર. ઘણાય મૈકાઓથી સમાજ 'અછૂત' એ નામે હડધૂત કરી હરીજનોને ધિક્કારે છે. એ કાળું કલંક હિન્દુસમાજને કપાળે ચોટેલું છે. એ કાળું કલંક હિન્દુસમાજને કપાળેથી ભૂંસે એ જ સાચો સમાજસેવક. આજથી લગભગ અઢીહજાર વર્ષો પહેલાં ભગવાન બુધ્ધે એ વિષે જબરો પ્રયત્ન કર્યો, પરંતુ રૂઢીચુસ્ત હિન્દુસમાજ આંખ બંધ કરીનેજ ચાલ્યો. છેલ્લે ૧૯મી સદીમાં દયાનંદ–રામમોહનરાય, તેમણે ઠીક પ્રયત્ન કર્યા, પરંતુ એ પણ થોડી અસર કરીને રમી ગયા. પાછુ એનેએજ હિન્દુસમાજને કપાળે રહ્યુ. આજે આટલું બધું પરિવર્તન થઇ રહ્યું છે એ શાથી ? એક મહાત્મા કે ઢંમેઢા જેમની વૃત્તિમાં સેવાભાવ રહેલો છે, જે દરિદ્રનારાયણોની સેવા કરવામાંજ અથવા તેઓને માટે કંઇ પણ કરી શકે તેમાંજ પોતાની સફલતા માને છે, જેનામાં બુદ્ધથી પણ ચઢી જાય એવી કરૂણા અને મૈત્રી છે. એવા આત્મત્યાગી અને સેવાવૃત્તિવાળા પુરૂષથીજ પરિવર્તન થઇ શકશે. ધનવાન શ્રી પુરૂષો હરિજન બાલકને પોતાને ત્યાં રાખી અથવા કોઇ શાળામાં પોતાને ખર્ચે મોકલી કેળવણી આપી શકે. હરિજનોને રહેવાના સ્થળ વગેરે પોતાના ખર્ચથી મ્યુનિસિપાલિટીની મદદ વડે સાફ રખાવી શકે. પ્રજાનો ભણેલો વર્ગ જાતે હરિજન બાળકોને શિક્ષણ આપી શકે. નિરોગી શ્રી પુરૂષ જેટલે કે શારીરિક સુખવાળા શ્રી પુરૂષો હરિજનોના રહેવાના સ્થળો વગેરે સાફસુફ કરવામાં અધિક મદદ આપી શકે સુખી શ્રી હરિજન બહેનોને બ્યવહાર કુશળતા અને સમાજની સેવા, એ વિષે તેમની સાથે પ્રેમ અને નમ્રતાથી વર્તે તો જરૂર સમાજસેવા થઇ શકે. કેમકે જરીજ ઉંડો ઉતરતાં માલમ પડે છે કે જેને કોઇ ઉંચા વર્ગના અથવા મધ્યમ વર્ગના લોકો તેમની પાસે જાય તોઃ– "કેટલા ભલા છે ! " "આપણા માટે કેટકેટલું કરે છે " એ શબ્દો તેમને મોઢેથી આપણે સાંભળી શકીએ. આવી રીતે ધનથી, વિદ્વત્તાથી, કે શારીરિક સુખથી સુખી એવા શ્રી પુરૂષો બધી રીતે સમાજની સેવા કરી શકે. ઉપર કહ્યું જેમ સેવાધર્મ ગૂઢ છે અને કાંતિના હેતુ પણ ગૂઢ છે.

બીજો મહત્વનો પ્રશ્ન કેળવણીનો છે. શહેરમાં વસનારાને ભાગ્યે જ ખબર હશે કે હિન્દુસ્થાનમાં કેળવણીનુ પ્રમાણ ૬ ટકા માંડ હશે. કેળવણી એ ઉન્નતિનો પાયો છે, આવી ખબર હોય તો એ દિશામાં આટલાં બધાં બેદરકાર રહેવાની શહેરોની વાત તો છોડી દઇએ પણ હિન્દુસ્થાનનો ઘણો ખરો ભાગ અજ્ઞાનાવસ્થામાં રહેલો છે. ગામડામાં આપણે જોઇશું તો ઘણે ભાગે નિરક્ષરતા જણાશે અને કોઇ અંક અથવા એક બે ચોપડી જેટલું જ્ઞાન મેળવવા ભાગ્યશાળી માંડ થયું હશે. વિદ્યાર્થીઓનો ઘણો ખરો વખત તો માસ્તર સાહેબના ઘરનું કામકાજ કરવામાં જ જાય છે. આવા પંતુજીઓ હાલના નાગરિકોમાં કેવો પ્રભાવ પાડી શકે ? કેવો રસ રેડી શકે ? આમાં ધનવાન, સુખી શ્રી પુરૂષો ઘણું કરી શકે. કેળવણીની સંસ્થાઓ ખોલી તેને ઉત્તેજન આપે, આદર્શ શિક્ષકો શોધી તેમને મદદ આપે.

ગામડાઓમાં આર્થિક સ્થિતિ પણ એવી જ છે ત્યાંસુધી ખેડુતો એ જ ઘરેઘરમાંથી બહાર નહિ નીકળે તેમને ખેતી અને પાક ઉત્પાદન માટે પૂરતી મદદ નહિ મળે ત્યાંસુધી ગામડાની પુનર્ઘટના કયાંથી થાય ? ત્યાંના ખેડુતોની દરિદ્રતા કેમ ટળે ? એમાં ખાદી માટે ધનવાન શ્રી પુરૂષો

પણ કરી રહે કેમકે દેશના મોટામા મોટા સેવકોને આવી કામ મળે છે. એટલે ધનવાનો જો ખાદી ખરીદે તો આપણા ખેડુતોને ઉત્તેજન મળેને ? આજે મહાત્મા ગાંધીજીએ પણ ખાદી ઉપર વધારે ભાર મૂકયો છે. અને તેમને સૌથી વધારે ખાદીની જ લગની લાગી છે સેવકોને પહેરણ તેઓ રેંટીઓ ફેરવે ખાદી પહેરે વગેરે કહે છે. દેશના મળેલા ધનવાન સ્ત્રી પુરૂષો જો ખાદીને ઉત્તેજન ન આપે તો પછી ખેડુતોને રાહત કયાંથી મળે ? ગામડાઓમાં પરિવર્તન વિના ગામડાઓની પુનર્ઘટના કેમ થાય ? આમાં ધનવાન સુખી વર્ગ મદદ આપે તો ખેડુતોને રાહત મળે. આ સમાજસેવા સુખી સ્ત્રી પુરૂષો કરી શકે છે.

ગ્રીષ્મવર્ણીમાં પણ હજુ આપણે ઘણું કરવાનું બાકી છે. ગુજરાતમાં 'ગારદાપીઠ' ની યોજનાઓ ઘડાય છે આમાં ધનવાન સ્ત્રી પુરૂષો તેને મદદ આપે. વિદ્વાનો અને ગ્રીષ્મવર્ણીહારો આ વિષે સાથે મળી વ્યવહાર યોજના ઘડી કાઢે અને એ યોજના માત્ર યોજનાજ ન રહે પણ એ 'ગારદા પીઠ' થી ગુજરાત ગૌરવવંતુ બને. કોઇ પણ બાલક કે બાલિકા શુભ્ય શિક્ષણ પામી વિકસે; કોઇ પણ કન્યા અજોળવાવતી ન રહેવી જોઇએ આવી રીતે ગ્રીષ્મવાસથી હિન્દુસમાજને મુક્તતા મળશે. આમ જો સ્થળે સ્થળે ગ્રીષ્મવર્ણીની મંડપોઓ ખોલાય અને સુખી સ્ત્રીપુરૂષો પોતાનો મોભો ગાળો તેમા આપે એ રીતે જો 'ગારદા પીઠ' ગુજરાતને ગૌરવવંતુ કરે તો જ તેની કદર થાય.

ઉપર જેમ આપણે અમલના પ્રશ્નો વિષે વિચાર કર્યો તેવા નાના નાના એવા બહુજ પ્રશ્નો છે કે જેમાં સુખી સ્ત્રી પુરૂષો મોટો ગાળો આપી શકે

આપણા ઘરમા જોયુ તો અવ્યવસ્થા, ગંદકી કોઇ કામ વગેરે દૂર કરવા જોઇએ. એમાં નાનામોટા સમાજમા ઉંચ નીચના વર્ગ પડેલા છે, મુસ્લીમવાદી અને બીનાતીઓ વચ્ચે ભેદ છે ત્યાંસુધી એ બાબતોનો અંત કયાંથી આવે ? એ સામાજીક બંધનો ઉડા છે એટલે હાલ એને આપણે રહેવા દઇએ પણ માનવનો સિદ્ધાંત છે કે " From each according to his ability to each according to his needs " એ સિદ્ધાંત અમલદારમાં આવવાને હજુ સદીઓ નીકળી જશે. પણ હમણા સુખી સ્ત્રી પુરૂષો પોતાથી ઓછા સુખી અથવા નીચા સ્ત્રી પુરૂષોને ઉંચે લાવવા પ્રયત્નો કરે આડોશી પાડોશીઓને મદદ આપે એ પડોશધર્મની સાથે નમ્રતાથી વર્તી તેને મદદ આપે બધાંથી સમાનતા રાખી જે નીચે દોય તેને ઉંચે લાવવા પ્રયત્ન કરે.

બાળલગ્ન, કજોડાં, કદંગા રીતરિવા-જોથી આપણો સમાજ જકડાએલો છે, તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ કજોડાં થતાં અટકાવવા અને બાળલગ્ન બંધ કરી કન્યા પુખ્ત વયે પોતાની મેળે લગ્ન કરે અથવા તો વડીલો પુખ્ત વયે કન્યાનાં લગ્ન કરે એવો પ્રયત્ન કરવો જોઇએ જો બાળલગ્ન થતાં બંધ થશે તો કજોડાં પોતાની મેળે અટકી જશે. બાલવિધવાઓને પુનર્લગ્નની છૂટ આપતી જોઇએ પુખ્ત વયની વિધવાઓને કુન્નર ઉદ્યોગમાં નાંખી તેમને સ્વતંત્રપણે પોતાનું ગુજરાન ચલાવતાં શીખવું જોઇએ.

આવી રીતે ધનવાન સ્ત્રી પુરૂષો પૈસાથી મદદ આપીને સમાજની સેવા કરી શકે વિદ્વાન અને ગ્રીષ્મવર્ણીવાળા સ્ત્રી પુરૂષો વિદ્યા આપી સમાજની સેવા કરે. શારીરિક શક્તિ અને બાહ્ય શરીરવાળા સ્ત્રી પુરૂષો પોતાના અનુભવ બીજામાં રેડીને માનવસેવી રચનાઓ શીખવે. આવી રીતે જો બધાંનાં મનમાં સેવા વૃત્તિ રહેવી દોય તો બધાં અનેક રીતે સમાજની સેવા કરીને હિન્દુ સમાજને નવપલ્લવિત કરી શકે. આમ જો બધાં સેવાભાવી સ્ત્રી પુરૂષો હોય, ઘરે ઘરેના મનમાં સેવાની તમન્ના હોય તો હિંદુ સમાજની કાયાપલટ થતાં કેટલી વાર લાગે ?



૨૦

એક મહિનો વધુ વીતી ગયો. મુકદ્દમો હાઇકોર્ટમાં રજુ થવાની તારીખ નક્કી થઇ ગઇ. રમાનાથના સ્વભાવમાં, વળી પહેલાના જેવીજ ભીરૂતા અને ખુશામત આવી ગઇ છે. અમલદારોના ઇશારા પર તે નાચે છે પહેલાં કરતા ઘરાનું પ્રમાણ વધી ગયું છે; જાણે કે વિલાસિતાએ તેને પંજામાં દબાવી રાખ્યો છે. કોઇ કોઇ વાર તેના ઓરડામાં એક વેશ્યા જોહરા પણ આવી જાય છે, જેનું સંગીત તે ઘણા શોખથી સાંભળે છે.

એક દિવસ તેણે ઘણાજ પ્રેમથી જોહરાને કહ્યું: "મને ભય લાગે છે, તારા પ્રત્યે મારો પ્રેમ વધી ન જાય ! એનો નતીજો તારા વિના શી રીતે જીંદગી ગાળું એના સિવાય બીજો શો આવી શકે ! તારી પાસે વફાદારીની ઉમેદ કેવી રીતે રાખી શકાય ! "

જોહરા દિલમાં ખુશ થઇને પોતાની મોટી મોટી મારકણી આંખોથી તેના તરફ તાકતાં તાકતાં બોલી: " હા, સાહેબ, અમે વફાદારી શું જાણીએ ! આખરે તો વેશ્યા જ કરીને ! જેવા વેશ્યા પણ કદિ વફાદાર થઇ શકે છે ! "

રમાનાથે દુઃખિત થઇને પૂછ્યું, " કેમ, એમાં કોઇ શક છે ! "

જોહરા: " નહિ, જરાપણ નહિ. આપ લોકો અમારી પાસે મોહબ્બતથી છલોછલ ભરેલું દિલ લઇને આવો છો; પરંતુ અમે એની જરા સરખી પણ કદર કરતી નથી એજ વાત છે ને ? "

રમાનાથ: " બેશક. "

જોહરા: " માફ કરજો, આપ મરદોની તરફદારી કરી રહ્યા છો. બરીવાત તો એ છે કે, અહીં આપલોકો દિલ બહેલાવવાને માટે આવો છો; સહેજ મશ્કરી કરવાને માટે, સહેજ આનન્દ ઉઠાવવા માટે આવો છો. જો આપને વફાદારીનું ભાન જ નથી હોતું તો તે તમને મળે કયાંથી ? પરંતુ એટલું હું જાણું છું કે, અમારામાં જેટલી બિચારીઓ મરદોની બેવફાઇથી નિરાશ થઇને પોતાના આરામ-સુખ ગુમાવી બેસે છે, તેની જો દુનીયાને ખબર પડી જાય તો આંખો ખુલી જાય. એ અમારી ભૂલ છે કે તમારા-બીના પાસે અમે વફાદારી માગીએ છીએ; સીલ પંખીના શોસલામાં મોતી શોધીએ છીએ; પરંતુ તૃષાતુર માણસ આંધળો થઇને કુવા તરફ દોડે તો તેમાં મારા મત પ્રમાણે તેનો કોઇ કસુર નથી. "

તે દિવસે રાત્રે જતી વેળા જોહરાએ દારોગાને ખુશખબર આપી કે આજે તો

હજરત ખૂબ આનંદમાં આવ્યા. ખુદાની ઇચ્છા હશે તો બે ચાર દિવસ પછી તેઓ બીબીનું નામ પણ નહિ લે

દારોગાએ ખુશ થઈને કહ્યું: "એને માટે તો તને બોલાવી હતી. મજાહ તો હમણાં આવે કે બીબી અહીંથી ચાલી ગયા પછી અમને કાંઈ ગુંચવણ નહિ રહેશે. રસરાન્તવાળાઓએ એ બીને મેળવી લીધી છે એમ મનાય પડી છે. એ બધા ઓજ ચોતાન છે."

લેહરાની ઉમાની વધની નહિ. તે બેટસે સુધી કે, રમાનાથ ખુદ તેના પંજામાં આવી ગયો. લેહરાનો પ્રેમ જતો કરીને અફસરોની નજરમાં તે પોતાની સાખ જમાવવા ચાહતો હતો. પરંતુ રમતમાં જેમ બાજી રહી પડે છે તેમ તેનો પ્રેમાભિનય પણ પ્રેમોન્માદ બની બેઠો. હવે તેને લેહરા વફાદારી અને મરોજ્જતની દેવી જેવી લાગતી હતી તે બાજપા જેવી સુન્દરી જ નહિ પણ વાતો કરવામાં તેના કરતાં વધારે ચતુર, હાવભાવમાં વધારે કુશળ, સંમોહન કલામાં વધારે હોશિયાર હતી. રમાનાથના હૃદયમાં નવા નવા મનસુબા ઉત્પન્ન થઈ રહ્યા હતા.

એક દિવસ તેણે લેહરાને કહ્યું. "લેહરા, નિરોગનો સમય આવી રહ્યો છે બે ચાર દિવસમાં મારે અહીંથી ચાલ્યા જવું પડશે. પછી તને મારી યાદ આવશે અરી!"

લેહરા. "હું તમને નહિ જવા દઉં. અહીંજ કોઇ સારી સરખી નોકરી કરજો. પછી હું અને તમે આરામમાં રહીશું"

રમાનાથે અનુરાગ થઈને કહ્યું: "દિલથી કહે છે, લેહરા! ને, તને મારાં માથાનાં સોગન. કમો ન કેજો."

લેહરા "લે તમને એની કસમ હોય તો નિકાહ પઢી લો, નિકાહના નામની ચીઠ હોય તો સહન કરી લો. પરિતોને બોલાવો. હવે આના સિવાય મારી મરોજ્જતની બીજી શી સાબીતી આપું!"

નિષ્પટ પ્રેમનો આ પરિચય પામીને રમાનાથ ચિંતિત થઇ ગયો. લેહરાના મુખમાંથી નીકળતા આ શબ્દોની સમોહન શક્તિ કેટલી વધી ગઇ હતી! આ કામિની, જેના ઉપર મોટા મોટા મુદ્દરબો દિલા છે તે મારે ખાતર આટલો મોટો ત્યાગ કરવા તૈયર છે! જે બાજમાં બીલબોને રેતીજ મળે તેમાં જેને સોનાના ગઠ્ઠા મળી ગયા, શું તે પરમ ભાગ્યશાળી નથી! રમાનાથના મનમાં કેટલાય દિવસો સુધી સંગ્રામ ચલો રહ્યો. લક્ષપાની સાથે તેનું જીવન કેટલું નિરસ, કેટલું કંટાળા થઇ ગયું! તે ઘડી ઘડીમાં પોતાનો ધર્મ અને સત્ય લક્ષને ભૂલી ગયો અને તેનું જીવન એક દીર્ઘ તપશ્ચર્યા, એક રસાયણ સાધના જેવું બની ગયું. સાત્વિક જીવન સિવાય તેનો આદર્શ રહ્યો ન હતો. સાધારણ મનુષ્યોની માફક તે પણ ભોગવિલાસ કરવા ચાહતો હતો. તેનું વિલાસાસક્ત મન બાજપા તરફથી હઠીને લેહરા તરફ ખેંચાયું, તેને વનવિહારિણી વેશ્યાઓના ગાયના ગાઢ આવવા લાગ્યા. તેનીજ સાથે ચપલવૃત્તિની મૂર્તિઓ ભોગા નજીના પણ યાદ આવવા લાગ્યા. તેણે નિશ્ચય કર્યો કે એ સર્વ પાખંડ છે. નથી કોઇ જન્મથી નિરોધ કે નથી કોઇ રોગિત, એ બધું પરિસ્થિતિ પર આધાર રાખે છે

લેહરા રોજ આવતી અને બધનનો એક બીજો વધુ મજબૂત બની. આવી સ્થિતિમાં સબળી કુશળનું આસન પણ ડોલી ગયું. રમાનાથ તો વિશ્વાસી હતો. અત્યારસુધી તો તે બાબતમાં બહારી ન હાયો હતો. તેનું મરણ એ કે, જેવી તેને પાંખ આવી કે તરતજ તેને પોતાના પિંજરામાં પૂરી રાખવા

આવ્યો કેટલાક દિવસ પિંજરાની બહાર રહીને પણ તેનાથી ઉડવાનું સાહસ ન થઈ શકયું હવે તેની સામે નવીન દૃશ્ય હતું. તે કાંઇ નાનું સરખું કુલ્લીઓવાળું પિંજરું ન હતું: પરંતુ કૂલોથી લહેરાતો બાગ હતો; જ્યાંની કેદમાં પણ સ્વાધીનતાનો આનંદ હતો. તે એ બાગમાં કીડાનો આનન્દ શા માટે ન ઉડાવે !

૨૧

રમાનાથ જેમ જેમ જોહરાના પ્રેમપાશમાં ફસાતો જતો હતો તેમ તેમ પોલીસના અધિકારી વર્ગ તેના તરફથી નિઃશંક થતા જતા હતા. તેના ઉપર જે અંકુશો મુકવામાં આવ્યા હતા તે ધીમે ધીમે, ઢીલા થવા લાગ્યા. તે એટલે સુધી કે, એક દિવસ સાંજે ડેપ્યુટીસાહેબ સહેલ કરવા ગયા તો સાથે રમાનાથને પણ મોટરમાં બેસાડતા ગયા. જ્યારે મોટર દેવીદીનની દુકાન સામેથી પસાર થઇ ત્યારે રમાનાથે પોતાનું માથું એવી રીતે અંદર ખેંચી લીધું કે, કોઇની નજર ન પડી જાય જાલપા છે કે ચાલી ગઇ છે, એ જાણવાની તેને ઘણીજ ઉત્સુકતા હતી; પરંતુ તે પોતાનું માથું બહાર ન કાઢી શકયો મનમા તો તે પણ હજી સમજતો હતો કે, મે જે રસ્તો પકડયો છે તે, કાંઇ બહુ સારો નથી. પરંતુ એ જાણવા છતાં તે એ રસ્તો છોડવા ચાહતો ન હતો. દેવીદીનને જોતાં તેનું મસ્તક આપોઆપ ઝૂકી જતું; તે કોઇ દલીલથી પોતાનો પક્ષ સિદ્ધ ન કરી શકતો. તેને એમ લાગ્યું કે, મારે માટે સૌથી ઉત્તમ માર્ગ એજ છે કે, તેને ગળવા કરવાનું જ છોડી દઉ આ શહેરમાં ત્રણ પ્રાણીઓને છોડીને કોઇ ચોથા માણસ સાથે તેને પરિચય ન હતો, કે જેની આલોચના કે તિરસ્કારનો તેને ભય હોય.

મોટર આમતેમ ફરતી ફરતી લાખણા બીજ તરફ જઇ રહી હતી. એટલામાં રમાનાથની નજર માયા ઉપર ગંગાજલનો ઘડો રાખીને ઘાટ ઉપરથી આવતી સ્ત્રી ઉપર પડી તેનાં કપડાં ઘણા મેલાં થઇ રહ્યાં હતાં અને તે એટલી કૃશાંગી હતી કે ઘડાના ભારથી તેની ગરદન દબાઇ જતી હતી. તેની ચાલ કાંઇક જાલપાની ચાલને મળતી આવતી લાગી. તેને લાગ્યું કે જાલપા અહીં શું કામ આવશે, પરંતુ એકજ પળમાં મોટર આગળ વધી ગઇ અને રમાનાથને એ સ્ત્રીનું મુખ દેખાયું. તેની છાતી જાણે બંધ થઇ ગઇ. તે જાલપા જ હતી તેણે પોતાનું માથું ઢાંકપીછોડીને પાછું ફરીને જોયું. બેશક તે જાલપા હતી. પરંતુ કેટલી દુર્બળ ! કેમ જાણે કોઇ વૃદ્ધા, અનાથા ન હોય ! ન હતી તે કાન્તિ, ન હતું તે લાવણ્ય, ન હતી તે ચંચળતા, ન હતો તે ગર્વ. રમાનાથ હૃદયહીન ન હતો. તેની આંખો ભરાઇ ગઇ. જાલપા આ દશામાં ! અને તેય મારા જીવતાં ! જરૂર દેવીદીને તેને કાઢી મૂકી હશે અને તે મજુરણ બનીને પોતાનો નિર્વાહ કરી રહી હશે. નહિ, દેવીદીન એટલો નિર્દય નથી જાલપાએ પોતેજ તેના આશ્રયમાં રહેવાનું કબૂલ ન કર્યું હશે. માનિની છે જ ને. કોને ખબર શી વાત છે !

મોટર દૂર નીકળી આવી હતી. રમાનાથની બધીય ચંચળતા, બધાય ભોગવિલાસ જેમ થઇ ગયા હતા. મલિનવસના, દુઃખિની જાલપાની એ મૂર્તિ તેની આંખો સામે ખડી હતી. કોને કહે ? શું કહે ? અહીં કોણ પોતાનું છે ? જાલપાનું નામ પણ જબાન ઉપર આવી જાય તો બધાય ચોંકી પડે અને ફરી ઘરમાંથી બહાર નિકળવાનું પણ બંધ કરી દે. ઓહ ! જાલપાના મુખ ઉપર શોકની કેવી ઘેરી છાયા હતી ! આંખોમાં કેટલી નિરાશા હતી ! આહ, એ સંકોચાઇ મચેલી આંખોમાં

જાણે અજાણ્યા હૃદયમાંથી નીકળતી કેટલી આહ માથાથી ઉપર નીકળતી માલમ પડતી હતી ! કેમ જાણે તેના ઉપર કદિ હાસ્ય આવ્યું જ નહિ હોય; જાણે એ કદિ ખીલ્યા વિના જ ચીમળાઈ ગયું !

થોડી વાર પછી જેહરા આવી; હમકતી, હસતી, લચકતી; પરંતુ આજે રમાનાથ તેનાથી પણ અળગો ને અળગો રહ્યો

જેહરાએ પૂછ્યું: "આજે કોઈની યાદ આવી રહી છે કે શું ?"

એટલું કહેતાં તેણે પોતાના ગોળ, માંસલ જેવા નરમ હાથ તેની મરદનમાં નાખીને પોતાની તરફ તેને ખેંચ્યો. રમાનાથે પોતાના તરફથી જરા પણ જોર ન કર્યું. તેનાં હાથ ઉપર પોતાનું મસ્તક મૂકી દીધું; કેમ જાણે કે એ જ તેનો આશ્રય ન હોય.

જેહરાએ કોમળતામાં ડૂબેલા સ્વરે પૂછ્યું: "સાચું કહો ,આજે આટલા ઉદાસ કેમ છો ! શું મારાથી કોઈ વાતે નારાજ થયા છો ?"

આવેશથી કંપતા સ્વરે રમાનાથે કહ્યું. "નહિ જેહરા, તે મારા ઉપર, અભાગી ઉપર જે દયા કરી છે, તેને મારે હું હમેશાં તારો એહસાનમન્દ રહીશ. જે વખતે મારાં જીવનની તુરેલી નૌકા ગોતાં ખાઈ રહી હતી તે વખતે તે મને સંભાળી લીધો. એ દિવસ મારી જીંદગીનો સૌથી વધુ મુબારક દિવસ છે, અને તેની સ્મૃતિને હું મારા દિલમાં નરાનર પૂજતો રહીશ. પરંતુ અભાગિયાઓને મુસીબત વારવાર પોતાના તરફ ખેંચે છે. પ્રેમનું જોબન પણ તેને એ તરફ ખેંચાતું અટકાવી શકતું નથી. મેં આજે લક્ષ્મણને જે સૂરતમાં જોયો છે, તે મારાં દિલને બાબાની માફક વીંધી રહી છે. તે આજે કોરેલાં મેલાં કપડાં પહેરીને માથા ઉપર ગંજાજલનો ઘડો રાખીને ચાલી જતી હતી. તેને આ હાલતમાં જોઈને મારું દિલ ટુકડા ટુકડા થઈ ગયું. મને મારી જીંદગીમાં કદિ આટલું દુઃખ થયું ન હતું. જેહરા ! કહી નથી શકતો તેના ઉપર શી વાત વીતી રહી છે."

જેહરાએ પૂછ્યું: "એ તો પેલા બુઢ્ઢા માલદાર બાપને ઘરે હતીને ?"

રમાનાથ: "હા; હતી તો ખરી; પરંતુ તે સાંજે કેમ ચાલી ગઈ તે કહી નથી શકતો. ઇન્સ્પેક્ટર સાહેબ મારી સાથે હતા. તેમની સમક્ષ હું તેમને કાંઈ પૂછી પણ ન શકેો. હું જાણું છું કે તે મારા તરફ જોતા મુખ ફેરવી લેત અને કદાચ મને તુચ્છ સમજત. પરંતુ મને ખોળામાં ખોલું એટલું તો માલમ પડી જાત કે તે અત્યારે આવી દશામાં કેમ છે. જેહરા, તું મને ચાહે દિલમાં ગમે તે સમજી રહી હોય, પરંતુ હું તો એજ વિચારમાં મગ્ન છું કે તને મારા ઉપર પ્રેમ છે. અને પ્રેમ કરવાવાળા તરફથી આપણે ખોળામાં ખોળી હમદર્દીનો;તો આશા રાખીએ બીજે. અહીં જેવો એક પણ માણસ નથી કે જેની સમક્ષ હું મારા દિલની કાંઈક હાલત કહી શકું. તને પણ, મને રસ્તા ઉપર ઘસડાને ઓરેજ ખોળવામાં આવી હતી. પરંતુ તને મારા ઉપર દયા આવી. કદાચ, પછી ગએલા માણસને ઠોકર મારવાનું તને મુનાસબ ન લાગ્યું હશે. જે આજે તારી અને મારી વચ્ચે કોઈ કારણસર અણબનાવ થઈ ગયો તો શું કાલે મને મુસીબતમાં જોઈને મારી સાથે તું જરા પણ હમદર્દી નહિ કરે ? શું મને ભૂખે મરતો જોઈને મારી સાથે, માણસ કૂતરા સાથે કરે છે એવી જરા પણ વધારે સરળ વર્તન તું ન કરે ? મને તો એની આશા નથી. જ્યાં એક વાર પ્રેમે વાસ કર્યો હોય, ત્યાં કાયે ઉદાસીનતા

આવ્યો કેટલાક દિવસ પિંજરાની બહાર રહીને પણ તેનાથી ઉડવાનું સાહસ ન થઈ શકયુ. હવે તેની સામે નવીન દૃશ્ય હતું. તે કાંઇ નાનું સરખું કુલ્લીઓવાળુ પિંજરૂ ન હતું: પરંતુ મૂલોથી લહરાતો બાગ હતો, જ્યાંની કેદમાં પણ સ્વાધીનતાનો આનદ હતો તે એ બાગમાં ક્રીડાનો આનન્દ શા માટે ન ઉડાવે !

૨૧

રમાનાથ જેમ જેમ જોહરાના પ્રેમપાશમાં ફસાતો જતો હતો તેમ તેમ પોલીસના અધિકારી વર્ગ તેના તરફથી નિઃશંક થતા જતા હતા તેના ઉપર જે અકુશો મુકવામાં આવ્યા હતા તે ધીમે ધીમે, ઢીલા થવા લાગ્યા. તે એટલે સુધી કે, એક દિવસ સાંજે ડેપ્યુટીસાહેબ સહેલ કરવા ગયા તો સાથે રમાનાથને પણ મોટરમાં બેસાડતા ગયા. જ્યારે મોટર દેવીદીનની દુકાન આગેથી પસાર થઇ ત્યારે રમાનાથે પોતાનું માથું એવી રીતે અંદર ખેચી લીધું કે, કોઇની નજર ન પડી જાય જાલપા છે કે ચાલી ગઇ છે, એ જાણવાની તેને ઘણીજ ઉત્સુકતા હતી; પરંતુ તે પોતાનું માથું બહાર ન કાંઢી શકયો મનમા તો તે પણ હજી સમજતો હતો કે, મે જે રસ્તો પકડયો છે તે, કાંઇ બહુ સારો નથી પરંતુ એ જાણવા છતાં તે એ રસ્તો છોડવા ચાહતો ન હતો. દેવીદીનને જોતાં તેનુ મસ્તક આપોઆપ ઝૂકી જતુ; તે કોઇ દલીલથી પોતાનો પક્ષ સિદ્ધ ન કરી શકતો. તેને એમ લાગ્યુ કે, મારે માટે મોથી ઉત્તમ માર્ગ એજ છે કે, તેને ગળવા કરવાનુજ છોડી દઉ આ શહેરમાં ત્રણ પ્રાણીઓને છોડીને કોઇ ચોથા માણસ સાથે તેને પરિચય ન હતો, કે જેની આલોચના કે તિરસ્કારનો તેને ભય હોય.

મોટર આમતેમ ફરતી ફરતી હાળા

બીજી તરફ જઇ
રમાનાથની નજર
ઘડો રાખીને ઘાટ
પડી તેનાં કપડાં ઘણા મેલાં
અને તે એટલી કૃશાંગી હતી
ભારથી તેની મરદન દબાઇ જતી હ
ચાલ કાંઇક જાલપાની ચાલને મળતી આ
લાગી. તેને લાગ્યું કે જાલપા અહીં શું કામ આવશે, પરંતુ એકજ પળમાં મોટર આગળ વધી ગઇ અને રમાનાથને એ સ્ત્રીનું મુખ દેખાયું. તેની છાતી જાણે બંધ થઇ ગઇ. તે જાલપા જ હતી. તેણે પોતાનું માથું ઢાંકીને પાછુ ફરીને જોયું. બેશક તે જાલપા હતી. પરંતુ કેટલી દુર્બળ ! કેમ જાણે કોઇ વૃદ્ધા, અનાથા ન હોય ! ન હતી તે કાન્તિ, ન હતુ તે લાવણ્ય, ન હતી તે ચંચળતા, ન હતો તે ગર્વ, રમાનાથ હૃદયહીન ન હતો તેની આંખો સજળ થઇ ગઇ. જાલપા આ દશામાં ! અને તેય મારા જીવનમાં ! જરૂર દેવીદીને તેને કાઢી મૂકી હશે અને તે મજુરથુ બનીને પોતાનો નિર્વાહ કરી રહી હશે નહિ. દેવીદીન એટલો નિર્દય નથી જાલપાએ પોતેજ તેના આશ્રયમાં રહેવાનું કબૂલ ન કર્યું હશે માનિની છે જ ને કોને ખબર શી વાત છે !

મોટર દૂર નીકળી આવી હતી. રમાનાથની બધીય ચંચળતા, બધાય ભોગવિલાસ જેમ થઇ ગયાં હતાં. મલિનવસના, દુઃખિની જાલપાની એ મૂર્તિ તેની આંખો સામે ખડી હતી. કોને કહે ? શું કહે ? અહીં કોણ પોતાનુ છે ? જાલપાનુ નામ પણ જબાન ઉપર આવી જાય તો બધાય ચોકી પડે અને ફરી ઘરમાંથી બહાર નિકળવાનું પણ બધ કરી દે. ઓહ ! જાલપાના મુખ ઉપર શોકની કેવી ઘેરી છાયા હતી ! આંખોમાં કેટલી નિરાશા હતી ! આહ, એ સંકોચાઇ ગએલી આંખોમાં

જાણે ગઈકાલનાં હૃદયમાંથી નીકળતી કેટલી આહ માથાથી ઉપર નીકળતી માલમ પડતી હતી ! કેમ જાણે તેના ઉપર કંઈ હાસ્ય આવ્યું જ નહિ હોય; જાણે એ કળિ ખીલ્યા વિના જ ચીમળાઈ ગઈ !

થોડી વાર પછી જેહરા આવી; ઠમકતી, હસતી, લચકતી; પરંતુ આજે રમાનાથ તેનાથી પણ અતડો ને અતડો રહ્યો.

જેહરાએ પૂછ્યું: "આજે કોઈની યાદ આવી રહી છે કે શું ?"

એટલું કહેતાં તેણે પોતાના ગોળ, માખણ જેવા નરમ હાથ તેની મરદનમાં નાખીને પોતાની તરફ તેને ખેંચ્યો રમાનાથે પોતાના તરફથી જરા પણ જોર ન કર્યું. તેનાં હૃદય ઉપર પોતાનું મસ્તક મૂકી દીધું; "કેમ જાણે કે એ જ તેનો આશ્રય ન હોય !"

જેહરાએ કામળતામાં ડૂબેલા સ્વરે "સાચું કહો, આજે આટલા ઉદાસ છો ? શું મારાથી કોઈ વાતે પટ્યો રહ્યો છો ?" કહું છું અહીંથી આવેશથી કંપતા

"નહિ જેહરા, તેં કંઈ ! હવે તો બકરીને પણ ઉપર જે દયા કરી કેમ ન આવે ! ચાલ તારો જેહસાનમન્જકના દે."

જીવનની તૂટેલી કડીને તેમણે જેહરાને હાથ પકડ- તે વખતે તેડી.

મારી જી રમાનાથે તેના હાથને ઝટકો મારીને છે, અને "કું કહી ચૂક્યો કે, આપ અહીંથી બરાબર ચાલ્યા જાવ. જેહરા આ વખતે જરૂર કંઈ મુશીબત નથી. જો તે ગઈ તો હું તેનું તેમજ પ્રેમનું મારું અન્નનું ખૂન પી જઈશ. જેહરા મારી જાત કે અને જ્યાંસુધી હું છું ત્યાંસુધી કોઈ તેના જે નરફ આંખ ઉઠાવી શકે નહિ."

આમ કહેતાં કહેતાં તેણે ઘરોબાસાહેબનો ગંભીરપણે ધડો રાખીને ચાલી જતી હતી તેને આ હાલતમાં જોઈને મારું દિલ ટુકડા ટુકડા થઈ ગયું. મને મારી જીંદગીમાં કદિ આટલું દુઃખ થયું ન હતું. જેહરા ! કહી નથી શકતો તેના ઉપર શી વાત વીતી રહી છે."

જેહરાએ પૂછ્યું: "એ તો પેલા જ માલદાર બકીલને ઘરે હતી ને ?" ન બચ્ચાને

રમાનાથ: "હા; હતી નાખુ. પોતાનો તે સાથી કેમ ચાલી ધન્યપેકટર સા" અકવા દો, એની મેળે ચાલ્યો સમજી."

કું રમાનાથ "ચાલ્યો ગયો !"

જેહરાએ મગ્ન થઈને કહ્યું "તમે ઘણું જ સારું કર્યું કે સુન્દરને બહાર કાઢી મુકયો મને લઈ જઈને હેરાન કરતો હતો, શું તમે સાચેસાચ તેને મારત ?"

રમાનાથ "હું તેને જાન લઈને જ છોડત. હું તે વખતે મારા પોતાના કાબુમાં ન હતો. કોણ જાણે તે વખતે મારામાં કયાંથી એટલી બધી તાકાત આવી ગઈ હતી."

જેહરા. "અને જો તે કાલથી મને ન આવવા દે તો ?"

રમાનાથ "કોણ ? જો આ વખતે તે જરા પણ કાચા પડશે તો ગોળી ચલાવી દઈશ. જોઈલે જો, કબાટ ઉપર પિસ્તોલ રાખી છે. તું હવે મારી જ છે, જેહરા ! મેં મારું સર્વ કંઈ તારા કદમ ઉપર અર્પણ કરી દીધું છે અને તારું સર્વ કંઈ મેળવીને જ હું સંતુષ્ટ થઈ શકીશ. તું મારી છે, હું તારો છું. જ્યાંસુધી હું મરી ન જાઉં ત્યાં સુધી આપણી વચ્ચે આવવાની કોઈ સ્ત્રીમાં કે પુરૂષની મગદૂર નથી."

જેહરાની આંખો ચમકી રહી હતી તેણે

રમાનાથની મરદનમાં હાથ નાખીને કહ્યું: "એવી વાત મુખમાંથી ન કાઢો, બહાલા!"

૨૨

આખો દિવસ રમાનાથ ઉદ્વેગના જંગલમાં ભટકતો રહ્યો. કદિ નિરાશાની અન્ધકારમય ઘટાઓ સામે આવી જતી; કદિ આશાની લહેરાતી હરિયાળી આવી જતી. જોહરા મરી પણ હશે! અહીંથી તો ઘણી લાંબી ચોડી વાતો કરીને ગઈ હતી. તેને શી મરજ છે! આવીને કહી દેશે કે મુલાકાત નહિ થઈ. કાંઈ દગો તો નહિ કરે ને! કદાચ જઈને ડેપ્યુટી સાહેબને બધી કથા કહી સંભળાવે. બિચારી જલપા ઉપર બેઠાં બેઠાં આફત આવી જાય. શું જોહરા એટલી નીચ પ્રકૃતિની થઈ શકે છે! કદિ નહિ; જો જોહરા એટલી બેવફા, એટલી દગાબાજ હોય તો આ દુનિયા રહેવાને લાયક નથી. જેટલું જલદી માણસ મોં પર કાલિમા લગાડીને દૂબી મરે તેટલું સારું. નહિ, જોહરા મારી સાથે દગો નહિ કરે. તેને એ દિવસ યાદ આવ્યો, જ્યારે તે કચેરીમાં આવતાની સાથેજ જલપા લપકી જઈને તેના ખિસ્સાં ખોળતી હતી અને રૂપીયા કાઢી લેતી હતી, તે જલપા આજે આટલી સત્યવાદિની થઈ ગઈ. ત્યારે તે પ્યાર કરવાની વસ્તુ હતી: અત્યારે તે ઉપાસનાની વસ્તુ છે. જલપા! તું તારે યોગ્ય નથી. જે ઉંચાઈ ઉપર તું મને લઈ જવા ચાહે છે, તે ઉંચાઈ સુધી પહોંચવાની મારામાં શક્તિ નથી. ત્યાં પહોંચીને કદાચ તું ચક્કર ખાઈને પડી જાઈ. તું હજી પણ તારા ચરણો પર માથું નમાવું છું. તું જાણું છું કે તેં મને તારાં હૃદયમાંથી કાઢી નાખ્યો છે, તું મારાથી વિરક્ત થઈ ગઈ છે; તને હવે મારા દુઃખનું દુઃખ નથી, તેમ તરવાની ખુશામો પણ નથી; પરંતુ કદાચ હજી પણ મારા મરવાના અથવા કોઈ ઘોર સંકટમાં ફસાઈ જવાની ખબર સાંભળીને તારી આંખોમાંથી આંસુ સરી પડશે. કદાચ તું મારી લાશ જોવા આવે. હા! પ્રાણ કેમ નીકળી નથી જતો, કે તારી નિગાહમાં આટલો નીચ તો ન રહું.

જલપાની વાત પોતે ન માનવાની ભૂલ કરી, તેથી હવે રમાનાથને ઘોર પશ્ચાત્તાપ થઈ રહ્યો હતો. જો તેણે જલપાના આદેશ અનુસાર જજની તપાસમાં પોતાનું ધ્યાન બદલી દીધું હોત, ધમકીમાં ન ફસાઈ જતાં હિંમત મજબૂત રાખી હોત તો તેની આ દશા થાની થાત! જલપાની સાથે તે બધી કઠિનાઈઓનો પાર પામી જાત, એવો તેને વિશ્વાસ હતો. પ્રેમની શ્રદ્ધા અને પ્રેમનું કવચ પહેરીને તે અજેય થઈ જાત. જો તેને ફાંસી દેવાઈ જાત તો તે હસતાં હસતાં ફાંસીપર ચઢી જાત.

પરંતુ પહેલાં તેનાથી ચાહે તે ભૂલ થઈ હોય, આ વખતે તો તે ભૂલથી નહિ, પરંતુ જલપાની ખાતર આ કષ્ટ ભોગવી રહ્યો હતો. જો કેદ ભોગવવાની જ હોય તો રડી રડીને ભોગવવા કરતાં, હસી હસીને ભોગવવામાં આવે તે જ ઘણા કરતાં વધારે સારું છે. આખરે પોલીસ અધિકારીઓના દિલમાં પોતાનો વિશ્વાસ જમાવવાને માટે તે બીજું શું કરે! એ દુષ્ટો જલપાને સતાવત, તેનું અપમાન કરત, તેના ઉપર જુઠ્ઠો મુકદ્દમો ચલાવીને તેને સજા કરાવત. એ દશા તો એનાથીયે અસહ્ય હોત. તે દુર્બળ હતો. સર્વ અપમાન સહન કરી શકતો હતો: જલપા તો કદાચ પ્રાણ પણ આપી દેત.

તેને આજે માલમ પડ્યું કે તે જલપાને છોડી શકે એમ નથી; અને જોહરાને તજ

હેવાનું પણ તેને માટે અસંભવિત જેવું લાગતું હતું. શું તે બન્ને જીવોને પ્રસન્ન રાખી શકે એમ છે ? શું આવી દશામાં લક્ષ્મણા તેની સાથે રહેવાનો સ્વીકાર કરશે ? કદિ નહિ; કદાચ લક્ષ્મણા તેને કદિ ક્ષમા નહિ કરે ! કદાચ તેને એ માલમ પણ પડી જાય કે, તેને જ ખાતર પોતે વાતના વેડી રહ્યો છે તો પણ લક્ષ્મણા તેને ક્ષમા નહિ કરે તે કહેવું, મારે માટે તમે તમારો આત્મા શા માટે કલંકિત કર્યો ? હું મારી રક્ષા જાતે કરી શકતી હતી.

દિવસભર તે આજ મડમયલમાં પડી રહ્યો આંખો સડક, તરફ લાગી રહી હતી. નહાવાનો સમય વીતી ગયો, ભોજનનો સમય પણ વીતી ગયો કોઇ વાતની પરવા ન હતી. ઘણાં વાંચી દિલ બહલાવવા પ્રયત્ન કર્યો, નવલકથા બધને જોઇ; પરંતુ કોઇપણ કામમાં ચિત્ત ન ચોંટયું. આજે ગોરાજી પણ ન આવ્યા. તેઓ તો રાતની ઘટનાથી રિસાયા કે શરમાયા હશે. કદાચ કર્યાં બહાર ચાલી ગયા હશે. રમાનાથે આ બાબતમાં કોઇને કાંઇ પૂછયું પણ નહિ.

સર્વ દુર્બળ માણસોની જેમ રમાનાથ પણ પોતાનાં વચનથી લજ્જિત થયો હતો. તે જ્યારે એકાંતમાં બેસતો ત્યારે તેને પોતાની દશા ઉપર દુઃખ થતું. શું તેની વિલાસવૃત્તિ બાદલી પ્રબળ છે ? તે એટલો બધો વિવેક-શૂન્ય ન હતો કે, અસીમતિમાં પણ પ્રસન્ન રહે પરંતુ જ્યાં પેલા મોટા આવી પહોંચતા કે ગરીબની બાદલીઓ આવી જતી, લોદરા સામે આવીને બેસી જતી. લેનો અભાવ વિવેક અને ધર્મજ્ઞાન બંધ થઈ જતાં.

રાતના દશ વાગી ગયા પણ લોદરાનો કાંઇ પત્તો ન હતો. ઘણો બધ થઇ ગયો. રમાનાથને હવે તેના આવવાની આશા ન રહી, પરંતુ તે છતાં તેના કાન તે તરફજ લાગી રહ્યા હતા. શી વાત બની ! લક્ષ્મણા તેને મળી જ નહિ કે તે લક્ષ્મણાને મળવા ગઇ જ નહિ ? તેણે નિશ્ચય કર્યો કે જો કાલે લોદરા ન આવી તો તેને ઘરે કોઇને મોકલીશ. તેને બે એક બોકાં ગાળી જવાં અને સવાર થઇ ગયું. કરી એજ વિકળતા થઇ કોઇને ઘરે મોકલી, લોદરાને બોલાવતી બોધ્યે કાંઈ નહિ તો બેટકી તો ખબર મળી જાય કે તે ઘરે છે કે નહિ.

ગોરાજીની પાસે જઇને તે બોલ્યો " રાતે તો આપ જાનમાં ન હતા "

ગોરાજીએ કાંઈ છુપાવતાં કહ્યું " એમ વાત ન હતી. હું સહેજ આપને ચીઢવી રહ્યો હતો. "

રમાનાથ " લોદરા રાત્રે આવી નહિ. જરા કોઇને મોકલી ખબર તો કરાવો કે શી વાત છે. કાંઈ નારાજ તો નથી થઇ બધને ? "

ગોરાજીએ મોઢામાંથી કહ્યું: " તેને જરૂર હશે તો જાતે આવશે. કોઇને મોકલવાનો જરૂર નથી. "

રમાનાથે ફરી આમદ કર્યો. સમજી ગયો કે એ મહાશય રાતના રિસાઈ ગયા છે. એટલે ગાન્તિથી તે ચાલી આવ્યો. હવે કોને કહે ? સર્વને આ વાત કહેવી એ તો શરમ જનક લાગતું હતું. કોઇ સમજશે કે આ મહાશય જ એક રસિયા નીકળ્યા. ગોરાના માથે તો થોડો પનિષ્ટ મનોમેષ બધાઇ ગયો હતો.

જ દિવસ સુધી લોદરાનું દર્શન ન થયું. હવે તેના આવવાની કોઇ આશા ન રહી. રમાનાથે માનું કે આખરે જેવા નીકળ્યા.

તેના તરફથી કાંઇ આશા રાખવામાંજ મારી ભૂલ હતી કદાચ એમ પણ હોય કે પોતીસ અધિકારીઓએ તેને આવવાનીજ મનાઇ કરી દીધી હોય. કાંઇ નહિ તો મને એક પત્ર તો લખી શકતી હતી. મને કેટલો સ દેહ થયો. મેં નકામી મારાં દિલની વાત તેને કહી. કદાચ તે આ લેાકેાને બધી વાત કહી દે તો, હાલની આફત ગળે વળગી જાય, પરતુ જોઇએ એવકાશ નહિ કરી શકે. રમાનાથનો અંતરાત્મા એની સાક્ષી આપી રહ્યો હતો. એ વાત કોઇપણ રીતે તેનાથી સ્વીકારાતી ન હતી શરૂઆતના દશ પંદર દિવસ તો જોહરાએ જરૂર તેને લુબ્ધ કરવાની ચેષ્ટા કરી હતી પછી, અનાયાસે જ તેના વ્યવહારમાં પરિવર્તન થવા લાગ્યું હતું. તે કેમ વારંવાર સજળ નેત્રો કરીને કહેતી હતી, ' જુઓ બાબુજી મને ભૂલી ન જશો. ' તેની એ પ્રેમભરી વાતો યાદ આવી આવીને, કપટની શકાને દિલમાંથી કાઢી નાખતી હતી જરૂર કોઇને કોઇ નવી વાત બની ગઇ છે. તે એકલો એકાન્તમાં બેસીને જોહરાનું સ્મરણ કરી, બચ્ચાંની માફક રડતો. સવારમાં તેને ઘૃણા થઇ જતી હારોગાજી આવતા, ઇન્સ્પેક્ટર સાહેબ આવતા, પરતુ રમાનાથને તેઓ માથે પાંચ દશ મીનીટ બેસવાનુ પણ ન ગમતુ. તે ચાહતો હતો કે મને કોઇ ન છેડે, મારી સામે કોઇ ન બોલે રસોઇયો જમવાને માટે બોલાવવા આવતો તો તે ધુરકી ઉઠતો. કયાંક ફરવા કે મહેલ કરવા જવાની તેને ઇચ્છા પણ થતી ન હતી. અહીં કોઇ તેનું હમદર્દ ન હતું; કોઇ તેનો મિત્ર ન હતો; એકાંતમાં મન મારીને બેસી રહેવામાં જ તેને ચિત્તની શાન્તિ મળતી હતી તેની સ્મૃતિઓમા પણ હવે કોઇ આનન્દ ન હતો. નહિ, એ સ્મૃતિઓ તો જાણે તેના હૃદયમાંથી મટી ગઈ હતી તેના દિલ ઉપર એક પ્રકારનો વિરાગ છવાઈ રહ્યો હતો.

સાતમો દિવસ હતો આઠ વાગી ગયા હતા. આજે એક ઘણીજ સારી ફિલ્મ આવી હતી. એક પ્રેમકથા હતી હારોગાજીએ આવીને રમાનાથને કહ્યું એટલે તે જવા માટે તૈયાર થઈ ગયો. તે કપડાં પહેરી રહ્યો હતો એટલામાં જોહરા આવી પહોંચી. રમાનાથે એક વાર તેના તરફ આંખ ઉઠાવીને જોયું; પછી આયનામાં પોતાના વાળ સમા કરવા લાગ્યો ન કાંઈ બોલ્યો, કે ન કાંઈ કહ્યુ. હા, જોહરાનુ એ સાદુ, આભરણ વિનાનું સ્વરૂપ જોઇને તેને કાંઇક આશ્ચર્ય જરૂર થયું તેણે માત્ર એક સફેદ સાડી પહેરી હતી. આભુષણનો એક તાર શરીર તેના દેહ ઉપર ન હતો. ઓઠ સૂકાઈ ગએલા હતા; અને ચહેરા ઉપર ક્રીડામય ચંચલતાને સ્થાને તેજમય ગભીરતા ઝગકી રહી હતી.

તે એક મીનીટ ઉભી રહી. પછી રમાનાથની પાસે જઇને બોલી: " કેમ, મારાથી નારાજ થયા છો ? વિના ભૂલે ? કાંઈ પૂછયા ગાછયા વિના ? "

રમાનાથે હજી પણ કાંઈ જવાબ ન આપ્યો તે જોડા પહેરવા લાગ્યો. જોહરાએ તેનો હાથ પકડીને કહ્યું: " હું આટલા દિવસ કેમ આવી નહિ, તેને માટે ગુસ્સો છે ? "

રમાનાથે રિસાઇને જવાબ આપ્યો: " જો હું હજી પણ ન આવત તો મારો શો અખત્યાર હતો ? તું આવી એ તારી દયા છે. "

એટલું કહેતાંની સાથે જ તેને વિચાર આવ્યો કે હું એની સાથે અન્યાય કરી રહ્યો છું. તે બલિજત નેત્રોથી તેની તરફ તાકવા લાગ્યો.

જોહરાએ હસીને કહ્યું " એ ઠીક દિલ-લગી છે. આપે જ તો એક કામ સોંપ્યું અને જ્યારે એ કામ કરીને પાછી ફરી તો આપ ચીઢાઈ રહ્યા છો. શું તમે એ કામ એટલું બધું સહેલું સમજ્યું હતું કે ચપટી વગાડતાંની સાથે પૂરૂ થઈ જાય ! તમે મને એ દેવી પાસે વરદાન લેવા માટે મોકલી હતી જે ઉપરથી ફૂલ જેવી છે; અંદરથી પત્થર જેવી જે આટલી નાજુક હોવા છતા, પણ આટલી મજબુત છે. "

રમાનાથે બેદિલીથી પૂછ્યું " છે કયાં ? શું કરે છે ? "

જોહરા " પેલા દિનેશને ઘરે છે, જેને ફાસીની સજા થઈ ગઈ છે. તેને બે બાળકો છે; બ્રી છે અને બા છે. દિવસભર એ બચ્ચાંને રમાડે છે, બુઢીને માટે નદી પરથી પાણી લાવે છે; ઘરનું બધું કામકાજ કરે છે અને તેમને માટે મોટા મોટા માણસો પાસે ફાળો માગી લાવે છે. દિનેશના ઘરમાં ન કાંઈ મિલકત હતી, ન રૂપિયા હતા. એ લોકો બધી તકલીફમાં હતા. કોઈ મદદગાર સરખુ પણ ન હતું, કે જે બઈને તેમને આશ્વાસન પણ આપે. જેટલા સાથી સૌજન્યો હતા તે સર્વ મુખ ફુપાવી બેઠા. બે જણ તો ઉપવાસ પણ થઈ ગયા હતા. બાજપાએ બઈને તેમને ઝવાડી દીધા. "

રમાનાથની બધી બેદીલી ફર થઈ ગઈ તેણે જોરા ઝાડી નાખ્યા. ખુરશી પર જમને તે બોલ્યા અને બોલ્યોઃ " તું ઉભી કેમ રહી છે ? ઝરબાતથી બધું કહે, તેં તો વચમાંથી કહેવાની ઝરબાત કરી. એક વાત પણ જોગીશ નહિ તું પરેવાં તેની પાસે કેવી રીતે પહોંચી ? પત્તો કેવા રીતે લાગ્યો ? "

જોહરા " કાંઈ નહિ: પરેવાં એ રેવતીન બહેનની પાસે ગઈ તેણે દિનેશના ઘરનો પત્તો બતાવી દીધો. એટલે ઝટપટ ત્યાં જઈ પહોંચી "

રમાનાથ " તેં જઈને તેને બોલાવી ? તને જોઈને કાંઈ ચોકી નહિ ? કાંઈક ચમકી તો જરૂર હશે ! "

જોહરા હસીને બોલી " હુ બા રૂપમાં ન હતી રેવતીનને ધરવી હું મારે ઘરે ગઈ. અને બહુસમાજી બીનો સ્વાંગ સજ્યો કોણ જાણે મારામાં એવી કઈ વાત છે કે જેથી બીજાઓને તરત પત્તો લાગી જાય છે કે હું કોણ છું અને શું છુ ? બીજી બહો બીજાને જોઉ છું તો કોઈ તેમની તરફ આંખ સુદ્ધાં નહિ ઉઠાવે. મારા પહેરવા ઓઢવાનુ એવુ જ છે. હું બનાવે એવા કપડાં કે ઘરેણાં બીજુ પણ નથી પહેરતી. છતાં પણ સર્વ મારી તરફ આખો ફાડી ફાડીને જુએ છે મારી અમલિયત નથી છૂપાતી મને પણ એજ ભય હતો કે જાહપા મને ઓળખી ન જાય; પરંતુ મેં હાંત ખૂબ સાફ કરી લીધા હતા પાનનુ નિશાન સુદ્ધાં ન રહ્યું હતું કોઈ કોલેજની વિદ્યિકા જેવી માલમ પડતી હતી એવી જ વિદ્યસમાં હું ત્યાં પહોંચી. એવી સૂરત બનાવી લીધી કે તે તો શું પણ કોઈ બીજુ પણ ન ઓળખી શકે પડદો ઢાંકી રાખ્યો હતો મે દિનેશની માને કહ્યુઃ " હું અહીં પુનીવર્સીટીમા બણ્યુ છુ. મારૂં ઘર મુઝેર હોવાનુ જણાવ્યું બચ્ચાને માટે મીઠાઈ લઈ ગઈ હતી. દમાદનો પાઠ ભજવવા ગઈ હતી અને મને લાગે છે કે મે તે બધી સારી રીતે ભજવ્યો. બન્ને બોબા બિચારી રડવા લાગી. હું પણ શાન્ત ન રહી શકી. તેઓને કહિ કહિ બગતા રહેવાનો વારો કર્યો એટલામાં ગજાજલ લઈને જાહપા આવી પહોંચી મેં દિનેશની માતાને બનાવી બાબામાં પૂછ્યુઃ ' શું આ કામ કરનારી

મજુરણ છે ?' તેમણે કહ્યું '–નહિ, એ પણ તમારી જેમ અમારા લોકોના દુઃખમાં ભાગ લેવાને આવી પહોંચી છે અહીં એનો પતિ કોઇ કચેરીમાં નોકર છે. બીજી તો કાંઇ ખબર નથી. રોજ સવારે આવી પહોંચે છે, અને બાળકોને રમાડવા લઇ જાય છે હું મારા હાથે જ ગગાજલ લઇ આવ્યા કરતી હતી. મને રોકી લીધી અને પોતે લાવવા લાગી છે. અમને તો એણે જીવનદાન આપ્યું. કોઇ આગળ પાછળ ન હતુ. બચ્ચાં દાણા દાણા માટે તલસતાં હતાં. જ્યારથી એ આવી ગઇ છે ત્યારથી અમને કાંઈ કષ્ટ નથી. કોણ જાણે, કયાં શુભ કર્મનું અમને આ વરદાન મળ્યું.' એ ઘરની સામે જ એક નાનો સરખો પાર્ક છે. મહોલ્લાભરના છોકરાંઓ ત્યા રમ્યા કરે છે. સાજ થઇ ગઇ હતી. જાલપાદેવીએ બન્ને બાલકોને લીધાં અને પાર્ક તરફ ચાલવા માંડયું. હું જે મીઠાઇ લઇ ગઇ હતી તેમાંથી એક એક મુઠ્ઠીએ બાળકોને આપી હતી. બન્ને કૂદવા નાચવા લાગ્યાં. બચ્ચાંની આ ખુશીયો મને રડવુ આવી ગયું. બન્ને મીઠાઇ ખાતાં ખાતાં જાલપાની સાથે ગયાં. જ્યારે પાર્કમાં બન્ને બાલકો રમવા લાગ્યા ત્યારે જાલપા સાથે મારી વાતચીત થવા લાગી !"

રમાનાથે ખુરસી નજીક ખેંચી લીધી અને આગળ પૂછ્યું: "તેં કેવી રીતે વાતચીત શરૂ કરી ?"

જોહરા "કરી તો રહી છું. મેં પૂછ્યું– જાલપાદેવી તમે કયાં રહો છો ? ઘરની બન્ને બારીઓદ્વારા તમારી મોટાઇની વાત સાંભળીને હું તમારા ઉપર આશક થઈ ગઇ છું."

રમાનાથ. "આ શબ્દો કયા હતા તેં ?"

જોહરા "હા, જરાં મજાક કરવાનું મન થયું. તે મારી તરફ તાજુબીથી જોઇને બોલી. 'તમે તો બંગાલણ નથી લાગતાં.' મે કહ્યું, 'હું મુંગેરની રહેવાસી છું. અને ત્યાં મુસલમાની સ્ત્રીઓની સાથે ઘણી મળતી રહું છું. તમને કદિ કદિ મળવાનું મન થતુ હતુ. આપ કયાં રહો છો ? કદિ કદિ બે ઘડી માટે ચાલી આવીશ. આપની પાસે ઘડી બે ઘડી બેસતાં હું પણ કાંઇક આદમીયત શીખી જઇશ.'

જાલપાએ શરમાઇ જઇને કહ્યું: 'તમે તો બનાવો છો. કયાં તમે કોલેજમાં ભણવાવાળાં, અને કયાં હું અભણ ગમાર સ્ત્રી ! તમને મળ્યા તો હું ઘરી માણસ બની જઇશ.' જ્યારે ઇચ્છા થાય ત્યારે અહીં ચાલી આવજો. આજ મારૂં ઘર સમજજો.

મેં કહ્યું 'તમારા સ્વામીજીએ તમને આટલી સ્વતંત્રતા આપી રાખી છે ? ઘણા સારા વિચારના માણસ હશે. કોઇ કચેરીમાં નોકર છે ?

જાલપા પોતાના નખ તરફ જોતાં બોલી: 'પોલીસમાં ઉમેદવાર છે ?'

મેં તાલુબ થઇને પૂછ્યું: 'પોલીસનો માણસ થઇને તે તમને અહીં આવવાની છૂટ આપે છે ?'

જાલપા આ પ્રશ્નને માટે તૈયાર લાગતી ન હતી. કાંઇક ચોંકી જઇને બોલી. 'તેઓ મને કાંઇ નથી કહેતા...મે તેમને અહીં આવવાની વાત કરી નથી. તેઓ ઘરે ઘણી ઓછી વાર આવે છે. ત્યાં પોલીસ વાળાઓની સાથેજ રહે છે.'

તેણે એની સાથે ત્રણ જવાબ આપ્યા. છતાં પણ તેને શંકા થઇ રહી હતી કે એમાં કોઇ જવાબ વિશ્વાસને લાયક નથી.

તે કાંઈક અસિધાણી પડી જઈને બીજી તરફ જોવા લાગી.

મેં પૂછયું. 'તમે તમારા સ્વામીને કહીને કાંઈપણ રીતે, આ કંદીઓના કેમમાં બોદી જુબાની આપનારા પેલા તાજના સાક્ષીની મુલાકાત કરાવી કેશો ?"

રમાનાથની આંખો પહોળી થઈ ગઈ અને છાતી ધક ધક થવા લાગી.

ઝોદરા બોલી· " એ સાંભળીને જલપાએ મારા તરફ વેધક દૃષ્ટિ કરીને પૂછયું. 'તમે તેને મળીને શું કરશો ?'

મે કહ્યું 'તમે મુલાકાત કરાવી શકો છો કે નહિ ? હું તેને એ પૂછવા ચાહું છું કે તમે આટલા આદમીઓને ફસાવીને શું મેળવ્યું ? જોઈએ તે શી જવાબ આપે છે '

જલપાનો ચહેરો સખ્ત થઈ ગયો. તે બોલી: ' તે એમ કહી શકે છે કે મે મારા સ્વાર્થને ખાતર કર્યું ! સર્વ માણસ પોતાનો સ્વાર્થ શોધે છે. મેં પણ શોધ્યો. જો પોલીસના સેંકડો માણસોને કોઈ આ પ્રશ્ન નથી કરતું તો તેને એ પ્રશ્ન શા માટે કરવામાં આવે ? એથી કાંઈ ફાયદો નથી. '

મેં કહ્યું. ' ઠીક ધારી લો કે તમારા પતિ જેવી રીતે તાજ તરફથી સાક્ષી આપે તો તમે શું કરો ? '

જલપાએ મારા તરફ ગમગીનીથી નજરે જોઈને કહ્યું ' તમે મને એ પ્રશ્ન શા માટે કરો છો ? તમે ખુદ તમારા દિલમાં એનો જવાબ કેમ નથી શોધતાં ? ' મેં કહ્યું· ' હું તો તેમની સાથે કદિ ન બોલું, તેમ કદિ તેમની સૂરત પણ ન જોઉં. '

જલપાએ ગંભીર ચિન્તાના ભાવથી કહ્યું. ' કદાચ હું પણ એમજ સમજું કે ન સમજું; તે કાંઈ કહી શકતી નથી. આખરે, પોલીસ અમલદારોને ઘરે પણ બૈરાં તો છેજ ને ! તેઓ કેમ પોતાના માણસોને કાંઈ નથી કહેતી ? જેવી રીતે તેઓનાં હૃદય પોતાના ભરથારના જેવાં થઈ ગયાં છે તેવી રીતે મારું હૃદય પણ એવું જ થઈ જાય એ સંભવિત છે ' એટલામાં બોટ ઉભી થઈ ગયું. જલપા ફેરીએ કહ્યું ' મને મોડું થઈ રહ્યું છે બચ્ચાં સાથે છે. કાલે બની શકશે તો ફરી મળીશું. આપની વાતોમાં ઘણો આનન્દ આવે છે. '


હું ચાલવા લાગી એટલે ચાલતાં ચાલતાં તેણે મને ફરી કહ્યું· ' જરૂર આવજો. અહીંજ હું મળીશ આપની રાહ જોતી રહીશ. '

પરન્તુ કશુંજ પત્રકાં ચાલીને ફરી બોલીને તે બોલી " મે આપનું નામ તો પૂછયું પણ નહિ. હજી તમારી સાથે વાત કરતાં શ્રમ નથી જણાયો. મોડું ન થતું હોય તો આવો, બોટી વાતચીત કરીએ. '

હું તો એમ ઇચ્છતી જ હતી. મેં મારું નામ જોદરા કહી દીધું.

રમાનાથે પૂછયું: " માચ્ચે ? "

(અપૂર્ણ)



સમાલોચના

બાલસાહિત્ય ગુચ્છ પુસ્તકો ૧૯યીરરઃ સંપાદકો શ્રી. ત્રિભુવન અને શ્રી તારાબેન પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર મૂલ્ય દરેકનો દોઢ આનો

નં. ૧૯૫ તારાબેનના પાઠો શ્રી તારાબેન આ પુસ્તકમાં તેમના રોજના મીઠા મહેમાનો, કાબર સક્કરખોરો વગેરે પક્ષીઓની મીઠી વાતો કહે છે. ઉપરાંત મોતીની કાળી (કુતરી)ની વાત અને એક પ્રવાસવર્ણન આપ્યું છે. નં ૨૦ મામાએ કહેલીઃ શ્રી મોતી બ્હેન આ પુસ્તકમાં ૧૬ મામાની કહેલી ચાર નાનકડી બોધદાયક વાર્તાઓ ગુજરાતના બાલકોને કહે છે. નં. ૨૧ જોયું ને આંખ ઠરીઃ શ્રી ત્રિભુવન આ પુસ્તકમાં કુદરતમાંથી ડુંગર, ફુલો, પંખીડાં વગેરે વધુ એ સર્વ જોતા આપણે કેવી કરે છે તે બાલકોને સમજાવે છે નં. ૨૨ ચટરપટર વાતોઃ એમા શ્રી. ત્રિભુવનભાઈ બાળકોને પ્રિય થઇ પડે એવી રસભરી બાનીમાં પાંચ સરસ વાતો કહે છે આ પુસ્તકોની બહામાત્ર બાળકો માટે કરવાની જરૂર હવે રહી નથી દરેક માબાપ પોતાના બાળકોને આ પુસ્તકો આપે છે અને તેઓ તે હોંસે હોંસે વાંચે છે

બાલવિનોદ માળાઃ પુસ્તક ૧૫મું. લેખક અને પ્રકાશક શ્રી નાગરદાસ ઈ પટેલ ચિત્રકાર શ્રી. નરમોહન મીસ્ત્રી મૂલ્ય દરેકનું ત્રણ આના

આ સચિત્ર બાલપુસ્તકોમાના નં. ૧, ૨ અને ૪, ૫, ૬ શ્રી નાગરદાસે લખેલાં છે, નં. ૩ શ્રી 'મસ્તકલંદર' લખ્યું છે. નં. ૨ રતનીયોઃ એક તોફાની અને રીબાળ બાલકની કથા છે. નં. ૨ મોતીયોઃ બે કુર કુરીઆંના તોફાનોની કથા કહે છે. નં. ૩ મછિયોઃ શ્રી. મસ્તકલંદર 'નીસમી સરી' મા લખેલી 'બિલાડ કુમાર'ની વાર્તા અહિં બાલકોને રૂચે એવી રીતે કહી છે. એમના મિત્ર છબીલદાસને ત્યાં જન્મ્યા પછી શ્રી મસ્તકલંદર તેમને મોટેથી એ વાર્તા સંભળે છે પરંતુ વાર્તાના રસમાં બધા જન્મ્યા છે એ ભૂલી જવાય છે અને એમની વિમળાબાબી ફરી વાળીઓ પીરસે છે. નં ૪ ચતુરેઃ એક ચતુર અને બધા શિષ્યોઓની કથા છે નં. ૫ઃ ઉંદરદેશ ઉંદરોની ચતુરાઈ અને સામર્થ્ય દર્શાવે છે ન ૬ ભુરિયોઃ એક રીછકુમારની કથા છે આ સર્વ પુસ્તકોની ઢબ-વટ, છપાઈ તેમજ ચિત્રો બાળકોને ગમી જાય તેવા છે.

કેટલીક વાતો અને સંસાર ચિત્રો. લેખકઃ શ્રી પ્રાણલાલ વીરપરામ દેસાઈ પ્રકાશકઃ શ્રી સાકરલાલ ભુલાખીદાસ ઠાકોર, અમદાવાદ મૂલ્યઃ ૨ ૧-૮-૦.

નાના નાના 'સામયિકોમાં પ્રકટ થયેલ દસ વાર્તાઓ અને પાંચ સંસાર ચિત્રો આ પુસ્તકમાં સંગ્રહાયાં છે. શ્રી દેસાઈએ છેલ્લાં પચીસ વર્ષમાં લખેલી એ કૃતિઓ આજે અનેક દૃષ્ટિએ ઉપયોગી જણાશે. વાર્તાઓમાની ઘણીખરી પરભાષાના સાહિત્યમાંથી ગૃહિત કે અનુવારિત હોવા છતાં તેમને ગુજરાતી વાચા સુન્દરતામા શ્રી. દેસાઈએ સારી કુશલતા બતાવી છે. એમની ભાષા સારી અને સ્ફોટી છે તેમજ શૈલિ સરલ છે. બધી વાર્તાઓ તેમજ સંસાર ચિત્રો સામાન્યઃ વિષયો અને પ્રશ્નો ચર્ચે છે, એટલે સામાન્યઃ વિષયોમાં રસ લેતા વાચકોને અને ખાસ કરીને કીશોરોને આ પુસ્તક ઉપયોગી થઇ પડશે.

યૌવનનાં ઉદ્ગારઃ લેખકઃ શ્રી ઇશ્વરલાલ

આ મહત્ત્વ મૂલ્ય બાર આના

' આ પુસ્તકમા લેખકે એમના સામાજીક લેખો, પત્રો અને નવલિકાઓનો સમાવેશ કર્યો છે. લેખો અને પત્રોમાં દર્શાવેલા સામાજીક વિચારો તદ્દન અમકક્ષના અને દુઃખ દેહીવા છે. નથી એમાં જુના વિચારનુ જક્કીપણું કે સુધારકની નિઃકરતા નવલિકાઓ પણ અપરિપકવ દશામાં છે; ખરૂં કહીએ તો એ ' નવલિકા ' નામને લાયક જ નથી એમના પાત્રો જે વીજળી ઝડપે નિર્ણયો કરી નાંખે છે અને ઝપલાવે છે તે જોઇ સંસારના અનુભવીને તો નવાઇ જ લાગે. પરંતુ કે પાત્રો લેખન જેવું એ નવલિકામા કશું નથી

બાલકુમારઃ લેખકઃ સ્વ જોગીન્દ્રરાવ ર. દીવેટીઆ. પ્રકાશક. શ્રી પ્રદ્યોતકુમાર જો. દીવેટીઆ મૂલ્ય. ચાર આના.

સ્વ જોગીન્દ્રરાવનુ નામ ગુજરાતી સાહિત્યમાં સારી રીતે જાણીતુ છે. અનેક નવલકથાઓ અને નવલિકાઓના લેખક તરીકે તેમણે સારી ખ્યાતિ મેળવી હતી તેમની લખેલી એક બાલકથિયનો આ કયા બાળકોને જરૂર ગમશે સ્વ જોગીન્દ્રરાવની શૈલિ સરલ અને ભાષા હંમેશા સારી રહેતી આ પુસ્તક બાલકો માટે હોઇ તેમણે વિરોષ કાળજી એ બાબત તમાં રાખી છે

ચુંટેલનો વાંસો અથવા એક નટીની આત્મકથાઃ તૃતીય વૃત્તિ કર્તા શ્રી નારાયણ વિસનજી કામ્બ્રર પ્રકાશક મેસર્સ, ધી જનરલ બુક ડીપો અને મેસર્સ સત્ય પ્રકાશક કાર્યાલય, કુબાઇ મૂલ્ય ૧ ૪-૦-૦

ગુજરાતી સાહિત્યના નવલકથાના પ્રદેશમાં શ્રી. કામ્બ્રરનુ સ્થાન બહુ ઉચ્ચ છે અને અત્યાર પહેલાં તેમણે અત્યંત લોકપ્રિયતા મેળવી છે આ પુસ્તકના પ્રથમ બે ભાગ " ગુજરાતી " પત્રમાં વર્ષો પહેલાં ક્રમે ક્રમે પ્રકટ થયા હતા અને ત્યાર પછી પુસ્તકાકારે પ્રકટ થવાને પણ ઘણો સમય બીતી ગયો છે. આ ત્રીજો ભાગ પહેલા બે ભાગો કરતાંયે આપણે નવલકથાના રસિયા વાચકવર્ગને જણાશે આ ભાગમાં શ્રી કામ્બ્રરે મુખ્યત્વે મીસ કેથેરાઇન મેયોના " મધર ઇન્ડીઆ "નો જવાબ વાળ્યો છે તે ઉપરાંત અસ્પૃશ્યોદ્ધારનો બીજો પ્રશ્ન પણ ચર્ચ્યો છે ખરા મુદ્દામ મેયો એ હિંદમા પ્રજારની કહેવાની અનીતિનો જવાબ શ્રી કામ્બ્રરે યૂરપ-અમેરિકામા કેટલેક બધે સ્થળે છે તે બતાવીને સચોટ રીતે આપ્યો છે. ખાસ કરીને યૂરપ-અમેરિકામાં સ્નાન સજ્જ આવતાંઓ છતાં સ્ત્રીઓનો વેપાર કેટલેક છૂપથી થાય છે, તે શ્રી કામ્બ્રરે બતાવ્યું છે એ પુસ્તકના વાચકો આ બાગ વાચ્યા પછી આ પહેલાના એના ભાગો બાગ માટે રાહ જોઇ રહે તો નવાઇ નથી.

જીવન પલટો શ્રી ' સહિમા ' પ્રકાશકઃ ચિત્રમય સાહિત્ય કાર્યાલય, મુંબાઇ મૂલ્યઃ ૩ ૨ ૮-૦

મૂળ અંગ્રેજી ઉપરથી અનુવાદ કરીને એક મુસ્લીમ બહેને આ નવલકથા ગુજરાતીમાં ઉતારી છે અંગ્રેજી વાતાવરણને અનુકૂળ થાય તેવું તુર્કસ્તાનનુ વાતાવરણ હોઇ, એ અનુવાદના પાત્રો તુર્કી રાખ્યા છે. એક મુસ્લીમ બહેનની ગુજરાતી ભાષા તરીકે આ પુસ્તકનો તેમનો પ્રયાસ બરોબર અસિત બનને પાત્ર છે સાચી કેળવણી કોને કહી શકાય અને તેમાં આસ્તિકતા કેટલે અંશે હોવી જોઇએ, એ પ્રશ્નો આ કથામા સરસ રીતે ચર્ચાયા છે અને માતપિતાઓને યોગ્ય દિશા બતાવવામા અત્યંત સહાયભૂત થશે

રાજરાજેશ્વરીઃ લેખક અને પ્રકાશક શ્રી ઇન્દુલાલ નારણજી જોશી, બી એ મૂલ્ય ૧ ૧-૦-૦

શ્રી જોશીએ મહાભારતમાંથી ઉત્તરા અને અભિમન્યુનો કથાનો ભાગ લઇ તેના ઉપર આ નાટકની રચના કરી છે ઉત્તરને તેમણે 'રાજરાજેશ્વરી' પદથી નવાજ્યા છે, કારણકે તેમની સ્ત્રીજ મુખ્ય અભિમન્યુ રાજ્યનો ભાવિ વારસ હતો. પરંતુ પાંડવો અશ્વમેધ કરી રાજરાજેશ્વરો બને તે પહેલા કુરૂક્ષેત્રમા અભિમન્યુ ચક્રવ્યૂહમાં ખપી ગયો હતો આ દ્રષ્ટિએ ઉત્તરાને રાજરાજેશ્વરી ન કહી શકાય પાછળથી એનો પુત્ર ગાદીએ આવેલો જોતાં તે બનતે એ રાજમાતા બનેલી. આ પુસ્તકમા શ્રી જોશીએ વાપરેલા કેટલાક ભાષાપ્રયોગો અમને અયોગ્ય લાગ્યા છે. દાખલા તરીકે ૧૦ મે પાને યુધિષ્ઠિરના મુખમાં મુકેલો મુદ્રાલેખ " (અમે) આપનો ઉપકાર માનવા અહીંઆ પધાર્યા છીએ " જેવા શબ્દપ્રયોગો અનેક સ્થળે થયા છે બીજી આવૃત્તિમા તે સુધારે એમ ઇચ્છીએ.

ગીત પ્રભાકરઃ લેખકઃ આચાર્ય શ્રી અજિત-સાગરસૂરિ. સંપાદકઃ મુનિશ્રી હેમેન્દ્રસાગરજી. મુલ્યઃ રૂ ૧-૪-૦.

એક જૈન આચાર્યશ્રીએ લખેલા હોવા છતાં આ પુસ્તકમાં સંગ્રહાયલા ૪૦૦ ઉપર ગીતો સામાન્ય વાચકવર્ગને ઉપયોગી થાય એવાં છે. આચાર્યશ્રીએ અનેક વિષય ઉપર પોતાની કલમ અજમાવી છે, પરંતુ ભક્તિરસ આ ગીતોનો પ્રધાન રસ છે. ભાષા પણ સાદી અને સ્હેલી હોઈ તેમજ ઝીણી, ગઝલ વગેરેના લોકપ્રિય ઢાળમાં ગીતો ગવાયલા હોઈ બહુ લોકપ્રિય થશે. મણીકાન્ત કાવ્યમાળાના કાવ્યોની જેમ આ પુસ્તકમાંના અનેક કાવ્યો લોકજીભે ચઢી જાય તો નવાઈ નહિં.

સુમતિઃ લેખક શ્રી. ધનવન્ત ઓઝા, મુલ્યઃ બે આના.

આ પુસ્તિકામાં લેખકઃ પૂર્વા ઉપર જણાવે છે તેમ થોડા સોનેટોનો સંગ્રહ છે. છપાઈની દૃષ્ટિએ જોતાં પુસ્તિકા બહુ આકર્ષક છે, પરંતુ લેખકના કાવ્યો એટલાં બધાં ગહન છે કે અમે તે બિલ્કુલ સમજી શક્યા નથી, પ્રયત્ન કરવા છતાંય, એમ અમારે કબુલ કરવું જોઇએ

આખરી ફેસલોઃ ભાગ ત્રીજો. સંપાદકઃ શ્રી. નટવરલાલ. મા. હવે પ્રકાશક. ગુર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય, અમદાવાદ, મૂલ્યઃ રૂ. ૩-૦-૦

મહાત્માજીએ દાંડી જવા માટે આશ્રમમાંથી કૂચ કરી ત્યારથી માંડીને છેવટ સુધીમાં સ્વરાજ્ય માટે જે જે પ્રયત્નો થયા તેનો અહેવાલ આપવાનો હેતુ રાખી પ્રકટ થતી પુસ્તકમાળાનો આ ત્રીજો ભાગ છે એમાં ઇ. સ ૧૯૩૦માં કોન્ગ્રેસ અને સરકાર વચ્ચે સમાધાની કરાવવાના જે પ્રયત્નો થયા તેનો અહેવાલ વિસ્તારથી અપાયો છે. 'રેલી હેરલ્ડ'ના પ્રતિનિધિ મી. રસોલેન્ડ્સે અને શ્રી સમુ-જ્યારે કરેલી યાત્રાતથી માંડીને માંધીજી ગોલમેજમાં ભાગ લેવા ગયા અહિંથી ઉપડયા ત્યાં સુધીની હકીકત આ ભાગમાં સમાવી છે. આ પુસ્તકો ભવિષ્યમાં વિસ્તારથી ઇતિહાસ તરીકે અત્યંત ઉપયોગી થશે એમાં શંકા નથી

નવનીત ભાગ ૧ લોઃ પ્રકાશકઃ શ્રી. મગન-લાલ રાં. પટેલ મૂલ્યઃ રૂ ૩-૦-૦.

શ્રી મગનલાલ પટેલે કરેલાં "સારી સોબતનું" ના પુસ્તકોમાંથી ગુજરાતી વાચક વર્ગ પરિચિત છે એજ પદ્ધતિએ અનેક ગ્રન્થો અને ગ્રન્થકારોનું મંથન કરીને આ " નવનીત " તેમણે ગુજરાતને અર્પ્યું છે. એમાં બત્રીસ જુદા જુદા 'પ્રસંગો' ના પ્રકરણોમા જ્ઞાન અને આનંદ ભર્યા એવા અનેક વિષયોનો તેમણે સંગ્રહ કર્યો છે. અનેક પુસ્તકો વાંચવાનો જેમને અવકાશ ન મળી શકે તેવાઓ માટે આ સારરૂપ પુસ્તક આવકારદાયી છે. ૨૫૦ પાનાના પુસ્તક માટે રૂ. ૩ની કીમત કંઈક વધારે પડતી લખાય.

સતિ શ્રી યશોદાબ્હેનનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર તથા દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રીઃ લેખકઃ શ્રી. ચિકુભદાસ જે. કુરમુરીઆ, બેઅ, એ. પ્રકાશકઃ શ્રી. ઠક્કર મથુરદાસ કેવાશમ સામાણી, ભુપવાર પેઠ, પૂના, નં. ૨ અમૂલ્ય.

શ્રી નથુભાઇ શીવજીના પુત્રી, પ્રકાશકનાં બાહેન અને સ્વ. ખીમજીભાઇના પત્ની સદ્‌ગુણી યોદાબ્હેન વસોદાગ્રે પતિ પાછળ જણી મરી પ્રાર્થંવેલ કર્યાની કથા છાપાના વાચકોના સ્મરણમાં હશે. તે વખતે મહાત્માજીએ એ બ્હેનના માર્ગ પ્રતે સામાન્યક દૃષ્ટિએ અણમોલ દ્રષ્ટાંતોવો અને એવાં બ્હેનોએ શાંત ચિત્ત રાખી શુદ્ધ વૈધવ્ય જીવન ગાળી સમાજસેવા કરવી જોઇએ એવો અભિપ્રાય દર્શા-વેલો. એ બ્હેનનું દુઃખ જીવનચરિત્ર બીજા બે કાવ્ય પ્રશસ્તિઓ સાથે આ પુસ્તકમાં આપ્યું છે. સાથી શ્રી સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી પ્રકટ થયેલ બંગાલીમાંથી અનુવાદિત બે કથાઓ આપવામાં આવી છે. ઇચ્છાસુઓને આ પુસ્તક પોષે તેવા બે આનાના સ્વેચ્છ પ્રકાશને મોકલ-વાથી વિના મૂલ્ય મળી શકશે

નવયુગ વાચનમાળાઃ (૧) બાળપોથી (ભાગ ૧ લો): કીમતઃ બે આના (૨) **બાલ-પોથી** (ભાગ ૨ જો) કીમતઃ અઢીઆના (૩) **પુસ્તક પહેલું**ઃ કીમત. સાડા ત્રણ આના પોસ્ટેજ શ્રી મગનલાલ ત્રિ. બાસ. અને શ્રી લાલભાઇ ૨ દેસાઇ.

આ વાચનમાળાના બન્ને પોથીઓ નવીન શિક્ષણ પદ્ધતિના સારા અભ્યાસી હોઈ બાળકોને

સની દૃષ્ટિએ તેમણે આ માળાની યોજના કરી છે. વાચનમાળા 'દ્વારા ઇતિહાસ, ભૂગોળ વગેરે વિષયોનું જ્ઞાન આપવાનો હોય રાખવાને બદલે જીવનમાં ઉપયોગી થાય એવા સામાન્ય વિષયોનું જ્ઞાન સાહિત્ય દૃષ્ટિએ સહેલી અને રાસીય પદ્ધતિએ આપવું, એવો હેતુ રાખી આ વાચનમાળાની તેમણે રચના કરી છે અને તે હેતુ સફળ થયો છે, ઉપરોક્ત પુસ્તકોની સુંદર અને સુઘડ છપાઈ, આકર્ષક ચિત્રો, બાળમાનસના ક્રમશઃ વિકાસની દૃષ્ટિએ યોજનાબદ્ધ પાઠ, વગેરે આ માળાના પ્રધાન લક્ષણો છે શિક્ષકોને માર્ગદર્શક થઇ પડે એવો ' પરિચય ' પણ તેમણે જોડો આપ્યો છે વર્ષો પહેલાં રચાયલી સરકારી વાચનમાળાને સ્થાને આ માળાનો ઉપયોગ થાય તો આપણા બાળકોને શિરે નકામો બોજો ઘટતો બોઝો થાય અને તેઓ હોંસથી ભણી શકે

Thoughts on Freedom: સંપાદકઃ શ્રી બનાર્દ હુન્ન પ્રકાશકઃ પી એરોરોટ એન્ડ કંપનીઓપ્રેસ, મુબાઇ.

આ પુસ્તકમાં શ્રી. હુન્ને વિવિધ પાશ્ચાત્ય લેખકોએ દર્શાવેલા " સ્વાતંત્ર્ય " વિષેના વિચારોનો સંગ્રહ છે. વાચનમાં અવતરણો ટાંકવાના શોખીનોને ખાસ કરીને તેમજ સામાન્ય જનતાને આ સંગ્રહ ઉપયોગી થશે

Futility of Khaddar cult: લેખકોઃ શ્રી અનિલવર્ણ રોય અને શ્રી ઈન્દુલાલ કે યાજ્ઞિક. પ્રકાશકઃ પી હિન્દુસ્થાન ન્યુઝપેપર લીમીટેડ, મુબાઇ

ખ ગાંધીજી ખાદી ઉત્પન્ન કરવા અને દેશનું નાણું દેશમાં રાખવા વિષે જે પ્રચાર કરી રહ્યા છે તેની વિરુદ્ધ આ પુસ્તક લખાયું છે લેખકો માને છે કે આ જમાનામાં હાથે કાંતેલ અને વણેલ ખાદી ચાલી શકે નહિ અને તેમાંથી કોઇને પોષણ મળી શકે નહિ. પરંતુ ગામડાંઓની પરિસ્થિતિનો તેમણે અભ્યાસ કર્યો હોય એમ નથી લાગતું આજે એ ગૃહઉદ્યોગ ગામડાંઓમાં અનેકને પોષણ રહ્યો આપી છે અને ગાંધીજી કહે છે તેમ દેશનો પૈસો દેશમાં રાખવાનો સિદ્ધાંત પ્રત્યેક જણ પોતાના જીવનમાં ઉતારી સ્વદેશી–બાકીને અપનાવી લ્યે તો દેશની બેકારી જરૂર દૂર થાય.

ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ
મળેલી ભેટ વગેરે

૧ સ્વ સૌ ચતુરલક્ષ્મીના સ્મરણાર્થે તેમના પતિશ્રી નટવરલાલ માણેકલાલ શાનાઇ તરફથી મંડળના સીવણવર્ગ માટે સીવવાના સચ્ચા નગ ૨ ખરીદ કરવાને રૂપીઆ ૨૧૬) મળ્યા છે ૨ સ્વ. સૌ હીરાલક્ષ્મીના સ્મરણાર્થે મંડળના સીવણવર્ગ માટે સીવવાને, સચ્ચો એક ખરીદવાને રૂ ૧૦૮) શા. રા. નટવરલાલ માણેકલાલ શાનાઇ તરફથી મળ્યા છે ૩ સૌ. તારામતી ગોવિંદદાસ નારણદાસ બનાતવાળા તરફથી રૂ. ૧૫૦) લાયક મેમ્બર માટે મળ્યા છે ૪ શા રા રતીલાલ નારણદાસ ગાંધી તરફથી રૂ ૧૦૧) મંડળને ભેટ મળ્યા છે

ઉપલી ભેટો સેક્રેટરીઓ આભાર માને સ્વીકારે છે

સ્વીકાર (૧) ભીલ સેવામંડળ, દાહોદ (પંચમહાલ) દસમો વાર્ષિક હેવાલ; (૨) Bhil Seva Mandal, Dohad, Tenth Annual Report, (૩) જય ગુજરાત, પુ ૨ અં ૧ તંત્રી શ્રી રંગરાવ એસ પરીખ, વડોદરા, (૪) શ્રી ચરોતર સેવાસમાજનો અગીઆરમો વાર્ષિક રીપોર્ટ, (૫) પુસ્તક, ૫૦ તંત્રી શ્રી ચુનીલાલ પુ શાહ, ૨જત, (૬) વિચારક બેપ્રિલ, તંત્રી શ્રી માણેકલાલ જ પોકારી વડોદરા, (૭) સમાજસેવક મે તંત્રી શ્રી રણછોડલાલ ધ ઝવેરી, જુરાનપુર; (૮) અકીરા વિદ્યાર્થિગૃહ નિવેદન (૯) શ્રી શિવાજી પુસ્તકાલય, ન્યારાનું વાર્ષિક નિવેદન, (૧૦) તરૂણ પુ ૧ અં ૧૦ તંત્રી ડૉ પ્રાણલાલ જે મહેતા (૧૧) શ્રી. કચ્છી દશા ઓશવાળ પ્રકાશ અં ૧૦ તંત્રી પદમશી હમશી ખેતા મુબઇ, (૧૨) નાગર જગત, બેપ્રિલ તંત્રી જેઠાલાલ દવે અમદાવાદ, (૧૩) પુસ્તિકાઓ અં ૧૧ થી ૧૪; તંત્રી શ્રી પ્રસન્નવદન ધ દીક્ષિત. સુરત. (૧૪) સત્યપ્રકાશ અને સ્વદેશ અં ૩૬ થી ૪૦,મુબઇ

ઈનામી પ્રશ્ન

સંપાદક : કુ. યશસ્વિની

(૧) મીસ સુષમા મુખરજી નામના બહેન સબંધમાં તમે શું જાણો છો ?

(૨) આયર્લેન્ડની પાર્લામેન્ટમાં ચુંટાનારાં બહેનોના નામ જાણો છો ?

(૩) બાલકોની તંદુરસ્તીના અભાવનું મુખ્ય કારણ માતાનાં સગીતનો અભાવ છે એવો અભિપ્રાય ઉચ્ચારનારા અને તેને ટેકો આપનારા ડાક્તરો કોણ છે ?

માર્ચ, એપ્રિલ અને મે ના બીજગત્માંથી ઉપલા પ્રશ્નોના જવાબ મળશે

હરિફાઇમાં દાખલ થવા માટેની શરતો

(૧) આ ઉખાણાની હરિફાઇમાં માસિકનાં દરેક બીગ્રાહક તેમજ જે બહેનો પોતાના પતિ, પુત્ર, ભાઇ કે પિતાને નામે માસિક મંગાવતાં હોય તેઓ સર્વ ભાગ લઇ શકશે. બીગ્રાહકોના કુટુંબની બીજી પણ આ હરિફાઇમાં ભાગ લઈ શકશે (૨) જવાબ લખી મોકલનારે પોતાનો ગ્રાહક નમ્બર અવશ્ય જણાવવો. ગ્રાહક નમ્બર નહિ જણાવ્યો હોય તો હરિફાઇમાં નામ દાખલ નહિ થાય. (૩) દરેક મહિનાના ઉખાણાનો જવાબ તે પછીના **બીજા મહિનાની આખર તારીખ સુધીમાં** અમને મળે એવી રીતે મોકલી આપવો. (૪) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે. કોઈ પણ સવાલ જવાબ કે પરિણામના બ્યાજબી–ગેરબ્યાજબીપણા વિષે વાંધો લઇ શકાશે નહિ. (૫) માત્ર પોસ્ટકાર્ડમાં લખેલા જવાબોજ સ્વીકારવામાં આવશે. (૬) હરિફાઇના જવાબ સાથે માસિકને લગતો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહિ. કરવો હોય તો હરિફાઇના જવાબના કાર્ડ સિવાય બીજા કાગળમાં કરવો

માર્ચ માસના પ્રશ્નનુ પરિણામ

ખરો જવાબ આ પ્રમાણે છેઃ ૩ કલાક ૪૨ મીનીટ

આ પ્રશ્નના ૧૪ જવાબો આવ્યા હતા તેમાં ૭ બહેનોના ખરા છે; ૬ બહેનોના ખોટા છે અને એક બહેનનો જવાબ કાર્ડના નિયમનો ભગ કરતો હોવાથી તપાસ્યો નથી. ખરો જવાબ આપનારા બહેનોમાંથી **શ્રીમતી શોભના પન્નાલાલ** બહેનને ઇનામનુ પુસ્તક ' મોળ સુંદર વાર્તાઓ–ભાગ ૨ જો ' આપવામાં આવે છે. જો તેમણે અઢીઆનાની ટપાલની ટીકીટો મોકલી મગાવી લેવું. રજીસ્ટર્ડથી જોઇતું હોય તો ત્રણઆનાની ટીકીટો વધુ મોકલવી.


ખરો જવાબ આપનાર બહેનોનાં નામ

શ્રીમતી બહેનોઃ (૨) પ્રેમકુવર સંપટ, (૩) હીરાગૌરી નદવાણા, (૪) શારદાગ્નવરી બદામી, (૫) મણીગૌરી ગણાત્રા, (૬) લલિતાગૌરી, અને (૭) ચન્દ્રકાન્તા.

જેઓ ગ્રાહક ન હોય

માસિકના ગ્રાહક ન હોય તેવા કોઇ બહેનો ઉખાણાની હરિફાઇમાં ભાગ લેવા ઇચ્છતાં હોય તો તેમણે પોતાના જવાબ સાથે બે આનાની ટીકીટો મોકલવી. કુપન મોકલવાની જરૂર નથી.

તંત્રી, " ગુણસુન્દરી "



સ્વદેશ

ડૉ. મીસીસ માસિની મુખ્યધનકરણ મુંબઇની મ્યુનિસિપલ કોરપોરેશનની શાળા સમિતિનાં પ્રમુખસ્થાને શ્રીમતી માસિનીબાઇની ચુંટણી થઇ છે આ બહેન શાળા સમવથી મુંબઇમાં સમાજ સેવા કરી રહ્યા છે

પરીક્ષાઓનાં પરિણામો· મુબાઇ યુનિવર્સીટીની પરીક્ષાઓનાં પરિણામો નીચે મુજબ છે

બી. એસ સી.ઃ પહેલો વર્ષ ડીસ્ટીંકશન સાથે· કુમારી અનસુયા કાણે; પહેલો વર્ષ· કુમારી કમલા આત્મારામ પાસ વર્ગઃ સતી બાલોમલ બોલ્યાણી.

ઇન્ટર સાયન્સઃ પહેલો વર્ગઃ મીસ એમ. એમ. કેસાઇ, બીજો વર્ગઃ મીસ એમ. જે બારયા, મીસ આર. ડી દારવાલા, મીસ છ એમ. કંદાવાર; મીસ આઇ. પી પાટીલ, મીસ આઇ એમ ઘર, મીસ વાઇ બી વાઘવે, મીસ એસ. કબાયુ પારશોનકર, મીસ એસ કે સર કેસાઇ, મીસ ઇ એસ ઇદીછ, પાસઃ મીસ એમ જે. ઓક, મીસ કી એસ. બલસારા, મીસ એન. વાઇ. ગોરે, મીસ એસ એમ દસ્તમ, મીસ એમ આઇ ખુડાબાર, મીસ કે બી કટા, મીસ એમ. બી. કેલાર, મીસ પી એમ. કુલાર્ણી, મીસ પી એમ. મહેતા, મીસ કે એમ પરેલ, મીસ ગ્રેઃ સી રોડટ, મીસ કે જે સીરબાઇ, મીસ એસ એન. સોનપાલ, મીસ જે એફ તાતા, મીસ પી એમ પીરાસ, મીસ આઇ બી મુલ્તે, મીસ કે બી વેલણકર, મીસ એચ. પી વારસવાલી, મીસ કે એન. ધરોનીને બાઇ શિરીનબાઇ સિમ્પ્રતિ, મીસ આઇ. એમ. બંદ તે મીસીસ સરસ્વતી શિષ્યવૃત્તિ, અને મીસ એમ એમ. કેસાઇને સર દિનશા માનેકજી પીટીટ મેડીકલ સ્કોલરશીપ મળી છે.

મુબાઇ ઇલાકા સ્ત્રીસભાનો ૧૯૩૨ ના કામકાજનો હેવાલ પ્રકટ થયો છે. વર્ષને અંતે સભાના સભ્યોની સંખ્યા ૫૦૦ ની હતી સભાની બે શાળાઓ છે અને ૨૭ સંસ્થાઓ સભા સાથે જોડાયલી છે વર્ષ દરમ્યાન રેસમુ હોમ) બબહ માટે અપહરણ થયેલી ૬૩ નવીપરાણી નોંધવામા આવી હતી શ્રીમતી મધુ બદ. (૩) છએ હોદ્દાને બે વધારવામાં આવ્યા. માટે ભંડોળ ઉઘરાવવા સફળતાથી થયા) બજારમા હિન્દુ સ્ત્રી ગેલન્ટેસ ગોર વેલ્ફે વર્ષે રૂા ૪૮,૦૦૦ નો મુલ્યાંકન કીધી ઈ સ્વ રાયબહાદુર બિહારીલાલ શાળાઓ ઉપયોગી (૫) પારલમાં મહિલા

સ્વદેશ-સર્વસંગ્રહ શ્રી મુળાબાઇ મહિલા ઇન્ડિયાબાઇ કેથડમા આવ્યુ છે

સ્વદેશ પરા બહા

વિદેશ

(૧) મુબાઇ

નાબાઇ નામે લેખિકાનું અવસાન· 'મેરીગ્રેપ્રાયમસ પા નાટક અને 'મીસ એસપરેન્સ અને મુબઇમાંવર્સી,' અને બીજી નવલકથાઓ લખનારા કુમારિકાળીની થયેલી અમેરિકા લેખિકા મીસીસ એસબરી ૨ ગયા માસમાં અવસાન પામી છે. મીસીસ

જન્મ ન્યુસેંસ્ટરમાં થયો હતો શેફ્ટનહામ મી (કોલેજમા શિક્ષણ લઇને તેણે માસિકોમા ૬. ાર્તાઓ લખીને સાહિત્ય જીવનની શરૂઆત તે બાદ પાછળથી તેણે નવલકથાઓ લખવા માંડી ૧૯૦૮મા તેણે મીસ એસપરન્સ એન્ડ મા ચસ્ટર' નામની નવલકથાનું પ્રકાશન કર્યું હતુ ની પહેલી નવલકથા ૧૯૦૨મા પ્રકટ થઇ હતી. ીસીસ પાર્કરની કલમ પુષ્પ લક્ષ્ય બાળકો અને વૃદ્ધોઓના જીવનારહ્યા અવલોકનનું છે અને તેની નવલકથાઓમા એ બધી સારી રીતે

જણાઇ આવે છે. મુખ્યત્વે મીસીસ હાર્કર નવલકથાકાર હોવા છતાં, 'મેરીગોલ્ડ' નાટકની લેખિકા તરીકે તે વિશેષ જાણીતી રહેશે. ૧૮માસ સુધી આ નાટક લંડનમાં ચાલ્યો હતો

સીવીલ સર્વિસમાં સ્ત્રીઓ: જર્મનીની નીતિનો વિરોધ કરનારી ઇંગ્લાંડની સિવિલ સર્વિસની સ્ત્રીઓ કેળવણી મંડળમાં વિજય મેળવી શકી છે. ખાતે ખરતી સામુદાયિક પોરસે પરો અને તેમાં સ્ત્રી-પુરૂષ ઇન્સ્પેક્ટરો જાતિનાં ભેદભાવ વિના કામ કરશે. સ્ત્રી ઇન્સ્પેક્ટરો સીનીયર હોદ્દાઓ માટે લાયક ગણાશે આ યોજનાથી વર્ષો સ્ત્રી ઇનસ્પેક્ટરની જગ્યાને ખાસ સ્ત્રીઓ માટેજ રાખવામાં આવેલી છે તે કાઢી નાખવામાં આવશે.

પ્રિન્સિપાલ તરીકે: બ્રિટિશગીનીમાં સ્થપાનારાં કેળવણી અને વોકેશનલ તાલીમ માટેના નવાં સ્કેલમેન્ટના પ્રિન્સિપાલ તરીકે મીસ ઓલ્ટ્રીક્ષ બાયન્ટની નીમણુક બ્રિટિશ સરકારે કરી છે આવા પ્રકારની નીમણુક પહેલીજ વાર થઇ છે

ડેમ લેસી વિકટન ફીપ્સ લંડન કાઉન્ટી કાઉન્સિલ એજ્યુકેશન કમીટીના ચેરમેન તરીકે આ બદલે દુનિયામા રેકોર્ડ કર્યો છે, તેઓ ૮ વર્ષ સુધી એલ્ડરમેન, ત્રણ વર્ષ સુધી કાઉન્સિલના ઉપપ્રમુખ અને છેવટે પહેલા સ્ત્રી પ્રમુખ બન્યા છે

મીસ ઇન્જબોર્ગ હેનસનઃ ડેનમાર્કના જ્યુરીડીક્શન કાયદામાં સુધારો કરીને પહેલો પોતે બચાવતા હોય તેવા કેસોને સત્રો પહિ અદાલત સમક્ષ પણ લાવવાનો સ્ત્રીઓને આ અધિકાર મળ્યો છે હક માટે યોગ્યતા ધરાવતા ચોકસ વર્ષો સુધી વકીલાત કરેલી હોવાનુ પ્રમાણપત્ર મેળવવું ઘટે છે આ હકનો સૌથી પ્રથમ ઉપયોગ મીસ ઇન્જબોર્ગ હેનસને કર્યો છે એ અદાલતમાં એ લડતને પહેલી-વહ્યાર હાજર રહ્યાં છે.

જર્મનીની ગૃહિણીઓ બર્લિનમાં બરાયલાં પ્રદર્શનને અંગે સ્ત્રીઓના કામનાં [illegible] હતા દૃષ્ટિબિન્દુઓ સંબંધમાં આંકડાઓ કરવામા આવ્યા હતા. તે ઉપરથી જણાયા આવ્યું છે કે, જર્મનીમાં ૧૫,૫૦૦,૦૦૦, ગૃહિણીઓમાથી ૪૫ લાખ સ્ત્રીઓને પોતાના કુટુંબના પોષણ માટે બહાર કામ કરવુ પડે છે.

ચિલીમાં મતાધિકારઃ ચીલીની ધારાસભામા સ્ત્રીઓને મતાધિકાર આપતો ઠરાવ પસાર કર્યો છે

મીસીસ મેરિયન રીમીન આઇલ ઓફ મેનમાં હાઉસ ઓફ કેજમાં પીલ વિભાગ વણથી વિના વિરોધે ચુંટાયાં છે મેક્ષ પાર્લામેન્ટમાં બેસનારાં તેઓ પહેલાંજ સ્ત્રી સભ્ય છે. તેઓ મજુર પક્ષનું પ્રતિનિધિત્વ ધરાવે છે

ન્યુઝીલાંડમાં: સ્ત્રીઓને મતાધિકાર નથી ત્યાં ૧૯૧૨ થી એસેમ્બલીની નોકરીમાં સ્ત્રીઓને પ્રવેશ મેળવેલો છે. ૧૯૨૨ ના કયોત્રિ આરેગા રેપ્રેસેન્ટેટીવ યુનાઇટેડ સ્ટેટસમાંનાં ઉદ્ગીવાદમા એકથી નીમાયા હતા તે બાદ યુનાઇટેડ સ્ટેટસમાં એકથી અને ૧૫ એકથી તરીકે વધુ સ્ત્રીઓ નીમાઇ ગઇ છે.

મતાધિકાર નહિ: કયુબેક પ્રાંતમા પ્રાંતિક ચુંટણીઓમાં સ્ત્રીઓને મતાધિકાર આપવાને ખરડો પક વિ. ૨૦ મતે હારી ગયો છે સાંસ્થાનિક ચુંટણીઓમાં કયુબેકની સ્ત્રીઓને મતાધિકાર છે.

પાંચ પત્નીનો ખૂની: યુગાન્ડામા એક મુસ્લીમે પોતાની પાંચ પત્નીઓનાં ખૂનો કર્યા. ૮ બાલકોને બાલાથી બિંધીને મારી નાખ્યાં અને પછી ફાંસો ખાઇ આત્મઘાત કર્યો. આ મુસ્લીમે એક સ્ત્રીને મારી નાખી હતી અને પોતાની પાંચ પત્નીઓ પાસે તે સ્ત્રીનાં શરીરના ટુકડે ટુકડા કરાવી નાખ્યા હતા, પોલીસે તપાસ કરતા માંડતા મુસ્લીમને લાગ્યું કે આ બાબતમા પૂરેપૂરું જોખ રહે તેમા જ સલામતી છે એટલે તેણે પાંચ પત્નીઓ, અને બધા બાળકોને મારી નાખ્યાં અને પાછળથી પોતે પણ આપઘાત કર્યો

ભાવિ બંધારણમાં સ્ત્રીઓનું સ્થાન

(૧)

સમાન મતાધિકારની માંગણી

મદ્રાસની વીમેન્સ ઇન્ડિયન એસોસીએશન તરફથી હિન્દ માટે સૂચવાયલા નવા બંધારણમાં સ્ત્રીઓના હકોને લગતું નિવેદન પ્રકટ થયું છે તેમાં જણાવવામાં આવ્યું છે કે

" હિન્દના નવા સૂચવાયલા બંધારણમાં સ્ત્રીઓના મતાધિકાર અને હકો સંબંધમાં બ્લાઇટ પેપરમાં જે દરખાસ્તો કરવામાં આવી છે, તેનો સંભાળપૂર્વક વિચાર કર્યો બાદ, હિંદી સ્ત્રીઓની એસોસીએશનને લાગે છે કે, બીજી ગોળમેજ પરિષદને મુકરર કરવામાં આવેલા ૧૯૩૧ ના ઓગસ્ટનાં નિવેદનથી એ ઘણું જ ઓછી છે અમે દુઃખ એવો અભિપ્રાય ધરાવીએ છીએ કે, અમારા પહેલાં નિવેદનમાં કરવામાં આવેલી દરખાસ્ત સ્ત્રીઓને પુરુષોની સમાન રાજકીય હકો અને સમાન તકો આપશે પરંતુ હાલની પળે જે અન્યવહાર વ્યવસ્થાને લક્ષ્યે એનો સ્વીકાર થયો નથી એવું અમે નીચે મુજબની નવી સલામણો કરીએ છીએ

અને જાતિઓ વચ્ચે સમાનતાના સિદ્ધાંતનો સ્વીકાર ને બંધારણને લગતા કાયદામાં શહેરીપણાના મૂળભૂત હકોની જાહેરાતમાં ચોક્કસ સ્થાન મળવું જોઈએ. સમાનતાના ધોરણે પુરુષો અને સ્ત્રીઓને મતાધિકાર આપવાની ઉત્તમોત્તમ રીતી પુખ્ત વયના સર્વને મતાધિકાર આપવાની છે એમ અમે ચુસ્ત મત ધરાવતા હોવા છતાં, સર્વદેશીય પુખ્ત વયના મતાધિકાર હાલ કરવાનો સમય આવે ત્યાંસુધી અમે કામચલાઉ નીચની પ્રથા હાલ થાય તો તે સ્વીકારીશું :

અમે સલામણ કરીએ છીએ કે [૧] પ્રાંતિક ધારાસભાઓ તેમજ ફેડરલ ધારાસભામાં મતદારો માટે રાખવામાં આવેલી ઉચ્ચતમ સિદ્ધાંતની લાયકાતોને સ્થાને અક્ષરજ્ઞા (કોઈ પણ ભાષામાં લખી વાની શકવાની શક્તિ) ને સ્થાન આપવું [૨] નવી પ્રાંતિક ધારાસભાના મતદારો માટે બ્લાઇટ પેપરમાં સૂચવાયલી મિલ્કતની લાયકાત ફેડરલ ધારાસભાના મતદારોને પણ લાગુ પાડવી. [૩] સ્ત્રીઓને મતાધિકાર આપવા માટે બ્લાઇટ પેપરમા જે ખાસ ઘરત-હાલમાં મત આપવાને અધિકાર હોય એવી મિલ્કતની લાયકાત ધરાવતા પુરુષની વિધવા કે પત્ની હોવું તેને સ્થાને, અમે વધુમાં સલામણ કરીએ છીએ કે [૧] અને [૨] ઉપરાંત ૩૨૧ વર્ષની અને તેથી ઉપરની વયની સ્ત્રીઓને બધા શહેરી વિસ્તારોમા મતાધિકાર આપવો.

આવી માગણીના સમર્થનમા નિવેદનમાં કારણો પણ દર્શાવવામા આવ્યા છે. એસોસીએશન જણાવે છે કે, હાલમાં શહેરી સ્ત્રીઓના કેળવણીના પ્રચાર અને સમાજ સુધારા માટે તીવ્ર લાગણી છે અને ગામડાંની બહેનો માટે કામ કરવા માટે પણ શહેરી સ્ત્રીઓ જ વધારે લાયક છે

(૨)

જોઈન્ટ સીલેક્ટ કમીટીને નિવેદન

હિન્દના ભાવિ બંધારણને લગતા સુધારાઓ સંબંધમાં અત્યારે મળેલી જોઈન્ટ સીલેક્ટ કમીટી ને, *મદ્રાસ ઉપરાંતનાં જુદા જુદા સ્થાનિક મંડળોની* સો ઉપર સભ્ય બહેનોએ બ્લાઇટ પેપરમાં સૂચવાયલી સ્ત્રીઓના મતાધિકારની દરખાસ્તો સંબંધમા પોતાના વિચારો જણાવતું નિવેદન મોકલ્યું છે તેમા જણાવ્યું છે કે,

જોઈન્ટ સીલેક્ટ કમીટીને અમારા વિચારો પર ખાસ વિચાર કરવો જોઈએ કારણ કે એ વિષયો, બહોર વહીવટની સંસ્થાઓમાં સેવા કરવાનો અને ચુંટણીનો અનુભવ મેળવનારી બહેનોનો છે, તેઓ જણાવે છે કે મિલ્કતની લાયકાતના ધોરણે રખાયલો, અને સ્ત્રીઓ તેમજ પુરુષોને સમાન ધોરણે અપાયલો મતાધિકાર જે

સ્ત્રીમતદારો માટે વધારાની ખાસ લાયકાતો રાખવામા નહિ આવે તો સ્ત્રીઉમેદવારોને અસર કરશે એવો તેમનો અનુભવ છે.

સ્ત્રીઓના મતાધિકારનો આ પ્રશ્ન કોઈ ભવિષ્યની અચોક્કસ તારીખ ઉપર મુલતવી રાખી મધ્યસ્થ અને પ્રાંતિક ધારાસભાઓ પર એનો નિર્ણય કરવાનું છોડી દેવાની સામાન્ય દલીલ થઈ રહેલી છે તેની ચર્ચા કરતા તેઓએ એ સૂચનાનો ખાસ વિરોધ કર્યો છે કારણ કે રાજકીય દરજ્જા અને હકોને લગતા હિન્દી સ્ત્રીઓના દાવાઓનો નિકાલ, ભાવીનાં હિન્દના દાવાનો વિચાર થાય તેજ વખતે અને હિન્દનાં નવા બંધારણ માટેનો ખરડો છેવટનો ઘડવામા આવે અને પાર્લામેન્ટ સમક્ષ રજુ થાય એ પહેલાજ થવો જોઈએ એમ તેઓને લાગે છે

પ્રાંતિક ધારાસભાઓમા સ્ત્રીઓના અધિકારને લગતી જાહેર પેપરની દરખાસ્તોની ચર્ચા કરતા, એ નિવેદન પર સહી કરનારી બહેનો જણાવે છે કે, જો એ દરખાસ્તો સ્વીકારાશે તો પ્રાંતિક ધારાસભાઓમા પુરૂષ મતદારોના પ્રમાણમા સ્ત્રી મતદારોનુ પ્રમાણ, સરકારના ૧૯૩૫ના પ્રમાણ કરતાં પણ ઓછુ આવશે અને દેશમા સ્ત્રીઓની સંખ્યા અને મહત્વ જોતા એ પ્રમાણ સ્ત્રીઓને ન્યાયતાં નથી એમા તેઓને શક નથી

વડી ધારાસભા માટે બહોળામા બહોળા ધોરણની ઉચ્ચતર કેળવણીની લાયકાતથી પુરૂષ મતદારો કરતા સ્ત્રી મતદારોનુ પ્રમાણ અત્યારે છે તેના કરતા પણ ઓછું થઈ જશે. ફેડરલ વડી ધારાસભામા સ્ત્રીઓના મતની ખાસ મહત્વ જોતા તેઓ વિનંતિ કરે છે કે, પ્રાંતિક મતાધિકાર માટે હિન્દી મતાધિકાર સમિતિએ બહોળામા બહોળા ધોરણની શિક્ષણની અને પતિની લાયકાતો કોમન લાયકાતો ઓછા માટે રહેવી જોઈએ

નિવેદનમા તેઓ એ આશા રાખે છે કે ઉપલી દલીલોનો સંભાળપૂર્વક વિચાર કરીને જોઈન્ટ સીલેક્ટ કમીટી સરકારની દરખાસ્તોમાં એવી રીતનો સુધારો કરશે કે જેથી, દેશમા પોતાની મહત્વ છે અને પોતાની સંખ્યા છે તેનાં પ્રમાણ કરતા વધારે પ્રમાણમાં ફેડરલ અને પ્રાંતિક મતદારમંડળોમા સ્ત્રીઓને હિસ્સો મળે

ફેડરલ ધારાસભાની ઉપલી ધારાસભા (અપર ચેમ્બર) સંબંધમાં નિવેદન જણાવે છે કે, રાજ્ય સભાની ચુંટણી માટેની અત્યારની લાયકાતો પ્રમાણે ઉમેદવારી કરી શકે એવી લાયકાત ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ઘણીજ થોડી છે અને અમે વિનંતિ કરીશું કે જો નવી ફેડરલ ઉપલી ધારાસભા માટે એજ લાયકાતો રાખવાની હોય તો સ્ત્રી ઉમેદવારો માટે તેમા કેટલાક સુધારા કરવા જોઈએ જો નવી લાયકાતો નક્કી કરવાની હોય તો, નવી લાયકાતો એવી હોવી જોઈએ કે જેથી ઉમેદવારો તરીકે સ્ત્રીઓની સારી સરખી સંખ્યા યોગ્ય થઈ શકે

છેવટે દરખાસ્તોનો નીચે મુજબ સમારોપ કરવામાં આવ્યો છે.

'નવા હિન્દી બંધારણ હેઠળ સ્ત્રીઓના દરજ્જાનો પ્રશ્ન વિચારવાનું મુલતવી ન રાખવુ જોઈએ ભાવિ ધારાસભાઓ કે સરકાર ઉપર એનો નિર્ણય કરવાનુ છોડવુ, ન જોઈએ અને સ્ત્રીઓના દાવાઓની તપાસ, બીજા હિન્દના દાવાઓનો વિચાર થાય, અને બંધારણને લગતો ખરડો તૈયાર કરી પાર્લામેન્ટને સોંપવામા આવે તે પહેલાજ કરવો જોઈએ

નવા બંધારણમા એક એવી કલમ દાખલ કરવી કે જેથી સહેરીઓના હકકોના સોગંદોને બદલે સ્ત્રીઓ ઉપર નાખવામાં આવેલી હરકતોથી સ્ત્રીઓને સરક્ષણ મળે

સ્ત્રીઓના મતાધિકાર સંબંધમાં અમે વિનંતિ કરીએ છીએ કે. પ્રાંતિક ધારાસભાઓમાં મિલકત અને શિક્ષણને લગતી લાયકાતો પુરૂષોના જેટલીજ રહેવી જોઈએ, અને ખાસ શિક્ષણને લગતીજ લાયકાત અને ચોક્કસ મિલકતની લાયકાત ધરાવતા પુરૂષની પત્ની તરીકેની ખાસ લાયકાત રહેવી જોઈએ. એક વખતે એક સ્ત્રીને આવી લાયકાત આપ્યા બાદ એ વિધવા બને તે પછી પણ તે કેસ ઉપર ચાલુ રહેવી જોઈએ.

ફેડરલ વડી ધારાસભા માટે પુરૂષોના જેવીજ મિલકત અને શિક્ષણની લાયકાતો રહેવી જોઈએ અને પ્રાંતિક ધારાસભાઓ માટે સુચવાઈ છે તેવીજ સ્ત્રીઓ માટે ખાસ લાયકાતો જોઈએ.

મુક્તિસંગ્રામમાં ભારતીય મહિલાઓ

બે માસની તા. ૮ મીથી તા. ૨૯ મી સુધીના ૨૧ દિવસો ભારતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. કારણ કે એ દિવસો આત્મશુદ્ધિ અને સહકારી કાર્યકરોની શુદ્ધિ માટે અંતઃકરણના અવાજને માન આપીને જગદ્‌વંદ્ય મહાત્મા ગાંધીજીએ અનશનવ્રત સહ તપશ્ચર્યા આદરી હતી. બરાબર તા ૮મી મેના બપોરના ૧૨ વાગ્યાથી યરવડાના મંદિરમાંથી એ તપશ્ચર્યાની શરૂઆત થઇ હતી તેજ રાત્રે પૂ. બાપુજીને યરવડા મંદિરમાંથી સરકારે બીન શરતે મુક્ત કર્યા અને તેમણે શ્રીમતી લેડી પ્રેમલીલા ઠાકરસીના બંગલા 'પર્ણકુટી'માં એ તપશ્ચર્યા કરી હતી. પૂ. ગાંધીજીના દીર્ઘાયુ માટે સર્વત્ર પ્રાર્થનાઓ થઇ હતી. તે માટે સભાઓ, સરઘસો વગેરેની યોજના થઈ હતી. તેમાં બહેનોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. મુંબઇમાં માધીસેવા સેનાની બહેનોએ પણ મોરો ફાળો આપ્યો છે ઉપવાસના ઐતિહાસિક દિવસો દરમ્યાન હરિજન સેવાનું કાર્ય પણ જોરશોરથી આગળ ધપાવવામાં આવ્યું હતું અને હજુય એ કાર્ય ચાલુ છે.

ઉપવાસના શરૂઆતના દિવસોજ પૂ. ગાંધીજીને મુક્ત કરવામાં આવતાં, તેમણે સરકારને સમાધાનની તક આપવા માટે એક માસ કે ૭ સપ્તાહ માટે સવિનય કાનૂન ભંગની લડત મોકૂફ કરવા મહાસભાના કાર્યવાહક પ્રમુખ શ્રી અણેને સલાહ આપી. અને એ સલાહ સ્વીકારીને શ્રી અણેએ ૭ સપ્તાહ માટે સવિનય કાયદાભંગની ચળવળ મોકૂફ રાખી છે. પણ સરકારે મહાસભાએ આપેલી તક જતી કરી છે.

પૂ. ગાંધીજીના ઉપવાસને અંગે પૂ. કસ્તુરબાને બોડી મૂકતામાં આવ્યાં છે અને તેઓ પણ પર્ણકુટીમાં, શ્રીમતી સરોજિની નાયડુ સાથે પૂ. ગાંધીજીની સુશ્રુષામાં રોકાયાં છે.

શ્રીમતી માર્ગરેટ સ્પાઇનત નામની જર્મન મહિલા સહાનુભૂતિમાં ઉપવાસ કરવાની હતી પરંતુ તેને શ્રીમતી સરોજિની નાયડુએ તેમજ પૂ. ગાંધીજીએ સમજાવતા તેમણે પોતાનો નિર્ણય પડતો મૂકયો છે.

ગુજરાત:

દાહોદ શહેરમાં ડબગરોને પાણીનો ઘણો ત્રાસ પડે છે. તેઓ માટે બધાહેડો કુવો છે તે ઉનાળામાં સૂકાઇ જાય છે. આથી કેટલીક ડબગર બીબો બહેર કુવે પાણી ભરવા જતાં મંદિરના એક પૂજારી બાવાએ એક સ્ત્રીના માલ ઉપર તમાચો મારી તેનું પાણી ભરેલું માટલું ફોડી નાંખ્યું હતુ અને લાત ઉગામી હતી. આ સ્ત્રી સગર્ભા હતી. પરંતુ સદ્‌ભાગ્યે બચી ગઇ છે. દાહોદનો આ પ્રસંગ ખરેખર શરમ ભરેલો છે.

માતરમાં શ્રીમતી રેવાબહેન રામભાઇ પટેલ અને શ્રીમતી કાશીબહેન ભાઇલાલ પટેલને અનુક્રમે ત્રણ માસની અને બે માસની સજા થઇ છે. લીંબારીમાં પત્રિકા વહેંચવા માટે શ્રીમતી ઝવેરબહેન ચતુરભાઇ શ્રીમતી હીરાબહેન શીવાભાઇ અને શ્રીમતી ચંચળબહેનને ગિરફતાર કરવામાં આવ્યાં હતાં. તેમાંથી શ્રીમતી ડાહીબહેનને ૪ માસ અને બીજા બન્ને બહેનોને ત્રણ માસ સખ્ત કેદની સજા થઇ છે.

પીરમગામના ૪૯મા સરમુખત્યાર શ્રીમતી શાન્તાબહેન મર્ચંટ અને શ્રીમતી દુર્ગાબહેન મહેતા દેસાઈ ખાતે ગિરફતાર કરવામાં આવ્યાં હતાં. તેમને ત્રણ માસની સખ્ત સજા થઈ છે.

મુંબઈ ઇલાકો

કપડવંજ પ્રાંતિક મહાસભા સમિતિના સરમુખત્યાર શ્રીમતી સાવિત્રીબાઈ અને શ્રીમતી રમાબાઈને ધારવાડમાં ૬ માસ જેલની સજા થઈ છે.

અહમદનગર જીલ્લા મહાસભા સમિતિના સરમુખત્યાર શ્રીમતી ચંદ્રકુંવરબાઈ ચિટનીસને ગ્રેજ્યુએશનની આખરે માસિક ખબરપત્રને અંગે ગિરફતાર કરેલાં છે

અગાઉ:

૨૮૫૪	શ્રીમતી રેયબહેન પરીખ	ખતરા	૩ માસ	
૨૮૫૫	„ મણીબહેન પરીખ	„	૩ માસ	
૨૮૫૬	„ ડાહીબહેન પરીખ	બીજાસી	૩ માસ સખ્ત	
૨૮૫૭	„ હીરાબહેન પરીખ	„	૩ માસ સખ્ત	
૨૮૫૮	„ મંજુલાબહેન પરીખ	„	૩ માસ સખ્ત	
૨૮૫૯	„ શાન્તાબહેન મર્ચંટ	રેવાસ	૩ માસ	
૨૮૬૦	„ દુર્ગાબહેન મહે	„	૩ માસ	
૨૮૬૧	„ સાવિત્રીબાઈ	ધારવાડ	૧ માસ	
૨૮૬૨	„ રમાબાઈ	„	૧ માસ	
૨૮૬૩	„ શાન્તાબાઈ ચિટનીસ	અહમદનગર	—	
૨૮૬૪-૬૫	„ ત્રણ બહેનો	નડીયા	—	
૨૮૬૭	„ રસેન્દ્રબા ચૌધરી	ભરૂચ	૬ માસ સખ્ત	

ગોન્ધોકર ગોળીબાર કેસને અંગે ૬ વર્ષની સજા પામેલી કુમારી નીલા દાસે બીજા પુરની જેલમાં કુમારી શાન્તિ ઘોષ અને કુમારી સુનીતિ ચૌધરી એ બે બહેનો સાથે ઉપવાસ કરવા માંડ્યા હતા. પાછળથી તેમણે પિતા તેમજ સગાઓની સમજાવટથી ઉપવાસ છોડી દીધા હતા.

રાજદ્રોહની જેલમાં શ્રીમતી નરેન્દ્રબાળી દત્ત નામની મહાસભી કેદી બહેને સાથીઓની સહાનુભૂતિમાં ઉપવાસ કરવા માંડ્યા છે

નડીયા જીલ્લા રાજકીય પરિવારને અંગે ત્રણ બહેનોને ગિરફતાર કરવામાં આવેલી છે

ખેડના મહાસભા સમિતિવાળા પોમની રનેહલના ચૌધરીને બાબાંઓ સામેના પ્રચારને અંગે ૭ માસ માટે જેલની સજા કરી છે.

નેજાપુરા ગામની શ્રીમતી ગિરિજાબા મજુમદાર નામની બીને પુરુષ પોલીસ માટે કરવા માટે રોકને ગિરફતાર કરી રૂા. ૨૦૦ ના જામીન ઉપર મોકલવામાં આવી છે.

નાસતા ફરતા આરોપી શ્રી. મનોહર પોલ માટે પ્રાન્તઅધિકાર મંત્રાલય માટે તેમજ તેને ખોરાક પાણી પૂરાં પાડવા માટે તેની માતા શ્રીમતી હેમાંગિની મોદક અને બહેન સુમારે ચિત્તને ૧૫ દિવસ સુધીની સજા કરવામાં આવી છે

ક્રાન્તિકારી આંદોલનમાં હાથ લેવાના આરોપસર કુમારી કમલા દત્તને ગિરફતાર કરવામાં આવી હતી. પાછળથી તેને જામીન પર છોડવામાં આવી હતી. જામીનપત્ર લખવા ના તે બદલ સજા કરી અને નાસવામાં કર્યા કરતી હતી. તેને ગિરફતાર કરવા મોકલ્યા સરકારે ઘણાય પ્રયત્ન કર્યો હતો તે ગિરફતાર થઈ છે

ઇલાકામાં કુમારી અમરવતી કે નામની બહેનનાં મામાએ તે બહેન અને તેમના બીજા આરોપી ને જામીન પર છોડવા કરવામાં આવી છે

[૨૬-૧૦-૩૨



નોંધ

બાપુનો ઉપવાસ

આત્માની અને સહકાર્યકરોની શુદ્ધિ અર્થે અંતરના અવાજને માન આપી પૂ મહાત્મા ગાંધીજીએ ગઇ તા. ૮ મી મેના બપોરના ૧૨ વાગ્યાથી ઉપવાસ શરૂ કરતાં જ દેશ સમસ્તમા તેમજ દુનીયાના અન્ય ભાગોમાં ચિંતાની ગંભીર લાગણી ફેલાઇ રહેલી છે પૂ ગાંધીજીએ ૨૧ દિવસના ઉપવાસનો નિર્ણય કર્યાની જાહેરાત થતાજ આખા દેશમા તેમજ અન્યત્ર આશ્ચર્ય જનક ઉશ્કેરણી ફેલાઇ ગઇ હતી અને પૂ. ગાંધીજી તેમની નબળી તબીયતમાં ૨૧ દિવસના ઉપવાસમાં કેવી રીતે ટકી શકશે એવી ચિંતાની લાગણી સર્વત્ર ફેલાઇ ગઇ હતી. પૂ ગાંધીજીને પોતાનો નિર્ણય ફેરવવા માટે અનેક જણે સમજાવ્યા, તારો કર્યા, પરંતુ પૂ ગાંધીજી એ પોતાનો નિર્ણય ન ફેરવ્યો અને તેમણે તા ૮ મી મેના બપોરથી એ ઉપવાસ શરૂ કરી દીધા છે અને આ લખાય છે ત્યા સુધીમાં તો પૂ ગાંધીજી એ ઉપવાસમાંથી સફળતાથી પાર ઉતરી રહ્યા છે તપશ્ચર્યામાંથી પ્રભુ ગાંધીજીને પાર ઉતારે એવી પ્રાર્થના સર્વસ્થળે સર્વ લોકો કરી રહ્યા છે એ પ્રાર્થનામા અમે અમારો સૂર પૂરીયે છીએ કે, હે પ્રભુ, હિન્દના અત્યારના ખરેખરા કટોકટીના સમયમા તેના આ એક માત્ર સુકાનીને જીવતો રાખજે અને હિન્દની પ્રજાને સ્વરાજ ભોગવતી જોવા સુધી તેને દીર્ઘાયુષ્ય આપજે પૂ ગાંધીજીમા શરીરબળ નથી પરિણામે ઉપવાસને અંગે તેમનામા નબળાઇ વધતી જાય છે; પરંતુ તેમનુ આત્મબળ એટલું પ્રબળ છે કે આ તપશ્ચર્યામાંથી તેઓ સફળ રીતે પાર ઉતરી આવશે એની અમને શ્રદ્ધા છે પ્રભુ અમારી શ્રદ્ધાને સાચી પાડો !

પૂ. ગાંધીજીએ, ઉપવાસ શરૂ કર્યા તે રાત્રે જ યરવડાના કારાગારમાંથી બીનશરતે મુક્ત કરવામાં આવ્યા છે અને જેલમાંથી બહાર આવી તેઓ હેઠી પ્રેમલીલા ઠાકરસીના બંગલા 'પર્ણકુટી'માં આ ઉપવાસ કરી રહ્યા છે. 'પર્ણકુટી'મા તેમની સારવાર માટે પૂ કસ્તુરબા અને ભારત કોકિલા શ્રીમતી સરોજની નાયડુ તેમજ અન્ય રોકાયલા છે અને દેશભરના પ્રખ્યાત ડાક્ટરો પૂ ગાંધીજીની તબીયત તપાસી જનતાને ચિંતા ન કરવા જણાવી રહ્યા છે

સરકારની ભૂલ

જેલમાંથી છૂટયા પછી પૂ ગાંધીજીએ મહત્વનું કાર્ય એ કર્યું છે કે, હિન્દી સરકારને, મહાસભા સાથે સમાધાની કરવાની તક મળે તે માટે, એક માસ કે છ અઠવાડિયા સુધી સવિનય કાનૂનભંગની ચળવળ મોકૂફ રાખવાની, મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી અણેને સલાહ આપી હતી. શ્રી અણેએ એ સલાહને અનુસરીને બીજે જ દિવસે છ અઠવાડિયા માટે સવિનય કાનૂન ભંગની ચળવળ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી આ જાહેરાત થતા જ બધાના હૈયામાં, રાષ્ટ્રીય કટોકટનાં સમાધાનની આશા ઉત્પન્ન થઇ હતી પરંતુ, સમાધાન માટે પૂ ગાંધીજીએ અને મહાસભાએ લંબાવેલો હાથ હિંદી સરકારે તરછોડી કાઢયો છે અને સમાધાનની કોઇપણ વાતચીત શરૂ કરતા પહેલા, સવિનય કાનૂનભંગની ચળવળ સદા માટે બંધ કરી, મહાસભાનો સંપૂર્ણ પરાજય સ્વીકારવાનો આગ્રહ કર્યો છે આમ કરીને હિન્દી સરકારે અને તેના દ્વારા બ્રિટિશ સરકારે એક મુદ્દત તક ગુમાવી છે એટલુ જ નહિ, પણ હજુય પૂ ગાંધીજી અને મહાસભાએ આપેલી તકનો જો સરકાર લાભ નહિ ઉઠાવે તો તે એક ગંભીર ભૂલ કરેલી જ ગણાશે ૧૯૩૧ માં ફરીથી કાયદાભંગની લડત શરૂ થઇ તે વખતે, એટલે કે બીજી ગોળમેજી પરિષદમાંથી પૂ. ગાંધીજી પાછા ફર્યા તે વખતે, જે

પરિસ્થિતિ હતી. તે પરિસ્થિતિથી આગળ વધવા પર ઠંબાવના સુપાની હવે પૂ ગાંધીજીએ ફૂટ છાંટ મૂકી છે; પરંતુ, આ દૂમોના જોરથી મહાસભાની ચળવળને ડામી દેવામાં ગૌરવ માનતી સરકાર મહાસભા જેવી હિન્દી પ્રજાની પ્રતિષ્ઠા ધરાવતી સંસ્થા પાસે સંપૂર્ણ આધીનતા સ્વીકારવાના આગ્રહ સેવે છે એ તદ્દન અયોગ્ય છે, કારણ કે ધરદુમોના બળે બહારથી મહાસભા દબાઈ ગયેલી લાગશે. પરંતુ પ્રજાનો કે મહાસભાનો આત્મા, સરકાર ગમે તેવા ધરદુમો અને દમનનીતિથી પણ દાબી શકનાર નથી

– મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનની શાળા સમિતિના પ્રમુખસ્થાને ટે. મીસ્ત્રીમ માલિ- આ વર્ષે ટે. શ્રીમતી નીબાઈ સુખથનકર માલિનીબાઈ સુખથનકર ની ચૂંટણી થવા માટે અમે એ બહેનને ખરા અંતઃકરણથી અભિનંદન આપીએ છીએ શ્રીમતી માલિનીબાઈ મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ઘણા સમયથી ઉપયોગી જેવા બનતી રહ્યા છે એટલું જ નહિ પણ બીજી ઉપયોગી સ્ત્રી સંસ્થાઓમાં અને બહેર જીવનમાં પણ તેઓ સારી સેવા બજાવી રહ્યા છે આવાં સમાજ સેવિકા બહેનને શાળા સમિતિના પ્રમુખસ્થાને ચુંટીને સમિતિના સભ્યોએ સમિતિનું તેમજ આખી કોરપોરેશનનું ગૌરવ વધાર્યું છે આ પદે આવનારા શ્રીમતી માલિનીબાઈ મુંબઈમાં પહેલાં જ બહેન છે એ વધારે ગૌરવ લેવા જેવી બાબત છે અમે કોથી શ્રીમતી માલિનીબાઈને અભિનંદન આપીએ છીએ અને તેમને વધારે ઉપયોગી કારકીર્દિ ઇચ્છીએ છીએ.

મુંબઈના શ્રી મજિની સમાજની અનેક ધમ પ્રવૃત્તિઓમાં એકનો ઉમેરો થાય છે અને એ મુંબઈમાં 'મજિનીગૃહ' 'મજિનીગૃહ' બાંધવાને લગતી છે એના સબ-ધમા ,શ્રી મજિની સમાજના મંત્રી શ્રીમતી લીલાબહેન પિકર એક નિવેદનમાં જણાવે છે કે

" મુંબઈ જેવાં શહેરમા અનેક સ્ત્રીઓ શિક્ષિકા કે બીજા જેવા ધંધાઓ મારફતે પોતાની આજીવિકા પ્રાપ્ત કરી રહી છે પણ આવી બહેનોને રહેવા કરવા માટે સારી સગવડ હોતી નથી આવી બોટ પૂરી પાડવા માટે મધ્યમ વર્ગની સ્ત્રીઓને પોતાની આજીવિકા મેળવવા તેમજ પોતાનો વિકાસ સાધવા શહેરો કરવાની જરૂરી સગવડ પૂરી પાડવા મજિની સમાજે એક ગૃહ બાંધવાનો ઠરાવ કર્યો છે આ ગૃહ ફક્ત રહેવા તથા જમવાની સગવડ પૂરી પાડશે એટલો જ તેનો હેતુ નથી, પણ જુદા જુદા ક્ષેત્રોમા કામ કરતી બહેનોને એકત્ર કરી તેમને તેમની ઉન્નતિ કરવાની સગવડ તથા તક આપી જવિષ્યમાં કાર્યકર્ત્રીઓ તૈયાર કરવાનો પણ વિચાર રાખે છે આપણા જનસમાજમા આજે સ્ત્રી કેળવણી તથા સ્ત્રી ઉન્નતિ કાર્ય પાછળ જોઈએ તેટલું લક્ષ અપાતું નથી પોતે ઘણી પ્રગતિ કર વર્ષે થતી જાય છે પણ કરોડોની વસ્તી આગળ તેની સરેરાશ ગણત્રી બહુ જાજ છે મુંબઈ જેવા શહેરમા આવા ગૃહની ઘણા વખતથી જરૂર હતી ને પૂરી પાડવા મજિની સમાજે આ પ્રયત્ન કર્યો છે મુંબઈની તથા બહારની મુંબઈમાં વસતી બહેનો તેનો લાભ ઉઠાવશે એવી આશા છે વિલાયતમાં તથા પશ્ચિમના બીજા દેશોમા સ્ત્રીઓના આવા વસતીગૃહો ખુબ સફળ થયા છે તેમા રહેનાર બહેનોનો પોતાનો ખુબ વિકાસ થયો છે એટલું જ નહિ પણ તે દ્વારા જનસમાજને પણ ઘણો લાભ મળ્યો છે ઘર આંગણ જેં વાચન અને સહવાસ મળતો બહેનોને માટે દુર્લભ હોય છે તે અહીં સહેલાઈથી મળી રહે છે ઉપરાંત કુટુંબના વિખવાદ કે કલેશને બદલે અહીં સારા સંસ્કાર ને શિક્ષણમા જીવનવ્યતિત થાય છે " મજિની સમાજના મંત્રી બહેનની આ નિવૃત્તિને બહેનો યોગ્ય સત્કાર આપશે અને 'મજિનીગૃહ' નો લાભ ઉઠાવશે એવી અમે આશા રાખીએ છીએ, આ સબધમાં માહિતી મેળવવા ઇચ્છતાં બહેનોએ મંત્રી, મજિની સમાજ, રણછોડજીમંદિર, ગીરગામ, મુંબઈ, ૪.' એ સ્થળે પત્રવ્યવહાર કરવો

ગુજરાતના માનીતા કવિ ખબરદારનાં કાવ્ય ગ્રંથો.

દર્શનિકા

વનમાં પ્રવેશતા કવિશ્રીએ ગુજરાતને અર્પેલું ૭ હજાર લીટીનું તત્ત્વ દર્શનમુલક વિચારપ્રધાન મોટું કાવ્ય પાકું સોનેરી પૂંઠું, ૪૩૨ પાનાં ઉંચા જાડા ફ્રેંચર વેવ્ઝ કાગળ કિંમત રૂા. ત્રણ ટ. ખ. આ. ૫.

ભજનિકા

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના પોષણમો ભજન કાવ્યો.

પાકું સોનેરી પૂંઠું; કિંમત માત્ર રૂપીઓ સવા ટ. ખ. બે આના.

ગુણસુંદરીના ગ્રાહકોને આઓ સેટ આઠ રૂપીયામાં લ્યો—

કલિકા

શૃંગારરસનું ૩૦૦૦ લીટીનું અપૂર્વ ખંડ કાવ્ય, જર્મન વિદ્વાનોની અત્યંત પ્રસંશા પામ્યું છે.

૨૫૦થી વધુ પાનાં, ઉંચા એન્ટીક કાગળ, પાકું પૂંઠું કિંમત માત્ર રૂા. બે. ટ ખ. અઢી આના.

રાસચંદ્રિકા

ફાકિલકઠી ગુજરાતણોને સહજમાંજ કંઠસ્થ થાય એવા પચાસ રાસનો સંગ્રહ.

પાકું સોનેરી પૂંઠું, કિંમત સવા રૂપીયો, ટ. ખ. બે આના.

"ગુણસુંદરી" કાર્યાલય : ૧૧૪ ગીરગામ બેક રોડ, મુંબાઇ, ૪.

જેને માટે બૃહદ ગુજરાત રાહ જોતું હતું

—: આ રહ્યું તે પુસ્તક :—

"સંતતિ નિયમન"

હિંદુ સમાજના સળગતા પ્રશ્નોઃ—

માતૃત્વ—આકસ્મિક કે ઐચ્છિક ?

મર્યાદિત સંખ્યામા બળવાન, ચારિત્ર્યવાન બાળકો કેવી રીતે ઉત્પન્ન કરવાં ? આ પ્રશ્નોનું દરેક દ્રષ્ટિએ અવલોકન કરતું અને તેને માટે વિશ્વાસપાત્ર અને નિર્દોષ ઉપાયો બતાવનારૂં પુસ્તક.

લેખક : ડૉ. અમૃતલાલ હ. પટેલ, ડી. પી. એચ, ડી. ટી. એમ., એમ. બી. બી. એસ. (મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, બરો મ્યુનિસિપાલિટી, સુરત.)

૧૬ ચિત્રો : : ઉપ પ્રકરણ : : સોનેરી પુઠું

કીંમત રૂ. ૧-૮-૦ : પોસ્ટેજ જુદું.

મળવાના ઠેકાણાંઃ ધર્મ વિજય પ્રેસ, પાયધુની, ગોડીજીના દેરા પાસે, મુંબઇ, ૩ "ગુણસુન્દરી" કાર્યાલય, અને જાણીતા બુકસેલરો.




સસ્તાં, સુંદર તેમજ ઉત્તમ હોવા ઉપરાંત
તદ્દન નિર્દોષ

ક્રાઉન  બ્રાન્ડ

એલ્યુમીનીઅમના વાસણો.

પ્રમાણભુત ચોખ્ખા એલ્યુમીનીઅમમાંથી કેવળ હિંદી કારીગરોને હાથે માત્ર હિંદી નિષ્ણાતોની દેખરેખ નીચે બનાવવામા આવે છે



કેટલાક કરેલાતા વિજ્ઞાનશાસ્ત્રીઓ જાગેાળા હાકે છે
અને અજ્ઞાન લેાકેા તે માને છે કે
" એલ્યુમીનીયમના વાસણેા નુકશાનકારક છે "

પ્રશંસા

હિંદના પ્રધાન રસાયણ શાસ્ત્રી—
આચાર્ય પ્રફુલ્લચંદ્રરાય શુ કહે છે ?
'લગભગ ૧૨ વર્ષથી વધુ સમય થયા મારા ઘરગથ્થુ કામમાં હું એલ્યુમીનીયમના વાસણેા વાપરૂ છુ રાંધવા માટે તેમજ રાંધેલી વસ્તુઓ રાખવા માટે સામાન્ય ઉપયેાગમાં આવતી આ ધાતુ મને જરાએ હાનીકારક લાગી નથી ઉલ્ટુ મારી વાત એ છે કે ત્રાંબા પિતળના વાસણેા કરતાં આ વાસણેા વધુ પસંદ પડ્યા છે
પી સી રાય

જીવનલાલ (૧૯૨૯) લીમીટેડ

કારખાના તથા શાખા
હેડ ઑફીસ. ૧૧ કલાઇવ સ્ટ્રીટ. કલકત્તા — કલકત્તા મુંબાઇ, મદ્રાસ રંગુન

શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી હિંદી સ્ત્રી-વિદ્યાપીઠ



પદવીદાન સમારંભ



ગુણસુંદરી
અને સ્ત્રીહિતોપદેશ

પુસ્તક ૨૦ મું] જુલાઇ ૧૯૩૩ [અંક ૫ મો

ચન્દ્રદર્શન

ઉગ્યો ચંપાની ડાળીએ ચન્દ્રમા રે,
જો ને વરસે અમીભર્યો ઉજાસ.
ઉગ્યો ચંપાની ડાળીએ ચન્દ્રમા રે!

આજ ઉગી ચૈતરકેરી પૂર્ણિમા રે,
અહીં દેવોનો પાંગરે પ્રકાશ
ઉગ્યો—


જાણે ચૈતરનો ચંપક એ મ્હોરીઓ રે,
તારલાઓની પાંદડી વેરાય:
ઉગ્યો—

પાંદડીઓની ચૂથી કુલકટોરીઓ રે,
ઝીળી ચન્દનીનાં અમૃત ઢોળાય
ઉગ્યો—

આવો રસિયા તો અમૃત ઝીલીએ રે,
અહીં આત્માના ઓજસ્ પમાય:
ઉગ્યો—

અને ખીલે પ્રફુલ્લ પ્રાણપાંદડી રે,
આત્મલક્ષ્મીવન્તા ઉર થાય!
ઉગ્યો—

જનાર્દન પ્રભાશંકર



હિંદી નારીજીવન

લેખિકા: શ્રીમતી રાજકુમારી અમૃતકુંવર

અનુવાદક: શ્રી રમણીકલાલ જયચંદભાઈ દલાલ બી. એ. એલએલ. બી

હિંદ પલટાતુ જાય છે. વર્ષોની નિદ્રા છોડી એનાં બી પુરુષો કોણ અજબ જાદુમ દંડના સ્પર્શથી જાગૃત થઇ રહ્યાં છે. ઘર-આંતરમાં વ્યક્તિગત પ્રયાસો મતા સામાજીક સુધારણા ને કેળવણી તરફ ખાસ લક્ષ આપવામાં આવતું પરંતુ કમણાં કમણાં હિંદી નારીજીવનમાં એટલી તો આકલ્પ્ય પ્રગતિ થઇ રહી છે કે પૃથ્વીપટ પર કોઇપણ યુગમાં એની જોડી જડવી મુશ્કેલ છે.

પુરાતન નારીજીવનમાં ક્રાંતિ સાધવાના મૂળ પ્રયાસો શ્રી રાજા રામમોહનરાય કેશવ ચંદ્ર સેન, સ્વામી દયાનંદ, શ્રીમતી રાનડે, પંડિતા રમાબાઇ અને બીજા સમાજસેવકોએ કર્યા હતા: ખ્રીસ્તી સેવાસંસ્થાઓએ પણ એ કાર્યને સીધી કે આડકતરી રીતે પૂરતો વેગ આપ્યો હતો.

યુરોપ અને અમેરિકામા સ્ત્રીઓ શું કરી શકે તેની છેલ્લા મહાયુદ્ધમાં પ્રતીતિ થઇ. પશ્ચિમમાં થઇ ગયેલા ક્રાંતિના એ જુવાળની પૂર્વમા પણ અસર થઈ ને હિંદી નારીજીવનના પ્રગતિકાર્યમાં ગજબ ઉભરો આવ્યો.

હિંદી મહિલાઓનું પહેલું મંડળ ધરવી સન ૧૮૧૭ માં મદ્રાસમાં સ્થપાયુ. કેળવણી પ્રચારાર્થે જ એની સ્થાપના થયેલી હતી છતાંય ઓમતાધિકાર મેળવવાની હિલચાલ તેણે ઉપાડી લીધી. સમસ્ત હિંદમાં અત્યારે તેની શાખાઓ ફલાવવામાં આવી છે. કુલ બેતેર શાખાઓમાંથી મોટા ભાગ દક્ષિણ હિંદમાં જ છે. સ્ત્રીઓના પ્રશ્નમાં રસ લેતા દરેક એ મંડળ તરફથી પ્રગટ થતું 'સ્ત્રીધર્મ' નામનું માસિક જોઇ જવા જેવું છે.

મોટી મહિલાઓમાં જ્ઞાનપ્રચાર કરવા હિંદમાં સ્થળે સ્થળે સંસ્થાઓ સ્થપાઇ છે: ખાસ કરીને બંગાળા ને મદ્રાસમાં એવાં મંડળો સારી સંખ્યામાં છે. કૉ સ્નાતકોનાં મંડળોનું પણ એક મધ્યસ્થ મંડળ સ્થાપવામાં આવ્યુ છે. એ દ્વારા સામુદાયિક પ્રગતિ સાધી જનતાને જાહેર જીવનમાં રસ લેતાં કરી અંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સમજાવવાનો ઉદ્દેશ છે

પ્રાંતિક કૉંસંસ્થાઓ પણ ઓછી નથી એમાં દરેક કોમની સ્ત્રીઓને સ્થાન આપી નારીજીવનના ઉત્કર્ષ માટે અનેક પ્રયાસો કરવાનો આદર્શ છે જુદી જુદી સ્ત્રી સંસ્થાઓનો સહકાર સાધવાનો તેનો મુખ્ય હેતુ છે. આ સંસ્થાઓદ્વારા સ્ત્રીકેળવણી ને સામાજીક સુધારણાનુ કામકાજ હાથ ધરવામાં આવેલું છે.

હિંદી રાષ્ટ્રીય મહિલા મંડળ પ્રસ્થી સન ૧૯૨૫ માં સ્થાપવામાં આવ્યું પ્રતિષ્ઠ સંસ્થાઓ એની છત્રછાયા નીચે કામ કરે એ તેનો મુખ્ય હેતુ હતો. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં હિંદી મહિલાઓ પણ ભાગ લેતી થાય એ ખાસ આદર્શ છે

અત્યારે આવી અસત્યની પ્રવૃત્તિ જોવા જઈએ તો તે અખિલ હિંદ મહિલા પરિષદની છે આજ સુધીમાં તેની છ બેઠકો મળી ચૂકી છે એની છેલ્લી બેઠકનો રજત તપાસીએ તો એ સંસ્થા કેટલું કામ કરી રહી છે તેનો ખ્યાલ આવશે. આવી પરિષદો ભેગવવાનો મુખ્ય હેતુ સંસ્થા પ્રચારનો હતો પરંતુ પ્રસ્થી સન ૧૯૨૯ માં સામાજીક સુધારણાનું કાર્ય ઉપાડી લેવાનો ઠરાવ કરવામાં આવ્યો. આ સંસ્થાની બિજી દિલ્હીમાં તેમજ દેશી રાજ્યોમાં ત્રણ ચાર શાખાઓ ઉઘાડવામાં આવી છે એટલે દરેક જાતિ અને કોમની મહિલાઓ પરિષદની વાર્ષિક બેઠકોમાં હાજરી આપે છે પ્રાંતોનો રિવાજ હાલ પણ ચાલુ છે તે કોમોની મહિલાઓ પણ એ કામકાજમાં આગળ પડતો ભાગ લે છે તે ખાસ નોંધવા જેવી બીના છે. એમાંની પણ મહિલાઓ તો દૂર દૂરથી લાંબા પ્રવાસો ખેડીને પરિષદની બેઠકમાં હાજરી આપે છે આ પરિષદે અખિલ હિંદ ઐક્ય કેળવણી દ્વારા કર્યું છે ને તેના આશ્રય નીચે ઘણી જ દિલ્હીમાં એક મધ્યસ્થ સ્ત્રી વિશ્રામગૃહ ઉઘાડવામાં આવ્યું છે. વળી બાળલગ્નપ્રતિબંધક કાયદો ઘડાયો તે પણ અખિલ ભારતમહિલા પરિષદના પ્રયાસોને જ આભારી છે.

આ ઉપરાંત હિંદમાં બીજી સંસ્થાઓ પણ ઓછી નથી. મુંબાઇ મદ્રાસ પૂના વગેરે મોટા શહેરોમાં સેવાસદનો સ્થપાયાં છે. પૂનાની હિંદી મહિલા વિદ્યાપીઠ પણ હવે ખ્યાતિ પામતી જાય છે મુંબાઇ, અમદાવાદ ને બીજા શહેરોના વનિતાવિશ્રામો પણ ઠીક કામકાજ કરી રહ્યા છે. અનાથાશ્રમો ને વિધવાશ્રમો પણ ઠીક ઠીક પ્રમતિ કરે છે. સરોજ નલિની દત્તના સ્મરણાર્થે સ્થપાયલી મહિલા સમિતિ પણ ભૂલી જવા જેવી નથી—આ તમામ પ્રયાસોના પરિણામે હિંદી બહેનો જરૂર નવજીવન પામશે જ

ઝાંઝરણું

ઝાંઝર અલકમલકથી આવ્યું રે
મને વ્હાલાએ પત્રમાં પહેરાવ્યું રે
મારું ઝમકે ઝમઝમ ઝાંઝરણું

એને ઘૂઘરે ઘમકે તારલિયા,
એને પેડલે ચમકે ચાંદલિયા,
એને મોઢે તે બેઠા મોરલિયા,
મારું ઝમકે ઝમઝમ ઝાંઝરણું

એ રાન્તએ માગ્યું ઝાંઝરણું
એ રાણીએ માગ્યું ઝાંઝરણું
તોય વ્હાલે દીધું મને ઝાંઝરણું
મારું ઝમકે ઝમઝમ ઝાંઝરણું

ઝાંઝર પહેરી પાળીડાં હું ચાલી,
મારી ઉરમે તે મરમી સાહેલી,
એને ઠમકારે લોકની આંખ ઝાલી,
મારું ઝમકે ઝમઝમ ઝાંઝરણું

સુન્દરમ્

બાકી બીજો પણ હિંદી જાહેરજીવનમાં હવે આગળ પડતો ભાગ લઈ રહી છે. પ્રાંતિક ધારાસભાઓમાં પણ સભ્ય બની કામકાજ ઉપાડી લેવાની શક્તિ બીજાઓએ દાખવી છે કેટલીક મહિલાઓ ધારાસભ્ય

મેજીસ્ટ્રેટ, મ્યુનિસિપાલિટીનાં સભ્ય, કે જાહેર સંસ્થાઓમાં સારું કામકાજ કરી ચૂકી છે. દાળાઓમા શિક્ષિકાઓ, વિદ્યાપીઠોમાં અધ્યક્ષો ને ડૉક્ટરો તથા નર્સો તરીકે પણ મહિલાઓ હવે ઘણી સારી સેવા આપે છે સાહિત્ય-જીવનમાં પણ શ્રીમતી તોરૂ દત્ત, ને શ્રીમતી સરોજિનીનું નામડું જોવાએ નામ કાઢયું છે. બોપાલનાં મહંમ બેગમ સાહિબા ને ત્રાવણ્કોરનાં મોટાં મહારાણી સાહિબાએ રાજકાર-ભારમાં રાજનીતિજ્ઞ તરીકે નૈપુણ્ય દાખવ્યું છે. કોઇપણ ક્ષેત્રમાં હિંદી મહિલા કામકાજ કરી શકે તેમ છે એ વાત નિઃસંશય છે.

આ બધી વિગતો તપાસતાં જણાશે કે હિંદી નારીજીવન સજ્જ પ્રેરકબળ તરીકે પૂરવાર થયું છે એ વાત હવે નિર્વિવાદ છે

છતાંય સામાજીક, રાજકીય ને કેળવણી પ્રદેશમાં સ્ત્રીઓની જે હિલચાલો ચાલુ છે તેની જરૂરીઆતો ને મુશ્કેલીઓ તપાસ-વાની જરૂર છે. એ દિશામાં સતત પ્રયાસો કરવામાં આવે તો કેટલું રચનાત્મક કાર્ય સાધી શકાય તે વિચારવાની જરૂર છે હિંદી વિકાસની આ ઘડીએ સ્ત્રીકેળવણીની અગત્ય બરાબર સમજવી મુશ્કેલ છે ઇ સ ૧૯૨૯ –૩૦ માં કન્યાકેળવણીની સંસ્થાઓ ૩૨૫૧૦ હતી. કન્યાઓની સંખ્યા ૮૦૪૮૩ થી ૧૩૮૯૨૪૧ હતી, દરેક લાખ બાળાઓ કોલે-જોમાં સાથે શિક્ષણ લેતી હતી. એટલે કુલ સંખ્યા બીજ લાખની આંકી શકાય આગાનો મોટો ભાગ પ્રાથમિક શાળામાં હોય છે. ટેરિટરમાં બધાને આખી ૨૬૫ મહિલાઓ ડાકટરી વિદ્યાપીઠોમાં ને ૧૮૬ ટ્રેઇનીંગ કોલે-જોમાં અભ્યાસ કરે છે કોઇ પણ પ્રાંતમાં બાંધે એક કોલેજ કોલેજમાં જતી હોય એવી પરિસ્થિતિ હજી થયા પાછી નથી. કેટલાક પ્રાંતોમાં તો બીજ કે પચીસમાં એકજ કન્યા અભ્યાસ જતી હોય છે. લાખો હિંદની તાર-વણી કાઢીએ તો સ્ત્રીકેળવણી માત્ર બેજ ટકા આંકી શકાય.

કેળવણી પ્રચારમા મુખ્ય મુશ્કેલીઓ બેદરકારી, બાળલગ્ન ને આર્થિ ભીડ ગણી શકાય. સ્ત્રીસંસ્થાઓએ મહાન પ્રયાસો કરી પ્રજાની બેદરકારી તો હવે ખંખેરી નાખવા માંડી છે. શ્રીયુત હરવિલાસ શારદાના બાલલ-ગ્નપ્રતિબંધક કાયદાના પરિણામે બાળલગ્નની બદી પણ હવે નાબુદ થશે એમ આશા પડે છે છતાંય પૂરતાં ભડોળો નથી, એ વાત હજીયે સ્ત્રીકેળવણીના પ્રખર હિમાયતીઓને પણ મુંઝવી રહી છે.

ફરજીયાત ને મફત પ્રાથમિક કેળવણી, ઉચ્ચ શિક્ષણ માટે પૂરતી સગવડો ને હિંદી હાજતોને યોગ્ય અભ્યાસક્રમ એ હિંદી મહિ-લામંડળોની રોજની માગણીઓ છે અને રડેરો દિલગીરીની વાત છે કે માત્ર મદ્રાસ શહેરમાં ને મુંબાઇના થોડા વિભાગમાંજ ફરજીયાત ને મફત પ્રાથમિક કેળવણીની શરૂઆત કરવામા આવી છે. બીજાં શહેરોમાં તો હજી કાયદા પ્રયાસ કરવામાં આવ્યો નથી માત્ર પુરુષોમા જ જ્ઞાનપ્રચાર વધે તેથી કાંઇ ગૃહજીવનમા સંસ્કારિતા સાંપડે નહિ અને સ્ત્રીપુરુષનાં માન-સમાં વચ્ચેનું અંતર વધતું જ જાય રાષ્ટ્રીય દૃષ્ટિએ કે સામાજીક દૃષ્ટિએ સ્ત્રીપુરુષમાં જ્ઞાનપ્રચાર વધે તે માટે એકજ ધોરણ રાખવું ખૂબ જરૂરનું છે. હિંદી સ્ટેટબુટરી કમીશનના હેવાલમાં પણ આજ વાત ઉપર ભાર મૂકે વામાં આવેલો છે. હિંદી કુમારિકાઓમાંની પચાસથી ટકા બાળકામા રહે છે. એમનાં કેટલાંક ગામડાં તો સારા પગારનો શિક્ષક રાખી શકે તેમ પણ નથી. વળી એવાં ગામ-ડાંમાં સ્ત્રીશિક્ષકોને અતિશય દાઢમારીઓ નડે છે. તેમજ એવાં સ્થાનોમાં ઉત્સાદી સ્વયં-સેવકો પણ જડી આવવા મુશ્કેલ છે. કેવળ આપણા સામાજીક રિવાજો પણ ઓછા આડે

આવતા નથી. છતાં દમણાં દમણાં બીજોમાં જાગૃતિ આવી છે ને નવી પ્રજા કેળવણી પામવા ઉત્સુક છે એ ચિન્હો આશાભર્યા છે સરકારના પ્રયત્નોમાં હવે હિંદી પ્રજાએ પણ સાથ આપવા માંડયો છે પૂનાની મહિલા વિદ્યાપીઠ, નાગપુરનું મહિલા વિદ્યાલય, જલંધરનું કન્યા મહાવિદ્યાલય, ફિરોજપુરની શીખ શાળા, સેવાસદનો, શ્રીમતી બેઝની શાળાઓ અને બીજી સંસ્થાઓ નોંધવા જેવી પ્રગતિ કરી રહેલી છે

છતાંય માનવીના પ્રમાણમાં હજી પૂરતાં સાધનોની ઉણપ રહે છે. હરીફ મનિતિના કહેવા મુજબ હિંદમાં હવે કન્યાકેળવણી તરફ વધારે ધ્યાન અપાવું જોઇએ એમ થશે તોજ હિંદી રાજકીય પ્રગતિ સધાશે એ માટે બીજાણ એકલું કરતાં તો ભારે મુશ્કેલી નહિ જ નડે.

સામાજીક સુધારાની બાબત સંસ્થાઓનાં કાર્યમાં ભારે મુશ્કેલીરૂપ નીવડે છે આપણા દેશના સામાજીક રીવાજો ધાર્મિક વિધિઓ અને માન્યતાઓ માથે એવા બધા બેજસેર થઇ ગયેલા છે કે એ આપણી પ્રગતિના વિરોધક હોવા છતાં એનો સામનો કરવો ઘણોજ કપરો થઇ પડે છે. છતાંય સંસ્થાઓ દ્વારા જે વ્યક્તિગત, પ્રયત્નો ઓછા નથી થતા જે સુધારણા માટેની ધગશ તો હવે દરેક ઘરમાં દૃષ્ટિગોચર થાય છે જાગૃતિ લાવ કરવા માટે બીજો જાતેજ ખૂબ પ્રવાસો કરી રહી છે સમિતિના હેવાલમાં નોંધવામાં આવ્યું છે કે —

" માતૃત્વ વહેલું આવે એ ધ્યાનપાત્ર નથીજ એનાં પરિણામ ખૂબજ ગંભીર આવે છે. માતાઓ અને બાળકોનું મરણપ્રમાણ અતિશય વધી જાય છે ઘણા દાખલાઓમાં કુદરતીઓના બાંધા તૂટી જાય છે ને પરિણામે આખી પ્રજાના શારીરિક બંધારણ નબળું પડે છે સતીનો રિવાજ કાયદાથી દૂર કરવામાં આવ્યો તેવીજ રીતે માતૃત્વ માટે પણ કાયદો થવાની જરૂર નથી ? કોઇ કોઇ બીજો સતી થતી વ્યક્તિગત દુઃખની અતિશયતાથી ને યુવાન બાળકને છતની બળતી જોવાથી દિલને જે ભારે આઘાત પહોંચતો તેથી પ્રજા મત જાગ્રત થયો હતો માતૃત્વ વહેલું આવવાના દાખલા તો ચોપાસ નજરે ચઢે તેમ છે એથી ઘણી બીજો સહન કરે છે દિલ ને મુસ્તીમ બીજો બાળીયે એ વાતથી સરખી જ પીડાય છે એથી આખુ મામાજીક બંધારણ હચમચી જાય છે પરંતુ સમાજરચનામાં એ બધુ એવું બધુ ઓતપ્રોત થઇ ગયું છે ને એના બાધકર અનિષ્ટથી લોકો એવા તો ટેવાઇ ગયા છે કે લોકોની એ દિશા તરફ આંખ ઉઘડતી નથી એટલે સતીના બનાવો માટે કાયદાની જરૂર પડી તો માતૃત્વનાં બાધકર પરિણામો અટકાવવા તો કાયદો કરવાની વધારે અગત્ય ઉભી થાય છે.

બીજો મુદ્દો પડદાના રિવાજનો છે. અર્વાચિન કાળમાં કેળવાયેલા વર્ગોમાં તો એ રિવાજ લગભગ નાબુદ થઇ ગયો છે છતાંય હિંદુસ્તાનની બીજોનો લગભગ ત્રીજો ભાગ એટલે આશરે ચાલીસ કરોડ બીજો હજી પણ પડદો પાળે છે એવા એકાંતવાસથી શરીર ને મન પર કેટલી ખરાબ અસર થાય છે એ વાત જગજાહેર છે ડાક્તરી અભિપ્રાય તો એ વિરૂદ્ધ સખત પોકાર લગાવી રહેલ છે અખિલ ભારત મહિલા પરિષદના પ્રમુખપદેથી વડોદરાનાં નામદાર મહારાણીશ્રીએ એકવાર કહ્યું હતું કે.—

" જો સમાજીક જીવન ઉન્નત બનાવવામાં બીજોએ સક્રીય ભાગ આપવો હોય, જો બાલશિક્ષણ માટે તેમની જવાબદારીઓ સમજવી જરૂરની હોય તો પડદાનો રિવાજ સદંતર દૂર થવો જ જોઇએ જો

જીવન ઉલ્લાસમય બનાવવા માટે જરૂરી માનસિક સ્વાતંત્ર્ય ને રસવૈવિધ્ય સ્ત્રીઓને ન મળી શકે તેમ હોય તો પડદાના રિવાજને સદંતર નાબુદ કરવો જોઇએ. એ માટે આપણે જાહેર પ્રજામત એટલો બધો કેળવવો જોઇએ કે થોડા ધણાય જે વિરોધમાં છે તે આપણી બહુમતિથી દબાઇ જાય"

બાળલગ્ન અને પડદાનો રિવાજ નાબુદ થવાથી સ્ત્રીઓની તંદુરસ્તી સુધરશે એટલું જ નહિ પરંતુ તેમની કેળવણીના બે મોટાં વિઘ્નો દૂર થશે. ને જ્ઞાનપ્રચાર વધશે.

વળી સ્ત્રીઓ કાયદાના બંધનોમાં પીડાય છે તે પણ દૂર કરવા ખાસ પ્રયાસોની જરૂર છે. ખાસ કરીને હિંદુ સ્ત્રીઓ માટે કાયદામાં બહુ બંધનો છે. એ દિશામાં દિવાન બહાદુર હરવિલાસ શારદાને ખાસ માન ઘટે છે કારણ કે સ્ત્રીઓના પ્રશ્નોમાં તે રસ લે છે. એટલું જ નહિ પરંતુ એમની હીન દશામાંથી ઉદ્ધાર કરવા કાયદેસર પગલાં ભરી રહ્યા છે. હિન્દુ વિધવાઓનું સ્થાન, લગ્નના કાયદાઓ ને વારસાના હકોમાં બારે ફેરફાર થવાની જરૂર છે શ્રી સંસ્થાઓ દિવાન બહાદુર જેવાના ટેકાથી જાહેર પ્રજામત પોતાના લાભમાં કેળવી પોતાની ક્ષતિઓ દૂર કરવામાં સફળ થશે જ એમાં કાંઇ શક નથી. બ્રિટીશ હિંદ કરતાં વડોદરા ને માયસોર રાજ્યોમાં આ દિશામાં ઘણી જ સારી પ્રગતિ થવા પામી છે ને તે માટે ખાસ કાયદાઓ પણ ઘડવામાં આવ્યા છે.

સ્ત્રીઓને બાળાઓને અનીતિના ધંધામાંથી દૂર રાખવા સ્ત્રીઓનો રાષ્ટ્રસંઘ ને બંગાળી મહિલામંડળ પાશ્ચિમાત્ય સ્ત્રીસંઘોના સહકારથી માઠું કામ કરી રહેલાં છે અને એ બદી દૂર કરવામાં બંગાળામાં ખાસ કાયદા પણ જલદી થશે એવી આશા છે.

સ્ત્રીઓએ હાથ ધરવાના પ્રશ્નોમાં હાલ અસ્પૃશ્યતા નિવારણ, બહુપત્નીત્વ, દારૂનિષેધ, જુગાર ને ભિક્ષુકવૃત્તિ દૂર કરવાનું કામકાજ તથા ગૃહકુલોજો તથા પ્રસૂતિ ને બાળસંભાળ જેવા પ્રશ્નો ખાસ અગત્ય ધરાવે છે. ગામે ગામ તેમ જ ઉદ્યોગી સ્થળોમાં એ પ્રશ્નો હાથ ધરી તેના નિવારણાર્થે ખાસ સગવડો કરવાની જરૂર છે. દાક્તરી સલાહ ને આરોગ્ય સુધારણા ઉપર વિશેષ લક્ષ આપવું ઘટે છે. ગરીબોને તંદુરસ્તીના સાદા નિયમો ઠસાવવા જોઇએ. મોટી ઉમરનાને કેળવણી આપવાની વ્યવસ્થા કરવી જોઇએ ખાસ કરી ઉદ્યોગગૃહો ખોલી સ્ત્રીઓએ આર્થિક સંકડામણ નિવારતી થઇ જાય એવી ગોઠવણ થવી જોઇએ બાગબગીચા ને રમતગમતો માટે છૂટાં મયદાનો બનાવી ગીચ વસ્તીને છૂટી પાડવાની જરૂર છે. આ દરેક બાબતે થોડી ઘણી સફળતા મળેલી જ છે છતાંય એ કાર્ય મહાભારત છે એટલે પ્રગતિની ગતિ મંદ રહે એ સ્વાભાવિક જ છે.


દેશના રાજકીય જીવનમાં મુસ્લેમોએ સહન કરવામાં પણ બહેનોએ ઓછો ફાળો આપ્યો નથી. ખાદીનો પ્રચાર પુરૂષો કરતાં સ્ત્રીઓએ વધારે પ્રમાણમાં કર્યો છે. હિંદી સ્ત્રીઓમાં આવી રાજકીય જાગૃતિ આવેલી છે તે પૂરવાર કરતા એક જ દાખલો બસ થઇ પડશે મતાધિકારના પ્રશ્નમાં તેમણે દેશના બીજા મહત્વના પ્રશ્નોની ખાતર પોતાના તમામ ખાસ હકો જતા કર્યા છે એ ઓછું અભિનંદનીય નથી. સ્ત્રીઓમાં દેશપ્રેમની લાગણી વધારે તીવ્ર છે અને દેશનું ભલું ઇચ્છતું હોય તો કામ કરતાં દેશના પ્રશ્નોને વધુ વજુદ આપવું જોઇએ એમ તેઓ સારી રીતે સમજે છે. નવા બંધારણમાં તેમનાં સ્થાનનો પ્રશ્ન છણવામાં આવ્યો ત્યારે હિંદની સ્ત્રીસંસ્થાઓએ ખૂબ જ

ઉદારતા દાખવી છે ને તેને માટે તેમને ખાસ માન ઘટે છે.

સ્ત્રીઓનું સ્થાન નક્કી કરતા અનેક વાતો વિચારવી ઘટે છે આર્થિક પરિસ્થિતિ કાયદાના બંધન, ધાર્મિક સિદ્ધાંતો વગેરે દરેક પોતપોતાનું જોર અજમાવે છે છતાંય આખરે એ દરેકમાં સમયાનુસાર ઘટતા ફેરફારો થતા જ રહ્યા છે. એટલે હવે આપણે ઐતિહાસિક દૃષ્ટિએ સ્ત્રીઓનું સ્થાન નક્કી કરવાનું રહેતું નથી વર્તમાન કાળમાં જે પ્રચલિત નૈતિક આદર્શ હોય તે પ્રમાણે જ સ્ત્રીઓની પછીનો નિર્ણય કરી શકાય સમાજ જે કક્ષાની રહેણી કરણી અપનાવતો હોય તે પ્રમાણે સ્ત્રીસન્માન જળવાય પ્રજાતંત્રની અંદર વ્યક્તિસ્વાતંત્ર્યને ખાસ અગત્ય અપાય છે. એટલે સ્ત્રીસ્વાતંત્ર્યને પણ એટલું જ મહત્વ અપાય. હિંદી સ્ત્રીઓ જીવનપલટો કરવા ધારે છે તો પુરાતન ચીલામાંથી તેમનો ઉદ્ધાર અવશ્ય થવો જ જોઇએ આપણે તે માટે પ્રયાસ ન કરીએ ને આપણી જાતને સ્ત્રીસન્માનની હિમાયતી મનાવીએ તો તેમાં આપણી ભૂલ છે.

નૈતિક કાયદો એક છે ને તમામ મનુષ્ય જીવો પ્રભુ આગળ સરખા છે એ જ સિદ્ધાંત અગત્યનો ને ફળદાયી છે એને બરાબર સમજીએ એવો વખત પણ હવે નજીક જ છે. પાશવી શક્તિથી જગતને ઉદ્ધારી આત્મશક્તિથી જગત પર રાજ્ય ચલાવાય એ માટે જ નવી પ્રગતિની હિલચાલો મંડાય છે ને એમાં સ્ત્રીશક્તિ મહત્વનો ફાળો આપશે એ વાત નિર્વિવાદ છે

હિંદની જાગૃતિના આ અજબ ગાળામાં સ્ત્રીઓ પણ સ્વતંત્રતા, આત્મવિકાસ ને સેવા માગે છે સેનાવિદ્રોહની સ્વતંત્રતા પેઠે સ્વતંત્રતાવિદ્રોહની સેવા પણ ગુલામી છે આત્માની સંપૂર્ણ સ્વતંત્રતાને મનુષ્યત્વના સંપૂર્ણ વિકાસ તરફજ અત્યારની સ્ત્રીહિલચાલ દોરાયલી છે. ખરા દીલથી સેવા કરવી ને નિઃસ્વાર્થ ભાવે દાન કરવું એમાજ સ્વતંત્ર મહિલાનો સાચો વિકાસ છે. તેમણે બેદરકારી વહેમ ને અજ્ઞાનની સામે થવાનું છે, તેઓમાં સુધારણાની સાચી ધગશ પેદા થઇ છે એ વેદીમાં પ્રભુને મનુષ્ય પ્રત્યેના સ્નેહની જ્યોત પ્રગટી છે. પુરૂષોએ નક્કી કરેલા કાયદાનાં રાજકીય કે વ્યાવહારિક ધોરણો અપનાવી લેવા હવે સ્ત્રીઓ તૈયાર નથી એવાં ધોરણોથીજ અત્યારસુધી વનિતાવર્ગ હીનદશા ભોગવતાં આવ્યાં છે ને ગુલામી વેઠી રહ્યાં છે. સ્વતંત્ર મનુષ્ય તરીકે સ્ત્રીઓ પોતે જાતે જ સરજાવેલાં ધોરણોનો સ્વીકાર કરવા માગે છે જીવનની મહત્વ ઘટનાઓનો સામનો કરવાનો તેમણે નિર્ણય કર્યો છે. જીવનસંગ્રામ જાતે જ લડી સહ તેનાં પરિણામ વધાવી લેવા તેઓ તૈયાર થયાં છે. હવે સ્ત્રીઓને કોઇપણ પ્રકારની ખાસ સલામતીની જરૂર નથી. પોતાના સ્વાર્થનો ભોગ આપતાં તેઓ શીખ્યાં છે ને આદર્શ માટે પ્રાણાર્પણ કરવા પણ તૈયાર થયાં છે. ઉન્નતિનો માર્ગ સીધો નથી. અનેક મુશ્કેલીઓ ને આપત્તિઓ ઝઝુમી રહી છે. પરંતુ આદર્શમાં શ્રદ્ધા છે; એ અનુપમ જ્યોતિના પ્રકાશમાં ઉર્ધ્વ ગતિ કરવાના અભિલાષ છે ધીરજ ને પ્રયત્નો આદરતાં ભક્તિને સ્નેહથી સ્ત્રીઓ પોતાના આદર્શને જરૂર પહોંચી વળશે એમાં કોઇ જ શંકા નથી



સંપાદક શ્રી નાગરદાસ ક પટેલ

'એકલામા તમારી રસોઇ શી રીતે થઇ' હજી તો હમણાંજ આપણે ફરીને આવ્યાં. મે સઘડી પેટાવીને દાળ ઓરી છે ને તમે તો કહો છો કે તમારાં દાળ, ભાત, શાક થઇ ગયા ને રોટલી વણવા બેસો છો. એ શી રીતે થયું ?'

દયાકોર હિંદુ આરોગ્યભુવનઃ કુમમમાં અમે હવાફેર માટે ગયાં હતાં શરૂઆતમાં અમને નીચે જગ્યા મળી હતી પણ પછી ઉપર પહેલે માળે સમવડ થયે જગ્યા મળી એટલે ત્યાં રહેવા ગયાં. અમારી બાજુના બ્લોકમાં એક સુરતી વણિક કુટુંબ હતુ. બન્ને પતિપત્ની ઘણાં જ ભાષાળુ અને મળતાવડાં હતાં. બાળકો પણ ઠીક હળી ગયાં હતાં. સવારના પહોરમાં અમે બધાં ચોપાટી ફરવા ગયા હતા ત્યાંથી આવ્યા પછી દસેક મીનીટે ધનગૌરીબ્હેન આવીને સુમતિ સાથે વાતે વળગ્યા.

'અમે કુકરથી રસોઇ કરીએ છીએ' સુમતિએ જવાબ આપ્યો. 'આપણે બહાર ગયા ત્યારે કુકરમાં દાળ ભાત ને શાક મુક્યાં હતાં ફરીને આવ્યાં ત્યારે તે તૈયાર થઈ ગયાં હતાં. એટલે મસાલો નાખ્યો ને લોટબાંધી રોટલીની તૈયારી કરું છું'

'એતો ઘણુંજ સારૂ. ખરેખ તમારો કુકર'

સુમતિએ એમને પોતાનો કુકર બતાવ્યો. એક પછી એક જૂદા જૂદા ખાનાં દેખાડીને સમજણ પાડી.

બજારમાં મળતો સામાન્ય કુકર એ ન હતો. એ ખાસ ઓર્ડર આપીને તૈયાર કરાવવામાં આવ્યો હતો અને વાપરનારને સંપૂર્ણ સંતોષ આપવા છતાં કોઈ પણ પ્રકારની કચાકૂટમાં ઉતારતો ન હતો.

'જુઓ આ નીચેનું ખાનું. એ સાદુ છતા કેક ઉંડુ છે. એમાં દાળ થાય છે. તે પછીનું આ વચ્ચેનું ખાનુ એમાં તળીએ કાણાં પાડેલાં છે એટલે નાના માપની તપેલી ઢાંકણા સાથે રહે છે છેક ઉપરના ખાનામાં ચુગળુ છે એમાં રસાવાળુ શાક અથવા ભાત થઇ શકે છે.' સુમતિએ સમજાવવા માંડ્યુ

'બીજા ખાનામાં બીજુ કેક થાય ખરૂં ?'

'ઢોકળાં, પાતરાં કે મુઠીયાં પણ થઇ શકે છે. અને તપેલીમાં કોરૂ શાક કરવું હોય તો તે પણ થાય છે'


'ત્યારે તો એ ઢોકળાંના ડબ્બાની પણ ગરજ સારે છે એમજ ને ?'

'હા છે. બીજું ખાનું તળીએ કાણાંવાળુ હોવાથી ઢોકળાં પાતરાંના ઉપયોગમા આવી શકે છે તેને બદલે એ ખાનુ ચુંગળીવાળુ કરાવ્યું હોય ત્યારે માત્ર ભાત અથવા રસાદાર શાકજ એમાં થઇ શકે છે.'

'એ તો ઘણું જ ગજેતુ. એવો કુકર અમે પણ વસાવી લઇશું.'

'પણ એકે બજારમાં મળતો નથી. એ એમણે ખાસ તૈયાર કરાવેલો છે'

'ત્યારે એમને કહીશું.'



૧ ઢાંકણી ૨ ઢાંકણ ૩ ઉપરનું બાનું ૪ બુરજ ૫ વચલું બાનું
૬ તપેલી ને છીણ ૭ નીચેનું બાનું ૮ ઉપરના બાનાના તળીયાનો દેખાવ
૯ વચ્ચેના બાનાના તળીયાનો દેખાવ ૧૦ બે બાનાં જોડ બીજા સાથે
કયી રીતે સંધ બેસતાં થાય છે તે.

[જુઓ સેક્ષ બાનું ૨૧૧